1887 -Gujarat SarvSangrah (Encyclopedia) (992)


ગૂજરાત પ્રાંત

મુંબઈ ઈલાકાનું સરકારી કેળવણીખાતું.

ગૂજરાત સર્વસંગ્રહ.

આ ગ્રંથ

કવિ નર્મદાશંકર લાલશંકર

એઓએ

જેમ્સ કેમ્પબેલ સાહેબના

અંગ્રેજી

ગેઝિટીઅરના ગ્રંથો ઉપરથી સાર કહાડી મુંબઈ સરકારના હુ
તૈયાર કર્યો.

૨૦૦૦ પ્રત.

મુંબઈ:
ગવર્નમેંટ સેંટ્રલ બુક ડિપો.

સન ૧૮૮૭.

BOMBAY:

PRINTED AT THE GOVERNMENT CENTRAL PRESS.

અનુક્રમણિકા.

ગૂજરાત સર્વસંગ્રહ.

પ્રકરણ ૧.

વર્ણન.

ગૂજરાત એ, કાઠિયાવાડ દ્વીપકલ્પ તથા કચ્છ પ્રાંત સાથે ઉત્તરઅક્ષાંશ ૨૦° ૧૭′ થી તે ૨૪° ૩૭′ ને પૂર્વ રેષાંશ ૬૮° ૫૦′ થી તે ૭૪° ૨૦′ એની વચ્ચમાં છે. વિસ્તાર ૬૧, ૯૫૫ ચોરસ મૈલ, વસ્તી ૯૧,૨૯,૭૨૨ માણસની, ને ઉત્પન્ન રૂ. ૩,૬૫,૮૨,૧૮૫ છે.

ગૂજરાતની સીમા ઉત્તરે સિંધ તથા મારવાડ; પૂર્વે મેવાડ, માળવા તથા ખાનદેશ; દક્ષિણે ઠ જિલ્લો તથા થાણા જિલ્લો; અને પશ્ચિમે આરબી સમુદ્ર પોતાના ફાંટા ખંભાત તથા કચ્છના અખાતો સાથે, એમ બંધાઇ છે.[1]

ગૂજરાતના ત્રણ ભાગ કુદરતી રીતે કહેવાયઃ તળ ગૂજરાત, તેને લગતો દ્વીપકલ્પ અને રણની ભૂમિથી જોડાયલો કચ્છ પ્રાંત. વળી રાજ્યવ્યવસ્થાએ બે મોટા ભાગ છેઃ બ્રિટિશ સત્તાનો (ખાલસા) એક અને દેશીરાજ્ય સઘળાં મળીને એક.

ખાલસા ભાગ સઘળો તળ ગૂજરાતમાં તથા જૂજ તે દ્વીપકલ્પના પૂર્વ ભાગમાં છે; અને તેને, વ્યવસ્થાને માટે સરકારે સૂરત જિલ્લો, ભરૂચ જિલ્લો, ખેડા જિલ્લો, પંચમહાલ ને અમદાવાદ

---

૧ સીમા કાળે કાળે બદલાઇ છે. ઇ૦ સ૦ ૧૨૯૭ માં મુંબઇ તથા ઉત્તર કોંકણ અન્હિલવાડના તાબામાં હતાં. શૈકા ૧૫ ના છેલ્લા તથા ૧૬ ના પહેલા ભાગમાં અમદાવાદના બાદશાહોએ ખાનદેશ તથા માળવાનો કેટલોક ભાગ ગૂજરાત સાથે જોડયો હતો. ઇ૦ સ૦ ૧૫૩૦ પછી ખાનદેશનો ભાગ ને ઉત્તર કોંકણ એ ગૂજરાતથી જૂદાં પડયાં ને ૧૫૮૩ માં અકબરે વ્યવસ્થા કરતાં ખાનદેશ તથા માળવાનો વધારે ભાગ ગૂજરાતમાંથી કાઢયો હતો પણ ઝાલોર તથા સીરોહી એ ગૂજરાતમાં રાખ્યાં હતાં. એ બે વિના અકબરની વખતમાં જે સીમા ગૂજરાતની હતી તે અમણા ... મુસલમાની વખતમાં દ્વીપકલ્પ તે કાઠિયાવાડ નહોતો કહેવાતો પણ ગૂજરાતનો એક ભાગ ... મુસલમાની હાકમીના પહેલા વખતમાં દ્વીપકલ્પ તથા તેને લગતો ગૂજરાતનો ભાગ તે ... શૈકા ૧૬ ના અંતમાં સરકારે દ્વીપકલ્પના મોટા ભાગને સોરઠ ગણ્યો ને પછી તે સોરઠ કહેવાયો. કાઠિયાવાડ એ નામ દ્વીપકલ્પના પાંચ ભાગમાંનો એક જ્યાં ... હતું ને ૧૮ મા શૈકાના મધ્ય લગી તેમજ ચાલતું. પણ તે શૈકાના અંતના ... ણી ઉઘરાવનારા મરેઠાઓની સામે થઇ બહાદુરી બતાવેલી તેઉપરથી ... કાઠિયાવાડ એ ઓળખ નામ પાડયું. પછી પ્રથમના બ્રિટિશ અમ... મ રાખ્યું ને તેજ હાલ ચાલે છે.

જિલ્લા એ પાંચ વિભાગમાં વહેંચેલા છે. તેનો વિસ્તાર ૧૦,૧૭૬ ચો૦ મૈલ, તેની વસ્તી ૨૮,૧૦,૫૨૨ માણસની એટલે દર ચો૦ મૈલે ૨૭૬.૧૯ ની ને તેનું ઉત્પન્ન રૂ. ૮૦,૧૯,૬૪૦ નું છે.

દેશી રાજ્યોમાં ગાયકવાડનું રાજ્ય (તળ ગૂજરાતમાં તથા કાઠિયાવાડમાં), કાઠિયાવાડનાં રાજ્યસ્થાન, મહિકાંઠાનું, રેવાકાંઠાનું, પાલનપુરનું તથા રાધનપુરનું, ખંભાતનું, વાંસદાનું તથા ધરમપુરનું સંસ્થાન એ છે. વળી કચ્છનું રાજ્ય જૂદુંજ છે. એ સઘળો પ્રદેશ ૫૧.૭૭૯ ચો૦ મૈલ છે; વસ્તી ૬૩,૧૯,૨૦૦ એટલે દર ચો૦ મૈલે ૧૨૨.૦૪ ને ઉત્પન્ન રૂ. ૨.૮૫,૬૨,૫૪૫ છે.

દેખાવમાં તળ ગૂજરાતની ઉત્તરે તથા પૂર્વે ડુંગરીઓની વચ્ચમાં વચ્ચમાં તૂટેલી હાર આવી રહી છે ને તેને લગતાં વિશેષે પૂર્વ ભણી મોટાં રાન છે. એ ડુંગરીઓમાંથી બહાર પડી રાનોમાં થઈ વહેતી નદીઓ પશ્ચિમ ભણી ખંભાતના અખાતને મળે છે. મહીનદીથી તે દમણગંગા લગીમાં ત્રણ પ્રકારની રચના દેખાય છે. ઉત્તરદક્ષિણ લાંબા પટા કરીએ તો પશ્ચિમે આવેલા સમુદ્રના કાંઠાનો તથા તેને લગતો પ્રદેશ ઉંચો નીચો રેતાળ તથા ખારપાટનો છે; એની પછી બીજો પટો તે સપાટ રસાળ પ્રદેશનો છે ને એની પછીનો પૂર્વ તરફનો તે રાન તથા ડુંગરનો છે. મહીની ઉત્તરે તથા પશ્ચિમે એટલે મહી અને સાબરમતીની વચ્ચમાંનો પ્રદેશ ફળના ઝાડોની ઘટાવાળો ને ઉત્તમ પાક આપતાં ખેતરાંવાળો બહુ સુંદર રસાળ છે. સાબરમતીથી રણસૂધીનો વળી કાઠિયાવાડનાં મુખનો એ પ્રદેશ ખુલ્લો સપાટ છે. કાઠિયાવાડ દ્વીપકલ્પમાં પશ્ચિમ ભાગ ઉજડ અને ગિરનાર વાળો તે ઝાડીઓથી ભરેલો તથા નદીઓના પ્રવાહથી રળિયામણો છે. રણને લગતો ભાગ કેવળ ઉજડ ખારી જમીનનો છે ને દક્ષિણ કાંઠાનો ઘણાક ઝાડવાળો હોઇને ઢોરને બહુ ચારો આપે છે. માહેના ભાગમાં જમીન રસાળ છે. હાલાર તથા ઝાલાવાડની ખુલ્લી ડુંગરીઓથી તે ગિરનારના ઉંચા શિખરો લગીમાં વિવિધ રચનાના દેખાવ જોવામાં આવે છે. કચ્છનો જે ભાગ દરિયાને લગતો દક્ષિણનો તથા પશ્ચિમનો તે અને રણને લગતો ઉત્તરનો તથા પૂર્વનો તે કેટલેક ઠેકાણે થોડોક ઉંચો ને ઠામ ઠામ પાણી ભરાઇ રહેતાં એવો છે. બીજા ભાગોમાં કહીં રેતીની ટેકરીઓની હાર ને કહીં ભાંગેલા ખડક છે. માંહેના ભાગ દક્ષિણમાં ને પૂર્વમાં કેટલાક વિશાળ સપાટ ઉંડે લગી મટોડીવાળા તથા સારા ખેડાયલા છે; ને કેટલાક ખુલ્લા તથા વહેળાઓથી ખોદાયલા છે. વળી મધ્યભાગમાં થોડેક ઠેકાણે ખેતી છે પણ ઘણેક ઠેકાણે તો ઉંચા ખડકો ભૂમિઉપર ચળકતા દેખાય છે.

ડુંગર તળ ગૂજરાતમાં ઉત્તર પૂર્વ સરહદને લગતા છે તે આરાવળી પ[illegible]
એમાંનો મોટો પાલણપુરની ઉત્તરે અઢાર મૈલઉપર છે તે ૩૫૦૦ ફૂટ ઉંચો [illegible]
ઘણી ને પાણી થોડું છે. એ ડુંગરની દક્ષિણે મૈલેક ઉપરથી બીજો ડુંગર
ફૂટ ઉંચો ચિકલોદર માતાનો કહેવાય છે. વળી શંકુ જેવા શિખરનો [illegible]
તે પણ મોટો ને દીસાના દેખાવમાં આગળ પડતો છે. મહીકાંઠાન[illegible]

જે અંબાભવાનીનાં સ્થળને લીધે પ્રખ્યાત છે તે પણ આરાવળીના દક્ષિણ પશ્ચિમ છેડાનો ભાગ છે. રેવાકાંઠામાં વિંધ્યાચળના ફાંટા નર્મદા ને મહીની ખિણોની વચમાં પાણીને જૂદું પાડે છે અને સાતપૂડાના ફાંટા નર્મદા ને તાપીની ખિણો વચ્ચે પાણીને જૂદું પાડે છે. એ રાજપીપળાના ડુંગરોમા દેવસતીઆનું શિખર છે તે દરિયાની સપાટીઉપર ૨૦૦૦ ફૂટ ઊંચું છે; સાગબારાની ડુંગરી ૭૦૦ ને રતનમાળની ઉત્તરે છે તે ૮૦૦ થી તે ૧૨૦૦ ફૂટ લગી ઊંચી છે. સૂરત જિલ્લામાં કેટલીક ડુંગરીઓ ૬૦૦ ફૂટ ઊંચી છે. પંચમહાલમાં પાવાગઢનો ડુંગર છે તે પોતાના લાંબા વધીગયલા ફાંટાઓ સાથે પરિધમાં ૨૬ મૈલ થાય છે ને તેનું શિખર જમીનની સપાટીથી ૨૫૦૦ ને દરિયાની સપાટીથી ૨૭૨૭ ફૂટ ઊંચું છે. અમદાવાદ જિલ્લામાં મોડાસાની ડુંગરી ૫૦૦ ફૂટ છે અને રાણપુરથી થોડેક છેટે ચોટિલાનો ડુંગર છે તેનું શંકુ આકારનું શિખર ૬૦૦ ફૂટ ઊંચું છે. કાઠિયાવાડમાં કેટલાક ડુંગર ઉત્તરપૂર્વ લાંબા વધી પડેલા છે ને કેટલાક દક્ષિણપશ્ચિમને ઉત્તરપૂર્વ પડેલામાં આનંદપુર તથા બાદલાની પડોસમાં છે તે ૧૦૦૦ ફૂટ ઊંચો, બરડાનો ૨૦૦૦ ફૂટ ઊંચો ને કંડોલા આગળ છે તે ૧૧૭૩ ફૂટ ઊંચો છે. દક્ષિણપશ્ચિમ પડેલામાં મોટો ગિરનાર છે. તેનું શિખર દરિયાની સપાટીથી ૩૫૦૦ ફૂટ ઊંચું છે ને બીજી કેટલીક ડુંગરીઓ ૧૮૦૦ ફૂટ ઊંચી છે. શત્રુંજી નદીની પેલી કોરે છૂટી છૂટી પડેલી ડુંગરીઓ છે તેમાં પાલીટાણાની તે ૧૫૦૦ ફૂટ ને ભરૂચની કહેવાતી તે ૨૦૦૦ ફૂટ ઊંચી છે.

નદીઓ ઘણીએક છે. પણ તેમાં તાપી, નર્મદા, મહી, સાબરમતી ને બનાસ એ મોટી છે; ને એમાં સૌથી મોટી નર્મદા છે.

તાપી સાતપૂડા પર્વતની મોટી ઊંચી સપાટ જમીનની પશ્ચિમમાં પોતાનું મૂળ[1] છે ત્યાંથી ૩૮૦ મૈલનો માર્ગ લીધા પછી અને અહીં ડાંગનું રાન વટાવ્યા બાદ તેનો માર્ગ ગૂજરાતમાં સમુદ્રને મળતાં લગી ૭૦ મૈલનો છે. એ માર્ગ પ્રથમ ૪૦ મૈલ સૂધી ઉત્તરપશ્ચિમનો ને પછી ૧૦ મૈલ દક્ષિણપશ્ચિમનો હોઇને નદી એકાએક ઉત્તર તરફ ફંટાઇ પહેલે પશ્ચિમની મેરે ને પછી દક્ષિણ પૂર્વ તરફ સૂરત શહેર આગળ (મુખથકી બાર મૈલઉપર) વળીને પાછી દક્ષિણપશ્ચિમ તરફ જાય છે. નદી સૂરત જિલ્લામાં જે ઠેકાણે પહેલી દાખલ થાય છે તેની પશ્ચિમે ૨૨ મૈલઉપર વાઘેછા

૧ મધ્ય પ્રાંતોમાંના બૅટલ પ્રગણામાં મૂલતે ગામમાં પવિત્ર ઝરો છે તે તાપીનું મૂળ કહેવાય છે. ત્યાંથી ૧૫૦ મૈલનો માર્ગ મધ્યપ્રાંતો તથા વરાડમાંથી કરીને નદી ખાનદેશમાં બરાનપુરની નીચે થોડાક મૈલઉપર દાખલ થઇ ૧૮૦ મૈલ વહે છે; ખાનદેશમાં ઘણીક નાની નદીઓ તાપીને મળે છે; ખાનદેશમાંથી હરણફાળ આગળ નદી નીચે ઉતરી ડુંગરીઓ તથા ખડકોમાંથી ૫૦ મૈલનો રસ્તો કરી ગૂજરાતમાં દાખલ થાય છે. એ રીતે ૪૫૦ મૈલ લંબાઇની (વાંક સાથે) તાપી ૩૦ હજાર ચોરસ મૈલ વિસ્તારની જમીનનું પાણી ખેંચી આણી ખંભાતના અખાતને મળે છે. છે. ગૂજરાતમાં સૂરત જિલ્લામાં એકજ નદી વરેલી તે રાજપીપળાની ડુંગરીમાંથી નિકળીને માંડવી પ્રગણામાં ૧૫ મૈલનો માર્ગ કરી તાપીને જમણેતીરે પીપરીઆ ગામ આગળ મળે છે.

ગામ છે ત્યાં બે કાંઠાનો અંતર ૫૦૦ થી તે ૧૦૦૦ વારનો છે અને સૂરતશહેર આગળ ૫૬૭ છે. ઉપર લખેલા ૭૦ મૈલના માર્ગમાં દરિયાની ભરતી ૩૨ મૈલ લગી જણાય છે. તાપીનું પાણી ખેતરને પાવાસારૂ લેવામાં આવતું નથી.[1] વાઘેછા આગળ કેટલાક બેટ ખડકથી થયા છે; અને રેતી માટીના કરાડા પાણીની ઉપર આવેલા તેવો એક બેટ સૂરતની નીચે પાંચ મૈલ ઉપર છે; બીજા એકબે તે નદીના મુખપાસે બારાંની માંહે છે. તાપીમાં હાલ માત્ર વીસ મૈલસૂધી હોડી જાય છે. માંડવી તથા દક્ષિણ તીરનાં ગામડાં એની વચ્ચે અને સૂરત તથા ઉત્તર તીરના ગામડાં એની વચ્ચે હોડીઓ ફરે છે. ત્રણ ઠેકાણે પાર ઉતરાય છે;—દરિયાથી ૫૬ મૈલ ઉપર કઠોદ આગળ, ૪૦ મૈલ ઉપર બહુધાન આગળ, ને ૨૦ મૈલ ઉપર વરીઆવ આગળ.[2] ખાડીની હાલત આ પ્રમાણે છે: નદીના મુખઆગળ ઓટ વેળાના ૪૨-૪૮ ફૂટ પાણીમાં મોટાં વહાણ નાગરે છે; અક્ટોબરથી તે એપ્રિલ શરૂ થતાં સૂધી વહાણોએ ત્યાં રહેવું સલામત છે પણ એપ્રિલ પછી નહિ; કેમકે રાતે ભરતી સાથે દક્ષિણનો પવન જબરો છૂટે છે. બારાં આગળ સાતેમ આઠેમે જુવાળ ૧૨ થી ૨૦ ફૂટ ઊંચો ને પૂનેમ અમાસે ૨૭ ફૂટ ઊંચો હોય છે. જુવાળની દોડ કલ્લાકે ૫¾ મૈલ છે. બારામાંથી નદીમાં દાખલ થવાનો રસ્તો જ્યારે ત્યારે બદલાતો રહે છે; રેતી ઉડવાથી નવા રસ્તા ખુલ્લા થાય છે ને જૂના બંધ પડે છે. અરધી ભરતી ઓટે વહાણ આવી શકે છે; ભોમીઓ સૂકાનીજ વહાણને ખરે રસ્તે હંકારી આણે; કારણ, જો કે ખાડીનો પટ મોટો છે તોપણ રસ્તા સાંકડા છે. સૂરતના કિલ્લાની સામે હંમેશાં ભરતી વખત પાણી દશ ફૂટથી ઓછું નથી હોતું. હાલ (૧૮૭૬) જે વહાણ સૂરત આવે છે તે ૫૦ થી ૧૦૦ ખાંડી ભારનાં આવે છે. ચોમાસામાં કોઇ વહાણ આવ જાવ કરતાં નથી. આગબોટ ૨૭૫-૫૫૦ ખાંડી ભારની ને ૫-૬ ફૂટ પાણી માગતી તે અરધી ભરતી ઓટે આવી જઇ શકે.[3] સહ્યાદ્રીની

---

૧. તોપણ, તેમ કરવાને સરકારે વિચાર કરી ત્રણ ઠેકાણા મુકરર કરીરાખ્યાં છે. કાકડાપાર (મુખથકી ૬૨ મૈલઉપર), પૂના (૮ મૈલ નીચે) ને વાઘેછા (પૂનાથી છ મૈલ નીચે) એ ઠેકાણે કામો ઉઠાવી શકાશે.

૨. રેલવે થતાં પહેલાં તાપીને માર્ગે ખાનદેશ તથા મધ્યપ્રાંતોનો માલ સૂરત આણવો એવા વિચારથી સને ૧૮૫૨ માં તાપીની તપાસ કરવામાં આવેલી તેથી જણાયું છે કે સૂરતથી ૨૩૨ મૈલ સૂધી ખાનદેશની પૂર્વમાં વાઘરને તાપી મળે છે ત્યાં સૂધી નાનાં વહાણ ૩૯ ખાંડી ભારનાં જઈ શકશે.

૩. સો વરસ ઉપર બારા આગળ ઓટને જુવાળે ૩ તથા મોટે જુવાળે ૧૮ ફૂટ ઊંડું પાણી રહેતું ને મોટાં વહાણ આવી શકતાં- તે વેળા પણ ખાડીમાં આવતાં મુસીબત પડતી; તોપણ વર્ષની કેટલીક મોસમમાં ૨૭૭૭ ખાંડી ભારના વહાણ સહેલથી સૂરત લગી આવતાં. ૧૮૫૫ માં ૪૦૦-૫૦૦ ખાંડીના વહાણ સૂરત આવ્યાં હતાં. ૧૮૬૩ માં ૧૧૧૧ ખાંડીની એક આગબોટ મગદલા આગળ (બારાથી ૪ મૈલઉપર) પડેલી તેણે રૂની ગાંસડી ચઢાવવા માંડેલી પણ અરધો ભાર ભરાયો કે તે ભાગી; કારણ કે ખાડીનું તળિયું રેતીના ઢગથી ભરેલું હતું.

ડુંગરીઓના થોડાક ભાગ સિવાયે તાપી નદીના પ્રદેશમાં વર્ષે વર્ષે બહુ મોટો વર્ષાદ થતો નથી. જૂનના પહેલા અઠવાડિયામાં વર્ષાદ પડવા લાગે છે કે તાપીના પ્રવાહનું બળ વધે છે. નદી ઊનાળાની આખરમાં કલ્લાકે ૨૫ હજાર ઘનવાર ને ચોમાસાની અતિ મોટી રેલમાં કલ્લાકે ૧૨ ક્રોડ ઘનવાર એમ પાણી દરિયામાં લેઇ જાય છે. કાંઠાના માથાલગી પાણી આવી રહે તેવી રેલ તો કોઇ કોઇ વાર આવે છે ને સાધારણ રેલ આવે છે તે ઝાઝી વાર રહેતી નથી. અઢારમા શેકામાં ત્રણ વાર આવી હતી-૧૭૨૭, ૧૭૭૬ ને ૧૭૮૨ માં; ને આ શેકામાં દશ વાર તો આવી ચૂકી છે-૧૮૧૦, ૧૮૨૨, ૧૮૩૫, ૧૮૩૭, ૧૮૪૩, ૧૮૪૯, ૧૮૭૨, ૧૮૭૩, ને બે ૧૮૭૬ માં. તાપી પવિત્ર મનાય છે; તેને કાંઠે ૧૦૮ તીર્થ કહ્યાં છે તેમાં મોટું બહુધાન છે. સૂરતની પાસે અશ્વિનીકુમાર તથા ગુપ્તેશ્વર એ પણ તીર્થ છે; ગુપ્તેશ્વરને કાંઠે મુડદાં બાળવામાં આવે છે.

નર્મદા મધ્યપ્રાંતોમાં બિલાસપુરના જિલ્લામાં અમરકંટકની[1] ડુંગરીમાંથી નિકળી ૬૬૦ મૈલનો માર્ગ લીધાપછી ગૂજરાતમાં દાખલ થાય છે ને અહીં ૧૦૦ મૈલ વહેતી થઇને ખંભાતના અખાતને મળે છે. તેની પહોળાઇ ભરૂચ જિલ્લામાં દાખલ થાય છે તે ઠેકાણે ા મૈલ ને ભરૂચ શહેરઆગળ એક મૈલ છે; પછી તે વધારે પહોળી થઈ ખાડી થાયછે ને તેના કાંઠા ખંભાતનો અખાત શરૂ થાય છે ત્યાં ૧૩ થી વધારે મૈલ એક બીજાથી છેટે છે. સો મૈલના માર્ગમાં દરિયાની ભરતી ભરૂચથી ૨૫ મૈલ ઉપર રાયણપુર છે ત્યાં લગી જણાય છે. ત્યાં પાણી એક વેંતથી વધારે ચઢતું નથી. ભરૂચ આગળ મોટે જુવાળે પાણી ૯ ફૂટ ૨ ઇંચ ને ઓટને જુવાળે ૨ ફૂટ ૨ ઇંચ વધે છે. નદીના મુખ આગળ મોટે જુવાળે ભરતીના મોજાની ઊંચાઇ ૨૫ થી ૩૦ ફૂટની છે. ભરતીના પાણીને લીધે ને ભરતીની હદ પછી કાંઠાની જમીન બહુ ઊંચી

---

૧ એ ડુંગરી દરિયાની સપાટીથી ૩૫૦૦ ફૂટ ઊંચી છે. ડુંગરીઓમાંથી નીચે ઉતર્યા પછી ૫૦૦ મૈલ લગી તેનો માર્ગ જમણી તરફ વિંધ્યાચળ ને ડાબી તરફ સહ્યાદ્રી એ બેની વચમાં છે ને ખીણ ૧૮ થી તે ૨૬ મૈલ પહોળી છે, પણ ૪૦ થી વધારે તો નથીજ. મૂળથી તે હરણફાળ લગી એટલે જ્યાં તે માળવાની ઊંચી સપાટ ધરતી ઉપરથી ગૂજરાતની ધરતી ઉપર ઉતરે છે ત્યાં સૂધી તેની લંબાઈ ૫૮૦ મૈલ; પછી ૮૦ મૈલ મકરાઇ લગી ને પછી ૧૦૦ મૈલ ગૂજરાતમાં, મળીને વાંક સાથે ૭૦૦ થી ૮૦૦ મૈલ છે. નદી ૩૬૪૦૦ ચો૦ મૈલ વિસ્તાર જમીનનું પાણી ખેંચી આણે છે. સૂકે દહાડે ભરતી નહિં તે વેળા નદીનો વેગ દર સેકંડે ૧૦૨૩ ફૂટ અથવા દર કલ્લાકે એક મૈલથી કંઇક ઓછો છે અને મોટી રેલ વેળા તે એક સેકંડમાં ૨૫ લાખ ફૂટ પાણી ધસેડે છે. જો ૩૬ ઇંચ જેટલો વર્ષાદ પડે ને નદીનું પાણી એક ઠેકાણે રાખવું હોય તો ૩૨૪ ચો૦ મૈલનું ને ૧૦૦ ફૂટ ઊંડું અથવા ખંભાતના અખાતના ⅔ કરતાં વધારે એટલું મોટું તળાવ જોઇએ. ગૂજરાતમાં-ભરૂચ જિલ્લામાં ત્રણ નદી નર્મદાને મળે છે; કાવેરી રાજપીપળાની ડુંગરીમાંથી નિકળી શુક્લતીર્થની સામાં; અમરાવતી તે રાજપીપળા ને અંકલેશ્વર પ્રગણું એ બેની હદ કરે છે; અને તીજી ભૂખી તે ભરૂચની પશ્ચિમે પંદર મૈલઉપર મેહગામ આગળ મળે છે.

હોવાથી નર્મદાનુ પાણી ખેતર પાવાના કામમાં લેઇ શકાતું નથી. ભરૂચ શહેરની પૂર્વે તથા પશ્ચિમે નદીનો ઉત્તર કાંઠો ઉંચો તથા સીધો છે; તેના પાતળા થરની ખરબચડી સપાટી પાણીથી થોડી થોડી ખરી પડે છે; એ કાંઠે કાળી ભાંયનો થર ત્રણથી ચાર ફૂટ ઊંડો છે; એની તળે ચૂનાના કાચા પથરાથી ભળેલાં વારા ફરતાં રેતી તથા મટોડાનાં પડ બેથી આઠ ફૂટ જાડાં છે અને સૌથી નીચે નદીનાં તળિયાંથી બાર ફૂટ ઉપર કઠણ તથા ચિકણું મટોડું છે તે રેલના ઘસારાની સામે ટકી રહે છે. દક્ષિણ કાંઠો નીચો ઢળતો છે ને ચોમાસાં સિવાયે બીજી રતમાં પાણીની સપાટીથી ૨૧ ફૂટ ઉંચો હોય છે. બેટ મોટો કબીરવડનો શુકલતીર્થની પાસે નદીની સપાટીથી થોડોકજ ઉંચો છે. ભૂખીની સામાં આલિયાબેટ તે ૨૨ હજાર એકર જમીનનો ને દરીઆઇ ઝાડવાનાં જંગલનો છે, ખેતી લાયકનો નથી. પચાસ વર્ષ ઉપર ભૂખીની સામાં ચાર બેટ હતા તેમાંનો એક આલિયા ને બીજો કાદવિયા એ હાલ છે; ત્યાં જાડું ઘાસ થાય છે;–વળી આલ તથા કરવેયા એ નામના છોડવા જે ઢોર ખાય છે તે. નદીનો માર્ગ જેટલો ગૂજ-રાતની હદમાં આવેલા છે તેટલો વહાણ કે હોડીથી ખેડાય તેવો છે; ચાણોદથી મકરાઇ સૂધી નાની હોડી જઇ શકે છે; તલકવારાથી તે ભરૂચ લગી ૭૦ થી તે ૧૧૨ ખાંડીનાં વહાણ ફરી શકે છે ને ભરૂચની નીચે ભરતીને આધારે ૧૯૫ ખાંડીના વહાણ આવ જાવ કરે છે. ખાડીની હાલત–ભરૂચથી શરૂ કરતાં નદીનો માર્ગ જમણા કાંઠા તરફ બહુ ઊંડો છે; એની નીચે દક્ષિણ તરફ ઊંડો છે તે નદીના મુખમાં જતું નાળું આવે છે ત્યાં સૂધી; એ નાળાંની સામે પાણી છાછરૂ છે ને એની પેલી પાસ મોટાં વહાણ હાલ જઇ શકતાં નથી. પછી વોહ ઉત્તર કાંઠાતરફનો ભરૂચની નીચે ૪॥ મૈલ ઉપર દસાણ ગામ છે ત્યાંસૂધી છે; અહીં નદીના બે ફાંટા થાય છે; મોટો તે એક બેટના અટકાવથી પડે છે ને બીજામાં પાણી ઓછાં છે. મોટો માર્ગ જમણા કાંઠા તરફ પાંચ મૈલનો છે, પાણીની ઊંડાઈ મોટા જુવાળની ઓટમાં ૧૮ થી ૨૦ ફૂટ હોય છે; જમણા કાંઠાથી ૫૦ ફૂટ લગીમાં વહાણો નાંગરે છે. સામની ગામ આગળથી નદીનો વોહ ડાબા કાંઠાતરફનો થાય છે; પછી વળી બદલાઇને જમણી બાજુનો થાય છે ને પાણી પણ ઊંડું હોય છે, કલાદરાથી તે વેગણીસૂધી. અહીંથી નદી દક્ષિણ તરફ જાય છે, બે કાંઠાનો અંતર ૧॥ મૈલનો રાખીને. દક્ષિણે આલિઆ બેટ છે તેની આસપાસ પાણી ઊંડુ રહે છે; તેના પહેલા છેડા આગળ પાણી છાછરૂ છે ત્યાં તરતું બોયું રાખવામાં આવે છે; પણ ભરતી વેળા વહાણને આવવામાં હરકત નથી. સૂવા આગળ નદીનો વોહ બદલાઇ ઉત્તર તરફનો થાય છે; આમભેટા આગળ છાછરૂ છે પણ ભરતીના પાણીએ વહાણ પસાર થાય છે. અહીં સાતેમ આઠેમે પણ ૨૧ થી તે ૨૭ ફૂટ પાણી હોય છે એટલે મોટાં વહાણોને ભરતીની કોઇપણ વેળાએ હરકત પડતી નથી. નર્મદાની ખાડીમાં ફેરફાર થાય છે પણ ભરતીને લીધે ઝાઝો નહિ; ફેરફાર ભરૂચની પેલી પાસ થાય છે ખરો. નદી પવિત્ર મનાય છે એવી કે તેમાંના પથરા પણ પૂજાય છે–"નર્મદાના કંકર તેટલા શંકર." નદીનું પરિક્રમણ તીર્થાળુઓ એક વર્ષમાં કરી આવે છે; એક કાંઠેથી નિકળી અમરકંટક લગી જઇ ત્યાંથી બીજે કાંઠે ઊતરી પાછા ફરે છે.

મહીનું મૂળ વિંધ્યાચળનો પશ્ચિમ છેડો ઉત્તર તરફ આરાવળી પર્વતને મળે છે ત્યાં છે.[1] ઊંડી ખિંડમાં થઇ સો ફૂટ ઊંચા કાંઠાની વચમાં પૂર્વ તરફથી ઘણાક પ્રવાહને લેઇ નદી ૧૪૦ મૈલ લગી ઉત્તર તરફ વહે છે ને વાગડની ડુંગરી આવી કે તરતજ પશ્ચિમ તરફ ફંટાય છે; એ દિશાએ ૨૦ મૈલ સૂધી જઇ મેવાડના ઊંચા પહાડોથી દક્ષિણ પશ્ચિમ તરફ મરડાય છે ને પછી એ દિશાનો માર્ગ ન બદલતાં ખંભાતના અખાતને મળે છે. નદી ગૂજરાતમાં પ્રથમ તો મહીકાંઠા તથા રેવાકાંઠાની જમીનમાં આવે છે ને પછી બ્રિટિશ મુલખમાં ખેડા જિલ્લાને જમણી તરફ પંચમહાલથી ને ડાબી તરફ વડોદરાથી જૂદો પાડે છે; પછી પશ્ચિમ તરફ તેનો જમણો કાંઠો ખંભાતના મુલખની દક્ષિણ સરહદ કરે છે; તેમ તેનો ડાબો કાંઠો ભરૂચ જિલ્લાની ઉત્તર સરહદ કરે છે. કોતરોથી કતરાયલા કાંઠાની વચમાં તેના સો મૈલના (ખેડા જિલ્લામાં) માર્ગના ત્રણ ભાગ થઈ શકે છે–પ્રથમ ૪૦ મૈલ તેનું તળિયું ખડકની ને પછી ૧૦ મૈલ રેતીની જમીનનું છે; અને પછી ૫૦ મૈલ તે ભરતીવાળી નદીનો માર્ગ છે. વેરાખાડી આગળ ભરતી અટકે છે ત્યાં તેનું બાકું ઊનાળામાં ૫૦૦ વાર પહોળું, પ્રવાહ ૧૨૦ વાર પહોળો ને પાણી ઊંડું ૧॥ ફૂટ છે, દરિયાથી ૩૦ મૈલ ઉપર દેહવાન આગળ નદી તે ખાડી જેવી ૫ મૈલ પહોળી છે ને ત્યાં ભરતી ૨૨ ફૂટ છે; પછી ખાડી વધારે પહોળી થતી નથી; ખંભાતથી તે કાવી સૂધીનું અંતર ૫ મૈલ છે ને એ ઠેકાણે ભરતીની ઊંચાઇ ૩૦ ફૂટથી ઓછી નથી. ચોમાસામાં જ્યાં કાંઠા ઊંચા છે ત્યાં ૪૦ ફૂટ ઊંડું પાણી થાય છે તોપણ શીઆળા ઊનાળામાં જિલ્લાની હદમાં મહી ઘણેક ઠેકાણેથી પાર ઉતરાય છે. નદીનાં મુખ આગળ ખંભાત ને કાવીની વચમાં મોટા જુવાળના દહાડામાં પાણીના ધસારાથી પાર ઉતરતાં ભય જેવું છે પણ ઓટની ભરતીએ પાર ઉતરાય છે; દેહવાન આગળ ને ગાજના આગળ; ખાનપુર આગળ ઊનાળામાં ને બીજી રતમાં બે હોડીઉપર મુકેલા સાકટાઉપર ગાડાંપણ જઇ શકે છે; રેલવે પૂલની પાસે ઓમેટાનો પાર સૌથી સારો છે. ભરતીના મોજાનું વિકરાળપણું મહીનાં મુખને ભયંકર કરે છે ને ત્યાં ચપટાં તળિયાંનીજ હોડી કામ આવે છે. દેહવાન મોટું બંદર હતું પણ હાલની ખાડી ઊંડી નથી કે મોટાં વહાણ દાખલ થઇ શકે. મહીના કાંઠા ઊંચા તથા ખરબચડા હોવાથી તેનું પાણી ખેતરોને પહોંચી શકતું નથી ને તે એટલી ઊંડી છે કે કાંઠાની પાસેના કુવા તળાવનાં પાણીને પણ ખેંચી લેઇ જાય છે.

---

૧ મહીની મોટી શાખા માળવાના અમઝેરાની જમીનમાં છે કે જે દરિયાની સપાટીથી ૧૮૫૦ ફૂટ ઊંચી છે. મૂળ તે અમઝેરા કસબો ને ભોપાવાડ ગામ એ બેની અધવચ મેહદ તળાવમાં છે. મૂળથકી સો મૈલ ઉપર બંગરા આગળ તેનું બાકું ૪૦૦ વાર પહોળું ને પ્રવાહ ૧૦૦ વાર પહોળો તથા એક ફૂટ ઊંડો છે. મૂળથી તે મુખ સુધી મહી ૩૦૦ થી તે ૩૫૦ મૈલ લાંબી છે; પંદરથી તે સત્તર હજાર ચો૦ મૈ૦ જેટલી જમીનનું પાણી ખેંચી લાવે છે ને મોટી રેલમાં દર સેકંડે ૧૭,૫૦,૦૦૦ ઘન ફૂટ પાણી દોડાવે છે.

મહી ઉપર મિગ્રડ, ફજિલપુર, અંગદ, ને વસપુર એ ચાર ઠેકાણાં કોળીઓએ પવિત્ર માનેલાં છે ને જાતરા ચૈત્ર શુદ્ધ પૂનેમે ભરાય છે.[૧]

સાબરમતી આરાવળી પર્વતના દક્ષિણપશ્ચિમ કાંટા આગળથી (અંબાભવાનીનાં દેહરાંથી થોડેક છેટેથી) નિકળી દક્ષિણ તરફ વહેતી મહીકાંઠામાં થઇ અમદાવાદ જિલ્લાની ઉત્તરપશ્ચિમે હાથમતી નદીને મળે છે; પછી તે પરાંતીજની પશ્ચિમહદ કરી, દેહગામને વિજાપુરથી જૂદું પાડી, દસક્રોઇના બે બરાબર ભાગ કરી, ધોળકાને એડાથી જૂદું પાડી, છેલ્લે ૨૦૦ મૈલનો માર્ગ લેઇ, ૯૫૦૦ ચો૦ મૈ૦ જેટલી જમીનનું પાણી ખેંચી ખંભાતના અખાતને મળે છે. તેના માર્ગના ઉપલા ભાગમાં તેના કાંઠા ઘણા સીધા છે ને કેટલેક ઠેકાણે તો ૨૦૦ ફૂટ ઊંચા છે; પશ્ચિમ તરફ તે ઓછા ઊંચા છે; અમદાવાદ શહેરની સામી બાજુએ તે ૩૦ થી તે ૫૦ ફૂટ ઊંચા છે ને પછી દરિયા ભણી નીચા થતા જાય છે. નદીનો વોહ ઘણો ધીમો ને તેમાં પાણી ઘણેક ઠેકાણે છબ-છબીઆં છે; વળી નદી વાંકી વળતી રેતીના પહોળા ભાઠામાં વારે વારે પોતાનો માર્ગ બદલ્યાં કરે છે. વાઘપૂર આગળ ભાઠું ૩૦૦ વાર પહોળું છે ને નદીનાં મુખ્ય આગળથી તે ૫૦ મૈલ લગીમાં બે કાંઠાનો અંતર ૧૫૫૦ ફૂટ છે ને સૂકા દહાડામાં પ્રવાહ માત્ર ૩૭૫ ફૂટ પહોળો હોય છે. નદી વારે વારે વોહ બદલે છે તેથી ચગું બહુ ઠરે છે જેથી સેરડી વગેરેનો પાક પુષ્કળ થાય છે પણ વળી નવાં પાણી આવવાથી તે ઉપર રેતી પથરાઇ રહે છે અથવા તે ધોવાઇ જાય છે. ભરતીની અસર મુખથકી માત્ર બાર મૈલલગી જણાય છે. નદીનો વેગ ૧૮૭૯ ના સપટેંબરમાં દર સેકંડે ૨ થી તે ૪ ફૂટનો હોઇને ૧૫૦૦ થી તે ૯૨૦૦૦ ઘનફૂટ એટલું પાણી દોડાવતો હતો. એ નદીનું મહાત્મ મોટું નથી કે લોક દૂરથી આવી તેમાં સ્નાન કરે તોપણ અમદાવાદને માર્ગે જતા જાત્રાળુઓ દૂધેશ્વરને આરે નાયા વિના રહેતા નથી; એ ઠેકાણેજ ઊંચી જાતિના મુડદાં બાળવામાં આવે છે; વળી ત્યાં ભીમનાથનું દહેરૂં છે; અને શહેરના કોટની નીચે ડાબે તીરે સપ્ત-ર્ષિનો ઘાટ છે. એ ઉપરાંત નદીને કાંઠે જલાલપુરના હનુમાન ને શાહવાડીનો કાંઠો એ બેની વચ્ચે બીજાં પવિત્ર સ્થળ આઠ છે. અમદાવાદની નીચે ને ધોળકાની દક્ષિણ પૂર્વે આઠ મૈલ ઉપર વોઠા નામે ગામ છે તે ક્ષેત્ર ઘણું પવિત્ર મનાય છે; કેમકે ત્યાં સાબરમતી, હાથમતી, ખારી, માઝમ,

---

૧ કોળીઓ મહીને પોતાની મા જાણે છે; તેઓ તેના સોગન ખાય છે ને વખતે સોગન તોડે પણ ગુનેહગારને તે નદીનું પાણી પીવાને આપવામાં આવે તો તે નહિ લે ને તેમાં વળી વાસના કોલના જ્યાં દસેરાની રાતે કોળીઓ નવાં વર્ષને માટે બહાર જતાં પહેલાં સૌ મળે છે ત્યાંનું તો નહિજ પીએ. નદી પવિત્ર મનાયછે પણ તેમ માનવામાં ભયની લાગણી રહી હોયછે. કાંઠાની ઊંચાઇ, નદીનાં પૂરનું વિકરાળપણું, મુસાફરને ઊંડા કોતરમાંથી જવું પડે છે તે, ને કાંઠાપર રહેનારી જાતે જે નરસું નામ મેળવ્યું છે તે, એ સઘળાં ઊપરથી કહેવત ચાલી છે કે 'ઉતરયા મહી તો થયા સહી.'

મેશ્વો, વાત્રક, શેઢી એ સાત નદીઓનો સંગમ થાય છે; ત્યાં મોટી જાતરા ભરાય છે ને મેળો પાંચ દહાડા રહે છે.

બનાસ ઉદેપુરની ડુંગરીઓમાં ઢેબર સરોવરમાંથી નિકળી દીસાની પાસે રહીને પશ્ચિમ તરફ વહેતી બે મુખે કચ્છના રણમાં મળી રહે છે. એક મુખ વારાહીમાં ગોખાતર આગળ ને બીજું સાંતલપુરમાં અગિછાના આગળ થાય છે. સરોતાની ઉત્તર પૂર્વે પાલણપુરમાં દાખલ થઇ બાર મૈલસૂધી ગાઢાં જંગલમાંથી નદી વહે છે અને પછી આઠ મૈલ તેનું તળિયું તથા તેના કાંઠા એ ખડકનાં છે. એની પશ્ચિમે બેઉ કાંઠા તથા તળિયું તે રેતીનાં છે, અને ઉનાળામાં નદી વહેતી બંધ પડે છે. આબુ તરફ તેના બે કાંઠાનો અંતર ૩૦૦ વાર પહોળો, દીસાથી ઉપર છ મૈલ ત્યાં એક મૈલ, દીસા આગળ ૭૦૦ વાર ને રાધનપુર આગળ ૪૦૦ વાર પહોળો છે. દીસા આગળ અને ઉપર તથા નીચે થોડાક મૈલ સૂધી નદી આખું વર્ષ વહેતી છે. આબુ તરફથી પાણી આણનારી તે એકજ હોવાથી બનાસમાં રેલનું ઘણું પાણી આવે છે કે જે એક કાંઠેથી તે બીજા કાંઠાલગી આઠ મૈલ, રણને ઢાંકી નાખે છે; કોઇ વાર તો ૬ થી તે ૮ ફૂટ ઊંડાં મીઠાં પાણીથી. રેલ હોય ત્યારે નહિ બાકી બધે ઠેકાણેથી નદી પાર ઉતરાય છે. તેને મળનારી સીપુ ને બાળારામ એ બે છે. સીપુ તે સીરોહી પ્રગણામાં નીમાજની ડુંગરીઓની પૂર્વમાંથી નિકળી ભરત તથા છોટા રાણપુર આગળ બનાસને મળે છે; અને બાળારામ તે ઉત્તર પૂર્વે સરહદની ડુંગરીમાંથી નિકળી કરજા આગળ મળે છે. બનાસમાં ભરતી નથી ને પાણી થોડું તેથી હોડીનું પણ કામ નથી પડતું. પાણી ખેતર પાવાને લેવામાં આવતું નથી જોકે બાંધ બાંધ્યાથી રેલનું ઘણુંક પાણી એકઠું કરી રાખી શકાય.

એ પાંચ મોટી નદી ઉપરાંત બીજી ઘણીક નાની છે તેમાં કીમ સૂરત જિલ્લામાં ૭૦ મૈલની, ઢાઢર ભરૂચ જિલ્લામાં ૭૦ મૈલની ને વાત્રક ખેડા જિલ્લામાં એ મુખ્ય છે. તેમ વિશ્વામિત્રી વડોદરાથી ને સરસ્વતી સિદ્ધપુરપાટણથી પ્રસિદ્ધ છે. કાઠિયાવાડમાં ઘણીક નાની નદીઓ છે પણ તેમાં બે મોટી છેઃ ભાદર ૧૨૦ મૈલની ને શત્રુંજી ૧૦૦ મૈલની છે. કચ્છમાં ખારી તે ભૂજ શહેરની પાસે થઇ ઉત્તર તરફ વહેતી જઇ રણમાં મળે છે તે માત્ર ૩૦ મૈલ લાંબી છે; બીજી બે માધ તથા તેરા તેપણ તેટલીજ લાંબી હોઇને દક્ષિણમાં અખાતને મળે છે.

ખાડી જેમાં વહાણ આવી શકે તેવી આ છેઃ સૂરત જિલ્લામાં દક્ષિણથી શરૂ કરતાં દમણ ગંગા નદીનું મુખ નાના વહાણને મેથી તે અક્ટોબરસૂધી આસરો આપી શકે છે. કોલકની ખાડીમાં ૧૮૩ ખાંડીલગીના વહાણ દાખલ થાય છે. પારની ખાડીમાં મોટે જુવાળે ૧૫૦ ખાંડી લગીનાં આવી શકે છે. વલસાડની ખાડી (ઓરંગાનું મુખ) દરિયાથી છ મૈલસૂધી ૧૩૮ ખાંડી લગીના વહાણથી ખેડાય તેવી છે. અંબિકાના મુખથકી છ મૈલ બીલીમોરા છે ને ત્યાંથી પાંચ મૈલ ગણદેવી ગામ છે ને અહીંસૂધી વહાણ આવી શકે છે. નવસારીની નીચે પૂર્ણાની ખાડી ૨૭૭ ખાંડી લગીના વહાણ આવી શકે તેવી છે; પટ મોટો છે પણ તેમાં રેતીના બેટથી વાંક બહુ હોવાથી

હંકારવું અઘરૂં છે માટે ભોમીઓ જોઇએ. મીંઢોળાની ખાડીમાં ૨૭ ખાંડી લગીના વહાણ આવી શકે. તાપીની ખાડીવિષે જણાવ્યું છે. ભરૂચ જિલ્લામાં નર્મદાની ખાડીવિષે જણાવ્યું છે ને ધાધરની ખાડી દરિયાથી ૭ મૈલ ઊપર ટંકારી છે ત્યાંસૂધી ખેડાય તેવી છે પણ કાદવ તથા રેતીના નાના મોટા બેટથી મુશકેલી પડે છે ખરી. દ્વીપકલ્પમાં હંસતાલની, ભાવનગરની, સુંદરાઇની, ધોળેરાની ને ગોઘાની છે. હંસતાલની બે ભાગે વેંચાયલી છે ; એક કચ્છની ખાડી ને બીજી હાલાઇ ખાડી કહેવાય છે. હાલાઇ ખાડીમાં નવ ફૂટ પાણી માગતાં વહાણ ચાર મૈલલગી આવી શકે છે. ભાવનગરની ખાડી વાંકી પણ નુકસાન ન કરે તેવી છે ને તેમાં દેશી મોટાં વહાણ પાંચ મૈલસૂધી અથવા શહેર એક મૈલ રહે ત્યાંલગી જઇ શકે છે. સુંદરાઇની તે ભાવનગરની ઉત્તરે ૮ મૈલ ઉપર છે તેમાં પણ ૩૦૦ થી તે ૫૦૦ ખાંડીનાં આવે. ધોળેરાનીમાં ૪૦૦ ખાંડીના બતેલા આવી શકે. ગોઘાની ખાડીમાં શહેર આગળ નાનાં પણ ૦। મૈલ દૂર તો મોટાં વહાણ નાગરી શકે છે.

બંદર મોટાં હાલ તળ ગૂજરાતમાં વલસાડ, સૂરત, ભરૂચ ને ટંકારી એ છે. કાઠિયાવાડમાં કચ્છના અખાતઉપર વોવાનિયા, જોડીઆ, બેરી, સાલિયા એ છે ; ધોળેરા, ભાવનગર, ગોઘા એ ખંભાતના અખાત ઉપર છે ; અને મોવા, જાફરાવાદ, વેરાવળ, માગરોળ, નવીબંદર, પોરબંદર એ દક્ષિણ તથા પશ્ચિમ કાંઠા ઉપર છે. કચ્છમાં તૂના, મુંદ્રા, માંડવી, જખાઉ ને લખપત એ છે.

બેટ કાઠિયાવાડના કાંઠાથી થોડે ઘણે છેટે આ છે : પીરમ એ ગોઘાની દક્ષિણ તરફ ૭ મૈલ ઉપર નાનો સાંકડો બેટ છે; ત્યાં દીવાદાંડી છે. શીઅલ બેટ જાફરાવાદની પૂર્વમાં ૭ મૈલ ઉપર ૦।। મૈલ લાંબો ને ૦।। મૈલ પહોળો છે. દીવ વાંકો ચૂંકો ૭ મૈલ લાંબો ને ૨ થી ૨।। મૈલ પહોળો છે. શંખોદ્ધાર અથવા બેટ એ રેતી ખડકનો ઓખામંડળની પૂર્વમાં ૮ મૈલ લંબાઇનો છે. કચ્છના અખાતમાં ચાખા બેટ એ પાંચનો ઝુમખો છે તેમાંનો મોટો તે કલુંભર કહેવાય છે ; તે દરિયાના સપાટીથી થોડોકજ ઉપર છે ; ત્યાંના દરિયામાં કાલુ માછલીનો પાક ઘણો છે ને તે બુડકી માર્યા-વિના મળે છે ; મોતી સારાં નિકળે છે.

તળાવ કુદરતી અમદાવાદની દક્ષિણ પશ્ચિમે ૩૭ મૈલ ઉપર નળ એ નામનું છે તે ૪૯ ચો૰ મૈ૰ જેટલી જમીન રોકે છે ને તેના મોટા ભાગમાં બારેમાસ પાણી રહે છે. ઉત્તર તરફની ઊંચી જમીનોનું પાણી તેમાં એકઠું થાય છે ; ને કહેવાય છે કે બહુજ થોડો વર્ષાદ પડયો હોય તો બીજે વર્ષે કોઇવાર સૂકાઈ જાય છે. તે કાદવથી ભરેલું છે ને પાણી છ ફૂટથી વધારે હોતું નથી. ઉત્તર, પશ્ચિમ ને દક્ષિણ બાજુએ ન જવાય તેવાં બરૂ તથા ઊંચાં ઘાસ ઉગે છે ; પૂર્વ તરફ પવનથી ઉડી પડતી રેતીથી જમીન દરિયાના મોજા જેવી ઊંચી થયલી છે. તળાવના છાછરા ભાગમાં પાણી ખારાંસવાળાં છે ને વર્ષાદ ગયા પછી તો ખારાંજ. હજારો જળચર પક્ષી તેના કાદવપાણીવાળાં

બાબેચિયામાં રહે છે ને ઊનાળામાં ઘાસથી ઢંકાયલા બેટ ઉપર ઢોર ચરે છે.[૧] એ સિવાય ગૂજરાતમાં કોઇ મોટું કુદરતી તળાવ નથી.

અમદાવાદ જિલ્લો નાનાં તળાવ કુવા મળીને ૧૩૯૪૬ એકર જમીન રોકે છે. ધોળકા, દસક્રોઈ, વીરમગામ એના ભાગમાં જ્યાંથી વણજાર જાય ત્યાં મોટાં તથા સારાં બાંધેલાં વાવ કુવા છે ને પાણી ગામના લોકોને જોઇએ તેના કરતાં ઘણુંજ વધારે છે. અમદાવાદની દક્ષિણે બે મૈલ ઉપર શાહ આલમના રોઝા આગળ ચંડોળા તલાવ ૧૮૧ એકરનું મટોડાંની પાળનું છે તે ૨૯૧ એકર જમીનને પાણી પહોંચતું કરેછે પણ વર્ષાદ ગયા પછી સૂકાઇ જાય છે. જિલ્લાનો જાણવાજોગ દેખાવ સારાં બાંધેલાં ને પગથિયાં વાળાં તળાવ વાવનો છે. કાંકરિયા તળાવ રાયપુર દરવાજાને નૈઋત કોણે પોણાક મૈલ ઉપર છે તે ૧૪૫૨ માં અમદાવાદના બાદશાહ કુતુબુદ્દીને બંધાવ્યું હતું; ચૂનાના કાંકરા ઉપરથી તળાવનું નામ પડયું છે; તળાવને ૩૪ બાજુ ને એકેકી ૧૯૦ ફૂટ લાંબી છે; ઘેરાવો મૈલ કરતાં વધતો ને વિસ્તાર ૭૨ એકર છે; પણ તેને સઘળી બાજુએ પત્થરની પાયરી છે ને ઢોળાવના રસ્તાની બાજુએ છ ઘુમટ છે; વચમાં બેટ છે ત્યાં ૪૮ મહેરાબવાળા પૂલ ઉપરથી જવાય છે; બેટ ઉપર એક મહેલ ને એક વાડી હતાં પણ તે બધું ૧૭૮૧ માં છેક ભાંગી તૂટી હાલતમાં હતું; ઇંટનું ચણતર હજી ઘણુંક રહ્યું છે; એ તળાવને હાલ (૧૮૭૭-૭૮) કલેક્ટરની સૂચના ઉપરથી મ્યુનિસિપલ તથા લોકલ ફંડમાંથી પાછું શોભીતું કરવામાં આવ્યું છે. મલેક સેબાન એ તળાવ શહેરની પૂર્વે સવાબે મૈલ ઉપર રખિયાલ ગામની પાસે છે; તે આઠ ખુણાનું પત્થરનું બાંધેલું ૭૧ એકરનું છે; તેની પાળ સારી હાલતમાં છે પણ તે એટલું કાદવથી પૂરાયું છે કે પાણી ઊંડું રહેતું નથી. સરખેજનું તળાવ મહમૂદ બેગડાએ બંધાવેલું તે લંબ ચોરસ, પત્થરનાં પગથિયાંનું ને ૨૯ એકર વિસ્તારનું છે. મનસર તળાવ વિરમગામની પશ્ચિમે સિદ્ધરાજની મા મિલણદેવીએ બંધાવ્યું છે; તેમાં બારેમાસ ૧૨ ફૂટ તો ઊંડું પાણી રહે છેજ; વિસ્તાર માત્ર ૧૫ એકરનો છે પણ તે ઉપરનાં નકસી વાળાં દહેરાં ઘણાં શોભીતાં છે; આકાર વાંકો ચૂકો છે પણ લોક શંખના આકારનું કહે છે; આસપાસથી પાણી આવે છે તે એક કુંડમાં ઠલવાય છે ને ત્યાં કચરો ઠર્યા પછી પાણી તળાવમાં જાય છે. ધોળકાની પશ્ચિમે ૪૮ એકરનું ને ૧૫ ફૂટ પાણી

---

૧ નળ સરોવર તથા ભોગાવો નદીનો નીચલો પ્રવાહ એ બે તે કોઇ કાળે સમુદ્રનો ફાંટો હશે અને કચ્છના રણને મળી કાઠિયાવાડને દેશભૂમીથી જૂદો ટાપુ રાખ્યો હશે. નળ ને રણ એ બેને જોડનારી સાંકડી ભૂમિ જેટલી નીચી છે તેટલો નીચો કોઇ પણ વસેલો દેશ નથી. ભારે વર્ષાદમાં દ્વીપકલ્પ તે ટાપુ થઇ રહે છે ને વર્ષાદ ઘણો કે ઘણા દહાડા રહે છે તો રણનું પાણી નળમાં આવે છે ને અહીંથી પછી ખંભાતના અખાતમાં જાય છે. વચમાં કાણું પાડેલું એવા પત્થર જે આજ પણ કોઇ કોઇ વાર નળમાં દેખાય છે તે જૂના વખતનાં વહાણનાં લંગર હતાં એમ લોક માને છે.

જાયુ રહેતું એવું તળાવ છે તે પણ તેજ રાણીએ બંધાવેલું છે. વળી ત્યાં ખાન તળાવ દિલ્હીના કોઈ સરવારખાને શેકા ૧૫-૧૬ માં બંધાવ્યું છે તે આઠ ખુણાનું, ૨૫ એકર જમીન રોકીને જાયુ દશ ફૂટ પાણી રાખે છે. ધંધુકાની ઉત્તરપશ્ચિમે ૨૦ એકરનું સુલતાન તળાવ છે તે પત્થરનું બાંધેલું છે પણ પગથિયાં નથી ને ઊનાળામાં તદન સૂકાઇ જાય છે; તે કોઇ મોગલ સૂબાએ બંધાવ્યું કહેવાય છે. ધોળેરામાં તળાવધર્મફંડમાથી એક તળાવ ૬૦ એકરનું બંધાયું છે જેની ત્રણ બાજુએ પત્થરની ભીત છે ને ચોથી બાજુએ પગથિયાં છે. ગોઘાની પાસે સોનારિયા તળાવ છે તે ઘણું કરીને ચોરસ આકારનું ને ૪૮ એકર વિસ્તારનું છે.

ખેડા જિલ્લામાં ૪૦૭૯ કુવા તળાવ છે ને તે ૧૪૫૫૩ એકર જમીન રોકે છે. તે બધામાં ડાકોરનું ગોમતી તળાવ ને માતર પ્રગણામાં બેલારાનું એ બે મોટાં છે. બધાંએ તળાવ ઊનાળામાં સૂકાઇ જાય છે એટલે તે બાગાયતના પાકને કામના નથી પણ વર્ષાદ ગયા પછી ડાંગેરને પાણી પાવાને બહુ કામના છે. કપડવંજ ને થાસરા એના કેટલાક ભાગ સિવાયે જિલ્લામાં બધે કુવા તળાવ ને મીઠાં પાણીની નદીઓ છે. ઘેકુડીથી પાણી લેવામાં આવતું તેવા તથા બીજા ન બાંધેલા કુવા સિવાયે ૨૨૭ વાવ ને ૧૦૦૭૬ બાંધેલા કુવા છે.

સૂરત જિલ્લાનાં તળાવ ૧૦૮૩૮ એકર જમીન રોકે છે. પાલનનું તળાવ ૧૫૩ એકરનું તે કેટલીક જમીનને પાણી પાય છે; બીજાં તળાવ નાનાં છે ને પત્થરથી બાંધેલાં તેવાં થોડાં છે. સઘળાં તળાવ ફેબ્રુવારી પછી ઓછાં કે વધતાં પણ સૂકાઇ જાય છે. જિલ્લાના અંગ્રેજી ગામોમાં તળાવ કુવા ૧૬૬૬ છે.

પંચમહાલમાં નાની નદીઓ તથા વહેળા બહુ છે. પશ્ચિમ ભાગમાં કુવા તળાવની છત છે; પાંચ ગોધરામાં ને એક કાલોલમાં છે તે મોટાં છે. ગોધરા શહેર આગળ છે તેનો વિસ્તાર ૭૦ એકર છે; દાહોદના રસ્તાપર ઓરવાડનું તળાવ ૧૧૦ એકર વિસ્તારનું સૂકાતુંજ નથી ને તેમાં એક થંભ છે તે જ્યારે પાણી ઘણુંજ ખૂટી જાય છે ત્યારે દેખાય છે. શેરા આગળ ૧૨૦ એકરનું ને કામલાવ આગળ ૮૭ એકરનું છે. મલાવ આગળ ૧૩૩ એકરનું છે તે બાંધેલું છે ને તેમાંથી ડાંગેરના ખેતરોને પાણી મળે છે. પૂર્વમાં દાહોદની ડુંગરી તથા ખિંડમાં પાણી બહુ રહે છે. ઘણાંક તળાવ કુદરતી છે ને એમાંનાં કેટલાંક બાંધેલાં છે. નાના તળાવ ઊનાળામાં સૂકાઇ જાય છે પણ મોટાં સૂકાતાં નથી. દાહોદમાં છાબા તળાવ છે તે ઘણું મોટું, બાંધેલું, બે છેડે પગથિયાં ને વળી ખરાબ પાણી કાઢી નાખવાને પત્થરનો બાંધેલો નળ એવું છે.

રેવાકાંઠાનાં કેટલાંક તળાવ બારેમાસ પાણી રાખે છે. ગામ ગામના સારા લોકે એક કે બે કુવા બંધાવ્યા હોય છે હવાડા સાથે તેથી ઢોર પાણી પીએ છે ને કેટલેક ઠેકાણે તે કુવાનું પાણી ખેતરને પણ પાવામાં આવે છે. ભીલ ને કોળી વહેળાનું પાણી વાપરે છે. બારિયા ને રાજપી-

પળાના રાનમાં વહેતાં ઝરણ બહુ છે પણ પાણી જો કે દેખાઇતું નિર્મળ તથા મીઠું છે તોપણ વનસ્પતીનો ભાગ વિશેષ હોવાથી તનદુરસ્તીને બગાડે તેવું છે.

મહીકાંઠાના કેટલાંક તળાવમાં આખું વર્ષ પાણી રહે છે પણ ઢોરના પીવામાં આવે છે તે સિવાયે બીજાં કામમાં આવતું નથી. ચાર મોટાં છે. રાણી તળાવ ઇડરની ઇશાને ૦ાા મૈલ ઉપર ૯૪ એકરનું ને ૧૭ ફૂટ ઊંડું છે; પૂર્વની બાજુએ પગથિયાં ચણેલાં છે; કહેવાય છે કે તે ઇડરના રાવ ભાઉની રાણીએ ૨૫૦ વર્ષ ઉપર બંધાવ્યું હતું. સામળાજીની ઉત્તરે કર્માબાવી તળાવ ૧૩૪ એકરનું ને ૧૫ ફૂટ ઊંડું છે; કહેવાય છે કે કોઇ જોગીના હાથથી વગર ઓજારે બંધાયું છે; દક્ષિણબાજુના ૮૮ ફૂટ જેટલામાં પગથિયાં છે. બાખસર તળાવ ૧૮૨ એકરનું ને ૧૫ ફૂટ ઊંડું છે. એ ત્રણેનું પાણી બારેમાસ રહે છે; પણ માત્ર તીજાનું થોડુંક ખેતરના કામમાં આવે છે. હદાદ તળાવ ૭૯ એકરનું તેને ભીત કે પગથિયાં નથી; પાણી ૮ મહિના રહે છે ને થોડુંક ખેતરમાં જાય છે; ૧૮૭૫ ના વર્ષાદથી તે તળાવની પાળ તૂટી ગઈ છે.

પાલણપુરમાં નથી પણ રાધનપુરમાં ઘણાંક તળાવ છે. ડુંગરીઓની નજીકમાં પાણી જમીનની સપાટીની પાસે હોય છે પણ જેમ જેમ પશ્ચિમ તરફ રેતીની સપાટી આવે છે તેમ તેમ પાણી ઊંડું જાય છે. પાલણપુરમાં ૪૦ થી તે ૫૦ ફૂટ ઉંડે હોય છે પણ થરાદના કેટલાક ભાગમાં ૧૨૦ ફૂટ ઊંડું પાણો રહે છે. કહેવાય છે કે થોડાક વર્ષમાં પાણી હતું તેથી બમણું ઊંડું ગયું છે. રણ તરફ પાણી થોડું ને ખારાસ મારતું છે. એ ભાગમાં જો વર્ષાદ થોડો પડે તો ઘણુંજ દુઃખ થાય. નદીઓનું પાણી પૂર્વમાં મીઠું તથા સારૂં છે પણ રાધનપુર આગળ તે આવી કે તેનું પાણી (રેલ ન હોય તો) અતીસેં ખારૂં છે તેથી પીવામાં કે બીજા કામમાં આવતું નથી.

કાઠિયાવાડમાં ઉત્તર તથા ઉત્તર પશ્ચિમના કેટલાક ભાગની જમીનમાં ખાર ભળેલા છે તેથી ખોદીને કાઢેલું પાણી થોડું ઘણું ખારાસ વાળું હોય છે. કાઠિયાવાડમાં ઘણું કરીને દરેક કસબા કે ગામમાં તળાવ હોય છે. ચૈત્ર વૈશાખમાં ઘણાંક તળાવ સૂકાઇ જાય છે પણ ત્યારે કુવાનો ઉપયોગ કરવામાં આવે છે. ઘણાક કુવા તે તળાવના તળિયામાં ખોદેલા ને ઇંટ ચૂનાથી ચણી લીધેલા હોય છે. પાટડી, ખેરવા, ગાંજેલા, થાણની પાસે ચંદ્રેલિયા, સાએલા, અડાલા, સિરધાર, ચોખારી એ ઠેકાણાંના તળાવ મોટાં છે. નળસરોવર વિષે તો ઉપર લખી જણાવ્યું છે. વળી દક્ષિણ પશ્ચિમ કાંઠા ઉપર માધુપુરની પડોસમાં બે મોટા જથા પાણીના છે તે નળના જેવા દેખાય છે ને ઘેર એ નામે ઓળખાય છે; એક અજકનો ને બીજો અમરાપુરનો.

કચ્છમાં પ્રવાહોનું પાણી પીવાલાયક નથી ને ઊનાળામાં ઢોરનેમાટે પણ અતિશય ખારૂં છે. નદીના ભાઠાની રેતી ખોદવાથી નિકળતું પાણી સારૂં હોય છે. ખડકોમાં થોડું ખોદવાથી પાણી મળે છે અને ઘણાક કુવા ૧૫ થી ૨૫ ફૂટ ઉંડા તે સારૂં પાણી આપે છે. ઉપલી ભાંય છિદ્રવાળી હોવાથી

તળાવોમાં પાણી રહી શકતું નથી. તળાવ ઘણાં છે પણ મોટાં નથી ને એક જો બારેમાસ પાણી રાખે તો વીસ તળાવ છ મહિનામાં સૂકાઇ જાય તેમ છે. રણની પશ્ચિમે સિંધી આગળ જે મોટું તળાવ છે તે સિવાયે બીજું એક ચારવરની ડુંગરોની પૂર્વમાં સરોર તળાવ છે તે ૨ા મૈલ પહોળું છે ને વર્ષાદથી ઉભરાઇ જાય છે.

રણ એ નામે ઓળખાતી મોટી ઉજડ ભૂમિનો એક કિત્તો કાઠિયાવાડની ઉત્તરપૂર્વમાં ને બીજો તે પહેલાને લગતો પણ કચ્છની ઉત્તરે છે; અથવા ખારથી ભરેલી જે ઉજડ ભૂમિનો પટો ૯ હજાર ચો૦ મૈલનો ઉત્તરે તથા પૂર્વે કચ્છની સરહદ કરે છે. તે રણ છે.[1] પૂર્વનું તે નાનું ને ઉત્તરનું તે મોટું રણ. નાનું રણ ૧૬૦૦ મૈલ વિસ્તારનું પૂર્વ પશ્ચિમ ૮૦ મૈલ લાંબું ને ૧૦થી ૪૦ મૈલ ઉત્તર દક્ષિણ પહોળું છે. મોટું રણ પૂર્વથી પશ્ચિમસૂધી ૧૬૦ મૈલ ને ઉત્તરથી દક્ષિણસૂધી ૮૦ મૈલ હોઇને વિસ્તારમાં ૭ હજાર ચોરસ મૈલ છે. દેખાવમાં ને સાધારણ ખાસિયતમાં બંને રણમાં ફેર નથી. મોટાં રણના દક્ષિણ કાંઠાઉપર ખડકવાળા ચાર ટાપુ તથા ઉંચી જમીનના કિત્તા એ સિવાયે બંને રણ એપ્રિલથી તે અક્ટોબરસૂધી (જબરો દક્ષિણનો પવન તથા વખતે વખતે વર્ષાદ હોવાથી) એકથી તે ત્રણ ફૂટ ઊંડા પાણીથી ઢંકાઈ જાય છે. એ પાણી ખારૂં હોય છે; કાંતો જબરો દક્ષિણપશ્ચિમનો પવન દરિયાનું પાણી તેમાં આણે છે અથવા લૂણી તથા બનાસ અથવા બીજી ખારાસવાળાં પાણીની નદીઓ જમીનનું પાણી તેમાં આણે છે. એમ વર્ષે વર્ષે રણ પાણીમાં બૂડે છે તોપણ તેની જમીન પોચી પડતી નથી કેમકે રેલનું પાણી સૂકાઈ ગયાપછી સપાટી તે પત્થર કાંકરા ખારથી ઢંકાયલી કઠણ થાય છે. મોસમ જાય છે ને ગરમી વધે છે તેમ તેમ રણની ભાંય ખારથી ભરેલી સૂરજના કીરણથી બહુજ ઉની થઈ આંખે ઝાંપ વળે તેવી સફેત ચળકે છે; અને હવા ઝાંખી તથા ધ્રૂજતી થયેથી દિશામાં ન ખસે તેવું મૃગજળ ભાસેછે. માત્ર કોઈ ઊંચી ખડકાળી જમીનઉપર પાણી મળે છે ને માત્ર તે પાણીનીજ પાસે ઘાસ કે ઝાડવાં જોવામાં આવે છે. ભૂલેલું પક્ષી કે હરણ કે કોઇ વાર જંગલી ગધેડા કે ઊંટની વણજાર હોય તે સિવાય કંટાળો ઉપજાવતાં એકાંતને ખસેડે તેવું કોઇ પણ પ્રાણી ત્યાં હોતું નથી. રણની સપાટીઉપર એકથી ત્રણ ઇંચ ઊંડો થર મીઠાંનો થાય છે ને તે મીઠું કડવું હોવાથી કામનું નથી પણ તેને ચોખ્ખું કર્યાપછી ઉપયોગમાં આવે જેમ પાટડીમાં થાય છે તેમ.

---

૧ રણ તે કોઇ કાળે દરિયાનો ફાંટો હતો કે જેનું તળિયું એકાએક ઊંચું થઇજવાથી ઉપરનું પાણી ખસી ગયું; શિકંદરે (ઇ૦ સ૦ પૂ૦ ૩૨૫) રણને મોટું સરોવર જોયું હતું. તે વખત સિંધુનદીનું પાણી રણઉપર ફરી વળ્યું હતું ને તેમાં વહાણ આવી શકતાં તેવી નિશાનીઓ માલૂમ પડી છે. કાઠિયાવાડમાં ઓખામંડળના પ્રાંતને બીજા પ્રાંતોથી જૂદો પાડનારી જે પંદર મૈલની ઉજડ ભૂમિ છે તે ઓખામંડળનું રણ કહેવાય છે. કચ્છના અખાત આગળ તે પાંચ મૈલ ને મઢી આગળ ૧ મૈલ છે; મોટે જુવાળે તેમાં ૧થી તે ૧ા ફૂટસૂધી પાણી થાય છે પણ તેથી માણસ કે ગાડાંને જવા આવવાને અટકવું પડતું નથી.

ભૂતળની તપાસઉપરથી જણાયું છે કે સપાટીને લગતો અનેક જાતના મટોડાનાં ભેળનો બાઝેલો તે બાદ કરતાં ગૂજરાતમાં ત્રણ મોટા ખડક છે. લીલાસ મારતા કાળા પત્થરનો એકપર એક તબકમાં રચાયલો તે એક; સ્ફટિકમય પત્થરનો પણ રૂપાંતર પામેલો તે બીજો; અને સૂનેરી પીળી સુરખીમારતો પોતાની માંહેની નાની ગોળ કણીકાઓ ચંપાઈ ગઈ હોય તેવો ભાસતો તે ત્રીજો. પહેલો 'ટ્રેપ' તે ઘણું કરીને બધે છે; બીજો 'મેટેમોરફ્રિક' તે પંચમહાલ, રેવાકાંઠા, મહીકાંઠા, કાઠિયાવાડ અહીં અને એને લગતાં રણની ઉત્તરમાં છે; અને ત્રીજો 'ઉલેટ' તે કચ્છમાંજ છે. 'મેટેમારફિક' તે સૌથી જૂનો પહેલા કે બીજા યુગનો; 'ઉલૈટ' તે ઓછો જૂનો ત્રીજા યુગનો અને 'ટ્રેપ' તે ત્રીજા તથા ચોથા યુગની સંધિમાં કે ચોથા યુગમાં થયલો છે. બીજા ખડક તે રેતી પત્થર, ચૂના પત્થર અને નૂમુલૈટ જાતના પ્રાણીના શબાંશવાળા; તેમાં પહેલા બે તે ત્રીજા તથા ચોથા યુગના અને છેલ્લો તે ચોથા યુગનો છે. એ બધા ખડકના જથા કે કકડા ને એ મોટા કે નાના, સાથે વળગેલા કે છૂટા વેરાતા, નસ્યા કે ભેગાળા ગૂર્જરાતમાં જોવામાં આવે છે. વળી ગંધકના પાશવાળા ઊંના ઝરા ત્રણ ઠેકાણે છેઃ[૧]સૂરત જિલ્લાની પૂર્વ સરહદની બહાર થોડેક છેટે ઊનાઈ ગામમાં; ખેડા જિલ્લામાં કપડવંજની દક્ષિણપૂર્વમાં દશ મૈલ ઉપર લસુંદરામાં; પંચમહાલમાં ગોધરાની પશ્ચિમે ૨૦ મૈલ ઉપર તૂવા આગળ; અને બાબરીઆવાડમાં તુળસી શ્યામના.

સૂરત જિલ્લામાં ત્રણ પ્રકારના થર છે. છેક હેઠળનો તે "ટ્રેપ" છે; વચલામાં કંકર, ખાંગડખડકૂ, રેતી પત્થર, ચૂના પત્થર એ નૂમુલૈટનાં ઓખાંસાથે અથવા વિના હોય છે; અને છેક ઉપરનો તે કપાસની ભાંય, નદીનાં તળિયાંની ભાંય ને નદીમાં ઠરેલો કાંપ એનો છે. હેઠલો થર જે 'ટ્રેપ' તે પૂર્વની ડુંગરીઓથી તે સૂરત શહેરની ઇશાનકોણે ૨૨ મૈલઉપર તડકેશ્વર છે ત્યાંસૂધી જાય છે; પછી તે દેખાતો બંધ થઈ વલસાડ આગળ પાછો જણાય છે. એ થરની રચનામાં વિવિધ મિશ્રણનાં પડ છે. એ થરઉપર બીજો થર અહીં તહીં ઊંચો નીચો થતો જિલ્લાના મોટા ભાગમાં છે ને તે ટ્રેપવાળા મુલખની હદ કરતી ઝૂલ હોયની તેવો છે. તેના ચોખ્ખા નમુના તાપીમાં ગળા ગામનીપાસે અને રાજપીપળાની ડુંગરીમાંથી જે નદીઓ નર્મદાને મળે છે તેમાં છે; કાંકરા અકીકના પણ છે. છેક ઉપલો થર જેની ટેકરીઓ તથા નદીઓની ખીણ થઈ હોય છે તેમાં ચૂનાના ભેળના કંકર છે. ઘણું કરીને બધે તીજો થર

---

૧. ઊનાઇમાં બે કુંડ છે; મોટામાં પાણીની ગરમી ૭૦° થી તે ૧૧૩° લગીની ને નાનામાં ૯૪° થી તે ૧૨૪° લગીની પારાની સીસીમાં હોય છે; એની ચૈત્ર શુદ્ધ પૂનેમે જાતરા ભરાય છે. લસુંદરામાં દશ કે બાર ઝરા નિકળી આવ્યા છે તેમાં સૌથી વધારે ઊનાનું માપ ૧૧૫° છે. તુવા આગળ એક તો નદીના ભાઠામાં ને બીજો આ પ્રકારે છે કે ઝાડી કાપી નાખેલી એવી એક એકરની કાદવવાળી જગામાં માટીની કોઠીઓ દાટેલી છે તેમાંથી ગ્યાસ નિકળે છે; એની પણ જાતરા ભરાય છે ફાગણશુદ્ધ પૂનેમે.

કપાસની ભાંયથી ઢંકાયલો છે; એ ભાંય ઊંડી ને ચીરાડાવાળી હોય છે. રંગનું કારણ વનસ્પતીનું કોહાણ કે લોઢું કે બંને હોય અને ખાતર જેવું કામ કરતું તેનું ભગરાપણું તે ભીનીથી તે છેક ઊની હવાને લીધે; વળી કીડી તથા બીજા જંતુ એઓને લીધેપણ હોય. સપાટીઉપરના ખડકસંબંધી થોડુંક જાણવા જેવું આ છેઃ કીમ નદીમાં ધલાવ તથા શાહોલ આગળ ધોળા જેવા તથા ચૂનાના ભેગવાલા રેતીના પત્થર છે કે જેની ઘંટીઓ બનાવવામાં આવે છે. ઓભા આગળ પીળા ચૂના પત્થર ને નરમ પીળું મટોડું લોઢાંના કાટના રંગવાળું છે. નદીના કાંઠાનું ચગું ૧૫ ફૂટ થરનું છે. કીમચોકીપાસે ચૂનાળાં પડ, કાંકરા, છીપ, બરડાના હાડકાંના કકડા એ મળી આવે છે. તડકેશ્વરઆગળ ભૂરા ચૂનાપત્થર ને અકીક છે. એ ગામથી તે દક્ષિણ તરફ તાપી લાગી નાની ડુંગરીઓની હાર છે તેમાં લોઢું હોય તેવાં પડ છે ને વચમાં વચમાં અકીકના ગોળ કાંકરા છે. આતાની ટેકરીમાં લાલ રંગના રેતી પત્થરનું પાતળું પડ છે. ગણદેવીની ઉત્તરે પૂર્ણાના એક વાંકમાં પણ તેવુંજ છે. તીથલ આગળથી તે દક્ષિણમાં કહીં કહીં કાંઠાની વસ્તુઓમાંથી ગોળ કાંકરા ચૂનાના ભેગવાળા એનાં નવાં પડ બંધાતાં જાય છે. જિલ્લાના કુવાના પાણી ખારાસ મારતાં છે; પણ વળી ડૂમસ ભીમપોરનાં ગામ તાપીના મુખની દક્ષિણે છે તેની વચમાંની જગોમાં કેટલાંક ઘરમાં પાણી મીઠાં છે. તે ઘરો ઉડતી રેતીની ટેકરીપર છે ને ગામની ભાંય કાળી છે; તે કુવા ૧૦ કે ૨૦ ફૂટથી વધારે ઊંડા નથી પણ ગામમાં બમણા ઊંડા છે; વાકસની કબર આગળ કુવો છે તેના પાણી મીઠાં છે. ભગવાદાંડી આગળ રેતીની ટેકરીઓ નથી તેથી ત્યાં પાણી મીઠાં નથી. જિલ્લાના કુવાના પાણી મોળાં કે ખારાસ મારતાં છે પણ કુવા ઊંડા નથી.

ભરૂચ જિલ્લામાં દરિયાનીપાસે ને વીસથી તીસ મૈલ માંહેની જમીનમાં કેથે ખડક નથી; માત્ર કીમની દક્ષિણે છે. આખો મુલક કાંપના મટોડાંથી ભરેલો છે કે જેની સપાટીઉપર કપાસની ઉત્તમ ખેડાતી કાળી ભાંય આવી રહી છે. મટોડાંના થરની નીચે જે ખડક પ્રથમ જોવામાં આવે છે તે કંકર તથા નૂમુલૈટ થરના મટોડાંનો છે ને એની નીચે પણ વધારેમાહેના મુલખમાં "ટ્રૅપ" દેખાય છે. ભરૂચ પ્રગણામાં સપાટીની નીચે બદામી રંગનું મટોડું પોચા ચૂના પત્થરથી ભરેલું છે ને તેની તળે ગોળ પથરાપથરી ને રેતીના પડ બાઝેલાં છે. એ મટોડાંના ટેકરાઓમાં નદીઓએ ઊંડા કોતર કરયાં છે. દરિયા તરફ ઊંચા કાંઠા તે ઊડીને બાઝી ગયલી રેતીના ઢગ છે. નર્મદાના કંકર તે છીપશંખલામાંથી બન્યા હોય એમ અનુમાન થાય છે.

ખેડા જિલ્લામાં કપડવંજ તથા થાસરામાં થોડીક રેતીની ટેકરી તથા ખડક છે તે સિવાય જિલ્લાની સપાટ જમીન તે ચકમક તથા ચૂનાના ભેળના મટોડાનું ઊંડું પડ છે; ને એ આરાવળી ડુંગરીઓના ખડકના છૂટા કકડાઓનું છે. મહીકાંઠાની ઊંચી જમીનમાં ૮૦ થી તે ૧૧૦ ફૂટની ઊંડાઇએ પાણી મળે છે. નદીથી છેટા કુવા ૪૦ થી તે ૬૦ ફૂટ ઊંડા છે. ચૂનાની કાંકરી ભળેલું મટોડું એવું પડ, પછી ચૂના પત્થરઉપર રેતી એવું પડ એમ ક્રમે હોઇને ચૂનાના પત્થર ફોડયા કે

પાણી નિકળે છે કે જે સપાટીથી ૨૫ ફૂટ નીચું હોય છે. અગાડીના વખતમાં જિલ્લાના કેટલાક ભાગમાં ૨૫ ફૂટથી ઓછે પાણી નિકળતું; ૧૮૧૯ ના ધરતીકંપથી સઘળા કુવા પાંચથી તે દશ ફૂટ નીચે ગયા છે.

પંચમહાલમાં પૂર્વ તરફના ભાગમાં કાળી તથા મરોડાંની ભોંય કહીં કહીં છે તોપણ સપાટી ઘણું કરીને કંઈક પોચી આછી રાતી કાંકરાસાથે ભળેલી એવી છે. ખડકમાં 'ટ્રેપ', ચૂનાપત્થર, ઘંટી-પત્થર, રેતીના કાંકરા, આરસ પહાણ થોડોક એમ હોય છે. પશ્ચિમ ભાગમાં ગોધરા આગળ સપાટી ઉપરના ખડક બધાએ રૂપાંતર પામેલા છે; કેટલેક ઠેકાણે વળી કાચમણિ ભળેલા રેતી પત્થરનાં પણ પડ વચમાં હોય છે. દક્ષિણ પશ્ચિમમાં પાવાગઢનો મોટો 'ટ્રેપ' અને અરધો રૂપાંતર પામેલો કાચમણિ સાથે રેતીપત્થર એ છે. રાજપીપળાની દક્ષિણ તરફ જે ટ્રેપ જાય છે તેમાંનોજ પાવાગઢ છે; ડુંગરીની ઉપલી સપાટીઉપર કેટલાક કાળા પત્થર બળતા પહાડમાંથી નિકળી ઠરી ગયલા રસસાથે ભળેલા એવા છે, પણ ઘણાક તો આછા જાંબુવા રંગના મરોડાંના ખડક છે કે જેવા બીજી જગાઓમાં નથી. પાવાગઢની પૂર્વે ૨૦ મૈલ લગી ને ચાંપાનેરની દક્ષિણે ૭-૮ મૈલ લગી કાચમણિવાળા રેતી પત્થરનાં પડ જોવામાં આવે છે; બીજાં પડ સ્લેટ, કંકર, ચૂનાપત્થર એનાં છે; કેટલાક પત્થર ઊંચા બિલોર જેવા ને છાપરાં કરવાના કામમાં આવે તેવી સ્લેટ છે. કડવાળની ડુંગરીઓની હારની દક્ષિણે ને જાંબુ ઘોડાની આસપાસ ઘણું કરીને સઘળી સપાટી ગ્રાનિટ પત્થરની છે.

રેવાકાંઠાના ખડક પાંચ વર્ગના છેઃ 'મેટમોરફિક', કાચમણિવાળા રેતી પત્થરના ચાકીઆ, 'ટ્રેપ' અને 'નૂમુલૈટ.' ઉત્તરમાં ને ઓર નદીની પેલી પાસ ૮ મૈલ લગી દક્ષિણમાં ખડક તે રૂપાંતર પામેલા છે ને તે ઘણાજ ચળકતા પાસાદાર ગ્રાનિટ કે નીસ બસેં ત્રણસેં ફૂટ ઊંચા છે ને તેમાં કહીં કહીં ચૂનાપત્થર તથા લંબચકમકીઆનાં પડ છે. એ ખડકોમાં થોડાક ટ્રેપ ને રેતી પત્થર પણ બહાર પડેલા છે ને પશ્ચિમમાં ગ્રાનિટ ટળીને કાચમણિના કે તે ભળ્યા રેતી પત્થર ચાંપાનેર આગળ છે તેવા જોવામાં આવેછે. ઓર નદીની દક્ષિણે ૮ મૈલ ઉપર ને ઉત્તર પૂર્વ તથા દક્ષિણ પશ્ચિમ જે ખડકની હાર નદીના માર્ગને સમાંતર લીટીમાં આવેછે તે ટ્રેપ છે. કેટલેક ઠેકાણે મેટમોરફિક ઉપર ટ્રેપ ખડક આવી રહ્યો છે ને એની કોરણે ચાકીઓ ખડક આવ્યો છે જે વાઘ કે મહાદેવ એ નામે ઓળખાય છે. એ ખડક પશ્ચિમમાં કહીં કહીં મરોડાંના થરથી ઢંકાયલો છતે ઉપલાં પડમાં વધતા કે ઓછા પણ ચોખ્ખા ચૂનાપત્થર રાખે છે કે જેમાં વનસ્પતી કે પ્રાણીનાં શેષ ભળેલાં હોય છે અને એ ભેળ વગરના રેતી પત્થર તે નીચલા પડમાં છે. મથાળે ટ્રેપની નીચે બાઝી ગયલા કંકરના ગઠ્ઠા તથા રેતી પત્થર છે તેમાં કાચમણિ નહિ બનેલા તેવા ચકમક છે. એ રેતીપત્થરના પડ દક્ષિણ રેવાકાંઠાના જૂદા જૂદા ભાગમાં પડેલાં છે; કોઈ થોડા વાર લાંબાં તો કોઈ ૮૦ મૈલ ને તેના ઉપર ટ્રેપનું ઢાંકણ નથી. નર્મદાને ડાબે કાંઠે જ્યાં દેવનદી મળેછે ત્યાં મરોડાંના પત્થરનું પડ ૫૦૦ ફૂટ જાડું છે ને તેની તળે તેટલુંજ જાડું રેતીપત્થરનું પડ છે. ચૂનાપત્થર ને ટ્રેપ એ

બેના કાળમાં મોટો અંતર દેખાતો નથી; પૂર્વમાં તે બેમાં સરખાપણું જોવામાં આવે છે પણ પશ્ચિમમાં રેતીપત્થર એવી રીતે ઘસાઈ ગયલો દેખાયછે કે તે પાણીમાં રહેથી નહિ પણ હવાથી તેવો થયો હશે. નર્મદાની ઉત્તરે છોટા ઉદેપુરની દક્ષિણે ૨૦ મૈલ ઉપર પડવાની આગળ અને છોટા ઉદેપુરની દક્ષિણપશ્ચિમે ૧૨ મૈલ ઉપર માતા પેનૈની ડુંગરી છે ત્યાં જે ટ્રેપ છે તે જવાળામુખી પર્વતની માંહે ચાલેલી ક્રિયાથી થયલા છે. પડવાની આગળ બેસોલ્ટ તથા પોરફીરીની ટેકરી, રાબોડીનાં પડ ને વચમાં વચમાં ઘૂસેલા ટ્રેપના ઢગ એ નિશાનીઓ બતાવે છે કે રાજપીપળાની ડુંગરીઓમાંના જવાળામુખીને ફાટવાનું તે મુખ્ય ઠેકાણું હશે. રાબોડીની ટેકરી તે ઘણીજ રસાળ છે ને ઘણીવાર શિખર સૂધી ખેડાય છે. માતા પેનૈની ડુંગરીઓમાં એક ઘણીજ ચળકતી ટ્રેકેટની તથા ગ્રાનિટની છે ને તે દક્ષિણના ટ્રેપજવાળામુખીનું મધ્ય હોય એમ જણાય છે; ઘણીજ ચળકતીનું કારણ કે તે ધામે ધામે થંડી પડેલી. નર્મદાની દક્ષિણે રાજપીપળાના ટ્રેપની લીટીઓ અનિયમિત છે; પડ પડયાં છે તે ૫°-૨૦° એટલા ઊંચા ખૂણા રાખીને; અને વચમાં જે બાંધ ભીત જેવા ટેકરા છે તે ૧૦૦-૧૫૦ ફૂટ ઊંચા હોઇને પૂર્વ-ઉત્તર-પૂર્વ અને પશ્ચિમ-દક્ષિણ-પશ્ચિમ એમ સમાંતર લીટીમાં છે. ટ્રેપ ખડક વિકૃત થયેલા છે તે વળી તેના ઉપરનાં નૂમુલૈટનાં પડ નમેલાં છે તે ઉપરથી પણ જણાય છે. અનુમાન થાય છે કે જ્યારે એ ટ્રેપ ખડકો બહાર નિકળેલા હતા તેવામાં રાજપીપળા તે બળતા પહાડોનું મોટું મધ્ય હતું. દક્ષિણપશ્ચિમ ખૂણામાં રતનપુર પાસે ટેરશિયરીના થરની લટર છે ને તેની સાથે નૂમુલૈટ ખડક પણ છે. ઉપલા ભાગમાં કાંકરા તથા અકીકના કાંકરાવાળું રેતાળ મટોડું છે ને નીચલામાં રેતી ભળેલા ચૂનાપત્થર જેમાં પત્થર રૂપ વનસ્પતી કે પ્રાણીના શેષનાં તથા લોઢાના મટોડાંના જાડાં પડ છે. ટ્રેપના કકડા ને ગબડી ગોળ થયલા અકીકના પત્થર એ બતાવે છે કે જ્યારે ચોથા યુગના ખડકના થર બાઝવા માંડયા ત્યારે ટ્રેપ ઘસાઈ તૂટયો. કીમતી અકીક તે એક નાનું લોહમટોડાનું પડ છે તેમાંથી મળે છે. કાવેરીમાં રતનપુરમાં છે તેવાજ ખડક છે પણ રેતીપત્થર રતાસ મારતા છે. કાવેરી ને અમરાવતી એની વચમાં કોઈ પણ ખડક જોવામાં આવતો નથી. બધો મુલખ મટોડાંથી ભરેલો છે. અમરાવતીના કાંઠામાં ટ્રેપના કાંકરા ચાક સાથે વળગી ગયલા છે; વાઘલઓરમાં વનસ્પતી તથા પ્રાણીનાં પત્થરરૂપ ઓખ્યાં ઘણાંક એવો એક થર છે કે જે ઉપરથી લેટેરૈટ પત્થર તે પાણીથી થયલો એવું નક્કી થાય છે. અમરાવતી ને કીમ એની વચ્ચે રતાસ મારતા લેટેરૈટ પત્થર ને નમુલૈટ ચૂનાપત્થર છે; નર્મદાના કાંઠાને લગતા ભાગમાં ખડકો કાંપ મટોડાંથી સંતાયલા છે.

મહીકાંઠામાં બે જાતની ભોંય છે, એક ગોરાટ તથા રેતાળ ને બીજી કાળી; બંને ઘણીજ પાક આપતી છે. ઉત્તર તથા પૂર્વ સરહદ ઉપર સીધી ખરબચડી ડુંગરીઓ ગુલાબી કે ભૂરા ગ્રાનિટ પત્થરની છે તેમાં ચકમક જાતના પાસાદારનો સારીપેઠે ભાસ થાય છે. એ પત્થર હાથમતીની ઉત્તરે મળે છે પણ ઇમારત બાંધવાના કામનો નથી. અમદનગરમાં ચૂનાના ભેગનો રેતીપત્થર ઘણો સારો મળે છે ને તે ગુજરાતમાં દહેરાં તથા મસજીદ બાંધવાના કામમાં ઘણો વપરાય છે.

પાલણપુર ઈલાકામાં ખાડા ઓભણમાં મટોડું ને રણ પાસે તે કાળી ભાંયથી ભળેલું છે; પણ સપાટ મુલકની ભાંય રેતીની છે. ખડકો રૂપાંતર પામેલા તે, નીસ તખતી તથા અબરખ પતરાં ને અહીં તહીં રાતા તથા ભૂરા ગ્રાનિટ પત્થર છે.

કાઠિયાવાડમાં ઉત્તરપૂર્વે પડેલા ડુંગર તે પોતાના પૂર્વ ભાગમાં સફેત કે રતાસવાળા રેતીપત્થર રાખે છે [1] તથા વળી જાંબુઆ, લીલા કે ભૂરા મટોડાંના થરના સ્લેટ જેવા [2] અને એ બધામાં કહીં કહીં ટ્રેપ હોય છે. મધ્ય ભાગમાં ઘણા વિસ્તારની જગોમાં બેસોલ્ટ પત્થરના પડ પથરાયલાં છે અને પશ્ચિમ તરફ ટ્રેપ અને કહીં કહીં લોઢું હોય તેવી રતાસના પત્થર છે કે જે વળી ચૂનાળા રેતી પત્થરના પડની નીચે હોય છે. [3] દક્ષિણપશ્ચિમ પડેલા પહાડ જેમાં ગિરનાર મુખ્ય છે તે સૌ ટ્રેપ છે, વિવિધ રચનાના ને ગ્રાનિટ તથા નીસના ભેળવાળા. વળી એ ટ્રેપ ચૂનાળા રેતીપત્થરના પડોની નીચેથી જાયછે; પણ એ રેતીપત્થર તે કેટલાક ભાગમાં ચૂનાપત્થર જેવા છે. ઉત્તરની તથા દક્ષિણની ડુંગરીઓમાં ને મધ્ય પ્રાંતની ઊંચી જગ્યાઓમાં વચ્ચે વચ્ચે કાળા ભારી પત્થરની લાંબી સાંકડી ટેકરીઓ પડેલી છે તે તે દિશાએ; ને કહીં કહીં તે બે દિશાની ડુંગરીઓને કાટ ખૂણાએ મળે છે પણ ખરી. એમાંની એક જસદનની ઉત્તરે થોડેકથી તે સરધાર આગળ થઈ લોધિકાની પડોસ લગી એટલે ૩૦ મૈલ સૂધી જાય છે; કોઈ ઠેકાણે ૪૦ તો કોઇ ઠેકાણે ૧૦૦ ફૂટ ઊંચી ને ૧૨થી તે ૮ ફૂટ પહોળાઇની છે. એ ડુંગરીમાંથી થાણના લોક કાળા પત્થર સહેલથી કાઢે છે જો કે તેની બંને બાજુએ રેતીપત્થર આવેલા છે તોપણ.

કચ્છના ખડકોમાં[4] સૌથી વધારે પાકી હાલતને પામેલા તે ઊલૈટ-જૂરાસિક છે. નીચલા જૂરાસિકના પડ ચાર ઠેકાણે છે. એક પટો ૧ થી ૧૨ મૈલ લાંબો અને ઘણું કરીને ૬ મૈલ પહોળો

---

૧ ઝાલાવાડના ઘણાક ભાગમાં એ પત્થર ખાણમાંથી કાઢે છે ને ધાંગદ્રાના પત્થર ગુજરાતમાં પ્રસિદ્ધ છે.

૨ ચોટીલાના ડુંગર પાસે મળી આવવાથી એ પત્થર રાજકોટ તથા વઢવાણનાં રસ્તા બનાવવામાં વાપરવામાં આવતા અને ચળકતા રંગથી રસ્તા સારા દેખાતા.

૩ પશ્ચિમના રેતીના પત્થર તે પોરબંદરના એ નામે ઓળખાય છે. ખાણમાંથી સપાટી ઉપર આણતાં તે નરમ હોઇને સહેલથી કપાય છે પણ જેમ જેમ હવા ખાય છે તેમ તેમ તે કઠણ થાય છે ને મકાન બાંધવામાં બહુ કામ આવે છે.

૪ રૂપાંતર પામેલા ખડક કોઈ જૂના કાળમાં ઘસાઈ જઈ પાણીથી ઢંકાઈ ગયા હતા. દરિયાનો ફાંટો નદીઓના મુખથી છેટે નહિ તેમાં માટી પત્થર તથા રેતી પત્થર મૂકાયા. એ પત્થરોને ટ્રેપે ઢાંક્યા. ટ્રેપ ખડકને પોતાનો માર્ગ કરતાં બહુ કાળ થયો-કેટલાક બહુ કાળના ને કેટલાક તેથી ઓછા કાળના ટ્રેપનો પસારો થયા પછી જમીન ડૂબી; ને દરિયા તળે ચૂનાપત્થર તથા ચિકણુ મટોડું એનાં પડ થયાં; એ પડ થોડેક કાળે છાછરા પાણીમાં પ્રાણીઓના ખોખાંવાળાં ને જમીનથી ઘણે છેટે નહિ તેવાં દેખાયાં. પછીના ફેરફારમાં સપાટીના કેટલાંક પડ ઘસાઈ ગયાં ને નવાં બાઝયાં; ને છેલ્લે સપાટી ઉપરના પડ આવ્યાં કે જે કેમ થયાં તે જાણવાની કંઈ નિશાની નથી.

લખપતથી તે ખાનીનો દ્વીપકલ્પ મોટી ભૂમિને મળે છે ત્યાં સૂધી છે; વચ્ચે કહીં કહીં ટ્રેપ આવે છે. મધ્ય ભાગમાં ૪૦ મૈલ લાંબો ને એકથી પાંચ મૈલ પહોળો પટો છે કે જે વળી માંડવી ભૂજના રસ્તાથી ઘણું કરીને બે સરખા ભાગમાં વહેંચાયલો છે. પૂર્વમાં તે વાગડમાં છે. ચોથું ઠેકાણું તે રણના બધા ટાપુઓ છે. એ નીચલા જૂરાસિકને મટોડાંના મોટાં પડ છે કે જે ઘસાઇ જવાથી ડુંગરીઓને કાટના જેવો નારંગી રંગ આપે છે. એ ખડકોમાં વળી વચમાં વચમાં કઠણ આસમાની તથા ભૂરા એવા કાચમણિનાં પડ, આસમાની કે કાળા રેતીપત્થર, ધાપણના ભેળના મટોડાનાં પત્થર, આછાપીળા, નારંગી, આસમાની, ભૂરા રંગના મટોડાંના ભેળના ચૂનાપત્થર શંખલાં કોડાંના ચૂનાપત્થર એ હોય છે. એક થર ખરબચડો રવાદાર સૂનેરી તે વનસ્પતી પ્રાણીનાં ખોખાંને પણ કોઈ કોઈ વાર દેખાડે છે. અગ્નિએ ઓગળીને પાછા ઠરી ગયલા એવા ખડક 'ઇગનીઅસ' ઘણેક ઠેકાણે જૂરાસિક માંહે થઇને આવેલા છે; કોઈ ઠેકાણે જૂરાસિક ને ઇગનીઅસ એક બીજાની ઉપર પડેલા છે. નીચલા જૂરાસિકમાં ઘાસના જેવી વનસ્પતિ, ને લાકડું પત્થર રૂપ થયલું તે, મળી આવેછે; ભૂચર પ્રાણીની નિશાની જૂજ છેક પશ્ચિમમાં છે પણ જળચર પ્રાણીનાં ખોખાં ઘણાં છે; પરવાળાં, માછલાંના દાંત, પગ ઘસતાં પ્રાણીના હાડકાં વગેરે. પહેલા પટાની દક્ષિણે ને બીજા પટા સાથે લેતાં ઉપલો જૂરાસિક ૧૨૦ મૈલ પૂર્વપશ્ચિમ લાંબો ને ૧થી ૨૦ મૈલ એટલે સરાસરીએ ૧૦ મૈલ પહોળો છે. વાગડમાં પણ અહીં તહીં છે. એ ખડકના પડોમાં ખરબચડો સફેત રેતીપત્થર, છૂટા તથા બાઝી ગયલા કાંકર, રેતી તથા મટોડાંના પડ એ જોવામાં આવેછે. ઘણેક ઠેકાણે એ ખડક એટલો ખારો છે કે કુવા તથા નાની નદીઓના પાણી પીવાતાં નથી. જે વખતે એ ખડક ઉત્પન્ન થયલો તે વખતની નિશાનીમાં કેટલીક વનસ્પતી છે ને પાસાદાર કોયલાના પાતળાં પડ પણ ભેગવાળાં દીઠામાં આવ્યાં છે. જળચરની નિશાનીમાં પશ્ચિમમાં કેટલાંક શંખલાં કોડાં કે જે દક્ષિણ આફ્રિકામાં થાય છે તેવાં છે. ઇગનીઅસ ખડકોએ જૂરાસિકમાં આવીને મટોડાનાં ભૂરા ખડકની પાટોને કાળી, રાતી કે બદામી કરી છે ને રેતી પત્થરને સફેત તથા ચકમકિયા કીધા છે. કેટલાક નમુનામાં એક બાજુ ઉપર ટ્રેપ ને બીજી બાજુઉપર રેતીપત્થર છે ને કેટલાકમાં રેતીપત્થર તે ઓગળી જઈ ટ્રેપમાં મળી ગયલા છે. જૂરાસિક ખડકોનું તળિયું કે છેક ઉપલી હદ જોઈ શકાતી નથી તેથી તેની ઊંડાઈ પણ જણાતી નથી; સુમાર બંધાય છે કે ઉપલા તથા નીચલા થરોની જાડાઈ એકેકની ત્રણ ત્રણ હજાર ફૂટ હશે. થરો બાઝેલા એવા ટ્રેપ કચ્છના મોટા ભાગમાં છે. એ ટ્રેપે અંજારથી તે છેક પશ્ચિમ સૂધી ઉપલો જૂરાસિક પડેલો છે ત્યાં જમીનને ટેકરીઓવાળી કરી છે. પૂર્વમાં ને દક્ષિણમાં તે ટ્રેપનો પટો એક સરખો ને પાંચથી આઠ મૈલ પહોળાઇનો છે. દક્ષિણ પશ્ચિમ તરફ તે તૂટેલો એકથી તે ૧૪ મૈલ પહોળાઈના કકડાનો ને કહીં કહીં બીજા ખડકના પડો સાથે છે. પશ્ચિમમાં ગાડાની ડુંગરીમાં તે ૧૨ ને ૨૦ મૈલ એટલા વિસ્તારની જગા રોકે છે. એ ટ્રેપના થર દક્ષિણના ટ્રેપ જેવા છે, ફેર આટલો કે જાડાઈમાં અરધા ઓછા ને વચમાં પડેલા ઊભા બાંધ થોડા છે;

વળી ઉપરની સપાટી પોતાની ઉપર આવેલા 'ટેરશિઅરી' ખડકને મળતી છે; જૂના કાળના જ્વાળામુખીઓની નિશાની નથી; એક ગૃહસ્થનું મત છે કે કચ્છના ટ્રેપ પાણીમાં બંધાયા છે. જમીનના પાકને મદદ કરતું મટોડું તે ઠામ ઠામના ખડકોના ચૂરાનું છે. એ મટોડું ટેરશિઅરી પડોના ઉપર છે તેથી એ પડોની વસ્તુઓનો પણ તેમાં ભેળ છે; વળી ડુંગરીઓમાંથી પ્રવાહે જે ઘસેડી આણેલું તે પણ તેમાં હોયછે. એમાંનું ઘણુંક તે ચૂનાપત્થર કે કાચમણિના ભેળથી નવું ટેરશિઅરી પડ હોયની તેવું દેખાય છે. પશ્ચિમ હિંદુસ્થાનના કાંઠાના મુલખનું મટોડું કેવી રીતે બન્યું છે તે નક્કી કરવા જેવું કચ્છમાં કંઈજ દીઠામાં આવ્યું નથી.

હવા ગૂજરાતની શીઆળામાં તો સર્વત્ર ઘણી સારી છે; દેશી તથા યૂરોપીઅન બેઉને બહુ અનુકૂળ છે. ઊનાળાના મધ્યમાં વિશેષ ઊની અકળાવે તેવી છે; તોપણ દરિયાના પવનની અસરવાળા ભાગમાં તે સમપ્રમાણ છે. ભરૂચ, ખેડા ને અમદાવાદ જિલ્લાના કેટલાક તાલુકામાં બહુ ગરમી પડેછે પણ તેથી દેશીઓની તનદુરસ્તીમાં બગાડ થતો નથી. સૂરત, પંચમહાલ, મહીકાંઠો એમાં ઘણામાં ઘણી ગરમીનું માપ ૮૦° થી તે ૯૯°; ને ભરૂચ, ખેડા, અમદાવાદ, રેવાકાંઠો, પાલણપુર અહીં ૧૦૫° થી તે ૧૨૦° સુધી હોયછે. ગૂજરાતના ઊત્તર ભાગમાં ને બીજા માંહેના ભાગમાં જ્યાં ગરમી વધારે ત્યાં ટાઢ પણ વધારે પડેછે. ચોમાસાની આખરે હવાના ફેરફારથી ઘણું કરીને બધે તાવનો ઉપદ્રવ હોયછે પણ જંગલોની પાસેના ભાગમાં વધારે. પવન શીઆળામાં ઉત્તરનો કે ઉત્તરપશ્ચિમનો, ઉનાળામાં પશ્ચિમનો ને ચોમાસામાં પશ્ચિમનો, દક્ષિણપશ્ચિમનો કે ફરતો છે. વર્ષાદના માપની ઘણા વર્ષની ને સઘળા ભાગોની સરાસરી લેતાં ૭ ઇંચ આવેછે.

સૂરત જિલ્લાની હવા બે પ્રકારની છે; એક તો દરિયાના પવનની અસરને લીધે સમપ્રમાણ ગરમી થંડીની અને બીજી તે એ અસરની પેલીપાસ ગૂજરાતના ઉત્તરભાગમાં છે તેવી ઘણીજ આકરી છે; પણ વળી નદીઓની પડોસમાં કાંઠાથી તે આઠ દશ મૈલ લગીમાં સમપ્રમાણની છે. માંહેના ભાગ કર્તાં કાંઠાને લગતા ભાગ તનદુરસ્તીને વધારે માફક છે તેનું બીજું કારણ કે ત્યાં વર્ષાદ થોડો પડે છે. ઓરપાડમાં ૩૦ ઇંચ ને ચીકલીમાં ૭૨ ઇંચ પડે છે. [૧] દક્ષિણમાં પારડી ને ઉત્તરપૂર્વમાં માંડવી એ બે ઠેકાણાં તનદુરસ્તીને માફક આવે તેવાં નથી. [૨] શીઆળામાં ડિસેંબરથી તે ફેબરવારી સૂધી પવન ફરતા રહે છે પણ ઘણું કરીને ઉત્તરપૂર્વ તરફથી આવે છે. ઊનાળામાં માર્ચથી તે મે સૂધી ઉત્તરપૂર્વના દિવસે પહેલે પહોરે હોય છે ને પછી પવન ગરમ થતો જાય છે પણ વળી પાછલે પહોરે બદલાઇને પશ્ચિમથી દરિયાનો આવે છે. મે મહિનામાં ઘણોજ તાપ પડે છે પણ કસબાઓ સિવાયે તે બીજે ઠેકાણે તનદુરસ્તીમાં બગા-

---

૧ સૂરતમાં ૧૮૩૯-૪૮ માં વર્ષાદની સરાસરી ૩૧.૫૮ ઇંચ, ૧૮૫૨-૬૧ માં ૩૪.૧૫ ને ૧૮૬૨-૭૧ માં ૪૬.૨૬ હતી.

૨ "માલધા, લીમધા, મોટી ફાળ; નહિ મરે તો દેવગઢ ચાલ; દેવગઢ કહે હું લીલો કરૂં, પીળો કરૂં, નહિ મરે તો હું શું કરૂં" "બગવાડે મરે અરધોજી પણ માંડવીમાં મરે પૂરોજી."

ડો કરતો નથી. ચોમાસામાં જૂનથી અક્ટોબરસૂધી પશ્ચિમનો થાય છે ને સપટેંબરમાં જોરથી ફૂંકે છે. અક્ટોબરમાં પવન નહિ ને તાપ ખરો તેથી હવા રોગ વાળી હોય છે. નવેંબરમાં ઉત્તર-પૂર્વનો પવન શરૂ થાય છે કે ગરમી ઓછી જણાય છે.[1]

ભરૂચ જિલ્લાની હવા તનદુરસ્તીને માફક આવે ને મનને પ્રસન્ન કરે તેવી છે. ડિસેંબર, જાનેવારી ને ફેબરવારીમાં સવારે બહુ ટાઢ પડે છે. પારો ૫૦° હોય છે. સને ૧૮૩૫ માં હીમ પડેથી પાક બળી ગયો હતો. થંડો પવન ઉત્તરનો કે પૂર્વનો જે રાતે પારાને ૪૦° કે ૫૦° આગળ દેખાડે તે બપોરે બહુજ ગરમ થાય છે; સવારે ઘણીજ થંડી હોય તોપણ બપોરે પારો ૮૫° ઉપર આવેછે. અરધો માર્ચ ને એપ્રિલ આખો એમાં સખત તાપ પડે છે. વાઘરામાં ૧૨૦° થાય છે અને જિલ્લાના દરેક ભાગમાં સારાં બાંધેલાં ઘરોમાં પણ પારો વખતે વખતે ૧૧૦° લગી ચઢે છે. એપ્રિલની આખરે પશ્ચિમનો તથા દક્ષિણપશ્ચિમનો વાયુ વાય છે ને મે તથા જૂનમાં દરિયાની પાસેના ભાગમાં દક્ષિણપશ્ચિમના પવનથી તાપ ઓછો લાગે છે. માર્ચની ૧૫ મી પછી દિવસના થંડ વખતમાં પારો ૭૨° થી ઉતરતો નથી; અને ચોમાસામાં ૭૮° ને ૮૩° એની વચમાં ફેરફાર થયાં કરે છે.[2]

ખેડા જિલ્લાની હવા યૂરોપીઅન લોકને અકળાવી નાખે તેવી છે; કોઈ કોઇને વળી ઠીક માફક આવે છે. નવેંબરથી તે માર્ચ લગી ખુશનુમા તથા તનદુરસ્તીને માફક આવતી છે પણ માર્ચ એપ્રિલ મેમાં ઘણીજ સૂકી તથા ઉકળાટ કરાવતી ને જૂનથી તે અકટોબર સૂધી ભીની તથા ભારે છે. દેશીઓને કપડવંજ તથા થાસરા સિવાયે ને ખારી નદીની પાસેની પાણીચી ડાંગેરની જમીન સિવાયે બીજે બધે હવા નુકસાન કરતી નથી. મધ્યભાગ જે ચરોતર કહેવાય છે તે તનદુરસ્તીને વધારનાર ગણાય છે. લાંબો કાળ થયાં જિલ્લામાં કોલેરા કે મરકી નથી. ભીની હવાથી થતો તાવનો રોગ અક્ટોબરમાં ઘણો હોય છે; ઉનાળામાં લોકની તનદુરસ્તી ઘણીજ સારી હોય છે. માર્ચથી તે અક્ટોબર સૂધી પવન નૈઋત કોણથી ને નવંબરથી તે માર્ચ સૂધી ઇશાન કોણથી આવે છે. વર્ષાદની સરાસરી ૧૮૫૨-૬૧ની ૩૩.૭૮ ઇંચ, ૧૮૬૨-૭૧ ની ૨૭.૪૫ ને ૧૮૭૨-૭૭ ની ૨૮.૧૦ ઇંચ છે. ૧૮૬૧ માં પૂરાંથતાં દશ વર્ષમાં ઉષ્ણમાપક યંત્રમાં પારો ૧૦૪.૧ મે મહિનામાં ને ૫૪.૬ જાનેવારીમાં હતો; સરાસરી મધ્યપ્રમાણ ૭૯.૬ છે.[3]

---

૧ સૂરતમાં પારાની સીસીમાં ૧૮૫૨-૬૧ ની સરાસરી તે જાનેવારીમાં ઓછામાંઓછા ૬૦° ને ઘણામાં ઘણા ૮૭°; મેમાં ૮૦° ને ૯૯°; સપટેંબરમાં ૭૭° ને ૮૯° ને ડિસેંબરમાં ૬૩° ને ૮૭°.

૨ વર્ષાદ ભરૂચ પ્રગણામાં ૧૮૫૨-૬૦ માં ૪૦.૬૦ ઇંચ; ૧૮૬૦-૭૦ માં ૩૪ ઇંચ; ૧૮૭૨-૭૩ માં કંઇક વધારે ને ૧૮૭૩-૪ માં ૩૬ ઇંચથી કંઇક ઓછો હતો.

૩ ખેડા શહેરમાં વર્ષાદ ૧૮૬૪ માં ૧૫ ઇંચ ને પછી આ પ્રમાણે: ૬૫-૨૪, ૬૬-૨૭, ૬૭-૨૦, ૬૮-૩૮, ૬૯-૩૩, ૭૦-૩૮, ૭૧-૩૩, ૭૨-૫૮, ૭૩-૨૨, ૭૪-૨૩, ૭૫-૩૫, ૭૬-૩૦, ૭૭-૨૬. ગરમીનું માપ જાનેવારીમાં ઓછામાં ઓછું ૫૪° ને ઘણામાં ઘણું ૮૫°; મેમાં ૮૧° ને ૧૦૪°, સપટેંબરમાં ૭૫° ને ૯૩° ને ડિસેંબરમાં ૫૭° ને ૮૪°.

પંચમહાલમાં પૂર્વભાગમાં વર્ષાદ કાંઇક મોડો આવે છે તે સિવાયે વર્ષના કાળ નિયમિત છે. નવંબરથી તે ફેબ્રુવારી લગી ટાઢ, માર્ચથી તે જૂનની ૧૫મી લગી ગરમા ને પછી સપટેંબર આખર લગી વર્ષાદ. ગોધરામાં અક્ટોબરથી તે માર્ચસૂધી પવન પૂર્વનો તથા ઉત્તરપૂર્વનો, એપ્રિલથી જૂન સૂધી પશ્ચિમનો ને જુલાઇથી સપટેંબર સૂધી દક્ષિણપશ્ચિમનો છે; અને દાહોદમાં અક્ટોબરથી તે ડિસેંબરસૂધી પૂર્વ તથા દક્ષિણપશ્ચિમનો ને જાનેવારીથી તે સપટેંબર સૂધી દક્ષિણપશ્ચિમનો. ગોધરામાં વર્ષાદની બાર વર્ષની સરાસરી ૪૪.૪૫ ઇંચ છે. ૧૮૭૮ માં ઘણો વર્ષાદ ગોધરામાં ૬૪.૦૫ ને દાહોદમાં ૪૭.૩૪ હતો. ગરમી ૧૮૭૮ માં જાનેવારીથી માર્ચ લગી ગોધરામાં ૭૪.૮૧ ને દાહોદમાં ૭૭.૬; એપ્રિલથી જૂનલગી ગોધરામાં ૯૦.૬૪ ને દાહોદમાં ૯૪.૮; જુલાઇથી તે સપટેંબરલગી ગોધરામાં ૮૨.૧૨ ને દાહોદમાં ૮૨.૬; અને અક્ટોબરથી તે ડિસેંબર લગી ગોધરામાં ૭૪.૩૭ ને દાહોદમાં ૭૭.૮ એમ હતી. પશ્ચિમમાં કાલોલ ને પૂર્વમાં દાહોદ અહીંના ખેડાતા ભાગની હવા સારી છે. ત્યાંના રહીશ તથા નવા આવનારાં માંદાં પડતાં નથી. ગોધરાની આસપાસ જંગલ તથા ખુલ્લી જગા હોવાથી નવા લોકને હવા નથી માફક આવતી; ઊનાળો તથા ચોમાસું યુરોપિઅનને નબળા કરે છે અને શીઆળાનો તડકો ત્યાંના રહીશને પણ તાવ આણે છે. ટાઢિયો તાવ, મરડો, અતિસાર, દમ, વાળો ને ચામડીનાં દરદ એ ઘણું કરીને જિલ્લામાં થાય છે.

અમદાવાદ જિલ્લામાં મોડાસા સિવાયે બીજે બધે વર્ષાદ ઝાઝો નથી હોતો.[૧] વર્ષાદ જૂનના પાછલા ભાગમાં શરૂ થાય છે, જુલાઇમાં બહુ પડે છે ને સપટેંબરની આખરે બંધ થાય છે એડુતો કહે છે ને ગણતરી જોતાં તે ખરૂં લાગે છે કે થોડાક વર્ષ થયાં વર્ષાદ આગળના કર્તાં વહેલો બંધ પડે છે. શીઆળામાં (નવેંબરથી તે ફેબ્રુવારી લગી) ટાઢ ઇશાન કોણના સૂકા પવન સાથે ઘણીજ આકરી લાગે છે તોપણ સીસીમાં પારો ૩૨ ની નીચે ક્વચિતજ ઉતરે છે. માર્ચથી તે વર્ષાદ પડતાં લગી પવન પશ્ચિમ તરફ ફરીને દહાડે બહુ ગરમ થાય છે. ફેબ્રુવારી ને જૂન એ બે મહિના તનદુરસ્તી રાખનારા છે ને અક્ટોબર માંદગી આણનારો છે. ગોઘા જ્યાં દરિયાનો તાજો પવન આવે છે તે સિવાયે તે મહિનામાં તાવનો ઉપદ્રવ ઠામ ઠામ હોય છે. સાધારણ રીતે કહેવાય કે જિલ્લાના મધ્ય ભાગોની હવા ઊનાળામાં અતીસ ગરમ તનદુરસ્તીને ઓછી માફક છે; કાંઠાને લગતો ભાગ દરિયો પાસે આવવાથી અને ઉત્તરનો ભાગ દરિયાની સપાટીથી ઘણો ઊંચો હોવાથી ત્યાં ગરમી ઝાઝી જણાતી નથી.

---

૧ અમદાવાદ શહેરમાં ૧૮૪૮ માં પૂરા થતાં સાત વર્ષની સરાસરી ૨૭.૬૯ ઇંચ હતી; ૧૮૫૩-૬૦ની ૩૫.૮૭ અને ૧૮૭૦-૭૮ ની ૩૨.૧૩ ઇંચ. ગરમીના માપની ૧૮૬૧-૭૪ની સરાસરી ઓછામાં ઓછી ૬૧° ને ઘણામાં ઘણી ૮૦° જાનેવારીમાં, ૮૧° ને ૧૦૫° મેમાં, ૭૪° ને ૯૩° સપટેંબરમાં અને ૬૨° ને ૮૨° ડિસેંબરમાં.

રેવાકાંઠામાં વર્ષાદ જૂનમાં શરૂ ને સપટેંબરની આખેરીએ બંધ થાય છે. વર્ષાદ ૩૫ થી તે ૪૦ ઇંચ સૂધીનો હોય છે. થંડીની રત અક્ટોબરથી તે માર્ચ સૂધીની છે. રેવાકાંઠાની પૂર્વના ભાગમાં જ્યાં જંગલ ને ઝરાઓ છે ત્યાં જાનેવારીમાં ટાઢ કોઈવાર એટલી બધી પડે છે કે તળાવોમાં બરફ બંધાય છે ને પાકને નુકસાન થાય છે. તે ભાગોમાં એપ્રિલની આખરસુધી સવારે થંડી પડે છે તે મહુડાંને બહુ માફક આવે છે. ગરમીની રત એપ્રિલની આખરથી તે જુલાઈમાં સારી પેઠે વર્ષાદ પડે છે ત્યાંલગીની છે. લુણાવાડા ને બારિયામાં પારો ૧૦૮° ને ૧૧૦° એટલે હોય છે. ૧૮૭૩ માં એટલી સખ્ત ગરમી હતી કે ઘણા લોક મરી ગયા અને વાગળાં તથા વાંદરાં ઝાડ ઉપરથી પડી મુઆં. ખુલ્લા ભાગમાં સારી પણ પૂર્વના ડુંગરીઆળા તથા જંગલના ભાગમાં-બારીઆ તથા રાજપીપળામાં હવા રોગ આણનારી છે. તાવ તો આખા વરસમાં કહીં કહીં પણ સપટેંબર, અક્ટોબર ને અરધા નવેંબરમાં તો ઠામ ઠામ હોય છે. મરડો તથા અતિસાર જુલાઈ આગષ્ટમાં ભીની હવાથી થાય છે. આંખનાં દરદ વર્ષાદની શરૂઆતમાં અને ખુજળી. દરાજ, વાળો એ આખું વર્ષ હોય છે, નઠારૂં પાણી નાવામાં તથા પીવામાં લીધાથી.

મહીકાંઠામાં ઉત્તરમાં તથા પૂર્વમાં ઊંચી જમીનની હવા વધારે થંડી છે, બાકી ગૂજરાતના બીજા ભાગોના જેવીજ છે. અક્ટોબરની આખરમાં થંડી રત શરૂ થાય છે ને સવારે સાંજે બહુ ટાઢ પડે છે. નવેંબરથી તે ફેબરવારી સૂધી ચાર મહિના હવા વિશેષે કરીને રમણીય છે. ડિસેંબર જાનેવારીમાં બહુજ ટાઢ પડે છે. એપ્રિલથી ગરમીની રત શરૂ થાય છે. જૂનના પહેલા અઠવાડિયામાં ગરમી બહુ અકળાવે છે; વાદળાં થાય છે પણ વર્ષાદ ઝાઝો પડતો નથી. જુલાઇમાં ને સપટેંબરના પહેલા ભાગમાં મોટો વર્ષાદ થાય છે. માર્ચથી તે જૂન સૂધી પશ્ચિમનો ને ઉત્તરપશ્ચિમનો પવન હોય છે; જુલાઈથી તે સપટેંબર સૂધી દક્ષિણપશ્ચિમનો અને અક્ટોબરથી તે ફેબરવારી સૂધી ઉત્તર તથા ઉત્તરપૂર્વનો. ૧૮૭૮ માં પૂરાં થતાં ૨૦ વર્ષની સરાસરી ગણતરી વર્ષાદની ૩૦.૬૧ ઇંચ હતી; ૧૮૬૨ માં મોટામાં મોટો વર્ષાદ ૩૫.૦૫ ઇંચ ને ૧૮૭૭ માં ઓછામાં ઓછો ૧૮.૨૬ ઇંચ. ૧૮૬૮ માં પૂરાં થતાં દશ વર્ષમાં ગરમી જાનેવારીમાં ૫૮°.૮ ને ઘણામાં ઘણી ટાઢ ૧૮૭૫ માં ૫૬.૧ હતી.

પાલણપુર ઇલાકામાં વર્ષાદની ચાર રત છે: માર્ચ, એપ્રિલ, મે ને જૂન એ ચાર મહિના હવા ગરમ તથા સૂકી હોય છે; જુલાઈ ને આગષ્ટમાં વર્ષાદ; સપટેંબર, અક્ટોબર ને નવેંબરનો ભાગ એમાં હવા ગરમ તથા ભીની અને નવેંબરનો ભાગ, ડિસેંબર, જાનેવારી ને ફેબરવારી એમાં ટાઢ. પહેલી રતમાં ગરમી ઘણી છે ને ઉત્તરમાં મારવાડ તરફ તથા પશ્ચિમમાં રણ તરફ અતિશય છે. સીસીમાં પારો છાંયડામાં ૧૨૦° ઉપર હોય છે ને પવન એટલો ગરમ ફૂંકે છે કે દહાડે મુસાફરી કોઇ કરતું નથી. ડુંગરીઓ, થઝી છેટે ને રણની પાસે વર્ષાદ જૂજ થાય છે. ત્રીજી રત તનદુરસ્તીને ઘણીજ બગાડનારી છે; દેશી તથા યૂરોપીઅન બંને તાવથી સપડાય છે. ચોથી રત સુખકારી ને યૂરોપીઅનને પણ તનદુરસ્ત રાખે તેવી છે. રણની તરફ ટાઢ વખતે વખતે ઘણીજ

હોય છે; વળી ટાઢના દિવસ પણ જાથુ રહેતા નથી; એક મહિનામાં પણ કેટલાક દહાડા તાપ પડે છે.[1]

કાઠિયાવાડમાં દરિયાને લગતા ભાગોની હવા ઘણી ખરી સરખી સારી છે. ભાવનગર મુંબ-ઈની સાથે પણ ઉનાળામાં નહિ; ગરમીનું માપ જાનેવારીમાં ૫૩° ને મેમાં ૧૦૮° છે; વર્ષાદની દશ વર્ષની સરાસરી ૨૬.૩૫ ઇંચ છે. ધ્રાંગદ્રાની જોકે ટાઢ પણ ઘણી ને ગરમી પણ ઘણી તોપણ દ્વીપકલ્પના બીજા ભાગ કરતાં વધારે તનદુરસ્તીવાળા છે; ગરમી જાનેવારીમાં ૭૩° ને મેમાં ૯૮° છે; વર્ષાદનો સાત વર્ષની સરાસરી ૧૪.૮૪ છે. નવાનગરની ઉત્તર તથા પૂર્વ કાંઠાની ને બરડાની ડુંગરાની તે તનદુરસ્તીને માફક તથા પસંદ છે; ગરમી જાનેવારીમાં ૬૦° ને મેમાં ૧૦૫° છે; ઉનાળાની તથા ચોમાસાની રાત ઘણું કરીને થંડકવાળી હોય છે; વર્ષાદની નવ વર્ષના સરાસરી ૧૬.૯ છે. પોરબંદરમાં બધે સારી પણ બરડાનો ડુંગર બંધ કરે છે પૂર્વના થંડા પવનને શીઆળામાં; ગરમી જાનેવારીમાં ૫૪° ને મેમાં ૯૯° છે; વર્ષાદનો ગયાં બે વર્ષનો સરાસરી ૧૦.૧૧ પણ પાછ-લાંનો ૨૦ ઇંચ છે. જૂનાગઢમાં દરીઆ કાંઠાની તથા ગિરનાર દાતારની ઊંચી ડુંગરાઓની તે તન-દુરસ્તીને માફક છે પણ સપાટ ભાગની ગરમ તથા ગિરના રાનની તે માંદગી આણનારી છે; ગરમી જાનેવારીમાં ૫૮° ને મેમાં ૧૦૫° છે; શહેરની હવા હમેશ ગરમ ને તબીએત બગાડ-નારી છે; વર્ષાદની સરાસરી ૩૪ ઇંચ પણ ૧૮૭૮ માં ૧૦૪.૪૨ પડયો હતો. જૂદા જૂદા ભાગોની ગણતરી લેતાં આખા કાઠિયાવાડને માટે ૨૨.૫૯ ઇંચ એટલા સરાસરી વર્ષાદની આવે છે.

કચ્છમાં દક્ષિણપશ્ચિમના પવનના જોરનો નિયમિત કાળનો વર્ષાદ નથી. ત્યાં ઉત્તર તથા પૂર્વે થઇ દક્ષિણ તરફ એમ ચક્કર લેઇ ઉત્તર-ઉત્તરપશ્ચિમથી વા વાઝોડા સાથે વર્ષાદ પડે છે. ઘણો તો આવતો નથી ને કોઇ વાર બીલકૂલ પણ આવતો નથી.[2] જૂનથી તે અક્ટોબર સૂધી દક્ષિણ પશ્ચિમનો પવન જબરો લાગે છે; શાંત તો કોઈ વાર હોય છે. શીઆળામાં પૂર્વનો તથા ઉત્તરનો પવન સખત વાય છે ને પછી પાછો દક્ષિણપશ્ચિમનો જબરો ફુંકે છે અથવા સ્થિર વાય છે; હવા જ્યારે ત્યારે ધૂળથી ભરેલી થાય છે. કાંઠા તરફ આખું વર્ષ હવા માફક આવતી પસંદ છે ને આખા પ્રાંતમાં નવ મહિના તે ટાઢી તથા તનદુરસ્તીને લાયકની છે; પણ એપ્રિલ તથા મેમાં ઊના પવન ને ધૂળકોટ કરતાં વા વાઝોડાં પ્રાણીને અકળાવી નાખે છે અને અક્ટોબરમાં તથા થોડાક નવેંબરમાં હવા કરડી તથા રોગ આણતી છે. ઘણી સૂકી રત યૂરોપીઅનને વાસ્તે બહુ સારી છે[3]

---

1 પાલણપુરમાં વર્ષાદ ૧૮૭૨ માં ૨૮.૬ ઇંચ હતો; ૭૩–૨૧.૮; ૭૪–૩૫.૪૪; ૭૫–૩૪.૭૩; ૭૬–૨૬; ૭૭–૧૪.૭૬. ૧૮૭૮ માં હવાનું માપ જાનેવારીમાં ૬૯.૬°; મેમાં ૯૧.૬૪; સપટેંબરમાં ૮૬; ને ડિસેંબરમાં ૬૯.૭ હતું.

2 ભૂજમાં ૧૮૭૮ માં પૂરાં થતાં ૩૦ વર્ષની સરાસરી લેતાં દરવર્ષે ૧૪ ઇંચ વર્ષાદ ગણાય; માત્ર ૧૮૭૮ માં ૪૦ ઇંચ હતો ને ૧૮૪૮ માં માત્ર દશ દોકડા.

3 સને ૧૮૭૮ માં ગરમી દેખાડતો પારો જાનેવારીમાં ઘણામાં ઘણો ૮૩° ને ઓછામાં ઓછો ૬૧° હતો: મેમાં ૯૯° ને ૯૦°; સપટેંબરમાં ૯૬° ને ૮૫°; ને ડિસેંબરમાં ૮૮° ને ૬૬°.

B 524—d

પ્રકરણ ૨.

ઉત્પન્ન.[૧]

ગૂજરાતમાં ડુંગરીઓ તથા ખડકો હોવાથી ધાતુની ખાણો છે પણ તેમાં પત્થરની વધારે છે કે જેમાંથી મકાન બાંધવાના તથા રસ્તા બાંધવા પૂરવાના અને છો ચૂનો બનાવવાના બહુ પત્થર નિકળે છે. ભરૂચ, ખેડા ને અમદાવાદ એ જિલ્લામાં પત્થર જૂજ છે.[૨] શોભાના પત્થર આરસને સ્ફટિક રંગરંગના તે રેવાકાંઠા, મહીકાંઠા ને કાઠિયાવાડમાં થાય છે. અકીક ખંભાતની આજુબાજુએ ૧૨૦ મેલ જેટલા મુલખમાંથી મળેછે.[૩] લોઢાંની ખાણનાં ઠેકાણાં સૂરત, ખેડા, અમદાવાદ, પંચમહાલ, રેવાકાંઠા, કાઠિયાવાડ ને કચ્છમાં છે.[૪] સીસું પંચમહાલમાં

---

૧ ખેતીનું ને કારીગીરીનું તે હવે પછીનાં પ્રકરણોમાં જણાવવામાં આવશે.

૨. ભ૦જિ૦માં માત્ર અંકલેસ્વર પ્રગણામાંજ કેટલેક ઠેકાણે બાઝેલા ગોળ કંકર ને ચૂના પત્થર છે. ખે૦જિ૦માં મહીનદીનાં ભાઠામાં ટ્રેપના ઢગ તથા ગાંગડા છે અને નદી જિલ્લામાં દાખલ થાય છે ત્યાં ખડક ઘણો તેમાં ટ્રેપ છે ને કહીં કહીં ચૂનાપત્થર, કાચમણિ, ગ્રાનિટ એ હોય છે; ઘણીક નદીઓના કંકરમાંથી રેતી તથા ચાક અને માટી તથા માગનીશીઆ નિકળે છે. અ૦જિ૦માં નદીઓમાં ને વીરમગામ તાલુકાના કાંકરાવાડી ગામમાં તથા ધોળકા તાલુકાના બરવાલામાં કંકર થાય છે તે છો ચૂનો બનાવવાના ને રસ્તો પૂરવાના કામમાં આવે છે. ગોઘા તથા ભાવનગર સિવાયે આખા જિલ્લામાં મકાન બાંધવાનો પત્થર નથી. ગોઘાની પડોસની ખાણોના પત્થર ચાર જાતના કહેવાય છે—જુગાસાલ, સુવાલ, ખિજડિયા ને દોલાશિયા; ભાવનગરના છ જાતના તે અકવાડા, ગોરાડ, વાકડિયા, થોરડી, જિથરી, ને રાજુલા; સિહોરમાં ‘નીસ’ ની તખતી પાડવામાં આવે છે એકથી છ ઇંચ જાડી ને ચમારડીની ટેકરીમાં ‘ગ્રાનિટ’, ‘સિએનટ’ ને ‘નીસ’ છે.

૩. કપડવંજથી ૧૫ મૈલ ઉપર માજમનાં ભાઠામાં ત્રણ જાતના ખારિયા, આગિયા, ને રાતડિયા. રાજપીપળાની હદમાં ભરૂચથી ૧૪ મૈલ ઉપર નર્મદાને કાંઠે બાવા ઘોરીના ડુંગરીના ઢાળાવમાં. રાજકોટની ઉત્તરે ૨૦ મેલ ઉપર ટંકારા ગામમાં. ધંધુકામાં રાનપુર પાસે તેમાં દોરાદર તે સપાટી ઊપર ને રાતિયો તે થોડાક ફૂટ નીચે.

૪. સૂ૦જિ૦માં વલસાડ તથા પારડી પ્રગણામાં ને માંડવીનાં બહુધાન આગળ. ખે૦જિ૦માં કપડવંજની પડોસમાં. અ૦જિ૦માં ગોઘાનીપાસે. પં૦મ૦માં ગોધરાના પાલણપુર ગામમાં અને નારૂકોટમાં જાંબુઘોડા તથા શિવરાજપુરનાપાસે. રે૦કાં૦માં નાદોદની પશ્ચિમે લિમોદ્રા ગામપાસે, રતનપુરનીપાસે ભીલોડ આગળ ને તડકેશ્વર આગળ. કાઠિયાવાડમાં બડા તાલુકામાં ને ખંભાળિયામાં. લોઢું ભળ્યું મોટાકું દ્વીપકલ્પના ઉત્તર ભાગમાં ઘણી જગોએ છે. કોયલાની છત નહિ ને લાકડાં બળતણનો ખરચ બહુ તેથી લોઢું કાઢવા ગાળવાનું કામ હાલ કેથે ચાલતું નથી. કોયલાની પાતળી શીલા થાણ તાલુકામાં માલમ પડી છે પણ તે કામ લાગે તેવી નથી. કચ્છમાં ભચૈ આગળ ખાણ છે ને ત્યાં, ધુનવા, દુધૈ, માધ વગેરે ઠેકાણે લોઢાંકામના કારખાનાં હતાં.

અને અબરખ ત્યાં તથા રેવાકાંઠામાં ને મહીકાંઠામાં છે.[૧] ધાતુની રેતી ઘણું કરીને સઘળી નદીઓમાં હોય છે. ખારમાં મીઠું તે દરીઆનું પાણી બાંધી રાખીને કે રણમાંથી ખોદી બનાવવામાં આવે છે; વળી કાઠિયાવાડમાં કાંઠાને લગતા ભાગમાં ઘણેક ઠેકાણે મીઠું બને છે.[૨] સાજીખાર તે કપડવંજ વગેરે ગામોમાં; સુરોખાર ઝિંઝુવાડા આગળ તથા વીરમગામ તાલુકામાં અને ફટકડી તથા પોટાશની મટોડી કચ્છમાં છે.[૩] મોતી ને પરવાળાં તે કચ્છના અખાતમાં થાય છે.[૪]

સૂરત જિલ્લામાં માંડવી તાલુકામાં તડકેશ્વર આગળ નૂમુલૈટ ચૂનાપત્થર, મજલાવ આગળ કાલકેરિયસ રેતીપત્થર ને નોગામ આગળ લેટેરેટ છે; બહુધાનથી તે ઉપર તાપીના ભાઠાંસૂધી ને બારડોલી તાલુકામાં ગોજી તથા વાઘેચા આગળ ટ્રેપ છે; ઓરપાડ તાલુકામાં જાફરાબાદ, કોસાડ ને વરાછા આગળ ચૂનાળા કંકર છે. ચોર્‍યાસીમાં ડૂમસ, મગદલા, અડવા અહીંથી રેતી તથા કંકર સૂરતમાં આવે છે. વલસાડ તાલુકામાં પારડી, ડુંગરી ને વાપી અહીં ટ્રેપ છે પણ સૂરતના રસ્તા પૂરાય છે તે ડુંગરીના કાંકરાથી. વાંસદાના રાજસ્થાનમાં એક જાતનો કાળો કઠણ પત્થર બાંધવાનાં કામને લાયકનો છે.

પંચમહાલમાં રેતીપત્થર, ટ્રેપ, કાચમણિ, ગ્રાનિટ, બેસોલ્ટ, ચૂનાપત્થર ને ચૂનાળા કંકર એ ઘણે ઠેકાણે છે. કેટલાક પથર મકાન બાંધવાનાં કામને માટે અમદાવાદ, વડોદરૂં-ભરૂચ મોકલવામાં આવે છે. સોએ ૯૦ ભાગ ચૂનો એવા ચૂનાપત્થર દાહોદમાં છે. ગોધરાનો ગ્રાનિટ પણ સારો છે. કાળો દાણાદાર બેસોલ્ટ પાવાગઢની ડુંગરીપાસે છે.

---

૧ સીસું નારૂકોટમાં લોઢાંની ખાણપાસે તથા ગોધરેથી બે ત્રણ મૈલ ખંડેલાવ તળાવ છે ત્યાં; તે મિશ્ર ધાતુની તપાસમાં શુદ્ધ સીસાંના સેંકડે ૮૬ ભાગ હતા પણ રૂપું માત્ર પાંચ ઔંસ એક ટને હતું. અબરખ નારૂકોટની ડુંગરીપાસે મળે છે; પણ તખતી નાની હોવાથી વેપારમાં કિંમત ઉપજે તેવી નથી; રેવાકાંઠામાં ઓર નદીઉપર જાંબુ ગામપાસે અને મહીકાંઠામાં હાથમતીના ભાઠાંમાં, સાબર કાંઠાના હાપ તથા તાજપુરી તાલુકામાં અને મોહનપુરના અદપોદરામાં છે.

૨. પાટડી તથા ઝિંઝુવાડામાં મીઠું બનાવવાનું કામ દશમા શૈકાથી છે. ખારાઘોડામાં ઝાઝું ને કૂડા (રણમાં), ઓખા, જોડિયા, ધામલેજ, બેરાઇ, સુલતાનપુર ને ભાવનગર અહીં થોડું થોડું કામ થાય છે. કચ્છમાં પણ બને છે.

૩. પૂતળાં બનાવવાની મટોડી (ધાપણ) ને રંગ પેદા થાય તેવી ખડકની મટોડી એ પણ છે.

૪. નવાનગરના કાંઠાને લગતા દરિયામાં મોતી સારાં પાકે છે; થોડાંક જૂનાગઢ ને ભાવનગરમાં જોરાઇ ને ચાંચ આગળ મળેછે. એ મોતી પાણીમાં બસરાના મોતીથી ઉતરતાં છે. પરવાળાં નવાનગરના કાંઠા ઉપર અને પશ્ચિમના તથા દક્ષિણપશ્ચિમનાં કાંઠા ઉપર; કોડીનાર મૂક્યા પછી ઓછાં.

રેવાકાંઠામાં ઉત્તરમાં વનંદીના બારિયા ગામમાં, હડપ નદીમાં ને સૂંથમાં ભૂરાસ પડતા રંગના પત્થર પોરબંદર કર્તાં વધારે સારો છે ને તે રામપુરમાં ને સૂંથના મહોલમાં વપરાયો છે. એક જાતનો પત્થર ભીલકોળીઓએ શોધેલો તેના કાળા, નરમ, સાફ કકડા હજામો અસ્તરા ઘસવામાં વાપરે છે ને જ્યાંથી તે મળે છે તે ગોંજાઘાટી કેહવાય છે. છોટા ઉદેપુરની દક્ષિણપશ્ચિમે ૨૫ મૈલ ઉપર ધોળાસવાળા પત્થરના પાટ મળે છે તેની ફરસબંધી સારી થાય છે. દક્ષિણમાં નૂમુલૈટ ખડકનો ચૂનાપત્થર મકાન બાંધવાને લાયકનો છે. મધ્ય ભાગમાં છોટા ઉદેપુરના રૂપાંતર પામેલા ખડકોમાંથી ચૂનો બહુ મળે છે. સણગારના પથરામાં તે ખડક ચાર જાતનો ગ્રાનિટ આપેછે—રાતો, ધોળો, ભૂરો ને આછોકાળો ; વળી છોટા ઉદેપુરની ઉત્તરપૂર્વમાં ૭ મૈલ ઉપર સફેત, પીળા ને આછાકાળા રંગના આરસના સારા નમુના મળે છે.

મહીકાંઠામાં અહમદનગર, સાવગઢ ને પર્વતમાં ઉંચી જાતનો કાલસીફરસ રેતીપત્થરની ખાણ છે ને તે આખા ગૂજરાતમાં શોભીતાં મોટાં મકાનને વાસ્તે વપરાય છે. બેતાલી આગળ એક તરેહના ઘેરા ભૂરા પથરામાંથી ઉંચા જાતનો ચૂનો બને છે. દાંતા આગળ હલકા આરસની કેટલાક ખાણ છે.

પાલણપુરમાં ચૂનાપત્થરના થર નથી પણ તેના નાના કંકર છે ને તે સપાટીથી દશથી તે ૬૦–૮૦ ફૂટ ઉંડાઇયે મળે છે. સાંતલપુરતાબે ચારેક છે ત્યાં ચૂનાપત્થરની નાની ખાણ છે. ગ્રાનિટ પત્થર ઉંચી જાતનો છે પણ તે રસ્તાઓથી આઘો હોવાથી ખોદવામાં આવતો નથી. નીસ ને બીજા રૂપાંતર પામેલા ખડક માત્ર ડુંગરીઓ આગળ વપરાય છે—પાંસવાલ, ડાભેલા, રામપુરા ને જૂની વાડીમાં.

કાઠિયાવાડમાં દક્ષિણપશ્ચિમ કાંઠો ને મધ્યભાગ એમાં બહુ જાતના ચૂનાપત્થર બાંધવાના કામના છે ; પોરબંદર ને ધાંગદ્રાના વખણાય છે. ઝાલાવાડમાં સઘળી જાતના લાટેરૈટ તથા રેતી પત્થર રંગરંગના છે. પશ્ચિમમાં તથા દક્ષિણપશ્ચિમમાં આરસનાં પાતળાં પડ છે ; આરસ સારો છે પણ અતિ કઠિણ હોવાથી સહેલથી ઘડાતો નથી. ટ્રેપ ને બેસોલ્ટ બાંધવાના પત્થરદાખલ બહુ વપરાય છે. ગ્રાનિટ તે ગિરનાર તથા ચમારડીમાં છે પણ હજી તે બાંધવાના પત્થરદાખલ કામમાં લેવામાં આવ્યો નથી. ઘાપણ મટે ડુંગણ ને ભાન્માં છે.

કચ્છમાં ચકમક, કાચમણિ, લોહું વગેરે મધાંના ભેળી કાંકરીનો બનેલો કાચરો પત્થર ઘણાક ખડકના થરોમાંથી નિકળે છે તેનાં ઘંટીપડ બને છે. બાંધવાના પત્થર બહુ છે પણ ટ્રેપ ઝાઝો વપરાતો નથી. ઉત્તમ જાતના પત્થર કેટલાક તે નીચલા જારાસકમાંથી ને ઉપલા ટેરશીઅરીમાંથી નિકળે છે. રણના ટાપુઓની ડુંગરીનો રાતો કે પીળો કાલકેરીઅસ ખડક જે ભાંગેલાં છીપ

શંખલાંનો બન્યો છે તેની પાતળી શીલા તે ડોકાવાન આરસ કહેવાય છે; મોગલ બાદશાહ તરેહ-તરેહના રંગના પત્થરની રચના કરાવતા તેમાં તે બહુ વપરાતો.

ઝાડમાં વડ, પીપળો, લીમડો, આમલી, મહુડો, રાયણ, જાંબુડો, આંબો અને બાવળ ઘણું કરીને સર્વત્ર છે. બોરડી ને સીતાફળી પણ ઘણેક ઠેકાણે છે. તાડ તથા ખજૂરી માત્ર સૂરત જિલ્લામાં તથા ભરૂચના અંકલેશ્વર તાલુકામાં છે.[1] જંગલના ઝાડ સાગ, ટનછ, ખેર, સીસમ, વાંસ, ખાખરો, આસંદરો, આસોપાલવ, ઉંબરડો વગેરે તે પંચમહાલ, રેવાકાંઠા, મહીકાંઠા અહીં ને ગિરનાર ઉપર છે, અનેક જાતની ઔષધીઓ સાથે.

સૂરત જિલ્લામાં ઘણી ઉપજ થાય તેવું કોઈ મોટું રાન નથી. દક્ષિણના તાલુકામાં થોડીક ડુંગરી ને પાર નદીના કાંઠાને લગતી થોડીક જમીન ત્યાં સાગની ઝાડી છે. અંબિકા નદીના કાંઠાઉપર ચીખલી તાલુકાના ગણદેવા, સેગિયા ને ચિતાલી એ ગામોની પાસે ૮૦૯ એકર જમીન રાન દાખલ રાખવામાં આવી છે તેમાં સાગ કેટલોક કુદરતી છે ને બીજો વધારે રોપવામાં આવ્યો છે. માંડવી પ્રગણાના પૂર્વ તથા ઉત્તરપૂર્વ ભાગમાં સાગ તથા બીજાં રાની ઝાડ છે ત્યાં સાઢી છેંતાળીશ ચોરસ મૈલ જેટલી જમીન સાત કિત્તામાં અલાહેદી રાખવામાં આવી છે.

ભરૂચ જિલ્લામાં જંગલ નથી. એકર ૧૬૧ નો એક કિત્તો બાવળને માટે અમણા રાખ્યો છે. નર્મદાના મુખની હદપર આવેલી રેતીની ટેકરીઉપર તાડ તથા ખજૂરી વારે વારે જોવામાં આવે છે. કાળા ભાંઠમાં થોડાં તથા ઢિંગરાવલાં પણ ગોરાટમાં બહુ ઝાડ વડગુંદી, સમડી, કરંજ વગેરે ને અંકલેશ્વર તાલુકામાં સાગ, ટનછ, ખેર એ છે. કબીરવડ એ શુકલતીર્થની પાસે એક બેટ ઉપર છે. સને ૧૭૭૬-૮૩ માં તેને ૩૫૦ મોટી ને ૩૦૦૦ નાની ડાળી હતી. તેનો પરિઘ મોટી ડાળીઓની હદ રાખતાં ૨૦૦૦ ફૂટ હતો ને કેહવાયછે કે એક ફોજના ૭ હજાર માણસ ત્યાં રહ્યાં હતાં. ૧૮૧૯ માં તેનું વર્ણન કરવામાં આવેલું કે "તેના ઊંચા મહેરાબ તથા થંભ, તેની અગણિત મૂળીઓ, જે જમીનઉપર ઝાડ છે તેનો વિસ્તાર ને તેનાં અતિમોટાં ડાળાં એ જોતાં ઝાડ ઘણુંજ જૂનું જણાયું; ને જેમ ગોથિક દેવળ જોયાથી તેમ તે વડને જોઇ હું વિસ્મિત થયો. તે ૩-૪ એકર જમીનને ઢાંકે છે ને ખીચોખીચ ભરાયલાં લીલાં પાતરાં જોતાં તે હજી જુવાનીનાં જોરમાં છે; તેની ડાળી એટલી ઉંચી છે કે ઘણા મૈલ દૂરથી બેટના છેડા ઉપર તે મોટી ટેકરી હોય તેમ બહાર પડી દેખાય છે; પૂર્વ તરફ નદી છે; પશ્ચિમે તથા દક્ષિણે રેતીના ઢગનો પટો છે

---

૧. સૂ૦જિ૦માં તાડખજૂરીના ઝાડની સંખ્યા ૧૨,૪૩,૭૧૧ તેમાં ૪૭,૮૧૦ તાડ ને ૧૧,૯૫,૯૦૧ ખજૂરી એટલાનો સુમાર ૧૮૬૮ માં કાઢવામાં આવ્યો હતો. છેદેલા તાડ ૧૬,૭૩૯ ને છેદેલી ખજૂરી ૪,૮૯,૩૯૫. ભ૦જિ૦માં ૩૯,૪૦૦ તાડખજૂરી તેમાં ૧૫૦૦૦ છેદેલાં.

કે જે માટે જુવાળે ઢંકાઇ જાય છે; ઉત્તરે તે બેટ ત્રણ મૈલ લાંબો જાય છે ને તેની પોચી રેતાળ ભાંયમાં તેને લાયકના સઘળા પાક થાય છે. મોટી રેલમાં બેટ ડૂબી જાય છે ને ત્યાં જે થોડા માણસો રહેછે તે ડાળીઓ ઉપર ચઢી બેસે છે.” ૧૮૧૯ પછી રેલ, તોફાન ને ઘરડપણ એથી ઝાડને નુકસાન લાગ્યું છે; મૂળ થડની નિશાની જણાતી નથી. કબીરનું એક નાનું દહેરૂં છે ત્યાં પહેલું થડ હતું એમ કહેવાય છે; ને તેની આસપાસ વિટલાયલા નાના વડ હતા ત્યાં હાલ આંબા, સીતાફળી ને બીજાં ઝાડઝાડવાં છે.

ખેડા જિલ્લો ઝાડથી ભરપૂર છે પણ તેમાં રાન નથી. ઝાડ એકેકું કે નાના જથામાં હોય છે. ઉત્તરમાં મહુડો ને દક્ષિણમાં આંબો વધારે છે. ઘણી કેરી વડોદરે, અમદાવાદ ને કાઠિયાવાડ જાયછે. સીતાફળી, રાયણ, કણજ, કરંજ એપણ અહીં તહીં બધે છે.

પંચમહાલ પૂર્વ તરફના ભાગમાં ખુલ્લો પણ બીજા ભાગમાં સારીપેઠે ઝાડવાળો છે. ઘણા એડાયલા પશ્ચિમ તાલુકામાં ખેતરનાં મોટાં ઝાડની હાર આવી રહેલી છે ને મધ્યભાગમાં ઝાડથી ભરેલી ભૂમિ તથા રાન છે. પશ્ચિમમાં જે ઝાડ ખેતરોને સુંદર ઉપવન જેવો દેખાવ આપે છે તે આંબો, મહુડો, આમલી, રાયણ ને વડ છે. મહુડો ખરેખર ભવ્ય છે; વર્ષમાં કેટલાક મહિના તેનાં ફૂલફળ ઉપર ગરીબગરબાં ગુજરાન કરે છે; ને લાકડું પણ બહુ સારૂં છે. બીચોબીચ ભરેલાં નાનાં પાતરાંનું મોટું ઝાડ જૂથમાં ઉગતું રાયણનું તે છાંયડો આપવામાં સર્વોપરિ છે; ફળ ખવાય છે; લાકડાંની ઘાણી તથા ગાડાંનાં પૈડાં બને છે, પણ ઝાડ ફળનું હોવાથી તે થોડું કાપવામાં આવેછે. પીપળી તથા ઊંબરડો (ગુલર) છે ને ઉંબરડાના ફળ ભીલ કોળી ખાય છે. રાની ઝાડમાં મહુડો, સાગ ને ખાખરો પુષ્કળ છે. સાગ માલવણુંવિના બીજે ઠેકાણે બહુ મોટા થતા નથી; તેનાં લાકડાનાં ભારઠિયા, સાકટા, વળી એ બને છે. ખાખરો ઊનાળાની શરૂઆતમાં પોતાના ફૂલના ગુચ્છાથી રાનને સુશોભિત કરેછે; ફૂલ આવેછે કે પાતરાં ખરી પડેછે ને મથાળું તથા બહારની ડાળીઓ લાલચોળ ફૂલ—કેસૂડાના ગુચ્છાથી ભરાઇ રહેછે; તેનો ગુંદર નાયકડા એકઠો કરેછે; મૂળીનાં દોરડાં બનેછે ને લાકડું બાળવાના કામમાં આવેછે. સીસમ ઘણું નહિ પણ હાલોલ, દાહોદ ને ઝાલોદમાં છે. કિંમતી ટણછ તે પણ ઝાઝું નથી. સાદડો ઘણો છે પણ મોટાં ઝાડ કાપીનાખવામાં આવેલાં તેથી હાલ નાનો છે. બીઅનાને ચારણ ભરવાડ વારેવારે કાપેછે કે તેના પાતરાં ઢોર ખાય; લાકડું સારૂં છે. મોકનું લાકડું ખરાદી વાપરેછે ને તેનાં ગાડાંનાં પૈડાં બને છે. કસુંબ જેને કેસરવારી મધ્યમાં નાનાં ધોળાં ફૂલ આવેછે તે થોડુંક છે; તેનું ફળ ખાવામાં ને તેલ કાઢવામાં આવે છે; તેનાં કઠણ લાકડાંની ગાડાંની ધરીઓ ને ખેતીના ઓજાર બને છે તેથી તે નાના હોય છે તોપણ કાપીનાખવામાં આવે છે. રોહેણ મોટું ઝાડ છે ને ઘણું છે પણ લાકડું બહુ ભારી હોવાથી તે ઘણું વપરાતું નથી. ધાવડાનું લાકડું બાળવાને ને હોળ બનાવવાને કામનું છે.

અંડાકૃતિનાં પહોળાં પાતરાં, લીલાસ મારતાં ધોળાં નાનાં ફૂલ ને કઠ્ઠણ ફળનાં ચારોળીનાં ઝાડ તેપણ થોડાંક છે. બીડાનું મોટું ઝાડ ઘણું છે ને તેનું ફળ ચામડા કમાવવાના કામમાં આવે-છે. ગૂગળનાં ઝાડ ઘણાં ને શોભીતાં છે; ધૂપનો ગુંદર આપે છે ને લાકડું બાળવાને તથા થાળી કરવાને. બેલના લાકડાંની ઘાણી થાય છે. કોઠીનું ઝાડ પોતાની ઢળતી ડાળી તથા ભરેલી નાની પાતરીથી શોભીતું છે ને તેનાં ફળ–કોઠ ખવાય છે. ધોળી તથા કાળી સરસ થાય છે. બાવળ રોપેલો તેજ ને ખેર ઘણો પણ મોટો નહિ. સમડો, કરંજ, અડુસો, શીમર; શમલો, કદંબ, કલેડી, ટીંબરણી, ટીમરૂ, નેતરસિંગ, અલેડી, આસોપાલવ, આસંદરો, વાંસ વગેરે છે. સીધાં ઉગનારાં નાનાં ઝાડ ઓંકલા, સીતાફળ, કાલંબર, કડો, આવળ, નીલ, કાચકી, ચિલારી, બોરડી વગેરે છે; ને વેલામાં કવચ, ગવરીઆ, ગુરજ, તનમનિયા, બોકા રાનગુરાઇ, દિલોરી વગેરે છે. પાણીમાં કે પાણીનીપાસે થતાં તે ગુલાબી કે ધોળાં કે રાતાં કે નીલાં કમળ છે; સિંગોડી થાય છે. વળી કાદવની જગામાં ને સૂકીમાં પણ ઘણીક વનસ્પતિયો ઉગે છે.

સને ૧૮૬૦ સુધી પંચમહાલના રાનની પેદાશની માગણી નહોતી; સાગવિના બીજાં બધાં લાકડાં મફત લેઈજવાદેવામાં આવતાં. ૧૮૬૧ માં રેલવે બંધાયાથી લાકડાંની કિંમત વધી-અને કંટ્રાટ લેનારો રાનમાંથી એકલાખ સલેપાટ લેઈગયો. ૧૮૬૩ થી સરકારે તે ગનોની સંભા-ળને વાસ્તે મહિને રૂ. ૯૦ નો ખરચ રાખ્યો ને ૧૮૭૦ થી તે વધારયો. ૧૮૭૮ માં એક ઉપરી યૂરોપીઅન આફીસર ને ૭ જાયુના તથા ૭૦ હંગામી એટલાનું એસ્ટાબ્લિશમેંટ છે. એ વર્ષમાં કાલોલ તાલુકામાં ૧૦૦ ચોરસ મૈલ જેટલી જમીન રાનને માટે કાયમ રાખવાની સરકારે મંજૂરી આપી અને બીજી વધારાની જગા શોધાય છે. પાછલાં વર્ષોમાં રાનોની ઉપજ એટલી જૂજ હતી કે તે પરચૂરણ ખાતે સાયરમાં લખાતી. ૧૮૭૭ માં ઉપજ રૂ. ૨૫૧૯૦) ની તેમાંથી ખરચ રૂ. ૧૩૯૪૦) બાદકરતાં રૂ ૧૧૨૫૦) વધ્યાહતા. એ વર્ષમાં ૯૮૫૭ ટન લક્કડ ને ૪૬૯૨ ટન બાળવાનાં લાકડાં પાલીને રસ્તે જિલ્લાબહાર ગયાં. ગોધરા લક્કડના ધંધાનું મથક છે ને વેપારીઓ સુંની વહોરા છે. મહુડું બહારગામ બહુ જાય છે; મધ, લાખ, ગુંદર બહુ નહિં પણ અલેદીની પીળી છાલ રંગના કામની એ બહાર જાય છે. કોળી ભીલ રાનમાં કામ કરે છે પણ ખરૂં કામ કરનારા નાયકડા છે.

અમદાવાદ જિલ્લો જંગલ ન હોવાથી લક્કડ વગરનો છે. માત્ર સાણંદ, દસક્રોઇ ને ધોળકા અહીં આંબો, રાયણ, મહુડો એ મોટાં ઝાડ એકલાં કે જથામાં હોય છે; પરાંતીજમાં કેટલેક ઠેકાણે ઝાડી છે; અને મોડાસાની ટેકરીઓઉપર ઉતરની જાતના સાગની વળીઓ તથા વાંસ થાય છે. એ પેદાશ અમદાવાદ શહેરમાંજ ખપી જાય છે. મોડાસાના ઘણાંક જંગલી છોડવા તથા ઝાડ ખાવામાં, ઓસડમાં, રંગમાં, ને ચામડું નરમ કરવાના કામમાં આવે છે. ખેર તથા બાવળનો ગુંદર ભીલ એકઠો કરી અનાજ કે પૈસાને માટે વેચે છે ને ગરીબ લોક ખાય છે. બીજી

જાતના ગુંદર સોની ને રંગારા વાપરે છે તે બીજે ગામ જાય છે. પીપળો, બોળ એ ઝાડની લાખ સોનીઓ હાથીદાંતને રાતો રંગદેવામાં વાપરે છે. ઉત્તરપૂર્વ તરફ મહુડો ઘણો છે; તેનાં ફૂલ અનાજ સાથે રાંધેલાં ને દોડી નામના વેલાના પાતરાં એ ભીલો સ્વાદથી ખાય છે. ડોળિયું તેલ કપડવંજ પ્રાંતીજ સાબૂને વાસ્તે મોકલવામાં આવે છે. વઢવાણનો રેલવે થયાથી અમદાવાદની કેરીઓ ઘણીક બહારગામ જાય છે.

રેવાકાંઠાનો મોટો ભાગ તે રાનનો છે. છોટા ઉદેપુર તથા બારિયાના તાલુકામાં મહુડું ઘણુંજ થાય છે; લાકડું ઘર બાંધવાનાં તે ફૂલ ખાવાનાં કામમાં આવે છે; બીજમાંથી ડોળિયું તેલ કાઢેછે. સીસમ થોડું ને સાગ ઘણો પણ એ પંચમહાલના જેવોજ છે. બહેડો રંગમાં ને ઓસડમાં વપરાય છે. ટીમરૂનું ફળ અફીણની અસર ઓછી કરે છે ને લાકડું પેટી બનાવવાનાં કામમાં આવે છે. બીલી શિવને ચઢે છે; ફળ-બીલામાં તપખીર રાખવામાં આવે છે; એ કાચું ફળ મરડો તથા અતિસારમાં ઓસડદાખલ અપાય છે. અલરદીના પાતરાં ઢોર ખાય છે. ખેરના લાકડાં બાળવાનાં ને કાથો બનાવવાના કામમાં ને તેમાંહેનો સફેત ભુકો ખેરસાલ તે ઓસડમાં વપરાય છે. કલેડીના લાકડાની થાળો દાથડીઓ બને છે. કદંબ કૃષ્ણને પ્રિયછે ને ઘર બાંધવાના કામમાં આવે છે. સમડી દસેરાએ પૂજાય છે ને મોહેનાનાં લાકડાં બાળવામાં આવે છે. ટણુછના પૈડાં બનેછે ને રોહેણની તૂરી છાલમાંથી રાતો રંગ નિકળે છે; વળી છાલ એકાંતરા તાવમાં આપવામાં આવે છે. કડો એના બીજ તે ઇંદ્રજવ ને ફૂલ તે કઢીમાં નખાય છે. સેવણના લાકડાંનો સામાન બને છે. સાંમળાનાં લાકડાંના હોડકાં; અને ફળમાં બી સાથે સુંવાળું રૂ હોય છે તે સામેરનું એ નામે ઓસીસાં ગાલમસુરિયામાં ભરવામાં આવે છે; વળી ગુંદર જે કમરકસ કહેવાય છે તેનો ભૂકો દૂધ સાથે ધાતુપુષ્ટામાં અપાય છે. પિલવુનાં ફળ તીખાં પણ સુગંધ આપે છે ને તાવઉપર અપાય છે. રોહેડાને માટે દેશી વૈદ્યો કહે છે કે પેટમાંની લોહીની ગાંઠ સારી કરે છે. એ જાતના ઝાડની રાજપીપળાનો રાજા બહુ સંભાળ રખાવે છે. અગથિયાનાં ફૂલ ખાવાના ને છાલ તાવઉપર કામમાં આવે છે. સાદડો, ખાખરો, ધાવડો, વાંસ, વડ, પીપળો, લીમડો, આંબો, આમલી, બોરડી, આરોળી, સમડી, અરીઠી, કોઠી, તાડ, ખજૂરા વગેરે છે. ઓષધીમાં ગોરખ આમલી, કરિયાતુ, સમુદ્રશોક, શતાવરસી, ગોખરૂ, એરંડ કાકડી, ગરમાળો, ઇંદ્રક, ધોળો આકડો, મુસળી, અમરવેલ, નાગરમોથ, જંગલી સૂરણ, કાલુગંઢી, થોર, પીતપાપડો સાગરગોટો, બ્રાહ્મી, અરુસો, ભુંઇચંપો, તુંબડી, ભુંઇઆમળાઈ, ઇસપગોળ, લાલચિત્રક, બાવચી, ગજકરણ, મેંડાવલી, ગુલવેલ, કાળીજીરી, નગોડ, ધાવડી, માલકાંકણી, હંસરાજ, બલબીજ, કોલીજન, ગની, પેયણુ, રામતુળસી, નિરગુંડી, ચેરાણુ એ છે અને કલમ ઘડવાના બરૂ. રાન રાખી મૂકેલાં બે જાતના છે; સરકારી ને માલવણ (પવિત્ર ગામોના). સરકારને જરૂર પડે કે આગરેલથી ગામોને નુકસાન થયું હોય ત્યારેજ લોક તે ઝાડ કાપે છે બાકી નહિ. માલ-

વણ પણ એ રીતનાં છે; કેટલાંક ઘણી જરૂરવિના કદી કાપવામાં આવતાં નથી અને કેટલાંક તીસ તીસ વર્ષને આંતરે કાપવામાં આવે છે. બારિયાના રાનમાં ઉંચી જાતનું ઘણું લક્કડ હતું પણ ખપ વધવાથી તથા પંચમહાલના ઝાડને રાખી મૂકવામાં આવે છે તેથી ઘણાક ઝાડ કાપી નાખવામાં આવ્યાં છે અને હવે પવિત્ર ઝાડોવિના બીજા મોટાં ઝાડ નથી. પૂર્વમાં સાગબારાની ડુંગરી સિવાયે રાજપીપળાની ડુંગરીઓનું લક્કડ સાગ, ખેર, સીસમ, સાદર, મહુડું એ છે; વાંસ સારે નથી.[1]

મહીકાંઠામાં મહુડો, આંબો, રાયણ, વડ, આસોપાલવ, ખાખરો, જાંબુડો, લીમડો ને સાગ છે. ઉપજ આપનારાં રાન નથી. ડુંગરીઓ ઉપર વાંસ, સાગ ને ઝાડવાં છે. ઇડરના મહારાજે થોડાક સાગ રાખી મુકાવ્યાં છે તેવિના બીજા ઘણા નથી. રાનની મોટી ઉપજમાં ગુંદર ને મધ છે.

પાલણપુરમાં ફળ આપતાં ઝાડ બીલી, મહુડો, ટીમરૂં, આમલી, જાંબુડો, કોઠી, આંબો આમલી, રાયણ, બોરડી એ છે. લક્કડ આપનારાં બાવળ, સીસમ, ખિજડો, સાદડો એ છે. છાંયડો આપનારાં અરડુસો, લીમડો, ગુંદી, ઉંબરડો, વડ, પીપળો, કરંજ, કડાઇ એ છે. ફૂલ આવતાં તેવાં તે ગરમાળો, સીમળો, ગાગ્રિયોખાખરો, ચંપો, બોરસળી ને અલરી. બીજાં ઝાડ ખેર, હોરમો, એકલકાંટો, સિંગોડિયા, કચનાર, આસંદરો, રેવડો, સાલાર, ધામણ, સરગવો, કદંબ, મરડાસિંગ, જલાર પિલવુ, અરીઠી, રોહેણ, અંબાડો, દુદલો, બેહેડો, બંગાળી બદામ, સારસલીપળો વગેરે છે. ઉત્તર ને ઉત્તરપૂર્વમાં મોટાં રાન છે તે અમણાં તો થોડીક કિંમતના છે પણ સંભાળ રાખેથી ઘણાં કિમતી થાય તેવાં છે. ભીલકોળીઓ મધ, ગુંદર, ને ગરમાળાની સીંગ એ એકઠાં કરી વાણિયા કે મેમણને વેચે છે. એ રાનોમાં ઘણાક ઢોર ચરે છે ને બનાસની ખિડમાં તો તેથીએ વધતાં. જાસોરની ડુંગરીઉપર કેટલેક ઠેકાણે વાંસ બહુ સારા થાય છે.

કઠિયાવાડમાં આગળ મોટાં ભારે રાન હતાં પણ હાલ ગિરનારનાં તથા બરડાનાં સિવાયે બીજાં રાન નથી. ગિરનું રાન ૬૦ મૈલ લાંબું ને ૩૦ મૈલ જેટલું પોહોળું છે. બરડાની ડુંગરીનો ભાગ નવાનગર તાબાનો તે ઘણી ઝાડીનો ને પોરબંદરની હદમાંનો તે ઝાડવિનાનો છે. એક નાનું રાન ભાવનગર તાબાના સિહોરની ડુંગરીનું છે; તેની સારી સંભાળ રાખવામાં આવે છે. ગિરનારનું તે હજી પણ ઉત્તમ રાન છે. કિમતી લક્કડાનાં ઝાડ ઉગાડવાને પ્રાંતમાં કિત્તા રાખવામાં આવતા નથી. હાલમાં ભાવનગરનાં રાજ્યે સાગ, બાવળ, નાળિયેરી વગેરે કેટલાંક ઝાડ રોપાવ્યાં

---

૧ રાજસ્થાન વાંસદામાં સાગ, સીસમ, હલદવાન, ટણછ,સાદડો, બીબો, કદંબ, ખેર, મહુડો, હસન, ટીમરૂ, કાંટી, વાજરી, ને કગડોળી એ ઝાડ છે; પણ હલદવાન તથા સાદડો એ કિમતી છે ને બીજા બધાં સાધારણ. ધરમપુરમાં સાગ, સીસમ એ થોડાં છે પણ હલદવાન તથા સાદડો એનું જતન થાય છે.

B 524—e

છે; આંબા (મુંબઇની કલમ) મહુવામાં વાવેલા તેની કેરી ઘણી સારી છે. જૂનાગઢના મહાલોમાં દેશી આંબા છે ને કેટલાએક પાંચમે વર્ષે ફળે છે; માલીઆ, વંથલી ને જૂનાગઢની કેરી વખણાય છે. નાળિએરી નવાનગર, પોરબંદર ને જૂનાગઢના કાંઠાના ભાગમાં ઉગે છે પણ તેની રોપણીને માટે વાડીઓ તો માત્ર ભાવનગરના મહાલોમાં તથા થોડીક નવાનગરમાં છે તે સિવાયે બીજે કેથે નથી.[1] ખજૂરી નદીઓના ભાઠામાં ઉગે છે.[2]

કચ્છમાં રાન નથી ને ઝાડ પણ થોડાં છે. લીમડો, પીપળો, બાવળ એ ગામોની પાસે ઉગે છે; આમલી ને વડ કોક ઠેકાણે હોય છે. થોડાક આંબા છે અને કાંઠા ઉપર કેટલેક ઠેકાણે નાળીએરીને માવજતથી ઉછેરવામાં આવે છે. ખારકિયા કહેવાય છે તે ઝાડ ઘણું છે પણ ખજૂર આરબસ્તાનના કર્તાં ઘણું ઉતરતું છે. માદાખજૂરીઉપર નરખજૂરીનાં ફળનો ભૂકો ભભરાવવાથી માદા ફળે છે. છોડ રોપા ઘણા છે.

ઢોરમાં બળદ, ગાય, ભેંસ, ઘેટાં, બકરાં, ગધેડાં એ સર્વત્ર થાય છે અને ઘોડા, ઊંટ અમદાવાદ, મહીકાંઠા, પાલણપુર, કાઠિયાવાડ ને કચ્છમાં. બળદ ખેડા જિલ્લાના તથા પાલણપુરના, ગાય ભેંસ ખેડા જિલ્લાની, પાલણપુરની ને કાઠિયાવાડની અને ઘોડા કાઠિયાવાડ તથા કચ્છના વખણાય છે. ઢોરસિવાય વસ્તીમાં રેહેનારાં બીજાં પશુ તે કુતરાં બીલાડાં છે.

સૂરત જિલ્લામાં ૧૮૭૫ ની ગણતરીએ ૧,૨૭,૭૧૧ બળદ તેમાં તળબદા તે મધ્યમ કદનો ને વિશેષે ખેતી કામમાં વપરાતા છે; કિંમત જોડીની રૂ. ૩૦ થી તે ૧૦૦ લગી છે. મોટા બળદ હેડિયા તે ઉત્તર ગૂજરાતના છે ને ગાડાંને જોડવામાં આવે છે; જોડીની કિંમત રૂ. ૧૨૦ થી તે ૨૦૦ લગીની હોય છે. તળબદા જો કે હેડિયા જેવા જબરા નથી તોપણ તે વધારે વર્ષ ચાલે છે,—હેડિયો ૧૦ ને તળબદો ૧૫ વર્ષ જીવે છે. વળી નાના બળદ ત્રણ ફૂટ ઊંચા તે હલકી સવારીની ગાડીમાં જોડાય છે; એ ગેણું એવાં તો કઠણ હાડનાં ને ઊતાવળી ચાલનાં હોય છે કે થોડેક લગી તો એ ઘોડાની ગાડીને પણ આગળ જવા દેતાં નથી. ગાય, ભેંસ ચોર્‍યાસી, ઓરપાડ ને જલાલપુરની વખણાય છે; ગાય સફાઇદાર, દેખાવડી ને ભેંસ બહુ દૂધ દેતી છે;

---

૧ મહુવામાં ૧૫૦૦ એકર જમીનમાં ૧,૭૦,૦૦૦ નાળિએરીની રોપણી ૧૮૭૫ માં કરેલી તેમાંથી ૧૮૮૦ માં ૧૭૦ ફળી છે, ખંડેરામાં ૭૦૦૦ તેમાંથી ૫૦ ફળી છે; નાળિએરી સારી જગોમાં પાંચ વર્ષે ફળે છે. ચૂનાપત્થરની ખડકાળી જમીનમાં ત્રણ ફૂટ વ્યાસનું ને સાઢાત્રણ ફૂટ ઊંડું બાકોરૂં કરી તેમાં રોપણી કરી હોય તો સારી વધે છે; ગોપનાથમાં તેમજ છે.

૨ રાજકોટથી ૨૪ મૈલ ઉપર સનોસરાછે ત્યાં ૫૦ હજાર ખજૂરી છે જેને વાસ્તે વર્ષે રૂ. ૩૦૦ ભાડું જમીનના માલીકને આપવામાં આવે છે.

સારી ગાયની કિંમત ૨૦ થી ૩૦ ને સારી ભેંસની ૬૦ થી ૭૦ રૂપીઆ થાય છે. કેટલાક ગામના પટેલ તથા જમીનદાર ઘોડા રાખે છે ને સૂરત શહેરમાં ઘોડાગાડી બહુ છે તે સિવાય જિલ્લામાં ઘોડા નથી.

ભરૂચ જિલ્લામાં તળબદા બળદ સારા નથી ને સારા તે નડિયાદ, બોરસદ કે આણંદના છે. રાધનપુરના બળદ તે વહોરા ખેડુત રૂ. ૪૦૦ લગી જોડીના આપી રાખે છે. સારી ગાય તે કાઠિયાવાડથી ને સારી ભેંસ તે ચરોતરથી આણેલી હોય છે. ઘોડા તે ગરાસિયા ને થોડાક ગામપટેલ રાખે છે, બાકી ઘણાક તો ટટ્ટુ જ છે-

ખેડા જિલ્લામાં ૧૮૭૬-૭૭ ની ગણતરીએ ૧,૨૮.૨૪૭ બળદ હતા. સારામાં સારામાંના થોડા જે કેટલાક કણબી ખેડુત વાપરે છે તે કાઠિયાવાડ તથા કાંકરેજના છે ને જોડીની કિંમત રૂ ૧૫૦ થી ૩૦૦ ની છે. તળબદા મોટા નડિયાદ તાલુકાના ભાલજ વગેરે ગામના બહુ વખણાય છે. ગરીબ ખેડુતો નાના પાતળા ને ઓછી કિંમતના વાપરે છે; તે રૂ. ૩૦ થી તે ૧૦૦ લગી જોડી હોય છે. થાસરા તથા કપડવંજ સિવાયે જિલ્લાના બળદ મોટા ને સારા છે. ગાય ૪૯,૨૬૪ ને ભેંસ ૧,૮૦,૨૨૩ છે; ગાયની કિંમત ૨૦થી ૫૦ ને ભેંસની ૩૦ થી ૮૦ થાય છે. દૂજણી ભેંસ ઘણીએક સૂરત મુંબઇ મોકલવામાં આવે છે. ઘેટાં બકરાં, માતર થાસરા કપડવંજ એ પરગણામાં બહુ છે; રબારી વર્ષમાં બે વાર નવેંબરમાં ને માર્ચમાં ઊન કાતરે છે પણ ઊનના ઉપર ઝાઝી દરકાર રાખતા નથી; થોડુંક કામળીઓને માટે રાખી તેઓ વેપારીઓને વેચી દે છે. સારી ઘેટીની કિંમત ૪ રૂપીઆ છે. ઘેટાંબોકડાંની મોટી સંખ્યા મુંબઇ વેચાવા જાય છે. ઘોડા જિલ્લામાં ૨૩૬૬ છે પણ તે ઘણાખરા ટટ્ટુ જ ને ૨૦ થી તે ૧૦૦ રૂપીઆની કિંમતના. સારા ઘોડા કચ્છ કાઠિયાવાડથી આવે છે. એક સરકારી વાળી ઘોડો ખેડામાં રાખવામાં આવ્યો છે તેને ૧૮૭૬-૭૭ માં ૩૩ ઘોડી દેખાડવામાં આવી હતી. ઊંટ જિલ્લામાં થતાં નથી પણ સૂકી રતમાં મારવાડ ને કાઠિયાવાડથી રજપૂત તથા રબારીઓ જિલ્લામાં ચરાવવાને આણે છે; ૧૦૦ ઊંટની ચરાઈમાં સરકાર એક નાનું ઊંટ લે છે ને પછી એને વેચી કિંમત ઉપજખાતે જમે કરે છે. ગધેડાંમાં જે કાઠિયાવાડના હાલારના છે તે મોટાં ને ધોળાં હોય છે; કાળાની કિંમત ૩ થી ૭ ની ને ધોળાની ૧૦ થી ૧૨ ની. પચાસ વર્ષ ઉપર ચરોતરનાં ગામડામાં ભૂંડ ઘણાં હતાં ને તે તંબાકુ વિના બીજા બધા પાકને બહુ નુકસાન કરતાં; એથી અકળાઇને પૈસાદાર લોકે વાઘરીઓપાસે પકડાવી ગાડાંમાં ભરાવી ગામોની હદબહાર છૂટાં મેહેલી દીધાં; હજીએ ઘણાં છે પણ હવે નુકસાન કરતાં નથી.

પંચમહાલના બળદ ખેડા તથા વડોદરાના બળદના મુકાબલામાં ગરીબ, નાના ને દુબળા છે, પણ સખતજાત હોવાથી થોડું ખાઈ ઘણું કામ કરે છે; જોડીની કિંમત રૂ. ૩૦ થી ૫૦ ની.

ગોધરાના ઘાંચીના બળદ તે બીજા તળબદાથી બહુ સારા છે પણ એડાના મોટાથી ઉતરતા-ત્રણ ચાર જોડ હોય તો ૪૦ બંગાલી મણનું ગાડું દરરોજ બાર મૈલ ખેંચે; જોડી ૫૦ થી ૧૦૦ ની મળે છે. ગાય દુબળી છે ને ભેંસમાં કેટલીક સારી જાતની ને ઠીક ભરાવ છે. ઘેટાં પશ્ચિમ ભાગમાં સારા બાંધાનાં માંસાળ છે ને ઊનપણ ઘટ સારૂં છે; ઘેટાં બોકડાંનો પાક વધારનારા રબારી, ભરવાડ ને કમાલિયા છે. ઊંટને મારવાડીઓ નવેંબરમાં લાવી જૂનસૂધી ચરાવે છે ને બે ઊંટ ચરાઈમાં આપે છે.

અમદાવાદ જિલ્લામાં ૧૮૭૬-૭૭ ની ગણતરી ૧,૪૮,૩૯૯ બળદ દેખાડે છે. ઘણા સારા તે કાઠિયાવાડથી તથા પાલણપુરના કાંકરેજથી આણેલા; કિંમત જોડીની રૂ. ૧૫૦ થી ૩૦૦ ની દસક્રોઇ, ધોળકા ને ધંધુકાના કણબી તથા વહોરા એડુતો આપે છે. જિલ્લાના બીજા ભાગનાં ને વિશેષે મોડાસાનાં ઢોર નાનાં તથા દુબળાં છે. ગોધ્રાના બળદ નાના તથા દુબળા છે પણ ભાર ખેંચવામાં મોટા બળદની શક્તિ રાખે છે. ગાય ધંધુકાની વખણાય છે; તે રોજ આઠ શેર દૂધ આપે છે. ઘોડાની સંખ્યા ૬૮૦૪ છે ને તે મોટા તાલુકદાર, સારી સ્થિતિના એડુત ને શહેરના લોક રાખે છે. કાઠી, કાબૂલી, સિંધી, કચ્છી ને આરબી ઘોડાની ઓલાદ અમદાવાદમાં કાબૂલી વેપારીઓ વધારે છે ને એ પેદાશ અમદાવાદ શહેરના સારી સ્થિતિના હિંદુ તથા મુસલમાન અને ધોળકા ધંધુકા વીરમગામના મોટા જમીનદારો ખરીદ કરે છે. એ દેશી ઘોડાની ઓલાદ વધારવાને સરકારે ખસૂસ તજવીજ રાખી છે; ૧૮૭૮ માં પૂરાં થતાં ૯ વર્ષમાં ૮ થી ૧૦ સૂધી વાળી ઘોડા જિલ્લામાં રાખ્યા છે ને તેઓને સરાસરી લેતાં વર્ષે વર્ષે ૨૨૮ ઘોડી દેખાડવામાં આવી છે. પેદાશ દેખાડવાને હરવર્ષે લોકનો મેળો કરવામાં આવે છે ને ત્યાં દહોડસોએક ઘોડાં હોય છે. ઊંટ દસક્રોઇ, વીરમગામ ને ધંધુકામાં રબારી રજપૂત ને સિંધીઓ ઉછેરે છે. જિલ્લાના ઊંટમાં નર તે ભાર ઊચકવાને ને માદા તે દૂધનેવાસ્તે કામ આવે છે. અમદાવાદનાં ઊંટ તે મારવાડના કર્તા ઉતરતાં છે. મારવાડની ને તેમાં થાલસાંઢણી જે રોજ ૪૫ મૈલની સહેલથી મજલ કાપે તે સિંધીયો રાખે છે; ધંધુકામાં ને વીરમગામમાં દરેક મોટા તાલુકદારને ત્યાં બે ત્રણ હોય છે; કિંમત ૨૦ થી તે ૩૦૦ ની થાય છે. ગધેડાં કાળાં ને ધોળાં છે; કિંમત રૂપીઆ ૨ થી તે ૨૦ ની.

મહીકાંઠાના બળદ કાંકરેજના કર્તા નાના ને ઓછા ભરાવના છે; કિંમત જોડીની ૧૬ થી ૨૦૦ ની. એડવામાં ને કોસમાં એક જોડ પણ ૩૦-૪૦ મણ ભારના ગાડાંને માટે બેચાર જોડ રાખવામાં આવે છે. ભાટ ને વણજારા પોઠી રાખે છે. ગાય રૂ. ૫ થી તે ૨૦ ની ને ભેંસ રૂ. ૨૦ થી ૬૦ ની. ઊંટ રૂપીઆ ૨૦ થી ૧૦૦ નાં રબારી ભરવાડ ઉછેરે છે ને તે સવારીના તથા ભારબરદારીના કામમાં આવે છે. ઘોડા રૂ. ૭૫ થી ૨૦૦ ના સવારીને માટે રજપૂતો ઉછેરેછે. ગધેડાંની કિંમત ૮ થી ૧૫ ની હોય છે.

પાલણપુર ઈલાકામાં કાંકરેજ, વાવ ને થરાડ તાલુકાના બળદ બીજા ભાગના કર્તા વધારે સારા છે અને આખા ગૂજરાતમાં તે શ્રીમંતના તબેલામાં જોવામાં આવે છે. તે સારા બાંધાના સારી ઉંચાઇના, જબરા, રંગે ધોળા ને દેખાવડા છે. પાળેલા સાંઢ ને આખલા એ બે જાતમાંથી વીણીલેઇ રબારીભરવાડ ઉછેરે છે. કઠણ ભાંયમાં એક જોડી ૩૦ મણનું ગાડું ખેંચે છે; રેતાળ ભાંયમાં ૨૦ મણનું ને વધારે ભારને માટે બે ત્રણ જોડી જોઇએ. સાંઢની કિંમત ૨૫ થી ૪૦ ને આખલાની ૨૦ થી ૩૦ પણ કેળવાયલી જોડી ૧૦૦ થી તે ૩૦૦ ની કિંમતે વેચાય છે. ગાય ત્રીજે કે ચોથે વર્ષે વેતરમાં આવે છે; સવારે ને સાંજે અઢીથી સાડા સાત શેર દૂધ આપે છે; ચૌદ કે પંદર વર્ષે દૂજતી બંધ થાય છે; કિંમત ૧૦ થી ૫૦ ની હોય છે; ખોળ, કપાસીયા, ગુવાર એ તેને ખવાડવામાં આવેછે ને રાખવાનો ખરચ મહિને ૫ થી તે ૧૦ નો છે. ભેંસ ચોથે કે પાંચમે વર્ષે વેતરમાં આવે છે; સવારે ને સાંજે ૫ થી તે ૧૨ા શેર દૂધ આપે છે; પંદર કે સોળ વર્ષે દૂજતી બંધ થાય છે; કિંમત ૩૦ થી ૧૦૦ ની હોય છે ને રાખે તેને ખરચ ૧૨ થી ૨૫ નો મહિને થાયછે. ઘેટાં ધોળાં તથા ધોળાંકાળાં રબારી રાખે છે. બકરી બે જાતની, નાની તે મઢીરી ને મોટી તે બકરી કહેવાય છે. ઊંટ, સિંધમાં થારમાં ને રજપૂતસ્થાનમાં બિકાનેરમાં થાયછે તેના કર્તાં ઉતરતાં છે; કિંમત ૩૦ થી ૧૦૦ ની; ઘોડા તે તાલુકદાર ને મોટા ખેડુતો ઉછેરે છે; કિંમત ૩૦ થી ૩૦૦ ની; તાલુકદાર ઘણું કરીને ઘોડીઓ ઉપરજ સવારી કરે છે; ખાસીકરેલો ઘોડો કોઇકે વખત જોવામાં આવેછે.

કાઠિયાવાડમાં ભેંસની ચાર મોટી જાત દેશાણ, સિંધાંણ, નાગલી ને ગુજર એ નામે ઓળખાય છે. દેશાણ ઉત્તમ તે ગિર તથા બર્ડાની છે; એ જાત ભાવનગરમાં છે તેણે ઘણાંક ઇનામ મેળવ્યાં છે; સારી દેશાણ સાંજસવાર મળીને દોઢમણ દૂધ આપે છે ને તે ઘણું સારૂં. બાકી જાત ઉતરતી છે ને દૂધ પણ ઓછું આપે છે. દેશાણ મોટા કદની ને શિંગડા આંખ ઉપર આવી રહ્યાં હોય છે; તે આફ્રિકાની ભેંસને મળતી આવે છે; કિંમત રૂ. ૭૦ થી તે ૧૦૦ ની હોય છે. ગાયની પણ ચાર જાત દેશાણ, વડીઆરી, માળવી ને બાંગરા તેમાં દેશાણ બહુ દૂધ દેતી ને વડીઆરી બહુ દેખાવડી છે. સારી દેશાણ સાંજસવાર મળી અધમણ ઉપર દૂધ દે છે; કિંમત રૂ. ૨૫ થી તે ૪૦ ની. બળદ વડીઆર, કાંકરેજ, વાગડ ને સિંધથી આવે છે તેમાં વડીઆરી ને કાંકરેજી વધારે સારા છે. દેશી તે મહેનત કરવે જબરા છે; માત્ર નાઘેર તથા કાંઠા તરફના તે નાના તથા ઉતરતા છે. હાથી રાજાઓ રાખેછે તેમાં સોથી સારા જૂનાગઢમાં છે. ઊંટની ઓલાદ ઓખા, નવાનગર, મચ્છુકાંઠો માગરોળ, ઊના, દેલવાડા ને મહુવા અહીં વધારવામાં આવે છે. ઊંટડીનું દૂધ વછેરાને, ઘોડાને અને રોગથી ચીઢિયાં થયલા માણસને પાવામાં આવે છે; સવારીની સાંઢણી ૧૫૦ રૂપીએ મળે છે. ઘોડા હિંદુસ્થાનમાં વખણાય છે. જૂના વખતથી આરબી ઘોડાનાં સંબંધમાં આવેથી દેશી ઓલાદ સારી થઇ હશે—બાદશાહી તબેલાને વાસ્તે આરબસ્તાનથી ઘોડા આવતા તે વેરાવળ બંદરે ઉત-

રતા ને અહીંથી દિલ્હી જતા.પાલીટાણા, ભાવનગર ને ગોંડળમાં વાળીઘોડા છે. ગધેડાં સારાં છે;હાલાર ને જાફરાવાદમાં ધોળાં થાય છે તે મોટાં ને જબરાં છે. ઘેટાંમાં સિંગડાંવાળી ને સિંગડાં વિનાની એમ બે જાત છે તેમાં સિંગડાવાળી વખણાય છે. ઊન વર્ષમાં બે વાર માર્ચમાં ને અક્ટોબરમાં કાતરી લેવામાં આવે છે; માર્ચમાં કાતરેલું ઘણુંજ કિમતી છે; ઊનના ધંધાનું મથક જોડિયામાં છે. ઘેટાંની ઓલાદ ધારવામાં આવે છે તે ખોરાકને વાસ્તે નહિ તેથી ભરવાડ ઊન તથા ઘી વેચી ગુજરાન કરે છે; ઘીમાં બકરાના દૂધનું ઘી ભેળે છે; સારી ઘેટી દહાડામાં આરેક શેર દૂધ દે છે; કિંમત રૂ. ૩ થી તે ૫ ને ઘેટાની ૨ થી ૩ છે; એક ઘેટાના ઊનની કિંમત રૂ૦ાા થી તે ૧) ને ચામડાંની રૂ૦। થી ૦ાા; ચામડું ઘણું કામમાં લેવાય છે. બકરી ઘણી ખરી કાળી, થોડીક બદામી રંગની ને કોઇ કોઇ સફેત છે; કાળી જાત સારી ગણાય છે; પૈસાદાર લોક સૂરતી બકરી રાખે છે; એ દહાડામાં છ શેર દૂધ દે છે ને કાઠિયાવાડી તે આરેક શેર; વળી દૂધ પણ સૂરતી બકરીનું વધારે કૌવત આપનારૂં ને વધારે મીઠું છે. બકરીનું દૂધ ઘેટીના દૂધથી ઉતરતું છે; ઘી કરવામાં પણ બકરાં મરી ગયા પછી તેના વાળના પાતળાં દોરડાં ને મજબૂત સૂતળી બનાવવામાં આવે છે. ઘેટાંબકરાંને ખેતરમાં રાખવામાં આવે છે, ખાતરને વાસ્તે; બકરીની કિંમત રૂ.૧ થી તે ૩ ને બકરાની ૧ થી તે ૧ાા; સૂરતી બકરીની રૂ. ૧૦ થી તે ૨૦ હોય છે.

કચ્છી ઘોડા ઘણા કાળથી વખણાતા આવેછે. તે ચોદથી કંઇક વધારે મૂઠ ઊંચા સારા બાંધાના, જોસ્સાવાળા, ચાલવામાં દેખાવડા, સફાઇવાળા, મોટાં હાડના, પાતળી લાંબી ડોકના, મોટાં માથાં તથા ગાલના, બહાર પડતાં ભવાંના, સારીપેઠે ચળકતી આંખના અને નાના કુમળા કાનના હોય છે. તેની મોટી ખોડમાં તેનો ખરાબ મિઝાજ, નળાના હાડકાની લંબાઇ ને બદસુરત ભારે ભવું એ છે. દરબારે પોતાની ઘોડીઓ દેખડાવવાને વાળી ઘોડા રાખ્યા છે. આગળ (૧૮૧૮) રજપૂત, મોલેસલામ, ગરાસિયા, સિંધી ને આહીર ખેડુત ઘોડાની ઓલાદ વધારતા; વછેરાને બકરાનું દૂધ બહુ આપતા. હાલમાં ઘોડાની કિંમત ઓછી થઇજવાથી ને દાણાચારાનો ભાવ વધીજવાથી ઓલાદ વધારવાનું કામ બંધ પડ્યું છે. આરબસ્તાન, ઇરાન ને આસ્ટ્રેલિયાના ઘોડા આવવા લાગ્યાથી કચ્છીની કિંમત ઘટી છે. શેકા ૧૭ માં (૧૬૧૭) કિંમત ૨૦૦૦ થી તે ૩૦૦૦ ની ને આ શેકાની શરૂઆતમાં(૧૮૧૮) ૨૦૦થી તે ૧૦૦૦ ની હતી; અમણાં ૧૦૦ થી તે ૫૦૦ ની છે. સાંઢણી પણ કચ્છની વખણાય છે; કિંમત રૂ. ૩૦ થી તે ૧૨૫ ની હોય છે. બળદ વાગડિયો રૂપીઆ ૧૦૦ થી તે ૨૫૦ નો, બનીઆઇ તે ૫૦ થી તે ૧૫૦ નો ને કચ્છી નાનો દુબળો પોઠી દાખલ વપરાતો તે ૨૫ થી ૧૨૫ લગીનો હોય છે. ગાયની કિંમત ૫ થી તે ૪૫ ને ભેંસની ૨૦ થી ૮૦ ની છે. બકરાં બે જાતનાં તેમાં હમીઆ તે દેશીકર્તાં વધારે સારાં; કિંમત ૧ થી ૪ ની; અને ઘેટાની ૨ થી ૫ ની. ગધેડાં બે જાતના કચ્છી તથા સિંધી તેને વધારનાર કુંભાર ને ઓડ છે; કિંમત ૫ થી ૪૦ ની.

રાની પશુમાં વાઘ, દીપડો, વરૂ, રીંછ, ભૂંડ એની સંખ્યા જો કે અણખેડાયલા ભાગ ખેડાયાથી ને યૂરોપીઅન લોકના શિકારથી ઘણી ઓછી થઈગઇ છે તોપણ હજી સારી છે. નાનાં તે તરસ, શિયાળ, લોકડી, પાણીની બિલાડી એ બધે છે. હરણજાતિમાં સાબર, બેકરી, ચીતલ, છિંકાર ને કલિયાર એ બહુ છે. વળી નીલગાય, સસલાં એપણ છે.

સૂરત જિલ્લામાં વાઘ હવે માત્ર માડવી પ્રગણામાં અને સરહદ ઉપર નદીઓનાં ભાઠામાં કોઇ કોઇ વાર વાંસદા તથા ધરમપુરના રાનમાંથી ભટકતા આવેલા તે હોય છે. દીપડો મોટો ૯ ફૂટનો ડુંગર વાસી ને નાનો ૭ ફૂટનો ખેતરવાસી; એ બકરાથી મોટાં પ્રાણીને કોઇ વારજ મારે છે. રીંછ માત્ર માડવી પ્રગણામાં દિવસે ખડક કે કોતરમાં ભરાઈ રહે છે ને રાતે ખેતરમાં આવી કંદમૂળ, ફળ, ઉધૈ ને મધ ખાઇ જાય છે; મુએલું રીંછ ૬ ફૂટ લાંબું ને ૨૫-૩૦ ઇંચ ઉંચાઈમાં હોય છે. રાની ભૂંડ માડવી પ્રગણાંમાં કોઇવાર જોવામાં આવે છે. લોકડી સિલેટના રંગની ને ખરબચડાવાળની ૨૪ ઇંચ લાંબી ને ૬-૮ ઇંચ ઊંચી હોય છે.. સાબર, ચીતલ, બેકરી (ચાર સિંગડાની) એ માડવી પ્રગણામાં થોડાંક છે ને કલિયાર જિલ્લામાં વધ્યાં જાય છે.

ભરૂચજિલ્લામાં ભૂંડ જંબુસર, આમોદ ને અંકલેશ્વર પ્રગણામાં. વરૂ જંબુસર પ્રગણાના દક્ષિણ પશ્ચિમ ભાગમાં બે કે ત્રણ ચારના જૂથમાં હોય છે; તે કલિયારનો શિકાર કરે છે; સાઠથી એંસીવાર જેટલે ગાડામાં જઇએ તો તે ખસતું નથી. કલિયાર જંબુસર, વાઘરા ને આમોદમાં બહુ છે. જાનેવારીથી માર્ચ સુધી જેવામાં ખેતરમાં ભાયડાબાયડીછોકરાં રૂ તોડેછે તેવામાં કલિયાર નિર્ભય હોવાથી તેની પાસે સહેલથી જવાય છે. સસલાં ઘાસ તથા ઝાડથી ઢંકાયલી ટેકરીઓ ઉપર હોયછે.

ખેડા જિલ્લામાં વાઘ મહીના કોતરમાં હતા પણ હવે કોઇકજ મળી આવે છે[1]. દીપડાની સંખ્યા ઓછી થઇ છે પણ મહીકાંઠાપર હજી છે. વરૂ ઓછા થયાં છે; પણ હજી ચારપાંચનાં જૂથમાં ભટકી ઘેટાં બકરાંને લઇ જાય છે. તરસ, શિયાળ, લોકડી એ મરઘાંબતકનો મોટો નાશ કરે છે. જંગલી કુક્કર સાબરમતી, મેશ્વો ને વાત્રકના કાંઠાઉપર, ખેડાની આસપાસ કનજ તથા મહેજનાં ઘાસનાં મેદાનમાં, મહુધાના ખેતરોમાં અને કપડવંજ તથા થાસરાના ઉજડ કોતરમાં છે. નીલગાય આગળ બહુ હતી હવે થોડીક કપડવંજ, આણંદ ને મેમદાવાદમાં પણ આઠ દશના ટોળામાં જોવામાંઆવે છે. છિંકાર ને સસલો બધે છે.

---

૧. મેમદાવાદથી ૭ મૈલ છેટે રોહીસા છે ત્યાં વાઘનું રહેઠાણ હતું ને તે વાઘટેકરો કહેવાતો.

પંચમહાલ તથા રેવાકાંઠાનાં રાન હાથી[૧], વાઘ, દીપડા, રીંછ, સાબર વગેરેના શિકાર-ને વાસ્તે મશહૂર હતાં. હાલ વાઘ, દીપડો, રીંછ, ચિત્તો એ છે; તરસ, શીઆળ, લોકડી પણ છે; સીહાગોશ, ને બાંગડ બિલ્લી એ જૂજ છે. સાબર માત્ર પાવાગઢના ઢોળાવપર; ચીતલ કેટલાક તાલુકામાં ઘણાં; ને બેકરી, છિકાર, નીલગાય સઘળે છે. કલિયાર બિલકુલ નથી. રેવાકાંઠા સાગબારામાં છેક દક્ષિણપૂર્વમાં અરણાભેંસ છે.

અમદાવાદ જિલ્લામાં સો વર્ષઉપર (૧૭૮૩) વાઘ સિંહ હતા[૨]; હાલ (૧૮૭૭) જિલ્લામાં કોઈપણ ઠેકાણે નથી. મોડાસાની પૂર્વમાં એકથી તે પાંચ સૂધી દર મોસમે મારવામાં આવે છે; વાઘના રેઠાણ મહીકાંઠાની હદપાર થોડાકમૈલ ઉપર છે ને ત્યાં શિકાર થાય છે. દીપડો મોડાસામાં ને જિલ્લાના બીડોમાં છે. રીંછ નથી. વરૂ જિલ્લાની પશ્ચિમમાં નળની પાસે બહુ છે. તરસ તે ગોધા, પરાંતીજ ને મોડાસાની ડુંગરીઝાડીમાં હોય છે. શિયાળ, લોકડી જ્યાં ત્યાં છે ને રાની ભૂંડ પણ જિલ્લાના કેટલાક ભાગોમાં છે. સાબર કોઇવાર મોડાસામાં દેખાય છે; નીલગાય થોડી; ચીતલ મોડાસામાં; ને થોડાં કલિયાર મોટાં ટોળામાં ઠામ ઠામ છે. છિંકાર પશ્ચિમ તાલુકામાં ને પૂર્વમાં પરાંતીજના ખડકોમાં; બેકરી મોડાસાની ઝાડીમાં; સસલું બધે; ને પાણીની બિલાડી સાબરમતી ઉપર તથા તળાવોમાં. એક આદમખોરે ૧૮૭૮ માં અમદાવાદમાં છોકરાં પકડી લઇ જઈ ખાધાં હતાં.[૩]

મહીકાંઠાના રાનમાં વાઘ, રીંછ, દીપડો, વરૂ, જંગલી ડુક્કર, તરસ, શિયાળ, લોકડી સાબર, ચીતલ, કલિયાર, છિંકાર, સાહુડી, ચિત્તો, બેકરી, નીલગાય, પાણીની બિલાડી, જંગલી બિલાડો, સસલો એ છે. સાપ સઘળી જાતના ઝેરી ને ઝેરવિનાના બહુ છે. મોટા વાઘના શિકારને વાસ્તે ૨૪ ને નાનાને વાસ્તે ૬ રૂપીઆ ઇનામ છે; દીપડાના ૧૨, રીંછના ૬, વરૂના ૫ ને તરસના ૫ છે. સાપને વાસ્તે ચાર આના સરકાર આપે છે. પાલણપુર ઈલાકામાં વિશેષ હરણ જાતિ બુતાર છે.

---

૧. સને ૧૬૧૬માં જહાંગીર બાદશાહ હાથીઓનો શિકાર કરવાને દાહોદ આવ્યો હતો ને ૧૬૪૫ માં દાહોદ તથા ચાંપાનેરના જંગલમાં ૭૩ હાથી પકડવામાં આવ્યા હતા. પચીસ વર્ષ ઉપર જંગલી હાથી થોડાકપણ હતા પંચમહાલમાં.

૨. જૂના વખતમાં મહીના મુખપાસે હિંદુનાં ગામ હતાં ત્યાં વાઘ સિંહ બહુ હતા ને ખંભાતનીપાસે એક નગરી હતી તે વાઘવતી કહેવાતી. ગયા શૈકાના અંતમાં પણ વાઘસિંહ હતા. સિંહ તે ઉંટિયોવાઘ કહેવાતો.

૩. આદમખોર કસાઇખાનાની આસપાસ ને મુડદાં દાટયાં હોય ત્યાં ફરયાં કરે છે. ભૂજમાં એકને ગોળીથી મારેલું તે ર૬ું ફૂટ લાંબું, તથા ૧૪-૧૫ ઇંચ ઉચું હતું ને કમરનો ઘેર ૧૮-૨૦ ઇંચ હતો.

કાઠિયાવાડમાં સિંહ બહુ હતા પણ હવે દશબાર રહ્યા હશે ગિરનારમાં.[1] દીપડો કેટલીક ડુંગરીમાં છે, સપાટ મુલ્ખમાં નથી. ચિત્તો ભટકતો કોઇ કોઈ વાર જોવામાં આવે છે. જરખ (તરસ), નાર (વરૂ), શિયાળ, લોકરી એ છે. સીહાગોશ ઓખામાં, નવાનગરના બારરી તાલુકામાં ને ઝાલાવાડમાં છે. ઘોરખોદિયો ને જંગલી કુક્કર ગિરમાં તથા ઝાડીવાળા મુલખમાં છે. સાહુડી, શેધાઇ, જંગલી બિલાડી, નોળીઆ, જંગલી ઉંદર એ છે. વાંદરાં ગૂજરાતમાં જેમ ઠામ ઠામ છે તેમ અહીં નથી તોપણ ગિરનાર ઉપર, પોરબંદરની દક્ષિણપૂર્વમાં કાંઠાના ગામોમાં ને સોમનાથ પાટણમાં છે. સાબર, ગિર ને બરડાનાં રાનમાં છે, બીજે કોઇ ઠેકાણે નથી; ગિરમાં છે તેનાં સિંગડા પણ ગૂજરાતના સાબરના સિંગડા જેવાં નથી. ચીતલ (માશુ) ગિરના એકજ ભાગમાં છે ને તે ગૂજરાત જેવાં નહિ. નીલગાય (રોઝ) ગિરમાં ને અહીં તહીં છે પણ થોડી; પેટ તથા ગરદનનાં ચામડાંની ઘણી સારી ઢાલ બને છે. કલિયાર બહુ હતાં પણ હવે થોડાં છે; હતાં ને છે તે સિંગડાંની લંબાઇને વાસ્તે વખાણમાં છે; સિંગડાં ૨૭ ઇંચ લાંબાં એવાં ઘણાંકને શિકારીઓએ માર્યાં છે. એક દૂધ જેવું સફેત હરણ ૧૮૬૨-૬૩ માં મારવામાં આવ્યું હતું ને એક આ વર્ષમાં દેખાયું છે. છિંકારૂ (રાતું હરણ) ગિરમાં છે; આગળ બહુ હતાં હવે બહુ નથી; કાળું પુછડું તે ઉપરથી કાળપુચ્છ ને છિંકવાની ટેવઉપરથી છિંકારૂ કહેવાય છે. જંગલી ગધેડો રણમાં છે. સાપ ઘણીક જાતના છે. નદીઓમાં કાચબા છે ને તે જીવતી સુસવાળને પણ કરડે છે.

કચ્છમાં આ શૈકાના આરંભમાં સિંહ વાઘ બહુ હતા પણ હાલ સમૂળા દેખાતા નથી. દીપડો છે તે રાવના શિકારને વાસ્તે રાખ્યો છે. વરૂ, તરસ, શિયાળ છે પણ ઝાઝાં નહિ. લોકડી ત્રણ જાતની છે—ભૂરી, ધોળી પણ પેટ તથા પગ કાળાં એવી ને બદામી પણ ગુચ્છાળે પુછડે ધોળું ટપકું. જંગલી કુક્કર બહુ છે ને તેનો શિકાર જાડેજાઓ બંદુક તથા ભાલાથી કરે

---

૧. સિંહ કદે વાઘ જેવો, અંગે કાંઇક વધારે ભરેલો પણ લંબાઇમાં ઇંચ બે ઇંચ ઓછો છે. પડેલા સિંહની લંબાઈ ૮-૯ ફૂટ ને સિંહણની ૧૦-૧૨ ઇંચ ઓછી. જુવાન સિંહને ઇઆલ હોય છે ને તે ઘરડપણમાં બદનની સાથે કાળી થઈ જાય છે. રાતે શિકારને નિકળે છે; બળદ કે ગાયથી વધારે રાજી થાય છે પણ ઘણું ખરૂં નાની ભેંસને મારે છે. દિવસની ઉષ્મમાં ખલેલ ન-પહોચે વાસ્તે જંગલનો એકાંત ખૂણો શોધે છે; વાઘ દીપડાની પેઠે ગામની નજીકમાં નથી રહેતા પણ રાતે ગામની માંહેપણ આવી જાય ખરો. તે માણસથી વેગળો રહે છે; હિંમતમાં વાઘ દીપડાની બરાબર પણ એ બે જેટલો વિકરાળ કે ધૂંધો નથી; આમપણ કહેવાય કે હિંમતમાં દીપડાથી કાંઇક ઓછો ને બળમાં વાઘની બરાબર પણ ચંચળતામાં કાંઇક ઓછો. તે રાતે ગર્જના કરે છે; ધરાયલો હોય ત્યારે વધારે; સાદ ઉદાસી ભરયો પણ પાંચ છ મૈલ લગી સંભળાય છે. તે ત્રણ ચાર દહાડે એકવાર શિકાર કરે છે. માદા એક કે બે બચ્ચાં જણે છે ને કોઇકવાર ત્રણ-રીત તો ખરી કે નરમાદા સાથે હોય ને એક જખમાય તો બીજું સામે ધસ્યું આવે; પણ તેમ હમેશ નથી. કાઠિયાવાડમાં નર તે સાવજ, માદા તે સિંહ ને જોડી તે બેલાર કહેવાય છે.

B 524—f

છે. કાળું હરણ કલિયાર ખંભાતના કાંઠાઉપર કોઇવાર જણાય છે પણ રાતું જે છિંકાર તે ત્યાં બહુ છે. ખારગદ્ધો એ ફક્ત કચ્છના રણમાંજ દેખાય છે. તે બહુ બીકણ છે, માણસની નજરે કોઇવારજ પડે છે, છેક એકલી જગામાં રહેછે ને ફક્ત રાતે પાણી ઘાસને માટે સરહદઉપર તથા રણના ટાપુ પાસે આવે છે; શિયાળામાં ખેતરોમાં આવી પાકને બહુ નુકસાન કરે છે; ૧૩ મૂઠ ઉંચો છે; બદન તથા ગરદન બદામી, પીઠે કાળો પટો, પેટ સફેદ, લાંબા કાન પણ સંધિહાડ જબરાં એવા છે; એકલો કે બેસાથે કે દશથી પચાસના જૂથમાં હોય છે; ખારૂં ઘાસ ને રણના ઝાડવાં ખાય છે. સસલો બહુ છે.

પક્ષીમાં મરઘાં બતક વગેરેને ઉછેરી વેચવામાં આવે છે ને બીજાં શિકારનાં તે રાનમાં બતક, ચકવો, નુકતો, કાપિંજલ, તીતર ભૂરાં તથા લાલ, બતીર, જળકુકડી, કુલીઆર, પાણીચાલ, કદમોહર, ગોરાલ, બારસીરી, લાવરી, ચમચમાંચ, સારસ, હંસ, મોર, લીલું બબુતર (હરિયાલ) વગેરે છે. શિકાર બહોળાને માટે ખેડા તથા અમદાવાદ જિલ્લા અને પાલણપુર ઇલાકામાં દીસાનો દક્ષિણ ભાગ એ સૌથી સારાં છે.

માછલી જાત જાતની નદી તથા તળાવમાં ને ખાડીઓમાં અનર્ગળ છે. હિંદુવસ્તીના મોટા ભાગના ઉપયોગમાં ન આવવાથી ને જૈન લોકના અટકાવથી મીઠાં પાણીનાં માછલાંનો નાશ થતો નથી. ખેડાજિલ્લામાં તથા કેટલાક મોટા કસબાસિવાયે અમદાવાદ જિલ્લામાં મચ્છીબજાર નથી.

સૂરત જિલ્લામાં માછલી પકડવાનું કામ અગતનું છે ને ૩૨૫ હોડીઓ તે કામમાં લાગે છે; એમાં બે ભાગ હોડકાં છે ને બાકીની હોડી બેથી તે આઠ ટનની છે. તાપીના મુખ આગળ, ડૂમસ તથા ભીમપોરની વચમાંના ખુલ્લા દરિયામાં ખૂંટે બાંધી રાખેલી જાળ હોય છે કે જેમાંની માછલી સૂરતના બજારમાં આવે છે. પૂર્ણા, અંબિકા, ઓરંગા એનાં મુખઆગળ પણ ખૂંટા છે. પારડી પ્રગણામાં દરિયામાં ખૂંટા છે, ઉમરસાડીને ડુંગરી એ ગામોની સામાં. એ ઠેકાણેથી મળેલી માછલીઓમાં મીઠું ભરી રાખવામાં આવે છે ને પછી વેચાય છે. કોલકમાં કાલુ માછલી છે, નદીના મુખ આગળ તથા તેના ખડકવાળા કાંઠાને લગતા ભાગમાં.

ભરૂચ જિલ્લામાં માછલી નદીઓમાં ઘણી છે; મીઠા પાણીની આઠ જાતની, ખારાપાણીની દશ જાતની ને ઠેકાણાં બદલતી તેવી દશ જાતની છે. તાજી માછલી ભરૂચના બજારમાં આવે છે તે નદીમાંથીજ પકડેલી. ખારાંપાણીની માછલી નર્મદાના મુખ આગળ જાળમાં પકડાય છે ને મીઠાં પાણીની તે શુકલતીર્થ તથા ઝનોર આગળ. નવેંબર ને એપ્રિલની વચમાં કેટલીક હોડી દીવ ને જાફરાબાદ એ બેની વચમાંના કાંઠા તરફ બૂમલા માછલી પકડવાને જાય છે. ભરૂચ જિલ્લામાં માછલાં પકડવાની જગા નર્મદા ને ધાધર એની ખાડીઓ છે. એ કામનેમાટે નર્મદામાં ૧૫૦ હોડી રાખવામાં આવી છે તેમાં બે ભાગ કોટિયાં ને એક ભાગ મછવા છે; મછવા ચપટાં તળિયાના, ૨૮ ખાંડી બોજના છે.

ખેડાજિલ્લામાં મીઠા પાણીની માછલી ૨૨ જાતની ને ભરતીની હદમાં આવેલી મહીનદીની ૯ જાતની છે. ભોઈ, માછી ને ખારવા એ માછલી પકડે છે પણ ખારવા તો માછલાંનો મોટો ધંધો કરેછે. પંચમહાલ જિલ્લો ઘણું કરીને માછલી વગરનો છે અને રેવાકાંઠાની મોટી નદીઓમાં મગર છે. એ વખતે મુડદાંને, ઢોરને, છોકરાંને કે મોટાંમાણસને ખેંચીલઈ જાય છે.

કાઠિયાવાડના કાંઠાને લગતા કચ્છના અખાતની માછલી પકડવાને પત્થરની પાળ કે બાવળની આડ કરે છે અને હિંદીમહાસાગરના કાંઠા ઉપર પોરબંદર, માગરોળ ને વેરાવળના માછીઓ મોટી હોડીમાંથી જાળ નાખે છે. ઘણીક ખોરાકમાં વપરાય છે; કોઇમાંથી તેલ કાઢે છે, કોઇમાંથી સરસ બને છે ને કોઇની ચામડીના જોડા માછી પહેરે છે. શીઆળામાં વસૈ, દમણ ને ગૂજરાતકાંઠાના વહાણ આવી વેલણ ને જાફરાવાદની વચમાના દરીઆમાં ઘણીક માછલી પકડે છે; કાંઠાઉપર ગરીબ લોકને કામે લગાડી તે સૂકવેછે ને ત્રણ ચાર મહિને તેનાં વહાણ ભરી પાછા જાય છે; તેઓ પાસે જૂનાગઢ દરબાર જૂજ હકસાઈ લેછે. ખંભાતના અખાતમાં ભાવનગર તથા હાથબ વચ્ચે સારી માછલી થાય છે. માછલીનું ખાતર નાળીએરી તથા આંબાને આપવામાં આવે છે. મીઠાં પાણીની માછલી સવાદમાં સારી નથી. કાચબા મોટી નદીઓમાં છે.

કચ્છના અખાતમાં સારી જાતની માછલીઓ છે; પણ માછલાં પકડવાના ધંધાની રજા વાણીઆ આપતા નથી તેથી ખપ કર્તાં છત ઓછી રહેછે. નદીઓ ઉનાળામાં સૂકાઇ જાય છે કે પાણી ખારૂં કરેછે તેથી માછલીઓનો જથો નથી. માછલાં મારવાનું કામ કચ્છના અખાતના કાંઠાઉપર વાઘેર લોક કરે છે. માછલીને મીઠું દેવાનું કામ મુંદ્રા, જખો, અંભર ને ભૂજમાં ચાલે છે. કાંઠાને લગતા ઊંડા દરિયામાં માછલી પકડવાનું કામ વલસાડ, દમણ ને તારાપુરના માછીઓના હાથમાં છે.

પ્રકરણ ૩.

વસ્તી.

સને ૧૮૭૨ની ગણતરીએ આખા ગૂજરાતની વસ્તી ૯૧,૨૯,૭૨૨ માણસની થાય છે. નીચે બતાવેલી વિગતઉપરથી જણાશે કે વસ્તી તળગૂજરાતના બ્રિટિશ ખાલસા ભાગની તે મુલખના પ્રમાણમાં બીજા બધા ભાગથી વધારે છે; ને તેમાં ખેડા જિલ્લાની બીજા બધા જિલ્લાથી વધારે એટલે દર ચો૦ મૈ૦ ૪૮૯.૨૦ એટલી છે. તળગૂજરાતના દેશી રાજ્યોમાં વડોદરાની સૌથી વધારે છે. હિંદુવસ્તી ખાલસા ભાગમાં મુસલમાન વસ્તીથી ૮.૬૮ ગણી ને દેશીરાજ્યોમાં ૧૫.૧૬ ગણી વધારે છે; કાઠિયાવાડમાં ૭.૧૪ ગણી ને કચ્છમાં ૩.૧૨ ગણી વધારે છે. હિંદુવસ્તી આખા ગૂજરાતની વસ્તીનો .૬૯ ભાગ છે.

ગૂજરાતની વસ્તીની ૧૮૭૨ ની વિગત.

			ચો૰ મૈ૰	હિંદૂ (જૈનસાથે).	મુસલમાન.	પારસી.	ખ્રિસ્તી.	બીજા.	એકંદર.	દર ચોરસ મૈલ.	ગામ મો-ટાં, નાનાં.	ઘર.
તળ ગુજરાત.	બ્રિટિશ જીલ્લા.	સૂરત જિલ્લો...	૧,૬૬૯	૫,૪૧,૭૩૮	૫૨,૧૫૭	૧૨,૮૪૧	૩૩૪	૧૭	૬,૦૭,૦૮૭	૩૬૭	૧,૭૬૨	૧,૩૭,૬૧૪
		ભરૂચ જિલ્લો...	૧,૪૫૮	૨,૭૭,૦૩૨	૬૯,૦૩૩	૩,૧૧૬		૧,૧૪૧	૩,૫૦,૩૨૨	૨૪૦	૪૨૮	૯૬,૭૨૩
		ખેડા જિલ્લો...	૧,૬૦૦	૭,૧૧,૬૧૯	૭૦,૭૪૧	૬૮	૩૦૫		૭,૮૨,૭૩૩	૪૮૯.૨૦	૧,૧૦૫	૨,૧૮,૫૯૬
		અમદાવાદ જિ૰	૩,૮૫૪	૭,૪૭,૦૨૭	૮૧,૩૭૩	૪૮૨	૬૫૦	૧૦૫	૮,૨૯,૬૩૭	૨૧૫.૮૨	૮૬૦	૨,૬૦,૯૭૦
		પંચમહાલ ...	૧,૫૯૫	૨,૨૫,૭૭૫	૧૪,૯૨૧	૧૭	૩૦		૨,૪૦,૭૪૩	૧૫૦.૯૩	૬૬૩	૫૬,૯૨૨
			૧૦,૧૭૬	૨૫,૦૩,૧૯૧	૨,૮૮,૨૨૫	૧૬,૫૨૪	૧,૩૧૯	૧,૨૬૩	૨૮,૧૦,૫૨૨		૪,૮૧૮	૭,૭૦,૮૨૪
	દેશી રાજ્ય.	વડોદરા ...	૪,૩૯૯						૧૮,૪૯,૭૧૨*	૪૨૨.૩૦		
		રેવાકાંઠા ...	૪,૭૮૨	૪,૮૫,૪૨૩	૨૦,૧૦૪	૧૯૮	૫	૨	૫,૦૫,૭૩૨	૧૧૦	૩,૪૮૪	૧,૧૩,૨૧૦
		મહીકાંઠા ...	૪,૦૦૦	૪,૨૭,૬૬૧	૧૯,૩૭૨		૨૩		૪,૪૭,૦૫૬	૧૧૧.૭૬		૧,૦૯,૮૧૩
		પાલણપુર ...	૮,૦૦૦	૪,૫૫,૮૯૨	૪૬,૬૭૮			૧૬	૫,૦૨,૫૮૬	૬૨.૫	૧,૦૫૮	૧,૦૧.૩૮૨
		ખંભાત ...	૩૫૦	૭૧,૫૦૫	૧૧,૮૮૨	૧૦૭			૮૩,૪૯૪	૨૩૭.૧૪	૮૭	૨૬,૫૦૫
		વાંસદા ...	૨૪૦	૩૧,૩૧૩	૬૨૦	૨૧૦		૧૧	૩૨,૧૫૪	૧૩૩.૯	૮૮	
		ધરમપુર ...	૮૦૦	૭૩,૪૨૮	૯૧૦	૨૫૪			૭૪,૫૯૨	૯૪.૧૩	૨૬૪	૧૩,૫૨૧
		સચીણ ...	૬૫	૧૪,૬૭૮	૨,૨૭૨	૧૫૩			૧૭,૧૦૩	૨૬૩.૧૨	૨૦	૪,૪૯૧
		નારૂકોટ ...	૧૪૩	૬,૮૩૭					૬,૮૩૭	૪૭.૮		
			૨૨,૭૭૯						૩૫,૧૯,૨૬૬			
કાઠિયાવાડ. ...		...	૨૨,૫૦૦	૨૦,૨૮,૨૫૨	૨,૮૩,૯૮૮		૧૩૮	૨૫૧	૨૩,૧૨,૬૨૯	૮૪.૯૧	૪,૩૩૯	૭,૪૪,૧૭૪
કચ્છ. ...	...	...	૬,૫૦૦	૩.૬૯,૧૮૪	૧,૧૮,૦૬૩				૪,૮૭,૩૦૫	૭૪.૯૭	૧,૦૨૫	૧,૬૭.૩૭૮

* કાઠિયાવાડમાં અમરેલી પંચમહાલની ૧,૩૯,૪૪૯ તથા ઓખામંડળની ૧૧,૦૬૪ મળીને ૧,૫૦,૫૧૩ એ જૂદી તે કાઠિયાવાડની કુલવસ્તીમાં ગણીછે.

વસ્તી તળગૂજરાતના ખાલસા ભાગમાં સને ૧૮૪૬ થી તે ૧૮૭૨ લગીના ૨૬ વર્ષમાં ૭,૨૫,૯૮૯ એટલી વધી છે. ખેડાજિલ્લામાં ૨,૧૬, ૨૨૦ એટલે સેંકડે ૩૮.૧૬ તથા અમદાવાદ જિલ્લામાં ૨,૩૮,૮૮૦ એટલે સેંકડે ૪૦.૪૪; વળી ૨૧ વર્ષમાં સૂરતજિલ્લામાં ૧,૧૪,૪૦૩ એટલે સેંકડે ૨૩.૨૨ તથા ભરૂચજિલ્લામાં ૫૯,૩૩૮ એટલે સેંકડે ૨૦.૩૯; પંચમહાલમાં ૧૮૫૫ થી તે ૧૮૭૨ લગીના ૧૭ વર્ષમાં ૯૭,૧૪૮ એટલે સેંકડે ૬૭.૬૫ વધી છે. કુલવસ્તી ૨૮,૧૦,૫૨૨ તેમાં પાચેજિલ્લાની સરાસરી લેતાં પુરૂષની ઉપજ ૫૨.૨૦ ને સ્ત્રીની ૪૭.૬૧ સેંકડે જણાઇ છે. ઘેલાં, મૂરખાં, આંધળાં, બેરાં, કોઢીઆં વગેરેની સંખ્યા ૧૨,૨૬૦ એટલે સેંકડે .૪૩ છે. વસ્તી વધવાથી ગામ, ઘર, ખેતીનાં ઢોર તથા ઓજાર એ સર્વેની પણ વૃદ્ધિ થઈ છે; માત્ર ખેડાજિ-લ્લામાં ગાય ને સૂરતજિલ્લામાં ઘોડા ઘટ્યા છે; ભરૂચજિલ્લામાં ઘોડા વધ્યા છે.

સને ૧૮૭૨ ની ગણતરીએ જિલ્લાની કુલવસ્તીના પ્રમાણમાં જાતજાતની વસ્તી સેંકડે કેટલી તે અને એ વર્ષમાં પૂરાંથતાં વીસ પચ્ચીસ વર્ષમાં જાત જાતની કુલવસ્તીના પ્રમાણમાં સેંકડે વૃદ્ધિ કેટલી તે નીચે આપેલાં કોષ્ટકઉપરથી જાણ્યામાં આવશે.

જિલ્લો.	જિલ્લાની વસ્તીના પ્રમાણમાં.				જાતની વસ્તીના પ્રમાણમાં વૃદ્ધિ.		
	હિંદુ	મુસલ-માન.	પારસી.	ખ્રિસ્તી.	હિંદુ.	મુસલમાન.	
સૂરત જિલ્લો ...	૮૯.૨૩	૮.૫૯	(૧૨,૮૪૧)	(૩૩૪)	૨૫.૦૩	૧૧.૪	પારસી ખ્રિ-સ્તીનું, સેંકડે પ્રમાણ કાઢ્યું નથી તેથી કૌંસમાં સ-ખ્યાજ રા-ખી છે.
ભરૂચ જિલ્લો ...	૭૯.૦૭	૧૯.૭	(૩,૧૧૬)	...	૧૯.૮૫	૨૦.૫૩	
ખેડા જિલ્લો ...	૯૦.૯૧	૯.૩	(૮૬૮)	(૩૦૫)	૩૮.૨૯	૩૬.૨૦	
અમદાવાદ જિલ્લો.	૯૦.૦૪	૯.૮૧	(૪૮૨)	(૬૫૦)	૪૧.૮૦	૨૭.૭૦	
પંચમહાલ ...	૯૩.૭૮	૬.૧૯	(૧૭)	(૩૦)			

સને ૧૮૭૨ ની ગણતરીએ જિલ્લાજિલ્લાના લોકની સંખ્યા ધંધાપરત્વે સેંકડે કેટલી તેનેવાસ્તે નીચલું કોષ્ટક જોવું.

	સરકારી નોકર.	વૈદ્ય,વકીલ વગેરે.	ચાકરન-ફર.	ખેડુત.	વેપારી વગેરે.	કારીગર વગેરે.	પરચુરણ.
સૂરત જિલ્લો ...	૧.૨૬	૧.૦૩	૧.૫૧	૨૯.૪૬	૧.૨૮	૧૨.૨૩	૫૩.૨
ભરૂચ જિલ્લો ...	૨.૪૨	૧.૨૮	૧.૨૫	૨૯.૮૩	૧.૩૨	૧૫.૩૨	૪૮.૫૮
ખેડા જિલ્લો ...	૦.૬૭	૦.૮૯	૦.૯૪	૨૨.૫૮	૦.૯૦	૬.૮૨	૬૭.૧૭
અમદાવાદ જિલ્લો ...	૦.૮૪	૦.૭૬	૧.૫૨	૧૬.૯૪	૨.૪૩	૧૯.૯૫	૫૭.૫૩
પચમહાલ... ...	૧.૩૭	૦.૪૩	૦.૮૨	૨૨.૮૬	૧.૨૪	૫.૨૦	૬૮.૦૫

તળગૂજરાતના ખાલસાભાગની હિંદુવસ્તી ૨૫,૦૩,૧૯૧ તેમાં ૧,૮૭,૮૯૩ શૈવ શંકરમતના (ને ૨૩૪ લિંગાયતી); ૧૦,૯૩,૬૨૯ વૈષ્ણવ (રામાનુજી ૪,૮૮,૨૫૫; વલ્લભી ૨,૫૭,૩૯૮; બીજમાર્ગી પ્રણામી ૧,૩૩,૪૯૩; કબીરી ૮૦,૨૦૩; સ્વામીનારાયણી ૭૦,૬૦૭; માધવી ૬૩,૬૭૩); ૭૫૭૩ ગોસાંઇ વૈરાગી; ૧૧,૫૨,૭૧૬ સમજવિના મનસ્વી ધર્મ પાળનારા; અને ૬૧,૦૬૫ જૈન શ્રાવક એમ ગણતરી થાય છે.

મુસલમાનવસ્તી ૨,૮૮,૨૨૫ તેમાં ૨,૬૫,૫૭૩ સુન્ની, ને ૨૨,૬૫૨ શીહા છે.

હિંદુ તથા મુસલમાન વસ્તીના ધર્મ રીતભાત ધંધાસંબંધી કેટલીક વિશેષ જાણું નીચે લખી છે. પ્રથમ હિંદુવસ્તી વિષે.

બ્રાહ્મણ.

એ, બ્રિ૦ ખા૦ મુ૦ માં ૧,૬૧,૭૭૮; કાઠિયાવાડમાં ૧,૪૬,૯૩૩; ને કચ્છમાં ૨૪,૯૩૨ છે. રેવાકાંઠા, મહીકાંઠા, ખંભાત મળી ૫૬,૮૮૪ છે.[1] અને એટલીજ બીજી ઓછામાંઓછી વડોદરા, પાલણપુર તથા બીજાં નાનાં રાજસ્થાન મળીને લેતાં બ્રાહ્મણની સંખ્યા સાડાચાર લાખની થાય. સને ૧૮૭૨ ની ગણતરીએ જૂદી જૂદી મોટી (પેટાની તે સાથે) કે નાની એકલીજ એવી ૭૫ જ્ઞાતિ જણાઇ છે.[2] એ ૭૫ માં દક્ષણીની ૫ તથા હિંદુસ્થાનીની ૪ મળીને ૯[3] તે બાદ કરતાં ગૂજરાતી બ્રાહ્મણની ૬૬ જ્ઞાતિ છે કે જેમાં વળી ૧૪ ઉતરતી મનાય છે.

જ્ઞાતિમાંથી ૩૭ ચોખ્ખી ને ૫ ઉતરતી મળીને ૪૨ જે બ્રિ૦ ખાલસા મુલખમાં જણાઇ છે તે આ છેઃ અનાવલા (૨૬૧૭૮), ઉદંબરા (૩૪૧), ઉનેવાળ (૫૭૬), ઓદિચ્ય (૪૪૩૧૬), કંડો-

---

૧. સૂ૦ જિ૦ માં ૪૯૯૯૧; ભ૦ ૧૫૫૧૬; એ૦ ૪૩૩૦૧; અ૦ ૪૭૦૫૩; ને પં૦ ૫૯૧૭; રેવાકાંઠામાં ૧૩૭૪૩; મહીકાંઠામાં ૨૨૯૭૪; ખંભાતમાં ૨૦,૧૪૭.

૨. ગૂજરાતના બ્રાહ્મણની જ્ઞાતિ ૮૪ એમ ઘણા કાળથી કહેવાતું આવ્યું છે પણ સૂરતમાં થયલા ભંડારામાં કે મુંબઈમાં થયલી ચોરાસીમાં મોટી નાની જ્ઞાતિયો મળીને પણ ૮૪ થઇ નથી. કવિ દયારામે ૮૪થી વધારે (સને ૧૮૦૦ ની પૂર્વે) અને જ્ઞાતિનિબંધમાં (૧૮૫૨) ૮૪ લખી છે તે પેટાજ્ઞાતિ તથા તડજ્ઞાતિસાથે છે ને તેમાંની કેટલીક તો હાલ નથીજ; વળી કાઠિયાવાડ તથા કચ્છની કેટલીક જ્ઞાતિનાં નામ પણ તેમાં નથી. મધ્યાચ્યળની જ્ઞાતિ ૧૮૨૭ માં સૂરતમાં હતી ને હાલ પણ તે જ્ઞાતિના ૮-૧૦ ઘર સૂરતમાં છે. જાબાલી બ્રાહ્મણ વડોદરાનાં રાજ્યમાં છે ને ઊટકંડેશ્વર તેનો ઇષ્ટ છે. સાર્થી કે રાહદેશી કહેવાતી જ્ઞાતિના સૂરતમાં ૪-૫ તથા ચાણોદમાં ૫-૧૦ ઘર કહેવાય છે.

૩. દેશસ્થ, કોંકણસ્થ, કરાડા, દેવરૂખા, તૈલંગા એ વડોદરાના રાજ્યમાં વિશેષ છે. તૈલંગા વિનાના કેટલાંક ઘર સૂરત, અમદાવાદ ને કાઠિયાવાડમાં છે. તેઓનો સંબંધ વહેવાર પોતાનાજ લોકસાથે છે. માત્ર વેદશાસ્ત્રની ચર્ચા તથા યજ્ઞજપાદિ પ્રસંગમાં તેઓ કોઇ કોઇવાર ગૂજરાતીઓસાથે ભેળા થાય છે. મારવાડી, સરવરિયા, બ્રિજવાસી ને કનોજીઆ બ્રાહ્મણ ગૂજરાતના રહીશ દાખલની સંખ્યા જૂજ છે.

ળિયા (૬૭), કપિલ (૭૪૯), ખડાયતા (૨૭૭), ખેડાવાળ (૧૧૫૯૮), ગયાવાળ (૧૨), ગુગળી (૬૩), ગોમતીવાળ (૫૨૨), જાંબુ (૮૮૦), ઝારોળા (૫૭), દધીચ (૮૫૪), દીસાવાળ (૭૩), નાગર (૭૯૧૪), નાદોરા (૮૩૯), નાપાળ (૩૧૪), પલ્લીવાળ (૪૨૮), પોકરણા (૪૭), પોરવાળિયા (૨૦૫), બોરસદા (૧૧૨૦), ભાર્ગવ (૧૬૩૭), મેવાડા (૧૦૨૩૪), મોઢ (૧૩૨૨૨), મોતાળા (૨૪૪૭), રવાળ (૩૦૫), રાયકવાળ (૧૬૨૦), રોઢવાળ (૭૦૧), વડાદરા (૨૮૪૨), વાયડા (૭૬), વાલમ (૧૬૮૭), શ્રીગોડ (૫૨૯૭), શ્રીમાળી (૨૨૭૮), સજોદરા (૩૮૭૫), સાચોરા (૧૨૪), હરસોળા (૧૫૨) ને એ સૌ મળીને સંખ્યા ૧,૪૭,૩૩૪ છે. ઉતરતી ગ્નાતિમાં કાળટિયા, તપોધન, ભોજક, રાજગર, વ્યાસ ને સારસ્વત તે સૌની સંખ્યા ૧૪,૪૪૪ છે. એ ઉપરાંત બીજી ગ્નાતિ દેશી રાજસ્થાનમાં દેખાઇ છે તે અગસ્તવાળ, ગઢિયા, ગિરનારા, ચોવીસા, તળાજિયા, નંદવાણ, નરસીપરા, નારદીક, પતિઆળા, પરાશરીઆ, પ્રાગવાળ, પ્રેતવાળ, રાયથડા, સોમપુરા, સોરઠિયા એ છે અને ઉતરતી ગ્નાતિમાં અબોટી, આહીરા, ઠાંકી, તંબોલી, પરાજિયા, બારદાઇ, વેદાંત ને સેવક એ છે.

તળગૂજરાતની ગ્નાતિયોની વિશેષ જાણ નીચે પ્રમાણે છે:

૧ અનાવલા સૂરત જિલ્લાના ને પાડોસના વડોદરાના મુલખના આસરે ૧૫૦૦૦ મળીને ૪૧૧૫૮ તે દક્ષિણ ગૂજરાતના સર્વોપરિ ખેડુત છે. સૂરતની પૂર્વમાં ૪૦ મૈલઉપર અનાવલ ગામ છે ત્યાં તેઓનો મૂળ વાસ હતો. તેઓ ભાઠેલા કે મારતાન એ નામે પણ ઓળખાય છે.[1] તે ગ્નાતિનો કોઇપણ જન ભિક્ષુક નથી, સૌજ અયાચક ગૃહસ્થ છે. તેઓમાં બ્રાહ્મણનું નિત્યકર્મ પણ કરવાવાળા થોડા છે ને નૈમિત્તિક કર્મ તેઓ કુળગોર કે બીજા કોઇ પાસે કરાવે છે ને એ ઓદિચ્ય કે મોઢ બ્રાહ્મણ હોય છે. વળી તેઓની ગણના યજુર્વેદી ને શૈવમાં થાય છે. જેમ ધર્મની બાબતમાં તેમ ગ્નાતના ધારાના અમલ બાબત પણ તેઓ ઝાઝી દરકાર રાખતા નથી. વેશવાણીરીતમાં તેઓ ઓછા સુઘડ છે તોપણ નિત્ય ઉદ્યમી સંતોષી ને સમયે સમયે સાહસિક હોય છે; મોટાઇને ઇચ્છનારા છે; અને પરોણાની ખાતર કરવે તો તેઓ સારા કહેવાય છેજ. પચાસ વર્ષઉપર ઘણું કરીને સઘળા જમીન ખેતીના સંબંધમાં હતા ને જો કે આજે પણ મોટો ભાગ ખેતી] કરે છે તો-

૧. સૂરત તાલુકાના કતાર ગામના ભાઠેલાનાં કેટલાંક કુટુંબની ઓડક કનોજિયા છે. ઉઢિયાના ખેડુત બ્રાહ્મણ અને સિદ્ધપુરમાં વસેલા કેટલાક બ્રાહ્મણ તે પણ મારતાન કેહવાય છે. આગરા ઇલાકાના એટવા તાલુકામાં બ્રાહ્મણનો એક ખેડુત વર્ગ છે તે ભાઠેલી કહેવાય છે. ભાઠેલામાં બે ઓડક છે; વસી એટલે જ્યાં પ્રથમ વસ્તી કરેલી ત્યાંજ રહેલા તે અને નાયક એટલે અસલ ઠેકાણેથી ખસી બીજે ઠેકાણે જઇ વસ્તી કરેલી તે. કનોજ મહાસ્થાનના માટે મારતાન એમ એક અંગ્રેજ કહેછે પણ સમસ્તજન ઉપરથી મારતાન એમ હોવાનો સંભવ વિશેષ છે; અમુક મોટો જથો એક કુળના માણસોનો; મોટા જથાવાળા. મારતાન સોની એવી એક ગ્નાત છે. ભાઠેલા તે ભ્રષ્ટદ્વિજનો અપભ્રંશ હોય. કહેવાય છે કે ડુંગરવાસીઓને રામે બ્રાહ્મણ કીધા હતા.

પણ કેટલાક વાંચતાં લખતાં શીખીને ગામના તળાટી તથા નિશાળના મહેતાજી થયા છે; કેટલાકે વેપાર ધંધો લીધો છે; કેટલાક વકીલ છે ને થોડાક તે સરકારી નોકરીમાં ભરોસાના તથા જવાબદારીના દરજાપર ચઢ્યા છે.

સંસારી સ્થિતિએ અનાવલામાં દેસાઇ ને ભાઠેલા એવા બે વર્ગ કહેવાય છે. પેશવાઇમાં ને અંગ્રેજીની શરૂઆતમાં કેટલાક અનાવલાઓ મુલખની ઉપજ ઉઘરાવનારા કે તેના ઇજારા રાખનારા કે ગામોની સંભાળ રાખનારા અધિકારી હોવાથી દેસાઇ એ નામ ધરાવતા થયા. કેટલાકે બહુ ધન તથા સત્તા મેળવીને જમીદાર તાલુકદાર એ નામે પદવીવાળા કહેવડાવી બબ્બેસેં ત્રણ ત્રણસેં હાલી-ગુલામ રાખતા થયા.[1] ઉપરી સરકારની બેદરકારીમાં કેટલાકે આપઅખત્યારી ચલાવી કરો મુકી ખેડુતોને પોતાના તાબેદાર કરી મૂક્યા હતા. સરકારે ઇજારાનો ચાલ બંધ કરી ખાતાબંધીની રીત રાખી (૧૮૦૩-૧૮૧૦) તેથી દેસાઇઓની સત્તા છેક ઓછી થઇગઇ ને તેઓ નિર્ધન થયા. ઉપર પ્રમાણે દેસાઈ કુળ બંધાઈ તે વર્ગ ઊંચો મનાયો છે ને આજે પણ તેમાંના ત્રણ ઘર તે પેઢીવાળાં[2] છે એમ સૌ અનાવલા માને છે. દેસાઇ કુળની દિકરી દેસાઈ કુળમાં જાય છે; વળી ભાઠેલા વર્ગમાંના ધનવંતો પોતાની દિકરી દેસાઇને આપવામાં મોટું માન માની લે છે; અને દેસાઇ વર્ગ નિર્ધન વળી દિકરી પરણાવવાનો ખરચ કુળની રીત પ્રમાણે બહુ હોવાથી તેને બહુ વેઠવું પડે છે.[3] ભાઠેલા વર્ગની સ્થિતિ અંગ્રેજી રાજ્યમાં બહુ સૂધરી છે. તેઓ બેડાના કણબીખેડુત જેવા મહેનતુ ને તજવીજે ખરચ ચલાવનારા નથી તોપણ તેઓ પોતાપોતાના કામમાં જશવંતા છે. સૂરત જિલ્લાના સૌથી સારા ગામોમાં તેઓ મોટા ખાતેદાર છે, તેઓજ ઊંચો પાક કરે છે ને ઢોર તથા ઘર પણ તેઓનાંજ સારાં છે.

---

૧. જો કે સંખ્યા ઘણી ઓછી થઇ ગઇ છે તોપણ કેટલાક દેસાઇઓના કુટુંબમાં આજે પણ તે પળાયા જાય છે ને તે કુટુંબના લોક ખેતી સબંધી ભારે મહેનતનું કામ પોતાના હાલી નોકર પાસે કરાવે છે.

૨. ગણદેવી, પલસાણા ને મહુવા એ ત્રણ ગાયકવાડી ગામના દેસાઇકુળ. એકને વર્ષે તીસેક, બીજાને દસેક ને ત્રીજાને બાવીસેક હજારની ઉપજની જાગીર છે.

૩. દિકરીના લગ્નનો, તે ધણીને ઘેર જાય ત્યારે (સુપડાની રીત), તેને સીમંત આવે ત્યારે, બાળક અવતરે ત્યારે ને એને લઇ સાસરે જાય ત્યારે (સપડાની રીત) તેના બાપને કેટલોક ખરચ કરવો પડે છે ને તે એટલો ભારે હોય છે કે ઘણી છોકરીવાળા દેસાઇને પોતાની જમીન તથા ઘરો ગીરો મૂકવાં પડેલાં એવા ઘણાક દાખલા બન્યા છે ને એજ કારણથી કેટલીક છોકરીઓ ૨૦-૨૫ વર્ષની થતાં લગી સાસરે જઇ શકી નથી. દેસાઇ કુળમાં દિકરીનો જન્મ એ મોટો સંતાપ મનાય છે; લગ્ન પહેલાં રૂ. ૫૦૦ થી તે ૨૦૦૦ સૂધી રોકડા કે જનસ અને ઘી બે મણથી દશમણ સૂધી એટલું દિકરીનો બાપ વહેવાઇને આપે છે (વાંકડાની રીતમાં).

સજોદરાનો મૂળ વાસ તે અંકલેશ્વર પ્રગણામાં સજોદ ગામ છે ત્યાં હતો.[1] ખેતીનો ધંધો કરે છે; ગૃહસ્થભિક્ષુકનો ભેદ રાખેછે ને ભિક્ષુકવર્ગમાંના થોડાક તે વેદશાસ્ત્ર ભણેલા તથા થોડાક જોષી પુરાણી છે. આચાર મલિન બહુ; ગૃહસ્થભિક્ષુકને બેટીવેહવાર છે; કોઇ ગૃહસ્થ વતનદાર પણ છે. સજોદરા એકજથે ભરૂચ જિલ્લામાંજ છે.

૨. ઓદિચ્ય પાંચે જિલ્લા થઇ ૪૪,૨૫૬[2] અને બધાં દેશી રાજ્યો થઇ તીસ હજાર ગણીએ તો એકંદર સંખ્યા પોણો લાખની થાય. એ જ્ઞાતિની મુખ્ય બે શાખા સહસ્ર ને ટોળકિયા એ છે અને સહસ્રની બે ઉપશાખા તે સિદ્ધપુરા તથા સીહોરા એ છે. વળી ટોળકિયાનો એક જથો ખંભાતીનો ને બીજો ચરોતરીઆનો છે. ઓદિચ્ય જ્ઞાતિના જથા પ્રાંત તથા ગામ પરત્વે ઘણા છે ને ઓદિચ્યમાંથી છૂટા પડેલા કે ટળેલાની જૂદી જૂદી જ્ઞાતિ છે.[3] ઉત્પત્તિવિષે લખ્યાનું છે કે અનિહલવાડના મૂળરાજ સોલંકીએ (૯૪૨-૯૯૭) મોટા યજ્ઞને અર્થે ઉત્તર હિંદુસ્થાનના ઘણાક બ્રાહ્મણોને બોલાવેલા ને પછી એઓને ગામો આપી ગૂજરાતમાં રાખ્યા; ને એ હજાર જણ તે (ઉદિચિ-ઉત્તર દિશા; ને એ દિશા તરફના માટે) ઔદિચ્ય સહસ્ર એ સંજ્ઞાએ ઓળખાયા; વળી હજાર ઉપરના થોડાક જેઓએ પ્રથમ દાન લીધેલું નહિં તે ટોળકિયા[4] કહેવાયા. ઓદિચ્યમાં ગૃહસ્થવર્ગ જૂદો

---

૧. ઉત્પત્તિ અનાવલાના જેવીજ કહેવાય છે; સજોદની પાસે એક ટેકરો છે ત્યાં રાખ તથા બળેલાં સોપારી નિકળે છે તે રામે કરેલા યજ્ઞની નિશાની છે એમ મનાય છે. સજોદરા ને અનાવલા એ બેને હાલતો કોઇ રીતનો સંબંધ નથી. કોઇ કહે છે કે દક્ષિણથી આવેલા મોતાળા સાથે.

૨. સૂ૦ જિ૦ માં ૮,૫૯૦; ભ૦ ૪,૩૯૪; ખે૦ ૧૦,૭૩૮; અ૦ ૧૯,૩૩૦; ને પં૦ ૧,૨૬૪ છે. સહસ્ર ૩૦,૯૨૫; ટોળકિયા ૮,૯૯૭ ને વર્ગ ન પાડેલા તેવા ૪,૩૯૪ છે. કચ્છમાં ૨,૬૪૫ તે ૨૫૦ વર્ષમાં સીહોર, ઝાલાવાડ, જૂનાગઢ અહીંથી જઇ વસેલા છે. ગાયકવાડી રાજ્યમાં સિદ્ધપુર પાટણ તાલુકામાં ઘણા છે; તળસિદ્ધપુરમાં બેહજાર ઉપર ઘર ઓદિચ્યસહસ્રનાં છે; ભાવનગરના મહાલોમાં સીહોરાનો મોટો જથો છે ને એમાંનો એક ત્રણસે ઘરનો જથો તે સીબીરીઆ કહેવાય છે; વળી એક જથો મુંબઇમાં ઠાકોરદ્વારીઆનો છે. કાઠિયાવાડમાં ગોહેલવાડી, ઝાલાવાડી, જૂનાગઢી એ નામે ઓળખાતા ઓદિચ્યના જથા છે. સૂરતી, અમદાવાદી, તળાજિયા એમ પણ છે.

૩. રાજગોર, પરાજિયા, કાળટિયા, વ્યાસડા. કચ્છના વાગડપ્રાંતના ઓદિચ્ય ખેડુત તે રોટલા ખેતરમાં લેઇજઇ ત્યાં ખાય છે, હુક્કા પીએ છે ને નાતરાંનો ચાલ રાખે છે તેથી તે જૂદી જ્ઞાતિ છે; તોપણ તેઓની દિકરી કાઠિયાવાડના હલવાડના ઓદિચ્ય લે છે; એઓની દિકરી ધ્રાંગદ્રાના અને એઓની તે વીરમગામ, અમદાવાદ ને સિદ્ધપુરના ઓદિચ્યો લે છે.

૪. બ્રાહ્મણ ૫૦૦ને સિદ્ધપુર તથા એ તાલુકાના મળીને ૧૯૨ ગામ અને બીજા ૫૦૦ને સીહોર તથા એ તાલુકાના મળીને ૮૨ ગામ એમ મળ્યાં હતાં. ટોળકિયાએ પાછળથી ખંભાત તથા બીજાં ૧૨ ગામ લીધાં હતાં. એ બધા ઓદિચ્ય ૨૯ ગોત્રના હતા. થોડાક ઋગ્વેદી આશ્વલાયની શાખાના તથા થોડાક સામવેદી કૌથમી શાખાના પણ ઘણા તે યજુર્વેદી માધ્યંદિની શાખાના હતા. હાલ ઓદિચ્યનો બહોળો જથો યજુર્વેદી છે.

B 524—9

નથી.[1] મોટો ભાગ ભિક્ષા,યજમાનવૃત્તિ ને ખેતી એ ત્રણમાં વહેંચાયલો છે; થોડાક પુરાણ વાંચનારા તથા જોષી તથા પૂજારી છે; કેટલાક વેપાર ધંધો ને કેટલાક સરકારી નોકરી કરેછે; ને કેટલાક રસોઇયા છે. સહસ્રમાં તળસિદ્ધપુરના તથા થોડાક બીજા તે આચાર, વેદશાસ્ત્રનું અધ્યયન ને શુક્લવૃત્તિ એણે સર્વ ઓદિચ્યમાં શ્રેષ્ઠ મનાય છે; કેટલાક સીહોરા તે નિશાળ ભણાવે છે; ને ટોળકિયાનો કેટલોક જથો વેપાર ધંધામાં છે. ઉત્તર ગૂજરાતમાં નીચ જાતની વૃત્તિ કરનારાને હલકા ગણવામાં આવેથી કેટલાંક તડાં નવાં થયાં છે; અને દક્ષિણ ગૂજરાતમાં કણબી,દરજી,ગંધર્વ, હજામ, કોળી,માછી, મોચી એનું ગોરપદું ઓદિચ્ય કરેછે.[2] કચ્છમાં ઓદિચ્યસહસ્રમાંના થોડાક તે ઘોડાને શીખવતાં ધારક એ નામે ઓળખાય છે.

દધીચ (ભરૂચ તથા ખેડા જિલ્લામાં) કહે છે કે અમે પૂર્વે ઓદિચ્ય સહસ્રના જથામાં હતા પણ દેહેવાન જ્યાં દધીચિઋષિનો આશ્રમ છે ત્યાં વસવાથી છૂટા પડયા છિયે. તેઓ ગામના પટેલ, ખેડુત ને વ્યાજવટું કરનારા છે.

નાપાળ (માત્ર ખેડા જિલ્લામાં) તે બોરસદ તાલુકામાં નાપાળ ગામ છે તેઉપરથી. ઘણા ખરા ખેડુત છે ને ઓદિચ્યમાંના છિયે એમ કહે છે.

બોરસદા (ભરૂચ તથા ખેડા જિલ્લામાં) તે બોરસદમાં વસેલા માટે, પણ મૂળે ઓદિચ્ય. એ બ્રાહ્મણ હાલ ખેતી કરે છે.

૬. ખેડાવાળ (પાંચે જિલ્લામાં) એ ત્રિપ્રવરી ને પંચપ્રવરી બ્રાહ્મણ એક હજાર વર્ષ ઉપર શ્રીરંગપટ્ટણથી શંકરજોષી ને શોડદેવે એ મુખીનીસાથે ખેડે આવી વસ્યા કે જ્યાં ચંદ્રવંશી મોરધ્વજ નામનો રજપૂત રાજા હતો. રાજાએ પુત્રપ્રાપ્તિને અર્થે તેઓને દાન આપવા માંડયું પણ તે થોડાકે લીધું ને ઘણાએ ન લીધું; ન લેનારા તે ખેડથી ઉચાળો ભરી સુરેલી, ધુમતેલી, ખડાલી, સાંડલી વગેરે ચોવીસ ગામોમાં જઇ રહ્યા ને તે બાજ કહેવાયા; દાન લેનારા ખેડામાં રહ્યા તે ભિતરા કહેવાયા. બાજ તે ગૃહસ્થ ને ભિતરા તે ભિક્ષુક; એ બે સાથે જમે પણ બેટીવહેવાર નહિ; બાજના ગોર જે વેદપુરૂષ કહેવાય છે તેને ને ભિતરાને બેટીવહેવાર ખરો. બાજ તે મોટા જમીદાર ને વ્યાજવટું તથા બીજા ધંધા કરનારા હોઇને ઘણી સારી સ્થિતિમાં છે; તેઓ મદ્રાસ બંગાળે રહી ઝવેરી વગેરેનો ધંધો કરે છે પણ ગૂજરાત સાથે સંબંધ રાખીને;

સીહોર સ્થળને માટે કહેવાય છે કે ત્યાં ગોતમઋષિનો કુંડ હતો ને તેના પાણીના સેવનથી મૂળરાજ પોતાના અસાધારણ રોગથી મુક્ત થયો હતો. સીહોર ઓદિચ્ય બ્રાહ્મણોનું હતું પણ માહોમાહેના ટંટાથી તેઓએ ગોઘાના ગોહિલરાજાને ગામનો ધણી કીધો.

૧. સૂરત જિલ્લાના વાલોડ કસબામાં સો ઘર ઓદિચ્યનાં છે તે પોતાને દેસાઇ કહેવડાવે છે ને દક્ષણા લેતા નથી. તળસિદ્ધપુરમાં આઠ દશ ઘર છે તે જૂનાકાળથી દેસાઇ ગૃહસ્થ છે.

૨. ઘાંચી, ગળિયારા, દરજી, હજામ, ધોબી, મોચી, માછી એના ગોરને સ્વજ્ઞાતિમાં પીરસવાનો પૂર્વે અધિકાર નહોતો. વળી એ ગોર પોતાના યજમાનને ઘેર જૂદી રસોઇ કરીને પણ જમે નહિં; કુંભાર કે લુહારને ત્યાં જૂદી રસોઇ કરી જમે ખરા.

તેઓનાં બૈરાં ન્યાતિમાં જમવા જતાં નથી; બાજનો મોટો જથો ઉમરેઠમાં છે. ભિતરાનાં ગૂજરાતમાં સૌ મળીને ૫૦૦–૭૦૦ ઘર હશે; એની મોટી વસ્તી ડભોઈ, સૂરત ને વડોદરામાં છે; પ્રથમ એઓની મોટી વસ્તી ખંભાતમાં હતી; એ વર્ગ ગરીબ સ્થિતિમાં છે ને કેટલાએક લાડવાણીઆના ગોર છે;[1] એ બ્રાહ્મણ વિદ્યારહિત, ફૂલણિયા ને તામસી છે. ખેડાવાળ મજબૂત બાંધાના, મહેનતુ, કરકસરથી રહેનારા, નાતીલાનો તો ઉપકાર નજાણ એવા ને માથામારૂ છે. તેઓની કેટલીક રીતભાત દક્ષણી દેશસ્થ બ્રાહ્મણના જેવી છે. તેઓમાં હવે અટકના ઋગ્વેદીનો મોટો ભાગ છે. મહીકાંઠામાં કેટલાક બ્રાહ્મણ છે તે કહે છે કે અમે મૂળે તો ખેડાવાળ પણ ખેડ ગામમાં વસ્યાથી ખેડવા કહેવાયા. ખેડવા ને ખેડાવાળ એ બેને હાલ કોઇ રીતનો સંબંધ નથી.

મોતાળા (સૂરત જિલ્લામાંજ ૨૪૦૯ ને ભરૂચ ખેડા અમદાવાદ થઇ ૩૮) તે સૂરતના અગ્નિકોણમાં વીસ મૈલઉપર મોતા ગામ છે ત્યાંના; હાલ પણ તેઓનો એક જથો ત્યાંજ છે ને બીજા બે ઓરપાડ તથા સરસ એ બે ગામમાં છે. જોકે ધંધા રોજગારને વાસ્તે દૂર દેશાવર જાય છે તોપણ શુભાશુભ કર્મ કરવાને તેઓ પોતપોતાને ગામ આવે છે. કહેવાય છે કે મોતાળા, જંબુ (જંબુસરના) ને કપિલ (કાવિના) એ ત્રણ ન્યાતિ મૂળે એકજ ને તેઓ દક્ષિણથી ગુજરાતમાં આવ્યા[2]; સો વર્ષ ઉપર મોતાળાને જંબુસાથે બેટીવહેવાર હતો. તેઓની કુળદેવી તે કોલાપુરની મહાલક્ષ્મી છે. લગ્ન થતી વેળા ને પછી ચાર દહાડા સૂધી કન્યા—વહુ તે પોતાનું માથું ઊઘાડું રાખે છે ને જમણો હાથ ઊઘાડો રહે તેવી રીતે લુગડાંનો છેડો ડાબી તરફ ખોસે છે; વળી લગ્નનું નાડું તે ઉનનું હોય છે. મોતાળા દર ચોથે વર્ષે છોકરા છોકરી પરણાવવાને પોતપોતાના ગામમાં ભેગા થાય છે ને એકજ દહાડે બધાં લગ્ન થાય છે. તેઓ યજુર્વેદી છે પણ કણ્વ શાખાના હોવાથી કંઠસ્વરે વેદમંત્ર ભણે છે. ગૃહસ્થ તે સરકારમાં ને લોકને ત્યાં નોકરી કરે છે ને ભિક્ષુક તે પોતાનીજ ન્યાતિનાને કર્મ કરાવે છે; એ વર્ગમાં કેટલાકે વેદાધ્યયન કીધું છે ને કેટલાક જોષીઓ છે. મોતાળા બુદ્ધિમંત, ઉદ્યમી ને શ્રમ વેઠી કામ કરનારા બ્રાહ્મણ છે.

---

૧. ખંભાતી લાડવાણીઆ ઉપર લગ્નમાં માત્ર ૭ પૈસાનુંજ દાપું ખેડાવાળનું છે. દાપું આગળ ઘણુંજ હતું ને તેઓ વાણીઆઓને બહુ સતાવતા પણ ખંભાતના કલ્યાણરાયે જાતરાને બહાને ત્યાંના ખેડાવાળ માત્રને બૈરાં છોકરાંસાથે વહાણમાં ચઢાવ્યાં ને પછી વહાણને ડુબાડી દેવાની ધાસ્તી આપી લેખ કરાવી લીધો હતો. યજમાનગોરના સંબંધમાં કહેવત કે "લાડ સુકા ઝાડ, દવે વજ્ર કુવાડા."

૨ કોઇ કહેછે કે દક્ષિણમાં મલિક અંબરે હિંદુ ઉપર જુલમ કરેલો તેથી ને કોઇ કહે છે કે દક્ષિણમાં દુર્ગાદેવીના કોપથી દુકાળ પડેલો તેથી. જેવામાં કલ્યાણના સોલંકી ને માલખેતના રાઠોડ દક્ષિણમાં રહી ગૂજરાતમાં સત્તા ચલાવતા તેવામાં મોતાળા ગૂજરાતમાં આવ્યાનો સંભવ વિશેષ છે.

જાંબુ (ભરૂચ જિલ્લામાં) પોતાને યાજ્ઞવલ્ક્યના વંશજ માને છે. તામ્રલેખ ઉપરથી જણાય છે કે તેઓ ઈ० સ० શૈકા ૪ માં (૩૨૨-૩૩૭) જમ્બુસરમાં વસેલા હતા. કહેવાય છે કે પહેલાં તેઓની સંખ્યા મોટી ને તેઓમાં વિદ્યા પણ સારી હતી. હાલ તેઓ થોડાક કુળગોર તથા જોષી છે ને ઘણાક તે વ્યાજવટું તથા બીજા ધંધા કરનારા, ગામના પટેલ ને ખેડુત છે.

કપિલ (ભરૂચ જિલ્લામાં) પોતાને મુનિ કપિલના વંશના માને છે. તેઓ જંબુ-સર તાલુકામાં કાવી તથા સારોદમાં છે ને ખેતી કરે છે.

૪. નાગર છ જ્ઞાતિ તથા ઉપજ્ઞાતિ બારડની તે તળગૂજરાત, કાઠિયાવાડ, કચ્છ થઇને સુમારે બાવીસેક હજાર બ્રાહ્મણની છે. સંખ્યામાં વડનગરા સૌથી વધારે; ને તેથી ઓછા વિસલનગરા, સાઠોદરા, પ્રશ્નોરા અનુક્રમે છે. એ ચારમાંની પહેલી ત્રણ તે હાલ પ્રસિદ્ધિમાં છે.[૧] નાગર-ખંડમાં લખેલું છે તે ઉપરથી સમજાય છે કે વડનગર મોટું તીર્થ હતું ત્યાં હજારો બ્રાહ્મણ આવ જાવ કરતા પણ તેમાંથી જેઓએ પોતાનો સ્થાયી વાસૌ ત્યાંજ રાખ્યો તે વડનગરા કહેવાયા.[૨]

---

૧ વડનગરા સૂ० જિ० માં ૪૨૮; ભ० ૭૬; એ० ૪૬૧; અ० ૧૯૦૦; પં० ૨૪ મળીને ૨૮૮૯; કાઠિયાવાડમાં ૧૮૪૨ માં ૧૨૬૩ ઘર હતાં ને હાલમાં સાંભળ્યાપ્રમાણે જૂનાગઢ, નવાનગર ને ભાવ-નગર એ ત્રણ તાલુકામાં ગૃહસ્થના છસેં સાતસેં ને ભિક્ષુકના પાંચસેં છસેં ઘર છે; વળી વડોદરાના રાજ્યમાં સીનોર, કન્યાળી, વડોદરૂં, પેટલાદ થઇને છસેં ઘર છે; ખંભાતમાં ૩૦ ને જૂજ રેવાકાંઠામાં છે; થોડાંક કચ્છમાં; તો વડનગરાની સંખ્યા નવેક હજારની થાય. વિસલનગરા સૂ० ૭૯૭; ભ० ૩૫; એ० ૩૩૮; અ० ૧૪૬૫; પં० ૧૨૨ મળીને ૨૭૫૭; કાઠિયાવાડમાં જૂજ પણ કચ્છમાં નાગરની સંખ્યા ૧૩૯૪ તેમાં મોટો ભાગ વિસલનગરાનો છે; ગાયકવાડી રાજ્યમાં વિસલનગરનો તળપદો જથો અમદાવાદનાથી વધારે છે ને કડી પ્રગણામાં પણ છે; તો કુલ વિસલનગરાની સંખ્યા સાતેક હજાર થાય. સાઠોદરા કચ્છ કાઠિયાવાડમાં નથી; સૂ० ૪૧; ભ० ૧૬; એ० ૮૮૯; અ० ૫૨૯; પં० ૭૧ મળીને ૧૫૪૬; વળી એક મોટો જથો સાડી ત્રણસેં ઘરનો ડભોઇ ચાણોદનો છે ને એ ઉપરાંત થોડાક બીજા તે વડોદરા, રેવાકાંઠા, મહીકાંઠામાં છે; તો કુલ સંખ્યા ત્રણેક હજારની થાય. પ્રશ્નોરા અ० માં ૫૦૮ છે; બીજાં ઘર મધ્યકાઠિયાવાડમાં ને ભાવનગરમાં છે; એ વર્ગ મોટો નથી ને સુમારે હજાર બારસેં માણસ હશે. કૃષ્ણોરા અ० ૫૯; ચિત્રાડા અ० ૪૪; ને બારડ સૂ० ૪; એ० ૯૦; અ० ૧૭ મળીને ૧૧૧ છે.

૨. શાળાખંડમાં લખ્યું છે કે શિવપાર્વતીનાં લગ્નનું કર્મ કરાવતાં કન્યાનું રૂપ જોઇ બ્રહ્મા મોહ પામી લજ્જિત થઇ જતા રહ્યા ત્યારે શિવે પોતાના લલાટના અક્ષત પૃથ્વી ઉપર નાખી અઢાર બ્રાહ્મણ ઉત્પન્ન કીધા; બારને દેવકન્યા સાથે પરણાવ્યા ને છને કુમારા રાખ્યા કહીને કે એમાં દોષ નહિ લાગે ને થોડે કાળે સૌ એક થશો; પછી એ બ્રાહ્મણોએ શિવપાર્વતીનાં લગ્ન કરાવ્યાં હતાં. એ અઢાર પુરૂષનો વિસ્તાર વધતાં વધતાં ૧૫૦૦ ગોત્ર થયલાં તેમાંથી ઈ० સ० ૨૨૭ ની પૂર્વે ૭૨ રહેલાં ને પછી ઓછાં થઇ ૬૪ રહ્યાં. એ કથાથી આટલું જણાય કે નાગરનો મૂળવાસ હિમાલયના પ્રદેશમાં ને ત્યાંથી તેઓ આનર્ત દેશમાં એટલે ગૂજરાતમાં આવ્યા. રાજ સ્થાનના પુસ્તકમાં લખ્યાપ્રમાણે વલ્લભીપુરના કનકસેને વડનગર વસાવ્યું હતું ઈ० સ० ૧૪૪ માં. એ નગર કોઇ કાળે ચમત્કારપુર, માનપુર, આનંદપુર એ નામે ઓળખાઇ છેલ્લે વટનગર, વૃદ્ધનગર એ નામે સંસ્કૃત ગ્રંથોમાં લખાયું છે.

સાંભરના ખિચિ ચોહાણ વિસલદેવે (ઈ૦ સ૦ ૧૦૧૦-૧૦૭૪) વિસલનગર વસાવી ત્યાં કપોતવધનો યજ્ઞ કરી પાનના બીડામાં વિસલનગર, સાઠોદ વગરે ગામના[1] નામ લખી કેટલાક નાગર બ્રાહ્મણોને આપ્યાં ને એ દાન લીધાથી વડનગરના મોટા જથાએ તે બધા-સાથે વેહવાર બંધ કીધો[2] ને પછી એઓએ ગામથી પડેલા જથાને લીધે માંહેમાંહે વહેવાર બંધ કીધો; અને એ છએ જ્ઞાતિમાંથી જેઓએ અનાગર બ્રાહ્મણોની કન્યા પરણી નવાં ઘર કીધાં તેઓની ઉપજ્ઞાતિયો બંધાઇ ને તે બહિષ્કૃત બારડ એ નામે જૂદા ઓળખાયા. વડનગરા, વિસલનગરા ને સાઠોદરા એ ત્રણેમાં ગૃહસ્થભિક્ષુકનો ભેદ છે; એ ભેદ જેટલો વડનગરામાં તેથીં ઓછો સાઠોદરામાં ને તેથી બહુ ઓછો વિસલનગરામાં પળાય છે. ત્રણે જ્ઞાતિમાં ગૃહસ્થભિક્ષુકને જમવાવેહવાર છે ને લગ્નવેહવાર માત્ર વિસલનગરામાં છે. વડન-ગરામાં એક ઉપર બીજી બૈરી કરતા નથી, સાઠોદરા ગૃહસ્થમાં કોઇ કોઇ બીજી કરે છે ને વિસલનગરામાં બેવાળા ઘણા ને ત્રણવાળા પણ કોઇ છે. વડનગરા તથા સાઠોદરામાં ઋગ્વેદી જન બહુ ને યજુર્વેદી થોડા છે; પણ વિસલનગરામાં ઘણું કરીને બધા યજુર્વેદી છે. શુભાશુભ કર્મ કરાવી જાણે તેવા જન ભિક્ષુકવર્ગમાંના તે વડનગરા તથા સાઠોદરામાં છે ને વિસલનગરામાં બહુ થોડા છે. વડનગરામાં પલ્લું મોટું, તેથી ઓછું સાઠોદરામાં ને વિસલનગરામાં બહુજ ઓછું હોય છે.

વડનગરામાં કેટલાક મોટા દેસાઇ તથા જમીદાર છે; કેટલાક દેશી રાજ્યસ્થાનમાં મોટા કાર-ભાર ઉપર છે; ઘણાક ત્યાં ને અંગ્રેજી રાજ્યમાં અનેક પ્રકારની નોકરીમાં છે; વેપાર સાહુકારીના ધંધામાં છે ને કેટલાક વિદ્યાખાતામાં છે. વિસલનગરા તે કોઇ જમીદાર, કેટલાક ખેડુત, કેટલાક રસોઇયા, કેટલાક વેપાર સાહુકારી કરનારા કે એઓની નોકરી કરનારા ને થોડાક વિદ્યાખાતામાં છે. સાઠોદરાનો મોટો ભાગ દેશી રાજ્યમાં ને અંગ્રેજી રાજ્યમાં નોકરી કરનારો તથા કેટલાક વિદ્યાખાતામાં છે અને ચાણોદના ભિક્ષુક તે તીર્થગોર છે.

કુળદેવ હાટકેશ્વર (સુવર્ણનું-રૂપ લિંગ એવો) ને કુળદેવી અંબા છે; પ્રતિવર્ષે ચૈત્ર શુદ્ધ ૧૪ એ બ્રાહ્મણ ને વાણીઆ તેનું પૂજન કે સ્મરણ કરી ભોજન કરે છે; જે જે ગામમાં મોટા જથા ત્યાં ત્યાં હાટકેશ્વરનું દહેરૂં હોય છે ને ઓચ્છવને દહાડે જ્ઞાતિભોજન થાય છે. નાગર જ્ઞાતિ આચારવિચારે, વિદ્યાબુદ્ધિયે, સ્થિતિસુઘડતાએ ગૂજરાતી બ્રાહ્મણોની જ્ઞાતિયોમાં સર્વોપરિ મનાઇ છે; ગૃહસ્થવર્ગે રાજ્યકારભારે તથા બ્રાહ્મણવર્ગે વેદશાસ્ત્રનાં અધ્યયને ને બંનેએ ઉત્તમ આચારે જ્ઞાતિની કીર્ત્તિ વધારી છે. હાલ વડનગરમાં વડનગરા બ્રાહ્મણનું એકજ ઘર છે. નાગર એ શબ્દ જે બ્રાહ્મણનાગરકુળ વડનગરમાં બંધાયું તેને તથા તેના યજમાન વાણિયા એનેજ લગાડવામાં આવે છે;—વડનગરના કણબી વગેરે તે નાગર નહિ.

---

૧. સાઠોદ ગામ રેવાકાંઠે; પ્રશ્નોર, કૃષ્ણોર, એની ભાળ નથી ને ચિત્રોડ તે કાઠિયાવાડમાં.

૨. વડનગરા તે વિસલનગરા કે સાઠોદરાનું જમે નહિ પણ પોતાના વર્ગનું મુડદું માત્ર વિસલ-નગરો બાળે તો તેનું પૂત્તળવિધાન કરે નહિ.

૫. ભાર્ગવ, ભૃગુના વંશજ કે તેના આશ્રમના તે ભરૂચ વસ્યું ત્યારથી ત્યાંજ છે. એની નિશાનીમાં આ એક છે કે ભરૂચની સઘળી જાતની વસ્તી પારસીસુદ્ધાં લગ્નને પ્રસંગે કાંઇક મુકરર કરેલી રકમ એ જ્ઞાતિને આપે છે. કોઇ કાળે ૧૮ હજાર કુટુંબ હતાં પણ હવે સંખ્યા ઘણીજ ઓછી છે. એ જ્ઞાતિના બે જથા વીસા ને દસા તેને પરસ્પર રોટીબેટીનો વહેવાર નથી. ભરૂચ સૂરતના ભાર્ગવ તે વીસા ને માંડવી કામળેજના તે દસા છે. પહેલા તે બ્રાહ્મણની વૃત્તિ રાખી રહ્યા છે ને બીજા તે યજમાનવૃત્તિવાળા, ખેડુત ને મજુરી કરનારા છે. કહેવાય છે કે એકવાર કેટલાક ભાર્ગવ લગ્ન કરવાને માંડવી જતા હતા પણ હોડી ડુબી ગઇ ત્યારથી બેટી આપવાલેવાનો વહેવાર બંધ પડયો છે. ભાર્ગવ જ્ઞાતિમાં પણ ગૃહસ્થભિક્ષુકનો ભેદ છે; એ જ્ઞાતિમાં ઘણાક યજુર્વેદી ને કેટલાએક ઋગ્વેદી આશ્વલાયન[1] શાખાના છે. થોડાંક કુટુંબ જે બ્રિટિશ તથા દેશી રાજ્યોમાં સારી પદવીઉપર છે તે સિવાય બીજાઓની સ્થિતિ સારી નથી. ભરૂચના ભાર્ગવ રૂપાળા ને બુદ્ધિમાન છે; ઘણાકે વેદવિદ્યાએ પોતાની પ્રતિષ્ઠા વધારી છે.

૬. મેવાડા તે પ્રથમ મેવાડથી આવેલા. તેઓનો કુળદેવ તે મેવાડનો એકલિંગ મહાદેવ છે. ગૃહસ્થભિક્ષુકનો ભેદ નથી ને સૌજ યજુર્વેદી છે. કેટલાક ખેતી કરે છે, કેટલાકને યજમાન (મેવાડા વાણીઆ, મેવાડા સુથાર) છે, અને ઘણાક તે ભિક્ષાવૃત્તિવાળા છે. ચોરાસી મેવાડામાં વેદશાસ્ત્રનું અધ્યયન કરવાવાળા કેટલાક છે ને ભટમેવાડામાં[2] કેટલાક જોષી, પુરાણી, વૈદ્ય ને મહેતાજી છે. ત્રવાડી મેવાડા ગરીબ હાલતમાં છે ને વડોદરામાં પાણીભરાનું કામ કરેછે; તેઓ જ્ઞાતિને ભોજન આપવામાં મેળાવામાં ઘી પીરસી જમનારને તૃપ્ત કરવામાં મોટું માન સમજે છે; સાડી સત્તાવીસ એ નામે ઓળખાતાં કુળ જેને ઘી પીરસવાનો હક છે તેમાં ગણાવવાનો તેઓ બહુ લોભ રાખે છે.

૭. મોઢ એ નામ વાત્રકના કાંઠાઉપરના મોઢેરા ગામઉપરથી છે. મોઢ બ્રાહ્મણ તે મોઢ વાણીઆના ગોર. કેટલાકને યજમાન છે, થોડાક ખેડુત છે, જૂજ વેદીઆ કે કર્મ કરાવનારા પણ વધારે શાસ્ત્રી કે પુરાણી છે ને ઘણાક તે ભિક્ષાવૃત્તિવાળા છે;—કપડવંજ ને બાલાસીનોરના મોઢ તે વડોદરા બ્રાહ્મણની પેંઠેજ ગામેગામ જઇ ભીખ માગે છે. છ જ્ઞાતિ જાણીતી તેમાં ચાતુર્વેદી ને ત્રિવેદી એ બેજ ઊંચી છે; મોઢ કાઠિયાવાડમાં ઘણા છે ને કચ્છમાં પણ છે. ધીણોજા મોઢસાથે

---

૧. કેટલાંક કુળ ખંડોબાની મૂર્ત્તિ નિત્ય પૂજે છે; જ્ઞાતની રીત કે જમણની પાછળ છાસ હોવીજ જોઇયે; ઋગ્વેદી આશ્વલાયની છે;— એ ઉપરથી તે દક્ષિણના બ્રાહ્મણ પણ હોય.

૨. ભટમેવાડા તે રજપૂતમાંથી બ્રાહ્મણ થયલા છે એમપણ કોઇ કહે છે. કેટલાક તે મેવાડમાં સીપાઇગીરી કરે છે. ઉત્પત્તિ કે મેવાડા નાગકન્યાને પરણવા ગયલા તેમાં કેટલાક,ગામને ચોરેથી ને કેટલાક તોરણેથી પાછા વળ્યા ભયે, પણ કેટલાક તો ભોંયરામાં–પાતાળમાં જઇ પરણી આવ્યા; એ ઉપરથી ત્રણ ભેદ થયા છે.

બીજા મોઢ કે બીજા બ્રાહ્મણ જમતા નથી; ચાતુર્વેદી ને ત્રિવેદી એ બેને પણ રોટીબેટીનો વહેવાર નથી. ચાતુર્વેદી કહે છે કે બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર, એઓએ યજ્ઞ કીધો ત્યાં ૧૮ હજાર બ્રાહ્મણ હતા; એઓને સ્ત્રીરહિત જોઇ શક્તિયોએ દેવોની આજ્ઞા લેઇ એકેક જણે છ છ હજાર કુમારિકા ઉત્પન્ન કીધી. તેઓનાં કુટુંબ ૨૪ ગોત્રના તે મોઢેરામાં રહેતાં માટે મોઢ કહેવાયાં. ત્રિવેદી મોઢ કહે છે કે સુંવાળમાં મોઢેરામાં રામચંદ્રે યજ્ઞ કીધો ને ત્યાં ૧૮ હજાર બ્રાહ્મણ હોવાથી તેઓના નિર્વાહને માટે ૩૬ હજાર વાણીઆ ઉત્પન્ન કીધા; અને ઠેરવ્યું કે બબ્બે વાણીઆએ એકેક બ્રાહ્મણનો નિર્વાહ કરવો; એ પ્રમાણે અમણાં પણ ચાલે છે. કોઇ કહે છે કે સીતાના લગ્નપ્રસંગઉપર એ ગામ જે બ્રાહ્મણોને દાનમાં આપ્યું તે મોઢ.[1]

૮. **રાયકવાળ** એના સૌ મળીને ૧૨૯૨ ઘર કહેવાય છે. એમાં ગૃહસ્થ વર્ગ નથી. જૂજ કોઇ સરકારના સંબંધમાં ઊંચી પદવીના છે કે નોકરી કરે છે; થોડાક જણ બ્રાહ્મણની ઊંચી વૃત્તિ રાખે છે પણ ઘણાક તો ભીખનો ધંધો કરે છે.

૯. **વડાદરા** એ નામ અમદાવાદથી ૧૪ મૈલ ઉપર વડાદ ગામ છે તે ઉપરથી પડ્યું છે. હાલ તેઓનો મોટો જથો મેમદાવાદમાં છે. કેટલાક ખેતીનો તથા કેટલાક વ્યાજવટાંનો ધંધો કરે છે પણ મોટો ભાગ તે ગામેગામ જઇ ભીખ માગે છે. ભીખ માગતા વડાદરા હાથ જોઈ ભવિષ્ય ને ટીપણું વાંચી વર્ષફળ કહે છે; ફળિયાના લોકને મેળવી શરીરમાં માતા આણી એની પાસે કલ્યાણનાં વચન બોલાવે છે ને તે પ્રસંગે મોડાંમાંથી સોપારી, કંકુ, નાળિયર, ઘાટડી કાઢી બડો ઢોંગ મચાવે છે. તેઓ મુંબઇ ને માળવા લગી જાય છે; આઠ મહિના ફરે છે; ને ચોમાસામાં પોતાના ગામમાં રહે છે. તેઓ સારેમાઠે કારજે રૂ ૫૦૦ થી તે ૨૦૦૦ સૂધી ખરચે છે.

૧૦. **વાલમ** બ્રાહ્મણ તે પાટણ તાલુકાના તેજ નામના ગામને નામે; ખેડુત ને ભીખ માગનારા છે. શૈકા ૧૪ માં તેઓ ખંભાતના અખાત ઉપર વાલે છે ત્યાં કાયસ્થના ગોર હતા; પણ પછી યજમાન સાથે વાંધો પડેથી તેઓ વાલેથી ઉપડી ધંધુકા, વસો, સોજિત્રા વગેરે ગામોમાં જઇ વસ્યા. ધંધુકામાં વાલમ બ્રાહ્મણજ છે ને તે વીસામોઢ વાણીઆના ગોર છે

---

૧. એ છમાં ચાતુર્વેદી સૂ૦, ખે૦, અ૦, પં૦, થઇને ૧૧૪૧૩ છે; અને ત્રિવેદી તે સૂ૦, અ૦ ને પં૦ થઇને ૬૧૯ છે. અગિયારસીઆ સૂ૦, ખે૦ ને અ૦ થઇને ૩૨૧ છે. ધીણોજા ને તાંદળજા સૂ૦ તથા અ૦ માં ૫૬ છે; જેઠીમલ સૂ૦, ભ૦ માં ૧૦૩ ને કચ્છમાં ૧૬૩ છે. વળી મોઢમાં ત્રિપાળા, ખિજડિયા એ ભેદ છે; ને કાઠિયાવાડમાં મજ્જુકોઠિયા, ચુંડા, વાવડા, સંબના, સરખેજી એ છે. કચ્છમાં ચાતુર્વેદી તે રામાનંદી છે ને ત્રિવેદી તે શૈવ છે. તેઓ કહે છે કે અલાઉદ્દીન ખિલજીના ત્રાસથી ઇ૦ સ૦ ૧૩૦૪ માં તેઓ મોઢેરેથી કચ્છમાં આવી વસ્યા. જેઠીમલ તો છેક ઉતરીગયલા છે,–જેઓ સ્વામીનારાયણી નથી તેઓ માંસમદ્ય વાપરે છે ને નાતરાંનો ચાલ રાખે છે; ગોરા, જોરાવર, કદાવર, કસરતવાળા છે; તેઓ મલકુસ્તી કરનારા, દરબારના સંદેશા લેઇજનારા ને કોઇ કારકુન છે; તેઓ દેવીભગત છે ને તેઓની ઇષ્ટદેવી તે લિંબોજા છે.

ને ત્યાં વાણીઆમાં પણ વીસામોઢજ છે. ધંધુકાના વાલમ, વીસામોઢ ને વહોરા એઓ પોતાની કાવાદાવાની બુદ્ધિયે લોકને જાણીતા છે. રવાળ એ વાલમમાંથી છૂટા પડયા છે.

૧૧. **શ્રીગોડ** એને માટે કહેવાય છે કે તેઓ કાશ્મીર શ્રીનગરથી માળવે ને ત્યાંથી પછી ગૂજરાતમાં આવ્યા. ગૂજરાતના શ્રીગોડને માળવા તથા રજપૂતસ્થાનના શ્રીગોડસાથે કેશીએ વહેવાર નથી. થોડાક બ્રાહ્મણની વૃત્તિયે વેદશાસ્ત્રનું અધ્યયન કરે છે, કેટલાક યજમાન વૃત્તિ ને કેટલાક વૈદું કરે છે. શ્રીગોડની ચાર જ્ઞાતિ છે. જૂના, નવા, માળવી ને મેતવાળ.

૧૨. **શ્રીમાળી** એ નામ શ્રીમાળ નગર (હાલ ભિન્નમાળ) જે પાલણપુરની ઉત્તરે ૭૫ મૈલ ઉપર મારવાડના સિરોહી ઇલાકામાં છે તે ઉપરથી છે. તે નગર સાતમા શૈકામાં એક મોટાં ગુર્જર રાજ્યનું રાજધામ હતું. તે નગર તૂટ્યું ને શ્રીમાળીઓ ગૂજરાતમાં આવ્યા. શ્રીમાળીમાં કેટલાક વેદીઆ તથા કર્મ કરાવનારા છે. કેટલાક તે શ્રીમાળી વાણિયા, શ્રીમાળી સોની, પોરવાડ વાણિયા અને શ્રીમાળી પોરવાડ શ્રાવક એઓનું ગોરપદું કરે છે; થોડાક ખેડુત, થોડાક પૂજારી, ને કેટલાએક ભીખ માગે છે. એ બ્રાહ્મણમાં પોણો ભાગ સામવેદી ને પા ભાગ યજુર્વેદી છે. બીજી બધી જ્ઞાતિમાં ૪ વાર મંગળ ફેરાનો ચાલ છે પણ શ્રીમાળીમાં આઠવાર તે ઉપરથી તે અષ્ટમંગળા પણ કહેવાય છે. ધોળકામાં તેનો મોટો જથો છે ને બીજા જથા તે ભાવનગર, જૂનાગઢ, પોરબંદર, નવાનગર, કચ્છ એણી તરફ ને અમદાવાદ, સોજિત્રા, ખંભાત, સૂરત એણી તરફ છે ને સોને સાથે જમવામાં બાધ નથી. ઉત્પત્તિ આવી કથી છે કે વિષ્ણુલક્ષ્મીના વિવાહને પ્રસંગે લક્ષ્મીની ઇચ્છાથી વિષ્ણુએ દેશદેશના બ્રાહ્મણોને બોલાવ્યા ત્યારે તેઓની સંખ્યા ૫૦ હજારની થઈ; જ્યારે પહેલી પૂજા ગૌતમની કરવા માંડી ત્યારે કેટલાક સામા થયા તેથી એઓને દૂર કરવામાં આવ્યા ને પછી દાનમાં શ્રીમાળ નગર ૪૫ હજાર બ્રાહ્મણોને આપ્યું. ૧૪ ગોત્ર તેમાં ૭ સામવેદી ને ૭ યજુરવેદીનાં. એઓ નગરના પશ્ચિમ ભાગમાં રેહતા; ઉત્તરમાં ઉર્વલા, પૂર્વમાં પોરવાડ વાણિયા ને દક્ષિણમાં પટોલિયા; ત્યાં વાણીઆની વસ્તી ૯૦ હજાર ને સોનીની ૮૦૬૪ હતી. કેટલેક કાળે ૫ હજાર ભોજક થયા; ૩૫ હજાર મારવાડ તથા મેવાડ ગયા ને ૫ હજાર ગૂજરાત આવ્યા; અહીં આવ્યા પછી સુનંદ નામનો વાણીઓ શ્રીમાળી માત્રની કુળદેવી જે મહાલક્ષ્મી તેની મૂર્ત્તિ શ્રીમાળથી પાટણ લેઇ આવ્યો હતો.

કાઠિયાવાડમાં ઉત્પત્તિવાળી જ્ઞાતિયો.

ઉનેવાળનો મૂળ વાસ ઊણા દેલવાડામાં ને હજી ત્યાંજ જથો છે. ચારે જિલ્લા થઇ ૫૭૬ છે. કાઠિયાવાડમાં તે ભિક્ષાવૃત્તિ કરે છે ને કોઈ જોષી પુરાણી કે વૈદ છે, સૂરતમાં કેટલાક સારી નોકરીપર છે ને બેડા અમદાવાદમાં ઘણાખરા ખેતી કરે છે કે ભીખ માગે છે. કંડોળિયા તે ધોરાજી પાસે કંડોલ ગામ છે ત્યાંના. કણ્વ ઋષિની ઇચ્છાથી બ્રહ્માએ ૩૬ હજાર બ્રાહ્મણ ઉત્પન કીધા ને તેને કપોળ તથા સોરઠિયા વાણિયાનું ગોરપદું સોંપ્યું. કંડોલ ગામમાં સામુદ્રી માતા છે તે તેઓની કુળદેવી છે. કેટલાક મહીકાંઠામાં રજપૂત ઠાકોરોના રસોઇઆ છે.

ગિરનારા કહે છે કે સોનારેખા નદીના દામોદર કુંડમાંથી કૃષ્ણ પ્રગટયો ત્યારે એણે તેઓને ઉત્પન્ન કીધા. આજે પણ મોટો જથો ગિરનાર તરફ હોઈને તેઓ કાઠિયાવાડમાં વેરાતા પણ છે. માધુપુરમાં તેઓનો મોટો જથો છે. તેના ચાર વર્ગ અજીકિયા, ચોરવાડિયા, પનૈ ને બારદાઈ; એ છેલ્લો ભ્રષ્ટ થયો છે. કચ્છમાં પનૈ વર્ગના છે ને તેની સંખ્યા ૭૮૭ છે. ગિરનારા કેટલાક યજમાનીઆ કે પૂજારી કે પુરાણી કે જોષી છે; કોઇ વ્યાજવટંતર કરનારા કે મહેતા છે; કોઇ ભરનારા કે વૈષ્ણવોને ત્યાં રસોઇયા છે અને થોડાકને ગરાસ જમીન છે. તેઓ બીજા જમતા નથી. તેઓ ઋક્ યજુસ સામવેદી ને વલ્લભી વૈષ્ણવ છે. તેઓની ૩૬ કુળદે સોરઠ તથા હાલારમાં છે. ગુગળી દ્વારિકા તથા બેટના મંદિરના પૂજારી તથા તે તીર્થના રાજગોરના ગોર, પુરાણી કે જોષી, વેપારધંધો કરનારા, મંદિરોમાં ગાનારા કે ભિક્ષા મ તેઓ યજુર્વેદી, પોણોભાગ વૈષ્ણવ ને સૌમળીને ૩ હજાર જનોઇ છે; ચંદ્રભાગા, આશ ડીઆર વગેરે તેઓની કુળદેવી છે. ઉત્પત્તિ આવી કે બ્રહ્માએ ૬૦ હજાર વાલખિલ્ય (અંગૂ ઋષિ ઉત્પન્ન કરી બેટ દ્વારિકા તરફ મોકલ્યા પણ ત્યાં કુશ નામનો રાક્ષસ તેઓને રહેવા પણ પછી શમી તથા ગુગળનો ધૂપ કરેથી તે નાશ પામ્યો ને ગુગળીઓ ત્યાં રહ્યા. ડાકોરના દ્વારિકાનાં ગુગળીસાથે સંબંધ નથી અને ગોમતીવાળ બ્રાહ્મણ તે બેટ દ્વારિકાના પણ ડાકોરની ગોમતી એ તીર્થના છે;—એ ઘણા ખરા ખેડુત છે રેવાકાંઠામાં વિશેષે. સોમપરા સોરઠી સોમનાથના દહેરાંને મહમૂદે ભાગ્યું તેવેળા ત્યાં જે બ્રાહ્મણ હતા તેના વંશના છે. અહલ્યા બાઇએ ફરીથી ત્યાં દહેરૂં બંધાવ્યું છે ત્યાં કેટલાકને રાખ્યા છે. એ થોડા ને વેરાતા ને ગરીબી હાલતમાં છે; સોમપરા બધા શૈવ છે.

મારવાડના સંબંધવાળી ન્નાતિયો.

ઝારોળા એ નામના વાણીઆના ગોર મારવાડમાં ઝારોળ છે ત્યાંના હોય પણ આજે મોટી-વસ્તી ડભોઇ ચાણોદપાસે ઝારોળ ગામ છે ત્યાં છે. નંદવાણા મૂળે મારવાડમાં વીરાની છે ત્યાંના; ત્યાંજ તેની કુળદેવી વાંકલ નામની છે; યજુર્વેદી ને શૈવ છે. નાંદી ઋષિ અશ્વમેધ કરાવતા તેને બ્રહ્માની સાવિત્રીએ શાપ દીધેલો તેના વંશના છે; શાપથી વંશજે વેદશાસ્ત્રનું ન્નાન ખોયલું પણ વાંકલની કૃપાથી તેઓએ પાછું મેળવ્યું છે. એ કેટલાક ગોરપદું કરે છે, ખેડુત ને વેપારધંધો કરનારા છે. કચ્છમાં ૩૫૦ છે. પલ્લીવાળ એ ગૌડ બ્રાહ્મણ મારવાડમાં પાલીગામ છે ત્યાંના. તેરમાં શૈકાના આરંભમાં શીઓજી રાઠોડે તે બ્રાહ્મણોનો સંહાર કરી તેઓનું ગામ લેઈ લીધું ત્યારે ઉગરેલામાંના કેટલાક ગૂજરાતતરફ આવ્યા. તેઓ ગોરપદું કરે છે, ખેડુત છે ને ભીખ માગે છે. તેઓની કુળદેવી ચુંવાળની બહુચરા છે. તેઓ પાલણપુરમાં ને કચ્છમાં છે. પોકરણા ભાટિયાના ગોર ને વૈષ્ણવ તે અજમેરપાસે પુષ્કર ક્ષેત્ર છે ત્યાંના; મૂળે શ્રીમાળીમાંથી છૂટા પડેલા. તેઓ ખેડુત, કંટ્રાક્ટર, મહેતા ને સુખડીઆ છે. ઊંચી ન્નાતિના બ્રાહ્મણ તેઓસાથે જમતા નથી. તેઓની કુળદેવી મારવાડમાં લક્ષ્મીજી ને ચામુંડા એ છે. કચ્છમાં તેની સંખ્યા ૨૩૨૧ છે. રાયથલા મળે વીકાનેર કે મારવા-

ડમાં થાલી છે ત્યાંના ; લૂણાવાડામાં ઘણા છે. સાચોરા કેટલાક વૈષ્ણવમંદિરમાં રસોઇયા છે, કેટલાક ધંધો કરે છે ને કેટલાક ભીખ માગે છે. સામ કે યજુર્વેદી છે ; થોડાક શૈવ પણ ઘણાક વૈષ્ણવ છે. તેઓની કુળદેવી પ્રત્યંગિરા તે જોધપુરમાં સતીપુર કે સાચોર છે ત્યાં છે.

બીજી દેશી પરદેશી પરચૂરણ જ્ઞાતિયો.

ઉદંબરા તે સામળાજી તરફના ને નીમા વાણીઆના ગોર. ખડાયતા તે અમદાવાદ જિ-[illegible]રાંતીજ પાસે ખડાલ ગામ છે ત્યાંના ને ખડાયતા વાણીઆના ગોર. ગયાવાળ તે ઉત્તર [illegible]માં ગયા તીર્થ છે ત્યાંના. દીસાવાળ તે પાલણપુરમાં દીસા છે ત્યાંના મૂળે ને તેજ નામના [illegible] ગોર. નાંદોરા તે નાંદોદના ; ખેતી કરે છે ને ભીખ માગે છે ; રાજપીપળા તથા [illegible] રજપૂતોનું ગોરપદું કેટલાક કરે છે. રેંઢવાળ તે ખેડુત ને ભિખારી છે ને કહેવાય [illegible]ાં વર્ષઉપર તેઓ વખતે વખતે લૂટારાનું પણ કામ કરતા. વાયડા તે એ નામના વાણી-[illegible]ાર ; કહેવાય છે કે દ્વારિકાબેટ તરફ તેઓની પહેલી વસ્તી હતી. હરસોરા તે અમદાવાદ [illegible]ાં હરસોલ છે ત્યાંના ને તે નામના વાણીઆના ગોર.

ઉતરતી મનાયલી જ્ઞાતિયો.

અબોટી કોઇ દ્વારિકાબેટનાં દહેરામાં નોકર, કોઇ ભીખ માગતા, કોઇ બરડા તાલુકામાં [illegible]ડું, કોઇ સુખડિયા ને કોઇ બીજા ધંધા કરે છે. એ જ્ઞાતિ નાની ને બહુ ગરીબીમાં છે. કૃષ્ણે દ્વારિકામાં યજ્ઞ કરેલો ત્યાં વાલ્મિક ઋષિનો નાનો પુત્ર ગરૂડઉપર બેસી આવેલો તેથી અબોટીની ઉત્પત્તિ છે; કૃષ્ણભક્ત હોઇને દ્વારિકાનાથને ઇષ્ટદેવ માને છે. જાત્રાળુ દ્વારિકાનાથને ધજા ચઢાવે તે લેવાનો હક તેઓનો છે. આહીરા પરાજિયાનું એક ટોળું. કાળટિયા એકાદશા સંબંધી કેટલુંક નિષિદ્ધ હોમકર્મ કરે છે શૂદ્રનેમાટે પણ; મોચી માછી વગેરે નીચી જ્ઞાતિના ગોર છે ; તપોધન સાથે જમતા નથી ને કોઇ નાતરૂં કરતા નથી; સંખ્યા પાંચે જિલ્લા થઈ ૫૨૩ છે. તપોધન એ શિવને અર્પેલું પોતાના ઉપભોગમાં લે છે; ને મોટો ભાગ નાતરાંનો ચાલ રાખે છે. કોઇ મહાદેવના પૂજારી છે તે ભરડાને નામે ઓળખાય છે; કોઇ ખેડુત, કોઈ સાહીવાળા, કોઇ મજુરી કરનારા ને થોડાક કડિયા છે. પાંચો જિલ્લા થઇ સંખ્યા ૭૪૧૮ છે. પરાજિયા જૂનાગઢ પાસે પરજગામ છે ત્યાંના; ઓદીચથી છૂટા પડેલા; રજપૂત, સૂથાર, લુહાર, ભરવાડ, કુંભાર, રબારી, દરજી સાથે જમે છે ને નાતરાંનો ચાલ રાખે છે. શિવ તથા શક્તિને પૂજે છે. કચ્છમાં તેની સંખ્યા ૨૧૩૮ છે. બારદાઈ ગિરનારામાંથી નિકળ્યા છે. ભોજક એ શ્રીમાળીમાંથી ટળી અબ્રાહ્મણ વર્ણ સાથે જમતા થયા; તે જૈન વાણીઆના ગોર થઇ જૈનસાથે જમે ને જૈન દહેરામાં ગાનારા પણ જૈન ન કહેવડાવી જનોઇ રાખી બ્રાહ્મણની દેવીઓને પૂજે છે. મોટો ખરચ કરી મારવાડથી છોકરી આણી પરણે છે ને નાતરાંનો ચાલ રાખતા નથી. માત્ર અ૦ જિ૦ માં ૩૩ ને પં૦ માં ૨ ને કચ્છમાં ૧૮૨ છે. રાજગર-ગોર એ ઓદીચમાંથી ટળેલા બ્રાહ્મણ રજપૂત તથા કાઠીસરદારોના ગોર છે; તેઓ તેની સાથે ને વાણીઆ કે કણબી સાથે જમે છે; [illegible]તરાંનો [illegible]લ રાખે છે ; એ જ્ઞાતિ સંસારી સ્થિતિમાં

સારી છે. માત્ર અ૦ જિ૦ માં ૩૫૮ છે; કાઠિયાવાડમાં ઘણા છે. તેઓ રજપૂત તથા કાઠી સરદારો ઉપર દાપાં રાખનારા ને ટાણાંને પ્રસંગે બક્ષીસ લેનારા છે. કચ્છમાં ૭૩૮ છે ને જાડેજા સરદારોના માનીતા હોવાથી કેટલાકને ગામ જમીન મળેલાં છે. વેદાંત પોતાને વેદવ્યાસના વંશજ માને છે; યજુર્વેદી શૈવ કે વૈષ્ણવ છે; કુળદેવી સરસ્વતી તે કાશીમાં છે; જનોઇ રાખે છે પણ વાણીઆ સાથે જમે છે. કચ્છમાં ૪૪૦ છે. કોઇ ગોરપદું કરે છે ને કોઇ મેહેતાજી છે પણ ઘણાક ખેતી કરે છે; તેઓ કાશીમાં વેદિયા કહેવાય છે. વ્યાસ એ જ્ઞાતિ ૪૦૦ વર્ષઉપર અમદાવાદના બાદશાહના કોઇ બ્રાહ્મણ મસ્કરાને પ્રાયશ્ચિત્તકર્મ કરાવનારા ૧૦૮ કુળના બ્રાહ્મણ ઓદીચ્ય, નાગર, શ્રીમાળી વગેરે હતા જેઓને પોતાની જ્ઞાતિમાંથી દૂર કરેલા તેઓએ કરી છે એમ વળી કોઇ કહે છે. અમદાવાદના વ્યાસ પેશવાઇમાં વેપારી ને વણજારા હતા; હાલમાં તેઓ ખેડુત, કાપડિયા, વ્યાજે ધીરનારા ને ભીખ માગનારા છે. તેઓ પહેરવેશમાં રજપૂત ને કણબી જેવા છે ને નાતરાંનો ચાલ રાખે છે. વ્યાસની નવી જ્ઞાતિ થઇ કે તેમાંથી કેટલાકે ભવાઈ કરવાનો ધંધો ચલાવ્યો ને એ ઉપરથી તેઓ ભવાયા કે તરગાલિયાપણ કહેવાય છે. તેઓ કણબીઓ સાથે જમે છે ને એઓ તેઓની બહુ ખાતર કરે છે. પંચમહાલવિના ચારો જિલ્લા થઇ સંખ્યા ૧૫૩૧ છે. સારસ્વત[1] તે ખતરી, લુહાણા, ભણશાલીના ગોર છે; શૈવ છે; ને જ્ઞાતિની ઇષ્ટદેવી સરસ્વતી છે. કોઇ પુરાણ વાંચે છે, કોઇ જોષી છે, કોઇ નિશાળ ભણાવે છે, કોઇ વેપારધંધો, કોઇ મહેતાગીરી કે કોઇ સિપાઇગિરી કરે છે. તે યજમાન સાથે જમે છે ને નાતરાંનો ચાલ રાખે છે. કેટલાક મોઝાંબિક કે આરબસ્તાન જઇ ત્યાંના યજમાનોપાસેથી દક્ષિણા લેઇ આવે છે; કચ્છીની સંખ્યા ૫૪૩૧ છે. સોરઠિયા સારસ્વત કચ્છી સાથે વહેવાર રાખતા નથી; જથો નાનો છે પણ પોતાની વિદ્યાએ અંકિત છે; ખતરી ને પરજિયા સોનીના ગોર છે પણ તેઓસાથે જમતા નથી ને કચ્છીની પેઠે માંસ ભક્ષણ પણ કરતા નથી. સારસ્વત પાંચે જિલ્લા મળીને ૩૫૬ છે. કોઇ ક્રિયા કરાવનાર, કોઇ જોષી, કોઇ સરકારી નોકરીમાં, કોઇ વકીલ ને કોઈ વ્યાજે નાણું ફેરવનારા છે; એઓએ યજમાન ઉપર કેટલાંક દાપાં રાખ્યાં છે. સેવક તે વૈષ્ણવ મંદિરમાં ગાવા બજાવવાનો ધંધો કરે છે; કચ્છમાં ૧૭૪ છે.

જ્ઞાતિયોસંબંધી વિવેચન, વિશેષ જાણસાથે—

૧. જ્ઞાતિઓના વર્ગ સાત પડેછે: ૧ બહુ જૂના કાળથી નર્મદાતટે વાસો કરી રહેલા; ૨ સૂરત ભરૂચના ખેડુત; ૩ દક્ષિણ હિંદુસ્થાનના; ૪ ઉત્તર હિંદુસ્થાનના; ૫ કાઠિયાવાડમાંજ ઉત્પન્ન થયલા; ૬ મારવાડના સંબંધના; ૭ પંજાબથી આવેલા.[2] વળી ઓદીચ્ય, નાગર, મોઢ, શ્રીમાળી એ જ્ઞાતિ

---

૧. એ પાંચ ગૌડમાંના એક છે. એઓનો મૂળ વાસ પંજાબમાં; ત્યાંની સરસ્વતીને ઇષ્ટદેવી માને છે; પંજાબમાં બીજા બધા બ્રાહ્મણોકર્તા સારસ્વત ઊંચા મનાય છે; ત્યાં તેઓનાં ૪૭૦ તડાં છે.

૨. બ્રિ૦ આ૦ ભાગમાં ૧,૪૭,૩૦૪ શુદ્ધ જ્ઞાતિના બ્રાહ્મણ તેના સેંકડાના પ્રમાણમાં નર્મદા તટના તથા અનાવલા સજોદરા તે ૨૩.૬૦; દક્ષિણના બ્રાહ્મણો તે ૯.૪૭ અને ઉત્તરથી આવેલા વગેરે તે ૬૫.૪૯ છે.

ગૂજરાત કાઠિયાવાડ કચ્છમાં એમ સર્વત્ર છે; મેવાડા, શ્રીગોડ એ તળગૂજરાતમાંજ; અનાવલા, મોતાળા તે સૂરત જિલ્લામાંજ; ભાર્ગવ દધીચ વગેરે તે ભરૂચ જિલ્લામાંજ; ખેડાવાળ તથા વડાદરા તે ખેડા જિલ્લામાંજ અને રાયકવાળ વાલમ તે અમદાવાદ જિલ્લામાં વિશેષે છે. સર્વે જ્ઞાતિયોમાં ઓદીચ્ય જ્ઞાતિ સૌથી મોટી છે ને તે સાગર જ્ઞાતિ કહેવાય છે; અને બીજી મોટી તથા આગળ પડતી તે અનાવલાની, ખેડાવાળની, નાગરની, મેવાડાની, મોઢની, શ્રીગોડની ને શ્રીમાળીની છે.

૨. જ્ઞાતિયો બંધાવવાનાં કારણ સ્થળભેદ ને આચારભેદ (ગામ ને કુળની ધર્મરીતિ) એ છે. કર્મભેદે (ધંધાઉપરથી) કોઇ નવી જ્ઞાતિ થઇ નથી પણ કેટલીક જ્ઞાતિમાં વર્ગ પડ્યા છે.

સ્થળભેદે—જૂદાં જૂદાં ટોળાં જૂદે જૂદે કાળે ગૂજરાતના જૂદા જૂદા ભાગમાં વસ્યાં તેથી; કાળાંતરે એકેક ટોળામાંના જથા જૂદે જૂદે ઠેકાણે જઇ રહ્યા તેથી; અને જૂદે જૂદે ઠેકાણે નવાં ટોળાં ઊભાં થયાં તેથી જ્ઞાતિયો બંધાઈ. આચારભેદે—રાજાએ આપેલું દાન લીધાથી (એ લેવું અતિ નિષિદ્ધ છે;) શૂદ્રની યજમાનવૃત્તિ રાખવાથી; પોતાની જ્ઞાતિની રીતિ તોડવાથી; અને શૂદ્ર-સાથે જમવાથી તથા તેની નાતરાની રીત રાખવાથી.[1] કર્મભેદે—કેટલીક જ્ઞાતિમાં ગૃહસ્થ ને ભિક્ષુક એ નામે બે વર્ગ જૂના કાળથી છે;[2] કેટલીકમાં શુકલ ને બ્રાહ્મણ એમ વર્ગ ઓળખાય છે; ને કેટલાક બ્રાહ્મણ તે શુદ્ધ ને યજમાનીઆ એમ ઓળખાય છે.

ગૃહસ્થભિક્ષુક વર્ગવાળી જ્ઞાતિ તે નાગર, ભાર્ગવ, મોતાળા, સજોદરા એ છે. અનાવલા ને બાજ ખેડાવાળ એમાં સૌજ ગૃહસ્થ છે. શુકલ એટલે બ્રાહ્મણનોજ પ્રતિગ્રહ કરે શૂદ્રનો નહિ; તેવાં બ્રાહ્મણકુળ પરંપરાનાં તે ઓદીચ્ય, ઊનેવાળ, મોતાળા, ચાતુરવેદી મોઢ, વીસા ભાર્ગવ, શ્રીગોડ, શ્રીમાળીમાં છે. યજમાનિયા બે પ્રકારના—બ્રાહ્મણનેજ કર્મ કરાવનારા ગોર ને શૂદ્રને કર્મ કરાવનારા ગોર. વળી શૂદ્રને કર્મ કરાવનારા તે ત્રણ પ્રકારના છે— કુળગોર, ગ્રામગોર ને તીર્થગોર. કુળગોર વળી અમુક ઘરોના હોય કે કેટલીક જ્ઞાતિમાં જ્ઞાતિની વ્યવસ્થાનેમાટે હોય ને એ નાતગોર કહેવાય. શૂદ્રકુળગોરવાળી જ્ઞાતિ તે ઓદીચ્ય, કંડોળિયા, ખડાયતા, ખેડાવાળ (ભીતરા), ગ્રરોળા, મેવાડા (ત્રણે), મોઢ (ત્રિવેદી), શ્રીગોડ, શ્રીમાળી એ છે. વડનગરા બ્રાહ્મણમાંપણ એક વર્ગ છે જે નાગર વાણીઆનું ગોરપદું કરે છે. ગ્રામગોર તે ગામની

---

૧. ઓદીચ્યમાં ને ખેડાવાળમાં બે જ્ઞાતિ થઈ ને નાગરની એક તેની છ થઇ; ભાર્ગવમાં દસાવિસા થયા ને મોઢમાં ચાતુર્વેદી ત્રિવેદી; બારડ (નાગરમાંના) ને દશક્રોશી (શ્રીમાળીમાંના); અને ભ્રષ્ટ જ્ઞાતિયો.

૨. યજન કરવું ને કરાવવું, વેદ ભણવો ને ભણાવવો, દાન દેવું ને લેવું એ છ કર્મ બ્રાહ્મણનાં તેમાંથી જેઓએ ૧ લું, ૩ જું ને ૫ મું એ ત્રણજ રાખ્યાં તે ગૃહસ્થ બ્રાહ્મણ; અને એ વર્ગ જ્યારે જૂદો પડયો ત્યારે, એના સંબંધમાં બીજો વર્ગ તે વેદપુરુષ, વેદમૂર્ત્તિ, વેદિયા, બ્રાહ્મણ, ભિક્ષુક એ સંજ્ઞાએ ઓળખાતો થયો. ગૃહસ્થવર્ગમાં પણ નવું જનોઇ ધારણ કરનારો છોકરો બ્રહ્મચારી રૂપે ભિક્ષા લે છે.

એકાદી કે નાનું ગામડું હોય તો ત્યાંની બેચાર શૂદ્રની જ્ઞાતિયોનું ગોરપદું કરનારો ગામોટ; ગામોટું કરવાવાળી જ્ઞાતિ ઓદીચ, મોઢ, શ્રીગોડ, દસા ભાર્ગવ, સજોદરા, જાંબુ એ છે. કેટલાક ગામોટને સરકારો માણસોની રસોઈ વગેરે સેવા કરવાના બદલામાં પસાયતાં છે. તીર્થગોર તે બ્રાહ્મણ તથા બીજી ઉંચી વર્ણોનું તીર્થઉપર ગોરપદું કરે; એવા તીર્થગોર ઘણુંકરીને ઘણીક જ્ઞાતિના છે પણ કોઈ તીર્થે અમુક ને કોઈ તીર્થે અમુક જ્ઞાતિના વિશેષ એમ હોય છે.

૩. **જ્ઞાતિયોનો પરદેશી બ્રાહ્મણસાથે વહેવાર.** શંકરાચાર્યે આચારપરત્વે કરેલા વિભાગ પ્રમાણે ગૂજરાતના બ્રાહ્મણ તે પંચદ્રાવિડમાં છે; એટલે તેઓનો વહેવાર પંચગૌડમાંના એકેની સાથે નથી.[૧] વિશેષ કે દ્રાવિડમાંના બીજા ચાર તેની સાથે પણ નથી; અર્થાત્ તેઓનો વ્યવહાર સ્વદેશી કે સ્વજ્ઞાતિ સાથેજ છે; માત્ર શ્રીમાળી તે મારવાડી શ્રીમાળી સાથે જમે છે ને એની કન્યાપણ પરણે છે.[૨]

દક્ષિણમાં ગૂજરાતના બ્રાહ્મણોમાં નાગર ને બેડાવાળ તે હેદરાબાદ ઓરંગાબાદ વગેરેમાં છે. ઓદીચ્યસહસ્ત્ર જે સોવર્ષ ઉપર નાશક જઈ રહેલા ને જેનાં ઘર આજ ૩૦૦ છે તેનો વહેવાર ૨૫ વર્ષસૂધી તો પોતાના સિદ્ધપુર સાથે હતો; હાલ તેઓ દક્ષણીમાં ભળી ગયા છે. સૂરતના પરાશર બ્રાહ્મણમાંના કેટલાક જે અલીબાગ વગેરે ગામોમાં છે તેઓનો રોટી વહેવાર દક્ષણીઓ સાથે છે; બીજા ઘણાક ગૂજરાતી બ્રાહ્મણ દક્ષિણમાં છે તે પ્રથમ ત્યાં જઈ વસેલા ગૂજરાતીનું કે દક્ષણીનું કોઈનું જમતા નથી. દક્ષિણ હિંદુસ્થાનમાં બેડાવાળ તે તેલંગા વગેરે સાથે જમેછે ને તેઓનાં બૈરાં દક્ષણી પહેરવેશ રાખેછે. દક્ષણી બ્રાહ્મણમાં ગુર્જર વગેરે ઉપનામ છે તે બતાવે છે કે તે ગૂજરાતના બ્રાહ્મણ હતા. પંજાબમાં ગૂજરાતી બ્રાહ્મણ છે પણ હિંદુસ્થાનીથી વહેવારમાં જૂદા છે. મધ્ય હિંદુસ્થાનમાં ગૂજરાતી બ્રાહ્મણ વસેલા છે જેમાંના કેટલાક ધર્મસંબંધી કર્મમાં છે ને બીજા તે મહેતા મુતસદ્દી છે; કાશીમાં ઘણી જાતના ગૂજરાતી બ્રાહ્મણો છે ને બીજે ઠેકાણે પણ. ઉત્તરહિંદુસ્થાનમાં નાગર ને બેડાવાળ વગેરે છે.

૪. **જ્ઞાતિયોનો પરસ્પર વહેવાર.** શુભાશુભ કર્મવિધાન, ઘણીખરી જ્ઞાતિયોમાં ઘણુંખરૂં સરખું છે ને તે કર્કાચાર્યના મતપ્રમાણે છે. પણ ઉનેવાળ, કંડોળિયા, દીસાવાળ, મોતાળા, શ્રીમાળી એ કૌકિલ મતને અને નાગર તે ગર્ગાચાર્યના મતને માને છે. શૂદ્રનેમાટે વેદમંત્રરહિત કર્મપદ્ધ-

---

૧. ગૌડ (બંગાલી), કાન્યકુબ્જ (કનોજી), મૈથિલ (તિરહૂતના), સારસ્વત (પંજાબી) ને ઉત્કલ (ઓઢિયાના) એ પાંચ ગૌડ અને દ્રાવિડ, આંધ્ર (તૈલંગા), કર્ણાટ (કર્ણાટકી), મહારાષ્ટ્ર (દક્ષણી) ને ગુર્જર (ગૂજરાતી) એ પાંચ દ્રાવિડ.—ગૌડ માંસનો આહાર કરેછે ને દ્રાવિડ કરતા નથી.

૨. ગૂજરાતના માળવી શ્રીગોડને માળવાના શ્રીગોડસાથે રોટીબેટીનો વહેવાર નથી ને ભટમેવાડા તે મેવાડના મેવાડાસાથે રોટી વહેવાર રાખે છે.

તિયો સંસ્કૃતમાં લખેલી છે તેપ્રમાણે ગોર શૂદ્રને કર્મ કરાવે છે. ભોજન વ્યવહાર ઘણી ખરી જ્ઞાતિયોને છે. નાગર કોઇ જ્ઞાતિ સાથે જમતા નથી પણ એની રસોઇ ત્રિવેદી મોઢ તથા દીસાવાળ એ વિના બીજી બધી જ્ઞાતિ જમે છે. એ બે વળી એકેકનું કે બીજી કોઇ જ્ઞાતિનું પણ જમતા નથી. ગુગળી ને ગિરનારા એ એક બીજાની અણુસખડી (દાળભાત વિનાની રસોઇ) જમે છે. શ્રીમાળી કેટલેક ઠેકાણે બીજી જ્ઞાતિયોસાથે જમે છે ને કેટલેક ઠેકાણે નહિ.[1] લગ્ન વ્યવહાર ગૂજરાતી બ્રાહ્મણોમાં પોતપોતાની જ્ઞાતિમાંજ (પછી નાની કે મોટી) થાય છે; અને રીતભાતપણ જ્ઞાતિયોની જૂદી પડે છે. થોડીક જ્ઞાતિની રીત બહુ વિચિત્ર છે.[2]

૫. **જ્ઞાતિની વ્યવસ્થા.** બાળકથી તે ઘરડા લગી સઘળાં જનોઇ સરખાં એવી જે બ્રાહ્મણજ્ઞાતિ તેમાં વાણીઆની જ્ઞાતિનીપેઠે પરંપરાનો કે જીવતાંલગી જાથુનો મુખી નથી. ગામોમાં સમયઉપર જે સમજૂક ઘરડા તથા અધિટજન તે મળેલી જ્ઞાતિની સમક્ષ વિચારો કરે છે ને તેપ્રમાણે કામ થાય છે; કદાપિ કોઇ સામો થાય ને સમજાવ્યો સમજે નહિ તો પક્ષ બંધાય કે

---

૧. સૂરતના ઓદીચ્ય સહસ્ત્ર તે અનાવલા, ઉનેવાળ, કંડોળિયા, ખડાયતા, ખેડાવાળ, ચોવીસા, જાંબુ, ઝારોળા, તળાજિયા, પરાશરીઆ, ભાર્ગવ, મેવાડા, મોઢ (ધીણોજા જેઠી એ નહિ) મોતાળા, રવાળ, રાયકવાળ, શ્રીગોડ, શ્રીમાળી, હરસોરા એ બધી જ્ઞાતિસાથે જમે છે. (એમાંની કેટલીકસાથે આગળ નહોતા જમતા). મુંબઇમાં નવનાત એકઠી જમે છે તે ઓદીચ્ય ટોળકિયા બધા અને સહસ્ત્રમાં અમદાવાદી, ખંભાતી તથા સીહોરા (સિદ્ધપુરા ને સૂરતી નહિ), ખેડાવાળ, ઝારોળા, નારદીક, ભટમેવાડા (પ્રાંતીજના). મોઢચાતુરવેદી, રાયકવાળ, વાયડા, શ્રીગોડ. (કેટલાક શ્રીમાળી પણ જમેછે).

૨. ઓદીચ્યકુળ કેટલાંકમાં માતા ઊઠે તે દહાડે વરવહુની સાથે એકજણ અર્ધનારીને વેષે ચકલે જઇ ભુરૂં કોહોળું કાપે છે (આગળ તરવારથી કાપતા). ઝારોળા વરવાળા તે લગ્નની આગલી રાતે મોડે માથે હાથમાં સાંબેલા લેઇ બળતા કાકડા સાથે ને 'દૃઢ' 'દૃઢ' એમ બોલતાં કન્યાને ઘેર જાય છે, ત્યાં કન્યાને સંતાડેલી હોય છે એવે ઠેકાણે કે દૃઢની ધ્વનિ કાને ન પડે, પછી ત્યાં કન્યાને શોધે છે ને કેટલીક રીત થયા પછી પાછા ફરે છે, ત્યારે 'દૃઢ વિશ્વાસ' એમ બોલતા બોલતા પાછા ફરે છે. મેવાડા (ભટ) પરગામ છોકરો પરણાવવા જાય તો સાથે બૈરાંને ન લેઈ જાય, નાની છોકરી પણ નહિ; અને ગામમાં પરણાવવા જાય તો વરની મા ચકલા લગી જઇ પાછી ફરે ને બીજાં બૈરાં જાય (નાગના શાપથી). મોઢમાં (ત્રિવેદી) વરનો મામો માથાથી તે કેડ લગી સ્ત્રીનો વેષ ધારણ કરે છે; મ્હોડે તેલ સિંદુર લગાડે છે ને હાથમાં તરવાર રાખી વરકન્યાની સાથે ચકલે જઈ આચર પૂજાઇ રહે ત્યાંસૂધી તે વેષે ત્યાં ઊભા રહે છે; એ ઝંદાનો વેષ કહેવાય છે. શ્રીગોડ છેલ્લે ગોરવે કન્યાવાળા તે વેહેવાઇ પક્ષનાનું હાસ્ય કરે છે.—વેગણનો હુક્કો આપે છે, પત્રાવળીની ટોપી માથે પહેરાવે છે, કાનમાં વડાં ઘાલે છે અને સ્ત્રીઓના વેષ લે છે. મધ્યાચળમાં પુરૂષ મરનારને તેની રાંડનારી બૈરીના ઉતારેલા કેશ તથા તેની ભાંગેલી ચૂડી એ બેસાથે બાળવામાં આવે છે. એવી રીતિ બીજી કોઈ ગૂજરાતી બ્રાહ્મણવાણીઆની જ્ઞાતિની સાંભળી નથી; દક્ષણી બ્રાહ્મણમાં તેવી રીતિ છે. દસાવીસા એ નામવાળી બ્રાહ્મણ જ્ઞાતિ તે એક ભાર્ગવનીજ છે.

જે થોડાક કાળ રહે ને પછી વળી એક થઇ રહે. શહેરામાં કેટલીક ન્યાતિમાં એક પટેલ કહેવાય છે કે જેનું ઘર ચાર પાંચ પેઢી થયાં તે નામે ઓળખાતું આવ્યું હોય છે. પટેલનું પદ થપાયલું તેવામાં તે, ન્યાતના ધારા નવા થતા તથા અમલમાં આવતા તેઉપર નીઘા રાખતો ને ન્યાતિસંબંધી કામકાજમાં આગળ પડી કામ કરતો. હાલમાં એજ કામ તે કરે છે અથવા માત્ર નામજ ધરાવે છે. બ્રાહ્મણની ન્યાતિ પોતાના ધારાની સખતાઇ કરવે બીજી ન્યાતિયોની પેઠે તેટલી બંતીલી નથી. ન્યાતિનાં વાસણ જૂદા જૂદા જથાવાળાઓને ત્યાં રાખવામાં આવે છે ને રોકડ પુંજીની રકમો કરી બે ચાર જણને ત્યાં વેહેંચાતી મુકવામાં આવેછે કે જેનું તેઓ તેનું થોડુંક વ્યાજ આપે છે. વાસણ કે રકમ રાખનારા ન્યાતિબહાર થવાની બીકે ઓઠી દાનત કરતા નહોતા પણ હાલ તે બીક જવાથી કેટલાક જથાવાળાઓ ન્યાતિવાળાઓને સરકારમાં ફરીઆદી કરવાની મુસીબતમાં નાખે છે પણ ખરા.

૬. ગૂજરાતી બ્રાહ્મણનો મોટો ભાગ યજુર્વેદી માધ્યંદિની શાખાનો છે. ખેડાવાળ બધા, નાગર વડનગરા સાઠોદરાનો દશઆનીથી વધારે ભાગ ને ભાર્ગવ તીજે હિસ્સે એમ ઋગ્વેદી છે. પણ ખેડાવાળ તથા ભાર્ગવ તે આશ્વલાયની ને નાગર તે શાંખાયની શાખાના છે. ત્રિવેદી મોઢ તથા શ્રીમાળી એ એકેકનો પોણો ભાગ સામવેદી છે. મોતાળા યજુર્વેદી પણ કંઠસ્વરી છે. બ્રાહ્મણની સંખ્યાના ૧૪ આના ભાગ જેટલા[૧] તે સૌ સ્માર્ત ને શંકરસંપ્રદાયના શૈવ છે; શિવશક્તિને માનનારા છે. ન્યાતન્યાતની કુળદેવી જૂદી હોય છે ને તેનું સ્મરણ પૂજન શુભ અવસરે કરવામાં આવે છે. સંધ્યાવંદન અજૂએ ઊંચી ન્યાતિના બ્રાહ્મણનો મોટો ભાગ કરે છે; વૈશ્વદેવ કરનારા થોડા પણ દરેક ઘરમાં પંચાયતન દેવતાની પૂજા ઘરનું કોઇપણ જન કરે છે. કેટલાક બ્રાહ્મણ અગિઆરસ, રામનવમી, જન્માષ્ટમી, શિવરાત્રિ એ દિવસે ફલાહાર કરે છે. શ્રાવણ મહિનામાં ઘણાક બ્રાહ્મણો દેહેરે જઇ મહાદેવની પૂજા પોતાને માટે કે યજમાનને માટે કરે છે કે બીજાને કરાવે છે.

૭. આચાર વિષયમાં બ્રાહ્મણો વાણીઆથી વધારે ચોખ્ખા ને મર્યાદાવાળા છે. શુદ્ધ બ્રાહ્મણની કોઇપણ ન્યાતિ એવી નથી કે કોઈ જન હાથ પગ ધોયાવિના અબોટીયું પહેરયા વિના જમવા બેસે ને ચાલતે પીરસણે વાણીઆની પેઠે જમવા માડે, પછી નવું જનોઇ દીધેલો પાંચ વર્ષનો છોકરો હોય તોપણ; સંકલ્પ થાય આજ્ઞા મળે ત્યારેજ જમવા માડે ને સો સાથેજ ઉઠે. નાગરનો આચાર એવો કે રસોઇ જમતાં પહેલાં નાવુંજ જોઇયે. બ્રાહ્મણોમાં નહાયા વિના મુડદાંને અડકાએજ નહિ. માંસ મદિરા વાપરવાં નહિ; શૂદ્રની રસોઇ જમવી નહિ તથા તેનું પાણી પીવું

---

૧. બેઆની ભાગમાં ગિરનારા, ગુગળી પોકરણા, એ ન્યાતિ અને તળગૂજરાતના વડનગરા ગૃહસ્થનાં જૂજ ખરાં વલ્લભી વૈષ્ણવ છે.વડનગરા અમદાવાદના, વિસલનગરા, બાજ ખેડાવાળ, સીહોરા ને સુરતી ઓદીચ્ય, મોઢ એ ન્યાતિમાં થોડાંક ઘર સ્વામીનાર વૈષ્ણવ છે.

નહિ અને તેની કન્યા પરણવી નહિ કે તેની નાતરાની રીત રાખવી નહિ; મૂએમાં સંબંધીનું સૂતક પાળવું, શ્રાદ્ધ કરવું, એ આદિ વિષય આચારના તે ગૂજરાતી બ્રાહ્મણ પાળેછે. આશ્રમ વાનપ્રસ્થ કોઇ રાખતું નથી; કોઇ કોઇ બ્રાહ્મણ સંન્યસ્ત રાખે છે ને કોઇ કોઇને મરતીવેળા સંન્યાસી કરે છે.

૮. ધંધા. પહેલાના ધંધાની નિશાની બ્રાહ્મણોની અવટંકમાં રહી છે કે જેથી તેઓ ઓળખાય છે પછી હાલ ગમે તે ધંધા કરતા હોય. તે અટક આ છે— અધ્યારૂ (અધ્વર્યુ), આચાર (આચાર્ય), ઉપાદ્યિયો (ઉપાધ્યાય), ઓઝા (અધ્યાપક), ચાતુર્વેદી, જાની (યાજ્ઞિક), હોરા ત્રવાડી (ત્રિપાઠી), ત્રિવેદી, દવે (દ્વિવેદી), દીક્ષિત, પંડ્યા (પંડિત), પાઠક (પાઠક), ભટ (ભટ્ટ), મહેતા, રાવળ, નાયક. જોષી, વ્યાસ, શાસ્ત્રી, શુક્લ, ઇ૦. હાલમાં બ્રાહ્મણના ધંધા આ પ્રમાણે છે: કોઇ શુદ્ધ વેદીઆ, કર્મ કરાવનારા, યજમાનવૃત્તિવાળા છે; કોઈ શાસ્ત્રી કે પુરાણી છે; કોઇ જોષી કે વૈદ્ય છે; કોઇ લહીઆ છે; કોઇ નિશાળ ભણાવે છે; કોઇ વીસી કાઢે છે કે રસોઇ કરે છે; કોઈ ખેપીઆ છે; કોઇ વેપારધંધો કે દલાલી કરે છે; કોઇ ખેતી કરે છે; કોઇ સરકારી ખાતામાં છે કે વેપારી સાહુકારને ત્યાં મહેતાગીરી કરે છે; કોઇ જમીદાર કે દેસાઈ છે; તોપણ ભિક્ષુકી, ખેતી ને નોકરી એ ત્રણમાં બ્રાહ્મણનો મોટો ભાગ વિશેષે વહેંચાયો છે.

બ્રિ૦ ખા૦ મુલખમાં પાંચે જિલ્લા થઇને બ્રાહ્મણોમાં (ગૃહસ્થભિક્ષુક બધા) ૫૪,૦૭૩ પુરૂષ તેમાં ૩૪,૧૯૪ એટલે સેંકડે ૬૩.૨૩ સંસારી ઉદ્યમ કરનારા અને ૧૯,૮૭૯ એટલે સેંકડે ૩૬.૭૭ ભિક્ષુક છે. સંસારી ઉદ્યમ કરનારામાં ૧,૩૬૭ તે રસોઇયા પાણીભરા વગેરે છે; ને એમાં ભિક્ષાવૃત્તિવાળા કેટલાક તે સારી આવડતને લીધે ન્યાતની રસોઇ કરી પોતાનું ગુજરાન ચલાવે છે. ખેતીના સંબંધથી નિર્વાહ કરવાવાળા ૨૨,૦૪૧ છે તેમાં કેટલાક જમીદાર છે તે બીજા પાસે ખેડાવે છે પણ ઘણાક તો હાથે ખેતી કરે છે ને એ કણબીના જેવાજ કાળ પડીગયલા ને, બડછટ છે. કારીગીરી વગેરેના સંબંધમાં ૨૨૮ તેમાં ૧૨૭ તે રેશમ ધોનારા તથા સુતરાઉ રેશમી કાપડ વેચનારા, ૫૫ તાણીઆ, ૨૩ પાઘડી બાંધનારા, ૧૦ કોતરણીનું કામ કરનારા ને ૧૩ છાપનારા તથા ચોપડી વેચનારા છે. સાહુકાર, વેપારી ને દુકાનદાર મળીને ૪,૪૩૩ તેમાં ૭૯૬ સાહુકાર તથા વ્યાજવટું કરનારા, ૯૨૭ વેપારી તથા દુકાનદાર, ૧૪ ઝવેરી, ૨૧ ધાતુનો ધંધો કરનારા, ૩૧૯ ઘાસ તથા બાળવાના લાકડાંનો ધંધો કરનારા, ૨૨૨ તંબાકુ પાનસોપારી ને કેફી ચીજ વેચનારા, ૯૧ દુધ દહીં વગેરે વેચનારા, ૫૨૦ અનાજ, પત્રાવળી વગેરેનો ધંધો કરનારા છે મહેતા, દલાલ, મુનીમ ને રેલવેના સંબંધમાં નોકર મળીને ૧,૫૨૩ છે. વૈદ, વકીલ, વકીલના મહેતા વગેરે ૬૯૧છે. સરકારી નોકરીમાં ૩,૬૮૨ છે અને સરકારનું પેનશન ખાનારા તથા પોતાની પુંજીવાળા એવા તે ૧,૭૫૨ છે. ભિક્ષુક બ્રાહ્મણ તે બ્રાહ્મણની વૃત્તિવાળા, શૂદ્રની વૃત્તિ-વાળા ને કેવળ ભિક્ષાવૃત્તિવાળા એમ ત્રણ વર્ગના છે. પહેલા વર્ગમાં બે જથાઃ વેદ ભણનારા, બ્રાહ્મ-ણને કર્મ કરાવનારા ગૃહસ્થના કુલગોર, ને પાઠજપ કરનારા એઓનો એક જથો અને બીજો જથો તે શાસ્ત્રી પુરાણી જોષી એઓનો છે. પહેલો જથો કેવળ સ્વતંત્ર ને બીજો તે

સ્વતંત્ર જેવા ને સારૂં માન ધરાવે છે; એને કોઇ કોઈ વાર પોતાના બ્રાહ્મણ કે શૂદ્ર યજમાનો પાસેથી દક્ષિણા કે દાન મળે છે. બીજા વર્ગમાં બે જથાઃ શૂદ્રની વૃત્તિવાળા ને દેવસ્થાનની વૃત્તિ-વાળા પૂજારી તે છે; યજમાનિયાવિષે તથા તે હાલમાં નીચ લોકનુંપણ ગોરપદું કરતા થયા છે તે વિષે પૂર્વે કહ્યું છે; વિશેષ આ કે કુળગોરથી વૃત્તિ ન સચવાય તો તે બીજાને પોતાના યજમાનને ત્યાં મોકલે છે પણ પોતાનો પરંપરાની વૃત્તિનો હક તે છોડી દેતા નથી. આગળ તો ગોરલોક યજ-માનઉપર દોર ચલાવતા પણ હાલમાં તેઓ બડા ખુશામતીઆ જેવા હોઇને યજમાનનું આપેલું અપમાન પણ સહન કરે છે; તેઓ પોતાના કામ ઉપરાંત યજમાનનાં બૈરાં છોકરાંસાથે દેવદર્શને કે સગાંને ત્યાં જાય છે, છોકરાંની સંભાળ રાખે છે ને જરૂર પડે તો ઘરમાં રસોઇપણ કરે છે; નીચી જાતના યજમાનો માત્ર ગોરપાસે ધર્મકર્મ સંબંધીજ કામ લે છે; ને માન આપે છે. વાણી-આને ત્યાંથી ગોરને નિત્ય પંચભાગ સીધું મળે છે; વારપર્વણીએ દાનદક્ષિણા મળે છે; બાળક જન્મે કે તેનું નામ પાડે ત્યારે ને વેસવાળ વગેરે ટાણે કંઇક રોકડ મળે છે; લગ્ન તથા મર-ણના ધર્મકર્મ નિમિત્ત દાનદક્ષિણા ને સીધાં મળે છે. (મુવેલાને તેરમે દહાડે સેજસાથે શ્રીમંત યજમાનને તાંથી રૂ. ૧૦૦ થી તે ૫૦૦ લગીનો અવેજ મળે છે); અને લગ્નની ચોરીદોઠ તેઓનું કેટલુંક પરંપરાનું બાંધેલું દાપું વરવાળા તથા કન્યાવાળા પાસેથી લેવાનું હોય છે. કેટલાક ન્યાતગો-રોએ સરકારમાં લડીને પોતાના દાપાનાં હુકમનામાં મેળવ્યાં છે. યજમાનવૃત્તિવાળા બ્રાહ્મણોનો મોટો ભાગ શૂદ્રને શુભાશુભ કર્મ કરાવી જાણે ને તેપણ ચોખ્ખું નહિ એટલુંજ ભણ્યો હોય છે. ત્રીજો વર્ગ તે ગામેગામ ઘેરેઘેર ભટકી કે તીર્થઉપર દાણા કે દક્ષિણા માગનારો છે. ઉપર આપેલી સૈંકડાની ગણતરી ૩૬.૭૬ તેમાં ૧૦.૦૯૮ એટલા ભીખ માગનારા છે; અને સ્ત્રી છોકરાંસાથે વસ્તી સુમારે ૩૦ હજારની છે. એ વર્ગની કેટલીક સ્ત્રિયો (વિશેષે વિધવા) પણ ભીખ માગે છે. એ ભીખ માગતા બ્રાહ્મણ સવારે નાહીધોઇ કપાળે ચાંદલો કરી ભીખ માગવા નીકળી પડે છે તે બપોરસૂધી ભટકે છે ને પછી ઘેર આવી જમીને પડી રહે છે; કેટલાક ભાંગ ગાંજા પીનારા હોય છે. એ બ્રાહ્મણપણ આટલો વટ રાખે છે કે છેક નીચી જાતની ભીખ લેતા નથી ને નાતો જમે ત્યાં ગોલ્લામાં જમવા જતા નથી. ભીખ માગતા બ્રાહ્મણ સિવાય બીજા ભિક્ષુક બ્રાહ્મણ તે વિચક્ષણ, શ્રમ લેઇ કામ કરનારા, શાંત, મિતવ્યયે નિર્વાહ કરનારા, ને બધીપાસનો વિચાર કરતાં સારી સ્થિતિમાં છે સુખના ઊંચાં માપ સાથે. એઓ ભિક્ષુક કહેવાય છે પણ ખરેખરા તેવા નથી અને જો કે આકાશવૃત્તિવાળા છે ને નાણાંનેમાટે ઘણીવાર મોટામાં મોટી ભીડમાં હોય છે તોપણ તેઓની ખાવે પહેરવે રહેવાની રીત મહિને આઠ કે દશ રૂપીઆ મળતા હોય તેવી છે[1]; વળી ઘણે વર્ષે એકઠી કરેલી પુંજીમાંથી તેઓ દીકરાના લગ્ન નિમિત્ત

---

૧. એ બ્રાહ્મણોપાસેંપણ ઘર ૧૦૦ થી તે ૫૦૦લગીનું; વાપરવાનાં વાસણ ૨૦થી તે ૫૦ લગીનાં; કપડાં ૩૦થી તે ૧૦૦ લગીનાં; ઘરેણાં ૧૦૦ થી તે ૧૦૦૦ લગીનાં–એકંદર ૨૫૦થી તે ૧,૬૫૦ એટલું હોય છે.

૨૦૦ થી તે ૪૦૦ રૂપીઆસૂધી ખરચે છે–૧૫૦ થી તે ૩૦૦ સૂધીનું પહલું ને ૫૦ થી તે ૧૦૦ સૂધીનું ન્યાતિભોજન. યજમાનીઆ બ્રાહ્મણની આવક વધારે ખાતરીવાળી, નિયમિત, ઓછી મહેનતની ને થોડીક વધારે છે તોપણ તેઓની રહેણી પહેલા વર્ગના બ્રાહ્મણના જેવીજ છે. કારીગીરીના સંબંધવાળા બ્રાહ્મણ તેપણ ગરીબ છે ને મહિને આઠ દશ મેળવે છે; રસોઇયા બ્રાહ્મણ સારી હાલતમાં છે કે શેઠને ઘેર ખાય છે, ચાર પાંચનો મહિનો હોય છે, વસ્ત્રપણ મળે છે ને વળી કોઇ કોઇ વાર દક્ષિણાપણ મળે છે. ધંધો કરનારા ને વૈદ્ય તેપણ સારી હાલતમાં છે ને સરકારી નોકરને મહિને ૩૦ મળ્યા કે તે સારીરીતે પોતાના કુટુંબનું ભરણપોષણ કરે છે.

સ્ત્રીવર્ગના ધંધા—કેટલાંક શ્રીમંત ઘરોમાં ચાકર હોય છે પણ ઘણુંકરીને સઘળી ન્યાતિમાં બૈરાં પોતપોતીકાં ઘરનું કામ કરે છે: દળે છે, ખાંડે છે, ધોય છે, રાંધે છે, વાસણ સાજે છે વગેરે. અનાવલાનાં બૈરાં ખેતરમાં કામ કરે છે; ઘાસ બળતણ લાકડાંના ભારા ઊંચકી લાવે છે; ઢોરની સંભાળ રાખે છે, તેની ચાકરી કરે છે ને ફુરસદની વખતે હીરનું ભરત ભરે છે. બીજા ખેડુત બ્રાહ્મણોમાં કેટલાકનાં બૈરાં ખેતરકામ કરે છે ને કેટલાકનાં કરતાં નથી. વેપારી કારીગરનાં બૈરાં રેંટીઆ કાંતે છે ને પત્રાવળી દડીઆ કરે છે ને રસોઇ કરે છે; અને કેટલાક ભિક્ષુકના બૈરાં બીજાને ત્યાં રસોઇ કરે છે અથવા ભીખ માગે છે. મહેનતનું કામ કરવામાં બ્રાહ્મણીઓ જબરી નથી; પાંચથી વધારે કલાક કામ કરી શકતી નથી; ને રેંટીઆ કાંતી પત્રાવળાં સીવી મહિને ૧ રૂપીઆથી વધારે પેદા કરતી નથી. બ્રાહ્મણીઓ વ્રત કરે છે ને ટાણાને દહાડે દહેરે દર્શન કરવા જાય છે, વાણીઅણોની પેઠે નિત્ય નહિ; ઊંચી ન્યાતિમાં બૈરાંઓ માળા જપે છે ને સ્તોત્રપાઠ વાંચે છે. વેદીઆ તથા શુકલ વર્ગના બૈરાં આચારની ચોખ્ખાઇએ અને ગૃહસ્થ વર્ગનાં બૈરાં સ્થિતિની સુઘડતાએ ને બંને સાંબશિવની ભક્તિયે ઓળખાય છે.

૯. **લગ્ન**—નવ વર્ષ પૂરાં થતાં લગીમાં બ્રાહ્મણો કન્યાને પરણાવી દે છે. સગોત્રમાં લગ્ન થતાં નથી. વડનગરા સિવાય ઘણુંકરીને સઘળી ન્યાતિમાં એકથી વધારે સ્ત્રી કરવાસંબંધી બંધ નથી; પણ બેથી વધારે તો સિદ્ધપુરા ઓદીચ, વિસલનગરા ને બાજખેડાવાળ કરે છે. વડનગરા, સાંઠોદરા, બાજખેડાવાળ એમાં ગૃહસ્થભિક્ષુકને લગ્નવેવાર નથી. ગૃહસ્થવર્ગમાંપણ કુંવારા પુરૂષ હોય છે.

૧૦. **રૂપવેશરહેણી**–નાગર ભાર્ગવ જેમાં ઘણાખરા ગોરી ચામડીના તથા ઘાટદાર ચહેરાના હોય છે તે તથા બીજી ન્યાતોમાં કોઇ કોઇ રૂપાળા હોય છે તે સિવાય ગૂજરાતી બ્રાહ્મણ તે વાણીઆઓ કરતાં કાંઇક વધારે શામળા, કાંઇક બેડોળ ચહેરાના પણ વધારે મજબુત બાંધાના છે. પહેરવેશ સાદો-પુરૂષને ધોતીઊં, પાઘડી, ઉપવસ્ત્ર અને સ્ત્રીને લુગડું ચણીઆ સાથે કે વિના ને કાંચળી કે ચોળી; તોપણ અવસર ટાણાંનેમાટે ગરીબને ઘેરપણ પાઘડી, ધોતીઊં, અંગોઠીઊં ને સુતરઉ તથા રેશમી લુગડાં સ્ત્રીનાં એ સારાં તથા કિંમતી હોય છે. વાણીઆની પેઠે

જ્યારે ત્યારે પુરૂષો ઘરેણાં પહેરતા નથી; સ્ત્રીઓને થોડાં ઘણાં ઘરેણાં હોય છે પણ વાણીઅ-ણોના કર્તાં ઓછી કિંમતનાં. ઘણાંકને સારાં ઘર છે—ઇંટ ચૂનાની ભીતના તથા છાપરે નળયાં-વાળાં પણ તે વાણીઆના ઘરના મુકાબલામાં નાનાં ને ઓછા સણગારનાં છે. બ્રાહ્મણ ગમે તેવો ગરીબ પણ પોતાની ન્યાતનો વહેવાર કરવામાં ચૂકતો નથી. બ્રાહ્મણોની ન્યાતિમાં ઘણું ખરૂં તો થોડા ખરચનું જમણ હોય છે પણ ઘી બહુ જેમાં હોય તેવો પદાર્થ બ્રાહ્મણને બહુ પ્રિય છે. બ્રાહ્મણને પોતાની ન્યાતિમાં તથા બીજી બ્રાહ્મણોની ન્યાતિમાં જમવાનું મળે છે ને વાણીઆઓ જમાડે તે તો જૂદું. બ્રાહ્મણમાં કેટલાક જણ અફીણ કે ગાંજો કે ભાંગ એનો નીશો કરે છે. કાઠિયાવાડ તથા ઉત્તર ગૂજરાતના તે અફીણ ને દક્ષિણ ગૂજરાતના તે ગાંજો ભાંગ વધારે વાપરે છે. ઉંચી ન્યાતના બ્રાહ્મણ ગાંજો પીતા નથી પણ ભાંગ પીએ છે. કેટલીક ન્યાતિનેમાટે દોષરૂપ કહેતી છે. 'ઓદીચ્ય*તે યમના કિંકર'; 'નાગરને દયા નહિ'; 'ભાર્ગવને ભક્તિ નહિ'; 'મોઢ કોઇનો મિત્ર નહિ'; 'કપાળે કોઢ સારો પણ પડોસી મોઢ ખોટો'; 'શુકલને સગપણ નહિ.' વળી, "નાગર નાચણ ને પાવડી, શિંગી ને શીઆલ; એ પાંચો ન થાએ આપણા, છેહ્ડો ખેડાવાળ." "ભૂત, ભાડેલો ને બાંડો સાંપ, વિશ્વાસ કરે તેનો ઘેલો બાપ."

૧૧. વિદ્યા વિષયમાં થોડાક જણ સિવાયે ગજરાતી બ્રાહ્મણોએ પોતાની કીર્ત્તિ સર્વ પ્રકારે ખોઈ છે.[૧] વેદનો અભ્યાસ કોઇ કરતા નથી. સીનોર કન્યાળી શુક્લતીર્થ ભરૂચમાં અને સિદ્ધપુરમાં તથા નવાનગરમાં થોડાંક ઘર છે ત્યાં જૂજ વિદ્યાર્થીઓ વેદ ભણે છે. સંસ્કૃત વિદ્યાનો અભ્યાસ થોડાકજણ ગણુદેવી ધમડાછામાં, લૂણાવાડામાં ને સિદ્ધપુરમાં તથા નવાનગરમાં કરે છે.[૨] વડોદરા સિવાયે બીજે કેથે દેશી રાજાના કે શ્રીમંત મંડળના આશ્રયથી મંડાયલી કોઇપણ

૧. આગળ ઓદીચ્ય, નાગર, ભાર્ગવ, મોઢ, શ્રીગોડ, શ્રીમાળી એ ન્યાતિમાં સારા વેદીઆ હતા, થોડાંક ગૃહસ્થ તેપણ શ્રૌત કર્મ જાણનારા હતા. ઓદીચ્ય, ભાર્ગવ, નાગર ને મોઢ કર્મકાં-ડમાં કુશળ હતા ને એ વિષયમાં નાગર મોઢના કરેલા ગ્રંથો છે. કાવ્યપુરાણનેમાટે ગૂજરાત વખણાયું છે ને તેમાં સૂરત ને સિદ્ધપુર એ વિશેષ. વ્યાકરણ, વેદાંત, ન્યાય, ધર્મશાસ્ત્ર એમાં નાગર, મોઢ, રાયકવાળ, શ્રીગોડ એ ન્યાતિ પ્રસિદ્ધિમાં હતી ને ઠેકાણામાં સૂરત જિલ્લો, ભરૂચ જિલ્લો, વડોદરાનું રાજસ્થાન ને સિદ્ધપુર એ હતાં. જ્યોતિષનેમાટે ઓદીચ્ય, નાગર, મોતાળા, સારસ્વત એ ન્યાતિ વખણાઇ છે. ગૂજરાતી ભાષાના કવિયોમાં ઘણાખરા બ્રાહ્મણો હતા.

૨. આગળ ગુરૂને ત્યાં વિદ્યાર્થીઓની શાળા હતી—જે પરગામથી આવતા તે ધર્મશાળામાં કે દેવસ્થાનમાં કે કોઇને ત્યાં કે ગુરૂને ત્યાં રહેતા, બ્રાહ્મણોને ત્યાંથી બે ચાર ઠેકાણેથી રાંધેલી રસોઇ કે કાચું સીધું આણી જમતા ને ગુરૂનાં ઘરનું કામકાજ કરતા ને ભણતા; શ્રદ્ધાવંત લોક વિદ્યાર્થીઓને કપડાં આપતા ને ભણવાનાં પુસ્તક ગુરૂને ત્યાંથી મળતાં. એવી શાળા ગૂજરાતમાં ઘણે ઠેકાણે હતી. સૂરતમાં અશ્વિનીકુમારમાં માધવાનંદ સરસ્વતી સ્વામી જે વેદાંત વ્યાકરણ જ્યોતિષમાં નામાંકિત હતા તેને ત્યાં ૧૦૦ વિદ્યાર્થી ભણતા; મંત્રશાસ્ત્રિ ઓદીચ્ય શુકલ શિવદત્ત કે જેના ભાસ્કરાચાર્ય શિષ્ય થયા હતા તેને ત્યાં પણ ઘણા હતા; નાગરમાં પંડ્યાજી જેઓએ શ્રીમાળી વાણીઆઓને શૈવ કીધેલા ને જેઓ ધર્મશાસ્ત્રના નિર્ણય આપતા તેઓને ત્યાં પણ ન્યાય શાસ્ત્ર ભણનારા હતા.

સંસ્કૃત શાળા નથી; વડોદરામાં ૧૦ સંસ્કૃત નિશાળ ત્યાંની સરકારને ખરચે ચાલે છે[1] પણ તેમાં ઘણાખરા દક્ષણી બ્રાહ્મણના છોકરા ભણે છે. સરકારી નિશાળોમાં ભણનારા છોકરા ૧૮૭૭ ના ડિસેંબરની આખરે ૪૮,૧૫૩ તેમાં બ્રાહ્મણના છોકરા ૯,૮૪૦ એટલે સેંકડે ૨૦.૪૩ હતા. બ્રાહ્મણના છોકરા સરકારી નોકરીમાં હરવર્ષે દાખલ થાય છે ને કેટલાક તે મહેતાજી, કારકુન ને વકીલ થયા છે તોપણ વિદ્યાર્થીઓને ભણ્યા પછી ધંધે વળગવાનાં ઠેકાણાં થોડાં હોવાથી ભિક્ષુક બ્રાહ્મણના છોકરા નિશાળનાં ભણતરનો જોઇએ તેટલો લાભ લેઇ શકતા નથી.

રજપૂત.

એ, બ્રિ૦ ખા૦ મુ૦ માં ૧,૦૫,૧૯૩ છે;[2] રેવાકાંઠામાં ૧૬,૮૩૮; મહીકાંઠામાં ૧૪,૬૩૬; કાઠિયાવાડમાં તેની કુલ વસ્તીનો સેંકડે ૮.૫૯ એટલે ૧,૯૮,૬૫૪ અને કચ્છમાં ૪૦,૧૬૬ છે;— મળીને ૩,૭૫,૪૮૭ થાય છે. એમાં વડોદરાના રાજ્યના તથા પાલણપુરના મળીને વીસેક હજાર ઉમેરતાં કુલ સંખ્યા રજપૂતની ચારેક લાખ ગણાય.

નીચે આપેલી ટીપઉપરથી જણાશે કે સૌ મળીને ૧૦૯ ઓડકના રજપૂત છે[3]; અને તેમાંના ગોહિલ, ચાવડા, ચોહાણ, ડાભી, પરમાર, મકવાણા, રહેવર, રાઠોડ, વાઘેલા ને સોલંકી એ ઘણું-કરીને થોડા કે ઘણા પણ સઘળેજ છે. જાડેજા, જેઠવા, ઝાલા એ કાઠિયાવાડમાંજ ને જાડેજા વળી પોતાની ડાંગ વગેરે શાખા સાથે કચ્છમાં ઘણા છે. એ ઉપરાંત દસેક બીજી ઓડક કાઠિયાવાડમાં, બીજી દોઢેક કુંડી રેવાકાંઠામાં ને બીજી દોઢેક કુંડી પાલણપુર ઇલાકામાં છે. કાઠિયાવાડમાં ચાર કુળ મોટાં તેમાં સૌથી વધારે સંખ્યા જાડેજાની ૨૬,૦૨૭ છે;[4] એથી ઓછા ગોહિલ; ને જેઠવા તે માત્ર ૬૯૪ છે.

---

૧. વળી ત્યાં પરીક્ષકની સભા છે કે જે હિંદુસ્થાનના કોઇપણ ભાગમાંથી આવેલા બ્રાહ્મણોની વેદશાસ્ત્રમાં પરીક્ષા લેઇ યોગ્યને સરકારમાંથી અપાતી વાર્ષિક દક્ષિણાનેમાટે ભલામણ કરે છે.

૨. સૂ૦ ૮૪૩૯; ભ૦ ૧૮૨૩૬; બે૦ ૨૩૫૦૮; પં૦ ૫૩૪૭; અ૦ ૪૯૬૬૩.

૩. ઉમા; એડુ; એવર; કછોટિયા; કાબા; કારોડિયા; કાલમા (કાલીમા); કુકણ; ખવાસ; ખાંત; ખિયાન; ખીચી; ખુટા; ખેર; ઓખર; ખોડ; ગલેચા; ગુજ્જર; ગેલોટ; ગોડ; ગોલેતર; ગોહિલ; ઘેલડા; ચમારપા; ચાવડ; ચાવડા; ચૂડાવત; ચૂડાસમા; ચોહાણ; છાસટિયા; છોક્ક; જાટ (જટ, જૂત); જાડેજા; જાદવ; જાલીઆ; જીરીઆ; જેઠવા; જોધારાઠોડ; ઝાલા; ટાંક; ટાંટોલ; ડાંગ; ડાભી; ડાહીઆ (દાઇયા); ડીઆ; ડોકિયા; ડોડ; ડોડિયા; તાતા; તુઅર; દુવાત; દેવચંદ; દેવડા; ધાંધુ; નરવાણ; નારોદાસ; પઢાર–પધીઆર; પરમાર; પરવીઆચોહાણ; પ્રાંકડા; બાલોતર; બીઆ; બીહોલાસોલંકી; બારોડ; બેહેચરા; બોડાણ; ભાટી; મકવાણા; મસાણી; મહીડા; મારૂ; માલ; મીઆડે; મેઅડા; મેર; મોરી; મોહલ; રણા; રવેટિયા; રાઠોડ; રાણા; રાયઝાડક; રાવરસોલંકી; રહેવર; વડવાસીઆ; વણસોલા; વણોલ; વરણ; વાઘેલા; વાજા; વાંટીઆ; વાઘેલ; વાંસિયા; વાળા; વીરપરાસોલંકી; વેજીઆ-વેજેલા; વેઠીઆ-વેડીઆ; શમાણા; શેધા; સરવૈયા; સીસોદીઆ; સુરચા; સુવાર; સેઘલ; સોજતરીઆ; સોઢા; સોલંકી; હડીએલ; હાડા.

૪. કચ્છમાં જાડેજા ૧૮,૫૫૯ છે.

એ બધી ઓડકમાંથી કેટલીકનાં મૂળ કુળ આ પ્રમાણે છે:

અગ્નિકુળ[૧] ચાર તેમાં પરમારની શાખા ઉપશાખા તે કાબા; કાલમા; એર; ચાવડ-ચાડ; મોરી; મહીપાવત; રહેવર; સુવાર; સોઢા. ચોહાણની તે ખીચી; દેવડા; નરભાણ; સોનગઢા; હાડા. સોલંકીની (ચાલુક્યની) તે બીહોલા; વાઘેલા; વીરપુરા. અને પઢીઆર-પ્રતિહાર કુળ.

યદુકુળની[૨] શાખા ઉપશાખા તે ૧ જાદવ. ૨ જાડેજા. ૩ ચુડાસમા-રાકસ; રાયજાદા; સરવરિયા. ૪ ભાટી. ૫ જાટ.

સૂર્યકુળની[૩] શાખા ઉપશાખા તે ૧ ગેહ્લોટ; વાળા; સીસોદીઆ. ૨ ગોહિલ. ૩ રાઠોડ; જોધા; વાઘેલ; વાજા.

એ ઉપરાંત બીજી ઓડકના રજપૂત જે પ્રથમ ગૂજરાતમાં જણાયા ને પછી બહાર પ્રસિદ્ધિમાં આવ્યા ને છતરીસ કુળીમાં[૪] ગણાયા તે મૂળ કુળ રૂપે કમાડ-જેઠવા; ચાવડા; ડાભી; મકવાણા (ઝાલાશાખા સાથે) એ છે.

રજપૂત, વિક્રમ સંવત પહેલાં પણ ગૂજરાતમાં વસેલા તે પરમાર કુળના હતા. એ કુળ બહુ જૂના કાળથી આબુની પાસે ચંદ્રાવતી નગરીમાં સત્તાધારી હતું તે ઈ૦ સ૦ શેકા સાત સૂધી;[૫] દ્વીપકલ્પમાં પણ પરમાર હતા કે જેઓની પાસેથી સત્તા ખુંચી લેઈ કનકસેને વાળા કુળની[૬] સત્તા

---

૧. મ્લેચ્છનો ઉપદ્રવ વધવાથી વશિષ્ઠાદિ બ્રાહ્મણોએ આબુઉપર નખી તળાવ પાસે યજ્ઞ કીધો ને અગ્નિકુંડમાંથી ચાર યોદ્ધા નિકળ્યા જેઓએ શત્રુને સંહારયા. એ ચારના નામથી વંશ વિસ્તાર ઓળખાયો.

૨. કૃષ્ણના દીકરાઓના વંશના.

૩. સીસોદીઆ રામના પુત્ર લવને મૂળ પુરૂષ માને છે. ગેહ્લોટ શાલિવાહનથી પોતાની ઉત્પત્તિ માને છે ને સૂર્યવંશી કહેવડાવે છે. રાઠોડ રામના પુત્ર કુશને મૂળ પુરૂષ કહે છે પણ એનાજ ભાટ કહે છે કે સૂર્યવંશી કોઈ કશ્યપથી તેઓની ઉત્પત્તિ છે.

૪. છતરીસ કુળ તે આ—૧ અનિગ; ૨ આભીવર; ૩ કછવાહા; ૪ કમાડ-જેઠવા; ૫ કારટ-પાલ–કાઠી; ૬ કાલછર; ૭ કોટપાલ; ૮ ગહિલોત; ૯ ગોડ; ૧૦ ગોહિલ; ૧૧ ચંદેલ; ૧૨ ચંદ્રવંશી; ૧૩ ચહુવાણ; ૧૪ ચાવડા; ૧૫ જટ; ૧૬ જાદવ; ૧૭ ટાંક; ૧૮ તોવર; ૧૯ દધીખટ; ૨૦ દાહિમા; ૨૧ દેવડા; ૨૨ ધ્યાનપાલ; ૨૩ પઢાર; ૨૪ પરમાર; ૨૫ પ્રતિહાર; ૨૬ મકવાણા; ૨૭ યોતિક; ૨૮ રાજપાલ; ૨૯ રાઠોર; ૩૦ લકુમ; ૩૧ સિંધવ; ૩૨ સિલાર; ૩૩ સૂરજવંશી; ૩૪ સોલંકી; ૩૫ હાડા; ૩૬ હૂણ.

૫. પાલણપુરમાં થરાદ છે તે શ્રીપુર-ભિન્નમાળના પરમારે ઈ૦ સ૦ ૧૧૫ માં વસાવેલું તે તેઓના હાથમાં દશમા શેકાસૂંધી હતું ને પછી સોલંકીનું થયું હતું.

૬. વાળાએ વલ્લભી તૂટયાપછી તળાજામાં તથા ભાદ્રોરમાં બહુ વર્ષ રાજ કીધું ને તે ભાગનું નામ વાલાક (વાળાક્ષેત્ર) રાખ્યું હતું; એ કુળનું એક ડાળું ગોંડલ તાબાનું ઢાંક છે ત્યાં નાની ઠકરાઈ કરે છે. વલ્લભી તૂટયાનું વર્ષ ૫૨૪ કે ૬૫૮ કે ૭૨૦ કે ૭૭૦ એમ મનાય છે.

સ્થાપી હતી. એજ શૈકામાં ચૂડાસમા રજપૂતો[1] સિંધથી આવી જૂનાગઢમાં સત્તા ધરાવતા થયા કે જે પણ શૈકા ૭-૮ સૂધી ચાલી હતી. વલ્લભી તૂટયા પછી ચાવડા દેખાયા કે જેનું રાજનગર રાધનપુરની દક્ષિણે તીસ મૈલ ઉપર આજ પણ પંચાસર ગામ છે ત્યાં હતું ને પછે એજ વંશે અન્હિલવાડનું–ગૂજરાતનું રાજ સ્થાપ્યું ઈ૦ સ૦ ૭૪૬ માં. જેવામાં પાટણમાં ચાવડા તેવામાં ચંદ્રાવતીમાં સીરોહીના ચોહાણ હતા કે જેની પાસેથી તે નગર પાટણના સોલંકીએ લેઇલીધું (૯૪૨). સોલંકી પછી એની વાઘેલા શાખાના રાજકાળમાં ઇડરમાં પરિહાર કુળે[2] સત્તા ચલાવી (૧૦૦૦-૧૨૦૦) ને તેરમાં શૈકામાં વાજા તથા વાઘેલ એ રાઠોડે મારવાડથી આવી દ્વીપકલ્પમાં સંસ્થાન કીધાં.[3] ચૌદમાં શૈકામાં દેવડા ચોહાણ પણ આબુને લગતા મુલખમાં ફતેહ કરી રહ્યા હતા. હાલ જે કુળ સત્તાવાળાં છે તે આ છેઃ

જાડેજા એ મૂળ સિંધમાં સમા રજપૂત કહેવાતા; કેટલાએકે ચૌદમા શૈકાના આરંભમાં કચ્છમાં આવી થાણાં ઘાલ્યાં ને વાઘેલાની સત્તા છિનવી લેવા માંડી ને લાખા ફુલાણીએ આખું કચ્છ પોતાનું કીધું ૧૩૨૦ માં. એના બેટાની વિધવાએ સિંધ ઠઠ્ઠેથી જાડાના બેટા લાખાને બોલાવ્યો ને તેના વંશજ તે જાડેજા કહેવાયા. જામ ખેંગારે પોતાના બાપને મારીનાખનાર જામ રાવળને કચ્છમાંથી હાંકી કાઢયો ત્યારે એ કાઠિયાવાડમાં આવ્યો; (૧૫૪૮). અહીં જાડેજાઓએ જેઠવા પાસેથી હાલારપ્રાંત જીતી લીધો ને ગૂજરાતના સુલતાનના ગેરબંદોબસ્તમાં તેઓ નવાનગરમાં સ્થાપિત થયા. મુગલાઇમાં તેઓ ખંડિયા હતા ને એકથી વધારેવાર મુસલમાનોએ નવાનગરને પોતાના કબજામાં રાખ્યું હતું પણ વળી ત્યાંનાં રાજકુળને પાછું આપ્યું હતું. ગૂજરાતની મુગલાઈ ભાંગી કે નવાનગર સ્વતંત્ર થયું જોકે માત્ર નામનું તે ગાયકવાડને ખંડિયું છે. જાડેજાની જાગીર

---

૧. સિંધમાં સમીનગરમાં સમા જાદવ રાજ કરતા તેની શાખા. ચૂડચંદ્ર નામના મુખીસાથે આવેલા તેઉપરથી ચૂડાસમા. પ્રથમ વંથલીમાં ને પછી જૂનાગઢમાં; ને એની સત્તા દ્વીપકલ્પમાં મોટી હતી જોકે તેઓએ પાછળથી અન્હિલવાડના રાજાઓને નામના મોટા માન્યા હતા. તેઓએ સાતસેં આઠશેં વર્ષ રાજ કીવું અન્હિલવાડ તૂટયા પછી પણ ને મહમૂદ બેગડાએ જૂનાગઢ લીધું ૧૪૭૨માં ત્યાંલગી; પછી પણ તે ખંડિયા જમીદાર રૂપે હતા તે અકબરે સૌરાષ્ટ્ર લીધું ત્યાં સૂધી. આજે પણ તે ઊંદમાં સરવૈયા, ધોળકા ધંધુકામાં ચુડાસમા તથા રાયઝાડક અને બીજે ઠેકાણે રાકસ દાથિયા એ નામે વેરાતા પડેલા છે.

૨. મારવાડના મંદોવરના.

૩. વાઘેલે ઓખાના ચાવડાને કાઢી ત્યાં સત્તા કીધી. વાજા તે નાઘેરમાં રહ્યા; તેઓનો મુખી વેજો તણે વેજલકોટ વસાવ્યું અને ઉનેવાળ બ્રાહ્મણો પાસેથી ઉના જીતી લીધું; તેઓએ ઉંચા કોતરા ને ઝાંખમેર ને મતાવી.નદી સૂધી રાજસત્તા વધારી હતી. પાછળથી બાસીઆઓના સતાવ્યાથી તેઓએ ભાવનગરનું શરણ માગ્યું ને હાલ તેઓ ભાવનગર તાલુકામાં ઉતરતી પંગતીના ગરાસીઆ રૂપે છે.

તે નવાનગર ઉપરાંત મોરબી, રાજકોટ ને ધ્રોળ અહીં છે કે જ્યાં જામના ભાયાતો છે.[૧] જેઠવાએ ઉત્તર તરફથી આવી હાલાર, મચ્છુકાંઠો ને ખરડા એ જીતી લીધાં પણ જાડેજાએ તેઓને દક્ષિણમાં ખસેડ્યા. પહેલી રાજગાદી ધુંડીમાં હતી પણ તે જામ ઉનદને તાબે થઇ ને તેઓની સત્તા વધતી બંધ થઈ. પોરબંદરનો રાણો તે જેઠવામાં મુખ્ય છે; એ રજપૂત ખરડામાં ને થોડાક હાલાર તથા સોરઠમાં છે.[૨] ગોહિલ એ મારવાડમાં લુણીનદીઉપર ખેરગઢ છે ત્યાં હતા પણ ત્યાંથી જ્યારે રાઠોડે કાઢ્યા ત્યારે તેઓ ગૂજરાતમાં આવ્યા (૧૨૫૦); ને પછી કાઠિયાવાડના દક્ષિણ પૂર્વ ભાગ-માં ફેલાયા. ભાવનગર, પાલીટાણા, લાઠી ને વળા એ તેઓનો મુલખ છે. મુસલમાનોએ ગૂજરા-ત તથા દ્વીપકલ્પ જીતી લીધાં તેમાં ગોહિલનો કેટલોક મુલખ ગયો પણ તે તેઓએ પાછો મેળવ્યો ને મુગલાઇની પડતીમાં તેનોપણ કેટલોક મુલખ મેળવ્યો. રાજપીપળાનું રાજકુળ પણ ગોહિલ છે.[૩] ઝાલા હરપાળને કરણઘેલાએ નોકરીના બદલામાં મોટો મુલખ જાગીરમાં આપેલો તે ઝાલાવાડ કહેવાયો ને તેમાં સોરઠનો ભાગ, વીરમગામ પ્રગણાંનો મોટો ભાગ ને ચુંવાળનો ભાગ એ હતાં; વીરમગામ ને માંડલ એ શહેરો સાથે. ગૂજરાતના અહમદશાહે વીરમગામ લેઇ લીધું ને ઝાલા પાટડી ગયા ત્યાંથી કુહે ને ત્યાંથી હળવદ. મુગલાઇમાં ધાંગદ્રાના રાજાનો મુલખ તે નઝરઅલી-ખાનની જાગીર હતી. ધાંગદ્રા, લિમડી, વાંકાનેર, વઢવાણ, થાણ, લખતર, ચૂડા, સાયલા અહીં ઝાલા છે.[૪] રાઠોડ ૧૨૫૭માં પહેલવેહલા ઇડરમાં દેખાયા. અન્હિલવાડના ભીમદેવે (૧૧૭૭-૧૨૧૫) સોનંગજીને કડી પ્રગણામાં સામેત્રાની જાગીર આપી; ને પછી કેટલેક વર્ષે રાઠોડ રજપૂતોએ ઇડરનો કિલ્લો તથા મુલખ જીતી લીધો. ચોહાણ (ખીચી) છોટા ઉદેપુર તથા બારિયાના તે ચાંપાનેરનો જયસિંગ પતાઇ રાવળ ૧૪૮૪ માં મહમૂદ બેગડાથી મારયો ગયો તેના વંશના છે. સોલંકી લુણાવાડાના તે પ્રથમ વીરપુરના. સિદ્ધરાજજયસિંગના વખતમાં ધમલદેવ

---

૧. સિંધમાં સમાઓ ચૌદમાં શેકાની સમાપ્તિની પહેલાં મુસલમાન થયા હતા; કચ્છના જાડેજામાં કેટલાક પાછા હિંદુધર્મ માનતા થયલા છે ને કેટલાક ઉતરતી સ્થિતિના છે તે હજી મુસલમાન છે.

૨. જેઠવા પોતાની ઉત્પત્તિ મકરધ્વજથી (હનુમાનનો પરસેવો મગરીએ ગળી ગર્ભધરી પુત્ર ઉત્પન્ન કરયો તેથી) માને છે; કેટલાક વિદ્વાન કહે છે કે તેઓ જાટ છે. પ્રથમ મોરબી આગળ ને પછી ઘાવડાનું દ્વારકા લેઇ દક્ષિણ પશ્ચિમમાં વસ્યા ને પોરબંદર લીધું. એ જાત થોડી છે પણ એક જથામાં ને એક મુખીની આણને વશ વર્ત્તે છે.

૩. લીમોદરાના પરમારે પોતાની દીકરી પીરમના મોખડાજી ગોહિલને આપી; એના હાથમાંથી પીરમ ગયું (૧૩૪૭) ને તે મૂઓ ત્યારે તેનો બેટો સમરસી એણે ઓરપાડ તાલુકામાં ભગવા છે ત્યાં ગાદી કીધી ને માનો બાપ મરી ગયે એની રાજપીપળાની ગાદીએ તે બેઠો. કાઠિ-યાવાડમાં પ્રથમ તેઓ સીહોર, ગોઘામાં હતા.

૪. કરણ ઘેલાને બદલે સિદ્ધરાજજેસિંગ એમ કેટલાક કહે છે ; હરપાળ કચ્છનો હતો. ઇ. સ. ૧૮૦૦ થી મોઢી ગાદી ધાંગદ્રે કરી છે.

સોલંકી જે ચુંવાળમાં કારસી જઇ રહેલા (૧૧૩૪ માં) તેના દીકરાના દીકરાના દીકરા વીરભદ્રે લુણાવાડાથી ૮-૯ મેલ ઉપર વીરપુર છે તે ત્યાંના ધણી પાસેથી જીતી લીધું હતું(૧૨૨૫). એક બીજું સોલંકી કુળ વાંસદામાં વીસ પેઢી થયાં સત્તા ચલાવે છે. પરમાર (મહીપાવત) જસરાજે શેકા ૧૧ ના મધ્યમાં નગરઠઠ્ઠેથી આવી આબુ પાસેનો મુલખ પોતાનો કરી લીધેલો તેનો વંશ હાલ મહીકાંઠામાં દાંતામાં છે; અને એની એક શાખા તે રેવાકાંઠામાં સોંથમાં છે. પરમારે (સોઢા) શેકા-૧૩-૧૪ માં સિંધથી કાઠિયાવાડ આવી ચોટીલા ને મૂળી એ જીતી લીધાં પણ ચોટીલેથી તેઓને કાઠીઓએ કાઢયા પણ મૂળી (ઝાલાવાડમાં) હજી તેઓ રાખી રહ્યા છે. સીસોદીઆ કુળ ધરમપુરનું તેને વિષે તેઓ કહે છે કે ૭૦૦ વર્ષઉપર કોઇ રામરાજાએ ભીલો પાસેથી મુલખ જીતી લીધો કે જે રામનગરનો કહેવાયો ને કેહવાય છે.[1] (વાઘેલા તથા ચાવડા વિષે નીચે ટિપ્પણ જોવું.[2])

ધંધો રજપૂતનો પરંપરાથી જમીનના સંબંધનો તે ગુજરાતમાં પણ છે. થોડોક ભાગ ફક્ત નોકરી કે મજુરી કરનારો છે. અમણુાના રજપૂતનો મોટો ભાગ જમીનના સંબંધમાં તેના ત્રણ વર્ગ છે: સત્તાધારી, તાલુકદાર-ગરાસિયા અને ખેડુત. ગાદીપતીઓ[3] પોતાના મહાલ ઇજારે આપે છે અથવા ત્યાં થાણદાર રાખી તેની મારફતે વસૂલ લે છે ને બીજી ઉપજ તેઓને કર વેરા દાણ જગાતની[4] અને નજરાણાંની છે. દીકરાઓને વારસામાં કોઇને ગામ કે કોઇને આખો મહાલ મળે છે; લાડકાને વધારે ને હુલ્લડિયાને ઓછું. કાઠિયાવાડમાં ઘણુંકરીને ભાયાતો ગાદીપતીથી સ્વતંત્ર જેવા છે; રેવાકાંઠા મહીકાંઠામાં જે પટાવત કહેવાઇ ગામો રાખનારા છે તે જરૂરની વેળાએ લશ્કર સાથે મદદ કરવી તથા તેવી બીજી નોકરી કરવી એવી સરતે બંધાયલા છે. ગુજરાતનાં તમામ રાજકુળ બ્રિટિશ રાણી તથા હિંદુસ્થાનની મહારાણીની આણ વર્તે છે ને તેની સરકારની દેખરેખ તળે પોતાના સંસ્થાનનો કારભાર ચલાવે છે; વળી મહારાણીશ્રીની સરકાર પણ તેમને માન સાથે રાખે છે.[5] તાલુકદાર તે ધણી કે થોડી જમીન શસ્ત્રબળે પોતાની કરી વસેલા

---

૧. એની પહેલી રાજધાની સંજાણ પાસે ગંભીરગઢમાં હતી; પછી બે બદલાઇને ચોથી ધરમપુરમાં થઇ ૧૭૬૬ થી.

૨. વાઘેલાનું એક કુળ મહીકાંઠામાં પેથાપુરમાં ચોથાવર્ગની સત્તાવાળું છે ને પાલણપુરમાં વાઘેલાના સંસ્થાનો છે. વળી થરાદનું ચોહાણકુળ પહેલા વર્ગના માજીસ્ત્રેટની સત્તા ધરાવે છે. ચાવડાના સંસ્થાન ૧૫ ગામ, ૧૨૫૦ ની ઉપજના તે શંખેડા મેહવાસમાં છે ને મહીકાંઠામાં માણસાનો ઠાકોર તીજા વર્ગની તથા વરસોડાનો તે ચોથા વર્ગની સત્તાવાળો છે.

૩. કચ્છની ગાદી ૨૬ લાખ, નવાનગર ૧૫, પોરબંદર ૪, ભાવનગર ૨૬ા, ધાંગદ્રા ૩, ઇડર ૬ (સરદાર પટાવત તથા ભૂમિયાના ૩ા તે સાથે), રાજપીપળા ૬ાા, લુણાવાડા ૧ા, છોટાઉદેપુર ૨ા, બારીઆ ૧ા ઉપર, વાંસદા ૧ ઉપર ને રામનગર ૨ા લાખની ઉપજની છે.

૪. ભાયાદ તાલુકદાર કે ગરાસિયા અને બ્રાહ્મણ વર્ગ બાદ કરતાં બીજા લોક પાસેથી લે છે.

૫ કાઠિયાવાડમાં નવાનગર, ભાવનગર, ને ધાંગદ્રા એ પહેલા વર્ગની સત્તા ધરાવે છે એટલે બ્રિટિશ પ્રજા સિવાયે હરકોઇના મોટા ગુનાહનો ઇનસાફ પોલીટીકલ એજંટની રજા લીધા

રજપૂત છે. ગાદીપતીઓના કેટલાક ભાયાત તોફાની વખતમાં સ્વતંત્ર હતા. મોટા જાગીરદાર થોડા છે અને થોડી જમીનવાળા કે વાંટાદાર તે ગરાસિયા છે. વળી કેટલાકને નોકરીના બદલામાં પસાએતાં મળેલાં તે પસાયતા કહેવાય છે. ઠકરાઇવાળામાંના થોડાક સિવાયે મોટી નાની જાગીરવાળાનો વર્ગ ઘણુંકરીને કરજદાર છે. નાના ઠાકોર નોકર રાખી ખેડાવે છે કે જાતે ખેડે છે પણ બૈરાંને ખેતી કામમાં સાથે રાખતા નથી. ખેડુતવર્ગ બહુ મોટો ને ગરીબીમાં છે. એ વર્ગ તથા છેક ઉતરતા ગરાસીઆ એ બે કેટલીક રીતે ભળેલા જેવા છે. ખેડુત વર્ગમાં પાલણપુરમાં બૈરાં ખેતીકામની મહેનત કરે છે; રેવાકાંઠામાં નહિ. બ્રિટિશ ખાલસા જિલ્લામાં જમીદાર વર્ગના તે પોતાની જમીન બીજા પાસે ખેડાવે છે અથવા કોઇપણ રીતના કરારે તેઓએ તે બીજાના હવાલામાં આપી હોય છે. એ વર્ગ આળસુ ને ઘણુંકરીને અફીણનો બંધાણી છે; તોપણ પોશાકથી ને હથિયાર બાંધવાથી રાજકુળ છિયે એમ દેખાડવામાં ઓછ રાખતા નથી. ખેડુ રજપૂત વેશ તથા કેટલીક રીતમાં કણબીનાજ જેવા છે અને ખેતી કામમાં મહેનત કરવામાં તથા તેની કુશળતામાં તેઓથી બહુ ઉતરતા છે; સ્ત્રિયો પુરૂષને ખેતી કામમાં મદદ કરે છે.[૧]

ધર્માચાર હિંદુઓનો ઘણોખરો રજપૂત પાળે છે. ધર્મવિષયમાં ઘણાક શિવને,

---

વિના કરી શકે. મોરબી, વાંકાનેર, પાલીટાણા, ધ્રોળ, લીમડી, રાજકોટ, ગોંડલ, વઢવાણ એ બીજા વર્ગની સત્તાવાળાં છે એટલે પોલીટીકલ એજંટની ખુલ્લી પરવાનગી લીધા વિના માત્ર પોતાનીજ રૈયતના મોટા ગુનાહનો ઇનસાફ કરી શકે. ઈડર પહેલા વર્ગની ને પોલ તથા દાંતા બીજા વર્ગની અને રાજપીપળા પહેલા વર્ગની ને છોટા ઉદેપુર, બારીઆ, લુણાવાડા, વાંસદા, ધરમપોર એ બીજા વર્ગની સત્તાવાળાં છે. ગાદીપતિને તોપનું માન આપવામાં આવે છે તેમાં ૧૭ કચ્છને; ૧૫ ઇડરને; ૧૧ તે રાજપીપળા, ભાવનગર, ધાંગધ્રા, નવાનગર, મોરબી, પોરબંદર એને; ૯ તે ધ્રોળ, ગોંડલ, લિમડી, પાલીટાણા, રાજકોટ, વઢવાણ, વાંકાનેર, છોટા ઉદેપુર, બારિયા, લુણાવાડા, સુંથ, વાંસદા, ધરમપુર એને છે.

૧. સૂ૦માં ખેડુતજ છે. ભ૦ માં મોટાનાના સૌ જમીદાર તે ગરાસિયા કહેવાય છે. ખે૦માં મોટા તે ઠાકોર ને હિસ્સેદાર તે ગરાસિયા. અ૦માં મોટા તે તાલુકદાર ;-- ધંધુકામાં જીકારા (ઠાકોર), ગરાસિયા ને કારડિયા (ખેડુત) એ નામે વર્ગ ઓળખાય છે. ભરૂચના રજપૂત દાખલો બતાવે છે કે લડાયક તથા ઉછંકળ એવો જે સ્વભાવ તે શાંત તથા આજ્ઞા પાળનારો થયો છે. ખેડાના ઠાકોરમાંના ઘણાકે પોતાની જમીન ગીરો મૂકેલી છે ને કરજથી ડબાઇ ગયલા છે અને એનાજ કુટુંબી જે ગરાસિયા તેમાંના ઘણાક સાધારણ ખેડુતની સ્થિતિમાં આવી પડયા છે. અમદાવાદના તાલુકદારમાં કેટલાક લશ્કરી સીપાઇનો દોર રાખી રહ્યા છે.

૨. રજપૂત એ શબ્દ રાજપુત્રનો અપભ્રંશ હોય. રજોભૂત એટલે રજોગુણથી ઉપજેલા તેથી કે ભૂમિની રજનું (માટીનું) પુતળું કરી તેમાં ઋષિયોએ મંત્ર વડે જીવ મૂકી પુરૂષ ઉત્પન્ન કીધેલા તેથી

B. 254—j

કેટલાક વિષ્ણુને અને ઘણાખરા પોતપોતાની કુળદેવીઓને ભજે છે. ઘરમાં મૂર્ત્તિ કે છબી પોતપોતાના ઇષ્ટની[1] માત્ર થોડાક જણ રાખે છે. રજપૂત જન્મના વાળ ઉતરાવતા નથી ને આગળ જનોઇનો સંસ્કાર કરાવી લેતા પણ હાલ નથી કરાવતા; પણ વળી, રેવાકાંઠામાં સોલંકી, ચોહાણ, પરમાર એ જાતના કેટલાક તે નિત્ય પંહેરી રાખે છે.[2] જનોઇ રાખનારા રજપૂત યજુર્વેદ માને છે ગોર યજુર્વેદી માટે. નાવું, માળા જપવી, દેવદર્શને જવું એ નિત્યકર્મ અને પિતરની તિથિ આવે ત્યારે સારવું ને જોગવાઇ મળેથી જાતરાએ[3] જવું એ નૈમિત્તિક કર્મ રજપૂત રાખે છે. વળી અગિયારસ, શિવરાત્રિ, જન્માષ્ટમી, નવરાત્રિ વગેરેને વ્રતના દિવસ જાણી પાળે છે ને વ્રતના ઉદ્યાપન, નવરાત્રિના હોમ ને શ્રાવણ માસની પૂજા બ્રાહ્મણો પાસે કરાવે છે. જન્મ સમે, લગ્નમાં, મરણ સમે, શ્રાદ્ધમાં ને વારપર્વણીએ બ્રાહ્મણોને બોલાવી કર્મક્રિયા કરે છે કે કરાવે છે ને દક્ષિણા દાન આપે છે.[4] બ્રાહ્મણ કુળગોર કે બીજો કર્મક્રિયા કરાવે છે તે શૂદ્રોપયોગી પદ્ધતિને અનુસરતાં રહી કુળવહીવટ પ્રમાણે કરાવે છે. રજપૂતમાંથી કોઇકજ સાધુ થાય છે.

રજપૂત કહેવાયા એમ કહેવાય છે. રજપૂત શબ્દ અમુક જાતિનાં રાજકુળને માટે વપરાય છે. તે રાજકુળ મૂળે પરદેશી પરધર્મી હોઇને પછી સ્વદેશી હિંદુ થયલાં કે પડી ભાગેલાં સંકર રાજકુળમાંથી થોડાંક જૂદાં પડયાં કે આ દેશના અમુક જાતના લોકે લડવૈયાનું કામ કરી રાજકુળ નવાં કીધાં ને તે રજપૂત કહેવાયાં એ વિષે નક્કી થયું નથી; યૂરોપીઅન મતે રજપૂત તે મૂળે શક જાતિના લોક છે.

૧. જાડેજાની આશાપુરી જેનું મુખ્ય દહેરૂં કચ્છમાં છે; ઝાલાની (હળવદમાં); ગોહિલની ખોડીઆર (સીહોરપાસે રાજપરામાં); જેઠવાની વિંધ્યવાસિની (નવાનગરપાસે નાગમાતા નદી ઉપર પણ અમણાં પોરબંદર પાસે છાઇજામાં); મૂળીના પરમાર તે માધવરાયને માને છે. કોઇ શિવની, કોઇ અંબાજીની, કોઇ સ્વામીનારાયણની છબી ઘરમાં રાખે છે. રેવાકાંઠામાં ઘણાખરા શૈવધર્મના છે; ઘણુંકરીને શિવની મૂર્ત્તિ રાખે છે ઘરમાં પૂજવાને; વળી બટુકદેવને પણ વિશેષ માને છે. પાલણપુરમાં ઘરમાં ર્ત્તિ કે છબી રાખતા નથી પણ ગામમાં દહેરૂં કે મંદિર હોય ત્યાં પૂજને કે દર્શને જાય છે. કચ્છના જાડેજા અરધા હિંદુ ને અરધા મુસલમાન હતા પણ ૧૮૧૮ પછી તેઓએ મસીદમાં જવું, મુસલમાન સાથે બેટીવહેવાર રાખવો વગેરે રીત છોડી છે.

૨. પાલણપુરમાં વાઘેલા ઠાકોરમાં પરણતી વેળા સંસ્કાર વિધિયે જનોઇ પહેરે છે તે પરણી રહેતાં સૂધી રાખે છે ને પછી કાઢી નાખે છે. પિતરનું સારતી વખત પણ રજપૂત જનોઇ ઘાલે છે વાણીઆઓની પેઠે.

૩. જાતરે જાય છે તે કાશી-ગંગાજી, પ્રયાગ, ગયા, જગન્નાથ, હિંગળાજ અને ગૂજરાતમાં પ્રભાસ, સિદ્ધપુર, ઝાડેશ્વર, બીલેશ્વર, રેવાજી, અંબાજી, બહુચરાજી; દ્વારિકા, દામોદર, ગિરનાર, તુળસી શ્યામ, ડાકોર;-મૂળી ને વઢવાણ. વળી દારવલ શાહ ને દાતાર એ બે મુસલમાન ધર્મનાં ઠેકાણાં છે.

૪ ધંધુકા તરફ બ્રાહ્મણને પરણમરણમાં થતા ખરચના અરધાં જેટલું મળે છે. પાલણપુરમાં બ્રાહ્મણના કરતાં ભાટચારણને વધારે મળે છે.

ખાવાપીવા સંબંધી પરસ્પર વહેવાર છે. રજપૂત સઘળા એક પંગતે જમે; પણ એક ભાણે નહિ. નાતરાં કરનારા તથા કોળી કે મુસલમાનની બેટીસાથે પરણનારા તથા છેક ઉતરી હલકા પડી ગયલા એવા જાતભાઇસાથે રજપૂતોનો મોટો ભાગ એક ભાણે જમે નહિ ને હુક્કો પણ પીએ નહિ. મુસલમાનસાથે પરણાવેલી બેટીસાથે એનાં સગાં એક તાંસળે જમવાનો વહેવાર રાખતાં નથી. બીજી જ્ઞાતિસાથે વહેવાર આવો કે તેઓ 'બ્રાહ્મણવાણીઆકણબી'નું જમે અને લુહાર, સુથાર વાગડીઆ સુથાર, કણબી આંજણા, કુંભાર, સઇ, ઘાંચી, અતીત ભગત, ભાટ ચારણ, ભરવાડ રબારી આહીર, જાટ એનું પણ જમે; માત્ર કોળી, વાઘરી, ખાંત, મુસલમાન અને વળી ઘેડ ભંગીઆનું રાંધ્યું અન્ન જમે નહિ. તેઓ માંસમદ્ય ખાવાપીવામાં લે છે. મરઘું બતક એનું, બકરૂં, ઘેટું, સસલું, હરણ, શામલું, ચિતર એનું, આડહરિયલ, તીતર એનું માંસ ખાય છે; માછલાં ખાય છે; પણ છિંકારૂ સિવાયે ફાટેલી ખરીના જનાવરનું માંસ ખાતા નથી—ગાય, નીલગાય, ઊંટ, ઘોડો, ગધેડો, પાડો એનું નહિ. સુવરનું માંસ રેવાકાંઠામાં ખાય છે ને કાઠિયાવાડમાં નહિ. બીજા બધા તે હરણનું માંસ ખાય પણ વાળા રજપૂત ન ખાય; કેટલાક વળી સસલાં, મરઘાં, હંસ એ ખાતા નથી; મદ્ય સૌ જ પીએ છે.

કુળાચાર. કુળની રીત રાખી રહેવું, દીકરા દીકરીને ઊંચ કુળમાં પરણાવવાં ને મોટો ખરચ કરીને, વળી કુળની રીત છોડનારાસાથે સંબંધ ન રાખવો વગેરે વાતોમાં કુલીન રજપૂતો બહુ મમત રાખે છે. મૂળ જાતિમાં પછી શાખા ઉપશાખા બહુ જૂની હોય તોપણ લગ્ન કરતા નથી. રજપૂત તે રજપૂતનીજ દીકરી પરણે બીજી જાતની નહિ ને જે રજપૂત કોળી વગેરેની છોડીને પરણે તે હલકો રજપૂત જ્ઞાતિ બહાર જેવો મનાય. પોતાથી ઊંચા કે સરખી સ્થિતિનાં કુળમાં દીકરી આપે છે;[1] ને ૧૫ થી તે ૨૦ વર્ષ લગીમાં પરણાવે છે.[2] તાલુકદાર ગરાસિયા એવા ઊંચા વર્ગમાં નાતરૂં થતું નથી; અને બેકુત રજપૂતોમાં કેટલાક કરે છે તેથી તે જમીદારથી ઉતરતા ગણાય છે.

---

૧. કુળ પડતી હાલતમાં હોવાથી પોતાનું ઊંચપણું ખોતું નથી; ચૂડાસમાની દીકરીઓ રાજકુંવરોને લાયકની મનાઈ છે; ચાવડાની દીકરી મેવાડના રાજકુંવરોને પરણી છે; ઊંચ કુળની દીકરી પરણવામાં રજપૂત મોટું માન માને છે. વળી રજપૂત ગરાસમાં વધે ને દીકરી આપે તો કોઇ ઠાકોર તે લે પણ ખરો પૈસાને લોભે; અથવા નાની ઠકરાઇવાળો ઉતરતા દરજ્જાના તવંગર સાથે કન્યા લેવાદેવાનો વહેવાર રાખે પણ તે દીકરીઓનાં નામ વહીવંચાઓ કુળવાળામાં લખતા નથી ને કુળવંતી સ્ત્રિઓ ભેગી થઇ હોય તો તે સ્ત્રીને જમવા તથા દારૂ પીવામાં બીજી સ્ત્રીઓની પેઠે માન મળતું નથી. વળી દીકરીઓને માટે ઊંચ કુળના વર ન મળેથી જાડેજામાં ને પછી બીજામાં એવી રીત ચાલી હતી કે દીકરી અવતરે કે તેને મારી નાખે; એનો અટકાવ કરવાને કરનલ વાકરે (૧૮૧૩) તથા ગાયકવાડ સરકારે બહુ મેહેનત લીધી હતી; એ રીત હવે નથી.

૨. છોકરો બે વર્ષે મોટો કે નાનો પણ હોય. પાલણપુર ઇલાકામાં ઠકરાઇવાળા નહિ તેવા જે કારડિયા તે છોડી આઠ દશ વર્ષની થાય કે પરણાવી દે છે. કેટલાક લગ્ન પહેલાં ઘણાં વર્ષ આગમજ સગપણ કરી રાખે છે.

એકથી વધારે બૈરી કરવાને બાધ નથી.[૧] દીકરીનો બાપ નાળિયેર મોકલે તે દીકરાવાળો પાછું ન ફેરવે.[૨] શુભાશુભ અવસરની રીતભાત—બાળકનો જન્મ[૩] થાય તે સમે જોષીને બોલાવવો, ફોઇએ નામ પાડવું, વાળ ઉતરાવવા એ હિંદુની રીત કેટલાક રજપૂતોમાં છે ને લગ્ન અઘરણીની રીત ઘણાખરા રાખે છે પણ એ બેમાં કેટલુંક વિશેષ છે. મોટા ઠાકોરમાં દીકરીનો બાપ કુળ જોઇ સગાઇ કરવાને વરના બાપને ત્યાં સવારો મોકલે ને એ જઇ શ્રીફળ તથા આભૂષણ આપે ને સાકર કસુંબાનું લહાણું કરી વેવીસાળ કરી આવે. વળી બે વેવાઇ કોઇ ઠેકાણે ભેગા થઇ જાય ને મળતી વાત આવે તો દૂધ બે તાંસળાંમાં ભરી એકબીજાને પાય; સગાઇ થાય તે બોલીના કરારથી (લખાણ-થી નહિ). લગ્નનું મુહૂર્ત બ્રાહ્મણપાસે જોવડાવી તે દિવસે વર જાતે પરણવા જાય છે અથવા તો ખાંડું[૪] મોકલે છે; જાન કન્યાના બાપને ગોંદરે ઊભી રહે છે; વખતે ગામમાંથી સામી જાન આવે તો સાકર અફીણ વહેંચાય ને સામૈયામાં કળશ આવે તેમાં ૫-૧૦ રૂપીઆ વર તરફથી નાખવામાં આવે ને પછી બ્રાહ્મણ તે વધાવી સભા ભરી બેસે; વરનો બાપ વસવાયાનો લાગો ચૂકવે; પછી ગામમાં જઈ જાની વાસો આપે ત્યાં ઉતરે; કન્યાને જે દે હોય ચૂડો, લુગડાં, ઘરેણું વિગેરે તે વર તરફના કન્યાના બાપને આપી આવે; પછી જાન તથા સબંધીસાથે વર પરણવા આવે; તોરણ આગળ કન્યાના બા-પનો દસોંદી ચારણ આવે; ઢાઢી ઘોડો લે, સાળો તલવાર લે ને પછી ચોરી તાંબાપિત્તળનાં કે માટીનાં વાસણની હોય તેમાં બેસાડી વચમાં હોમ કરાવી વરવહુને ચાર ફેરા ફેરવી બ્રાહ્મણ પરણાવે; પછી ગોત્રદેવીનું પૂજન કરી ઉમરે આવે; પછી કન્યાનો બાપ દાએજો એટલે પેરામણીમાં લુગડાં ઘરેણાં વાસણ ઘોડા ગાડી પલંગ ગોદડાં ચાકર દાસી સંપત પ્રમાણે આપે ને તે વખતે દાએજામાં વરનો બાપ બેસી સંપતપ્રમાણે થાળીમાં રૂપીઆ મૂકે; પછી ભાટ ચારણ ઢાઢી માગણ વસવાયાં બ્રાહ્મ-ણ એને શક્તિ પ્રમાણે આપે તેને પરવા કહે છે; પછી કન્યાનો બાપ જાનને જમાડી પેરામણીમાં પાઘડીઓ વગેરે આપી વીદાય કરે. ખરચનો નીમ નથી; એક હજારથી તે ૨૦ હજાર સૂધી ખરચ કન્યાના બાપને થાય ને તેટલોજ વરના બાપને; નાનો ઠાકોર એક હજારસૂધી ખરચ કરે; સાધારણ સ્થિતિનો તે ૧૫૦થી તે ૫૦૦ સૂધી ને છેક ઉતરતો તે ૧૦૦ સૂધી.[૫] અઘરણીની રીતમાં માને

---

૧. ઊંચી પદવીના સત્તાધારીને આઠથી ઓછી હોતી નથી ને દીકરી આપનારા કહે છે કે અમે ગાદીને આપીએ છીએ. બીજા રજપૂતોમાં કુળને માટે કે છોકરૂં થવાને માટે એમ કારણ ન છતે જે વધારે બૈરી કરે તેને સારૂં નથી કહેવાતું.

૨. પાછું વાળવાના અપમાનથી આગળ મોટા ઝગડા ઉઠેલા કહેવાય છે.

૩. રેવાકાંઠામાં બાળક જન્મે તારે ક્ષેત્રપાળ પૂજે ને ન પૂજાય તો બકરાનો એક કાન કાપી છોડી મૂકે ને લગ્નવેળા પૂજે.

૪. જાગીરદાર મોટા ઠાકોર તે તો ખાંડુંજ મોકલે.

૫. કાઠિયાવાડમાં સાધારણ-સ્થિતિના તે ૫૦૦; ધંધુકા તા૰ ૬ ૮-૧૦નો મહિને ખરચવાળો તે ૧૫૦-૨૦૦ને ૬ના ખરચવાળો તે ૧૦૦; પાલણપુરમાં ૩૦૦-૪૦૦ ખરચે. કરાડિયામાં ૮૪ રૂપીઆ વરનો બાપ કન્યાના બાપને આપી એક રાત રહી પરણાવી આવે.

ઘેર દીકરીને સણગારીને ભાંયપર પાટ પાથરીને એક ઓરડામાંથી બીજા ઓરડામાં ફેરવે છે કે જે પગે ભરવાનું કહેવાય છે. વળી સાસરેથી વીદાય કરતી વેળા બ્રાહ્મણ તેનો ખોળો ખારક કોપરાંથી ભરે છે. અશુભ અવસર-મરણ સમે ભાંયે નાખવું, દહીં સોનું મોમાં મૂકવું, કાઠડીએ લેઇ જઇ બાળવું એ રીત સૌ હિંદુની તે રજપૂતની પણ છે; વિશેષ આ કે જાગીરદાર ઠાકોરનાં શબને ઢાલ તરવારસાથે મઢીમાં બેસાડી લેઇ જઇ બાળે છે.[1] કાણે આવનારાને ખવડાવવાની રીતિ હિંદુની તે રજપૂતની પણ છે વિશેષ કે અફીણ આપે છે. મરનારની ક્રિયા બાર દહાડા લગીની તે બીજા હિંદુના જેવીજ છે વિશેષ કે સેજ બ્રાહ્મણ લેઇ જાય છે ને પદ વિગેરે કુટુંબમાં અપાય છે; એ દિવસે[2] ગામનાં લોકને અને બ્રાહ્મણ તથા સગાંને જમાડે છે; વળી છમાસી વરસીએ તથા ભાદરવાના શ્રાદ્ધમાં ખરચ મોટો ઠાકોર એકથી તે ૧૦ હજાર સૂધી કરે અને નાનો તે ૧૦૦થી હજાર સૂધી. પાલણપુરમાં છેક ગરીબ તે માત્ર બાંધિયા જમાડવાનું રાખે છે. ટાણાં દીવાળી હોળી વગેરેના રાખે છે; વિશેષ કે નવરાત્રીમાં બકરા પાડા વધેરે છે ને દસેરાએ ઘોડાને પૂજે છે તથા જાનવરનો ખોરાક ખાય છે. એ ઉપરાંત બીજી રીત ચાલ-લગન મરણ વખત ભાટ ચારણ પોતાની મેળે આવે છે ને કોઇ વખત તેડાવ્યા પણ આવે છે, આવીને કંઇ કામ કરતા નથી. રજપૂતો પોતાની ન્યાતિના ટંટામાં ગોર બ્રાહ્મણને પૂછતા નથી પણ ચાર પાંચ આબરૂદાર પોતાની શાખાના હોય તેના કહેવા-પ્રમાણે કરે છે. કોઈ સખૂડી ઓરત કાઢી લાવે કે કોઇ નીકળી ગઇ હોય તો તેનીસાથે કે તેના પક્ષવાળાસાથે વહેવાર રાખતા નથી. ઉતરતા રજપૂતમાં પટેલ હોય છે તે બે ત્રણને સાથે રાખી ન્યાતના ટંટા ચૂકવે છે ને દંડ કે ન્યાતિબહાર કરે છે. રજપૂતો માહોમાહેના વાંધા પતાવી રહે કે દુસ્મનના દોસ્ત થાય ત્યારે એક બીજાને હાથે વતી કસુંબો પાય છે.

રૂપવેશ રહેણી. રજપૂત ઘણાખરા ચામડીરંગમાં ઘઉંવર્ણા, થોડાક ગોરા ને થોડાક કાળા પણ હોય છે. કોઇના વાળ ગુચ્છાદાર કે કોઇના સીધાં; દાઢી કોઇની ભરેલી કે આછી પણ બાંધો ઘણુંકરીને સૌનોજ મજબૂત હોય છે. રજપૂતનો ચહેરો દેખાવડો છે; નાક સીધું, આંખ ઉગતી જુવાનીમાં મોટી તથા ચળકતી, મોફાડ નાની, મુખાકૃતિ લંબગોળ હોઇને તેઓ મોટી મૂછ તથા થોભિયા રાખે છે; અને ચોરણો તથા અંગરખું કેડિયું પહેરે છે ને માથે ફાળિયું વીટાળે છે.[3]

---

૧. ફંટાયો પછી ગમે તેવી ગરીબ હાલતમાં હોય તોપણ તેને અવલમજલે તો ઠાઠથીજ પહોંચાડવામાં આવે છે.

૨. રેવાકાંઠામાં બારમાને દહાડે એક સેજ ગોરબ્રાહ્મણને ને બીજી કાળઠીઆ બ્રાહ્મણને આપે છે. કાળઠીઓ સૂવે છે ખાટલાપર ને પછી લોક તેને મેળાબહાર લેઇ જઇને ફેંકી દે છે ને ઉપરથી છાણા મારે છે ને કાંળઠીઓ પોતે પોતાનું સઘળું લઇ ઘેર જતો રહે છે.

૩. જાડેજા સરદારો પોતાના થોભીઆ તથા મૂછ શોભીતી રાખવે બહુ કોડીલા છે ને મૂછ બહુજ લાંબી રાખે છે; થુથરીની વચમાં અસ્ત્રો ફેરવાવે છે; દાઢી લાંબી રાખે છે; બીજા રજપૂત કરતાં વધારે કપડાં પહેરે છે; મોટા ચોરણા ને છૂટા આમળાની પણ શોભીતી પાઘડી પહેરે છે; ને

દેખાવમાં સૌ સરખા છે; ઝાલામાંથી ગોહિલ કે જેઠવા કે જાડેજામાંથી ઝાલો એમ ઓળખી શકાય નહિ. કાઠિયાવાડના તે ગૂજરાતનાથી જૂદા પડતા નથી. પહેરવેશ ખોરાક સ્થિતિપ્રમાણે જૂદા હોય તેમ રહેવાનું પણ જૂદું; સત્તાધારીને મહોલ, ભાયાતને માળવાળું ઘર ને વાંટાદાર તે ખેડુત જેવા છે; ઘણાખરા રજપૂત મટોડાંના બાંધેલાં ઘરમાં રહે છે. કોઇપણ જે પોતાનું ગુજરાન સારી રીતે ચલાવતો હશે તે પોતાના વખતનો ઘણો ભાગ ચોરામાં હુક્કો ગગડાવવામાં ને કસુંબો પીવામાં ને તડાકા મારવામાં કાઢે છે. તાલુકદાર મહેનત કરવા કર્તાં ચ્હેનબાજી વધારે મારે છે; ઘોડા કે ઢોર એની સંભાળ રાખવી, છોકરાં રમાડવાં, કોઇને મળવા જવું એ તેનું કામ; કોઇ વખત કાગળઉપર સહી કરવી પડે તો તેનો બહુજ કંટાળો. રજપૂત ઉદાર પણ અતિ ખરચાળ તથા ઉડાઉ અને જોસ્સો વધ્યો કે નીતિ વિષે બે દરકાર હોય છે. સ્ત્રીઓને ઓઝલે રાખે છે. લેણદેણ વાણીઆઓસાથે રાખે છે ને ભારે બ્યાજ ભરે છે. જનાનાની ખટપટથી, ભાયાતોની સ્પર્ધાથી ને કુળવંતા વારસની ફીકરથી રાજા નિશ્ચિતપણે થોડાકજ મરે છે. સાધારણ રીતે જોતાં રજપૂત વિવેકી, સાચવટવાળો, ધણીનો વિશ્વાસુ ને પરોણાની ખાતર કરનારો છે. રજપૂત ઘરમાં પણ ગૂજરાતી ભાષા બોલે છે. લખવું વાંચવું જૂજ જણ જાણે છે; હાલમાં રાજકુમાર કાલેજમાં કેટલાક ભણે છે તેથી ઉપલા વર્ગની સ્થિતિ સારી થવાની આશા છે. રજપૂતાણીના પહેરવેશમાં ઘાઘરો, કાંચળી ને સાલ્લા એ અને ઘરેણામાં ચાંદીના કલ્લાં, કાંબી ને સોનાની હાંસડી એ છે; તવંગરમાં સાડી ને કીમતી ઘરેણાં. મરનાર પુરૂષ પાછળ સતી[1] થવાનો ચાલ બંધ થયો છે. ઠકરાઇવાળા વર્ગમાં વિધવા[2] તે ચોટલો રાખે છે, ચૂડો કાઢી નાખી સુનાનું કડું ઘાલે છે અથવા ચૂડ પહેરે છે; કપાળે ચાંલ્લો નહિ, કાટવાં લુગડાં પહેરે છે, દારૂમાંસનો ત્યાગ કરે છે, ઓચ્છવ જમણવારમાં સામેલ થતી નથી; રેવાકાંઠામાં રાતું સિંદુરી લુગડું પહેરે છે. ઠાકોર વર્ગની સ્ત્રી પોતાની રહેણીમાં સુઘડ કહેવાય છે. સત્તાધારીની સ્ત્રિયો પોતાની શોકોની નિંદાવાર્તામાં તથા બીજા ઘરસંસારના કજિયામાં વખત ગૂજારે છે. છોકરાં વગરની તે છોકરાંવાળીની અદેખાઇ રાખે છે ને કોઇ વળી કદી હરીફ થઇ રહે છે. તેઓને જમીન મળી હોય છે પણ તેનો વહિવટ પોતે ન કરતાં કોઇ બીજાપાસે કરાવે છે. રજપૂતાણી ભણેલી નથી હોતી પણ મંનની શક્તિવાળી હોય છે ને કેટલીકે રાજકારભારમાં પોતાની સત્તા ચલાવી છે. હાલમાં ઊંચી બુદ્ધિવાળી કોઇક હશે પણ કેટલીક તે નીચી ખટપટ કરનારી છે.

કદાવર ફાંકડા મર્દ દેખાય છે. તાલુકદારોમાં પણ પોશાકનો શોખ છે પણ પોતાના કુળની પાઘડીનો ઘાટ બદલતા નથી.

૧. સતી થવાનો ચાલ હતો. પાલીઆઉપર સ્ત્રિયોની આકૃતિ જોવામાં આવે છે. ઝાલાવાડમાં નીચ જાતિમાં પણ સતી થતી. અને જાડેજામાં રાખેલી સ્ત્રી તે સતી થઇ છે.

૨. રાજા મરેથી રાણી વાળ ઉતરાવતી નથી. બીજી વિધવાઓ તે ઉતરાવે છે ને પાછા રાખે છે અને કેટલીક નથી પણ રાખતી.

શૌર્ય ઉજળું હતું, હાલમાં નથી; પ્રસંગ પણ નથી ને તેટલું કૌવત પણ નથી. જુવાન ઠાકોરે સારો પોશાક પહેરી હથિયાર સજી ઘોડાઉપર સ્વારી કરવી, અધોટ કે ધરડાએ લગ્નના ટાણાંઉપર પાંડવકૌરવના જુદ્ધની કથા કે પહેલાંના રજપૂતોનાં પરાક્રમ તથા ઔદાર્યની વાર્તા મૂછપર તાળ દેતાં ચારણગઢવીને મોડે સાંભળવી એમાં અને ગરાસ તથા કુટુંબના ટંટા બાબતની ખટપટ કરવી તથા પરણમરણમાં મોટો ખરચ કરી કુળનું મોટપ દાખવવું એમાં તેઓ શૂરા છે ખરા. હજી પણ રજપૂત અપમાન સાંખતો નથી; એવે પ્રસંગે તે ચંચળ શૂરો ને નિર્દય થાય છે. રજપૂત કોઇ પ્રકારની કસરત કે રણની રમત રમતો નથી તોપણ તે સ્વભાવે હિંમતવાળો ને સાહસિક છે. રજપૂતસ્થાનના રજપૂતોના મુકાબલામાં ગૂજરાતના રજપૂતો રાજ્યસ્થિતિ પરત્વે ઉતરતા છે અને કુળની રીત રાખી રહેવા વિષે પણ તેટલા એકનિશ્ચયવાળા નથી; બહારનાં રાજકુળમાં ટલાક ધર્માચારશીલ તથા વિદ્વાન તથા વિચક્ષણ છે પણ ગૂજરાતનાં રાજકુળમાંના ઘણાંક તેથી ઊલટાં છે; બાકી દેખાવ, સ્વભાવ ને રીતભાતમાં બંને દેશના રજપૂત સરખા છે.

લેખકવર્ગ.

એમાં બ્રહ્મક્ષત્રી, કાયસ્થ ને પરભુ એ ત્રણ જાતના લોક વિશેષે છે. પાંચે જિલ્લા થઇ સંખ્યા ૩,૪૭૨ તેમાં બ્રહ્મક્ષત્રી ૧૮૫૨,[1] કાયસ્થ ૧,૨૦૭ ને પરભુ ૪૧૩ છે.

બ્રહ્મક્ષત્રી.—બુદ્ધિમંત તથા શ્રીમંત હોવાથી ગૂજરાતી હિંદુઓમાં ઊંચું પદ રાખે છે. પરશુરામના સંહારમાંથી બ્રાહ્મણના પુત્રરૂપે ઉગરેલા ક્ષત્રીપુત્રોના વંશજ તે બ્રહ્મક્ષત્રી.[2] એ વર્ગના સંબંધમાં બે ઉપવર્ગ છે કે જે દશા ને પાંચા કહેવાય છે; ને પાંચાનેમાટે કહેવાય છે કે બાપ બ્રહ્મક્ષત્રી પણ મા બીજી જાતની. એ દશાપાંચા પરસ્પર જમતા નથી. મુત્સદી બ્રહ્મક્ષત્રી દેખાવડા, ગોરા, કેટલાક નીલી આંખના, બાંધે તથા દેખાવે વાણીઆ જેવા પણ કાંઇક વધારે મોટા તથા જોરસાદાર છે. પહેરવેશ બીજો બધો ઊંચી જ્ઞાતના હિંદુ જેવો પણ પાઘડી ભરૂચના ક્ષત્રીઓની જૂદી

---

૧. સૂ૦ ૫૦૯, ભ૦ ૬૯૨, પે૦ ૮૮, અ૦ ૫૩૬ ને પં૦ ૨૭; એ ઉપરાંત જૂનાગઢમાં ૧૫૦ છે. કચ્છમાં મુત્સદી વર્ગના બ્રહ્મક્ષત્રી તે લાહોરથી આવેલા છે; એઓ કહે છે કે અમે મૂળે અંતરવેદ–ગંગા જમનાની વચમાંના પ્રદેશનાં.

૨. સૂર્યવંશી રત્નસેનના બાર દિકરાને દધિચિ ઋષિયે બ્રાહ્મણના પુત્ર છે એમ કહી બચાવ્યા હતા. પરશુરામે મોટાને પોતાની જોડે રાખી યુદ્ધવિદ્યા શીખવી પણ પાછળથી ક્ષત્રી જાણી શાપ દેઇ દૂર કીધો. એ છોકરાએ ભાઇયોસહિત દધિચિની આજ્ઞાથી હિંગળાજને પ્રસન્ન કીધી ને એની કૃપાથી ત્રણ પેઢીએ સિંધસૌવીરમાં રાજ્ય કીધું, પછી ત્યાંથી કોઇ પરદેશીએ તેઓને કાઢયા. પછી તેઓ સુથાર, ખરાદી, વણકર, સાળવી, છીટછાપનારા રંગારા વગેરેનો ધંધો કરતા થયા. જેઓ સરકારમાં મુત્સદીનું કામ કરતા થયા ને જેઓએ નાતરાંની રીત ન રાખી તેઓની જૂદી જ્ઞાતિ બંધાઇ.

પડે છે ને તેઓનાં બૈરાં બહાર નીકળે છે ત્યારે ચાદર ઓઢે છે. મ્હાત્યાચારે તેઓ માંસ દારૂ વાપરી શકે નહિ. કેટલાકને સારાં વતન છે, કેટલાક વકીલ, કેટલાક વ્યાજવટું કરનારા પણ ઘણાક તો સરકારી નોકર છે ને એમાં થોડાક તો ઊંચે દરજ્જે છે. તેઓ વિચક્ષણ, સ્વતંત્ર, વિવેકી ને મોજશોખના કોડીલા છે. તેઓ જનોઈનો સંસ્કાર પામી સંધ્યાદિક તથા શ્રાદ્ધાદિક કરે છે અને સાંબ તથા માતાને પૂજે છે; કૂળદેવી જૂદીજૂદી છે. તેઓના ગોર (પુરોહિત) સારસ્વત તે તેઓસાથે જમે છે પણ ગોર યજમાનને બેટીવહેવાર નથી. લગ્નની રીત જૂદી છે.[૧] બ્રહ્મક્ષત્રી પોતાના છોકરાઓને સારી કેળવણી આપે છે.

કાયસ્થ થોડા છે પણ બુદ્ધિ તથા કેળવણીથી ગૂજરાતી હિંદુમાં ઊંચું પદ ધરાવે છે. બંગાળામાં બાર જાતના કાયસ્થ છે તેમાંના વાલ્મિક ને માથુર એ બેજ ગૂજરાતમાં છે.[૨] ઉત્પત્તિવિષે મનુ કહે છે કે બાપ બ્રાહ્મણ ને મા શૂદ્રી; પદ્મપુરાણમાં તેઓની ગણના બ્રાહ્મણમાં છે; જાતિમાળમાં શૂદ્ર કહ્યા છે; વિલ્સન લખે છે કે બાપ ક્ષત્રી ને મા વૈશ્ય; ને કાયસ્થ પોતે કહે છે કે મુત્સદી વર્ગ નવો કરવાને રાજા ચિત્રગુપ્ત જન્મ્યો હતો ને તેના બાર દીકરાથી બાર જાતના કાયસ્થ થયા છે. ઇ૦ સ૦ ૧૫૭૩માં ગૂજરાતમાં મુગલાઇ થઈ ત્યારથી કાયસ્થ ગૂજરાતમાં આવી વસ્યા. અકબરે સૂરતને વાસ્તે ખાસ ગોઠવણ કીધી હતી કે શહેર તથા અઠ્ઠાવીસીમાં વસૂલાતનું કામ નવાબનાં માણસ નહિ પણ બાદશાહની તરફથી મુત્સદીઓજ કરે; અને સને ૧૮૬૮સૂધી અંગ્રેજી ગામોમાં ને હાલ લગી (૧૮૭૬) ગાયકવાડી અઠ્ઠાવીસીમાં મજમુદાર તે કાયસ્થ હતા ને છે. કાયસ્થ વાણીઆથી કાંઇક વધારે કાળા ને ચંચલ બાંધાના છે. બૈરાંનો પહેરવેશ વાણીઅણ જેવો, ને પુરૂષની પાઘડી તે મુગલાઇ ઢબની. તેઓ માંસમદ્ય વાપરતા નથી; ભણેલા તથા હોશિયાર

---

૧. લગ્ન થતાં પહેલાં વર સાસરે જઇ ત્યાં લટકાવેલાં માછલીના આકારના સંપૂટને તરવાર અરકાડી આવે છે (મચ્છવેધની નિશાની). પરણવા જાય તે મોડાંપર ફૂલમાળ રાખીને. લગ્ન પછી પહેલે સોમવારે કે ગુરૂ કે શુક્રવારે વર સંતાડી રાખેલી વહુને શોધવા આવે છે–પ્રથમ સાત ઘરને તરવાર અરકાડી વહુને ખોળે છે ને એ વેળા બૈરાં મજાખ કરે છે; વહુ જડેથી વહુવર ચોરીમાં બેસી એક બીજાના વાળ હોળે છે; પછી બૈરાં તેઓના ઉપર પાણી કચરો વગેરે નાખે છે. અઘરણીની રીત પણ જૂદી ને સાત દહાડાની છે.

૨. સૂ૰ ૯૮૪, ભ૰ ૫૬, બે૰ ૮, અ૰ ૧૩૯, પં૰ ૨૦; એ ઉપરાંત વાલ્મિક તે જૂનાગઢ, કોડિનાર, ચોરવાડ ને માંગરોળમાં છે અને માથુર તે ડભોઈ વગેરે ગાયકવાડી ગામમાં, નવાનગર, ખંભાળીઆ વગેરેમાં ને ગઢડામાં છે. કચ્છમાં શીવત્સક નામના કાયસ્થ છે ને ત્રણે જાત મળી ૩૮૦ છે; તેઓ ત્યાં સોળમા શૈકાની આખરે સિંધ, મારવાડ, અમદાવાદ ને સોરઠથી આવ્યા; આગળ રાવની ફોજમાં બહુ હતા પણ અમણા દરબારના નોકર કે વેપારી કે મેહેતા છે; ઘણા તે માથુર છે પણ સઘળા પરસ્પર લગ્ન કરે છે; તેઓ શૈવ, વલ્લભી કે સ્વામીનારાયણી છે.

છે; અને શોખીન હોવાથી લાલા કહેવાય છે. વાલ્મિક ઘણા છે, તેઓને જનોઇ નથી ને તેઓ વલ્લભી વૈષ્ણવ છે; માથુર જનોઈ રાખે છે ને રામાનંદી છે. કાયસ્થની જ્ઞાતિમાં કોઇ ઉપરી મુખી નથી. કોઇ વકીલ, ઇંજનેર ને ડાક્ટર છે પણ ઘણાક તે સરકારમાં નોકર છે ને એમાંના કોઈ તે સારે દરજ્જે છે.[1] મુગલાઇમાં ને અંગ્રેજી દાખલ થયા પછી થોડાંક વર્ષ સરકારી નોકરને ફારસી ભાષાની જરૂર પડતી તેથી એ ભાષામાં કેટલાક કાયસ્થ બહુ પ્રવીણ હતા. આગળ સરકારી ખાતામાં ઘણા કાયસ્થ નોકર હતા પણ હાલ નથી; તોપણ રેલવે કંપની તથા બીજીઓમાં ઘણા કાયસ્થ છોકરાઓ નોકરી કરે છે. કાયસ્થ પોતાના છોકરાઓને અંગ્રેજી શીખવે છે ને કાલેજમાં દાખલ થવાની પરીક્ષાલગી તો જરૂર.

પરભુ[2] બે જાતના છે; કાયસ્થ ને પાઠારે. કાયસ્થ તે કલ્યાણીના રજપૂત રાજકુળના પોતાને કહેવડાવે છે; ત્યાં આજેપણ તેઓનો જથો છે. તેઓ ગૂજરાતમાં આવી વસ્યા તે મરેઠાની ઉપરી સત્તા થઇ તેવામાં (૧૭૨૩–૫૭); હાલ ઘણાખરા સરકારી નોકરીમાં છે. પાઠારે કહે છે કે અમે ઉત્તર હિંદુસ્થાનના ક્ષત્રી રાજવંશમાંના છૈયે: મુસલમાનના ધસારાથી દક્ષિણ જઇ પૈઠણમાં વસ્યા ને એ ભાગ્યું ત્યારે કોંકણમાં એક ઉપરાજ્ય સ્થાપ્યું. યૂરોપીઅનો પશ્ચિમ હિંદુસ્થાન સાથે વેપાર કરતા થયા ત્યારથી પરભુઓ ભરોસાદાર મનાયા છે ને બ્રિટિશ સત્તા ગૂજરાતમાં સર્વોપરિ થઇ તેવામાં સરકારી નોકરીમાં તેજ લોક હતા. બે જાતના પરભુના દેખાવમાં ફેર નથી. તેઓ પોતાની પહોળી પટીની પાઘડીથી ને બીજાં દક્ષણી પહેરવેશથી ઓળખાય છે. માંસમદ્ય વાપરે છે; કુળદેવી જુદી પણ બધાએ શૈવ છે; જનોઇ સંસ્કારે સંધ્યાવંદન તથા દેવપૂજન કરે છે; ને કુળગોર તે પુણાની પાસેના ખેડ ગામના રાજગુરૂ એ નામના દેશસ્થ બ્રાહ્મણ છે. અંગ્રેજી લખનારા દાખલ તેઓનો હવે મળતો નથી તોપણ તેઓ સારી આબરૂવાળી હાલતમાં હોઇને છોકરાઓને અંગ્રેજી અભ્યાસ કરાવે છે.

વેપારી ધંધાર્થી દુકાનદાર.

એ વર્ગોમાં વાણીઆ[3] (કંઠીબંધા તથા શ્રાવક) ને મારવાડી ને ભાટીઆ તથા લુવાણા એ જ્ઞાતિના લોક છે.

વાણીઆ ધર્મઉપરથી કંઠીબંધા ને શ્રાવક[4] એ સંજ્ઞાએ અને જ્ઞાતિના આચારમાં પક્ષ પડવાથી

---

૧. એક તે મુંબઇ હૈકોર્ટમાં જડજ છે ને બીજો સનદી ડાક્ટર છે.

૨. સૂ૦ ૨૪૧, ભ૦ ૧૯, બે૦ ૬૨, અ૦ ૭૧ ને પં૦ ૨૦ છે.

૩. વાણીઆની સંખ્યા બ્રિ૦ ખાલસા ભાગ ને કાઠિયાવાડ મળીને ૨,૪૬, કંઠીબંધા ૧,૩૨.૬૧૬ ને શ્રાવક ૧,૧૪,૧૬૧)છે. કચ્છમાં શ્રાવક ૬૪,૯૮૧ ને કંઠીબંધા ૨,૮૮ મળીને ૬૭,૮૬૯ છે.

૪ શ્રાવક તે કંઠીબંધા સગળાને મેશ્રી (મિશ્રિત) કહે છે વૈષ્ણવ વાણીઆ તે પોતાનામાંના

B. 524—

વીસા ને દસા એ સંજ્ઞાએ ઓળખાય છે. જેમ બ્રાહ્મણની તેમ વાણીઆની પણ ચોર્‍યાસી જ્ઞાતિ કહેવાઇ છે પણ હાલ માત્ર કંઠીબંધામાં જૂદાં જૂદાં નામની ૨૫ જ્ઞાતિ જણાઇ છે; અને એમાંની ત્રણ તથા ઓસવાળ નામની એક મળીને ચાર જ્ઞાતિ શ્રાવકમાં છે.

પચ્ચીસમાં ૧૭ જ્ઞાતિ નાની છે.—**અગરવાળ** (૨૨૧) તે પંજાબમાં હરિયાનાની સરહદઉપર અગ્રોહા ગામ છે ત્યાંથી શાહબુદીન ઘોરીના મારથી હિંદુસ્થાનમાં વેરાતા પડયા છે. **ઉમડ** (૧,૪૧૮) તે થોડાક વૈષ્ણવ પણ ઘણાક તે શ્રાવક (દિગંબરા) છે; **ગુજ્જર** (૭૮૨) કેટલાકને વતન છે પણ ઘણાક તે ધંધાર્થી તથા મહેતા છે; કહેવાય છે કે પડતર જમીનના મોટા કિત્તા ખેડાણમાં આણવાના બદલામાં તેઓને વતન મળ્યાં છે. **ચિત્રોડા** (૧૦૬) તે કાઠિયાવાડના ચિત્રોડ ગામના. **ઝારોળા** (૨૦૫૬). **દીંડુ** (૨૧૦) એ નામ મારવાડમાં એક ગામ છે તે ઉપરથી પડયું છે. **દીસાવાળ** (૪,૫૬૯). **નરસીપરા** (૩૧૪) તે પાલણપુર ઇલાકામાં નરસીપુર ગામ છે ત્યાંના; એમાં પણ કેટલાક ઢુંઢિયા છે. **નાગર** (૨,૪૮૪) તે વડનગરના અગાઉ; એક જથો બમનાગર કહેવાય છે તેને નાગર સાથે રોટીબેટીવહેવાર નથી. **નાઘોરી** (૨૨૯) તે મારવાડના નાઘોર ગામના. **નાદોરા** (૯૦) નાદોદ ઉપરથી. **પાંચા** (૭૬૭) સાથે બીજા વાણીઆ જમતા નથી કારણ કહેવાય છે કે બાપ વાણીઆ પણ મા ઉતરતી જાતની. **મેવાડા** (૧,૮૯૧). **રાયકવાળ** (૨૧૨) ખેડા તથા અમદાવાદમાંજ છે. **વાયડા** (૮૭૭) પાટણપાસે વાડગામ છે ત્યાંના. **સોરઠિયા** તે સોરઠના (૪,૯૦૭). **હરસોળા** હરસોળ ગામના (૬૬૪). બીજી ૮ જ્ઞાતિ મોટી તેમાં **ઓસવાળ**[2] તે મારવાડના જોધપુરની ઉત્તરે ૧૮ મૈલ ઉપર ઓસિયા નગર છે ત્યાંના અસલ; ત્યાંની ઓસીઆ માતાને કુળદેવી માને છે. **કપોળનો** જથો કાઠિયાવાડમાં મોટો છે ને મુંબઇમાં તે જ્ઞાતિ બીજીઓ કરતાં સંખ્યા તથા સ્થિતિમાં ઉંચુ પદ ધરાવે છે. **ખડાયતા** તે પરાંતીજના ખડાલ ગામના; નાગરવાણીઆમાંથી ફંટાયલા કહેવાય છે. **નીમા** ખેડા

જેઓ શ્રાવકસાથે વહેવાર રાખે છે તેને મેશ્રી કહે છે; વળી કંઠીબંધામાં મેશ્રી વાણીઆની એક જ્ઞાતજ જૂદી છે કે જેના પલ્લીવાળ બ્રાહ્મણ ગોર થાય છે ને નાઘોરી તથા કરાડ વાણીઆ તે જ્ઞાતના ફાંટા છે એમ કહેવાય છે. મેશ્રી તે મહેશ્વરીનો અપભ્રંશ એમ પણ વળી કોઈ કહે છે. કંઠીબંધા તે તુળસીની કંઠી ઘાલી રાખે છે; ઘણાક વલ્લભી ને થોડાક સ્વામીનારાયણી છે; જૂજ શિવમાર્ગી છે તે રૂદ્રાક્ષની કંઠી પહેરી રાખેછે. શ્રાવક કોટે કંઇ રાખતા નથી પણ કપાળે કેસરનો પીળો ચાંદલો કરે છે ને વૈષ્ણવ તે ઉભું ટીલું કંકુનું રાતું કરે છે ચાંદલા સાથે અથવા વિના. વાણીઆનો મોટો ભાગ જૂના વખતમાં શૈવ હતો; પછી તે જૈન થયો; ને હાલ વૈષ્ણવ ને જૈન એમ બે ભાગે વહેંચાતો છે.

૧. જ્યારે મૂળજ્ઞાતિમાંથી કેટલાકે ફંટાઇ નવાં કુળ થાપ્યાં ત્યારે જૂનાં કુળે પોતાને વીસા (વીસે [illegible] શુદ્ધ) ને નવાને ઓછા શુદ્ધ ગણી દસા કહ્યા. વળી વીસામાંથી કે દસામાંથી ફંટાઈ થોડાક જે [illegible] જૂદા પડયો તે પાંચા કહેવાયો. વાણીઆની બીજી બધી જ્ઞાતિમાં દસા વીસા છે પણ એક કપોળમાં નથી.

૨. લેટા વાણિયા કહેવાય છે મુંબઈમાં ને પાલણપુરમાં તે ઓસવાળ કે પોરવાડ છે, શ્રીમાળી નહિ.

તથા પંચમહાલમાં છે. પોરવાડ તે શ્રીમાળ નગરના એક પરાંના અસલ. મોઢ તે વાત્રક ઉપર મોઢેરા છે સૂંવાળમાં ત્યાંના; કેટલાક ઘાંચીનો પણ ધંધો કરે છે; દસા વીસાના ભેદ ઉપરાંત અડાલજા, ઘોઘવા ને માંડલિયા કહેવાય છે. લાડ નર્મદાની દક્ષિણનો ગૂજરાતનો ભાગ જે લાટદેશ કહેવાતો ત્યાંના અસલ; એનો જથો પાંચે જિલ્લા ઉપરાંત મુંબઇ, દમણ, વડોદરૂં, પેટલાદ, ખંભાત અહીં છે; થોડાક રેવાકાંઠામાં તથા પાલણપુરમાં છે પણ કાઠિયાવાડ કે કચ્છમાં લાડ નામે નથી. **શ્રીમાળી** તે શ્રીમાળનગરના. એ ગ્નાતિઓનાં મૂળ ઠેકાણાં તથા પરસ્પર સંબંધ જોતાં દક્ષિણ ગૂજરાતમાં લાડ, મધ્ય તથા ઉત્તર ગૂજરાતમાં નાગર (ખડાયતા સાથે) તથા મોઢ અને કઠિયાવાડમાં સોરઠિયા (કપોળ સાથે) એ ત્રણ ગ્નાતિ ગૂજરાતની સૌથી જૂની જણાય છે. કપોળ, ખડાયતા, મેવાડા એ કંઠીબંધામાં અને ઓસવાળ, નીમા, શ્રીમાળી[1] એ શ્રાવકમાં વીસા વર્ગની સંખ્યા મોટી છે અને ઝારોળા, દીસાવાળ, નાગર, નીમા, પોરવાડ, લીંડ, શ્રીમાળી એ કંઠીબંધામાં ને પોરવાડ શ્રાવકમાં દસા વર્ગની સંખ્યા મોટી છે. કંઠીબંધા પાંચા સિવાયે ઘણું કરીને સર્વેને પરસ્પર રોટીવહેવાર છે ને બેટીવહેવાર ઘણોખરો પોત પોતીકી ગ્નાતમાં છે. દસા શ્રીમાળી તથા દસા પોરવાડ (કંઠીબંધા કે શ્રાવક) અને દસા ઓસવાળ (શ્રાવકજ) એઓને રોટીવહેવાર છે અને બેટીવહેવાર તે સુરતથી અમદાવાદ લગી નહિ પછી બીજે બધે ખરો. કંઠીબંધામાં[2] મોઢ તથા નાદોરા એમાં, ખાંડાંસાથે પરણવા જવાનો ચાલ છે. શ્રાવકો થાળીમાંજ જમે પત્રાવળીમાં નહિ.

વાણીઆ ઘઉંવર્ણા રંગના ને કાંઇક પાતળા તથા ચંચળ બાંધાના છે; ઘણાક તે ઘરડપણમાં જાડા થાય છે. ઘણાક જોકે થોડે પગારે મહેતાગીરી કરે છે, તોપણ તેઓને બે ત્રણ માળનાં ને એકથી વધારે કુટુંબનો સમાસ થાય તેવાં ઘર હોય છે. પુરૂષો સાદાં પણ સારાં કપડાં પહેરે છે. વાણીઆની પાઘડી ગૂજરાતના જૂદા જૂદા ભાગમાં જૂદી જૂદી છે; લાડની સ્ત્રીઓ કેટલાંક કિંમતી તથા શોભીતાં કપડાં રેશમી તથા કસબી સાડી વગેરે પહેરવામાં ઘણી આવડતવાળી ને ટાપટીપ કરનારી છે. વાણિયામાં પુરૂષ તથા સ્ત્રી બંને ઘરેણાંનાં કોડીલાં હોય છે; પુરૂષ સુનાની કંઠી, કાને કડક, બાજુબંધ કે કડું, પાંચી, કલ્લાં ને વીટીઓ ઘાલે છે અને સ્ત્રીઓના ઘરેણાં માથાનાં, કાનનાં, નાકનાં, હાથકાંડાનાં, આંગળીનાં સુનાંનાં કે જડાવ હોય છે ને પગે આંગળીએ રૂપાનાં. વાણીઆ માંસ

---

૧. શ્રીમાળી તથા પોરવાડ બંનેની કુળદેવી મહાલક્ષ્મી છે ને બંને એનો ઓચ્છવ ભાદરવા વદ આઠમે કરે છે. સોરઠિયા તથા કપોળ બંનેની કુળદેવી સામુદ્રી છે ને બંને એનો ઓચ્છવ ભાદરવા શુદ છઠે કરે છે. ઝારોળાની કુળદેવી હેમજા છે.

૨. પાંચે જીલ્લા તથા] કાઠિયાવાડ થઇને ઓસવાળ ૯,૪૪૬; કપોળ ૧૯,૦૭૯; ખડાયતા ૧૬,૩૫૫; નીમા કંઠીબંધા ૩૦૪૬ ને શ્રાવક ૨,૭૨૮; પોરવાડ કંઠીબંધા ૮,૩૯૯ ને શ્રાવક ૮,૫૫૨; મોઢ ૩૦,૭૨૧; લાડ ૯,૭૯૩; શ્રીમાળી કંઠીબંધા ૧૬,૬૩૧ ને શ્રાવક ૯૩,૩૭૫ છે.

ભક્ષણ કરતા નથી; શ્રાવક તો કંદમૂળ પણ ખાતા નથી; વાણીઆને મીઠાઇ બહુ ભાવે છે; ને ભાંગપાક વિના બીજો નીશો કરતા નથી, થોડાક તે ગાંજો ફુંકેછે ખરા.

ધણી પુંજીવાળા તે બીજાનાં નાણાં અનામત રાખે છે, હુંડીઓ લખે છે, અને સારાં માણસોને, ગામ કસબામાં વ્યાજવટું કરનારને, માલ વેચનારાઓને, વેપારીને, ઉંચા વર્ગના એડુતને નાણું ધીરે છે; વળી પોતે પણ ધંધો કરે છે. થોડી પુંજીવાળા તે પોતાની નાતના તવંગરો પાસેથી ઓછે વ્યાજે નાણું લેઇ વધારે વ્યાજે બીજાઓને ધીરે છે અથવા કાપડ, અનાજ, વગેરેનો ધંધો કરે છે; અને થાપણ વગરના તે ગાંધી, કાપડીઆ, કણીઆ વગેરેની દુકાન માંડી છૂટક વેચે છે; વળી કેટલાક તે ગામોમાં ફેરીઆ થઇને મસાલા તેજાના વેચે છે. આગળ ગૂજરાતના વાણીઆ કોંકણ તથા દક્ષિણમાં જઈ રહેલા તે આજ પણ ગુજ્જરવાણીઆ કહેવાય છે. થોડાં વર્ષ થયાં મુંબઇ સિવાય બીજે કેથે જતા જણાતા નથી. ચાકરીવાળામાં કેટલાક વેપારીઓની આફીસ-પેઢીમાં મોટે દરજ્જે મોટા પગારપર છે ને તે વખતે પોતાનો ખાનગી ધંધો પણ કરે છે; કેટલાક તે માત્ર લખાણની નકલ કરનારા છે તેને થોડો પગાર મળે છે ને સ્થિતિયે સારા નથી; બીજા તે સરકારી ખાતામાં ક્લાર્ક છે ને બહુ થોડાજણ ઉંચા દરજ્જે છે; વળી એક વર્ગ તે પરંપરાના દેસાઇ કે મજમુદારનો છે[1]. એતીના સંબંધવાળા તે આ કે જેઓએ ધંધાથી કે વકીલાતથી પુંજી એકઠી કરી જમીનમાં નાણું રોકેલું. વાણીઆ આગળ પાછળનો વિચાર કરનારા, ઠાવકા ને દર રોજના ખરચમાં અજબ રીતના કરકસરીઆ છે પણ વળી અવસર ટાણે બહુજ છૂટે હાથે ખરચ કરે છે. જોકે તેઓ ધીરધારના વહેવારમાં પોતાના ગરીબ આસામીઓસાથે પ્રમાણિકપણે ને દયાળુપણે વર્ત્તતા નથી તોપણ તેઓમાં ભરોસો કરવાજોગ તથા બહુમાનને લાયક ઘણાંક કુળ છે[2].

---

૧. સને ૧૮૬૭ થી દેસાઇ મજમુદારનાં કામ કાઢી નાખવામાં આવ્યાં છે ને આગળની સરકારની નોકરીના બદલામાં મળેલાં જમીનનાં વતન ઉપર બ્રિટિશ સરકારે રૂપીએ ત્રણ કે પાંચ આના લેવા મુકરર કીધા છે.

૨. વાણીઆઓની સાહુકારી નીતિ આગળના જેવી હાલ નથી. આગળ લોક પોતાનું નાણું સાહુકારને ત્યાં રાખતા ને ઉપર વળી વ્યાજ કાંઇ સંઘરામણ આપતા. દેવાળું કાઢવું એને તો બહુજ ગેરઆબરૂ સમજતા ને તેવું કરનારાને સંસારી દંડ પણ મળતો. દેણદારને મુવા પછી પણ વેઠવું પડશે એ સમજ ને બાપદાદાનું દેણ ફિટાડવાની ફરજ એથી કેવળ લાચારીવિના કોઇ દેવાળું કાઢતું નહિ. સ્થિતિ બદલાઇ ગઇ છે; હાલ વાણીઆ પોતાના કુટુંબને માટે તથા ફરીથી ધંધો કરવાને થોડીક થાપણ રાખીને દેવાળું કાઢે છે. આગળના વાણીઆવિષે યૂરોપીઅનો આપ્રમાણે લખી ગયા છે,—તેઓનું ચિત્ત ધંધામાંજ લાગ્યું હોય છે ને તેઓ બધા હિંદુમાં કામ કરવે બહુજ તત્પર ને ખુશમિજાજી છે; એવાતો હોશિયાર છે કે યાહુદીને પણ તેઓને ત્યાં મહેતાગીરી કરી શીખવું પડે; સૂરતમાં કહેતી છે કે ત્રણ યાહુદી બરાબર એક ચીનો ને ત્રણ ચીના બરાબર એક

વાણીઓ એકાદા ગામમાં દુકાન કાઢે છે તે ફક્ત સોદો વેચવાને નહિ પણ ગામના ગરીબ લોક તેનીસાથે ખાતું રાખે વાસ્તે. તે વેચવાંની ચીજોને શેહેરમાં જેમ લોકને દેખાડવાને બહાર ગોઠવે છે તેમ નહિ પણ માંહેની ઓરડીમાં રાખે છે. તે ગામના ખેડુતોને નાણું ધીરે છે ને પછી બાંધેલા હફ્તાપ્રમાણે નાણું પાછું લેવામાં પોતાનો સગળો વખત કાઢે છે; પણ કમાયલો વાણીઓ પડોસના કસબામાં ઘર ખરીદ કરી ત્યાં રહે છે ને વખતે વખતે ને બે વખત તો જરૂર ગામની દુકાને જાય છે;—ચોમાસામાં કે જ્યારે ગરીબ ખેડુતો બી વગેરેને માટે અનાજ લેવા આવે છે ત્યારે ને પાક તૈયાર થાય ત્યારે માગણું વસૂલ કરવાને. એ વર્ગના વાણીઆ કસબાઓમાં દુકાન ઉઘાડતા નથી. ગામની દુકાન બાપની પછી દીકરા ચલાવે છે; કુટુંબ ગરીબ હોય ને ઘણા દીકરા હોય તો નાના તે વળી બીજા ગામોમાં દુકાન માંડે છે. ગામમાં ધીરનારો પહેલે તો પોતેજ કસબાના કોઇનીપાસેથી વ્યાજે થોડાક રૂપીઆ લેઇ ઘી, તેલ, ગોળ વગેરે ખરીદ કરી ગામમાં પોતાની દુકાનમાં રાખે છે. ખેડુતો ઘરમાં કલ્લાકેક દીવો બળે તેટલું દીવેલ કે બીજી જોઇતી ચીજ ખરીદ કરે છે બદલામાં થોડુંક અનાજ કે રૂ આપીને, કે જેનો બજારભાવ તેઓ જાણતા નથી. એ અનાજ કે રૂને વાણીઓ કસબામાં જઇ સારે ભાવે વેચી નાણું લેઇ ગામમાં વધારે ધંધો ચલાવે છે; કોઇ ખેડુત બળદવગરનો થયો હોય તો તેને વ્યાજે નાણું ધીરે છે; કોઇ ખેડુતને છોકરી પરણાવવી હોય કે બાપની ક્રિયા કરવી હોય તો તેને ઘી, ગોળ, કપડાં વગેરે પૂરાં પાડે છે બમણું મૂલ ઠેરવીને; કારજ વીત્યા પછી ખાતાંની ચિઠ્ઠી લખાવી લે છે કે જે ઉપર ખેડુત સહીને ઠેકાણે આવડે તેવી નિશાની કરે છે. પાક તૈયાર થયો ને સરકારનો હિસ્સો અપાયો કે બાકીનું સગળું લેણદાર લેઇ જવાની તજવીજ કરે છે; ખેડુત થોડા દહાડા ચાલે તેટલું અનાજ રાખવાને કાલાવાલા કરે છે ત્યારે વળી તે થોડુંક તેને આપે છે પણ પોતાનાં લેણાંની બાકી તેને ખાતે ચઢાવે છે. [૧]

સાહુકાર કે શરાફને બે ઘર હોય છે, ઘણું કરીને પાસપાસે, એક રહેવાનું ને બીજું કામ કરવાનું. રહેવાનાં ઘર બે ત્રણ માળનાં ઇંટનાં બાંધેલાં ને કેટલાકને બારીબારણાં નકસીવાળાં હોય

વાણીઓ; વાણીઆ વિના યૂરોપીઅન કે દેશી કોઇ પણ ધંધો કરી શકે નહિ; લાખોની સત્તાવાળો પણ એક પૈસો આવતો સંઘરવો ચૂકે નહિ; દલાલ દાખલ તેઓ તુર્કસ્તાનના યાહુદી કર્તાં વધારે સંતોષ પમાડનારા છે; એવા તો ખંધા છે કે કોઇ અજાણ્યા તો તેઓની ઠગાઈ જાણી શકેજ નહિ; ચોરીની કળામાં બહુ પ્રવીણ છે; તેઓની સાથે સાચી રીતે વર્ત્તાય તો તેઓ ઘણાજ ભરોસા લાયક છે ને શક્તિમાનની ખિદમતમાં રહેનારા છે. ઉતાવળથી હિસાબ ગણનારો આંકડા માંડીને ગણે તેના કર્તાં વાણિયો મોઢેથી વધારે ઝડપથી ગણી કાઢે છે. હાલના વાણિઆગુમાસ્તા પણ તેવાજ છે; આંક તથા કેટલીક ટુંકી રીત તેઓના જાણ્યામાં હોય છે તેથી ભાગના ભાગ ને તેના ભાગની ગણતરી તેઓ સહેલથી કરી શકે છે.

૧. એવી રીતે ઘણેક ઠેકાણે ચાલતું; હાલ રેલવે સડકથી છેટેના ગામોમાં ને છેક ઉતરતા ખેડુતોના સંબંધમાં ચાલે છે.

છે; માંહેથી તે સાદાં ને આગલા ઓરડામાં થોડીક હાંડી ને ભીતને લગતા ગાદી તકિયા હોય છે. એક ઘરમાં ઘણા ભાઇ રહેતા હોય તો તેઓના જૂદા જૂદા ઓરડા હોય છે; પણ તે સૌ સાથે જમે છે ને કેટલોક વખત સાથે કાઢે છે. ઘરમાંજ જો પેઢી હોય તો તે પહેલે માળે; દીવાનખાનામાં મહેતાઓ ગાદીઉપર બેસે છે ને તેઓની સામા બે ફૂટ ઊંચી તથા બે ફૂટ પહોળી એવી પેટીઓ હોય છે; શેઠ કે મુનીમને વાસ્તે મોટા તકીઆ ને એ ગાદીના વચલા કે છેડેના ભાગ પર હોય છે. શેઠને ભાઇયો કે દીકરા હોય તો તેઓ પેઢીના કામમાં મદદ લાગે છે ને તેઓને પણ માન આપવામાં આવે છે. શેઠના મરણપછી તેનો વડો દીકરો કે કુટુંબનો કોઇ લાયક તે શેઠ થાય છે; ને ઘરમાં વહેંચણ ન થતાં નીતિ રીતિ કાયમ રહે છે; દરેક ભાઇ કે છોકરાને રહેવાનું જમવાનું તે ઉપરાંત વર્ષે અમુક રકમ મળે છે કે જે દુકાનની પુંજીમાંથી આપવામાં આવે છે ને જેમાંથી તે પોતાનો કપડાં વગેરેનો ખર્ચ કાઢે છે; લગ્ન કે મરણ અવસરનો ખરચ એકઠી પુંજીમાંથી કરવામાં આવે છે. જો કોઇને પોતાનેમાટે પોતાને નામે ધંધો કરવો હોય તો જેમ બીજાઓને તેમ તેને પણ ખાતે લખીને નાણું ધીરવામાં આવે છે. પેઢી સવારે સાત વાગે ઉઘડે છે ને મહેતાઓ બપોર લગી થોડુંઘણું કામ કરે છે; પછી એક કે બે જણ ત્યાં રહે છે પણ બીજા બધા ઘેર જાય છે તે બે ત્રણ કલાક પછી પાછા આવે છે. ત્રણ વાગાથી પેઢીનું કામ ચાલે છે તે રાતના આઠ વાગતા લગી. મોટી પેઢીમાં શીખાઉ છોકરા, ગુમાસ્તા, શરાફ, ફીલીદાર ને મુનીમ હોય છે, વળી પરદેશ ખાતાના મુનીમ પણ કોઇ ત્યાં હોય. મારવાડીની પેઢીમાં મારવાડી ગુમાસ્તા હોય છે પણ સાહુકારની તથા બધી જાતના ધંધા કરનારાની પેઢીમાં ચોપડા લખનારા હિસાબી મહેતા તે માત્ર ગૂજરાતી વાણીઆ તથા શ્રાવક હોય છે; વળી બ્રાહ્મણ ને પારસી એપણ થોડાકને રાખવામાં આવે છે. શીખાઉ છોકરા કે જે ઘણુંકરીને મહેતામાંના કોઇના દીકરા કે સગા હોય છે તે બાર વર્ષની ઉમરથી પેઢીમાં આવવા માંડે છે. કેટલાકને વાંચતાં લખતાં હિસાબ ગણતાં આવડતું હોય છે તે ગુમાસ્તાના સહેલાં કામમાં મદદ કરે છે ને જેને નથી આવડતું તે શીખે છે પણ પહેલે એઓ ઉપલકિયું કામ કરે છે; શેઠને હુક્કો ભરી આપે છે, પાન સોપારી કરી આપે છે, બજારમાંથી શાકભાજી આણી આપે છે ને શેઠના ઘરના છોકરાંને રમાડે છે. પેઢીવાળાને આસામીઓપાસેથી સુખડી-દસ્તુરી મળે છે તેમાંથી કેટલાક છોકરાઓને આપવામાં આવે છે ને કેટલાકને મહિને રૂપિઆનો કે બે રૂપીઆનો પગાર હોય છે. એમ ચાર કે છ વર્ષ કામ કરયાપછી લાયકને ગુમાસ્તા બનાવવામાં આવે છે ને એમાંનો કોઇ મુનીમ પણ થાય છે.

સાહુકાર વેપારી વર્ગમાં વપરાતા સંકેતી શબ્દ અંકના તે ગુમાસ્તો જાણે છે જેવા કે સળી (પા) વીલ (અરધો), ત્રણ પાન (પોણો), કેળ (એક), ધર (બે), ઉષાન (ત્રણ), ગોય (ચાર), મૂળ (પાંચ), છેલ (છ), સમર (સાત), માંગ (આઠ), જનસ (નવ) ને આંગળ (દશ). શીખાઉનો ગુમાસ્તા થાય ત્યારે તેને પોણોસોનું ને પછી વધતાં વધતાં અઢીસેં લગીનું વર્ષાણ મળે છે કે જે તેને જ્યારે જરૂર પડે છે ત્યારે આપવામાં આવે છે. એ કાગળ કે હુંડીઓ લખે છે. હુંડીનાં

નાણાં ભરાવે છે કે લે છે ને શેઠની તરફથી જો કોર્ટમાં કાંઇ કામ હોય તો તે કરે છે અથવા જમેઉધારના ચોપડા લખે છે ને લખીને મુનીમને કે શેઠને બતાવે છે. થોડા વર્ષ પછી તે કીલીદાર થાય છે ને ઘણામાં ઘણું ત્રણસેંનું વર્ષાણ લે છે. કીલીદાર પોતાની પેઢીસાથે એકલો બેસે છે ને તેની પેઢીમાં રોજના કામને માટે જોઇએ તેટલું નાણું હોય છે. પેઢીમાં ઘણાં નાણાંનું ભરણું થયું હોય તો તે સાહુકારને ઘેર લેઇ જઇ પેટારામાં કે ભાંયરામાં રાખવામાં આવે છે. ખોટા કે વટાવના સિક્કાને માટે જવાબદાર નાણાવટી કે શરાફ હોય છે, કીલીદાર નહિ. મુનીમની જગા ખાલી પડેથી તે કીલીદારને મળેછે ને તેનું વર્ષાણ અઢીસેંથી તે નવસેં લગીનું હોય છે. એ ઉપરાંત કેટલીક હદની અંદર મુનીમને પોતાનો જૂદો ધંધો કરવાનો હક હોય છે અને એને માટે શેઠનાં નાણાંમાંથી થોડું લેઇ શકે છે તેથી દેસાવરના મુનીમ ઘણું ખરૂં સારી પેઠે નાણું મેળવે છે કે જેથી તેઓ પોતાનો ધંધો વધારેં છે અથવા શેઠથી છૂટા પડી પોતાની જૂદી પેઢી કાઢે છે. પેઢીમાં સૌથી વધારે ભરોસાની તથા માનની જગા તે મુનીમની છે. તે ઘણું કરીને અધોટ કે ઘરડો હોય છે ને દેસાવરના મુનીમ થવામાં બહુ ફાયદો છતે મુખ્ય પેઢીમાં રહેવાનું વધારે પસંદ કરે છે. જેઓને પેઢીસાથે કામ હોય તેઓ પહેલે તો મુનીમને મળે ને એ પછી શેઠને જણાવે. મુનીમ ત્રણ વાગતા પહેલાં તો કોઇકજ વાર પેઢીએ જાય. તે શેઠની જગાની પાસેની જગાએ બેસે છે ને શેઠની સાથે મોટાં કામકાજ સંબંધી વાતો કરી રહ્યા પછી ચોપડાઓ તપાસે છે ને મહેતા બરાબર કામ કરે છે કે નહિ તે પણ જોય છે. શેઠ પાછલે પહોરે આવી મુનીમસાથે પેઢીના કામ સંબંધી વિચારો કરે છે. આગળના વખતમાં શેઠ પોતાની મેળે ચોપડા તપાસતા પણ કેટલાંક વર્ષ થયાં જેઓ અંગ્રેજી ભણેલા છે ને નામાંઠામાંની વાતથી અજાણ છે તેઓ તે બાબતમાં મુનીમનાઉપર ભરોસો રાખે છે. જારે બંને વાણીઆ હોય છે ત્યારે શેઠ ઘરસંસારી બાબતમાં પણ મુનીમની સલાહ લે છે ને બંનેનાં બૈરાંઓને પણ પરસ્પર સારો વહેવાર હોય છે. પલ્લું, પેરામણી ને બીજી રીતભાત એ સિવાય બીજી બાબતોમાં શેઠ પોતાના બૈરાંની સલાહ લેતા નથી. વિધવાઓએ મુનીમની મદદથી પોતાના ધણીની પેઢીનો કારભાર કરેલો એવા દાખલા છે પણ થોડા; અને બૈરીથી પેઢીમાં અવાય નહિ કે જાહેર પડી કામકાજ થાય નહિ તેથી વિધવા પોતાની પેઢીના વહીવટઉપર ખરેખરો અંકોશ રાખી શક્તી નથી. જોકે મુનીમને ૯૦૦થી વધારે મળતા નથી ને ગુમાસ્તાને પણ પોતાના સાલીઆણાં બહુ વધતાં નથી ને પેઢીના સંબંધના આસામીઓપાસેથી મળતર થોડું હોય છે તો પણ મોટી પેઢીના ગુમાસ્તાઓને બીજા કેટલાક ફાયદા છે. જેમ હલકા વર્ગના વ્યાજે ધીરનારા પોતાના મહેતાપાસેથી ઘણું કામ લે છે તેમ મોટી પેઢીવાળા શેઠ લેતા નથી; ગુમાસ્તાઓને જોકે અઠવાડીઆમાં એકો દહાડો રજાનો નથી તોપણ આખો શ્રાવણ મહિનો ને બીજા પરચૂરણ થઇને ૬૦ દહાડા (વર્ષમાં) તહેવારના તેઓને મળે છે. કદાપી શેઠને પાલવતું ન હોય તોપણ મહેતાને બે ત્રણ દહાડાની રજા માગે ત્યારે આપવામાં આવે છે ને કોઇ વખત તો રજાવના પણ તે

ગેરહાજર રહે છે. વળી મહેતાને ત્યાંના લગનમરણનાં કારજમાં શેઠ પાટે બેસવા જઇ તેને માન આપે છે ને તેના ખરચમાં પણ મદદ કરે છે. મુસલમાન કે પારસી શેઠ એવે પ્રસંગે ઉદાર હોય છે ને ૨૫થી તે ૨૦૦સૂધી મહેતાને આપે છે ને હંમેશની સાવચેતીવાળો શેઠ પણ ભરોસાદાર ગુમાસ્તાને ૧૦૦રૂપીઆ આપે છે; અને સો બસેં તેને નામે માંડી સાલીઆણાંને પેટે આગળથી આપે છે; વળી મહેતો મરે તો ન્યાતખરચને માટે બસેંક આપે છે ને તેના એકાદા છોકરાને પેઢીમાં ગુમાસ્તો કરી રાખે છે. વળી શેઠને ઘેર લગ્ન તથા બીજો કોઇ અવસર હોય તો વાણીઆ શેઠ પોતાના મહેતાઓને પાંચથી તે સો રૂપીઆસૂધી બક્ષીસ વહેંચે છે ને પારસી કે મુસલમાન શેઠ તે સીધાના ખરચ ઉપરાંત રોકડની સાથે ૧૦ થી ૨૦૦ લગીની કિંમતના કપડાં આપે છે. દેશની રીતપ્રમાણે લગ્નના થોડા દહાડા આગમચ મહેતાઓ શેઠને કે તેના દીકરાને કે દીકરીને કંકુનો ચાંલ્લો કરી તેના હાથમાં એકથી તે દશ રૂપીઆ લગી શક્તિપ્રમાણે મૂકે છે કે જે પણ ચાંલ્લો કહેવાય છે. એ ચાંલ્લો સમાન સ્થિતિવાળામાં અરસ્પરસ સરખો હોય છે પણ શેઠ મહેતાના સંબંધમાં શેઠને મેહેતાને ત્યાંના પ્રસંગમાં વધારે ચાંલ્લો કરવો પડે છે. વર્ષના છેલ્લા ચાર દહાડામાં સાહુકાર તથા વેપારી પોતાના પેઢીના હિસાબ નક્કી કરે છે ને ખાતાંવાળાઓ પાસે સહી કરાવી લેઇ નવાં વર્ષને માટે બાકી કઢાવી લે છે. પછી એ બધા ચોપડાઓને એક ઠેકાણે સારી સંભાળમાં રાખી ખરીદ કરેલી નવી ચોપડીઓને બાજઠઉપર મૂકી દીવાળીને દહાડે સાંજે પૂજન કરે છે કે જે વહીપૂજા કહેવાય છે ને તે બ્રાહ્મણ કરાવે છે. પછી બ્રાહ્મણને દક્ષિણા અને આશ્રિત, દલાલ વગેરેને બોણી આપવામાં આવે છે. વહીપૂજા કરવાની રીત શેહેરના લોકોમાં છે, ગામડામાં નથી. હિંદુઓજ નહિ પણ પારસી તથા વહોરા વેપારી શેઠ પણ પોતાને ત્યાં મહેતો ચોપડાની પૂજા કરતો હોય છે ત્યાં હાજર રહે છે ને તેઓને ત્યાંના ચોપડામાં પણ ને ભીતઉપર શ્રીગણેશાયનમ: એમ લખાય છે. પારસીઓતો વળી બ્રાહ્મણને હાથે કંકુના ચાંલ્લા કરાવે છે. વહોરાઓ પોતાના ચોપડા મુલ્લા સાહેબપાસે લેઇ જાય છે ને એ તે ઉપર આરબી ભાષામાં કંઇ લખે છે. એ ચોપડા ચોપડીના કાગળ જે સાહેબખાની કે શાસતરખાની કહેવાય છે તે ઘણું કરીને અમદાવાદ તથા સૂરતના મુસલમાન કાગદીઓ બનાવે છે ને સળપાડી સીવે છે પણ તે. મોટા પેઢીવાળો ઘણુંકરીને સાત જાતના ચોપડા રાખે છે: રોજમેળ; હુંડીની નોંધ; માલની નોંધ; આવરો; ખાતાવહી; સામા દસ્કત ને વ્યાજુવહી. રોજમેળમાં દરરોજ જે લેઆપ થઇ હોય તેના જમેઉધાર પડે છે ને એક દહાડાની શીલક તે બીજા દહાડાના મેળમાં જમે પાસે પહેલી લખવામાં આવે છે. હુંડી તરતની કે મુદતની હોય છે પણ ઘણીખરી આઠ દહાડાની મુદતની ને સાહજોગી કે નામજોગી હોય છે; સાહજોગી એટલે નાણું લેનારો કોઇપણ સાહ–સારા આબરૂદારની મારફતે લેઇ શકે તેવી ને નામજોગી એટલે જેનાં નામની હોય તેનેજ નાણું મળે. સામા દસ્કતમાં જ્યારે જ્યારે નાણું આપવામ આવે ત્યારે ત્યારે તેનીપાસે લખાવી સહી કરાવી લેવામાં

માં આવે અથવા વર્ષને અંતે સહી કરાવી લેવામાં આવે. જૂદી જૂદી બાબતનો જમેઉધાર (રોજમેળ, નોધ વગેરેમાંથી) ઘણુંકરીને એકેક મહિનાનો જેમાં એકડો રાખ્યો હોય તે આવરો. ખાતાવહીમાં એકેક નામને ખાતે વારેવારે જે જમેઉધાર મેળમાં હોય તે સામટો સાથે દેખાડયો હોય છે, નોધમેળના પાના ટાંકીને. વ્યાજુવહીમાં સામાદસ્કતનાં ખાતાંની રકમોનું વ્યાજ કાઢવું હોય છે, તેમાં દીવાળીબાકીનું વ્યાજ મુદ્દલમાં મેળવી એ નવું મુદ્દલ નવા વરસથી ગણવામાં લેવાવું હોય છે; એ વ્યાજ સરની ગણતરીએ સહેલથી કાઢવું હોય છે. સાતમો ચોપડો માલની નોધ, વિમાની નોધ, સતમીની નોધ એનો હોય છે પછી એકઠે કે જૂદો જૂદો.

વાણીઆ કંઠીબંધા તથા શ્રાવક બંને ધર્મિષ્ઠ છે. બીજી બધી જાત કર્તાં વાણીઆ પોતાના ધર્મગુરૂને વિશેષ માને છે; રોજ મંદિરે દહેરે જાય છે; અને પોતાની કમાણી ધર્મગુરૂને ભેટ તથા મંદિરદહેરાને આસરો આપવામાં વળી એ નવાં બંધાવવામાં ખરચે છે. બ્રાહ્મણોને માન આપે છે; કંઠીબંધા તથા કેટલાક શ્રાવક પરણમરણમાં તેઓની પાસે ક્રિયા કરાવે છે ને દાપાં આપે છે. કંઠીબંધા વાણીઆ તથા ભાટીઆ શ્રીમંતો બ્રાહ્મણોની ચોરાસી કરી દક્ષિણાસાથે જમાડે છે ને એમાં પણ બહુ ખરચ કરે છે. કંઠીબંધામાં આચાર ને ગુરૂઉપર ભાવ એ મુખ્ય છે અને શ્રાવકમાં જીવદયા ને વ્રત એ મુખ્ય છે. વાણીઆ પોતાનો ભાવી લાભ જાણવાને ઘણીવાર જોષીઓને બોલાવે છે ને બીજા બધા કર્તાં શકુનને વધારે માને છે. કંઠીબંધાનાં બૈરાં નાગપાંચેમે નાગને, પર્વણીએ પીપળાને ને નિત્ય તુળસીને પૂજે છે. વાણીઆ ધંધાનાં ને નાતનાં કામમાં એકઠાં મળીરહેવામાં બહુ ચતુર છે. ધંધામાં ને નાતમાં કેટલાક શેઠીઆઓ મહાજનના શેઠ કહેવડાવી આગળ પડી કામ કરે છે; હુંડીઆમણ તથા વટાવના ભાવ નક્કી કરે છે; કેટલાક કામઉપર દસ્તુરી લે છે કે જે પછી ધર્મખાતામાં વાવરે છે. શહેરમાં મહાજનને લગતાં સાધારણ કામમાં જે આગેવાની કરે છે તે નગરશેઠ કહેવાય છે; એઓની સત્તા આગળ ઘણી હતી પણ હાલ તૂટી ગઇ છે. દરેક કસ્બા કે ગામમાં સંસારી કજીઆ ચૂકવવાને એકેક નાતમાં એક બે કુટુંબ હોય છે કે જે પટેલને નામે ઓળખાય છે. વાણીઆઓ પોતાની નાતના શેઠને ઘણું માન આપે છે ને નાતની રીત ન તૂટે તેને માટે બહુ સંભાળ રાખે છે. બ્રિટિશ રાજ્યમાં તાલુકદાર ને જાગીરદારના દેણની વ્યવસ્થા સરકારને હાથ ગયાથી ગૂજરાતના સાહુકારોની કમાણી ઓછી થઇછે; યૂરોપના લોકની પેઢીઓથી પણ તેઓને નુકસાન થવું છે; તોપણ તેઓને માટે નવા ધંધા ઉઘડયા છે. કેટલાએક સરકારી નોકરીમાં છે ને તેમાં કેટલાએક ઊંચે દરજ્જે ચઢયા છે. એ ઉપરાંત રેલવેને લગતા ધંધા કરનારા ને સાંચા કારખાનામાં મહેતાગીરી કરનારા બહુ વાણીઆ છે. તેઓ પોતાના છોકરાને પોતાના ધંધાને લગતી સઘળી બાબતોમાં સારી કેળવણી આપે છે, અંગ્રેજી પણ શીખવે છે; એટલે વાણીઆની

ભાવી સ્થિતિને માટે ધાસ્તી રાખવા જેવું નથી ; જે ઉંચી સ્થિતિ તેઓએ સેંકડો વર્ષ રાખી છે ને અમણા રાખે છે તે તેઓ કાએમ રાખશેજ.

મારવાડો ઉત્તર દિશાએથી ગૂજરાતમાં આવ્યા. આવ્યાપછી તેઓની એટલી બધી પેઢી થઇ છે કે હવે તેઓને પોતાના અસલ દેશસાથે સંબંધ નથી ને તેઓ ગૂજરાતનાજ વાણીઆ થઇ રહ્યા છે. એથી બીજા જૂદા મારવાડી વાણીઆ છે કે જે થોડુંક થયું ગૂજરાતમાં આવ્યા છે ને હજી મારવાડ સાથે સંબંધ રાખે છે. એ વર્ગના વાણીઆ ઘણાખરા સૂરત જિલ્લામાં છે ને તેની સંખ્યા ૬૬૭૮ છે. ઓસવાળ ૧૬૮૦ (દસા ૧૨૮૬ ને વીસા ૩૯૪), પોરવાડ ૪૨૩૭ (દસા ૨૩૧૭ ને વીસા ૧૯૨૦), અને વર્ગ ન પાડેલા તેવા ૭૬૧ છે. કહેવાય છે કે બસેથી વધારે વર્ષ ઉપર થોડાંક કુટુંબ જિલ્લામાં આવી રહેવાં ને હજી પણ આવે છે. તેઓ ગૂજરાતના વાણીઆથી ઘણી વાતે જૂદા છે. તેઓ ગામ ગામડાંમાંજ રહે છે; જેઓને ઇંટના સારાં બાંધેલાં ઘર છે તે રાતા તથા ભૂરા પટા એકઠા વિંટાળેલા એવી બેસતી પાઘડી ઘાલે છે ને બૈરાં મોટા ઘાઘરા પહેરે છે. તેઓ કેફ કરતા નથી, કોઇ ઘરડા અશીગુના બંધારણી છે ખરા. ગૂજરાતના વાણીઆ તેઓ સાથે જમતા નથી ને પરદેશી દાખલ તેઓનો અનાદર કરે છે, તોપણ સ્થિતિપદમાં તેઓ ઉતરતા નથી; તેઓ દુકાનદાર ને વ્યાજવટું કરનારા છે. જોકે ઘણાક નવા આવનારા ગરીબ છે તોપણ તેઓ જલદીથી પૈસો મેળવે છે ને વર્ગ દાખલ સૌ સારી સ્થિતિમાં છે. વધારે કસરિયા, વધારે મહેનતુ ને વધારે સહન કરનારા હોઇને ધંધાના સંબંધમાં ગૂજરાતના વાણીઆ કર્તાં વધારે કઠણ ને વધારે અપ્રમાણિક છે. તેઓ ગૂજરાતી બોલી સમજી જાણે છે પણ માંહેમાંહે મારવાડી બોલે છે ને ગૂજરાતી લખે છે તે જૂદી તરેહના દસકતે. તેઓ ગૂજરાતના શ્રાવકનોજ ધર્મ (શ્વેતાંબરી) પાળે છે; પરણમરણની રીતભાત ગૂજરાતી વાણીઆના જેવીજ છે. પાસપાસેના ગામડાઓમાં વસનારા તે ત્યાંના એકાદાં કુટુંબને માન આપે છે ને તે કુટુંબનો વડો તથા થોડાક બીજા મળીને પોતાના મહાજનના વાંધા ચૂકવે છે, દહેરાંને આસરો આપે છે ને ઉઘરાણાંનું કેટલુંક ભંડોળ રાખે છે. એ મારવાડી બીજી જાતના લોકસાથે ખામોશથી કે ઇમાનદારીથી ચાલતા નથી તોપણ પોતાને દેશથી નવા આવેલાઓ સાથે વિવેકે વર્તે છે. નવા આવેલા પૈસાવગરના તથા અજાણ એવાને તેના નાતીના ખવાડે છે, કામે લગાડે છે ને ફુરસદમાં તેને લખતાં તથા નામું રાખતાં શીખવે છે. થોડાં વર્ષ થયાં તેઓની સંખ્યા વધી છે ને કેટલાક સારા તવંગર થયા છે. સૂરત જિલ્લાના ઘણાંક કુટુંબ હવે મારવાડમાં બેટી વર શોધતાં નથી પણ અહીંજ લગન કરે છે ને સંભવ છે કે તીસેક વર્ષમાં એ મારવાડીઓ ગૂજરાતનેજ પોતાનું વતન જાણશે.

ભાટીઆ લુવાણાની વસ્તી પાંચે જિલ્લા થઇને ૯૭૩૬ ને કાઠિયાવાડમાં ૩૧,૧૭૮ છે.* એ બે ગૂજરાતમાં વસનારા ઉત્તરના લોકમાં છેલ્લા છે. ભાટીઆ તે સિંધ ને રજપૂતસ્થાન એ-બેની વચ્ચે ભાટીનારનો મુલખ છે ત્યાંના અને લુવાણા તે સિંધમાં લોહાબંદર છે ત્યાંના. મુસલ-

* કચ્છમાં ભાટિયા ૨૦ હજાર ને લુવાણા ૩૦,૯૩૯ છે.

માનના મારથી તેઓ દક્ષિણમાં ઘસડાયા ને કચ્છકાઠિયાવાડમાં સાથેજ વસ્યા. ત્યાં તેઓ ઘણું-કરીને ખેતીનો ધંધો કરે છે ને ત્યાંથી તેમાંના કેટલાએક ખુશકીએ ગૂજરાતમાં ને વહાણે મુંબઈ જઈ રહ્યા છે. એ બંને વર્ગ દેખાવમાં ઘણાખરા મળતા છે; વાણીઆ કરતાં વધારે મજબૂત કાઠીના, વધારે ફૂલેલા, વધારે કાળા ને ચહેરામાં ઓછા ખૂબસુરત છે. ઉત્તર ગૂજરાતમાં તેઓ ગામડાઓમાં ને દક્ષિણમાં કસબાઓમાં રહે છે. તેઓના ઘર મધ્યમ પંક્તિનાં, ઇટના બાંધેલાં ને છાપરે નળિયાંવાળાં છે. મુંબઇના ભાટિયાની પેઠે તેઓ લાંબી ચાંચની પાઘડી પહેરતા નથી; બાકી બીજો પેરવેશ પુરૂષસ્ત્રીનો વાણીઆના જેવોજ છે. તેઓ માંસ ખાતા નથી ને તંબાકુ વિના બીજો કોઇ કેફ કરતા નથી. સંસારી સ્થિતિમાં તેઓ વાણીયા ને કણબી એ બેની વચ્ચે છે. ઉત્તર ગૂજરાતમાં ભાટિયા તથા લુવાણા બંને દુકાનદાર છે; પહેલે તો કસબામાં વસેલા પણ અમણાં તો તેઓ પરગણામાં છે ને અનાજ, તંબાકુ, પાન વેચે છે ને થોડાક તે વ્યાજવટું પણ કરે છે. દક્ષિણમાં થોડાએક તે ગામોમાં ગાંધીની દુકાન માંડે છે; ભાટિયા ખેડુતો પાસેથી દૂધ લે છે ને પછી છુટક વેચે છે ને એ ધંધો કરનારા એટલા છે કે સૂરતમાં ભાટિયો એટલે દૂધવાળો એમજ શબ્દ વપરાય છે. લુવાણામાં કેટલાક ખરાદીનો ને કેટલાક ચૂડગરનો ધંધો કરે છે. એ બંને મહેનતુ, કેફ ન કરનારા, બુદ્ધિમંત ને નિયમિત ખરચે રહેનારા છે અને જોકે મુંબઇમાં છે તેમ ધંધાથી લોકમાં ઉંચે પદે નથી ચઢયા તોપણ સાધારણરીતે બોલીએ તો તેઓ બહુ સારી હાલતમાં છે. બંને વલ્લભી વૈષ્ણવ હોઇને મહારાજોને માનનારા છે. લુવાણામાં નાતરાં થાય છે એ વિના લુવાણા તથા ભાટિયા રીતભાતમાં કંઠીબંધા વાણીઆ જેવાજ છે. શહેરોમાં તેઓનો જથો હોય છે ને ગામડાંમાં તો વેરાતા પડેલા છે તેથી તેઓમાં કોઇ પટેલ નથી ને મારવાડીની પેઠે પોતાની જાતના નવા આવનારાને મદદ પણ કરતા નથી. તેઓ પોતાના છોકરાઓને લખતાં વાંચતાં શીખવવાની કાળજી રાખે છે.

ખેતીવાડી કરનારા.

ખેતી[1] એ ગૂજરાતમાં સૌથી મોટો ઉદ્યોગ છે ને હિંદુની ઘણીક જાતના ઘણાક લોક તેઉપર પોતાનો ગુજારો કરે છે; તોપણ પરંપરાથી તેજ ધંધો કરતી આવેલી એવી પાંચ જાતના માણ-સની સંખ્યા સને ૧૮૭૨ની જિલ્લાવાર ગણતરીએ નીચે પ્રમાણે છે:—

	સૂ૦	ભ૦	ખે૦	અ૦	પં૦	એકંદર.
કણબી.	...	...	...	...	...	૩,૫૧,૭૬૫
લેઉવા.... ...	૨૯,૪૬૬	૨૭,૩૫૪	૧,૩૧,૮૨૫	૩૬,૬૪૫	૪,૬૯૨	
કડવા.	૧૩,૯૬૮	૩,૩૩૫	૧૨,૭૬૮	૭૯,૮૪૧	૨૯૦	
આંજણા.......	૭૯	૧૬	૪૬	૭,૬૬૬	૧૩૦	
મતીઆ.	૩,૬૪૪	...	...	...	...	
કાછિયા.	૩,૯૫૮	૫,૭૩૦	૬,૨૫૯	૩,૨૪૨	૯૨૮	૨૦,૧૧૭
ખમાર.	૧૪૫	...	...	૪૯૭	...	૬૪૨
માળી.	૭૪૨	૪૨૪	૯૭૬	૨,૨૧૭	૯૫૭	૫,૩૧૬
સથવારા.	...	...	...	૬,૯૦૪	...	૬.૯૦૪

૧. 'ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર, નફ્ફટ ચાકરી, નીદાન ભીખ ને કંઇ ન આવડે તો વૈદું શીખ'; 'હોય ખેતી નાશ, ધણી ન હોય પાસ' એવી કહેતી છે.

કણબીની[1] વસ્તી સાબરમતી ને મહી એ બેનો સપાટ પ્રદેશ જે ચરોતર[2] કહેવાય છે ત્યાં ઘણીજ છે; અને કાઠિયાવાડ તથા કચ્છમાં થોડી છે તોપણ અહીં તહીં નાના મોટા જથામાં વહેંચાયલી એવી ઘણુંકરીને આખા દેશમાં છે. તેઓ રામના પુત્ર લવકુશથી પોતાની ઉત્પત્તિ માને છે. અયોધ્યેથી ખસીને મથુરાના મુલખમાં ને ત્યાંથી મારવાડમાં ને ત્યાંથી ગૂજરાતમાં આવી વસ્યા આસરે બે હજાર વર્ષઉપર. અમદાવાદ તથા સૂરતના કણબીઓ ચરોતરનાને મોટા કુળવંતા માને છે. લેઉવા તથા કડવા એ બે ઘણીખરી વાતે મળતા છે ને બંને આંજણા તથા મતીઆથી જૂદા છે. આંજણા તે કેટલીક વાતે રજપૂત જેવા છે; તેઓ ઘેટાં બકરાનું માંસ ખાય છે, દારૂ પીએ છે ને જેઓ ખેતી નથી કરતા તે રજપૂતનો પેરવેશ રાખે છે ને બૈરાંને બહાર કાઢતા નથી. વળી જોકે સીપાઇનો ધંધો કરનારા નથી તોપણ હંગામના વખતમાં બ્રિટિશ રાજ્યની શરૂઆતમાં તેઓએ હથિયાર લેઇ રજપૂતની પેઠે સાહસ કરીને પોતાનાં ઢોર તથા ખેતરનો બચાવ કીધો હતો. ખેતી કામમાં તેઓ રજપૂત કર્તાં વધારે સારા પણ કણબી જેવા મહેનતુ કે કરકસરીઆ નથી. મતીઆ તે પીરાનાના પીરને માનનારા છે, ઘણેક હિંદુધર્મ પાળે છે પણ મુડદાંને દાટે છે; એ વિના પેરવેશ રીતભાત વગેરેમાં ને પોતાની મૂળ જાત જે લેઉવાની તેનાથી જૂદા પડતા નથી. લેઉવાકડવાને બેટીવહેવાર નથી પણ તેઓ સાથે જમે છે ને દેખાવ તથા નીતિરીતિમાં ઘણુંકરીને મળતા છે. લેઉવાની સંખ્યા મોટી ને તે વિશેષે ખેડા જિલ્લામાં છે. તેના બે વર્ગ છે, ખેતી કરનારા ને કારીગર. શહેર કસબાના તે વણકર (સૂતર તથા રેશમના), રંગારા ને છાપગર છે. સૂરતમાં થોડાંક કુટુંબ તે હિંગળોક, રસકપૂર વગેરે બનાવે છે. કેટલાંક કુટુંબ જે દોલતે વધેલાં તે વંશપરંપરાના શેઠીઆ કહેવાય છે ને તેનેજ માન મળે છે, નવી દોલતને નહિ. શહેરી કે ગામડીઆ લેઉવા કે કડવા બધાની કેટલીક વાતમાં સરખીજ રીતભાત છે. કડવા પોતાની ઉત્પત્તિ કહે છે કે ઉમાએ માટીના પુતળાં બનાવ્યાં, શિવે તેને સજીવ કરી એક ગામમાં વાસ આપ્યો; એ લોકે ગામનું નામ ઉમીઆ આપ્યું ને ત્યાં તેનું દહેરૂં બંધાવ્યું. એ કુળદેવીને માનતા ચઢાવવાને બહુ દૂરથી પણ કડવાઓ જાય છે. એ અગિયાર અગિયાર વર્ષે કેટલાક બ્રાહ્મણ ગોર જોષી ને ઉમીઆ ગામના બે પટેલ એઓ ઉમીઆને દહેરે જઇ પૂજા કરીને ચિઠ્ઠીઓ નાખે છે લગન આણ કે બીજે વર્ષે થાય તે નક્કી કરવાને;[3] પછી જોષીઓ દહાડો નક્કી કરે છે; એ દહાડો માર્ચથી તે જૂનસૂધીમાં હોય છે; વળી માંદગી કે બીજી કોઇ અડચણથી કોઇથી તે દહાડે ન બને તો તેને માટે પખવાડિયાં લગીનો બીજો કોઇ દહાડો ઠેરવે છે. વર્ષ તથા દહાડો નક્કી થયાં કે બ્રાહ્મણ ગોર ગામે ગામ જઇ કડવાઓને જાણ કરે છે ને એઓ બહુ રાજી થઇ તેઓનો

---

૧. કળમી પણ કહેવાય છે.

૨. બોરસદ, આણંદ, નડિયાદ, મેમદાવાદ ને માતર એ પ્રગણાં ખેડા જિલ્લાનાં અને ગાયકવાડી પેટલાદ પ્રગણું એ બધાં મળીને જે પ્રદેશ તે.

૩. ચિઠ્ઠીથી જે ઉત્તર મળે તે 'કડવાની દેવી બોલી' એમ કહેવાય છે.

સારો સત્કાર કરે છે.[૧] પછી ઠેરવેલે દહાડે કડવા કણબીઓ પોતપોતાના ગામમાં પણ સૌ એકજ દહાડે છોકરીઓને પરણાવે છે. કદાપી લાયક વૅર ન મળ્યો હોય ને બીજા અગીઆર વર્ષમાં છોકરી બહુ મોટી થઇ જાય તેવું હોય તો તે છોકરીને ફૂલના દડાસાથે પરણાવે છે;–પછી ફૂલને કુવામાં નાખી દે છે એટલે જાણે તે છોકરી રંડાઇ ને એ પછી નાતરાંની રીતનાં[૨] લગ્ન કરે. બીજી રીત આવી કે કોઇ પરણેલો નાણાંની લાલચે છોકરીસાથે પરણે ને પરણી રહે કે તરતજ તેને તલાક આપે.

લેઉવા કડવા કણબી જો કે જૈન નથી તોપણ જીવદયા રાખે છે; ખેતરને વણસાડનાર જે હરણ, વાંદરા, પક્ષી, જીવડાં તેને તેઓ હાંકી મહેલે છે પણ મારતા નથી. ખેડુત દાખલ તેઓ મહેનતુ, કરકસરથી રહેનારા, ચતુર, દરેક જાતની જમીનની ખાસીએત સમજેલા ને હરેક પાક સારો કરવાને જોઇતી ચીજોથી સારી પેંઠે જાણીતા છે; અને ઘરસંસારમાં તેઓ કેફથી દૂર હોઇને સલાહસંપથી રહેનારા છે, કોઇવાતે હદ બહાર જતા નથી કે અપરાધ કરતા નથી. એ તથા બીજા સારા ગુણોની પહેલાના અંગ્રેજ અમલદારોએ બહુ તારીફ કીધી છે. પણ અંગ્રેજી રાજ્ય થયા પછી ઘણાંક વર્ષ લગી તેઓ લગન કાજે ઘેલા થઇ ખરચ કરવાથી ઘણાં વર્ષ કરજમાં દબાઇ ગયલી હાલતમાં રહ્યાઃ—અમદાવાદ તથા ભરૂચ તરફના કણબીઓ પોતાની દીકરીને માટે ખેડા તરફના કુળવંતા વર મેળવવાને બહુ ખરચ કરતા. એનો અટકાવ થવાને અમદાવાદના માજિસ્ટ્રેટે (૧૮૪૮) કેટલાક મુખીઓને તેડી સમજાવી બંદોબસ્ત કરાવ્યો કે ખેડાના વર ન ખોળવા ને લગનનો ખરચ ઓછો કરવો. એ બંદોબસ્ત ચારેક વર્ષ ચાલ્યો પણ પછી કોઇ કામમાં અમદાવાદના જડજે ઠેરવ્યું કે તેવો બંદોબસ્ત કાયદાની રીતે થઇ શકતો નથી તેઉપરથી સરકારે પછી વીસેક વર્ષસૂધી તે કામમાં હાથ ઘાલ્યો નહિ.[૩] પણ તે દરમીઆનમાં કણબીઓએ પોતેજ સ્ટાંપના

૧. અમદાવાદમાં શહેરબહાર અસરવા પરામાં મેળા થાય છે, ત્યાંથી સૌ દાદાહરીની વાવ આગળ જાય છે ને ગણપતિ તથા ઉમાજીની પૂજા કીધાપછી અસરવાનો પટેલ લગનના શુભ દહાડા વાંચી સંભળાવે છે.

૨. નાતરાંની રીત લેઉવામાં આવી કે પુરૂષ થોડાક સગાંસંબંધી પુરૂષ તથા ઘરના બૈરાંસાથે જેનીસાથે નાતરૂં કરવું હોય તેને ઘેર જાય; ત્યાં એક ઠેકાણે અબોટ દેઇ ઉપર સાથીઆ પૂરયા હોય; બે પાટલાઉપર બેઉજણ બેસે છેડાછેડી ગાંઠીને; ભીતઉપર અથવા ખાવાના પાનઉપર ગણપતિ ચિતરેલા હોય; ગણપતિનો પાટલો અને વરવહુના પાટલા એ બેની વચ્ચે તપેલાંમાં દીવો હોય; પછી ગોર તે ગણપતિપૂજન તથા દીપપૂજન કરાવીને તપેલાંઉપર ચારણી ઢાંકે ને બેઉને ગોળ ખવડાવે; ત્યાં સોવાસણ કોઇ ન હોય;–એટલોજ નાતરાંના લગ્નનો વિધિ. કડવામાં પરણનારાની બેન કે સગી તેડવા જાય ને નાતરૂં કરનારી આવે; નાતરૂં કરનારી સામા રૂપીઆ આપે.

૩. સને ૧૮૭૧માં કણબીઓમાં સ્ત્રીના કર્તાં પુરૂષની સંખ્યા પ્રમાણમાં અતિશય વધી ગયલી જણાઇ ને શક પડવાથી સરકારે બાળહત્યાબાબતનો કાયદો કણબીઓને લેઉવાકડવા બંનેને લાગૂ કીધો. પણ વળી શક દૂર થવાથી સરકારે કડવાને તે ધારાની આણમાંથી તદન છૂટા કીધા ને લેઉવાનીબાબતમાં માત્ર આટલુંજ રાખ્યું હતું કે તેઓ જન્મમરણ નોધાવે.

કાગળઉપર ગામના પટેલની સહીસાથે એકડા કીધા કે સહી કરનારા સિવાયે બીજા કોઈ કુટુંબ-સાથે બેટી આપવાલેવાનો વહેવાર રાખવો નહિ; એ બંદોબસ્તપ્રમાણે ૧૮૭૦માં ખેડા જિલ્લાના ૪૫૧ કણબીના ગામ તેમાનાં ૨૬૩ સંપીલાં થયાં. વળી કુટુંબકુટુંબમાં સાટાં વહેવાર ચાલતો થયો છે. એઉપરથી આશા રાખવામાં આવે છે કે લગનનીબાબતમાં હવે ફરીથી કણબીઓ મોટા ખરચમાં પડી ભુંડી હાલતમાં નહિ આવે.

કાછિયા પાંચે જિલ્લામાં પણ ખેડામાં વધારે છે. તેઓ ખેતી કરે છે પણ ઘણુંકરીને શાકભાજી તથા રસોઈનો મસાલો એનો મોટો પાક ઉપજાવે છે. કેટલાક તે કડીઆ કે મજુ-રીનો ધંધો કરે છે.

ખમાર માત્ર અમદાવાદ તથા સૂરતમાંજ તે કાછિયામાંથી છૂટા પડેલા છે; ઘણુંકરીને રેશમ તથા કિનખાબના વણકર છે.

માળી અમદાવાદમાં ઘણા છે. ઘણાખરા તે શહેરોમાં રહી લોકને દેવપૂજા વગેરેને માટે ફૂલ પૂરાં પાડે છે; ગામમાં રહે છે તે ખેડુત છે.

સથવારા માત્ર અમદાવાદમાંજ છે ને ધંધો તથા રીતભાતમાં કાછિયાના જેવા છે.

કારીગર તથા કારખાનાવાળા.

નીચે લખેલા કારીગરની જિલ્લાવાર વસ્તી આપ્રમાણે છે;—

	સૂ૦	ભ૦	ખે૦	અ૦	પં૦	એકંદર.
સોની.	૫,૯૨૬	૨,૪૧૯	૨,૭૪૦	૬,૭૧૫	૭૮૮	૧૮,૫૮૮
કંસારા.	૧,૩૪૨	૨૫૩	૫૧૫	૧,૧૮૯	૪	૩,૩૦૩
સુથાર.	૭,૮૭૧	૨,૮૬૮	૯,૫૫૬	૧૧,૧૧૮	૧,૦૨૦	૩૨,૪૩૩
લુહાર.	૨,૯૩૯	૧,૭૬૫	૫,૮૦૯	૯,૬૫૦	૧,૬૫૦	૨૧,૮૧૩
દરજી.	૬,૧૦૩	૨,૧૦૬	૨,૪૫૮	૬,૭૧૬	૭૫૭	૧૮,૧૪૦
કુંભાર.	૫,૪૬૧	૪,૮૫૧	૯,૦૩૫	૧૯,૭૫૧	૧,૮૯૪	૪૦,૯૯૨
કડિયા.	૭૯૪	૪૨	૩૧૭	૧,૭૪૧	૧૧૩	૩,૦૦૭
સલાટ.	૧૨૯	૨૩૮	૧૭	૮૬	૨૬	૪૯૬

સોની પાંચ જાતના શ્રીમાળી, ત્રાગડ, માસ્તાન, મારૂ ને પરજીઆ છે. છેલ્લી જાત તે ધર્મ પેરવેશ ને રીતભાતમાં કાઠી જેવા છે. મારૂ સૌથી નીચા મનાય છે ને ત્રાગડ સૌથી ઊંચા; એ ત્રાગડ પૂર્વે શ્રીમાળી બ્રાહ્મણ હતા. એ ને માસ્તાન જનોઈ રાખે છે ને દ્વિજના કર્મ પાળે છે. એ બેની સંખ્યા પાંચે જિલ્લા થઈને ૨,૧૫૩ છે. શ્રીમાળી સોની તે શ્રીમાળી વાણીઆ-માંથી થયલા છે. સોની ઘણાક શહેરમાં રહે છે ને થોડાક તે ગામોમાં; તેઓ પોતાનાં ઘરમાં કામ કરે છે ને સોનાં રૂપાંનું તોલ તથા જેવું કામ તેપ્રમાણે મહેનતાણું લે છે; તોલે બે આનાથી

તે રૂપીઆસૂધી ને કોઇવાર ૩ રૂપીઆ પણ લે છે. દરેક કુટુંબને પોતપોતીકો જાથુનો સોની હોય છે તેને સઘળું કામ આપે છે. સોની વર્ષે રૂ. ૧૦૦ થી તે ૩૦૦ સૂધી પેદા કરે છે ને તે પરણમરણના નાતખરચમાં રૂ. ૪૦૦ સૂધી ખરચે છે. તે ખાવેપીવે પહેરવેઓઢવે સારી હાલતમાં છે ને બીજા બધા કારીગર વર્ગ કર્તાં તે લગનમાં તથા નાતખરચમાં વધારે ખરચે છે. બૈરાં મરદને મદદ કરે તેવી રીત નથી તોપણ કેટલાક બૈરાં જે દોરા કંઠી ગુંથવાના તથા લાખ ભરવાના અભ્યાસવાળી હોય છે તે મહિને રૂ. ૪ થી ૮ સૂધી પેદા કરે છે. છોકરા દશ બાર વર્ષના તે સોનીઓની દુકાને શિખાઉ કારીગર દાખલ રહે છે પણ બે ત્રણ વર્ષ પછી તેને મહિને બેથી ૪ રૂપીઆપ્રમાણે ત્રણ ત્રણ મહિને કે વર્ષે આપવામાં આવે છે. એમ શીખેલો છોકરો બાપને મદદ કરે છે કે તેનું કામ પોતે ચલાવે છે; કેટલાક તે મોટી દુકાનેજ જીવતાં સૂધી રહે છે. સોનીની શાખ સારી નહિ તેથી ઘરાક પોતાના દેખતાં સોનું ગળાવે છે ને માસલો રાખ્યો હોય તેપ્રમાણે તૈયાર થયલો ડાગીનો ચોકસીને દેખડાવી મેળવી જૂએ છે; વળી ઘાટ ઘડાતો હોય તે વેળા ઘરાક ત્યાં જઇ બેસે છે. સોની થોડાક વૈષ્ણવ પણ ઘણાક તે શૈવ છે, પણ તેઓની કુળદેવી મહાલક્ષ્મી કે વાઘેશ્વરી છે. રીતભાત વાણીઆ જેવી ને તેઓમાં નાતરાંની રીતપણ નથી. દરેક નાતમાં શેઠ હોય છે તે ટંટાવગેરેનું સમાધાન કરે છે. છોકરાઓ પોતાના ધંધામાં ખપ લાગે તેટલું લખતાં વાંચતાં શીખે છે. મા બાપ વધારે કેળવણી આપવાની દરકાર રાખતાં નથી.

કંસારા પેરવેશ રીતભાતમાં વાણીઆ જેવા છે. ઘણાકને પોતાનાં સારાં ઘર છે. તાંબાપિત્તળનાં વાસણ બનાવે છે ને પરચૂરણ કે જથાબંધ વેચે છે. તેઓ પોતાના ઘરમાં પાંચ છ જણસાથે બેસી કામ કરે છે ને બૈરાં પણ થોડુંક કામ કરવા લાગે છે. મુકરર કરેલ ભાવે વાસણના તોલપ્રમાણે કંસારો નાણું લે છે. તેઓની પેદાશ વર્ષે રૂ. ૬૦ થી તે ૨૫૦ લગીની હોય છે ને પરણમરણની નાતનો ખરચ ૩૦૦ લગીનો. કંસારામાં કોઇ તાંબાઘડા ને કોઇ પિતળઘડા કહેવાય છે. ઠાવકા, કરકસરીઆ ને કેફથી દૂર રહેનારા છે. વૈષ્ણવ છે; રાંડેલી નાતરે જઈ શકે છે; નાતમાં શેઠ હોય છે ને છોકરાઓ નિશાળે ભણે છે.

સુથાર પાંચ જાતના તે ગુજ્જર, મેવાડા, પંચોળી, વાએડા ને વૈશ્ય છે; એમાં માત્ર ગુજ્જર તે જનોઇ રાખે છે. દેખાવ પેરવેશમાં વાણીઆ જેવા છે ને દારૂમાંસથી દૂર રહે છે. શહેરી સુથાર તે પોતાના ધંધામાં સારો કેળવાયલો કે કિસબી હોય છે. કેટલાક તે લાકડાના સામાનમાં નકસી કોતરે છે, રમકડાં કરે છે, છીંટ છાપનારને બીબાં કરી આપે છે, ગાડાં ગાડી બનાવે છે ને કેટલાક તે ઘરજ બાંધે છે. શહેરના સુથારપાસે વાંસલો, ફરસી, રંદો, સારડી, કરાળ, હથોડી, કાટખુણો કંપાસ વગેરે ઓજાર રૂ. ૨૦–૩૦ના હોય છે. તેનો રોજ આઠ આનાથી તે રૂપીઆ લગીનો હોય છે; એ ઉપરાંત તે પોતાને ઘેર કામ કરી તેનું કાંઇ રળે છે. બૈરાં મદદ લાગતાં નથી પણ છોકરો દશ બાર વર્ષનો તે બાપની સાથે કે બીજાને ત્યાં કામે બેસી

બે આનાનો રોજ પાડે છે. શહેરના સુથારનું રળતર વર્ષે સોથી તે બસોનું ને પરણુમરણુની નાતનો ખરચ રૂ. ૨૦૦ હોય છે. મોટાં ગામોમાં સુથાર રહે છે, નાનામાં નહિ. તે પોતાનાં કામમાં શહેરી કર્તાં બહુ ઉતરે છે; ઘણુંખરૂં કામ તેને ખેતીના ઓજાર દુરસ્ત કરવાનું તે અનાજ લેઇ કરે છે ને એમાંના કોઇ ગાડાં બનાવે છે કે નાના ઘરનું લક્કડ ઘડે છે. વસવાયા વર્ગનો જે હોય તે સરકાર ધારાનો ચોથો હિસ્સો આપે છે. ઘર બાંધવાનાં કે ગાલ્લાં બનાવવાનાં કામનેમાટે તેને રોકડ મળે છે શીરસ્તાપ્રમાણે. શહેરના સુથારમાં જે બહુ જાણીતો હોય તે ગજ્જર કહેવાય છે. એ ઘર બાંધવાને આગળથી નકસો કરેછે, ખરચનો અડસટ્ટો કાઢે છે, ધણીને સાથે તેડી જઇ લાકડાં ખરીદ કરે છે, કામ કરનારાને આણી આપી પોતે ઉપરીપણું કરે છે; તેને બીજા સુથારથી ચોથે હિસ્સે વધારે મળે છે. કેટલાંક કુટુંબ પોતાના પરંપરાના ગજ્જર કુટુંબપાસેથી કામ લે છે તોપણ કોઇપણ સુથાર પોતાની હોશીઆરીથી ગજ્જરને દરજ્જે ચઢી પોતાને માટે નવાં ઘરાક કરી રાખે છે. સુથાર ડાવકા ને કરકસરથી રહેનારા છે. ધર્મે વૈષ્ણવનો પણુ રાંડેલીને નાતરૂં કરવાની છૂટ છે. દરેક જથાને તેનો મુખી હોય છે તે નાતના ટંટાનું સમાધાન કરે છે. છોકરાઓને નીશાળે મોકલે છે પણ હજી કોઇ દરજ્જે ચઢયો નથી.

લુહાર દેખાવ પેરવેશમાં કડિયા જેવા છે; ઘણાકને પોતાનાં ઘર છે; માંસ ખાતા નથી ને કેટલાક ઘણો દારૂ પીએ છે પણ ઘણાક તેથી દૂર રહે છે. તેઓ પોતાને ઘેરજ કામ કરે છે ને પરચૂરણ કામ કરે છે તેનું તે ઉધડું લે છે. શહેર કસબામાં લોઢાંકામ ઉપરાંત રૂપાંસુનાનાં સાંકળાં તરેહ તરેહના બનાવે છે ને કેટલાક તે ઘડિયાલ સમારવાને શક્તિમંત છે. થોડાંક વર્ષ થયાં તેઓ વિલાતી ધમણ તથા એરણુ વાપરતા થયા છે. ગામોમાં લુહાર તે વસવાયા વર્ગમાંનો છે ને ખેતીના ઓજાર દુરસ્ત કરી આપવાના બદલામાં અનાજ લે છે. તેઓનો જથો મોટાં ગામોમાં હોય છે ને લોક તેઓને ઘેર જઇ કામ કરાવે છે. તેઓનાં બૈરાં ધમણ ધમે છે તથા બીજું હલકું કામ કરે છે. કેટલાક વિલાતી સાંચાનું કામ ઘણી ઝડપથી સમજવે તીક્ષણુ બુદ્ધિમંત છે. લુહાર રૂ. ૧૦૦ થી તે ૩૦૦ લગી વર્ષે કમાય છે ને પરણુમરણુના નાતખરચમાં ૨૦૦ સૂધી ખરચે છે. કરકસરથી રહેનારા ને ભલા છે. વૈષ્ણવ છે; રીતભાતમાં વાણીઆ જેવા પણુ નાતરાંની રીત રાખે છે. દરેક જથાનો પટેલ પંચાએતના ટંટા ચૂકવે છે. છોકરા નીશાળે જાય છે; ને જોકે થોડાકને સાંચાના કારખાનામાં સારો પગાર મળે છે તોપણ હજી કોઇ ઊંચે દરજ્જે ચઢયો નથી.

દરજી ઘણાક તે શહેર કસબા ને મોટાં ગામોમાં રહે છે. કેટલાકને પોતાના સારાં ઘર હોય છે. દેખાવ તથા પેરવેશમાં ઘણુંકરીને વાણિયા તથા કણબી જેવા છે. તેઓ ઉધડ અથવા રોજને મુસારે કામ કરે છે; તેઓ પોતાના ઘરમાં કામ કરે છે પણ કપડું ચોરવાની તેઓની શાખ હોવાથી કેટલાંક ઘરાક તેને ત્યાં જઇ બેસે છે અથવા પોતાને ત્યાં તેને બેસાડે છે. દરજી ઘરાકને ત્યાં બેસે છે ત્યારે તે તેનેજ ત્યાં બપોરે જમે છે. શહેરી દરજીની વર્ષે પેદાશ રૂ० ૮० થી તે ૧००

લગી ને ગામવાળાની ૫૦ થી તે ૭૦ લગી હોય છે. પરણમરણના ખરચમાં તેઓ ૨૦૦ સૂધી ખરચે છે. ગામવાળાને રોકડ કે દાણો મળે છે ને કોઇ વળી વસવાયા વર્ગમાંનો હોય છે; એ પોતાની જમીનનેમાટે સાધારણ ધારાનું અરધું સરકારમાં ભરે છે. ઘાઘરા ચણીઆ ચોળા કાંચળી જભલાં એ તો બૈરાંજ સીવે છે ને વળી ઓટવું કોરમુકવી એવા કામમાં ભાયડાને મદદ કરે છે. દક્ષિણ ગૂજરાતના શહેરી દરજીઓ દારૂ તાડી પીએ છે તે સિવાય બીજા બધા તે કેફ ન કરનારા, સુલેહવાળા ને કરકસરથી રહેનારા છે. ધર્મે વૈષ્ણવનો ને ઘણીખરી રીતભાત વાણીઆની રાખે છે પણ રાંડેલીને નાતરૂં કરવાની છૂટ છે. દરેક જથાનો એકેક પટેલ હોય છે કે જે નાતીલાને ભેગા કરી સંસારી ટંટાના નિવેડા આણે છે. દરજીઓ છોકરાને નિશાળે મૂકે છે; ને બે ત્રણ દરજી સરકારી નોકરીમાં ચઢીને મહિને ૮૦ થી તે ૨૦૦ સૂધીનો પગાર લે છે. શહેરોના દરજી કિસબી હોય છે.*

૯. કુંભાર ઘણુંકરીને દરેક શહેર ને ગામમાં હોય છે. ઘણાએકના ઘર ઘણાં નાનાં, ગરીબ, ગોઠવણ વિનાનાં છે. તેઓ દેખાવ પેરવેશમાં દરજી જેવા છે ને માંસ દારૂ વાપરતા નથી. કાચાં પાકાં ઠામ મટોડાંના તથા લાખઘાલેલાં તે પાણી, ઘી, તેલ, અનાજ વગેરે ભરવાને બનાવે છે; વળી નળિયાં, ઇંટ ને રમકડાં. તેઓ તળાવ કે ખાબોચિયાનાં કાદવમટોડાં કામમાં લે છે. ઓજારમાં ચાક તથા લાકડી ને ટપટપીયું વગેરે તે બધું મળીને પાંચ રૂપીઆથી વધારે કિંમતનું નહિ. એક બે ગધેડાં રાખે છે મટોડું તથા બાળવાનું ઘાસુંપુંજું આણવાને. અમદાવાદ તથા ઉત્તર ગૂજરાતના બીજા કેટલાક કસબાનાં વાસણ પાકાં, ચળકાટવાળાં ને નકસીથી શોભીતાં છે. ગામનો કુંભાર તે વસવાયા વર્ગમાંનો હોય છે ને તે પોતાની જમીન રાખવાના બદલામાં ધારાનો ચોથો ભાગ સરકારમાં ભરે છે; અને ગામના લોકને હાંલ્લાં આપે છે તે દાણા લઇને. ગામમાં કોઇ કુંભાર તે સારા લોકને ત્યાં નોકરી કરે છે ને શહેરમાં કોઇ સુથારનું કામ કરે છે. કુંભાર પોતાના કામમાં બૈરાં છોકરાંને સાથે રાખે છે; એ તેઓને કાદવ ખુંદવા લાગે છે ને ઘાસુંપુંજું એકઠું કરે છે. કુંભાર હાંલ્લાંને બારની ને નળિયાં ઇંટને હજારની ગણતરીએ વેચે છે. વર્ષે રૂ. ૬૦ થી તે ૧૫૦ સૂધી કમાય છે ને પરણમરણની નાતનો ખરચ રૂ. ૧૦૦ સૂધીનો કરે છે. કેફ નથી કરતા, કરકસરથી તથા સુલેહથી રહેનારા છે. ધર્મે વૈષ્ણવનો ને રીતભાત વાણીઆની પણ તેઓમાં નાતરૂં થાય છે. એકેક જથામાં એકેકો પટેલ હોય છે ને તે પંચાએતનું કામ કરે છે. કેટલાક પોતાના છોકરાને નિશાળે મૂકે છે; એક જણ સરકારી નિશાળમાં મહેતાજી છે.

---

* સૂરતના દરજીવિષે એક અંગ્રેજે લખ્યું છે (૧૬૮૯) કે, "તે યૂરોપના મરદઓરતના કપડાં બતાવીએ તે ફાશનનાં સહેલથી ને ચતુરાઇથી સીવે છે; જાણે કે તે ફાશન હિંદુસ્થાનનીજ હોય કે દરજી ઇંગ્લંડના મોટા કિસબી દરજીને ત્યાં કારીગર દાખલ રહી શીખી આવ્યો હોય."

B

૭. **કડિયા** દેખાવ પેરવેશમાં વાણીઆથી જૂદા પડતા નથી. માંસ દારૂ વાપરતા નથી. કેટલાકને પોતાનાં ઘર સારાં બાંધેલાં છે. કેટલેક ઠેકાણે કડિયા તે સુથારનું પણ કામ કરી જાણે છે ને એમાંના કોઇ તે મિસ્તરી તથા ગજ્જર દાખલ મોટું માન મેળવે છે; એવો એકાદો મિસ્તરી જે ઘર બાંધવાના ખરચનો અડસટ્ટો કાઢે છે, સામાન ખરીદ કરવામાં મદદ આપે છે, કામ કરનારાઓને આણી આપે છે ને એઓનું ઉપરીપણું કરે છે તેને સાધારણ કડિયાથી સવાયું મળે છે. કડિયાને તેના ધંધામાં બૈરાં મદદ કરતાં નથી ને એઓ બીજું કાંઇ કામ કરીને પણ મુસારો મેળવતાં નથી. કડિયાઓને પોતાના ધંધામાં મુસલમાન તથા બીજી જાતના હિંદુસાથે સરસાઈ રાખવી પડે છે. કડિયાનો રોજ આના ૮ થી તે ૧૨ નો ને તેને વર્ષની પેદાશ રૂ. ૧૦૦ થી તે ૨૦૦ ની હોય છે. પરણમરણમાં તેઓ ૩૦૦ સૂધી ખરચે છે. તેઓ સુલેહવાળા, કરકસરીઆ ને કેફથી દૂર રહેનારા છે. ધર્મે વૈષ્ણવનો ને રીતભાત વાણીઆકણબીની; રાંડેલીને નાતરૂં કરવાની છૂટ છે. દરેક જથાનો પટેલ પંચાએતના ટંટા ચૂકવે છે. તેઓ છોકરાને નિશાળે મૂકે છે પણ હજી કોઇ ઊંચે દરજ્જે ચઢયો નથી. નવાનગરના કડિયા ઘરેણામાં નકસી કાઢે છે ને મૂર્ત્તિયો બનાવે છે અને ધ્રાંગદ્રા તથા હલવદના સલાટના જેવું પત્થરકોતરણીનું કામ કરે છે; એ કામમાં તેઓ કાઠિયાવાડમાં સૌથી સારા ગણાય છે.

૮. **સલાટ** શહેરમાં ને મોટાં ગામમાંજ હોય છે. સારાં ઘરમાં રહે છે ને દેખાવ પેરવેશ રીતભાત ધર્મમાં કડિયાના જેવાજ છે. પત્થર ઘડે છે ને કેટલાક નકસી તથા મૂર્ત્તિ કોતરે છે. બૈરાં મદદ કરતાં નથી તેમ બીજી કંઇ કમાણી કરી લેતાં નથી. સલાટોને મુસલમાનસાથે સરસાઈથી રહેવું પડે છે. મુસારો આઠ આનાથી તે રૂ. ૧ નો હોય છે; તેઓ વર્ષે રૂ. ૧૦૦ થી તે ૧૫૦ સૂધી મેળવે છે ને પરણમરણનો ખરચ રૂ. ૧૦૦ લગી કરે છે. પટેલ પોતાનાં જથાના સંસારી ટંટા ચૂકવે છે. છોકરા નિશાળે જાય છે. ઝાલાવાડના સલાટ તે પૂર્વે સોમપુરા બ્રાહ્મણ હતા.

ભાવસાર, છીપા, ગળિયારા, ઘાંચી ને વણકર એ પાંચે જિલ્લાના થઇને ૪૪,૪૦૫ છે.

ભાવસાર (૧૦૨૦૮) અમદાવાદ તથા ખેડામાં ઘણા તે જાતે વાણીઆ ને રહેણીએ પણ તેના જેવાજ છે. રીતમાં ફેર આટલો કે તેઓમાં નાતરાંનો ચાલ છે. તેઓ કોતરેલાં બીબાંએ સાલ્લાઓ ઉપર તરેહ તરેહના બુટ્ટા છાપે છે. યૂરોપનો માલ આવવાથી તેઓનો ધંધો ઘણો ઓછો થયો છે; પણ હજુ પડી ભાગવા જેવો નથી. કપડું ધોવામાં ને છપાયા પછી સૂકવવા વાળવામાં બૈરાં મદદ કરે છે. વેપારીઓ ભાવસારને કામ આપે છે ને સાલ્લાની ગણતીએ તેઓને છપાઇ આપે છે. ભાવસારમાં કેટલાક રંગારા છે ને કપડાંપર બધાએ રંગ ચઢાવે છે. પુરૂષની પાઘડી તથા બૈરાંના સાળુ રંગે છે ને મહોરમમાં મુસલમાનનાં કપડાં. દીવાળી તથા હોળી ટાણાંઉપર તેઓને બહુ કામ હોય છે. તેઓ વર્ષે રૂ. ૧૫૦-૨૦૦ કમાય છે ને પરણમર-

ણના ખરચમાં ૩૦૦ લગી ખરચે છે. ન્યાતમાં પટેલ હોય છે. છોકરાઓને નિશાળે મૂકે છે; ૧૮૭૭ ની આખરે ભાવસાર છોકરાની સંખ્યા ૨૯૦ હતી.

છીપા (૨,૬૫૯) સૂરત, ભરૂચમાં વધારે છે. દેખાવ પેરવેશમાં ભાવસાર જેવા પણ ભાવસારમાં કોઇ મદ્યમાંસ વાપરતું નથી ને છીપામાં થોડાક તે વાપરે છે. આફ્રિકા તથા બીજી જગોએ મોકલવાનાં કાળાં કપડાંને લાકડાંના ભારે હથોડાએ કૂટી તેઓ હારવાળાં ચળકતાં કરે છે. તે કાપડનો ખપ ઓછો થયેથી તેઓનો ધંધો પડી ભાગ્યો છે ને કેટલાક તે કડિયા મજૂરનું કામ કરતા થયા છે. બૈરાં બાંધણાં બાંધવાનું કે લોકને ત્યાં પાણી ભરવા વગેરેનું કામ કરે છે. છીપા વૈષ્ણવનો ધર્મ પાળે છે; રીતભાત વાણીઆ જેવી પણ નાતરાંનો ચાલ રાખે છે. વર્ષે રૂ. ૧૦૦-૧૫૦ કમાય છે ને અવસરે ૨૦૦ લગી ખરચે છે. ન્યાતમાં પટેલ હોય છે. સને ૧૮૭૭ ની આખરે નિશાળે જતા છોકરા ૪૩ હતા.

ગળિયારા (૭૪૩) સૂરત, ભરૂચ ને અમદાવાદમાં તે ભાવસારનો એક પેટાવર્ગ છે. ગળીમાં રંગેલાં કાપડનો ખપ ઓછો તેથી તેઓનો ધંધો ઠીક ચાલતો નથી. ઘરમાં કુવા આગળ સૂતર ને કાપડ ધોય છે ને છ ફૂટ ઘેરાવાની તથા બાર ફૂટ ઊંડી પીપમાં ગળીનો રંગ હોય તેમાં બોળી રાખે છે. બૈરાં મદદ કરે છે. ગળિયારા વર્ષે રૂ. ૧૦૦-૧૫૦ કમાય છે ને અવસરે ૨૦૦ લગી ખરચે છે. કોઇકજ છોકરાને ભણાવે છે; નિશાળે જતા માત્ર ૧૪ હતા.

ઘાંચી (૧૬,૫૯૧) સૂરત, ખેડા ને અમદાવાદમાં ઘણા છે. કેટલાક જે મોઢ કહેવાય છે તે અગાઉ મોઢ વાણીઆ હતા. શરીર લીસું ચીકણું એ સિવાયે ઘાંચી દેખાવ પેરવેશમાં ભાવસારથી જૂદા પડતા નથી. ઘર વચલા વાંધાના ઇંટની ભીતના તથા છાપરે નળિયાંવાળાં પણ દેખાવમાં સારા નહિ; આગળ કે પાછળ છાપરીમાં ઘાણી હોય છે. ધંધો નીચો નથી કહેવાતો; ભાવસાર કે સુથારનાં સ્થિતિપદનો મનાય છે. તેઓ તલ કે દીવેલીને ઘાણીમાં બળદ જોડી પીલે છે. શહેર કસબામાં રહે છે; દુકાન રાખે છે અથવા ગામોમાં વેચનારાને સામટો સોદો આપે છે અથવા ગામે ગામે ફરી તે વેચે છે. બૈરાં તેલ કાઢવામાં, ઘરાકને ઘેર પોંચાડવામાં મદદ કરે છે ને કેટલાંક મજૂરી પણ કરે છે. દક્ષિણ ગૂજરાતમાં થોડાક ઘાંચી પોતાના ધંધા ઉપરાંત શાકભાજી પણ વેચે છે ને થોડાક તે નાણું ધીરનારા પણ છે. ઘાંચી બહુ મહેનતુ છે પણ કરકસરથી રહેતા નથી. કેટલાક તે ઘણો દારૂ પીએ છે; ને વર્ગ દાખલ તેઓની શાખ સારી નથી કેમકે તેઓ તેલમાં ભેગ કરે છે. વર્ષે રૂ. ૧૦૦-૩૦૦ કમાય છે ને અવસરે ૩૦૦ લગી ખરચે છે. ધર્મ વૈષ્ણવનો, રીતભાત વાણીઆના જેવી પણ નાતરૂં થાય છે. નાતમાં પટેલ હોય છે; થોડુંક થયું સૂરતી ઘાંચીઓએ દારૂ પીવાનું બંધ કીધું છે. એ વર્ગ ચઢતી હાલતમાં છે; બે જણ સૂરતની અદાલતમાં વકીલાત કરે છે; ૧૮૭૭ ની આખરે નિશાળોમાં ભણનારા છોકરા ૫૬૩ હતા.

ખતરી (૧૪,૨૦૪) તે બ્રહ્મક્ષત્રીજ[1]. યૂરોપીઅનો કાપડની ખરીદી કરે છે એમ સાંભળી તેઓ સોળમાં સત્તરમાં શૈકામાં સિંધથી ગૂજરાતમાં આવી વસ્યા. ખતરી વણકર જનોઇ સંસ્કારે ધર્મકર્મ કરે છે પણ વળી દક્ષિણ ગૂજરાતમાં ઘણાક તે માંસ મદ્ય વાપરે છે. દેખાવમાં તેઓ ભાવસારને મળતા છે. કેટલાકને સારાં ઘર છે પણ ઘણાકને ઝુપડાં જેવાં. તેઓ બૈરાંની સાડીઓ, ચણીઆપાટ, ચોળીખંડ વગેરે ને પુરૂષનાં ધોતીઆં પાઘડી વણે છે. યૂરોપનો માલ વપરાતો થયેથી તેઓનો ધંધો તૂટયો છે ને જે સાળ સૂરત ભરૂચનું ઊંચું કાપડ કાઢતું તે અમણાં નકામી છે. કેટલાક ખતરી સૂરતમાં સુનારૂપાના તાર કાઢવાનો ધંધો કરે છે. ધંધામાં બૈરાં મદદ કરે છે. વર્ગ દાખલ તેઓ ઉડાઉ ને આળસુ છે; તેમાં સૂરતના ખતરી તો જબરા દારૂ પીનારા છે. તેઓ વર્ષે રૂ. ૭૦ થી ૩૦૦ સૂધી કમાય છે ને પરણમરણના ખરચમાં રૂ. ૧૦૦ સૂધી ખરચે છે. થોડાક શૈવ તથા ઘણાક વૈષ્ણવ છે પણ ઘણાખરા તે દેવીને પૂજે છે; સિંધની પશ્ચિમ સરહદઉપર હિંગળાજ છે તે તેઓની કુળદેવી છે. નાતરૂં થાય છે. નાતમાં પટેલ હોય છે. ખતરીઓ પડતી હાલતમાં છે. નિશાળોમાં ભણતા છોકરા ૧૮૭૭ ની આખરે ૧૮૧ હતા. કાઠિયાવાડના ખતરી તે ઘણાખરા રંગારા છે; ત્યાં વણકર તે વહોરા, વાંઝા ને ઘેડ હોય છે.

સાળવી તે વણકર ખતરીથી જૂદી જાત છે ને કણબી છિએ એમ તેઓ કહે છે. દેખાવ, પેરવેશ, ને રીતભાતમાં તેઓ કારીગર કણબીથી જૂદા પડતા નથી. તેઓના ઘર મોટાં ને ખતરીઓથી વધારે સારાં છે. તેઓ માંસ મદ્ય વાપરતા નથી; ખતરીઓ કર્તાં ઊંચું પદ રાખે છે. તેઓનો ધંધો રેશમી તથા કસબી કપડાં બનાવવાનો છે. કરકસરથી રહેનારા, મહેનતુ ને પ્રમાણિક છે. તેઓના માલનો ખપ વધવાથી તેઓ હમણાં સારી હાલતમાં છે; તેઓમાં કોઇ પુંજીવાળો નથી. હિંદુ તથા મુસલમાન તેઓને રેશમ આપે છે ને તેઓ સાળ ઉભી કરી વણી આપે છે ને અમુક ભાવે મહેનતાણું લેછે.

ખિદમત કરનારી જાતી.

એની સંખ્યા જિલ્લાવાર આપ્રમાણે છે:

	સૂ.	ભ.	એ.	અ.	પં.	એકંદર.
ધોબી	૧,૪૮૫	૧,૧૨૧	૧,૦૭૯	૧,૦૪૩	૧૬૪	૪,૮૯૨
હજામ	૩,૮૫૧	૩,૯૩૬	૧૦,૬૪૭	૧૨,૦૦૮	૧,૭૨૧	૩૨,૧૬૩
પખાલી	૫૯	૧૭૫	૧૬	૭૬		૩૨૬

૧. ગૂજરાતમાં મુત્સદી વર્ગ તે બ્રહ્મક્ષત્રી; વણકર વગેરે કારીગર તે ખતરી-ખાતરી ને મુલતાની તે ખખ્ખા ખતરી કહેવાય છે, પણ બધાની મૂળે એકજ જાતિ. દંતકથા છે કે ઔરંગઝેબના વખતસૂધી તેઓએ પોતાનો હથિયાર બાંધી લડવાનો ધંધો છોડયો નહોતો. જ્યારે ઘણાક દક્ષિણમાં કપાઇ મૂઆ ત્યારે તે બાદશાહે વિધવાઓની દયા ખાઇ દિલ્હીના આબરૂદાર ક્ષત્રીઓને સમજાવી નાતરાંની રીત કઢાવી. કેટલાક કહે છે કે રાજા તોડરમલ બ્રહ્મક્ષત્રી હતા ને તેણે અકબરશાહના સમજાવ્યાથી પોતાની બાળરાંડ દીકરી અગિયાર વર્ષનીને ફરી પરણાવી હતી, ત્યારથી ચાલ નીકળ્યો છે.

ધોબી શહેર તથા કસબાઓમાં એક માળના પણ નળિયાંવાળાં ઘરોમાં રહે છે. અનાજ તથા શાકભાજી એ તેઓનો ખોરાક છે પણ દારૂમાંસનેવાસ્તે તેઓને અડચણ નથી. તેઓ વાણીઆ કણબી કર્તાં વધારે કાળા છે. હિંદુઓ ઘણુંકરીને અંગરખો, બદન, પીછોડી, ચાદર, ધોવાને આપે છે; મરદના ધોતિયાં બૈરાં ધોએ છે, સારાં ઘરનાં તેપણ ગામોમાં પોતાનાં મેલાં લુગડાં પોતેજ ધોએ છે; ત્યાં ધોબીઓ ક્વચિત હોય છે. ધોબીને સો કપડાંની ધોવાઇ આઠ આનાથી તે બે રૂપીઆ લગી મળે છે. બૈરાં મરદને મદદ કરે છે. તેઓ ઠીક હાલતમાં છે; વર્ષે ૫૦થી તે ૧૫૦ રૂપીઆ સૂધીનું તેઓને રળતર છે; ને પરણમરણના નાત-ખરચમાં ૧૦૦ લગી ખરચે છે. ભરોસો રાખવાજોગ છે તોપણ થોડાક આળસુ તથા બેદરકાર છે ને દક્ષિણ ગૂજરાતમાં કેટલાક બહુ જલદ દારૂ પીનારા છે. ધર્મ વૈષ્ણવનો; રાંડેલીને નાતરૂં કરવાની છૂટ છે; જથાનો મુખી તે નાતના વાંધા ચૂકવે છે; તેઓ છોકરાને નિશાળે મૂકતા નથી. હાલારમાં કેટલાક ભાવસાર તે ધોબીનું કામ કરે છે.

હજામ જે ગોયજા, વાલંદ એ નામે પણ ઓળખાય છે તે શહેરમાં ને મોટાં નાનાં ગામમાં બધે હોય છે. વાણીઆ કર્તાં વધારે કાળા છે. ઘર નાનાં એક માળનાં પણ ઇંટચૂનાનાં ને છાપરે નળિયાંવાળાં હોય છે. અન્ન તથા શાક એ રોજનો ખોરાક છે પણ દક્ષિણ ગૂજરાતમાં કેટલાક માછલાં ખાય છે ને દારૂ પીએ છે; મતકા જાતના હજામને દારૂ માંસ ખપે છે ને તે ઢોલ સરણાઇ પણ વગાડે છે. હજામ પોતાના ધંધાનીસાથે બીજાં બહુ કામ કરે છે. ગામોમાં તે રોગીને નસ્તર મૂકે છે, વહાડકાપ કરે છે ને થોડાક તે વળી હાડકાં બેસાડી જાણે છે. રજપૂત ને કણબીમાં લગનની ગોઠવણસંબંધી વસટાળું તે કરે છે. લગનમાં જાને આવેલાની ચાકરી કરે છે; વરવહુનાઉપર છત્તર ચમ્મર કરે છે; મસાલ ધરેછે; વળી ઢોલ પણ વગાડે છે. વહોરાઓમાં જમવાના નોતરાં હજામ દેઈ આવે છે. તે દીવાબત્તીનું કામ પણ કરે છે ને કેટલાંક સારાં કુટુંબમાં હજામ તે ઘરના ચાકર જેવા હોય છે. ગામમાં વસવાયાં દાખલ તે સરકારને ધારાનો ચોથો હિસ્સો આપી પોતાની જમીન રાખી રહ્યા છે. શુભ અવસરે તેઓને અખ્યાણું ને રોકડમાં બે આનાથી તે બે ત્રણ રૂપીઆસૂધી મળે છે, તેમ મરણવખત કંઇ મળે છે ને ગામોમાં તેરમાને દહાડે પાઘડી પણ મળે છે. હજામડીઓ સોચ્યાણીને નામે છોકરાં જણાવે છે તથા સુવાવડીની ચાકરી કરે છે ને વળી કેટલેક ઠેકાણે ચાકરડીનું પણ કામ કરે છે. હજામનું કુટુંબ વર્ષે રૂ.૭૦ થી તે ૧૫૦ લગી કમાય છે ને પરણમરણનો નાતખરચ ૧૫૦ સૂધી કરે છે. જાત દાખલ તેઓ મોજીલા, ઉડાઉ ને ચસકેલ છે. ધર્મે વૈષ્ણવી છે; રાંડેલી નાતરૂં કરે છે; બીજી રીતભાત વાણીઆ જેવી કે ... જથાનો પટેલ તે પોતાના લોકની પંચાત ચૂકવે છે. થોડાકજણ પોતાના છોકરાંને નિશાળે મૂકે છે; ૧૮૭૭ની આખરે ૪૯૦ નિશાળમાં ભણતા હતા. ગૂજરાતી હિંદુઓમાં ... આવડત વિનાનો તે હજામ કહે-

વાય છે અને હજામ પોતાનામાંનો જે સારૂં મુંડી ન શકે તેને કુંભાર કહે છે. અણકિસબી હજામ તે ભેંસમુંડો કહેવાય છે.

પખાલી–ભિસ્તી કસબાઓમાં રહે છે. કેટલાક તે અસલ રજપૂત હતા એમ કહેવાય છે. તેઓનો રોજનો ખોરાક અન્ન છે પણ માંસ મદિરા વાપરવે તેઓને બંધી નથી. તેઓ યૂરોપિયન, પારસી, મુસલમાનના ઘરને વાસ્તે નદીકુવામાંથી પાણી આણે છે; મકાન બાંધવાના કામનેવાસ્તે તથા રસ્તા છાંટવાને પણ પાણી લાવે છે. તેઓને પોતાનો એક પાડો રૂ. ૧૫—૨૦ નો હોય છે ને એક પખાલ રૂપીઆ ચારેકની. બૈરાં પાડા હાંકવામાં ને પાણી આણવામાં મદદ કરે છે. ઊંચી જાતના હિંદુ ચામડામાં રાખેલું પાણી વાપરતા નથી તેથી પખાલીનો ધંધો સારો ચાલતો નથી ને તેઓ ગરીબ હાલતમાં છે. તેઓને મહિને રૂ. ૧૦ થી તે ૧૫ સૂધી મળે છે. પરણુમરણના ખરચમાં ૫૦ સૂધી ખરચે છે. વૈષ્ણવ ધર્મ પાળે છે; તેઓમાં કોઇ સુખી નથી; રાંડેલી નાતરૂં કરે છે; છોકરા નિશાળે જતા નથી.

ખવાસ—ગોલા-લુંડા (૭૫૬) તે અમદાવાદ જિલ્લામાં સઘળા રજપૂત સરદાર તથા તાલુકદારના ઘરોમાં છે. તે વંશપરંપરાના નોકર છે. આગળ કોઇપણ ગરાસિયો ખવાસ ગોલા વગરનો નહોતો કેમકે તે થોડાક મણ અનાજને સાટે ખરીદ કરવામાં આવતા. પહેલે તો ખવાસ ને ગોલા સરખા ગણાતા પણ સરદારોને ગેરબંદોબસ્તના વખતમાં ભરોસાદાર નોકરોની જરૂર જણાયાથી ખવાસો ગોલા કર્તાં ચઢિયાતા ગણાતા થયા. ખાસ ભરોસાદાર દાખલ અમે સંસારી દરજામાં ગોલા કર્તાં ચઢતા છૈયે એવો વટ ખવાસો આજે પણ રાખે છે,[1] જોકે ગોલાઓ તે કબૂલ કરતા નથી. ખવાસ ગોલા તે પોતાના ધણીને ત્યાંજ રહે છે, તેઓને ખાવાનું પહેરવાનું મળે છે ને ઘરેણાં પણ.[2] બૈરાં તે ઠકરાણીની ને મરદ તે ઠાકોરની ખિદમતમાં રહે છે– કપડાં તથા સામાન સમાલે છે, નવાડે છે, કપડાં પહેરાવે છે, હુક્કા ભરી આપે છે વગેરે. ઉત્તર ગૂજરાતનાં કેટલાંક ગામોમાં કેટલાક ખેડુત છે તે ખવાસ જાત કહેવાય છે ને એમાં વધારો થયાં કરે છે. ગરાસિયાના જેવી સારી હાલતના ખવાસો લગન કરે છે તે સિવાયે બીજા બધામાં અનિયમિત સંકરવહેવાર છે કે જેમાં માત્ર અંકોશ ધણી ઠાકોરનો હોય છે; છોકરાં ધણીને ખરચે પળાયાં જાય છે ને મોટાં થયે માબાપ જે કામ કરતાં હોય તે કરે છે.[3]

---

૧. ગરાસિયો સારી પહેરામણી મળેથી ખવાસની બેટીને પરણે છે કોઇક વખત.

૨. ચુંવાળના મોટા તાલુકદારોમાંના થોડાક તે કોળીઓને ખવાસની પેઠે રાખે છે.

૩. રાસમાળામાં લખ્યું છે કે લુંડીઓ તે બાળપણમાં ખરીદ કરેલી છોકરીઓ અથવા ખરીદ કરેલી બૈરીઓની છોકરીઓ છે, પછી કોઇ પણ જાતની, આબીસીનીઆની હબસણ પણ હોય. લુંડી કાઠિયાવાડમાં છોકરી ને મહિકાંઠામાં વધારણ કહેવાય છે. એ બૈરીઓ ધણીખરી તો પરણેલી નહિ ને કોઈ પરણે તો પોતાની જાતના સાથે; વધારણને હમેલ રહે તો રાણી કે ઠક-

રબારી ભરવાડ આહીર.

રબારી (ખાલસા જીલ્લામાં ૨૦,૨૭૫) કહે છે કે અમે મારવાડથી આવેલા છૈયે. તેઓ બરડા તથા ગિરની ડુંગરીઓની પડોસમાં જોવામાં આવે છે. તેઓ વિશેષે ઊંટની ઓલાદ વધારે છે; ઊંટને દ્વીપકલ્પની કોર ઉપર આવેલી ખારી કીચલની જમીનમાં ચરાવે છે; ગાયભેંસને માંહેલા ભાગમાં ને ત્યાં ચારો ન હોય તો ગિર તથા બરડાની ડુંગરીમાં લેઇ જાય છે. તેઓ તેને વેચીને ગુજરાન ચલાવે છે; ઉંટડીનું દૂધ પીએ છે, સરોડાં કે ડાળીઓની ઝુંપડીમાં રહે છે નાના ગામડાં કરીને કે જે નેસ એ નામે ઓળખાય છે. તેઓ કેવળ સંતોષી પ્રાણી છે; સારા ચારાને વાસ્તે અહીં તહીં ભટક્યાંજ કરે છે; ને જ્યારે નથી મળતો ત્યારે તે કચ્છ કે ગૂજરાત જાય છે; તેઓ ખેતી કરતાજ નથી. બરડા તાલુકામાં રબારીનો એક વર્ગ છે કે જે જૂના કાળથી જોડવાના સંબંધમાં છે. જરૂર પડે ને બોલાવવામાં આવે ત્યારે લશ્કરમાં નોકરી કરે છે કે જેના બદલામાં પોરબંદરના • રાણાએ તેઓને કેટલાક હક તથા છૂટ કરી આપ્યાં છે; નોકરી કરતો કોઇ મરે તો તેના વારસને રાણો રૂ. ૧૦૦) આપે છે. શરીરે કઠણ જાત છે, તેઓ કાળા સારાબાંધાના છે. એકથી વધારે બૈરી કરે છે; રાંડેલી દીએરસાથે નાતરૂં કરે છે, માતાને માને છે ને લગન વગેરેની હિંદુક્રિયા કરે છે. ગૂજરાતમાં રબારી કહેવાતી જાત તે ગાય ભેંસ બકરાં ઘેટાં રાખે છે. અમદાવાદ તથા ખેડા જિલ્લામાં તેઓ ગામ કસબામાં સારાં બાંધેલાં ઘરમાં રહે છે. પાલણપુરમાં કેટલાક ઊંટ પણ પાળે છે ને ત્યાં તથા પંચમહાલમાં કોઈ ખેતી પણ કરે છે. રબારી કઠણ બાંધાનો, બડછટ ને મહેનતુ છે; તેને સંખ્યા ગણતાં આવડતી નથી પણ આકાર ચહેરાથી બકરાં, ઘેટાં બધાંને ઓળખી શકે છે ને કોણ નથી તેપણ કહી શકે છે; રબારીમાં લગન એકે દહાડે થાય છે.

ભરવાડ (૨૯,૨૪૭) તે રબારીના જેવીજ જીંદગી ગુજારે છે પણ વિશેષ કે તે વસ્તીની નજીકમાંજ નેસડો રાખે છે; સવારે રાનમાં બકરાં ઘેટાંને ચારવા લેઇ જાય છે ને રાતે પાછાં આણે છે. તેઓ નંદ મહેરથી પોતાની ઉત્પત્તિ માને છે ને કહે છે કે અમે ગોકુળવૃંદાવનથી કાઠિયાવાડ આવ્યા છૈયે. માતાને માને છે ને હિંદુની રીત રાખે છે; બાજરીના રોટલા ઉપર જીવે છે. તેઓ રાંક જાત છે. તેઓ રંગે કાળા તથા સારા બાંધાના છે. તેઓમાં દશમે કે બારમે વર્ષે સામટાં લગન થાય છે એકજ દહાડે ને એકજ જગોએ; લગનની ક્રિયા તે દૂધ પીનો કહેવાય છે; દૂધ ઘી બહુ વપરાય છે તે ટાણે; બૈરાં હરખમાં ઘેલાઇ કાઢે છે, ભૂડાં ગીતાં ગાય છે, ખેતરની વાડ ભાંગી નાખે

રાણી તેને બોલાવી કોનાથી રહ્યા તે પૂછી લે છે ને પુરૂષ જો માતબર હોય તો તેનીપાસે દંડ લેવામાં આવેછે; ગોલીનો વાંક કાઢવામાં આવતો નથી. છોકરાં તે ગોલાં કહેવાય છે ને ખાસ ખિદમતમાં રહે તે ખવાસ. ઠાકોરની દીકરી સાસરે જાય તેનીસાથે કેટલાંક ગોલાંને પણ દીકરીની ખિદમતમાં હંમેશ રહેવાને મોકલે છે. એ ગોલાં ઘરનું કામકાજ કરે છે ને કોઇ વખત વળી ઠાકોર કે રાજાની ચિતામાં તેઓને બાળી મૂકવામાં આવે છે.

છે ને પાકને પણ નુકસાન કરે છે; તેઓ કોઇ જમીન ખરીદ કરે છે ને ત્યાં પછી બધાં લગન થાય છે; તે જમીન બીજીવાર તે કામમાં વપરાતી નથી, ફક્ત ચારાને વાસ્તે વપરાય છે; ત્યાં લાકડાંનો થંભ સણગારી રાખે છે કે જે લગનનો થંભ કહેવાય છે ગાડરિયા ભરૂચ જિલ્લામાં ૧૪૧ છે.

આહીર (૯૦૬) બાબરીઆને મળતા છે; તેઓ કહે છે કે બાબરીઆ અમારામાંથી નીકળ્યા છે. મોટા હુમલાઓએ રાજ્ય તથા વસ્તીમાં ફેરફાર કીધા પણ આહીર પોતાના ઢોર સાથે સદા શાંતિમાં રહ્યા છે; ચારાની જગા ખોળવી ને પછી ત્યાં જઇ રહેવું થોડી કે ઘણી મુદત સૂધી એ રીતિ છે. તેઓ કહે છે કે અમે સિંધના સુમરા વંશના છૈયે [1] ને ગૂજરાતમાં આવ્યાપછી દીવના સોલંકી સાથે દક્ષિણ કાઠિયાવાડના વાળાસાથે ને ઉજ્જનના પરમારસાથે પરસ્પર બેટી વહેવાર રાખતા થયા; કૃષ્ણનીસાથે અમે સોરઠ આવ્યા ને ગિરનારના ડુંગરની પડોસમાં વસ્યા ને સોરઠિયા આહીર કહેવાયા.[2] ઠામઠેરે ઘણી ન્યાતિ છે પણ ધંધાઉપરથી બે વર્ગ થયા છે; કસબામાં રહેનાર તે ગુજર ને બીજા જે ઢોર પાળનારા તે નેસાક કહેવાય છે. ગુજર ઘણાક તે હાલ ખેડુત છે ને થોડી થોડી જમીનવાળા છે. તેઓએ ધીરેધીરે બાબરીઆવાડમાંથી વાળા રજપૂતને કાઢ્યા; ને સંભવે છે કે તેઓ બાબરીઆની સાથે દક્ષિણ કાઠિયાવાડમાં આવ્યા; તેઓનો બાબરીઆસાથે પાસેનો સંબંધ છે ને તેઓ તે જાતને બેટી આપે છે. દંતકથા છે કે જૂનાગઢના રાવ નોઘણની વતી (સને ૧૧૦૦) આહીર દેવૈયતે પોતાનો દીકરો મારી નખાવવાને આપ્યો હતો તે ઉપરથી જણાય છે કે બાબરીઆની પહેલાં ત્રણસે ચારસો વર્ષઉપર સોરઠિયા આહીર વસ્યા હતા ને આહીરોએ બાબરીઆવાડમાં પેસારો કીધો હતો.

ભાટ ચારણ.

ભાટ—બારોટ (જીલ્લાઓમાં ૧૨૦,૫૦) એ જૂના વખતથી છે; મહાદેવના કપાળના પરસેવામાંથી ઉત્પત્તિ છે એમ તેઓ કહે છે; વળી બ્રાહ્મણ કુળના છૈયે એમ બોલે છે પણ કેટલાક તે જનોઇ પહેરતા નથી ને રજપૂત સાથે બેસી જમવામાં બાધ રાખતા નથી. રજપૂતોની વંશાવળી રાખવી, તેઓના ગુણ ગાવા ને તેઓ કને જાચવું એ ભાટનો ધંધો છે; તોપણ કેટલાક શરાફી તથા વ્યાજવટંતર કરે છે ને કેટલાક પોતાની જમીન ખેડે છે. ચાલતા શૈકાની શરૂઆતમાં નાણાંની બાબતમાં તેઓની જામીન-

---

૧. ભાટના કહેવાપ્રમાણે સિંધના સુમરા રાજાને પાંચ છોકરા તે બડોના મુલખમાં આવી વસ્યા ને તે પછી વધેલી સંતતિની જાત કહેવાઇ. વાગનો વેલો બહુ ચાલ્યો. દીવના અરજુપ સોલંકીનો દીકરો સોરઠિયા આહીરમાં પરણેલા તેના વંશના તે લખનોતરા કહેવાયા.

૨. બે હજાર વર્ષ ઉપર મધ્યહિંદુસ્થાનમાં ભરવાડ રાજાઓ હતા તે વર્ગમાંના તેઓ હશે. આસિર જેણે આસિરગઢ વસાવ્યું તે આહીર હતો ને ગિરનારની તળેટીમાં અશોકનો શિલાલેખ બતાવે છે કે જેમ ઉજ્જનમાં તેમ સૌરાષ્ટ્રમાં તથા એ બેની વચમાના પ્રદેશમાં આહીર રાજા હતા.

ગીરી કે બાંહેધરી જરૂરની ગણાતી ને ખત તથા દસ્તાવેજ તેઓની સહી વના ખરાં મનાતાં નહિ. સને ૧૮૦૭ માં કરનલ વાકરે કાઠિયાવાડની સરદારોપાસે જે જામીનીખત લખાવી લીધેલાં તે સર્વેમાં ભાટ કે ચારણની સહીઓ હતી. ખજાનાની સાથે પણ ભાટને મોકલતા આટલામાટે કે તેઓનું અંગ પવિત્ર મનાતું; હું આપઘાત[1] કરીશ એવું જો તે ભય બતાવતો તો લુટારો ચોર પાછો હઠતો ને કિમતી માલ સલામત પોતાને ઠેકાણે પહોંચતો. દરેક રજપૂત સરદાર કે ગરાસિયાને પોતાનો ભાટ હોય છે ને દરેક ભાટ દરવર્ષે પોતાના જજમાનોને ત્યાં ફરીવળે છે. જ્યાં જાય છે ત્યાં આદરમાન સાથે થોડા દહાડા રહે છે, સાથે રાખેલી વહીમાંથી કુળશાખાના માણસોની કીર્ત્તિ કવિતામાં લખેલી તે બોલી સંભળાવે છે અને કોઇના જન્મ કે લગ્ન કે મરણ થયાં હોય તે નોંધી લે છે. એ નોંધની હકસાઇ તેઓને મળે છે ને કેટલેક ઠેકાણે તો તેઓને બાંધેલાં સાલિયાણાં હોય છે; કેટલાકને વળી જે જે ગામમાં જાય ત્યાં ત્યાં થોડી થોડી જમીન પણ હોય છે. ઘણુંકરીને ભાટનો વર્ગ માનવંતો છે; પણ મારવાડ તથા રજપૂતસ્થાનના કેટલાક તે બડા નિડર ચોર હોઇને ઊંટ કે ઘોડાને ઝડપથી લેઇ જાય છે; કોઇવળી છોકરીઓને ચોરી જઇ રજપૂતોને ત્યાં લોંડી દાખલ વેચે છે પણ ખરા.

ચારણ (૪,૦૪૦) પણ ભાટની પેઠે પોતાની ઉત્પત્તિ શિવથી માને છે. ચારણ (ચારનારા)તે કાઠી તથા આહીરના સંબંધમાં જણાયા છે; કેટલાક ચારણ કાઠીઓ સાથે કચ્છથી આવ્યા હતા ઈ૦ સ૦ ૧૪૦૦ માં, ત્યાં દુકાળ પડવાથી. ચારાની જગાને વાસ્તે બીજી જાતોની પેઠે ચારણ જાતિ પણ અહીં તહીં ભટકતી હોવાછતાં હંમેશ કાઠીની સાથે સંબંધ રાખી રહી છે. ચારણ પણ ભાટની પેઠે બાંહેધર કે જામીન થતા ને ત્રાગું કરતા. વટ આબરૂ જાય તે કરતાં મોત સારૂં એમ માની જીવ કાઢેલા એવા દાખલા ઘણા બન્યા છે અને બૈરાંઓએ પણ જાત કે કુળની આબરૂને વાસ્તે આપઘાત કીધા છે; પુરૂષના કરતાં બૈરાં વધારે જોસ્સાથી પોતાના હકની માગણી કરે છે ને એટલાવાસ્તે તેઓની મોટી આબરૂ છે ને ઘણીક બૈરીઓ માતા જેવી મનાઇ છે.[2] કાઠિયાવાડનાં

---

૧ જેનેમાટે બાંહેધર કે જામીન તે જો નાણું ન આપતો કે વાંકું બોલતો તો ભાટ ત્રાગું કરતો ને વેળાએ જીવ પણ આપતો. માળીઆના જાડેજાએ નાણું નહિ આપ્યું ત્યારે ભાટે લાંઘણ કીધી ને પછી જીવ કાઢવા ઉપર આવ્યો પણ તેટલે બીજે ભાટે ના કહી; પછી તેણે રાત ઇશ્વર સ્મરણમાં ગાળી, સવારે છ વર્ષની પોતાની દીકરીને કહ્યું કે તું તારા બાપને માટે માળા જપ ને પછી જ્યાં લેઇ જવી હતી ત્યાં લેઇ જઇ તેનું ડોકું ઊરાડી દીધું હતું.

૨. એક દાખલો આ છે કે ત્રણ બેન સલખનપુરથી પાસેને ગામ જતી હતી તેવામાં કોળીઓએ લૂટી; એકજણે પોતાની સાથે છોકરો હતો તેની પાસેથી તરવાર લેઇ પોતાનું થાન કાપી નાખ્યું; પછી બીજી બેએ પણ તેમ કીધું ને પછી તે ત્રણે દેવી મનાઇ;—બહુચરા ચુંવાળમાં, બૂતમાતા તે કોટ આગળ આરનેજમાં ને બલાલદેવી તે બાકલકુવામાં (સિહોરની દક્ષિણે ૧૫ મેલ ઉપર).

B 524—n

ઘણુંખરા ભાગમાં ગામના પાદર આગળ લેખવાળા પથ્થર (પાળિયા) જોવામાં આવે છે તે ત્રાગું કરી મરી ગયલાં ચારણ પુરૂષ કે સ્ત્રીના છે. ચોર લૂટારાં કાઠીઓ ગામના ઢોર લેઇ જાય તેને અટકાવવાને કે લેઇ ગયલા તે પાછાં આપે તેને વાસ્તે ત્રાગાં કરેલાં; પાળિયા ઉપર નામ વર્ષ ને મરવાનું કારણ હોય છે; કોઇ પથ્થરમાં ઘોડા ઉપર બેઠેલો ઢાલ તરવાર સજેલો એવો સ્વાર જેવોતેવો કોતરેલો દેખાય છે; બૈરાં ગળામાં કટાર ભોકી ત્રાગું કરતી કે જે ગલગુંડી કહેવાતી.

ચારણ કાઠિયાવાડમાં અહીં તહીં વેરાતા પણ બધેજ છે ને કેટલાક ભાગમાં તો તેઓને મળેલી જમીનો કે આખાં ગામો પણ છે; તોપણ તેઓ ગરીબ બેહુ છે; ને ઢોરથી થતી ઉપજ તથા વંશાવળી રાખનાર દાખલ મળતી હકસાઇ ને માગણપણું એ ઉપર ગુજરાનનો આધાર રાખે છે. કેટલાક ચારણ પોઠી ઉપર માલ ભરી જઇ કાઠિયાવાડ તથા રજપૂતસ્થાન એ બે વચ્ચેના ગામ કસબાઓમાં ધંધો કરે છે; અને કેટલાક તે રાજા સરદારોની ફોજમાં નોકરી કરે છે. બાંહેધરીનો ધંધો ભાંગી પડયો છે તેથી તેઓનું માન પણ ઘટ્યું છે; થોડાંક વર્ષ થયાં કેટલાક ઢોરની ચોરી કરતા થયા છે ને ઘણાક તે વાઘેરના બખેડામાં સામેલ હતા. ચારણ ઉંચા, દેખાવડા, ઘઉંવર્ણી કાંતિના છે મરદ ને બૈરાં; હિંદુની રીતભાત રાખે છે; રાંડેલી નાતરૂં કરે છે; ખોડિયાર તથા આશાપુરીને માને છે પણ ભવાની તેઓની મોટી માતા છે.

ખારવા માછી ભોઈ.

ખલાસી તળગૂજરાત તથા કાઠિયાવાડના તે બહુ જૂના કાળથી વખણાતા આવ્યા છે. અનહિલવાડના રાજાઓ ખંભાતના અખાતના ખારવાની કીર્ત્તિ બોલ્યા છે. રાજ્યનો બંદોબસ્ત નહિ તેવા વખતમાં વહાણબેડુઓ ચાંચીઆનું કામ કરતા તેમાં કાઠિયાવાડના દક્ષિણ કાંઠાને લગતા દરીઆમાં કોળી અને કચ્છનો અખાત તથા દ્વારિકા પોરબંદરની પડોસના દરીઆમાં વાઘર, મીઆના ને સંઘાર એ હતા; વળી પાછળથી મુસલમાન પણ તેમાં ભળ્યા હતા. મોખડાજી ગોહેલે પીરમ લીધું હતું ને ત્યાંથી જતાં આવતાં વહાણોઉપર કર બેસાડયો હતો. વેજલકોટ ને જાંઝનીના વાજા ચાંચિયાને અને પાછળથી ઓખામંડળના વાઘેર તથા સંઘારને બ્રિટિશ સરકારે શિક્ષા કરી હતી. એની થોડીક આગમજ સને ૧૭૭૨ માં ભાવનગરના વખતસિંગજીએ ખંભાતના નવાબપાસેથી તળાજા પડાવ્યું ને વળાક તાલુકો તાબામાં લીધો તેથી દક્ષિણપૂર્વના ચાંચીઆ તૂટયા. તેવાર પછી કાઠિયાવાડના ખારવાઓએ ધીમે ધીમે વહાણો લૂટવાની ચાલ છોડી દીધી અને હાલ તેઓ હિંદુસ્થાનમાં ઘણાજ સારા ખલાસી છે એમ જગત જાણે છે. એ ચાર વર્ગના છે ખારવા, ભાદેલા, મીઆના ને વાઘેર.

ખારવા ત્રણ જાતના છે; રજપૂતવંશી, કોળી ને મુસલમાન. પહેલા તે સોલંકી, રાઠોડ, ઝાલા ને ગોહેલ એ ઉપનામે પોતાને ઓળખાવે છે; રજપૂતસાથે જમે છે ને તેઓની ઘણીક રીત

રાખે છે; ઘણાક તે વેરાવળ, માંગરોળ ને પોરબંદરના છે. કોળીખારવા તે કાઠિયાવાડની દક્ષિણના ને તળગૂજરાતના છે; તેઓ ચાંચીઓંના વંશજ હોઇને ભીલનું લોહી રાખે છે; શીઆળ, તળાજિયા, એમ ગામના નામઉપરથી ઓળખાય છે; તેઓ કોળીની રીતભાત પાળે છે; ભાવનગર, મહુવા, તળાજા, જાફરાવાદ અહીં ને ભરૂચ સૂરત જિલ્લામાં છે. મુસલમાન ખારવા તે ગોઘાના છે જ્યાં તે કસબાતી કહેવાય છે; તેઓ પોતાને પઠાણ કહેવડાવે છે પણ તેઓમાં હિંદુ તથા આરબનું લોહી જણાય છે. દિલ્હીના બાદશાહે તેમને ગરાસમાં પીરમ આપ્યો હતો ને ગોઘામાં પણ તેઓ નકરી જમીનના માલીક હતા. ભાદેલા પણ મુસલમાન છે ને આરબસ્તાનથી આવી વસેલા છે એમ કહેવાય છે. તેઓની વસ્તી જાફરાવાદ, દીવ, સલાયા, દ્વારકાબેટ અહીં છે. એઓ નિડર ખલાસી છે ને ઝાંઝીબાર, એડન, સિંગાપોર અહીંલગી જાયછે ને મુંબઇ ને લંડન કે ચીન અહીં જતાં મોટાં વહાણોમાં પણ તેઓં હોય છે. રાંદેરના મુસલમાન ખારવા પણ તેવાજ છે. મીઆના ને વાઘેર તેવા નથી; તેઓ કચ્છના અખાતમાંજ ખેડે છે.

દરીઆમાં વહાણમાં રહી માછલાં પકડનારા તેઉપર લખેલા વર્ગોમાંના છે. તેઓ તથા નદી ખાડીમાંથી માછલી પકડનારા તે માછીને નામે ઓળખાય છે; ભોઇલોક મીઠાં પાણીનીજ માછલી પકડે છે.

મજુરીકરનારા.

મજૂરમાં કોળી, ભીલ, ઘેડ, વાઘરી ને મુસલમાન એ લોક ઘણુંકરીને હોય છે. સારા વખતમાં તેઓને ખેતરમાં કે ઘર બંધાતા હોય ત્યાં કામ મળેછે ને જ્યાંસૂધી એ કામ હોય ત્યાંસૂધી તેઓ બીજે ગામ જતા નથી. તેઓ રોજને મુસારે કામ કરે છે પણ કેટલાક જે ખેડીઆનું કે ઢોર ચારવાનું કે ઘરનું કામ કરે છે તેને મહિનાનો બાંધ્યો પગાર હોય છે. રોજ લાવવું ને ખાવું એમ કરનારા તે મોઘવારીના વખતમાં ભુંડી હાલતમાં આવી રહેછે; તેઓ નાની નાની ચોરી કરે છે, કસબા શહેરમાં એકઠા થાયછે, ને ભીખ માગે છે; કેટલાક મરી પણ જાયછે; કેટલાક રાનમાં જઇ કંદ મૂળ ભાજીઉપર નિર્વાહ કરે છે; અને દુકાળમાં સરકાર કામ કાઢે તેઉપર કે લોકના ધર્મઉપર જીવાઇનો આધાર રાખે છે.

વાઘરીની ઉત્પત્તિ ભીલથી છે. મજુરી નથી હોતી ત્યારે તેઓ ભીખ માગેછે ને ચોરી કરે છે. તેઓ જાળ પાથરી સસલાં, બતક, સારસ, લાવરી વગેરે પકડે છે. નદીના ભાઠામાં લીંબુ વાવે છે, દાતણ વેચે છે, ઘંટીના પત્થર તૈયાર કરે છે. ગોમાંસવિના બીજું સઘળું માંસ ખાય છે ને અતીસ દારૂ પીએ છે. તેઓમાં એકથી વધારે બૈરી કરવી, નાતરૂં, તલાક એ સહેલથી થઇ શકે છે; બૈરી કંટાળી હોય તો તે છેડો ફાડીઆપી જાય ને જેને ત્યાં જાય તે નાત જમાડે. તેઓ મેલડી, બહુચરા, ખોડિયાર એ માતાને માને છે.

સરાણીઆ હથિયારના સિકલીગર તે ધંધાને વાસ્તે એક ગામથી બીજે ગામ ફરે છે; તેઓ મારવાડથી આવ્યા કહેવાયછે. હિંદુ તે કાળિકા ને હનુમાનને માને છે. લગન ખુલ્લી જગોમાં થાય છે; વહુની મા ને વરનો બાપ બંને પોતાના પેટના નીચલા ભાગસાથે ઠીકરાના ઘડા બાંધે છે ને એક બીજાની તરફ સાતવાર દોડે છે, છેલ્લીવખતે તે બે ઘડા અથડાઇને ફૂટે કે લગન થઇ રહે. ધણી-ના મરીગયા પછી રાંડેલી બીજા માણસસાથે રહીશકે. મુડદાં કેટલાક બાળે છે ને કેટલાક ઓડાં-પર મૂળી સળગાવીમુકી પછી દાટે છે.

ઓડ તળાવખોદનારા તે પોતાને ક્ષત્રી કહે છે ને ભગિરથથી ઉત્પત્તિ માનેછે. તેઓ કાઠિયાવાડમાં ધંધાને વાસ્તે આવે છે ને ચોમાસામાં પોતાને ઘેર મારવાડમાં કે મધ્યહિંદુસ્થાનમાં પાછા જાય છે.

નીચો ધંધો કરનારી જાતો.

એ છ છે ને માણસની સંખ્યા પાંચ જિલ્લામાં ૨,૧૨,૦૦૦ છે[1]. એ જાતોની વસ્તી સૌથી વધારે ખેડામાં, તેથી ઓછી અમદાવાદમાં, તેથી ઓછી સૂરતમાં, તેથી ઓછી ભરૂચમાં ને તેથી ઓછી પંચમહાલમાં છે. જાત ઠામ સંખ્યાની તપસીલ ૧૮૭૨ ની ગણતરીએ નીચે પ્રમાણે છેઃ—

	સૂ૦	ભ૦	ખે૦	અ૦	પં૦	એકંદર.
ગરૂડા	૫૮૫	૩૮૧	૧,૮૪૬	૨,૩૦૦	૩૫૫	૫,૪૬૭
ધેડા	૨૯,૪૩૨	૧૬,૭૧૩	૪૨,૮૧૯	૩૯,૧૮૪	૪,૫૭૫	૧,૩૨,૭૨૩
ખાલપા, ચમાર ...	૩,૦૨૪	૩,૫૦૬	૧૦,૭૨૬	૧૨,૩૯૫	૧,૬૪૮	૩૧,૨૯૯
તૂરી	......	૨૬	૩૬૫	૩૬૧	૬૩	૮૧૫
સિંધવા, શેનવા ...	૧૬૪	......	૧,૯૦૫	૧,૪૪૨	૨૨૦	૩,૭૩૧
ભંગીઆ, ઓલગાણા.	૧,૪૬૨	૭,૨૨૫	૧૪,૯૮૬	૧૧,૨૬૩	૨,૮૮૫	૩૭,૮૨૧[2]
	૩૪,૬૬૭	૨૭,૮૫૧	૭૨,૬૪૭	૬૬,૯૪૫	૯,૭૪૬	૨,૧૧,૮૫૬

એ જાતીઓ ઘણુંકરીને ગંદા ધંધાઉપરથી નીચી મનાયલી છે એમ જણાય છે, કુળ ગુણઉપ-રથી તેટલી નહિ. એ લોક પહેલે હલકો ધંધો કરતા કેમ થયા તે બાબત કેટલાક કહેછે કે બાપ શૂદ્ર ને મા બ્રાહ્મણી એવી જે પ્રજા તે હલકો ધંધો કરતી થઇ; કોઇ કહે છે કે એ જૂદીજ જાત છે, આ

૧. કાઠિયાવાડમાં ચામડા કમાવનારા ૨,૪૯૧, ચામડાનું કામ કરનારા ૩,૩૭૬ ને ચામડાં રંગનારા ૭,૮૮૮ છે.

૨. એ આંકડામાં મોટી સંખ્યા મુસલમાન ભંગીઆની છે.

દેશના છેક જૂના કે પરદેશી જન જે પોતાને તાબે કરનારાઓને ઘણી મુદતસૂધી તાબે થયલા નહિ તેમાંના તે છે; વળી તે પોતે કહે છે કે અમે અસલ તો રજપૂત પણ પછી લડાઈ તથા તંગીના દાબથી નીચું કામ કરતા થયા:— એ તેઓનું કહેવું તેઓના મોડાંઉપરથી ને ભાષા તથા રીતભાત ઉપરથી ખરૂં હોય તેવું લાગેછે. એ જાતીના લોક તે ભીલ કોળી દુબળા કર્તાં કદમાં વધારે મોટા, ઓછા કાળા ને ઓછા ચંચળ છે; વળી એ જાતના મરદ ઓરત અને ઉતરતા વર્ગના કારીગર એ બે જૂદા ઓળખાતા નથી; અને તેઓની ને ઊંચી નાતની સાધારણ ગૂજરાતી બોલીમાં ફેર નથી. તેઓનાં ઘર ગામના છેડેના ભાગતરફ જથામાં હોય છે. ઘણાંક ઘર તે એકજ ઓરડાવાળાં પણ ભીત મટોડાંનાં કે ઇંટનાં ને છાપરાં ઝાવળીનાં કે નળીયાનાં એવાં પણ ભીલવગેરેની ઝુંપડી કર્તાં વધારે મોટાં તથા સારાં બાંધેલાં હોય છે. માંહે તથા ઉમરાઆગળ ભોંય સારી થાપેલી લીપેલી વાળેલી. ભીતની બહારની બાજુએ ગેરૂ કે ચોકે કાંઇ ચીતરેલું ને આંગણામાં તુળસીનો છોડ હોય છે. સામાનમાં ખાટલો તથા ગોદડી, થોડાંક થાળી વાડકાં ધાતુનાં ને થોડાંક હાંડલાં. મોટી સંખ્યાનો રોજનો ખોરાક જાડું અનાજ છે તોપણ તે ઊંટ, ઘોડા, ગધેડા, કુતરાં, બીલાડાં, ઉંદર ને સાપ[1] એ સિવાયે ઘણુંકરીને બીજું બધું માંસ ખાયછે. ઘેટાં બકરાં મરઘાં મારવાનું તેઓથી જારેતારે બનતું નથી ને ગૂજરાતના દક્ષિણભાગમાં કણબી તથા બીજા ઊંચી જાતના ખેડુત પોતાનાં મુવેલાં ઢોરને કાળજીથી દટાવે છે. ખાલપા તે ઘેડથી નીચા ને એ બે વળી ભંગીઆ જેવા નીચા નહિ. ખાલપો કે ભંગીઓ મોચીનું કામ કરે ને એક બે પેઢી થાય તો તે વળી તેટલા નીચા ન ગણાય. વળી ગામનો ઘેડો જો રસ્તામાં ઝાડુ કાઢતો થાય તો તે નીચો ગણાય. એ બધા નીચો ધંધો કરનારા છતે પણ હિંદુ છે ને તે મ્લેચ્છ કર્તાં વધારે સારા મનાય છે. થોડાક ખાલપા ને નોકરીવાળા ઘેડા કે ભંગીઆ સિવાયે એ લોકનો મોટો ભાગ ગરીબ હાલતમાં છે. મરદ, ઓરત ને બે છોકરાં એ કુટુંબને મહિને પાંચથી તે સાત રૂપીયાનો ખરચ છે. ગરીબ કુટુંબ છોકરી કે છોકરાના લગનમાં ૨૫ લગી ખરચે છે ને મરણ નિમિત્ત દશ પંદર રૂપીયા. સારી હાલતનું કુટુંબ છોકરીના લગનમાં ૩૦ થી ૫૦ તથા છોકરાના લગનમાં ૪૦ થી ૨૦૦ લગી ખરચે છે અને મરણ નિમિત્ત ૩૦ થી તે ૨૦૦ લગી. પરણમરણ એ બેજ વખત નાત જમાડે છે. એ લોક સલુકાઇવાળા, કેફથી દૂર રહેનારા હોઇને કારીગર વર્ગ કર્તાં વધારે ધાર્મિષ્ઠ છે ને ભીલ દુબળા કર્તાં ભૂત ડાકેણનું ઓછું ભય રાખે છે. તેઓ હનુમાન, ગણપતિ, રામ, દેવીને માને છે પણ બધાં કર્તાં તુળસીને વધારે. થોડાક સ્વામીનારાયણનો ધરમ પાળે છે ને ઘણાક તે કબીરપંથી છે. તેઓ ગામમાંને દહેરે કે મંદિરે નથી જતા પણ પોતાના જથામાં એકાદી ઝુપડીમાં હનુમાન કે ગણપતિની મૂર્ત્તિ બેસાડે છે ને તેવે તેવે દહાડે દીવો કરે છે ને ફૂલ ચઢાવે છે;

---

૧. વીરમગામના ઘેડ પાડાનું માંસ ખાતા નથી.

વળી કેટલાક તે ઘરમાં પણ હનુમાન ગણપતિ કે માતાની છબી રાખે છે. કોઇ કોઇ વળી રણછોડજીની (ડાકોર), કાળીની (પાવાગઢ) ને અંબાજીની જાતરા જાય છે. એ લોક દહેરામાંહિ જતા નથી પણ દરવાજા બહાર ઉભા રહી મૂર્ત્તિની ઝાંખી કરી નમન કરે છે ને થોડાક પૈસા દહેરાના કોઇ માણસને આપે છે. ગૂજરાતની એ જાતમાં રોહીદાસ ચમાર ને કાળીદાસ ઘેડ એ બે મોટા ભગત થયા છે. જે ભગત થાયછે તે કેટલાક સંસારી કાજથી દૂર રહે છે ને નિર્વાહને માટે જોઇતી ભીખ માગી લાવે છે; કેટલાક ગૂજરાનને માટે કુટુંબસાથે રહે છે. કોઇ વળી મંત્ર જાદૂ જાણનારા દાખલ મનાય છે. ભગતની રહેણી સારી ને નિયમવાળી હોઇને તેઓ પોતાનો વખત ભજન કરવામાં કાઢે છે. ભંગીઆમાં અડધા જે મુસલમાન છે તે સિવાયે એ બધી જાત બ્રાહ્મણને માને છે ને ક્રિયાપણ ઊંચી જાતના હિંદુઓના જેવી થોડીક કરે છે. ભંગિયા સિવાયે બીજી જાતોમાં ગોરનામ પાડે છે અને બધી જાતોમાં વેસવાળમાં કપાળે રાતો ચાંલ્લો કરવામાં આવે છે ને છોકરાંઓને સોળ વર્ષની ઊમર લગીમાં પરણાવવામાં આવે છે. લગનને માટે સારો દાહાડો ગોર કહે છે, ગણેશ પૂજાય છે, વરકન્યાને હળદ પીઠી ચોળે છે, ને કન્યાના ઘરને આંગણે ચોરી બાંધવામાં આવે છે; વર આવે તેને સાસુ અનાજ મુસળું વગેરે આપી તેને બેસવાની જગાએ લેઇજઇ બેસાડે છે ને તેની સામાં કન્યાને કપડાનો અંતરપટ રાખીને બેસાડે છે; ગોર ભણેછે; વરવહુના પહેરેલાં લુગડાંની ગાંઠ વાળી હોય છે; એ બે ચોરીની આસપાસ ૩ થી તે ૯ વખત ફરેછે. માણસને મરતી વેળા ભાંએ નાખી તુળસીના પાતરાં તેના મોડામાં મૂકે છે. મરી ગયા પછી બૈરાં કૂટે છે; ઘેડ સિવાયે બીજી જાતમાં મુડદાંને રામ રામ બોલતાં લઇ જાય છે; કેટલાક બાળે છે ને કેટલાક દાટે છે; પણ બધાએ મરનારના તીજા ચોથા ને બારમા દહાડાની ક્રિયા કરે છે. ભંગીયા સિવાયે બીજી જાતમાં ચારણો છોકરાંના નામ લખી જાય છે ને લગન ટાણે આવે છે. એ ચારણો કહે છે કે હમારા ઘરડા કેટલાક ભરવાડના જામીન થયા હતા સરકારનો કર ભરવાને પણ તે ભરી શક્યા નહિ તેથી તેઓને સજામાં ઘેડનું પાણી પાયું હતું. દરેક ગામમાં એ એકેક જાતમાં પટેલ[1] હોય છે; તે નાતીલાને ભેગા કરી જાતના ધારાથી આડા ચાલનારાને–છિનાળું કરનાર, ગર્ભપાત કરનાર, ઉતરતી જાતસાથે જમનાર કે પરણનાર એને દંડ કે નાતબહાર કરે છે. જોકે મોટો ભાગ હજી ગરીબ છે ને બહુજ થોડાજણ છોકરાને નિશાળે મોકલે છે તોપણ બ્રિટિશ રાજમાં તેઓની હાલત ઠીક સૂધરી છે ને ઉમેદ વધતી છે; સરકાર જેમ બીજા વર્ગોસાથે તેમ તેઓસાથેપણ વર્તે છે ને તેઓ વેઠ તથા તુચ્છકારથી છૂટ્યા છે.

ગરૂડા તે ઘેડ બાલપા વગેરેના ગોર છે, ભંગિયાના નહિ. કોઇ કહેછે કે કોઇ બ્રાહ્મણ ગુરૂ કન્યાસાથે પરણેલો તેના ગરૂડા. કોઇ કહેછે કે યજ્ઞમાં કોઇ બ્રાહ્મણે પશુબલિનો કકડો ખાધેલો તેના વંશના;

૧. ઉત્તર ગૂજરાતમાં મહેતર કહેવાય છે.

ને કોઇ કહે છે કે કેટલાકે ઘેડનુંગોરપદું કરવા માંડેલું તે ગરૂડા. એઓ ઓછા કાળા છે. બ્રાહ્મણના જેવું શુદ્ધ બોલેછે ને જનોઇ રાખેછે એ સિવાય તેઓ દેખાવ આકાર ને પેરવેશમાં ઘેડા જેવા છે. તેઓ ઘેડસાથે ખાય છે ને એઓ જે ખાતા હોય તે; પણ છોકરાં પરણાવે છે તે પોતાનામાંજ ને બારવર્ષની અંદર; બ્રાહ્મણની પેઠે તેઓ નાહીંને જમવા બેસે છે. ઘેડ, ચમાર, તુરી, શેનવા એના ગોર રૂપે લગનમરણમાં ક્રિયા કરાવે છે ને ત્રણ ત્રણ રૂપિઆ કે કંઇ ઓછી દખણા લે છે. ઘણાકને વાંચતાં લખતાં આવડે છે; થોડાક તે સંસ્કૃત ભણેલા હોઇને પુરાણ કથા સંભળાવે છે ને જન્મોતરી જોય છે; તેઓ બ્રાહ્મણના દેવને માને છે પણ વિશેષે રામ, તુળસી ને દેવી એને; વ્રત ઉપવાસ કરેછે; જન્મનક્ષત્રપ્રમાણે છોકરાંના નામ પાડેછે, આઠમે નવમે વર્ષે છોકરાને જનોઇ દે છે ને બ્રાહ્મણમાં છે તેવી રીતે વેસવાળ લગન કરે છે; મુડદાંને દાટે છે બાળતા નથી. મરનારની ક્રિયા ત્રીજે ચોથે ને તેરમે દહાડે કરેછે. કેટલાંક ગરૂડા તે ઘેડાના દરજી પણ છે. તેઓમાં કોઇ પટેલ નથી; ગામ ગામના ગરૂડા નાતની રીત તોડનારાને દંડ કે નાતબહાર કરે છે. ગરૂડાએ કેળવણીમાં વધારો કીધો નથી.

ઘેડ[૧] ઘણાક તે કોળી તથા ચમારની પેઠે રજપૂતમાંથી પોતાની ઉત્પત્તિ કહે છે ને તેઓનાં કુળની ઓડક સોલંકી, રાઠોડ, ચાવડા, ચોહાણ, વાઘેલા, મકવાણા ને પરમાર એવી છે. ઘેડની ઘણીક નાત છે; મેગવારા ખંભાતની ઉત્તરના, ધાંડિયા કે સ્તંભા તે ખંભાતના, બોરસદના તે ચોરાસી, કાનમ તે જંબુસરના, મારવાડી અમદાવાદના ને સૂરતી સૂરતના. એ કોઇને બેટીવહેવાર નથી અને મારવાડી તથા સૂરતી બીજા કોઇ સાથે જમતા નથી. દેખાવમાં એક બીજાથી જૂદા છે ગૂજરાતના જૂદા જૂદા ભાગમાં તોપણ સાધારણ રીતે તેઓ ચહેરા આકારમાં કોળી કણબીને ઘણાખરા મળતા આવે છેઃ કાઠિયાવાડના તે કોળી જેવા ને ગૂજરાતના તે કણબી જેવા. શહેરમાં ઘણાક ઘેડા ઇંટ ચૂનાનાં ને છાપરે નળિયાં તેવાં ઘરોમાં રહેછે પણ ગામમાં ઘણુંક ઘર ડાળી સરોડાનાં ને તરસાળાં પાતરાંના પણ ભીલ દુબળાના કર્તાં વધારે મોટાં ને ટકાઉ હોય છે. પેરવેશ કોળી તથા ઉતરતી જાતના ખેડુતના જેવો છે. ઘરેણામાં પુરૂષને કાને વાળા ને હાથે વીટી તે કલે કે રૂપાનાં અને બૈરાંને કલૈ કે રૂપાના વિટલા કાને, નાનો કાંટો કાચના મણીનો કે ખોટાં મોતીનો નાકે, કોઈને વળી રૂપાંની કંઠી, લાકડાંની કે સસતા હાથીદાંતની ચૂડી, પિત્તળ કે રૂપાંની વીટી ને કલૈના કલ્લાં પગે હોયછે. ઘેડ ઘણુંકરીને જાડું અનાજ ખાયછે. ઘેટાં, બકરાં, મરઘાં જારેતારે મારવાં તેઓથી બનતાં નથી ને મુવેલાં ઢોર પણ ઘણાં મળતાં નથી કેમકે ખેડુત તથા ઊંચાવર્ગના લોક દટાવે

૧. ધરાડા નામની ધનગરની એક જાતિ ને કાશ્મીરના પાડોસી વિષે મહાભારતમાં લખ્યુંછેકે પરશુરામે મારેલા ક્ષત્રીમાં તે હતા. મનુ લખે છે કે તે સ્વધર્મથી પતિત થયલા ક્ષત્રી છે. ટોલેમીએ લખ્યું છે (ઇ૦ સ૦ ૧૭૭)કે તે સિંધુના મૂળ આગળ રહેછે. દક્ષિણ કાનડામાં દએર્દ નામની જાતિ છે તે ગૂજરાતના ઘેડને મળતી છે; તેઓ ૧૮૦૧માં ૫૦ હજારને સુમારે ગુલામ દાખલ વેચાતા લેવાતા; થોડાક સિવાયે દએર્દ ગાયનું માંસ ખાતા નહોતા ને નીચ જાતિમાં ગણાતાં નહોતા (૧૮૨૮).

છે ; નાયકડા તથા ભીલની પેઠે તેઓ ઘોડા, કુતરા, બીલાડાં, ઉંદર, શિયાળ, સાપ એ ખાતા નથી. સ્થિતિ ઉત્તર દક્ષિણ ગૂજરાતના ઘેડની ઘણી જૂદી છે. અમદાવાદ એડામાં ભંગિયા ઘણા હોવાથી ને ખેતર કામમાં મજુરી કરનારો વર્ગ જૂદો ન હોવાથી ઘેડ તે છૂટક લોકની ચાકરીમાં છે, સરકારી ચાકરીમાં તેટલો નથી. તેઓ ખાલપા ચમાર કર્તાં ઊંચા ગણાય છે ને મુવેલાં ઢોરને ઘસડી લઇ જાયછે[1] એ સિવાયે બીજું કંઇ ગંદુ કામ કરતા નથી. તેઓનો મુખ્ય ધંધો રૂ કાંતી જાડું સૂતર કરવાનો તથા જાડું કાપડ વણવાનો અને ખજાનો તથા ભારબોજ ઉપાડી લેઇ જવાનો છે. તેઓ રસ્તો કે ખેતરની સીમાની નિશાની દેખાડવાનું કામ કરતા નથી. થોડાકને માફી જમીન છે. દરેક કુટુંબ એકાદા પાટીદારના ઘરના સંબંધમાં છે[2], તે પોતાના શેઠનેમાટે ખેતરમાંથી બોજા આણેછે, ઢોરની જગા સાફ કરે છે ને તેના બદલામાં તેને રોજ છાસ મળે છે ને કોઇ ઢોર મૂઉં હોય તો તે મળે છે. ઘેડ મિજાજી છે ને ધણીનો હુકમ માને છે પણ મોડું ચઢાવીને ને એ કારણથીજ ઉત્તર ગૂજરાતમાં ભંગિયા કર્તાં ઘેડનો વધારે ધિક્કાર[3] છે.

નર્મદાની દક્ષિણના મુલખમાં ભંગિયા થોડા છે ને પરંપરાના ખેતી કામની નોકરી કરનારાની સંખ્યા ઘણી છે તેથી ઘેડો ઘણુંકરીને સરકારમાં નોકર છે. ગામોમાં સઘળું નીચું કામ કચરો કહાડવાનું, મારગ દેખાડવાનું, બોજ ઊંચકી લઇ જવાનું વગેરે ઘેડા કરે છે. તેને પસાયતામાં માફી જમીન હોય છે ને ઉત્તર ગૂજરાતના ભંગિયાની પેઠે તે રાતે રોટલીના કકડા માગવાને ગામમાં ફરે છે. શહેરોમાં રસ્તા સાફ કરવાનું તથા નરક કાઢવાનું કામ કીધાથી ઘણાક ઘેડ તે ભંગિયા જેવા થયા છે. દક્ષિણ ગૂજરાતના ઘેડ ઉત્તર ગૂજરાતના કર્તાં વધારે સલુકાઇવાળા તથા વધારે તાબેદાર છે અને તેઓને મુવેલાં ઢોર ઝાઝાં મળતાં નથી.

ઘેડામાં મારવાડી ઉત્તરમાં ને મોચી તથા સૂરતી એ દક્ષિણ ગૂજરાતમાં ઊંચા ગણાય છે. મારવાડી તે બીજા ઘેડથકી આઘા રહે છે : મુવેલાં ઢોર ઘસેડી લેઇ જતા નથી કે ખાતા નથી;

---

૧. ઉત્તર ગૂજરાતમાં ગાય બળદ ભેંસને ઘેડ અને ઘેટાં બકરાં કુતરાં બીલાડાંને ભંગિયો લેઇ-જાય છે. ઘેડ જે મુવેલા કુતરાંને અડકે તેને તેની નાતવાળા દૂર રાખે છે.

૨. એ સંબંધ ગુલામીની નિશાની છે. તવંગર પાટીદાર મરતી વેળા પોતાની જમીનો સાથે થોડાં થોડાં ઘેડકુટુંબ પણ પોતાના દીકરાઓને વહેંચી આપેછે.

૩. ગયા શૈકાની આખરમાં એડાના કેટલાક ભાગમાં ઘેડા પોતાની પાછળ કાંટાના ઝરડાં ઘ-સડતા કે તેઓનાં પગલાં ન રહે ; અને થોડાંકજ વર્ષ થયાં તેઓ ધોતીઆંની કાછડી વાળતા થયા છે, અગાઉ તેઓ ભોંયપર ઘસડાતું રાખતા ; એક વખત એવો હતો કે તેઓ પોતાની કોટે પીચદાની લટકાવતા (કે તેઓ રસ્તામાં થુંકે નહીં) ને તે ઉપરથી તેઓ તુમારીવાળા કેહેવાતા. સિદ્ધરાજના વખતમાં પણ (૧૦૯૪-૧૧૪૩) અન્હિલવાડના ઘેડ લોકથી બહુ છેટે રહેતા, માથે આંટા વગરનું કપડું બાંધતા ને કેડે સાબરશિંગું લટકાવી રાખતા. કહેવાવ છે કે પાટણના તળાવ-માં પાણી નહોતું રહેતું તે એક ઘેડનો ભોગ આપવાથી રહેતું થયું ત્યારથી સિદ્ધરાજે ઘેડને ઉપર કહેલી નિશાનીઓથી છૂટા કીધા.

તેઓ ઊંટ હાંકવાનો ધંધો કરે છે. જોડા સીવનાર ભાચીએ પોતાની હાલત સારી કીધી છે. સૂરતીઓ યૂરોપીઅન તથા પારસીના વધારે સંબંધમાં આવવાથી દેખાવ તથા બુદ્ધિમાં સૂધરયો છે ને તેઓ યૂરોપીઅન તથા પારસીને ત્યાં બુટલેર, ઘરકામના ચાકર ને ઘોડાવાળા છે. એ સ્થિતિમાં ઘણાક જણ પૈસો સારી પેઠે એકઠો કરે છે પણ ઘણાક પાછો લગન વગેરેમાં ખરચી નાખે છે; તોપણ વળી થોડાક તે જમીન ખરીદ કરી રાખે છે ખરા. એ ત્રણ વર્ગ સિવાયે ઘેડા ગરીબ છે; ઘણાક તો ભીખારથી થોડીકજ સારી હાલતમાં છે. કાંતવા વણવાથી આગળ જે તેમને કમાણી હતી તે સાંચાઓ નીકળવાથી ઘણી ઓછી થઇ ગઇ છે.

ઘેડા ધર્મબુદ્ધિવાળા છે; કારીગર લોક પોતાના કુળગોરને માન આપે છે તેના કર્તાં વધારે માન તેઓ પોતાના ગરૂડાને આપે છે. તેઓ હનુમાન, ગણપતિ, માતા, તુળસીને પૂજે છે; મરનારના મોડાંમાં તુળસીનું પાતરૂં મૂકે છે; ઘોડો કે સાપ પૂજતા નથી; મરીગયલાંને વર્ષે વર્ષ સારે છે; થોડાક સ્વામીનારાયણી પણ ઘણાક તે કબીરપંથી છે; કોઇ કોઇ ડાકોર અંબાજીની જાતરા જાય છે; કેટલાક સાધુવૃત્તિપણ રાખે છે; ચમારની પેઠે તેઓની ક્રિયા જનમલગન વખત ઊંચી જાતના હિંદુને મળતી છે એટલું કે તેઓ પોતાના મુડદાંને દાટે છે. તલાક ઘણીવાર મળી શકે છે ને પુરૂષ સ્ત્રી ધણીધણીઆણી દાખલ ઠરી ઠામ રહેતાં થાય તેની અગાઉ બંને જણે એકથી વધારે વાર પોત પોતાના સાથીને બદલેલાં હોય. એડાના ઘેડા કહેછે કે અમે સત્યયુગમાં સત્યા ત્રેતામાં મેગા ને દ્વાપરમાં એલીઆ કહેવાતા ને કલિયુગમાં ઘેડા કહેવાઇએ છિયે. તેઓ કહે છે કે એલીઆ નામનો પેગંબર હતો ને એક વખત સાડાત્રણ વર્ષનો દુકાળ પડેલો તેને વાસ્તે તેઓ તે વાત યાહુદીના એલિજાની કથામાં મેળવી દે છે. વળી તેઓ કહે છે કે નવો શક ચલાવનારો રાજા કાયમરાય તે ઘેડીને પરણશે ને ઘેડની જાતને બ્રાહ્મણની સ્થિતિયે આણશે. તેઓ ઓચ્છવ કરે છે ત્યારે આખી રાત ભજન ગાવામાં કાઢે છે, વચમાં પરસાદમાં મીઠાઇ વહેંચે છે પણ બીજું કંઇ ખાતા પીતા નથી. ભગતો ગાય છે ને બીજા વચમાં વચમાં બોલે છે 'આવરે કાયમરાય રાજા'.

ઘેડાના દરેક જથામાં એકેકો મુખી હોય છે જે ઉત્તર ગૂજરાતમાં મહેતર ને દક્ષિણ ગૂજરાતમાં પટેલ કહેવાય છે; તે ને બીજા ત્રણ ચાર મળી નાતના કજીઆ ચૂકવે છે. ઘેડાઓ નાતના ધારા તોડનારાને સજા કરવામાં રહેમ કરતા નથી અને કારીગર પોતાની નાતના પટેલને આપે છે તેના કર્તા વધારે માન ઘેડા પોતાના પટેલને આપે છે. સુરતી ઘેડા અંગ્રેજોની ચાકરીમાં રહી અંગ્રેજીનું જ્ઞાન મેળવે છે ને વાંચતાં લખતાં શીખે છે. બીજા હિંદુઓ પોતાના છોકરાને ઘેડાના છોકરાસાથે એક નિશાળે શીખતા જોવાને ઇચ્છતા નથી તેથી ઘેડાને શિખવવામાં અડચણ છે, તોપણ કેટલાક ઘેડાના છોકરાઓ વાંચતાં લખતાં શીખેલા છે.[1] ઘેડની હાલત સુધારવાને ખ્રિસ્તી ધર્મના

[1] એક ઘેડો અંગ્રેજી શિખી મુંબઇમાં એકાઉંટંટ જનરલની આફીસમાં નોકર રહયો હતો, તેને સાઠ રૂપીઆનો પગાર થયો હતો, પણ કરજદારી વગેરેના કારણથી તેને નોકરીથી રજાઆપવામાં આવી હતી.

B 524—o

ઉપદેશકો સારો શ્રમ લે છે. ગૂજરાતમાં દેશી પ્રોટેસ્ટંટ ખ્રિસ્તી ૧૫૦૦ છે તેમાં મોટો ભાગ બોરસદ, આણંદ ને બીજો ભાગ દક્ષિણખેડા ત્યાંના ઘેડાનો છે. કેટલાકે કોળી તથા પાટીદારસાથે માંહેમાંહે લગન કીધાં છે. તેઓનાં છોકરાં વાંચતાં લખતાં શીખ્યાં છે ને થોડાક તે અંગ્રેજી શીખે છે. એકજણ જે મિશિનરી થવાનો અભ્યાસ કરેછે તેણે મુંબઇ યુનિવરસિટીની કેટલીક પરીક્ષા પસાર કરીછે. જોકે તેઓનો જાનો ધંધો જાડાં કાપડ વણવાનો પડી ભાગ્યો છે તોપણ ઘેડાઓએ બ્રિટિશ રાજ્યમાં પોતાની હાલતની બાબતમાં મોટાં પગલાં ભર્યાં છે. એ ફેરફાર તેઓની હાલતમાં બ્રિટિશ રાજ્યના ઘણાંજ બહાર પડતાં દેખાતાં પરિણામમાંનું એક છે કે જેવિષે દક્ષિણ ગૂજરાતમાં કહેતી ચાલે છે કે "દેવ ગયા ડુંગરે, પીર ગયા મક્કે, અંગ્રેજના રાજમાં ઘેડ મારે ધક્કે."

ખાલપા દક્ષિણ ગૂજરાતમાં ને ચમાર કે ચામડિયા ઉત્તર ગૂજરાતમાં કહેવાય છે. એ જાતની વસ્તી અમદાવાદ તથા ખેડા જિલ્લામાં વધારે છે. તેઓ રજપૂત તુકમના કહેવડાવે છે ને નામ પણ તેવાંજ રાખે છે. ચામડીના રંગમાં કંઇક ઉજળા, મોટા તથા નિયમિત રેખાનો ચહેરો એ તેઓના બોલવાંને ટેકો આપે છે. ઘર મટોડાંનાં કે ઇંટના મજબૂત બાંધેલાં ને છાપરે નળીયાંવાળાં છે. પેરવેશ મરદઓરતનો ઉતરતા કારીગરોના જેવો છે. તેઓ બીજાં સાધારણ વપરાતા માંસની સાથે ગાયનું માંસ પણ ખાય, તોપણ ઘણુંખરૂં અનાજ વાપરે છે. તેઓ દારૂ થોડો વાપરે છે; ફક્ત સૂરત તરફના તે તાડી અતીસે પીએછે. ઉત્તર ગૂજરાતમાં તેઓ ઘેડાથી નીચા ને દક્ષિણ ગૂજરાતમાં ઊંચા ગણાય છે. ચામડાં કમાવવાં, રંગાવવાં, ચામડાના ડોલ કોથળી દોરડાં બનાવવાં, જૂના જોડા દુરસ્ત કરવા એ ધંધો કરે છે. ભેંસ ગાય બળદના ચામડાં વાપરે છે ને એ ખાલના આકારમાં ઘેડ તથા મુસલમાન કસાઇઓ પાસેથી તેઓને મળેછે. બકરાં ઘેટાંની ચામડી તેઓ કામમાં લેતા નથી. વસવાયા વર્ગમાંના ખાલપાને જમીન હોય છે કે જેનેમાટે તે સરકાર ધારો અરધો ભરે છે.

ચમારજાતિ ગરીબીમાં છે. ધર્મમાં બ્રાહ્મણની સાધારણ ક્રિયા પાળેછે; કાળટિયા બ્રાહ્મણ કે ગરૂડાને પૂછી છોકરાનું નામ પાડે છે; ચાંલ્લો કરી વેસવાળ કરે છે; બાર સોળ લગીમાં છોકરાંને પરણાવેછે, ગોર કહે તે દહાડે; ચોરી બાંધે છે; મરનારની ક્રિયા તીજે ચોથે બારમે દહાડે કરે છે; પણ મુડદાંને દાટે છે. ઘોડાને કે સાપને પૂજતા નથી ને જાદુટોણાંને ઝાઝું માનતા નથી. દરેક ગામમાં પોતાની જાતનો પટેલ તે બીજા પાંચને બોલાવી ટંટાનો ચૂકાદો કરેછે. કોઇ છોકરો સરકારી નિશાળે જતો નથી; ચાર કે પાંચજણ ખ્રિસ્તી થયા છે; પણ ત્રણ છોકરા સૂરત મુંબઇમાં ઊંચી કેળવણી લે છે ને મેટ્રીક્યુલેશનની પરીક્ષાના ઉમેદવાર છે.

તૂરી (૮૧૩) તે માત્ર ખેડા તથા અમદાવાદ જિલ્લામાં છે. તેઓના કહેવાપ્રમાણે ભંગીઓ બાપ ને મુસલમાન વેશ્યા મા એથી તેઓની ઉત્પત્તિ છે. દેખાવ, રહેણી, પેરવેશ, ધર્મ, રીતભાતમાં તેઓ ઘેડાથી જૂદા પડતા નથી. તેઓ ઘેડથી ઉતરતા ને ભંગિયાથી ચઢતા છે; ઘેડ તેઓસાથે

ને તેઓ ભંગિયાસાથે ખાય નહિ. તેઓ તૂરી વગાડે છે તેઉપરથી તેઓ તે નામે ઓળખાય છે; વળી ધેડને ત્યાં લગનમાં સારંગીની સાથે વાર્તા ગદ્યપદ્યમાં ગાય છે. તેઓ પરણે છે પોતાનીજ જાતમાં. ગામમાં પોતાના જથામાં એક પટેલ હોય છે તે બીજાઓને સાથે રાખી નાતના ધારા અમલમાં આણે છે.

સિંધવા—શેનવા તે ખેડા તથા અમદાવાદમાંજ છે. રજપૂત બાપ ને ભંગીએણ મા એથી ઉત્પત્તિ છે; ને કુળની ઓડક રજપૂતના નામની ગણે છે. દેખાવ, રહેણી, પેરવેશ, ખોરાક વગેરેમાં ધેડભંગિયા જેવાજ છે પણ ધેડથી ઉતરતા ને ભંગિયાથી ચઢતા; ધેડ તેને અડકતા નથી. ઘણાક તે ખજુરીના પાતરાંની સાદડી, સાવરણીબૂતારા ને ભીંડીનાં દોરડાં બનાવે છે; કોઇ ખેડુત ને કોઇ હજામ છે. તેઓ ભંગિયા કર્તાં સારી હાલતમાં છે.

ભંગિયા[1] હિંદુ તે પડતી હાલતમાં આવી ગયલા રજપૂત છે; તેઓની ઓડક રજપૂત નામની છે. દેખાવ, રહેણી, પેરવેશમાં તે ઘણુંકરીને ધેડાને મળતા આવે છે. તેઓની ઇમાનદારીમાં શાખ છે પણ દક્ષિણ ગૂજરાતમાં તેઓ દારૂ તાડી બહુ પીએછે. જોકે ભંગિયા વધારે નીચા તથા વધારે ગંદા ગણાય છે તોપણ લોક ધેડાના કર્તાં ભંગિયાઉપર વધારે માયાથી જોય છે. ધેડાની પેઠે બેઆબરૂની નિશાની રાખવાનો વખત તેઓને આવ્યો નથી. ભંગીયાના શકુન તે સારા ને રાતે તેનો શાપ તે ભયભરેલો ગણાય છે. તેઓ ટોપલા બનાવે છે, ઝાડુ કાઢે છે, ધાતુના સીંગડાં ફૂંકી વગાડે છે ને થોડાક ખેતી કરે છે. ઉત્તર ગૂજરાતમાં મુવેલાં ઢોર લેઇ જવાનાં કામ સિવાયે બીજું બધું ગામનું નીચું કામ ભંગિયા કરે છે. ઝાડુ કાઢવાનું તથા ઢોરવિના બીજાં મુઆં જનાવરને લેઇ જવાનું કામ કરે છે તે ઉપરાંત ગામની ચોકી કરે છે, રસ્તો દેખાડે છે, જોઇતી વસ્તુ લેઇ આવે છે ને ખેતરની સીમા બતાવે છે. દક્ષિણ ગૂજરાતમાં ભંગિયા થોડા હોવાથી ઘણુંક કામ ધેડ કરે છે. ભંગિયાની એક જાત જે છાજગા કહેવાય છે તે મુવેલાં જનાવરના આંતરડાનાં દોરડાં બનાવે છે તેને બીજા ભંગિયા અડકતા નથી. મ્યુનિસિપલ કસબામાં સંડાસ કાઢનાર ભંગિયાઓને મોટા મુસારા મળે છે તે સિવાયે ભંગિયા ઘણા ગરીબ છે; રોટલાના તુકડા તથા ભીખઉપર ગુજારો કરે છે; ધરણને દહાડે જે એકઠું કરે તે ને મુડદાં ઉપરનું કપડું સૂતરઉ કે રેશમી એ તેનું રળતર છે. ભંગિયા પણ ધેડાની પેઠે ધર્મઉપર ધ્યાન આપે છે; બ્રાહ્મણના દેવદેવીને માને છે પણ ગણપતિ, દેવી ને તુળસીને વધારે; બ્રાહ્મણને માન આપે છે પણ ધેડને જેમ ગોર છે તેમ તેને નથી; ગરૂડા તેમને સારો દહાડો કહે છે પણ ક્રિયા કરાવતા નથી. દાખલા બન્યા છે કે બદફે-

---

૧. નરક કાઢનારા; માંસના કકડાઉપર ગુજરાન કરનારા; વાંસ ફોડનારા એવા અર્થ કરવામાં આવ્યા છે. ખેડામાં ભંગિયાનો હંમેશનો ધંધો વાંસ ફાડી તેની ચીપની વસ્તુઓ બનાવવાનો છે. તેણી તરફના મુલખમાં કોળીને વાંસ ફોડવાનું કહીએ તો તેને ગુસ્સો લાગે છે ને કહે છે કે શું હું ભંગિયાનું કામ કરીશ?

લીમાં પડેલા બ્રાહ્મણોએ કોઇ કોઇવાર ક્રિયા કરાવી છે પણ હંમેશ તો નાનકપંથી માગણ તે પરણમરણની ક્રિયા કરાવે છે. એક બે બાબત સિવાયે ઘણીખરીમાં તેઓમાં ઊંચી જાતનાને મળતી ક્રિયા થાય છે. જનમ વેળા કે નામ પાડતાં કંઇ કરવામાં આવતું નથી. માબાપની શક્તિપ્રમાણે છોકરાંના લગન ૧૨થી તે ૨૦ વર્ષ લગીમાં કરે છે. છોકરાનો બાપ આબરૂદાર બેજણને કન્યાના બાપને ત્યાં મોકલે છે ને એની જો મરજી થાય તો છોકરાનો બાપ તથા બીજા બે તેને ત્યાં જાય છે થોડીક મીઠાઇ લેઇને, ને છોકરીને રૂ.૫ આપે છે. પછી એક બે પૈસા આપી કોઇ બ્રાહ્મણપાસે સારો દહાડો પૂછી લે છે; લગન પહેલાં ૩-૪ દહાડા વરકન્યાને હળદ વગેરે ચોપડે છે ને બૈરાં ગાય છે. લગનને દહાડે વરના ઘરમાં અગ્નિ કરવામાં આવે છે, બ્રાહ્મણ ભણે છે ને વર પરણવા જવાના કપડાં પહેરે છે. ચોરીમાં વરકન્યા સામસામાં બેસે છે ને વચમાં અગ્નિ રાખે છે; સૂતરનો તાંતણો તેઓની આસપાસ વીંટાળે છે ને જારે ગોર ભણી રહે એટલે લગન થઇ ચૂકાં; ગોરને વરના બાપપાસેથી રૂપીઓ તથા છોકરીના બાપપાસેથી અરધો મળે છે ને બીજાઓ જે પૈસા વરવહુનાઉપર ઉરાડે તે. રાંડેલી નાતરૂં કરે; પણ એક જીવતે બીજી કરવાને નાતની રજા જોઇએ; બીજી જાતની ને પોતાથી ઊંચી જાતનીને પણ પરણે તો તેને સખત સજા કરવામાં આવે છે. મરણ વેળા બૈરાં કૂટે છે ને માટીડા તે મુડદાંને નવાડી સુગંધી વાળું કરી, સાફ કપડાંથી ઢાંકી, ઠાઠડીઉપર મૂકી ભજન કરતા મસાણમાં લેઈ જાય છે; ત્યાં ખાડો ૩-૪ ફૂટ ઊંડો ખોદે છે, મુડદાંને ઉત્તરદક્ષિણ સૂવાડે છે ને માથાં તરફ એક ખૂણામાં દીવો મૂકે છે. તે દહાડે કંઇ ખાવાપીવાનું નહિ પણ તીજે ચોથે ને તેરમે દહાડે ક્રિયા કરવામાં આવે છે. ભંગિયા તે હિંદુ તથા મુસલમાન બંનેના તહેવાર પાળે છે. દક્ષિણ ગૂજરાતમાં મોટા તહેવાર છડીમારનો કોઇ જાહિરપીરની[૧] યાદગારીનો શ્રાવણ વદ નોમે આવે છે; ને તેને કેટલાક હિંદુ પારસી પણ માને છે. તે દહાડે ભંગિયાઓ પીરની કબરની છબીસાથે ફરવા નીકળે છે; છબીની આગળ કેટલાક નાચે છે, ગાય છે ને પોતાની પીઠઉપર લોઢાંની સાંકળો મારે છે. ભંગિયા ઘરમાં કોઇ દેવ રાખતા નથી; મરીગયલા પૂર્વજને સારતા નથી; ને ઘોડાને કે સાપને પૂજતા નથી; જેઓથી બની આવે છે તે જાતરા કરવા નીકળે છે; કોઇ શુક્લતીર્થ જાય છે; પણ તેઓની મોટી ઇચ્છા હરિયાનામા જાહિરપીરની કબર જોવાની હોય છે. ભંગિયાના જથાઓમાં એકેકો પટેલ હોય

---

૧ જાહિરપીર જે ફિરોઝશાહ બાદશાહની કારકીર્દીમાં પંજાબના હિસ્સર જિલ્લામાં હરિઆનામાં રહેતો તે ચમત્કારો કરી ઘણો દોલતમંદ થયો. તેના સગા તેની દોલતમાં ભાગ પડાવવાને હથિયારબંધ માણસો લેઇ તેનાઉપર ચઢી આવ્યા; જાહિરે સામાં જઇ પોતાને હાથે તે બધી ફોજનો નાશ કીધો. કપાઇ પડેલામાં તેનો દૂધભાઇ હતો તે જાણીને માએ જાહિરને શાપ દઇ કહ્યું કે હું તારૂં મોઢું જોનાર નથી; પોતાની માના ગુસ્સાથી દુઃખી થઇ જાહિરે બંદગી કીધી કે ધરતી માગ દે ને પછી તે જણાયો નહોતો.

છે કે જે થોડાક બીજાસાથે રહીને નાતના કજિયા પતાવે છે; થોડાં વર્ષ થયાં પટેલને કોઇ ગાંઠતું નથી. ભંગિયાના છોકરા હાલ સરકારી નિશાંળોમાં વાંચતાં લખતાં શીખે છે; ખ્રિસ્તી ધર્મમાં કોઇ દાખલ થયા નથી, માત્ર થોડાંક છોકરાં ખ્રિસ્તી નિશાળે જાય છે.

સંન્યાસી અતીત વગેરે.

સંન્યાસી. આ કાળમાં તો જે બ્રાહ્મણ દુઃખના માર્યા સંસારથી કંટાળી ત્યાગી થાય તે તથા કોઇ વળી વૃદ્ધાવસ્થામાં ધર્મબુદ્ધિયે થાય તે સંન્યાસી કહેવાય છે. તેઓ માત્ર બ્રાહ્મણને ત્યાં ભોજનભિક્ષા માગે છે. કોઇ ઘરડાને વળી મરતાં પહેલાં સંન્યાસી કરેછે. માથું મુંડાવી જનોઈ તોડી ગુરૂપાસે સંન્યસ્ત દીક્ષા લેવાય છે. રામાનુજ વૈષ્ણવ બ્રાહ્મણ સંન્યાસી થાય તેને શિખાસૂત્ર રાખવામાં આવે છે.

અતીત ગોંસાઈ એ શિવ કે દેવીના ઉપાસક કે તેના દહેરામાં પૂજારી હોય છે. તેઓ લગ્ન કરતા નથી, સંસારી ધંધો કરતા નથી પણ સદા ત્યાગી રહે છે ને ભીખ માગી ગુજારો કરે છે. તેના ઘણાક વર્ગ છે; તેમાં કોઇ લગ્ન કરીને સંસારી ઉદ્યમ પણ કરે છે; કેટલાક લશ્કરમાં નોકરી કરે છે ને કેટલાક મોટા સાહુકાર છે. કેટલાક મઠાધિપ છે ને એમાંના કેટલાકને ઘણીક જમીન છે. કાઠિયાવાડમાં ગોરખમઢી, તારનેતર, સીથા, સિંગતાડા ને ગોપનાથ અહીંના મઠાધિપ મોટી મિલકતવાળા છે. વૈષ્ણવના ગોંસાઇજી મહારાજ વખતે વખતે તળગુજરાત કાઠિયાવાડ કચ્છમાં ફરવા જાય છે ને વૈષ્ણવોની ભેટ લે છે. તળગુજરાતમાં સૂરત,ભરૂચ, વડોદરૂં, નડિયાદ, અમદાવાદ, અહીં ને કાઠિયાવાડમાં જૂનાગઢ, અમરેલી, નવાનગર ને પોરબંદર અહીં જાથુની ગાદી છે.

વેરાગી તે સંસાર ત્યાગ કરેલા એવા વૈષ્ણવ સાધુ છે; કેટલાક વિષ્ણુની પૂજા કરે છે, કેટલાક વૈષ્ણવ દહેરામાં પૂજારી છે ને કેટલાક ઘરબારી છે. ગોરખમતના બાવા પીરનાથ છે તેને ઘણાંક ગામ છે; મઠપતિનીપાસે ૪૦ કાનફટા રહે છે; તેઓ બધા દેવને માને છે પણ પૂજે છે માત્ર ગોરખનાથને; તેઓ માંસ માછલી સઘળું ખાય છે, માત્ર ગાય ભૂંડ નહિ.

જતી તે જૈનસાધુ. તેઓ માત્ર રાંધેલી ભિક્ષા શ્રાવકોને ત્યાં હોરી આવે છે. તેઓ મોઢે કપડું, ઓઘો (બકરાના વાળનો) જ્યાં બેસે ત્યાં સાફ કરવાને રાખે છે ને બહુ મેલા રહે છે. ચોમાસામાં કોઇ કોઇ સાધુ સંથારૂ કહેવાતું ત અપવાસ કરી મરવાનું તે લેછે; એ વ્રત લેનારના દર્શન કરવાને ગામ ગામના શ્રાવક એકઠા મળે છેઃ ૧૫ દહાડા લગી તો તે બેસી શકે છે, પછી સૂએ છે ને સેવકો તેના તાવવાળાં શરીરને ભીના કપડાં લગાડ્યાં કરે છે; મરતી વેળા તેને બેસાડે છે ને મુવાપછી તેને વાંજિત્રસાથે લેઇ જાય છે; બૈરાંઓ પોતાની ઇચ્છા પૂરી પાડવાને શબતળે પગે પડે છે; તેના પહેરેલાં કપડાના કકડામાટે લોક આતુર રહે છે.

નટ વગેરે, ભાંડ, રાવળીયા, વણજારા.

નટ દોરડાઉપર નાચે, ભીખ માગે, ચોરી કરે; મુખ્ય ઠેકાણું મારવાડ છે. હિંદુ તે મેલડી માતાને માને છે; સળગાવેલી ઘાસની પૂળી મોઢાંઉપર મૂકી પછી મુડદાંને દાટે છે. બજાનીઆ તે દોરડાંઉપર નાચ કરનારા મદારી હિંદુ ને મુસલમાન બંને જાતના હોય છે. હિંદુનો મુખી રાધનપુરમાં રહે છે; નાતરું, તલાક થાય છે ને મુવેલાને બાળે છે. વાડી ઘંટીના પડ, સુપડાં ને સુંથીઆં વેચે છે પણ વિશેષે કરીને મદારીનો ખેલ કરે છે; સાપ પકડનારા છે; હિંદુ ને મુસલમાન બંને જાતના છે. આમઠા ઘંટી વેચે છે ને નાચનારા છે; હિંદુ ને મુસલમાન બંને છે; એક ખોડીઆરને ને બીજા તે બીજી કાતમાને માને છે. હિંદુ નાતરું કરે છે ને મુવેલાને દાટે છે. થોરી વાંસની સળીના બૂતારા ને ખારાં ઘાસના સુંથીઆં તથા ઇંઘોણી વેચે છે; કોઇ હનુમાનને ને કોઇ માતાને માને છે. જોગી શિવને માનનારા ભટકતા ભિખારૂ છે. દાતણ, ઇંઘોણી, સુંથીઆં, સેતદોની (બૈરાંના કેશને વાસ્તે), બૂતારા, સાવરણી ને મીઠું વેચે છે; ભૂત કાઢે છે ને સાપ પકડે છે. જમણો અંગુઠો ડહામી પછી મુડદાંને દાટે છે; ઘણી બૈરીઓ કરે છે ને તલાક પણ આપે છે.

ભાંડ મારવાડથી આવે છે. નકલ કરવે હોશીઆર છે; પશુપક્ષીના શબ્દોની નકલ કરે છે ને કોઇપણ માણસના જેવું બોલી શકે છે; ભુંડી મજાકની વાતો કરી જાણે છે અને એમ પૈસા માગી ગુજારો કરે છે. ચતુર્ભુજને માને છે; નાતરું કરે છે ને મુડદાંને બાળે છે.

રાવળીયા કોળીની એક શાખા છે. તેઓ દોરડાં તથા પાટી બનાવે છે. કાઠિયાવાડમાં તેઓ ગધેડાઉપર મીઠું ભરી સેરીએ સેરીએ ફરી વેચે છે. નાતરાં કરે છે ને મુડદાંને દાટે છે.

વણજારાનાં ઠેકાણાં રજપૂતસ્થાનમાં તથા મધ્યહિંદુસ્થાનમાં ઘણાં છે; ત્યાંથી તેઓ ચણા તથા તંબાકુ પોઠીઉપર લેઇ આવે છે ને અહીંયી મીઠું લેઇ જાય છે. આગગાડીથી તેઓનો ધંધો ભાંગીપડયા જેવો છે. રજપૂતવંશી કહેવડાવે છે ને કાળિકાને પૂજે છે; નાતરાંનો ચાલ રાખે છે ને મુડદાંને બાળે છે. કેટલાક વણજારા મુસલમાન છે.

ભીલ, નાયકડા, કોળી, વાઘેર.

ભીલ કાળા, મજબૂત, સારી ને મધ્યમ કાઠીના છે; બૈરાંનો બાંધો સારો છે પણ ચહેરો જાડો ને બેડોળ છે. પુરૂષો વખતે માથાના વાળ કતરાવે છે પણ ઘણુંખરું લાંબા વધવા દે છે; મૂછ બધાજ રાખે છે ને થોભિયા કોઇ કોઇ. બૈરાં ગુંથીને અંબોડો વાળે છે પણ છેક લમણાં લગી પટિયાં પાડે છે. ભીલો ઘર બાંધી ગામ કરી રહેતા નથી, દરેક જણ ખેતરમાંજ રહે છે. થોડાક સિવાયે તેઓ ઠરેલ તથા સલુકાઇવાળા છે. તેઓની ઝુંપડી વાંસની લાકડાના ટેકાવાળી ને ઘાસકાદવથી થાપેલી, ઉપર વખતે નળિયાં પણ ઘણુંકરીને ઘાસ છાવેલું એવી હોય છે. એ ઓરડા ને ઝુંપડીબહાર ઢોર બાંધવાની, દાણા ઝુડવાની ને અનાજ તથા ઘાસ વગેરે ભરી રાખવાની જગા

ને ઝુંપડીની આસપાસ ઉંચા વેલાવાળી વાડ હોય છે. ઘરમાં રાચ થોડો; કુટુંબ સારી હાલતમાં હોય તો બળદની એક જોડી અથવા બળદ તથા એક ભેંસ કે પાડો, એક ગાય, થોડાંક ઘેટાં બકરાં, થોડાંક મરઘાં, એક ગાડું ને હોળ, ખરપી, કોદાળી એ ઓજાર હોય પણ ઘણા ભીલને ગાડાં કે ઢોર હોતાં નથી. ઝુંપડીની અંદર સુવાની સાદડી, દળવાની ઘંટી, કામળી ને થોડાંક માટીના ઠામ એ તો ખરાં. તેઓ કમરે એક કકડો વીટાળે છે ને એક કકડો માથે બાંધે છે. વર્ષાદમાં ને ટહાડમાં જાડી કામળી ઓઢે છે. બૈરાં ઘાઘરો પહેરે છે ને તેનોજ કાછડો વાળે છે; ચોળી ને મળે તેને સાડી પણ હોય છે. તેઓ મોઢે, છાતીએ, હાથેપગે છુંદણાં છુંદાવે છે ને નાકકાને બહુ વેહ પડાવે છે ઘરેણાં ઘાલવાને. હાડકાના છાલિયાં રાતાં રંગેલાં કોણી સૂધી હાથે પહેરી રાખે છે ને કોઇ વાર તો ખભાલગી; કોઇ નળા ઉપર ઘુંટણથી નીચે ઝીણી ઘુઘરીવાળું કડું ઘાલે છે; પગે પિત્તળની કાંબી ઉપરા ઉપરી ઘાલે છે તે છેક ઘુંટણ લગી કે જેનું વજન દશ શેરનું થાય ને તેથી એટલી અડચણ પડે છે કે ખેતરમાં બેસીને કામ કરવાને બદલે તેઓને વાંકાં વળીને કામ કરવું પડે છે; કોઇ વળી રૂપાંની સાંકળી માથાની બેઉ બાજુએ રાખે છે જે લમણાઉપરથી ગાલ ઉપર લટકે છે. સારી હાલતના ભીલનો ખોરાક, મીઠાંસાથે રાંધેલા ભાત છાસસાથે ભેળવેલા હોય છે ને સાધારણ ભીલ મકાઇ દાણા ને છાસની ઘેંસ મરચાં ભેળી ખાય છે ને કોઇવાર વટાણાની દાળ શાકસાથે મેળવે છે. ઉનાળામાં ગરીબ ભીલ કેરી, રાયણ ને મહુડાં ઉપર ગુજારો કરે છે. ગધેડું, ઘોડું, ઉંટ, ઉંદર, સાપ, વાંદરૂ ને પાળેલાં મરઘાં એ સિવાયે બીજાં બધાં પ્રાણી ભીલ ખાય છે. ઘણાક ભીલ ખેતી કરે છે પણ સારી રીતે નહિ; તેના તેજ ખેતર ખેડયાં કરે છે; કેટલાક પોતાનાં ખેતર ઘર બદલ્યાં કરે છે ને થોડાક તે જંગલોમાં ભટકે છે ને ઝાડ બાળી તેની રાખમાં ખેતી કરી ગુજારો કરે છે. પચાસ વર્ષ ઉપર તેઓ જ્યાં ત્યાં ધાડ પાડતા. હાલ જોકે ગરીબ ભટકતા છે તોપણ તેઓ કોઇ મોટા ગુનો કરતા નથી. હાલમાં દાહોદના મોહોલ્લાઓમાં ભીલ સાહુકારના બારણા આગળ એકઠા થઇને અનાજના વેપારીઓ સાથે ધંધો કરે છે; ખરીદી કરે છે, દોસ્ત ઓળખીતા સાથે વાતો કરે છે ને અનાજ, શાકભાજી, લાકડાં, ઘાસ વેચે છે. દાહોદના ઉત્પન્નના નવભાગ જેટલું ભીલોનું વાવેલું લણેલું છે. ઘણા ભીલ કરજદાર છે પણ તેઓ હવે લૂટ ચોરી કરતા નથી. અડકવાથી અભડાઇ જવાય તેવી ભીલની જાત છે એમ હિંદુઓ માનતા નથી પણ હલકી છે એમ માને છે. ભીલ મુસલમાનનું પકાવેલું ખાય છે ને ઊંચી જાતનો હિંદુ તેના હાથનું પાણી લેતો નથી. માત્ર માતા વિના બીજા કોઇ બ્રાહ્મણના દેવને તેઓ પૂજતા નથી. ચંદ્રને માને છે ને તેના સોગન લે છે; ભૂતપ્રેતને પૂજે છે; જંગલમાં કોઇ જૂના ઝાડપાસે પણ ઘણીકવાર ઇચ્છા આવે ત્યાં તેઓ મટોડાંના ઘોડા, કુઢલી વગેરે અર્પણ કરે છે. તે ભૂતદેવની જગાએ બે ઊભાં લાકડાં દાટી[1] તેઉપર એક આડું નાખેલું હોય છે; ત્યાં તેઓ બકરાં, મરઘાં વધેરે છે ને ખાવાપીવાનું કરે છે. બ્રાહ્મણને કંઇ તેઓ માન આપતા નથી. રાવળ જે અસલ ભાટ જાતના તે ગોરનું કામ કરે છે. ભીલના દરેક સંસ્થાનમાં એક રાવ-

ળનું ઘર હોય છે. એ ભીલસાથે ખાય છે પીએ છે પણ પરણે છે પોતાનામાં. ભીલમાં ભૂઆ ને ભગત હોય છે; એઓ પોતાના કુટુંબનો ત્યાગ કરી ધર્મીપણે રહે છે ને એઓ ભૂત દેવને બોલાવે છે તેથી ઘણા ભીલ તેઓપાસે જાય છે. ભીલ મુસલમાનની દરઘાને પૂજે છે ને બળી આપે છે. તેઓ ઘોડાને પવિત્ર ગણે છે. ભૂઆ નિમિત્ત બહુ દહાડા પાળે છે. હોળી દસેરા ને દિવાળીના તહેવાર રાખે છે. ફાગણ સૂદ ૧૧ ને ૧૫ એ તિથિયે અપવાસ કરે છે. ભીલમાં ચાર સંસ્કાર છે; નામ પાડવાનો, મુંડણનો, લગનનો ને મરણનો. છઠ્ઠે દહાડે નામ પાડે છે, પાંચમે વર્ષે મુંડણ કરે છે; છોકરા વીસ વર્ષ ને છોકરી પંદર પહેલાં ક્વચિતજ પરણે છે. સગાંસંબંધીઓ વરને માટે કન્યા ને કન્યાને માટે વર ખોળી નક્કી કરે છે. લગનને દહાડે સવારે વર-કન્યાને પોત પોતાને ઘેર હળદનો ભૂકો ઘસી નવાડે છે. વરની આંખ આંજે છે ને ગાલે કાળાં ટપકાં કરે છે. વરને પાઘડી, દેશી કપડાંનો લાંબો ઝભો, કેડે બાંધેલું ધોતીઉં ને એક તરવાર હોય છે. ઢોલતાસાં સાથે વર તથા તેના સંબંધી કન્યાને ગામ જાય છે. પુરૂષની પાછળ બૈરાં ગાતાં ગાતાં ચાલે છે. કન્યાને ઘેર વરની તરફનાને માંડવામાં ચોરીની એક બાજુએ બેસાડવામાં આવે છે. પછી કન્યાને તેની મા લાવી વરની સામા બેસાડે છે. વરવહુના હાથ મેળવે છે ને બંનેના વસ્ત્રના છેડાની ગાંઠ બાંધે છે પછી ત્રણ બૈરાં ગીત ગાય છે ને સલીઆરા એ નામના ઝાડનું એક ડાળું ચોરીની વચ્ચે મૂકેલું હોય તેની આસપાસ વરવહુ બાર વખત ફરે છે. એ થઇ રહેથી વરવહુ એક બીજાને ઘઉંની રોટલી તથા ગોળ ખવાડે છે; પછી છેડાની ગાંઠ છોડી નાખે છે ને સૌ જમે છે; પછી પાછા છેડાની ગાંઠ બાંધે છે ને પછી વર વહુને લેઇ ઘેર જાય છે. વર ગરીબ કે તાલેવન હોય પણ તેને લગનનો ખરચ રૂ. ૯૦ થાય છે ને કન્યાને ત્યાં રૂ. ૧૫ નો. પુરૂષ એક બૈરી છતાં બીજી કે ત્રીજી પણ કરે ને સ્ત્રી ધણી મરીગયા પછી બીજો કરે એટલુંજ નહિ પણ જીવતાં જો તે તેનાથી કંટાળી ગઇ હોય ને બીજો કોઇ તેને પરણનાર તથા ધણીને થયલો લગનનો ખરચ આપનાર મળે તો બીજો કરે. છોકરાં થયાં હોય તો તે બાપની સાથે રહે. કુંવારી છોકરીને લગનની ક્રિયા વિના પોતાને ગમતા કોઇપણ પુરૂષસાથે રહેવાની છૂટ છે. જીવ ગયા પછી મુડદાંને નવાડી તેના ઉપર ધોતિઉં નાખી બાળવાને લેઇજાય છે અને છોકરો કે પાસેનો સગો આગ મૂકે છે. મુડદું અરધું બળ્યું કે સૌ નાહીને મરનારને ઘેર જઇ તંબાકુ પીઇ એક બીજાને રામ રામ કરી પોત પોતાને ઘેર જાય છે. મરનારનું કુટુંબ નાણું એકઠું કરીશકે તો વરસીને દહાડે તે જમાડવાનો ખરચ કરે છે ને ત્યાં બહુ દારૂ પીવાએ છે. મરનાર કોઇ મોટો ગણાતો હોય તો વરસે બે વરસે કોઇ સલાટપાસે પથરાઉપર ઘોડાઉપર ભાલો લેઇ સ્વાર થયલો એવા એક માણસની મૂર્ત્તિ કોતરાવે છે ને સલાટને એક ગામ કે એક ભેંસ આપે છે. પછી તે પથરાને ધોઇ સિંદુર લગાડી એક સફેત કકડો વીંટાળી ગામના દેવસ્થાનમાં મૂકે છે; એક બકરાને વધેરી તેનું લોહી તે પથરાપર છાંટે છે ને તેનું માંસ રાંધી ખાય છે ને જેટલો પીવાય તેટલો દારૂ પીએ છે. પાંચ ભીલની પંચાએત સઘળા ટંટા ચૂકવે છે;

નાતના ધારા તોડનારને સજા કરે છે ને જ્યારે ગુનેગાર પસ્તાવો કરે છે ત્યારે તેનો દંડ લેવો ઠેરવે છે. જેના સંબંધી પંચાએત મળી હોય તે સૌને દારૂ પાએ છે. જે કોઈ સગાંની સ્ત્રીસાથે સંબંધ કરે તેને નાત બાર મૂકવામાં આવે છે. બીજા ભીલ તેનીસાથે ખાતા પીતા નથી ને તંબાકુ પણ ફુંકતા નથી. જો તે માફ માગે તો થોડાક મુખી ભીલ, વસોયા જાતિના બે ત્રણને બોલાવી એમને પાંચદશ રૂપીયા અપાવે છે ને એઓ જો કહે તો ભીલો તેની સાથે પાછો વહેવાર ચાલુ કરે છે. ભીલોને દારૂ પીવા સિવાય બીજા કોઈ ગમતના ખેલ નથી. કોઈ કોઈ વાર તેઓ વાંસળી વગાડે છે પણ તેઓનું મોટું વાજું ઢોલક જેવું હોય છે કે જેને તેઓ ખુશી કે દલગીરીના વખતપ્રમાણે વગાડે છે; એકતારો પણ વગાડે છે. ભીલ જો કે બેદરકાર ને ગરીબ છે તોપણ બ્રિટિશ રાજમાં તેઓ સૂધરતા જાય છે. ૧૮૭૭ ની આખરે ૨૬ છોકરા નિશાળમાં ભણતા હતા.

નાયકડાની સંખ્યા ૫,૯૬૬ છે ને તે પંચમહાલ તથા રેવાકાંઠાના રાનમાં રહે છે. તેઓ વિષે બે વાત ચાલે છે. તેઓના ઘરડા તે ચાંપાનેરના મુસલમાન અમીર તથા વેપારીઓના ઘોડાવાળા હતા ને સોળમા શેકાની આખરે જ્યારે તે શહેર તૂટ્યું ત્યારે તેઓ જંગલમાં જઇ રહ્યા હતા; બીજી વાત આ છે કે બાગલાણના રાજાએ ચાંપાનેરના રાજાપાસે જે લસ્કરી માણસ મોકલેલાં તેના કુળના છે. નાયકડા કદે ઠિંગણાં, પાતળા પણ ચિંવડ મજબૂત છે. તેઓ અતિશ્રમ વેઠી શકે છે, બહુ ચપળ મહેનતુ છે ને હિંમતમાં પણ ઓછા નથી. તેઓ રંગે કાળા, કાળી આંખના ને ચપટા બેડોળ ચહેરાના છે. પુરૂષ સ્ત્રી બંનેને માથે છૂટા લાંબા વાળ હોય છે. જે ઝુંપડીમાં રહે છે તેને થાંભલા વગરઘડેલાં લાકડાંના, ભીત તે વાંસ તથા બરૂની છાણ મટોડીથી થાપેલી ને છાપરૂં અણી આળું ઘાસ તથા સુકાં સાગ કે તાડના પાતરાંથી છાવેલું હોય છે. ઘરના બે ભાગ રાખેલા તેમાં એક ઢોરને માટે ને એક પોતાને માટે; આંગણાંમાં એક ઓટલાપર ઘાસ ભરચું હોય છે ને મહુડાંનાં ફૂલ તથા મકાઇ દોડા સૂકવવાને રાખ્યા હોય છે. નાયકડાની મીલકત જૂજ છે; થોડાંક ઢોર, એક બે બકરાં ને થોડાંક મરઘાં; થોડાકને હોળ પણ ઘણાકને વાંસલો, કુહાડો, ઘંટી, સાંબેલું, ખાંડણિયું ને થોડાંક માટીનાં વાસણ હોય છે. સારો હાલતવાળા તે રજપૂત કે કોળી જેવાં લુગડાં પહેરે છે પણ બીજા સૌ કેડે તથા માથે ફાટું લુગડું વીટાળે છે ને બૈરાં ઘાઘરો ઓઢણું ને કોઇવાર ચોળી પહેરે છે. કાને કલે કે પિત્તળના વાળા સિવાય પુરૂષ કંઇ બીજું ઘરેણું પહેરતા નથી. બૈરાં કલૈના ચોકડાં, મણકા કે કોડીની માળા, પિત્તળની બંગડી પહેરે છે ભીલડીના જેવી પણ એની પેઠે ઉપરા ઉપરી નહિ. તેઓનો ખોરાક મકાઈની ઘેંસ છે, સારી હાલતના તે જાડા ચોખા કે નાગલી કોદરા ખાયછે. ગધેડું, કાગડો ને સાપ એ સિવાયે બીજા થોડાકજ પ્રાણીને તેઓ નથી ખાતા; મોટી કાળી કીડી, ખિસકોલી ને મુએલા ઢોરને પણ ખાય છે. તેઓ વાંદરાંને ઝાડના ઘેટાં કહે છે; કહેવાય છે કે મોટાં શહેરોમાં પણ નાયકડાને દેખી વાંદરો બીને નાસી જાય છે. વરસમાં જ્યારે અનાજ ખૂટી પડે છે ત્યારે તેઓ રાની ફળકંદ ખાય છે. તેઓ મહુડાનો

દારૂ બહુ પીએ છે; મજુરી કરે છે ને લાકડાં કાપે છે. જે થોડાકને બળદ હોળ હોય છે તે તેના તેજ ખેતર ખેડે છે, પણ ઘણાક તો ટેકરીની બાજુઉપર ઝાડી બાળી રાખની અંદર જાડું અનાજ વાવે છે. એ રીતની ખેતી ઉપરાંત મહુડાંના ફૂલફળ, ઓસડમાં કામ લાગે તેવાં મૂળિયાં, છાલ ગુંદર, લાખ, મધ, મીણ એ ભેગાં કરે છે. સરકારી કામદાર અથવા જમીનદાર તેઓની પાસે લાકડાં કપાવે છે અથવા પોતે કાપી ગોધરે તથા બીજે ગામ જઇ વેચે છે. દરેક કામમાં તેઓના બૈરાં તેઓને મદદ કરે છે ને તેઓ ધંધો શોધવાને જિલ્લા બહાર જતા નથી. ઇ. સ. ૧૮૧૮ માં જ્યારે તેઓ બ્રિટિશ સરકારની હકૂમત તળે આવ્યા ત્યારે કેવળ વિકરાળ જંગલી હતા. ૧૮૨૬માં તેઓ ભીલના કર્તાં લૂટફાટ કરવામાં, બહારવટું કરવામાં, ઘાતકીપણામાં, લોહી તરસ્યા થવામાં ને સ્વતંત્રતાને ચાહવામાં ને સંસારી રીતની તદન બેદરકારી રાખવામાં વધારે આગળ પડતા હતા. મુખીઓ પોતાનાં ટોળાંઓને ધાડ પાડવા મોકલતા ને સિંધી તથા મકરાનીને મદદમાં બોલાવતા. ઢોરને પકડી લાવી ટેકરીની બાજુપર રાખતા ને તેના ધણીપાસે નાણું લેતા ત્યારે પાછાં આપતા. લૂટનો માલ જેઓ તે કામમાં ભાગ લેનારા તેઓને વહેંચી આપવામાં આવતો. ૧૮૩૮માં તેઓની ધાડલૂટ એટલી બધી હતી કે તેઓને પકડવાને લશ્કરની તુકડી મોકલવી પડી હતી. પછી વળી થોડાં વરસ તેઓ સખણા રહ્યા હતા. ૧૮૫૪માં તેઓ જંગલી તથા લૂટચોરી કરનારાજ હતા ને જંગલમાં દૂર ન જવાય તેવે ઠેકાણે રહેતા. ૧૮૬૮માં પોતાનામાંના એક ભગતના ઉસ્કેરવાથી નાયકડાએ બંડ ઉઠાવ્યું હતું ને તે એટલું જબરૂં હતું કે તેને બેસાડવાને હજાર ઉપર સૈન્ય પેદળ તથા સ્વારનું નવ ગોરા સરદારવાળું મોકલવું પડ્યું હતું. લડાઇની શરૂઆતમાંજ જેને ગોળીપણ ઇજા ન કરી શકે એવું મનાતું હતું તેજ સરદારભગત પડ્યો ને પછે સૌ વિખરાઇ ગયા હતા. ત્યારપછી નાયકડાએ તોફાન કીધું નથી ને ગયા બે વરસમાં (૧૮૭૫-૭૭) તેઓએ કંઇપણ ગુનો કીધો નથી. નાયકડા આળસુ, ખરચાળ ને દારૂ પીવાની ટેવવાળા, ગરીબ ને કરજદાર છે. તેના ઘરને વર્ષે આવક રૂ. ૬૦ થી તે ૧૦૦ લગીની ને તેને મહિને ખરચ રૂ. ૫ થી તે ૭ સુધીનો હોય છે. તેઓ કોહેલું કે મુવેલાનું માંસ ખાય છે ને નીચી જાત કહેવાય છે ને તેને કોઇ અડકતું નથી તોપણ તેના અડકવાથી અભડાઇ જવાતું નથી. બારીઆ નાયકડા સિવાય બીજા બધા મુસલમાનસાથે ખાય છે પણ ઘેડભંગીઆસાથે નહિ. તેઓ બ્રાહ્મણને માનતા નથી ને તેઓની કહેલી ક્રિયાની દરકાર રાખતા નથી; શ્રાદ્ધ કરતા નથી. કોઇ કોઇ વખત હનુમાનને તેલ ચઢાવે છે ને દહેરામાં તેઓને પેસવા નથી દેતા તોપણ તેઓ પાવાગઢની માતાને પૂજે છે. તેઓ ભૂતપ્રેતને બહુ પૂજે છે; તેઓ મુસલમાની ધર્મને માનતા નથી ને તેની દરઘા વગેરેને બળિદાન પણ આપતા નથી; ભૂતદેવને અનેક નામે બોલાવે છે ને તેઓને આરાધવાને જમીનમાં સાગનાં લાકડાં દાટે છે ને ઉપરથી માણસના મોઢાં જેવું ડોળ દેખાય તેમ તેને કાપેલાં હોય છે; તેનાઉપર તેઓ ગાયનું દૂધ રેડે છે ને સિંદુર લગાડે છે ને મટોડાંના ઘોડાઓ હારદ્વાર ગોઠવે છે. ક્રિયા કોળી પૂજારીઓ કરાવે છે ને જ્યારે ક્રિયા ચાલતી

હોય ત્યારે નાયકડા દૂર ઉભા રહે છે. પરણ્ું ને મરણ એ બેજ ક્રિયા નાયકડામાં છે. છોકરા છોકરીની પરણવાની ઉમર ૧૮ થી તે ૨૦ની હોંય છે. છોકરાનો બાપ છોકરીના બાપપાસે માગું કરે છે ને એ જો હા કહે તો તે રૂ. ૨ થી પાંચ લગી તેને આપે છે. પછી તે થોડાક મિત્રોસાથે રૂપીઆ એકનો ગોળ લેઇજઇ થોડોક છોકરીના હાથમાં મૂકે છે ને તે ગોળના ઉપર એક રૂપીઓ ને પૈસો મકે છે; બાકીનો ગોળ છોકરીના સગાંને વહેંચી આપવામાં આવે છે. લગનનો દહાડો ગ્રહ જોઇ નક્કી કરવામાં આવે છે. છોકરીના ઘરને આંગણે તાજાં પાતરાંનો માંડવો બાંધે છે. પાછલે પહોરે વર પોતાના સગાંસાથે રણસિંગડાં, ઢોલ, કાંસાંસાથે પરણવા જાય છે. વરનો બાપ રૂ. ૧૫થી તે ૫૦ લગી કન્યાના બાપને આપે છે, ને પછી બંને કુટુંબ સાથે બેસી જમે છે. કન્યાનો બાપ દારૂ પૂરો પાડે છે ને વરવાળા પોતાનું ખાવાનું પોતેજ આણે છે. જમ્યાપછી વરવહુને માંડવાની માંહે કરેલી ચોરીમાં સામસામાં બેંસાડે છે ને દરેક કુટુંબમાંનો એકેકો એમ બે ઘરડા પૂજારી આવી વરકન્યાના હાથ મેળવે છે ને છેડાછેડી ગાંઠે છે; પછી તે બંનેના ઉપર ચાદર નાખવામાં આવે છે ને તે ઘરડાઓ આટો તથા ગોળ એ બેની ગોળીઓ વરવહુને આપે છે. વરને વહુ બેવાર એક બીજાને ખવાડી રહે છે ત્યારે ઢાંકેલું કપડું ખસેડી લે છે ને લગન થઇ ચૂકાં કહેવાય છે. પછી સૌ નાયકડા પીવાય તેટલો દારૂ પીએ છે ને નાચે છે, બૈરાં ભાયડા જૂદાં. ઘણીવાર એવી ક્રિયા નથી પણ થતી. છોકરી ૧૬ વરસની થઇ હોય ને બાપે વેસવાળ કીધો ન હોય તો તે પોતાને ગમતા પાસે જઇને રહે છે અને એ જો રૂ. ૨૬થી ૫૦ સૂધી તેના બાપને આપે તો કંઇ વાંધો રહેતે નથી; તેમ બૈરી ધણીને છોડી બીજાપાસે જઇરહે તો એ તેના વરને રૂ.૧૬થી ૬૦લગી આપે છે; જો ધણી પોતાની બૈરીને આપી દેવી કબૂલ કરે તો તેને કંઇ મળતું નથી. ધણી મરી ગયે બૈરી બીજાસાથે પરણે પણ એ વખત કાંઇ ક્રિયા થતી નથી. બીજો ધણી નવો ઘાઘરો, કાપડું ને સાડી આપે છે ને પછી તેને પોતાને ઘેર લઇજાય છે; પણ તે કામ રાતે થવું જોઇએ કેમકે એમ મનાય છે કે રંડાયલી જો દહાડે પરણે તો ગામ બળી જાય. એક પુરૂષ ઘણી બૈરી કરી શકે. નાયકડા બીજી કોઇ જાતસાથે લગનનો વહેવાર રાખતા નથી; પણ જો કોલિણ નાયકડાસાથે કે કોળી નાયકડી સાથે રહે તો તેઓને નાયકડાની જાતમાં દાખલ કરવામાં આવે છે. નાયકડાઓ મુડદાંને પોતાના ગામથી થોડેક છેટે બાળે છે; મુડદાંને વાંસઉપર કે ગાડામાં બાળવાની જગા જે સિવડી કહેવાય છે ત્યાં લેઇજાય છે; પાસેનો સગો આગ મૂકે છે. નવ દહાડાપછી સગાંઓ બાળવાની જગાએ જઇ રાખોડીનો ઢગલો કરે છે ને તેનાઉપર પાણીથી ભરેલો ઘડો મૂકેછે. ઘેર આવ્યાપછી મરનારના સગા દાઢીમૂછ મુંડાવેછે ને તેજ દહાડે આગ મૂકનારો પોતાને ઘેર ચોખા રાંધે છે; પછી એ ખાખરના ચાર પાતરાંનો બાજઉપર મૂકી તેનાપર થોડું ઘી રેડી સળગાવી દે છે; પછી રહેલો ભાગ પાંચ પતરાળીઉપર મૂકી ઘી છાંટી છોકરાઓને ખાવા આપવામાં આવે છે. બારમે દહાડે મરનારનું કુટુંબ કોદરા મકાઇને રાંધે છે ને બાળવા લેઈ જનારાઓને જમાડે છે ને તવંગર હોય તો આખું ગામ જમાડે છે. જમવા આવનાર બધા સાથે નથી આવતા, જેમ જેને અનુકૂળ

પડે તેમ આવે છે; પોતાના ભાગનું જમે છે અથવા પોતાને ઘેર લઇજાય છે. નાયકડાઉપર તેઓના ચાર મુખીની સત્તા ચાલે છે; એક હાલોલમાં શિવરાજપુરમાં રહે છે; બીજો ઉદેપુર તાબાના ગોંડલામાં; ત્રીજો બારિયા તાબાના સાગતાલામાં ને ચોથો જાંબુઘોડાના ડાંડિયાપુરમાં રહે છે. એ મુખીઓ પળવારમાં નાયકડાની બધી જાતને બોલાવી શકે છે. ઘેડ, ચમાર કે ભંગી-સાથે ખાય તેજ નાયકડાને ન્યાતબહાર કરવામાં આવે છે, બીજા કોઇસાથે તેને હરકત નથી. નાતબહાર થયલો નાતને જમાડે તો તે પાછો દાખલ થઇ શકે છે. ગયા પચાસ વર્ષમાં નાયક-ડાઓએ સુલેકાઇની ચાલ રીત રાખવા તરફ સૂધારો કીધો છે. જાંબુઘોડા ને સાગતાલામાં ૧૮૬૫થી પોતાના છોકરાઓને નિશાળે મૂકયા છે અને ૧૮૬૮માં ફાંસી દીધેલા ભગતના બે છોક-રાને ૧૮૭૦ માં ગૂજરાત ભીલકૂરમાં (લશકરી પલટણમાં) દાખલ કરવામાં આવ્યા છે ને તેઓ સારી રીતે પોતાનું કામ બજાવે છે.

કોળીઓ[૧] સૂર્યવંશી રાજા યુવનાશ્વથી પોતાની ઉત્પત્તિ માને છે. તેઓ સેંકડો વર્ષ સિંધુ-નદીના બેટમાં હતા પણ પછી હિંગળાજ દેવીની આજ્ઞાથી નળ તળાવના પ્રદેશમાં જઇ વસ્યા; તેવામાં તેઓ મેર પણ કહેવાતા; સોનંગમેર તેઓનો મુખી હતો; એને બાર દીકરા હતા ને એ-ઓએ પોતપોતાની કુળશાખા સ્થાપી. ગૂજરાતમાં વનરાજની વખતમાં કોળી તથા ભીલ વિનાં બીજી જાતની વસ્તી નહોતી. હાલ કોળીનો પાંચ મોટી જાત તળબદા, ચુંવાળીયા, વલાકીઆ ખાંત ને ગેડિયા એ છે; એ પાંચની ઘણીક શાખા છે ને તે સર્વે મેરની સંબંધી શાખા જેવી કે મકીઆ, રસવાક્ષીઆ વગેરે તેમાં સમાય છે. તળબદા તે ગૂજરાત તથા કાઠિયાવાડમાં બહુજ જૂના કાળથી છે; વેદધર્મ પાળનારી જાતિયોના હુમલાને લીધે કોળી તથા ભીલ જંગલ પહાડતરફ ધસેડાયા. તળબદાની પેટાજાત તે જાદવ, સરવેઆ, ચૂડાસમા, ધુમે, મકવાના, રાઠોડ, ઝાલા, ગોહિલ, માંગલિયા, કતસરા, બરાયા, ચોહાણ, ચાવડા, સોલંકી, જેઠવા, પરમાર, ખાસીઆ, કામલિયા, વાઘેલ, મેર, શીઆલ, કછેલા એ છે. એ નામોઉપરથી જણાય છે કે કાંતો રજપૂ-તોએ કોળીની જાતમાં સગાઇ કરેલી અથવા કોળીઓ અમુક અમુક રજપૂતકુળને વળગી રહેલા, મેર ને જેઠવાની પેઠે. ગમે તેમ હોય પણ આટલું તો ખરૂં છે કે ચુંવાળીઆ તથા બીજી જાત કર્તાં તળબદા વધારે ઉંચા કુળના મનાય છે; તેઓ સદા શાંતિપ્રિય જણાયા છે ને કાઠિયાવાડમાં તેઓ આબરૂદાર ગણાય છે. કેટલાક ખેતી કરે છે, કેટલાક મજુરી ને કેટલાક સીપાઈ કે રખવાળ છે. તેઓનો બાંધો જબરો છે, સંભાળીને ખરચ કરનારા હોઇને ઠીક હાલતમાં છે અને ખેડુત દાખલ માત્ર કણબીથીજ ઉતરતા છે. શીઆલ નામ છે તે તે નામના બેટના રહીશ તેથી. આ-

---

૧. કોળી એવું કોઇ પૂર્વજનું નામ હતું; કુળ (શાખા) ઉપરથી કોળી; કોલ એટલે મછવો એઉપરથી કોળી; વિંધ્યાચળની દક્ષિણે કોલ નામનું રાજ્ય હતું તેઉપરથી કોળી એવી એવી અટકળ કરવામાં આવી છે. કોળી કાઠિયાવાડમાં ૨॥ લાખ છે ને તળગૂજરાતમાં ૭,૧૫,૦૧૯ છે.

સીઆ તે ધંધુકા પ્રગણામાં ખાસ નામનું ગામ છે તે ઉપરથી જ્યાં તેઓનો નામીચો વડાવો વી-સોજી ગોહેલ રહેતો. ચુંવાળીયા તે માત્ર તળબદા સાથેજ સગાઈનો વહેવાર રાખે છે; તેઓ રજપૂતની પેઠે એક શાખામાં લગન કરતા નથી. જમીદારી વિનાનો રજપૂત કોઇવાર તળબદા કોળીની દીકરીસાથે પરણે પણ તેમ કરવાની છૂટ નથી; વળી ખુલ્લીરીતે તળબદાસાથે જમવાની પણ નથી. આ શૈકાના આરંભમાં ચુંવાળના કોળી ઉપર બહુ ધિક્કાર હતો; તેઓ ચોરી-નોજ ધંધો કરતા ને સરકારી કે લોકની માલમતા લૂટી લેતા. મુસલમાની હાકમીમાં તેઓ જયારે ત્યારે બંડ ઉઠાવતા ને બડી જુકતીની ગોઠવણથી લૂટચોરી કરતા; બ્રિટિશ અમલદારોને પણ તેઓનો પૂરો બંદોબસ્ત કરવાને ઘણાં વર્ષ લાગ્યાં છે. માહરદાર નામની મુખીના કોળીએએ પ્રાંતના ઘણાખરા ગામોમાં કર બેસાડયો હતો. આળસુ તથા ઉડાઉ હોવાથી ખેતી ન કરતાં લૂટ ચોરી કરતા પણ હાલ કેટલાએક નાખુશીથી પણ ખેતીને તથા બીજે ધંધે લાગ્યા છે તોપણ મોટા ભાગમાંથી ચોરીની મતિ સમૂળી ગઇ નથી. એ જાતની ૨૧ મોટી શાખા છે; પોતાની જાતમાં પરણે છે પણ એકશાખાવાળા હોય તો નહિ; વળી વાલેકીઆ તથા બીજી જાતસાથે જમતા નથી. ચુંવાળીઆમાં ઝિંઝુવાડા તથા તેને લગતાં ગામના હિસ્સેદાર માલિક છે તે મોટા ઠાકરડા કહેવાય છે ને તેઓ સારાં કુટુંબમાં પરણે છે તેથી તળબદાના જેવા દેખાવડા છે પણ બીજા બધા તે રૂપ ગુણ બુદ્ધિ સ્થિતિમાં ભીલના કર્તાં ડાકજ વધારે ઊંચા છે. તેઓ ઘણાજ સારા પગી છે ને ચોર ગમેતેવે બિકટ મારગે ગયો હોય તોપણ પગલાંઉપરથી તેને ખોળી કાઢે છે. વાલકીઆ કોળી કાઠિયાવાડના દક્ષિણપૂર્વે ભાગમાં છે ને સુંવાલિયા કર્તાં ભીલના ગુણ વધારે દેખાડે છે; તેઓનામાં ભીલનું લોહી ઘણું છે. આગળ તેઓ ચાંચિયા હતા પણ અમણાં તેઓ પડતી હાલતમાં છે ને મજુરી કરી ગુજરાન ચલાવે છે. તેઓ પોતાનીજ જાતમાં સગાઇ કરે છે. ખાંત તે ભાટી રજપૂતથી ઉત્પન્ન થયલા કહેવાય છે; એ જાત ગૂજરાતમાં આવ્યાપછી મેર અથવા કોળી કહેવાઇ; એ જાતનો પહેલો સરદાર ધાંધખાંત (સોનંગમેરનો દીકરો) તેણે ધંધુકા જીત્યું ને પંચાળમાં ધાંધલપુર વસાવ્યું; પાતલખાંતે પેટલાદ વસાવ્યું; અને જેસાખાંતે મહમદ તઘલખને જૂનાગઢ જીતવામાં મદદ કરેલી તેથી ગિરનારની ડુંગરી ને ભીલકા ચોવીસી (૨૪ ગામ) એ તેને જાગીરમાં મળ્યાં હતાં. મહમદ બેગડાએ જૂનાગઢ લીધું ત્યારે ખાંત ગિર-નારમાં રહેતા હતા. ખાંત સોરઠમાં વસે છે પણ કાઠિયાવાડના બધા ભાગમાં છે. તેઓના મેર (મુખી) દેખાવડા છે. તેમ ગોહિલ, ખાસીઆ, ઝાલા, સરવૈઆ ને વાલાખાંત એ કોળી જે ખાંત તથા તે તે જાતિયોના સંબંધથી થયલા તેપણ દેખાવમાં ઠીક છે. નીચી જાતના કોળી તે તળબદા કર્તાં રૂપે બહુ બ્હરવા છે ને ચોરી કરવાની ટેવવાળા છે; તેઓ પોતાનીજ જાતમાં સગાઇ કરે છે ને રંડાયલી તે દીએરસાથે નાતરૂં કરે છે. ગેડિયા તે કચ્છમાં ગેડીગામ છે ત્યાંથી જેઠવાસાથે આવેલા છે; તેઓ રીત ભાત તથા પેરવેશમાં બડાના મેર જેવા છે ને બીજા કોળી કર્તાં વધારે આબરૂદાર છે; લૂટનો ધંધો છોડી દેઈ ખેતી કરે છે; દેખાઇતા પણ સારા છે; બીજા કોળીની પેઠે

ઝુંપડામાં નહિ પણ ઘરોમાં રહેછે; બકરાં મરઘાંનું માંસ ખાતાનથી, માછલી તથા અન્ન શાક ખાય છે; બૈરાં એક બે સિક્કાને ઘરેણાં દાખલ પહેરે છે; તેઓ ઊંચા કહેવાય છે ને પોતાનીજ જાતમાં પરણે છે. કોળી સર્વે દેવદેવીને માને છે, શુભાશુભ કર્મમાં બ્રાહ્મણને તેડે છે, કોઈ માતાના ભગત ને કોઇ સ્વામીનારાયણના પંથમાં છે. કોળીઓ દારૂ પીએ છે પણ ગૂજરાતના બહુજ પીએછે ને કાઠિયાવાડના થોડું; એકથી વધારે બૈરી કરવાની છૂટ છે પણ કોઇકવાર કરે છે. વરવહુના બાપ વેસવાળની ગોઠવણ કરે છે ને રીત છે કે વરના બાપે છોકરાને માટે વહુ ખોળવાનો ઢોંગ કરવો જોઇએ ને જડયાપછી તેણે ઉમરાઉપર ઠોકર વાગે તેમ પડી જવું જોઇએ.

વાઘેર[૧] સેંકડો વર્ષ થયાં ઓખામંડળના વતની છે. પહેલે તેઓ માછી પછી ચાંચીઆ ને પછી જમીનદાર એમ દેખાયા છે. શૈકા ૧૧ માં હેરોલ ને ચાવડા એ બે વચ્ચે ટંટો હતો ને રાઠોડે તે બંનેને હાંકી કાઢયા હતા તેવામાં હેરોલને વાઘેરે આસરો આપ્યો હતો. હમીરજી (કચ્છનો વાઘેલ રાજવંશી) તે વાઘેરમાં હેરોલ હતા તેમાંની એકની દીકરીસાથે પરણ્યો તેથી તેના વંશજ વાઘેર કહેવાયા પણ માણેક એ નામે ઓળખાય છે; એઓ દ્વારિકા અને દક્ષિણ ઓખામંડળ બધાના સત્તાધારી થયા. ઓખામંડળથી વધીને વાઘેર કચ્છના અખાતના દક્ષિણ કાંઠા તરફ જઇ વસ્યા ને હાલમાં હાલારના કાંઠાના ગામોમાં માછી કે ખારવા છે ને એ મુસલમાન છે. ઓખામંડળના તે હિંદુધર્મ પાળે છે, પણ નાણું મળતું હોય તો દીકરીની શાદી મુસલમાન સાથે કરવે ચૂકે નહિ. વાઘેર દેખાવડા ખૂબસુરત છે અને દાઢીને બે ભાગમાં જૂદી પાડી છેડાને કાનની પાછળ વાળે છે, રજપૂત રબારી ચારણની પેઠે. તેઓ બળિયા ને અતિસે શ્રમને પણ સહન કરી શકનારા છે; ઝંપવગરના, ચંચળ, હુલ્લડિયા, કોઇના કાબૂમાં ન રહેવાને અધીર છે અને હજી પણ લૂટ ચોરીની પ્રકૃતમતિ રાખે છે, વિશિષેકરીને ઓખાના વાઘેર. આ શૈકાની શરૂઆતમાં સિંધથી તે દીવ સૂધીના દરીઆમાં વાઘેરો બહુ ભય ઉપજાવતા ને વેપારીઓને બહુ નુકસાન કરતા. સને૧૮૧૬માં બ્રિટિશ ફોજે ઓખામંડળ તાબે કરી ગાયકવાડને આપ્યું; પણ વળી વાઘેરોએ બંડ કીધું ને ૧૮૨૦ માં ફરી તાબે કરી ગાયકવાડને આપ્યું; ૧૮૫૭માં હિંદુસ્થાનના બલવાખોરોની ફતેહથી ઉસકેરાઇ વાઘેરોએ ગાયકવાડની ફોજને હાંકી મહેલી તે ઉપરથી બ્રિટિશ ફોજે તે પ્રાંત લીધો ને થોડોક કાળ ત્યાં બ્રિટિશ અમલદારોએ કામ કીધું પણ પછી તે ગાયકવાડને હવાલે કીધો. સન ૧૮૬૫ માં વાઘેરે આખાં કાઠિયાવાડમાં દોડાદોડ કરી મોટું નુકસાન કીધું; છેલ્લે ૧૮૭૩ માં તેઓ પૂરેપૂરા તાબે થયા છે. હાલારના વાઘેરે જથામાં થઇ મુસીબત નથી આપી પણ તેઓ ઓખાવાળાને મદદ કરતા, લડનાર માણસ મોકલતા અને ભાગી આવેલાને સંતાડી રાખતા.

---

૧. ઉત્પત્તિ આવી કહે છે કે કૃષ્ણ ગોમતીમાં ક્રીડા કરતો તેને કેશીઅસુર દુઃખ દેતો; એને કૃષ્ણે પાતાળમાં ડાબ્યો ને એમ જે ખાડો પડયો તેમાંથી પહેલો વાઘેર નીકળ્યો.

એ જાત માનવંતી નથી, પેરવેશમાં ગંદી છે; શકુન તથા મંત્રને માનનારી, કેળવણીથી બહુ છેટે રહેનારી ને જાણ સમજ વગરની છે; વાઘેરમાં મોટો તે પણ થોડાક રૂપીયા ભીખ દાખલ લેતાં લજવાતો નથી.

કાઠી, બાબરિયા.

કાઠી સિંધ કચ્છથી કાઠિયાવાડમાં આવ્યા ઈ૦ સ૦ ૧,૪૦૦માં.[1] અસલ ક્યાના તે જાણવાને શોધ થાય છે.[2] તેઓએ પ્રથમ સોઢા પરમારના થાણ તથા ચોટિલા એ બે લીધાં ને થાણમાં સૂરજનું દહેરૂં બંધાવ્યું. તેઓ આજુબાજુના મેદાનોમાં ઢોર ચારતા ને વખતે વખતે

---

૧. કાઠીઓ કહે છે કે "કૌરવોએ વિરાટની ગાયો ચોરવાનું ઠેરવ્યું પણ તે કામ ક્ષત્રીએ કરવું યોગ્ય નહિ તેથી કર્ણે પોતાનો રાજદંડ• ભાંયઉપર ઠોકી ખાટ નામનો પુરૂષ ઉત્પન્ન કીધો ને એણે ગાયો ચોરી પણ માગી લેઇને કે મને તથા મારી પ્રજાને ઢોરચોરીની માફી મળે; તે ખાટ અમારો મૂળપુરૂષ છે." કોઇ કહે છે કે શેકા નવ દશમાં કાઠીઓ કાઠિયાવાડમાં હતા તે વાળા એ નામની જાતના હતા ને શેકા પંદરમાં દેખાઇ તે વાળાની નવી જાત હતી. એ નવી જાતની ઉત્પત્તિ આવી કે ઢાંકનો વાળા જાતિનો રજપૂત રાજા કાઠિયાણી સાથે પરણ્યો તેથી તેને વાળા, ખુમાણ ને ખાચર એ ત્રણ દીકરા થયા ને એથી ત્રણ જાત થઇ ને એ શાખાવત-કાન્ટેટ (ઊંચી)ને બીજી બધી જાતના તે અવરતિયા કહેવાય છે. શાખાવત પોતાની જાતની શાખાવાળા સાથે બેટીવહેવાર રાખતા નથી ને બીજી જાતના શાખાવત સાથે પણ નથી રાખતા; અવરતીઆ શાખાવત સાથે રાખે છે પણ પોતાની શાખાઓમાં પરણતા નથી. શાખાવતની પાંચ જાત તે વાળા, ખુમાણ, ખાચર, હાટી ને જોગીઆ ખુમાણ; અવરતીઆની સો જાત છે. જૂના કાઠીની આઠ જાત છે-માંજરીઆ, તોહરીઆ, વરાદ કે જાતવડા, ગરીબા, ગુલીઆ, પાડવા, નાતા ને પાટગર.

જૂના વખતની હકીકત આપ્રમાણે છે: ખુમાણ તથા ખાચર એ બે ભાઇઓને જૂનાગઢના સત્તાધીશે થોડોક મુલખ આપ્યો ને પછી તેઓની વસ્તી વધી ત્યારે તે પ્રાંત કાઠિયાવાડ કહેવાયો. બરડાના ડુંગરામાં કિલેશ્વરના વાળાકાઠી ચાંપરાજે પોતાની દીકરી શમ્સુદીનખાનને આપવાની ના કહી ત્યારે તે લડવા આવ્યો-ચાંપરાજે દીકરીને મારી નાખી ને પોતે ૧૮૦૦ ઘોડેસ્વાર સાથે લડાઇમાં (૧૩૫૧-૫૭) કપાઇ પડયો. વેરાવાળાએ નવાબ બહાદુરખાનની રજાથી જેતપુરનો કિલ્લો બાંધ્યો હતો.

પહેલે થાણ ને ચોટિલામાં તેઓ વસ્યા ને ત્યાંથી પંચાળમાં ફેલાયા પણ ત્યાંથી ગુજરાતના બાદશાહે કાઢયા હતા. બેરદીના લોમા ખુમાણે ગુજરાતના સુલતાન મુજફરને આસરો આપ્યો હતો ૧૫૮૩માં; આઝમખાને (૧૬૩૫-૪૨) કાઠિયાવાડ જઇ ધંધુકા તાલુકામાં કાઠીઓ નુકસાન કરતા તેનો અટકાવ કીધો ને લોક ઝાલાવાડ, કાઠિયાવાડ, નવાનગરનો મુલખ અને કચ્છ અહીં વગર બીહીકે મુસાફરી કરતા થયા. સુજાઅતખાને (૧૬૯૨) થાણનો કિલ્લો તોડી કાઠી લુટારાને વેરાતા કીધા હતા.

૨. એશિયા મેનરના કુરદિસ્તાનમાં હતા ત્યાંથી તેઓને આસીરીઆના રાજાએ (ઈ૦ સ૦ પૂ૦ ૧૧૩૦) કાઢયા હતા. તેઓ ત્યાં ખાટી કહેવાતા. કોમાની (ખુમાણ?) જાતના લોક

પાસેના રાજાઓનાં ગામ લૂટતા. ખેતીના ધંધાને ધિક્કારનારા હોવાથી તેઓ ફક્ત લૂટ ચોરી ઉપર પોતાનું ગુજરાન ચલાવતા.[1] દોહોડસો વર્ષ તો તેઓ મોટા જમીનદાર નહોતા; પણ ઈ૦ સ૦ ૧૭૩૫ માં તેઓએ સરવરીઆ પાસેથી જેતપુરચિતલ લીધું; ૧૭૬૦માં જૂનાગઢના નવાબે મેંદારદા, ભિલકા ને જેતપુર એ ગામ આપ્યાં; અને જસદનના જેતસુર ખાચરે પોતાના ભાયાતોની સરદારી કરી લીમડી, ધંધુકા ને રાણપુરના મહાલોમાં રક્ષણધનનો હક બેસાડયો હતો. તે એક ચઢાઈમાં મરણ પામેથી તેનો ભત્રીજો વડસાર બતરીસ ગામને એક જથે આણી મોટો જમીદાર થઈ રહ્યો ને પછી તેણે લૂટવાનો ધંધો છોડી દીધો હતો. કેટલાક કાઠી ગિરની ડુંગરીમાં જઈ વસેલા તેઓ વખતે વખતે ત્યાંથી ઉતરી પડી ગામો લૂટતા ને લોકને ભય ઉપજાવતા. ગયા શેકાની આખેરીમાં વીસાવડા તથા કેલરિયા એ મહાલ તેઓના કબજામાં હતા; પણ એ મોટો મુલખ વસ્તી વગરનો રાન જેવો હોવાથી તેઓએ ૧૭૮૨માં અરધી ઉપજ નવાબને લખી આપી; ૧૭૮૯માં એ ઉપજ બાંટવાના સરદારને આપી ને એણે જમીનના માલીક કાઠી વાળા માતરાને સતાવવા માંડયો પણ એ ગિરમાં જઈ ભરાયો ને પછી બહારવટું કરતો થયો. બાંટવાના સરદારે વીસાવડાની અરધી ઉપજ કાઠી વાળા રેનિંગને આપી જે વાળા માતરાનો દુશ્મન હતો. વાળા માતરાએ વાળા રેનિંગને ધાણમાંથી હાંકી કાંઢયો પણ એને ગાયકવાડે પાછો બેસાડયો હતો. વાળા માતરા બહારવટું કરતાં મરી ગયો તેને હરસુરવાળો નામનો બાળક છોકરો હતો; એને એનો હક આપવા વિષે કરનલ વાકરે રેનિંગવાળાને કહ્યું પણ એ તેમ ન કરતાં બહારવટે નીકળ્યો ને એ મૂઓ ત્યારે એનો છોકરો બાવાવાળો નામજાદો લટારો થયો. એણે ઇંડિયન નેવીના એક કપતાન ગ્રાંટને કેદ રાખી બહુ બહુ દુઃખ દીધું હતું.[2] બાવાવાળો ૧૮૨૨માં કપાઈ

કારકેમિશમાં રહેતા, લડાઈમાં ૨૦ હજાર માણસ આણી શકતા ને ઘોડા તથા રથનો વધારે શોખ રાખતા; તેઓ જાતે રાજ કરવાને શક્તિમંત નહોતા પણ મુસારો લઈ લડવૈયાનું કામ કરતા. વળી હૈદ્રઓટિસથી ત્રણ દહાડાની મજલઉપર સાંગોલા આગળ તેઓ શિકંદરની સામા થયા હતા. વળી ઈ૦ સ૦ ૧૧૬૮માં તેઓ જેસલમેરના રાજમાં ઝારોળ ને આરાવલી પર્વત એ બેની વચમાં રહેતા હતા. વળી જણાવ્યું છે કે તેઓ થોડો કાળ માળવામાં હતા. કોઈ કહે છે કે તેઓ નેપાળથી આવ્યા કેમકે ત્યાંની રાજધાની કાથમંડુ છે ને માળવામાં પણ માંડુ છે; કેટલાક પંજાબ ગયા ને ત્યાં થાન–મુલથાન–મુલતાનમાં રહ્યા (કાઠિયાવાડમાં થાણ ને તેની પાસે માંડવની ડુંગરીઓ છે); જેવામાં વાળા રજપૂત માળવેથી આવ્યા તેવામાં ખુમાણ તથા ખાચર મુલતાનથી નીકળી જેસલમેર, આબુ, કચ્છ થઈને કાઠિયાવાડમાં આવ્યા.

૧. કાઠિયો લૂટ ચોરી કરવામાં પાપ કે ગુન્હો કે ગેરઆબરૂ માનતા નથી પણ પોતાના તેવાં કામોને માટે મગરૂબ રહે છે. તેઓ એક ઠેકાણે જાથુ રહેતા નહિ ને ઘરવિનાના હોવાથી તેઓ મોટાં રાજ્યોની પણ સામે થતા ને ત્રાસ ઉપજાવતા. સપડાઈ જવાનો વખત આવતો તો નાસીને પોતાની શોધી રાખેલી ડુંગરીમાં લૂટના માલ સાથે ભરાઈ બેસતા.

૨. ગ્રાંટ ગાયકવાડના વહાણના કાફલાનો ઉપરી હતો ને જ્યારે તે અમરેલી આવતો હતો ત્યારે તેને પકડયો હતો–તે લખી ગયો છે કે ૨ા મહિના મને કેદ રાખ્યો હતો; મને ડુંગ-

પડયો ને તેની જાતના કબજામાં ઘરાઓની મિલકત હતી તે બધી જૂનાગઢના નવાબના હાથમાં આવી.

કાઠિયાવાડના દક્ષિણ પૂર્વ ભાગમાં ડરામણી તથા લડાઇબહાદુર કાઠીની જાત તે ખુમાનની હતી; એનો કુંડલા મહાલમાં વાસ હતો ને ભાવનગરના મુલખમાં તેઓ ઠાકોરની ફોજની સામે થઇને લૂટફાટ કર્યાકરતા. પછી મોહોમાંહે ટંટા ચાલ્યા ને વખતસીંગજીએ તેમને તાબે કીધા. સને ૧૭૯૬માં તેઓએ કુંડલા આપી દીધું; કંઇ કંઇ ભાગ ગુજરાનને વાસ્તે રખીને વળી વખતસીંગજીએ બોટાદ ને ગઢડાના ખાચર કાઠિયોને તાબે કીધા હતા. હંગામના વખતમાં કાઠિયો જોરાવર હતા પણ સ્વસ્થ સરકારની વખતમાં તે તાબે થઈ રહ્યા છે. જેતપુર-ચિતલનો મોટો તાલુકો ને નાનો પણ ઘટ જસદણનો, એ સિવાય જે તાલુકા સ્વાધીનપણાનો કાંઇપણ દેખાવ આપે છે તે બગસરા, ચોટીલા, બાબરા, પાળીઆદ છે, પણ તે ભાગીઆઓમાં વહેંચાઇ ગયેલા છે. વારસાની સરખી વહેંચણીની રૂઢી તેઓ ખસૂસ પાળે છે ને તેથી મિલકત હમેશ બહુ બહુ નાના ભાગોમાં વહેંચાતી થઈ જાય છે. જેતપુર, મદરડા, બીલખા, બગસરા, કુંડલા, જસદણ, ચિતલ, સુદામરા, આણંદપુર, ભાદલા, ઢાંઢલપુર, પાલીઆ, અહીં કિલ્લા છે પણ કેટલાક મજબૂત નથી. તેઓ ઢોર રાખે છે ને ઘોડાની ઓલાદ વધારનારા મગરૂબ રહે છે. તેઓ પ્રથમ આવેલા ત્યારે ઘોડીઓ લાવેલા ને કહેવાય છે કે આરબ ઘોડા ભરેલાં વહાણ ભાંગેલાં તેમાંના ઘોડાઓને તેઓએ તે દબડાવેલા. ઘોડીને નાનાં નાનાં હાડકાં, પીઠઉપર કાળું ચાઠું ને નળા ઉપર કાળા પટા ને ચામડીનો રંગ સઘળી જાતનો હોય છે. ઘોડાઓ જોસ્સાવાળા થાય છે. કાઠીઓ ઘોડીને વધારે પસંદકરતા, તેનું કારણ કે તે મૂંગી મૂંગી દોડે ને ઘોડા વારેવારે ખંખારા કરે.

એ જાત સૂર્યને પૂજે છે ને પોતાના લેખમાં સૂરજનું ચિન્હ કરોળિયા જેવું કરે છે. પગ તે કિરણો; વળી 'પવિત્ર સૂરજની સાખ' એમપણ લખે છે. થાણમાં દેહેરૂં હતું પણ હવે તેઓ ત્યાં પૂજતા નથી અને દેહેરૂં તથા મૂર્તિ મૂળીના પરમારોએ લેઇ લીધાં છે ને દેવને તેઓ મંદાવરી

રીપગ રાખેલો ત્યારે હું રાતદહાડો વર્ષાદ કાદવમાં હતો ને બે માણુસ નાગી તરવાર કાઢી પાસે રહેતાં. કાઠીઓના જુલમ વિષે હકીકત આવી છે કે ટોળી ઘોડાંમારતી ગામના દરવાજાલગી આવતી ને ત્યાં રમતાં નાનાં છોકરાંઓનાં ડોકાં તેઓ કાપતા ને હસતા હસતા પાછા જતા. એક બૂઢો કાઠી કહેતો કે બીજા પ્રાણીકરતાં મનુષ્ય મારી નાખવો કઠિણ છે. જ્યાંલગી ધડ ને માથું જૂદાં ન પડે ત્યાંલગી તેને મરી ગયો એમ સમજવું નહિ. પૈસાદાર મુસાફરોને તેઓ કૂવામાં આડા લાકડાં સાથે તેઓના પગબાંધી ઊંધા લટકાવતા; એઓની લખી આવેલી હુંડીનું નાણું વળતું ત્યાં સૂધી તેઓને કેદ રાખતા. બાવાવાળાની હાક જબરી હતી તે એટલેસૂધી કે જેવામાં બાકર સીધોએ દેદાન ઉપર ચઢાઇ કરવાની તૈયારી કરેલી ને લોક બીધેલા તેવામાં બાવાવાળો આવી પોહોંચ્યો ને સીધી નાંઠો. બાવાવાળો પોતાની સાથે બાર બીજા ઘોડેસ્વાર રાખતો ને તે સૌ તરવાર ચલાવે ઘણાજ કિસબી હતા.

કહે છે. તેઓ સઘળા કામમાં સૂર્યનું સ્મરણ કરે છે. હિંદુઓના સંબંધમાં આવવાથી તેઓ મૂર્તિને માને છે ને બ્રાહ્મણોને પણ. શકુનને ભાવથી માને છે; ડાબી તરફ તીતર બોલે તેનાઉપર મોટો ભરૂસો; શ્રાદ્ધમાં તેઓ કાગડાને બલી આપતા નથી. ગાયને માન આપતા થયા છે, પેહેલાં તેના ગોસને વાસ્તે બાધ ગણુતા નહિ; દારૂ પીએ છે.

કાઠિયો અભણ, આળસુ હોઇને જમવા જમાડવામાં વખત કાઢે છે, ને પોતાના કામનેવાસ્તે પણ કચાટમાં પડતા નથી. તેઓ હમેશ મળતાવડા તથા સાચ દોસ્તીના ભૂખ્યા છે ને પરોણાની સેવામાં તો બહુજ આગળ પડતા છે. સ્ત્રિયો ખૂબસુરતીને વાસ્તે વખણાય છે; ખુમાન કાઠીઓ નીચી જાતમાંની જે ખૂબસુરત ઓરત પકડાતી તેને લેઇ આવી રાખતા; હાલની કાઠિયાણી ખૂબસુરત નથી તોપણ ઉંચી યોગ્યતા રાખે છે; ધણી પોતાની સ્ત્રીને પોતાનો સાથી દાખલ ગણે છે; એકથી વધારે બૈરી થાય, રંડાયલી નાતરૂં કરે પણ ઘણાં તેમ કરતાંનથી-મોટો ભાઇ મરી ગયે તેના નાના ભાઇએ ભાભી સાથે પરણવુંજ જોઇએ એવી રૂઢી છે.

બાબૈરીઆ ક્યાંથી આવ્યા તેની જાણ નથી. તેઓમાં દંતકથા છે કે તેઓ થાણમાં હતા ત્યાંથી તેઓને ઝાલાએ કાઢયા ને પછી તેઓ બગસરા, અમરેલી, કુંડલા ગયા ને અહીંથી તેઓને કાઠીઓએ કાઢયા. હાલ બાબરિયાવાડ કહેવાય છે તે વાળા રજપૂતને તાબે હતું પણ પછી બાબરીઆ તથા આહીર એઓએ વાળ ને કાઢી જમીન વહેંચી લીધી હતી.

બાબરીઆ થોડા છે. જાતિ ઉપજાતિ ૭૨ છે; પણ ત્રણ જાત મોટી કહેવાય છે, કોટીલા, ઢાંકડા ને વરૂ, કે જેમાં છેલ્લી એનાં માણસ વધારે છે ને તે એ કોટીલા કરતાં વધારે જૂની જણાય છે. એ એકેકી જાત પોતાની શાખામાં પરણતી નથી પણ એક બીજી સાથે પરણે છે.

---

૧. એ કાઠી અને આહીર એની વચમાંના છે. કોઇ માનપાળ તુવર થાણમાં રાજ કરતો. દુકાળ પડયો ત્યારે લોક બૈરાં છોકરાંને ત્યાં રાખી બહાર ધંધો ખોળવા ગયા—એ લોક અનેક જાતના હોવાથી બાબર કે બૂબર કહેવાયા કે જેનો અર્થ વર્ણસંકર થાય છે. અઇન-ઇ-અકબરીમાં લખ્યું છે કે "બોરિયા ને કાઠી બંને આહીરની જાત છે; બોરિયા (બાબરિયા) દોડીને કાંઠે રહેછે, ત્રણ હજાર ઘોડાં તથા પેદળ રાખે છે ને જામસાથે લડાઇયો કરે છે. કાઠીઓ ૬ હજાર ઘોડાંને ૬ હજાર પેદળ રાખે છે; એ ચોરટી પણ પરોણાચાર પાળનારી જાત છે."

૨. શિહોરનો બ્રાહ્મણ ત્રિકમ તળાજાના આહીરની છોડીના પ્યારને કબૂલ કરતો નહિ, પણ પછી તળાજા સત્તાધારીનો સમજાવ્યાથી ત્રિકમ તથા દેવાદોરેલા પરણ્યાં હતાં ને એનો મોટો છોકરો તે કોટિલા ને એ બાબરીઆની કન્યા પરણી થાણમાં રહ્યો (શૈકા ૧૪ માં). પાંડવના રાજવંશમાંનો કોઈ અન્હિલવાડમાં આવી રહેલો તેના વંશમાં એક કુળ બાબરિયા કહેવાતું ને એમાંનો એક થાણ જઇ રહ્યો ને તેનો છોકરો ઢાકડિયો હતો. વરૂ પોતાને જેઠવા કહેવડાવી ઉત્પત્તિ હનુમાનથી કેહેછે. નાગજન જેઠવાનો છોકરો હલમાન ને એનો છોકરો મેકતે માલ નામની ઢાંક કન્યા-સાથે વર્યો હતો ને પછી છોકરો થયો તે વરૂ હતો.

બાબરીઆ ખેડુત વાંટેદારની હાલતમાં આવી રહ્યા છે; સૌ મળીને ૩૪ ગામ તેનાં છે; ચાર તો દેવનના કોટીલાનાં છે, ને બીજાં તે હિસ્સેદારોનાં. કરનલ વાકરે વ્યવસ્થા કીધી તેની અગાઉ બાબરીઆ લૂટ કરી ગુજરાન ચલાવતા ને થોડીક પણ સ્વતંત્રતા હતી તે જુનાગઢે ઇ.સ. ૧૭૯૨માં લઇ લીધી. તેઓ રખડતા થયા; તેઓનાં ગામ અહીંતહીં છૂટાં પડેલાં ને તેમાં મટોડાનાં ઝૂંપડાં છે. તેઓ પોતાની હદમાંથી જતા માલઉપર રખવાળી લેતા; તેઓ બહારવટીઆને મદદ કરતા ને સગપણમાં થતા કજીઆને બહુ વેરથી કાઠીઓ કરતાં વધારે ચલાવતા. જૂનાગઢના મુસલમાન ને ગોહિલવાડના રજપૂત એ બેની સરહદના ભાગમાં હોવાથી તેઓ બ્રિટિશ હાકમીના સંબંધમાં ન આવ્યા ને આખરે જૂનાગઢને તાબે થયા ને તેઓનો તાલુકો જૂનાગઢમાં જોડાયો. ઇ. સ ૧૮૬૪ માં.

તેઓ દીકરી કાઠીને આપે છે ને આહીરની લે છે. શક્તિપ્રમાણે બૈરીઓ કરે છે. ક્રિયા તથા રીતભાતમાં કાઠી આહીરને મળતા છે ને એઓ સાથે બેટી વહેવાર રાખે છે; તેઓ ગાત્રાર, ખોડીઆર, ચામુંડ, ભૂતભવાની વગેરે માતાને માને છે; વળી તુલસીશ્યામની ચતુર્ભુજ મૂર્તિને પણ.

હિંદુ ધર્મ.

ગૂજરાતી હિંદુનો મોટો ભાગ વૈદિકધર્મ ને બાકીનો તે જૈન ધર્મ પાળે છે. બંને ધર્મના લોક મૂર્તિપૂજક છે અને શુભાશુભ કર્મના ફળભોગને તથા પુનર્જન્મને માને છે. બંનેમાં ત્યાગી તથા સંસારી એ બે વર્ગ છે.

વૈદિક ધર્મ.

એ ત્રણ પ્રકારે પળાય છે. (૧) અવશ્યે વેદોક્ત કર્મની સાથે; (૨) અવશ્યે પુરાણોક્ત વિધાને અને (૩) અવશ્યે ત્યાગી ગુરૂના બોધપ્રમાણે. બ્રાહ્મણ ક્ષત્રી પહેલે પ્રકારે, બીજી ઊંચી જ્ઞાતિનો મોટો ભાગ વૈશ્ય-સચ્છૂદ્ર તે બીજે પ્રકારે અને રહ્યા તે ત્રીજે પ્રકારે પાળે છે. પહેલા પ્રકારમાં સંધ્યા, તર્પણ, વૈશ્વદેવ ને પંચાયતન દેવતાનું પૂજન વેદોક્ત મંત્રે કે પુરાણોક્ત વિધાને એ નિત્ય કર્મ છે. બીજામાં શિવપૂજા, સ્તોત્ર, જપ એ શૈવમાં છે; વૈષ્ણવવલ્લભીમાં બાળકૃષ્ણની મૂર્તિ કે શ્રીનાથજી કે જગન્નાથની છબી તથા આચાર્યની ગાદી, એની સેવા થાય છે અને કૃષ્ણનામની માળા જપાય છે; કોઇ સૂર્યને નમન કરે છે ને કોઇ ગાય કે તુલસીને પૂજે છે; રામાનુજી તથા રામનંદી તે રામનામની માળા જપે છે. ત્રીજા પ્રકારમાં સ્વામીનારાયણી તે લક્ષ્મીનારાયણની કે સહજાનંદગુરૂની છબી પૂજે છે કે એ ગુરૂની માનસિક પૂજા કરે છે ને માળા જપે છે; અને કેટલાક તે ગુરૂની પાવડી પૂજી તેના મહિમા કે જ્ઞાન ભક્તિના ગ્રંથ વાંચે છે. બીજો ત્રીજો પ્રકાર રાખવાવાળા કેટલાકને દહેરે મંદિરે જઇ દર્શન કરવાનો નિયમ હોય છે. છેક નીચી વિના બીજી બધી

જ્ઞાતિના લોક નિત્ય જમતાં પહેલાં દેવપ્રીત્યર્થ કંઇપણ કર્મ કરે છે ને તે નાહીને શુદ્ધ થઇને. સ્ત્રિયોનાં નિત્યકર્મમાં બ્રાહ્મણીઓ શિવપૂજન સ્તોત્ર જપ કરે છે અને બીજી ઊંચી જ્ઞાતિની તે ઠાકોર સેવા કે માળા જપે છે ને અવશ્ય દર્શને જાય છે. ત્યાગીમાં સંન્યાસી જે બ્રાહ્મણમાંથીજ થાય છે તે પોતાના કર્મ કીધાં ઉપરાંત બ્રહ્મજ્ઞાનના ગ્રંથ વાંચે છે કે સાંભળે છે. જોગી અતીત તે શિવનું સ્મરણ કીર્તન કરે છે; વૈષ્ણવ, વૈરાગી, સાધુ તે ગીતા પાઠ કરે છે કે શાલગ્રામ કે કૃષ્ણરૂક્મિણિ કે રાધાકૃષ્ણની મૂર્તિની સેવા કરે છે ને માળા જપે છે. બીજા પંથના સાધુમાં કોઈ દીપજ્યોતિને નમન કે કોઇ ગુરૂનામ જપ કરે છે અને રામાનંદી વગેરે તે અનેક પ્રકારે દેહકષ્ટ તપ કરે છે. બીજા નૈમિત્તિક કર્મમાં સગાંના મરણના ન્હાવાં, સૂતક પાળવાં, શ્રાદ્ધ-પ્રાયશ્ચિત્ત કરવાં, બ્રાહ્મણ સાધુ જમાડવા, તીર્થ વ્રતદાન કરવાં એ છે; માતાની આઠમે ને મોટે ઘેર કડે અવસરે ને મહામારીના સમયમાં મોટા હોમ થાય છે પણ તેમાં પશુને હોમવામાં આવતાં નથી. ઊંચી જ્ઞાતિયોમાં મદ્ય માંસના વાપરથી પતિત થવાય છે. બ્રાહ્મણો ઘણું કરીને શૈવ છે પણ વિષ્ણુનું પણ પૂજન કરે છે. રજપૂત, ભરવાડ, ભીલ, કોળી, તે દેવને જાનવર ચઢાવે છે.

મૂર્તિછબી—બ્રાહ્મણ પંચાયતન દેવતા પૂજે છે. તેમાં નાનકડો લંબગોળ પત્થર તે લિંગ કે બાણ કહેવાય છે ને તેને તાંબા રૂપાની બેસણી જળાધારી હોય છે; દેવી તે ધાતુની મૂર્તિરૂપે કે યંત્રરૂપે, ગણપતિ તે તાંબાપિત્તળની મૂર્તિરૂપે કે રતાસ પડતા પત્થરરૂપે, સૂર્ય તે સ્ફટિક પત્થર કે ધાતુના પત્રાંરૂપે ને વિષ્ણુ તે કાણુંવાળા ગોળ કાળા પત્થરરૂપે શાલગ્રામ નામે હોયછે. દહેરામાં શિવલિંગ તે વધારે મોટાં હોય છે ને તે કાશીવિશ્વેશ્વર, ભવાનીશંકર, રામનાથ, નીલકંઠ, ભીડભંજન એવે ઘણેક નામે પૂજાય છે ને તે તે નામથી દહેરાં ઓળખાય છે—કેટલાંક શિવલિંગ ઉપર ધાતુના નાગની ફેણ મુકે છે. શિવના દહેરામાં ગણપતિ, પાર્વતી, કાળભૈરવ એની પણ મૂર્તિ હોય છે.

દેવીની મૂર્ત્તિ કાળિકા, વાઘેશ્વરી, મહાલક્ષ્મી, ને બહુચરા તે ગોખમાં આંગી રૂપે[1] પૂજાય છે. ગણપતિની મૂર્ત્તિ સિંદુરથી પીળેલી હોય છે. વિષ્ણુ કે સૂર્યની મૂર્ત્તિવાળું કોઇ દહેરૂં નથી. વિષ્ણુના સ્વરૂપોની મૂર્તિ ઘણુંકરીને પાષાણની હોય છે ને તે શેષશાયી, લક્ષ્મીનારાયણ, રણછોડજી નૃસિંહજી, બાલાજી, મુરલીધર, રામ સીતા, ઇત્યાદિ નામે ઓળખાય છે. વલ્લભી મંદિરોમાં ધાતુના બાળકૃષ્ણ હોય છે ને દ્વારકાનાથ, શ્રી મદનમોહન, શ્રી ગોપાળવિલાસ એ આદિ નામની છબીઓ

---

૧ સરસ્વતિની મૂર્તિ નથી. મોર કે હંસ ઉપર બેઠેલી એવી છબી હોય છે પણ તે પૂજાતી નથી. માટીના શિવલિંગને શીળી સાતેમે માટીની શીતળાદેવી કરવામાં આવે છે. કાઠી રજપૂત આહીર તે કુળ દેવતાની લાકડાંની મૂર્ત્તિ ઘરમાં રાખે છે પણ ધૂપ દીપ કરતા નથી. સૂર્યની ને સમુદ્રની પૂજા તેની સામાં ઉભાં રહીને પણ કરવામાં આવે છે.

હોય છે બીજી પૂજાની મૂર્તિ તે હનુમાનની સિંદુર તેલ રગડેલી હોય છે; શિવાલયમાં નંદી તથા કાચબો; દેવીની સાથે તેનું વાહન સિંહ કે વાંઘ; બાલાજીની સામાં ગરૂડ; ને ગામની સીમઉપર ક્ષેત્રપાળ કે પાદર દેવી એ નામે પત્થર પૂજાય છે. ગંગાદિ કેટલીક દેવીની મૂર્તિ હોય છે. ઉપર કહી તે મૂર્તિમાંની ઘણીકની છબીપણ પૂજાય છે. કાર્યપરત્વે ગ્રહોના પૂજનને સારૂ ચિન્હવાળાં ધાતુના યંત્ર કે પત્રાંના કકડા પૂજાય છે.

પૂજાતાં પ્રાણી ઝાડ ફુલ—ઉપર કહ્યાં તે ઉપરાંત નાગ પાંચેમે નાગ પૂજાય છે ને નોળી-નોમે બૈરાં નોળીઆને પૂજે છે; અનંત ચૌદસે બળદ ને દસેરાએ હાથી ઘોડાને નીલકંઠ પક્ષી પૂજાય છે. ગાયનું પૂજન તો નિત્યને માટે કહ્યુંછેજ. ઝાડમાં પીપળો, તુલસી પૂજાય છે, ને ટાણે કે વ્રતમાં કે અનુષ્ઠાનમાં પૂજાતાં બીજાં તે બીલી, ખીજડો (શમી), પીપળો, વડ, આસોપાલવ, આમલી, કેળ, ચંપો, કદંબ એ છે. તૃણમાં દુર્વા દરોઆઠેમે ને જુવારા વ્રતમાં પૂજાય છે. આંકડો, ધંતુરો, નગોડ, કમળ, બીલ એ શિવને પ્રિય છે; રાતાં ફુલ કરેણાં, જાસુસ વગેરે તે ગણપતિ, સૂર્ય તથા શક્તિને; સફેત ફુલ ને તુળસી તે વિષ્ણુને અને દુર્વા તે માત્ર ગણપતિને. અઘેડો ને દર્ભ એ પવિત્ર મનાય છે.

વ્રત, હોમ, દાન, બ્રાહ્મણભોજન, દક્ષિણા.

વ્રત—પુરૂષ તથા સ્ત્રી સંસારી તથા સાધુ સર્વે કરે છે. એકાદશી, રામજયંતી, કૃષ્ણજયંતી એ શૈવ વૈષ્ણવ સર્વે પાળે છે; શૈવમાં શિવરાત્રિ, પ્રદોષ, નવરાત્રિ વગેરે છે ને વૈષ્ણવમાં દ્વાદશી, વામનદ્વાદશી, અનંત ચતુર્દશી, નૃસિંહ ચતુર્દશી વગેરે છે કે જેમાંના કેટલાંક તે શિવમાર્ગી પણ કિરે છે. સ્ત્રિયોને કરવાનાં બીજાં ઘણાંક વ્રત છે તેમાં કુમારિકાઓ યોગ્ય રૂડો વર મળે, સૌભાગ્ય વધે ને ભાંડુમાં હેત રહે તેને સારૂ કરે છે; સધવા સ્ત્રિયો અવશ્યે સૌભાગ્ય વધે, પતિ સુખી રહે, સમૃદ્ધિ વધે તેને સારૂ કરે છે અને વિધવા તે દેહકષ્ટવાળાં વ્રત કરે છે તે અવશ્યે પાપનો નાસ કરવાને બીજે ભવે સુખ મળે તેને સારૂ. નિત્ય સાંજસવાર હોમને સારૂ અગ્નિહોત્ર રાખનારાં બ્રાહ્મણનાં ઘર વડોદરૂં, લૂણાવાડા, સિધપોર, ભાવનગર, જામનગર, વગેરેમાં થઇને આજપણ પચ્ચીસેક હશે. મોટા હવન તે આશો શુદ ૮–૯ ને કોઈ કોઇ વાર મહામારીની શાંતિને માટે દેવી પ્રીત્યર્થ ઘણે ઘણે ઠેકાણે કરવામાં આવે છે. હોમનાં સમિધ-કાષ્ટ તે અઘેડા પીપળાનાં હોય છે ને હોમવાની વસ્તુ તે શાલ, તલ, ખીર, નાળીએર, સોપારી વગેરે હોય છે. વ્રતની સમાપ્તિએ ને શુભાશુભ કર્મના સંબંધમાં આહુતીઓ અપાય છે. કર્મ કે વ્રત નિમિત્ત કે ચાર પર્વણીએ દાન આપવામાં આવે છે; કેટલાક શ્રીમંતો કેટલાંક ગૌદાન નિત્ય આપે છે; લગ્ન તે કન્યાના દાનથીજ થાય છે; અન્ન, ભૂમિ,ઘર,ગજ,અશ્વ,ધાતુ,વસ્ત્રનાં દાન કરવામાં આવે છે. વૈદિક ધર્મનું રક્ષણ કર્તા બ્રાહ્મણ વર્ણ હોવાથી શુભાશુભ પ્રસંગે બ્રાહ્મણ જમાડવાનું પુણ્ય કહ્યું છે; કેટલાક પંથના લોક સાધુઓને અવશ્યે જમાડે છે. દાનને ભોજન એની સાથે દક્ષિણા અવશ્યે જોઇએ.

ખાવા પીવા, ચોકાનવેણ, અભડાવું, અભક્ષ્ય, અસ્પર્શ, સૂતક સંબંધી જ્ઞાતજ્ઞાતના જૂદા જૂદા આચાર છે. જીવ જવાની તૈયારી ઉપર મરનારને નવાડવું ને તરતની લીંપેલી ભોંય ઉપર સૂવાડવું ને શબને બાળવું એ રીતિ સાધારણ છે; પણ વળી સંન્યાસી તથા કેટલાક ત્યાગી દટાય છે કે બૂરાડવામાં આવે છે. સ્ત્રી રજસ્વળા ત્રણ દહાડા પાળે છે ને ચોથે દહાડે નાહીને ઘરનું કામ કાજ કરે પણ દેવ પૂજનની સામગ્રી કરે નહિ ને રસોઇ કરે નહિ. પ્રસૂતા ઊંચી જ્ઞાતિમાં તે છોકરો જણે તો ૩૦ દિવસ ને છોકરી જણે તો ૪૦ દિવસ કશાને અડકે નહિ. રજપૂત ગરાશીઆ, કાઠીમાં ૨૦ થી ૩૦ દિવસ સૂધી પાળે છે પણ દહોડ માસનું નહાણુ નહાયા પછી રાંધી શકે. કણબી કુંભાર ૯ થી ૧૮ દિવસ પાળે છે. મુવેલાંના સૂતક સંબંધી પિત્રાઇ તથા ગોત્રીઓને માટે જ્ઞાતજ્ઞાતના જૂદા નિયમ છે.

જાતરાના મોટાં ઠેકાણાં ગૂજરાતમાં આરાસુર ઉપર અંબાજી, ચુંવાળમાં બહુચરાજી, ડાકોરમાં રણછોડજી, સિદ્ધપુરમાં સરસ્વતિ, નર્મદા, રેવા તીર્થ એ છે; કાઠિયાવાડમાં દ્વારિકા, પ્રભાસ, તુળસી શ્યામ ને ગોપનાથ એ છે; વલ્લભી વૈષ્ણવને માટે સૂરતમાં બાળકીસનજી, ને સ્વામીનારાયણીને માટે વડતાળ ગઢડા એ છે. નર્મદા તટે તવરેસ્વરની જાતરા વીસ વર્ષે ને વાંસદા સંસ્થાનથી થોડેક દૂર ઊનાઇની તે ત્રીજે વર્ષે ભરાય છે. ગૂજરાતી વેદધર્મી લોક ગૂજરાત બહાર જાતરા જાય છે તે હિંગળાજ, કાશી, પ્રયાગ, ગયા, જગન્નાથ, રામેસ્વર એ છે; શ્રીનાથજી ને ગોકુળ મથુરા; સિંહના બૃહસ્પતિમાં નાશક, ત્ર્યંબક ને કુંભના બૃહસ્પતિમાં હરદ્વાર જાય છે. બાધા, માનતા મુકવાને પણ જાતરા જાય છે.

સંપ્રદાય ને પંથ—ગૂજરાતમાં ત્રણ સંપ્રદાય અને તીસ ઉપર પંથો છે. બ્રાહ્મણો સ્મૃતિમાં કહેલો આચાર જેવો શંકરાચાર્યે સ્થાપિત રાખ્યો તે શિવભક્તિનો સંપ્રદાય પાળે છે. કેટલાક બ્રાહ્મણ કણબી વગેરે તે રામાનુજાચાર્યનો વૈષ્ણવ સંપ્રદાય લક્ષ્મીનારાયણ, સીતારામ, એની ભક્તિનો અને વાણીઆ ભાટિયા વગેરે તે વલ્લભાચાર્યનો પ્રવર્ત્તવેલો બાળકૃષ્ણ ભક્તિનો પાળે છે. રામાનુજ સંપ્રદાયના લોક ઘણાજ થોડા છે. સાધુ ગુરૂઓએ ચલાવેલા પંથોમાં ઉતરતી જ્ઞાતિના લોક ઘણા છે. શંકરનો સિદ્ધાંત અદ્વૈત છે તે આવો કે એક જ્ઞાનમય આનંદમય આત્મા સર્વકાળ છે; તે વિના બીજું કંઇ પણ વસ્તુતઃ નથી; જગત-જીવ, કર્મ, કાલ, દિશા એ નિત્ય જેવાં ભાસે છે પણ વસ્તુતઃ નથી; કેમકે આત્મતત્વનું જ્ઞાન થયે તે ભાસ સમૂળો જતો રહી જીવ આત્મસ્વરૂપે થઇ રહેછે. સર્વ ચૈતન રૂપ અને આત્મજ્ઞાન તથા તેનું અજ્ઞાન એ બેએ મુક્તિ વળી ત્રણ ગુણ ધારણ કરનારી જે શક્તિ, માયા, પ્રકૃતિ જેથી જગતની ઉત્પત્તિ સ્થિતિ લય થયાં કરે છે તે શક્તિ આત્મતત્વ પોતે પોતાનાજ જ્ઞાનયોગના આકર્ષણના અગ્નિમાં પોતાપણું હોમી દઇ આત્માજ થઇ રહે છે. સગુણ જીવે સ્વરૂપ જ્ઞાને નિર્ગુણ થઇ રહેવું એ મોક્ષ. રામાનુજનો સિદ્ધાંત વિશિષ્ટા

દ્વૈત આવો કે પરમેશ્વર એક પણ સગુણ છે; પરમાત્મા એ કારણ ને જગત એ કાર્ય છે; નારાયણે ઇચ્છા કીધી કે હું ઘણે રૂપે થાઉં ને પછી પોતાનામાંજ રહેલા ગુણોને બહાર પાડી તે વડે જગત ઉત્પન્ન કીધું, પણ સત્તા પોતાનીજ રાખી છે. ચેતન, જડ ને ઇશ્વર એટલે ભોક્તા જીવ, ભોગ્યવસ્તુ ને એ બંનેનો નિયંતા ઇશ્વર છે. વિષ્ણુએ પોતાના ઉત્પન્ન કીધેલા જીવોના ઊદ્ધારને સારૂ જૂદેજૂદે કાળે જૂદેજૂદે આકારે અવતાર લે છે. જીવે વિષ્ણુમાં મળવું કે તેના જેવું થવું કે સદા વૈકુંઠમાં આનંદમાં વાસ કરવો એ તેની મુક્તિ છે. વલ્લભનો સિદ્ધાંત શુદ્ધાદ્વૈત આવો કે જગતને જગદીશ્વર એ જુદાં નથી; જગત સત્ય છે; જીવ અણુમાત્ર છે ને નિત્ય સેવક રૂપે છે; જીવે ગોપી સ્વરૂપ પ્રાપ્ત કરી ગોલોકમાં અખંડ રાસનો આનંદ લેયાં કરવો એ તેની મુક્તિ છે. કર્મપ્રમાણે ગતિ, જન્માંતર એ ત્રણે સંપ્રદાયમાં છે. શંકરે[૧] શિવની, રામાનુજે નારાયણ, વિષ્ણુ ને અંશાવતાર રામનીભક્તિનો અને વલ્લભે બાળગોપાળની ભક્તિનો બોધ કીધો.

નિર્ગુણ ઇશ્વરનો ને સદાચરણનો બોધ આપનારા પંથો કબીરનો[૨], દાદુનો[૩], સંતરામનો[૪], માધવાનંદી[૫], પ્રણામી[૬] એ ને બીજા તે નિમોહી, નીમાનંદી, જ્ઞાનીજીનો, નિરાંતપંથ નાનકનો[૭] ઉદાસી વગેરે છે.

---

૧ શંકર બે હજાર વર્ષ ઉપર કે કેટલાક પંડિતોને મતે ઇ. સ. ૭૮૯માં જનમ્યો હતો; રામાનુજ ઇ. સ. ૧૧૨૭ માં અને વલ્લભ ઇ. સ. ૧૪૭૯માં. શંકરે ધર્મ વ્યવસ્થા માટે સંન્યાસી શિષ્યોને અધિકારી ઠેરવી ચાર મોટા મઠ સ્થાપ્યા હતા. તેમાં એક દ્વારિકામાં શારદા મઠ હતો જે હજી એ છે; બારમા શૈકામાં જૈન ધર્મની સત્તા વધી પડેથી તે મઠનો દોર તૂટયો હશે. રામાનુજે પણ મઠ સ્થાપ્યા હતા.

૨. કબીર કાશીતરફનો ઇ. સ. શૈકા ૧૫ ની શરૂઆતમાં હતો. તેણે કર્મ તથા મૂર્ત્તિનો નિષેધ કરી એક સર્વ વ્યાપક રામનું ભજન કરવાનો બોધ આપ્યો હતો. તેના સાધુઓએ ગૂજરાતમાં આવી કારીગર જાતિના ઘણાકને પોતાના પંથમાં લીધા. કબીરજીનો પુત્ર કમાલ પણ મોટો ભગત કહેવાતો હતો.

૩. દાદુ અમદાવાદમાં જન્મેલો પણ પછી અજમેર જઇ રહ્યો હતો. તે ઇ. સ. શૈકા ૧૭ ની શરૂઆતમાં હતો, તેણે વેદાંતનો બોધ કીધો. તેના સાધુઓ સતનામ બોલે છે.

૪. સંતરામ એ સો વર્ષઉપર હતો, વેદમાં કહેલો ઇશ્વર સાચી વસ્તુ છે, સંત સમાગમ કરવો, સદાચાર પાળવો એ તેનો બોધ હતો. નડીઆદમાં મુખ્ય ગાદી છે, ત્યાં ઘીનો દીવો અખંડ બળે છે.

૫. માધવાનન્દ ૪૦-૫૦ વર્ષઉપર હતો, મૂર્ત્તિને માનતા નથી, સ્નાન રજસ્વળા નહિ, ગૃહણ પાળતા નથી, શ્રાદ્ધાદિક નહિ, આત્મા એજ પરમેશ્વર, ઉપવાસાદિ દેહકષ્ટ કરતા નથી, મૂર્તિ ગુરૂ પૂજાનો નિષેધ, વેદને માનેછે, સાધુ પીળાં કપડાં પહેરે છે, રૂદ્રાક્ષની કંઠી ઘાલે છે ને કપાળે સુખડની આડ કરે છે.

૬. પ્રણામીમાં મૂર્તિપૂજા નહિં, પુસ્તકને ફુલ ચઢાવી આરતી કરે છે. એ પંથમાં કુરાનની પણ કેટલીક શિક્ષા છે. મેહેરાજ ઠાકોર શિષ્ય થયા તેથી મેહેરાજ પંથ પણ કહેવાય છે. એ પંથ ૪૦૦ વર્ષ ઉપર જામનગરમાં સ્થપાયો.

૭. નાનક ઇ. સ. ૧૪૫૯માં હતો.

સગુણ જગદીશ્વરની ભક્તિ પ્રવર્તાવનાર પંથોમાં રામાનંદી ને સ્વામીનારાયણી[૧] બે મોટા છે. એ બેનો સિદ્ધાંત રામાનુજને અનુસરતો છે પણ એક રામની ઉપાસના કરાવે છે ને બીજો તે કૃષ્ણની. બંનેમાં સંસારીને સાધુ એમ બે વર્ગ છે, પણ રામાનંદી ત્યાગી સાધુ દેહકષ્ટવાળાં મોટાં તપ કરે છે, જે સ્વામીનારાયણી સાધુ કરતા નથી. રામાનંદીમાં સંસારી જન રામનામ મંત્ર જપે છે ને મંદિરોમાં રામ લક્ષ્મણ જાનકીનાં દર્શન કરે છે ને એકાદશી તથા પાંચ જયંતી પાળે છે, મંદિરના સાધુ ગમ કથા કરેછે, જેમાંના કેટલાક ગૃહસ્થાશ્રમ રાખે છે. રામાનુજથી પાંચમી પેઢીએ તે સંપ્રદાયનો રામાનંદ નામનો સાધુ તેણે પંથ ચલાવ્યો (ઇ. સ. શેકા ૧૪-૧૫). રામાનંદી પંથમાંથી બે ઉપપંથ નિકળેલા તે **નિરંજન** ને રામ સ્નેહી એ નામે ઓળખાય છે. સ્વામીનારાયણમાંથી હરિકૃષ્ણ[૨] મહારાજે નવો પંથ કાઢેલો પણ તે વધી શક્યો નહિ. વલ્લભી ગોસાઇના આચારથી ગોકુળનાથજીએ જુદો આચાર ચલાવ્યો આવો કે ઠાકોર નહિ પણ ગુરૂની પાવડી પૂજવી ને તે ઉપરથી પાવડીઆ વૈષ્ણવ કહેવાય છે. તેઓનો તિલક વગેરે આચાર જૂદો હોય છે. રાધાવલ્લભીમાં રાધાકૃષ્ણની ધાતુની મૂર્ત્તિની સેવા કરવી, લાડ લડાવવાં; ગીતા ભાગવત માને છે. ગો બ્રાહ્મણનું પોષણ કરવું. રણછોડ ભગતનો પંથ, જગા પંથ વગેરે.

માર્ગીપંથ—અખંડ વિદેહ ઇશ્વરની ભક્તિ કરવી અને જગતમાં ઇર્ષા, ક્રોધ તજી સમદૃષ્ટી રાખવી. ભૂખે પીડાતાને આપવું, તીર્થ વ્રત કરવાં, એ બોધ આપે છે; એજ અનાદિ ધર્મ છે, આસરે બસેંક વર્ષ ઉપર વઢવાણ પાસે દૂધરેજ ગામ છે ત્યાં ગોદડ બાવો જીવણદાસ અને અતીત આઓ તથા છડ્ડો એ ત્રણે મળી પંથ ચલાવ્યો. બીજડાપંથ માર્ગીને અનુસરી વર્તે છે; પણ શિવ શક્તિને પૂજે છે. બીજડાના ઝાડને તથા લાલજીની મૂર્ત્તિને પણ શ્રંગાર સેવા કરે છે. ગુરૂનું સ્મરણ કરે છે. **બીજપંથ** શેકા ૧૪માં મારવાડના રણુજા ગામના ઠાકોર રામદેવે કાઢયો; સુદ બીજે ચંદ્ર જોઇ જમવું ને બાજઠ ઉપર દીવો કરી આખી રાત ભજન કરવું. એ પંથમાં કેટલાક મુસલમાન છે; કેટલેક ઠેકાણે રામદેવનો ઘોડો પણ પૂજાય છે.

---

૧. સહજાનંદ એ સાધુને વેષે ફરતો ધોળકામાં રામાનંદ સંપ્રદાયના મુક્તાનંદ સાધુને મળ્યો ને એણે મઠનો અધિપતિ કીધો અને પછી એ બે જણે મળી કૃષ્ણભક્તિનો માર્ગ ચલાવ્યો ઇ. સ. ૧૮૦૦માં. એના સાધુ સ્ત્રિઓની સામા જોતા નથી, અન્ન ભેગું કરી જમે, એકાદશીના અપવાસ કરે, ચાતુર્માસમાં એક દિવસ અપવાસ ને એક દિવસ જમે. શિક્ષાપત્રી ને વચનામૃતની આજ્ઞાપ્રમાણે વર્તવું, સહજાનંદની છબી કે પગલાં છાપાં પૂજી નારાયણનું ધ્યાન ધરવું, એ એનો બોધ છે.

૨. સને ૧૮૬૦માં પંથ ચલાવ્યો, ૧૮૬૮માં ગુજરી ગયો, એ ચુડાનો આદિત્ય સહસ્ત્ર બ્રાહ્મણ હતો.

ઇમામશાહી—શિવોહં શિવોહં એ મંત્રની માળા શિષ્યો ફેરવે છે. બારેમાસની બીજ તથા ગુરૂવારે અપવાસ કરે છે; રોજા મહિનો કરે છે પણ તાબુત કરતા નથી. કણબીઓ શિષ્ય છે તે મિતયા કેહેવાય છે. સુન્નત કરતા નથી, દાઢી રખાવતા નથી, બ્રાહ્મણ પાસે ક્રિયા કરાવતા નથી, મઠના મુખી કણબી તે કાકા કહેવાય છે, એનાં મુડદાંને દાટે છે, બીજા સેવકોના મુડદાં બાળે છે પણ હાડકાં ઇમામશાહીની હદમાં દાટવામાં આવે છે. ઇમામશાહ તે ઇરાનનો સૈયદ ઇ. સ. ૧૪૪૯માં ગુજરાતમાં આવી ધોળકા પાસે પીરાણા ગામમાં રહ્યો હતો.

શક્તિપંથ—(વામમાર્ગ), એ હમણા બ્રાહ્મણોમાં કહીં કહીં છે. **લક્ષ્મણગીરનો** પંથ શિવ પૂજા કરવી, વેદોક્ત કર્મ માનવાં, એ બોધ કરે છે. **કુબેરપંથ**—પચાસ વર્ષ ઉપર આણંદ તાલુકાના સારસા ગામના તળબદા કોળી કુબેરદાસે રામાનંદી બાવાનો ઉપદેશ લીધેલો તેણે નિરાકારના ભજનનો ચલાવ્યો છે.

ગોડીઆનો—ગોડદેશમાં નિત્યાનંદ સાધુનો તે નિરાકારને મનાવે છે, ને આચાર ચોખ્ખો રખાવે છે. **ગોપાળદાસે**—શબ્દબ્રહ્મનો ઉપદેશ કીધો છે પણ વેદના કર્મને તે માનતા નથી, ભજન દાન કરાવે છે; જેની સુરત ઇશ્વરમાં તેનો જન્મ નહિ, સુરત જેમાં જાય તેનો જન્મ પામે. **ભાભારામનો**-કણબી મરે છે. ત્યારે એ સેજ આપે છે; અગિયારમાને દહાડે એ પંથના સાધુને ને બારમાને દહાડે બ્રાહ્મણને. તેઓ દીવો બાળે છે; મુખ્ય સાધુ વસો પાસે દેવા ગામમાં રહે છે.

ઝાંપડાપંથ—ધંધુકા પાસે જાલોડામાં. **નરસિંહબાવાનો**—એ બાવાનું સ્મરણ કરવું, ગુરૂ કે ગાદી નથી. **પ્રાર્થનાસમાજ**—એ મતનાં માણસો દર રવિવારે એક ઇશ્વરની પ્રાર્થના કરે છે. વેદ તથા કર્મ તથા દેવ ખોટાં છે, એવું તેનું મત છે. એ ઉપરાંત શૈવ સાધુના દંડી, જોગી, જંગમ અઘોરી, ઉર્ધ્વબાહુ, આકાશ મુખી વગેરે પંથો છે તેમ વૈરાગી ખાખીના પણ છે.

કોઇ કોઇ હિંદુ રોગ સંકટ ટાળવાને મુસલમાન પીરોની માનતા રાખે છે ને કબરે દીવો કરે છે, ધૂપ કરે છે ને ખાવાનું મૂકે છે વગેરે.

જૈનધર્મ.

એ ધર્મ પાળનારી સંસારી વસ્તીનો મોટો ભાગ મૂર્તિપૂજક છે. તેનું નિત્ય કર્મ આવું કે સવારે પથારીમાંથી ઉઠી એક ઠેકાણે બેસી દિવસમાં પાળવાનો નિયમ આદરવો; પછી દહેરે જઇ ગરમપાણીથી નાહી તીર્થંકર પ્રભુને ચંદન ફુલ ફળ ચઢાવવાં ને ધર્મ સંબંધી વ્યાખ્યાન થતું હોય તે સાંભળવું; પછી ઘેર આવી દાતણ કરી જમવું. વળી પાછલે પહોરે દહેરે જઇ પૂજન દર્શન કરી આવી સાંજ પહેલાં જમવું ને રાતે ધ્યાન સ્મરણ કરી સૂવું.

મૂર્તિ નિત્ય પૂજાતી તે અમુક તીર્થંકરની હોય છે.[૧] ને બીજી કેટલીક તે દેવતાઓની ને

---

૧. વેદધર્મીમાં ચાર યુગ તેમ જૈન ધર્મીમાં ૬ આરા કહેવાય છે. તેમાં ત્રીજા આરામાં નાભિરાજના પુત્ર ઋષભદેવ તે પહેલા તીર્થંકર મનાય છે. કાળે કાળે ધર્મનું સંસ્થાપન કરવાને જે આચાર્ય અવતરે તે તીર્થંકર ને તે ૨૪ થઇ ગયા છે. બાવીસમા નેમીનાથ, તેવીસમા પાર્શ્વનાથ ને ચોવીસમા મહાવીરસ્વામી તે વિક્રમ પહેલાં ૪૭૦મે વર્ષે અહીંથી પરવારી જઇ સિદ્ધ રૂપે થઇ રહ્યા.

B 521—?

કોઇ કોઇ સાધુની હોય છે. કોઇ શ્રીમંત વળી પોતાને ઘેર મૂર્તિ પૂજા રાખે પણ ઘણું કરીને સૌએ દહેરે જવાનોજ ચાલ છે. પદ્માસનવાળી બેઠેલી એવી મૂર્તિ આરસ પહાણની હોય છે. તેને વસ્ત્ર પેહેરાવતા નથી પણ કોઇ કોઇ ઠેકાણે સવારે આંગી ચોઢે છે; ઘરેણાં પહેરાવવામાં આવે છે. પૂજારી ઘણે ખરે ઠેકાણે ભોજક છે ને કોઇ કોઇ દહેરે બ્રાહ્મણ કે શ્રાવક વાણિયા પણ હોય. જાતરાના ઠેકાણાંમાં પાલીતાણા પાસે શેત્રુંજાની ડુંગરી ઉપર આદિનાથના દર્શનનું છે; ત્યાં બીજાં દહેરાં પણ છે. ગીરનારના ડુંગર પર દહેરાંઓ છે તેમાં નેમિનાથનું અવશ્ય દર્શન કરવાનું છે. પારકરમાં (રણની પશ્ચિમે) ગોડી પાર્શ્વનાથ ને તારંગ ઉપર અજિતનાથ છે. આબુ[1] ઉપર આઠ ને અંબાજીની ડુંગરી ઉપર પાંચ દહેરાં છે. જંબુસર પાસે કાવીમાં ત્રણ દહેરાં, અમદાવાદથી ચાર કોશ ઉપર નેરવાડામાં એક દહેરૂં ને અમદાવાદમાં ઝવેરીવાડામાં ભોંયરામાં દહેરાં છે; જામનગરમાં કેટલાંક દહેરાં છે. ગૂજરાતની બહાર તે કેસરીઆજીની જાતરાએ જાય છે; બંગાળામાં સપેત શિખરના દહેરાંની ને દક્ષિણમાં આંત્રી પારસનાથની છે.

વ્રત.—પુરૂષ તથા સ્ત્રી બંનેએ કરવાનાં તે આવાં: દાતણ કરવા સંબંધી—નવકારસી તે બે ઘડી દિવસ ચઢ્યાસૂધી હમેશ દાતણ ન કરવું; બે ઘડી, પહોર દહોડ પહોર દિવસ ચઢે બે હાથ જોડી નોકાર ત્રણ ગણી દાતણ કરવું; ખાવા પીવા સંબંધી, એક ટંક જમવું, મોળું જમવું, દિવસના નવ વાગેથી પાંચ વાગતાસૂધી ઉનું પાણી પીવાની છૂટ વગેરે. આગલા દિવસના પાંચ વાગેથી તે ત્રીજા દિવસના સવારના નવ વાગતાસૂધી કંઇ પણ ખાવું પીવું નહિ; બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત આઠ દિવસ અપવાસ કરવાનાં વ્રત. લાગલાગટ પંદર કે તીસ દિવસ અપવાસનાં વ્રત. એક દિવસ આંતરે આંતરે અપવાસ ચાર માસ કે છ માસ કે વર્ષસૂધી કરવાનાં વ્રત. બીજનું તે દર માસની સુદ બીજે તેવીઆર અપવાસ કરે, એમ બે વર્ષસૂધી કરે ને ઉજમણામાં શ્રીફળનું લાણું કરે. **પાંચમનું** વ્રત તે પાંચ વરસ ને પાંચ માસનું, દરેક માસની સુદ પાંચમે તેવીઆર અપવાસ કરવો. **આઠમ વ્રત** તે આઠ વર્ષસૂધી દરેક માસે સુદ આઠમે અપવાસ કરવો. **એકાદશી વ્રત** તે અગિયાર વર્ષ ને અગિયાર માસનું, દર માસની સુદ ૧૧ નો અપવાસ. **પુનેમનું વ્રત** એક વર્ષનું. પુનેમ અમાસના ચોવીઆર અપવાસ કરે. **પાંખી ચૌદસ**—દર માસની સુદ તથા વદ ૧૪એ ચોવીઆર અપવાસ કરે ને સાધુ વૃત્તિથી દિવસના ૮ થી રાતના ૮ સૂધી એક સ્થાને બેશી રહેવું. **સ્થાનકની ઓલી**—સુદ તથા વદની ૫,૮,૧૧,૧૪ એવા જ્યારે ૨૦ અપવાસ કરે ત્યારે એક ઓલી કહેવાય. વીસ ઓલી તે ૪૦૦ અપવાસની. એ ઉપરાંત પુનેમ તથા અમાસના અપવાસ ૫૦ મેળવતાં ૪૫૦ થાય ત્યારે ૨૦ સ્થાનની ઓલી થઇ કહેવાય વગેરે વગેરે.

---

૧. જૂનામાં જૂના દહેરાં તે આબુ તથા ચંદ્રાવતીનાં છે ને તે સંવત ૧૧૦૦ થી તે ૧૪૦૦ સૂધીમાં બંધાયાં છે. જૈન દહેરાં પ્રથમ બંધાયાં તે સંવત ૪૧૨ માં નવા આચાર્ય માનતંગ સુરીના કાળમાં; કોઇ કહે છે કે તેની પહેલાં હતાં પણ તે પ્રસિદ્ધ નહોતાં.

સ્ત્રીએ કરવાનાં ખાસ વ્રતમાં દશ પચકાણ નાના તે શ્રાવણ સુદ ૫ થી ૧૫ સુધીના. પેહેલે દિવસે અપવાસ ચોવીઆર, બીજે દિવસે એકાસાંણું, ત્રીજે દિવસે એક ટંક લૂખું ખાવું, ૪ થે રસકસ વિના એક ટંક ખાવું, પાંચમે એક કોળીઓ જમી પછી ચોવીઆરવાળી બંધ રહેવું, ૬ઠે એક ટંક ખીર ખાવી, ૭મે તળીતાવી પકવાન વગેરે ખાવું, ૮મે ઘઉંની ચીજ એક ટંક ખાવી, ૯મે અંગ હલાવ્યા વિના એક ટંક ખાવું, ફક્ત એક હાથ જમણો હાલે, ૧૦મે ચોવીઆર અપવાસ. દશ પચકાણ મોટામાં વધારે અપવાસ વધારે નિયમો છે. કલ્યાણિકવ્રત, પાંચ વર્ષનું તેમાં ૧૫ ના અપવાસ. હમેશ માગશરની ૧૧થી આરંભ. એ મુન અગિયારસ કહેવાય. એ એક વર્ષ કરે અથવા પાંચ કરે તો પાંચ કલ્યાણિકવ્રત પુરૂં થાય. પા ઘડીઆ ચાર દિવસનું. રોજ બપોરે પા ઘડીમાં જમી પાણી પીઇ પછી બંધ કરી ચોવીઆર વાળી રહેવું. ઘડીઆ, સોળ દિવસનું, રોજ બપોરે એક ઘડીમાં જમી, ઉપર પ્રમાણે નિયમે રહેવું. બે ઘડીઆ, બતરીસ દિવસનું, બપોરે બે ઘડીમાં જમી ઉપર પ્રમાણે રહેવું. ઓચ્છવટાણા—શ્રાવણ વદ ૧૧ થી તે ભાદરવા સુદ પાંચેમ સુધી પચૂસણ ચાલે છે.

ધર્મવ્યવસ્થા—રાખનારા તે આચાર્ય શ્રીપૂજ તથા યતિ સાધુ અને ત્યાગીઓછે. તીર્થંકર મહાવીરને ૧૧ શિષ્ય હતા. તેઓએ પોત પોતાના વાડા કીધા, જે ગચ્છ કહેવાયા. ત્રણ શિષ્ય એક મતે રહ્યા ને બીજા આઠના આઠ મળીને નવ ગચ્છ[1] બંધાયા. શ્રીપૂજ પરણતા નથી પણ ગાદી પતિ દાખલ મોટો ઠાઠ રાખેછે; તે પોતાના જથાના સર્વ યતિ ઉપર સત્તા ચલાવે છે ને એ યતિયોમાંથી એકાદો જે વીસા પોરવાડ કે ઓસવાળ હોય તે ચેલાને પોતાની ગાદીનો વારસ ઠરવેછે. યતિયો અપાસરામાં રહી પોતાના ધર્મ કર્મ કરેછે ને શ્રાવકોને ધર્મનાં વ્યાખ્યાન સંભળાવેછે. તેઓ કોઇપણ જાતના છોકરાને નાની વયે ખરીદ કરેછે ને પછી દશ આગિયાર વર્ષે વિધિએ પોતાનો ચેલોવારસ કરેછે. સાધુવૃત્તિયે રહેનારી સ્ત્રી આર્જા તે યતિની પેઠે વર્તે છે ને સંસારી સ્ત્રી શ્રાવકીઓને ધર્મબોધ કરેછે. ત્યાગી સાધુઓ મનના વિકારથી રહિત થવાનો અભ્યાસ કરેછે ને કેટલાક નિયમ પાળેછે જેવા કે હમેશ પાણી ગરમ કરેલું ઠારીને પીવું, રાત્રે ખાવાનું પીવાનું કાંઇપણ ખપે નહિ, જમીનઉપર પથારી તેમાં ધાબળીના ત્રણ પડવાળી પથારી કરી તે પર સૂવું, ઉઘાડે પગે હમેશ ચાલવું, રસ્તામાં કે પરદેશ જવામાં કોઇપણ જાતના વાહનપર બેસવું નહિ, ચોમાસામાં સ્થલાંતર કરવું નહિ.

---

૧. એ નવ શિષ્યોમાં એક ભટ્ટાર્કજી હતા ને તેઓએ જે સંપ્રદાય ચલાવ્યો તે દિગંબરી કહેવાય છે. તે મતે મૂર્ત્તિઓને સણગાર રહિત રાખવામાં આવે છે; સાધુઓ કાથા રંગનું વસ્ત્ર રાખે છે; ને ઓઘો મોર પીછનો રાખે છે—સાધુઓને પાળવાના નિયમ વધારે સખત છે. ગૂજરાતના જૈન ધર્મીનો મોટો ભાગ તે શ્વેતાંબરી છે, સાધુઓ સફેતવસ્ત્ર ને ઓઘો રાખે છે. શ્વેતાંબરી ગચ્છોમાં લોંકાગચ્છના અથવા ઢુંઢિયા તે મૂર્ત્તિ પૂજતા નથી, ને મૂર્ત્તિ પૂજક તે તપા ગચ્છના કહેવાય છે. પાછળથી જગા તથા આચાર્યો ઉપરથી ચોરાસી ગચ્છ કહેવાયા પણ તેમાંના હાલ થોડાકજ રહ્યા છે.

સિદ્ધાંત—(૧) જગતને કોઈ કર્ત્તા નથી પણ તે અનાદિ કાળથીછે; તેનો નાશ નથી. (૨) તેના દરેક પરમાણુંમાં જીવછે; કેટલાકને ગતિ કરવાની શક્તિ હોયછે ને કેટલાકને નથી હોતી; કોઇને થોડી ને કોઇને ઘણી ઇંદ્રિઓ હોયછે. (૩) જીવ મુખ્યત્વે પાંચ ગતિયે હોયછે—તિર્યક, નારકી, મનુષ્ય, દેવતાને સિદ્ધ. (૪) જીવમાત્ર કર્મને વશછે એટલે સારાં નરસાં કર્મ પ્રમાણે ગતિ પામેછે; દેવતાઓ પણ કર્મના નિયમને આધીનછે; ઉપર કહી તે પાંચગતિમાં પહેલી બે તે નઠારાં કર્મથી છે. (૫) સિદ્ધ પદ સઘળુંઊંચું ને આખુંછે તેથી તેને મનુષ્યના કામસાથે સંબંધ નથી; સિદ્ધ અમર છે ને એ પદ જીવ પામે એ તેની જન્માંતરના ફેરાથી મુક્તિ ને પૂર્ણ સુખરૂપ મોક્ષછે. (૬) કોઈપણ મનુષ્ય ધર્મના દેહકષ્ટાદિ નિયમ પાળવાથી સિદ્ધ જેવો કે સિદ્ધ થાય; મનુષ્યજ સિદ્ધનું પદ પામે. (૭) કોઈપણ જીવજંતુને પીડા ન થાય પણ સુખ થાય તેવું કરવું, વ્રત નિયમે અપવાસ કરવા અને પુણ્યશાળી દેવતા તીર્થંકર સિદ્ધ સાધુની ભક્તિએથી જીવનું પરમ કલ્યાણ છે.[1]

મુસલમાન વસ્તી.

વસ્તી બ્રિ૦ ખાલસા પાંચ જીલ્લાંમાં ૨,૮૮,૨૩૦ તથા કચ્છ, કાઠિયાવાડ, પાલનપુર મહીકાંઠા, રેવાકાંઠા, વડોદરા, ખંભાત, સૂરત એજન્સીમાં ૭૦, ૫૦૯૪ મળીને ૯, ૯૩,૩૨૪ છે.

ગૂજરાતના મુસલમાનમાં થોડોક ભાગ પરદેશી લોહીના અંશવાળો છે પણ બહુ મોટો ભાગ તે હિંદુ વટલી મુસલમાન થયલા એવાઓનો છે. સાતમી સદીની વચમાંથી તે અઢારમી સદીની આખર સૂધી પરદેશી મુસલમાને ગૂજરાતમાં આવ્યાં કીધું. પહેલા આવનાર આરબ હતા, તે બગદાદના વહાણના કાફલાના ખલાસી તથા સિપાઇને[2] ગૂજરાતના કાંઠા લૂટવા તથા જીતવાને ૭-૮-૯ મી સદીમાં મોકલવામાં આવ્યા હતા. બીજા આવનારા તે ઇરાની અખાત તરફના વેપારી હતા ને તે ઘણાક ૯-૧૦મી સદીમાં ગૂજરાતનાં મોટાં શહેરોમાં આવી રહ્યા

---

૧. શ્વેતાંબર મતે સ્ત્રી કે હરકોઈ નીચ જાતનો તે તપ તથા સુકૃતથી મુક્તિ પામેછે; દિગંબર મતે સ્ત્રીને મોક્ષ નથી, ધર્મ ક્રિયા કરવાનો કે મૂર્ત્તિને અડકવાનો સ્ત્રીને અધિકાર નથી. કર્મ તે જીવસાથે દૂધ પાણી પેઠે મળેલું છે, પણ દિગંબર કહે છે કે જીવના આઠ અંશને કર્મ સાથે સંબંધ નથી. એક મતે ધર્મના યુદ્ધમાં સામે થનારને મારી નાખવામાં ધર્મ છે પણ બીજે મતે યુદ્ધમાં પણ માણસને મારી નાખવો નહિ. એક મતે સાધુને ઘણી ભૂખ લાગી હોય તો ઉદ્ભિજ ખાય. ટાઢું પાણી પીએ; બીજા મતે મરવું બહેતર પણ ઝાડેથી તોડી ફળ ખાવું નહિ. એક મતે તીર્થંકર સર્વોપરિ દેવતા છે ને બીજે મતે તે દેવતા નથી પણ પરમગુરૂ છે. એક મતે સાધુ ચેલાના કાન વીંધે છે પણ બીજે મતે નહિ. શ્વેતાંબરમાં કેટલાક તે ૪૫ ને કેટલાક તે ૩૨ સૂત્રને માને છે પણ દિગંબર તે માત્ર ૧૦ મૂળસૂત્રને માને છે.

૨. ઇ. સ ૬૩૬માં ખંભાતના અખાતના બંદરો ઉપર હુમલો થયો; ૭૩૦માં ભરૂચ ઉપર; ૭૫૮ને ૭૭૮માં કાઠિયાવાડના કાંઠા ઉપર; અને ૮૩૦માં સિંદાન ઘણું કરીને કચ્છમાં આરબો એ લેઇ થોડાંક વર્ષ રાખ્યું હતું.

હતા; અન્હિલવાડના રજપૂત રાજા તેઓના ઉપર મહેરબાની રાખતા ને તેઓને પોતાનો ધર્મ પાળવાની મસજીદ બાંધવાની છૂટ આપતાં. પછી ઉત્તર તરફથી ૧૧-૧૨મી સદીમાં હુમલા કરનારા આવ્યા; તો પણ અલિફ્ખાને ઇ. સ. ૧૨૯૭માં ગૂજરાતની હાકમી મેળવી ત્યાં સૂધી કાંઠાનાં થોડાંક શહેર સિવાય ગૂજરાતમાં બહુજ થોડા મુસલમાન હતા. ૧૩મી સદીની આખરથી તે ૧૭મીની આખર સૂધીમાં ખુશકીએ તથા દરીએ પરદેશી સીપાઇ, વેપારી રાજાને આશ્રયે આવેલા ગુલામ, એ સૌએ ગૂજરાતમાં આવ્યાં કીધું. વળી સોળમી સદીની શરૂઆતમાં શીઆ વેપારી વહોરાનો મુલ્લા થોડાંક માણસો સાથે યમનથી આવ્યો; સત્તરમી સદીના વચગાળામાં જંજીરાના સીદી તે મોગલ કાફલાના સરદાર દાખલ સૂરતમાં રહેતા થયા; અને ૧૮મી સદીમાં પગાર લેઇ સીપાઇની નોકરી કરવાને આરબો અને ઇરાનથી રાજભયે નાઠેલા તે આવ્યા.

દેશીઓ વટલી મુસલમાન થયલા તે કેટલાક સમજાવ્યાથી ને બીજા તે જૂલમથી. ધર્મનો બોધ કરનારા ભણેલા તે પોતાની ખુશીથી કે બાદશાહના બોલાવવાથી ગૂજરાતમાં આવેલા ને તેઓએ સમજાવીને કેટલાક હિંદુને મુસલમાન કીધા. અલિફ્ખાને (૧૨૯૭-૧૩૧૭) હાકમીને જોરે અન્હિલવાડથી તે ભરૂચસૂધી મુસલમાન ધર્મ દાખલ કીધો હતો; અમદાવાદના ત્રણ બાદશાહ સુલતાન મહમદ, મહમૂદ બેગડો ને મહમૂદ બીજો એઓએ ઇસલામ ધર્મનો ફેલાવો કરવાને ઘણી મહેનત લીધી હતી. વળી દિલ્હીના બાદશાહ જહાંગીર ને ઔરંગજીબ એ એ.એ હિંદુઓને જબરદસ્તીથી મુસલમાન કરવાની કોશિશ ચલાવી હતી.

પરદેશી મુસલમાનપરદેશીના ચાર વર્ગ છે-સૈયદ, શેખ, મોગલ ને પઠાણ; અને બીજા ૧૭ જથા છે તેની હકીકત ઉપરથી જણાય છે કે તેઓ પરદેશી ઓલાદના અંશવાળા છે. એ ચાર વર્ગના મર્દ ઘરમાં ઉરદુજ બોલે છે અને જો કે તેઓના ચહેરા જૂદા નથી પડતા તોપણ તેઓના દેખાવથી બાળ રાખવાની તરેહથી, ને પહેરવેશની છટાથી તેઓ ઓળખાઇ આવેછે. એ ચાર વર્ગના બૈરાં સાધારણ દેખાવમાં સરખાંજ છે પણ નવાં આવેલાં પઠાણના બૈરાં તે વધારે મોટાં તથા ચામડીના રંગમાં વધારે ઊજળાં છે.

સૈયદ-ગૂજરાતના બધા ભાગમાં છે; તેઓ પેગંબરની દીકરી ફાતમા તથા એનો ખાવિંદ અલી એની ઓલાદના કહેવડાવે છે. ગૂજરાતમાં મુસલમાની હાકમી વખત જે સૈયદો તુર્કસ્તાન, આરબસ્તાન ને મધ્ય એશિયામાંથી આવેલા તેના કુળના તેઓ છે.[1] તેઓ દેખાવમાં જૂદા પડે છે પણ આરબસ્તાનથી આવેલાના કુટુંબના જે હાલ છે તેઓ ગોરી ચામડીના, સફાઇદાર ચહેરાના, ને કાળી આંખના છે. માથૂ બોડાવેલું હોય છે પણ જો બાળ વધારવામાં આવે તો તે એની મેળે વાંકડિયા થાય છે. ધર્મ ગુરૂઓ લાંબી દાઢી રાખે છે ને સીપાઇ ટુંકી રાખે

---

૧. ગૂજરાતમાં સૈયદ કુળ નવ છે, તેમાં ઐદ્રુસ એનો મૂળ પુરૂષ આરબસ્તાનથી આવેલો સને ૧૫૫૦માં; એ કુળની શાખાવાળા કાઠિયાવાડ, કોંકણ ને સાવંતવાડીમાં છે.

છે. સૈયદ પોતાનું ઊંચું કુળ જણાવવાને નામન પહેલાં સૈયદ કે મીર અથવા નામની પાછળ શાહ જોડે છે. અને બૈરાંના નામની સાથે બેગમ ઉમેરાય છેં. તેઓના દીકરા તેઉપર જણાવેલા ચારમાંના કોઈ પણ વર્ગમાંથી બૈરી લે છે ને કોઇ વખત બીજા પણ ઊંચી સ્થિતિના મુસલમાનમાંથી. રીત તો એ છે કે સૈયદની દીકરી સૈયદનેજ પરણે. સૈયદ બધા ધંધા કરે છે. ગરીબ તે ચ.કરી કે સીપાઇ-ગિરી કરે છે; પણ ઘણાક તે કેટલાક કુટુંબના ધરમગુરૂ પીર હોય છે. થોડાક સૈયદ તવંગર છે. સૈયદે ભીખ માગવી એ આબરૂ નથી પણ ભીખારી સૈયદમાંનો એક વર્ગ ભીખ માગે છે. ધર્મમાં સૈયદ તે સુની છે પણ ઉત્તર ગૂજરાતમાં કોઇ કોઇ અંદરથી શીહા છતે પણ બહાર થકી સુનીપણું દેખાડે છે. શહેરમાં રહેનારા સૈયદો પોતાના છોકરાને સરકારી નિશાળે મોકલવા માંડે છે.

શેખ—એ પણ ગૂજરાતમાં બધે છે. શેખ એટલે વડો ને એ અલકાબ ખરેખર તો અબુબેકર, ઓમર, ને અબ્બાસની ઓલાદનો છે પણ હાલ શેખ શબ્દ સાધારણ માનના અર્થવાળો હોઇને પરદેશી તથા દેશી બંનેની ઓલાદવાળાના નામની સાથે જોડાય છે. મરદના નામની પહેલાં શેખ કે મહમ્મદ મુકવામાં આવે છે ને બૈરાંના નામની પાછળ બીબી. બધા ધંધા કરેછે. ઘણાક જોકે ધર્મ ઊપર ચુસ્ત છે તો પણ શેખનામાં સૈયદના કરતાં ઓછી લાગણી છે. તેઓ છોકરા-ઓને કાંઇ પણ કેળવણી મળે તેવું ઇચ્છે છે ને થોડાંક વર્ષ થયાં અંગ્રેજી ભણનારા તથા સરકારી નિશાળે જતા છોકરાઓની સંખ્યા વધી છે.

મોગલ એ બે વર્ગના છે—ઇરાનથી આવેલા અમીર તથા વેપારીની ઓલાદના અને હિંદુ-સ્તાનની બાદશાહી માંડનારા તાર્તરી મોગલની ઓલાદના. પહેલા તે ભૂજ, અમદાવાદ તથા ભરૂચમાં પણ વધારે તે ખંભાત તથા સૂરતમાં છે. જેઓ નામની પેહેલાં મિર્ઝા (મોટાનો દીકરો) ને પછી બેગ, જોડે છે જેમ કે મિર્ઝામહમ્મદ બેગ, અને બૈરાં નામની સાથે ખાનમ જોડે છે જેમ કે હુસેની ખાનમ. કેટલાક વેપારી છે ને બીજા તે સરકારી ચાકરીમાં. ઘણો ભાગ સારી હાલતમાં છે. શીહા ધર્મ પાળે છે ને તેઓ ધર્મક્રિયા કરવે ચુસ્ત રહે છે. તેઓ બીજા મુસલમાનથી અળગાજ રહે છે; તેઓની મસજીદ જૂદીજ છે ને તેઓ પોતાનામાંજ શાદી કરે છે. ઇરાની મોગલોએ બીજા મુસલમાન કરતાં ઘણી ઓછીજ રીતભાત હિંદુની લીધી છે. બીજા મોગલો તે થોડા થોડા અહીંતહીં ગૂજરાતમાં બધે છે. મરદ ને ઓરત નામ તો ઇરાની મોગલના જેવાંજ રાખે છે. તેઓ દેખાવમાં બીજા મુસલમાનોથી જૂદા નથી પડતા, ફક્ત ચામડીના રંગમાં વધારે ઊજળા છે. ઘણો ભાગ ગરીબ છે, ઘણાક સિપાઇગિરી કરે છે. ધર્મે સુની છે.

પઠાણ-ગૂજરાતમાં બધે છે; તેઓ અસલ અફગાનિસ્તાનના. મરદ પોતાના નામની સાથે ખાન ને ઓરત તે ખાનુ જોડે છે. તેઓ લસ્કરી સીપાઇ તથા વેપારી દાખલ ગૂજરાતમાં

---

૨. એ સૈયદો બગદાદની ગાદીના વારસોની શાખાના છે.

આવેલા ; જૂના વખતમાં આવી વસેલા ને નવા આવેલા જે વિલાયતી કહેવાય છે તે, એમ બે વર્ગ છે ; જૂના વસનારાની ઓલાદ બીજા મુસલમાન સાથે ભળી જવાથી તેઓના ચહેરા તથા ખાસીએત જૂદાં પડતાં દેખાતાં નથી, પણ નવા વસનારા પોતાના દેખાવથકી, પોતાના બાંધા થકી જૂદા ઓળખાઇ આવે છે. થોડાક વેપારી તથા ઘોડાના સોદાગર સિવાય બધા લસ્કરી સીપાઇ છે ; ધરમમાં બધા સુની છે.

આ ચાર મોટા વર્ગસિવાય બીજા નાના સત્તર જથા છે તેમાંના મુખ્ય વર્ગની હકીકત નીચે-પ્રમાણે છે:—

સીદી-જે આબીસીનિયન કે હબશી પણ કહેવાય છે તે થોડા થોડા ગૂજરાતના બધા ભાગમાં છે. આફ્રિકાના રહેવાસી જૂદી જૂદી જાતના પણ ઘણુંકરીને સોમાલીકાંઠાના તેને ગુલામદાખલ હિંદુસ્તાનમાં આણેલા છે ; હલકી જાતના મુસલમાનની પેઠે તેઓ રહે છે; તેઓ કોઇ વખત દશ ફૂટ ઘેરાવાની ઝૂંપડી બાંધે છે, ભીંત મટોડાંની, છાપરૂં ગોળને પરાળ ઘાસવાળું, પહેરવેશ મરદ ઓરતનો હલકા મુસલમાન જેવો છે. તેઓ ઘરકામની નોકરી કરે છે કે ભીખ માગે છે. સીદી-ઓને કેફ કરવાનો ને નાચવા ગાવાનો બહુજ શોખ હોય છે. સુનીછે પણ થોડાકજ કુરાન જાણે છે. તેઓ બાબાઘોરને ઘણું માને છે. બાબાઘોર આબીસીનિવાનો ફકીર ને મોટો વેપારી હતો ને તેની કબર રાજપીપળામાં રતનપૂરની એક ડુંગરીપર છે. સીદીને નકલ કરતાં વહેલા આવડે છે; શાદી કે તહેવારને દહાડે મરદને ઓરત એકઠાં મળી ગોળ કુંડાળાંમાં ફરે છે, નાચે છે ને ગાયછે, સાથે ઢોલક ને ઝુણઝુણા એ વાજિત્ર રાખે છે. ભીખ માગવા નિકળે છે તો દશ પંદર સાથે ને બાબાઘોરના વખાણ ગાય છે. માંહોમાંહે પરણે છે, પણ અહીંના તે વિલાતીને દીકરી આપતા નથી. તેઓની જમાત છે પણ કોઇ મુખી નથી ને કાયદા નથી.

વહાબી-એઓએ જો કે હજી પોતાનો જૂદો વર્ગ બાંધ્યો નથી તો પણ ગૂજરાતમાં ઘ-ણોક વધારો કીધો છે. સને ૧૮૨૧માં તે મત હિંદુસ્તાનમાં દાખલ થયું ને ૧૮૫૭ના બંડમાં તે પહેલવહેલું વજન ધરાવતું જણાયું. મોલવી લયાકતઅલી જેણે કેટલીક ગરબડમાં અગતનો ભાગ લીધેલા તે નામ બદલી ગૂજરાતમાં આવી રહ્યો હતો ને ઠામઠામ વહાબી મતની નશીએત આપતો હતો. પણ તેને ખોળી કાઢી દેશપારની સજા કરવામાં આવી હતી. એ પછી વ-હાબી તડાનો વધારો થતો બંધ પડયો છે. પણ છેલ્લાં ચાર વર્ષમાં (૧૮૭૫-૧૮૭૯) તે મત પાછું સતેજ થયું છે; મધ્ય હિંદુસ્તાનમાંથી ઘણાક ઉપદેશકે ગૂજરાતમાં આવી ઘણાકને પોતાના તડામાં લીધા છે. સુની વહોરા, ઊત્તર ગૂજરાતના વેપારી ને દક્ષિણ ગૂજરાતના ખેડુત એઓ ચેલા થયા છે.

કાબુલી–ગૂજરાતમાં બધે પણ અમદાવાદમાં ઘણા છે. નવા આવનારા તે પુશ્તુ બોલી બોલે છે; પણ જલદીથી ઉરદુ બોલતાં શીખી જાય છે તેઓ ગૂજરાતની આફગાન સ્ત્રિયો સાથે

પરણે છે. ઘણાક તે ઘોડાની સોદાગિરી કરે છે ને ચોપડી કે મેવા વેચે છે. કાઠિયાવાડના ઘોડા સિંધ તથા દક્ષિણમાં લેઇ જાય છે અને ત્યાંના ગૂજરાતમાં આણે છે. તેઓના ઘોડાની ખરીદી વડોદરે ને રાજપીપળે થાય છે. હાલ તે ધંધામાં ફાયદો નથી ને ઘણાક જણ કરજદાર છે. તેઓ ધર્મે સુની છે. તેઓનો જથો જૂદોજ છે ને તેઓ પોતાનામાંજ શાદી કરે છે ને ખાનામાં ફક્ત કાબૂલીઓનેજ તેડે છે. તેઓમાં એક બે કુટુંબ છે તેને તેઓ માન આપે છે ને માંહોમાંહેના કજીઆ તેઓની પાસે ચૂકાવે છે, છોકરાને લખતાં વાંચતાં શીખવતા નથી.

નાયતા–તે વેપારી તથા વહાણબેકુનો નામીચો વર્ગ હતા પણ હવે તે ગૂજરાતમાં દેખાતા નથી. રાંદેરમાં ને ઘોઘામાં એક બે કુટુંબ છે. તેઓને આઠમાં શૈકામાં આરબસ્તાનથી હાંકી કાઢવામાં આવ્યા હતા.

અગરા–જેના આઠ જથાછે તે પગાર લેઇ લશ્કરી નોકરી કરનારા સીપાઇની ઓલાદના છે. હાલ તે અમદાવાદની પશ્ચિમના મુલખમાં ને કાઠિયાવાડમાં હળબેકુ છે. તેઓ બીજા મુસલમાન સાથે શાદી કરે છે એટલે તેઓના જથાના નામ તે હવે માત્ર ઓડક દાખલ છે. નવમો જથો કસબાતીનો તે મુસલમાન થયલા રજપૂત તથા બીજા હિંદુસાથે ભળી ગયો છે.

આરબ–ગૂજરાતમાં અહીંતહીં વેરાતા પડેલા છે. નવા આવનારને વિલાયતી કહે છે. તેઓ ઘરમાં ઊરદુ બોલેછે પણ ગળામાંથી અવાજ વધારે કાઢેછે ને કેટલાક વર્ણને બદલી નાખે છે. ઘરમાંની ગોઠવણમાં બીજા મુસલમાનથી આટલું વધારે કે કપડાંની ચન્નીમાં અબરખની તખતી ઘલાવે છે; ચિત્ર નથી રાખતા ; કામનાં વાસણ નહિ પણ તેઓની અભરાઇ ઉપર તાંબા પિત્તળની થાળી રકાબી ખુમચા પ્યાલા હોય છે. એક બે તહેવારે તેઓ ગોશ તથા ઘઉંનું પકવાન કરેછે, તે સિવાયે હમેશને વાસ્તે તેઓનો ખોરાક બીજા મુસલમાનથી જૂદો નથી. તવંગર તે આરબ લેબાસ રાખે છે—સફેત રેશમી કે સૂતરાઉ દુપટ્ટો પહોળી ચીપે માથે વીટાળેલો, લાંબો જમો ઊનકે ગરભ સૂતરનો, સાદો કે બુટ્ટાવાળો, ઊનનો પણ રેશમી ભરતનો કબજો, ઘૂંટણ લગી આવતો સદરો ને સુરવાલ. પાઘડી મરાઠાના જેવી ત્રણ ખુણાની, જમીઓ કંમરે બાંધેલાં કપડાંમાં સુરવાલ ટુંકી એ સિવાય ગરીબ આરબનો પહેરવેશ બીજા મુસલમાનથી જૂદો નથી. થોડાક આરબ વેપાર ધંધો કરે છે પણ ઘણા તે દેશી રાજાઓની હજુર રખવાળની નોકરીમાં કે શાહુકારને ત્યાં ચોકી રાખવાની નોકરીમાં છે. ઘણો ભાગ ગરીબ હાલતમાં છે; દેશી રાજ્યોમાં છે તેઓને નિયમિત પગાર ન મળવાથી ને તેઓ કેટલોક મોટો ખરચ રાખે છે તેથી તેઓ કરજમાં ડુબેલા છે. ધર્મમાં વિલાતી તે શાફઇ મતના છે ને તેઓ ધર્મના ફરમાન દિલથી ને ચોકસાઇથી બજાવે છે. નામ સાદાં છે—બિસમિલાહની ક્રિયા તેઓ કરતા નથી ને શાદી તે સહેલી નીકા જેવી કરે છે. પેગંબરના હુકમ મુજબ તેઓ મરણના શોકની નિશાની રાખતા નથી. આરબ બીજા સુની મુસલમાન સાથે બેટી વહેવાર રાખે છે; તેઓમાં સંસારી કે ધર્મસંબંધી પોતાનું જૂદું તડું નથી; કેટલાંક છોકરાં કુરાન શીખે છે, પણ કોઇને બીજી ભાષા વાંચતાં લખતાં શીખવવામાં આવતી નથી.

બલૂચી—ગૂજરાતના ઘણાક ભાગમાં છે. બલુચિસ્તાનથી આવી વસેલા તેની ઓલાદના છે. તેઓના ઘણાક જથા છે પણ એક બીજા સાથે શાદી વહેવાર રાખે છે; ઘણા ગરીબ છે. તેઓ સુની છે.

મકરાણા–થોડા છે પણ પ્રાંતમાં બધે છે. તેઓ મકરાણ કાંઠાના મુલખથી આવેલા છે. તેઓ લશ્કરી સીપાઇ દાખલ આવતા ને હજી આવે છે. તેઓના જથા નથી. મરદ તે લશ્કરમાં

સીપાઇ ને ચોકીદાર; ઓરત ઘરકામ કરે છે ને કાંતે છે. બૈરાં જાહેરમાં દેખાતાં નથી. મકરાણી ગરીબ છે ને ઘણાક તે કરજદાર છે. સુંની છે. કેટલાક કુરાન શીખે છે ને નિમાજ પઢે છે. તેઓ ગરીબ વર્ગના મુસલમાનની બેટી સાથે શાદી કરે છે ને કેટલાક તે હિંદુ બૈરાંને રાખે છે.

મિડધા—થોડાક ઉત્તર ગૂજરાતમાં છે. થોડુંક પરદેશી મુસલમાનનું ને થોડુંક રજપૂતનું એમ ભળેલા તુકમના તે કહેવાય છે. ગૂજરાતના સુલતાનની નોકરીમાં તેઓ છૂપા બાતમીદારનું કામ કરતા અને હાલ તેઓ સીપાઇનું કામ કરે છે.

હિંદુના મુસલમાન થયલા તે.

ગૂજરાતના મુસલમાન તે ઘણાખરા હિંદુ ઓલાદના છે ને સૌ મળીને ૭૮ વર્ગમાં મુકાય છે. ધર્મના સંબંધમાં ૯ વર્ગ; વેપાર ધંધાના સંબંધમાં ૫; જમીનના સબંધમાં ૧૮; હુનર કારીગિરીના સંબંધમાં ૨૨; નોકરીના સંબંધમાં૧૦ અને મજુરીના સંબંધમાં ૧૪ છે. એ ૭૮માં ૬૫ સુની, ૯ શીહા, ને હુસેની બ્રાહ્મણ, કમાલિયા, મતિયા કણબી ને શેખડા એ ચાર તે સુની કે શીહા બેમાંથી એક પણ નથી.

ધર્મસંબંધી—વર્ગ તે ભીખ માગતા ફકીરોના છે. સૂરતમાં નીચા ભોમના વણકર; અમદાવાદમાં નીચા ભોમના ઢેડ, વાઘરી ને મારવાડી, એ સૌ રાત દહાડો ભટકે છે ને પૈસો કે અનાજ કે રાંધેલું ધાન માંગે છે. કોઇ તે સખીના વખાણ, સૂમની નિંદા બોલે છે; અહલાના નામપર, પાઇ પેગંબરના નામપર રોટલીનો તુકડો ને હસનના નામપર લુગડાંનો કકડો માગે છે. બીજા દશ જથા છે તેમાં કેટલાક તે બેશર (મુસલમાની ધર્મની રૂઢી બહાર વર્તનારા) ને બીજા તે બાસર (ધર્મ રૂઢીની મર્યાદામાં રહેનારા). બેશરને બૈરાં કે કુટુંબ કે ઘર કંઇજ નથી હોતું; બાશરને ઘરબાર છે ને તેઓ સમજવના દાનના ફરમાન પાળે છે. સુની છે.

હુસેની બ્રાહ્મણ—એ મુસલમાન નથી પણ મુસલમાના ધર્મની કેટલીક રૂઢી જે હિંદુ ધર્મની વિરૂદ્ધ નથી તે પાળે છે. અથર્વ વેદને માનનારા છીએ એમ કહે છે ને પેગંબરની દીકરીના દીકરા હુસેનના નામથી ઓળખાય છે. મુખ્ય ઠેકાણું અજમેર છે પણ વડોદરા ને અમદાવાદ અહીં પણ તેઓ છે. એ ફકીરનો ગૂજરાત ખાતાનો મોટેરો તે વડોદરે રેહે છે ને ત્યાંથી તે જ્યાં જ્યાં પોતાનાં ઠેકાણાં હોય ત્યાં જાય છે ને લાગા કે બક્ષીસ લેઇ આવે છે. અમદાવાદવાળા કહે છે કે સાત પેઠી થઇ અમે અહીં વસ્યા છીએ. ઘરમાં ઉરદુ બોલે છે, એ બેશર ફકીરમાં ગણાય છે. ગોમાંસ વિના બીજું માંસ તે છુપું ખાય છે, અફીણ, ભાંગ લે છે પણ દારૂ પીતા નથી. ભીખથી ને ગ્રહ જોષ કે હાથની રેખા જોઇ ગુજરાન ચલાવે છે. કેટલાકને જોશ જોતાં સારો આવડે છે ને સારી હાલતમાં છે. મરદ મુસલમાનનો ને બૈરાં હિંદુનો પહેરવેશ રાખે છે, તેઓ અજમેરના ખાંજ મોઇનુદ્દિનકિષ્ટિ પીરને માને છે. તેઓ ટીલું કરે છે, છોકરાંઓનાં નામ હિંદુ રીતનાં પાડે છે, સુન્નત કરાવતા નથી, પોતાનામાંનો કોઇ ગુરૂ તે શાદી કરાવે, તેઓના મુડદાંને બેઠેલાં દાટે છે, એ સિવાય તેઓ મુસલમાનનો આચાર પાળે છે, રમઝાનમાં રોજા પાળે છે.

કાલંદર—એ નામના ફકીર ગૂજરાતમાં બધે પણ જૂજ જૂજ છે. રખડીને ભીખ માગે છે, બધું શરીર ઓડાવે છે. ભવાની પાંપેણુ ઓડાવવી ખસૂસ જોઇએ.

મદારી—એ મદારશાહ પીરને માને છે, તે થોડાક છે પણ ગૂજરાતમાં બધે છે. ગરીબ મુસલમાન જેવો પહેરવેશ રાખે છે. તેઓ સાંકળ ખેંચતાં કે પગઉપર ચાબુક મારતા ચાલે છે

કે કોઇ તેને આપે. કેટલાક રીંછ વાંદરા પાળી તેનો તમાશો કરનાર કે દોરડાંઉપર નાચનારા છે. ઘર નહિ, કોઇને બૈરાં છોકરાં ખરાં, એકલા કે બે ત્રણના જુથમાં ભીખ માગવા નીકળે છે.

મુસા સોહાગ-એ એકાકીજ ફરે છે; ગૂજરાતમાં બધે છે; સોવાસેણનો વેશ રાખે છે, નાકે વાળી પણ ખરી. પીર મૂસા એ પંદરમાં શૈકાની આખેરીમાં હતો. તે જેવી રીતે સ્ત્રી ધણીને ચાહે તેવી રીતે તે અલ્લાની ભક્તિ કરતો તેટલામાટે તેવો વેષ રાખતો. તેણે ઘણાક ચમત્કાર દેખાડ્યા હતા. ફકીરો જો કે દાઢી રાખે છે તોપણ રાતો દુપટો બૈરાંની પેઠે પેહેરે છે, ઘાઘરો ને વળી તુમાન, વળી હાથે પગે પણ ઘરેણાં ઘાલે છે; કેટલાક મરદનોજ પહેરવેશ રાખે પણ નાકે નથ ખરી; સુનીછે; શાદી કરતા નથી. મુખ્ય ઠેકાણું અમદાવાદ છે, ઉત્તર દરવાજાની બહાર થોડેક છેટે પીર મુસાની કબર છે.[1]

રફાઇ—મુહફોડા-મુહમીગ એ ફકીર તે સૈયદ અહમદ કબીરને માનનારા છે, ધોતિ ઊંચે પહેરે છે કાછડીવગર. જમણા હાથમાં ગુરજ રાખે છે ને આપનાર વાર લગાડે તો પોતાના ગાલમાં કે આંખમાં ભોકે છે. એવી ચતુરાઇથી કે ઘા લાગે નહિં. બહુ હઠીલા છે ને કંકાસીઆ છે. અમલ કરે છે પણ દારૂ તો કોઇકજ પીતા હશે. છોકરા બાપનો ધંધો શીખે છે ને તેઓ છોકરીને ફકીરસાથે પરણાવે છે.

રસુલશાહી (મસ્તાન)–એ થોડા છે પણ બધે છે. તેઓ ફકત કંમરે કપડું વિંટાળે છે ને પહેરણ પેહેરે છે, બીજુ કંઇ નહિં. તેઓ લાકડાંનો કટોરો રાખે છે ને દારૂ પીવાને પૈસો માગે છે. સુની છે; બૈરાં કે ઘર વિનાના છે.

વેપાર ધંધો કરનારા.

વહોરાનો-વર્ગ ગૂજરાતમાં સહુથી વધારે તવંગર ને આબાદાનીવાળો છે. વેપાર ધંધા વાળામાં એક સુની જથા શિવાય બીજા તે શીહાછે.[2] વહોરાની તવારીખમાં જાણ્યા જોગ

---

૧ કબર આગળ ચાંપાનું ઝાડ છે તેની ડાળીઓ સેંકડો બંગડીઓથી ભરાઇ ગયલી છે, માનતામાં બંગડી ચઢાવે છે ને બંગડી જો રહી તો જાણવું કે તેનું કામ થશે.

૨. વળી બીજા ખેડુત વહોરા છે ને તે સુની છે. જે હિંદુઓ શીહા ઉપદેશકના બોધથી વટલ્યા તે શીહા ને બાદશાહના જુલમથી તે સુની એમ અનુમાન કરાય છે. આરબસ્તાનમાં ઈસ્માએલી પંથના મુસતાલી તડાંના મુખીએ અબદાશાહ નામના દાઇને (ઊપદેશકને) મોકલેલો તે ઇ. સન ૧૦૬૭ માં ખંભાતમાં આવ્યો હતો ને તેનો બોધ કેટલાક બ્રાહ્મણ વાણિયાએ લીધો હતો. ઇસ્માએલી તડાંનો વધારો ૨૫૦ વર્ષ ચાલ્યો પણ મુજફ્ફરશાહની સત્તામાં (૧૩૯૦–૧૪૧૩) સુની મતનો ફેલાવો વધવાથી વહોરાનો તથા બીજા શીહામત દબાઇ ગયાં. અહમદશાહે (૧૪૧૧–૧૪૪૩), મહમૂદ બીજાએ (૧૫૩૬–૧૫૫૪) વહોરાના મતઉપર ઘણી સખ્તી કીધી હતી. પછી પણ તેઓએ દુ:ખ વેઠયાં હતાં.

બનાવ ઇ. સ. ૧૫૩૯ માં બન્યો તે આકે તેઓના દીનનું મુખ્ય ઠેકાણું ગૂજરાતમાં થયું; પહેલાં દીનનો વડો આરબસ્તાનમાં યમનમાં રહેતો ને તેના ફરમાન મુજબ ગૂજરાતના વહોરા ચાલતા ને ત્યાં જાત્રા કરવા જતા. શીહા વહોરાના ચાર જથા તેમાં સને ૧૪૬૪ માં જાફરી અથવા સિધ્ધપુર પ.ટનો જથો થયો, ને કેટલાક તે સુની થયા.

સુલેમાનીની—ઉત્પત્તિ આ રીતે કે સુરતના એક વહોરાએ યમન જઇ ત્યાંના કેટલાકને પોતાના મતના કીધા હતા ને તે વહોરા પણ ગૂજરાતના વડાને માનતા. એવું બન્યું કે સોળમાં શૈકાની આખરમાં ગૂજરાતના વહોરાનો મુલ્લા ગુજરી જવાથી તેને ઠેકાણે એક દાઉદ બીન કુતુબશાહને પસંદ કીધો ને તેની ખબર યમન મોકલી. યમનમાં દીન સમજાવનારામાં એક સુલીમાન નામનો હતો તેને યમનવાળાએ વડો માન્યો. સૂલીમાન મોટી ગાદી દાવો કરી ગૂજરાત આવ્યો પણ થોડાક સિવાયે મોટા ભાગે તેને માન્યો નહિ. જે થોડાકે સૂલીમાનને માન્યો તે તેનાં નામથી ઓળખાયા. સને ૧૬૨૩માં અલીનામ નામનો શખ્સ મુલ્લા થવાના દાવામાં ન ફાવેથી થોડાક કુટુંબસાથે જૂદો પડયો હતો; તે કુટુંબમાંના એકે સને ૧૭૮૯ માં નાગોશી (ગોશ નખાવું) એ મતનો નવો જથો કીધો.

દાઉદી–ધંધાને વાસ્તે ફરતા રહેછે તોપણ તેઓના જથા ઘણે ઠેકાણે છે. કચ્છમાં ભુજ તથા માંડવીમાં; કાઠિયાવાડમાં, તેઓ વઢવાણ, રાજકોટ, સોરઠ, ભાવનગર ને લીમડીમાં છે; તળ ગૂજરાતમાં ગોધ્રા, ખંભાત, ભોજવા (વીરમગામ પાસે), વાઘરાં, ભરૂચ, સૂરત ને નવસારીમાં છે. મુંબઇ ઇલાકાના બીજા ભાગમાં તે વસે, બેલગામ, મુંબઇ, કરાંચી, કોલાપુર, માલેગામ, નાશક, ખાનદેશ, પુના, સતારા ને થાણામાં છે. મધ્ય હિંદુસ્થાનમાં તે ઇંદોર, રામપુર, રતલામ, સીરંજ ને ઊજ્જનમાં; વરાડમાં, બરહાનપુરમાં; નિજામના મુલખમાં તે ઔરંગાબાદ, હેદરાબાદ ને જાલનામાં છે; મદ્રાસ તથા મૈસોરમાં ઘણેક ને બંગાળામાં થોડેક ઠેકાણે છે. હિંદુસ્તાનની બહાર પશ્ચિમ તરફ તે ઝાંઝીબાર, મોખા, જદ્દા, એડન, મસ્કત ને બસરામાં; અને પૂર્વ તરફ રંગુન, મોલમેન, સીઆમ, ને ચીનમાં છે. ગૂજરાતના રહીશની સંખ્યા એક લાખ તીસ હજાર છે. જે વહોરા હજ કરી આવેલા કે ચીન તથા બીજે મુલખ જઇ આવેલા તેમાંના થોડાકે થોડાંક વર્ષ થવાં આરબનો પહેરવેશ રાખવા માંડયો છે, પણ બીજા બધા દાઉદી તે ઘરમાં રેશમી કે સુતરાઊ તાલકા ટોપી પહેરેછે, સફેત બદન કે ઘૂટણ નીચે લગીનું પેરન, સફેત કે છીટીવાળા લેંઘા, ઉપરથી પહોળા ને ઘુંટી આગળ સાંકડા. બહાર તેઓ સફેત પાઘડી,[૧] અંગરખો, ઘરના જેવોજ લેંઘો ને ઉજ્જેની જોડા. વહોરીને રાતું આસમાની કે પીળું ઓઢણું; ઉત્તર ગૂજ-

૧. પાઘડી ચાર તરેહની—ઉજ્જેની તે કાયસ્થના જેવી નાની ને સફાઇથી બાંધેલી; અમદાવાદી તે કંઇક ઢીલી ને વધારે ઊંચી મુલ્ના પેહેરેછે તેવી; સૂરતી વધારે ઊંચીને ભરાવ; ને કાઠિયાવાડી તે પડા જેવી જેની ગોખનીમાં કસબનો તારો રાખેછે. છોકરાની પાઘડી મરદના જેવીજ પણ તપખીરીઆ રંગની.

રાતમાં બેસતી કાંચળી ને દક્ષિણ ગૂજરાતમાં ડગલી; રેશમી ઘાઘરો; પાવડી ઉત્તર ગૂજરાતમાં ને જોડી દક્ષણ ગૂજરાતમાં. તેહવારને દહાડે કિંમતી પોશાક પહેરેછે, રેશમી ને કસબી; બહાર જતી વખત મોટો કાળો રેશમી જભ્ભો રાખેછે. મોઢું ઢંકાય ને છેક પગ લગી આવે તેવો માત્ર બે છિદ્ર આંખ આગળ હોય એવો બુરખો રાખેછે. ઘરેણાં હિંદુનાં તથા મુસલમાનનાં બંનેનાં પહેરેછે.

તેઓ કરકસરથી રહેવાવાળા છે; તેઓ મોટાં ને હવાદાર ઘરમાં રહેછે ને તેને સામાન તથા સણગારથી શોભીતાં રાખવાનું કોડ રાખેછે. ધોળકાનાં થોડાંક ગામના વહોરા જે ખેડુત છે તે સિવાય દાઉદીઓ વેપાર ધંધો કરેછે. કેટલાક તે સીઆમ, ચીન, આરબસ્તાન ને જંગબારસાથે વેપાર કરેછે ને કેટલાક તે દેશમાંજ લોઢાંનો સામાન, રેશમ, ચામડાં, શીંગડાં, વિગેરેનો ધંધો કરેછે, પણ ઘણાખરા તે શહેર તથા ગામડામાં દુકાન રાખી લોઢાંનો સામાન, કાપડ કાગળ, બરૂ વગેરે ચોપડીઓ, ગાંધીની ચીજો ને મસાલા વેચેછે અને સૂરત તથા વડોદરાના થોડાક તે સુખડીઆ છે. બૈરાં ઘરકામ કરેછે, સીવેછે, કાંતેછે, ને પાઘડી તથા બૈરાંના જભા વણે છે. સૂરતમાં વધારે સમજવાળા, વધારે બહારપડતા ને ભભકો તથા સારી રહેણીને ચાહનારા છે પણ ઉત્તર ગૂજરાતના વહોરા કરતાં ઓછા સંતોષી ને દીનને ઓછા ચુસ્ત છે; તોપણ દાઊદીઓમાં ઘણા સુલેહવાળા, સફાઇને ઇચ્છનારા, મેહેનતુ ને ડાવકા છે. સૂરતમાં ઘણાક સારી હાલતમાં છે; ગરીબને સંભાળીને રહેવાની ટેવ છે ને કરજથી છૂટા છે અને લાચારનું ગુજરાન ફંડ-માંથી થાય છે. દાઊદીમાં ઘણાક મરદને ઓરત કુરાન જાણે છે, કાળજીથી બંદગી કરેછે, મોહોરમ પાળેછે ને મક્કા તથા કરબલાની હજ કરવા જાયછે. તેઓ ગાન નાચ ને કેફી ચીજોથી અલગ રહેછે. જો કે સુની મુસલમાનો તેઓને ધિક્કારેછે ને તેઓ તેમને ધિક્કારેછે તોપણ પેગંમ્બર અલી ને મુલ્લાને વાસ્તે ભક્તિ રાખતાં તેઓ ખરા ખોટાના વિચારઉપર ચાલેછે, કેફ છીનાળી ને બીજી નઠારી ચાલને તેઓ સજા કરેછે. મોત પછીની હાલતબાબત તેઓનું મત આવું કે દીનના ફરમાનોને ન માનનારા તે થોડોક વખત નઠારા જીવરૂપે રખડ્યાપછી દુઃખમાં રીબાવવાની જગા છે ત્યાં જઇ પડેછે પણ ઇસમાએલી દીનને માનનારા તે કેટલીક કેળવણી લીધાપછી પૂર્ણ-પણાની હાલતમાં દાખલ થાયછે. દરેક જીવ તે કોઇ સારા માણસના જીવતા સંબંધ વહેવારમાં રહેછે. દેહથી જુદો પડેલો જીવ માણસને સારૂં કે નરસું સુઝાડેછે. જ્યારે સારો માણસ મરેછે ત્યારે તેનો જીવ બીજા સારા જીવો સંગાતે કોઇ ઉત્તમ માણસને વળગી રહેછે ને જો તેમ કરવાની જોગવાઇ ખોઇ તો શીખવાને વાસ્તે તેઓને ફરીથી મોકલવામાં આવેછે. જ્ઞાનના ઊંચા પદને પામેલા જીવોને મુલ્લાસાથે સંબંધ વહેવાર હોયછે અને એ ગુજરી જાયછે ત્યારે એની સાથે ઇમામોને મળેછે અને જ્યારે એઓથી જ્ઞાન પામેછે ત્યારે પૂર્ણપણામાં મળી રહેછે. નામમાં કાંઇક ફેર, અકીક નામની ક્રિયા મુલ્લાને ઘેર થાય, અને મરનારના ઉપર અલ્લા દયા કરે તેનેવાસ્તે

તેની બંદગીની ચિઠ્ઠી તેના હાથમાં મુકવામાં આવેછે, અને કોઇ કોઇ વખત મુલ્લા બધી જમાતને ખાનું આપેછે, એસિવાય દાઊદી વહોરાની રીતભાત બીજા સાધારણ મુસલમાનોથી જૂદી નથી. દીનની તથા સંસારી બાબતમાં તેઓનો મુખી તે સૂરતનો વડો મુલ્લા છે, તેને બહુ માનથી રાખવામાં આવેછે ને તેપણ ઘણી સખાવતના કામ કરેછે. દીનબાબત કે સંસારી વાંધાબાબત તેનો ચુકાદો તે શેવટનો મનાયછે. દીનની બાબતમાં નશીહતમાં દંડ કરવામાં આવેછે અને છીનાળી, છાકટાપણું વગેરે ગુનાહને વાસ્તે દંડ કે જમાત બહાર કરવામાં આવેછે. જ્યાં જ્યાં મોટો જથો ત્યાં મુલ્લા હોયછે ને તે ચુકાદા કરેછે; એ ચુકાદાઉપર સૂરતના વડા મુલ્લાને છેલ્લી અરજ કરવામાં આવેછે.

વડા મુલ્લા કે દાઇ સિવાયે બીજા વળી ચાર દરજાના મુલ્લા છે, માઝુન, મુકાસીર, મશાઇખ ને મુલ્લા. તેઓ ગુજરાનને વાસ્તે લોકના ઉપર આધાર નથી રાખતા પણ નિશાળ ભણાવેછે અથવા બીજા ધંધા કરેછે. સારી ચાલનો છોકરો આરબી ભાષાનું સારૂં જ્ઞાન ધરાવતો હોય તે મુલ્લાની છેલ્લી પાયરીપર ચઢેછે ને વધારે લાયક થવાથી તે વડા મુલ્લાથી બીજે દરજ્જે ચઢેછે. મુલ્લાના કામને સારૂ છોકરાઓને તૈયાર કરવાને સને ૧૮૦૯ માં સૂરતમાં એક નિશાળ કાઢવામાં આવી હતી અને તે હજી વર્ષે રૂ. ૧૦ હજારને ખરચે ચાલેછે. વળી જ્યાં જ્યાં જથા છે ત્યાં ત્યાં સુની મુલ્લા છોકરા છોકરીઓને કુરાન શીખવેછે. ધર્મની કેળવણી આપવાનો, નિરાશ્રિતને ખવાડવા તથા કપડાં આપવાનો, અને ગરીબોને પરણાવવાનો અને મુલ્લાનો મરતબો રાખવાનો જે મોટો ખરચ, તે કેટલોક દંડમાંથી, પેદાશના પાંચમા ભાગ જેટલા ખૂમ (લાગા) માંથી ને શીરસ્તાની જગાત (ભીખ આપવાની) તેમાંથી નિકળેછે. દાઊદીઓ પોતાના છોકરાને અંગ્રેજી શીખવવાને કે બાપદાદાના ધંધાથી બીજો લે તેને વાસ્તે ચાહેના કરતા જણાતા નથી.

દૂધવાળા—જે ગાંડાવ કે ગવળી પણ કહેવાયછે તે ગૂજરાતમાં બધેછે પણ અમદાવાદમાં ને વડોદરામાં ઘણાછે. ઊંચા, દેખાવડા છે ને બાળ લાંબા ને દાઢી થોડી રાખેછે. બૈરાં ખૂબસુરત છે, આંખ ભૂરી ને બાળ વાંકડીઆ. તેઓ ગૂજરાતી બોલેછે. બાજો બધો પોશાક મુસલમાનના જેવો પણ પાઘડી મરેઠાના જેવી પહેરેછે. બૈરા હિંદુ પોશાક રાખેછે. તેઓ દૂધ વેચેછે ને ગાડાં ભાડે આપેછે; બૈરાં ગાય ભેંસની સંભાળ રાખેછે. તેઓ કેફ નથી કરતા, મેહેનત ને કસરથી રહેછે પણ દૂધમાં પાણી ભેળેછે એટલી તેની નરસી સાખ છે. તેઓ સુની છે પણ નામના. થોડાકજ કુરાન જાણે છે કે બંદગીની ઝાઝી દરકાર કરે છે. બૈરાંઓ લગનને ટાણે ગૂજરાતી ગીતો ગાય છે ને મરણ ટાણે છાતી કુટે છે. તેઓ પોતાના વ્રામની પાછળ જી રાખે છે; પોતાનામાંજ પરણે છે ને પોતાનો જથો જુદોજ રાખે છે ને તેમાં એક મુખી હોય છે. તેઓ છોકરાઓને ગુજરાતી શીખવે છે ને કોઇ કોઈ અંગ્રેજી.

કરાળિયા—સૌ મળીને ૬૮ છે ને અમદાવાદમાં રહે છે. હિંદુ કુંભાર વટલેલા તેની ઓલાદના છે. મધ્યમ કદના ને શામળા છે. માથું બોડું ને દાઢી રાખે છે. બૈરાં ખૂબસુરત અને મજબૂત બાંધાના છે ને હિંદુની પેઠે રૂપાનાં ઘરેણાં પેહેરેછે. કરાળિયા માટીનાં વાસણ કરતા નથી પણ વેચેછે. મરદો મજુરી સીપાઇગીરી અને ઘરની નોકરી કરે છે. બૈરાંઓ દુકાન સંભાળે છે. તેઓ સુની કહેવડાવેછે પણ કોઈ કુરાન જાણતું નથી અને બંદગી કરવે પણ બેદરકાર છે. તેઓ પોતાનામાં પરણે છે ને કઠીઆરાઓ સાથે શાદી વહેવાર રાખે છે. એ બંનેની એક જમાત છે, ને એક મુખી તે કજીઆ ચુકવે છે. તેઓએ પોતાનાં છોકરાંને શીખવવા માંડ્યું છે ને સારી હાલતમાં છે.

ખોજા ગૂજરાતમાં થોડા થોડા પણ બધે છે. વહોરા ને ખોજા ઇસમાએલી પંથના છે પણ વહોરા તે મુસતાલી તડના ને ખોજા તે નઝારી તડના છે કે જે ઇ. સ. ૧૦૯૪માં મુસતાલીથી જુદું પડ્યું. સને ૧૨૫૫ માં હલાકુ તાર્તરે ઇરાનના ઈસ્માએલીઓની સત્તા તોડી ત્યારે તેઓના ઇમામની ગાદી રૂમના મુલખમાં બેખમાં થઇ ને એ ગાદીના અધિકારીની ઓલાદમાં મુંબઇના આગાખાન છે. સિંધના ખોજામાંના કેટલાક તે ઇરાનથી નાશી આવેલાની ઓલાદના છે; પણ મોટો ભાગ તે ૪૦૦ વર્ષઉપર ખોરાસાનથી નઝારી ઉપદેશક સદરૂ દીનના બોધથી વટલેલા હિંદુની ઓલાદના છે. ખોજા તે મેમણ કર્તાં વધારે ઊંચા ને વધારે મજબૂત બાંધાના છે પણ રંગે વધારે શામળા છે. સઘળાનાં માથાં બોડાવેલાં હોય છે પણ ઉત્તરમાં કેટલાક તે દાઢી પણ બોડાવે છે. બૈરાં પણ મજબૂત ને સારા બાંધાનાં છે, ઘણાંક તે ભુરી આંખવાળાં ને ખૂબસુરત છે. ખોજા ઘરમાં કચ્છી કે હાલાઇ બોલી બોલે છે ને કેટલેક ઠેકાણે ગૂજરાતી, પણ તેઓ લખે છે તો ગૂજરાતીમાંજ. શહેરી ખોજા ત્રણ ખુણાની કીરમજીઆ અરધી રેશમી ને અરધી સુતરાઉ એવી પાઘડી, અંગરખો ને પહોળા લેંઘા પહેરે છે; ગામડાંના તે માથે ફાળીઆં બાંધે છે ને કુડતું પેહેરે છે. ઉત્તર ગૂજરાતમાં શહેરી બૈરાં મુસલમાન બૈરાં જેવો પોશાક રાખે છે ને ગામડાંના તે કોઇ મુસલમાન જેવો ને કોઈ હિંદુ જેવો. કચ્છ, કાઠિયાવાડ ને અમદાવાદ જ્યાં ગામડિયા ખોજા ઘણા છે તે સિવાય બીજા તે ધંધો કરેછે; શાકભાજી, કપડાં, રૂ, તેલ, અનાજ, વસાણાં જથાબંધ કે થોડાં થોડાં આણી વેચેછે. સમજુક, મેહેનતુ ને કસરથી રહેનારા, તવંગર તે ખુશમિજાજી ને ધોતાળ છે અને ગામડાંના તે છેક કસરીઆછે ને કોઇ કોઇ વારજ ગોશ ખાયછે. ખોજા અલીસાહેબને માનેછે અને દીનના વડાને ઓલાદ દર ઓલાદ માન આપેછે. કચ્છના ખોજાઓમાં નસરૂદીને કાઢેલી દશ અવતારની ચોપડીછે, તેમાં નવ વિષ્ણુના ને દશમો પાકઅલીનો. તેઓ દીનના ચુસ્ત છે ને કાળજીથી બંદગી કરેછે; પણ થોડાકજ કુરાન વાંચી જાણે છે. તેઓ પોતામાંજ શાદી કરેછે ને તેઓની રીત ભાત હિંદુઓના જેવીજ છે. જ્યાં જ્યાં જથાછે ત્યાં ત્યાં તેઓનો એક શેઠિયો હોયછે કે જે આ-

ગાખાનના હુકમમુજબ શાદી તથા મોતની ક્રિયા કરાવેછે ને લાગા ઉઘરાવે છે. કોઇ કોઇ વખત આગાખાનના કુટુંબમાંથી કોઇ મોટા મોટા જથાઓમાં જઇ આવેછે.

મેમણ—ગૂજરાતના બધા ભાગમાં છે પણ ઘણુંકરીને સૂરત, ઘોઘા, ધોળેરા, ધોળકા, કાઠિયાવાડ ને કચ્છમાં છે. કચ્છના મેમણ અસલ લુહાણા હતા, અને કાઠિયાવાડના હાલાઇ તે લુહાણા તથા કાછીઆમાંથી થયલા છે. એ લોક ગાંધીની ચીજો કપડાં અને બીજી પરચુરણ જણસોનો ધંધો કરે છે. તેઓ નાશી તડાંના સુની પંથના છે. કચ્છી મેમણ તે ઇ. સ. ૧૪૨૨ માં સીંધમાં મુસલમાન થયા. તેઓને બોધ આપવામાં આગેવાન સુફુદીન નામનો આરબ હતો, તેણે સુંદરજી ને હંસરાજ એ બે લુહાણાને વટલાવ્યા અને તેનીસાથે બીજા કેટલાક પણ વટલ્યા. સવાસો વરસપછી કેટલાક મેમણો કચ્છ આવ્યા અને ત્યાં તેઓનો મોટો જથો રહ્યો, પછી તેઓ ગૂજરાતમાં આવ્યા ને હાલ મુંબઈ, કલકત્તા, મસકત, જંગબાર, મોરીસ, અને પૂર્વતરફ મોલમન ને સીઆમમાં છે. દીનમાં સરખાછે તોપણ કચ્છીઓ હાલાઇસાથે શાદી કરતા નથી; બંને જથા દેખાવમાં ને પોશાકમાં ઘણા જુદા પડે છે. મેમણ ઘરમાં કેટલાક ગૂજરાતી બોલે છે પણ ઘણાએક તે કચ્છી કે હાલાઇ બોલે છે. શહેરના તે માથે દુપટાની મોગલના જેવી પણ વધારે મોટી પાઘડી બાંધે છે, હિંદુ તરેહનો અંગરખો અને ઘુંટણની નીચેથી બેસતો આવતો લેંઘો પેહેરેછે. ગામડાંના મેમણ તે રજપૂતના જેવો પહેરવેશ રાખે છે. શહેરનાં ને કેટલાંક ગામડાંના બૈરાં તે મુસલમાનના જેવો અને કોઇ હિંદુ જેવો પહેરવેશ રાખે છે. કચ્છના મેમણ સઘળા ધંધો કરનારા છે. હાલાઈ તે ગામડીઆ છે. બૈરાંઓ જાહેરમાં દેખા દે છે; તેઓ સારી હાલતમાં છે. ઘણાએક કુરાન જાણે છે ને બંદગી કરવાની કાળજી રાખે છે. કચ્છી મેમણોને દીનનો વડો ને એક પોતાનો ખાસ છે. હાલાઇનો મુખી તે પંજાબમાં સરહીંદમાં રહે છે, જે દર પાંચ વરસે ગૂજરાતમાં આવે છે તોપણ એક મુખી ધોરાજીમાં રહે છે. એ માણસ બાર મદદનીસ સાથે કુરાનના ફરમાનથી ઊલટા ચાલનારને તથા છીનાળી કરે તેને દંડ કરવાની સત્તા ધરાવે છે. તેઓ પોતાના છોકરાને ગુજરાતી શીખવેછે, કોઇ કોઈ અંગ્રેજી પણ શીખવે છે. મેમણો આબાદાની ભરેલી હાલતમાં છે.

જમીનના સંબંધમાં.

વહોરાનો મોટો વર્ગ છે; ફક્ત ભરૂચ જીલ્લામાં ૩૦ હજાર છે એટલુંજ નહિ પણ સૂરત જીલ્લામાં ઓરપાડ તથા માંડવીમાં, વડોદરામાં, અમદાવાદમાં ને કાઠિયાવાડમાં ખેડુત વહોરા છે. હથીઆર ન રાખનાર જાતીમાંના જેઓ ચૌદમાં તથા પંદરમાં શૈકામાં વટલ્યા તેની ઓલાદના તે છે.[૧] અંકલેસ્વરના તે અરધી ઊરદુ ને અરધી ગૂજરાતી બોલે છે પણ બીજે બધે ગૂજરાતીજ બોલે-

---

૧. ભરૂચના સારોદના વહોરા કહેછે કે મંછારામ નામનો મોરબીનો બ્રાહ્મણ જેને મહમૂદ બેગડાએ વટલાવ્યો તેના વંશના તે છે. કેટલેક ઠેકાણે અસલ રાવળીઆ હતા; કહીં વાણીઆ,

છે. તેઓનો રોજનો ખોરાક તે ચોખા દાળ ને બાજરાના રોટલા છે; તેઓ કોઇક વખત માછલી કે ગોશ ખાય, કદી દારૂ પીતા નથી ને ઉત્તર ગૂજરાતના સિવાય બીજા તે અફીણ લેતા નથી. ઉત્તર ગૂજરાતમાં મોટી ઢીલી પાઘડી, બંડી, પીછોડી ને તુમાન તે ઘૂંટણ નીચેથી બેસતો ને ઘૂંટી આગળ બોરિયાવાળો; મધ્ય ગૂજરાતમાં ભરેલ પાઘડી પણ નાની, અંગરખો, ને કમરે બાંધવાની પીછોડી; નર્મદાની દક્ષિણમાં ટાલકું ઢંકાય તેવી ટોપી, લાંબો અંગરખો, ને તુમાન. મરદો રૂપાંની કંઠી, પહોંચી ને પગે ટોડો પહેરે છે. પગે જોડા સર્વે પહેરે છે. ગૂજરાતમાં બૈરાંનો પહેરવેશ હિંદુ જેવો છે ને પગે જોડા પહેરે છે. ઘરેણાં મોટાં ને ભારે ને ઘાટ થોડો હિંદુનો ને થોડો મુસલમાનનો; ઘુઘરા ઘુઘરીવાળાં ઘરેણાં કરાવતા નથી. ઘણો ભાગ જમીનદાર ને ખેડુત છે; તેઓના બૈરાં ખેતરકામમાં મદદ કરે છે. સ્વતંત્ર ને કોઇનું ન સાંખે તેવો સ્વભાવ હોવાથી તેઓ કોઇ કોઇ વખત હઠીલા ને ન કરવાના કામ કરે છે. અમદાવાદી તે ઇમાનદાર ને સૂધા છે પણ ભરૂચીઓ તેટલા ભરૂસો રાખવા જેવા નથી. તે મેહેનતુ ને હોશિયાર ખેડુત ને મેમાનીઅતવાળા તથા ઘોતાળ છે તેમ મિતપણે ને કરકસરથી રહેનારા પણ છે. સને ૧૮૬૫ માં હતા તેના કરતાં ઘણાં ગરીબ છે તોપણ સારી હાલતમાં છે. કેટલાક કુરાન જાણે છે ને બંદગી કરવે કાળજી રાખે છે. પીરજાદાઓને તેઓ મોટું માન આપે છે. તેઓ હિંદુની કેટલીક રીતભાત રાખેછે. છોકરા છોકરીનાં નામ કેટલાંક હિંદુ જેવાં ને કેટલાંક મુસલમાન જેવાં છે. શાદી પેહેલાં બે દહાડા આગમજ તેઓ વાનુ દેવની યાદગીરીમાં લાંગ તથા વાલ એકઠા રાંધેલાનું લહાણું કરે છે. મરણમાં બૈરાં હિંદુની પેઠે રડે છે ને છાતી કુટે છે. શાદી, અઘરણી ને મરણને ટાણે જમાતને ખાનાં આપે છે; એકેક દહાડા તો સહુએજ આપવું જોઇએ ને તવંગર તે ઘણા દહાડા આપે; ગામડાંના હજામને નોતરાં કરવાં મોકલે છે. મરદો જમી ઉઠયાપછી બૈરાંઓ જમવા બેસે છે; સને ૧૮૬૩-૬૪ પહેલાં દાળ ભાત ને ઘીનુંજ ખાનું હતું પણ પછીથી મોટા ખરચનું ખાનું આપવાની રીત ચાલુ થઇ છે. દશ વર્ષ થયાં ભરૂચ સૂરતના પણ ઘણુંકરીને વરીઆવી વ્હોરામાં વ્હાબી મત ફેલાવ્યું છે ને તેથી નીતિ રીતિમાં ઘણો ફેરફાર થયો છે. બૈરાંનો પહેરવેશ હિંદુનો ટાળી મુસલમાની રાખવામાં આવ્યો છે; તાડી તથા બીજી કેફી ચીજો વપરાતી નથી; મોટાં ખાનાં ને લગન મરણના મોટા ખરચ બંધ થયાછે; ને કુરાનના ફરમાનો ખસૂસ પળાતા થયાછે. તેઓ અંગ્રેજી ભણતરને નકામું અથવા ખોટું માને છે અને ગામડાંઓની મસજીદોમાં ને રાંદેરમાં નિશાળ છે ત્યાં દીનની કિતાબો શીખવવાને છોકરાઓ એકઠા થાય છે. દરેક ગામમાં એઓમાં એક

કહીં રજપૂત, કહીં ભાટીઆ કે લુહાણા, કહીં ઘેઢ, ચમાર, કહીં ખતરી ને કહીં મોઢ ઘાંચી હતા. અસલ જાતપ્રમાણે અમણા પણ ભેદ રાખવામાં આવે છે કે જે ઊંચી વર્ણમાંથી વટલ્યા છે તેઓ પોતાની દીકરી નીચી જાતનાને આપતા નથી.

મુખ્ી હોય છે, અને કોઇ ઉસ્કેરણીના વખતમાં સઘળા ગામના જથા એક સંપે એકઠા થાયછે. સંસારી ભેદ હજી ટળ્યો નથી; નર્મદાની ઉત્તરના તે દક્ષિણના સાથે શાદીવહેવાર રાખતા નથી; ધંધુકામાં કેટલાંક કુટુંબ દેશાઇપણાનો દાવો ધરાવી, ગામોના વહોરાથી અળગા રહે છે. જોકે ખેડુ-તના દરજાથી તેઓ ઊંચે ચઢયા નથી તોપણ તેઓ છોકરાઓને અંગ્રેજી નહિ, ગુજરાતી શીખવ-વાને નિશાળે મોકલે છે.

કાકાપુરી—(ગુલામના બેટા) એ એક નાનો જથો ખેડુ વહોરાના સંબંધમાં છે. કહેવાય છે કે કોઇ દુકાળમાં તેઓના ઘરડા મારવાડથી આવેલા તેને વહોરાઓએ નોકરીમાં રાખેલા ને મુસલમાન કીધેલા. કોળીના જેવા ચોલણા પહેરે છે તે શિવાય તેઓ વહોરાથી જૂદા જણાતા નથી, ને વહોરામાં કોઇ કોઇ વખત શાદી પણ થાય છે. સને ૧૮૨૦માં તેઓ ઘણા હતા ને ૧૮૭૨માં નવજ હતા તે ઉપરથી જણાય છે કે તેઓ વહોરામાં ભળી ગયા છે.

ગેરમહેદી—મહેદીને અથવા આવનાર ઈમામને માનતા નથી તેવા તે થોડા થોડા ગૂજરા-તના ઘણાક ભાગમાં, મુંબઇ, સિંધ, ઊત્તર હિંદુસ્થાન ને દક્ષિણમાં છે. તેઓ હુસેનની ઓલાદના મહમ્મદ મહદીને માને છે.[૧] પાછલા વખતમાં તેઓનાઉપર જુલમ ગુજર્યો હતો. ઉરદુ બોલે છે ને દેખાવમાં ખાસ જેવું કાંઇ નથી. તેઓ ખેડુછે ને બૈરાં ખેતીમાં મદદ કરે છે. મેલા નથી રહેતા ને ઇમાનદાર, મેહેનતુ, સુલેહવાળાને કરકસરથી રહેનારાછે. તેઓ મુડદાંને ઊંધે મોહોડે દાટે છે. પોતાનાજ જથામાં શાદી કરેછે; નવારસો માલ હુસેનની ઓલદના સૈયદોનો થાય છે. કેટલાક છોકરાઓ ગુજરાતી શીખેછે.

કસબાતી—અથવા કસબાના માલીક તે ઊત્તર ગૂજરાતના ઘણાક ભાગોમાં છે. કેટલાક બલુચ અથવા પઠાણ સીપાઇઓની ઓલાદના છે અને બીજા તે વટલેલા રજપૂત છે. ઘરમાં તે-ઓ ગુજરાતી સાથે ભળેલી ઉરદુ અથવા એકલી ઉરદુ બોલે છે. અશીણના બંધારણવાળા છે, ને કેટલાક દારૂની લતવાળાછે ને ગમતના શોખીછે. સુનીછે પણ ચુસ્ત નથી. માત્ર કોઇ કોઇ કુરા-ન જાણે છે કે બંદગી કરે છે. વખતે વખતે, પણ આગળના કરતાં થોડું, તેઓ કોળી કે રજપૂત-

---

૧. મહમ્મદ મહેદી બનારસની પાસે જુવાનપુર છે ત્યાં જનમ્યો હતો. તેણે ૪૦ વર્ષની ઉમરે પોતાને વલી કહેવડાવી જુવાનપુરમાં ને મક્કામાં ઘણાકને પોતાના મતના કીધા. મક્કે જઇ આવી અમદાવાદમાં ને પાટણમાં જાહેર કીધું કે આવનારો મહેદી તે હુંજ છું (૧૪૯૯); કહેવાયછે કે મુ-વાને જીવતા કરી, આંધળાને આંખ આપી, મૂગાને બોલતા કરી વગેરે ચમત્કારથી કેટલાક હિંદુઓ તેના મતના મુસલમાન થયા હતા. સુલતાન મુજફ્ફર બીજાના વખતમાં (૧૫૧૩–૧૫૨૬) ને ઓ-રંગજેબ સુબો હતો ત્યારે ઘણાકને કાપી નાખવામાં આવ્યા હતા. તેઓ શીહા કહેવડાવેછે ને કહે છે કે આવનારો ઇમામ તે મહમ્મદ મહેદી આવી ગયો છે ને તેથી હવે પાપનો પસ્તાવો કરવો ને મુવેલાને વાસ્તે બંદગી કરવાની જરૂર નથી.

ની છોકરી સાથે શાદી કરે છે. એવે ટાણે છોકરીનાં સગાં બ્રાહ્મણને બોલાવે છે પણ ઘણુંખરૂં મુસલમાનની રીતેજ શાદી થાય છે. મરણ ટાણે તેઓ હિંદુની રીતભાત રાખતાં નથી. મોટા જમીદારનો દરજ્જો રાખી રહેવાને પોતાના વર્ગમાં લાયક છોકરી ન મળવાથી જમીદાર હિંદુ કે મોલે સલામ કુળમાં છોકરાઓને પરણાવે છે. છોકરીઓ તો મુસલમાનનેજ દેછે. તેઓમાં કોઇ મુખી નથી. સારી હાલતવાળા કેટલાક પોતાના છોકરાઓને ગૂજરાતી શીખવેછે ને થોડાએક તે અંગ્રેજી. પણ ઘણાખરા કરજમાં ડુબી ગયલા છે, ને હંમેશ અફીણ વાપરવાથી શરીર ને મને નબળા પડયા છે. ધામેઠી, તેઓ કસબાતીથી જુદા નથી, એટલું કે તેઓને જમીન થોડી હોય છે, એ બંનેને એક બીજા સાથે શાદી વહેવાર છે.

મકવાણા—એ કોળીની જાતમાંથી વટલેલા છે, ઉત્તર ગૂજરાતના ઘણાક ભાગમાં છે. તેઓ ગૂજરાતી બોલે છે. તેઓ હલકા જમીદાર, ખેડુત અને સીપાઇ હોય છે. જો કે કરજમાં ઘણાક ડુબી ગયાછે તોપણ તેઓની હાલત નઠારી નથી. સુની છે. છોકરાઓ મુસલમાન તે મકવાણા કોળી કુટુંબમાં પરણેછે. દીકરીઓ મુસલમાનનેજ આપેછે, તેઓ લગન ટાણે બ્રાહ્મણને કામે લગાડેછે. તેઓનામાં કોઇ મુખી નથી. છોકરાંઓને નિશાળે મોકલતા નથી.

મતીઆ—કણબી ખેડામાં ને સુરત જિલ્લામાં અંબીકા ને તાપી નદીનાં વચમાંના બાવીસ ગામોમાં છે. તેઓ લેવા કણબીના વંશના છે પણ અમદાવાદ પાસે પીરાના છે ત્યાંના પીર ઇમામશાહને માનેછે. ઇ. સ. શૈકા પંદરમાંના વચગાળામાં તેઓ બનારસથી આવતા હતા તે ટાણે તે પીરે એવોતો ચમત્કાર બતાવ્યો કે તેઓએ તેને ગુરૂ કરી થાપ્યો. નવસારીમાં સિંધશાહ છે તેને અને બરહાનપુરના પીરજાદાને માને છે. ખોરાકને પેહેરવેશમાં બીજા હિંદુથી જૂદા પડતા નથી. તેઓ ખેતી કરેછે ને ગુણ તથા સ્થિતિમાં બીજા લેવા કણબી જેવાછે. તેઓ મોટે અવસરે બ્રાહ્મણો બોલાવી ક્રિયા કરેછે; પીરાના પીરની કબરની જાતરા જાયછે ને મુવેલાંને દાટેછે તે સિવાય તેઓની બીજી બધી રીતભાત હિંદુની છે. તેઓ મતભેદે બીજા કણબીઓથી જૂદા પડયાછે; તેઓ પોતાનામાંજ પરણે છે.

મલેક—એ વટલેલા હિંદુ, ગૂજરાતમાં બધે છે; તેઓ ઊંચા ને સારા ચેહેરાના છે. ઉત્તરમાં ગૂજરાતી ને દક્ષિણમાં ઉરદુ બોલે છે. મરદોમાં કેટલાક કાઠીના જેવો પહેરવેશ રાખે છે ને બીજાઓ તે મુસલમાની. બૈરાં પેહેરવેશ ઉત્તરમાં હિંદવાણીનો ને દક્ષિણમાં મુસલમાનનો રાખે છે. તેઓ જમીનદાર ને ખેડુત છે ને વળી સરકારી નોકરીમાં સીપાઇ છે. બૈરાં કાંતે છે પણ ખેતરમાં કામ કરતાં નથી. સુઘડતાથી રહે છે ને ઇમાનદાર છે. બૈરાં જાહેરમાં દેખા દેતાં નથી. ગરીબ ને કરજદાર છે. સુની છે, કોઇ કોઇ કુરાનને ભણુતા હશે કે બંદગી કરતા હશે. લગન ને બીજી રીતભાતમાં તેઓ બીજા વટલેલા રજપૂતોથી જૂદા પડતા નથી.

બહેલીમ—એ પણ વટલેલા રજપૂતનો જથો ઉત્તર ગૂજરાતમાં ને ભરૂચમાં છે. બીજા મુસલમાન સાથે શાદીવહેવાર રાખેથી તેઓનો જૂદો વર્ગ હવે રહ્યો નથી. **બાબર** એપણ-વટલેલા રજપૂતો છે ને ગૂજરાતમાં ને કાઠિયાવાડમાં થોડા થોડા છે. દેખાવમાં તે બીજા રજપૂતોથી જૂદા નથી. કાઠિયાવાડમાં મરદ ઔરતનો હિંદુ પહેરવેશ છે પણ અમદાવાદમાં મુસલમાન જેવો. ખેતી ને મજુરી કરે છે. ઘણા ખરાબ હાલતમાં છે.

મોલેસલામ—ઘણુંકરીને ભરૂચમાં ને રેવાકાંઠામાં છે. મહમુદ બેગડાની બાદશાહીમાં (૧૪૫૯–૧૫૧૩) રજપૂતમાંથી કેટલાક જેઓએ મુસલમાની ધર્મ માન્યો પણ વળી રીતભાતો બાપદાદાની રાખી રહ્યા, તે મોલેસલામ કહેવાયા. આમપણ કહેવાય છે કે જેઓએ સુલતાનના મેહેલને સલામ કીધી હતી તેઓને નાત બહાર કર્યા, જેથી તેવા રજપૂતોનો જે વર્ગ જૂદો પડયો તે. મોલેસલામ ઠાકોરો મુસલમાન કાજી, સૈયદ, મોલવીને માને છે અને વળી ઘરડાની બખતના બ્રાહ્મણના વંશજોને પણ પાળે છે ને ભાટ ચારણોને મદદ કરે છે; તવંગર તે તેઓને મોહોડેથી કવિતા સાંભળી ફુરસદનો વખત કાઢે છે ને ગરીબ તે લગનને ટાણે તેઓની પાસે ગોરનું કામ કરાવે છે. મોલેસલામ પોતાની દીકરી સૈયદ, મોગલ કે બીજા સાથે પરણાવે પણ નીચા વર્ગના મુસલમાન સાથે નહિ. મોલેસલામ રાજાનો બેટો કોઇ રજપૂત બેટીને મેળવી શકે પણ બીજા તે પોત પોતાનામાં કે ગરીબ મુસલમાન સાથે શાદી વહેવાર રાખે છે. ઘરમાં ધોતિયું પેહેરે છે પણ બહાર નીકળે છે ત્યારે પાઘડી અંગરખો ચોરણો ને રજપૂતની પેઠે કમર બાંધે છે કે ખભે દુપટો નાખે છે. તેઓ બીજા મુસલમાનસાથે ખાનું ખાય છે ને કોઇ કોઇ વાર ગોશ ખાય છે પણ તેઓનું હંમેશનું ખાનપાન હિંદુ જેવુંજ છે.

શેહોડ—ઉત્તર ગૂજરાતના જુદા જુદા ભાગમાં થોડા થોડા છે. મરદ મજબૂત સારા બાંધાના છે, ને હડપચી મુડાવતા નથી તે સિવાય રજપૂત જેવાજ છે. તેઓની બૈરી જે હિંદુકુળની તે પીહેરમાં રજપૂતાણીનો પેહેરવેશ રાખે છે તે સિવાય બીજીઓ તે મુસલમાની·તેઓ જમીનવાળા, ખેડુત ને રખા છે. થોડાકના ઘરમાં સ્વામીનારાયણની છબીઓ હોય છે જેને તે પગે લાગે છે. રીતભાત ઘણીખરી રજપૂતની છે; લગનને અવસરે મોટા જમીનદારો તે કન્યાને ઘેર ખાંડુ મોકલી તેને વરના ગામમાં આણે છે; કન્યા હિંદુ હોય તો બ્રાહ્મણની તથા મુસલમાન બંનેની ક્રિયાએ શાદી થાય છે; મરણ ટાણે બૈરાં છાતી કુટે છે. તેઓ રજપૂત કે કોળી, પછી એ હિંદુ કે મુસલમાન હોય, તેમાંજ પરણે છે; એ સિવાય તેઓનો જૂદો વર્ગ નથી; તેઓમાં કોઇ મુખી નથી.

શેખડા—ઘણુંકરીને ભરૂચ ને અમદાવાદમાં છે; તેઓ પીરાનાના પીર બાલા મહમ્મદ શાહને માને છે. રીતભાત મતીઆ કણબી જેવી છે. મુવેલાંને દાટે છે તેસિવાય બીજી વાતે હિંદુ રીત રાખેછે. સુનત કરાવતા નથી, મુસલમાન સાથે જમતા નથી પણ ટીલું કરે છે ને ઘણાએક તે સ્વામીનારાયણ પંથના છે. લગન વેળા મુસલમાની ક્રિયા ફકીર કરાવે છે ને ચોરીની ક્રિયા બ્રા॰

હ્મણ કરાવે છે. મતીઆ કણબીના જેવા તેઓનો એક જૂદો જથો છે. સોલંકી તે તે જાતના રજપૂતમાંથી વટલેલાં તે ને ઉત્તર ગૂજરાતના જુદા જુદા ભાગમાં થોડાથોડા છે. તેઓ વટલેલા રાઠોડ ને બીજા રજપૂતોમાં પરણે છે ને દેખાવ, ધંધો ને રીતભાતમાં જુદા પડતા નથી.

કારીગીરીનાસંબંધમાં.

કડીઆ—ગૂજરાતના સઘળા ભાગમાં થોડા થોડા છે. હિંદુ કડીઆમાંથી વટલેલા છે. ઉત્તર ગૂજરાતમાં તેઓ ઘરમાં ગૂજરાતી ને દક્ષિણમાં ઉરદુ બોલે છે; મરદના પેહેરવેશમાં થોડો ફેર છે ને ઉત્તર તરફના બૈરાં હિંદુનો ને દક્ષિણના તે મુસલમાની રાખે છે. સૂરતના કડીઆ ઓરડાની ભીંતને સણગાર આપવામાં કાબેલ જણાય છે. બૈરાં જાહેરમાં દેખા દેછે. તેઓ ગરીબ છે ને કરજથી છુટા નથી. સુની છે ને કેટલાક કુરાન જાણેછે ને બંદગી કરે છે; ઇમામશાહના પીરની ઓલાદનાને માનેછે. પોતાનામાંજ પરણે છે. છોકરાંઓને ભણાવતા નથી.

કસાઇ—ગૂજરાતના બધા ભાગમાં છે. તેઓની અસલ જાત જાણવામાં આવી નથી. શેહેરમાં ઉરદુ ને ગામડાંમાં ગૂજરાતી બોલે છે. ઘરેણાં પેહેરવાનો શોખ રાખે છે. કેટલાક ગાય, ભેંસ, બળદ કાપનારા છે તે ગાય કસાઇ, ને બીજા તે બકરાં, ઘેટાં કાપનાર તે બકરા કસાઇ, એમ ઓળખાય છે. જાનવરોના હલકા ને નાના ભાગ વેચવામાં બૈરાં મદદ કરે છે. તેઓને મોડે ગાળ ઘણી હોય છે. કેટલાક સારી હાલતમાં છે. સુની છે ને કેટલાક કુરાન તથા બંદગીની કાળજી રાખે છે. તેઓ પોતાનામાંજ શાદી કરે છે. તેઓની જમાતમાં મુખી હોય છે ને ફંડ પણ હોય છે, જેમાંથી મસજીદો ઉપર મુસાફરોને ખવાડવામાં ખરચાય છે. તેઓ અભણ છે.

કાગઝી—ઉત્તર ગૂજરાતમાં ઘણા છે; કહેવાય છે કે તે વટલેલા હિંદુ છે. કોઇ માથાનું ટાલકું, કોઇ બધું માથું બોડાવે છે ને કોઇ જુવાનીઆ માથે બાળ રાખે છે, પણ દાઢી તો બધાને હોય છે. તેઓ દેશી કાગળો બનાવે છે ને વેચે છે કે જેને વાસ્તે અમદાવાદ ઘણાક વખતથી વખણાય છે. દોલતાબાદ કે કાશમીરના કાગળ સફેતાઇમાં અમદાવાદીની બરાબરી કરી શકતા નથી. હાલમાં તેઓનો ધંધો પડી ભાગ્યો છે. સુની છે ને કુરાન વાંચી જાણે છે ને બંદગી કરે છે. તેઓ મહમુદમીઆ કિસ્ટીને ઘણું માન આપે છે. રીતભાત બીજા મુસલમાન જેવી છે; પોતાનામાંજ પરણે છે. કેટલાક છોકરા આરબી ને કોઇ કોઇ અંગ્રેજી શીખે છે.

ખરાદી—ગૂજરાતમાં બધે થોડા થોડા છે; અમદાવાદમાં ઘણા છે; અમદાવાદી તે હિંદુ ખરાદીમાંથી થયલા છે ને સૂરતના તે ઘણીક જાતમાંથી. સુની છે; કુરાન જાણે છે. પોતાનામાંજ શાદી કરે છે.

ખાટકીના—બેજથા છે; ચામડાં કમાવનાર ને બીજા ઢાલગર ખાટકી તે કસાઇના વર્ગના છે ને તેઓ સાથે શાદી વેહેવાર રાખે છે ને દેખાવ, ભાષા, ને ગુણમાં તેઓ જેવાજ છે. તેઓ

ઘેટાં બકરાંનાં ચામડાં કમાવે છે ને ગામડાંમાં તે બકરાંનું ગોશ વેચે છે. તેઓ ગામડાંમાં ફરી ચામડાં ખરીદ કરે છે ને કમાવીને જથાબંધ વેચે છે; ધંધામાં બૈરાં મદદ કરે છે.

ઘાંચી—ગૂજરાતના બધા ભાગમાં છે પણ ઉત્તરમાં વધારે. કેટલેક ઠેકાણે તે ઘાંચી ને કેટલેક ઠેકાણે ઘાંચી વહોરા કહેવાય છે. હિંદુ પિંજારા ને ઘાંચીમાંથી વટલેલા છે. તેઓ સુની છે ને પોતાને મનસુરી કહેવડાવે છે એટલે મનસુરના મતને માનનારા. ગોધ્રાનાં બૈરાં દીનના ફરમાન કાંઇ કાંઇ પાળે છે તે સિવાય બીજું દીનનું કંઇ જાણતા નથી. ઘરમાં ગૂજરાતી બોલે છે. મરદ પેહેરવેશ મુસલમાનનો રાખે છે પણ બૈરાં ઘણાંક તે હિંદુનો. મરદો ગાડાં હાંકવાનો, ઘાણીથી તેલ કાઢવાનો, દૂધ વેચવાનો ને ખેતીનો ધંધો કરે છે. બૈરાં દૂધ વેચે છે ને ઘરનું કામ કરે છે. તેલ જથાબંધ તેઓ હિંદુ ઘાંચીઓને વેચે છે. તેઓ પોતાના જથામાંજ શાદી કરે છે ને દીનના મુખી સાથે તેઓ પોતાનો જથો જૂદો રાખે છે. છોકરાઓને ગૂજરાતી કે અંગ્રેજી કંઇ શીખવતા નથી.

ચુંદડીગરા—ગૂજરાતમાં બધે છે. તેઓ આરબ ઓલાદનો દાવો કરે છે ને સીંધમાંથી ગૂજરાતમાં આવ્યા એમ કહે છે. પણ ઘણાખરા હિંદુમાંથી થયલા હોય એમ લાગે છે. કાઠિયાવાડમાં તેઓની ઘરની ભાષા ઉરદુ ને ગૂજરાતી છે. મરદ ને ઓરત જુદી જુદી તરેહની બાંધણી બાંધે છે, અને સૂરતમાં કેટલાક રંગે છે. કેટલાક સરકારી નોકરીમાં સીપાઇ હોય છે. સુની છે ને દીનના સુસ્ત છે, કુરાન ભણે છે. મુઆંપછી ત્રણ દહાડાસુધી શોક કરનારને જમાતને ખરચે ખવાડવામાં આવે છે. બીજા છ દહાડા તેઓના સગાંને ને દશમે દહાડે મોટું ખાનું આપવામાં આવે છે. તેઓનો જથો જુદોજ છે ને પોતાનામાંજ પરણે છે. કોઇ મુખી નથી. કેટલાક છોકરાને નિશાળે મુકે છે. કેટલાક સારા દરજ્જા પર ચઢેલા છે.

ચુડીવાળા—બધે છે ને તેજ ન્યાતના હિંદુમાંથી વટલેલા છે. ઘરમાં ઉરદુ બોલે છે. મરદ ને ઓરત ગરીબ મુસલમાનના જેવો પેહેરવેશ રાખે છે. તેઓ કાચ કે લાખ કે કલાઇની બંગડીઓ બનાવી વેચે છે. તે કલાઇના ને સુના પિત્તળના પતરાંની કોરણુ કરે છે. બૈરાં વેચવા નિકળે છે. સુની છે, ને કેટલાક કુરાન જાણે છે. ગરીબ છે ને કેટલાક કરજમાં છે, તેઓ બીજા મુસલમાન સાથે પરણે છે, તેઓમાં કોઇ મુખી નથી.

ચુનારા—બધે થોડા થોડા જથામાં છે. તેઓ નીચી જાતના હિંદુમાંથી વટલેલા છે ને હિંદુના જેવો પેહેરવેશ રાખે છે. તેઓ ચુનો બનાવેછે ને કડીઆનું કામ પણ કરે છે. તેઓ સુની છે. મરણમાં બૈરાંઓ છાતી કુટેછે, પોતાનામાંજ પરણે છે.

છીપા—ઉત્તર ને મધ્ય ગૂજરાતમાં છે; તેજ જાતના હિંદુમાંથી થયલા છે; કેટલાક મારવાડી મુસલમાની છીપા અગણોતરાના (સંવત ૧૮૬૯) દુકાળના વખતથી ગૂજરાતમાં આવી વસ્યા છે

ગૂજરાતીઓ ઘરમાં ઉરદુ ને ગૂજરાતી બોલે છે ને મારવાડી તે પોતાના દેશની બોલી. ગૂજરાતી મરદ તથા બૈરાં નીચા વર્ગના મુસલમાનના જેવો પેહેરવેશ રાખે છે ને મારવાડી તે હિંદુ મારવાડીનો. ધંધે સારી હાલતમાં છે. સુની છે; ફકત થોડા તે કુરાન વાંચે છે પણ ઘણુંક બંદગી કરે છે. દરેક જથાને પોતાનો મુખી છે.

તાઈ—ગૂજરાતના બધા ભાગમાં છે. તુરકસ્તાન ને આરબસ્તાનની વચ્ચે આવેલાં તાઇ નામના શેહેર ઊપરથી લોકનું નામ પડયું ને પેગંબર ઇદ્રિસે તેઓને વણતાં સીવતાં શીખવ્યું એમ કહેવાય છે. ગૂજરાતના તે કેટલાક હજાર વર્ષ ઉપરથી સિંધથી આવેલા ને બીજા તે ગૂજરાતના હિંદુ વટલેલા તે છે. તેઓ ઘરમાં ગૂજરાતી કે ઉરદુ બોલે છે. વલસાડના તાઇ તે પોતાને આરબ ઓલાદના કહે છે ને તેઓનો પેહેરવેશ બીજા તાઇથી જૂદો છે. કસબાઓમાં બૈરાંનો પેહેરવેશ મુસલમાની ને ગામડાંમાં હિંદુના જેવો છે. વલસાડમાં થોડાંક કુટુંબ શાહુકારી પેઢી રાખે છે તે સિવાય બીજા બધા તે સુતરાઉ કપડાં ને પાગડીઓ વણે છે. ભલા, ઇમાનદાર ને મેહેનતુ છે; ધંધામાં સારૂં મળતું નથી ને ઘણાક તે ગરીબ છે. સુની છે; અમદાવાદ ને સૂરતના તે દીનના ચૂસ્ત છે ને દહાડામાં પાંચ વખત બંદગી કરવાને મસજીદમાં જાય છે. પોત પોતાના જથામાં મુખી હોય છે ને શાદી પોતાનામાંજ કરે છે. તેઓ છોકરાઓને કુરાન શીખવવાને મુલ્લા પાસે મોકલેછે, પણ તેઓમાં ઘણા અભણ છે.

નાલબંધ—બધે છે. મરદો ઘોડાને નાળ મારે છે ને બૈરાં રૂ કાંતે છે. બીજા મુસલમાનો સાથે શાદી વહેવાર રાખે છે, ને દેખાવ, બોલી, પેહેરવેશમાં બીજા જેવા છે; તેઓનો જૂદો જથો નથી. હાલત ઠીક છે; ધરમ પણ ઠીક પાળે છે. તેઓમાં ઘણા અભણ છે.

પાંજણીગર—તે તેજ નામના હિંદુમાંથી મુસલમાન થયલા છે ને તે ગૂજરાતના બધા ભાગમાં છે. ઘરમાં ઉરદુ તથા ગૂજરાતી બોલી બોલે છે ને મરદ બૈરાંનો પેહેરવેશ મુસલમાની છે. ધંધામાં કમાણી નથી. સુની છે. કુરાન કોઇકજ જાણતું હશે. પોતાનામાંજ શાદી કરે છે. જથા જથામાં બંદોબસ્ત સારો છે તેમાં એકેકો મુખી હોય છે. એમાંનો એક જથો સૂતર ને પાંજણી દેનારાનો છે અને એથી જૂદો જથો હીરને પાંજણી દેનારાનો છે; બંને એક બીજામાં શાદી વેહેવાર રાખે છે. એ ધંધો મુસલમાનજ કરે છે કેમકે પાંજણી જૂના ચામડાંને લીંબુના રસમાં ઉકાળવામાં આવેછે. તેથી હિંદુઓ તે કામ કરતા નથી.

બંધારા—બધે છે ને હિંદુમાંથી થયલા છે. મરદ મુસલમાનનો ને બૈરાં હિંદુનો પેહેરવેશ રાખે છે; ઘરેણાં મુસલમાનનાં જેવાં ઘાલે છે. ઉત્તર ગૂજરાતમાં મરદો જૂનાં નવાં રેશમ તથા રેશમી કપડાંને ધોય છે ને બૈરાં તેને મદદ કરે છે; દક્ષિણમાં તે ધંધા ઉપરાંત તેઓ રેશમ તથા રેશમી કપડાં વેચે છે. સફાઇથી ને કરકસરથી રહેનારા, મેહેનતુ ને ગમતના શોખીલા છે.

ઘણા સારી હાલતમાં છે ને કરજદાર નથી. સુનીછે; કુરાન જાણે છે ને બંદગી કરે છે. પોતાનામાંજ શાદી કરે છે; જથામાં સંપથી રહે છે ને કોઇ મુખી નથી.

ભાડભુંજા—બધે છે. તેઓ બીજા મુસલમાન સાથે શાદી વહેવાર રાખે છે. તેઓનો જૂદો જથો નથી.

મણીઆર—હિંદુમાંથી મુસલમાન થયલા તે અમદાવાદ ને કાઠિયાવાડમાં ઘણા છે, ભરૂચ સૂરતમાં થોડા છે. મરદ મુસલમાનનો ને બૈરાં હિંદુનો પેહેરવેશ રાખે છે. સારી હાલતમાં છે, સુની છે, બંદગી કરવે કાળજી રાખે છે ને કોઇ કોઇ કુરાન જાણે છે. તેઓ અમદાવાદના શાહ આલમ પીરને માન આપે છે. દાંતની ચુડીઓ કરવાના ધંધામાં તેઓને સારૂં છે. ઘાંચીની પેઠે બૈરાંઓ લગનમાં ગીત ગાય છે ને મરણમાં છાતી કુટેં છે. તેઓ પોતાનામાંજ શાદી કરે છે ને પોત પોતાના જથાનો મુખી હોય છે. તેઓ છોકરાઓને ગૂજરાતી શીખવે છે.

મોચી—(મુલતાની) બધે છે. તેઓ કહે છે કે જુના વખતમાં મુસલમાનના જુલમથી નાસીને ગૂજરાતમાં આવી વસ્યા ને અહીં મહમૂદ બેગડાની બાદશાહીમાં મુસલમાન થયા. ઘરમાં ઉરદુ બોલે છે. તેઓ નાનાં એક માળના ઘરમાં રહે છે; ધંધાના કામમાં બૈરાં કામ કરવા લાગે છે-સુની છે. મુસલમાનમાં તેઓ હલકા દરજાના કહેવાય છે.

મોમના—ગૂજરાતમાં બધે ને ઘણા છે. ઘણીક જાતના હિંદુ જે બોખારા સૈયદોથી શીહા ધર્મ માનના થયા તેઓની ઓલાદના છે; તેઓનો મોટો પીર પીરાનાનો ઇમામ શાહ છે; અને રાંધણપુરી, પાલણપુરી વગેરે જથાઓથી જેમ ઓળખાય છે તેમ મશાઇખશાહી, નૂરશાહી, મહમૂદશાહી વગેરે ધર્મ ગુરૂઓના નામથી પણ ઓળખાય છે પણ તેઓ સઘળા ઇમામી શાહી છે. ઇ. સ. ૧૬૯૧ માં ગૂજરાતના મોમનાએ ખાનદેશના મતીઆસાથે મળી બળવો કરી ભરૂચ શેહેર લીધું હતું. અમદાવાદના તે વાણીઆના જેવી પાઘડી ઘાલે છે ને બીજા પેહેરવેશમાં પણ હિંદુની નકલ કરે છે; બીજાઓ ત્રણ ખુણાની મુસલમાની પાઘડી પેહેરે છે; બૈરાંઓ સુરતમાં થોડાક શિવાયે હિંદુ જેવો પેહેરવેશ રાખે છે. ઘણાખરા ગોશ ખાય છે પણ વણકર દાખલ પોતાના હિંદુ ઘરાકોને માઠું ન લાગે વાસ્તે જાહેરખાનામાં ગોશ વાપરતા નથી. તેઓ સૂતરાઉ તથા રેશમી કાપડ વણે છે, કેટલાક રંગારા, કાપડ વેચનારા ને ખેડુત છે. ખેડા ને ઉત્તર ગૂજરાતમાં હાલ જે વણકર છે તે અસલ ખેડુત હતા. શીહા ધર્મના છે; તેઓ કુતુબુદ્દિનું ગૂજરાતી કુરાન વાંચે છે અને બંદગીમાં પોતાના પીરનાં નામની માળા જપે છે; અમદાવાદનો જથો તે કુરાનને બદલે ઇમામશાહની દીનના ફરમાનની કીતાબ વાંચે છે ને થોડાક તે છુપીરીતે હિંદુના દેવતાને પણ માને છે. ઘણાક મોમના જે દિલથી શીહા છે ને સુની કહેવડાવે છે; પણ સૂરતમાં થોડાક છે તે

શીહા મતના છે. તેઓ થોડુંક થયું જૂદા પડયા છે ને પોતાના શીહા સંબંધીઓ સાથે શાદી વહેવાર રાખે છે. સઘળા સૂનત કરાવે છે ને મુવેલાંને દાટે છે; પણ બીજી કેટલીક બાબદમાં અમદાવાદના જથાની રીતભાત મુસલમાનોથી ઘણીક રીતે જૂદી છે. ઉત્તર ગૂજરાતમાં હિંદુ નામ રાખવામાં આવે છે ને લગનમાં મુસલમાની ક્રિયાની સાથે બ્રાહ્મણને બોલાવી હિંદુ ક્રિયા પણ કરાવે છે; અમદાવાદી જથા સિવાયે બીજા બધા મોમનાઓ એક બીજામાં પરણે છે ને કાઝી ક્રિયા કરાવે છે.

રંગરેજ—હિંદુ ખતરીમાંથી થયલા છે. ઘરમાં ઊરદુ બોલે છે. મરદને બૈરાં મુસલમાની પહેરવેશ રાખે છે. સુની છે.

લુહાર—પશ્ચિમ ગૂજરાતમાં, ગોધામાં ને કાઠિયાવાડમાં છે, તેઓ સિંધથી આવી વસેલા છે. ઘરમાં ગૂજરાતી બોલે છે. મરદો મેમણના જેવો મુસલમાની ને બૈરાં હિંદુ જેવો પહેરવેશ રાખે છે. તેઓ ચાકુ, પાળી, સુડી, લોઢાંનાં ઓજાર, ભાલાનાં ફળાને કટારી બનાવે છે. બૈરાં ઘરકામ કરે છે. સુની છે; કેટલાક તે કુરાન જાણે છે ને બંદગીની કાળજી રાખે છે. તેઓ બીજા મુસલમાન સાથે શાદી વહેવાર રાખે છે; જૂદો જથો નથી.

સલાટ—બધે છે ને તે હિંદુની જાતમાંથી વટલ્યા છે. કેટલાક ઘણાજ કાબેલ છે તે જૂના વખતના બારીક નકસી કામ પણ કરી જાણે છે. મારવાડી સલાટ જે મારવાડ ને ગૂજરાત વચ્ચે આવ જા કરે છે તે સિવાય ગૂજરાતના સલાટોમાં તડાં નથી. ઊરદુ બોલે છે ને મુસલમાની પહેરવેશ રાખે છે. વર્ગ દાખલ તેઓ સારી હાલતમાં નથી. સુની છે. બીજા મુસલમાન સાથે શાદી વેહેવાર રાખે છે પણ પોત પોતાના જથામાં એક મુખી હોય છે.

સોની—કચ્છ કાઠિયાવાડ ને અમદાવાદમાં થોડા થોડા છે. બૈરાં હિંદુ જેવો પહેરવેશ રાખે છે બૈરાં ધંધામાં કેટલીક રીતે મદદ કરે પણ છોકરીઓ કોને પરણશે તેની આગળથી જાણ ન હોવાથી ધંધાનો કેટલોક બારીક ફીસબ તે બૈરાંઓથી છૂપો રાખે છે. સુની છે; કેટલાક બંદગીની કાળજી રાખે છે. તેઓ પીરાનાના પીરની ઓલાદના સૈયદને માને છે. મરણમાં બૈરાંઓ કુટવાનું કરેછે તે સિવાય બીજી રીતભાતમાં મુસલમાનથી જૂદા નથી. તેઓના જથામાં કોઇ મુખી નથી.

નોકરીના સંબંધમાં.

સીપાઇ (લશ્કરી) ગૂજરાતના બધા ભાગમાં છે. કેટલાક પરદેશી આવી વસેલા ને બીજા તે ચોહાણ, રઠોડ ને પરમાર રજપૂતોમાંથો વટલેલા છે. કાઠિયાવાડમાં તેઓ ગૂજરાતી બોલે છે ને બીજા ભાગોમાં ઉરદુ; બીજા મુસલમાન સાથે શાદી વહેવાર કરે છે. કાઠિયાવાડમાં હિંદુ જેવા પણ બીજે બધે મુસલમાની પહેરવેશ રાખે છે. ખેતી કરે છે, મજુરી કરે છે, સરકારી નોકરીમાં સોલજર, કાન્સ્ટેબલ ને સંદેશા પોંહોચાડનાર છે. ઘણા ખરાબ હાલતમાં છે. સુની છે.

બહુરૂપા—થોડા થોડા બધે છે. ઘરમાં ઉરદુ બોલે છે ને હલકા વર્ગના મુસલમાન જેવો પહેરવેશ પેહેરે છે. તેઓ ચેહેરાને એક બાજુથી મરદ જેવો ને બીજી બાજુએ ઓરત જેવો બતાવવાનો વેશ

ઝડપથી લેછે ને માથું એવી રીત ફેરવે છે કે કોઇ જાણે કે બે જણ હશે. તે ધંધામાં બૈરાં મદદ નથી કરતાં પણ તે ઘરકામજ કરે છે. સુની છે. કુરાનમાંથી પણ બોલે છે ને બંદગી કરવે દરકાર રાખે છે.

ભાંડ—બધા વર્ગના મુસલમાનમાંથી છે, પણ નવા આવનાર ઉત્તર પશ્ચિમ તરફના તે ગૂજરાતના મોટા કસબાઓમાં બધે છે. ઉરદુ બોલે છે ને મુસલમાની પેહેરવેશ રાખે છે. તેઓ ગાય છે, નાચે છે ને વાતો કહે છે, જેમાં તેઓ નકલ મજાક કરે છે, ઠોક મારે છે ને બધું ભુંડું ભુંડું બોલીને. તેઓ દસેક જણ હોય તેવા તાયફા કરી ગમત દેખાડવાને ફરતા રહેછે. તેમાં એક મુખી એક નકલ કરનારો ને સારંગી તબલાંવાળા વગેરે હોય છે. વાતોની વચમાં વચમાં નકલ કરનારો ઘણાક ચાળા કરે છે ને નાચનારો ઓઢણું ઓઢે છે ને પગે ઘુઘરા બાંધે છે. તેઓને રૂ. ૧૫ થી તે ૧૦૦ સુધી મળે છે, જેમાંનું અરધું મુખી જમાદાર લેછે ને અરધું તે બીજા વહેંચી લેછે. કેટલાક સુની ને કેટલાક શીહા છે.

ભવાયા—ઠામઠામ ફરીને ખેલ કરે છે. તેજ જાતના હિંદુમાંથી થયલા છે. તેઓ મુસલમાની પેહેરવેશ રાખે છે. મરદ તે મરદ આગળ નાચે છે ને ખેલ કરે છે ને બૈરાં તે બૈરાં આગળ ગાયછે. મરદ બૈરાં બંને છટેલપણાની જીંદગી ગુજારે છે. ગરીબ છે ને કેટલાક કરજમાં છે. જે ઘેર છોકરો જનમ્યો હોય ત્યાં જઇ બક્ષીસ માગે છે. સુની છે.

ગંધરપ—બધે છે ને તેજ જાતના હિંદુમાંથી થયલા છે. આઠ મહિના તેઓ ફરે છે ને ચોમાસામાં ઘેર જઇ ખેતી કરે છે; તેઓ ઘણા ખરા ગૂજરાતના ઉત્તર પશ્ચિમ ભાગમાં રહે છે. તેઓના ટોળાંમાં ૬ થી ૧૦ જણ હોય છે; છોકરીઓ નાચે છે, ગાય છે ને મરદો બજાવે છે. તેઓની બૈરીઓ જાહેરમાં આવતી નથી. સુની છે. છોકરીઓ નાચનારી ને કસબેણ થાય છે, તેથી તેઓ પોતાના જથામાં શાદી કરતા નથી, પણ બીજા મુસલમાનમાંથી ને કોઇ વખત કોળીમાંથી પાંચથી દશ રૂપિયામાં બૈરીઓ કરી આવે છે. માબાપો છોકરીની કમાણીએ પોતાનો ગૂજારો કરે છે. તેઓના જથાવાળા શાદીને ટાણે એકઠા થાય છે. **કમાલીઆ**—જે બહુચરાજીને માને છે તે અસલ કનોજીઆ બ્રાહ્મણ હતા ને અલાઉદ્દીન બાદશાહે (૧૨૯૭ માં) તેઓ પાસે ઇસલામ ધર્મ કબૂલ કરાવ્યો હતો. તેઓ બહુચરાજીને નામે ભીખ માગે છે ને ત્યાં તેઓને ખાવાનું મળે છે. સૂનત કરાવતા નથી, મુવેલાંની છાતીઉપર કંઇક બાળે છે ને પછી તેને દાટે છે; હિંદુ ક્રિયા રાખે છે. કેટલાક પરણેલા ને છોકરાંવાળા છે ને બીજા તે હિજડા દાખલ ગૂજારો કરે છે. **મદારી**—બાજીગર તે ભટકતા ગૂજરાતમાં બધે છે. હિંદુનટની જાતમાંથી વટલેલા કહેવાય છે. સાપની, દોરડાંઉપર નાચવાની, હાથ ચાલાકીની કસરતોની રમત દેખાડી ગૂજારો કરે છે; બૈરી મરદ સાથે તમાશા કરવામાં સામેલ નથી રહેતી પણ બૈરાં આગળ નાચે

B 524—૫

ગાયછે ને તે કસએણ જેવી હોય છે. સુની કહેવાય છે, દીનની બાબત કોઇ જાણતું નથી, મુસલમાન પીરને માને છે, હિંદુના દેવને માને છે ને હિંદુરીત રાખે છે. પોતાનામાંજ પરણે છે; તેઓનો જૂદો જથો છે ને તેમાં એકેક મુખી છે.

મીર-મીરાસી—જે લંઘા, ઢોલી, વાંસફોડા છે તે ગૂજરાતમાં બધેછે, પણ ઉત્તર તરફના મોટા કસબાઓમાં ઘણા છે. મીર ગૂજરાતી ભાટ ને વાંસફોડા એ બે વટલી ભળી ગયલા તેની ઓલાદના છે. અમદાવાદ ને સૂરત સિવાયે બીજે બધે બૈરાં હિંદુ પેહેરવેશ રાખે છે. કેટલાકને પોતાની જમીન હોય છે કે જેને તે ચોમાસામાં ખેડે છે; શિયાળા ઉનાળામાં તેઓ માગવા નિકળે છે, ગાય છે, હિંદુ, મુસલમાન સરદારોની વાતો કરે છે, સાથે સારંગી, સતાર, તંબુરો, ઢોલક રાખે છે. લંઘીઓ શાદીને ટાણે મુસલમાનોને ઘેર બૈરાં આગળ ગાય છે, બજાવે છે. તેઓ અમદાવાદના દાદામીઆ સૈયદને માને છે ને વર્ષે માથા દીઠ ૧ રૂપીઆનો કે ૧ મણ ઘઉંનો લાગો ભરે છે. **તાશી**-(તાસાંવાળા) ને **નકારચી**-(ઘોડાઉપર નગારૂં ડુમકો વગાડનાર) એ જૂદા જથાનાં નામ નથી પણ બધાઓને સરખો નફો મળે ને બહારના કમાઇ ન જાય વાસ્તે જૂદાં નામ કામ રાખે છે. એ ધંધામાં દાખલ થનારો જથાના ફંડમાં દોઢ રૂપીઓ આપે છે, કામની મોસમ પૂરી થએ બધાઓ પોતાની કમાણી એક કોથળીમાં મુકે છે ને પછી તે રકમ સૌ સરખી વેહેંચી લે છે. એ ધારો તોડનારને એક બે રૂપીઆનો દંડ કરવામાં આવે છે. **હજામ**-તે હિંદુ હજામમાંથી થયલા છે ને ગૂજરાતમાં બધે છે; તેઓ તુરકી હજામ--તુરકદાસ પણ કહેવાય છે. તેના બે જથા છે, જોખારી જળો મુકનારા ને બીજા હજામ તે ાયું બોડનારા ને સૂનત કરનારા છે. દક્ષિણમાં ઉરદુ ને ઉત્તરમાં ગૂજરાતી બોલે છે. જોખારી બૈરાં હિંદવાણીનો પેહેરવેશ રાખે છે. મોગલાઇમાં જાહેર હમામખાનાં હતાં ત્યાં તેઓ નોકરીમાં હતા. હજામડીઓ કાંતવાનું, સોયાણીનું ને આયાનું કામ કરેછે. તવંગર ને વચલા ર્ગના કેટલાકને ત્યાં વર્ષનું આવત બાંધ્યું હોય છે ને તે ત્રણથી તે દશ રૂપીઆ સુધીનું હોય છે. સુની છે; થોડાક તે કુરાન જાણે છે ને બંદગી કરે છે. તેઓ સુલેમાન ફારસ નામના પીરને માને છે ને તેનો એક દહાડો તેઓ પાળે છે; તેણે વાંસની ચીપથી મુંડવાની જુક્તિ ખોળી હતી એમ તેઓ કહે છે. બંને વર્ગના એક બીજામાં શાદી કરે છે પણ બીજા કોઇ વર્ગસાથે સંબંધ રાખતા નથી. તેઓ હિંદુહજામ સાથે દોસ્તીમાં રહે છે, તેઓ છોકરાઓને શીખવતા નથી.

મજુરીના સંબંધમાં.

વણજારા—એજ નામની હિંદુ જાતમાંથી થયલા છે. ગૂજરાતમાં બધે છે. ચોમાસામાં પોતાના ઢોરને જ્યાં સારો ચારો મળે ત્યાં પડાવ રાખે છે ને સુકી મોસમમાં મારવાડ ને ગૂજરાતની વચમાં આવ જાવ કરે છે. તેઓની બોલી મુસલમાનોથી પણ ન સમજાય તેવી છે.

મારવાડી જેવી પાઘડી પેહેરે છે. બૈરાં સાલ્લા, ઢીલી ચોળી, મોટો ઘાઘરો ને ચાંચવાળા જોડા પેહેરે છે. તેઓનાં ઘરેણાં પણ જુદીજ તરેહનાં છે, દરેક લમણાઉપર નાની રૂપાની સાંકળી બાળમાં ભેરવેલી હોય છે. નાકે વાળી, કાને રૂપાં પિત્તળના ઘરેણાં પેહેરે છે. કાંડાંથી તે ખભાં-સુધી તાંબાના કે કલાઈના ભારે, ચપટા પટા રાખે છે, આંગળીએ કલાઇની વીટીઓ ને પગે પિત્તળ કલાઇની કાંબી હોય છે. બળદોને તેઓ વેચવાને આણે છે. તેઓ મારવાડથી ઊન ને બુનસ આણે છે ને અનાજ, મીઠું, નાળીએર ને તંબાકુ ગૂજરાતથી ત્યાં લઇ જાય છે, બૈરાંઓ બળદને હાંકે છે, તેઓએ પોતાના ધંધામાં ઇમાનદારીને વાસ્તે સારૂં નામ મેળવ્યું છે પણ આળસુ ફુવડ ને ઊડાઉ છે. સૂનત કરાવે છે, મુવેલાંને દાટે છે ને મુસલમાન રીતપ્રમાણે શાદી કરે છે, પણ દીન બાબત કંઈ જાણતા નથી. તેઓ હિંદુ દેવને માને છે. હિંદુના નામ રાખેછે ને ગાય બળદનું માંસ ખાતા નથી. પોતાનામાંજ શાદી કરેછે. તેઓનો જૂદો જથો છે પણ કોઇ મુખી નથી. તેઓનો આગલો ધંધો પડી ભાગ્યો છે, પણ તેઓ નવો ધંધો લેતા નથી. તેઓની સંખ્યા ઘણી ઓછી થઇ ગઇછે.

ચાટલા—એ નામની ભટકતી જાત ઉત્તર ગૂજરાતમાં કોઇ કોઇ વખત જણાયછે, તેઓની અસલ જાત જણાઇ નથી. તેઓ જંગલમાંથી બાળવાનાં લાકડાં કાપી ગધેડાંઉપર આણેછે. દીનબાબત કંઇ જાણતા નથી; તેઓ માનેછે કે મુવેલાં તે પીર થાય છે; વરસીએ જાતવાળાને કબર આગળ ભેગા કરેછે ને દારૂ, બકરાં ને ડુક્કરના ગોશતનું ખાનું આપેછે; તેઓ મુવેલાંને ઊભા દાટેછે ને ઊભી કબર કરેછે. જંગલી ને કંગાળ જાતછે.

છારા—અથવા ઘાઘરીઆ એ કોઇ કોઇ વખત ગૂજરાતમાં જણાયછે. તેઓની બોલી મુસલમાન પણ સમજતા નથી. ચોમાસામાં એક ઠેકાણે મળેછે ને શાદીઓ કરેછે ને ટંટાઓનો નિકાલ કરેછે. ચોમાસું વીતે તેઓ ટોળીઓ કરી વણજારૂં કુતરાં ને ગધેડાં લેઇને ભટકવા નિકળેછે, ભીખ માગેછે, ચોરી કરેછે, ખોટા શિક્કા ચલાવેછે. નામના મુસલમાન છે. તેઓનાં ટોળાંનો મુખી તે નાયક કહેવાયછે.

ધૂળધોયા—ગૂજરાતમાં બધે છે પણ નડિયાદ ને અમદાવાદમાં ઘણાછે. તેઓ ખતરીની જાતમાંથી વટલેલા કહેવાયછે. ઘરમાં મુસલમાની બોલેછે. પેહેરવેશ મરદ ઓરતનો મુસલમા-નીછે. મરદો સોનીના ઘરની ધૂળ ખરીદ કરેછે ને તેને ઝાટકી, ધોઇ તેમાંથી રૂપાં સુનાની કણીઓ વીણી લેછે. બૈરાં કાંતેછે. હાલત ગરીબછે. સુની છે; બંદગી વગેરે કરેછે; પોતાનામાંજ શાદી કરેછે; જથાનો મુખી હોયછે. છોકરાને ઉરદુ ને ગૂજરાતી શીખવેછે; કોઇ વળી અંગ્રેજી પણ.

ઘોર ખોદિયા—થોડા થોડા બધેછે; કેટલાક હિંદુની ને કેટલાક પરદેશી ઓલાદના એમ ભળેલાછે. મરદ ઘોર ખોદેછે ને બૈરાં કાંતેછે, સુનીછે, કોઇ કુરાન શીખેછે પણ નિયમિત બંદગી કોઇ કરતા નથી. પોતાના જથામાંજ શાદી કરેછે. છોકરાઓને ભણાવતા નથી.

કઠીઆરા—બાળવાનાં લાકડાં વેચેછે. તેઓ કરાલીઆ સાથે શાદી વેહેવાર રાખેછે.

માછી—અમદાવાદમાં ઘણાછે; ભોઇ ને ખારવામાંથી વટલેલાછે. બે જથાછે; માંહેના પ્રદેશના ને કાંઠાના; મીઠાંપાણીની માછલી પકડનારાના બૈરાં હિંદુનો પેહેરવેશ રાખેછે ને લગન મરણમાં બોલાવે તેને ત્યાં કામ કરવા જાયછે. કાંઠાના માછી લાંબી સફર કરેછે ને ઇંગ્લાંડ કે ચીન જાયછે; ગોઘામાં હોયછે ત્યારે દરિઆની માછલી પકડવાનો ધંધો કરેછે. માંહેલા ભાગના માછી આળસુ ટંટાખોર ને છટેલછે પણ કાંઠાના તે સુલેહથી કરકસરથી રહેનારા ધર્મી ને સારી હાલતમાંછે. સફરે જતી વખત તે કેટલુંક નાણું બૈરીને આપેછે ને એ સંભાળીને સમજથી ઘર ચલાવેછે. માંહેના ભાગના તે નામના મુસલમાનછે પણ કાંઠાના તે બૈરાં સુધ્ધાં ખરા સૂની મુસલમાનની પેઠે રહેછે; મરદ ઓરત બંને કુરાન જાણેછે ને બંદગી કરવે કાળજી રાખેછે. એ બે વર્ગને શાદી વેહેવાર નથી; પોત પોતાનામાંજ શાદી કરેછે.

માળી—એનું અમદાવાદમાં એકજ કુટુંબ છે, જે હિંદુમાળીમાંથી વટલેલું છે ને તે મુવેલાંને વાસ્તે ફૂલની ચાદર તૈયાર કરે છે. એ લોક ઘોરખોદિયા સાથે શાદી વહેવાર રાખે છે.

મપારા—ઉત્તર ગૂજરાતમાં બધા ભાગમાં છે ને તે ઘણી ખરી વાતે મણીઆરને મળતા આવે છે.

નાઘોરી—અમદાવાદ, વિરમગામ, ભાવનગર, વડોદરા ને ભરૂચમાંછે; માળવામાં નાગોર છે ત્યાંથી આવેલા છે. ગાડાં હાંકનાર છે. રેલવે થતાં પેહેલાં તેઓ માળવેથી લોકને તથા માલને આણતા, હાલ થોડે છેટે ગાડાં ફેરવે છે. બૈરાં મજુરી કરે છે ને દૂધ વેચે છે. સુની છે પણ નામના; બંદગીની કાળજી બૈરાં વધારે રાખે છે ને કોઇ પીરના કહ્યાપ્રમાણે ચાલે છે. પોતાનાજ જથામાં શાદી કરે છે ને જથાના માણસો એકને પસંદ કરી મુખી ઠેરવે છે. છોકરાઓને ભણાવતા નથી. તેઓ પડતી હાલતમાં છે.

નટ—ગૂજરાતમાં થોડા થોડા બધે છે. તેજ નામની હિંદુજાતમાંથી થયલા છે. તેઓ ઉરદુ ને ગૂજરાતી બોલે છે, મારવાડ ને કાઠિયાવાડની બોલીઓ સમજે છે પણ પોતાનામાં એક જૂદીજ તરેહની બોલી બોલે છે. તેઓ સાદડાં કે સરોડાંની ઝુંપડીમાં રહે છે. બૈરાં હિંદુ જેવો પેહેરવેશ રાખે છે. ચોમાસામાં પચાસથી સો કુટુંબ એકાદા કસબામાં ભેગાં થાય છે; કજીઆ ટંટા પતાવે છે ને લગન મરણની ક્રિયા કરે છે. ચોમાસું વીતે આઠ દશની ટોળીઓ ગધેડાં, ઘેટાં, બકરાં, કુતરાં, મરઘાં લઇને નીકળી પડે છે; દોરડાંપર ચાલવાની ને બીજી કસરતો કરેછે, ગાયછે, નાચેછે, ને ભીખ માગે છે. કસરતમાં બૈરાં પણ ભાગ લેછે. ખબૂતરી થઇ દોરડાંની આજુબાજુએ ઉડે છે ને નીચે ટંગાઇ માછલીની પેઠે તરવા જેવું કરે છે; મરદો ઢોલ વગાડે છે. છોકરાઓને સૂનત કરાવે છે, મુવેલાંને દાટે છે ને જાનવરનો ખોરાક ખાય છે; તે સિવાય તેઓ

નામનાજ મુસલમાન છે. તેઓ હિંદુ દેવને માને છે ને જનમ તથા લગનમાં હિંદુ ક્રિયા કરે છે; મુવેલાંના કપાળ પરનો કંઇ ભાગ બાળે છે ને પછી દાટે છે.

પખાલી—બધે છે. તેજ જાતના હિંદુમાંથી થયલા છે. મહીની ઉત્તરનાં બૈરાં હિંદુનો ને દક્ષિણના તે મુસલમાની પેહેરવેશ રાખે છે. ઉત્તરના બળદ ઉપર ને દક્ષિણના પાડાઉપર પખાલ નાખે છે. સુની છે; કુરાન જાણુતા નથી ને બંદગીની કાળજી પણ કોઇ રાખતા હશે. સૂરત સિવાય બીજે બધે તેઓ પોતાનામાં શાદી કરે છે ને એકેકા જથાનો એકેકો મુખી હોય છે. અમદવાદમાં તેઓનો એક ચોરો છે ત્યાં તેઓ મળે છે. છોકરાઓને ભણાવતા નથી.

સીસાગર—કપડવંજમાં ને થોડાક પંચમહાલમાં છે. વટલેલા હિંદુ છે એમ કહેવાય છે. મરદો અમદાવાદના સુની હોરા જેવી પાઘડી પેહેરે છે; બૈરાં મુસલમાની પેહેરવેશ રાખેછે. કેટલાક અફીણ ખાય છે. તેઓ કાચના સીસા બંગડી વગેરે બનાવે છે; બૈરાં તેમને મદદ કરેછે. સૂની છે; કેટલાક તે કુરાન ભણે છે ને બંદગીઓ કરેછે. પોતાના જથામાંજ શાદી કરેછે. કાયદા મુકરર કીધેલા તે પ્રમાણે જથા જથાના લોક ચાલેછે. કેટલાક તે છોકરાને ગૂજરાતી ભણાવેછે.

થોરી—ની ભટકતી જાત ઘણુંકરીને ઊત્તર ગૂજરાતમાં છે. તે ઘરમાં ગુજરાતી બોલે છે. મરદ ઓરતનો પેહેરવેશ હિંદુ જેવો છે. ચોમાસામાં તેઓ ઘાસ બરોડાંની નાની ઝુપડીમાં રહે છે, ને પછી દશથી તે પચાસ લગીના ટોળામાં જૂદા પડી બળદ ને અનાજ વેચવાને નિકળી પડેછે. તેઓ ધોરી રસ્તે પણ લૂટ કરેછે, બળદ, ઘોડા ચોરે છે ને બૈરાંઓ બાળક છોકરાંઓને પકડી લઇ જાય છે. નામના મુસલમાન છે, સૂનત કરાવેછે, મુવલાંને દાટેછે ને હિંદુ દેવને માને છે. મરદ ને બૈરાં ભુંડી અનીતિમાં જીંદગી ગૂજારે છે. શાદીમાં વર તે છોકરીના બાપને બસેં રૂપીઆ આપે છે, પોતાનાજ જથામાં શાદી કરે છે. છોકરાઓને કંઇ ભણાવતા નથી.

ઘર પેહેરવેશ ખોરાક.

ઘરની બાંધણી ઉત્તર દક્ષિણ ગૂજરાતમાં જૂદી જૂદી છે; સૂરત ભરૂચના તે ઘણાં મોટાં, ઘણી સગવડવાળાં ને ઘણાં સારાંછે ને કેટલાંક નકસીવાળા પણ હોયછે. વર્ષે રૂ. ૧૦૦૦ થી કે વધારે પેદાશવાળા તવંગરના ઘરને બે ત્રણમાળ, ઇંટ સૂનાની ભીંત ને છાપરે નળીઆં હોયછે; અમદાવાદનાં જૂનાં ઘરોને બારી થોડીછે પણ નવાં બંધાતાંને વધારે રાખવામાં આવેછે. ગૂજરાતના શેહેર કસબાના તવંગરોનાં ઘરમાં હોજ હોયછે, જેમાં નાહવાને ને ઘરના કામસારૂ પાણી ભરી રાખવામાં આવેછે. સૂરતમાં સાદું પણ સારૂં ઘર બંધાવવાને ઓછામાં ઓછા બે હજાર ને અમદાવાદમાં એક હજાર જોઇએ; સૂરતમાં તેનું ભાડું મહિને રૂા. ૫ ને અમદાવાદમાં બે ચાર રૂપિયા આવે. વચલા વર્ગના લોક વર્ષે રૂપિયા હજારથી ઓછા તે દોઢસો લગીની પેદાશવાળાના ઘરની તરેહ પણ ઊત્તર દક્ષિણમાં જૂદીછે; સાધારણ ઘર રૂ. ૪૦૦થી તે ૬૦૦ સુધીમાં બંધાયછે.

ગરીબનાં ઘર તે ઇંટ મટોડીનાં, તટ્ટીવાળાં, એકલી મટોડીનાં ને છાપરે કામડાં કે કરાંઠી ઉપર નળીઆં કે ઘાસ ઝાવળી વગેરેની છાજવાળાં નાનાં હોયછે.

તવંગરને ત્યાંના નોકરોમાંના કેટલાકને પગાર ઉપરાંત ઘરમાં ખાવાનું હોયછે; તે ઘણા ખરાને તહેવાર ટાણે પાઘડી કપડાં બક્ષીસ પણ થાયછે. કોઇ જૂના નોકરને શાદીનો ખરચ પણ આપવામાં આવેછે. તવંગર તે એક ઘોડો ને બળદની જોડી રાખેછે; ઘોડાનો ખરચ ઘોડાવાળા સાથે મહીને રૂપીઆ વીસ તીસનો ને બળદની જોડીનો હાંકનારસાથે તેનો ખરચ દશથી પંદર સુધીનો હોયછે; એક દુજતી ગાય પણ હોયછે, જેનો ખરચ મહિને રૂ. ૧૦ થી વધારે હોતો નથી. વચલા વર્ગના કેટલાક દક્ષિણ ગૂજરાતમાં નાના બળદ ગેણા રાખેછે કે જેનો ખરચ ઘણી મોંઘવારીમાં પણ મહીને રૂ. ૧૦ થી વધારે નથી થતો. બકરા રાખેછે; દોઢ બે રૂપિયાનો બકરો ને તેનો ચરચ મહિને એક રૂપિયાનો. ગરીબ વર્ગના તે મરઘી રાખેછે ને બચ્ચાં તથા ઇંડાં વેચેછે. દક્ષિણ ગૂજરાતના મુસલમાન બિલાડી પાળે ને બૈરાં પોપટોને બોલતાં શીખવેછે. સાધારણ અડસટ્ટાથી કહેવાય કે સારી હાલતવાળાનો ઘરખરચ મહિને રૂ. તીસ ચાળીસનો ને વચલા વર્ગનાને રૂપિયા પાંચથી દશસુધીનો થાયછે.

પેહેરવેશ—તવંગર મુસલમાન ઘરમાં મખમલની કે કસબી ભરેલી કે સુતરાઉ ટોપી પેહેરેછે, પેહેરણ ને સુતરાઉ કે ઇલાચીની સુરવાલ પેહેરેછે. શીઆળામાં મખમલ કે બનાતનો કબજો પણ પેહેરેછે ને કોઇ કોઇ મોજાં પેહેરેછે પણ ઘણા તે પગ ઉઘાડા રાખેછે. બહાર જાયછે ત્યારે પાઘડી કે ઢીલો વીંટાળેલો દુપટ્ટો, પેહેરણઉપર બેસતો અંગરખો કે ડગલો તેને હોયછે; કસબી ભરેલા ને ચાંચવાળા જોડા પેહેરેછે. તહેવાર ટાણાં અવસરનો પોશાક તેજ, પણ ઉંચી કિમ્મતનો હોયછે.[૧] વચલા વર્ગનો પોશાક તેજ, પણ ઓછી કિમ્મતનો હોયછે. ગરીબ મુસલમાન ઘરમાં ટોપી પેહેરણ પેહેરતા નથી, પગ ખુલ્લા રાખેછે, ફક્ત સફેત કે પટ્ટાવાળો પાયજામો રાખેછે. બહાર જાયછે ત્યારે તેને રંગીલી પાઘડી, અંગરખો, દુપટ્ટો ને જાડાં તળીઆંના જોડા હોયછે. તવંગર ઓરત ઘરના પેહેરવેશમાં ઓઢણી, અંગીઆ, પેશવાઝ, કુડતા ને ઇઝાર હોયછે. બૈરાં મહીની દક્ષિણે [૨]રૂમા-

---

૧. ઉત્તર ગૂજરાતમાં આમળાવાળી પાઘડી ને દુપટ્ટો ખભે ઝુલતો રાખેછે ને દક્ષિણ ગૂજરાતમાં ઉભી ટોપી ઉપર દુપટ્ટો વીંટાળેછે. સૈયદનો પોશાક ઘણુંખરૂં લાલો હોયછે ને તેઓ પાઘડી સફેત કે રાતી ને ઘાટ ઘાટની પેહેરેછે. દુપટ્ટા તે સાદા ઢાકાના કે કસબી કોરના બનારસી હોયછે. જામાનો ચાલ ઘણોખરો નિકળી ગયોછે ને તુમાન પણ ઓછા વપરાયછે.

૨. રેશમી, સુતરાઉ કે કસબનો, એક બાજુએ ફીતવાળો ત્રણ ખુણાનો હોયછે; ખુણાનું અંતર અઢી ફુટનું આવેછે; ને ઓઢણી તે રેશમી કે મલમલની ૩॥ ફૂટ લાંબી ને ૨ ફૂટ પોહોળી હોયછે.

લને ઊત્તરે દુપટ્ટો કે ઓઢણી માથે નાખેછે. પોશાકના રંગબાબત સઘળા વર્ગનાં બૈરાંને વાસ્તે એક સરખી રીત એ છે કે જુવાન પરણેલાંને લાલ, ઘરડાંને સફેત ને વિધવાને કાળા કે ભુરા રંગનાં કપડાં હોયછે. સુરવાલ મરદના કર્તાં વધારે બેસતી હોયછે. ઊંચી એડીની કસબી મિરઝાઇ જોડી પેહેરેછે. બૈરાંને બહાર જવાનો રવૈયો નથી તેથી તેને વાસ્તે જૂદો પોશાક નથી; ને તેહેવાર ટાણાંનો પોશાક જૂદો નથી પણ કિંમતી વધારે હોયછે. ઊત્તર ગૂજરાતમાં વચલા વર્ગના બૈરાં કુડતી કે કુડતા પેહેરતા નથી. દક્ષિણ ગૂજરાતમાં બૈરાં બહાર નિકળતાં નથી પણ ઊત્તર ગૂજરાતમાં કેટલાંક તે સગાં સંબંધીને ત્યાં રાતે જાયછે ત્યારે પેશવાઝ પેહેરેછે ને માથું ચેહેરો ચાદરે ઢાંકેછે. અમદાવાદમાં કેટલાક સુની બૈરાં ને સૂરતમાં શીહાવહોરાના બૈરાં બુરખો નાખી દહાડે પણ બહાર નિકળેછે. ગરીબ વર્ગમાં બૈરાં હલકી કિંમતનો પેહેરવેશ રાખેછે ને પગ ઊઘાડા રાખેછે. દક્ષિણ ગૂજરાતમાં કામ કરવા જતા બહાર જતાં પીછોડી ને ઊત્તર ગૂજરાતમાં દુપટ્ટો ઓઢેછે. તવંગર ને વચલા વર્ગના ચાર વર્ષની ઊમરના બાળકને ઘુંટણ સુધી આવતો ઢીલો કુડતો ને ટોપી પેહેરાવવામાં આવેછે; ગરીબ વર્ગમાં કંઇ પેહેરાવવામાં આવતું નથી. પાંચેક વર્ષની ઊમરે બિસમિલાહ થયાપછી છોકરાને પોશાક બાપના જેવો ને છોકરીને માના જેવો હોયછે, ફેર આટલો કે બાર વર્ષની ઊમ્મર સુધી તે ટોપી પણ પેહેરેછે. મરદનાં ઘરેણાંમાં પાઘડીપર બાંધવાનો જડાવ સિરપેજ, કલગીતોરા (મોતીની સેર), કાનની વાળી, કંઠો, ઊતરી, પહોંચી કે કડું, અંગુઠી ને પગે તોડો એ હોયછે. બૈરાંને માથાંનાં તે લટકણ, ચંદતારા, મોર; કપાળે ટીકો; કાને પાંન બાલિયા, કાંટો, કરણફૂલ, ઝૂમખા, બુગડી, વીજળીની વાળી, મુરકી, દૂલ; નાકે નથ, બુલાખ, કાંટો, બેસર; કોટે દાણિયું, તુળસી પાટિયાં, કંઠી, ચંપાકળી માળા, બઠ્ઠી, અશરફીનો હાર, ચીનમાળા, ચંદનહાર; હાથે બાજુબંધ, જહાંગીરી, કંગન, પહોંચી, ચૂડી, અંગુઠી; પગે ટોડા, કડમાદા, મકોડા, કાંબી, પાઇજેબ, જોડવા, બિછવા એ હોયછે.

ખોરાક—દક્ષિણ ગૂજરાતના સવાદવાળું ખાવાનું ને સારી રીતે રહેવાનું પસંદ કરે છે; ઊત્તર ગૂજરાતના તે બખીલાઇથી રહે છે. ઊપલા વર્ગોમાં ઘઊંની ને નીચલામાં બાજરીના રોટલી; દક્ષિણમાં જુવાર વપરાય છે; તવંગરને ત્યાં તરકારી બકરાનું ગોશ, માછલી, દહીં, છાસ ને એમાંનાં એક બે વાના તે ગરીબને ત્યાં હોય છે. પીવામાં ચાહ કાફી ને પાણી, તવંગરને વચલા વર્ગના તે સવારે ચાહ પીએ છે; બૈરાં કાફી પીએછે ને વચલા વર્ગના મરદ ને ગરીબ વર્ગના થોડાક તે પણ કાફી પીએ છે.[1] તવંગરને ત્યાં સવારે સાત વાગે ચાહ કે કાફી ને મીઠાઇનો નાસ્તો, બપોરે મોણ-

---

૧. કુરાનમાં જેની ના તે ગોશ ખાતા નથી—હાથી, ગધેડું, ખચ્ચર, કુક્કર, માંસ ખાનારાં જાનવર, ભિંગડાં વગરની માછલી, શીકારી પક્ષી, લાંબા પંઞ ને વાંકી ચાંચવાળાનું ગોશ ખાતા નથી. રતાળુ; કુતરાની છત્રી ખાવાની મના નથી પણ તે પસંદ નથી. ગાય, ભેંસ, બકરીનું દૂધ પીએ છે ને ઘોડી ઊંટડીના દૂધને વાસ્તે મના નથી. ચાહસાથે ખાંડ દૂધ લેછે ને કાફી મોળીજ પીએછે. વચલા વર્ગના તે ચાવળ ઊપર ઘી નથી નાખતા પણ ચાવળની વચમાં રાખેલી તાંબાની વાટકીમાં ઘી રાખે છે ને કોળીઆ મોંમાં મુકતાં પેહેલાં તે વાટકીમાં આંગળાં બોળે છે.

વગરની રોટલી, કલીઆ, ખીમો, મલાઈ, શાક ને કોઈવાર ચાવળ ને પીવામાં શરબત કે ચાહ, અને રાતે સાતવાગે ચાવળ, ખીચડી, પુલાવ ઘીસાથે ને કોઇ જાતનું ગોશ કે માછલી, કઢી ને કેરી, લીંબુ, કેળાં, વળી કોઇ કુટુંબમાં શરબત હોયછે. વચલા વર્ગના સૂરત ભરૂચમાં ત્રણવાર ખાયછે; સવારે ચાહ કે કાફી ને રોટલી; અગિયાર વાગે નાસ્તો મોણવગરની રોટલી ને બકરાનું ગોશ, તરકારી કે મલાઇ સાથે અને સાંજે છ વાગે ખાનું તે ચાવળ, ઘી, ગોશનો સેરવો, ખિચડી, કઢી વગેરે. મહીની ઊત્તરનાનું ખાનું થોડાં વાનાનું ને સોધું બખીલાઇવાળું છે; સવારે શાક ભાજી, કઠોળ, કોઇ કોઈવાર ગોશને સાંજે ખીચડી ઘી, કાંદા, સૂકાં મરચાં ને આમલીનું પાણી. ગરીબ મુસલમાન બે વાર ખાયછે; સવારે અગિયાર વાગે નાસ્તો જુવાર કે બાજરીના રોટલા, માછલી, કઠોળ ને સાંજે સાત વાગે ખિચડી ને ઘી, કાંદા મરચાં. તેહેવાર તથા જાહેર ખાનાના દહાડા વર્ષમાં વિસેક આવે તે સિવાય તેના ખાનામાં માછલી વિના બીજો કોઇ જાનવરનો ખોરાક હોતો નથી. તવંગર કુટુંબમાં ડાંગર, ઘઊં, જુવાર બાજરી, દાળ, બાળવાના લાકડાં ને કેટલેક ઘેર દીવા તથા રસોઇના ખપનું તેલ એ વર્ષને માટે ભરી રાખવામાં આવેછે; ઘી, મીઠું, ચાહ, કાફી એ મહિનાને વાસ્તે ને રોજ આણવામાં શાક, ફળ, મસાલો, ખાંડ, પાન, તંબાકુ. અફીણ ખાનારા તે મહિનાને વાસ્તે રાખી મૂકેછે. ગરીબમાં કોઇ કોઇ મહિનો ચાલે તેટલું ફકત અનાજ ભરેછે ને બાકીની બધી ચીજ દરરોજ ખરીદ કરેછે. તવંગર ને ત્યાં પાંચજણનો રોજનો ખાધા ખરચ સાધારણ રીતનો તે બે રૂપીઆ, વચલા વર્ગમાં ઘરના ત્રણજણનો ખરચ બાર આના ને ગરીબ ઘરના ત્રણ માણસનો ચાર આના થાય. ઊત્તર ગૂજરાતના મુસલમાનોમાં અફીણ ખાવાની આદત છે ને તે એમનું એમ કે પાણીસાથે ઘોળી લેવામાં આવેછે. તવંગર જે ઘણાક સાથીઓ સાથે અફીણ વાપરતો હોય તેને મહિને દશેક રૂપિયા ખરચ થાય છે; વચલા વર્ગનાને અઢી રૂપિયા સુધી ને ગરીબને એક રૂપીયાનો ખરચ હોય છે. તંબાકુ મરદ ને ઓરત બંને વાપરે છે; મરદ તપખીર સુંઘે છે, હુક્કો પીએછે ને કોઈવાર ચાવે છે; બૈરાં હુક્કો પીએ છે ને કોઇવાર પાનસાથે લેછે, ઊત્તર ગૂજરાતમાં પહેલા બીજા વર્ગના બૈરાં હુક્કો પીતાં નથી પણ દક્ષિણ ગૂજરાતમાં કોઇકજ ન પીએ. તંબાકુનો ખરચ પેહેલા વર્ગમાં વર્ષે સાઠ રૂપીઆ, બીજા વર્ગમાં તીસ ને છેલ્લા વર્ગમાં છ રૂપીઆ છે. અમદાવાદ તરફના તે વિરમગામની તપખીર સુંઘે છે. ખાનું દીવાનખાનામાં લાવે છે ને મરદ બૈરાં સાથે ખાયછે ને ચાકર રકાબી આણે છે. ગરીબ ઘેર મરદ પેહેલે ખાય છે ને પછી બૈરાં. ખાતાં પેહેલાં સૌ હાથ ધોય છે ને પછી "બિસમિલ્લાહ" (અલ્લાને નામે) એ બોલ બોલીને ખાય છે, વચમાં પાણીના પ્યાલા પીએ છે. છોકરાં ખાઇને ઊઠી જાય છે. મરદ બૈરાં જો બીજું કામ ન હોય તો હુક્કા પીએ છે, પાન ચાવે છે ને વાતો કરેછે. ગૂજરાતના મુસલમાન જ્યારે ત્યારે ખાના આપે છે. ઇજની મરદને ઇજન દેઇ આવે છે ને કહારણી (માછણ) તે બૈરાંઓને. મૈયતના ખાનામાં ખાનું ખાતાં પેહેલાં બંદગી કરવામાં આવે છે કે ખાનાનો સવાબ મરનારના રૂહને પહોંચે. ત્રણ

જમણુ મોટાં કહેવાય છે, બીરીઆની, દાળ ભાતને પુલાવ, તેમાં પહેલું તે સૌથી ચઢીઆતું છે. જૂદા જૂદા તહેવારને વાસ્તે જૂદી જૂદી જાતનું ખાવાનું હોય છે.

રોજનું કામ.

મુસલમાને દરરોજ સવારે ઉઠીને હાથ પગ ધોઇ ઘેર અથવા મસજીદમાં જઇ બંદગી કરવી જોઇએ. તવંગરમાંના થોડાકજ તેમ કરે છે. તે સાતે ઉઠે છે, મોઢું હાથ પગ ધોય છે, અફીણ લેનારા તે લેછે, ચાહ કાફી પીએ છે, હુક્કો પીએ છે ને દોસ્તો સાથે તડાકા મારે છે; અગીઆરે તે નાસ્તો કરે છે, પછી કામે જવું હોય તો જાય છે કે સૂવે છે, ને સાંજે ગાડીએ કે ઘોડે કે પગે ફરી આવે છે; ને સાત વાગે ખાનું ખાય છે. વચલા વર્ગના તે હાથ પગ ધોઇ ઘેર બંદગી કરે છે કે મસજીદમાં કરી આવે છે, ને પછી કામકાજ કરે છે. ઊત્તર ગૂજરાતમાં પાછલે પહોરે અફીણના બંધાણી બીજી વાર અફીણ લેછે. રાતે ખાનું ખાઇ સેતરંજ રમે છે કે વાતો કરે છે. ગરીબ તે વેહેલો ઊઠી મસજીદમાં બંદગી કરી આવે છે. પછી બજારમાંથી લાવવાનું તે લાવે છે. નાસ્તો લેઇ કામે જાય છે; સાંજે ખાનું ખાઇ બંદગી કરી સૂઇ જાય છે. સઘળા મુસલમાન શુક્રવારને વિશ્રામનો દિવસ માને છે ને તે દહાડે જરૂર નહાય છે, મસજીદમાં જઇ બપોરની બંદગી કરે છે તથા વાએજ સાંભળવા મસજીદમાં જાય છે. તવંગર બૈરાં સવારે ઊઠી સણગાર કરી નાસ્તાની તૈયારી કરાવે છે; નાસ્તો કરી એક બે કલાક સૂએ છે; પછી સીવે છે, ભરે છે, વાતો કરેછે, સેતરંજ રમે છે. પાછલે પહોરે કોઇ બૈરાં આવે તેને મળે છે કે કોઇને ત્યાં જાય છે. રાતે ખાનું ખાઇ સૂતાં સુધી વાતો કરે છે કે ઉરદુ કિસ્સાઓ વાંચે છે કે સાંભળે છે. બાળક છોકરાં હોય તો તેની સંભાળમાં વખત કાઢે છે. વચલા વર્ગનાં બૈરાંનો વખત ઘર કામમાં રાંધવામાં સીવવા ભરવામાં વધારે જાય છે; કેટલાંક તે સીવેલાં ભરેલાં કામ બુઢ્ઢીઓ મારફત વેચાવે છે. ઊત્તર ગૂજરાતમાં વચલા વર્ગનાં ને તવંગર તે પણ સૂતર કાંતેછે ને વણે છે; ને વાણીઆઓ સાથે આપ લે કરેછે. ગરીબ બૈરાં મળસકે ઊઠી દળે છે, પાણી આણે છે ને નાસ્તો તૈયાર કરે છે. પછી તેઓ ઘરને વાસ્તે કે વેચવાને વાસ્તે ટોપીઓ કરે છે ને ઊત્તર ગૂજરાતમાં તેઓ પાઘડી, ધોતીઆં વણે છે ને કસબી ભરત ભરે છે.

ધંધો ને હાલત.

સઘળી જાતના ધંધામાં મુસલમાનો કામે લાગેલા છે પણ મોટી સંખ્યા તે ખેતી, મજુરી, તેલ બનાવવું, રૂ કાંતવું ને વણુજ વેપારમાંછે. સરકારી નોકરીમાં ૫૪૪૨ તે ફોજમાં, પોલીસમાં, પોસ્ટમાં ને થોડાક કલાર્ક ને સ્કૂલ માસ્તર છે; ઊતરતા દરજાની નોકરીવાળાની હાલત સારી નથી. ખાનગી નોકરીમાં ૪૧૯૫ તેમાં ૧૦૭૦ હજામ તે કમાણી છતે ઉડાઉપણાથી કરજમાંછે. જમીનના સંબંધમાં ૪૮૭૨૪ તેમાં માલકીવાળા ૧૫૮૯૬, તેમાંના ઘણાક તે દેણદાર છે ને તેઓની જમીન ગીરોથી કે વેચાણથી તેઓના લેણદાર પાસે છે. નાના જમીદાર

સુની વહોરા તે સારી હાલતમાં છે. ખેડનારા ૨૨૭૯૨ તે સારી હાલતમાં છે. મજુરી કરનારા ૧૯૫૨ તે ગરીબ છે. વેપાર ધંધાવાળા ૪૯૬૮ તેમાં શીહા, વહોરા તે લોઢાં કામની દુકાન, તેલ-ની વખાર, વિલાતી સામાનની દુકાન રાખે છે, ને કરકસરથી રહેવા વાળા છે ને સારૂં કમાઇ સંઘરો કરે છે. બીજા ધંધા કરનારા ૯૦૭૧૧ તેમાં ઘાંચી ૨૮૮૪ કમાણીવાળા છે, રૂ કાંતનારા, વણનારા ૮૧૯૩ તે ગરીબ ને કરજદાર છે, ને બીજા ઘણુક ધંધા થોડી થોડી સંખ્યા જેમાં થોડા થોડા લોક છે તે કોઇ સારી હાલતમાં ને કોઇ નરસી. ભીખારૂ લાચાર ૪૯૧૪ છે. વળી ધર્મના સંબંધમાં મસીદના નોકર ગરીબછે, ધર્મ શીખવનારા ઠીક ને ઊપરી પીરજાદાઓ તે દબ-દબાથી રહે છે; હકીમ સારી હાલતમાં છે; ગાનાર, નાચનાર, ચિતરનાર વગેરે તે ઉડાઉ ને ન-રસી હાલતમાં છે; બૈરાંમાં તવંગર વર્ગના ને વચલા વર્ગના ઘણાક તે પોતાના ઊદ્યોગથી કંઇ ક-માતાં નથી પણ ગરીબ વર્ગનાં ઘણું કરીને સઘળાં તે કુટુંબની કોથળીમાં કંઇ કંઇ પણ મૂકે છે. ઊત્તર ગૂજરાતમાં પાઘડી વણી, ભરત ભરી કેટલાંક બૈરાં મહિને રૂ. ૪ સુધી મેળવે છે. દક્ષિણ ગૂજરાતમાં કોઇ કોઇ તે ચુંદડી બાંધવાના કામમાં દરરોજ આઠ આના કમાય છે ને બીજાં ટોપી વગેરે ભરનારાં તે મહિને રૂ. ત્રણેક કમાય છે. નિરાશ્રિત વિધવાઓ મજુરી કરે છે ને સુની વહોરાના બૈરાં ખેતી કામમાં મરદોને મદદ કરે છે.

ઘણા ખરા ધંધામાં હિંદુ પારસી ને મુસલમાન છે પણ કેટલાકમાંતો મુસલમાનજ છે; ગા-નાર, નાચનાર, વાજાં તાશાં વગાડનાર ૪૩૩, વાઢકાપ કરી દવા કરનાર હજામ ૧૦૭૦, ચા-બુક સ્વાર ૨૬૯, કલાઇગર ૧૬૭, બંગડી વેચનારા ઊત્તર ગૂજરાતમાં ૧૯૭૮, કસબી ભરત ભરનારા ને ફૂલ બનાવનારા દક્ષિણ ગૂજરાતમાં ૪૪૬, કસાઇ ૭૫૧, અત્તર વેચનારા ૧૫૮ ને કઠિયારા ૩૭૭. કારીગીરીમાં મુસલમાન હિંદુથી ઊતરતા નથી; કસબી ભરત તેઓનો ખાસ હુન્નર છે; સીસા રૂપાનું કામ જે બીંદરી કહેવાય છે તેનો છૂપો કિસબ તેઓજ જાણે છે ને સરસ તૈયાર કરવાનું તે થોડાંક કુટુંબ જાણે છે. ગૂજરાતના મુસલમાનની હાલતબાબત ક-હેવાય કે મહીની ઊત્તરના તે વધારે કરકસરથી રહેનારા છે અને ઊત્તર તથા દક્ષિણ ગૂજરાતમાં જે ઘણીજ આબાદાનીમાં છે તે હિંદુ ઓલાદના છે. હિંદુ કરતાં ઓછા કસરીઆ છે, પણ તેમ છેક ઊડાઉ નથી; સુની ને શીઆ વહોરા, મોચી, આરબ સીપાઇ એઓ પોતાની કમાણીમાં ઊ-મેરો કરનારા છે. હિંદુ ઓલાદના થોડાક સિવાય મુસલમાનો વ્યાજે નાણું ધીરવાનો ધંધો ક-રતા નથી; સેવીંગબેંકમાં તેઓ મુકતા નથી, કે પ્રોમીસરી નોટો લેતા નથી. બાપના દેણુનો બોજો બેટાપર પડે છે. ગરીબ માણસ જણસો ગીરો મુકી સેંકડે ૧૨ થી ૧૮ ટકાને વ્યાજે નાણું લેછે અથવા અંગપર લેનાર તે સેંકડે ૪૦–૫૦ ટકાને ભાવે પણ લેછે. એમ ઘણાં કુટુંબ કરજમાંથી ન નિકળી શકે તેવી હાલતમાંછે. પાંચ જીલ્લા મળીને મરદ ૧૪૭,૧૭૬ ને બૈરાં ૧,૩૭,૩૫૭ છે.

ધર્મ.

મુસલમાની ધર્મના માર્ગ સુની ને શીહા બંને ગૂજરાતમાં છે. કુલ વસ્તી ૯,૯૩,૩૨૪ તેમાં ૫૦૭,૪૪૦ તે સુની અને ૪,૨૨,૭૯૩ એ શીહાછે. સુનીમાં શેખ પઠાણ ને કેટલાક સૈયદ એ પરદેશી ઓલાદના અને દેશી ઓલાદના ⅘ એટલાછે. શીહામાં ઘણાક મોગલ તથા કેટલાક સૈયદ અને દેશી જથામાંના ઘણાક વેપારી વહોરા, તાઇ, ને ઘણાક મેમનાછે. ગૂજરાતમાં સુની ફિરકો ઘણુંકરીને હાકેમોના હુકમથી ને શીહા ફિરકો તે વાએજ કરનારાઓના સમજાવ્યાથી,એમ ચાલ્યાછે.[૧] સુની કહેછે કે અબુબેકર, ઓમર ને ઉસમાન એ પેગંબરના કાયદેસર ખલીફ હતા; પણ શીહા કહેછે કે ખરો હકદાર ખલીફ અલી હતો. કુરાનના કેટલાએક ફકરાઓ ઉસમાને લખેલાછે એમ કહીને તે મુકી દેછે, અને અલીની તારીફમાં એક બાબ વધારે છે અને કુરાનના કેટલાક બીજા ભાગોની સમજ સુનીઓથી જુદી લેછે. શીહા પીરને માનતા નથી અને ચાર ઇમામને બદલે બારની નશીઅત માનેછે. શીહાના કેટલાક જથા અંધારીઆંના પડવાથી મહીનો ગણેછે અને સુનીઓ ચાંદ બીજથી ગણેછે. સુનીઓ પાંચ વખત અને શીહાઓ ત્રણ વખત નિમાઝ કરે છે.[૨]

અલ્લા એક છે, દુનિયાનું રાજ ચલાવનારો છે, સુખ દુઃખ આપનારો તે છે, તેને માનવો; તેના ફરેસ્તાને, તેની નશીઅતની કીતાબોને (યાહુદી તથા ખ્રિસ્તીઆંની કેટલીક ને કુરાનની સઘળી), તેના પેગંબરોને, કયામતના દહાડાને માનવા એ મુસલમાની દીનની મોટી બાબતો છે. મુસલમાને દહાડામાં પાંચ કે ત્રણ વાર નિમાજ પઢવી, ગરીબને ખેરાત કરવી, રમજાન મહિનામાં રોજા રાખવા ને મક્કે હજ કરવા જવું; શીહાએ કરબલા તથા શાહનજફ જવું. વારે વારે નમવું

---

૧. હાકેમોમાં અલીફખાન (૧૨૯૭–૧૩૧૭); અમદાવાદના બાદશાહમાં મુજફ્ફરશાહ, અહમદશાહ પેહેલો, મહમુદ બેગડો અને મુજફ્ફરશાહ બીજો અને મોગલ બાદશાહમાં જહાગીર ને ઔરંગઝેબ એ હતા. શીહા માર્ગનો ફેલાવો ખંબાતના નવાબ તથા તેના દરબારના ઇરાની અમીરોના ઉત્તેજનઉપરાંત ત્રણ ઉપદેશકોએ કીધો હતો: મુસતાલી ઇસ્માએલ પંથનો અબદુલા (૧૧૩૦); કુતુબુદ્દીન (૧૪૦૦) તથા તેની ઓલાદના પીરાનાના પીર અને શાહતાહીર જે ૧૬માં સૈકાના શરૂઆતમાં ઇસ્માયલ પંથનો દરબારી વાએજ કરનારો હતો.

૨. સુની પાંચ વખત બંદગી કરેછે તે ફજરની (સૂરજ ઉગતાં પેહેલાં); બપોરે જોહર; ચાર વાગાથી સૂરજ આથમે તેની વચમાં તે અસર, સૂરજ આથમતી વેળા તે મગરીબ ને આઠથી તે બાર સુધીમાં કરવાની તે ઇશા. કોઇ ઘણો ધર્મી તે મધરાતે છઠ્ઠી બંદગી તહજ્જુદ કરેછે. શીહા ફજરની કરેછે, બપોરે જોહરને અસરનીસાથે અને સૂરજ આથમતે મગરેબ ને ઇશા એ બે સાથે કરેછે.

ને કુરાનમાં ફરમાવેલી નિમાજ પઢવી.[1] શુકરવારે અને રમજાનમાં તથા બકરના તહેવારમાં બંદગીની સાથે વાએજ પણ કરવામાં આવે છે. મોત વખતની બંદગીમાં "અલ્લાહ હો અકબર" (અલ્લાહ મોટો છે) એ વારે વારે બોલ્યા કરવાનું છે.

ગૂજરાતના મુસલમાન જો કે ઘણાખરા ધર્મબાબત ઘણી ઊલટવાળા નથી તોપણ મોટા ફરમાન પાળવે ખંતી છે. સુનીઓ ને શીહા બંને શુકરવારની નિમાજ પઢવા ઘણા એકઠા થાયછે અને રમજાનની તરાવીહ નામની બંદગી રાતે કરવાની તેને વાસ્તે ટોળેટોળાં મળે છે. હલકા વર્ગના સુનીઓ મહોરમને ઘણુંકરીને ગમતમાં કાઢે છે પણ શીહા મરદ ને બૈરાં ઘણી દલગીરીમાં ગુજારે છે. શીહાના થોડાક જથા તે મુલ્લાને અને સુની ઘણાક તે પીરજાદા કે મુરશીદને માને છે. બૈરાંમાં થોડાંક ઘણુંકરીને સૈયદોની ન પરણેલી દીકરીઓ, કેટલાક શેખ, વેપાર ધંધો કરનારામાં વહોરા સુની ને શીહા તે કુરાન તથા બીજી ધર્મની કીતાબો સારીરીતે પઢેલા હોય છે. ઘણાંક બૈરાં ધર્મીછે ને જો કે તેઓને બંદગીની જાહેર જગામાં આવવાની રજા નથી તોપણ તેઓ પોતાની રોજની બંદગી કરવે ને રોજા વગેરે પાળવે બહુ કાળજી રાખે છે.

મોટી આફત સિવાય પહેલા બીજા વર્ગના મરદો માનતા લેતા નથી; પણ બધા વર્ગના બૈરાંમાં તે ચાલ સાધારણ છે. રોગ જાય, ખોવાયલી ચીજ જડે, ધંધો મળે, છોકરાં થાય વગેરેને સારૂ માનતા લેછે ને તેમાં ગરીબને ખવાડવું, કોઇ પાસે બંદગી કરાવવી, કબરને ચાદર ઓરાઢવી એ રીત છે. શીહા તે પેગંબર, અલી ને એની ઓલાદનાની રાખેછે; સુનીઓ બગદાદના પીરની લેછે જેના ચિલા મોટા કસબાઓમાં કરેલા છે અથવા ગૂજરાતમાંજ થયલા પીરની જેની દરઘા ઘણે ખરે ઠેકાણે છે; વળી ખાજા ખિજર, પેગંબર એલીઆ (પાણીનો ફરેસ્તો) ને શેખ સાડો (બૈરાંઓના આંગમાં આવનારૂં ભૂત) એઓની માનતા રખાય છે. ઊત્તર ગૂજરાતમાં કોઈ વળી હિંદુ દેવની માનતા રાખેછે.

ધર્મના મકાન ત્રણ જાતના છે;—મસજીદ, નમાઝગાહ કે ઇદગાહ, જ્યાં બંદગી કરવામાં આવે છે ને શીહાને વાસ્તે ઈમામવાડા જ્યાં થઇ ગયલા ઇમામની (ધર્મ મત ચલાવનારા) તારીફ વાંચવામાં આવે છે. અમદાવાદ ને સૂરતમાં મસજીદો ઘણી છે પણ તે ઘણી ખરી જૂની છે; નવી મસજીદો થોડીજ બંધાય છે.[2] મસજીદને સાફ રખનાર, રાતે દીવો કરનાર જે મુજા-

---

૧. બંદગીની જગા ગંદી નહિ, સફાઈવાળી જોઇએ અને બંદગી કરનારે બંદગી કરતાં પેહેલાં હાથ પગ મોઢું ધોઇ સાફ કરવાં. ઘર આગળ બંદગી કરવા કરતાં સહુ સાથે મસજીદમાં કરવી તે વધારે સારૂં છે.

૨. લાકડાંની કે પત્થરની જૂની મસજીદો તે અસલ બ્રાહ્મણનાં ને જૈનનાં કેટલાંક દેહેરાં હતાં. પત્થરની મસજીદોના ઊમદા નમુના તે પાટણ, અમદાવાદ ને ખંભાતમાં છે; લાકડાંની મસજીદોમાંની એક ઘણી સારી તે રાંદેરમાં છે.

વર તે બહારથી આવેલો પઠાણ કે હિંદુસ્તાની હોય છે ને તેને મહિને ૨૦ાાથી તે બે રૂપીઆ સુધી આપવામાં આવે છે; કબરસ્તાનની સંભાળ રાખવાને વાસ્તે પણ કંઇ મળે છે. મસજીદ સમરાવવા, તેમાં દીવા કરવા વગેરે ખરચ વકફની જમીન કે ઘર કે દુકાનના ભાડામાંથી નિકળે છે; એ નાણું કોઇ સારા કુટુંબમાં રાખવામાં આવે છે ને તે મોતાવલ્લી કહેવાય છે. જો ધર્માદા બક્ષીસ કંઇ ન હોય તો ઊઘરાણામાંથી ખરચ ચલાવવામાં આવે છે. ઇદગાહ તે ઘણુંકરીને ગામ કસબાની બહાર સુનીઓએ બંધાવેલી હોય છે; ત્યાં તેઓ બંદગી કરવા જાય છે ને રમજાન ઈદ તથા બકરીઇદને તહવારે વાએજ સાંભળે છે. ઇમામવાડા ફક્ત શીહાઓ વાપરે છે ને તે આખા ગૂજરાતમાં બેજ છે, એક સૂરતમાં ને બીજો ઘણો મોટો ખંબાતમાં છે; ત્યાં મહોરમમાં કરબલાની પાક જગા જે આરબસ્તાનમાં છે તેની તસબીર રાખવામાં આવે છે ને રૌઝા નામની કીતાબમાંથી કેટલાક બાબ વાંચવામાં આવે છે ને ત્યાં મળેલા લોક શોકના ગીત ગાય છે ને છાતી કુટે છે.

દીનનો રસ્તો દેખાડનાર તે મુલ્લા, ખતીબ (વાએજ કરનાર), શીઆમાં મરસીઆખાન, મોલવી ને કાઝી છે. મુલ્લાનો દરજો છેલ્લો છે; હરકોઇ જે કુરાન વાંચે ને બંદગી કરી જાણે તે મુલ્લા થાય; તે ઘણુંકરીને ગરીબ બાપનો બેટો હોય છે; મુલ્લાની જગાનો ઊમેદવાર તે મસજીદના મુતાવલીને અરજ કરે; મુલ્લા શાદી કરતા નથી ને જે કોઇ કરે તે મુલ્લાનો દરજો છોડી બીજો ધંધો કરે. મસજીદના કર દાખલ તેનું કામ આ કે પાંચ વખત મુસલમાનોને બંદગી કરવાને બોલાવવા[1] ને આગળ થઇ બંદગી કરવી ને મુજાવર ન હોય તો તેનું કામ પણ કરવું; તે મસજીદની પાસે ઝુંપડીમાં મક્તબ (નિશાળ) રાખે છે જ્યાં સવારે સાતથી નવ સુધી ને બારથી ચાર સુધી દશ પંદર છોકરાને ને કોઇ કોઇ છોકરીને કુરાન વાંચતાં શીખવે છે, પછી તે માએનો સમજતો હોય યા નહિં. મરસીઆખાન મહોરમમાં હુસેન, હસેન ને કરબલાના બીજા પીરોની તારીફમાં મરસીઆ ગાય છે; તેને ફારસી તથા ઊરદુ ભાષાનું થોડું ઘણું જ્ઞાન હોય છે; તેને પોતાનો ધંધો હોય છે. જ્યાં કાઝી નથી હોતા ત્યાં શુક્રવારે ને તેહેવારને દહાડે ખતીબ તે ખુતબો વાંચે છે, ઊત્તર ગૂજરાતમાં ખતીબ તે એક કુટુંબના પેઢી દર પેઢીના હોય છે. મોલવી ઘણાખરા સૈયદ ને ઉંચા કુળના હોય છે;[2] તેઓ અકલમંદ, રાગ પઢેલા છે ને કેટલાકને આરબી

---

૧. તે મસજીદને ઉંચે ઠેકાણેથી બાંગ પોકારે છે, અલ્લા મોટો છે, અલ્લા સિવાય બીજો કોઇ દુનીઆનો સાહેબ નથી, મહમદ તેનો પેગંબર છે, બંદગી કરવા આવો, તારણને વાસ્તે આવો, અલ્લા મોટો છે, અલ્લા એકજ છે, એ વાક્ય બોલવામાં આવે છે. ફજરની બાંગમાં સુનીઓમાં ઊંઘ કરતાં બંદગી સારી છે એ બોલવામાં આવે છે અને સારાં કામને વાસ્તે આવો એ વાક્ય શીહામાં વધારે છે.

૨. નીચા કુળના થોડાક જે સારીપેઠે પઢીને મોલવી થયલા તે સિવાય બીજા તે પંદરમા સોળમા શૈકામાં જે મોટા ઉપદેશક પવિત્ર પુરૂષ ગૂજરાતમાં આવેલા તેની ઓલાદના છે, ને પીરોની યાદગીરીમાં તેઓની ઓલાદના જે તે વર્ષે વર્ષે ઓરસનો મેળો કરે છે.

ભાષાનું સારૂં જ્ઞાન છે. - તેઓ કુરાનમાંની એકાદી બાબત લેઈ તે ઊપર વાએજ કરે છે; ધારાની બાબતમાં મત આપે છે. કેટલાક તે આઠ નવ મહિના ગામોમાં ફરે છે ને વાએજ કરે છે; શાદી વખતે તેને બોલાવવામાં આવે છે; તે માંદા માણસને કુરાનમાંથી કાઢેલા ફકરા લખી આપે છે ને તાવીજ વગેરે કરી આપે છે; કેટલાક તવંગર છે ને બીજા પણ નઠારી હાલતમાં નથી. કાઝીનું કામ મુસલમાની હાકમીમાં દીવાની ફોજદારી ઇનસાફ ચુકવવાનું હતું. હાલ તે રમજાન તથા બકરીઇદના તહેવારોમાં આગળ પડી બંદગી કરાવે છે અને શાદી તથા તલાકની નોંધ રાખે છે. મુસલમાનમાં કાઝીનો દરજ્જો મોટો મનાય છે. વહાબી ને જૂના માર્ગના મોલવી કોઇ કોઇ બીજી કોમના લોકને મુસલમાની દીનમાં લેવાની કોશેશ કરે છે તે સિવાય હાલ ગૂજરાતમાં મુસલમાની ધર્મ ફેલાવવાની તજવીજ ચાલતી નથી. કોઇ કોઇ વખ્ત નીચી જ્ઞાતનો હિંદુ વટલી મુસલમાન થયો એવી વાતો ચાલે છે.[૧]

મહોરમ, રમજાન ને બકરીઇદ એ તહેવારો સિવાય સુની ને શીહા પોતપોતાના જુદા તહેવારો પાળેછે. મહોરમ તે હસન હુસેન એ ઇમામોની યાદદાસ્તમાં પાક મનાયછે. ઊત્તર ગૂજરાતમાં મહોરમ તે દલગીરીનો મહિનોછે. ગરીબ વર્ગના બૈરાં દશ દાહાડાસુધી દલગીરીના ગીત ગાયછે ને છાતી કુટેછે; પણ દક્ષિણમાં ચાર દહાડા દલગીરી રાખી જે પછી વેશ વગેરેની ગમત રમતમાં છ દહાડા ગુજારેછે. કોઇ સારો પોશાક પહેરી ઢોલ કે સતારસાથે હસેન હુસેનના દુઃખ તથા મોતની વારતા ગાતા ફરેછે; કોઇ માનતા મુકવાને છોકરાઓને લીલે પોશાકે ફકીરી લેવડાવેછે; કોઇ વાઘ કે બીજા વેશ લેઇ માગવા નિકળેછે ને કેટલાક તે કરબલામાં ઇમામની કબર છે તેની નકલમાં તાજીઆ કરેછે; તાજીઆ મોટા ને સારાનો ખરચ સો રૂપીઆથી ઓછો થતો નથી;[૨] તાજીઆને દશમે દહાડે નદી, તળાવમાં ડુબાડેછે; તેજ દહાડે મીઠી રોટલી ને શરબત સૌને આપેછે. શીહા મહોરમનો તહેવાર ચાલીસ દહાડા રાખેછે, પણ દશ દહાડા તો ઘણીજ દલગીરીના હોયછે. દક્ષિણ ગૂજરાતમાં શીહાની એકાદ ટોળી કાળો પોશાક પહેરી ઊઘાડે પગે ઢોલ વગાડતા હસન હુસેનના ઝુંડા લેઇ ઇમામવાડામાંથી નિકળેછે, ને જેણે કોઇએ માનતા રાખી હોય તેને ત્યાં જાયછે ને ત્યાં મરસીઆ ગાયછે તથા છાતી કુટેછે ને પછી ઝુંડાને હાર પહેરાવેછે ને શરબત પીએછે. વળી સવારે કે સાંજે વીસથી પચાસજણ કોઇને ઘેર જઇ કરબ-

---

૧. કેટલાક મુસલમાનો એકઠા થાયછે ને તેઓની આગળ વટળનારો હિંદુ તે મુસલમાની ધર્મ કબૂલ કરેછે; ખાંડનું પાણી પીવામાં આવે છે; તેને ઘોડે બેસાડી શહેરમાં ફેરવવામાં આવેછે, પછી તેને સુનત કરાવેછે.

૨. અમદાવાદમાં સારા તાજીઆને મસજીદમાં રાખવામાં આવે છે. તાજીઆની ચાલ અમીર તૈમુરે (ઇ. સ. ૧૪૦૦) કરબલાની હજ કરી અલી હુસેનની કબરની નકલમાં બીજી કીધી તે દહાડેથી નિકળી છે.

લાની કતલની, હસન હુસેન કુફીની ફોજ સામાં એકલા ધસ્યા ને કપાઇ પડ્યાની બિના સાંભળેછે ને રડવા કુટવા માંડેછે; એમ કલાકેક ચાલ્યાપછી હલવો ને શરબત અપાયછે ને સૌ ઘેર જાયછે. સુનીઓમાં આસુરા (મહોરમનો ૧૦મો રોજ) ઘણો પાક મનાયછે, તે દહાડે આદમ તથા હવ પેદા થયાં હતાં ને તે દહાડો પેગંબરે પાળ્યો હતો. બીજો માહનો સફર તેનો દશમો રોજ શીહા પાળેછે, મરસીઆ ગાયછે ને હસન હુસેનના ઓધ્ધારને વાસ્તે બંદગીઓ કરેછે; તેરમો દહાડો તે તેઝી કહેવાયછે, તે દહાડે સુનીઓ ઊત્તર ગૂજરાતમાં પેગંબરને વાસ્તે બંદગીઓ કરેછે ને ચણા ગોળ ખાયછે. પેગંબર સખ્ત બીમારીમાંથી તે દહાડે સારા થયા હતા. તે મહિનાનો છેલ્લો બુધવાર તે ગામડાંના સુની તથા શીહા પાળેછે, પેગંબર તે દહાડે માંદગીથી સારા થયા હતા તેની યાદગીરીમાં; શેહેરની બહાર ખેતરોમાં મીઠાઇ ખાયછે. તીજો મહિનો રબીઊલ અવ્વલ તેનો બારમો દહાડો[1] તે પેગંબરના મોતનો દહાડો (વફાત) છે; સુનીઓ તેને ઈદાથી ઊતરતો પણ બીજા બધા તેહવારથી મોટો માનેછે; પેગંબરને ખીર ઘણી ભાવતી તેથી તે સૌ ખાનામાં લેછે ને પેગંબરને વાસ્તે બંદગીઓ કરેછે; મસજીદોમાં વાએજ અપાયછે ને છેલ્લીવારે પથરઊપર પાડેલાં પેગંબરનાં પગલાં, તેના બાલ કે બીજી કંઇ નિશાની મસજીદમાં રાખી હોય તે દેખાડવામાં આવેછે. તેજ મહિનાનો ૧૭મો રોજ પેગંબરનો જન્મ દિવસ (મૌલુદ) તે શીહાઓ અપવાસ કરી, બક્ષીસો આપી પાળેછે. ચોથો મહિનો રબીઉસસાની તેનો અગીઆરમો રોજ સુનીઓએ બગદાદના પીરાનપીર સૈય્યદ અબદુલકાદર જીલાનીના જન્મ દિવસની યાદગીરીમાં રાખ્યો છે; ગરીબ લોક અગીઆર કે બાવીસ દીવા સળગાવેછે અને તવંગરનાં ઘરમાં પાતરાં વનાનાં નાનાં ઝાડ અથવા લીલા કાચનાં ચોકઠાં (મહેનદી) ને અગીઆર દીવાસાથે ટાંગવામાં આવેછે. રાતે મલીદો ખાયછે. છઠ્ઠે મહિને રજ્જબમાં પહેલી અગીઆર રાતે સુનીઓ પેગંબરના માન ખાતર વાએજો કરેછે ને મૌલુદ ગાયછે. ઘણા જણ ભેગા થાયછે અને અગીઆરમે દહાડે અમદાવાદમાં ઘણાક ને સૂરત ભરૂચમાં કેટલાક (તબરેક) નામનો પાક ખોરાક જે હાજર હોય તેને આપેછે. અમદાવાદમાં રફાઇના મુખીઓ પીરાનપીરને માનનારા લીલા ઝુંડા લઇ તાશાં વગાડતા નિકળેછે ને સાંકળવાળા ગુરઝ આંગઉપર મારેછે.

આઠમે મહિને શાબાનની શાબી બરાતની ચૌદમી રાતે ન જન્મેલા જીવોના નસીબ બેહેસ્તમાં લખાયછે; સુનીઓ બંદગી કરેછે, મીઠાઇ સાથે રોટલી ખાયછે ને સગાં દોસ્તને મોકલેછે ને આતશબાજી ઉગાડેછે અથવા સગાંને મોકલેછે, તેમાં જે ઘેર છોકરો કે છોકરીનો વેસવાળ થયો હોય તેને જરૂર મોકલેછે. નવમે મહિને રમઝાનના ૧૫ મો ને ૨૧મો રોજ શીહા પાળેછે

---

૧. એ તહેવાર શીહાઓ મહિનાને ૨૮ મે દહાડે કરે છે.

પહેલો (કતલી ઇમામઅલી) તે અલી ઘાએલ થયો તે ને બીજે (હજરતઅલી) તે અલી મરણ પામ્યો તે. એ બે દહાડે તેઓ શોક કરેછે, અલીને વાસ્તે બંદગીઓ કરેછે ને માગનારને ખાવાનું આપેછે. દશમો મહિનો (શઉવાલ) તેને પહેલે દહાડે રમઝાન ઇદ થાયછે. સઘળા સુની ને શીહા મરદને ઓરત નવાં કપડાં પહેરેછે; ગરીબને આપેછે ને સેવ, દુધ, ઘી, ખાંડ, ખજુર થોડુંક ખાયછે અને આડ ને બારની વચમાં કાઝીને ત્યાં જઇ તેને સાથે લેઈ ઇદગાહમાં જાયછે; ત્યાં દોઢેક કલાક બંદગી કરીને પછી ઘેર જઇ ખાનું ખાયછે.[1] બારમો મહિનો (ઝીલાજ) તેને દશમે દહાડે એટલે મક્કાની હજના મોટા દહાડાને બીજે દહાડે (ઇદઉઝઝૂહા) અથવા બકર (ગાય) ઇદનો તેહેવારછે; અબ્રામે પોતાના બેટા ઇસ્માએલનો ભોગ અલ્લાને આપ્યો હતો એની યાદગીરીમાં સુનીઓ ઇદગાહમાં જઇ બંદગી કરેછે ને ત્યાંથી આવીને બકરાં મારેછે ને તેનું ગોશ સગાં તથા દોસ્તો ને મોકલાવેછે; ભીખારૂને આપવામાં આવેછે.[2] એ મહિનાને ૧૮ મે દહાડે ઇદઇઘ્રડરનો તેહેવાર છે. એ દહાડે એક સરોવરને કિનારે પેગંબર ખુશીમાં હતા ત્યારે બોલ્યા હતા કે અલી મારૂં ગોશ–આંગછે. અઠ્ઠાવીસમે દહાડે શુજાઉદ દિન અબુલુલુ, જે પ્રથમ જરતોસ્તી હતો પણ પછી મુસલમાન થયો હતો તેણે તે દહાડે ખલીફ઼ ઓમરનું ખૂન કીધું હતું; એ તેહેવારમાં ત્રણ દહાડાસૂધી શીઆઓ મોજ મઝા રાખેછે.

દીનની બાબતોઉપર એકીન છે તે ઊપરાંત ગૂજરાતના મુસલમાન જીન, સેતાન, ભૂત, ડાકેણ, જાદુને માનેછે; તેવાંની ચોટમાં આવેલાંને સારાં કરાવવાને સૈયદ કે મુલ્લાપાસે જાયછે ને એઓ કુરાનમાંથી કેટલાંક વચન ભણેછે, ધૂપ કરેછે ને તાવીજ વગેરે બંધાવેછે. નરસી નજર લાગવાને ડરે મુસલમાન અજાણ્યા માણસના દેખતાં ખાનું ખાશે નહિ ને બાળકને બહાર ફેરવતાં પેહેલાં તેને ગાલે કાજળનું ટપકું કરશે. સુકન પણ માનેછે; ઘુવડનું બોલવું તે બાળકની જીંદગીને ધાસ્તીવાળું છે પણ અનાજની ખેરાતથી તે ધાસ્તી મટેછે; ખબુતરનું બોલવું નુકસાની ને કાગડાનું બોલવું તે સગાં કે દોસ્તનું આવવું સૂચવેછે; મધરાતે કુતરૂં રડે તે ત્યાં કોઇ માણસનું મોત થશે એમ ચેતવેછે. મારગમાં બીલાડી આડી ઉતરે તે નઠારૂં; ચહેરાની ચામડી ચળવળે તે સારૂં; આંખ ફરકે જમણી તે સારી ને ડાબી તે નરસી. અઠવાડિયાંનો દરેક વાર તે કેટલાંએક કામને વાસ્તે સારો ને કેટલાંકને વાસ્તે નરસો ને મુસાફરીએ જવાને ચોકસ દહાડા સારા કહેવાયછે.[3]

---

૧. શીહા બંદગી વહેલી કરેછે ને ઇદગાહમાં જતા નથી.

૨. ખેરાત કરવી તે હજ કરનારને, ભીખારૂને, દેણદારને, દીનના આગેવાનોને અને બાપીકો ધર્મ છોડી મુસલમાન થયા હોય તેને. ખેરાતની ચીજો પાંચ તે પૈસો, ઢોર, અનાજ, ફળ ને ધંધાનો માલ.

૩. બાળકનું નામ પાડવું, નવું ખાનું ખાવું, નવાં કપડાં પેહેરવાં, નવું ભણવાનું કરવું, ચાકરી

. રીતરિવાજ.

ધુલનને (સ્ત્રીને) પેહેલી વખતના હમેલ હોય ત્યારે સાતમે કે નવમે મહિને એક દહાડો વર વહુનાં સગાં મરદ ઓરત વરને ઘેર મળેછે; રાતે ખાનું ખાધાપછી એક રૂપીઓ, ભુજેલું થોડુંક ભાત, સાત કે નવ જાતના ફળ નાળીએર સાથે- તે બધાંને એક નવાં કપડાંમાં વીટાળેછે. તેને વહુ હાથ લગાડેછે પછી વરપાસે મોકલવામાં આવેછે. એમ સાત કે નવ વખત કીધાપછી તે વરની બેન કે બેનોને આપવામાં આવેછે ને બીજે દહાડે નાસ્તો લેઈ સગાંઓ પોત પોતાને ઘેર જાયછે ને પોટલામાં રૂા. ૧ા થી તે ૧૧ સુધીનો માલ હોય. ખાનાનો ખરચ તવંગર હજાર બેહજારનો કરે, વચલા વર્ગવાળો પાંચશેંસુધી કરે ને ગરીબ જો કરે તો પાંચ દશ રૂપીઆનો. ઉપર મુજબ રીત થયાપછી વહુ પીહેર જઈ જણેછે ને બાળક અવતર્યાની વધાઇ તેને સાસરે જાયછે કે પછી ત્યાં હિજડાઓ બક્ષીસ લેવા આવેછે. બાળકને નવાડે કે પછી તરત તેના કાનમાં અઝાન જેનો પેહેલો બોલ અલ્લાહ ઓ અકબરછે તે બંદગી કરવાનું કહેવામાં આવેછે. જન્મ ટાણાંનો ખરચ તવંગરને ત્યાં અઢીસો સુધીનો ને ગરીબને ત્યાં એક રૂપીઆનો પણ હોય.

જન્મ થયાપછી છઠ્ઠે દહાડે બાળકનું નામ પાડેછે; બાપ, દાદો ને બીજાં સગાં કુરાનની કિતાબ ઉઘાડેછે ને પાનાની ત્રીજી લીટીના પહેલા બોલનો પહેલો હરફ જે હોય તે નામનો પહેલો હરફ રાખવામાં આવેછે.[1] તે દહાડે સાંજે બાપના સગાં સુના કે રૂપાનું કડીઆન, હાંસડી, જ-

---

કરવા માંડવી, જમીન ખેડવી શરૂ કરવી, એને વાસ્તે રવિવાર સારો પણ ઘોડો ખરીદ કરવાને કે મુસાફરીએ નિકળવાને નરસો છે. મંદવાડથી સારાં થયાપછી નહાવાને, છોકરીને પેહેલી સાસરે મોકલવાને, ઘરનો પાયો નાંખવાને, કાંઇ સોંપણ કરવાને, જાનવર ખરીદ કરવાને અને પૂર્વ દિશાએ મુસાફરીને વાસ્તે નિકળવાને સોમવાર સારો. મંગળવારે નવું ખાનું ખાવું, આજારી માણસે સારાં થયાપછી નહાવું, કોઇને કાંઇ કામ સોંપવું, ને જાનવરને દાટવું, પણ તે ઉત્તર દિશાએ જવાને અને ગાય ખરીદ કરવાને સારો નહિ. બુધવારે છોકરીને સાસરે વળાવવામાં આવે છે, બાળકનું નામ પાડે છે, નવાં કપડાં પેહેરેછે, હજામત કરાવે છે, ઘરનો પાયો નાખેછે અને ઘર બદલેછે; ઉત્તર દિશાએ જવાને અને ગાય ખરીદ કરવાને તે સારો નહિ. ગુરૂવાર બુધવારનીપેઠે સારો છે પણ દક્ષિણ દિશાએ જવાને અને હાથ ખરીદ કરવાને તે સારો નહિ. શુકરવાર, બુધવારની પેઠે સારો પણ બકરાં ખરીદ કરવાને નહિ. બુધવારે કરવાના કામ તે શનિવારે કરવાં પણ પૂર્વ દિશાએ જવું નહિ ને ઊંટ ખરીદવું નહિ.

૧. સૈયદમાં અલી કે હુસેન છેડે હોય જેમ કે અકબર અલી, અમીર હુસેન વગેરે; કોઇકમાં શાહ જેમકે મહમ્મદ શાહ. શેખમાં નામની પહેલે મહમ્મદ કે શેખ હોય જેમ કે મહમ્મદ અસદુલાહ, શેખ ગુલામ અલી વગેરે. મોગલમાં મિરઝાં પહેલે ને બેગ છેડે. પઠાણમાં મિરઝાં નહિ ને બેગને ઠેકાણે ખાન. બૈરાંમાં ફાતમા, ખદીજા, અંઇશાં વગેરે; ઊંચા વર્ગમાં ખેર ઊનનીસા (બૈરાંમાં સૌથી સારી), અમીર ઊનનીસા (બૈરાંમાં ઊંચા દરજાની), બદ્ર ઊનનીસા (બૈરાંમાં ચાંદ જેવી) વગેરે. સૈયદમાં બૈરાંનાં નામને છેડે બેગમ, શેખમાં બીબી, મોગલમાં ખાતમ ને પઠાણમાં ખાટુ હોય છે.

ભણું વગેરે લેઇને માના બાપને ઘેર જાયછે; બાપ માનાં સગાંને ખાનું આપેછે; બાળકને તથા તેની માને સણુગારવામાં આવેછે. સોયાણી આટાનો છ ખુણાનો દીવડો કરી તેમાં ઘી પુરી છ વાટ સળગાવેછે ને તેને એક રકાબીમાં મુકેછે ને તેની સાથે ભાત કે જુવાર ને ફળ રાખેછે. બાપને ત્યાંથી આવેલું બક્ષીસ આપવામાં આવેછે ને થોડાક રૂપીઆ સોયાણીને આપેછે. જણનારીને બારીએ લેઇ જઈ સાત તારા ગણાવેછે ને પછી સૌ પોતપોતાને ઘેર જાયછે. બાપની તરફનાએ કરેલું બક્ષીસ તવંગર વર્ગમાં ૨૦ થી ૫૦ રૂપીઆ ને વચલા વર્ગમાં ૧૦થી ૨૦ રૂપીઆ. ખાનાનો ખરચ તવંગરમાં ૨૦થી ૧૨૦સુધી, વચલા વર્ગમાં ૧૦થી ૨૦ ને ગરીબમાં રૂ. ૨॥ તે ૧૦સુધી થાયછે. સાતમે કે આઠમે કે એકવીસમે દહાડે અકીકની ક્રિયા કરેછે; બાળકનું માથું બોડાવી નાખેછે ને છોકરી હોય તો એક ને છોકરો હોય તો બે બકરાં કાપવામાં આવેછે. હજામ બાળ-કને માથે અસ્તરો ચલાવવો શરૂ કરેછે તેજ વખતે બાળકનો બાપ બકરાંને ગળે છરી ચલાવેછે, ને ભણે છેકે મારા બાળકને વાસ્તે આ જાનવરનો ભોગ આપું છું, લોહીને વાસ્તે લોહીનો, ચામડીને વાસ્તે ચામડીનો, ગોશને વાસ્તે ગોશનો ને બાલને વાસ્તે બાલનો. પછી ઉતરેલા બાલ ને નખ તે નદીમાં નાખી દેવામાં આવેછે. ચાળીસમે દહાડે જણનારી સૂવાવડથી છૂટે તેને બે ફૂટ લાંબી ઘાસની હોડીમાં દીવો ને થોડાક ચોખા તથા સોપારી મુકી વાજતે ગાજતે પાણી હોય તો ત્યાં લઇ જાયછે. દીવો સળગાવીને હોડી તરતી મૂકી દેછે;—એ રસમ ખાજા ખિજર (પાણી નો ફરેસ્તો) એનો આભાર માનવાને છે. ખરચ તવંગરમાં રૂ. ૨૦થી ૪૦ ને ગરીબમાં રૂ. ૧॥થી ૪ સુધી. બાળક સાડાચાર મહિનાનું થાય કે તેને બોટણ કરાવેછે; ગોશ ચુંસાડેછે; ઇરાનીઓ 'નમકમશી' (મીઠું ચખાડવું) કહેછે. સાંજે બાળકને સારાં કપડાં પહેરાવેછે ને કોઇ તેને રૂપીઆ ઊપર ખીર મુકીને ચટાડેછે ને ગોશનો કકડો ચૂસાડેછે. બાળક એકવીસ મહિનાનું થાય ત્યારે તેને ધાવણ મુકાવેછે. કાન વિંધવાનીરીત ગૂજરાતમાં નથી. તવંગરમાં બાળકની સાલગીરીને દહાડે કેટલોક ખરચ કરવામાં આવેછે. જ્યારે બાળક છોકરો કે છોકરી ચાર વર્ષ, ચાર મહિના ને ચાર દહાડાની ઊમરે પહોંચેછે ત્યારે 'બિસમિલ્લાહ' ની(અલ્લાનું નામ લેવું) ક્રિયા કરવામાં આવેછે. એ ટાણે તવંગરને ત્યાં સો બસેં માણસનું ખાનું થાયછે. રાતનું ખાનું થયાપછી બાળકને ગુંથેલા ફૂલની ચાદર 'સહેરા' ઓરાઢી ઊચે બેસણે 'મસનદ' ઊપર બેસાડેછે ને મીઠાઇ આપેછે. પછી મુલ્લા કુરાનનો પેહેલો બાબ વાંચી તેની પાસે બોલાવેછે; પછી મુલ્લા બાળકનાં મા બાપની તારીફમાં ઉરદુ કવિતા ગાયછે, બાળકના માથાઉપર દુવાનાં વચન બોલેછે ને જુવાન ગવૈયાઓ 'આમેન' બોલેછે, પછી તેને કુટુંબના પીરની દરઘાની ચુમી લેવાને લેઇ જાયછેં ને ત્યાંથી ઘેર આવે કે રૂપા સુનાના સિક્કા કાગળમાં વીટાળી સગાં દોસ્તો બક્ષીસ આપેછે; બાળક બૈરાંના ઓરડામાં જાયછે ત્યાં તે સૌ તેનાં બલૈયાં લેછે; પછી બાળકનો ફૂલનો ઝભો કાઢી નાખેછે. બિસમિલ્લાહનો ખરચ તવંગરમાં રૂ. ૩૦૦ થી ૧૦૦૦, વચલા વર્ગમાં ૧૦૦થી ૩૦૦ ને ગરીબમાં રૂ. ૧૦ થી ૨૦સુધી

થાયછે. છઠ્ઠે કે સાતમે વર્ષે સુનત "ખટના".ની ક્રિયા થાયછે[1] ને તેનો ખરચ તવંગરમાં રૂ. ૧૫૦થી ૪૦૦ સુધી ને ગરીબમાં દશ વીશ રૂપીઆ. ઊપલા તથા વચલા વર્ગમાં સાત આઠ વર્ષના છોકરાને રમઝાનમાં એક દહાડો ભૂખ્યો રાખે છે ને એમ પહેલો રમઝાન પાળ્યાની ખુશાળીમાં સગાં દોસ્તને ખાનું આપેછે. કુરાનના પાઠ લેવા બંધ કરવામાં આવેછે ત્યારે શીખવનારને બક્ષીસ 'હદીઓ' આપેછે; તે બાળક થોડાક જણની આગળ શીખેલું ભણી બતાવેછે ને પછી રૂપીઆ કપડાંનું બક્ષીસ અપાય છે.

છોકરાઓની શાદી સોળ ને બાવીસની વચમાં અને છોકરીઓની દશથી તે અઢારની ઊમર સુધીમાં કરે છે; નાતરૂં એની પસંદતાથી થાય તે સિવાય છોકરો કે છોકરી કોઇ પોતાની મરજી પ્રમાણે શાદી કરતું નથી.[2] છોકરાં મોટા થાય ત્યારે મા બાપ વરતાળું કરનાર બૈરીઓને કામે લગાડે છે. કોઇ છોકરી આગળથી પસંદ કરી રાખી હોય તો છોકરાના ઘરનાં બૈરાં તે છોકરીને ઘેર જાય છે; ત્યાં છોકરીને જોયછે તથા બૈરાં સાથે વાતો કરેછે તેટલે તેઓને શરબત આપવામાં આવેછે; જો છોકરી લેવી હોય તો શરબત પીએછે, જો ન લેવી હોય તો પીતા નથી; છોકરીને માગણી કરવાની નશાનીમાં તેઓ છોરીના મોડામાં શાકર નાંખે છે. વેસવાળને દહાડે વહેવાઇઓને ઘેર સગાંઓ મળે છે; ને એઓ રાતે વાજતે ગાજતે છોકરીને ઘેર જાય છે ને ત્યાં છોકરીને ઘરેણાં પેહેરાવે છે, કોલની અંગુઠી આંગળીએ ઘાલે છે ને દુપટ્ટો ઓરાઢેછે; તેમ વહુવાળાં તે એક રૂમાલ, એક વીંટી, મંડીલ ને મીઠાઇ છોકરા વાસ્તે આપે છે. તવંગરમાં વરવાળાંને રૂ. ૧૦૦ થી તે ૩૫૦ સુધી ને છોકરીવાળાંને રૂ. ૫૦ થી તે ૩૫૦ સુધી, વચલા વર્ગમાં એકને રૂ. ૧૦૦ થી ૨૦૦ સુધી ને બીજાને ૫૦ થી ૮૦ સુધી; અને ગરીબમાં ૫૦ થી ૯૦ સુધીને ૨૦ થી ૫૦ સુધી ખરચ થાયછે. કોઇ વખત વેસવાળ ને શાદી સાથેજ થાયછે પણ ઘણુંકરીને શાદી પેહેલાં એક વર્ષ તો વેસવાળ રહેછે ને તેમાં તેહેવાર ટાણે એક બીજાને ત્યાં બક્ષીસ મોકલવામાં આવે છે. શાદીને થોડા મહિના રહે કે છોકરીનાં સગાં પોશાક તથા બીજી ચીજો તૈયાર કરાવેછે; પંદર દહાડા રહે કે બૈરાંઓ ઢોલસાથે એકઠાં મળી ગાય છે; આઠ દહાડા અગાઉ વરવહુને પીળાં કપડાં પેહેરાવે છે; બે ત્રણ દહાડા વરવહુને પોતપોતાને ઘેર બૈરાંઓ ચણાના આટામાં તેલ સુગંધી નાખી તે ચોળેછે. બારણે માંડવામાં મરદો બેસેછે ને ઘરમાં બૈરાંઓ. મરદોને બૈરાં

---

૧. એ હુકમ કુરાનનો નથી પણ પેગંબરનો છે પણ તે કુરાનનો હોય છે તેમજ ખસૂસ પાળવામાં આવેછે. ઇંદરીને આગલી ચામડી નહિ તેવા જન્મેલા છોકરાઓને તે ક્રિયા નથી. શીહા કે દાઉદી વહોરા, શીહા મોગલ ને શીહા તથા સુની આરબ એઓ જન્મ્યાપછી છઠ્ઠે દહાડે બાળકની સુનત કરેછે. આ લોકોમાં છોકરીને પણ તે દહાડે સુનત કરેછે. બાળકને અફીણની મેળવણીવાળું ઓસડ આપેછે કે ઊંઘ આવે.

૨. દક્ષિણ ગૂજરાતમાં કેટલાંક કુટુંબમાં છોકરી સાસરે જવાની ઊમરે આવેછે ત્યારે ઓઢણી ઓરાઢવાની રીત કરવામાં આવેછે.

પોતપોતામાં રંગ નાખેછે. શાદીને દહાડે વરવાળાં તે સગાદોસ્તનાં છોકરાંઓને રંગેલાં બસેંક માટલાં મીઠાઇ મેવાથી ભરેલાં તથા પોશાકના ખુમચા ઊચકનાર માણસોના સરકસને વહુને ઘેર મોકલેછે; અને ત્યાંથી વરનેવાસ્તે કપડાં, મેંદી ને વહુનો સામાન 'જાહેજ'[1] એ લેઇ પાછા વરને ત્યાં આવેછે. રાતે વહુની બેન વરને મેંદી લગાડવા આવેછે ને તેને રૂા. ૫ થી ૧૦ સુધી વરને ત્યાંથી મળેછે; પછી એકઠા થયલા લોક નાચ સાંભળતા હોય તેટલે વરઘોડાની તૈયારી થાયછે. 'મારા બેટાની સેર બાંધવાને જીવું.' એ ઇચ્છા હરેક મુસલમાનની તે વખ્ત આવ્યો છે એમ આભાર માનતો દિલની ઊલટથી બાપ તે બેટાને માથે ફૂલનો હાર બાંધેછે. પછી વરને ઘોડે બેસાડેછે, મરદો ચાલેછે ને બૈરાં તે ગાડીમાં બેસેછે. વરઘોડો માંડવે આવી પહોંચે કે કન્યા બારીએથી વરના ઊપર ચોખા નાખેછે; પછી વરને આંગણા આગળ લેઇ જઇ ત્યાં તેને તેનો સાળો શરબત આપેછે ને પોતાનું લવાજમ લેછે. માંડવામાં એક પાસ વરની તરફના ને બીજી પાસ વહુની તરફના બેઠેલા હોયછે; વચમાં એક જગા વરની, એક કન્યાની ને એક કાજીની હોયછે. કાજી કન્યાવાળાંને પૂછેછે કે કન્યા આટલા મહેર[2] લઇ ફલાણાને પોતાના ધણી દાખલ કબૂલ કરેછે ને હાનો જવાબ મળેથી બીજા બે શાહેદોનો ઇકરાર લેછે, તેમ વળી વરવાળાંને પૂછેછે; એ બધું લખાઇ રહે કે ક્રિયા પૂરી થાયછે ને કાજી શાલ તથા રૂા. ૫ લવાજમના લેઇને જાયછે; મસજીદમાં કામ કરનારને રૂા. ૧।। આપેછે. મળસકે આયનામાં વહુનો ચેહેરો વરને દેખાડવામાં આવેછે ને કુરાનમાંથી 'સુલેહ'નો બાબ વાંચવામાં આવેછે કે જે છોકરીને બાપનું ઘર છોડવાનો વખ્ત આવ્યોછે તેની નિશાની છે. શાદીનો ખરચ તવંગરમાં વરના બાપને રૂા. ૩૦૦૦ થી ૫૦૦૦ સુધી ને વહુવાળાંને રૂા. ૧૨૫૦ થી તે ૨૨૫૦ સુધી; વચલા વર્ગમાં એકને રૂા. ૧૨૫૦ થી તે ૨૨૫૦ સુધીને બીજા ને રૂા. ૭૦૦ થી તે ૧૨૫૦ સુધી; અને ગરીબમાં એકને રૂા. ૪૦૦ થી તે ૮૦૦ સુધીને બીજાને રૂા. ૧૫૦ થી તે ૩૦૦ સુધી હોયછે. ઊત્તર ગૂજરાતમાં શાદીને બીજે દહાડે કન્યાનો બાપ તે જમાઇને તથા તેનાં સગાં દોસ્તોને ખાનું આપેછે. શાદી પછી પહેલે ચાર શુકરવારે સસરો જમાઇ તથા બેટીને જમવા તેડેછે, ને પહેલે કે બીજે શુકરવારે તો જમાઇનાં સગાંદોસ્તને પણ તેડેછે. એ શુકરવારને ખાને ન બોલાવે તો પછી જમાઇ કોઇ દહાડો સાસરે જતો નથી, તેમ બંને તરફનાં સગાં એક બીજાને ખાન ને વાસ્તે બોલાવે નહિ તો તેઓ પણ એક બીજાને ત્યાં જતાં નથી. તલાક ધણીની મરજીએ અપાય; તલાક પછી ત્રણ મહિનાસુધી બૈરી બીજાસાથે શાદી કરી શકે નહિ.

---

૧. જાહેજમાં કપડાં, ઘરેણાં, બેસવા સુવાના ઓરડાનો સામાન, રાંધવાનાં વાસણ વગેરે હોય છે. એની માલીકી બૈરીનીજ અને જો કદાપી તલાકથી છૂટી પડે તો તે તેને પાછું આપી દેવાનું છે.

૨. તવંગરો વધારે આપે પણ સાધારણ રીતની મુકરર કરેલી રકમ રૂા. ૧૨૭ (ફાતમાને હતી તેટલી) અથવા રૂા. ૭૫૦ (આઇશાને હતી તેટલી).

મોત ઓચિંતું ને પરદેશમાં ન થાય તેવું દરેક મુસલમાન ચાહે છે. મરનાર દીનને આફ્રીનથી માનનારો હોય તો મોતની પછીની વખાણવા જોગ હાલતબાબત કુરાનનો જે બાબ છે તે તેની આગળ વાંચવામાં આવેછે; માફીનેવાસ્તે બંદગી કરવામાં આવેછે ને મધનાં ટીપાં તેનાં મોડામાં મૂકેછે. જીવ ગયાપછી સારી પેઠે ધોયલાં ને ખુશબોવાળાં પાટીઆંઊપર મુડદાંને મુકેછે ને ખુશબોદાર સફેત ચાદર ઢાંકેછે. સુની તે મુડદાંને ગરમ પાણીથી ધોયછે, શીહા તેમ કરતા નથી. મોત રાતે થાય તો સવાર પડે લઇ જાયછે; ને દિવસ હોય તો સગાં તેને છેલ્લું જોઇલે[1] કે તેને ઊઠાવી 'લાઇલાહ ઇલલ્લાહ' (અલ્લા એકજ છે) એમ બોલતા લેઇ જાયછે.[2] મસજીદના આગલા ચોકમાં ખાટલી મુકેછે ને 'અલ્લાહ હો અકબર' ની બંદગી કરવામાં આવેછે. પછી ત્યાંથી તે ઊઠાવી આગળથી ખોદાવેલી ધારેમાં મુડદાંને મુકેછે; માથું ઊત્તર તરફ એવી રીતે કે ચેહેરો મક્કાતરફ રહે. પછી કુરાનમાંનું કેટલુંક ભણી માટીને પાક કરી ઘોરને ભરી નાખેછે. ત્યાંથી ઘેર આવી મરનારનેવાસ્તે બંદગી કરી સૌ પોતપોતાને ઘેર જાયછે. મુડદાંને ઊંચકવામાં મદદ કરવી ને મરનારના જીવનેવાસ્તે બંદગી કરવી એ ફરમાન બધા મુસલમાનોએ ફરજ સમજી પાળવાના તે તેઓ કાળજીથી પાળેછે. મહીને ઊત્તરે અનાજની ખેરાત મરનારને ઘેર થાયછે ને દક્ષિણમાં મસજીદમાં. તીજા દહાડાસુધી ઘરમાં ખાનું પકાવવામાં આવતું નથી પણ સગાંઓ રાંધેલું મોકલેછે. તીજે દહાડે સવારે 'ઝિયારત' કરવામાં આવેછે સગાંદોસ્ત મસજીદમાં મળેછે, કુરાનમાંથી ભણેછે ને બંદગી કરેછે, મોલવી વાએજ કરેછે; પછી ફૂલનો ખુમચો ફેરવેછે તેમાંથી એક એક ફૂલ એકેક જણ લઇને એક ખુશબો ભરેલાં વાસણમાં નાખેછે ને પછી તે ઘોરઉપર રેડવામાં આવેછે. પછી બતાસાં વહેંચાય છે ને મરનારના બેટાને શાલ બક્ષીસ કરેછે ને પછી સૌ મરનારને વાસ્તે બંદગી કરી ઘેર જાયછે. પછી તવંગરમાં ને વચલા વર્ગમાં થોડાક તે મોટું ખાનું કરેછે; તીજા દહાડાનું ખાનું ન કરે તો ચાલે પણ ચાલીસમે દહાડે, ચોથે, છઠ્ઠે નવમે મહિને ને પહેલા વર્ષને છેલ્લે દહાડે ખસૂસ ખાનું આપવું જોઇએ. કુટુંબના મોટાના મોત નિમિત ખરચ તવંગરમાં રૂ.૬૦૦ થી ૧૨૫૦ સુધી, વચલા વર્ગમાં રૂ. ૩૦૦ થી ૬૦૦ સુધી ને ગરીબમાં રૂ. ૧૫૦ થી તે ૩૦૦ સુધીનો હોય છે. બૈરાંની શોક પાળવાબાબત રીત આવીછે કે રંડાયલી ચાર મહિના ને દશ દહાડા ઘરમાંથી બહાર નિકળતી નથી; એસિવાય બીજી રીત હિંદુમાંથી લીધેલીછે કે મરનારની ઓરત બંગડી ફોડેછે ને સુના રૂપાની ચુડી પેહેરે, પણ ફરી શાદી કરે

૧. મરનાર કુટુંબમાં મોટો હોય તો તેની ઓરતને ઊમદા પોશાકમાં છેલ્લું મોઢું જોવાને તેડેછે પણ મરનાર ઓરતનું મોઢું જોવાનો મરદને હુકમ નથી. ઓરતનાં રડવાંબાબત પેગંબરનો હુકમ નથી, સૂરત, ભરૂચમાં, ગરીબમાં બહુ ચાલેછે પણ ઉત્તર ગૂજરાતમાં બધા વર્ગમાં, ફક્ત આરબમાં નહિ.

૨. ઊંચકનાર તે સગાદોસ્ત હોય છે; જે મરદ ફરી શાદી કરવાને ન હોય તેજ પોતાની મરનાર ઓરતનું મુડદું ઊંચકવામાં સામીલ રહે.

નાહ ત્યાંસુધી તે બંગડી કે નથ પેહરતી નથી. પહેલા ચાળીસ દહાડા તો પલંગ, તકીઆ વગેરે સામાન નજરે નપડે તેવે ઠેકાણે રાખેછે ને ઘરના સૌ ભાંય ઉપર સુવેછે ને ઘરમાં ખાનું પકાવતા નથી ; છ મહિનાસુધી તહેવાર પાળતા નથી કે ગાન ગમતમાં સામેલ થતા નથી. મરનાર નજીકનો સગો હોય તો તે એકવર્ષ સુધી સફેત પાઘડી પહેરેછે (સૂરતમાં તેમ કરતાં નથી); રંડાયલી જુવાન હોય તો કાળું ને બુઢી હોય તો સફેત લુગડું પહેરે પણ લીલું કે લાલ ન પહેરે. સૂરતમાં રંડાયલીમાંથી ઘણીક નાતરૂં કરેછે, ભરૂચમાં તે ઘણું ઓછું છે ને મહીની ઉત્તરે કોઇકજ કરેછે.

મક્કા ને મદીનાની હજ કરવી એ દરેક મુસલમાને પાળવાની પાંચ ફરજમાંની એક છે.[1] સુની તે મક્કે ને મદીના જાય છે; શીહા તે મક્કે મદીને ને કરબલે જાય છે. હજનો ખરચ સારી હાલતવાળાને રૂ. ૨૦૦૦ થાય છે, તોપણ જેઓ એટલી રકમ ખરચી શકે નહિ તેવા ઘણાક ગરીબ મુસલમાન હજને વાસ્તે પોતાની જીંદગી જોખમમાં પણ નાખે છે. હજ કરી આવેલા તે પાછા આવે ત્યારે તે પાક જગાનો સુકો મેવો કે ઝેમ ઝેમનું પાણી કે મક્કાની ધૂળ સગાં સંબંધી ને આપે છે.

રમત ગમત.

શિકાર કરવાને વાસ્તે ફુરસદ કે શોખ કોઇ થોડાકનેજ હોય છે; જેઓને હોય છે તે એ કુતરા કે ચિત્તાની મદદથી હરણનો શીકાર કરે છે. ઘોડાઊપર સ્વારી કરવાનો શોખ[2] ઓછો થયો છે ને ઘોડાઊપરથી ભાલાએ હરણ સાબરનો શિકાર કરવાની પાછલા વખતની ચાલ નિકળી ગઇ છે. ઘોડો દોડાવતાં બનેતી ફેરવવી એ કસરત ફક્ત હાલ ચાલે છે. હલકી ગાડીએ બળદ દોડાવવાની સરત, ઘેટાં, મરઘાં, તીતર વગેરેને લડાવી તે ઊપર સરત મારવી એ ગમતનો ઘણો શોખ છે. રાતે ખાનું ખાવાની આગમજ તાલીમમાં[3] જઇ દંડ, બેઠક, મગદળ, મલકમ, પટા, કુસ્તી એ કસરત કેટલાક કરે છે. શેતરંજ, ગંજીફો, ચોસર, પચીસી એ રમતો

---

૧. દીનના મુખ્ય હુકમને માનવા, દરરોજ પાંચ વખત બંદગી કરવી, રમઝાન મહિનામાં ભૂખ્યા રહી રોજા પાળવા, મક્કાની હજ કરવી અને ખેરાત 'ઝકાત' આપવી એ પાંચ જેમાંથી પહેલી ત્રણ બાધાને વાસ્તે છે ને બીજી બે તે સારી હાલતવાળાથી બની શકે તેણે બજાવવાની છે. વેપાર ધંધો કરનાર સુની વહોરા જે હજ કરી આવે છે તે આરબનો પોશાક રાખે છે; સુંદડીગરો જે હજ કરી આવે તેને તે જથાને ખરચે ત્રણ દહાડા ખાનું આપવામાં આવે છે.

૨. કાઠીઆવાડી ઘોડો પસંદ કરેછે; તેને જુદી જુદી ચાલ શીખવવાને ચાબુકસ્વાર રાખે તેને રૂ. ૧૦ થી ૫૦ સુધી આપવામાં આવેછે.

૩. તાલીમખાના ફક્ત મોટાં શેહેરોમાં હોય છે; ઘણાં થોડાં છે; અમદાવાદમાં એક ભરૂચમાં એક ને વડોદરામાં ઘણાં છે; સૂરતમાં છ હતાં.

છે; છોકરાઓમાં કનકવા ચગાવવા, લખોટા દડા વગેરે છે; છોકરીઓમાં ઢિંગલી, આંખ મિચામણી, આંધી ચુધ, ફુદડી એ છે; ને એરાંમાં જેને ફુરસદ હોય તે કોડીની, પાનાની રમત રમેછે. ને દક્ષિણ ગૂજરાતમાં કેટલાંક તે શેતરંજ સારી રીતે રમી જાણે છે; અમદાવાદમાં કોઇ તરેહની રમત રમતાં નથી. ગાયન પેગંબરને અણગમતું હતું ને તેનો અભ્યાસ કરનારાની આબરૂ નથી તોપણ ગૂજરાતના સઘળા વર્ગના મુસલમાનમાં મરદો ને અમદાવાદ સિવાય ઓરતો ગાયનમાં સારી રીતે કુશળતા બતાવનારાં છે.[1] ઊપલા ને વચલા વર્ગમાં કેટલાક ઘરમાં કે દોસ્તો કને મધુર અવાજે ગાય છે, તંબુરો, તબલાં, સતાર સારો રીતે વગાડે છે. તેઓ પ્રેમ વિષયનું હિંદી ગાયન, ઇસ્કની લાગણીની ઊરદુ ગજલ રેખતા ને કોઇ વખત ફારસીમાં ગાય છે. તેઓ નાટક ખેલ જોવાનો શોખ રાખે છે પણ પોતે વેશ લેતા નથી. મરદને ઓરત પોતાની ફુરસદમાં ચોપડીઓ વાંચે છે કે કોઇ વાંચે તે સાંભળે છે; તે ચોપડીઓ ઇસ્કના કિસ્સાઓની હોય છે; એમાંની ઘણીક મુસલમાનની નીતિયે વાંચવા જેવી નહિ તેથી તે ઓરતના ઓરડામાં જવાદેતા નથી.

હાલત.

દીનને ખરા આકીનથી માનવાવાળા સઘળા મુસલમાનોએ એક બીજા સાથે ઘણોજ ભાઇ-ચારો રાખવો એવો કુરાનનો તથા પેગંબરનો ફરમાન તે પાળવામાં ફક્ત આટલું રહ્યું છે કે બીજી બાબતો સરખી હોય તો એક મુસલમાન હિંદુ કે પારસી કરતાં બીજા મુસલમાનને વધારે પસંદ કરે છે. સને ૧૮૬૯ માં દક્ષિણ ગૂજરાતમાં કેટલાક વહાબી ઉપદેશકોએ મુસલમાન જોસ્સો ઊસકેર્યો હતો ને ઘણાજણે પોતાની ગમતી રીતભાત છોડી દીધી હતી ને શાદીને ટાણે ગાયન કરાવવું બંધ રાખ્યું હતું. વળો મોલવી લયાકતઅલી પકડાયાપછી વહાબી મતમાંથી કેટલાક ખસી ગયા. સુની ને શીહાના મતભેદ છતે વધારે કેળવાયલામાં દોસ્તી કે શાદી વહેવારમાં કોઇ રીતે અટકાવ નથી. મત ભેદે સુની મુસલમાન ને શીહા વહોરા એ બંનેને એક બીજા સામાં ધિક્કારની લાગણી છે. ઊત્તર ગૂજરાતમાં તે લાગણી એટલી છે કે શીહા વહોરા તે મુસલમાનજ નથી એમ સુની સમજે છે; અમદાવાદના સુની શીહા વહોરા સાથે બને તો કદી ખાય પીયે નહિ. એક દીનના છેએ એ વિચારે જૂદા જૂદા વર્ગના લોકનું એકપણું નથી પણ તેજ કુટુંબના કે તેજ ધંધાના હોવાથી તેઓનો સંપેલી જમાતો છે ને એક જણ મુખી કે પટેલ હોય છે. દરેક જમાતને પોતાના

---

૧. ગાવા નાચવાનો પેશો કરનારી ઓરતો, ભાંડ ને ઉત્તર હિંદુસ્તાનથી આવતા ગવૈયા એ છે પણ વળી તાલીમ લેઇ તૈયાર થયલી 'હોમની' ઢોલસાથે ગાનારી સારી ચાલની ઓરતો છે તેને જનાનામાં દાખલ કરવામાં આવેછે ને ગરીબ માબાપની છોકરીઓ તવંગરના ઘરમાં રહેલી તેઓને ગાતાં નાચતાં વગાડતાં શીખવવામાં આવેછે.

કાયદા હોય છે કે જે પ્રમાણે સૌ ચાલે છે; ઊલટો ચાલે તેને દંડ કરવામાં આવે છે ને એની ને બીજી ઊપજમાંથી વર્ષે વર્ષે ખાનાઓ થાય છે ને વખતે લાચાર ગરીબને મદદ કરવામાં આવે છે. સઘળા વર્ગના મુસલમાન ગમતને વાસ્તે એકઠા મળે છે. સારી હાલતવાળા જુવાનીઆઓ ભાડે રાખેલા ઘરમાં કે વારાફરતી પોતપોતાને ઘેર રાતે મળે છે, વાતો કરે છે, હુક્કા પીએ છે ને વાંચે છે. ગરીબોમાં કેટલેક ઠેરવેલે દહાડે વારફરતી પોતાના સંબંધીઓને તેડી ચાહ કાફી પાવાની ને ઢોલ સતારથી ગમત કરવાની ચાલ છે. તુરક રૂસની લડાઇ ચાલતી ત્યારે અમદાવાદમાં કેટલાક મુસલમાન એક ઠેકાણે મળતા ને ઊરદુ અખબાર વાંચતા ને વાંચી સંભળાવતા.

આળસુ કે કામ કરવાને લાયક નથી તેથી નહિં, પણ કરકસરથી રહેવાની ને આગળથી વિચાર કરવાની ટેવ નહિ તેથી ઊરદુ બોલનારા મુસલમાનના મોટા ભાગની હાલત સારી નથી; પણ તે ટેવ ન હોવાના કારણોમાં આ પણ છે કે તેઓ ઊરદુ કે ગૂજરાતી વાંચી લખી જાણતા નથી. ઊમરના પાંચમાં વર્ષથી ને સાતમા સુધીમાં કુરાનના કેટલાક બાબ મોડે ભણી જતા છોકરાં શીખે છે. પછી સારી હાલતવાળા તે પોતાના છોકરાને મોલવી પાસે ફારસી વાંચતાં લખતાં શીખવવા મોકલે છે.[1] પણ ઊરદુ કે ગૂજરાતીનું વહેવારમાં કામ લાગતું જ્ઞાન આપવામાં આવતું નથી. મુસલમાનો પોતાના છોકરાને સરકારી નિશાળે મોકલતા નહિ પણ દશ વર્ષમાં સારો વધારો થયો છે. ગૂજરાતમાં કોઇ ઊરદુ અખબાર છપાતું નથી. પણ તુરક રૂસની લડાઇ પછી મુંબઇ ને લખનોરના છાપાંના ગૂજરાતમાં ઘણાંક ઘરાક છે. મસજીદોમાં ને જાહેર ખાનાંઓમાં દુકાળ મોઘવારી ને કરવેરા તથા બીજી બાબતોની ચરચા થાય છે ને ગામના લોક મોલવી પાસેથી જેમ દીનની તેમ થોડીક રાજકીય બાબતની જાણ મેળવવાની આશા રાખે છે. બંધુ જોતાં ગૂજરાતના મુસલમાનની હાલત ઠીક આબાદાનીવાળી જણાય છે; ગૂજરાતી બોલનારા તે સારી હાલતમાંછે ને ઊરદુ બોલનારા જે તે હાલ દબાયલા છે, તેઓને સાંચાઓના કારખાનાંથી ફાયદો છે ને કેળવણીની બાબતમાં તેઓ પોતાના છોકરાઓને વાંચતાં લખતાં શીખવવાની મરજી જણાવતા થયા છે.

---

૧. ગરીબ છોકરા મુલ્લાને ત્યાં શીખવા જાય છે; તવંગરને ત્યાં આખુંદજી આવે છે. કુરાનમાંથી જૂદા કાઢેલા બોલની જોડણી શીખ્યાપછી કુરાનના બોલ મોડે કરે છે. કુરાનમાંનું કેટલુંક શીખ્યાપછી ઘણા જણ શીખવાનું બંધ રાખે છે. કોઇ કોઇ વળી છોકરાઓને ફારસી ને આરબી શીખવે છે. છોકરીઓ કુરાનનો કેટલોક ભાગ શીખે છે ને તવંગરમાં તેઓને સીવવા ભરવાનું શીખવે છે. થોડીક બૈરીઓ ફારસી ઊરદુ વિદ્યામાં સારી રીતે જાણીતી છે.

પારસી.

ગૂજરાતમાં પારસીની[1] વસ્તી સને ૧૮૮૧ માં ૧૮,૨૮૦ ની હતી. સૂરત, ભરૂચ, નવસારી, અંકલેશ્વર, બીલીમોરા, ગણદેવી વગેરે મોટાં શેહેર તથા કસબાઓમાં પારસીઓ ઘણા કાળથી વસી ઘરબાર કરી રહેલાછે. ઊત્તર ગૂજરાતમાં પારસીની વસ્તી ઝાઝી નથી પણ જે લોકો ધંધાને અર્થે ઊત્તર ગૂજરાત તરફ ગયલા તેઓમાંના કેટલાએક ઘરબાર કરી ત્યાં રેહેલાછે.

પારસીઓનું મૂળ વતન ઇરાનછે.[2] સાતમી સદીના વચલા ભાગમાં ઇરાનઉપર આરબ લોકોએ ચઢાઇ કરી અને શાહયઝદેઝર્દને હાંકી કાઢી આરબ લોકો ઇરાનના માલીક થઇ બેઠા. ઇરાનનીઓ પોતાનાં ઘરબાર છોડી નાઠા અને આસપાસના પહાડી મુલકમાં સો વરસસુધી છુપા ભરાઇ રહ્યા. અહીંઆ તેઓને ભારે વીટમણા પડી એટલે તેઓ ઓરમઝમાં આવી વસ્યા. ઓરમઝમાં પંદર વરસ ઠરીઠામ રેહેવા પામ્યા. અહીંઆ પણ તેઓને સતાવવા માંડયા એટલે એક મોબેદ ગ્રૂહ જોઇ તેઓને ઇરાન છોડી હિંદુસ્તાનમાં જવાની સલાહ આપી તેથી તેઓ ઓરમઝ છોડી, બૈરાં છોકરાં લઇ, વહાણને રસ્તે કાઠિયાવાડના દીવ બંદરે ઉતર્યા. અહીંઆ તેઓ ઓગણીસ વરસસુધી રહ્યા, પણ પાછું જોશ જોઇ એક બુઢા મોબેદે તેઓને દીવ છોડી બીજે ઠેકાણે જવાની સલાહ આપી તેથી તેઓ દીવ છોડી સંજાણ ગયા. સંજાણ યાદવ વંશના જદીરાણાના તાબામાં હતું, તેથી એક મોબેદ જદીરાણાપાસે ગયો અને તેના મુલકમાં વસવાની રજા માંગી. એક તો મૂળ પરદેશી ને વળી પાસે હથીઆર એટલે જદીરાણો ગભરાયો અને તેણે તેઓના ધર્મ તથા આચાર વિચાર કેવા છે તેવિશે પરપૂછ કીધી. તેઓ સૂર્ય ચંદ્રને તથા પાણી દેવતા અને ગાયને પૂજનારા, કસ્તી પેહેરનારા અને બૈરાંઓનો અટકાવ પાળનારા જણાયાથી જદીરાણાએ તેઓને સંજાણમાં રેહેવાની પરવાનગી આપી, પણ તેઓ પાસે એવી શરત કરાવી લીધી કે તેઓએ સંજાણમાં બોલાતી ભાષા શિખવી, બૈરાંઓને હિંદુના બૈરાં જેવા પેહેરવેશ પેહેરાવવો, હથીઆર છોડી દેવાં અને રાત્રેજ લગન કરવાં. આ શરતે પારસીઓ સંજાણમાં રહ્યા અને ત્યાં આતસબે-

---

૧. ઇરાનના અગ્નિકોણના ભાગને પાર્સ અથવા ફાર્સ કહેતા અને ત્યાંના વતની એ ઉપરથી પારસી કહેવાયા.

૨. પારસીઓ હિંદુસ્તાનમાં આવી વસ્યા તે પેહેલાં હિંદુસ્તાન અને ઇરાન વચે ઘણો ગાઢો સંબંધ હતો એવું તવારીખ ઉપરથી માલમ પડેછે. ઈ. સ. પૂ. ૫૧૦ માં ઇરાનના રાજા ડરાયસે ચઢાઇ કરી પંજાબ સર કર્યું હતું. ઈ. સ. ૪૩૬ માં ઇરાનનો બેહેરામઘોર હિંદુસ્તાનમાં આવ્યો હતો અને તે એક હિંદુ રાજાની છોકરી વેરે પરણ્યો હતો. કેહવાયછે કે તેણે ભરૂચ પાસેનું ગંધાર શેહેર બાંધ્યું હતું. સાતમી સદીમાં ઘણા ઇરાનીઓ પશ્ચિમ હિંદુસ્તાનમાં આવ્યા હતા અને વીલફોર્ડના કેહેવાપ્રમાણે આ ઇરાનીઓમાંના એકે ઉદેપુરની ગાદી સ્થાપી. પુણાના કોકણસ્થ બ્રાહ્મણો અસલ ઇરાની હતા એવો વીલફોર્ડનો મત છે.

હરામ બાંધ્યો. કેહવાય છે કે પારસીઓ સને ૭૭૫ માં સંજાણ આવેલા અને સંજાણથી કેટલાએક ઉત્તરમાં નવસારી, વરીઆવ, ભરૂચ, અંકલેશ્વર, વાંકાનેર અને ખંભાત અને દક્ષિણમાં થાણા અને ચેઉલમાં જઇ વસ્યા. તેરમી સદીની આખરે અને ચૌદમી સદીની શરૂઆતમાં અલ્લાઉદીન ખીલજીનો સરદાર અલફ્ખાન ગૂજરાતઉપર ચઢી આવ્યો. સંજાણનો રજપૂત રાણો અલફ્ખાનની સામે થયો અને તેની કુમકે ૧૪૦૦ પારસીઓ ઘોડે બેસી ચઢી આવ્યા. આ પારસીઓનો સરદાર અરદેશર હતો. મુસલમાન અને પારસી વચ્ચે લઢાઇ ચાલી; પેહેલે દહાડે તો મુસલમાન હારી નાસી ગયા; બીજે દહાડે તેઓ પાછા આવ્યા અને પાછી લડત ચાલી. અરદેશર લઢાઇમાં કપાઇ મુવો તેથી સને ૧૩૦૫માં પારસી મોબેદો આતસ લઇ સંજાણ છોડી પૂર્વતરફ આઠ મૈલ દૂર ભરત ડુંગરમાં ભરાઇ બેઠા. આ જગોએ બાર વરસ રહી વાંસદે ગયા, અને વાંસદે ચૌદ વરસ રહી નવસારી ગયા. દીન પર દીન સંજાણના પારસીઓ ધર્મભૃષ્ટ થવા માંડયા; આચાર વિચાર છોડી દીધો, સદરા કસ્તી કાઢી નાંખ્યા; પોતે કોણ, કયા ધર્મના, ક્યાંથી આવ્યા એ પણ ભુલી ગયા. ઘણાઓ હિંદુના આચાર વિચાર પાળતા થયા અને મુસલમાની નવાઇત પંથમાં ભળી ગયા. પંદરમી સદીની શરૂઆતમાં ઇરાનથી કેટલાએક નવા પારસીઓ ગૂજરાતમાં આવ્યા; તેઓએ બોધ કરી ગૂજરાતના પારસીઓને સન્તમાર્ગે આણ્યા એટલુંજ નહિ પણ થોડાએક હિંદુઓને બોધ કરી પોતાના ધર્મમાં દાખલ કર્યા. સને ૧૫૭૮માં ઝરતોસ્તધર્મના સિદ્ધાંત અને તેના આચારવિચાર સમજવાને અકબર બાદશાહે નવસારીના મોબેદોને બોલાવ્યા હતા. મોબેદોએ બાદશાહને બધું સમજાવ્યું અને તે ઉપરથી બાદશાહે સદરો અને કસ્તી પેહેરવા માંડયાં અને આતસ અહોનિશ ચેતતો રેહેછે કે નહિ તેની દેખરેખ રાખવા અબુલફઝલને ફરમાવ્યું. બાદશાહે ખુશ થઇ મોબેદોને નવસારી પાસે બેલ કરી ગામની જાગીર આપી. સતરમી સદીની આખરે અને અઢારમી સદીની શરૂઆતમાં પારસીઓમાં માંહોમાંહે ભારે કુસંપ ચાલ્યો. નવસારીના મોબેદો અને સંજાણના મોબેદો જે નવસારીમાં આવી રહ્યા હતા તેઓની વચ્ચે ભારે તકરાર ચાલી. એ તકરાર વધી પડી અને સને ૧૬૮૬માં તેઓ વચ્ચે ભારે મારામારી થઇ તેમાં કેટલાએક માણસો મરી ગયાં. સંજાણના પારસીઓનું ચાલ્લું નહિ તે ઉપરથી તેઓ ૧૭૩૩માં સૂરત ગયા અને પછી આતસબેહરામ લઇ વલસાડ ગયા અને આખરે ૧૭૪૨માં ઉદવાડે જઇ રહ્યા અને સંજાણનો જે અસલ આતસ તે અહીં આ રાખ્યો. આજ અરસામાં વળી બીજી પણ ધર્મસંબંધી તકરાર ચાલી. સને ૧૭૩૬માં ઇરાનથી એક જમશેદ નામનો શખ્સ આવ્યો તેણે ગૂજરાતના પારસીઓની વરસની ગણતરીમાં એક મહિનાની ભૂલ કાઢી. કેટલીએક તકરાર ચાલ્યાપછી સને ૧૭૪૫માં પારસીઓમાં શેહનશાહી અને કદમી એ નામના બે વિભાગ પડયા. ઇરાનમાં ચાલતી ગણતરી માન્ય રાખી જેઓએ ફેરફાર કર્યો એટલે જમશેદનો મત સ્વિકાર્યો તે કદમી અને જેઓએ ચાલુ વહિ-

વટ કાયમ રાખ્યો તે શેહનશાહી કેહેવાયા. સને ૧૭૬૮માં સુરતના કદમી પારસીઓએ ભરૂચના મોબેદ કાઉસ અને તેના છોકરા પેસ્તનને ઇરાન મોકલ્યા. કાઉસ અને પેસ્તને ઇરાનમાં બાર વરસ રહી ઝરતોસ્ત ધર્મસંબંધી ઘણું જ્ઞાન મેળવ્યું. કાઉસ ઇરાનથી સને ૧૭૮૩ માં પાછો આવ્યો અને મુંબાઇમાં કદમી પારસીઓનું આતસબેહેરામ બાંધ્યું જે મુંબાઇનું જૂનામાં જૂનું આતસ બેહેરામછે. કદમીઓએ કાઉસને પોતાનો દસ્તુર માન્યો. કાઉસ પછી તેનો દીકરો પેસ્તન જે મુલ્લાં ફીરોઝને નામે ઓળખાયછે તે ૧૮૦૨માં દસ્તુર થયો. હાલમાં પણ કદમીઓનો દસ્તુર એજ ઘરમાંથી થાયછે. સને ૧૭૮૩માં ભરૂચમાં શેહનશાહી અને કદમી પારસીઓ વચ્ચે ભારે તકરાર ચાલી અને તેમાં એક કદમી ઓરતનો જાન ગયો. હાલમાં એ બે મતવાળાઓ માહોમાંહે લગન કરેછે, પણ આગળ કરતાં નહિ. ગુજરાતમાં સને ૧૭૯૦માં ભારે દુકાળ પડયો ત્યારે ઘણા પારસીઓ ગુજરાત છોડી મુંબાઇ ગયા; સૂરતનો વેપાર પડી ભાંગ્યો તેથી તથા સને ૧૮૩૭માં સૂરતમાં મોટી આગ લાગી તેથી સૂરતના ઘણા પારસીઓ ધીમેધીમે મુંબાઇ જઇ વસ્યા. સને ૧૮૫૭માં ભરૂચમાં પારસી અને મુસલમાન વચ્ચે ઘણી મારામારી ચાલી હતી. એક બેજનજી નામના શખ્સે મુસલમાની મસજીદ અભડાવી તે ઉપરથી મુસલમાનો ઘણા ઉશ્કેરાયા અને હુલ્લડ કીધું. તારીખ ૧૫મી મેને દહાડે બસેં મુસલમાન વહોરા શેહેર બહાર બાવારાહાન આગળ એકઠા થઇ શેહેરમાં આવી પારસીવાડામાં ભારે તોફાન મચાવી મુક્યું. પારસીઓ ઘરમાં ભરાઇ ગયા. મુસલમાનોએ બેજનજીને પકડી કાઢયો અને મરત માર માર્યો. બેજનજી મરી ગયો અને તેની લાશને મુસલમાનોએ મહોલ્લે મહોલ્લે ફેરવી. લશ્કરના માણસો આવી પહોંચ્યા તેથી લાશને રજળતી નાંખી, આતસ બેહેરામમાં ભરાઇ મુસલમાનોએ એક મોબેદને મારી નાંખ્યો. વડોદરેથી લશ્કરી માણસ આવ્યું અને સલાહ શાંતિ થઇ. હુલ્લડ કરનારાઓને ફોજદારી કામ ચાલી યોગ્ય સજા થઇ અને બે ફાંસીએ ગયા.

પારસીઓ ઘણી જાતનો ધંધો કરેછે. ગામડાંમાં કેટલાએક ખેતી કરેછે; શેહેર અને ગામડાનાં દારૂ તાડીના ઇજારા રાખેછે; સુથારી કામમાં ગાડી, શીગરામ તથા વહાણ બાંધવાનાં કામમાં પ્રસિદ્ધ છે. સુરતમાં કેટલાક સુખડની પેટીઓ બનાવેછે; તેઓ રૂનો વેપાર કરે છે; મીલ તથા ગીરણીના વહિવટદાર ઇમ્મા માલીક છે; કેટલા એક ડાકતર તરીકે ઘણા પ્રસિદ્ધ થયા છે; અને કેટલાએક સરકારી તથા રજવાડાની નોકરીમાં સારે ઓદ્ધે પહોંચ્યા છે. ઘડીઆલી ઘણુંકરીને પારસીજ હોયછે. કપડાં વણવાનો તથા વેચવાનો ધંધો ઓછો થતો જાય છે, તેમજ ખેતીનો. કાટપીટીઆ, મેવો વેચનાર, ગાંધી, આ ધંધા કરનાર પણ ઘણાછે. બૈરાં કપડાં વણવાના કામમાં મદદ કરેછે; ઘરમાં બેસી કસ્તી વેચવાસારૂ તૈયાર કરેછે; ઘરનું કામ કરવું શરમ ભરેલું ગણતાં નથી. પણ જેમ જેમ મુંબાઇના પારસીઓના સહવાસમાં આવતા જાયછે તેમ તેમ કામકાજ કરવાનું ઓછું કરતાં જાયછે.

પારસીઓ ગૌરવર્ણા અને મજબૂત બાંધાના હોયછે. કેટલાએક મરદો દાઢી રાખેછે; કેટલાએક બધું માથું મુંડાવેછે; પણ બેઉ લમણા આગળ ગુચ્છા તો બધાને હોયછે. માથું તથા પગ ઉઘાડાં રાખવાં નઠારૂં ગણે છે એટલે મરદો ઘરમાં પણ માથે તાલકા ટોપી અને પગમાં જોડા અથવા સપાટ પેહેરી રાખેછે. વળી તેઓ ઘરમાં લેંઘો પેહેરી તે ઉપર સદરો અને કમરે કસ્તી પેહેરી રાખેછે. સદરાઉપર કેટલાએક બદન પણ પેહેરેછે. બહાર જાય ત્યારે સફેત સુતરાઉ લેંઘો અથવા લાલ રેશમી ઇજાર, બંદરી ઓખાં અને અંગરખું અથવા ડગલો પેહેરેછે. દસ્તુરો ઘણું કરીને સર્વસ્વ ધોળું કપડું પેહેરેછે. પાઘડી પણ ધોળી હોયછે. બૈરાંઓ ઘરમાં સફેત સુતરાઉ અથવા રાતી રેશમી ઇજાર પેહેરેછે, અને તે ઉપર સદરો પેહેરી રાખેછે. સદરાઉપર કસ્તી તથા બદન પેહેરેછે. માથે સફેત કકડો બાંધી રાખેછે અને સપાટ પેહેરી ઘરમાં ફરે હરે છે. બહાર જાય ત્યારે રંગ બેરંગી ચીનાઇ સાડી હિંદુનાં બૈરાંની રીતે પેહેરેછે. ગામડાંના પારસીઓ કેટલેક ઠેકાણે લાલ રંગની પાઘડી પેહેરેછે. મરદો ફક્ત હાથે વીંટી પેહેરેછે. બૈરાંઓ હાથે બંગડી અને મળે તો કાને એરીંગ અને ડોકે વળી કાંઇ દાગીનો પેહેરેછે. વિધવા સ્ત્રીઓ કાચને બદલે સોનાં રૂપાની બંગડી પેહેરેછે. ખોરાકમાં અનાજ, તરકારી, બકરા ઘેટાનું ઘોશ, મરઘી, ઇંડા, માછલી, શક્તિપ્રમાણે ખાયછે. ચાહ ઘણો ભાગ પીએછે. તંબાકુ ખાયછે, તપખીર સુંઘેછે પણ બીડી કે ચલમ પીતા નથી. પાનસોપારી ખાવાનો ચાલ ઘણો થોડો છે.

પારસીઓ ચાલાક, બુદ્ધિશાળી, સહાસિક, સંપીલા, ઉદાર, ખુશમીજાજી, છે. પારસીમાં કોઈ ભીખારી નજરે પડતા નથી. કારણ કે ધર્મના ફંડોમાંથી ગરીબોને મદદ મળેછે.

જાદી રાણાને વચન આપેલું તે પ્રમાણે ચાલેલાના દાખલા પારસીઓની રીતરીવાજમાં ઘણા છે. પ્રથમ ગર્ભ રહ્યાપછી સાતમે મહીને સ્ત્રીનું અઘરણી કરવામાં આવેછે. અઘરણી રવિ અથવા ગુરૂવારેજ થાયછે. દોસ્તદાર ભાઇબંધોને જમાડે છે અને સ્ત્રીને પોતાના પીહેરીઆં અને સાસરીઆં તરફથી કાંઈ મળેછે. સુવાવડ સુવા સ્ત્રી પોતાના બાપને ત્યાં જાયછે. પાંચમે વાસે વિધાત્રા છોકરાંનું નસીબ લખેછે એવું પારસીઓ પણ માનેછે. સુવાવડી સ્ત્રીના ખાટલા આગળ એ દાહાડે ખડીઓ, કલમ તથા કાગળ મુકેછે. સુવાવડની અભડછેટ પારસીઓ વિશેષ પાળે છે. ચાલીશવાસાસુધી સ્ત્રી ઘરમાં કશાને અડકતી નથી તથા ફરહર કરતી નથી. ચાળીશમે વાસે તે નાહી પવિત્ર થાયછે. જે સદરો અને કસ્તી પેહેર્યાં હોયછે તે જમીનમાં દાટી દેછે અને તળાઇ ગોદડાં વગેરે જે અભડાયાં હોય તે ભંગીને આપી દેવામાં આવેછે. છોકરાંના જન્મનો કલાક નોંધી રાખેછે અને પાંચમે વાસે અથવા કોઇ બીજે દહાડે પારસી મોબેદ અથવા હિંદુ જોશીને બોલાવી છોકરાંનું નામ રાશી ઉપરથી પડાવેછે. છોકરાંના જન્માક્ષર તથા કુંડલી કરાવી ઘણા સાચવીને રાખે છે. ત્રીજે કે પાંચમે મહીને સ્ત્રી પોતાને સાસરે જાયછે ત્યારે બાપના તરફથી તેને ઘોડીઉ પારણું તથા રમકડાં આપવામાં આવેછે. સાતથી નવ વરસની

ઉમરે સદરા કસ્તીની એટલે નવઝોતની વિધી થાયછે. આ વિધી થઇ એટલે તે ઝરતોસ્ત ધર્મમાં દાખલ થાયછે. નક્કી કરે લે દહાડે સવારે દોસ્તદાર, ભાઇબંધોને બોલાવેછે, ઘરમાં સઘળું ઠીકઠાક કરેછે અને ઘરનાં માણસો સારાં કપડાં પેહેરેછે. સવારે સાત કલાકે જેની વિધી કરવાની હોય તેને એક પથરની સલ્લાઉપર બેસાડેછે, દાડેમડીનાં પાત્રાં તેની પાસે ચવાડે છે, ગાયનાં મુતરના ત્રણ ઘુંટડા તેને પાયછે અને તેના શરીરઉપર ગાયનું મુતર ચોળી તેને નવડાવેછે. પછી તેને સારાં કપડાં પેહેરાવી એક ઊંચી જગ્યાએ બેસાડી મોબેદો ભણતા જઇ તેને પ્રથમ સદરો અને પછી કસ્તી પેહેરાવેછે. આપછી મોબેદો તેનાઉપર દાડેમના દાણા, કોપરાંના કકડા અને ચોખા છાંટેછે. ગામડાંમાં તો પારસીઓમાં લગન હિંદુની માફક નાની ઉમરે થાય છે. લગન કરતાં પેહેલાં વર કન્યાના જન્માક્ષર મેળવવામાં આવેછે. ગૃહ મળ્યા હોય તો પછી વેશવાળ થાયછે. છોકરાવાળાં છોકરીને સારૂ લુગડાં, માછલી અને દહીં લઇ જાય એટલે વેશવાળ થયો ગણાયછે. આ લુગડાં દીવાસમક્ષ છોકરીને આપેછે. પછી છોકરીવાળા છોકરાને લુગડાં વીંટીવગેરે આપેછે. વેશવાળ ફોક થતા નથી. લગનનું મૂહૂર્ત જોશી જોઇ આપેછે. લગન વખતે કેટલાએક મંડપમૂહૂર્તની વિધી કરેછે. લગનની ત્રીજી વરષે ઘરને આંગણે એક ખાડો ખોદી તેમાં સોનારૂપાંની કકડી નાંખી માંહે આંબાંની એક ડાખળી બેસેછે. આ દહાડે છોકરીને લુગડાં વગેરે વરવાળા મોકલે છે. આની સાથે એક રાળ (શીકો) પણ મોકલવામાં આવેછે. જે તે પોતાના ડોકમાંથી લગન પુરાં થયાં પેહેલાં કાઢતી નથી. સમીસાંજે વર કન્યાને પોતપોતાને ઘર આંગણે પાટલાઉપર બેસાડી બૈરાંઓ નવાડેછે. નાહ્યાપછી પાટલાસાથે ઉંચકી તેને ઘરમાં લાવેછે અને ત્યાં ગીત ગાતાં જઇ તેને પીઠ ચોળેછે. પછી તેનાઉપર કપડું ઓરાઢી તેને ઉંચકી લઇ જાયછે અને આંગણે જે આંબાંની ડાખળી રોપી હોયછે તેની આસપાસ ત્રણવાર ફેરવી ઘરમાં લઇ જાયછે. વર કન્યાં જો મોટી ઉમરનાં હોય તો તેને ઉંચકી લઇ જવાને બદલે તેની પાઘડી અથવા સાડી પાટલાઉપર મુકી તે ડાખળીની આસ પાસ ફેરવવામાં આવેછે. બીજે દહાડે સવારે પણ આજ પ્રમાણે કરવામાં આવેછે. લગનને આગલે દહાડે પીતરોને તૃપ્ત કરી તેમની દુવા માંગેછે. લગનને દહાડે સવારે વર કન્યાને ત્યાં બૈરાંઓ એકઠાં મળી ગીત ગાયછે. નવઝોતના જેવીજ સદરા કસ્તીની વિધી વરકન્યા કરેછે. સમીસાંજે સગાંવહાલાં જામા દુપટ્ટા પેહેરી વરવાળાને ત્યાં આવેછે અને ઘર આગળ પાટલી મુકી હોય અથવા સાદડી પાથરી હોય તે ઉપર બેસેછે. સાજનીઆ એકઠા થઇ રેહેતાં પેહેલાં એક વિધી કરવામાં આવેછે. એને સોપારા કેહેછે. કન્યાઓ તરફનાં બૈરાંઓ વરને સારૂં લુગડાં વગેરેનો એક ખુમચો આણેછે. બીજા ખુમચામાં પાણીની ભરેલી ત્રણ તાંબડીઓ મુકી છેલીના મોંહઉપર નાળીએર મુકી આણેછે. ઉમરા આગળ વરની મા આવી એક થાળીમાં પાણી ભરી તેમાં ચોખા નાખી જેના હાથમાં એ ખુમચાઓ હોયછે તેનાઉપર ધરી તેમાનું પાણી તેના પગ આગળ ઢોળી નાંખી એક બેડું અથવા નાળીએર ફોડેછે. આપછી તેઓ ઘરમાં આવેછે. પેહેલી તાંબડીમાં વરપાસે

પોતાની આંગળી બોળાવેછે અને તે રૂપીઆ નાંખેછે. આ રૂપીઆ કન્યાની બેનને મળેછે. રીતની આપલે થયાપછી કન્યા તરફનાં બૈરાં પોતાને ઘેર જાયછે. બંદરી પાઘડી તથા જામો દુપટ્ટો પેહેરી, ડાબા હાથઉપર સાલ રાખી, ડોકમાં ફુલનો હાર ઘાલી, કપાળે ચાંલ્લો કરાવી અને જમણા હાથમાં નાળીએર ઝાલી, વરરાજા સાજનીઆં અને વાજાંસાથે કન્યાને ત્યાં પરણવા જાયછે. આની પાછળ બૈરાં જાયછે, અને જે વરમા હોયછે તેના હાથમાં ખુમચો હોયછે. આમાં કન્યાને સારૂ લુગડાં તથા જરજેવર હોયછે. જે જે ઠેકાણે વરઘોડાને વળવું પડેછે તેતે ઠેકાણે વરરાજાની અલાબલા ઉતારવાસારૂ તેના માથાઉપર નાળીએર ફેરવી ફોડી નાંખવામાં આવેછે. કન્યાના ઘરના ઉમરા આગળ વર જઇ ચઢયો એટલે ઘરમાંથી એક ઓરત આવેછે અને કોપરબરાસની થાળીમાં ચોખા અને પાણી ઘાલી તેની આરતી ઉતારેછે. આ પાણી અને ચોખા ઉમરા આગળ ઢોળી નાંખેછે, નાળીએર અથવા બેદું ફોડેછે અને પોતાનો જમણો પગ પેહેલો મુકી વર ઘરમાં જાયછે. વરનો બાપ કન્યાને લુગડાં અને જેવર પેહેરાવેછે. પછી વર કન્યા ખુરસીઉપર એક બીજાની સામું બેસેછે. તેઓના જમણા હાથ એક સુતરાઉ નાડાંથી સાંગળેછે અને અંતરપટ રાખેછે. એક મોબેદ કન્યાની પાસે અને બીજો વરની પાસે બેસેછે. વરકન્યાની ખુરસીની આસપાસ એક અમળાવેળું નાડું સાતવાર લપેટેછે. આ પછી લોબાનનો ધુપ થાય છે અને એકદમ વરકન્યા એકએક ઉપર ચોખા નાંખેછે. જેણે પેહેલા ચોખા નાંખ્યા હોય તેનું મોટપણે ઘરમાં ચાલશે એમ માનેછે. ત્યારપછી તેઓની ખુરસી જોડાજોડ મુકવામાં આવેછે, અને બે મોબેદો પાસે ઉભા રેહેછે. આ મોબેદોની આગળ ચોખાની ભરેલી રીકાબી ઝાલી બીજા બે ઉભા રેહેછે. મોબેદો ઝન્દ અને સંસ્કૃતમાં આશીરવાદ ભણતા જઇ તેના માથાઉપર ચોખા વધાવેછે. વરકન્યાએ એક બીજાને પસંદ કરી લગ્ન કર્યા છે કે કેમ એવું મોબેદ તેઓને ફારસીમાં પુછે. આનો જવાબ તેઓ ફારસીમાં દેછે. નાના હોય તો તેઓની તરફથી તેની મા જવાબ દેછે. આ પછી કન્યાની બેહેન વરના પગ દુધે ધોવાને બહાને જઇ તેની સપાટ સંતાડેછે અને તેને રૂપીઆ આપવો પડેછે. પછી વરકન્યા એક બીજાને દહીં કુમલો ખવડાવેછે, અને પછી એકીબેકી રમેછે. પછી વર અને તેના સગાવહાલાં પોતાને ઘેર જાયછે, અને મધરાતે પાછો સાસરે જઇ કન્યાને તેડી વર પાછો પોતાને ઘેર આવેછે. કન્યાના બાપ કન્યાને સાસરવાસો આપી વીદાય કરેછે. સાસરવાસામાં, ખાટલો, તળાઇ, રાંધવાનાં વાસણ અને લુગડાં હોયછે. લગન થઇ રહ્યાપછી આઠમે દહાડે કન્યા પોતાના બાપને ત્યાં જાયછે અને તેજ દહાડે સાંજરે પાછી સાસરે જાયછે. તે વખતે ઘઉંનું ભરેલું એક વાસણ કન્યાનો બાપ આપેછે. જેવી જેની શક્તિ તે મુજબ લગનમાં દોસ્તદાર ભાઇબંધોને જમાડવામાં આવેછે. ગરીબ હોય તો લગનને દહાડે અને શ્રીમંત હોય તો ચાર દહાડા જમાડેછે. એક ઉપર બીજી બૈરી કરવાનો ચાલ નથી. નાતરાંનો ચાલછે.

કોઈ માણસ મરી ગયું કે તેના શબને નવડાવી નીચે ઉતારે છે. તેને કપડાં પેહેરાવે છે અને તેના આખા શરીરઉપર ધોળાં કપડાં વીંટાળે છે, અને પરસાળના એક ખુણાઉપર લાંબો છટ અથવા પગવાળી ઉત્તરતું માથું કરાવી સુવાડે છે. જમીનજો લાકડાંની હોય તો શબને પથરની સલ્યાઉપર સુવાડે છે. મુડદાંની આસપાસની જગ્યા આંતરી લે છે અને માથા આગળ ઘીનો દીવો બાળે છે. મોબેદો ભણે છે અને ત્યાં સુકડ તથા લોબાનનો ધૂપ કરે છે. મુડદું દખમામાં રાત્રે લઇ જવામાં આવતું નથી. નસેસાલાર મુડદું ઊંચકી લઇ જાય છે. જ્યાં નસેસાલાર હોતા નથી ત્યાં પારસીઓ પોતે ઊંચકી લઇ જાય છે. દખમું ઘણું આઘું હોય તો શબને ગાડાંમાં ઘાલી લઇ જાય છે. આ ગાડું ભાંગી નાંખી દખમા આગળ દાટવામાં આવે છે. બૈરાંઓ શબથી જરા દૂર બેસી રહે છે. મોબેદો ઊમરાઉપર ઉભા રહી ભણ્યા કરે છે. શબને એક લોઢાંની ખાટલી ઉપર સુવાડે છે, અને તેના ઉપર એક સફેત ચાદર વીંટાળે છે. ઘરમાં એક કુતરૂં આણી તેને શબનું મોંહ બતાવે છે. મોબેદો ભણી રહ્યા એટલે તેઓ ઉમરા આગળ-થી ખશી જાય છે. પછી મરદો ઉમરા આગળ આવી શબને સલામ કરે છે. આ પછી બે જણ ખાટલી ઉઠાવી શબને ઘરની બહાર કાઢે છે અને ચાર ઊંચકનારાઓને આપે છે. આ બધાં ધોળાં લુગડાં પેહેરે છે. શબને બહાર કાઢ્યું એટલે બહાર બેઠેલા લોકો ઊભા થાય છે અને તેને નમે છે. શબનું માથું પાછળ અને પગ આગળ રાખવામાં આવે છે. શબની પાછળ દસ્તુરો અને તેની પાછળ બીજા બબેનાં જોડકાં બંધાઇ, અને રૂમાલનો અ-કેકો છેડો પકડી ચાલે છે. દખમાંના બારણા આગળ શબને ઊતારે છે અને બધા લોકો તેને છેલ્લી સલામ કરે છે. પછી શબને અંદર લઇ જઇ લુગડાં કાઢી નાંખી દખમાંના ગોખમાં મુકી આવે છે. ડાઘુઓ પછી હાથમાં ગાયનું મુતર લઇ બંદગી કરે છે, અને હાથ પગ ધોઇ નાંખી કસ્તી કરે છે. પછી સૌ સૌ પોતપોતાને ઘેર જાય છે; પણ હાથ પગ ધોઇ કસ્તી કર્યાવગર ઘરમાં જતા નથી. ઘરમાં જઇ પાધરા નાહી નાંખે છે અને પેહેરેલાં કપડાં ધોઇ નાંખે છે. નાહયાવગર કોઇને અડકતા નથી. મરદો ત્રણ દહાડા અને બૈરાંઓ દશ દહાડાસુધી મરનારને ઘેર જાય છે. ત્રીજે દહાડે ઊઠમણું થાય છે. મરદો સાંજના ત્રણ વાગતાથી એકઠા થઇ બહાર પાટલીઊપર બેસે છે, અને બંદગી કરે છે. જે ઠેકાણે શબને સુવાડ્યું હોય તેની આગળ મોબેદો ફુલની રીકાબી ભરી મુકે છે, અને ત્યાં ભણે છે. ભણી રહયાપછી આ રીકાબીમાંનાં ફુલ લોકોને આપી તેઓને વદાય કરે છે. બીજે દહાડે મળસ્કે લુગડાં અને વાસણો આતસબેહેરામમાં મોકલે છે. માણસ મરી ગયાપછી ત્રણ દહાડાસુધી ઘરમાં રંધાતું નથી, અને સગાંવહાલાં ધોસ ખાતાં નથી. ચોથે દહાડે મોબેદોને અને સગાંવહા-લાંને જમાડવામાં આવે છે. દસા, તેરમાં, માસીસા, વરસી, અને સમચરીને દહાડે પણ ક્રિયા કરવામાં આવે છે. હિંદુઓમાં જેવાં સરાધીઆં તેવાં પારસીઓમાં ડોસલાં હોય છે.

આ ડોસલાં અરાઢ દહાડાસુધી પહોંચેછે. ઘરના એક સ્વચ્છ ઓરડામાં એક ઊંચી જગ્યા કરી ત્યાં ત્રાંબાંના કે રૂપાનાં કે માટીનાં વાસણ પાણી એ ભરી મુકે છે અને તેનાઊપર ફુલ ચઢાવે છે. અરાઢ દહાડામાં ચાર વખત પાણી કાઢી નવું પાણી ભરે છે. દહાડામાં બે ત્રણ વાર ત્યાં બંદગી કરે છે.

પારસીઓ ઝરતોસ્ત ધર્મ પાળે છે. એક ઇશ્વરને માને છે. તેને તે ઓરમઝદ કેહે છે. તે આખી સૃષ્ટિ બનાવનાર, સુખ આપનાર છે અને બંદગી વગેરે સાંભળે છે. જેવો ઓરમઝદ સુખ આપનાર તેવો હીરેમન અથવા સેતાન દુખ ઊપજાવનાર છે. અને જે જે દુખ માણસઊપર આવી પડે છે તે સેતાનની કરણી છે. માણસમાં આત્મા હોય છે અને તે અમર છે. માણસની જેવી કરણી તેવી મોત પછી આત્માની ગતિ થાય છે; એટલેજો કરણી સારી હોય તો આત્મા બેહેસ્તમાં જાય છે, અને કરણી ખરાબ હોય તો તે દોઝકમાં પડે છે. મોતની ક્રિયા કરવાથી આત્માની સદ્ગતિ થાય છે. ઇશ્વરનો હુકમ અમલમાં લાવનારા, અને આતસ, પાણી અને પૃથ્વીઊપર દેખરેખ રાખનારા ફીરસ્તા હોય છે. પારસીઓ, આતસ, પાણી, સુરજ, ચંદ્ર, તારાને પૂજે છે. ઝરતોસ્તને તેઓ પેગંબર અને પોતાના ધર્મને ઇશ્વરદત્ત માનેછે. દુનીઆમાં જ્યારે પાપ ઘણું વધશે ત્યારે ઝરતોસ્તનો છોકરો સોશીઓસ પ્રગટ થશે, પાપનું નિવારણ કરશે અને ઝરતોસ્ત ધર્મ સર્વોપરી કરશે. પોતાના ધર્મને પારસીઓ મઝદીઅશની દીન કહે છે. ઝરતોસ્ત ધર્મના ત્રણ મોટા નિયમો ત્રણ શબ્દોમાં કહેવામાં આવે છે અને આ ત્રણ નિયમો પાળવાથી બેહસ્ત મળે છે. આ ત્રણ શબ્દો આછેઃ હુમતા, હુકતા અને હવ્રસ્ત છે, એટલે સ્વચ્છ મન, સ્વચ્છ વાણી અને સ્વચ્છ કરણી.

પારસીઓવળી બીજા કેટલાક નિયમો પાળે છે. પારસીએ માથું તથા પગ ઊઘાડા રાખવા નહિં; સદરા કસ્તી વગર ફરવું નહિ; તંબાકુ વગેરે પીવો નહિ; મોમાં હાથ ઘાલ્યો હોય તો તે ધોઇ નાંખવો; બેત્રણ જણ એક ભાણે ખાવા બેઠા હોય તો ખાતાં ખાતાં આંગળાં મોંહમાં ઘાલવાં નહિં, પણ ઉંચેથી મોંહમાં કોળીઓ નાંખવો; ડુચીને પાણી પીવું નહિ, એમ કરતાંજો પીધું હોય તો કળસીઆની કોર ધોઇ નાંખવી; ખાતાં ખાતાં ઇશ્વરની બંદગી કરવી અને મુગા મુગા ખાવું; હજામત કરાવી હોય તો નાહયાવગર કોઇને અકડવું નહિ. આ નિયમો આજકાલ બધા પુરીરીતે પાળતા નથી. પારસીઓ જાદુમંતર તથા મુઠ ચોટ માને છે. બૈરાંઓ દોરા ચીઠી કરાવે છે, અને જોશીઓઉપર ઘણી આસ્થા રાખે છે. વરસમાં છ મોટા ગંભાર થાય છે, દરેક પાંચ પાંચ દહાડા પોંહચે છે. ગંભારમાં લોકો જમે છે અને તેમાં ગરીબ તવંગરનો ભેદ રહેતો નથી. ધર્મસબંધી સઘળી ક્રિયા મોબેદો પાસે કરાવવામાં આવે છે. ગામડાંમાં મોબેદો માંહામાંહેજ પરણે છે. મોબેદનો ધંધો પેહેડીધરપેહેડીનો છે. મોબેદો હજામત કરાવતા

નથી અને જોડા શિવાય તમામ પેહેરવેશ ધોળો પેહેરે છે. પોતાના યજમાન પાસેથી જે તેઓને મળે છે તે ઉપર તેઓ પોતાનો ગુજારો કરે છે.

વિશ્વાસીઓ.

ગૂજરાત તથા કાઠિયાવાડમાં બોધ આપી વિશ્વાસી ધર્મમાં આણવાસારૂ 'આયરિશ પ્રેસબી- ટેરીઅન મીશન' ના પાદરીઓએ અમદાવાદ, ખેડા, સૂરત તથા રાજકોટમાં પોતાનાં કામ ચાલ્યાં છે. એ મીશનના ગૂજરાત તથા કાઠિયાવાડમાં વિશ્વાસીઓ બધા મળી આશરે ૨૪૦૦ છે. વિશ્વાસીઓ ઘણાખરા અમદાવાદ, ખેડા અને સૂરત જીલ્લામાં તથા કાઠિયાવાડમાં છે. અમદાવાદ જીલ્લાના વિશ્વાસીઓ ઘણાખરા અમદાવાદપાસે શાહાવાડી અને ઘોઘાપાસે વૉલેસપુર એ બે ગામો વસાવી રહ્યા છે. અમદાવાદ શહેરમાં પાદરીઓએ પ્રથમ બોધ ૧૮૬૧ માં આપવા માંડયો. ૧૮૭૮ માં પદરીઓની અમદાવાદ શહેરમાં ૫ શાળાઓ હતી, ૨ છોકરાની, ૨ છોકરીની, તથા ૧ અંગ્રેજી. વિશ્વાસીઓમાં ઘણા શાહાવાડી ગામમાં ખેતી કરી ગુજારો કરે છે. ઘોઘાની નજીક પાદરીઓએ પ્રથમ ૧૮૪૪ માં બોધ કરવા માંડયો. અહીં એઓનું ઝાઝું ફાવ્યું નહિ, પણ ૧૮૭૧ માં ખેડા જીલ્લામાંથી થોડાક વિશ્વાસીઓ આવી ઘોઘાથી ૧૧ મૈલ દૂર વૉલેસપુર ગામ વસાવી રહ્યા. એઓ પ્રથમ વણકર હતા ને હવે ખેતીનો ધંધો કરે છે. ઘોઘાના પાદરીઓએ ઘોઘાની આસપાસ ૭ શાળાઓ સ્થાપિ છે, ૫ છોકરાની અને ૨ છોકરીની. ખેડા જીલ્લામાં ૧૮૪૭ માં પ્રથમ વિશ્વાસીઓએ બોરસદ તાલુકામાં ખ્રાસીવાડી નામનું ગામ વસાવ્યું. શરૂઆતમાં થોડાક બ્રાહ્મણ, વાણિયા, પાટીદાર, કણબી, ભાવસાર, કોળી તથા તળાવીઆ વિશ્વાસી થયા હતા, પણ ઘણા નીચ ઢેડ જાતિના છે. એઓ વણકર કે ખેતીનો ધંધો કરે છે. સૂરતમાં આસરે ચાલીસ વરસ ઊપર પાદરીઓએ કામ શરૂ કરયું. સૂર- તમાં મીશન તરફની એક મોટી અંગ્રેજી શાળા છે. કાઠિયાવાડમાં પ્રથમ ૧૮૪૧ માં પાદરીઓ રાજકોટમાં આવ્યા ને ૧૮૪૩ માં કેટલાક પોરબંદરમાં ગયા. ૧૮૪૩ ના અક્ટોબરમાં પોર- બંદરમાં એક સારી સ્થિતિનો મુસલમાન વિશ્વાસી થવાથી ત્યાં લોકો એટલા તો ઉસ્કેરાયા કે પાદ- રીઓને પોરબંદર છોડવું પડયું. કાઠિયાવાડમાં સરકારી નિશાળો મોડી નિકળી, એટલે રાજકોટની નજીકમાં નિશાળો વગેરે કાઢી કેળવણીનું કામ પ્રથમ પાદરીઓએ ઉપાડયું હતું. પણ રાજકોટ નજીક વિશ્વાસીઓ થોડા થયા છે.

ગામનોકર.

ગામનોકર બે પ્રકારના હોય છે; સરકાર ઊપયોગી અને લોક ઊપયોગી. સરકાર ઊપયોગી નોકરો ઘણુંકરી દરેક ગામમાં નીચેની વિગત પ્રમાણેના હોય છે, અને તેઓને સરકાર નોકરી કરવાના બદલમાં રોકડ અથવા જમીન અથવા બન્ને આપવામાં આવે છે. પટેલ, એ ગામનો મુખ્ય અધિકારી છે. એના હસ્તક સઘળું સરકારી કામ કરવામાં આવે છે. દરેક ગામનો રેવન્યુ તથા પોલીસ પટેલ ઘણુંકરીને એકજ માણુસ હોય છે પણ મોટાં ગામોનો રેવન્યુ

અને પોલીસ પટેલ જુદા જુદા માણસ હોય છે. કેટલાએક ગામના પટેલો વતનદારી છે. ગામ લોકોની લગનની, લેણદેણની, વેહેંચણની, વારસાની, તકરારો કેટલીએક વખતે પટેલ તથા ગામના સારા મોભાવાળા માણસો પંચાયત તરીકે ચુકવે છે; ગામમાં રોગ ચાલતો હોય અથવા વરસાદ નહિ આવતો હોય ત્યારે હોમ, શાંતિ વગરે ધર્મની ક્રિયા પટેલ આગેવાન તરીકે ઉઘરાણું કરી કરાવે છે. પટેલના તાબામાં રહી સરકારી દફતર વગરે લખવાનું કામ તળાટી કરે છે, તેમજ હવાલદાર પટેલ અને તળાટીના તાબામાં રહી વસુલાત વગરે કરવાના કામસારૂ રૈયતને બોલાવવા વગરેનું કામ કરે છે. રખા ને રાવણીઆ, એ ગામની ચોકી પહેરાનું કામ કરે છે, ભરણું તાલુકાની તીજોરીમાં લઇ જાય છે. પૈસે ગરીબ છતાં કોઇ દિવસ સરકારનાણાંની ચોરી કરતા નથી, અને કોઇપણ જાતની દેખરેખ સિવાય સરકારના હજારો રૂપીઆ તાલુકા તીજોરીમાં લઇ જાય છે. ઊત્તર ગૂજરાતના કેટલાએક ગામોમાં પગી હોય છે તે ગામનો ચોકી પેહેરો રાખે છે અને ગામમાં ચોરી થયલી હોય તો પગલાં પારખી જે ગામ ચોરો ગયલા હોય તે ગામ જઇ માલનો પત્તો લગાડે છે; જો પત્તો નહિ લગાડી આપે તો માલ બદલ નુકશાની આપે છે.

લોક-ઉપયોગી નોકરોને સરકાર તરફથી લોકોની ચાકરી કરવાબદલ જમીન પાળવામાં આવે છે તેમજ લોકો તરફથી રોકડ તથા અનાજની મદત મળે છે. દરેક મોટા ગામમાં બ્રાહ્મણ હોય છે તે લોકોની ક્રિયા કરાવે છે અને કોઇ કોઇ પ્રસંગે નિશાળ માંડી ગામના છોકરા પણ ભણાવે છે. ઢેડા, ભંગીઆ વગરે નીચ જાતના લોકો કે જેને હિંદુ અડકતા નથી એવા લોકોની ધર્મની ક્રિયા બ્રાહ્મણ કરાવતો નથી; જેવો હિંદુનો બ્રાહ્મણ ગામોટ અથવા ગોર હોય છે તેવો મુસલમાનનાં જથાના ગામમાં મુલ્લા અને કાજી હોય છે. સુથાર અને લુહાર ગામ લોકના હળા વગરે ઓજાર દુરસ્ત કરી આપે છે; કુંભાર માટીનાં વાસણ પુરાં પાડે છે; હજામ હજામત કરે છે અને હજામડી દાયણનું કામ કરે છે; ઢેડો ગામમાં વાળે ઝાડે છે; અને ભંગીઓ ગામ સાફ રાખે. દરજી, ધોબી, અને મોચી પણ મોટાં ગામમાં હોય છે.

જા આવ.

ગૂજરાતનો વેપાર જૂના કાળથી ઘણા દૂરના પ્રદેશો સાથે હોવાને લીધે અહીંના વેપારીઓ તથા કારીગરો ધંધા રોજગારને અર્થે દૂર દેશાવર જવાને આચકો ખાતા નથી. કચ્છ તથા કાઠિયાવાડના ભાટિયા, લોહાણા, વાણિયા, ખોજા અને મેમણો તથા સૂરત તથા રાંદેરના વહોરાઓ પરાપૂર્વ કાળથી પશ્ચિમમાં જંગબાર, મોરીશીઅસ, આરબસ્તાન અને ઇરાન તથા પૂર્વમાં રંગૂન, શીઆમ, મલક્કા તથા જાવાસૂધી વેપાર માટે જાય છે. એઓ ત્યાં કેટલાક વરસ સૂધી રહી નાણાં ભેગાં કરી પોતાને વતન પાછા આવે છે. એ પ્રદેશોમાં કેટલાક મોટા વેપારીઓની જાથુ પેઢીઓ હોય છે. હિંદુસ્તાનના જૂદા જૂદા ભાગોમાં પણ ગૂજરાતીઓ ઘણા જઇ વસ્યા છે. લગભગ ત્રણસેં ચારસેં વરસ થયાં, મૂસલમા-

નોના ત્રાસથી, ચાંપાનેરના તૂટવાથી (સને ૧૪૮૪), તથા કદાચ દુકાળના પ્રસંગસર પણ વખાના માર્યા ગૂજરાતના, વિશેષે રેવાપારના તળ ગૂંજરાતના, વાણિયાઓ તથા કારીગરો આખા દખ્ખણમાં છેક બેલગામ ધારવાડ સૂધી તથા નિજામના રાજ્યમાં પણ વેપાર રોજગાર અર્થે જઇ ઘરબાર કરી વસ્યા છે. દખ્ખણમાં પણ મોટાં શહેરોમાં વેપાર ઘણે ખરો ગૂજરાતીઓના હાથમાં છે તથા મોટાં ગામડાંમાં પણ ગૂજરાતી વાણિયાની દુકાન ઘણેક ઠેકાણે છે. દખ્ખણના કિસબી કારીગરો ગૂજરાતના જણાય છે. પુણા શહેરમાં વેપારીઓ તથા ગાંધીઓ વિશેષે રેવાપારના બમ્બનાગર તથા બીજા વાણિયાઓ છે. પંકાયલા કારીગરોમાં નાશકના ત્રાંબા પિત્તળનાં વાસણ ઘડનારા તાંબટો, એવલાના ઊંચી જાતનું રેશમી કાપડ વણનારા સાળવીઓ, તથા કર્ણાટકમાં બાગેવાડીના વણકરો, એ સઘળા ગૂજરાતમાંથી આવી રહેલા કહેવાય છે. થાણા જિલ્લાના ખતરીઓ ગૂજરાતથી આવેલા. એઓને પ્રથમ મુસલમાનોએ વટાળી મુસલમાન અને પાછળથી ફીરંગીઓએ વટાળી ખ્રિસ્તી કીધા છે. વળી ખાનદેશ જિલ્લાના ગુજ્જર કણબીઓ ચાંપાનેર, અમદાવાદ, જુનાગઢ વગેરે ભાગોમાંથી આવેલા જણાય છે. દખ્ખણ મુકી તેની પેલેપાર પણ ગૂજરાતીઓ ગયલા જણાય છે. મદ્રાસમાં એક બજાર છે તે ગુજરીને નામે ઓળખાય છે તથા ત્યાં ગૂજરાતના એડાવાળ બ્રાહ્મણો વેપારઅર્થે ઘરબાર કરી રહેલા છે. ઉત્તર હિંદુસ્તાનમાં ધર્મના નિમીત્તસર, કાશીમાં તથા ગોકુળ મથુરા તરફ થોડાક ગૂજરાતીઓ જઇ રહેલા છે. દખ્ખણમાં ઘરબાર કરી રહેલા ગૂજરાતીઓ મરાઠી ભાષા બોલે છે, પણ ગૂજરાતી ભાષા ભુલી ગયા નથી. મરદો ઘણેખરો દખ્ખણનો પહેરવેશ પહેરે છે, તોપણ ઘણેક ઠેકાણે બૈરાંઓ બહાર જવે આવવે ગૂજરાતી પહેરવેશ રાખી રહ્યાં છે. લગન ઘણુંખરૂં દખ્ખણમાંજ સૌસૌની ન્યાતિમાં કરે છે. એઓ ગૂજરાતમાં જવલેજ આવે છે, અને ઘણા તો અસલ ગૂજરાતમાં કયા ભાગમાં પોતે રહેતા તેપણ ભુલી ગયા છે. તોપણ હાલ આગગાડીથી જવું આવવું સુગમ થવાને લીધે કેટલેક ઠેકાણે ગૂજરાત સાથેનો વેહેવાર પાછો તાજો થતો જણાય છે. દખ્ખણમાં આવી રહ્યા છે, તોપણ ધર્મને લગતા આચાર તથા કર્માંતર ગૂજરાતી બ્રાહ્મણપાસે કરાવે છે, અને એ બાબતમાં દખ્ખણનાં લોકસાથે થોડાજ મળી ગયલા જણાય છે.

આ સદીની શરૂઆતમાં મુંબઇનો વેપાર તેજીમાં આવવાથી ઘણા ગૂજરાતી વેપારીઓ તથા કારીગરો મુંબઇ ધંધે રોજગારે ગયા છે. મુંબઇમાં પ્રથમ આવનારા કચ્છ તથા કાઠિયાવાડના ભાટિયા, લોહાણા, વાણિયા, ખોજા તથા મેમણો અને સૂરત જિલ્લાના પારસીઓ હતા અને એઓ પેહલે અવસરે આવ્યા એટલે ધંધે રોજગારે તથા પૈસે ઘણા તાજા છે. તળ ગૂજરાતના વેપારીઓ પાછળથી ગયા. સૂરત બંદર તુટયા પછી ત્યાંના વેપારીઓ તથા કારીગરો ઘણા મુંબઇ ગયા. ગૂજરાતીઓની વસ્તી મુંબઇમાં ઘણી છે, પણ તેમાં મુંબઇમાં જાયુ ઘરબાર કરી રહેલા ઘણા થોડા છે. હાલમાં આગગાડીથી જવું આવવું ઘણું સુતર પડે છે તેને લીધે, જેમ દખ્ખણના

ગુજરાતીઓનો ગુજરાતસાથેનો વહેવાર બંધ પડી ગયો છે તેમ મુંબઇના ગુજરાતીઓને થયું નથી. એઓ સૌ ઘણુંખરૂં લગનટાણાંનો અવસર પોતાના વતનમાં કરે છે. હાલ પચાશેક વરસ થયાં ગુજરાતીઓ મુંબઇમાં ઘણા ગયા છે; થોડાંક ઘરો સો વરસની પહેલાંનાં પણ છે. કારીગરોમાં સોની, સુથાર, લુહાર, મોચી, ધોબી, હજામ, દરજી વગેરે ગુજરાતના ઘણા છે. તેમાં કચ્છ તથા કાઠિયાવાડના સોની તથા દરજી, કડીપાટણ તરફના સુથાર, રેવાપારના હજામ, અને સૂરતના ધોબી વિશેષ જોવામાં આવે છે. બીજી શૂદ્ર જાતિમાં વળી સૂરત જિલ્લાના કોળીઓ તથા દુબળાઓ ઘોડા ગાડી હાંકવાના કામપર તથા ઢેડાઓમાં મરદો યુરોપીઅન લોકોના બબરચી તરીકે અને બૈરાંઓ પારસી તથા યુરોપીઅનોને ત્યાં આયા તરીકે મુંબઇમાં ઘણાં છે. મુંબઇ મ્યુનિસિપાલિટિના સંબંધમાં ગુજરાતથી ભંગીઆ પણ ઘણા આવ્યા છે.

રાંદેર અને ઘોઘાના ખારવા યુરોપીઅન વહાણોમાં નોકરીએ રહે છે અને તે છેક ઇંગ્લંડ લગણ જાય છે. ખેડાના કેટલાક મુસલમાન ઘાંચીઓ ચરોતરનો તંબાકુ ગાડામાં ભરી માળવા, રતલામ અને ઇંદોર લઇ જાય છે, અને ત્યાંથી ઘઊં અને મહુડાં લાવે છે. રેવાકાંઠાના કેટલાક વીસનગરા નાગરો પૂરાણ તથા વેદ વાંચવા માળવાસુધી જાય છે. બહાર મુલકથી આવી ગુજરાતમાં વસેલા દક્ષણીઓ અને મારવાડી છે. ગુજરાતમાં વડોદરાનું મરાઠી રાજ્ય થયું ત્યારથી દખણથી ઘણા બ્રાહ્મણો, પરભુઓ, નોકરીને અર્થે વડોદરામાં આવે છે અને કેટલાએક ઘરબાર કરીને પણ રહ્યા છે. કેટલાએક સરકારી નોકરો પણ ગુજરાતના બીજા ભાગમાં ઘર કરી રહ્યા છે. મારવાડમાં વારે ઘડીએ દુકાળ પડવાથી ઘણા મારવાડીઓ ગુજરાતમાં ઉતરી આવે છે. અમદાવાદમાં કેટલાએક મારવાડીઓ છુટક મજૂરી કરે છે અને કેટલાએક સુથાર, લુહાર વગેરેનો ધંધો કરવામાં પડયા છે. સૂરતમાં તેઓ અનાજનો વેપાર કરે છે, અને ગામડાંઓમાં મોદીખાતું કાઢી બ્યાજુનો ધંધો પણ કરે છે. વળી આ સિવાય ઉત્તર હિંદુસ્તાનના લોકો થોડા થોડા આવે છે. આમાંના કેટલાએક વેપાર રોજગાર કરે છે અને તે લાલાજીને નામે ઓળખાય છે અને ફરતા ફરે છે; અને કેટલાએક મોચી ને ધોબીનો ધંધો કરવા લાગ્યા છે. કેટલાએક કાબુલાઓ સુકો મેવો ને હીંગ વેચવા આવે છે.

પ્રકરણ ૪ થું.

ખેતી.

તળ ગુજરાતની પશ્ચિમે ખંભાતનો અખાત આવેલો છે અને પૂર્વની સરહદ આગળનો મુલક રાની અને પહાડી છે. મુલક બધો સપાટ છે અને વચલા ભાગમાં પાવાગઢ સિવાય એક પણ ડુંગર નજરે પડતો નથી. પૂર્વેથી નિકળી પશ્ચિમમાં ખંભાતના અખાતમાં મળી જતી નદીઓ નાની મોટી ઘણી છે. જમીન ઘણે ભાગે ફળદ્રુપ છે અને અકટોબર મહિનામાં જ્યારે ખેતરમાં

અનાજ પાકી તૈયાર થયલું હોય છે અને ઝાડો ચીત્રવિચીત્ર પાત્રાંઓથી ભરેલાં હોય છે ત્યારે ગૂજરાતની રસાળ ધરતીની ખરી ખૂબી જણાય છે. જમીન, વરસાદ અને હવા એ ત્રણ કારણોને લીધે પ્રાંતના જુદા જુદા ભાગમાં જુદાં જુદાં તુલો જોવામાં આવે છે. જમીનના બે મુખ્ય પ્રકાર છે, કાળી અને ગોરાટ; એના પેટા વિભાગ ઘણા છે. વિશેષકરીને કાળી જમીન નર્મદા અને તાપી નદીની, અને ગોરાટ મહી અને સાબરમતીની વચ્ચેના મુલકમાં છે. કાળી જમીનમાં ખાતર અને પાણી જોઇતું નથી અને તેમાં કપાસ, ભાત, ઘઉં, જુવાર અને બીજાં કંઠોળ કરવામાં આવે છે. ગોરાટમાં બાજરી અને તંબાકુ સારાં થાય છે અને તેને પીત કરી અથવા ખાતર પુરી ખેડવામાં આવી હોય તો તેમાં બાગાયતી તુલો પણ સારાં થાય છે. પૂર્વ તરફના પહાડી અને રાની મુલકમાં પશ્ચિમ, તરફના દરીઆ કાંઠાના મુલક કરતાં વરસાદ વધારે અને ત્યાંની હવા શરદ છે એટલે ત્યાં વનસ્પતિ ઘણી અને આપોઆપ ઉગેલી હોય છે. જેમ જેમ સમુદ્ર કાંઠા આગળના દક્ષિણ ભાગથી ઉત્તર તરફ જતા જઇએ તેમ તેમ વરસાદ કમી અને ગરમી વધતી જણાય છે. સૂરત જિલ્લાના વલસાડ તાલુકામાં આખા વરસમાં સરેરાસ વરસાદ ૭૧ ઇંચ પડે છે, સૂરતમાં ૪૫, ભરૂચમાં ૩૪, અમદાવાદમાં ૩૨, કાઠિયાવાડમાં ૨૩ અને કચ્છભુજમાં ૧૪. સૂરત જિલ્લાની દક્ષિણમાં વરસાદ વિશેષ છે એટલે રાસી જમીનમાં જીરાયતી તુલો કરવામાં આવે છે, ને સારી જમીનમાં ખાતર પુરી ચોમાસામાં ભાત અને કોરી મોસમમાં પીત કરી શેરડી, કેળાં વગેરે બાગાયતી તુલો કરવામાં આવે છે. ભરૂચ જિલ્લાની જમીન કાળી અને વરસાદ કમી તેથી ત્યાં કપાસ સારો થાય છે, પણ પીતનાં તુલ થતાં નથી. ઉત્તર તરફના મુલકમાં વરસાદ કમી પણ જમીન ગોરાટ છે એટલે ત્યાં અકટોબર મહિનામાં ખરીફ તુલો વઢાઈ રહ્યાપછી પાણીની જોગવાઇ ને લીધે કેટલેક ઠેકાણે જમીનમાંથી બીજી અને ત્રીજીવાર પાક ઉતારવામાં આવે છે. અમદાવાદ કરતાં સૂરત જિલ્લામાં ચોમાસું એક પખવાડિયું વેહેલું બેસે છે તથા એક પખવાડિયાંસુધી મોડું પહોંચેછે, આ કારણને લીધે સૂરત જિલ્લા કરતાં અમદાવાદમાં ખરીફ તુલની ઓરણીનું કામ એક પખવાડિયું મોડું અને કાપણીનું કામ એક પખવાડિયું વેહેલું થાય છે. અમદાવાદમાં શેરડી ચોમાસાં પેહેલાં એટલે અપ્રેલ મહિનામાં ઓરવામાં આવે છે અને અગીઆર મહિનામાં તૈયાર થાય છે. સૂરતમાં શેરડી ચોમાસાં પછી એટલે ડિસેંબર મહિનામાં ઓરાય છે અને તેને તૈયાર થતાં તેર મહિના થાય છે. પંચમહાલના દાહોદ અને ઝાલોદ પરગણાં ઉંચાણમાં આવવાથી અને જમીનમાં પાણીનાં ઝરણ હોવાથી ત્યાંની હવા એટલી તો ઉત્તમ છે કે જે જમીનમાં ખરીફ તુલ કરવામાં આવ્યું હોય તેમાં તેજ. સાલ વગરપાણીએ રબી તુલ કરવામાં આવે છે.

ખેડુત—ખેતી કે ખેતરની મજુરીઉપર પોતાનો નિર્વાહ ચલાવનારા લોકો સને ૧૮૮૧ ના વસ્તિપત્રક પ્રમાણે પાંચ ખાલસા જિલ્લામાં ૧૭ લાખ હતા. ખેતીનું કામ થોડું કે ઘણું ઘણી જાતિના લોકો કરે છે. પણ તેમાં ખેડુતોનો મોટો ભાગ કણબી, કાછીઆ, સથવારા, અનાવલા

બ્રાહ્મણ, વોહોરા, રજપૂત, મુસલમાન, કોળી અને ભીલ તથા બીજા કાળી પરજના લોકોનો છે. ઘણા હોશીઆર અને સારા મેહેનતુ ખેડુતો કણબી, કાછીઆ, અનાવલા બ્રાહ્મણ અને વોહોરા છે. તેમાં કણબી ને કાછીઆ પ્રાંતમાં બધે, અનાવલા બ્રાહ્મણ તાપી નદીની દક્ષિણે સૂરત અઠાવીશીમાંજ અને વોહોરા ભરૂચ જિલ્લામાં ઘણા છે. કણબીઓ અવશ્યે ગામડામાં તો પેઢીધરપેઢી ખેતીનોજ ધંધો કરતા આવ્યા છે. અને તેની સાથે જાતે મહેનતુ ઘણા, એટલે ખેતીનો ધંધો ઘણુંખરૂં કણબીઓ પોતાનોજ કહેવડાવે છે. ખેતરો સારાં સાફ રાખવામાં, તેમાં ઘણીવાર સારીરીતે ખેડાણ કરવામાં, સારી પેઠે ખાતર પુરવામાં, થોડી જમીનમાં ઘણું ખેડાણ અને તુલ કરવામાં, તુલો વારા ફરતી જમીનને માફક પડતાં કરવામાં તથા દૂરના ભાગમાંથી પાણી વાળી લાવી તુલને પીત કરવામાં કણબી ખેડુત તરીકે ઘણીજ અક્કલ બતાવે છે. કણબીઓમાં વળી ખેડા જિલ્લાના એટલે ચરોતરના કણબીઓ સૌથી ચઢીઆતા છે. નડીઆદ, બોરસદ અને આણંદ આગળની રેતાળ જમીનને ઘણા શ્રમથી સારી કેળવી તથા બાગાયતી કરી એ ભાગ કણબીઓએ ઘણો સુધારયો છે. કાછીઆઓ પણ પ્રાંતના બધા ભાગમાં હોય છે. એઓમાં ઘણાને પોતાનાં ખેતરો હોતાં નથી તેથી તેઓ કુવેતર જમીન ગણોતે રાખી ઘણો ભારે દર આપેછે; તે છતાં જમીન પાછળ મેહેનત લઇ સારાં તુલ પકવી નફો પેદા કરે છે. સથવારા ગૂજરાતના ઉત્તર ભાગમાંજ છે અને તેઓ પણ કાછીઆ જેવાજ છે. અનાવલા બ્રાહ્મણ અથવા ભાઠેલાની વસ્તી એકલી તાપીની દક્ષિણમાંજ છે. તેઓ કણબી કરતાં ખેતીના કામમાં કોઇ રીતે ઊતરતા નથી. સારી જમીન ઘણીખરી તેઓ પાસે હોય છે. એઓનો ઘણો ભાગ જાતે ખેતી કરે છે, તથા કેટલાએક દુબળાઓ પાસે ખેતી કરાવી તેની ઉપર સારી દેખરેખ રાખે છે. વોહોરા જેઓ અસલ કણબીના વટલી મુસલમાન થયલા તેઓની ખેતી પણ ઘણી વખાણવા જોગ છે. કણબી, કાછીઆ, ભાઠેલા અને વોહોરાથી ઉતરતા રજપુત, મુસલમાન અને તળપદા કોળીઓ છે. એઓ હોશીઆર તો ખરા, પણ ખેતી પાછળ મન દેઇ મેહેનત કરતા નથી. મેહેવાસી, ચુંવાળ કોળી, ભીલ, નાયકડા અને બીજા કાળી પરજના ખેડુતોને ખેતીની જૂદી જૂદી રીતનું થોડુંજ જ્ઞાન હોયછે. કાળી પરજના ખેડુતો ઘણા એક ઠેકાણે ઠરી ઠામ રહેતા નથી, પણ જ્યાં વાસો કરી રેહે ત્યાં પોતાના ઝુંપડાંની આસપાસ જમીન ઉપર ઉપરથી ખેડી પેટ પુરતું ધાન પકવે છે. તેઓ પાસે ખેતીનું મોટું હથીઆર કોદાળીજ હોય છે. જંગલમાં જ્યાં ઝાંખરાં જડી આવે ત્યાં તેઓ દવ લગાડી તેની રાખમાં કોદાળી ફેરવી નાગલી અથવા કોદ્રા હાથે વતી ભભરાવી ઊગવે છે. હાલમાં કેટલાએક વળી ઉજળી વસ્તીના ખેડુતોના સહેવાસથી સુધરી હળ વગેરે વાપરતા થયા છે.

જમીન.—ગૂજરાતમાં મુખ્ય ત્રણ જાતની છે. તાપી અને નર્મદાની વચેના મુલકની જમીન તે કાળી, મહી અને સાબરમતીની વચેના મુલકની તે ગોરાટ, અને સૂરત જિલ્લાના પારડી અને

માંડવી, અને અમદાવાદ જિલ્લાના ધોધા, મોડાસા અને રાણપુરના પહાડી મુલકની તે ગોરમટી. આ દરેકના કેટલાએક પેટા વિભાગ પણ છે. કાળીના છ છે, રેગર, કાળી ખોખર, કાળી બારા, કાળી બેસર, કાળી મટોડી અને કિયારડા અથવા ક્યારી. રેગર એ ચીકણી, ફળદ્રુપ અને સારા કસવાળી છે અને તેમાં કાંકરા કે પથરાપચરી હોતાં નથી. કાળી ખોખર ચીકણી અને રાખોડી રંગની છે. એમાં કાંકરાં કુંકરી ઘણા હોય છે. વરસાદ પડયો હોય તો તે ઘણી પલળી જાડી રગડ થઇ જાય છે, અને તડકો પડવાથી સકત થઇ તેમાં ચીરાડા પડે છે. આ જમીન ઘઉં, જુવાર અને ભાતને ઘણી માફક છે, પણ જે છોડોનાં મુળીઆં જમીનમાં સીધાં ને સીધાં ઉંડાં ઉતરી જાય છે તેને બીલકુલ માફક નથી. કાળી બારા એ ભગરી અને તપખીરીઆ રંગની છે, અને એમાં જરા ખાર હોય છે. એમાં ઘઉં ઘણા સારા થાય છે અને જો સારી દળદાર હોય તો કપાસ પણ એમાં થઇ શકે છે. કાળી બેસર એ ઘેરા ભુરા રંગની અને ઘણી ભગરી છે, અને એમાં કાંકરાં કુંકરી ઘણા છે. બીજી જમીન કરતાં એમાં બાગાયતી તુલો ઘણાં કરવામાં આવે છે તથા રેગર જમીનમાં જે ઝીણું ભાત કરવામાં આવે છે તે હીંઆ ઘણી સેહલથી થઇ શકે છે. કાળી મટોડી કાળી કે ભુરા રંગની હોય છે અને ભાતની કયારીમાં અને તળાવને તળીએ નીચાણ જમીનમાં ઘણી હોય છે. બાગાયતી રાતી જમીનમાં એનું ખાતર પણ પુરવામાં આવે છે. કયારીની જમીન કાળી કે રાતી હોય છે અને તેમાં પીત કરીને કે પીત કર્યાવગર ભાત પકવવામાં આવે છે. જેમ એ ચીકણી અને ભાત તૈયાર થતાં સુધી એમાં પાણી પચ્યું રેહે તેમ એ સારી ગણાય છે. ચોમાસાંમાં પાણી પડવાથી એ ઘણી નરમ રેહે છે, અને ચોમાસું ઉતર્યાપછી કઠણ થઇ એમાં ચીરાડા પડે છે. આને લીધે એને સારી રીતે કેળવવામાં ઘણી હોશીઆરી જોઇએ. એમાં પાણીનાં ઝરણ બહું ઉંડે ખોદવાથી મળી આવે છે પણ તે પાણી ખારૂં હોય છે. આ કારણને લીધે હીંઆ વાડ તરીકે ઉપયોગમાં આવે એવાં ઝાડ ઝાંખરાં ઉગતાં નથી, અને બારે માસ ખેતી થતી નથી. ઘણા આક્ષપે આવી જમીન પણ કેટલાક ખેડુતે સુધારી સારો પાક આપનારી કરી છે.

ગોરાટ અને ગોરમટીની પણ ઘણી પેટા જાત છે. ગોરાડુ રેતાળ છે અને ચુના અને રેતી પથરની એમાં ઝીણી રચકણ ઘણી હોય છે. એ જમીન જો ઘણી ભગરી હોય તો એને રેતાળપણો અને ભોરપણો કેહે છે; એમાં જો કાંકરાકુંકરી ઘણાં હોય તો એને મરડી કેહે છે. એ જમીન જીરાયતી તુલોને ઘણી માફક છે. એમાં પીત કરવામાં આવે તો શાકભાજી વગેરે સારાં થાય છે. એ જમીનમે ખાતર પુરી સારી કેળવવામાં આવે તોજ એમાંથી સારો પાક તૈયાર થાય છે. ગોરાડુ બેસર એ ઘણી ફળદ્રુપ છે અને તંબાકુ અને ત્રણ વરસે ફળતા કપાસને ઘણી માફક છે. ઝાડ પાન વગેરે હીંઆ એની મેળે ઉગી નિકળે છે અને તેનો ઉઠાવ પણ સારો હોય છે. ગોરાટ અથવા મરવા જમીન નદી કાંઠે આવેલી હોય છે. આ જમીનમાં

કાંકરા કુંકરી હોતાં નથી તથા એ પાણી જલદી સોશી લેછે. વરસાદ ઘણો પડવાથી એ ઘણી ચીકણી, અને તડકો પડવાથી ઘણી સક્ત થતી નથી. એ જમીન જેવી બહારથી દેખાય છે તેવીજ અંદરથી છે. થોડા ફુટ ખોદવાથી મીઠું પાણી નિકળે છે. આને લીધે એમાં સારાં કુવા કરવામાં આવે છે અને એને પડતર રાખવી પડતી નથી. રાખડીવાલુ, પુરાણુ અને ગભાણુ એ જમીન દેખાઇતી નબળી હોય છે પણ તેમાં ધાન્યનો પાક તથા પીત કર્યાવગર તંબાકુ સારા થાય છે. પારડી અને ઘોઘાની રાતી ગોરાટ જમીન ભાતને સારી માફક છે.

મોસમ—ખેતીની ત્રણ છે; ચોમાસાની એટલે ખરીફની, શીઆળાની એટલે રબીની અને ઉનાળાની એટલે હરીની. નક્ષત્રઉપર ગણતરી કરી ઓરણી તથા કાપણી વગેરેની મોસમ ખેડુતોએ નક્કી કરીછે. આ નક્ષત્રો સતાવીશ છે: ૧૧ થી ૨૩ અપ્રેલ સુધી અશ્વિની; ૨૪ અપ્રેલ થી ૭ મે સુધી ભરણી; ૮ થી ૨૧ મે સુધી કૃત્તિકા; ૨૨ મે થી ૩ જુનસુધી રોહિણી; ૪ થી ૧૮ જુનસુધી મૃગશર; ૧૯ જુનથી ૨ જુલાઇસુધી આર્દ્રા; ૩ થી ૧૬ જુલાઇસુધી પુનર્વસુ; ૧૭ થી ૩૦ જુલાઇ સુધી પુષ્ય; ૩૧ જુલાઇથી ૧૩ આગસ્ટસુધી આસ્લેષા; ૧૪ થી ૨૭ આગસ્ટસુધી મઘા; ૨૮ આગસ્ટથી ૧૦ સપ્ટેંબરસુધી પૂર્વા ફાલ્ગુણી; ૧૧ થી ૨૩ મી સપ્ટેંબરસુધી ઉત્તરા ફાલ્ગુણી; ૨૪ સપ્ટેંબરથી ૭ અક્ટોબરસુધી હસ્ત; ૮ થી ૨૦ અક્ટોબરસુધી ચિત્રા; ૨૧ અક્ટોબરથી ૨ નવેંબરસુધી સ્વાતિ; ૩થી ૧૭ નવેંબરસુધી વિશાખા; ૧૮ થી ૩૦ નવેંબરસુધી અનુરાધા; ૧ થી ૧૩ ડિસેંબરસુધી જ્યેષ્ટા; ૧૪ થી ૨૬ મી ડિસેંબરસુધી મૂળ; ૨૭ ડિસેંબરથી ૮ જાનેવારીસુધી પૂર્વાષાઢા; ૯ થી ૨૧ જાનેવારીસુધી ઉત્તરાષાઢા; ૨૨ જાનેવારીથી ૩ ફેબ્રુઆરીસુધી શ્રવણ; ૪ થી ૧૬ ફેબ્રુઆરીસુધી ધનિષ્ટા; ૧૭ થી ૨૮ ફેબ્રુઆરીસુધી શતતારકા; ૧ થી ૧૪ માર્ચસુધી પૂર્વાભાદ્રપદ; ૧૫ થી ૨૭ માર્ચસુધી ઉત્તરાભાદ્રપદ; ૨૮ માર્ચથી ૧૦ અપ્રેલસુધી રેવતિ. ખરીફ તુલની ઓરણી મૃગથી આસ્લેષા એટલે ૪ જુનથી ૧૩ આગસ્ટસુધીમાં થાય છે; કાપણી હસ્તથી ધનિષ્ટા એટલે ૨૪ સપ્ટેંબરથી ૧૬ ફેબ્રુઆરીસુધીમાં. રબી તુલની ઓરણી ઉત્તરાથી સ્વાતિ નક્ષત્ર એટલે ૧૦ સપ્ટેંબરથી ૨ નવેંબરસુધીમાં અને કાપણી શતતારકાથી અશ્વિની એટલે ૧૭ ફેબ્રુઆરીથી ૨૩ અપ્રેલસુધીમાં ; અને હરી તુલની ઓરણી પૂર્વાથી રેવતિ એટલે ૧ માર્ચથી ૧૦ અપ્રેલસુધી અને કાપણી રોહિણીથી મૃગ એટલે ૨૨ મી મે થી ૧૮ જુન સુધીમાં. કયા નક્ષત્રમાં વરસાદ ફાયદો કરતા અને કયામાં નુકસાન કરતા છે તે વિશેની ભડલીની કાહાણીએ લોક મશૂર છે.

ખેતીનાં ઓજારો—સોંઘાં અને લોકોની સ્થિતીને અનુકુળ પડતાં છે. તેને બનાવવાં અઘરાં નથી અને ભાંગે ટુટે તો સેહેલથી સુમારાયછે. તેની કિમ્મત પણું ભારે નથી. બળદ વગેરેનું કામ પડે તો ગામમાં લોકો એક બીજાને આપેછે. મુખ્ય ઓજારમાં હળ, નાગલ, વાવણિયું, કલબ, રાંપડી, અને સમાર એટલાં બળદે જોડવાનાં છે. હળનું લાકડું રાયણનું હોય છે. એની ચાસ કાળી જમીનમાં ચાર ઇંચ અને ગોરાટમાં પાંચથી સાત ઇંચ ઉંડી પડે છે. એની કિમ્મત

રૂ. ૨ ની છે. એને સંતી પણ કેહેછે. નાગલ બાવળનું અને ભારે અને કિમ્મત રૂ ૨. થી ૩ સુધીની હોયછે. શેરડીના ખેતરમાં એનું ઘણું કામ પડેછે. એને છથી આઠ બળદની જોડ જોડેછે. વાવણિયું ત્રણ જાતનું હોય છે. જેને ઓરણીને સારૂ બે નળી હોય છે તેને ફડકો, ત્રણ નળી હોય તેને તરફીણ, અને ચાર નળી હોય તેને ચવર કેહેછે. સૂરતમાં ઘણુંકરીને ફડકો, ભરૂચ અને ખેડામાં તરફીણ, અને અમદાવાદમાં ચવર વપરાયછે. એની કિમ્મત રૂ. ૨ થી રૂ. ૩ાા સુધીની હોયછે. કલબના નીચલા ભાગમાં ત્રણ ફુટ પોહોળું અને ઢળતું બેસાડેલું એક લોઢાનું પાનું હોયછે. એ વડે જમીન સાફ કરવામાં આવે છે, ઝાંખરાં વગેરે કાપી નાખવામાં આવેછે, અને ઘઉંના ખેતરમાં હળની ગરજ સારેછે. એને કરબ અથવા રાંપ પણ કેહેછે. કિમ્મત રૂપીઆ ૨ થી ૩ ની હોયછે. રાંપડી એ પણ કલબના જેવી પણ જરા નાની હોય છે, એટલે વાવણિયાં વતી જે ઓળ પાડવામાં આવેછે તેની વચમાં છોડોને અડક્યાવગર જઇ શકેછે. એણે વતી પણ જમીન ખોદવામાં તથા ઝાંખરાં વગેરે કાઢી નાખવામાં આવેછે. એને કરબડી, કલપી અથવા હાથીઓ પણ કેહે છે. કિમ્મત રૂ. ૧ાા થી ૨ સુધીની છે. આઠ ફુટ લાંબાં, એક ફુટ પહોળાં અને અરધો ફુટ જાડાં એક રાયણનાં પાટીઆંને સમાર કેહેછે. ઢેફાં ભાંગી ખેતર એકસરખું કરવાને અને ચાસ પાડી હોય તેમાં બીને ઢાંકી દેવા માટે એ ફેરવવામાં આવેછે. કેટલીએકવાર ભાર દેવો હોય ત્યારે હાંકનાર પાટીઆંઉપર ઉભો રેહેછે. એને પાટ પણ કેહેછે. કિમ્મત રૂપાઆ બેની છે. હાથનાં નાનાં ઓજારોમાં ખરપી, પંજેટી, કોદાળી, કોહાડી, દાતરડું વગેરે છે. રૂપીઆ વીસસુધીમાં ખેતીવાડીનાં બધાં ઓજારો મળી શકેછે; પણ ઘણાખરા પાસે રૂપીઆ બારથી વધારે કિમ્મતનાં ઓજારો હોતાં નથી. ખેડુત પાસે બળદની એક જોડ હોય તો તેવડે નવ એકર ગોરાટ જમીન, વીસ એકર કાળી કપાસની જમીન, ત્રીસ એકર ઘઉંની જમાન, અથવા પાંચ એકર ભાતની કાળી જમીન સારી રીતે ખેડી શકે છે. કોઇ ખેડુત પાસે નીમોનીમ કાળી તથા ગોરાટ જમાન હોય તો ચરોતર અને રાધણપુરના બળદ વડે પંદર એકર. તળબદા બળદ વડે બાર એકર અને પાલના બળદ વડે પાંચ એકર ખેડી શકેછે.

ખાતર—ભાઠાંની જમીન અને બારા અને ભાલ મુલકમાં કાળી જીરાયતી જમીન શિવાયની બધી જમીનમાં ત્રણ વરસે એક વાર ખાતર પુરવું પડે છે. આગલે સાલ જે પાક કરવામાં આવ્યો હોય તેના પ્રમાણમાં ખાતર પુરવું પડે છે, પણ દશથી વીશ ગાડાંપુર તો ખાતર ઓછામાં ઓછું જોઇએ. કાનમની કાળી જમીનમાં આથી અડધું ખાતર હોય તો ચાલી રેહે છે. રાખ, કોડનો કચરો, ખોળ, તળાવનો ચીકલ, સણ, અને બકરાં ઘેટાંની લીંડી એટલી ચીજો ખાતરમાં વપરાય છે. પ્રાંતના પૂર્વતરફના ભાગમાં ઝાડપાન વિશેષ અને જમીન કાંકરાંવાળી એટલે ત્યાં જમીનઉપર પાંતરાં તથા ઝાડનાં ડાખળાં બાળી તેનું ખાતર જમીનમાં પુરવામાં આવે છે. છાણ મૂતર અને કોડના કચરાનું ખાતર પુરવાનો ચાલ ઘણો છે. ખેડુતપાસે બળદની અને

B 524—z

ભેંસની એક જોડ હોય તો તેમાંથી આખા વરસમાં ચાળીસ ગાડાંપુર ખાતર તૈયાર થાય છે. આટલું ખાતર શેરડીનાં એક એકર, ભાતનાં બે એકર, અને જીરાયતી જમીનનાં ચાર એકરનાં ખેતરને પુરતું થઇ રેહે છે. આ ખાતર ચોમાસાંના ચાર મહિનામાં ઉકરડામાં રાખી મુકવામાં આવે છે. જયારે કોડનો કચરો પુરતો નહિ હોય અને જમીન રેતાળ હોય ત્યારે કેટલાએક ખેડુતો ખોળનું ખાતર પુરે છે. શેરડી, કેળ અને બીજાં બાગાયતી તુલોમાં ખોળનું ખાતર પુરવાનો ઘણો ચાલ છે. તળાવનો ચીકલ પુરવાનો પણ ઘણો વહિવટ છે, અને તેને હળવતી જમીનમાં મેળવી દેવામાં આવે છે. કેટલીએકવાર ખેતરમાં સણ વાવેછે. દોઢ બે મહિના થયા એટલે પછી તેનાઉપર હળ ફેરવી ચોમાસાંમાં તેને ખેતરમાં કોહી જવા દેછે. ખેતરમાં બે ત્રણ રાત બકરાં ઘેટાં બેસાડવામાં આવે છે અને તેની લીંડી ખેતરમાં પડે છે એટલે તેનું સરસ ખાતર થઇ રેહે છે. નરક, પક્ષીઓની અઘાર, માછલી અને હાડકાંનું ખાતર થોડું થોડું કોઇ કોઇ ભાગમાં વપરાવા માંડયું

ખેડાણ જમીન—ત્રણ પ્રકારે ઓળખાય છે, જીરાયત, કયારી અને બાગાયત. સૂરત અને ભરૂચ જિલ્લાની કેટલીક જમીનને પાળ જીરાયત કહે છે, એટલે ત્યાં ધાન અને કઠોળનાં ખેતરમાં વરસાદનું પાણી બરોબર જમીનમાં ગડે તેનેસારૂ બે તરફ મટોડાંની પાળ કરે છે. જીરાયત જમીનમાં ઘણુંકરીને પીતના તુલ પકવવામાં આવતું નથી. કયારી જમીનમાં ભાત કેટલેક ઠેકાણે કેવળ વરસાદના પાણીથી ત્યાર થાય છે અને કેટલેક ઠેકાણે તેને કૂવા કે નદીના પાણી વડે પીત કરવું પડે છે. ક્યારીની જમીનમાં પણ પાળ કરવામાં આવે છે. આખા ચોમાસાંમાં પાણી રેહે તેનેસારૂ આ પાળ ઘણી ઉંચી હોય છે અને ખેતરની જમીન એકસરખી કરવામાં આવે છે. બાગાયતી જમીન કુવેતર હોય છે અને તેમાં શેરડી, શાકભાજી અને મેવો તથા ફળ ફળાદિક કરવામાં આવે છે. જમીનમાંથી ઘણુંકરીને એક પાક ઉતારવામાં આવે છે. પણ આ નિયમ બધે લાગુ પડતો નથી. [illegible]હદની જમીન સારી ગણાય છે અને તે બે ફસલી કેહેવાય છે એટલે તેમાંથી વરસમાં બે વાર પાક ઉતારવામાં આવે છે, એક વાર મકાઇનો અને ત્યારપછી ઘઉં કે ચણાનો. કયારીની જમીનમાં પણ ભાત વઢાયાપછી કઠોળ કરવામાં આવે છે. કેટલીકવાર એકજ વખતે ઘણી જાતનાં તુલ[illegible]બી ઓરવામાં આવે છે. આ બધાં એકોવારે તૈયાર નહિ થતાં આંતરે આંતરે તૈયાર થાય છે. [illegible] કરવાથી કોઇવાર ત્રીજો પાક પણ ઉતારવામાં આવે છે. પણ આથી જમીનનો કસ ઘણો સૂકાઇ જાય છે તેથી બીજે સાલ ઘણું ખાતર પુરવું પડે છે અને એ જોગવાઇ જો ખેડુત પાસે હોય છે તોજ તે ત્રીજો પાક ઉતારે છે.

જીરાયતી, કયારી અને બાગાયતી જમીનની ખેતીમાં ફેર હોય છે. જીરાયતી જમીનમાં [illegible] મહિનો બેસતાં ખેતીનું કામ ચાલવા માંડે છે. ખેતરમાં જે કાંઇ રાડાં રહ્યાં હોય તે ખોદી કાઢી ઘેર બળતણને સારૂ લઇ જવામાં આવે છે, નહિતર ખેતરમાં તેને બાળી નાંખે છે. ખાતરની

ખેતરમાં ઢગલીઓ કરે છે અને વરસાદ થયો કે આ ખાતર પંજેટી અથવા હળવડે જમીનમાં એક સરસું કરી દેછે. જમીન અગાઉ કોઇવાર ખેડાયલી નહિ હોય અને તે કાળી હોય તો બે મહિનામાં તેને કોદાળીવતી ખોદવામાં આવે છે અને ઢેફાં મોગરા વતી ભાંગી નાખે છે. તેને આખું ચોમાસું પડતર રેહેવા દઇ, વરસાદનું પાણી તેમાં ઠરવા દેછે. ચોમાસું ઉતર્યા પછી એને બે વાર આડી ઉભી ખેડે છે અને વરસાદ થતાંસુધી એને પડતર પડી રેહેવા દેછે. વરસાદ પડયાપછી એને ત્રણ વાર જૂદી જૂદી દિશાએ ખેડે છે, અને તેને પાછું ચોમાસું ખવડાવે છે. બે ચોમાસાં ખવડાવ્યાંપછી એમાં તુલ કરવામાં આવે છે. જમીન જો ગોરાટ હોય તો તે ઉપર ચાર બળદ જોડી કરબ ફેરવવું પડે છે. કાળી જમીનમાં વરસાદ પડયાપછીજ હળીઉં ઘણું કરીને શરૂ થાય છે. પણ જો ખેડુતપાસે સારા મજબૂત બળદ હોય અને ગોરાટ જમીન હોય તો જુનની શરૂઆતમાં વરસાદ થતાં પહેલાં હળ તથા કરબ ફેરવવામાં આવે છે. ગોરાટ જમીનમાં આંતરે આંતરે બેથી ચાર વાર હળ ફેરવવું પડે છે. જેમ હળ વધારે ફેરવવામાં આવે તેમ પાક સારો થાય છે. એ જમીનમાં ઘાસ તથા બીજું નિદામણ ઘણું ઉગે છે તે કાઢી નાંખવાસારૂ કલબ પણ ફેરવવું પડે છે. કાનમની કાળી જમીનમાં એક વાર ઉભું અને એકવાર આડું હળ ફેરવવું પડે છે. પણ ખેતર નાનું હોય અને ખેડુત શક્તિવાન હોય તો તે બેચાર હળ ફેરવે છે. બારા અને ભાલમાં કાળી પડતર જમીન ખેડવી હોય ત્યારેજ હળની જરૂર પડે છે. ત્યાં અને ભાઠાંની જમીનમાં કલબ હળની ગરજ સારે છે. કાળી ક્યારીની જમીન હોય ત્યારે તો હળ ફેરવવું પડે છે અને હળ ફેરવ્યું હોય તો તેમાંથી પાક સારો ઉતરે છે.

હળ ફેરવ્યાપછી થોડા દહાડા જવા દઇ ખેડુત જમીનઉપર સમાર ફેરવી જમીન એક સરખી કરે છે અને બે ત્રણ જાતનાં તુલોનો એક ઠેકાણે ગુંચવડો નહિ થાય તેને સારૂ આઘે આઘે વાવણિયાંવડે ઓરણીનું કામ શરૂ કરે છે. જુવાર અને કપાસસારૂ સવા ફુટનો અને બાજરી અને ઘઉંને સારૂ પોણા ફુટનો અંતર રાખવો પડે છે. વાવણિયું ફરી રહ્યું કે રાંપ ફેરે છે. આ વડે ઘાસ વગેરે કપાઇ જાય છે અને વાવણિયાં વડે ચાસ પડી હોય તે પુરાઇ જાય છે. જમીન વીખરાઇ ગઇ હોય તેને એકઠી કરવાસારૂ પાછું સમાર ફેરવવું પડે છે એટલે વાવણીનું કામ પુરૂં થાય છે. તુલ એક વેંત જેટલું થયું એટલે ખેતરમાં કરબડી ફેરવવામાં આવે છે. આથી મૂળીઆં આગળની જમીન જરા છૂટી પડે છે અને નિદામણ વગેરે ખેતરમાં ઉગ્યું હોય તે કપાઇ ખેતર સાફ થાય છે. ગોરાટ જમીનમાં કરબડી ઘણીવાર ફેરવવામાં આવે છે; કાળી જમીનમાં એક બેવાર ફેરવી હોય તો વધારે જરૂર પડતી નથી. પછી હાથે વતી નીંદવું પડે છે. જનાવર અને પક્ષીઓ અનાજ ખાઇ નહિ જાય તેને સારૂ ખેતરની વચોવચ માંડવો બાંધી ત્યાં એક જણ પોતાના સાદથી અથવા ગોફણ મારી પક્ષીઓને ઉરાડે છે. ખેતરમાં ચાડીઆ પણ બાંધે છે. કાપણી વખતે ખેડુતને મજુરો રાખવા પડે છે. કણસલાંમાંથી અનાજ ખળીમાં બળદ ફેરવી કાઢવામાં આવે છે.

જમીનનો કસ ચૂસાઈ જાય નહિ તેને સારૂ ખેડુતો સમજીને વાવણી કરે છે. કાળી જમીનમાં એક વરસ કપાસ કર્યો હોય તો બીજે વરસે ઘઊં અને ત્રીજે વરસે ચણા અથવા તુવેર કરે છે. કાળી બારા જમીનમાં ઘઊં અને કપાસ વારાફરતી કરવામાં આવે છે. કોદ્રા જમીનનો કસ ઘણો ચૂસી લેછે; તેમ તુવેર ને ગલી જમીનને ઘણી ફળદ્રુપ કરેછે. આથી કરીને જો કોદ્રા વાવ્યા હોય તો તેની સાથે તુવેર તો ખેડુત વાવ્યાવગર રેહેજ નહિ, કેમકે કોદ્રાની કસર તુવેર વાળી આપે છે. ઘઊં, તંબાકુ અને કસુંબી વાવવી હોય તો વરસાદ થતાં પેહેલાં ખેતર ખેડી તૈયાર રાખે છે અને ચોમાસાંના ચાર મહિનાસુધી તેને પડતર રાખી મુકે છે. કાળીપરજના લોકો નાગલી અને કોદ્રા વરસોના વરસ એક જમીનમાં કરે છે એટલે વરસ દહાડો સુધી તે જમીન પડતર રાખવી પડે છે. આખું વરસ જમીન બીજે ઠેકાણે પડતર રહેલી જોવામાં આવતી નથી.

ક્યારી જમીનની હકીકત નીચે ભાતનાં તુલના સંબંધમાં આપી છે. બાગાયતી જમીન સને ૧૮૮૩-૮૪ માં પાંચ ખાલસા જીલ્લામાં ૮૦ હજાર એકર એટલે બધી ખેડાણ જમીનના ચાલીશમાં ભાગ જેટલી હતી. બાગાયતી જમીનમાં શેરડી, શાક ભાજી અને ફળ ફળાદિક નદી, નેહેર, તળાવ અને કૂવાના પાણીથી પીત કરી કરવામાં આવે છે. નેહેરનું પાણી પુસ્તો બાંધી ઘેરવામાં આવે છે. એ પાણી પુસ્તામાં નળ મુકી અથવા સુપડે, ચોરસાણ અથવા ડોલવતી કાઢી સીંચવામાં આવે તો તેને પાટસ્થળ કહે છે. પાટસ્થળનો રીવાજ ગૂજરાતમાં ઘણો નથી. કૂવામાંથી પાણી કોસેવતી અને કોઇ વાર રેંટે કાઢવામાં આવે છે. રામીઓ અને સુંઢીઓ એ બે જાતના કોસ હોય છે. કૂવાના મથાળા આગળ એક ઢોળાવ કરવામાં આવે છે, અને ત્યાં પાણી ઠાલવવાને છોએ ચણેલું થાળું હોય છે. કોસનું પાણી આ થાળામાં ઠલવાય છે અને એમાંથી પાણી હવાડામાં પડે છે. હવાડામાંથી મોરી કરી જોઇતું જોઇતું પાણી ખેતરમાં લઇ જવામાં આવે છે. રામીઓ કોસ એ ઢોરનું આખું ચામડું ગોળ આકારનું કરી સીવેલું હોય છે. તેને એકજ મોંહ હોય છે. સુંઢીઆ કોસને એક મોટું અને બીજું નળી આકારનું નાનું મોંહ હોય છે. મોટાં મોંહ આગળ એક લોઢાંની કડી હોય છે અને તેની સાથે એક જાડું દોરડું બાંધી તે દોરડું કૂવાના કપ્પામાં પોરવી એક જુંસરી સાથે બાંધે છે. સુંઢીઆ કોસનાં નાનાં મોડાં આગળ એક નાની દોરી બાંધી એ દોરી કૂવાનાં મોંહ આગળના એક નાના કપ્પામાં પોરવી જુંસરી જોડે બાંધે છે. ઢોળાવઉપરથી બળદ નીચે ઊતરવા માંડે છે એટલે કોસ ઊપર આવે છે. રામીઓ કોસ ફરતો હોય તો બે માણસ જોઇએ, એક બળદ હાંકનાર અને બીજો કોસમાંનું પાણી થાળાંમાં ઠાલવનાર. સુંઢીઆ કોસ સારૂ ફક્ત એકજ માણસની જરૂર પડેછે. એ બળદને હાંકે છે અને પાણી એની મેળે થાળામાં પડે છે. રામીઆ કોસમાં પાણીઉપર આવ્યું એટલે બળદને છોડી નાખવા પડેછે અને પાછા તેને કૂવાના

મથાળા આગળ આણી જોડવા પડે છે. સુંઢીઆ કોસમાંથી પાણી થાળામાં પડયું એટલે બળદને પાછલે પગે વાળી છેક કૂવાના મથાળા આગળ લાવી ત્યાંથી પાછા નીચે ઊતારવા પડે છે. સુંઢીઆ કોસનો ચાલ ગૂજરાતમાં ઘણો નથી. સુંઢીઆથી એક માણસનો ખરચ ઊગરે છે ખરો પણ બળદને પાછલે પગે વારે ઘડીએ ચલાવવાથી તેને ભારે શ્રમ પહોંચે છે. નદી કિનારાની લગોલગ પાણી હોય અને કરાડા જો ઊંચા હોય તો રામીઆ અને સુંઢીઆ કોસવડે તે પાણી કાઢવામાં આવે છે. આને ઢેકુડી કેહે છે. બાગાયતી તુલને પાણી પાવું પડે છે એટલે વાડીની પાસે જો નદી નાળાંની સોઇ નહિ હોય તો ત્યાં એક કૂવો કરવો પડે છે. એક કોસ ફરે એવો એક પાકો કૂવો કરવા પાછળ રૂ. ૭૦૦ સુધીનો ખરચ થાય છે. કાચા કૂવા દશથી વીશ રૂપીઆમાં થાય છે. કાચા કૂવા પડી જઇ પુરાઇ જાય છે એટલે એ ખરચ નકામો જાય છે; પણ પાકા કૂવા કરવાની બધાંને સોઇ હોતી નથી એટલે ઘણા નહિ છુટકે કાચા કૂવા કરે છે. વાડીમાં ઘણુંકરીને આઠ મહિના કોસ ફરે છે. આ આઠ મહિના સુધી બળદની ખાધાખાઇ, માણસનો પગાર અને બીજી ખાધ ગણતાં એક એકર ગોરાડું જમીનને પીત કરવામાં આશરે રૂ. ૫૭ અને બેસર જમીનમાં રૂ. ૪૩ નો ખરચ થાય છે. ખેડુતપાસે ઢોર ઘણાં હોય અને માણસ અને પૈસાની સારી જોગવાઇ હોય તોજ તેનાથી બાગાયતી તુલ થઇ શકે છે. વાડીમાં કેવી જાતનું તુલ કરવું એ જમીનઉપર, કૂવાનું પાણી ખારૂં કે મીઠું છે તે ઉપર અને પાણી બારે માસ કે થોડી મુદતસુધી પહોંચી શકે એટલું હોય તે ઉપર નક્કી થાય છે. જમીન બેસર હોય અને પાણી મીઠું અને બારે માસ પહોંચી શકે એટલું હોય તો શેરડી પકવવામાં આવે છે; જમીન ગોરાટ હોય અને પાણી ખારૂં હોય તો તંબાકુ કરવામાં આવે છે. આ નિયમ કણબી અને કાછીઆ પાળે છે; બીજા લોકો ઘણુંકરીને પાળતા નથી. ગામની નજીક કુવેતર જમીન વરસમાં ફક્ત ચાર મહિનાજ પડતર રેહે છે. જમીનનો કસ સૂસાઇ નહિ જાય તેને સારૂ દરેક વખતે તેમાં ખાતર પુરી જમીનને સારી કેળવવામાં આવે છે.

ભાત—ગૂજરાતની જમીન અને તેની હવા ભાતને ઘણી માફક છે એટક્ષે જેટક્ષો ભાગ ખેડાણ થાય છે તેના દશમાં ભાગમાં ભાત પકવવામાં આવે છે. સૂરત અઠાવીશીમાં ભાતનો પાક વિશેષ અને તેથી ઉતરતો ખેડામાં થાય છે. સૂરત જિલ્લામાં ચિખલી પરગણાનું ભાત તેમજ અમદાવાદ જિલ્લાનું કમોદ નામનું ભાત વખણાય છે. ભાતને પાણી ઘણું જોઇએ તેથી તળાવની પાસે અથવા કોઇ બીજી નીચાણમાં આવેલી જમીનમાં ભાત પકવવામાં આવે છે. વરસાદના પાણીથી જો ભાત પકવવામાં આવે તો તેને આકાસીઉં ડાંગર કેહે છે; અને નદી, તળાવ કે કુવાના પાણીથી પીત કરી પકવવામાં આવે તો તેને પીત ડાંગર કેહે છે. ભાતને કાળી બેસર જમીન ઘણી માફક આવે છે. પારડી અને મોડાસાની ગોરમટી જમીનમાં પણ થાય છે, પણ ગોરાટ જમીનમાં તો તે ઉગતુંજ નથી. ખેડતાં પેહેલાં ખેડુત ખેતરમાં પાણી

ભરાઇ રેહે તેને સારૂ મોટી પાળ બાંધે છે અને જમીનનું તળીઉં એકસરખું કરે છે. આટલું કરવામાં તેને એકરે દશથી વીસ રૂપીઆ ખરચ થાય છે. જુનમાં પેહેલો વરસાદ થયો કે ખેડુત ખેતરમાં ચાર પાંચ વાર આડું અવળું હળ ફેરવી ખેતરને જાડું રગડાવાળું કરે છે. એકલું ભાતજ કરવું હોય તો બે ત્રણ વર્ષે એકવાર ખાતર પુરવું પડે છે; પણ ભાત પછી બીજોપાક ઉતારવો હોય છે ત્યારે તેમાં અરાઢથી ચોવીસ ગાડાં ખાતર પુરવું પડે છે. ભાતની ઓરણી ત્રણ પ્રકારે કરવામાં આવે છે. ભીલ, કોળી વગેરે કાળીપરજના ખેડુતો જ્યાં વરસાદનું પાણી ભરાઇ રહ્યુ હોય છે ત્યાં પાડા ફેરવી કાદવનો રગડો કરે છે, અને એક એકરે સવામણ બી લેખે તેમાં બી હાથે વતી ભભરાવે છે. આ બીમાંથી થોડાનાજ પીલા ફુટે છે. આવી રીતે ખેડાણ કરવાથી જેટલું બી નાખ્યું હોય તેનાથી આઠગણું ભાત પાકે છે. બીજો પ્રકાર કાળી જમીનમાં વાવણિયાં વતી ઓરવાનો છે. ભાતનીસાથે જુવાર અને કપાસ પણ ઓરવામાં આવે છે. ખેતરમાં પાણી ઘણું હોય છે તે બધું ભાત સોસી લેછે એટલે કપાસ અને જુવારને આથી નુકસાન થતું નથી. વળી કપાસ એક વેંતનું થાય છે એટલામાં તો ભાત તૈયાર થઇ જાય છે. આવી રીતે ભાત તૈયાર કરવામાં આવે છે તેને વગડાઉ કેહે છે. એમાં ઓરવામાં એક એકરે અધમણ બી જોઇએ અને તેમાંથી દશથી વીસ મણ ભાત તૈયાર થાય છે. ત્રીજો પ્રકાર રોપણીનો છે. ખેતરના એક ઉંચા ભાગમાં બી નાખી રોપા તૈયાર કરવામાં આવે છે અને જુલાઇમાં જ્યારે એ રોપા એક વેંત જેવડા થાય છે અને એજ અરસામાં જ્યારે ક્યારીમાં પાણી ઘણું હોય છે ત્યારે રોપાનો બબે કે ત્રણ ત્રણનો જુમખો ઉખેડી દરેકને અડધી વેંત દૂરને છેટે ક્યારીમાં રોપે છે. ચમરી આવતાં સુધી ભાતને પાણી પુષ્કળ જોઇએ છીએ. પછી થોડું પાણી હોય તો ચાલે છે. સપ્ટેંબર મહિનામાં થોડાં વરસાદનાં ઝાપટાંની તાણ પડવાથી આકાશીઆ ભાતને ઘણીવાર નુકસાન પહોંચે છે. એક એકર પર આકાશીઆ ડાંગરનો પાક ૩૦થી ૫૦ મણ અને પીતના ડાંગરનો પાક ૫૦થી ૮૦ મણસુધી ઊતરે છે. આકાશીઆ ડાંગરનું ખેતર જો જરા નબળું હોય તો તેને દર પખવાડીએ એક વાર નીંદવું પડે છે. પીત ડાંગરનાં ખેતરમાં નીંદવાનું કામ પડતું નથી. વાવણી પછી ત્રણથી સાડા પાંચ મહિના પછી ભાત પાકી તૈયાર થાય છે. સાઠી ભાત સૌથી પેહેલું અને પંખાળીઉં કમોદ સૌથી મોડું તૈયાર થાય છે. સૂરત જિલ્લાના માંડવી તાલુકામાં અને તે પણ તાપીનદીના ભાઠાંમાં હરી તુલ તરીકે ભાત પકવવામાં આવે છે, પણ બાકી બધે ઠેકાણે તો તે ખરીફ તુલ તરીકેજ થાય છે. દાતરડાંવતી ભાત વઢાઇ રહ્યું કે તેને ખેતરમાં બે ત્રણ દહાડાસુધી સુકવવા દેછે અને ત્યાર પછી ગાડાંમાં ઘાલી ખળીમાં લઇ જઇ તેઉપર ઢોરો ચલાવે છે. બાગાયત જમીનમાં જો કૂવાના પાણીથી ભાત પકવવામાં આવ્યું હોય તો ત્યાં એક વરસે ભાત તો બીજે વરસે શેરડી, ત્રીજે સાલ બીજું કાંઇ વાડીનું તુલ અને ચોથે વરસે પાછું ભાત પકવવામાં આવે છે. બીજે ઠેકાણે તો એકજ જમીનમાં

દરસાલ ભાત કરવામાં આવે છે. ભાત કપાઈ રહ્યું કે ખેતરને બેવાર ખેડવામાં આવે છે અને તેમાં વાલ, વટાણા, ઘેવેલી, ઘઉ કે ચણા ઓરવામાં આવે છે. આ તુલોને બીજા ખાતરની કે પાણીની જરૂર પડતી નથી. ભાતની ચોવીસ જાત છે,- એમાંથી પાંચ, પંખાલી, કમોદ, ઝીણી કોલમ, બંગાલી અને ઇલાચી એ ઉંચી જાત છે. પંખાલીની ખુશબો ઘણી હોય છે. અગીઆર જાતનું ભાત વચલા વાંધાનું છે,- સુકવેલ, જાડી કોલમ, બારેજા, રામસાળીઉં, કેળ-સાળીઉં, માંજરવેલ, સાળીઉં, કડા, વાંકલો, ચાંદનો અને કેળવેલ. છેક ઉતરતી જાત બાકીની આઠ છે-વરૂ, સાઠી, કવચી, દુધની, માલવણ, ડાંગી, ઝીણા કડા અને રામ કડા. જેમ ચોખો લંબગોળ, સફેત, ચકચકતો અને ખુશબો મારતો તેમ તે સારો ગણાય છે. ખેડુતનું મેહેનતાણું અને સરકારનો ધારો વસૂલ કરતાં ખેડુતને દર એકરે ચોખ્ખો નફો સારાં પીતનાં ડાંગરનાં ખેતરમાંથી આશરે રૂ. ૫૯, વચલા વાંધાનાં પીતનાં ડાંગરનાં ખેતરમાંથી રૂ. ૨૨, સારાં આકાશી ડાંગરનાં ખેતરમાંથી રૂ. ૧૫ ને નબળાં ખેતરમાંથી રૂ. ૮ મળે છે. આમાં ભાત શિવાય બીજું તુલ કીધું હોય તેની ગણતરી પણ આવે છે. બી હાથે વતી ભભરાવી વાવ્યું હોય તેમાં એકરે માત્ર રૂ. ૩૬ નો નફો થાય છે.

જુવાર—એને કાળી અને બેસર જમીન ઘણી માફક આવે છે અને એ જમીન જ્યાં હોય છે તે ગામોના લોકોમાં જુવાર ખાવાનો ઘણો ચાલ છે. ગોરાટ જમીનમાં પીત વગર જુવાર સારી પાકતી નથી. જુવાર ત્રણે મોસમમાં થાય છે. ખરીફ એટલે ચોમાસું જુવાર જુન જુલાઇમાં ઓરે છે અને ચાર સાડાચાર મહિના પછી એટલે અક્ટોબરમાં તેને કાપે છે. જુવારનીસાથે કેટલાંક કઠોળો પણ ઓરે છે. એ જુવારને પાણી પાવું પડતું નથી અને ખાતર જવલે પુરે છે. કાળી જમીનમાં એક વરસ જુવાર તો બીજે વરસે ઘઉ કે કપાસ કરે છે અને ગોરાટ જમીનમાં એક વરસ જુવાર તો બીજે વરસે બાજરી કઠોળ કરે છે. એક એકરે સાત શેર બી ઓરે છે. રબી એટલે શીઆળુ જુવારને સારૂ ખેતર જુનમાં ખેડી તૈયાર કરે છે, પણ તેમાં ઓરણી તો આગસ્ટ અને કેટલીકવાર સપ્ટેંબરમાં થાય છે. તેની કાપણી જાનેવારી ફેબ્રુઆરીમાં થાય છે. એક એકરે નવ શેર બી ઓરેછે. એની સાથે બીજું અનાજ ઓરવામાં આવતું નથી; અને એને ખાતર કે પાણી જોઇતું નથી. ઉનાળુ જુવારનેજ પાણી પાવું પડે છે. શેરડી વઢાઇ રહી એટલે માર્ચ મહિનામાં એ ઓરવામાં આવે છે અને નેવું દહાડાપછી એને વાઢવામાં આવે છે. એકરે પીસતાળીશ શેર બી હાથે વતી ભભરાવી ઓરે છે. ઉનાળું જુવાર કડબને સારૂજ કરે છે. જુવારની જેટલી કિંમત ઉપજે છે તેની ચોથી કિંમત ચોમાસું જુવારની કડબની, અડધી શીઆળુ જુવારની કડબની અને પોણી ઉનાળુ જુવારની કડબની ઉપજે છે. અજમાયશ ઉપરથી એમ માલમ પડયું છે કે એક એકરમાં સરાસરી ૮૪૭ શેર જુવાર અને ૬૬૦ કડબના પુળા થાય છે. જુવારની મુખ્ય અગીઆર જાત છે- ગાંગડ, ચપટી, પીળીઆ, સુંઢીઆ, સાઠી, માળવણુ, રાતડીઓ, ઓતવળી,

છાસેટીઆ, મોટી જુવાર અને પટુ. સુંઢીઆ શીઆળુ છે અને તેનો સાંઠો ઘણો ગળ્યો હોય છે. સાઠી સાઠથી એંશી દહાડામાં અને છાસેટીઆ નેવું દહાડાંપછી પાકે છે.

બાજરી—એને ગોરાટ જમીન ઘણી માફક છે. કાળી અને ભેજવાળી જમીનમાં એ થતી નથી. અમદાવાદના દસ્ક્રોઈ અને સાણંદ તાલુકામાં બાજરી ઘણી સારી થાય છે. ખેતરમાં ત્રણવાર હળ ફેરવે છે અને દર ત્રીજે સાલ તેમાં દશ બાર ગાડાં ખાતર પુરે છે. પછી કરબડી અને સમાર ફેરવી જુન જુલાઈમાં ઓરણીનું કામ શરૂ થાય છે. બાજરી એકલી ઓરતા નથી, પણ તેની સાથે, તુવેર, મઠ, મગ, ગુવાર અને તલ ઓરવામાં આવે છે, તે એટલામાટે કે જો બાજરીનો પાક સારો નહિ ઉતરે તો કઠોળ વગેરે સારો પાક આપ્યાવગર રેહેતાં નથી. બાજરીને પાણી પાવું પડતું નથી, પણ ખેતરમાં નીંદવું ઘણું પડે છે. ચાર મહિના પછી એટલે સપ્ટેંબર અકટોબરમાં બાજરી વાઢે છે. જે સાલ ખાતર પુર્યું હોય તે સાલ એકરે બાજરી આસરે ૩૦ મણ તથા કઠોળ અને તલ ૧૬ મણ ઉતરે છે. ગોરાટ બેસર જમીનમાં એક વરસ બાજરી તો બીજે વરસ જુવાર અથવા ત્રિવાર્ષિક કપાસ કરે છે. જબલપુરી અને દેશી એવી બે જાતની બાજરી કેહેવાય છે. જબલપુરી બાજરીનો છોડ અગીઆર ફુટસુધી ઉંચો, તેનો દાણો મોટો અને તેનું કસલું દશ ઇંચ લાંબું હોય છે. દેશી બાજરીનો છોડ પાંચ ફુટથી વધારે હોતો નથી, તેનો દાણો ઝિણો અને તેનું કસલું છ ઇંચ લાંબું હોય છે. જબલપુરી કરતાં દેશી બાજરી મીઠી વધારે હોય છે. વેહેલી મોડી તૈયાર થાય તે ઉપર દેશી બાજરી અકોતર અને પચોતર એ નામે ઓળખાય છે. સારાં ખેતરમાંથી એકરે રૂ. ૩૬ નો અને સાધારણ ખેતરમાંથી રૂ. ૧૧ નો નફો મળે છે. સરકારનું ભરણું એમાંથી આપવું પડે છે. બાજરીની કડબ ઘણી કામમાં આવતી નથી.

ઘઉં—ગૂજરાતમાં બધે થાય છે, પણ ભાલ અને બારાના મુલકમાં એનો પાક સારો થાય છે. કાળી અને બેસર જમીનમાં પાણી ઘણું પચી રેહે છે તેથી એ જમીન ઘઉંને ઘણી માફક છે. ઘઉં પીતથી કે પીતવગર કરવામાં આવે છે. પીત વગરના ઘઉંને ચાસીઆ અને પીતના ઘઉંને વાડીના કેહે છે. કેટલેક ઠેકાણે ચાસીઆ ઘઉંના ખેતરમાં હળ અને સમાર ફેરવે છે, અને જમીનમાં પાણી ગડે તેને સારૂ પાળ બાંધે છે. આને પાળ જીરાયત કહે છે. પણ બારા અને ભાલ મુલકમાં તો જુન મહિનામાં એકવાર રાંપ ફેરવે છે અને ત્યારથી તે અકટોબરમાં ઓરણી થાય છે ત્યાંસુધી ખેતરને પડતર રેહેવા દેછે. ઓરણી વાવણિયાં વડે થાય છે અને માર્ચ મહિનામાં ઘઉંની કાપણી થાય છે. પક્ષિઓ અને કાપડી નામનું ચીડ આ ઘઉં ઘણા ખાઈ જાય છે અને હીમ પડવાથી તેને નુકસાની થાય છે. ચાસીઆ ઘઉંનો છોડ દોઢ ફુટ ઉંચો હોય છે. દરેક કસણાંમાં પંચાસ દાણા હોય છે અને તેની પાછળ સારી કાળજી રાખી હોય તો ઓરૂં હોય તેનાથી વીસ પચીસગણો પાક ઉતરે છે. એનું ખેડાણ બીજા અનાજ કરતાં ઘણું સેહેલું છે. ચાસીઆ ઘઉંની ત્રણ મુખ્ય જાત છે:— હાંસીઆ અથવા દાઉદખાની, કાઠા માલવી અને કાઠા દાઉદી. હાં-

સીઆ ઘઉં ઘણા વખણાય છે અને તેનો દાણો સફેત અને ભરાઉ હોય છે. વાડીના ઘઉંની ઓરણી થતાં પેહેલાં બાર ગાડાં ખાતર પુરે છે, અને પછી બેવાર હળ અને એકવાર સમાર ફેરવે છે. જમીનમાં ચાસ પાડેલી હોય છે તેમાં ડિસેંબર મહિનામાં હાથે વતી બી ભભરાવે છે, અને તેનાઉપર પાછું સમાર ફેરવે છે. એને સાત આઠવાર વાડીના કૂવાથી પીત કરે છે. એની કાપણી અપ્રેલ મહિનામાં થાય છે. વાડીના ઘઉંને ગેરૂ નામનો મરજ લાગવાથી એના છોડ રાતા થઇ જાય છે. આ મરજ ચાસીઆ ઘઉંને લાગતો નથી તે ઉપરથી એમ લાગે છે કે આ મરજ પાણી પાવાથી થાય છે. વાડીના ઘઉંની બે જાત છે, વાજીઆ અને ગોમડીઆ. આ બેઉ જાતના ઘઉં ઝીણા અને ઘણા ઉતરતા છે. એક એકરમાંથી પાક સારો થયો હોય તો ૪૭½મણ ચાસીઆ અને ૫૧ મણ વાડીના ઘઉં ઉતરે છે; અને નબળો પાક હોય તો ૨૦ મણ ચાસીઆ અને ૨૫ મણ વાડીના ઉતરે છે.

જવ--વાડીમાં ભાત વઢાઇ રહ્યું કે ત્યાં અથવા રેતાળ જમીનમાં વાવવામાં આવે છે. ઘઉંને જેમ ગેરૂ લાગે છે તેમ એને લાગતો નથી તેથી ખેડા અને અમદાવાદની ગોરાટ જમીનમાં જવ કરવાનો ઘણો વહિવટ છે. એને વાડીના ઘઉંની પેઠે ખાતર અને પાણી વગેરે જોઇએ છીએ. જવ ખાવામાં થોડા આવે છે, એનું પરાળ ઘુલાંસાથે ઢોરોને ખવાડે છે.

કોદ્રા—ગોરાટ અને બેસર જમીનમાં ગરીબ ખેડુતો ખરીફ જીરાયતી તુલ તરીકે પકવે છે. ખેડામાં કોદ્રાની સાથે તુવેર અને પંચમહાલમાં કોદ્રાની સાથે વગડાઉ ભાત ઓરે છે. કેટલેક ઠેકાણે હળેવતી પાડેલી ચાસમાં કોદ્રા એકલાજ હાથે વતી ભભરાવે છે. એકની એક જમીનમાં લાગલાગટ બે વરસ કોદ્રા થતા નથી. એક સાલ કોદ્રા તો બીજે સાલ જુવાર કે બાજરી કરે છે. કોદ્રાની સાથે તુવેર કીધી હોય તો બીજે સાલ ખાતર પુરવું પડતું નથી. ઓરણી જુનમાં અને કાપણી અક્ટોબરમાં થાય છે. મીઠા અને મીના એવી બે કોદ્રાની જાત છે. મીઠા કોદ્રાનો દાણો જરા કડુચ્ મારતો છે. મીના કોદ્રા જો માણસના ખાવામાં આવે તો ઊલટી અને તમરી આવે છે; ઢોરોના જો ખાવામાં આવેતો તે એકદમ પડી જાય છે અને ઘણા દહાડાસુધી શરીરના સાંધા રહી જાય છે. મીઠાને મીના પારખવાની રીત એવી છે કે જો બેઉને પાણીમાં નાખ્યા હોય તો મીનો ઉપર તર્યા કરે છે અને મીઠા તળે બેસે છે, અને દેવતાઉપર નાખ્યો હોય તો મીઠો ઉપર સેકાય છે અને મીનો બળી જઇ તેનો અંગારો થાય છે. ઘણીવાર ધોવાથી અને ઉપર તરતા દાણા કાઢી નાખી મીના કોદ્રા ખાવામાં લેછે.

નાગલી અથવા બાવટો--એને બેસર જમીન ઘણી માફક છે. બની શકે તો એક સમડીના ઝાડ તળે ભાતની પેઠે જમીન ખેડી, તેમાં સારૂં ખાતર પુરી એકરે સવામણ બી ઓરે છે. પછી છોડને રોપે છે, પણ રોપવામાં ભાતની પેઠે પાણીની ભરેલી ક્યારી જોઇતી નથી. એને હાથવતી હળે ચાસ પાડેલી હોય તેમાંજ રોપે છે. એને એકરે દશ ગાડાં ખાતર જોઇએ, પણ

પાણી પાવું પડતું નથી. જુલાઇમાં ઓરણી અને અકટોબરમાં કાપણી થાય છે. ભાતની માફક એને પણ છાલાં હોય છે અને ખાંડણીઆમાં ખાંડી એ છાલાં કાઢી નાખવાં પડે છે. એનું પરાળ કામમાં આવતું નથી તેથી તેને ખેતરમાં પડી રેહેવા દે છે. સારી જમીનમાં એકરે ૫૧ મણ અને મધ્યમ જમીનમાં ૨૦ મણ નાગલી પાકે છે. ખેડાણનો ખરચ એકરે રૂ. ૧૪ થાય છે. નાગલીમાં મોટો ગુણ એછે કે વરસોના વરસ ભરી મુકી હોય તોપણ તે સળતી નથી.

મકાઈ—એને ગોરાડુ અને કાળી જમીન ઘણી માફક છે. દોહદની ગોરાડુ અને અમદાવાદ જિલ્લાના ઊત્તર ભાગની કાળી જમીનમાં એનો પાક વિશેષ થાય છે. દોહદમાં એ ખરીફ તુલ તરીકે, અને અમદાવાદમાં રબી તુલ તરીકે, પાણી પાઇ કરે છે. ગોરાડુ જમીનમાં ખાતરની જરૂર પડતી નથી; એક બેવાર હળ ફેરવી જુન મહિનામાં ઓરણી થાય છે. ઓરણી થયાપછી વીસ દહાડે પીલા ફુટે છે એટલે તે ઉપર રાંપડી ફેરવી તેને નીદે છે. કાપણી સપ્ટેંબરમાં થાય છે. સાંઠો રાડાંનાજ કામમાં આવે છે. કાપણી થઇ રહી કે પછી તેમાં વગર પીતનાં ઘઉં કે બીજું અનાજ કરે છે. કાળી જમીનમાં ચોમાસુ જુવાર વઢાઇ રહી કે મકાઇની ઓરણી થાય છે. બીજી રીત વાડીના ઘઉં જેવી છે. ત્રણ મહિના પછી દાણો પાકી રેહે છે. વાડીના ઘઉંને જેવો ગેરૂનો મરજ લાગે છે તેવો મકાઇને પણ લાગે છે. પીત કરેલા મકાઇનો દાણો ઝીણો હોય છે, પણ તેનો સાંઠો રસવાળો એટલે તેની કડબ સારી થાય છે. ખરીફ મકાઇનો પાક એકરે રૂપીઆ આઠને ખરચે ૨૦ મણ ઊતરે છે; પીત કરેલા રબી મકાઇનો રૂ. ૧૫ના ખરચે ૨૫½ મણ ઊતરે છે.

બન્ટી અને વરી—બેઉને પકવવાની એક સરખી રીત છે. એ ધાનો કિનારા આગળ માછીઓ, અને અંદરના ભાગમાં કાળીપરજના અને વિશેષ કરીને નાયકડાઓ પકવે છે. આ લોકો જમીનઉપર દવ લગાડે છે, અને જુન અથવા જુલાઇમાં જમીન ભીની હોય ત્યારે બી નાખે છે. ખેડાના કોળીઓ કોદ્રાની માફકજ આ ધાનો પકવે છે. બંટીને ગોરાડુ જમીન ઘણી રૂચે છે. વરસાદ ઘણો જોઇએ છીએ. અનાજ જાનું થાય છે તોપણ એમાં સળો પડતો નથી. અઢી ત્રણ મહિના પછી કાપણી થાય છે.

કાંગ અને ચેણા—એ બેઉ ત્રીજી અથવા હરી મોસમનાં તુલ છે અને બેઉને પકવવાની રીત એકજ છે. નદી કૂવા આગળની ગોરાટ જમીનમાં જવ પછી આ તુલો કરે છે. જમીનઉપર એકવાર હળ અને કલબ ફેરવે છે અને એકરે આઠથી બાર ગાડાં લેખે ખાતર પુરે છે. માર્ચ મહિનામાં ઓરણી ચાલે છે, અને મે મહિનાની શરૂઆતસુધી આઠ દશ દહાડે એકવાર પાણી પાય છે. મેની આખરે કાપણી થાય છે. એકરે સરાસરી પાક કાંગનો ૫૧ મણ અને ચેણાનો ૪૨ મણ ઊતરે છે.

તુવેર—એને બેસર જમીન ઘણી માફક છે. જુન મહિનામાં ખેતર ખેડી તૈયાર રાખે છે, અને જમીન સારી ભીની થઇ હોય એટલે ઓરણી શરૂ થાય છે. તુવેર એકલી ઓરવામાં આવતી નથી. તુવેરની બે ઓળ વચે બીજી બે ઓળ એક કોદ્રાની અને બીજી વગડાઊ ભાત કે જુવારની હોય છે. તુવેરની સાથે રોપવામાં આવેલાં તુલોને નીદવા પડે છે. તુવેરને તૈયાર થતાં આઠ મહિના થાય છે, અને જાનેવારી અને ફેબ્રુઆરીમાં એની સીંગ પાકી રેહે છે. એક એકરે ૧૦થી ૩૦ મણ તુવેર ઉતરે છે. તુવેર જાતેજ ખાતરનું કામ સારે છે. જે જમીનમાં તુવેર કરી હોય તે ઘણી સુધરી જાય છે. કોદ્રા જમીનનો કસ ઘણો ચૂસી લેછે, પણ તુવેરની સાથે તે ઓરવામાં આવે છે એટલે જમીન બગડતો નથી. આ કારણને લીધે શેરડી કર્યાપછી તુવેર કરવામાં આવે છે. વળી તુવેર પછી બીજું અનાજ બીજે સાલ કરવામાં આવે તેને પણ ખાતર જોઇતું નથી. તુવેરની દાળનાં છોડાં ઢોરોને ખવડાવવામાં આવે છે, અને કરાંઠી નાની હોય તો તેથો ગાડાંની બે બાજુ મઢવામાં આવે છે, અને મોટી હોય તો તેને બાળી કોયલા પાડવામાં આવે છે. આ કોયલો બંદુકનો દારૂ બનાવવામાં ઘણો વપરાય છે.

ચણા—એને કાળો અને ગોરાડુ જમીન ઘણી માફક છે. પંચમહાલના દોહદ તાલુકામાં મકાઇ કપાઇ રહ્યાપછી, અને બીજા ભાગમાં ભાત વઢાઇ રહ્યાપછી, ચણા ચાસીઆ ઘઉંની માફક રબી તુલ તરીકે પકવવામાં આવે છે. ઓરણીનું કામ નવેંબરમાં અને કાપણી જાનેવારી ફેબ્રુઆરીમાં થાય છે. એને ખાતર જોઇતું નથી; પાણી તો તમામ કઠોળને પાવું પડતું નથી. ફુલ આવતાં પેહેલાં છોડની મથાળાની કુમળી ભાજી ચુંટી લેઇ ખાવામાં લેછે. આથી છોડ ભરાય છે અને સારો પાક ઉતરે છે. ઘણી ટાઢ પડવાથી ચણામાં જીવડો પડે છે. એક એકરમાંથી સરાસરી ૫া ૨૭ મણ ઉતરે છે. ચણાનો ખાર કાઢવાનો ચાલ ગૂજરાતમાં ઝાઝો નથી.

વાલ તથા વટાણા—દક્ષિણ ગૂજરાતમાં ખેતરમાં ભાત વઢાઇ રહ્યું એટલે એકવાર હળ ફેરવી વગર ખાતરે વાલ અને વટાણા ઓરે છે. પાળ જીરાયત ખેતરને ચોમાસાના ચાર મહિના પડતર રેહેવા દેછે અને અકટોબરમાં દીવેલાની સાથે વાલ વટાણા ઓરે છે. જુવાર બાજરી સાથે પણ ઓરે છે. દુઝાળ ઢોરોને એનું ગોતર ઘણું ખવડાવે છે. મઠ, મગ, અડદ, ચોળા, કુલથી અને ગુવાર, આ બધાં જુવાર બાજરી સાથે ઓરવામાં આવે છે. મઠ અને ચોળાને ગોરાટ અને મગ અને અડદને બેસર જમીન ઘણી માફક છે. આ બધાંને ખાતર અવશ્ય કરીને જોઇતું નથી. પણ જો ખાતર પુર્યું હોય તો પાક સારો ઉતરે છે. લાંગનું વાવેતર ભરૂચમાંજ ઘણું થાય છે. એને કાળી જમીન જોઇએ છીએ. એને જ્યારે જાંબલા રંગનાં ફુલ આવે છે ત્યારે એના છોડ ઘણાજ સુંદર લાગે છે. લાંગની દાળ ઘણી ખાવામાં આવે તો સાંધા રહી જાય છે એવું લોકો કેહે છે. ઓરણી અકટોબરમાં થાય છે અને સાડા ચાર મહિનામાં એ તૈયાર થાય છે. ખેતરમાં ઘણો વખત થયા ખાતર પુર્યું નહિ હોય ત્યારે લાંગ કરવાથી

ખેતર સુધરે છે. **મસુર** સારૂં કઠોળ છે, પણ તેની દાળનું પાણી લોહીવર્ણું થાય છે તેથી ઘણા ઉંચી જ્ઞાતિના હિંદુઓ આ દાળ ખાતા નથી. ભાત વઢાયાંપછી અણાની માફક એ તુલ કરે છે.

તલ—બધી જમીનમાં વગર ખાતરે થાય છે પણ રેતાળ જમીન વધારે માફક છે. ગુજરાતના દક્ષિણ ભાગમાં પાળ જીરાયત ખેતરમાં વાલ અને એરંડીની સાથે તલ ઓરે છે, અમદાવાદમાં બાજરી કઠોળની સાથે અને પંચમહાલમાં એકલા વાવે છે. બી ઝીણું એટલે વાવણિયાંમાંથી બરાબર પડે તે માટે તેને છાણ અને રેતીસાથે મેળવવામાં આવે છે. ઓરણી સપ્ટેંબરમાં અને કાપણી જાનેવારીમાં થાય છે. ત્રણ જાતના તલ થાય છે, ધોળા કાળા અને કાબરા. ધોળાનું તેલ સારૂં ગણાય છે. તેલ પીલ્યાપછી જે ખોળ રેહે છે તે ઢોરોને ખવડાવવામાં આવે છે.

એરંડી—ભાઠામાં સારી થાય છે, તેથી ઉતરતી કાળી બેસરમાં અને તેથી ઉતરતી ગેરાટ જમીનમાં. એને પાણી કે ખાતર જોઇતું નથી. ગોરાટ જમીનમાં એની ઓરણી કઠોળસાથે થાય છે. જુન જુલાઇમાં ઓરાય છે, અને અકટોબરમાં કાપણી થાય છે. બેસર જમીનમાં ચોમાસાનાં ચાર મહિના ખેતર પડતર રાખી વાલનીસાથે, અથવા તો ભાત વઢાયા પછી મગ અને અડદની સાથે ઓરે છે. નવેંબરમાં ઓરાયછે અને ફેબ્રુઆરીમાં વાઢી લેછે. ભાઠાની જમીનમાં અને વાડીમાં એના મોટાં ઝાડ થઇ બારે માસ થાય છે. રબી દીવેલામાંથી દીવેલ ઘણું સારૂં નિકળે છે. એક એકરે દશ શેર બી ઓરે છે. એક મણ દીવેલામાંથી અરાઢ શેર દીવેલ નિકળે છે.

અળશી—એનો પાક ગુજરાતમાં ઝાઝો નથી. પંચમહાલની ભાઠાની જમીનમાં ખસખસનાં ખેતરની કોરે અને બીજે ઠેકાણે ભેજવાળી જમીનમાં ઘઉંનીસાથે અળશી કરવામાં આવે છે. ઘણું કરીને એકલી અળશી કરતા નથી. એક એકરે પાંચ શેર બી ઓરે છે. વાવણિયાં વતી ઓરણી નવેંબરમાં કરે છે. માર્ચમાં કાપણી થાય છે. પંચમહાલની મછન નદીની ખીણમાં ખેતરમાં ખસખસનાં રાતાં અને ધોળાં અને અળશીના આસમાંની રંગનાં ફુલના સંમીશ્રણથી કાપણી થતાં પેહેલાં દેખાવ ઘણો રમણીય લાગે છે. અળશી રોપવાની મતલબ સણને માટે નહિ પણ તેમાંથી નિકળતા તેલને સારૂ છે. મણ બીમાંથી દશ શેર તેલ નિકળે છે. ખોળ ઢોરને ખવડાવવાથી તે ઘણાં માતે છે. **સરસવ** અને **રાઈ** વાડીની ગોરાટ જમીનમાં અથવા બેસર જમીનમાં ઘઉંનીસાથે કરવામાં આવે છે. ઓરણી નવેંબરમાં અને કાપણી માર્ચ મહિનામાં થાય છે. એને પાણી કે ખાતર જોઇતું નથી. બેઉમાંથી તેલ નિકળે છે, સરસવનું તેલ ખાવામાં અને શરીરે ચોળવામાં આવે છે.

કસુંબો—એને બેસર અથવા કોઇ મિશ્રિત જમીન ઘણી માફક છે. જમીન સારી હોય અથવા તો અગાઉ સારૂં ખાતર પુરી કોઇ બીજો પાક ઉતાર્યો હોય તો કસુંબાને સારૂ નવું ખાતર પુરવું પડતું નથી. પણ જો તેમ નહિ હોય તો જુન મહિનામાં એકર દીઠ દસ ગાડાં ખાતર પુરે છે.

ચોમાસામાં ચાર વાર હળ ફેરવે છે અને અકટોબર નવેંબરમાં પાછું હળ ફેરવી ઓરણી કરે છે. વાવણિયાં વતી ઓરણી થાય છે અને એકરે સતર શેર બી જોઇએ. ઓરણી થયા પછી પાંચ છ દહાડે પાણી પાયાવગર પીલા ફુટે છે. જાનેવારીમાં ફુલ આવે છે. એકઆંતરે એકેક પોપચાઉપર ત્રણ ત્રણ ફુલ બેસે છે. ફુલ તરત ચૂંટી લેવામાં આવે નહિ તો પોપચું સુકાઇ જાય છે અને તે ઉપર નવાં ફુલ બેસતાં નથી. ફુલ સવારનાં પહોરમાં ચૂંટી લેછે. એક મહિનામાં ફુલ ચૂંટવાની મોસમ પતી રેહે છે. ફુલ ચૂંટાયાં કે તેને એક દહાડો ઢાંકી રાખી તેલ ચોપડી ત્રણ દહાડાસુધી તડકામાં સુકવે છે. પછી તેનો ભુકો કરે છે. આમાંથી કસુંબાનો રંગ તૈયાર થાય છે. કસુંબાના બીને કાબરી કહે છે અને તેમાંથી મણે દશ શેર લેખે તેલ નિકળે છે. એ તેલ ઘીની સાથે ભેગસેગ કરવામાં આવે છે. એક એકરે આશરે ૭ મણ ફુલ, કિમ્મત રૂ. ૧૫¾ નાં અને કાબરી ૧૦ મણ, કિમ્મત રૂ. ૧૫ની ઉતરે છે. ખેડવાનો ખરચ એકરે રૂ. ૧૭½ થાય છે, એટલે રૂ. ૧૩¼ નો ચોખ્ખો નફો થાય છે.

ભોંઈસીંગ—એને ભાઠાની અથવા વાડીની ગોરાટ જમીન ઘણી માફક છે. જુન મહિનામાં હાથે વતી ઓરે છે અને માર્ચ મહિનામાં ખોદી લેછે. સીંગ ભોંયમાં થાય છે. એનાં પાતરાં ઢોરોને ઘણાં ખવડાવે છે. સોએ ચાળીસ મણ જેટલું એમાંથી તેલ નિકળે છે.

રામતલ—એનો પાક પંચમહાલમાં ઘણો થાય છે. સૂરત જિલ્લામાં એને ખરસાણી કેહે છે. એને કાળી બેસર જમીન ઘણી માફક છે. ઘઉંની સાથે એ ઓરે છે અથવા એકલી પણ થાય છે. એક એકરે પાંચ શેર બી જોઇએ. એને પાણી તથા ખાતરની જરૂર પડતી નથી. એક એકરે ૮થી ૧૨ મણ પાક ઉતરે છે. એ સોંઘા એટલે ઘાંચી લોકો તલની સાથે એને ભેળી પીલે છે.

કપાસ—આ તુલ ગૂજરાતના ખેડુતોની આબાદાનીનું મૂળ કારણ છે. સને ૧૮૬૩-૬૫માં અમેરિકામાં લઢાઇ ચાલી ત્યારથી કપાસનો વેપાર પરદેશ સાથે એટલો બધો વધવા માંડ્યો છે કે હાલમાં જે જગોએ કપાસનું તુલ ઘણું થાય છે તે જગોના ખેડુતો સારી સ્થિતિમાં રેહે છે. અમદાવાદ અને ભરૂચ જિલ્લામાં તથા કાઠિયાવાડ, વડોદરા અને બીજાં દેશી રાજ્યોમાં કપાસ ઘણો થાય છે. કપાસનો છોડ દર વરસે નવો રોપવામાં આવે છે કે તેજ છોડ મોટો થવા દઇ તે ઉપરથી દર વરસે કપાસ ઉતારવામાં આવે છે, કપાસ ડીંડવા સાથે બાઝી રેહે છે કે તેમાંથી છુટું પડી જાય છે, બી કાળાં છે કે લીલાં અને રૂનો તાર લાંબો છે કે ટુંકો, આવાં કારણો ઉપરથી કપાસની પાંચ મુખ્ય જાત પાડવામાં આવી છે: લાલીઉં, વાગડીઉં, જારીઉં, નરમા અને રોઝી. લાલીઆંનો પાક ખંભાતના અખાતના પૂર્વના ભાગમાં અને ઘણુંકરીને ભરૂચ જિલ્લામાં ઘણો થાય છે. એને કાળી જમીન ઘણી માફક છે. એ કપાસ દર વરસે નવો કરે છે. છોડ ત્રણથી ચાર ફુટ ઊંચો અને ઘણો ભરાઉ હોય છે. એને ઘણી ડાળીઓ હોય છે. એનાં પાત્રાં છુટાં પણ જરા

અણીઆળાં, ફુલ પીળાં, અને બી અથવા કપાસીઆ ધોળાસ પડતા હોય છે. ડીંડવા ફાટી એ-માંથી કપાસ બહાર નિકળે છે અને પછી તેને હાથે ટુંપી લે છે. બીજી જાતો કરતાં આ કપાસ મોડો એટલે ફેબ્રુવારી-માર્ચમાં ફુટે છે. એ કપાસમાંથી એક ભાગ રૂ અને બે ભાગ કપાસીઆ નિકળે છે. છોડ જો જૂનો અને જમીનમાં સજ્જડ ગડાયલો હોય તો ખાતર પુરવાથી રૂ વધારે ઉતરે છે, અને ખેતર સારી રીતે ખેડવાથી એના સુતરનો કુમાશ સારો થાય છે. આ રૂ ઘણું ઝીણું અને નરમ છે અને સૂરતને નામે ઓળખાય છે. વાગડીઉં અને લાલીઉં એકજ જાતનું, પણ ખંબાતના અખાતના પશ્ચિમ તરફની શુષ્ક અને ખારાશવાળી અને છાછરી જમીનમાં થવાથી તે ઘણું જૂદું પડે છે. એનો છોડ બે અઢી ફુટ ઊંચો અને સીધો છે અને તેને ડાખળાં હોતાં નથી. એનાં ફુલ પીળાં હોય છે અને જ્યારે ડીંડવાં પાકે છે ત્યારે તે અણીઆળા ભાગ આગળથી ફાટે છે. ડીંડવા સાથે એ ઘણું બાઝીને રેહે છે તેથી એને ડીંડવા સાથેજ ટુંપવામાં આવે છે. ડીંડવા સાથે કપાસ બાઝી રહ્યો હોય તે ડીંડવાંને કાળાં કેહે છે. વેચતી વખતે કાળાંમાંથી કપાસ કાઢી વેચે છે. લાલીઆં કરતાં આ વધારે મેલુંને સૂતર ઘણું ઉતરતું એટલે એ જાડા વણાટમાં આવે છે. વાગડીઆં સાથે નળ કાંઠા અને રણની આસપા-સના મુલકમાં થતું નબળું રૂ ભેળવામાં આવે છે. જારીઉં ખંબાતના અખાતના મથાળાં આગળ ગોરાટ જમીનમાં એટલે ભરૂચના જંબુસર, ખેડાના મેહમદાવાદ અને અમદાવાદના દસક્રોઇ તાલુકામાં થાય છે. છોડને ચાર વરસસુધી ખેતરમાં રેહેવા દે છે, એટલે તે જમી-નમાં સજ્જડ મૂળ ઘાલી છ ફુટ જેટલો ઊંચો થાય છે. પેહેલે વરસે પાક ઉતરતો નથી. વરસ દહાડાનો છોડ થયો એટલે ચોમાસું બેસતાં પેહેલાં જમીનથી એક ફુટ સુધીમાંની બધી ડાખળીઓ કાપી નાખે છે. બીજે સાલ રૂ ઉતરે છે તે ઘણું સારૂં ગણાય છે. ત્યાર પછી પાક નબળો ઉતરે છે, કપાસીઆ કદમાં મોટા થાય છે અને સૂતરનો તાર પણ નબળો અને ટુંકો થતો જાય છે. રૂ કપાસીઆ જોડે ચોંટી જાય છે. છોડને ડીંડવાવાળાં ડાખળાં ઘણાં હોય છે અને એ ડાખળાં દરસાલ કાપી નાખવાં પડે છે. એનું રૂ પણ લાલીઆંની માફક બહાર લટકતું રેહે છે. એ કપાસ પીલતાં ઘણુંકરીને ચોથે ભાગે, પણ જંબુસર તાલુકામાં ત્રીજે ભાગે રૂ નિકળે છે. લાલીઆં સાથે ભેગસેગ કરી વેચવામાં આવે છે. જારીઆં કરતાં ઉતરતું રોજી જાતનું રૂ વડોદરા અને ખેડાની ગોરાટ જમીનમાં ઘણું થાય છે. સારી જાતના રૂ સાથે ભેગસેગ કરવામાંજ એ રૂ વપરાય છે, નરમા અથવા દેવ કપાસ બધી જમીનમાં થાય છે, પણ એને ગોરાટ જમીન ઘણી માફક છે. છોડ પાંચથી પણ વધારે વરસસુધીનો હોય છે. ખેતરની વાડમાં, વાડીમાં અને દેહેરાંની આસપાસની ઝાડીમાં એ છોડ ઘણો જોવામાં આવે છે. રૂ ઘણું નરમ રેશમ જેવું અને મજબુત હોય છે. એનો તાર એક ઇંચ સુધીનો લાંબો થાય છે. મલમલ, પાઘડી અને જનોઇ એનાં થાય છે. વિલાયતી કાપડ આવવા લાગ્યું

ત્યારથી એ કપાસનું વાવેતર બંધ થઇ ગયું છે. પેહેલે સાલ એકર દીઠ ૨½ મણ અને બીજે સાલ ૭½ થી ૧૦ મણ રૂ ઉતરે છે. વરસના બારે મહિના એની દેખરેખ રાખવી પડે છે એ અડચણ મોટી છે. બીજા રૂ કરતાં એનો બમણો ભાવ આવે છે પણ એ રૂ ઝાઝું મળતું નથી.

એકજ ખેતરમાં કપાસ દરસાલ કરતા નથી. એક સાલ જો કપાસ કર્યો હોય તો બીજે સાલ ઘઉં અથવા જુવાર, ત્રીજે સાલ કાંઇ કઠોળ અને ચોથે સાલ પાછો કપાસ કરે છે. ત્રીજે સાલ કઠોળમાં તુવેર કરી હોય તો ચોથે સાલ કપાસ નહિ પણ કાંઇ બીજું ધાન કરે છે અથવા ખેતર પડતર રાખે છે. ભેજવાળી જમીનમાં કપાસની સાથે ડાંગર કરે છે. કપાસના છોડ નાના હોય છે એટલામાં ડાંગર જમીનનો ભેજ સોસી લેછે. ત્રણ વરસનો આંતરો રાખ્યા વગર કપાસ કરવામાં આવે તો તેથી નુકસાન થાય છે. પહેલે સાલ જેટલો કપાસ ઉતરે તેનાથી અડધો પણ બીજે સાલ ઉતરતો નથી. કપાસને સારૂ જમોન એકવાર અને બની શકે તો બેવાર ખેડવી પડે છે. મે મહિનામાં જમીન ઘણી સખ્ત હોય છે એટલે ખેડવાનું કામ વરસાદ થયાપછી શરૂ થાય છે. વરસાદ પડ્યાપછી જમીન પોચી પડી હોય એટલે પાધરૂં હળ ફેરવે છે. જો ખેતર નાનું હોય તો ત્યારપછી પંદર દહાડે બીજીવાર હળ ફેરવે છે. પહેલીવાર હળ ફેરવ્યા પછી નિદા-મણ વગેરે કાઢી નાખવાસારૂ કલબ ફેરવવામાં આવે છે. જુલાઇની પહેલીથી પંદરમી તારીખ સુધીમાં ઓરણી થાય છે. ઓરતા પહેલાં કપાસીઆને કાથાની દોરડીવતી મઢેલા એક ડામચીઆઉપર ઘસે છે. પછી તેને ડોવાયલા પાણીમાં પલાળે છે અને રાખની સાથે રગડોળે છે. આથી ઓરતી વખતે કપાસીઆ એકબીજા જોડે ચોંટી જતા નથી. ઓરણી દાંતાળ વડે થાય છે. એને બેથી ચાર નળા બબે વેંતને છેટે આવેલા હોય છે. દાંતાળ વડે ખેતરમાં ચાસ પડે છે અને નળામાં રહી કપાસીઆ ચાસમાં પડે છે. જારીઆ જાતનો કપાસ ઓરવાનો હોય તો દરેક ત્રીજા ચાસમાં કપાસ ઓરી, વચેના ચાસમાં બાજરી, ડાંગર, કોદ્રા કે બીજું ધાન ઓરે છે. દાંતાળ પછી પાધરૂં કલબ ફેરવવામાં આવે છે. આથી નિંદામણ વગેરે ઉખડી જાય છે અને બી ઢંકાય છે. એક એકરે દશ શેર બી ઓરે છે. આઠ દશ દહાડાપછી છોડ ઉગે છે અને જ્યાં ગુંચવડો થયો હોય ત્યાં તેઓને છુટાછુટા કરી નાખે છે. નિંદામણ વગેરે કાઢી નાખવા તથા મૂળ આગ-ળની મટોડી છુટી પાડવાસારૂ આખી મોસમમાં બે ત્રણવાર કરબડી ફેરવે છે. કપાસને સારૂ ખેતરમાં ખાતર ઘણુંખરૂં પુરવામાં આવતું નથી. જારીઆ જાતના ત્રિવાર્ષિક કપા-સને સોવરસ ઉપર પાણી પાવાનો રીવાજ હતો. આ રીવાજ પછીથી નિકળી ગયો હતો પણ હમણા કોઇ કોઇ ઠેકાણે પાછો દાખલ થયો છે. પીત કરવાથી પાક વધારે ઉતરે છે ખરો, પણ એથી હીમ લાગવાનો વધારે સંભવ છે. કપાસની ચૂંટણી મોસમઉપર રહેલી છે એટલે જે સાલ વરસાદ થોડો તે સાલ ચૂંટણી વહેલી અને જેમ વરસાદ ઘણો તેમ ચૂંટણી મોડી. વરસાદ થોડો થયો હોય તો ડિસેંબરની વીસમી તારીખપછી ચૂંટણી શરૂ થાય છે અને

દશમી ફેબ્રુઆરી સુધીમાં પુરી થઇ રેહે છે. વરસાદ ઘણો થયો હોય તો ફેબ્રુઆરીના વચલા ભાગ પછી ચૂંટણીનું કામ શરૂ થાય છે અને અપ્રેલ ઉતરતાં ચૂંટણી પુરી થઇ રેહે છે. પણ ઘણુંકરીને જાનેવારી ઉતરતાં ચૂંટણી શરૂ થાય છે અને માર્ચ મહિનો ઉતરતાં પુરી થાય છે. વાગડીઆં અને લાલીઆંની બે અને વખતે ત્રણ ચૂંટણી થાય છે. જારીઆંની તો હમેશાં ત્રણ ચૂંટણી થાય છે. દરેક ચૂંટણી વચ્ચે એક પખવાડીઆંનો અંતર હોય છે. કપાસ ઘણુંકરીને ડીંડવાસાથે ચૂંટવામાં આવે છે તેથી અને પાકી ગયલાં ડીંડવા ખરી પડી જમીનઉપર પડે છે તેથી રૂમાં ઘણો કચરો ભરાય છે અને તેથી તેનો ભાવ પણ ઓછો આવે છે. જેમ જેમ ચૂંટાતું જાય છે તેમ તેમ તેની ઢગલી કરવામાં આવે છે અને આખો દહાડો મળી જેટલો કપાસ ચૂંટાયો હોય તેટલો બધો ખેડુત પોતાના વાડામાં લઇ જાય છે. વાડામાં ડીંડવા ભાંગી તેમાંથી હાથેવતી રૂ કાઢવામાં આવે છે. પાતરાં નહિ આવે તેને સારૂ કપાસને દોરડેવતી મઢેલા ડામચીઆ ઉપર પાથરે છે અને લાકડીએ વતી તેને ખૂબ ઝૂડે છે. કપાસ ટુંપાઇ રહ્યો એટલે તેના સારૂં અથવા તુમેલ અને નબળું એટલે રાસી એવા બે વિભાગ કરે છે. વરસાદ થોડો અથવા ઘણો થયો હોય તો કપાસને નુકસાન કરતા થઇ પડે છે. વળી ફુલ આવવાની તથા પાકવાની મોસમમાં વાદળાં થતાં હોય તો તેથી પણ કપાસનાં તુલને નુકસાન થાયછે. હીમ પડવાથી અને ગેરૂ લાગવાથી તથા કીડાથી પણ ઘણું નુકસાન થાય છે. સારૂં ખેડાયલું ખેતર હોય તો તેમાંથી એકરે ૩ મણ ૮ શેરથી ૪ મણ ૩૨ શેર સુધી રૂ ઉતરે છે. ઘણુંકરીને કપાસમાં બે ભાગ કપાસીઆ અને એક ભાગ રૂ ઉતરે છે.

સને ૧૮૧૧ થી અને ૧૮૮૦ સુધીના સીતેર વરસના અરસામાં વિલાયતી કપાસને દાખલ કરી તેને ગૂજરાતનું વતની કરવા પાછળ તથા સારી ખેતીથી દેશી કપાસની જાત સુધારવા પાછળ ઘણો શ્રમ લેવામાં આવેલો પણ બધો વ્યર્થ ગયો. સને ૧૮૪૦ થી ૧૮૪૯ માં ભરૂચમાં અમેરિકાથી ખેડુતો આણેલા. તેઓને કપાસ કરવાની દેશી રીત પસંદ પડેલી નહિ પણ તેઓ અમેરિકાની રીત દાખલ કરી શક્યા નહિ એટલે તેઓને દેશી રીત નહિ છુટકે રાખવી પડેલી. વિલાયતી કપાસમાંનું બુરબોન ખેડામાં, ઇજીપ્શીઅન વીરમગામમાં, જીઓરજીઅન ભરૂચમાં અને ન્યુઓરલીઅન્સ સૂરતમાં રૂચતું આવેલું; પણ આખરે તેને જમીન તથા હવાપાણી માફક આવ્યાં નહિ. ઘણી મેહેનતે સારો પાક ઉતરતો, પણ રૂની જાત ઘણી ઉતરતી લાગી. દેશી કપાસના મૂળીઆં જેવાં જમીનમાં જલદી ઉતરી જાય છે તેવાં વિલાયતી કપાસનાં મૂળ ઉંડાં ઉતર્યાં નહિ. સને ૧૮૬૮ થી ૧૮૭૩ માં મી. સ્ટોરમન્ટે અજમાયશો કરી તે ઉપરથી જણાયું કે ઇન્ડો અમેરિકનની એકપણ જાત ભરૂચના કાલીઆં કરતાં મજબૂતાઇમાં ચઢીઆતી નથી. વિલાયતી કપાસ એમને એમ સારો થાય એમ લાગતું નથી; પણ દેશી અને પરદેશીના મિશ્રણ થવાથી વધારે ફાયદો થાય એમ જણાય છે.

સણ—એને કાળી અને ગોરાટ જમીન ઘણી રૂચે છે. સણ ખાતર તરીકે અથવા તેના રેશા માટે કરવામાં આવે છે. જ્યારે ખાતરને સારૂ સણનું વાવેતર કરવું હોય ત્યારે ખેડુત એકરે ૨૩ મણ બી ખેતરમાં વરસાદ પડયાપછી તરતજ હાથેવતી ભભરાવે છે. બે ત્રણ મહિનાપછી ખેતરમાં હળ ફેરવી છોડને જમીનમાં મેળવી દેછે, અને ત્યાં તેને કોહવા દેછે. આ પછી તે ખેતરમાં બાગાયતી કે રબી તુલ કરે છે. જેટલો ફાયદો ત્રીસ ગાડાં ખાતર પુરવાથી થાય છે તેટલો ફાયદો સણ આવી રીતે જમીનમાં મેળવી દેવાથી થાય છે. રેશાને માટે સણ બીજાં તુખીસાથે તૈયાર કરવામાં આવે છે. અકટોબરમાં છોડ કાપી લેછે અને ઘણા છોડનો ભારો બાંધી તળાવ અથવા નદીનાં પાણીમાં તેને કોહવડાવે છે. એક અઠાવાડીઆ પછી તેમાંથી રેશા કાઢી સુકવે છે. પંચમહાલમાં વણજારાઓ પોઠનેસારૂ સણના કોથળા કરે છે. બીજે ઠેકાણે સણનો ખપ નથી.

ખરભેન્ડી અને ભેન્ડી—એના રેશાનાંપણ દોરડાં કરવામાં આવે છે, પણ તે સણ જેવાં મજબૂત નથી.

ગળી—એનો પાક હાલમાં ઝાઝો થતો નથી. સોળમી અને સતરમી સદીમાં ગૂજરાતના જાયાત માલમાં ગળી મુખ્ય હતી. એમાંની કેટલીક ગૂજરાતમાંજ થતી અને કેટલીક બંગાળાથી આવતી. સને ૧૭૭૭માં ગૂજરાતમાં ગળીનો પાક અને તેની સાથે દેશમાં તેનો ખપ ઘણો હતો, ત્યાર પછી એનો પાક કમી થતો ગયો અને આખરે ૧૮૨૭માં તો ગળીનું વાવેતર છેક બંધ થયું. એ વરસમાં ગળીનો ખપ ઘણો હતો તેથી સરવે ખાતાના કેપ્ટન ક્રુકશેન્કને એવું લાગ્યું કે જો થોડો ઘણો આશ્રો આપ્યો હોય તો ખેડા અને વિશેષ કરીને પેટલાદના ખેડુતો ગળી કરે ખરા. આ ઉપરથી અજમાયશ કરવામાં આવી પણ તે નિષ્ફળ ગઇ. ત્યારપછી ગળી ઝાઝી થતી નથી. ગળી પાછળ મેહેનત ઘણી અને નાણું રોકવું પડે તેથી અને તેનીસાથે રંગ કરવામાં જીવહિંસા થાય છે એટલે ખેડાના કણબી ખેડુતોને ગળી કરવી ઘણી પસંદ નથી. ગળીના પાકથી જમીન ઘણી ફળદ્રુપ થાય છે. ગળી ગોરાટ જમીનમાં થાય છે. વરસાદ થતાં પેહેલાં ખેતરમાં બે ત્રણ વાર હળ ફેરવે છે અને ખાતર પુરે છે. તરફેણ વડે બી ઓરે છે. છોડ મોટા થયા પછી તેને વારે ઘડીએ નીંદે છે, સપ્ટેંબરમાં પાક તૈયાર થાય છે, કાપતી વખતે પાતરાંને પલળવા દેતા નથી. રંગ પાતરાંમાંથી કાઢવામાં આવે છે પછી તે લીલાં હોય કે સુકાં. લીલાં પાતરાંમાંથી રંગ કાઢવો હોય ત્યારે સવારના પહોરમાં પાતરાં લઇ એક લાકડાનાં કુંડાંમાં ઘાલી તેમાં પાણી ભરેછે. પાતરાં તળીએ બેસે તેને સારૂ મથાળા આગળ ભારણ મુકે છે. રાતે કુંડાં ફદફદવા માંડેછે. સવારે એ કુંડાંમાંનું પાણી બીજા કુંડાંમાં ભરે છે અને તેમાં લાકડી વતી ખૂબ હલાવે છે, એટલે કાળો રંગ થાય છે. આખો દહાડોસુધી આમાં રંગ રેહેવા દેછે, બીજે દહાડે તેને ત્રીજા કુંડાંમાં ખાલી કરે છે. બીજાં કુંડાંમાં તળીએ જે કચરો બાઝયો હોય તે ઉસરડી

લેછે અને તેની પોટલી જોરથી બાંધી ઝાડઉપર લટકાવે છે. પાણી બધું નીતરી રેહે એટલે પોટલી છોડી નાખી તેને બારણા આગળ પાથરે છે, અને તેના ચકતાં પાડે છે. એક એકરે ૪૫ શેર જેટલા રંગ તૈયાર થાય છે. ખરચ ખુટો જતાં એકરે રૂ. ૧૯ નો ચોખો નફો મળે છે.

તંબાકુ–ખેડાનો અને વિશેષ કરીને ચરોતરનો આખા ઇલાકામાં ઘણો વખણાય છે. એની બે જાત છે, તળબદો અને ખાનદેશી. તળબદાના છોડ બે ફુટ ઉંચા હોય છે. પાતરાં મોટાં, રસવાળાં, અણીઆળાં અને નરમ હોય છે. તેની ડાંખળી ભરાઉ અને પાકયા પછી પાતરાંનો રંગ ઘેરાશ પડતો પીળો હોય છે. એ નબળી જમીનમાં પણ થાય છે. એને ઘણું ખાતર જોઇતું નથી. ખાનદેશી તંબાકુ ખાનદેશથી લાવી હીંઆ રોપવામાં આવ્યો છે. એના છોડ બે ફુટ જેટલા ઉંચા હોય છે. તળબદા કરતાં એનાં પાતરાં ટુંકાં અને સાંકડાં, જરા અક્કડ અને રંગે વધારે ઘેરાં અને ચળકાટ મારતાં છે. એ સારી જમીનમાંજ થાય છે. એને ખાતર ઘણું પણ પાણી ઓછું જોઇએ છીએ. ખાનદેશીનો પાક તળબદા કરતાં ત્રણ ગણો ઓછો ઉતરે છે પણ તેનો ભાવ વધારે આવે છે અને તેને ઝાઝું પાણી પાવું પડતું નથી. તંબાકુ પાણી પાઇને અને વગર પાણીએ કરવામાં આવે છે. પાણી પાયલાને પીત અને વગર પાણી પાવલાને કોરાટ કેહે છે. કોરાટ કરતાં પીત બમણો પાક આપે છે; પણ પીત કરેલાનાં પાતરાં જરા કઠણ હોવછે અને કોરાટ કરતાં અડધો ભાવ આવે છે. પીત કરેલા તંબાકુને ગોરાડુ જમીન ઘણી માફક છે. મે મહિનાની આખરે અને વરસાદ પડતાં પેહેલાં વાડાઓ તૈયાર કરવામાં આવે છે. આ વાડા ઝાડપાનથી ઢંકાયલા હોય છે, તેમાં પાણીની સારી સોઇ હોય છે અને જમીન સારી અને સુકી હોય છે. આમાં ઘાસ, પાતરાં અને ઝાડોની ડાંખળીઓ પાથરી અડધા ફુટનું થર બનાવે છે. બધું સુકાઇ જાય એટલે તેને સળગાવે છે અને રાખ ત્યાં પડી રેહેવા દેછે. વરસાદ થયાપછી એટલે જુલાઇની શરૂઆતમાં તે ઉપર હળ ફેરવી રાખ જમીનસાથે એકમેક કરી દેછે. રાખોડી વગર બીજું ખાતર પુરવું હોય ત્યારે ખાતર પુરી જમીન ખેડે છે. ખેતર સાફ કરી તેને એક સરખું કરે છે. ત્યારપછી બી હાથે વતી ભભરાવે છે. છોડ જરા મોટા થયાપછી જો વરસાદ પડે નાહે તો તેને પાણી પાવું પડે છે. છોડ મોટા થાય એટલામાં ખેડુત ખેતર તૈયાર કરે છે. જેવી જમીન તે પ્રમાણે ખેતરમાં ખાતર પુરે છે. એકરે વીસથી પાંત્રીસ ગાડાં ખાતર જોઇએ છીએ. ખાતરમાં બકરાં ઘેટાંની લીંડી, છાણ, તળાવનો ચિખલ કે રાખ પુરે છે. ખાતર પુર્યાપછી ખેડવાનું કામ શરૂ થાય છે. હળ ફેરવતી વખતે ખેડુત ઘણી ચોકસી રાખે છે કેમકે તે ઉપર પાકનો આધાર રહેલો છે. આઠ દશ વાર હળ ફેરવે છે, અને તે એવી રીતે કે એક વખતે ઉત્તર દક્ષિણ તરફ તો બીજી વાર પૂર્વ પશ્ચિમ ભણી. એકવાર હળ ફરી રહ્યું કે તે ઉપર સમાર ફેરવી ખેતર એક સરખું કરે છે. આખરે તે ઉપર કરબડી ફેરવી ખેતર ચોખું કરે છે. આગસ્ટ મહિનો ઉતરતાં વાડામાંથી તરૂ ઉખેડી આ ખેતરમાં રોપે છે. વાડો જો એક એકરનો હોય તો તેમાં ઉગેલા તરૂવતી વીસથી ચાળીસ એકરસુધી ખેતર રોપાઇ રેહે છે.

ચપુએ વતી તરૂ મૂળીઆં આગળના મંટાડાસહીત ઉખેડી લેવામાં આવે છે. તેને એક ટોપલીમાં આડા મુકી ખેતરમાં લઇ જઇને હાર બંધ રોપે છેં. એક હાર બીજી હારથી અને એક છોડ બીજા છોડથી પીત કરેલો તંબાકુ હોય તો દોઢ ફુટને છેટે અને કોરાટ હોય તો બે ફુટને છેટે હોય છે. રોપતા પેહેલાં તરૂના નીચલા ભાગનાં પાતરાં તોડી લેછે. તેનાં મૂળીઆં જમીનમાં બરોબર ગડાય ત્યાંસુધી તડકો સખ્ત પડતો હોય તો તેનાઉપર ડાંખળીનો અથવા પાતરાંનો છાયડો કેટલાક દહાડાસુધી કરવો પડેછે. છોડ મોટો થતાંસુધી ખાનદેશી તંબાકુને ત્રણ વાર ને તળબદાને જેવું કુવાનું પાણી તે પ્રમાણે પાંચથી બારવાર પાણી પાવું પડે છે. છોડ સારો મોટો થયો એટલે તેને ફુલ આવે છે. આ ફુલ ઘણી સંભાળથી ચુંટી લેછે અને છોડનો બધો રસકસ તેના આઠથી બાર મોટાં અને રસવાળાં પાતરાંમાં ઉતારે છે. તંબાકુને ઘણી રીતે નુકસાની પુંહોંચે છે. કીડા એને ઘણી ઇજા કરે છે. પાતરાંનો રંગ જ્યાં લગણ બદલાય નહિ ત્યાં લગણ આ કીડાને સવાર સાંજ શોધી ખંખેરી કાઢવો પડે છે. વળી બીજા કીડાઓ પણ તંબાકુને ઇજા કરે છે. એક જાતનો કીડો મળીઆં આગળ બાઝ છોડને સુકવી નાંખે છે. આમ થાય છે ત્યારે તેને ચીઠ કેહે છે. બીજી જાતનો કીડો થાય છે તે થડ ને ડાંખળીઓ કોલી ખાય છે અને છોડને મોટો થવા દેતા નથી. આને ગંધોર કેહે છે. તડકો અને ટાઢ સખ્ત હોય ત્યારે પણ તંબાકુને નુકસાન પહોંચે છે. તડકો ઘણો સખ્ત પડતો હોય તો ચંચેલી જાતનો રોગ થાય છે. પાતરાંઉપર ડાઘા પડે છે અને તે સુકાઇ જાય છે. શરદી ઘણી હોય તો છોડ ઉપર છારૂં બાઝે છે અને તેથી પાતરાંમાંનો રસકસ ચુસાઇ જાય છે. હીમ પડવાથી પણ આખા ખેતરમાં ભારે નુકસાની થાય છે. પીત કરેલા તંબાકુને તૈયાર થતા સાત ને વગર પીત નાને પાંચ મહિના થાય છે. પાતરાં પીળાં થઇ ઝઝુમાય એટલે તેને કાપી લેછે. એકરે ચાલીશેક છોડને ફુલ આવવા દેછે. આમાંથી જે બી નિકળે છે તે વડે બીજે સાલ ઓરણી થાય છે તંબાકુ બે જાતનો કરે છે, કાળીઓ અને જરદો. કાળીઓ પીવામાં આવે છે અને જરદો પીવામાં અને સુંઘવામાં. કાળીઓ તંબાકુ કરવો હોય તો છોડને મૂળ આગળથી છેદી નાખે છે અને પછી તેને તડકામાં સુકવી વારે ઘડીએ ઉપર તળે કરે છે. મૂળ ડાંખળી ઘણી જાડી હોય તો જલદી સુકાય તેને સારૂ તેને ઉભી ચીરે છે. ચાર પાંચ દહાડાસુધી તડકો ખવડાવ્યાપછી તંબાકુને ઘરમાં અથવા એક માંડવામાં લઇ જાય છે. હીંઆ પાતરાંઓને ગોઠવે છે. નીચલાં બગડેલાં અને ઉપલાં નાનાં પાતરાંની એક અને સારાં વચલાં પાતરાંની બીજી એમ બે ઢગલી કરે છે. આનાપછી પડા વાળે છે. આ પડા એકથી ત્રણ શેર વજનના હોય છે. પડાઓ ગોઠવી તેનાઉપર ત્રણ દહાડા સુધી સાદડી ઢાંકી તેમાં પાણી છુટવા દેછે. પછી તેને છુટા કરી નાખે છે અને એક અઠવા-ડીઆપછી પાછા એકઠા કરી ફદફદવા દેછે. આપ્રમાણે ચાંર પાંચવાર કરે છે. આ કરવામાં ઘણી કાળજી રાખવી પડે છે. જો તંબાકુને ઘણીવાર સુધી ફદફદવા દે અથવા તો બરાબર ફદફદતા પેહેલાં તેને છુટો પાડી નાખે તો તંબાકુ બગડી જાય છે. કાળીઓ તંબાકુ ઘણો જલદ અને તેની વાસ

સારી હોય છે. આથી તેનો ગડાકુ બનાવી પીવામાં આવે છે. જરદો તંબાકુ કરવો હોય તો હરીઆં-વતી પાતરાં કાપી નાખેછે પછી દસપંદર દહાડાસુધી તેને સુકવે છે. ઓસ પડવાથી પાતરાં સવારનાં પહોરમાં ભીતાં હોય છે તેવાં ને તેવાં તેને માંડવામાં લઇ જવામાં આવે છે. જેમ જેમ સુકાતાં જાય છે તેમ તેમ હીંઆ તેના પડા બાંધે છે. પડા બાંધતી વખતે પાતરાં ઘણાં સુકાઇ ગયલાં જણાયતો તે ઉપર થોડું પાણી છાંટે છે. એકવાર અને જરૂર લાગે તો બેવાર તેને ઢાંકીઢુંકીને ફદફદવા દેછે. પડા બંધાઇ રહ્યાપછી પંદર દહાડે તેને વેચવા કાઢે છે. જરદો બીડીમાં અને ખાવામાં ઘણો વપરાય છે. જરદાની તપખીર પણ કરવામાં આવે છે. તપખીર સારૂ કાળીઓ પણ સાથે મેળવે છે, તે એવી રીતે કે ત્રણ ભાગ જરદો તો એક ભાગ કાળીઓ. તપખીર સારૂ પાતરાં અને ડાંખળીઓપણ ઘુંટવામાં આવે છે. તપખીર ઘુંટતા પેહેલાં પડા છોડી નાખી તે ઉપર સંચોરાનું પાણી છાંટે છે. પછી તેની ઢગલી કરી તેને ફદફદવા તથા તડકામાં ખૂબ સુકવવા દેછે. પછી કુંડામાં તેને ઘુંટે છે.

અફીણ—સને ૧૮૭૮ના પેહેલા આકટથી અફીણનું વાવેતર ખાલસા મુલકમાં બંધ કરવામાં આવ્યું છે. વડોદરાના કડી પ્રાંતમાં એનું વાવેતર હાલમાં થાય છે. અફીણ માટે જમીનને વાવણી કરતાં પેહેલાં ચાર મહિના પડતર રાખે છે, અને તેને દશ વખત ખેડી બી રોપે છે. અફીણ કરતાં પેહેલાં તેમાં બાજરીનું તુલ કેટલેક ઠેકાણે કરે છે. બાજરી વઢાઇ રહી કે તરતજ ખેતરમાં ત્રણવાર હળ ફેરવીને પાણી પાય છે. જમીન સુકાઇ રહી કે તેને પાછી ત્રણવાર ખેડે છે. જમીન જો પડતર રાખી અફીણ કીધું હોય તો પાક સારો ઉતરે છે અને તેનો રંગ પણ બહુ ધેરો હોતો નથી. જુન મહિનામાં વરસાદ પડયાપછી વિંઘે ૩૫ મણ લેખે ખાતર પુરે છે. ખાતર ત્રણ વરસે એકવાર જોઇએ. ખાતરમાં ઢોરનું છાણ મુતર પુરે છે અને મળી શકે તો તેમાં ભાઠાંનો ચિખલ મેળવે છે. બી ઓરતાં પેહેલાં ખેતરમાં પાંચથી આઠ ફુટ સમ ચોરસ કિત્તા કરે છે અને પાણી બધે ઠેકાણે એક સરખું પથરાયલું રેહે તેને સારૂ જમીન સરખી કરે છે. આ કિત્તાઓમાં ખસખસ હાથે વતી ભભરાવે છે, પછી જમીન ખોદી પાધરૂં તેને પાણી પાય છે. ખસખસ હવાયલી નહિ હોય અને એક વરસ દહાડાની હોય તોજ તે બી માટે કામ લાગે છે. વિંઘે બસેર બી જોઇએ. એને પાણી ઘણું જોઇએ છીએ અને દરેક કિત્તામાં પાણી પહોંચે તેને સારૂ નીક કરવી પડે છે. છોડને સાત વાર પાણી પાવું પડે છે; પેહેલું બી ઓરયાપછી, બીજું ત્યારપછી ચાર દહાડે, ત્યાર પછી ચાર વાર પખવાડીઆને અંતરે અને છેલ્લું ફુલ આવ્યાંપછી. છોડને વળી ત્રણ વાર નીંદવા પડે છે. દર વખતે જે કાંઇ નીંદામણ ઉગ્યું હોય તે કાઢી નાખે છે અને છોડ એક બીજાથી આઠ ઇંચને અંતરે રેહે એવી રીત તેને આઘા કરવા પડે છે. પીલા ફુટયા એટલે અને ત્યારપછી પખવાડીઆને અંતરે બે વાર પાછું નીંદામણ કરવું પડે છે. કરમાઇ ગયલા છોડને જોગીડા કહે છે અને તે કાઢી નાખે છે. કેટલાએક છોડ વાંઝીઆ હોય

છે એટલે તેમાંથી રસ નિકળતો નથી પણ તેમાં ખસખસ થાય છે એટલે બીને વાસ્તે એવા છોડા રાખે છે. છોડ કુમળા હોય તો તેનું શાક કરે છે. જે પેહેલા રોપ્યા હોય તેને જાનેવારીમાં અને પાછળથી રોપ્યા હોય તેને ફેબ્રુઆરીમાં ફુલ આવે છે. ફુલની કળી ઉપર ખુલ્લા ભુરા રંગની છારી બાઝે છે અને એ રંગ જ્યારે હાથે લાગતો નથી ત્યારે છેદવાનું કામ શરૂ થાય છે. વેહેલી મોડી વાવણી થઇ હોય તે પ્રમાણે છેદવાનું કામ ફેબ્રુવારી કે માર્ચ મહિનામાં શરૂ થાય છે. નરેણી વડે કળીના નીચલા ભાગથી શરૂ કરી ઉપલા ભાગ લગણ એકીવાર ત્રણ કાપ મુકે છે. પછી એક નાના ખરપાને તેલ ચોપડીને તેવડે રસ ઉસરડી લેછે અને તેને એક ટીકાબીમાં તેલ ચોપડી ઠાલવે છે. દરેક દહાડે જેટલો રસ એકઠો થાય તે ઘેર લઇ જઇ એક કુળડામાં ભરે છે. રસ કાઢવાસારૂ ખેડુતને માણસો રાખવા પડે છે. એક વાર છેદ પાડયાપછી પાછો બેવાર ત્રણ દહાડાને આંતરે છેદ પાડી શકાય છે. એકરે બાર શેર રસ ઉતરે છે, પણ એનો કાંઇ નિયમ નથી. હવામાં જરા ફેરફાર થાય તો અફીણના પાકને નુકસાની લાગે છે. વાદળાં થયાં હોય, રાત્રે ઓસ ભારે પડયો હોય, પૂર્વ તરફથી પવન જોરમાં વાતો હોય, કમોસમે વરસાદ થયો હોય, તાપ સખ્ત પડતો હોય અને હીમ પડતું હોય, તો પાકને થોડુંઘણું નુકસાન થાય છે. વાંદરાઓને ખસખસનો ઘણો શોખ એટલે તેનો પણ ત્રાસ ભારે હોય છે, અને તેઓ ઘણું નુકસાન કરે છે. અફીણ શિવાય એમાંથી ખસખસ થાય છે. એ ખસખસ એમની એમ વપરાય છે અને તેમાંથી તેલ પણ કાઢે છે. અફીણ કરવાથી જમીન ઘણી સુધરે છે અને બીજા સાલનો પાક ઘણો ઉતરે છે. ખસખસ કરવાથી ખેડુતને એકરે આશરે રૂ. ૩૩ નો ચોખ્ખો નફો મળે છે.

સને ૧૮૭૮નાં વરસથી કડી પ્રાંતમાં અફીણ ખરીદ કરવા તથા વેચવાનો કુલ અખત્યાર વડોદરા સરકારે પોતાની પાસે રાખ્યો છે એટલે ખેડુતથી પોતાની મરજી મુજબ અફીણનું વાવેતર થઇ શકતું નથી. અફીણનું વાવેતર તથા બનાવવાનાં કામઉપર દેખરેખ રાખવાસારૂ ગાયકવાડ સરકારતરફથી ખાસ માણસો રાખવામાં આવ્યાં છે, અને પરવાનો લીધા શિવાય કોઇથી અફીણનું વાવેતર થતું નથી. અફીણનો જેટલો ખપ લાગે તે પ્રમાણે તેનું અમુક વરસમાં વાવેતર નક્કી કરવામાં આવે છે, અને એ નક્કી થયાપછી વહિવટદાર તરફથી ખેડુતોને અમુક વીઘાં ખેડવાનો પરવાનો મળે છે. પરવાનો મેળવવાસારૂ ખેડુતને ગામના તલાટીની મારફતે વહિવટદારને અરજી કરવી પડે છે. વાવેતર કરતાં પેહેલાં ગાયકવાડ સરકાર અમુક ભાવે અફીણ ખરીદ કરશે એવું દરેક ખેડુતને કેહેવામાં આવે છે, પછી જો તેને ભાવ પરવડતો હોય તો તે વાવેતર કરે. વાવેતર કર્યું હોય તો પછી ખેડુતપાસેથી નક્કી કરેલે ભાવે અફીણ ખરીદ કરવામાં આવે છે. વાવેતર કરવામાં જો ખેડુતને પૈસાની જરૂર પડે તો સરકાર તરફથી વિંઘે આઠ દશ રૂપિયા ધીરવામાં આવે છે. દરેક તાલુકામાં અફીણ તોળી ખરીદ કરવાનાં ઠેકાણાં નક્કી કરવામાં આવે

છે, તથા કયે ઠેકાણે અને કયી તારીખે બેડુ પો નું અફીણ ત્યાં લઈ જવું તેની અગાઉથી ખબર આપે છે. જે ઠેકાણે અફીણ કર્યું હોય ત્યાંજ અને તેજ દહાડે તેને પૈસા ચુકવી આપે છે. ભેગસેગવાળું તમામ અફીણ જપ્ત કરવામાં આવે છે. આ બધે ઠેકાણે અફીણ એકઠું થયું એટલે તેના થેલા કરી સીદ્ધપુર મોકલે છે અને ત્યાં ચીન તથા દેશાવર મોકલવાસારૂ તૈયાર કરવામાં આવે છે.

શેરડી—એનો પાક સૂરત અઠાવીશીમાં વિશેષ થાય છે. એની ત્રણ જાત છે- ધોળી, રાતી અને વાંસી. ધોળી શેરડી અસલ મોરીશીઅસની અને ગૂજરાતમાં સને ૧૮૩૨માં દાખલ થયલી. એમાં રસ વધારે અને પીલવી સેહેલી છે. રાતી અસલ દેશી છે. એને પાણી થોડું પાવું પડે છે અને શીઆળવાં એને ઝાઝું નુકસાન કરી શકતાં નથી. વાંસી એ પાતળી છે અને જ્યાં ભેજ હોય છે ત્યાં થોડી થોડી કરવામાં આવે છે. વાડીમાં જમીન બેસર હોય અને કૂવાનું પાણી મીઠું અને બારે માસ પહોંચે એટલું હોય તો તેમાં શેરડી કરે છે. જુન મહિનામાં ખેતર ઉપર હળ અને સમાર ફેરવે છે. વરસાદ પડયાપછી તેમાં સણ રોપે છે. સપ્ટેંબર મહિનામાં સણના છોડ બે ફુટસુધી ઉંચા થાય છે એટલે હળ ફેરવી તેને જમીન સાથે એકમેક કરી નાંખેછે, અને તેને કોહવા દેછે. પછી તેમાં સોદોડસો ગાડાંપુર તળાવના તળીઆંનો કાદવ અથવા ભાઠાંની જમીનમાંનો કીચડ નાંખે છે. આ જો નહિ મળે તો ત્રીસ ચાળીસ ગાડાં ખાતર પુરે છે. આ પછી ખેતરમાં તેરથી સોળવાર હળ, કરબડી અને સમાર અનુક્રમે ફેરવી ખેતરને એક સરખું કરી નાંખે છે. નવેંબર મહિનામાં ઓરણી થાય છે. ઓરણી નાગલ વડે અથવા હાથે વતી પણ થાય છે. નાગલ વતી થયલી ઓરણી સારી ગણાય છે. આ નાગલને ચારથી છ જોડી બળદ જોડવામાં આવે છે. નાગલની વચમાં એક કાણું હોય છે અને તેમાં રહી સાંઠો જમીનની અંદર છ થી આઠ ઇંચની ઉંડાઇએ આડો પડે છે. એક એકરમાં ત્રણ હજાર શેરડી ઓરવાને સારૂ જોઇએ. દરેકના ત્રણ ત્રણ પેરીઆં કરવામાં આવે છે અને દરેક પેરીઆંમાં પાંચથી સાત આંખ હોય છે. આ આંખમાંથી નવી શેરડી ફુટે છે. પણ નાગલસાથે અથડાવાથી વચલી આંખો રદ્દ થઇ જાય છે એટલે જેટલી આંખ હોય તેમાંનો ૩/૪ ભાગ ફુટવા પામે છે. ૯ હજાર પેરીઆંમાંથી ૧૫થી ૨૦ હજાર શેરડીના મોટા સાંઠા ફુટી નિકળે છે. દરેકમાંથી ત્રણથી પાંચ નાની શેરડી આડકતરી ફુટે છે, એટલે એક એકરમાં બધુંમળી ૪૫થી ૮૦ હજાર શેરડી થાય છે. હાથે વતી ઓરણી કરવી હોય તો શેરડીનાં એકએક વેંત જેવડાં પેરીઆં કરવામાં આવે છે. ઓરણી થઇ એટલે ખેતરમાં સમાર ફેરવે છે. પીલા ફુટવા માંડે એટલે પાવડે વતી ખેતરમાં કિત્તા કરે છે, અને દરેક કિત્તાને દશથી ચૌદ દહાડાને આંતરે પાણી પાય છે. આખા વરસમાં બધા ખેતરને ચોવીશ વાર પાણી પાવું પડે છે. ચાર વાર ખેતર નીદવું પડે છે અને ખેતરની આસપાસ વાડ કરી તેની ઉપર નજર રાખવી પડે છે. ડિસેંબરમાં એટલે તેર મહિના પછી શેરડી

કાપી નાંખે છે. શેરડી કાપવાનું કામ રાત્રે અથવા સવારના ત્રણથી સાત વાગતાં સુધી ચાલે છે. આ વખતે ઓસ પડવાથી પાતરાં ભીનાં હોય છે એટલે બાણથી કાપનારનો હાથ કપાતો નથી જેમ જેમ શેરડી કપાતી જાય તેમ તેમ તેનું બાણ કાપી નાંખી તેનાં ત્રણ ત્રણ કકડા કરી કોલાંમાં પીલી તેનો રસ કાઢે છે. બાર પંદર મણ રસ એકઠો થયો કે તેને કઢાઇમાં નાંખી રસનો ૧/૫ થી ૧/૬ ભાગ બળી રેહે ત્યાંસુધી ઉકાળે છે. બળતાં ત્રણ ચાર કલાક થાય છે. પછી તેને ઠંડો પડવા દઇ માટલાંમાં ભરે છે અને તેમાં તેને હલાવે છે. એકજ ખેતરમાં શેરડીનો પાક ચાર પાંચ વરસે એકવાર કરે છે. શેરડી વઢાઇ રહયા પછી છ મહિનાસુધી ખેતર પડતર રાખે છે. પછી તેમાં તુવેર અથવા જુવાર કરે છે. એ વઢાયાપછી પાછાં એજ તુલ કે આદું કરે છે અને પછી શેરડી પાછી કરે છે. શેરડીના રોપાને છાંયડો કરવાસારૂ સાથે દીવેલી પણ રોપે છે. એક એકરે શેરડી કરવાથી ખેડુતને આશરે રૂ. ૩૯૦ નો ચોખ્ખો નફો મળે છે. [૧]

આદું—એને સારી જમીન જોઈએ છીએ. વરસાદનું પાણી ખેતરમાં ભરાઇ રહે તો આદું કોહી જાય છે, તેથી કાળી બેસર જમીન કરતાં ગોરાડું બેસર એને વધારે માફક છે. એકર દીઠ ૩૦ ગાડાં ખાતર, ને તેટલાંજ ગાડાં તળાવનો કિચ્ચડ જોઇએ. વરસાદ થતાંસુધી ખેતરમાં નવ વખત હળ તથા કરબડી ફેરવે છે, અને પછી રોપણી થાય છે. ૯ ફૂટ લાંબાંને ૪ાા ફૂટ પહોળા એવા ખેતરમાં કિત્તા કરી તેમાં આદાંની ગાંઠ જમીનની અંદર ૨ ઇંચ ઉંડાઇએ ખોસે છે ને પછી તેને પાધરૂં પાણી પાય છે. તડકો ઘણો લાગે નહિ તેમાટે તેનાઉપર ભાત તથા બાજરીનું પરાળ નાખે છે. નવેંબર મહિનામાં ખોદી કાઢતાં પહેલાં તેને બારવાર પાણી પાવામાં તથા ત્રણવાર નિંદામણ કરવામાં આવે છે. એકરે ૧૭૫ થી ૩૦૦ મણસુધી આદું ઉતરે છે. આદાંને સુકવીને તેની સુંઠ કરવામાં આવે છે. જેટલું લીલું આદું હોય તેના ચોથા ભાગ જેટલી સુંઠ થાય છે. આદાંની સાથે બાજુએ રતાળુ પણ કરે છે.

મરચાં.—મરચાંની ચાર જાત છે-તુંબડીઆ, બેર મરચાં, કોસ્તરી અને લવેંગીઆ. તુંબડીઆં તુમડા આકારનાં, બેર મરચાં ગોળ, કોસ્તરીઆં ૩ થી ૪ ઇંચ લાંબાં અને લવેંગીઆં ઝીણાં. મરચાં ગોરાડુ અને કાળી જમીનમાં થાયછે. જુન મહિનામાં જમીનમાં ૧૬ ગાડાં ખાતર પુરી એડે છે, અને ચોમાસામાં દરમહિને એકવાર કરબડી ફેરવી ખેતર સ્વચ્છ રાખે છે. એકરે પાંચ શેર બી

---

૧. ખરચની વિગતઃ ખાતર રૂ. ૨૭; સોળ વખત હળ ફેરવવાનો રૂ. ૨૪; બી રૂ. ૪૮; રોપણી રૂ. ૮; નિંદામણ રૂ. ૩; પાણી પાવાના રૂ. ૫૭; વાડ રૂ. ૮; સાચવણી રૂ. ૧૨; કુલ રૂ. ૧૮૭; શેરડી ખેતરમાં બે મોસમસુધી રહે એટલે બે વરસનો જમીનનો દર રૂ. ૫૦; ગોળ પીલામણઃ કઢાઇ અને કોલાંનું ભાડું રૂ. ૬; બળતણ રૂ. ૬; કોલું ફેરવવાસારૂ આણેલા બળદનું ભાડું રૂ. ૧૮; ચૌદ માણસનો રોજ રૂ. ૩૭; ગોળ ભરવાનાં માટલાં રૂ. ૫; કુલ રૂ. ૭૨; એકંદર ખરચ રૂ. ૩૧૦ ઉપજ ૧૭૫ મણ ગોળ, ૪ રૂપીઆના ભાવે કિમ્મત રૂ. ૭૦૦. કુલ નફો રૂ. ૩૯૦.

જોઇએ. જે ઠેકાણે વાવ્યાં હોય ત્યાંથી ઉખેડી સપ્ટેંબર મહિનામાં બીજે ઠેકાણે પાંચ પાંચનો ઝૂમખો કરી ૩॥ ફુટને અંતરે રોપેછે. પહેલે મહિને થોડુંક પાણી પાવું પડેછે, પછી વરસાદ નહિ હોય તો બાર બાર દહાડે પાણી પાય છે. એકરે ૧૭૦ થી ૩૪૦ મણ સુધી લીલાં મરચાં ઉતરે છે. માર્ચ મહિના લગણમાં મરચાં પાકી રહેછે, ત્યારપછી તેને ચુંટી લેછે. પંચમહાલની ભેજવાળી જમીનમાં જે મરચાં થાય છે તે બીજે ઠેકાણે પીત કરી કરવામાં આવે છે તેના કરતાં ઘણાં સારાં છે. લવેંગીઆં મરચાં ઝાઝાં કરવામાં આવતાં નથી.

લસણ—એને કાળી બેસર જમીન ઘણી માફક છે. જૂનથી અક્ટોબર સુધીમાં ખેતરને સાત વખત ખેડેછે ને તેમાં ૪૦ ગાડાં ખાતર પુરેછે. જમીન ગોરાટ હોય તો તેમાં બીજા ૪૦ ગાડાં તળાવનો કિચ્ચડ પૂરવો પડેછે. પંજેટી ફેરવી ખેતર એકમેક કરેછે, ને પછી લસણની કળી છુટી કરી જમીનની અંદર ૩ ઇંચની ઉંડાઇએ હાથે વતી ૬ ઇંચને છેટે બેસેછે. માર્ચ મહિના સુધી દશ દહાડામાં એકવાર તેને પાણી પાવું પડે છે. માર્ચ મહિનામાં લસણ ખોદી કાઢેછે. બીથી દસગણો પાક ઉતરે છે.

હળધર—એને બેસર જમીન ઘણી માફક છે. સૂરત જિલ્લામાં જલાલપોરમાં શેરડીનાં ખેતરની કોરઉપર અને ખેડા અને ધોળકાની મળીઅત જમીનમાં તે ઘણુંકરીને રોપવામાં આવે છે. હળદની ગાંઠ ૬ ઇંચ ને છેટે હારબંધ રોપે છે. જૂન મહિનામાં રોપણી થાય છે ને નવેંબરમાં તેને ખોદી લે છે. બે ગુંઠા જમીનને માટે એકમણ ગાંઠ જોઇએ. ગાંઠ રોપી હોય તેથી ૨૯ ગણો પાક ઉતરે છે.

વરિયાળી—એને ગોરાટ જમીન માફક છે. એકરે દશ ગાડાં ખાતર જોઇએ. જૂનથી અકટોબર સુધીમાં ખેતરમાં ત્રણ વખત હળ કરબડી તથા સમાર ફેરવવામાં આવે છે. એકરે ૯ શેર બી જોઇએ છે. ચાસમાં હાથે વતી બી ભભરાવી તેને જાનેવારી સુધી ૧૫ દહાડામાં એકવાર પાણી પાવું પડે છે. વરિયાળી લીલીજ તોડી લેવામાં આવે છે ને તેને જમીનઉપર પાંચ દહાડા-સુધી સુકવવા દેછે. એકરે સરાસરી ૧૮ મણ પાક ઉતરે છે.

સૂઆ—ખરીફ તુલ ઉતાર્યાપછી ફેબ્રુઆરીમાં રોપવામાં આવે છે અને જૂન મહિનામાં તૈયાર થાય છે. એકરે ૧૭ થી ૩૦ મણ પાક ઉતરે છે. એની ખેતી બીજી રીતે વરિયાળી માફકજ થાય છે.

ધાણા—વાડીની બેસર જમીનમાં થાય છે. નવેંબરમાં રોપી ફેબ્રુઆરીમાં કાપી લેછે. એકરે ૩૪ શેર બી જોઇએ ને તેમાંથી ૧૭ થી ૩૪ મણસુધી ધાણા ઉતરે છે. ધાણાની કાયમી થાય છે.

જીરૂં—વાડીમાં પાળઉપર થાય છે. નવેંબર મહિનામાં એકરે ૯ શેર લેખે બી ઓરેછે ને તેમાંથી ૨૪ મણ જીરૂં ઉતરે છે.

અજમો—વાડીમાં ગોરાટ જમીનમાં થાય છે, અક્ટોબરમાં ઓરવામાં આવે છે. પખવાડીઆમાં એકવાર પાણી પાવું પડે છે. જાનેવારીમાં કાપણી થાય છે. એકરે ૯ શેર બી જોઇએ ને તેમાંથી ૧૨ મણ અજમો ઉતરે છે.

મેથી—વાડીમાં થાય છે. નવેંબર મહિનામાં ઓરણી ને ફેબ્રુઆરીમાં કાપણી કરે છે. પખવાડીએ એકવાર પાણી પાય છે. એકરે ૩૫ શેર બી જોઇએ ને તેમાંથી ૨૬ મણ મેથી ઉતરે છે.

અલુખડા—અથવા બટાટા—નાના તે અલુખડા અથવા અરબી તથા મોટા તે બટાટા કહેવાય છે. બટાટાને ભાઠાંની અથવા ગોરાટ જમીન ઘણી માફક છે. એને ખાતર ઘણું જોઇતું નથી. જો ભાઠાંની જમીન હોય તો તેમાં એક બેવાર હળ ફેરવવું પડે છે ને પછી કરબડી તથા સમાર ફેરવી ચોમાસું ઉતર્યાપછી ખેતરમાં પાળ કરવી પડે છે. ગોરાટ જમીન હોય તો તેને બીજી બાગાયતી જમીનની માફક ચોમાસાંમાં ખેડવી પડે છે ને તેમાં નવેંબરમાં ખાતર પુરે છે. પાણીની નીક ઉપર કરેલી પાળમાં ૯ ઇંચથી ૧ ફૂટને છેટે બટાટા રોપે છે. જે પ્રમાણે હવામાં શરદી તે પ્રમાણે સાતથી દસ દહાડામાં એકવાર તેને પાણી પાવું પડે છે. માર્ચ મહિનામાં બટાટા ખોદી લેછે. એકરે ૧૫ મણ બટાટા બી તરીકે જોઇએ ને તેમાંથી ૧૫૦ થી ૩૦૦ મણ બટાટા ઉતરે છે.

સકરીઆં—એને ગોરાડુ જમીન માફક છે. એને સારૂ ચોમાસાંમાં ખેતર ખેડી અને નીંદી સાફ કરવામાં આવે છે ને અક્ટોબરમાં ૧૮ ગાડાં ખાતર પુરે છે. જાનેવારી અથવા ફેબ્રુઆરીમાં સકરીઆંને જમીનમાંથી ખોદી લેછે. એ મુદતમાં તેને સાતવાર પાણી પાવું પડે છે. એકર દીઠ સરાસરી પાક ૨૨૦ મણ ઉતરે છે.

કાંદા—એની બે જાત છે, રાતા અને ધોળા. રાતામાં વધારે તીખાસ હોય છે. એને કાળી અથવા બેસર જમીન ઘણી રૂચેછે અને એકરે વીસ ગાડાં ખાતર જોઇએ. એકરે પંદર શેર બી નાખી એને પેહેલાં વાડામાં રોપવામાં આવે છે. છોડ મોટા થયા એટલે તેને ક્યારામાં રોપે છે અને ત્યાં તેને અઠવાડીઆમાં એકવાર પાણી પાયછે. એનો પાક રબી અને હરી મોસમમાં થાય છે. સોળવાર પાણી પાયું હોય તો ચાર સાડાચાર મહિનામાં એ તૈયાર થાય છે. બીને સારૂ કાંદાને જમીનમાં આઠ મહિનાસુધી રેહેવા દે છે. એકરે ૧૭૦ થી ૨૫૫ મણ કાંદા ઉતરે છે. ડુંગળી જાતની કાંદાની ત્રીજી જાત છે વાડીમાં કળી રોપી કરવામાં આવે છે. એ ચારથી છ અઠવાડીઆમાં તૈયાર થાયછે.

ગાજર—આગસ્ટથી મે સુધીમાં ગમે ત્યારે થાય છે. વાડીમાં બી ભભરાવી કરવામાં આવેછે અને કેટલેક ઠેકાણે છોડ તૈયાર થયા પછી રબી મોસમમાં ક્યારામાં લઇ રોપવાથી પણ થાય છે. એને સારી જમીન જોઇએ છીએ અને રોપા લઈ જતી વખતે તેનાં મૂળીઆંને આંચ લાગે નહિ તેમાટે ઘણી કાળજી રાખવી પડે છે. એકેક વેંતને અંતરે રોપા રોપે છે. ત્રણ મહિનામાં પાક

તૈયાર થાય છે. મથાળા આગળની ડાળી કાપી નાખ્વામાં આવે તો છોડ વધ્યો જાય છે. એકરે ૧૨૫ થી ૨૫૦ મણસુધી પાક ઉતરે છે.

મુળા મોગરી—બારે માસ થઇ શકે છે. બેઉને સારી ગોરાટ જમીન અને એકરે ત્રણ શેર બી જોઇએ છીએ. બે ત્રણ મહિનામાં પાક તૈયાર થાય છે. મોગરીનાં સારાં બી મળવાં મુશ્કેલ છે અને એક શેરના રૂપીઆ બે પડે છે. છ ચોરસ ફુટના કિત્તામાંથી આખી મોસમમાં રૂપીઆ એકના મુળા મોગરી ઉતરે છે.

અળવી—ભેજવાળી જમીનમાં થાય છે અને તેને પાણી ઘણીવાર પાવું પડે છે. એ ખેતરમાં ખુણાઉપર અથવા ઘરના વાડામાં થાય છે. આખાં ખેતરમાં એકલી અળવી રોપવામાં આવતી નથી. રોપ્યાપછી સાતમે મહિને પતરવેલીઆં તૈયાર થાય છે.

સુરણ—એની ગાંઠ જો જમીનમાં ત્રણ વરસ રેહેવા દીધી હોય તો તે વધીને ૧ા મણ જેટલી મોટી થાય છે. મૂળ ગાંઠમાંથી બીજી નાની ગાંઠો થાય છે અને તેને વરસ દહાડાપછી ખોદી કાઢવામાં આવે છે. સુરણમાં રગડો ખાતર પુરવું પડે છે. એને જ્યારે ફુલ આવે છે ત્યારે તે એટલી તો ખુશબો મારે છે કે માખીઓ તે ઉપર આવી બેસે છે. ઉનાળામાં તેને અઠવાડી-આમાં એકવાર પાણી પાવું પડે છે. સુરણને આખું વરસ રાખી મુક્યું હોય તો તે બગડતું નથી.

સીંગોડાં—તળાવમાં ભોઇ લોકો કરે છે. જ્યારે તળાવ સુકાઇ ગયલું હોય ત્યારે તેની ભેજવાળી તળેટીમાં સીંગોડાં ઘાલે છે. વરસાદ પડવાથી જુન મહિનામાં તળાવ ભરાઇ જાય છે અને સીંગોડાં ફુટી તેના છોડ પાણીઉપર આવે છે. મૂળીઆં જમીનસાથે ઘણાં સજ્જડ બાઝેલાં હોય છે. સપ્ટેંબરમાં તેને ધોળાં ફુલ આવે છે અને અકટોબરમાં તે ઉપર ફળ આવે છે. પાતરાં-ઉપર કીડા ઘણા બાઝે છે અને તેઓને જો કાઢી નાખવામાં નહિ આવે તો સીંગોડાં પાકવાં પામતાં નથી. કીડા કાઢી નાખ્વાસારૂ ભોઇ લોકો માટલાં બાંધી તરે છે અને પાતરે પાતરૂં ખોળી તેમાંથી કીડો કાઢી મારી નાખે છે. એક એકર તળાવની સપાટીમાંથી દશ મણ એટલે રૂ. ૩૦ નાં સીંગોડાં ઉતરે છે. તળાવ જો બી રોપતી વખતે ભરેલું હોય તો માંહે ડુબકી મારી બીને તળીઆમાં ખોસવું પડે છે.

રતાળુ—આદાંના ખેતરની પાળમાં વરસાદ પડતાં રોપવામાં આવે છે. એકરે ૫ મણ ગાંઠ જોઇએ છીએ. આદાંને સારૂ જે ખાતર પુર્યું હોય અને તેને જે પાણી પાવામાં આવ્યું હોય છે તે રતાળુને પણ પહોંચે છે. નવેંબરથી તે જાનેવારી સુધીમાં કંદ જમીનમાંથી ખોદી લે છે. એકરે ૫૦ થી ૧૫૦ મણ જેટલા કંદ ઉતરે છે. લાલ અને ધોળા એવી એની બે જાત છે.

વેગણ—કુવેતર અને ભાઠાંની જમીનમાં ઘણાં થાય છે. ભાઠાંની જમીનમાં પાણી અને ખાતર જોઇતું નથી. કુવેતર જમીનમાં ખાતર પુરી વેગણનાં બી સપ્ટેંબરમાં નાખે છે અને છોડ જરા મોટા થયો એટલે તેને બીજે ઠેકાણે બે ફુટનું અંતર રાખી રોપે છે. બે મહિના પછી તેને ફુલ

આવે છે અને ચારથી સાત મહિનાસુધી તેને વેગણ આવે છે. ચોમાસાંવગર બીજી મોસમમાં દસ દહાડે એકવાર તેને પાણી પાવું પડે છે. ભાઠાંમાં પણ વેગણનાં બી સપ્ટેંબરમાં નાખે છે. પાણી પાવાથી પાક વધારે ઉતરે છે ખરો પણ તેની જાત કાંઇ સુધરતી નથી. એકરે ૧૫૦ થી ૩૭૫ મણસુધી વેગણ ઉતરે છે. વેગણની ઘણી જાત હોય છે. વિલાયતી વેગણની બે જાત છે, નાનાં અને મોટાં. નાનાં કાંઇ કામમાં આવતાં નથી. મોટાંને સારૂ બી શીઆળામાં નાખે છે, અને તેને પાણી પાવું પડે છે. વાડીમાં સારૂં ખાતર પુરી વેગણ કરવામાં આવે તો તે સાડા ત્રણ મહિનામાં ફળે છે. કીડાઓ અને પક્ષીઓ ઘણાં ખાઇ જાય છે. આથી એને કકડે વીંટાળી રાખવાં પડે છે અથવા તો પુરાં પાકયાં પહેલાં તોડી લેવામાં આવે છે.

આરીઆં, ચીભડાં, ડોડકાં અને કાંકડી—વાડામાં અથવા તો ગોરાટ જમીનવાળાં ખેતરની કોરઉપર કરવામાં આવે છે. જમીન કોદાળી વતી ખોદી ખાડો કરી તેમાં ત્રણ ચાર બી ભભરાવે છે અને રાખ અથવા બીજું ખાતર પુરે છે. ચોમાસાંમાં જેટલો વરસાદ પડે છે તે એને બસછે. એમ કરતાં જો એને પાણીનો ખપ લાગે તો કૂવા અથવા તળાવમાંથી પાણી પાય છે. વેલા અઢી મહિનાના થયા એટલે તે ફળવા માંડે છે, અને એક મહિનો સુધી ફળે છે. દર વેલા ઉપરથી ૧½ થી ૩ મણ જેટલાં ફળ ઉતરે છે.

ગલકાં અને તુરીઆં—એ પણ ચોમાસાંમાં થાય છે. એનાં બી પણ કાકડીની માફક જમીનમાં નાખે છે. ત્રણ ચાર મહિનામાં એને ફળ આવે છે. એના વેલા વાડ અથવા ઘરનાં છાપરાંઉપર ચઢાવે છે.

કારેલી—એનાં બી ચોમાસાંમાં ખાડો ખોદી નાખે છે અને એના વેલા ચઢાવે છે.

કંકોડાં (કંટોલાં)—એના છોડ વાડમાં બારે માસ હોય છે અને એની મેળે ઉગે છે. એના થડ આગળ છેદી થોડું ખાતર પુર્યું હોય તો એથી ફાયદો થાય છે. એ ચોમાસાંમાંજ ફળેછે.

દુધી, પંડોળાં અને તુમડી—ઘરના વાડામાં અથવા વાડીમાં એક બાજુએ ચોમાસાંમાં કરવામાં આવે છે. વરસાદનું પાણી તેને બસ થાય છે. પાણી પાવાથી પાક સારો ઉતરે છે. દુધીના વેલા છ મહિનામાં, અને તુમડી અને પંડોળાંના વેલા ચાર મહિનામાં ફળે છે.

કોળું—જમીનમાં ખાડો ખોદી તેમાં ખાતર પુરેલી માટી પુરી જુન મહિનામાં બી નાખવામાં આવે છે. એને પાણી ઘણું જોઇએ, અને એનાં મૂળ આગળ વારે ઘડીએ ખાતર પુરવું પડે છે. રાખ અને ઘરનાં પુંજાનું ખાતર એને ઘણું રૂચે છે. રબી મોસમમાં કુવેતર જમીનમાં એનાં બી રોપે છે અને પાંચ મહિનામાં એ ફળે છે. એના વેલા ભોંયઉપર ચલાવવામાં આવે છે. એના ઉપર ખપ જેટલાં ફુલ બેઠાં એટલે વેલાનો બબડતો છેડો ચોડેકથી કાપી નાખે છે. એક વેલાઉપર પાંચ દશ કોળાં થાય છે. એકેકું કોળું વીશ શેર જેટલું થાય

છે. એક એકર જમીનમાં હજાર વેલા દરેક છ ફુટને અંતરે રોપી શકાય. પણ એક એકર જમીનમાં આટલા બધા વેલા કરવામાં આવે તો ગુંચવડો થાય છે અને જે કીડો એ વેલાને ખાઇ જાય છે તે સેહેલથી જડતો નથી, માટે ઘણુંકરીને એક એકર જમીનમાં પાંચસેથી વધારે વેલા કરવામાં આવતા નથી.

રાજગરો—વાડીના એક બે ક્ત્તિામાં કરવામાં આવે છે. રાજગરો ફરાળમાં ખાવામાં આવે છે. એની ભાજી પણ થાય છે.

કુદનો—કુંડામાં બી નાખી અથવા જુની ડાંખળી ખોસી કરવામાં આવે છે. એ બારે માસ થાય છે. કોરી મોસમમાં એને પખવાડીઆમાં એક વાર પાણી પાવું પડે છે.

તાંદળજા અથવા ચોળાઇ—એ ભાજીને કોરી મોસમમાં પાણી પાવું પડે છે. બે મહિનામાં ભાજી તૈયાર થાય છે. મેથી, રાઇ અને અસાળીઆની ભાજી વાડીમાં પાસે પાસે થાય છે. ત્રણથી છ અઠવાડીઆમાં ભાજી તૈયાર થાય છે. કાછીઆ લોકો બારે માસ ભાજી કરે છે.

ભીંડી—ખારાસ વગરની બધી જમીનમાં થાય છે. ગોરાડુ જમીન વધારે માફક છે. ચોમાસાંમાં વરસાદનું પાણી એને બસ થાય છે. ચાર મહિનામાં એ ફળે છે. બીજી મોસમમાં એ વાડીમાં પણ કરવામાં આવે છે. પણ એ ખરીફ મોસમમાંજ સારી થાય છે. જુવાર બાજરીની સાથે ભીંડીનાં બી પણ ઓરવામાં આવે છે. એનો છોડ ઘણો કામનો છે, ભીંડાં ખાવામાં આવે છે, તેની ડાળી પાણીમાં બોળી રાખી તે પાણી પીવાથી ઝાડો નરમ પડે છે, તેનાં પાતરાં પોટીસમાં આવે છે, બી જવને ઠેકાણે વપરાય છે અને છોડમાંથી રેશા નિકળે છે.

ફાળસાં—સૂરતમાં ઘણાં થાય છે. ઉનાળામાં ફાળસાં પાકે છે. ફાળસાં દરસાલ થાય છે ખરાં, પણ પાક સારો ઉતરે તેને સારૂ ફાળસીના છોડને લાગલાગટ બે વરસસુધી ફળ આવતાં પેહેલાં કાપી નાખે છે. આથી ત્રીજે સાલ પાક સારો ઉતરે છે. ફાળસાં બેસતાં પેહેલાં એક બે મહિના આગમજ અને વરસાદ તરત નહિ થાય તો છોડ કાપી નાખ્યાપછી તરત એને પાણી પાવું પડે છે. ફાળસી કુવેતર જમીનમાંજ થાય છે. છોડ છ ફુટને અંતરે રોપવામાં આવે છે. ખરીફ મોસમનાં ધાન વગેરે તુલો કરવામાં ફાળસી નડતી નથી. મુસલમાનોમાં ફાળસાંનો શોખ વિશેષ છે. એનો શરબત કરવામાં આવે છે.

ખડબુચાં (સકરટેટી)—નદીની તળેટીમાં બારે માસ થાય છે, પણ હરી મોસમમાં ઘણુંકરીને વધારે. એ મોસમમાં તડકો ઘણો આકરો પડે છે એટલે ખડબુચાં સારાં પાકી રેહે છે. ભાઠાંની જમીનમાં મૂળ અંદર ઉતરે ત્યાંસુધી વેલાને પાણી પાવું પડે છે. ખાતર બહુ જોઇતું નથી. ત્રણ મહિનામાં એ ફળે છે. ખડબુચાં થયાપછી તેને રેતીમાં દાબ્યાં હોય તો તેમાં મીઠાશ વધારે આવે છે. મૂળ આગળ જે ખડબુચાં થાય છે તેમાં મીઠાશ વધારે હોય છે તેથી

ચાર પાંચ ખડખુચાં થયાં એટલે વેલાનો લબડતો છેડો થોડો કાપી નાખવામાં આવે છે. વેલા ઉપર જો ઘણાં ખડખુચાં થવા દેતો તેમાં મીઠાશ રેહેતી નથી, અને તેનું કદ પણ મોટું થતું નથી.

તરબુચ અને કલીંગડ—એ બેમાં ફેર છે. તરબુચ કાછીઆ લોકો ભાઠાંની અથવા બાગાયતી જમીનમાં કરે છે. નવેંબરમાં રોપે છે, ઘણું પાણી પાય છે અને સાત મહિનામાં તે ફળે છે. તરબુચની છાલ ઘેરા લીલા રંગની હોય છે, તેનાં બી કાળાં અથવા ઘેરાં રાતાં, અને તેનો ગર રતાશ પડતો અને મીઠો છે. કલીંગડ માર્ચથી જુન મહિનામાં કોળી લોકો કરે છે. એને તૈયાર થતાં ચાર મહિના લાગે છે. કલીંગડની ચામડી ધોળાસ પડતા લીલા રંગની, તેનાં બી ધોળાં, અને તેનો ગર પણ ફીકો હોય છે.

કેળ—એને ગોરાડ જમીન ઘણી માફક છે. ચોમાસાં પેહેલાં જમીનઉપર ચાર વાર હળ ફેરવવામાં આવે છે અને તેમાં તીસ ગાડાં ખાતર અને તીસ ગાડાં તળાવનો ચિખલ પુરવામાં આવે છે. વરસાદ પડયાપછી જમીનઉપર પાછું ચાર વાર હળ ફેરવે છે. પછી જૂની કેળમાંથી જે પીલા ફુટયા હોય છે તે એમાં રોપે છે. સાડાચાર હાથને અંતરે રોપા મુકે છે, એટલે એક એકર જમીનમાં ૮૫૦ કેળ રોપાય છે. કેળને અકટોબરથી મે સુધી બે ત્રણવાર પાણી પાવું પડે છે. વરસાદ ઉતર્યાપછી કેળની આસપાસ બકરાંની લીંડી અને ખોળ પુરવાથી કેળને ઘણો ફાયદો થાય છે. ચૌદ મહિનાની કેળ થઇ એટલે તેને કેળાં આવવા માંડે છે. બધાં કેળાં આવી રેહેતાં બીજા બે મહિના થાય છે. દરેક જુમખામાં સાઠથી એંશી કેળાં હોય છે. એકરે સાઠ હજાર કેળાં ઉતરે છે. કેળાં કાચાં ને કાચાં દુકાનદારોને વેચવામાં આવે છે. દુકાનદારો તેને પકવે છે. આપવા લેવામાં હજારે બસેં કેળાં કડનાં આપે છે. તાપડીઆં અને સુનેરી એવી કેળાંની બે જાત છે. કેળને ખાતર ઘણું જોઇએ છીએ એટલે કેળ વાવી હોય તો ખેડુતથી બીજાં તુલમાં ખાતર ઘણું વપરાતું નથી. કેળ કરી હોય તો એકરે રૂ. ૪૫થી રૂ. ૬૫સુધીનો ચોખો નફો પડે છે.

અનનાસ—સૂરત જિલ્લાના બે તાલુકામાં થાય છે. શેરડી અથવા કેળના ખેતરમાં એક કોરે એનું થડીઉં બે મહિનામાં ઘાલે છે. ખેતરમાં એને પાણીની સોઇ સારી જોઇએ છીએ, એટલે પાણીની મોરી કરેલી હોય છે ત્યાં આગળ એને રોપે છે. એમાં ખાતર રગડો કરી પુરવામાં આવ્યું હોય તોજ એ વરસ દહાડામાં ફળે છે. એના રેશા કામમાં લેતા નથી.

નાળીએરી—સૂરત અઠાવીશીમાં ઘણી ખરી થાય છે. એને દરીઆ કાંઠો અને તેની સાથે રેતાળ જમીન ઘણી રૂચે છે. મીઠાં પાણીની પણ સારી છુટ જોઇએ છીએ. પાણીની મોરી પાસે બે ત્રણ ફુટ ઉંડો ખાડો ખોદી તેમાં ચોમાસાંમાં નાળીએરનો ત્રોપો ઘાલવામાં આવે છે. તડકો ઘણો નહિ લાગે તેને સારૂ તેનાઉપર છાંયડો કરે છે. ત્રણ વરસનો છોડ થયો એટલે

તેને પાણીની જરૂર પડતી નથી. મીઠું અને દરીઆમાંનો કચરો માફકસર પુર્યો હોય તો ઝાડનો ઉઠાવ સારો થાય છે. સાત વરસનું ઝાડ થયું એટલે તે ફળવા માંડે છે અને સો વરસસુધી તે ફળે છે. વરસ દહાડે એક ઝાડ ઉપરથી ૩૦ થી ૭૦ નાળીએર ઉતરે છે.

તાડ—એને બેસર જમીન માફક છે. એ સૂરત અને ભરૂચ જિલ્લાના દરીઆ કાંઠાના ભાગમાં તેમજ પંચમહાલના કાલોલ તથા હાલોલમાં ઘણા થાય છે, એટલે એને દરીઆની હવા નાળીએરી જેટલી જરૂરની હોય એમ જણાતું નથી. પંદર વરસનું ઝાડ થયું એટલે તે ફળે છે અને તેમાંથી તાડી કાઢવામાં આવે છે. એનાં ફળને તાડગોળા કેહે છે અને તે ઘણા મીઠા હોય છે. ખજુરી કરતાં એની તાડીમાં કેફ વધારે હોય છે. વરસ દહાડે એનાં પાતરાં ખરી જાય છે તેની સાથે તેની આસપાસ કોર બાઝે છે. આ ઉપરથી ઝાડની ઉમર કેહેવાય છે. પંચમહાલના તાડ બસેં વરસના હોય એમ એ ઉપરથી જણાય છે. એનું લાકડું ઝુંપડાનાં ભારોટીઆ તથા પરનાળ કરવામાં કામ લાગે છે.

ખજુરી—એનાંઝાડ એની મેળે ઉગે છે અને તે સૂરત અઠાવીશીમાં ઘણાં છે. પ્રાંતમાં બીજે ઠેકાણે પણ છુટક છુટક જોવામાં આવે છે. વાડીમાં ખજુરીનાં થડ ઘાલવામાં આવે છે. એની મેળે ઉગેલાં ઝાડ દશ પંદર વરસના થાય ત્યારપછી તેમાંથી તાડી કાઢવામાં આવે છે. વાડીમાં કરેલાં ઝાડ તો પાંચ સાત વરસનાં થયાં એટલે તેમાંથી તાડી કાઢવામાં આવે છે. ખજુરીનો છોડ એક વરસનો હોય એટલે તેને જુલાઇ મહિનામાં એક ખાડામાં બોસે છે. બીજે સાલ તેને બોળતું અથવા બીજું ખાતર પુરવામાંઆવે છે. છોડ દશ દશ ફુટને અંતરે રોપે છે. પેહેલે વરસે કોરી મોસમમાં અઠવાડીમાં એકવાર પાણી પાય છે. એમાંથી તાડી એકાંતરે સાલ નિકળે છે. વરસના સાત મહિનાસુધીજ તાડી કાઢે છે. ત્રીસ વરસનું ઝાડ થાય ત્યાં લાંગી તેમાંથી તાડી નિકળે છે. ઝાડઉપર ખજુરાં આવે છે ખરાં પણ તે કાંઇ કામમાં આવતાં નથી. આનું કારણ એમ જણાય છે કે હીંઆ તડકો જેવા જોઇએ તેવો આકરો પડતો નથી.

દાડેમડી—ઘણુંકરીને બધી વાડીમાં હોય છે. એની એક જાતને ફકત ફુલ આવે છે. બીજીને ફુલ આવી તેમાંથી ફળ થાય છે. ઝાડ ચાર વરસમાં મોટું થાય છે. ચોમાસું ઉતર્યા પછી એને પખવાડીઆમાં એકવાર પાણી પાવું પડે છે. શીઆળામાં તેમાં એકવાર ખાતર પુરવું પડે છે.

જમરૂખી—ગામની આસપાસ ઘણી થાય છે. એની કલમ કરી રોપે છે. ચાર વરસે ફળે છે. જમરૂખ ચોમાસાંમાં ઘણાં થાય છે.સૂરત પાસેનાં ડુમસનાં જમરૂખ ઘણાં વખણાય છે. જમરૂખીનું લાકડું પાતળું અને વાંકું ચુકું છે અને એ ખરાદી લોકોના કામમાં આવે છે.

જાંબુડા—ખેતરની વાડમાં એની મેળે થાય છે. ઝાડ ઘણું મોટું થાય છે. આઠ વરસ પછી એ ફળે છે. જાંબુ ચોમાસામાં આવે છે. એનું લાકડું ઘણું ટકાઉ છે અને બાંધકામમાં ઘણું આવે છે.

કમરખો—કોઇ કોઇ ઠેકાણે થાય છે. એને આખું વરસ પુષ્કળ પાણી જોઇએ છીએ. ત્રીજે કે પાંચમે વરસે એ ફળે છે. કમરખ શીઆળા અને ચોમાસામાં થાય છે.

અંજીર—એ સૂરત જિલ્લામાં વાડીમાં સારાં થાય છે. એની કલમ રોપવામાં આવે છે. ત્રણ વરસની અંજીરી થઈ એટલે તે ફળે છે. જુલાઇ મહિનામાં એને અંજીર આવે છે. ફળ આવે છે તે પેહેલાં અંજીરીમાં ખાતર રગડો કરી નાખવું પડે છે. કોરી મોસમમાં અઠવાડીઆમાં એકવાર તેને પાણી પાવું પડે છે.

ફણસ—એ સૂરત અઠાવીશીમાં ઘણાં થાય છે. ખેતરની વાડમાં એનાં ઝાડ ઘણાં જોવામાં આવે છે. ચોમાસાં પેહેલાં એક ખાડો ખોદી તેમાં ખાતર પુરી એની ગોટલી નાખવામાં આવે છે. દશ વરસમાં ઝાડ વીસ ફુટ ઉંચું થાય છે. નવેંબરથી તે જુનસુધી એ ફળે છે. ત્રીસથી ચાળીસ વરસસુધી ઝાડ જીવે છે. એને પાણીની જરૂર પડતી નથી. ફણસ એકેકુ દશથી વીસ શેર જેટલું થાય છે. એનું લાકડું રાચરચીલું બનાવવાના કામમાં આવે છે.

પપાઉ—એનું ઝાડ કાળી શિવાયની બધી જમીનમાં થાય છે. ચોમાસું ઉતર્યા પેહેલાં જે જમીનમાં પાણી રેહેવા પામતું નથી એવી જમીનમાં રોપવામાં આવે છે. પેહેલે વરસે એને દર અઠવાડીએ પાણી પાવું પડે છે. આગસ્ટ મહિનામાં એને ફુલ આવે છે. તે વખતે જો ખાતર પુર્યું હોય તો પાક સારો ઉતરે છે. એપ્રેલ મે મહિનામાં એને ફળ આવે છે. વાડામાં એ ઝાડ સારૂં ઉગે છે.

સીતાફળી—વાડીમાં અને મુસલમાનોના કરબસ્થાન આગળ ઘણી થાય છે. ત્રણ વરસનું ઝાડ થયું એટલે તે ફળે છે. એ ઝાડ પંદર ફુટ સુધી ઉંચું હોય છે. વનવાગળાં સીતાફળ ઘણાં ખાઇ જાય છે એટલે ઝાડ ઉપરથી કાચાં સીતાફળ ઉતારી તેને પકવવામાં આવે છે. ઝાડઉપર જે પાકે છે તે મોટાં અને મીઠાં હોય છે.

નારંગી અને લીંબોઇ—બેસર જમીનમાં સારાં થાય છે. દશ વરસે ઝાડ મોટું થઇ ખીલી રેહે છે. એનાં મૂળ આગળ જમીન દરસાલ ખોદી તેમાં ખાતર પુરવું પડે છે. મુએલાં જનાવરનું ખાતર સારૂં ગણાય છે. કોરી મોસમમાં એને પાણી સારૂં પાવું પડે છે. લીંબુ બારે માસ આવે છે. નારંગીને શીઆળામાં ફુલ આવે છે અને મે જુનમાં નારંગી આવે છે.

પપનસ—સૂરત અને કુમસની વાડીમાં સારાં થાય છે. નારંગી અને લીંબોઇની માફક એ કરવામાં આવે છે. એનાં ફળ મોટાં એટલે ઝાડ ઘણું ઝઝુમાય છે. આટલામાટે એની ડાળીઓ ટેકવવી પડે છે. કુમસમાં પપનસને શીઆળામાં માછલીનું ખાતર પુરવામાં આવે છે

એટલે તેનાં ફળ સારાં થાય છે. એને ફેબ્રુઆરીમાં ફુલ આવે છે, અને એ આગસ્ટથી નવેમ્બર સુધીમાં ફળે છે.

આંબો—એનાં ઝાડો ખેતરમાં બાજુએ અથવા તળાવને કાંઠે ઘણાં હોય છે. એની ઘટા ઘણી હોય છે અને એના શીતળ છાંયડામાં તંબુઓ ઠોકવામાં આવે છે. આંબાનો ગોટલો રોપવામાં આવે છે. ગોટલાને પેહેલાં રાખમાં રગડોળે છે અને ચોમાસાં પેહેલાં તેને રોપે છે. છાંયડાને માટે થુવેરીઓ પાસે રોપવામાં આવે છે. પછી તેની આસપાસ કાંટાની વાડ કરી લેછે. પાંચ વરસસુધી કોરી મોસમમાં તેને પાણી પાવામાં આવે છે. બે વરસમાં ઝાડ મોટું થઇ રેહે છે. થુએરીઆંના જે પાતરાં ખરી પડે છે તેજ ખાતરની ગરજ સારે છે. દશ વરસનો થયો એટલે આંબો ફળવા માંડે છે. શીઆળામાં એનાઉપર મોર આવે છે અને મે જુનમાં એ ગળે છે. એક આંબાઉપરથી સરેરાસ બે ગાડાં એટલે ૪૦ મણ કેરી ઉતરે છે; આંબો સારો હોય તો પાંચ ગાડાં એટલે ૧૦૦ મણ પણ ઉતરે. મોટો થયા પછી આંબાને પાણી પાવામાં આવે તો તે પાકમાં ઉતરી જાય છે. આંબો પચાસ વરસસુધી રેહે છે. પણ ચાલીસ વરસપછી એની ઘટા વધતી નથી. કેટલીએક વાડીમાં આંબાની કલમ કરવામાં આવી છે, પણ ગૂજરાતની ઉંડી અને ભાઠાંની જમીન કલમી આંબાને રૂચતી હોય એમ જણાતું નથી.

આમલી—પ્રાંતમાં બધે ઠેકાણે ઉગે છે. એનાં ઝાડ મોટાં થાય છે અને તે વાડીમાં એક બાજુએ થાય છે. વીસ વરસ પેહેલાં આમલી ફળતી નથી. એક ઝાડઉપરથી ૫ મણ આમલીનાં એડકાં ઉતરે છે. ફેબ્રુઆરીથી મેસુધીમાં આમલી પાકી રેહે છે. એનું લાકડું કઠણ અને ચીવટ છે અને ઘાણીના કામમાં ઘણું વપરાય છે.

રાયણ—એનાં ઝાડ ખેડા જિલ્લામાં ઘણાં છે. એનાં ઝાડ ઘણાં મોટાં થાય છે. પક્ષીઓ ઠળીઆ વાડમાં નાંખે છે એટલે એ ઝાડ વગરમેહેનતે ઉગી નિકળે છે. એ પંદર વરસે ફળે છે. રાયણ ઘણી ખાવામાં આવે છે. રાયણનું લાકડું ઘણું મજબૂત ગણાય છે. ખેડામાં કેટલાંક ઝાડ બસેં વરસનાં છે. એનાં થડમાં બોભણ હોય છે અને તેમાં માણસ ભરાઇ રેહે તો જણાતો નથી.

આ શિવાય બોરડી, કોઠી, મહુડાં, ચોર આમલાં અને કરમદાં વગેરેનાંઝાડો પણ થાય છે.

દુકાળ—દક્ષણ કરતાં ગૂજરાતમાં દુકાળનાં વરસ ઘણાં થોડાં આવે છે. વળી ગૂજરાતમાં પણ તળ ગૂજરાત કરતાં કાઠિયાવાડમાં વરસાદની તાણ વધારે અને સુકવણાંનાં વરસ પણ વધારે આવે છે. જાણ્યાપ્રમાણે ગૂજરાત ઉપર દુકાળની ચાર વાર મોટી 'આફત ગુજરેલી છે. સુકવણાં તથાં મોંઘવારીનાં વરસો તો ઘણાં થઇ ગયા છે અને તેમાં ગરીબગુરબાઓને ભારે વિટંબણા પડેલી. દુકાળ તથા સુકવણાં અને મોંઘવારીનાં વરસ સંબંધી જે હકીકત જાણવામાં આવી છે તે આ પ્રમાણે છે:—

સને ૧૫૫૯માં ગૂજરાતમાં દુકાળ પડેલાની પેહેલી નોંધ મળી આવી છે. આ દુકાળ કાઠિયાવાડમાં પડ્યો હતો અને ત્યાંના કોઇ જગદુશાહ નામના વણીકે લોકોમાં ઘણું અનાજ વેહેંચેલું તેઉપરથી એને લોકો જગદુશાહનો દુકાળ કેહેછે. સને ૧૫૭૭માં કચ્છમાં ભારે દુકાળ પડેલો. પૈસાદાર લોકોને પણ આપદા પડવા લાગી અને જાગીરદારોએ પણ રાવનો આશ્રય માગ્યો. સને ૧૬૨૩માં ગૂજરાતમાં દુકાળ પડ્યો હતો, પણ તે સંબંધી કાંઇ વિગતવાર હકીકત મળી નથી.

સને ૧૬૩૧–૩૨ એટલે સંવત ૧૬૮૭માં દુકાળ પડ્યો હતો તેને પેહેલો સત્યાસિયો કરી કહે છે. એ વરસમાં ગૂજરાતમાં તેમજ દખ્ખણમાં પણ વરસાદ થયો નહિ. ગરીબ લોકો કટકો રોટલાસારૂ પણ પોતાનાં છોકરાંને આપી દેવા રાજી હતા, પણ લેનાર કોણ મળે, અને પછી ઘણાએ રઝળતાં મુકી દીધા. મીરત-ઇ-આહમદી નામના મુસલમાની ઇતિહાસમાં લખ્યું છે કે જેઓ રોજ સદાવ્રતો આપતા તેઓને પણ એ દુકાળમાં મોહલે મોહલે ફરી અનાજ માટે ભીખ માગવી પડી હતી. કુતરાનું માંશ ખાવા માટે વેચાયું હતું, હાડકાં દળી લોટમાં ભેળ્યાં હતાં, અને માણસો એક બીજાને મારી ખાતા. મુડદાંને ઠેકાણે પાડવામાં મહા મેહનત પડી હતી, તથા લોકોને ઘણી ધાસ્તી રહેતી કે રખેને એકલા કે વગર હથિયારે જાય તો બીજા કોઇ તેઓને મારી નાખી ભક્ષ કરે. ધંધો કે ખાવાનું મળે તે લાલચે ગરીબ લોકો મોટા શેહેરમાં જઇ ભરાયા અને ઘણા જણ ત્યાં મોહ્લામાં ભુખે મરણ પામ્યા. ઘણા લોકો દેશ છોડી હિંદુસ્થાનના બીજા ભાગમાં નાસી છુટયા. આ દુકાળમાં આગલા દુકાળ કરતાં લોકોને મહા વીટંબણા પડી હતી અને લોકો મુઆ પણ ઘણા. અમદાવાદ અને સૂરતમાં લંગારખાનાં એટલે ગરીબોને માટે અન્નછત્ર ઉઘાડવામાં આવ્યાં હતાં. અમદાવાદની ભુખે મરતી પ્રજામાં અનાજ વેહેંચવા સારૂ રૂ. ૫૦,૦૦૦ ઉંચા મુકવામાં આવ્યા હતા. ઢોર તો ઘણુંકરીને બધાંજ મરણ પામ્યાં. એ વરસમાં સરકારે વસુલાતમાં છુટ ઘણી મુકી હતી, તોપણ લોકોને પાછા ઠેકાણે પડતાં ઘણાં વરસ લાગ્યાં.

સને ૧૬૪૭ માં કાઠિયાવાડમાં, અને ૧૬૫૦માં અમદાવાદમાં, દુકાળ પડ્યો હોય અથવા ઘણી મોઘવારી થયલી હોય એમ જણાય છે. સને ૧૬૮૧–૮૨માં આખા ગૂજરાત અને કાઠિયાવાડમાં દુકાળ પડ્યો હતો. અમદાવાદમાં અનાજનો ભાવ ચઢી જવાથી ભારે હુલ્લડો થયલાં અને અનાજ ઉપરથી જકાત કાઢી નાખવામાં આવી. સને ૧૬૩૧–૩૨ના દુકાળ જેટલી લોકોને વીટંબણા પડી ન હોતી. સને ૧૬૮૬માં કમી વરસાદ થવાથી કાઠિયાવાડમાં ઘણી મોઘવારી થઇ અને અનાજ ઉપરથી જકાત કાઢી નાંખવામાં આવી. સને ૧૬૯૪માં મોઘવારી ઘણી હતી. સૂરત, ભરૂચ અને કાઠિયાવાડમાં લોકોને ઘણી આપદા પડી અને ગરીબ લોકોમાં અનાજ ઓછે ભાવે વેચાયલું. સને ૧૬૯૬ માં દુકાળ ઉત્તર ગૂજરાત, કાઠિયાવાડ અને મારવાડમાં હતો. ઉત્તર તરફના મુલકમાં ઘાસ અને પાણી ખુટી પડયાં. ગુજરાતમાં પાટણ અને મારવાડમાં જોધપુર એ બે વચ્ચેના મુલકમાં છાંટો પણ વરસાદ થયેલો નહિ.

સને ૧૭૧૮-૧૯ નો દુકાળ ઘણો ભારે હતો. એ સંવત ૧૭૭૫ માં પડયો હતો તે ઉપરથી પંચોતરો દુકાળ કહેવાયછે. તે દુકાળમાં બાજરી અને મઠ રૂપિયાના ચાર શેર પ્રમાણે વેચાયાં હતાં. વચ્ચે વરસાદ બે વાર પડયો પણ તે કવખતે પડવાથી ખેતીને લાભકારક થઇ પડયો નહિ. ગરીબ લોકોએ ઝાડનાં પાતરાં તથા મૂળિયાં ખાવા માંડયા. આવા રોગકારી ખોરાકને લીધે સઘળે મરજ પસર્યો, અને ઘણા લોક તેમાં મરણ પામ્યા. ઘણાએ રૂપિયે અને બબે રૂપિયે છોકરાં વેચી દીધાં.

સને ૧૭૩૧-૩૨ માં બીજો સત્યાસીઓ દુકાળ પડયો. પેહેલો સત્યાસીઓ જે સંવત ૧૬૮૭ માં પડયો હતો ત્યાર પછી બરાબર સો વરસે એટલે સંવત ૧૭૮૭ માં એ દુકાળ પડયો. એ લીલો દુકાળ હતો. ચૌદ દિવસ સૂધી વરસાદ એકસરખો મૂસળધાર વરસ્યો. મીરત-ઇ-આહમદી પ્રમાણે દેશમાં સઘળે રેલંરેલ થઇ રહી હતી. ઘાસ મળે નહિ તેથી ઢોર અને ઘોડાને ઝાડનાં પાતરાં ખવડાવવાં પડયાં હતાં. અનાજ રૂપિયે શેર વેચાયું હતું. ચોમાસું વીત્યા પછી તાવનો મરજ અને અઘોક ચાલ્યાં. આસપાસના ગરીબ ભુખે મરતા લોકો આવી અમદાવાદ શેહેરમાં ભરાયા. મુડદાં બરાબર ઠેકાણે પડયાં ન હતાં. મુસલમાન લોકો એક કફનમાં બબે મુડદાં મુકતા અને ચાર જણને બદલે બે જણ લઇ જતા. હિંદુઓ એટલા તો મરી ગયા કે આખરે બાળવા માટે લાકડાં ખૂટી પડયાં. અમદાવાદમાં મુડદાંને સાબરમતીમાં નાંખી દેતા અને ત્યાં કાગડા કુતરા તેઓને પીંખી ખાતા. એ દુકાળમાં જાણવા જોગ વળી એ હતું કે મારવાડી લોકોએ મુસલમાન લોકોનાં બૈરાં વેચાતાં લઇ, તેઓને ગૌમૂત્ર, છાણ વગેરે ખવડાવી દેહ શુધ્ધિ કરાવી હિંદવાણી કીધાં. ઔરંગજેબ બાદશાહે જોધપુરના હિંદુ લોકોને મારીને મુસલમાન કીધા હતા તેનું વેર લેવા માટે મારવાડીઓએ આ પ્રમાણે કીધું હતું એમ કહેવાય છે. આ દુકાળમાં માબાપોએ પોતાનાં છોકરાં રૂપિયે રૂપિયે વેચ્યાં હતાં. એ દુકાળને માટે આ પ્રમાણે દોહોરો છેઃ—

> સંવત સત્તર સત્યાસીએ સૃષ્ટિ તજાતી સત્ય,
> અકળાવ્યા અઠયાસીએ વિધવિધ પાડી વિપત્ય.

સન ૧૭૪૭ (સંવત ૧૮૦૩) નો દુકાળ ગૂજરાતના ઘણા ભાગમાં હતો. એને તિલોત્ર એટલે ત્રણનો દુકાળ કહેછે. એ વરસમાં ઉત્તર ગૂજરાત અને કાઠિયાવાડમાં વરસાદ સમુળગો પડયો નહિ. રાની ઝાડોનાં મૂળિયાં અને મૂએલાં ઢોરનું માંસ ખાઇ લોકોને દહાડા કાઢવા પડયા હતા. અનાજ કરતાં પાણીની વીટંબણા ઘણી પડી હતી. પાટણમાં તેમજ અમદાવાદની ઉત્તરના મુલકમાંથી લોકો ઘરબાર છોડી નાસી છુટયા, અને ઘણાં ગામો ઉજ્જડ થઇ ગયાં. અમદાવાદમાં રૂપિયાનું ૪ શેર લેખે અનાજ વેચાયું હતું. ગૂજરાત કરતાં કાઠિયાવાડમાં એ દુકાળની વીટંબણા થોડી પડી હતી. પીડનાં મૂળિયાં અને ભોંયરીંગણીનાં બીઆં પણ ખાઇ લોકોએ દહાડા

કાઢયા હતા. ભુજમાં જે જગ્યાએ રસોડું બાંધી સર્વે ગરીબગુરબાંઓને ધાન આપ્યું હતું તેને આજે ટોટાવાળી વરંડી કહે છે.

સને ૧૭૫૧ થી ૧૭૫૯ માં કાઠિયાવાડમાં અને ૧૭૫૬ માં કચ્છ અને પાલણપુરમાં ભારે મોંઘવારી ચાલી હતી અને લોકો ઘણા હેરાન થયલા. સને ૧૭૬૪ માં કાઠિયાવાડમાં અને ૧૭૬૬ માં કચ્છમાં તેવીજ મોંઘવારી થયલી. સને ૧૭૭૦ માં અમદાવાદમાં મારવાડી લોકો ઘણા આવ્યા, અને તે લોકોએ તોફાન મચાવી મુકયું તેથી ઘણી આપદા લોકોને પડી. આની સાથે તાવ ચાલ્યો અને બેત્રણ દિવસમાં હજારો માણસ મરી ગયા. સને ૧૭૭૪ માં કચ્છ અને કાઠિયાવાડમાં પણ પાછી ઘણી મોંઘવારી થઇ. સને ૧૭૮૦ અને ૧૭૮૫ માં કાઠિયાવાડ પાલણપુર અને કચ્છમાં અનાજ બરોબર નહિ પાકવાથી ભારે મોંઘવારી થઈ. લોકો ઘણી લૂટફાટ કરવા લાગ્યા. સને ૧૭૮૫ માં ઝાલાવાડ પ્રાંતમાં લોકોની વીટંબણા ઘણી હતી.

સને ૧૭૯૦-૯૧ એટલે સંવત ૧૮૪૭માં પડેલો દુકાળ સુડતાળાને નામે ઓળખાય છે. આખા વરસમાં સમુળગો વરસાદ થયલો નહિ. ગૂજરાતથી ઘણા લોકો માળવે જતા રહયા અને ત્યાં મરજ ચાલવાથી ઘણા મરી ગયા. ઘણા લોકોએ પોતાનાં છોકરાં વેચેલાં અથવા રઝળતાં મુકી દીધેલાં, અને મૂએલાં ઢોરો તથા ઘેટાંનું માંસ ખાધેલું. કચ્છમાં કાળી કીડી ઘણી ઉભરાઇ આવી અને ઘણાં ઢોરો તે ખાઇ ગયાં. ઢોર અને માણસનો મરો ઘણો હતો. અમદાવાદમાં અનાજ જે ચાર આને મણ મળતું હતું તેના બે રૂપીઆ થઇ ગયા. ભરૂચમાં મજમુદાર લલુભાઇ અને આશારામે, અને રેવાકાંઠાના રાજા રજવાડાએ લોકોને અનાજ વેહેચ્યું. તવારીખ-ઇ-સોરઠમાં લખ્યું છે કે ફકડો રોટલાસારૂ ઘણાઓએ પોતાનો ધર્મ છોડી દીધો. ઘણાં ગામો ઉજ્જડ થઇ રહયાં હતાં. સને ૧૮૦૩માં દખ્ખણમાં ભારે દુકાળ પડેલો અને તેની અસર સૂરત જિલ્લાસુધી પહોંચેલી. સને ૧૮૦૪માં વરસાદ નહિ થવાથી કાઠિયાવાડના ઝાલાવાડ અને હાલાર પ્રાંતમાં અનાજ અને ચારાનો ભાવ ઘણો ચઢી ગયલો.

સને ૧૮૧૨-૧૩ એટલે સંવત ૧૮૬૯માં જે દુકાળ પડયો તેને અગણોતરો દુકાળ કેહે છે. સને ૧૮૧૧થી ૧૮૧૫ સુધી પાંચ કપરાં વરસ લાગલાગટ આવવાથી કાઠિયાવાડમાં લોકોનાં દુઃખનો કાંઇ પાર ન હોતો. ગૂજરાતના બીજા ભાગમાં ૧૮૧૨-૧૩નું વરસ ઘણું ભારે હતું. આ દુકાળ સૂરત જિલ્લામાં ન હોતો. સને ૧૮૧૦માં બંગાળાથી તીડનું ઝુંડને ઝુંડ ઉત્તર હિંદુસ્થાનમાં ગયું અને ત્યાંથી ૧૮૧૧માં મારવાડમાં આવ્યું. મારવાડમાં આ સાલ વરસાદ થયલો નહિ એટલે તીડોને ત્યાં ખાવાનું નહિ મળવાથી તેઓ પાટણ રહી કાઠિયાવાડમાં ગયાં અને ત્યાં બધું અનાજ ખાઇ ગયાં. ત્યાંથી અમદાવાદ આવ્યાં અને ત્યાં પણ એજ અવસ્થા થઇ. આની સાથે સને ૧૮૧૨માં સમુળગો વરસાદ થયો નહિ, મારવાડથી લોકોનાં ટોળે ટોળાં ગૂજરાતમાં આવ્યાં, અને દુકાળ શરૂ થયો. બંગાળાથી અનાજ આણવામાં આવેલું પણ તે

બસ થયું નહિ અને લોકો ઘણા હેરાન થવા લાગ્યા. ઘણા લોકો ભુખે મરી ગયા, કેટલાક ઝાડપાન ખાઇને રહયા અને કેટલાકે મૂએલાં ઢોરોનું માંસ ખાધું. મુડદાં ભર બજારમાં રઝળતાં, કોઇ કોઇ ઠેકાણે છોકરાં મારી ભક્ષણ કરવામાં આવ્યાં. ઘણાઓ રૂપીઆ બે રૂપીઆસારૂ બૈરી છોકરાં વેચી દેતા. આની સાથે અમદાવાદમાં ભારે મરજ ચાલ્યો અને તેમાં હજારો માણસ મરી ગયાં. દુકાળની વીટંબણા કમી કરવાને કૂવા તળાવો ખોદાવવામાં આવ્યાં; અને તેમાં કેટલાકને રોજી મળી. આ દુકાળનો ત્રાસ કાઠિયાવાડમાં એટલો બધો હતો કે ત્યાં આજે પણ એવી રીતના સોગન ખવડાવે છે કે "હું જો જુઠું બોલું તો મને અગણોતરાનું પાપ". કાઠિયાવાડમાં લોકોનાં દુખનો અંત જલદી આવ્યો નહિ. સને ૧૮૧૪માં ભારે રેલ આવી અને તેમાં ઘણાં ગામો ઘસડાઇ ગયાં. સન ૧૮૧૫માં ખેતરમાં ઊંદર ઉભરાઇ આવ્યા અને બધો પાક તેઓ ખાઇ ગયા. આ ઉપરથી ૧૮૧૫નું વરસ ઉંદરીઆ સાલને નામે ઓળખાય છે. એ સાલ ઊંદરનો ઉપદ્રવ કચ્છમાં પણ હતો.

સને ૧૮૨૦ માં ભરૂચ, અમદાવાદ અને કાઠિયાવાડમાં વરસાદ અતિઘણો પડયો, અનાજ મોઘું થયું અને રોગથી ઘણા મરણ પામ્યા. પણ સને ૧૮૧૪ ના કરતાં ઉપદ્રવ ઘણો થોડો હતો. સને ૧૮૨૫ માં વરસાદની તાણ હતી અને ઘણાં ઢોર અને માણસ મરણ પામ્યાં. પણ સારે નશીબે દક્ષિણ ગૂજરાતમાં અનાજ અને ચારાની તાણ નહિ હતી અને ત્યાંથી ઉત્તરના ભાગમાં ઘણું આવ્યું. ૧૮૨૬ માં ઝાલાવાડમાં તીડોએ ઘણું નુકાસન કીધું. સને ૧૮૩૪ માં વરસાદ થોડો હતો અને પાક પૂરો પાકયો નહિ તથા તીડોએ પણ ઘણું નુકસાન કીધું. સને ૧૮૩૮ માં વરસાદ ન સરખો પડયો અને પાક થયો નહિ. સને ૧૮૪૬ માં વરસાદની તાણ હતી અને પાક પૂરો થયો નહિ. સને ૧૮૫૭ અને ૧૮૬૨ માં વરસાદ ઓછો પડયો, પાક કેટલેક ઠેકાણે થયો નહિ, અને અનાજની મોઘવારી થઇ. સને ૧૮૬૪ માં વરસાદ થોડો અને કવખતે પડયો; વળી રૂના સટ્ટાને લીધે ઘણા રૂના તુલ ઉપર મંડયા હતા તેથી અનાજ ઘણું મોઘું થયું. સને ૧૮૬૯ માં કાઠિયાવાડમાં તીડોનાં ટોળેટોળાં તુટી પડી ખરીફ તુલ ભક્ષ કરી ગયાં. તેઓ એટલાં સંખ્યાબંધ તુટયાં કે તેઓથી સૂર્ય પણ ઢંકાયો હતો અને ઝાડઉપર બેસતાં તેનાં મોટાં ડાળાં પણ તેઓના ભારથી કકડી પડયાં. એકલાં પાતરાં નહિ પણ ઝાડની છોલો પણ ખાઈ જતાં. સારે નશીબે એ ત્રણ અઠવાડિયામાં તેઓ વિદાય થયાં, અને પાછલો વરસાદ સારો થયો તેથી શિયાળુ પાક ઘણો ઉતરયો. એથી લોકોને ઘણો ઉપદ્રવ થયો ન હતો, માત્ર અનાજનો ભાવ વધ્યો હતો.

સને ૧૮૭૭-૭૮ નો દુકાળ કાઠીઆવાડમાં ઘણો જબરો હતો. પંચમહાલ અને રેવાકાંઠામાં વરસાદ કમી થવાથી પાક ઘણો થોડો ઉતરેલા અને લોકોને ઘણી આપદા પડી. કાઠિયાવાડમાં સને ૧૮૭૫ અને ૧૮૭૬ માં વરસાદ ઘણો કમી થયલો. સને ૧૮૭૭ માં જુન, જુલાઇ અને આગસ્ટ સુધી વરસાદ થયો નહિ. સપ્ટેંબર અને અકટોબરમાં વરસાદ થયલો પણ તે નહિ સરખો હતો.

શીઆળુ જુવાર બાજરી બીલકુલ થયાં નહિ. શીઆળુ પાક પણ નબળો ઉતર્યો. સને ૧૮૭૮ માં અતિઘણો વરસાદ થયો અને કાઠિયાવાડનાં દક્ષિણ પશ્ચિમ ભાગમાં પાક રદ ગયો. અંધુગમાં પુરાં તીડ પડયાં અને જે રહ્યું સહ્યું હતું તે તેણે પુરૂં કર્યું. આનીસાથે તાવનો મરજ શરૂ થયો, અને તેમાં ઘણાં માણસો મરી ગયાં. ધંધો રોજગાર બંધ થવાથી લોકો ભુખે મરવા લાગ્યા. ઘણાઓ માત્ર ઝાડપાલો ખાઈને રહ્યા. બૈરાં છોકરાંઓ રઝળતાં મુકી ઘણાં ચાલ્યા ગયા અને ઘણાં ગામો ઉજ્જડ પડયાં. કેટલાએક બાંધકામો ઉઘાડરામાં આવ્યાં અને તેમાં ઘણાને રોજી મળી. રાજારજવાડા અને સરકારી અમલદારો તરફથી ઘણી સારી મદદ મળી. સને ૧૮૭૯ નું વરસસારૂં ગયું એટલે લોકોનાં દુખનો અંત આવ્યો.

પ્રકરણ ૫.

નાણું, વેપાર અને હુન્નર.

૧—નાણું.

સંઘરો—લગન મરણનો ભારે ખર્ચ કરવાસારૂ, માથે કરજ હોય તે અદા કરવાસારૂ, અથવા ભવિષ્યનો વિચાર રાખી ઉંચ અને મધ્યમ વર્ણમાંના ઘણાખરા લોક પૈસા સંઘરે છે. વાણીઆ, શ્રાવક, ખેડાવાળ, મોઢ તથા ઔદિચ્ય બ્રાહ્મણ, દાઉદી વોહોરા, અને મારવાડી ઘણા કરકસર કરીને રહે છે અને કેટલાકની કમાણી થોડી હોય છે તોપણ તેમાંથી તેઓ ફાજલ પાડે છે. શેહરોમાં મોટા પગારના સરકારી નોકર, વકીલ, વેપારી, સોની, સુથાર, લુહાર, તથા ગીરણીમાં કામ કરનારા મજુરો પોતાની કમાણીમાંથી પૈસા ઉંચા મુકી શકે છે. ગામડાંમાં કેટલાક કણબી, ભાટેલા, ભાટ અને દુકાનદારો પણ પૈસા સંઘરે છે. આમાંના કેટલાએક લગન મરણના ભારે ખરચ કરવાથી ઘણી મુદ્દતનો સંઘરેલો પૈસો થોડા દાહાડામાં ભાર કરી મુકે છે. કેટલીએક વિધવા સ્ત્રીઓ રેંટીઓ કાંતી અને પેટબાળી પોતાના મરણ ખરચ જેટલો સંઘરો કરે છે. અગાડી લોકોમાં પૈસો હતો પણ તે એકજ જગ્યાએ એકઠો થઈ રહેતો. હાલમાં તે ઘણા લોકોમાં વેરાતો થયો છે. અગાડીના વખતના મોટી રકમના આસામીઓ હાલમાં થોડા હશે; પણ થોડીઘણી પુંજીવાળાની સંખ્યા આગળ કરતાં હાલમાં વધારે છે.

રોકાણ—પૈસાનો થોડો ઘણો સંગ્રહ થયો એટલે લોકો તેને અનેક પ્રકારના કામમાં રોકે છે. થોડો ઘણો પૈસો થયો એટલે બધા, ગરીબ તવંગર ઘરેણાં ગાંઠાં કરાવેછે. વેપારમાં ધોકો લાગવાથી બધો પૈસો તણાઈ નહિ જાય તેને સારૂ વેપારીઓ ડાહાપણ ખરચી પોતાની પુંજીમાંનો કેટલોએક ભાગ ઘણુંકરીને ઘરેણાંગાંઠાંમાં રોકે છે. સને ૧૮૬૪–૬૫ પછી, ખેડુતોની સારી કમાણીથી લલચાઇ કેટલાએક મોટા પગારવાળા સરકારી નોકરો, વકીલો, વેપારીઓ અને વ્યાજુ કરનારાઓ ખેડાણ

જમીન ખરીદ કરે છે. તેઓ ઘણે ભાગે ખાલસા ગામોમાં ઇનામી જમીન ખરીદ કરે છે. સારો ભાવ મળવાથી કેટલાએક ખેડુતોએ ખાતાંની જમીન પણ આપી દીધી છે. ખરીદદાર જાતે ખેતી કરતો નથી પણ ગણોતીઆને સાંથે છે. જમીન સુધારવા પાછળ તેઓ પૈસો ઝાઝો રોકતા હોય એમ લાગતું નથી. શેહેરોમાં મોગ શરી આમ રસ્તાઉપર ભાડું પેદા કરવાના હેતુથી દુકાનો ઘણી બાંધવામાં આવે છે, અને તેમાંથી નવથી બાર ટકાનું વ્યાજ ઉપજાવે છે. ભાડાં સારૂ ઘર બાંધવાનો વહીવટ ઘણો થોડો છે, પણ પોતાની માલકીનું ઘર કરવા સૌ ઇંતેજાર હોય છે. સરકારી નોકરો, વકીલ, દાકતર વગેરે લોકો પોતાને રેહેવાનાં ઘરો ઘણો પૈસો ખરચી બાંધે છે. પણ જયારે કુટુંબ કબીલો મોટો થયો હોય ત્યારેજ વેપારી લોકો તો નહિ છુટકે પોતાનાં જૂનાં ઘર ઉખેડી નવેસરથી બંધાવે છે. કેટલાએક લોકો અરસાઅરસીને લીધે જોઇતો પૈસો નહી છતાં ઘર બાંધે છે. સરકારી લોન રાખનારા ઘણાખરા પારસીઓ છે. મોટા પગારના સરકારી નોકરો, વકીલ, દાક્તર અને કેટલાએક વેપારીઓ પાસે લોન હોય છે. સને ૧૮૬૪–૬૫ માં ઘણા શાહુકારોની પેહેડી ડુબી ગઇ અને તેમાં ઘણા ગરીબ લોકોના પૈસા ડુબી ગયા તેથી કેટલાએક લોકો શાહુકારને ત્યાં પોતાનાં નાણાં રાખતાં અચકાય છે. નાની રકમ સેવીંગ બેંકમાં મુકી શકાય છે તેથી શેહેરમાં ઘણાખરા લોકો સેવીંગ બેંકમાં પૈસા મુકે છે; વળી રૂની મીલો અને સંકજાઓ ગૂજરાતના ઘણા ભાગમાં થવાથી કેટલાએક લોકો મીલ વગરેના શેર રાખે છે. પૈસા દાટી રાખવાનો જૂનો ચાલ હાલ પણ ગામડાંઓમાં તથા શેહેરોમાં કેટલેએક ભાગે ચાલુ છે.

સરાફ—સરાફી પેહેડી ગૂજરાતના ઘણા ભાગમાં છે. સરાફો વાણીઆ, શ્રાવક, મારવાડી અને બ્રાહ્મણ છે. તેઓની વેપારી વર્ગમાં આબરૂ સારી છે અને તેઓ પારેખ, નાણાવટી કે શાહને નામે ઓળખાય છે. ગૂજરાત જ્યારે દિલ્હીના શહેનશાહાના તાબામાં હતું ત્યારે કેટલાઓકની દુકાન દિલ્હીમાં અને જ્યારે પેશવાના તાબામાં આવ્યું ત્યારે કેટલાએકની પુણામાં દુકાન હતી. તેઓ અગાડી ફક્ત હુંડી આપતા અને હુંડી સીકારતા અને લોકોનાં નાણાં વરસે એક અથવા દોઢ ટકાનું વ્યાજ આપી રાખતા. કેટલીએક જગોએ લોકો પોતાનું નાણું સલામતી સારૂ વગર વ્યાજે શાહુકારને ત્યાં જમે કરાવતા એટલુંજ નહી પણ ઉલટા શાહુકારને સચવામણી તરીકે વરસે એકથી ત્રણ ટકાસુધી આપતા હતા. અમદાવાદના સરાફો હુંડીની સાથે અફીણનો વેપાર આગળ ઘણો કરતા હતા. મુંબઇ બેંકની શાખાઓ થવાથી, મનીઆર્ડરનો રીવાજ નિકળવાથી તથા નોટોનુ ચલણ દેશાવરમાં પસરવાથી હુંડીનો ધંધો પડી ભાંગવા માંડયો છે અને તેથી ઘણા સરાફો વ્યાજનું તથા વેપાર કરવા લાગ્યા છે. ભરૂચ અને અમદાવાદમાં મુંબઇની પેહેડી તરફથી તેઓ રૂ ખરીદે છે. ઉત્તર ગૂજરાતના સરાફો વિમો ઉતારવાનો અને રૂના સટ્ટાનો વેપાર કરે છે. માજી રાજ્યમાં સરાફ લશ્કરની સાથે જતા અને લશ્કરના માણસોનો પગાર ચુકવી આપતા, તેમજ જમીન મેહેસુલ ઉઘરાવવાના ઇજારા પણ રાખતા હતા. વડોદરામાં સરાફની મોટી મોટી

પેહેડીઓ ઘણી હતી. ગાયકવાડી અમલ વડોદરામાં થયા પછી ઘણા વર્ષ સુધી ગાયકવાડ સરકારની દરબારની તિજોરી હતી નહિ. જ્યારે દરબારને રૂપીઆની જરૂર પડે અથવા કોઇને રૂપીઆ આપવા હોય ત્યારે દરબારના જે સરાફો (પોટેદાર) હોય તેઓના ઉપર વરાટ લખી આપતા. દરબારી ઉપજના ઇજારદારો ઉપર સરાફો આ વરાટ મોકલતા અને ઇજારામાંથી જે રૂપીઆ આવતા તે પણ પોટેદારને ત્યાં ભરાતા અને પછી તેમાંથી હિસાબો થતા. વળી લશ્કરના માણસો અને સરદારોના પગાર પણ ગાયકવાડ સરકારની બાંહેધરીએ સરાફો ચુકવતા. આ સરાફોને બક્ષી કહેતા. આ વહીવટ બંધ થવાથી ઘણી સરાફી પેહેડીઓને મોટો ધોક્કો લાગ્યો છે. વળી આગળ વડોદરામાં જે કીનખાબ, જરજવેર અને કપડનો ખપ હતો તે હાલમાં કમી થયો છે એટલે તેથીપણ સરાફોના વેપારને આચકો પહોંચ્યો છે.

હુંડીઓ—સરાફો પ્રાંતના એક ભાગમાંથી બીજા ભાગની અને મોટી પેહેડીવાળા મુંબઇ, મારવાડ, રતલામ વગેરેની પણ હુંડીઓ આપે છે. હુંડીઓ આઠ જાતની હોય છે: તરતની એટલે તરત સીકારવામાં આવતી, દીન વળતાની એટલે બીજે દહાડે સીકારાતી, ભોમની એટલે ચોથા દહાડાની, ચચાર દહાડાની એટલે આઠમાં દહાડાની, અગીઆરની એટલે અગીઆરમાં દહાડાની, એકવીસની એટલે એકવીસ દહાડાની, પીસતાળીસની એટલે પીસતાળીસ દહાડાની, અને એકસેંઠની એટલે એકસેંઠ દહાડાની. વળી એકાણુ દહાડાની પણ હુંડી હોય છે. હુંડીનો ભાવ સ્થાયી નથી. આગગાડી થતાં પેહેલાં અમદાવાદની મુંબઇ ઉપરની હુંડીનું હુંડીઆમણ ૩/૪ ટકા હતું; હાલમાં ૧/૮થી ૧/૪ છે. હુંડી વળી નામજોગ ને શાહજોગની પણ હોય છે. નામ જોગમાં લેનાર આસામીનું નામ ઠામ લખ્યું હોય છે; શાહજોગ હુંડીમાં લેનાર આસામીની કાંઇ ઓળખાઇ આવે એવી નીશાની લખી હોય છે. હુંડીમાં જે મુદત લખી હોય તેને બાજે દહાડેજ રૂપીઆ મળે છે. એક હુંડી જો ખોવાઇ જાયતો બીજી આપવામાં આવે છે. એને પેઠ કહે છે. હુંડી સીકારવી કે નહિ તે સરાફની મરજી ઉપર છે. પણ કસમ ખાઇ એક વખતે હુંડી સીકારવાનું કબુલ કર્યું હોય તો તે આસામી પછીથી દેવાળીઓ નિકળે તોપણ શરાફ હુંડી સીકારી રૂપીઆ આપે છે. બીજી ચીજોની માફક હુંડીની પણ આપલે થાય છે. દલાલની મારફતે પણ હુંડી વટાવવામાં આવે છે.

ચલણ—ગૂજરાતના જુદા જુદા ભાગમાં જૂદે જૂદે વખતે જૂદા જૂદા સત્તાધારીઓએ પોતપોતાની હાકમી બેસાડેલી હતી અને સૌ પોતપોતાને સ્વતંત્ર લેખતા એટલે તેઓએ પોતપોતાના મુલકમાં ટંકશાલ કાઢી પોતપોતાના નામના રૂપીઆ તથા પૈસા પડાવ્યા હતા. આવી ટંકશાળો સૂરત, ભરૂચ, ખેડા, અમદાવાદ અને દોહદમાં હતી. સૂરતમાં પડતો રૂપીઓ તે સૂરતી, ભરૂચમાં સને ૧૭૪૮માં નવાબી થઇ ત્યારથી ત્યાંની ટંકશાલમાં પડતો રૂપીઓ તે ભરૂચી, ખેડાનો તે પીલાજી ગાયકવાડનો ત્રીણો સિક્કો અને અમદાવાદનો શીક્કાઇ કે હાલાઇ રૂપીઓ. જેમ જેમ

પ્રાંતનો જૂદો જૂદો ભાગ બ્રિટીશ અમલ તળે આવ્યો તેમ આ ટંકશાળો બંધ કરવામાં આવી. દોહદની ટંકશાલ સને ૧૮૫૮માં બંધ કરવામાં આવી હતી. પણ જૂના સિક્કાનું ચલણ એકદમ બંધ થયું નહિ. વળી એક જિલ્લાના રૂપીઆનું ચલણ બીજા જિલ્લામાં દાખલ થવાથી ઘણી ગુંચવણ થતી. સને ૧૮૬૭માં સૂરતમાં આઠ જાતના સૂરતી અને ભરૂચી રૂપીઆ ચાલતા. અમદાવાદમાં ૧૮૦૨માં સૂરતી રૂપીઓ દાખલ થયલો અને ૧૮૧૭માં ત્યાં ચાર જાતના સિક્કાનું ચલણ હતું. આ બધા જૂના સિક્કાઓ સરકાર તરફથી ખરીદ કરી તેને ગાળી નાખી કુંપની અથવા પોળીઆ રૂપીઆનું ચલણ વધારવામાં આવ્યું છે. તોપણ હજુ જૂના સિક્કા તદન નિકળી ગયા નથી. દેશી રાજ્યોમાં પણ હાલ ટંકશાળ છે અને તેમાંથી પણ સિક્કા પડે છે. આવી ટંકશાળ વડોદરા, ખંભાત, જુનાગઢ, નવાનગર, પોરબંદર અને કચ્છભુજમાં છે. વડોદરીઆ રૂપીઆને બાબાશાહી અથવા શીઆશાહી કહે છે. કસ કાઢતાં ૧૧૪ બાબાશાહી તે ૧૦૦ કુંપની સિક્કાની બરોબર થાય છે. વટાવનો ભાવ મોસમ ઉપર રહે છે. વડોદરામાં આયાત માલનો વેપાર જ્યારે તેજીપર હોય છે ત્યારે ખરીદી કુંપની સિક્કાથી થાય છે અને તેથી ૧૦૦ કુંપની રૂપીઆ તે ૧૨૦ બાબાશાહીની બરોબર થાય છે. રૂની મોસમમાં કપાસની ખરીદી વડોદરીઆ રૂપીઆથી થાય છે. તેથી તે વખતે ૧૦૦ કુંપની તે ૧૧૨ બાબાશાહીની બરોબર થાય છે. જુનાગઢ, નવાનગર, પોરબંદર ને કચ્છમાં પડતાં રૂપાં નાણાંને કોરી કહે છે. સો જુનાગઢની એટલે દીવાનશાહી કોરી તે રૂા. ૨૭-૨-૨ની બરોબર, સો નવાનગરની એટલે જામશાહી કોરી તે રૂા. ૨૮-૪-૪ની બરોબર, સો પોરબંદરની એટલે રાણાશાહી કોરી તે રૂા. ૩૧-૭-૧૧ની બરોબર અને સો કચ્છની કોરી તે રૂા. ૨૬-૬-૨ ની બરોબર થાય છે. ખંભાતી રૂપીઓ સાડાતેર આનાનો હોય છે. કચ્છમાં વળી સોનાની મોહોર પણ ચાલે છે. પોરબંદર, નવાનગર અને કચ્છ ભુજના સિક્કા સૌસૌના રાજ્યમાં ચાલે છે. વડોદરીઆ સિક્કો વડોદરા અને આસપાસના બ્રિટિશ મુલકમાં અને દેશી રાજ્યમાં ચાલે છે. જુના સિક્કાના રૂપીઆ ઓછા થયાછે તોપણ હાલમાં તેનું થોડુંઘણું ચલણ છે. સૂરતમાં પોળીઆ રૂપીઆનું ચલણ ઘણું છે. પણ વલસાડમાં ભરૂચી અને સૂરતી રૂપીઆનું હજુ ચલણ છે અને માંડવી તાલુકામાં તો ભરૂચીનુંજ ચલણ છે. પોળીઆ રૂપીઆ સિવાય ભરૂચમાં ભરૂચી રૂપીઆ ચાલે છે; કેટલેક ઠેકાણે બાબાશાહીનું પણ ચલણ છે. ખેડાને પંચમહાલમાં સરકારી ધારો ભરવામાંજ કુમ્પની રૂપીઓ વપરાય છે; બાકી બાબાશાહી ચાલે છે. રેવાકાંઠાના ગજપીપળામાં ભરૂચી અને બીજા સંસ્થાનોમાં બાબાશાહીનું ચલણ છે. અમદાવાદના મોડાસા તાલુકામાં બાબાશાહી ચાલે છે. કડીમહાલમાં અને મહિકાંઠામાં અમદાવાદના શીક્કાઈ રૂપીઆ હજુ ચાલે છે. કાઠિયાવાડમાં ગાયકવાડી કોડીનારમાં ગાળનું ચલણ છે. જે દેશી રાજ્યમાં ટંકશાળ છે ત્યાં તાંબાના પણ પૈસા પાડવામાં આવે છે. અને તેઓને પૈસા, દોકડા અથવા ઢીંગલા કહે છે. તાંબાના કુંપની સિક્કા-પૈ, અધેલો, સવાકો અને અઢીઓ છે. બદામ અને કોડીનું ચલણ ઘણે ભાગે નિકળી ગયું છે.

વ્યાજુ ધંધો—વ્યાજુનો ધંધો કરનારા બે પ્રકારના છે, એટલે જેઓનો બાપદાદાનો ધંધો વ્યાજુનો છે એવા; અને જેઓ બીજો ધંધો કરી પોતાની સીલકમાંથી વ્યાજ ઉપજાવે છે તે. બાપ દાદાનો વ્યાજુનો ધંધો કરનારામાંના કેટલાએક શહેરના લોકોને નાણાં ધીરે છે અને કેટલાએક શહેરમાં તથા ગામડાંમાં રહી ગામડાંના લોકોને નાણાં ધીરે છે. બાપદાદાનો વ્યાજુનો ધંધો કરનારામાંના જે મોટા આબરૂદાર હોય છે તેને શાહુકાર અથવા નાણાવટી કહે છે; શાહુકારથી ઉતરતા વર્ગના વ્યાજુ કરનારાઓને સૂરતમાં કીસટીઆ, ખેડામાં તુણીઆત અને બાંધાંપાંજરાવાળા અને કાઠિયાવાડમાં વહોરા અથવા વહોરગરીઆ કહે છે. સૂરતમાં વળી કેટલાકએક જણુસ ગીરો રાખી રૂપીઆ ધીરે છે અને તેઓ જણસાઉ શાહુકારને નામે ઓળખાયછે.

શાહુકાર અથવા નાણાવટી આબરૂદાર ગણાયછે. તેઓ અસલ સરાફી ધંધો કરતા, પણ હાલમાં વેપાર કરે છે, રૂનો સટ્ટો કરે છે, વીમો ઉતારે છે, અને સરકારી નોકર તથા ડોસાં ડગરાના મરણ બાકડાંના રૂપીઆ બે ત્રણ ટકાનું વ્યાજ આપી અનામત રાખે છે અને સારી સાખવાળા નાના વેપારી દુકાનદારો, મોટા ખેડુતો અને તુણીઆતને રૂપીઆ ધીરે છે. આ શાહુકારો ન્નાતે વાણિયા, શ્રાવક, બ્રાહ્મણ, વગેરે છે.

સૂરતના કીસટીઆ ન્નાતે વાણિયા, કણબી અને મારવાડી શ્રાવક છે. તેઓ સૂરતના પરાંમાં રહે છે. તેઓનો ધંધો હલકો ગણાયછે અને તેઓ લોકોની આંતરડી કકલાવે છે, નાના દુકાનદારો પાસે સામા દસ્કત પડાવી અથવા દસ્તાવેજ લખાવી લઇ નાણાં ધીરે છે, દસ્તાવેજમાં ઘરનાં બધાં માણસનાં અથવા જે જામીન થયો હોય તેનાં મતાં કરાવે છે, અને ઘણી શરતો અંદર દાખલ કરે છે. વરસે બારથી પચ્ચીસ ટકાનું વ્યાજ લેછે, બેથી આઠ આનાનો રોજનો હફતો બાંધી નાણાં વસૂલ કરે છે, રોજનો હફતો વસૂલ કરવામાં જરા ચુકતો નથી, રોજ દુકાને આવી સખત ઉઘરાણી કરી નાણાં ઉઘરાવે છે. આસામીને જો સો રૂપીઆ જોઇતા હોયતો સવાસોનો દસ્તાવેજ કીસટીઆઓ લખાવી લેછે અને તે ઉપર ચક્રવૃદ્ધિ વ્યાજ લેછે; વળી સો રૂપીઆમાંથી મંડામણી લેછે. આસામી ઘણો ગરજવાન હોય ત્યારે સવાસોનો દસ્તાવેજ કરાવી લઈ તેના હાથમાં નેવું રૂપીઆ આપે છે. લોક કહે છે કે કીસટીઆનો વંશ રહેતો નથી. ખેડાના તુણીઆત અથવા બાંધાંપાંજરાવાળા હુંડી તથા બીજો વેપાર કરતા નથી. ફક્ત નાણાં ધીરે છે. ખેડુતને નાણાં ધીર્યાં હોય તો તેઓ મોસમમાં ગામડાંમાં નિકળી પડી કાપણી થયલો માલ લેઇ પોતાનાં નાણાં વસૂલ કરે છે. જણુસ રાખી તેઓ નાણાં ધીરે છે. કાઠિયાવાડમાં આવા શાહુકારોને વહોરા, વહોરગરીઆ અથવા કંડારીઆ કહે છે. તેઓ ખેડુતને શુભાશુભ પ્રસંગે નાણાં જોઇએ તે દર વરસે બારથી અરાઢ ટકાને વ્યાજે ધીરે છે; વાવણીને વાસ્તે બી આપી કાપણી થયા પછી દોઢા વસૂલ કરે છે. તેઓ લેવડ દેવડમાં ખેડુતોને છેતરે છે અને તેઓને પોતાના પંજામાંથી ચસવા દેતા નથી.

B 524—ee

જણુસ ગીરો રાખી તેઉપર નાણું ધીરનારા ઘણે ભાગે સૂરત જિલ્લામાં છે, અને તેઓ જણુસાઉ શાહુકારોને નામે ઓળખાય છે. તેઓ ટુંક ભંડોળીઆ છે અને જાતે વાણિયા, શ્રાવક, કણુબી, અને બ્રાહ્મણ છે. કેટલીએક વાણિયાઓની વિધવા પણ આ ધંધો કરે છે. આ શાહુકારોની સાખ સારી છે અને તેઓ કસીને નાણું વસૂલ કરતા નથી. સૂરતમાં ખાનદાન કુટુંબનો પણ નબળી સ્થિતિમાં આવેલા માણસો કીસઠીઆ પાસે રૂપીઆ કાઢવાથી તેઓની ભડ ખુલી જાય એટલાસારૂ છુપી રીતે જણુસાઉ શાહુકારોને ત્યાં જણુસ મુકી રૂપીઆ ઉપાડે છે અને સંસાર જેમ તેમ કરી ચલાવે છે. આવા શાહુકાર જોડે આસામી પોતે જાતે જઇ અથવા દલાલની મારફતે બોલી કરે છે. જણુસની કિમ્મત પરીખ આંકે છે, અને વ્યાજ નક્કી થયું એટલે જેટલી કિમ્મત અંકાઇ હોય તેમાંથી દસ અથવા વીસ ટકા બાદ કરી રૂપીઆ ચારથી ૭ ટકે આપે છે. ગણુતરી કરવી સેહેલી પડે માટે ગોળ આંકડો નક્કી કરવામાં આવે છે. જે દહાડે જણુસ ગીરો મુકી હોય તે દહાડો વાર, વ્યાજનો દર, અને જે દહાડે પૈસા પાછા ભરવાના તે બધું નોંધમાં ઉતારે છે. આ બધી નોંધ એક કાગળ ઉપર ઉતારી લેછે અને તે કાગળ દાગીનાનીસાથે મુકે છે. એ લોકોનો ધંધો મોટો નથી. આખા વરસમાં પાંચ હજારથી વધારે રૂપીઆ આમ ધીરવામાં જવલેજ આવે છે.

ગામડાંમાં લોકોને નાણું ધીરનારા સૂરત જિલ્લામાં મારવાડી અને પારસી પીઠાવાળા છે. બીજે ઠેકાણે વાણિયા, શ્રાવક, કણુબી, રજપૂત અને સજોદ્રા અને ખેડાવાળ બ્રાહ્મણ અને વહોરા છે. વ્યાજવટું કરનારા મારવાડીઓ સૂરત જિલ્લામાંજ જોવામાં આવે છે અને ત્યાં તેઓનું જોર ઘણું છે. તાપી ઉત્તરનાં ગામડાંઓમાં મારવાડી જોવામાં આવતા નથી. એઉપરથી એમ સંભવે છે કે તેઓ ઉત્તર તરફથી નહિ પણ દખણુના થાણા જિલ્લામાંથી ગૂજરાતમાં આવી રહેલા છે. સૂરત જિલ્લામાં મારવાડી વગરનું એકું ગામ જોવામાં આવતું નથી. મારવાડીઓ ઘણા સંપીલા હોય છે. મારવાડી ગામમાં પ્રથમ આવે ત્યારે માત્ર દોરી લોટો લઇને આવે છે અને ગામનો બીજો મારવાડી પોતાને ઘેર રાખી તેને ખવડાવે છે. પાંચ રૂપીઆઉપરથી મારવાડી થોડા વરસમાં બે ત્રણુ હજાર જેટલો ભંડોળ એકઠો કરે છે. આટલી પુંજી થઇ કે પોતાને દેશ જઇ પરણી આવે છે અને ત્યાં કરકસરથી રહી પાછો ગામમાં આવી વેપાર કરે છે. ગામડાંમાં મોદીખાનું કાઢે છે ને તે સાથે બધી વર્ણુના લોકોને નાણું ધીરે છે. લગનમરણુ વખતે પોતાને દેશ જાય છે પણ પાછો આવે છે. ગામ છોડી જતો નથી. ગામમાં બધા મારવાડી એક જ્ઞાતના નહિ હોય તોપણુ ઘણા સંપથી રહે છે અને એક બીજાને અડી વખતે મદદ કરેછે આસામી પેહેલવેહેલાં મારવાડીને ત્યાં નાણું કાઢવા જાય ત્યારે મારવાડી સખતાઇ નહિ વાપરતાં તેને નાણું ધીરે છે અને તેને લાલચમાં નાખી વધારે નાણું આપે છે. પછી ખતકબાલા કરાવી લઇ તેને એવા તો સાણસામાં ઉતારે છે કે તેને મારવાડીનો ગુલામ થઇ રહેવું પડેછે. મારવાડી

પોતાના ઘરાક પાસેથી દમીને નાણું વસૂલ કરે છે ખરો પણ તેને પોતાના કબજામાંથી છુટવા દેતો નથી. ચોપડામાં ફક્ત ઠામ ખાતું રાખે છે અને એમાં હિસાબ રીતસર નોંધેલો હોતો નથી. તેમાં કેટલાએક કોરાં પાનાં રાખેલાં હોય છે, તેથી મારવાડીના ચોપડાઉપર કોરટ ઝાઝું વજન રાખતી નથી. આથી મારવાડીઓ સ્ટાંપના કાગળપર દસ્તાવેજ કરાવી લે છે. પારસીઓ ઘણું ખરૂં જ્યાં કાળીપરજના લોક રેહેતા હોય ત્યાં પીઠું ઉઘાડે છે. કાળી પરજના લોકોને પીવાનો ઘણો છંદ હોય છે તેથી આ પીઠાંવાળ તેને દારૂ તાડી ઉધાર પાય છે અને કાપણીની મોસમમાં અનાજ લઇ પૈસા વસૂલ કરે છે. ગરીબ હોય તો પોતાના ખેતરમાં મજુરી કરાવી તેનું દેણુ અદા કરાવે છે. એઓની જમીન આવી રીતેજ ખેડાય છે. ઘણુખરા તો વરસોના વરસસુધી વગર પૈસે જમીન ખેડયાજ કરે છે. તેઓને ખાધા ખાઇ આપે છે અને તેઓની જોડે સારી સલુકાઇ વાપરે છે, તેથી તેઓ પારસીને છોડી બીજે ઠેકાણે જતા નથી. આ પીઠાંવાળાનો કુરપ એટલો બધો હોય છે કે કાળી પરજના લોકો સરકારી અધિકારી તથા પટેલની પરવા પણ નહિ રાખતાં પારસીઓના હુકમમાં રેહે છે.

વ્યાજુનો ઘણે ભાગે ધંધો કરનારા શહેરમાં કેટલાએક મોટા પગારવાળા સરકારી નોકરો, વકીલો, વેપારીઓ, ને તેના ગુમારતાઓ, કેટલાએક કારીગરો અને ગામડાંમાં કેટલાએક ખેડુતો અને દુકાનદારો છે. એકલું વ્યાજુ કરનારા ભરૂચ જિલ્લામાં થોડા છે. ઉત્તર ગુજરાતમાં ભાટ અથવા બારોટ પણ વ્યાજુ કરે છે. અસલ તેઓ કોળીઓને રૂપીઆ ધીરતા અને ત્રાગાનો ડર બતાવી રૂપીઆ વસૂલ કરતા. હાલમાં ત્રાગાનો ડર જતો રહેવાથી ભાટોનું જોર પડી ભાંગ્યું છે.

કરજે કાઢનારા—કરજે રૂપીઆ કાઢનારા મુખ્યત્વે સરકારી નોકરો, વતનદારો, વેપારીઓ, કારીગરો, ખેડુતો, મજુરો અને ચાકરનફરો છે.

વીસ વર્ષ ઉપર સૂરતમાં નાગર કાયસ્થોમાંના ઘણા સરકારી નોકરો કરજદાર હતા, પણ હાલમાં તેઓ કરજમાંથી મુક્ત થઈ સારી સ્થિતિમાં આવ્યા છે. તેઓ મરી જાય, બરતરફ થાય અથવા બહારગામ બદલી થાય ત્યારે તેઓ પાસેથી રૂપીઆ વસૂલ કરવા ઘણા ભારે પડે તેથી કરીને સરકારી નોકરોને નાણાં ધીરતાં સારા શાહુકારો આચકો ખાય છે; માટે કીસદીઆને ત્યાંથી તેઓને નાણાં કાઢવાં પડે છે. કીસદીઆ સ્ટાંપના કાગળ ઉપર ખત લખાવી લઇ અંગઉધાર અથવા કંઇ અવેજ રાખી તેઓને રૂપીઆ ધીરે છે અને બારથી ચોવીસ ટકાનું વ્યાજ લેછે. વતનદારો પણ ન્યાતવરા કરવાથી અને ખરચાળ સ્વભાવવાળા હોવાથી કરજમાં દટાયલા હોય છે. વતન ગીરો મુકી જો તેઓ રૂપીઆ કાઢે તો,તેઓ પાસેથી આઠથી બાર ટકાનું અને અંગઉધાર લેતો ચોવીસ ટકાનું વ્યાજ લેવામાં આવે છે. વેપારી અને દુકાનદારો પાસે ટુંકો ભંડોળ હોય છે અને તે વડે પોતાનો રોજગાર ચલાવે છે. પણ આખા વરસને સારૂ અથવા અમુક અવસર વખતે માલ ભરી રાખવા જેટલો ભંડોલ હોય નહિતો તેઓને શાહુકારને ત્યાંથી રૂપીઆ કાઢવા પડે છે. શાહુ-

કાર તેની સાખ પ્રમાણે નવથી બાર ટકાનું વ્યાજ લેઇ તેને રૂપીઆ અંગઉધાર ધીરે છે અને અમુક મુદ્દતમાં રૂપીઆ પાછા ભરવાની શરત કરાવી લે છે. કેટલાએક વેપારી પાસે પોતાનો ધંધો માંડવા જેટલી પુંજી હોય નહિ તો તે શાહુકાર અથવા ફીસટીઆને ત્યાંથી રૂપીઆ કાઢે છે, સ્ટાંપના કાગળ ઉપર દસ્તાવેજ કરી આપે છે અને રોજનો અથવા મહિનાનો હફતો ભરવાની શરત કબુલ કરેથી બારથી અરાઢ ટકાના વ્યાજે રૂપીઆ ઉપાડે છે. વળી ન્યાતવરાને સારૂ જો વેપારીને રૂપીઆ જોઇતા હોય તો જે શાહુકારને ત્યાંથી ધંધાને અર્થે નાણાં ઉપાડયાં હોય તેને ત્યાં જઇ જોઇતા રૂપીઆ ઉપાડે છે; પણ આ કામ સારૂ નાણું આપતાં પહેલાં શાહુકાર તપાસ કરે છે કે જેટલાં નાણાં ઉપાડયાં હોય તેટલી કિમ્મતની તેની પાસે મિલકત છે કે નહિ.

કારીગરોમાંના ઘણાખરાને પોતાના ધંધાના સાહીત્યો ખરીદ કરવા સારૂ શાહુકારનાં નાણાંનો ખપ પડે છે. ખેડુત કરતાં તેઓની સાખ સારી હોય છે ખરી પણ ઘર અથવા કાંઇ દાગીનો અવેજમાં રાખ્યા વગર શાહુકાર તેઓને રૂપીઆ ઘણુંકરીને ધીરતો નથી. સાખ ઘણી સારી હોય તો અંગઉધાર પણ આપે છે અને અમુક મુદ્દતમાં રૂપીઆ પાછા આપવા વગેરેની શરત સ્ટાંપના કાગળ ઉપર કરાવી લઇ તેને નવથી ચોવીસ ટકાને વ્યાજે રૂપીઆ આપે છે.

ખેડુતો પૈકી લેવા અને આંજણા કણબીઓ પૈસેટકે સુખી છે અને તેઓને માથે ઝાઝું કરજ હોતું નથી. ચરોતરના કણબીઓને અગાઉ છોકરી પરણાવવાનો ભારે ખરચ થતો તેથી ઘણા ઓની હાલત બૂરી હતી પણ હાલમાં તેઓ સુખી છે. અનાવલા બ્રાહ્મણોમાં જે દેસાઇ છે તેઓની હાલત હાલમાં સારી નથી. સાઠસિતેર વર્ષ ઉપર તેઓ ગામના ઇજારા રાખતા, અને રૈયત લોક ઉપર જુલમ કરી પોતે સારી સ્થિતિમાં રેહતા હતા પણ જ્યારથી (૧૮૧૬—૨૦) ઇજારાનો વહિવટ જતો રહ્યો ત્યારથી તેઓની હાલત બગડતી ગઇ છે અને અવિચારી મોટા ખરચ કરયા કરે છે તેથી ઘણાઓની જમીન તથા ઘરબાર મારવાડીઓને ત્યાં ગીરો છે. જેમ દેસાઇઓની સ્થિતિ બગડતી ગઇ તેમ બાડેલાઓ સુખી થયા છે અને અગર જો તેઓ ઘણા પૈસા સંઘરૂ નથી તોપણ ઘણા કરજવાળા નથી. વોહોરાઓ મેહેનતુ ને કરકસરથી રેહેનારા છે અને તેઓને માથે ઘણું કરજ નથી. રજપૂત, ગરાસીઆ અને તાલુકદારો આળસુ ને અવિચારી છે અને તેઓ કરજમાં દટાયલા હોય છે. તાલુકદારોની સ્થિતિ એટલી તો ખરાબ હતી કે સને ૧૮૭૭નો ૧૪મો આક્ટ પસાર કરી જેટલું કરજ સરકારને વાજબી લાગ્યું તેટલાં નાણાં આપી શાહુકારનું માગણું આપી દીધું અને સરકારનાં નાણાં વસૂલ થઇ રહે ત્યાં સુધી તેઓની મિલકતનો વહિવટ સરકારના હાથમાં રેહે છે.

ખેડુતોને સરકારનું મેહેસૂલ આપવાસારૂ અથવા લગનમરણના ખરચ સારૂ કરજ કાઢવાની જરૂર પડે છે. આ નાણાં તેઓ પોતાના ગામના કોઇ ખાતાપીતા ખેડુતને ત્યાંથી અથવા તો કોઇ વ્યાજુ કરનારને ત્યાંથી ઉપાડે છે. જેવી જેની સાખ તે પ્રમાણે તેને વ્યાજ આપવું પડે છે. ખેડુત

જો સારો ખાતોપીતો હોય તો તેને હજાર રૂપીઆ સુધીની રકમ નવથી બાર ટકાને વ્યાજે અંગઉધાર મળે છે. ખેડુત જો મધ્યમ સ્થિતિનો હોય તો તેને જમીન ગીરો મુકવી પડે છે અને તેને નવથી બાર ટકાને વ્યાજે રૂપીઆ ત્રણસેં સુધી મળે છે. ગીરો રાખનાર જમીન પોતે જાતે ખેડે છે, અથવા કોઇ ત્રાહિત સખસને સોંપે છે અથવા તો ગણોત પટો લખાવી ગીરો મુકનાર પાસે ખેડાવે છે. સરકારનું ભરણું કોઇ ઠેકાણે ગીરો રાખનાર ને કોઇ ઠેકાણે ગીરો મુકનાર ભરે છે. કેટલી-એકવાર કપાસ વગેરેનાં તુલ ગીરો મુકી ખેડુત રૂપીઆ કાઢે છે.

કોળી, ભીલ નાયકડા, દુબળા વગેરે કાળી પરજના ખેડુતો ઘણા અજ્ઞાન અને ઘણી મુશ્કેલીસ હાલતમાં છે. તેઓ પૈસો સંઘરીજાણુતા નથી. જે કાંઇ તેઓ પાસે હોય છે તે પીવામાં ઉડાવી દે છે. તેઓ નાગલી, કોદ્રા એવું જાડું અનાજ ખાઇને રેહે છે અને એપણ તેઓને બારે માસ મળતું નથી અને વરસમાં બે મહિના એટલે અપ્રેલથી જુન સુધી કેટલાએક તો કંદમૂળ ખાઇને રહે છે. આ બે મહિના સુધી ખાવાના અનાજ સારૂ અને જુન મહિનામાં ઓરણીના બીને સારૂ તેઓને મારવાડી અથવા વાણિયાનું ઘર ખોળવું પડે છે. આ સિવાય પીવાને સારૂ અથવા તો લગનમરણના ખરચ સારૂ અથવા તો સરકારનું મેહેસુલ ભરવા સારૂ તેઓને શાહુકારની મદદ વગર ચાલતું નથી. શાહુકાર તેની પાસે સ્ટાંપના કાગળ ઉપર ખત લખાવી લઇ વરસે ચોવીસથી ત્રીસ ને કોઇવાર પોણોસો ટકાસુધીના વ્યાજે નાણું આપે છે. આટલા વ્યાજ ઉપરાંત તેની પાસેથી વટાવ સુખડી લેછે. બીનું બમણું ને ખાધાનું દોઢું એટલે જેટલું અનાજ બીને સારૂ આપ્યું હોય તેનું બમણું અને ખાવા સારૂ આપ્યું હોય તેનું દોઢું શાહુકાર તેને ખાતે ઉધારે છે. કાપણીની મોસમ થઇ કે શાહુકાર ઉઘરાણીએ નિકળે છે અને જેટલું લેવાય તેટલું લઇ જઇ તેને ખાતે જમે કરે છે. ખાતું ચાલ્યું જાય છે એટલે તે લોકો શાહુકારના સાણસામાંથી આખર સુધી નિકળવાં પામતા નથી. ઘણા એટલા બધાતો અજ્ઞાન છે કે કરજ ક્યારે થયું, કેટલું તેઓએ કરજને પેટે આપ્યું અને કેટલું બાકી રહ્યું તે પણ જાણતા નથી. એ ખેડુતો એક જગાએ ઠરીઠામ રેહેતા નથી તેથી અને તેઓ પાસે કઇ માલમતા હોતી નથી એટલે દીવાની કોરટમાં ફરીઆદ કરવાથી પોતાને કંઇ લાભ થશે નહિ એ શાહુકારો સારી પેઠે જાણે છે તેથી તેઓને સમજાવી પટાવી પોતાનું કામ કાઢી લેછે અને પોતાના પંજામાંથી છુટવા દેતા નથી.

ખેતીની મજુરી કરનારાઓ પોતાની અથવા પોતાનાં બૈરાં છોકરાંની જાત મેહેનત ગીરો મુકી કરજ કાઢે છે. સૂરત જિલ્લાંમાં ચોધરા, નાયકા, ઢોંડીઆ, દુબળા અને કોળીઓ હાલી તરીકે ભાડેલા, કણુબી, અને રજપૂત, ખેડુતોને ત્યાં રેહે છે. કેટલેક ઠેકાણે હાલીઓ પોતાના ધણીઆમાનાં ખેતરમાં અને કેટલેક ઠેકાણે ગામમાં રેહે 'છે. ધણીઆમાને ત્યાં સવાર બપોર ખાય છે અને તેનાં ખેતરમાં આખો દહાડો કામ કરે છે. રાત્રે હાલીઓ સૌ સૌને ઘેર ખાય છે. આખો દહાડો કામ કરે છે તેના બદલામાં સમી સાંજે મરદને ચાર શેર, બૈરીને બ શેર ને

છોકરાંને શેર ભાત મળે છે. આમાંથી સમી સાંજે ખાવા જેટલુંજ હાલી પોતાને ઘેર લઇ જાય છે; બાકીનું તે પોતાના ધણીઆમાને ત્યાં રાખે છે. હાલીને લુગડાંલત્તાં આપવાં એ ધણીઆમાની મરજી ઉપર છે. ધણીઆમાના ખેતરમાં કામ નહિ હોય ત્યારે હાલીઓ મજુરી કરે છે અને તેમાં જે કાંઇ તેને રોજ મળે છે તે ધણીઆમાને આપતા નથી. જે દહાડે બહારની મજુરી કરી હોય તે દહાડે હાલીને ધણીઆમાને ત્યાંથી ખાવાનું તથા ભાથું મળતું નથી. ધણીઆમો હાલી પાસ ખેતરની મજુરી સિવાય બીજું કાંઇ કામ કરાવે તો તેને રોજમાં રોકડ નાણું આપે છે. ધણીઆમાને ત્યાંથી અવસરે તેને બોહોણી મળે છે અને તેહેવારને દહાડે તેને રજા મળે છે. રજાના દહાડામાં તેને ખાવાનું તથા અનાજ મળે છે. હાલી ને પરણવાનો ખરચ ધણીઆમો આપે છે. પરણ્યા પછી બૈરીનો ધણીઆમો જો જૂદો હોય તો તે પોતાના ધણીઆમાને ત્યાં ને કોઇ વખતે ધણીના ધણીઆમાને ત્યાં કામ કરે છે. છોકરાંઓ બન્ને ધણીઆમાને ત્યાં વેહેંચી આપવામાં આવે છે. હાલી મરી જાયતો તેની બૈરી નાતરૂં કરી શકે છે, પણ તેનો છોકરો હોય તો તેને તેના બાપના ધણીઆમાને ત્યાં રેહેવું પડેછે. હાલીઓને ધણીઆમાને ત્યાં કોઇ પણ જાતનો જુલમ કે ત્રાસ હોતો નથી. ખાવાનું સારૂ મળે છે, લગન વખતનો ખરચ ધણીઆમો આપે છે, જે કાંઇ પોતે પોતાની જાત મેહેનતથી કમાય છે તે ધણીઆમો તેમની પાસ રેહેવા દેછે તેથી હાલીઓ પોતાને સુખી માને છે અને પોતાના ધણીઆમાને છોડી બીજાને ત્યાં ગયેલાના દાખલા થોડા બનેલા જોવામાં આવે છે.

મારવાડી વ્યાજુ કરનારનું જોર ફક્ત સૂરત જિલ્લામાં છે, પણ લોકો સહનશીલ છે. શાહુકારોનો જુલમ ખરો પણ તેના વગર ચાલે એમ નહિ અને અણી વખતે તે મદદ કરવા હાજર છે. આવાં કારણોને લીધે કરજના ત્રાસથી અકળાઇને લોકો હુલડ કરી શાહુકારને મારી હેરાન કર્યાના દાખલા બન્યા નથી.

વ્યાજ—અગાઉના અવ્યવસ્થિત કાળમાં વ્યાજનો દર ઘણો હતો. હાલમાં જો જણસ ગીરો મુકી નાની રૂપીઆની રકમ કાઢવી હોય તો કારીગર અને સારા ખેડુતને વરસે છથી અરાઢ ટકાનું વ્યાજ અને ગરીબ ખેડુતને બારથી ચોવીસ ટકાનું વ્યાજ આપવું પડે છે; જો અંગઉધાર હોય તો વ્યાજનો દર નવથી ચોવીસ ટકાનો છે; જો કોઇ કારીગર અથવા સારા ખેડુતને ઘર અથવા ઘરેણાંઉપર રૂપીઆની મોટી રકમ કાઢવી હોય તો નવથી અરાઢ ટકા વ્યાજ આપવું પડે છે; જો ખેડુત ગરીબ હોય અને કાઇ ઢોર ગીરો મુક્યું હોય તો તેને બારથી ચોવીસ ટકાનું વ્યાજ આપવું પડે છે. જમીન અથવા વતનઉપર આઠથી બાર ટકાનું વ્યાજ બેસે છે. કાળી પરજના લોકોપાસેથી પોણોસો ટકાસુધીનું વ્યાજ લેવામાં આવે છે, પણ પંચ મહાલમાં દીવાની કોરટ બીજાપાસે છથી વધારે ટકાનું વ્યાજ અપાવતી નથી. જમીનમાંથી ચારથી આઠ ટકાનું વ્યાજ ઉપજી રેહે તો તે બસ ગણાય છે.

હિસાબી ચોપડા—શાહુકારો ચોપડા રાખે છે. તે (૧) રોજમેળ, એમાં આખા દહાડામાં પૈસાની આપલે થાય તે જમે તથા ઉધાર થાય છે અને સીલક તથા બાકી બતાવવામાં આવે છે. (૨) નોંધ એમાં રોકડ વગરની તમામ આપલે નોંધવામાં આવે છે. (૩) આવરો અથવા ખરડો રોજમેળ ને નોંધમાં જે જે રકમ નોંધેલી હોય તેના પંદર દહાડાનો અથવા મહિનાનો સૌ સૌને ખાતે હિસાબ બતવવામાં આવે છે. (૪) ખાતાવહી અથવા ખતવણી એમાં દરેક ઘરાકનું ખાતું પાડી તેમાં તેનો આખા વરસનો હિસાબ બતાવવામાં આવે છે. (૫) હુંડીની નોંધ એમાં હુંડીની આપલે થઇ હોય તે નોંધવામાં આવે છે. (૬) વ્યાજ વહી એમાં દીવાળી સુધીમાં દરેક ખાતે જેટલું વ્યાજ થયું હોય તે બતાવવામાં આવે છે. (૭) સામાં દસ્કત અથવા ઠામ ખાતું એમાં દરેક ઘરાકનું જુદું ખાતું પાડી તેમાં આસામીને રૂપીઆ આપ્યા હોય અથવા બાકી કાઢી હોય તેઉપર ઘરાકની સહી કરાવે છે. આસિવાય શાહુકાર બીજો ધંધો કરતો હોય તો તેના ચોપડા જુદા હોય છે.

સટ્ટો—કાઠિયાવાડમાં રૂ અને અફીણના અને અમદાવાદમાં અનાજ સિવાયની બધી ચીજોના સટ્ટા ચાલે છે. સને ૧૮૬૪–૬૫માં જ્યારે અમેરીકામાં લડાઇ ચાલવાથી હિંદુસ્થાનના રૂનો ખપ વિલાયતમાં ઘણો હતો ત્યારે રૂના સટ્ટાનું જોર પ્રાંતમાં ઘણે ઠેકાણે હતું. સટ્ટામાં માલની આપલે થતી નથી. એક વેપારી માલ વેચનાર અને બીજો માલ ખરીદદાર થાય છે. તેઓ મળી ઠરાવ કરે છે કે અમુક તારીખે અમુક ભાવે વેચનારે ખરીદદારને અમુક વજનભાર માલ આપવો. પછી નક્કી કરેલે દહાડે માલની આપલે કર્યા વગર ઠેરવેલા ભાવ કરતાં માલનો ભાવ જેટલો બેસી ગયો હોય તેટલા આંકડો ખરીદદાર વેચનારને આપે અને ભાવ જો ચઢયો હોય તો જેટલો વધારો થાય તેટલા વેચનાર ખરીદદારને આપે. હાલ થોડાં વર્ષ થયાં ભાવનગરમાં સટ્ટાનો વેપાર ચલાવવાને એક એસોશીએશન થઇ છે અને કેટલાએક કાનુનો ઘડી કાઢી તે પ્રમાણે હાલમાં સટ્ટાનો વેપાર ચલાવે છે.

વીમો—ખુસ્કીને રસ્તે માલ લઇ જવા લાવવામાં ચોરો તથા લુટારાઓનો ભય અસલ ઘણો હતો, તથી કેટલીકવાર કોઇ ચોરોના નાયકનું મનમનાવી તેને ખુશ રાખવામાં આવતો એટલે તે નાયક પોતે જાતે બંદોબસ્ત કરી માલને લુંટાવા દેતો નહિ. કેટલીકવાર ખજાનો મોકલવો તથા લઇ જવો હોય તો તેની સાથે હથીઆરબંધ માણસો મોકલવામાં આવેછે. એઓને આંગડીઆ કહે છે અને તેઓ હથીઆર સજી મેહેનતાણું લઇ ખજાનો લઇ જાય છે. આ આંગડીઆઓ રજપૂત, કોળી વગેરે જાતના હોય છે અને તેઓની સાખ ઘણી સારી ગણાય છે. આગગાડી થવાથી અને મનીઆર્ડરનો વહિવટ દાખલ થવાથી આંગડીઆનો રીવાજ ઘણો ઓછો થયો છે તોપણ કાઠીઆવાડમાં તે રીવાજ થોડો ઘણો ચાલે છે. દરીઆને રસ્તે ચાંચીઆઓનું જોર ઘણું હતું અને તેઓ વહાણને લુંટી લેતા. આવા અવ્યવસ્થિત કાળમાં વાહણોની સહીસલા-

મતી સારૂ વીમો ઉતારવાનું કામ શરૂ થયલું તે હજુ ચાલુ છે. વીમા ઉતારવાનું કામ કચ્છ, કાઠયાવાડ અને અમદાવાદના ધોલેરામાં ચાલે છે. કચ્છમાં વીમાના બે પ્રકાર છે· એકને અવંગ અને બીજાને વીમા કહે છે. અવંગમાં વીમો ઉતારનાર માલ ધણીને થોડું નાણું બાનાંતરીકે આપે છે અને માલ સહી સલામત પહોંચ્યો એટલે માલ ધણી તે રૂપીઆ વીમો ઉતારનારને છ આનાના વ્યાજ સાથે પાછા આપે છે. નુકસાની માલની કજારજાએ વીમો ઉતારનાર માલધણીને આપે છે. દરબાર તરફથી મહાજનમાંના છ આસામી વીમાના કામની દેખરેખ રાખવા નક્કી કરવામાં આવે છે. માલ બંદરેથી નિકળ્યો કે વીમો ઉતારનારને માથે જોખમદારી શરૂ થઇ. તે જોખમદારી લેનાર ધણીના હાથમાં માલ સહીસલામત આવી પહોંચે ત્યાં લગણ રહે છે. દરીઓ શાંત હોય છે ત્યારે સલામતીનો દર ઓછો અને તોફાની હોય ત્યારે વધારે હોય છે. દલાલોની હસ્તક વીમો ઉતારવામાં આવે છે. ખુસ્કીને રસ્તે માલ મોકલવામાં આવ્યો હોય તેનો પણ વીમો ઉતારવામાં આવે છે. કાઠિયાવાડમાં બે અથવા વધારે વેપારીની પેહેડીવાળા એકઠા થઇ વીમો ઉતારે છે અને નફો ટોટો ફાળે પડતો વેહેંચી લેછે. માલની જેટલી કિંમત હોય તેના સવાયા ઉપર વીમો ઉતારે છે. માલને નુકસાન લાગે તો તેની ખરી કિમ્મત હોય તેનાઉપર સોએ ૮૭ ટકા જેટલું ભરી આપે છે. માલ જે મોસમમાં ચઢાવવામાં આવ્યો હોય તે ઉપર સલામતીનો દર ઠરે છે. દરીઓ શાંત હોય તો સલામતીનો દર પા ટકો અને તોફાની થવા માંડયો હોય તો સાડાત્રણ ટકાસુધી હોય છે. માલને કેવી જાતનું નુકસાન થાય ત્યારે વીમો ઉતારનાર પાસેથી નુકસાની ભરી લેવી એ વિશે કાઠિયાવાડમાં બે મત ચાલે છે. કેટલાએકનું કહેવું એવું છે કે જે બંદરમાટે માલ ચઢાવ્યો હોય ત્યાંની લેનાર વેપારીની પેઢીએ પહોંચતાં સુધીમાં માલને જે કાંઇ નુકસાની થાય તે વીમો ઉતારનાર પાસેથી ભરી લેવો. બીજાઓનું કહેવું એવું છે કે વહાણ અથડાવાથી ભાંગી જાય અથવા વામવા સારૂ માલ દરીઆમાં નાખી દેવામાં આવે તોજ વીમો ઉતારનાર પાસેથી નુકસાની ભરી લેવાય, પણ જ્યાં લગણ માલ વહાણમાં છે પછી તે ત્યાં સળગી જાય અથવા પાણીએ વતી ખરાબ થઇ જાય તો તેની નુકસાની વીમો ઉતારનારને શીર નથી; આને પાટીઆં સલામતી કહે છે. કાઠિયાવાડમાં પણ વીમો દલાલોની હસ્તક ઉતરવામાં આવે છે. ધોલેરામાં વીમો ઉતારવાના બે જાતના વહિવટ છે. એક ગામના શીરસ્તાપ્રમાણે અને બીજો અંગ્રેજી વીમો ઉતારવાની પદ્ધતિએ. ગામના શીરસ્તાપ્રમાણે વીમો ઉતારવાના મુખ્ય નિયમો આ છેઃ—જુન મહિનાં પેહેલાં સલામતી અપાય નહિ અથવા મંગાય નહિ; જેટલી સલામતી ઠેરવેલી હોય તેનો આઠમો ભાગ વીમો ઉતારાવનારને મળે; માલની ખરી કિંમત હોવ તેના ૮૬ ટકા જેટલી નુકસાની ભરી લેવી; વહાણને દરીઆમાં નુકસાન લાગ્યું હોય અને કોઇ બંદરેથી તે વહાણની મદદે હોડી નિકળી ચુકી હોય તો અડધી નુકસાની ભરી લેવી; માલ જો ખરાબ થયો હોય તો જેટલો બગડી ગયો હોય તેટલો માલ બંદરેથી ચઢાવવામાં જે કંઇ ખરચ થયો હોય તેનો અડધો ખરચ વીમો

ઉતારનાર આપે; માલ ચઢાવ્યા પછી જો માલને ધોળેરાના બંદર આગળ નુકસાન લાગ્યું હોય તો કેટલી નુકસાની વીમો ઉતારનારે ભરી આપવી એ ધોળેરાના વીમો ઉતારનારની કમીટીએ નક્કી કરવું; જો વહાણને નુકસાન ધોળેરાનું બંદર મુકીને થયું હોય તો વીમો ઉતારનારના તેમજ માલધણીના મુંબઇના આડતીઆએ મળી નુકસાની ઠેરવવી; માલ ચઢાવ્યા પછી ત્રણ મહિનાસુધીમાં વહાણનો પત્તો લાગે નહિ તો તે વહાણ અથડાઇ ભાંગી ગયું એમ સમજવું. અંગ્રેજી રીતે વીમો ઉતારવામાં આ નિયમો કબુલ રાખવામાં આવ્યા છે: ગામ શીરસ્તાથી સવાયો સલામતીનો દર રાખવો; સલામતીના રૂપીઆ જુન મહિનામાં ન આપતાં તરત આપવા; વહાણમાં જેટલા માલને નુકસાની લાગી હોય તેટલાની ટીપ તૈયાર કર્યા પછી એક મહિનાની અંદર નુકસાની ભરી લેવી; માલ જો થોડો ઘણો બગડયો હોય તો તે ઉપર કેટલી નુકસાની આપવી એ, જો માલને નુકસાની ધોળેરાનાં બંદરમાં થઇ હોય તો વીમો ઉતારનાર અને માલ ધણી માંહોમાંહે નક્કી કરે; નુકસાની જો ધોળેરા બંદર બહાર થઇ હોય તો તેઓના આડતીઆ નક્કી કરે; વાંધો પડે તો પંચ બેસાડે છે ને તે જે ઠરાવ કરે તે બેઉ પક્ષકારોને કબુલ રાખવો પડે છે.

રોજ—કિસબી કારીગરો અને મજૂરોનો રોજ પચ્ચાસ વરસ ઉપર જે હતો તેનાથી હાલમાં જૂદા જૂદા ભાગમાં બમણો, તમણો અને ચ ર ગણો વધી પડયો છે. સને ૧૮૬૩–૬૪ માં એ હાલના કરતાં પણ વધારે હતો. સૂથાર કડિયાનો રોજ હાલમાં સૂરતમાં આઠ આના, ભરૂચમાં દસથી બાર આના, અમદાવાદમાં બાર આના, ખેડામાં કડીઆનો ચારથી છ આના, અને સૂથારનો આઠથી દસ આના છે. મજૂરનો રોજ સૂરત ભરૂચમાં ચારથી છ આના અને ખેડામાં બેથી ચાર આના છે. આ લોકો કામઉપર સવારના નવ વાગે જાય છે અને સાંજરે પાછા ઘેર જાય છે. બપોરે થોડો વીસામો ખાય છે. રોજના પૈસા દરરોજ રોકડ અથવા તો સામટી રકમ અઠવાડીએ અથવા પખવાડીએ ચુકવી આપવામાં આવે છે. ગૂજરાતના ઘણા ભાગોમાં મીલો, કપાસ પીલવાના સકંજા અને પ્રેસો થવાથી ઘણા મજૂરોને સારી કમાણી મળે છે. ખેતરની મજૂરી કરનારાઓને કામના પ્રમાણમાં મેહેનતાણા દાખલ અનાજ આપવામાં આવે છે. અનાજ નહિ આપતાં કોઈ ઠેકાણે દહાડાનો બે ત્રણ આનાનો રોજ આપે છે. ને કોઇ ઠેકાણે તેને બપોરનું ખાવાનું પણ મળે છે. ખેતીની મજૂરીનું કામ કોઇ ઠેકાણે ચોમાસાંના ચાર મહિના પહોંચે છે અને કોઇ ઠેકાણે જુનથી એપ્રિલ સુધી દહાડાનો છુટક રોજ નહિ આપતાં કેટલીકવાર તેને દસ મહિનાના અઠાવીસ રૂપીઆ આપવામાં આવે છે અને તે ઉપરાંત ખાધાખાઇ. ખેતીનું કામ નહિ હોય ત્યારે તેઓ છુટક મજૂરી કરે છે.

ભાવ—ઘણાં વર્ષની સરાસરી કાઢતાં ભરૂચમાં જુવારનો ભાવ રૂપીઆનો ૪૭ શેરનો અને ઘઉંનો ૩૫ શેરનો; ખેડામાં બાજરીનો ૫૦ શેરનો; અમદાવાદમાં જુવારનો ૬૦ શેર; પંચમહાલમાં બાજરીનો ૩૦ શેરનો અને મકાઇનો ૩૯ શેરનો આવે છે. સને ૧૮૬૪–૬૫ ના વરસો

ઘણાં મોંઘવારીનાં ગયાં છે અને એવી મોંઘવારી કેટલેક ઠેકાણે સને ૧૭૯૦ અને ૧૮૧૩ ના દુકાળમાં પણ નહોતી. આગગાડી થવાથી અને ઘઉં ને રૂનો ખપ બહાર ગામ દિનપરદિન વધતો જવાથી અસલના વારામાં જેવી સોંઘવારી હતી તેવી પાછી થાય એમ જણાતું નથી. સૂરતમાં ૧૮૨૪ થી ૧૮૭૬ સુધીના ૫૩ વર્ષના અરસામાં ઘણાં સોંઘવારીનાં વર્ષો ૧૮૪૪, ૧૮૪૮ અને ૧૮૪૯ હતાં. એ વર્ષમાં જુવાર રૂપીઆની અઢીથી ત્રણ મણની વેચાયલી. મોંઘવારીનાં વર્ષ ૧૮૬૩, ૧૮૬૪, ૧૮૬૫ અને ૧૮૭૦ હતાં. એ વર્ષોમાં જુવાર રૂપીઆની ૧૪થી ૧૯ શેર વેચાયલી. ભરૂચમાં ૧૮૧૦ થી ૧૮૭૪ સુધીના ૬૫ વર્ષના અરસામાં ઘણી સોંઘવારીનાં વર્ષ ૧૮૩૭, ૧૮૪૧, ૧૮૪૩, ૧૮૪૪, ૧૮૪૭, ૧૮૪૮, ૧૮૫૦ ને ૧૮૫૧ હતાં. એ વર્ષોમાં જુવાર બેથી અઢી મણની વેચાયલી. ઘણી મોંઘવારીનાં વર્ષો ૧૮૧૩, ૧૮૧૪, ૧૮૨૦, ૧૮૬૩, ૧૮૬૪, ૧૮૬૭, ૧૮૬૯ ને ૧૮૭૦ હતાં. એ વર્ષોમાં જુવાર ૧૭થી ૨૫ શેરને ભાવે વેચાયલી. સને ૧૮૧૩, ૧૮૧૪ અને ૧૮૨૦ દુકાળનાં વર્ષ છતાં એ વર્ષો કરતાં ૧૮૬૪ માં મોંઘવારી વધારે હતી. સને ૧૮૩૩ થી સને ૧૮૬૦ સુધીના વર્ષો સાધારણ રીતે સોંઘવારીનાં કહેવાય. ૧૮૬૦ પછી જુવારનો ભાવ આગળ હતો તેથી બમણો થયો છે. અમદાવાદમાં ૧૮૧૩ થી ૧૮૭૭ સુધીનાં ૬૫ વર્ષના અરસામાં અગીઆર વર્ષ ઘણાંજ મોંઘવારીનાં ગયાં છે. ૧૮૧૩ ને ૧૮૬૪માં જુવાર રૂપીઆની સોળ શેરની, ૧૮૬૯ ને ૧૮૭૦ માં ૧૯ શેરની, ૧૮૬૩માં ૨૨ શેરની, ૧૮૨૦ માં ૨૩ શેરની, ૧૮૧૪ માં ૨૫ શેરની, ૧૮૬૫ માં ૨૬ શેરની, ૧૮૭૧ માં ૨૯ શેરની, ૧૮૬૭ માં ૩૧ શેરની અને ૧૮૭૭માં ૩૨ શેરની વેચાયલી. આ બધાંમાં ૧૮૧૩, ૧૮૧૪, ૧૮૨૦ અને ૧૮૭૭ દુકાળનાં વર્ષો હતાં. ઘણી સોંઘવારીનાં વર્ષ આઠ હતાં. ૧૮૪૩ માં ૧૦૨ શેર, ૧૮૪૬ માં ૧૦૭ શેર, ૧૮૫૧ માં ૧૦૮ શેર, ૧૮૫૫માં ૧૧૩ શેર, ૧૮૩૧ ને ૧૮૩૨ માં ૧૧૪શેર અને ૧૮૨૯ અને ૧૮૩૦ માં ૧૨૦ શેર. ખેડામાં ૧૭૯૦થી ૧૮૭૭ સુધીનાં ૮૮ વર્ષના અરસામાં ઘણી મોંઘવારીના વર્ષ સાત છે. ૧૮૧૨ અને ૧૮૬૫ માં રૂપીઆની બાજરી ૧૫ શેર, ૧૮૭૭ માં ૧૭ શેર, ૧૭૯૦ માં ૧૮ શેર, ૧૮૬૩ માં ૧૯ શેર, અને ૧૮૧૩ ને ૧૮૬૯ માં ૨૦ શેરની. સને ૧૭૯૦, ૧૮૧૨, ૧૮૧૩ ને ૧૮૭૭ એ સાલ દુકાળનાં હતાં. ઘણાંમાં ઘણી સોંઘવારી ૧૮૩૨ માં થયલી એટલે તે સાલ બાજરી રૂપીઆની ત્રણ મણ વેચાયલી.

તોલ તથા માપ—સોનું રૂપું તોલા ગદિયાણાને ભાવે વેચાય છે. બીજી ધાતુ અને અનાજ, ઘી, ખાંડ, ગોળ, મસાલો, વગેરે તોળીને મણને ભાવે વેચાય છે. કાઠિયાવાડ, કચ્છ અને ઉત્તર ગૂજરાતમાં અનાજ પાલી ફરા વગેરે માપથી ભરીને વેચાય છે. સૂરતનો શેર સાડીસાડત્રીસ રૂપીઆ ભારનો પણ બીજે ઠેકાણે નો તો ચાળીસ રૂપીઆ ભાર ગણાય છે. મણના શેર ચાળીસ પણ રૂના મણમાં બેતાળીસ અને તંબાકુ, મીઠું, વગેરે મસાલાના મણમાં ચાળીસથી છેતાળીસ શેર આવે છે. સૂરતમાં અનાજ મણ, હારો, ખાંડી ને ગાલ્લીને ભાવે અને ભરૂચ, ખેડા ને

અમદાવાદમાં મણ, હારો, કળશી ને બેલીઆંને ભાવે વેચાય છે. હારો સૂરતમાં સાત મણનો અને ભરૂચમાં આઠ મણનો ગણાય છે. સૂરતમાં વીસ મણની ખાંડી અને ત્રીસ મણની ગાલ્લી થાય છે. કળશીમાં સોળ મણ અને બેલીઆમાં બત્રીસ મણ આવે છે. પંચમહાલ અને રેવાકાંઠામાં અનાજ મણ, માણી, માણસા અને કણસાને ભાવે વેચાય છે. બાર મણની એક માણી, સો માણીનો એક માણસો અને સો માણસાનો એક કણસો થાય છે. કપાસ ભાર (૨૪ મણ) ને ભાવે અને રૂ ખાંડી (૨૦ મણ)ને ભાવે વેચાય છે. રૂની ખાંડી કાઠિયાવાડમાં ચોવીસ મણની હોય છે. તેલ, દીવેલ, દૂધ તથા દારૂ માપે ભરીને આપવામાં આવે છે. બનાત અને કાપડ ગજ અને હાલમાં ઘણે ઠેકાણે અંગ્રેજી વારે વતી ભરી અપાય છે; પણ પાઘડી, ધોતીઆં, દુપટ્ટા અને બૈરાંનાં લુગડાં જોટા અથવા ફરદને ભાવે ઉધડ અપાય છે. સાગઠા, ભારોટિયા, વગેરે કુંડીને ભાવે અને કેટલીકવાર ગજને ભાવે અપાય છે. સરવે ખાતું નિકળ્યા પેહેલાં જમાનનું માપ વીઘાં અને ભરૂચના કેટલાએક ભાગમાં કુંભામાં થતું હતું. અમદાવાદ સૂરત અને ખેડામાં એક વીઘું ૨૮૪૪ ચોરસવારની બરોબર અને ભરૂચનું વીઘું ૨૪૭૭ ચોરસવારની બરોબર ગણાતું. કુંભામાં ૪૬૪૧ ચોરસ ફૂટ આવતા. સર્વે થયા પછી વીઘાંને બદલે એકર ઠેરવવામાં આવ્યા છે. એક એકરમાં ૨૫૬૦૦ ચોરસ ફૂટ હોય છે. પાલણપુર અને રાધણપુરમાં વીઘાંને બદલે ઓલીઆવાનું ચલણ છે. સવા છ ચોરસ હાથનો એક ચોરસ કરમ, પચાસ ચોરસ કરમનું એક ઉપલું, બે ચોરસ ઉપલાની એક ઇસ અને પચાસ ચોરસ ઇસનો એક ઓલીઆવો. એક ઓલીઆવામાં ૪$\frac{2}{3}$ એકર આવે છે. સને ૧૮૪૮માં સરકારે સૂરતમાં બંગાળી મણ અને શેર દાખલ કરેલો પણ લોકો ઘણા સામા થયા અને તેઓએ હડતાળ પાડેલી તેથી બંગાળી માપનું ચલણ બંધ કરવામાં આવેલું. અમદાવાદમાં બંગાળી એટલે ૮૦ રૂપીઆ ભારનો પાકો શેર પણ ચાલે છે.

૨—વેપાર.

ગૂજરાતની જમીન ફળદ્રુપ અને નાના પ્રકારના પાક આપનારી છે તેથી અને પશ્ચિમ તરફના ભાગ ઉપર દરિયો આવવાથી ગૂજરાતમાં વેપારના મથક ઘણાં છે તથા વેપાર પરાપૂર્વ કાળથી ચાલ્યો આવે છે. ઇતિહાસ ઉપરથી ગૂજરાતની વેપાર સંબંધી જે હકીકત મળી આવે છે તે આ પ્રમાણે છે.

ઇ. સ. ૬૪ થી ૨૦૦ સુધીમાં બરૂગાઝા (ભરૂચ) મોટું વેપારનું મથક હતું. ભરૂચનો વેપાર જળમાર્ગે મિસર, દક્ષિણ અરબસ્થાન અને ઇરાની અખાતનાં બંદરો સાથે અને ખુસ્કીને રસ્તે ઉત્તરમાં સિંધસાથે, પૂર્વમાં ઉજ્જણ સાથે અને દક્ષિણમાં તગર (દૌલતાબાદ) અને પ્લીથન (પૈઠણ) સાથે હતો. મિસર અને અરબસ્થાનથી સોનું, રૂપું, પિત્તળ, કલાઇ, સીસું, પારો, સુરમો, કાચ, પોખરાજ, પરવાળાં, દારૂ, કમળ, કપ્પડ અને રંગબેરંગી દુપટ્ટાઓ આવતા હતા; ઇરાની અખાતના બંદરોથી ગુલામો, સોનું, મોતી (હલકાં, પણ ઘણાં) ખજુર, દારૂ અને કપ્પડ;

ખુશ્કીને રસ્તે સીંધથી પેઠી, રૂ, મરચાં, હીરાબોળ, હાથીદાંત અને રેશમ; ઉજ્જન અને દક્ષિણથી ચીનાઇ વાસણ, મલમલ, અને કપ્પડ. ભરૂચથી મિસર અને અરબસ્થાનમાં ભાત, ઘી, તેલ, રૂ, ખાંડ, મલમલ, અને દુપ્પટા ચઢતા; અને ઇરાની અખાતના બંદરે પિત્તળ, શિંગડાં, સુખડ અને અબનુસનાં લાકડાં ચઢતાં. ભરૂચમાં વળી આફ્રિકાથી સોનું અને મલબાર અને સિંહલદ્વીપથી તજ અને મરી પણ આવતાં હોય એમ સંભવે છે.

ત્યાર પછીનાં સાતસેં વર્ષના અરસામાં ગૂજરાતના વેપારનાં કોઈ પણ મથકનું સ્પષ્ટ નિરાકરણ ઈતિહાસમાં જોવામાં આવતું નથી, તોપણ એ અરસામાં દક્ષિણે આવેલા થાણા જિલ્લાનો વેપાર ઘણો સતેજ હતો, થાણા જિલ્લાના વેપારના બંદરે દેશદેશનો માલ આવતો તથા ચઢતો અને ત્યાંના વેપારી ગૂજરાતી લાડ વાણિયા હતા તે ઉપરથી એમ ધારી શકાય છે કે એ અરસામાં ગૂજરાતમાં પણ વેપારની સારી જાગૃતિ હતી.

દસમી સદીમાં ખંભાત મોટું વેપારનું મથક હતું. તે વખતમાં ત્યાં નાળીએર, કેરી, લીંબુ, ભાત અને મધ ઘણાં થતાં. ચામડાંનો પણ અનેક પ્રકારનો ઘાટ બનાવવામાં આવતો અને ખંભાતના જોડા તે વખતે ઘણા પંકાતા હતા. ખંભાતના વેપારીઓ આરબ અને ઇરાનના વેપારીઓ હતા અને તેઓએ ખંભાતમાં મસીદો બંધાવી હતી અને હિંદુ રાજાના છત્ર તળે નિર્ભય પણે રેહેતા હતા. અરબી સમુદ્રમાં આ વખતે ચાંચીઆઓનો ભારે ત્રાસ હતો આ ચાંચીઆઓ કચ્છ અને કાઠિયાવાડના હતા અને જાતે સંઘાર, જત, મેર અને કુર્ક હતા. એઓ અરબસ્થાનથી હિંદુસ્થાન અને ચીન આવવાને નિકળેલાં વહાણોને લૂટતા અને આફ્રિકાના સોકોટ્રા સુધી દરિયે જતા.

અગીઆ મી સદીમાં કચ્છ અને સોમનાથના ચાંચીઆઓનો દરિયે ત્રાસ છતાં ખંભાતનો વેપાર ઘણો સતેજ હતો, અને તે ગૂજરાતનું મોટું વેપારનું મથક ગણાતું હતું. આસપાસના મુલખમાંથી સૂંઠ તથા કપાસ, કચ્છથી ગુગળ અને સુગંધી, માળવાથી ખાંડ અને ઉત્તર હિંદુસ્થાનથી બીજો માલ મુલતાન રહી અહીં આવતો અને અહીંથી દેશાવર ચઢતો. સમુદ્રમાર્ગે ખંભાતનો વેપાર પશ્ચિમમાં ઇરાન, અરબસ્થાન, આફ્રિકાના સોફાલા સાથે અને પૂર્વમાં મલબાર કોરોમાન્ડલ અને ચીન સાથે હતો.

બારમી સદીમાં ખંભાતના નિકાશ માલમાં મુખ્ય ઘઉં, ચોખા, ગળી અને તીર બનાવવાની લાકડીઓ હતી. ચાંચીઆનો ત્રાસ મટયો નહોતો; અને અણહિલવાડના શોલંકી રાજાઓએ ખંભાતમાં એક કિલ્લો બાંધી તેનું સંરક્ષણ કર્યું હતું. એ સદીમાં ધોળકા પણ મોટું વેપારનું મથક હતું.

તેરમી સદીમાં હિંદુસ્થાનના બે મોટાં બંદરોમાંનું ખંભાત એક હતું. અહીંથી ઘણી ગળી, રૂ, અને બારીક વણાટનું કપ્પડ દેશાવર ચઢતું. અહીં વળી ચામડાંનો વેપાર

પણ ઘણો હતો. આયાત માલમાં સોનું, રૂપું, તાંબું અને સુરમો હતાં. વળી રાતા સમુદ્રની આસપાસના મુલખથી અને ઇરાની અખાતનાં બંદરેથી ઘોડાઓ આવતા. ખંભાતના વેપારીઓ પરદેશી મુસલમાન અને પારસીઓ હતા. ખલાસીઓ કોળી ને રજપૂત હતા. ખંભાતમાં ચાંચીઆનો ત્રાસ નહોતો. પણ અરબ્બી સમુદ્રમાંતો તેઓનું જોર નરમ પડયું નહોતું. એ સદીની આખરે અન્હિલવાડ પાટણનો ક્ષય થયો ને ગૂજરાત દિલ્હીના બાદશાહના તાબામાં આવ્યું.

ચૌદમી સદીમાં ખંભાતના વેપારનાં મથક તરીકેની કિર્તી કાયમ રહી. બીજી જાણવા જોગ હકીકત મળી નથી. એ સદીની શરૂઆતમાં (૧૩૨૫) મોખરાજી ગોહીલે મુસલમાન પાસેથી ઘોઘા લીધું અને પીરમ ટાપુમાં તેણે પોતાનું રેઠાણુ કર્યું. ખંભાતના અખાતમાં વહાણો પાસેથી તેણે કરો ઉઘરાવ્યા. દિલ્હીનો શેહેનશાહ મહમદ તગલઘ આ વખતે ગૂજરાતમાં હતો તેથી તેણે લશકર લઇ ઘોઘે જઇ મોખરાજીને હણ્યો.

પંદરમી સદીમાં ખંભાતના જાયાત માલમાં લાખ, જટામાશી ગળી, આમળાં રેશમી કાપડ અને કાગળ એ મુખ્ય હતાં. કાગળનો ઉપયોગ આખા હિંદુસ્થાનમાં ખંભાતમાંજ હતો એવું નીકોલોકોન્ટી લખી ગયો છે. એ સદીની શરૂઆતમાં અહમદશાહે અમદાવાદ બાંધ્યું (૧૪૧૧). હિંદુ ચાંચીઆઓનો ત્રાસ ઘણો હોવાથી સુલતાન મહમદ બેગડાએ (૧૪૫૯ – ૧૫૧૧) વહાણના કાફલા તૈયાર કરી ચાંચીઆ સામા મોકલ્યા હતા, ૧૪૭૫ માં મલબારમાં, ૧૪૮૦ માં બેટ અથવા જગતમાં, ૧૪૮૨ માં વલસાડમાં અને ૧૪૯૪ માં ગૂજરાતના કેટલાક વહાણ પકડનાર દખ્ખણના એક સરદાર સામાં. સને ૧૪૮૪ માં સુલતાન મહમદ બેગડાએ ચાંપાનેર લીધું ત વખતે ત્યાં ઘણો વેપાર ચાલતો હતો અને ત્યાં ઘણા વેપારીઓ અને કારીગરો રેહેતા હતા. પંદરમી સદીની આખરે (૧૪૯૯) ફીરંગીઓ હિંદુસ્થાનમાં આવ્યા અને દરિયાનો વેપાર તેઓના હાથમાં જતો રહેવાની દેહશત લાગવાથી ગૂજરાતના સુલતાન મહમદ બેગડાએ કાલીકટના ઝામોરીન અને મિસરના મામુલક સોલડન જોડે સંધિ કરી. પેહેલાં તો ફીરંગીઓ હાર્યા પણ તેઓનું જોર ઘણું હોવાથી તેઓએ ગૂજરાતના બંદરો ઘણીવાર લૂટયાં અને એટલો તો ત્રાસ વર્તાવ્યો કે સને ૧૫૩૩ માં ગૂજરાતના સુલતાન બહાદુરશાહને નમવું પડેલું અને એવી શરત કરી આપવી પડેલી કે ગૂજરાતના વહાણો ખંભાતથી નિકળી રાતા સમુદ્રમાં જવા નિકળ્યાં હોય તો તેઓએ વસાઇ આવી ફીરંગીઓને હકસાઇ આપવી, કોઇ પણ વહાણે ફીરંગીઓ પાસેથી પરવાનો લીધા સિવાય ખંભાત છોડવું નહિ, અને ગૂજરાતમાં કોઇ પ્રણ મનવારો બાંધવી નહિ. ફીરંગીઓનું જોર વધી પડયું અને તેઓએ કાઠિયાવાડના દીવ બંદરમાં પોતાની કોઠી ઘાલી અને ત્યાં એક કિલ્લો બાંધ્યો (૧૫૩૫).

સોળમી સદીમાં ખંભાતના અખાતના મથાળા આગળનો ભાગ પૂરાઇ જવાથી ફક્ત નાનાં વહાણોજ અને તે પણ મોટા જુવાળ વખતે ખંભાત આગળ આવીશકતાં આથી કરીને ખંભાતથી જે કાંઇ માલ બહાર દેશ ચઢતો અથવા બહાર દેશથી આવતો તે બધો દીવ, ઘોઘા અને ગંધાર બંદરે અટકતો અને ત્યાંથી નાની હોડીમાં ભરી તેને ખંભાત લઇ જવામાં આવતો. આટલું છતાં પણ એ સદીમાં ખંભાતનો વેપાર જેવો પાછલી સદીમાં હતો તેવોજ રહ્યો. ખુસ્કીને રસ્તે વેપારની આવજા અમદાવાદ રહી દિલ્હી, લાહોર અને આગ્રામાં અને રાધણપુર રહી સીંધના નગર ઠઠામાં હતી. માલ ગાડાં અને ઊંટ ઉપર લઇ જવામાં આવતો અને રસ્તામાં રજપૂત અને કોળી લૂટારાનો ત્રાસ ઘણો હતો તેથી ગાડાંઓ એક એકની પાછળ ચાલતાં અને તેઓની સાથે ભાટ રહેતો. ભાટ ત્રાગું કરશે એ ધાકથી માલ ઘણીવાર લૂટાવવા પામતો નહિ. એ સદીમાં મુખ્ય આયાત માલ આ હતોઃ—તાંબુ, સીસું, પારો, હિંગળોક અને ફટકડી એ એડન, ગોવા અને ચેઉલથી; સોનું મક્કા, ઓરમઝ, આબીસીનીઆ અને આફ્રિકાથી; ચાંદી રાતા સમુદ્ર અને ઇરાની અખાતના પ્રદેશથી; લોઢું મલબારથી; કલાઇ શીઆમથી; મીઠું અને ગંધક ઇરાની અખાતના બંદરેથી; હીરા દખણમાંથી; માણેક પેગુ અને સિંહલદ્વીપથી; પોખરાજ અને લસણીઆ સિંહલદ્વીપથી; ભૂરાંઝવેર, (વૈદુર્ય) લીલમ ઇરાનથી; ચોખા, એળચી, સોપારી, નાળીએર, મલબારથી; ઘઉં, જવ માળવેથી; પાન પેહેલાં અરબસ્થાનથી, પછીથી મલબારથી અને પછી વસઇથી; અફીણ, મજીઠ, અને સૂંઠ અરબસ્થાનથી; કીસમીસ, ખજુર, કસ્તૂરી અને રૂબાબ ઇરાનથી; ગુગળ વગેરે સુગંધી સીંધથી; ગળી, તેજાનો લાહોરથી; રેશમ, હરડાં બેહડાં અને તેજાનો કાબુલથી; લવેંગ મોલ્યુકાસથી; જાયફળ, જાવંત્રી પેગુ અને બાંડાથી; સુખડ તીમોરથી; કપુર બોર્ગનીઓ અને સુમાત્રાથી; ગરમાળો મલબારથી; તજ સિંહલદ્વીપ અને જાવાથી; મરી બંગાળા, મલબાર, સિંહલદ્વીપ, સુમાત્રા અને જાવાથી; ઘોડા ઇરાન, અરબસ્થાન અને કાબુલથી; હાથી સિંહલદ્વીપ અને મલબારથી; પરવાળાં રાતા સમુદ્રના પ્રદેશમાંથી; મોતી ઇરાની અખાતનાં બંદરેથી તથા સિંહલદ્વીપથી; હાથી દાંત આફ્રિકાથી; કાચબાની પીઠનાં હાડકાં અને કાંડી માલદીવથી; ખબુતરની અઘાર (રંગવાને માટે) આફ્રિકાથી; લાખ પેગુ અને મારટાબાનથી; કસ્તૂરી આવાથી; અમ્બર આફ્રિકા, સોકોટ્રા અને માલદીવથી; મખમલ, કિનખાબ અને ઉનનાં કપડાં રાતા સમુદ્રના પ્રદેશમાંથી; ઝીણી મલમલ બંગાળા અને કોકણથી અને બિલોરીકામ ચીન અને મારટાબાનથી. ખંબાતનો જયાત માલ આ હતોઃ— ભાત સીંધ, કોકણ, મલબાર, આફ્રિકા અને અરબસ્થાનમાં; બાજરી મલબાર અને આફ્રિકામાં; ઘઉં (આસપાસના મુલખમાં થતા અને માળવા અને અજમેરથી આણેલા) મલબાર, અરબસ્થાન, અને આફ્રિકામાં; કોદ્રાળ અને તલ મલબારમાં; રૂ, મલબાર અને અરબસ્થાનમાં; સૂંઠ અને મરી ઇરાનમાં; અફીણ ઇરાન, મલબાર, પેગુ અને મલા-

કામાં; ગળી (સારી લાહોર અને આગ્રાથી આણેલી અને બાકીની સરખેજ અને નડીઆદમાં થતી) ઇરાની અખાત અને રાતા સમુદ્રના પ્રદેશમાં, અને કોકણના બંદરમાં; ઘોડાઓ મલબાર ને કોકણમાં; અને અફ્રીકનાં ઘરેણાં મલબાર, અરબસ્થાન, રાતા સમુદ્રના પ્રદેશમાં અને આફ્રિકાના પૂર્વભાગમાં. આ સિવાય સુતર, રેશમી અને સુતરાઉ કાપડ, કામળી, શેત્રંજી, પેટી પલંગ, સૂંઠ, હરડાં બેહડાં, ચરગખાર, ખાંડ, હીંગ, પાઘડી, ખરાદી કામ, ને હાથી દાંતના રમકડાં ખંભાતથી બધે દેશ જતાં. આ બધામાં સુતરાઉ કાપડ ખંભાતથી એટલું બધું તો ચઢતું હતું કે તે વખતે ખંભાતને આખી દુનીઆનું વસ્ત્ર કહેતા હતા.

આ વખતે ખંભાતના વેપારીઓમાંના કેટલાએક હિંદુ ને કેટલા એક મુસલમાન હતા. હિંદુ વેપારીઓની આડત ઘણા મુલખમાં હતી અને કેટલાએક દાભોલ, કોચીન, અને કાલીકટમાં એક જથે અને આચાર વિચાર પાળીને રહેતા હતા. મુસલમાન વેપારીમાંના કેટલાએક ખંભાતમાં વતન કરીને રહેલા અને કેટલાએક વેપારને અર્થે આવતા. કેટલાએક ફીરંગી વેપારી પણ આવતા. યુરોપિયન વેપારીને માલ વેચવો યા ખરીદવો હોય તો તેને દલાલ સોધવો પડતો. વેપારીએ દલાલ નક્કી કર્યો એટલે તે તેના હાથમાં પોતે આણેલા માલની ટીપ આપી દઇ દલાલે તૈયાર રાખેલા ઘરમાં જતો. દલાલ અને તેના માણસો વહાણ ઉપરથી માલ ઉતારતા, કસ્ટમની જકાત આપતા અને વેપારી જ્યાં ઉતર્યો હોય ત્યાં માલ લાવતા. દલાલ બજારભાવ તેને કહેતો અને વેપારીનું ધ્યાન પહોંચે કે તરત અથવા સબૂર કરી માલ દલાલ હસ્તક વેચાતો. માલ ખરીદ કરવો હોય ત્યારે પણ દલાલનું કામ પડતું. આ દલાલો વાણિયા હતા અને તેઓની સાખ સારી હતી.

સોળમી સદીમાં ખંભાત સિવાય કાઠીયાવાડનું માંગરોળ અને અમદાવાદ એ મોટાં વેપારનાં મથક હતાં. માંગરોળથી ઘઉં, ચોખા, ઘોડા, રૂ, કપ્પડ વગેરે બહારગામ ચઢતાં. અમદાવાદનો કિનખાબ, અને રેશમી તથા સુતરાઉ કાપડ ખંભાતમાં આવતાં અને ત્યાંથી ઘણાં વહાણો ફેરો ને પેકીન વચ્ચેનાં બધાં બંદરે જતાં. આફ્રિકાના દરિયા કિનારાના ભાગમાં આ સુતરાઉ કાપડનો એટલો બધો ખપ હતો કે તેની જેટલી કિમ્મત થતી તેનાથી સોગણી કિમ્મત સોનામાં આપવામાં આવતી. મલાયાના ટાપુઓમાં પોતાની ઊંચાઇ જેટલો આવા કાપડનો ઢગ આપવામાં આવતો ત્યારે પકડાયલા કેદીઓનો છૂટકારો થતો. કપ્પડ સિવાએ માળવાનું અફીણ, ગળી, ઘઉં. તંબાકુ, વગેરે બાહારના મુલખમાં જતાં અને તેના બદલામાં એડનથી તાંબુ, પારો, હિંગળોક અને ગુલાબજળ આવતાં, અરબસ્થાનથી ઘોડા, આફ્રિકાના પૂર્વ કાંઠા તરફના ભાગમાંથી સોનું, હાથીદાંત, મીણ, અંબર; મલબાર સિંહલદ્વીપ અને પેગુથી સોપારી, નાળીએર ને મરી; બંગાળાથી ખાંડ ને મલમલ; આગ્રાથી જવાહીર ને કસ્તૂરી; અને મલાકાથી તેજાનો ને ચીનનો માલ.

સત્તરમી સદીમાં ખંભાતના અખાતનાં મથાળાં આગળનો ભાગ પૂરાઇ જવાથી, ઉત્તર ગૂજરાતમાં ઘણી અવ્યવસ્થા હોવાથી, સને ૧૬૭૦ માં મસ્કતના આરબોએ દીવ બંદર પાયમાલ

કરવાથી, યૂરોપના વેપારીઓની કંપની આવવાથી અને મક્કે જા આવ કરવાનું મથક સૂરત હોવાથી, સૂરત આખા ગૂજરાતમાં મોટું વેપારનું મથક થઇ પડયું. અંગ્રેજ વેપારીઓ પ્રથમ સૂરતમાં સને ૧૬૦૮ માં આવ્યા અને ફીરંગીઓએ તેઓને ઘણા હેરાન કર્યા તે છતાં તેઓને સને ૧૬૧૧ માં સૂરત, અમવાદ, ખંભાત, ઘોઘા અને મુગલના તાબાના બીજા મુલખમાં વેપાર કરવાનો પરવાનો ગૂજરાતના સુબા તરફથી અને સને ૧૬૧૩ માં દિલ્હીના બાદશાહ તરફથી મળ્યો. ૧૬૧૧ માં ફીરંગી-ઓએ પણ સૂરતમાં વેપારની કોઠી ઘાલી. સને ૧૬૧૫ માં સર થોમસ રો ઇંગ્લાંડના રાજાનો એલચી તરીકે સૂરતમાં આવ્યો અને ત્યાંથી નિકળી તે અજમેરમાં જાંહાગીર પાદશાહને મળ્યો. ફીરંગીઓએ અને દરબારના કેટલાએક માણસોએ પથરો નાખ્યો છતાં સર થોમસ રોએ પાદશાહ પાસે અંગ્રેજ વેપારી સૂરતમાં નિર્ભયપણે વેપાર કરી શકે તે બાબતની શરતો કરાવી લીધી અને સને ૧૬૧૮ માં સૂરત પાછો આવ્યો. સને ૧૬૧૬ તથા ૧૬૧૭ માં કેટલાએક વલંદા વેપારીઓ સૂરત આવ્યા અને ૧૬૧૮ માં વલંદાઓને પણ સૂરતમાં રહેવાની અને કોઠી ઘા.વાની પરવાનગી મળી. સૂરત સિવાય વલંદાઓએ અમદાવાદ, ભરૂચ, વડોદરા, ખંભાત અને સરખેજમાં કોઠીઓ ઘાલી. સને ૧૬૨૦ માં ફ્રેન્ચ લોકોને પણ સૂરતમાં વેપારને સારૂ રેહેવાની પરવાનગી મળી. સને ૧૬૨૩ માં અંગ્રેજોને એમ બોઇનામાંથી વલંદાઓએ હાંકી કાઢયા અને તેજાનાનો વેપાર વલંદાઓએ પોતાના હાથમાં રાખ્યો. એજ વર્ષમાં અંગ્રેજોએ ફીરંગીઓને ઓરમઝમાંથી હાંકી કાઢયા અને ગોમ્બ્રુન (બંદર અબ્બાસ) ને એક મોટું વેપારનું મથક કર્યું. સને ૧૬૩૦ માં વલંદાઓએ ખોટ ખાઇ પોતાનો માલ વેચી અને ભારે કિમ્મતે માલ ખરીદી અંગ્રેજ વેપારીઓને ભારે સતાવ્યા. એજ વરસમાં અંગ્રેજ વલંદા અને ફ્રેંચ વેપારીઓને સૂરત, ભરૂચ ને ખંભાતમાંથી કાઢી મુકવાસારૂ ફીરંગીઓએ સૂરતના મોગલ અ-મલદાર જોડે મસલત કરેલી. અંગ્રેજી ખાનગી વેપારીઓ સૂરતમાં આવવાથી અને કેટલાએકનું વેપારમાં નહિ ફાવવાન લાધે ચાંચીઆપણું કરવાથી અંગ્રેજ વેપારીની કંપનીને એટલો બધો તો ધોક્કો પહોંચ્યો કે તેઓએ ૧૬૪૦ માં સૂરતથી કોઠી ઉઠાવી કોકંણના રાજાપૂરમાં કોઠી ઘાલવાનો વિચાર કર્યો. સને ૧૬૪૦ થી ૧૬૫૩ સુધીના વરસ આબાદાનીના ગયાં અને આગ્રાની ગળીના વેપારથી અને બસરાના વેપારથી અંગ્રેજી કંપનીને એટલો બધો નફો મળ્યો કે તેઓએ પોતાનું બધું કરજ પતાવી દીધું. વલંદાઓએ પાછા સતાવ્યા તેથી અને ઇંગ્લાંડ ને હિંદુસ્થાન વચ્ચેનો વેપાર ખુલ્લો મુકવાથી સને ૧૬૫૩ થી ૧૬૫૭ નાં વરસ અંગ્રેજોને પાછાં ભારે પડયાં. સને ૧૬૬૪ માં શિવા-જીએ સૂરત લૂટયું ત્યારે અંગ્રેજ વેપારીઓએ પોતાની કોઠીનો બહાદુરીથી બચાવ કર્યો તેથી ખુશ-થઇ બાદશાહે અંગ્રેજી માલ ઉપર જે જકાત લેવામાં આવતી હતી, તે વરસ દહાડાસુધી બંધ કરી અને પાછળથી જકાતનો એક ટકો માફ કર્યો. સને ૧૬૬૫ થી ૧૬૬૭ સુધીના વરસમાં ઔરંગઝેબ અને શિવાજી વચ્ચે લડાઇ ચાલવાથી વેપાર પાછો નરમ પડી ગયો. સને ૧૬૬૮ માં મુંબઇ પોતાના કબજામાં આવવાથી અંગ્રેજી કંપની પાછી ઠેકાણે આવી. સને ૧૬૭૩ થી ૧૬૭૫ સુધીમાં સૂરતના

સુતરાઉ કાપડ કરતાં કોરોમાન્ડલની છીંટ વધારે પસંદ પડવાથી, ગળી વેસ્ટ ઇન્ડીસમાં થવાથી અને લાખનો ખપ ઓછો થવાથી સૂરતનો વેપાર પાછો નરમ પડી ગયો. સને ૧૬૮૦ માં અંગ્રેજી આયાત માલ ઉપરની જકાત દિલ્હીના બાદશાહે બેથી સાડાત્રણ ટકા જેટલી વધારી. સને ૧૬૮૭ માં અંગ્રેજોએ મુંબાઇ પોતાનું વેપારનું મથક કર્યું ખરૂં પણ સૂરતમાંથી પોતાની કોઠી ઉઠાવી લીધી નહિ. સને ૧૬૮૯ માં કેટલાએક મુસલમાનનાં વહાણો પકડવાથી સૂરતના સુબાએ કેટલાએક અંગ્રેજ વેપારીઓને કેદ કર્યાં અને આખરે જ્યારે દોઢ લાખ રૂપીઆ દંડમાં ભર્યા ત્યારે તેઓનો છૂટકારો થયો. સતરમી સદીની આખરે બીજા વેપારીઓ વેપાર કરવા લાગ્યા તેથી, અંગ્રેજ અને ફ્રેંચ વચ્ચે લડાઇ ચાલવાથી, અને હિંદુસ્થાનના કાપડને લીધે ઇંગ્લાંડના વણકરોની રોજી જવાથી હિંદુસ્થાનનું કાપડ વાપરવાની સને ૧૭૦૧ માં કાયદો પસાર કરી મના કરવાથી, સૂરતના વેપારમાં અંગ્રેજોને ફાયદો થયો નહિ. સને ૧૭૦૦માં સૂરતના સુબાના ત્રાસથી કંટાળી વલંદા ને ફીરંગીઓએ સૂરતમાંથી પોતાની કોઠી ઉપાડી લીધી.

આ સદીમાં સૂરત આખા હિંદુસ્થાનમાં એક મોટું વેપારનું મથક હતું અને ત્યાં આખી દુનીઆના વેપારીઓ આવતા. ગાડાં, ઉંટ ને બળદો લાદી માલની જા આવ દક્ષિણ-પૂર્વમાં ગોળ કોન્ડા સાથે, પૂર્વમાં બરહાનપુર રહી આગ્રાસાથે અને ઉત્તરમાં અમદાવાદ રહી આગ્રા, દિલ્હી ને લાહોર સાથે હતી. વળી વહાણો દક્ષિણમાં સિંહલદ્વિપ, મલબાર અને કોંકણમાં; પશ્ચિમમાં અરબસ્થાન, આફ્રિકા અને ઇરાની અખાતનાં બંદરમાં; અને પૂર્વમાં મદ્રાસ, બંગાળા, પેગુ, ને સુમાત્રાના આચીન બંદરમાં જા આવ કરતાં. સૂરતથી બાર મૈલ દુર આવેલા સુંવાળી ગામમાં મોટાં વહાણો લંગર નાંખતાં અને ત્યાંથી માલ ઉતારી ગાડાંમાં ઘાલી અથવા નાના મછવામાં ભરી સૂરતમાં આણવામાં આવતો. સૂરતમાં મુખ્ય વેપારની જણસો હીરા, માણેક, મોતી અને અફ્રીકના પવાલાં; ઘઉં ઘણાજ વખાણાતા અને ઘણા ગોવા બંદરે ચઢતા. વટાણા વગેરે કઠોળ પણ ઘણું બહારગામ ચઢતું. કસ્તુરી, પારો, લાખ, અંબર બોળ, વનસ્પતિ, ઘી, અને ખાવાનું તથા બાળવાનું તેલ; સાબુ, ખાંડ, મુરબ્બા, કાગળ, મીણ, અફીણ ને ગળી, એનો પણ વેપાર હતો. ગળીનો વેપાર, એટલો બધો હતો કે તેથી લલચાઇને અંગ્રેજો ને વલંદાઓ સૂરતમાં આવ્યા. સૂરતનું રેશમી તથા સુતરાઉ કાપડ દેશાવર ઘણું ચઢતું અને તેનો ખપ ઘણો હતો. કેટલુંએક કાપડ જાડા વણાટનું અને કેટલુંએક ઝીણા વણાટનું હતું અને તે ઉપર સોનેરી તથા રૂપેરી ઝરીના બુટ્ટાઓ હતા. સાટીન, મખમલ પણ દેશાવર ચઢતી. સૂરતમાં વળી ઓઢવાની સુજની ઘણી સારી થતી. રંગ બેરંગી શેતરંજીઓ ઘણી બનતી અને કેટલીએક ફક્ત રેશમની થતી અને તે ઉપર ઘણી સારી ભાત પાડવામાં આવતી. રંગ બેરંગી પલંગો અને સોને રૂપે મઢેલી અથવા સીપથી જડીત લખવાની મેજો પણ ઘણી બનતી. સૂરતમાં વળી વહાણો બાંધનારા ઘણા કીસબી હતા. અંગ્રેજ વેપારીઓ ઇગ્લાંડથી સીસું, તરવાર, ચપ્પુ, ચસ્માં, આરસી, હુક્કા, ગુલાબ જળના સીસા લાવતા. વલંદાઓ

s 524—99

લવંગે, જાયફળ, જાવંત્રી, તજ, મરી, એળચી, કપુર, તાંબાંનાં પત્રાં, લોબાન, પારો, હીંગળોક, એળિયો, સોપારી, હાથીદાંત, સુખ્ખડ, ઉનનું કાપડ, કલાઇ, સીસું, કોડી, ચાહ, ખાંડ, પરવાળાં, અને આબનુસનું લાકડું લાવતા; અને છીંટ, બાસ્તા, સુજની, પટોળાં, છત્રી, ગળી, હરડાં, હીંગ, અફીણ, સાબુ, મીણ, સુતરનાં ગોડીઆં અને ઘઉં લઇ જતા. વેપારીઓ હિંદુ, મુસલમાન, પારસી, આરબ, તાતાર, આરમીનિયન, વલંદા, ફ્રેંચ, અંગ્રેજ અને ફીરંગીઓ હતા. હિંદુ વેપારીમાં ઘણા વાણિયા હતા અને તેઓ નાનાં ઘરમાં રેહેતા પણ તાજા પૈસે હતા. સને ૧૬૬૪ માં સૂરતમાં બે ઘર ઘણાં પૈસાવાળાં ગણાતાં અને તેઓ પાસે ૩૦ લાખ રૂપીઆનો દમ હતો. અંગ્રેજ વેપારીઓના દલાલો પાસે પણ ૩૦ લાખનો જીવ હતો. ઘણા હિંદુ વેપારીઓ સુમાત્રા અને જાવામાં વેપારને સારૂ રહેતા અને આચીનમાં તેઓ એક નીરાળા મોલ્લામાં જથાબંધ રહેતા.

સત્તરમી સદીમાં સૂતરથી ઉતરતાં વેપારનાં મથકો ભરૂચ, અમદાવાદ, અને ખંભાત હતાં. ભરૂચનો વેપાર પૂર્વમાં જાવા ને સુમાત્રા સાથે અને પશ્ચિમમાં એડન ને ઇરાની આખાતનાં તથા રાતા સમુદ્રનાં બંદરો સાથે હતો. માર્ચ મહિનામાં ભરૂચથી માલ ભરી વહાણો અરબસ્થાન જતાં અને ત્યાંથી સપ્ટેંબર મહિનામાં તેઓ પાછાં ફરતાં. ભરૂચથી રૂ, કાપડ, ગળી, કપુર, તંબાકુ ફટકડી, ગંધક, મરી તેજાનો, હરડાં અને મુરબ્બા અરબસ્થાન જતા અને ત્યાંથી સોનું રૂપું, પરવાળાં, અંબર, કાફી, અને અફીણ આવતું. ઇરાની અખાતના બંદરે જતાં વાહાણો ગૂજરાતના બંદરેથી જાનેવારી ફેબ્રુઆરીમાં નિકળતાં અને ત્યાંથી એપ્રિલ ને મેમાં પાછાં ગૂજરાત અવતાં. એ બંદરોથી કિનખાબ, રેશમીકાપડ, મખમલ, મોતી, બદામ, કીસમીસ, ખજુર ને ગુલાબજળ આવતું સુમાત્રે વહાણો મે મહિને જતાં અને ત્યાંથી ગંધક, કપુર, બીલારી સામન, મરી, વગેરે ભરી અકટોબરમાં પાછાં ગૂજરાત આવતાં. મલબારથી દોરડાં કોપરાં, સોપારી, ખાંડ, પતંગનું લાકડું, ચોખા વગેરે ભરેલાં વાહાંણો ગૂજરાતમાં ડિસેંબરમાં આવતાં, અને અફીણુ, કેસર, પરવાળાં, રૂ ને કાપડ લઇ એપ્રિલમાં પાછાં મલબાર જતાં. ફીરંગીઓનું જોર એ સદીના પહેલા ભાગમાં વધારે એટલે યુરોપમાં જતા માલ ગોવા બંદરે એકઠો થતો. રૂ, ગળી, સુરોખાર, લાખ, ખાંડ, હરડાં, સુકોમેવો, અને લક્કડ કામ યુરોપ ચઢાવવામાં આવતું. ઘી, હીંગ, અફીણ, જીરૂ, રૂ ને સુતર ચીન અને જાપાન ચઢતાં.

અમદાવાદથી ગળી, સૂંઠ, હાથોઠી (ખાંડે પાયલીસૂંઠ) ખાંડ, જીરૂ, લાખ, હરડાં, આમલી, અફીણુ, સુરોખાર, અને મધ ઘણું દેશાવર જતું. દિલ્હી અને લાહોરથી સુતરાઉ કાપડ. અમદાવાદ રહીને જતું, અને તળ અમદાવાદમાંથી સાટીન, કિનખાબ, છીંટ, મખમલ, રેશમી તથા સુતરાઉ કાપડ, ને રેશમી શેત્રંજી વગેરે વણાતાં અને તે પણ દેશાવર જતાં. અમદાવાદ પાસે સરખેજમાં થતી ગળી ઘણી વખણાતી અને આદાંનો પાક અમદાવાદમાં ઘણો થતો. અમદાવાદના વાણિયા વેપારીઓની આડત એશીઆ ખંડના ઘણા ભાગોમાં અને છેક ઇસ્તંબોલમાં હતી.

સૂરત મોટું બંદર થવાથી ખંભાતનો વેપાર આગલી સદીની સાથે સરખાવતાં ઘણો કમી થયો હતો તોપણ ત્યાંનો વેપાર પૂર્વમાં સુમાત્રાસાથે અને પશ્ચિમમાં ઇરાની અખાતના બંદરો સ ચાલુ હતો. ખંભાતથી સુતરાઉ અને રેશમી કાપડ બહાર મુલક ચડતું અને ખજાનો ખજુર વગેરે માલ ખંભાત આવતો.

સને ૧૬૯૮ માં ઇંગ્લાંડમાં હિંદુસ્થાન જોડે વેપાર કરનારી બીજી કંપની થઇ અને તેની અને જૂની કંપની વચ્ચે ઘણી હરીફાઇ ચાલી. સને ૧૭૦૩ માં વલંદાઓ પાછા સૂરત આવ્યા અને સૂરતના સુબા તરફથી તેઓને ઘણા સતાવવામાં આવ્યા તેથી તેઓએ કેટલાંક મુસલમાનનાં વહાણો પકડવાં અને સુબાને એટલો તો સતાવ્યો કે આખરે ૧૭૦૭ માં જ્યારે તેઓને આઠ લાખ રૂપીઆ આપ્યા, અને માલઉપર લેવાતી જકાતનો એક ટકો માફ કર્યો ત્યારે તેઓએ મુસલમાનનાં વહાણ પાછાં આપ્યાં. સને ૧૭૧૨ માં સૂરતના સુબાનો ત્રાસ અને જુલમ એટલો બધો હતો કે અંગ્રેજો સૂરત છોડી જતા રહ્યા અને ચાર વરસ સુધી તેઓની કોઠી બંધ રહી. સારાં નજરાણાં મળવાથી ને ડાક્ટર હેમીલટનના ઓસડનો ગુણ લાગવાથી દિલ્હીનો બાદશાહ અંગ્રેજો ઉપર એટલો બધો ખુશ થઇ ગયો કે તેણે ૧૭૧૬ માં ઇંગ્લાંડથી આવતા માલઉપર જકાત નહિ લેતાં વરસના સામટામાત્ર દશ હજાર રૂપીઆ લેવાનું ઠેરવ્યું. તેઓને લાતી બાંધવાની પરવાનગી આપી અને તેમની કોઠીને લગતું એક મકાન બાંધવાને જમીન આપી. આ ઉપરથી અંગ્રેજો પાછા સૂરત આવ્યા. ૧૭૧૪ માં ફીરંગીઓએ મસ્કતના આરબોને હરાવ્યા તેથી અને ડોના જુલીઆના નામની ફીરંગી ઓરત જે પાદશાહના જનાનખાનામાં રેહેતી હતી તેનું ચલણ ઘણું હોવાથી ફીરંગીઓના માલઉપરની જકાત કમી કરી અઢી ટકા ઠેરવવામાં આવી. ૧૭૧૭ માં ઓસ્ટ્રિયાના શેહનશાહના આશ્રય તળે એક ઓસ્ટેન્ડ નામની કંપની ઉભી થઇ અને એ કંપનીના વેપારીઓ સૂરતમાં આવ્યા અને અંગ્રેજ તથા વલંદાઓએ તેઓને ઘણા સતાવ્યા છતાં તેઓને સૂરતમાં વેપાર કરવાની પરવાનગી સુબા તરફથી આપવામાં આવી. સને ૧૭૨૧ માં લન્ડનમાં વણકરોએ ભારે હુલ્લડ કર્યું તે ઉપરથી હિંદુસ્થાનની છીંટ ઇંગ્લાંડમાં કોઇથી વપરાય નહિ તે બાબતનો આક્ટ પસાર કરવામાં આવ્યો. સને ૧૭૨૭ માં ઓસ્ટેન્ડ કંપની બંધ કરવામાં આવી. સને ૧૭૩૦ માં સૂરતના સુબાએ ઘણા વેપારી તથા શાહુકારોને પકડી કેદ કર્યા અને તેઓને ઘણા હેરાન કર્યા. સને ૧૭૩૩ પછી અંગ્રેજોની સત્તા વધતી ગઇ અને રાજદરબારી ખટપટમાં પડવાથી સને ૧૭૫૯ માં તેઓ સૂરતના કિલ્લાના માલીક થઇ બેઠા. મોગલ કાફલાનો વહીવટ જંજીરાના સીદીઓ પાસેથી લઇ તેઓને સોંપવામાં આવ્યો અને એ કાફલાને અંગે તેઓને બે લાખ રૂપીઆનું વર્ષાસન બાંધી આપવામાં આવ્યું. સૂરતમાં અંગ્રેજોનું જોર વધી પડયું અને તેઓજ કરતા હરતા થઇ પડયા અને તેઓએ સૂરતનો બધો વેપાર પોતાનાજ હાથમાં રાખ્યો. અંગ્રેજોનું જોર વધી પડવાથી વલંદાઓ નરમ પડયા અને ૧૭૬૨ માં તેઓની કોઠી શેહેરમાંથી કાઢી નંખાવી

શહેર બહાર વલંદા બંદર આગળ પોતાનું રેહાણ તેઓને કરવું પડયું અને તેઓ પાસેથી નેવું હજારનો દંડ લેવામાં આવ્યો. સને ૧૭૬૪ માં ફીરંગી અને ફ્રેંચનું જોર ઘણું નરમ પડયું. સને ૧૭૭૦ માં ચીનમાં દુકાળ પડવાથી કપાસનું વાવેતર બંધ થયું હતું અને તેથી સૂરતથી ઘણું રૂ ચીન ચઢાવવામાં આવતું. અરાઢમી સદીના પાછલા ભાગમાં યુરોપ અને હિંદુસ્થાનમાં લડાઇ ચાલવાથી, સને ૧૭૮૨ માં ભારે વાવાંઝોડું થવાથી, ૧૭૯૦ માં ભારે દુકાળ પડવાથી અને ઇરાન ને અરબસ્થાન વચ્ચેનો વેપાર બંધ થવાથી સૂરતનો વેપાર પડી ભાંગ્યો અને વલંદા, ફ્રેંચ-ને ફીરંગીઓની સત્તા છેક પડી ભાંગી.

અરાઢમી સદીમાં અંગ્રેજ, ફીરંગી ને વલંદા સૂરતમાં દરિયાને રસ્તે પરવાળાં, અંબર! કાચના મણકા, પિત્તળ તથા લોઢાનો તાગ, પિત્તળનાં, પતરાં, આરસી અને રમકડાં લાવતા. તાંબુ, રેશમ, લાખ, ચાહ, ખાંડ, બાલોટી સામન, અને તેજાનો બંગાળા, ચીન વગેરેથી આવતાં; ફીરંગીઓ આફ્રિકાથી હાથીદાંત લાવતા અને અરબસ્થાન તથા ઇરાનથી ચાંદી, કાશી ને ખજુર આવતું. સૂરતમાંથી અરબસ્થાન અને ઇરાનમાં રેશમી તથા સુતરાઉ કાપડ અને ગળી જતી; આફ્રિકામાં રૂ, ગળી અને સુતરાઉ કાપડ; મદ્રાસ અને બંગાળામાં રૂ અને ચીનમાં રૂ, કાપડ કાશમીરી સાલ અને મસાલો જતો. ખુસ્કીને રસ્તે સૂરતનો વેપાર ઉત્તરમાં માળવા, ઇન્દોર અને ઉજ્જન સાથે અને દક્ષિણમાં ખાનદેશ રહી ઔરંગાબાદ અને હેદ્રાબાદ સાથે હતો. સૂરતનો વેપાર વળી પ્રાંતમાં અંકલેશ્વર, ભરૂચ, જંબુસર, વડોદરા, અમદાવાદ, પાટણ, ડભોઈ, સીનોર અને સાદરા સાથે હતો.

ખંભાત સૂરતથી ઉતરતું હતું તોપણ ત્યાંથી અકીક, અનાજ, રૂ. તંબાકુ, ગળી, મીઠું, હાથી-દાંત, રેશમ, સુતરાઉ કાપડ અને જરીકામ દેશાવર જતું. ખંભાતનું જરીકામ ઘણું વખણાતું. સૂરત મોટું બંદર થવાથી, ખંભાતના મથાળા આગળનો ભાગ પૂરાઇ જવાથી અને માલઉપર લેવાતી જકાત ઘણી અને ત્રાસદાયક હોવાથી અમદાવાદનો વેપાર એ સદીના પાછળા ભાગમાં ઘણો ઘટી ગયો.

સને ૧૮૦૨ માં ખુસ્કીને રસ્તે અમદાવાદથી ૭ લાખનો, દખ્ખણથી ૨૪ હજારનો, જેપોરથી ૩૦ હજારનો અને ખાનદેશથી ૯૯ હજારનો માલ સૂરતમાં આવતો. સૂરતથી ૨૦ હજારનો માલ અમદાવાદ, ૩૨ હજારનો દખ્ખણ, અને ૧૬ હજારનો જેપોરમાં જતો. સને ૧૮૧૩ માં મુંબા-ઇનો વેપાર તેજીપર આવવાથી સૂરતમાં વેપારની ઘણી મંદી હતી. સને ૧૮૨૬માં મક્કા અને જેદ્દાના કેટલાએક વેપારીઓએ દેવાળાં ફુંક્યાં તેથી સૂરતના ઘણાખરા વેપારીઓ લાસ થઇ ગયા. વેપારસંબંધી જે હકીકત મળી આવે છે તે ઉપરથી જણાય છે કે સૂરતનો દરિયાને રસ્તે ચાલતો વેપાર સને ૧૮૦૧ માં જે એક કરોડનો હતો તે ઘટી જઇ ૧૮૩૦માં એંશી લાખનો અને ૧૮૭૫ માં પચાશ લાખનો થયો. સને ૧૮૧૫ માં ભરૂચનાં બંદરનો વેપાર ઉત્તરમાં

કચ્છ માંડવી સાથે અને દક્ષિણમાં મુંબાઇ ને કોકણ કાંઠાનાં બંદરો સાથે હતો. ભરૂચથી સૂરત અથવા મુંબાઇ ચઢતું ને ત્યાંથી દેશાવર જતું. એ સાલમાં ભરૂચમાં માલની આવજા રૂ. ૨૬ લાખની હતી.

સને ૧૮૧૭માં અમદાવાદ અંગ્રેજ સરકારના તાબામાં આવ્યું અને માલઉપર લેવાતી જકાત કાઢી નાંખવામાં આવી ત્યારથી ત્યાં વેપારની જાગૃતી થઇ. ધોળેરા, ઘોઘા ને વીરમગામ મોટાં વેપારનાં મથક થઇ પડયાં. વીરમગામમાં વીસનગર, રાંધણપુર, કચ્છ અને પાટણ વગેરેનો માલ ગાડાંમાં અથવા ઊંટ ઉપર આવતો અને ત્યાંથી ઘણો ધોળેરા બંદરેથી ચઢાવવામાં આવતો. ઘોઘા બંદરનો વેપાર અફીણ, કાશમીરી સાલ અને રૂનો હતો. કપડવંજ ને લુણાવાડાને રસ્તે અફીણ ઘોઘે આવતું, અને સને ૧૮૪૬ લગણનાં પાંચ વરસમાં દર વરસે સરેરાસ અફીણની ચૌદ લાખ રૂપીઆની ૧૪૦૦ પેટી ચઢાવેલામાં આવેલી. સને ૧૮૪૬માં વળી દસ લાખની કાશમીરી સાલ અને ૧૮૩૪થી ૧૮૪૬ સુધીના તેર વરસના અરસામાં દરસાલ સરેરાસ ૧૭૬૦ ટન રૂ ઘોઘા બંદરેથી દેશાવર ચઢેલું.

ગૂજરાતનો વેપાર હાલમાં ત્રણ દ્વારાએ ચાલે છે: ગાડાંમાં અથવા પોઠઉપર પગ રસ્તે આગગાડીએ, અને વહાણને રસ્તે.

આગગાડી થતાં પહેલાં દરીઆ કિનારાથી દૂરના પ્રદેશમાં વેપાર પગ રસ્તે ચાલતો, અને પ્રાંતમાં ધોરી રસ્તા ઘણા હતા. એ રસ્તા પાકા બાંધેલા નહિ તેમજ તેની મરામત બરોબર થતી નહિ એટલે એ રસ્તે વેપાર કોરી મોસમમાંજ ચાલતો. જમીન કાળી અને ચીકણી એટલે ચોમાસાંમાં વેપાર બંધ થતો અને લોકોને પાલખીમાં અથવા બળદ અને ઘોડાઉપર બેશી જવું પડતું. વળી વચમાં વચમાં નદીનાળાં આવવાથી જ્યારે નદીઓમાં પૂર આવતું ત્યારે પૂર ઉતરતાંસુધી લોકોને સામે કિનારે ઘણીવાર થોભવું પડતું. સને ૧૮૬૩ માં લોકલફંડ નામનો કર લેવામાં આવ્યો અને તેમાંથી જૂના રસ્તાઓની મરામત કરવામાં આવી અને દરેક જિલ્લામાં નાના નાના રસ્તાઓ ઘણા બાંધવામાં આવ્યા. આ બધા રસ્તાઓમાંના ઘણા પાકા બાંધેલા છે અને વચમાં આવેલાં નદી નાળાંઉપર પુલો બાંધવામાં આવ્યા છે. પ્રાંતમાં ઉત્તર દક્ષિણ જનારી આગગાડીની સડક થવાથી ઉત્તર અને દક્ષિણ ભાગ વચ્ચે આવેલા શરીઆમ રસ્તાઉપરનો વેપાર હાલમાં બંધ થઇ ગયો છે. પણ એને બદલે જિલ્લાઓમાં નાના નાના રસ્તાઓ ઘણા થવાથી દરેક જિલ્લાના જૂદા જૂદા ભાગનો માલ એ રસ્તે રફી પાસે આવેલાં રેલવે સ્ટેશનઉપર આવે છે અને ત્યાંથી બહાર ગામ ચઢે છે. હાલમાં ૩૧૪ મૈલની લંબાઇના ૬૪ રસ્તા સૂરતમાં, ૧૪૩ મૈલના ૧૩ રસ્તા ભરૂચમાં, ૧૦૦ મૈલના ૬ ખેડામાં, ૩૧૩ મૈલના નાના મોટા રસ્તા-અમદાવાદમાં અને ૧૭૦ મૈલની લંબાઇના રસ્તા પંચમહાલમાં છે. રસ્તા બાંધવા તથા સમારવાનો સુધારો કાઠિયાવાડમાં પણ સારો થયો છે. સને ૧૮૬૫ પછી ત્યાં ૫૦૦ મૈલની લંબાઇના રસ્તા બાંધવામાં આવ્યા છે.

ગાડાં અને માણસો જા આવ કરે તેને સારૂ બાંધવામાં આવેલા પુલોમાંના મુખ્ય આ છે: સૂરતમાં તાપી નદીઉપર સને ૧૮૭૫ માં બંધાયલો લોઢાંનો 'હોપ' પુલ; ખેડા પાસે વાત્રક નદી ઉપરનો ૨૫૦ ફૂટ લાંબો લાકડાંનો પુલ; અમદાવાદમાં હરસોળ ગામની પાસે મેશ્વા નદીઉપર રૂ. ૪૦ હજારને ખરચે ૧૮૬૯માં બાંધેલો છોબંધી પુલ; અમદાવાદમાં ફેદ્રા ગામ આગળ ભોગાવાઉપર રૂ. ૪૨ હજારને ખરચે ૧૮૬૬ માં બાંધેલો લોઢાંનો પુલ; પંચમહાલમાં કાલોલની પાસે કરડ નદી ઉપર, દોહદ પાસે ધેડાખન નદીઉપર, અને ગોધરા પાસે પાનમ નદીઉપર પુલો બાંધવામાં આવ્યાછે. કાઠિયાવાડમાં બધા મળીને છ પુલો બાંધવામાં આવ્યા છે: આમાંના બે ભાદર નદીઉપર, એક રાજકોટની આજી નદીઉપર, એક ગોંડલની ગોંડલી નદીઉપર, એક ભોગાવા ઉપર અને એક મચ્છુઉપર છે.

જિલ્લાના અમલદારો અને યુરોપીઅન તથા દેશી મુસાફરોની સવઘડસારૂ રેલવે સ્ટેશનઉપર અથવા મોટા કસ્બાઓમાં બંગલાઓ તથા ધર્મશાળાઓ ઘણી બાંધવામાં આવી છે. સૂરત જિલ્લામાં જિલ્લાના અમલદારોસારૂ છ બંગલા, યુરોપીઅન મુસાફરો સારૂ એક બંગલો અને દેશી મુસાફરો સારૂ ૧૪ ધર્મશાળાઓ છે; ભરૂચમાં સરકારી અમલદારો સારૂ છ બંગલા અને મુસાફરો સારૂ ત્રણ ધર્મશાળાઓ છે. આ ધર્મશાળામાં યુરોપીઅન તથા દેશીઓને સારૂ જૂદા જૂદા ઓરડાઓ છે. ખેડામાં સરકારી અમલદારો સારૂ છ બંગલા બાંધવામાં આવ્યા છે. યુરોપીઅન ને દેશી મુસાફરો સારૂ પણ બંગલા તથા ધર્મશાળાઓ બાંધેલી છે. અમદાવાદમાં સરકારી અમલદારો સારૂ નવ બંગલા, યુરોપીઅન મુસાફરો સારૂ નવ બંગલા, અને દેશી મુસાફરો સારૂ ૧૫૯ ધર્મશાળાઓ છે. પંચમહાલમાં યુરોપીઅનોની સોઇવાળો બંગલો એક છે; દેશી મુસાફરો સારૂ ૨૩ ધર્મશાળાઓ છે. દેશી રાજ્યોમાં પણ બંગલાઓ તથા ધર્મશાળા ઘણી છે.

આગગાડી થવાથી પોઠ અને ગાડાંનો વેપાર ઘણો કમી થયો છે અને જ્યાં આગગાડી નથી ત્યાં માલ ગાડાંમાં અથવા પોઠઉપર લઇ જવામાં આવે છે. સૂરત જિલ્લામાં તાપી નદીની ખીનમાં રહી વણજારા પોઠ ભરી ખાનદેશથી ઘઉં, અનાજ ને કઠોળ લાવે છે અને સૂરતથી મીઠું લઇ જાય છે. વરસ દહાડે સુમારે વીસથી ચાળીસ હજાર બળદની પોઠો અને સુમારે હજારેક ગાડાં એ રસ્તે જાઆવ કરે છે; અને સુમારે ચાર લાખ રૂપીઆનો માલ જાય આવે છે. વળી ડાંગના જંગલમાંથી લાકડાં કાપી ગાડાંમાં ભરી વોહોરા, ભાડેલા અને કણબી સૂરત વલસાડ ને બીલીમોરે લાવે છે, અને ત્યાંથી આગગાડીને રસ્તે વડોદરા, અમદાવાદ ને વીરમગામ ચઢે છે અથવા વહાણને રસ્તે ધોળેરા, ઘોઘા ને કાઠિયાવાડ બંદરે જાય છે. સુમારે રૂપીઆ છ લાખનાં લાકડાં સૂરતમાંથી આ પ્રમાણે જાય છે. વળી માળવા, ઇંદોર ને ડુંગરપુર અને ગૂજરાત વચ્ચે પગ રસ્તે વેપાર ચાલે છે. ગૂજરાતથી તંબાકુ ગોધરા ને દોહદ રહી માળવે

જાય છે, અને ત્યાંથી અફીણ ને ઘઊં ગૂજરાતમાં આવે છે. ઇંદોરનો માલ સંખેડા તથા ડભોઇ રહી વડોદરે આવે છે. ડુંગરપુરનો માલ પાલી આવે છે. ખંડવાથી ઇંદોર ને ઉજ્જન સુધ રેલવે થવાથી અને દેશી રાજ્યોમાં માલઉપર ઘણી જકાત લેવામાં આવે છે તેથી આ રસ્તે માલની જાઆવ ઘણી ઘટી ગઇ છે. અમદાવાદમાં ઉત્તર તરફથી માળવાનું અફીણ, રૂ ને અનાજ અને મારવાડથી ઉન, રૂ, ચામડાં ને ઘી આવે છે. કચ્છથી હાથીદાંત ને ફટકડી રણને રસ્તે મારવાડ જાય છે અને ત્યાંથી રંગીત કાપડ આણવામાં આવે છે.

ગૂજરાતમાં આગગાડી થવાથી હાલમાં ઘણો વેપાર આગગાડીને રસ્તે ચાલે છે. ગૂજરાતમાં આગગાડીની ત્રણ મોટી સડક છે, એક બોમ્બે બરોડા રેલવે, બીજી રજપુતાણા સ્ટેટ રેલવે ને ત્રીજી ભાવનગર ગોંડળ રેલવે. બોમ્બે બરોડા રેલવે મુંબાઇથી વઢવાણ સુધીની ૩૮૫ મૈલની છે અને એમાંની ૨૮૧ મૈલ સુધીની ગૂજરાતમાં છે. એ સડક અમદાવાદ સુધી ૧૮૫૦-૬૪ માં ઉઘાડવામાં આવી અને અમદાવાદથી વઢવાણ સુધીની ૧૮૭૨ માં પુરી થઇ. એ સડકમાંની ૬૩ મૈલ સૂરત જિલ્લામાં તથા ગાયકવાડના નવસારીપ્રાંતમાં, ૩૮ મૈલની ભરૂચમાં, ૩૪ ની વડોદરામાં, ૩૯ ની ખેડામાં અને ૯૭ ની અમદાવાદ તથા કાઠિયાવાડમાં થઇને જાયછે. સૂરત અને વડોદરાનાં નવસારી પ્રાંતમાં આવેલાં મોટાં સ્ટેશન ૧૪ છે: દમણ, ઉદવાડા, પારડી, વલસાડ, ડુંગરી, બીલીમોરા, અમલસાડ, નવસારી, મરોલી, સચીણ, સૂરત, અમરોલી, સાયણ ને કીમ છે; ભરૂચમાં પાંચ છે: પાનોળી, અંકલેશ્વર, ભરૂચ, ચમારગામ ને પાલેજ; વડોદરાનાં પાંચ: મીઆગામ, ઇટોળા, વિશ્વામિત્રી, વડોદરા, અને બાજવા; ખેડાનાં છ: વાસદ, નાવલી, આણંદ, બોરીઆવી, નડીઆદ, અને મેહમદાવાદ; અમદવાદ ને કાઠિયાવાડનાં બાર: બારાજરી, અમદાવાદ, સાબરમતી, આમલીરોડ, સાણંદ, છરોડી, જખવડા, વીરમગામ, સાબલીરોડ, લીલાપુરરોડ, લખતર ને વઢવાણ. વઢવાણ સુધીની વડોદરા રેલવેની ત્રણ મોટી શાખા છે. મીઆગામ ને વિશ્વામિત્રીથી નિકળતી રેલવે ડભોઇ આગળ એકઠી થાય છે અને ત્યાંથી ફંટાઇ એક ફાંટો ભાદરપુર ને બીજો ચાણોદ જાય છે. આ રેલવે ગાયકવાડ સરકારની છે. એ બધું મળીને ૫૭ મૈલની છે. આણંદથી એક વળી ૪૨ મૈલનો ફાંટો ગોધરા સુધી જાય છે. એ ઉપર ભાલજ, ઉમરેઠ, ડાકોર, ઠાસરા, સેવલીઆ, ટીંબા, તુવા, વેગણપુર ને ગોધરા એટલાં સ્ટેશન છે. સને ૧૮૭૩ માં વીરમગામ ને ખારાઘોડા વચ્ચે આગગાડીની સડક બાંધવામાં આવી છે. અમદાવાદથી આબુરોડ સુધીની ૧૧૫ મૈલની રેલવે રજપુતાના સ્ટેટ રેલવેનો ભાગ છે. એ ઉપર સત્તર સ્ટેશન છે: અમદાવાદ, સાબરમતી, ખોડીઆર, કલાળ, ડંગરવા, જગુડન, મેસાના, ભંડુ, ઊંઝા, સીધપુર છપી, ઉમરદેની, પાલણપુર, ચીત્રસની, સારોત્રી, રોહા ને આબુરોડ. ભાવનગર ગોંડળ રેલવે વઢવાણથી શરૂ થાય છે. એ રેલવે ૧૯૫ મૈલની છે અને ૮૬ લાખને ખરચે બાંધવામાં આવી છે. એ ઉપર ૨૬ સ્ટેશન છે: વઢવાણ, લીમડી, ચૂડા, રાણપુર, કુંડલા, બોટાદ, નીનગલા, ઉજ-

લવાવ, અને ધોળા;—ધોળા આગળથી એક ફાંટો ભાવનગર ને બીજો ધોરાજી જાય છે;—ભાવનગર જતા ફાંટા ઉપર સનસરા, સોનગઢ, શીહોર, વરતેજ, ગઢેચી ને ભાવનગર છે અને ધોરાજી વાળા ફાંટા ઉપર જસીઆ, ધસા, લાઠી, ચીતળ, લુણીધર, કંકવાવ, ખકરીઆ, વાવડી, જેતપુર, જેતલસર ને ધોરાજી છે.

આગગાડીને રસ્તે ગૂજરાતનો વેપાર ઘણોખરો મુંબાઇ સાથે છે. ગૂજરાત અને કાઠિયાવાડથી સુમારે બે અઢી કરોડનું રૂ મુંબાઇ ખાતે જાય છે. તે શિવાય ઘઉં, રાઇ, સરસવ, તલ, તંબાકુ એ પણ મુંબાઇ જાય છે. મુંબાઇથી દેશી અને વિલાયતી કાપડ, લોઢું, સુકો મેવો, ખાંડ, કોલસા, ગુણપાટ વગેરે ગૂજરાતમાં આવે છે. વળી થાણા જિલ્લામાંથી મીઠું અને ઇમારતી લાકડાં આવે છે. ગૂજરાતથી સુકો મેવો રજપુતાણા અને મધ્ય હિંદુસ્થાનમાં અને મીઠું અને તંબાકુ રજપુતાણા, મધ્યહિંદુસ્થાન અને મધ્યપ્રાંતમાં જાય છે. રજપુતાણા અને મધ્યહિંદુસ્થાનથી ઘઉં, રજપુતાણા, મધ્યહિંદુસ્થાન અને અલહાબાદ તથા વાયવ્ય પ્રાંતથી જુવાર બાજરી અને અલહાબાદ તથા વાયવ્ય પ્રાંતથી ખાંડ ગૂજરાતમાં આવે છે.

કચ્છ ને કાઠિયાવાડના પશ્ચિમ ભાગ ઉપર હિંદી મહાસાગર ને તળ ગૂજરાતના પશ્ચિમ ભાગ ઉપર ખંભાતનો અખાત છે, એટલે દરિયાને રસ્તે પણ વેપાર ઘણો ચાલે છે. સૂરત વગેરે બંદરનો વેપાર તૂટી જઇ મુંબાઇ મોટું વેપારનું બંદર થવાથી ગૂજરાતનો પર મુલક સાથેનો વેપાર બંધ થઇ ગયો છે અને ફક્ત કાઠિયાવાડ ને કચ્છના બંદરનોજ વેપાર પશ્ચિમમાં જંગબાર, એડન, અરબસ્થાન, વગેરે સાથે ચાલે છે. ગૂજરાતમાં મોટાં બંદરો ઘણાં છે: કચ્છમાં નવ છે—માંડવી, તુના, મુંદ્રા રોહર, વવાણીઆ, ઝીઝુંડા, કોટેશ્વર, જખાઉ ને લખપત. એમાં માંડવી, મુંદ્રા ને તુના મોટાં છે. લખપત મોટું બંદર હતું પણ કરાંચી મોટું બંદર થવાથી એ તૂટી ગયું છે. એ બંદરે વેપાર આગસ્ટથી મે મહિના સુધી ચાલે છે. જુન ને જુલઇ મહિનામાં વેપાર બીલકુલ ચાલતો નથી. વેપાર સીંધ, કાઠિયાવાડ, કોકણનાં બંદર, મુંબાઇ, અરબસ્થાન તથા જંગબાર સાથે ચાલે છે. કચ્છથી જુવાર, કઠોળ, માટીનાં વાસણ, રેશમ, કાપડ, ને તપખીર કરાંચી જાય છે; ગુંદર લવેંગ, ખજુર, હાથીદાંત, મીણ, રંગીત કાપડ, મશરૂ, જરીકામ, સોનાં રૂપાનાં વાસણ ને ઢાલ કાઠિયાવાડ જાય છે; દીવેલી, ગુવાર, મગ વલસાડ ને દમણ જાય છે; ફટકડી, સફેત મટોડી, કોરડ (કઠોળ), રૂ, લસણ, કાંદા, ગુગળ, ઓમડ, ઉન, જરીકામ, સોનાં રૂપાનો સામાન મુંબાઇ આવે છે; રંગીત કાપડ ઇરાની અખાતનાં બંદરે ચઢે છે; મગ, તંબાકુ, રૂ ને રંગીત કાપડ અરબસ્થાન જાય છે; અને મીઠું, ઘોડા, માટીનાં વાસણ, રંગીત કાપડ ને રેશમ આફ્રિકા જાય છે; આયાત માલમાં કરાંચીથી ઘઉં, ચોખા, ચણા, સરસવ, કમળકાકડી, ઘી, તલ ને સાદડી આવે છે; કાઠિયાવાડથી ઘઉં ચણા, અડદ, ચોળા ને ગોળ આવે છે; દમણ ને વલસાડથી ચોખા, તુવેર, આદું, જીરૂં, સુવા, લાકડાં ગોળ ને બીડીના પાત્રાં; મુંબાઇથી તાંબુ, પિત્તળ, ચોખા, ઘઉં, મસાલો, ખાંડ, શાકેર, ગોળ, વિલાયતી

કાપડ ને બીજો સામન છત્તરી, દીવાસળી; મલબાર, કોચીન ને કારવાડથી લાકડાં, નાળીએર, ચોખા, સોપારી, એળચી, આદું, કાથી, મરી, મરચાં, હરડાં, ગોળ, તપખીર, કાથાનાં દોરડાં ને ગલાલ; ઇરાની અખાતનાં બંદરેથી ખજુર, ઘઉં, ચોખા, ચણા ને કીસમીસ; અરબસ્થાનથી સીંધવ, ગેરૂ, ખજુર, દરાખ, દાડેમ, ગુલાબનાં ફુલ ને અંજીર; આફ્રિકાથી ચંદ્રોસ, લાકડાં, ઘઉં, ચોખા, મગ, તંબાકુ, નાળીએર, લવેંગ, ગોળ, ખાંડ, મીણ ને હાથીદાંત. કાઠિયાવાડનાં મોટાં બંદર ૧૫ છે—ભાવનગર, મહુવા, વેરાવળ, બેડી, જોડીઆ, પોરબંદર, માંગરોળ, સલાયા, જાફરાવાદ, વવાણીઆ, નવીબંદર, ભેરઇ, કડીવદર, તળાજા ને સુંદરઇ. આમાં ભાવનગર સૌથી મોટું છે. ભાવનગરમાં આયાત માલ સને ૧૮૭૯ માં ૭૭ લાખનો ને જાયાત માલ ૪૮ લાખનો હતો; મહુવાનો આયાત માલ ૨૧ લાખનો ને જાયાત ૨૩ લાખનો, વેરાવળમાં આયાત માલ ૩૭ લાખનો ને જાયાત ૧૦ લાખનો હતો. કાઠિયાવાડના બંદરેથી જતા માલમાં રૂ અને આવતા માલમાં અનાજ મુખ્ય છે. કરાંચી, કોકણ ને ગૂજરાતથી અનાજ આવે છે; મુંબાઇથી ખાંડ, શાકેર, તાંબુ, પિત્તળ, સુતરાઉ કાપડ, કાચ, ચીનાઇ સામન, દારૂ, રેશમ, કેરોસીન, નાળીએર, હાથીદાંત ને ગળી; અરબસ્થાન ને ઇરાની અખાતના બંદરેથી ખજુર; મલબાર ને કોકણથી સોપારી, નાળીએર, લાકડાં ને કાથાનાં દોરડાં; અને વલસાડથી લાકડાં. રૂ શિવાય કાઠિયાવાડથી તલ, દીવેલી ઉન, ઘી, પોરબંદરના પત્થર મુંબાઇ જાય છે. તળ ગૂજરાતનાં બંદર અમદાવાદમાં ધોળેરા ને ઘોઘા; ખેડામાં ખંભાત; ભરૂચમાં જંબુસર, ટંકારીઆ, કાવી ને ભરૂચ; અને સૂરતમાં સૂરત, બીલીમોરા, વલસાડ, ભગવા, નવસારી, ને કોલક છે. ઘોઘા ને ધોળેરાથી રૂ ને અનાજ ચઢે છે અને અનાજ, સુતરાઉ કાપડ, લાકડાં, ખાંડ, તાંબું, પિત્તળ, ને નાળીએર આવે છે. સને ૧૮૭૬-૭૭ માં અમદાવાદથી દરિયાને રસ્તે ૩૮ લાખનું રૂ ચઢાવવામાં આવ્યું હતું. ખંભાતથી તંબાકુ દમ્મણ, મુંબાઇ, કાઠિયાવાડ ને કચ્છ જાય છે; ઘી, અકીક ને લાકડાંના ચૂડા મુંબાઇ જાય છે; અને ત્યાં ડાંગર કોકણથી, ચોખા ને ઘઉં મુંબાઇથી, વટાણા બીલીમોરેથી, બાવટો વલસાડથી, ઘી, ગોળ વલસાડ ને બીલીમોરેથી, રેશમ ને લાકડાં વલસાડ, બીલીમોરા ને દમ્મણથી, ખાંડ મુંબાઇથી, નાળીએર મુંબાઇથી ને કોકણથી, સુકો મેવો મુંબાઇ ને વેરાવળથી અને તાંબું પિત્તળ મુંબાઇથી આવે છે. ખંભાતમાં સને ૧૮૭૭-૭૮ માં આયાત માલ ૧૩ લાખનો ને જાયાત ૯ લાખનો હતો. ભરૂચથી રૂ ને ઘઉં મુંબાઇ ને જુવાર ને મહુડાં કાઠિયાવાડ તથા કચ્છ જાય છે. ભરૂચમાં ચોખા કોકણથી ને લાકડાં વલસાડ ને મલબારથી આવે છે. ખાંડ ને ગોળ પણ આવે છે. સૂરતનાં સૂરત, વલસાડ ને બીલીમોરા એ મોટાં બંદર છે. સને ૧૮૭૪ માં સૂરતનાં એ બંદરોનો વેપાર રૂા. ૫૦ લાખનો હતો. એમાં આયાત માલ ૭ લાખનો ને જાયાત ૪૩ લાખનો હતો. સૂરતનાં બંદરેથી ખાનદેશથી ગાડાંમાં આણેલા ઘઉં ઘોઘા, ભાવનગર, ને કાઠિયાવાડનાં બીજાં બંદરે ચઢે છે; કેડોળમાં મઠ, લાંગ, ચણા, અડદ ને તુવેર કાઠિયાવાડ જાય છે; રાજપિપળા, વડોદરા ને ખેડાથી મહુડાં સૂરતમાં આવે છે ને

ત્યાંથી થોડાં કાઠિયાવાડ જાય છે. પણ ઘણો ભાગ તો કોલાબા જિલ્લાના ઉરણમાં જાય છે. ડાંગનાં રાનમાંથી સૂરતમાં લાકડાં ને વાંસ આવે છે ને ધોળેરા, ખંભાત, ઘોઘા, ભાવનગર ને કાઠિયાવાડનાં બીજાં બંદરે તથા કચ્છ ને દક્ષિણે મુંબાઇ ને કોકણ કાંઠાના બંદરે જાય છે. વલસાડથી ગોળ ને નળીઆં પણ બાહાર ગામ ચઢે છે. આયાત માલમાં સૂરતનાં બંદરે કોકણથી ભાત આવે છે. આ ભાતમાંનું થોડું દરિયા માર્ગે કાઠિયાવાડ ચઢે છે; બાકી ઘણું તો આગગાડી મારફતે અમદાવાદ જાય છે. વળી પોરબંદરથી પત્થરા, ખંભાતથી તંબાકુ, ભરૂચથી કપાસીઆ, મુંબાઇથી લોઢું, ગોવાથી નાળીએર ને મુંબાઇ, દમણ ને દીવથી માછલી સૂરતનાં બંદરે આવે છે.

પાણીને રસ્તે માલ લઇ જવા સારૂ નદીઓમાં હોડી, થાપડા ને મછવા ફરે છે ને ભર દરીએ મછવા, પડાવ, બતેલા, ઢઉ અથવા બગલા, ઢીંગી. કોટીઆં, ફતેમારી, ગંજો ને નાવડી ફરે છે. આમાં સૌથી નાનો મછવો છે. તે બેથી એંસી ખાંડીનો હોય છે. એ મછવાઓ ઘણું કરીને નદીમાં ફરે છે. ભરૂચના મોટા મછવા કિનારે કિનારે દક્ષિણમાં સૂરત સુધી ને ઉત્તરમાં ઘોઘા સુધી જાય છે. કચ્છના મછવા સીંધ સુધી જાય છે. એ મછવા રૂ.૫૦ થી ૫૦૦ સુધીના હોય છે ને એમાં બેથી ચાર ખલાસીઓ હોય છે. પડાવ એ ૨૫થી ૧૭૫ ખાંડીના હોય છે અને એ રૂ. ૩૦૦થી ૧૦૦૦૦ સુધીની કિમ્મતના હોય છે. દમણ, વલસાડ, બીલીમોરા, સૂરત, ભરૂચ, ઘોઘા ને ભાવનગરમાં સુથારો પડાવ બનાવે છે. પડાવ વીસ વરસ સુધી ચાલે છે. એને ત્રણ સઢ હોય છે. એમાં પાંચથી નવ ખલાસીઓ રેહે છે. કચ્છ ને મલબાર વચ્ચેના બંદરે એ ફરે છે. બતેલા ૮૦થી ૩૫૦ ખાંડી સુધીના હોય છે ને તેની કિમ્મત રૂ. ૫૦૦થી ૨૪૦૦૦ સુધીની હોય છે. એને ત્રણ સઢ હોય છે ને તે ઉપર બાર લગણ ખલાસીઓ રેહે છે. એ બતેલા સૂરત, વલસાડ, બીલીમોરા, દમણ ને થાણા જિલ્લાનાં બંદરે બનાવવામાં આવે છે. તે ચાળીસ વરસ સુધી ચાલે છે. કચ્છ ને મલબાર સુધીનાં બંદરે ફરે છે ને કચ્છના કેટલાએક જંગબાર ને મસ્કત સુધી જાય છે. ભરૂચથી મલબાર જતાં દસથી વીસ દહાડા લાગે છે. ત્યાંથી આવતાં મહિનો થાય છે. બતેલાઓ ઘણાખરા ખારવાના પોતાના હોય છે. કેટલાએક હિંદુ ને પારસી વેપારીના પણ હોય છે. ઢઉ એ ઇરાની અખાત ને રાતા સમુદ્રનું વહાણ છે; ને એવાંજ કાઠિયાવાડ, કચ્છ ને કરાંચીમાં ફરનારાં વહાણોને બગલા કેહે છે. વહાણમાં એ સૌથી મોટું, આઠસે ખાંડી સુધીનું, રૂ. ૩૮૦૦૦ લગણની કિમ્મતનું ને ત્રણ સઢનું હોય છે ને એમાં દોઢસો સુધી ખલાસી રેહે છે. કોટીઆં ૮૦થી ૨૨૫ ખાંડીનાં, રૂ. ૫૦૦૦થી ૧૬૦૦૦ ની કિમ્મતનાં, બે સઢનાં હોય છે ને તેમાં બાર સુધી ખલાસી રેહે છે. કચ્છમાં ઘણાં કોટીઆં છે ને તે જંગબાર ને મસ્કત સુધી જાય છે. ફતેમારી એ ગૂજરાતમાં મુંબાઇ ને દક્ષિણ ભાગનાં બંદરેથી આવે છે. તે સોથી અઢીસેં ખાંડીની હોય છે. એમાં વીસ સુધી ખલાસી હોય છે. ગંજો એ ૧૭૫થી ૩૫૦ ખાંડીનું, રૂ. ૧૦ થી ૨૮ હજારની કિમ્મતનું, ત્રણ સઢવાળું ને પંદર સુધી

ખલાસીનું વહાણ છે. એ જંગબાર ને મસ્કત સુધી જાય છે. નાવડી એ ૮૦ થી ૨૨૫ ખાંડી સુધીનું, રૂા. ૫થી ૧૬ હજાર સુધીની કિમ્મતનું, ત્રણ સઢવાળું ને બાર સુધી ખલાસીનું વહાણ છે. એ બસરા, જંગબાર ને મસ્કત સુધી જાય છે.

કાઠિયાવાડ બંદરનાં વહાણોને કરાંચી જઇ આવતાં મહિનો, મુંબાઇ દોઢ, બસરે સાડાત્રણ, કલકતે ચાર, એડન સાડાચાર ને જંગબાર છ મહિના થાય છે. ખારવા, કોળી ને મુસલમાન ખલાસી હોય છે. એમાં જે ઉપરી હોય છે તેને નાખુદો, નાકુઓ કે મુઆલીમ કેહે છે. ખલાસીઓને ખાધા ખાઇ ઉપરાંત સફર દીઠ અમુક રકમ મળે છે. નાખુદાને ખલાસીથી બમણું મળે છે. અખાત્રીજ થઇ કે વહાણો લંગર નાખી રેહે છે ને બળેવનાં નાળીએર પડયા પછી મુસાફરીએ નિકળે છે. બધાં વહાણોમાં હોકાયંત્ર ને કેટલાકમાં નકશા વગેરે હોય છે. દરીએ તોફાન લાગવાથી અથવા પીરમ, દાંડીને દમ્મણ આગળ ખરાબાની સાથે અથડાવાથી કેટલાંએક વહાણો ભાંગી જાય છે. વહાણોનો વીમો ઉતારવામાં આવે છે.

આગગાડી થયા પહેલાં સૂરતથી મુંબાઇ ને ઘોઘા જવા સારૂ આગબોટો ચાલતી હતી. મુંબાઇને કરાંચી વચ્ચે સપ્ટેમ્બરથી જુન સુધી ઘણી આગબોટ ચાલે છે. એ આગબોટો વેરાવળ, માંગરોળ, પોરબંદર, કચ્છ માંડવી ને કરાંચીના ઉતારૂ તથા માલ લઇ જાય છે. મુંબાઇથી માંડવી પહોંચતાં આગબોટોને ૪૮ કલાક થાય છે ને માલ કરતાં ઉતારૂઓ વિશેષ લઇ જાય છે.

નર્મદા એ ગૂજરાતની મોટી નદી છે અને તેમાં રહી તલકવાડા ને ભરૂચ વચ્ચે ઘણો વેપાર હોડી ને નાના મછવાની મારફતે ચાલે છે. અગાઉ (૧૮૨૦) એ વેપાર ઘણો હતો. હાલમાં આગગાડી થવાથી ઘણો ઘટી પડયો છે. તોપણ તલકવાડાથી અનાજ, અકીકના પત્થર, ઘર બાંધવાનાં લાકડાં ને બળતણ ભરૂચમાં ઘણાં આવે છે અને ભરૂચથી માકું ને નાળીએર જાય છે. સને ૧૮૭૪માં સુમારે દોઢ લાખનો માલ આ પ્રમાણે આવ્યો ગયો હતો.

તાપી, નર્મદા, સાબરમતી, મહી અને બીજી નાની નાની નદીઓને એક કાંઠેથી સામે કાંઠે જવા સારૂ હોડીઓ ફરે છે. આમાની કેટલીએક બારેમાસ અને કેટલીએક ચોમાસાંના ચાર મહિનાજ ફરે છે. કોરી મોસમમાં તો ઘણી નદીઓમાં પાણી હોતાં નથી અને ઘણે ઠેકાણે પાર હોય છે. જ્યાં પાણી ઘણાં હોય અને લોકોની જ્યાં આવજા થતી હોય ત્યાં હોડીઓ ફરે છે. ચોમાસાંમાં નદીના કરાડા ભરપૂર હોય છે એટલે હોડીની જરૂર પડે છે. આ હોડીઓ લોકલ ફંડ અથવા મ્યુનીસીપાલીટીના ખરચે ચાલે છે અને માલ તથા ઉતારૂ દીઠ થોડી ફી લેવામા આવે છે. કેટલીએક હોડી ખાનગી માણસોની પણ છે.

કિનારા આગળ ખરાબાનીસાથે અથડાવાથી વહાણો ભાંગી નહિ જાય તે બાબતની ચેતવણી આપવાસારૂ દીવાદાંડી રાખવામાં આવે છે. આવી દીવાદાંડી માંડવી, તુના, રોઝી, કફ્ભર, બેટ દ્વારકાં, પોરબંદર, વેરાવળ, માંગરોળ જાફરાબાદ, મહુવા, ગોપનાથ, પીરમ, ઘોઘા, ભાવનગર

ખુન, ટંકારીઆ, ભગવાદ઼ેને વલસાડ આગળ છે. માંડવીની દીવાદાંડી સને ૧૮૭૩ માં કચ્છના રાવે બંધાવી ને તેનો દીવો ખુલ્લી હવામાં ૧૮ મૈલથી દેખાય છે. એનો મીનારો પ૯ ફુટ ઊંચો છે. તુનાંની દીવાદાંડી ૧૮૭૩ માં કચ્છના રાવે બંધાવી ને તેનો દીવો ખુલ્લી હવામાં છ મૈલ દૂરથી દેખાય છે. રોઝીની સને ૧૮૬૭ માં નવાનગરના જામ સાહેબે બંધાવી. એમાં કેરોસીનના ત્રણ દીવા મુકવામાં આવે છે, અને એ દીવો ખુલ્લી હવામાં સાત મૈલ દૂરથી દેખાય છે. કરૂંભરની સને ૧૮.૩ માં બંધાઈ હતી. એનો દીવો દશ મૈલ દૂરથી દેખાય છે. બેટની દીવાદાંડી ૧૮૭૫ માં ગાયકવાડ સરકારે બંધાવી હતી. એનો દીવો ચાર મૈલ દૂરથી દેખાય છે. દ્વારકાંની દીવાદાંડી ૧૮૬૬ માં ગાયકવાડ સરકારે બંધાવી હતી. એમાં ત્રણ કેરોસીનના દીવા મુકેલા છે ને ત્રણ ચાર માઇલ દૂરથી દેખાય છે. પોરબંદરની દીવાદાંડી ત્યાંના રાણાએ બંધાવી છે. એમાં ૧૮૭૬ થી દીવો મુકવામાં આવે છે. એ દીવો પંદર મૈલ દૂરથી દેખાય છે. વેરાવળની દીવાદાંડી ૧૮૭૬ માં જુનાગઢના નવાબ સાહેબે બંધાવી છે. એમાંનો દીવો તેર મૈલ દૂરથી દેખાય છે. જાફરાબાદની દીવાદાંડી સને ૧૮૭૬ માં જંજીરાના નવાબ સાહેબે બંધાવી છે. એમાં છ કેરોસીનના દીવા મુકવામાં આવે છે. એ દીવો આઠ મૈલ દૂરથી દેખાય છે. મહુવાની દીવાંદાંડીમાં ૧૮૭૧ થી દીવો મુકવામાં આવે છે. એ તેર મૈલ દૂરથી દેખાય છે. ગોપનાથની દીવાદાંડી ભાવનગર દરબારે બંધાવી છે. એનો દીવો નવ મૈલ દૂરથી દેખાય છે. પીરમની દીવાદાંડી સને ૧૮૬૫ માં અંગ્રેજ સરકારે રૂપીઆ પાંચ હજારને ખરચે બંધાવી છે. એનો મિનારો ૬૭ ફુટ ઊંચો છે, અને એમાંનો દીવો ૨૦ મૈલ દૂરથી દેખાય છે. સને ૧૮૫૬ થી ઘોઘા આગળ દીવો મુકવામાં આવ્યો છે. એ દીવો દસ મૈલ દૂરથી દેખાય છે. ભાવનગરની ખાડીના દક્ષિણ કિનારા ઉપર મુકેલો દીવો દશ મૈલ દુરથી દેખાય છે. ખુનની દીવાદાંડીમાં ૧૫ મી જુનથી ૧ સપ્ટેમ્બર સુધી દીવો મુકવામાં આવતો નથી. ટંકારીઆનો દીવો દેવજગન દહેરાની ઉત્તર તરફ મુકવામાં આવે છે. ભગવાદાંડીનો દીવો દશ મૈલ દૂરથી દેખાય છે. વલસાડનો દીવો પંદર મૈલ દૂરથી દેખાય છે. એમાં ૧ જુનથી ૧ સપ્ટેમ્બર સુધી દીવો મુકવામાં આવતો નથી.

૩— હુનર.

કિનખાબ ને રેશમી કાપડ—કિનખાબ અને રેશમી કાપડનું કામ અમદાવાદ, સૂરત ને નવાનગરમાં ઘણું અને સારૂં બને છે. રેશમી કાપડમાં મરદો માટે પિતાંબરો ને બૈરાં માટે સાડીઓ ઘણી વણાય છે. રેશમ, સુતર ને સોનેરી એ ત્રણનાં મિશ્રથી છ જાતનાં કપડાં વણાય છે. (૧) રેશમી કોર ને બાકીનું સુતર, જેવાં કે હીરકોરી ધોતિયાં, સાડી ને ખંડ; (૨) સોનેરી કોર ને બુટ્ટા ને બાકીનું સુતર, જેવાં કે શેલાં ને દુપટ્ટા; (૩) ગર્ભસુતર એટલે જેમાં તાણો અથવા ઉભો દોરો સુતરાઉ ને વાણો અથવા આડો દોરો રેશમનો હોય છે, જેવાં કે સાડી ને ખંડો; (૪) ગર્ભસુતર જરીકિનાર એટલે જેમાં કોરણ ને છેડા સોનેરી ને બાકીનું ગર્ભસુતર; (૫) રેશમી

જરીકિનાર એટલે જેમાં કોરણુ જરીની ને બાકી રેશમનું, જેવાં કે પિતાંબર ને સાડીઓ; ને (૬) જેમાં સોનેરી અથવા જરી ને રેશમ બને વણાટમાં એકમેક આવે છે. છઠ્ઠા વર્ગમાં કિનખાબ, ખંડ ને ભરજરીની તથા મંડીલી સાડીઓ તેમજ કોર, કિનાર, તાસ, લપ્પો, ફીત, પલ્લવ, અને ગોટા વગેરે કોરણો આવે છે. કિનખાબ ને ખંડમાં ફેર એટલો કે ખંડ કરતાં કિનખાબ જાડો હોય છે. કિનખાબ વણવામાં રેશમના છ દોરા અને ખંડ માટે માત્ર બે દોરા એક ઉપર એક મુકી વણે છે. કોર ને કિનાર રેશમની હોય છે ને તેમાં સોનેરી જૂદી જૂદી ભાતમાં વણેલી હોય છે. એ અડધો ઇંચથી છ ઇંચ સુધી પોહોળી હોય છે. ફીતમાં કોરણુ સોનેરી ને માત્ર તાણો રેશમી હોય છે. લપ્પો, પલ્લવ ને ગોટામાં તાણો અથવા ઉભો દોરો રેશમનો ને આડો દોરો સોનેરીનો હોય છે. લપ્પો ને પલ્લવ સાડીના છેડામાં ને ગોટા ખંડમાં કોરણુ સિવાય બીજા ભાગને શોભાયમાન કરવામાં આવે છે.

કિનખાબ વેચવાની અમદાવાદમાં આશરે ૭૫ ને એટલીજ સૂરતમાં દુકાનો છે. અમદાવાદ કરતાં સૂરતમાં કિનખાબ ઉંચી જાતનો ને વધારે ભાતનો વણાય છે. કિનખાબ વણવા માટે અમદાવાદમાં આસરે ૫૦૦ થી ૬૦૦ ને સૂરતમાં ૯૦૦ થી ૧૦૦૦ સાળ છે. અમદાવાદમાં કિનખાબ વણનારા કણબી, ખતરી, પીંજારા, ગોલા, ઘાંચી ને મોચી, અને સૂરતમાં કણબી, ખતરી, મુસલમાન, હોરા, ગોલા, ઘાંચી ને કોળી છે. કોર, કિનાર, તાસ, વગેરેની અમદાવાદમાં ૧૦૦ થી ૧૨૫ અને સૂરતમાં ૮૦ દુકાન છે. કોર ને ખંડ ખતરીઓજ વણે છે. અમદાવાદમાં આશરે ૫૦૦ થી ૬૦૦ ને સૂરતમાં ૧૨૦૦ થી ૧૫૦૦ સાળ છે. કોર વણવા માટે રેશમ ને કસબ વેપારી આપે છે. ૧૨૦ ફૂટ લાંબી કોર વણવા માટે વણકરને રૂા. ૩ રોકડા ને ૫ ફૂટ લાંબી કોર, તાસ ને લપ્પા માટે ફૂટે રૂા. ૧ ને એક વાલ સોનેરી, સાદી ફીત માટે દર સો ફૂટે ૪ આના ને વેલની ફીત માટે દર સો તોલાએ રૂા. ૧૨$\frac{1}{2}$ મજુરીના મળે છે. એ ધંધાના સંબંધમાં ચાર પંચાયત છે. કોર, તાસ ને પલ્લવ એ દરેકને માટે એકકી જૂદી અને ફીત, કિનાર ને ગોટા એ ત્રણ માટે એક ચોથી. કોર વણવાનો ધંધો નવો માંડે ત્યારે તે શખસને પંચાયતને રૂા. ૫૦૦, તાસ માટે રૂા. ૧૫, પલ્લવ માટે રૂા. ૬૦ ને ફીત કિનારી ને ગોટા માટે રૂા. ૧૫૦ આપવા પડે છે. એ પૈસા નહિ આપે ત્યાં સુધી પંચાયત તે નવા ધંધાવાળા સાથે સઘળો વેહેવાર બંધ રાખે છે. કોર, કિનાર, તાસ, વગેરે અમદાવાદમાં દર વરસે આસરે રૂા. ૧ લાખની ને સૂરતમાં રૂા. ૭૦ હજારની બને છે ને મુંબાઇ વડોદરા, વગેરે બહાર ગામ જાય છે.

સોનેરી—કસબ ને રૂપેરી સોનેરી કિનખાબ બનાવવામાં સુનાં રૂપાનાં તાર વપરાય છે. તેને માટેનું કામ કરનારાઓનો જૂદોજ વર્ગ છે. સોનેરીનું કામ સૂરત, અમદાવાદ ને નવાનગરમાં સારૂં થાય છે. અમદાવાદમાં આશરે ૧૫૦૦ થી ૨૦૦૦ ને સૂરતમાં પણ એટલાજ કારીગરે સોનેરી કસબ કરે છે. નવાનગરમાં સોનેરી કસબ કરનારાનાં ૫૦ ઘર છે. એઓ જાતે કડવા

કણબી છે ને કેહે છે કે ઔરંગઝેબ બાદશાહના અમલમાં અમદાવાદથી નવાનગર સાંના મુસલમાન સુબાના કેહેવાથી આવ્યા હતા. રૂપાની લગડી ટચલી આંગળી જેટલી જાડી ને એકવાર લાંબી બનાવે છે. તે પછી તેનો તાર કરે છે. એ બેઉ કામ પાસા તાણિયા કણબીઓ કરે છે. લગડીનો એક છેડો છેક ઝીણો બનાવ્યા પછી તેને જતરડાંના મોટાં કાણાંમાં ઘાલી ખેંચે છે ને એમ ચાળીસેક વધારે ને વધારે નાનાં કાણાંમાં ઘાલી ઘાલી ખેંચી ખેંચી ઝીણો તાર બનાવે છે. એક તોલા રૂપાનો ૬૦૦ થી ૮૦૦ યાર્ડ લાંબો તાર કરે છે ને ઇચ્છે તો ૨૦૦૦ જેટલો પણ બનાવી શકે. પછી ચપડીઓ તેને ટીપી એકસરખો કરે છે. સુનાંનો તાર બનાવવાને પ્રથમ તો સુનું ગાળી એક યાર્ડ લાબું ને બે ઇંચ પોહોળું પતરૂં બનાવે છે. આશરે સો તોલાભાર રૂપાની લગડી માટે બેથી છ તોલા સુધીનું પતરૂં જોઇએ. પતરાંને રૂપાની લગડી ઉપર વીંટાળી કાથાની દોરીએ બાંધી લેછે. પછી તેને ધકધકતા કોયલામાં દશ મિનિટ રાખી કાઢી લઇ ભારે અથોડાથી ટીપે છે. બીજીવાર ને વળી ત્રીજીવાર ગરમ કરી થંડું પડવા દેછે. પછી તેનો રૂપાંની પેઠે તાર બનાવવામાં આવે છે. બે ધાતુ એવી તો મળી જાય છે કે તાર સુનાનોજ દેખાય છે. વચમાંની રૂપાની લગડીની કંઇજ નિશાની રેહેતી નથી. તેને કપડાંપર ભરવામાં આવે છે તેની પેહેલાં રેશમના દોરાઉપર તારને વિંટાળવામાં આવે છે ને એ કામને માટે રેશમના દોરા બનાવવાનું કામ અસારા લોક જે પણ કણબીજ હોય છે તે કરે છે.

અમદાવાદનું રેશમી કામ વિશેષે વખાણાય છે. અમદાવાદના રેશમી કામની ખુબી રેશમના રંગના ચળકાટમાં ને જરકસી ને ભરતની જલેહના ટકાવમાં છે. રેશમ ઘણું તો ચીનથી આવે છે પણ કેટલુંક બંગાળાથી, કેટલુંક બસ્રાથી ને થોડાં વરસ થયાં કેટલુંક બોખારાથી આવે છે. રેશમ આણનારા વેપારીઓ તાજીઆ ને લેવા તથા કડવા કણબી ને વાણીઆ છે. કેટલાક પાંચ હજાર રૂપીઆથી તે બે લાખના આસામી છે. તેઓ મુંબઇના વેપારીઓ પાસેથી ખરીદ કરી અમદાવાદમાં કારીગરોને આપે છે ને જ્યારે માલ તૈયાર થાય છે ત્યારે વેચે છે. રેશમી કામ કરનારાઓના ત્રણ વર્ગ છે. સાદું રેશમ વણનાર તથા રંગનારા ખતરી, કણબી, ભાવસાર ને મુસલમાન હોય છે. કિનખાબ કે કસબનું ભરત ભરનારા કણબી તથા ખતરી ને રેશમી કાપડ છાપનારા ભાવસાર, ખતરી ને થોડા મુસલમાન છે. રેશમ અમદાવાદમાં આવે છે તેનો માલ બની વેચાય છે તેટલામાં ૧૧ વર્ગના કારીગરોને હાથ જાય છે ને તેઓ હિંદુ કણબીજ છે. ખોલવું તથા જૂદું પાડવું એ કામ બૈરાં તથા છોકરીઓ કરે છે ને બીજાં કામ કાંતવું, તાણવું, ઉછેડવું, રંગવું, સાંધવું, વણવું વગેરે તે મરદો કરે છે.

સાદું રેશમી કાપડ વાણીઆ તથા વોહોરા દુકાનોમાં વેચે છે, જે કાઠિયાવાડ, મધ્યહિંદુસ્થાન, મુંબાઇ, દક્ષણને નિજામના મુલકમાં મોકલવામાં આવે છે; કેટલુંક મુંબાઇથી સીઆમ જાય છે. એ કામની ખપત યુરોપના માલથી ઓછી થઇ છે. કિનખાબ ને કસબનાં કપડાં

રાજવંશીઓના પોશાક દાખલ અને બળદ, ઘોડા, હાથીના સણગાર દાખલ વપરાય છે; ને તે દોસી વાણીઆ કાઠિયાવાડમાં ને મધ્ય હિંદુસ્થાનમાં વેચે છે. એ માલ ઘણો મુંબાઇ જાય છે. ગૂજરાતના રાજાઓનો શોખ કસબી લુગડાં ઉપરથી ઉઠતો જાય છે તેથી તેનો ખપ ઓછો છે પણ હજી મધ્ય હિંદુસ્થાનમાં તે જાય છે. રેશમી કપડાં ભાતવાળાં ઊંચી જાતની સ્ત્રીઓ ગૂજરાતમાં કાઠિયાવાડમાં ને મધ્ય હિંદુસ્થાનમાં પેહેરે છે.

સુતરને કાપડ—ખેતીથી ઉતરતો મોટો ઉદ્યોગ સુતર કાંતવાનો તથા કાપડ વણવાનો છે. રૂનું સુતર બનાવવું ને વણવું એ કામ પ્રાંતના સઘળા ભાગોમાં, શેહેરોમાં ને બીજાં મોટાં નાનાં ગામોમાં બહુ ચાલે છે. ગરીબ બૈરાં મુસલમાન ને હીંદુ કાંતે છે. તે સુતર જાડાં કપડાંમાં તથા ખાટલાની પાટી ને દોરડાં બનાવવામાં દેશી વણકરો વાપરે છે. રૂ જિલ્લાનુંજ કાંતનારાઓ ખેડુતો પાસેથી ખરીદ કરે છે, ને પરચુરણ વેચે છે અથવા બૈરાંઓને કાંતવા આપે છે. હાથે કાંતવાના ધંધાને યુરોપના ને અંહીના વરાળના સાંચાઓથી બહુજ ધોકો પહોંચ્યો છે.

કપડાં વણવાનો મોટો ધંધો છે. વિલાયતી સાંચાનું કાપડ આવવા માંડયું તે અગાઉ સૂરત, અમદાવાદ, ભરૂચ ને ખંભાતથી કાપડ વણાઇ બહારગામ ઘણું ચઢતું. અમદાવાદમાં રાનપુરમાં થોડાક વોહોરા ને તાઇ અંગ્રેજી સુતરના ઝીણાં કુમાસનાં કપડાં વણે છે ને આસપાસના ગરાસિયા ને કાઠિયોને વેચે છે. ધોળકામાં ખતરી સાડી પાકા રંગની ને અમદાવાદમા તવગર મુસલમાન, મોમના ને ખતરી ઘણાં સારાં હીરકોરના ધોતિયાં, સાડી, દુપટ્ટા ને છલોટા કરે છે, જે ગૂજરાતમાં, મુંબાઇ ને ખાનદેશ જાય છે. અમદાવાદમાં આસરે ૪૦૦ કણબી, ૨૦૦ મુસલમાન અને ૩૦૦ ખતરી વણકરો સાડી ને ધોતિયાં વણે છે. વણાટમાં વિલાયતી સુતર ૪૦, ૫૦ ને ૬૦ નંબરનું વપરાય છે. ગાયકવાડી રાજ્યમાં ગણદેવી, નવસારી, ડભોઇ, વડોદરા ને પાટણમાં વણકરો ઘણા છે. એ વણકરો ખાદી, ચોફાળ, ને ધોતિયાં જાડાં ટકાઉ કુમાસના બનાવે છે. ખંભાતથી અગાઉ કાળું કપડું ઘણું જતું ને હાલ પણ થોડુંક વણાઇ જંગબાર, મોખા ને જેદ્દો જાય છે. એ કપડું ત્રણ જાતનું હોય છે. બદામી, ગર્ભી ને મીમ જુદી; દરેક કટકો ૫ વાર લાંબો ને અડધો વાર પોહોળો ને કિમ્મત રૂા. ૩ થી ૧૨ સુધીની બેસે છે. અંગ્રેજી રાજ્યની શરૂઆત થઇ ત્યારથીજ હાથે વણવાનો ધંધો ઘણોક પડી ભાંગ્યો છે તોપણ હાથના વણાટનું કાપડ પોતાનાં ટકાઉપણાને લીધે યુરોપના સસતાં કપડાંની સામાં ટકી રહ્યું, પણ સાંચાઓથી તેનો ખપ ઓછો થયો છે. પ્રાંતમાં સાંચાથી કાપડ વણવાની બધીમળી ૮ મીલો છે; તેમાં ૪ અમદાવાદમાં ૨ સૂરતમાં, ૧ વડોદરામાં ને ૧ ભાવનગરમાં છે. સૌથી પેહેલી મીલ અમદાવાદમાં સને ૧૮૬૧માં નિકળી હતી.

રંગવાનું કામ સઘળાં શેહેરોમાં ને મોટા કસ્બામાં ઘણી ખરી નદીઓને કાંઠે ચાલે છે. મુખ્ય રંગ ગામોમાં ગળી ને શેહેરમાં ઘેરો આસમાની કાળો ને આછા રંગો ચઢાવવામાં આવે છે. શેહે-

રમાં થોડાક મુસલમાન રંગારી છે. બાકી બીજા બધા રંગરેજ ને હિંદુ ભાવસાર છે. દક્ષણના ભાગમાં પાઘડી વગેરે રંગનારને રંગરેજ ને ગળીવતી રંગનારાને ગળીઆગ કહે છે. ધંધો સારી હાલતમાં છે.

છાપેલાં કપડાં બનાવવાનું કામ સૂરત, અમદાવાદ, ભરૂચ, ખેડા, વડોદરા, કચ્છ અને કાઠિયાવાડના કેટલાક રાજ્યમાં ઘણું ચાલે છે. તે કપડું જિલ્લામાં વપરાય છે ને સિયામ મોકલવામાં આવે છે. ખેડા જિલ્લામાં છાપવાનું કામ ઘણું ઉત્તમ થાય છે. મહીકાંઠાના પેઠાપુરના છાપેલા સાલ્લાનો સિયામમાં ઘણો ખપ છે અને દરવરસે આસરે ત્રણ લાખ સાલ્લા ચઢે છે. અગાઉ દેશી છીંટનો બહુ ખપ હતો; પણ હવે યુરોપની ખપે છે. કાપડને મેલું કરવામાં આવે છે ને પછી ધોયછે ભાવસાર પોતે અથવા ધોબી અને પછી જે રંગનું આછું કે ઘેરાનીળા કાળા કે પીળાનું કરવું હોય છે તેમાં બોળે છે. પછી તેને તડકે સુકવે છે ને પછી લાકડાંનાં બીબાંથી કોર ઉપર છાપે છે. છાપના રંગ ઘણી તરેહના હોય છે. ભાવસાર મેહેનતુ ને પૈસે ટકે સુખી છે.

વરાળથી કાપડ છાપવાનો સાંચો રૂ. ૨ા લાખને ખરચે અમદાવાદમાં આવ્યો ને સને ૧૮૭૮ થી તે કામ ચાલ્યું. [illegible] ઉપર તે કારખાનું છે. તેમાં નળીએ નદીનું પાણી આવે છે; ઇંગ્લંડમાં કામ થાય છે તેવીજ રીતે કામ થાયછે-નિરખવું, ચાર, રંગમાં છાપવું, સુકવવું, ઘડી વાળવી. સાદા નમુના એક રંગના તે સારા છપાય છે પણ બે રંગના નહિ. શરૂ થયા પછી તરતજ કામ બંધ પડયું. મેનેજમેન્ટની અંદર ગુંચવડો પડયો તેથી, સંચાની ખામીથી નહિ.

સોનું રૂપું—સોની સઘળાં મોટાં ગામોમાં હોય છે. સોનાં રૂપાનાં ઘરેણાં કરાવવાનો શોખ તવંગર ને ગરીબ સર્વેને હોય છે. ઘરેણાં સિવાય પૈસાદાર લોકો રૂપાનાં વાસણો વાપર માટે કરાવે છે. કચ્છનાં રૂપાનાં વાસણો કારીગરી માટે ઘણાં વખણાય છે. અગાઉ ઘરેણાંનો ઘાટ જાડો હતો, પણ હાલમાં ઝીણા, કાવલા ને શોભાયમાન ઘાટનાં ઘરેણાં તરફ લોકનો શોખ વધારે થયો છે. ઘરાક ચોકસી પાસથી લગડી ખરીદ કરી તે અથવા સિક્કા સોનીને આપે છે. સોની પોતે ધાતુ રાખતો નથી. સોનીનો ભરૂસો નહિ તેથી ઘરાકો સોની ચોરે નહિ માટે પોતાની તરફથી કોઇને દેખરેખ રાખવામાટે બેસાડે છે. થોડાંક વર્ષ થયાં ચોકસીઓ ઘડેલા ઘાટ વેચવાને પોતાની દુકાને રાખે છે તેથી સોનીનું કામ થોડુંક ઓછું થયું છે.

સુતરાઉ ને રેશમી કાપડ ઉપર સુના રૂપાના બુટ્ટા પાડવા હોય તો પ્રથમ કપડાંને લાકડાંનું બીબું ગુંદરમાં બોળી છાપે છે. પછી કપડાંપર સુના કે રૂપાનું પતરૂં મુકે છે ને પછી લાકડાંનો ડુકો આઠ ઇંચ લાંબો ને બને છેડે એકઠ ને વચમાં બે ઇંચ ગોળ એવાએ સારી પેઠે ઘસે છે. દંડુકાની

એક બાજુએ વચમાં સાફ કરેલો અકીકનો પથ્થર બેસાડેલો હોય છે. ઘસવાથી છાપા સિવાય બીજું બધું સોનું ઉખડી જાય છે અને છાપાંનું ગમેતેટલું ચોળીએ તોપણ જતું નથી.

તાંબું પિત્તળ—તાંબા પિત્તળનાં વાસણ અમદાવાદમાં, ગાયકવાડી વીસનગરમાં તથા ભાવનગર તાબેના શિહોરમાં ઘણાં સારાં તથા બહુ બને છે અને બહારગામ ઘણાં જાય છે. ઘરમાં વપરાસનાં હલકાં વાસણો બીજા કસ્બાઓમાં ઘણે ઠેકાણે બને છે પણ ઉપર કહેલાં શેહેરના કંસારા કારીગરીવાળી પિત્તળની ચારણીઓ ને પાનદાન બનાવે છે. તાંબાનાં વાસણમાં હાંડા ગાગર વગેરે વાસણ ને ઘરેણું ઘાલવાના દાબડા ને બડીઆ હોય છે. પિત્તળનામાં મીઠાઇ તથા મસાલો રાખવાના ડબ્બા, નાનાં મોટાં કડાં, દીવીઓ, મૂર્તિઓ, સાંકળો, ઘંટ, ચીપિયા હોય છે. હિંચકામાટે પિત્તળની સાંકળ તેમાં અગરબત્તી બેસવાના ઠામ સાથે, એ શિહોરની ઘણી વખણાયછે અને ચાર સાંકળના એક સટની કિમ્મત રૂ. ૪૦થી ૨૦૦ બેસે છે. કાંઇ લુહાર પણ તાંબા પિત્તળનાં વાસણ ઘડે છે. વેપારીઓ મુંબઇથી તાંબું પિત્તળ લેઇ જઇ કંસારાને વેચેછે. કેટલુંક પિત્તળ તો કંસારાઓ પોતેજ બનાવે છે, ચાર ભાગ તાંબું ને ત્રણ ભાગ જસત એમ મેળવીને. હાલમાં જેમ બીજા ધંધા નરમ છે તેમ તાંબાપિત્તળના ઘાટનો પણ છે. સારા ઘાટનાં વાસણો નાશક અને પુણેથી પણ ઘણાં આવે છે.

લોઢાંનો સામન—લુહારો સઘળાં મોટાં ગામમાં હોય છે ને તેઓ જાડા ઘાટનાં છરી, પાળી ને ખેતીનાં ઓજારો બનાવે છે અને ભાંગ્યા તુટયાં સમારે છે. સૂરત, અમદાવાદ, કચ્છ વડોદરા અને મહીકાંઠામાં ઇડર, અહમદનગર ને પેઠાપુરનું લોખંડ કામ ઝીણા ઘાટનું હોય છે. પાણી કાઢવાની ડોળ, રાંધવામાં કામ લાગે તેવાં વાસણ જે શેહેરના મુસલમાન ને પારસી વાપરે છે તે અને ખીલા, સ્ક્રુ, નરમાદા, તાળાંઓ એ માત્ર શેહેરમાં બને છે, ને ત્યાંથી જિલ્લામાં જાય છે. મુસલમાન સુની તથા શીઆ વોહોરા ને વાણિયા વેપારી મુંબઇથી લોઢું આણી લુહારોને પરચુરણ વેચેછે. અમદાવાદના લુહાર મેહનતુ ને હુશીઆર છે. મોડાસાના હલકી ખુરસી ને પલંગડીઓ સારી કરે છે. ભરૂચ જિલ્લામાં આમોદના ચપ્પુ, લીમડીની તથા સૂરત જિલ્લામાં ઓરપાડ ને કડોદની સુડીઓ વખણાય છે. લોખંડના અસલી હથિયારો વડોદરા ને બીજા દેશી રાજ્યોમાં છે; પણ તેવાં નવાં હથિયારો કચ્છમાં જિગ્નાસાની ખાતર લેનારામાટે બનાવવામાં આવે છે. યુરોપથી લોઢાંનો તૈયાર સામન હાલમાં ઘણો આવે છે તેથી અહીં બનાવવો બંધ પડયો છે. તોપણ સાંચાઓ આવવાથી લુહારોને શેહેરોમાં ને મુંબઇમાં કામ મળે છે ને કમાણી છે. સને ૧૮૭૫ માં મુંબઇના એક પારસી વેપારી મિ. માણેકજી દોરાબજીએ સૂરતમાં એક લોખંડનું કારખાનું કાઢ્યું હતું.

કલ—કલે દેવાનું શેહેરોમાં ઘણું ને ગામોમાં થોડું ચાલે છે. કલૈગરા મુસલમાન છે ને થોડાક કંસારા છે. તાંબા પિત્તળનાં વાસણ પ્રથમ ખીલ વતી ઘસે છે. પછી કલે ઉની કરી નવસાર સાથે

મેળી વાસણને કપડાંના કકડા વતી લગાવે છે ને પછી રેતી તથા રાખોડીએ વાસણને સાફ કરે છે. એ ધંધો સારો ચાલે છે કેમકે મુસલમાન, પારસી ને ઘણા હિંદુ પોતાનાં વાસણને કલૈ કરાવે છે.

લક્કડ કામ—સુથાર ઘણુંખરૂં દરેક મોટા ગામમાં અને શેહેરોમાં હોય છે. સૂરત તથા અમદાવાદના સુથાર સીસમના નકસીદાર ઘાટ કરવામાં ઘણા કાળથી પ્રસિદ્ધ છે. ઘણાક મુંબઇ જઇ રહ્યા છે પણ હજી તે કામના ઉંચા નમુના મળે છે. લુહાણા ને વાણિયા વેપારીઓ થાણેથી સાગ અને મલબારથી સીસમ તથા સુખડ આણી સુથારોને પરચુરણ વેચતા ને એઓ ખુરસી, ટેબલ, અંગ્રેજી તરેહના પલંગ, પારણાં ને લાકડાંની પેટીઓ પિત્તળના સાજવાળી બનાવતા. અમદાવાદમાં સુથારોનાં આસરે ૮૦૦ ઘર છે, તેમાં ૪૬૦ મેવાડી, ૩૦૦ ગુજ્જર, ૧૦૦ ચાંપાનેરી અને ૧૫ વૈષ્ણવ સુથારનાં છે. એમાં આસરે ૭૫ ઘર ઘણું સારૂં નકસી કામ કરે છે. અમદાવાદનું નકસી કામ પડી ભાંગવા માંડયું હતું. પણ હાલમાં અમેરીકાના મિ. લોકવુડ ડી ફોરેસ્ટ ન્યુયોર્ક મોકલવામાટે નકસી કામનું કારખાનું ઉભું કીધું છે અને ત્યારથી એ કામ પાછું સતેજ થયું છે. એ કારખાનાની વ્યવસ્થા શેઠ મગનભાઇ હઠીસીંગના હાથમાં છે. એમાં આસરે સો સુથાર રૂા. ૩/૪ થી ૧ ૧/૪ ના રોજે રાખવામાં આવ્યા છે. અમદાવાદ સિવાય કડી પાટણ ને સૂરતથી પણ કારીગરો બોલાવ્યા છે. સૂરતમાં આ સદીની શરૂઆતમાં આસરે ૮૦૦ પારસી કુટુંબ નકસીનું કોતર કામ કરતા હતા, પણ હાલમાં ઘણાઓએ તે ધંધો છોડી દીધો છે ને કેટલાક મુંબઇ જાઇ વસ્યા છે. તોપણ હજુ સૂરતની સુખડની પેટીઓ નકસીને માટે ઘણી વખણાય છે તથા બારીબારણાં ને સીલીંગપર કોતર કામ કરાવવાનો ઘણો વહિવટ છે.

લાકડાના સૂડા બનાવવાનું સૂરતમાં તથા અમદાવાદ, મોડાસા, ધોળેરા, ધોલકા ને વીરમગામમાં બહુ ચાલે છે. ઉતરતી નાતોના હિંદુ બૈરાં ને હિંદુ કુળની ગરીબ મુસલમાન બૈરી તે પેહેરે છે. ખરાદી તથા સંઘાડીઆનું કામ સૂરતમાં તથા અમદાવાદમાં ધોળેરા ને મોડાસામાં બહુ ચાલે છે. ખાટલા, ઘોડિયાંના પાયા, દાબડા દાબડી બહુ બને છે ને તેનો ખપ પણ બહુ છે. એ ધંધાને યુરોપના સામનથી ધોકો લાગ્યો નથી. મોડાસાના દાબડા જિલ્લામાં ને કાઠિયાવાડમાં બહુ જાય છે. ત્યાંના ખાટલા પૈસાદાર તથા વચલા વર્ગના હિંદુ ને મુસલમાન વાપરે છે. અમદાવાદ, ધોળકા, ને વીરમગામમાં પણ ખાટલા ઘોડિયાં, બાળકનાં રમકડાં ને ચૂડી બને છે. ચૂડીઓ ઉંચી નાતની હિંદુસ્ત્રીઓ પેહેરે છે. એ બધી ચીજોને રાતા, પીળા, કાળા, સફેત લીટા લાખથી પાડેલા હોય છે. એ બધાનું વેચાણ ગોકળ આઠેમે બહુ થાય છે. એ ધંધો કરનારાનો મોટો ભાગ હિંદુ છે ને થોડા મુસલમાન તે કરે છે. મુસલમાન સેતરંજનાં મોહરાં બનાવે છે. ગાયકવાડી રાજ્યમાં ડભોઇ, સિદ્ધપુર પાટણ ને વડનગરના સુથાર હુશિયાર છે.

હાથીદાંત—હાથીદાંતના કામમાં નકસીદાર પેટીઓ, સેત્રંજનાં મોહરાં ને રમકડાં સૂરત, અમદાવાદ ને જુનાગઢનાં ; હાથીદાંતની રંગીત ચૂડીઓ અમદાવાદ, વડોદરા ને સૂરતની ; અને હાથીદાંતની કાંસકીઓ સૂરતની વખણાય છે.

સાબુ—સાબુ પરાંતીજ, કપડવંજ, વઢવાણ ને રેવાકાંઠામાં લુણાવાડા ને વાડાસીનોરમાં બને છે. એ ધંધો વોહોરાઓના હાથમાં છે. સાબુ બનાવવામાં ઉસ (ખાર), ડોળીઉં એટલે મહુડાનું તેલ ને ચુનો જોઇએ. કેટલીકવાર એમાં સુગંધીદાર પદાર્થ પણ ઉમેરવામાં આવે છે. પરાંતીજમાં પચાસ વર્ષ થયાં સાબુ બને છે. અહીંઆં દરસાલ આસરે ૪ હજાર મણ તેલ બળે છે ને ૧૨ હજાર મણ સાબુ થાય છે; લુણાવાડા ને વાડાસીનોરથી આસરે રૂા. ૫૦ હજારનો સાબુ દરસાલ બહારગામ ચઢે છે. એ સાબુ કપડાં ધોવામાં ઘણો આવે છે અને અમદાવાદ, કાઠિયાવાડ, સૂરત, ભરૂચ ને મુંબઇ ઘણો જાય છે.

કાચનો સામન—કાચનું કામ કપડવંજમાં ઘણું બને છે. એ ધંધો મુસલમાનોના હાથમાં છે. કાચ બનાવવામાં ઉસ, સાજીખાર, ને કાળા રંગની જેપુરની રેતી વપરાય છે. કાચની બંગડી, મણકા, સીસા ને રમકડાં બનાવે છે. એ સામન ઘણો મુંબઇ ને કાઠિયાવાડ જાય છે. વડોદરામાં પણ થોડુંક કાચનું કામ બને છે.

અકીક—અકીકના સુંદર કામ માટે ખંભાત ઘણા જૂના કાળથી પ્રસિદ્ધ છે. એ પત્થર રાજપીપળામાં નર્મદા કાંઠે આવેલાં રતનપુરથી, કાઠિયાવાડના મોરબીથી, અમદાવાદના રાણપુરથી તથા ખેડાના કપડવંજથી આવે છે. મોટો જથો રતનપુરથી આવે છે. શેર પત્થરની કિમ્મત તેના કદ ને ગુણ પ્રમાણે રૂા. ૩ થી ૫૦ સુધી બેસે છે. મણ પત્થર હોય તેમાંથી સાફસુફ કરી ખપમાં આવે એવા ૩ થી ૫ શેર નિકળે છે. પત્થરનાં, તેનાં રંગ ને ગુણ પ્રમાણે, ચેશ્મદાર' જામો, સુઆ, ભાજી, ખારિયો, આગિયો, રાતડીઓ, દોરીદાર, પીરોજ, માઇમરીઅમ, છાંટદાર, રાથીઆ વગેરે જૂદાં જૂદાં નામ છે. ઘરેણાં તરીકે અકીકની માળા, માદળીઆં, પાટીઆં, પોંચી, બાજુ, અંગુઠી તથા પરચુરણ ચીજોમાં બોરીઆં, પ્યાલાં, રકાબી, ચપ્પુના હાથા, સેત્રંજનાં મોહરાં વગેરે ઘણાં સુંદર બને છે. ખંભાતમાં અકીકના આસરે ૧૦૦ વેપારી છે, ને ૨૫૦૦ થી ૩૦૦૦ કારીગરો છે. કારીગરો સઘળા કણબી છે ને તેઓ એ કામના સંબંધમાં ચાર જુદી જાતના ધંધા કરે છે. ડોળીઆ પત્થરને પાલીશ કરે છે, ઘસીઆ ઘસે છે, વિંધારા વિંધે છે ને પટીમાર લાકડાપર પાલીશ આપે છે. અકીકનો સામન મુંબઇ થઇને ચીન, અરબસ્થાન ને યુરોપમાં જાય છે. દરવરસે ખંભાતમાં હાલ ૨ થી ૩ લાખ રૂપીઆનું કામ તૈયાર થાય છે. નવાબ એનાપર ૫ ટકા જાયાત જકાત લે છે.

માટીનાંવાસણ—માટીનાં વાસણનો ખપ ઘેર ઘેર હોય છે એટલે કુંભાર ઘણુંખરૂં સઘળાં ગામોમાં હોય છે. પણ માટીના સાદા ઘાટ અમદાવાદમાં બને છે તેવા પશ્ચિમ હિંદુસ્તાનમાં બીજે

કેથે બનતા નથી. રમકડાં, નળિયાં, ઇંટ, રાંધવાનાં તથા અનાજ તથા પાણી ભરવાનાં ઠામ ઘણાં ને ઘણી જાતનાં બને છે. મટોડાને ચકચકાટ આપવાને કુંભાર રમચી, ખડી ને અબરખ વાપરે છે. એ રંગ આપનારી ચીજોને પાણીસાથે મેળવે છે. ભઠ્ઠીમાંથી ધુમાડો બહાર નિકળી જાય તો ખડી પોતાનો રંગ રાખી રેહેછે અને ધુમાડો જો બહાર જતો અટક્યો તો માટી તદન કાળી થઇ જાય છે. રમચીગેરૂ હમેશાં પોતાનો રંગ રાખે છે ને રમચી ખડી ભેળ્યાં હોય તો ધોળાસ મારતો રાતો રંગ થાય છે. ઝાંખો સુનેરી રંગ આપવાને છેલ્લીવારે અબરખ ઘસવામાં આવે છે. કેટલાક કુંભાર મુડદારસિંગને ખાંડી પાણીસાથે મેળવી ઘાટને ભઠ્ઠીમાં મુકતાં પેહેલાં તે ઉપર ઘસે છે. બળેલાઉપર મુડદારસિંગ લગાડવાથી લીલાસ મારતો ઝાંખો રંગ થાય છે. ઘી, તેલ, અથાણાનાં ઠામને લખોટે છે. કોઇવાર વાંસની ચીપથી અથવા અકીકના કાંકરાવાળી દોરીથી ઘસે છે. અમદાવાદના કુંભારમાં મુસલમાન થોડા ને હિંદુઓ ઘણા છે. ગામના કુંભાર રોજ કામમાં આવે એવાં ઠામ બનાવે છે, વધારે ટકે તેવાં પણ શેહેરના જેવી કારીગરીનાં નહિ. ધંધુકા, બરવાળા ને રાનપુરની ચલમો અમદાવાદના કરતાં વધારે સારી કેહેવાઇ તે અમદાવાદમાં ૨॥ આને વેચાયછે ને સૂરત મુંબઇ મોકલવામાં આવે છે. માટીનાં બીજાં વાસણોમાં કાળા વારનીશ દીધેલા ને સોનેરી રૂપેરી રંગના ઢોળવાળા પાણી પીવાના કુચો ને બીજા નાનાં વાસણો કડીપાટણનાં વખણાય છે.

મીઠું—મીઠું જૂના કાળથી વીરમગામનાં પશ્ચિમ ગામોમાં રણની પાસે બનાવવામાં આવતું. ૧૬માં શેકામાં (૧૫૯૦) ઘણું મીઠું બનાવવામાં આવતું ને ૧૮માં શૈકામાં ઝીંઝુવાડાની ખાણોનું મીઠું સફેત રંગથી ને સારા ગુણથી વખણાતું. તે દેખાવમાં સાકેરના કકડા જેવું હતું. બ્રિટીશ સરકારે મીઠાં ઉપર કર વધાર્યો તેથી મીઠાંના પાકની જમીનોનો ભાવ પણ વધ્યો. ૧૮૨૬માં જ્યારે વીરમગામની સરવે કરવામાં આવી ત્યારે રણની સરહદની પા માઇલ આણીગમ ચાર ઠેકાણે મીઠાંનાં અગર હતાં, પાટડી, ઉદુ, ફતેપુર ને ઝીંઝુવાડામાં; તેમાં પાટડી સિવાય બીજાં ઝીંઝુવાડાનાં તાબાનાં હતાં શિયાળામાં ૩૦ દહાડે ને ઉનાળામાં ૨૦ દહાડે મીઠું તૈયાર બનતું. દરેક અગરમાંથી શિયાળામાં ૧૦૦૦ મણ ને ઉનાળામાં ૨૦૦૦ મણ ઉપજતું. મીઠું બનાવનાર અગરિયા તે કોળીઓ હતા. સૌથી સારૂં મીઠું વડાગરૂં તે ઘણુંજ સફેત ને દરિયા કાંઠે થતું. ઘાસિયા મીઠું તેમાં જે મટોડું આવે છે તે વડાગરામાં નથી. વીરમગામનાં મીઠાંમાં ફતેપુરનું ઘણું સારૂં ને પાટડીનું ઘણું નરસું છે. એ અગરનો માલ (૧૮૨૬) ગૂજરાત ને માળવે જતો પણ કાઠિયાવાડ, કચ્છ કે મેવાડ નહિ; ગૂજરાતમાં ગાડાંઓ ભરાઇને ને માળવે વણજારની પોઠે જતો કોઇ આબરૂદાર વેપારી મીઠાંનો ધંધો કરતો નહિ તેથી તે ધંધો ફક્ત વણજારાઓજ કરતા. વણજારાના નાયકો કિંમત ને જગાતનું નાણું રોકડ આપી પોઠ ભરી મીઠું લેઇ જતા. વળી કુંભાર, કાંતનારા વગેરે એઓ ગધેડાં ઉપર કડીથી મહુડાં, કેરી, રાયણ આણી મીઠું લેઇ જતા. કોઇ વેપારી તે ધંધામાં ઉતરતા નહિ.

તે અગરવિના બીજે કોઇ ઠેકાણેથી વેચાતું નહિ. એ અગરો કેમ ને ક્યારે થયા ને ક્યારથ દેશી રાજાઓએ તે મિલકત પોતાનીજ ગણુંવા માંડી તેની કશી જાણ નથી. મુસલમાન સત્તા-ધારીઓએ મીઠું વેચવાનો હક પોતેજ રાખ્યો હતો; તેઓ દરોગા રાખતા ને નવા અગર ઉઘા-ડવાની મના કરતા; મરેઠાઓ તેમજ કરતા; એકવાર દેહગામ પાસે ઉઘાડેલાં નવાં અગરનો તેઓએ નાશ કીધો હતો. નવા અગર કોઇ ઉઘાડે નહિ તેને માટે મદદમાં રાખવાને મરેઠા-ઓએ ઝિઝુંવાડાના રાજાને તેના મુલકના અગરોની ઉપજનો ત્રીજો હિસ્સો બક્ષીસ કીધો હતો. દામાજી ગાયકવાડે પાટડીના દેસાઇને ત્યાંના અગરની ઉપજ આપી હતી પણ પછી રાઘોબાએ તેની ચોથાઈ આપવા ઠેરવી હતી. બ્રિટીશ સરકારે અગરનો વહિવટ ને ફાયદો પોતેજ રાખ્યો અને ઝીંઝુવાડાના રાજાને ૯ હજારનું ને પાટડીના દેસાઇને ૧૨ હજારનું સાલીઆણું કરી આપ્યું. મરેઠાના વખતમાં મીઠું વેચવા સંબંધી વ્યવસ્થા નહોતી. વણજાર પાસે ૧૦૦ મણના રૂા. ૧૨ા ને ગાડાંવાળા પાસે રૂા. ૨ા થી વધારે નહોતા લેતા. ગાડાંમાં લઇ જવું સસતું તેથી વણજારા થોડેક દૂર પોઠ રાખી ગાડાંવાળા પાસેથી મીઠું ખરીદ કરતા ને તેથી સરકારને મોટું નુકસાન થતું. ૧૮૨૧ ને ૧૮૨૬ વચ્ચેનાં છ વરસમાં વીરમગામના અગરની સરાસરી પેદાશ સરકારને ઝીંઝુવાડા તથા પાટડી વાળાને આપેલું બાદ કરતાં રૂા ૧૨ હજારની હતી.

અમદાવાદ લગીની રેલવે ૧૮૬૪માં પુરી થયી તે વખતે રણ ઉપર પાંચ અને ખંભાત તથા વસઇ વચ્ચેના દરિયા કાંઠાપર ૧૪ એટલાં અગર હતાં. કસ્ટમ ખાતાના મી. ડાલઝેલની સૂચના પરથી એ બાબતની વિગતવાર તપાસ કરવા સરકારે મી. ડબ્લ્યુ. જી. પેડરને ૧૮૬૯માં નિમ્યા. મી. પેડરના રિપોર્ટ ઉપરથી સરકારે મીઠાનું મોટું મથક ખારાઘોડાપાસે રાખ્યું; ને અમદાવાદ, ભરૂચ ને સૂરત એ ત્રણ ઠેકાણે વખાર રાખી. બીજા રેલવે સ્ટેશન ઉપર મીઠું કંટ્રાકટરની માર-ફતે વેચાય છે. મીઠું સઘળી વખારોમાં ને રેલવે સ્ટેશનઉપર એકસરખા ભાવેજ વેચાય છે.

૧૮૭૨ ના નવેમ્બરથી ખારાઘોડા ગામ આગળ કામ ચાલ્યું. વરસમાં એકજ વખત મીઠું ઉપજાવવું, એ સિવાય મીઠું બનાવવાની ક્રિયામાં ૧૮૨૬ પછી કંઇપણ ફેરફાર કરવામાં આવ્યો નથી. દરિયાના પાણીનું મીઠું બનાવવામાં નથી આવતું પણ ૧૮ થી ૩૦ ફુટની ઉંડાઇએ જે ખારા પાણીના ઝરા નિકળે છે તેમાંથી બનાવવામાં આવે છે ને એ મીઠું દરિયાના મીઠાં કરતાં છગણું વધારે થાય છે.

કામ કરનારા કોળીઓજ છે; તેઓને દર બંગાળી મણે ૧ા આનો આપવામાં આવે છે. નઠારૂં મીઠું રદ કરી સારૂં મીઠુંજ સરકાર ખરીદ કરે છે ને તરત લેઇ વખારમાં ભરે છે. આગળતો અગરિ-યાને માથે રેલથી થતાં નુકસાનનું જોખમ હતું, ખરીદદારને માટે ઓઠી રેહેવું પડતું અને સરકારે જે ભાવ નક્કી કરેલા તેથી ઓછે ભાવે તેઓને વેચી દેવું પડતું. રેલવેનાં ગાડાં ભરી આપવાનો ખરચ તેઓને માથે છે, પણ ગાડાંમાંથી ઉતારવાનો ને વખારમાં લેઇ જવાનો ખરચ સરકાર આપે

છે. તેઓ કામ કરે છે તેટલો કાળ તેઓના તથા તેઓના કુટુંબના ગૂજરાનને માટે સરકાર વગર વ્યાજે આગળથી નાણું ધીરે છે—આગળ વાણીઆ બહુ વ્યાજ લેઇ નાણું ધીરતા. કામની મોસમ આઠ મહિનાની છે. એકેક અગરઉપર ત્રણ માણસ લગાડતાં ૪૫૦૦ મણ તૈયાર કરે છે ને એકેકને રૂા. ૧૦૭ મળે છે. મોસમ સપટેમ્બરથી તે માર્ચની આખર લગી ચાલે છે. ૧૮૭૭માં પૂરાં થતાં પાંચ વરસની સરાસરી ઉપજ ૩૦૭૬૧ ટનની હતી. મીઠું બધી વખારોને તથા ખારાઘોડા તથા સૂરત એની વચમાંના રેલવે સ્ટેશનોને એક ભાવે બે રૂપીએ બે આને મણ વેચવામાં આવે છે. કંટ્રાક્ટર પોતે ઘણું ખરીદ કરી પોતે વેપાર કરે તેને માંટે મના છે. ખારાઘોડામાં મોટો જથો રાખવામાં આવે છે તેથી અને એક જણને આટલા મણથી વધારે નજ આપવું એવી હદ બાંધી છે તેથી બીજા કોઇ કંટ્રાકટરની પાસેથી ઝાઝું ખરીદ કરી નફો કરવાને વેચી શકે તેમ થનાર નથી.

ખારાઘોડા સિવાય દેશી રાજ્યોમાં ખંભાતમાં ને ધ્રાંગધ્રામાં કુડામાં મીઠું થોડુંક બને છે. ખંભાતમાં મીઠાંમાંથી રાજ્યની કુલ ઉપજના $\frac{1}{6}$ ભાગ જેટલી પેદાશ અગાઉ થતી. ૧૮૭૮ માં દર વરસે રૂા. ૪૦૦૦૦ નવાબને આપવાના કરી ખંભાતના મીઠાંના અગર બંધ કરાવ્યા છે; તોપણ હાલ પણ દરબારના પોતાના વાપર માટે દર વરસે ૫૦૦ બંગાળી મણ સુધી મીઠું પકડવવાની રજા છે. કુડામાં અગાઉ મીઠું ઘણું બનતું. પણ ૧૮૭૭ માં સરકારે એવી બંધી કીધી છે કે એ મીઠું કાઠિયાવાડના દેશી રાજ્યમાંથી પરવાનો લેઈ આવેલાને અમુક મણસુધીજ વેચવું.

સુરોખાર—સુરોખાર બનાવવાને કામ લાગતું મટોડું વીરમગામની પશ્ચિમે મોટા વિસ્તારની જમીનમાંથી ઘણુંકરીને ઝિંઝુવાડા કે પાટડીનાં ગામોમાં મળે છે. આ શૈકાની શરૂઆતમાં એ ગામોમાં અને પાસેના ઝાલાવાડ, લીમડી ને પાટણ અહીંનાં ગામોમાં ઘણો સુરોખાર બનતો પણ બ્રિટિશ હકુમતની શરૂઆતમાં બધે સુલેહ હોવાથી અને બંગાળાથી આવતો સુરોખાર સસતો પડવાથી ગૂજરાતનાં કારખાનાં બંધ પડયાં. વાણિયાઓ તે સુરોખાર બનાવવામાં પાપ સમજતા ને ૧૮૨૫ માં વોહોરા લોકો થોડોક બનાવતા હતા. ૧૮૩૦ માં રેવીન્યુ કમીશનર મિ. ડનલોપે સરકારને ગૂજરાતમાં સુરોખાર બનાવે છે ને તે ધંધો પાછો ચલાવેથી કેટલો ફાયદો છે તે વિષે જણાવ્યું હતું. તે વખત સુરોખાર થોડો બનતો. વાણિયાઓ સામાં થઇ વોહોરાઓને વધારે સુરોખાર બનાવવા દેતા નહિ ને એક પારસી વાસણ ઓજાર લેઇ ધોળેરા આવેલો તેને જોઇએ તે જાતની માટી મળી નહિ. તોપણ દેશીઓ સુરોખાર બનાવવાને રાજી હતા. અને ચાર રૂપીએ મણ એ ભાવે ખપ જાગેતો જોઇએ તેટલો બનાવવામાં આવે. બંગાળાનો સુરોખાર ગૂજરાતના ઉંચા સુરોખારથી ઉતરતો ને વધારે મોઘો પડે છે ને તેને મુકાબલે લીમડીનો પણ આવે છે. સરકાર જો ખરીદ કરે તોજ તે ધંધો પાછો ઉઠી ચાલે. તે બનાવવાનું કામ શિયાળામાંજ ચાલે છે. તે માટી રાતી સફેત સાથે મળેલી હોય છે, ને જેમ વધારે ઉંડું ખોદીએ તેમ વધારે સફેત નિકળે છે.

ઢોર ચરતાં હોય ને આગળ ચરેલાં હોય તેવે ઠેકાણે તે માટી મળે છે. એક ઠેકાણું ખાલી થાય છે ત્યારે કામ કરનારા બીજું ઠેકાણું લેછે. એ ગૂજરાતનો સૌથી સારો સુરોખાર સરસમાં સરસ દારૂ જે રંજકી કેહેવાય છે તે બનાવવાના કામમાં આવે છે. સામી ને મુંજપુરમાં જે જાતનો ખાર મળે છે તે ઉપરાંત એક જાત જે કલમી કહેવાય છે તે ફટકડીની સાથે મેળવી આતશબાજી બનાવવાના કામમાં આવે છે.[1]

ચામડું—ઢાલ અગાઉ અમદાવાદમાં ઘણી ને સારી બનતી. એ ધંધો કરનારાં અગાઉ આસરે ૧૦૦ મોચીનાં ઘર અમદાવાદમાં હતાં, પણ હવે લઢાઇમાં ઢાલ વપરાતી નથી તેથી તથા ૧૮૫૮ ના 'આર્મ્સ એક્ટની' બંધીને લીધે ઢાલનો ખપ છેક ઓછો થઇ ગયો છે. હાલમાં માત્ર એક કુટુંબ એ ધંધો કરે છે. પણ કચ્છભુજમાં હજુ આસરે ૧૫ ઘર મુસલમાન કમાણગર એટલે ઢાલ બનાવનારાનાં છે. ઢાલની કિમ્મત રૂ. ૧ થી ૧૦૦ સુધી બેસે છે. રાજા રજવાડા માટેની ઢાલપર સોના રૂપાના ઢોલ ચડાવેલા હોય છે તથા તેઉપર ઝવેરાત પણ જડેલાં હોય છે.

ચામડાંનાં કુપ્પાં કરનારા ડબગર તે મોચી કે મુસલમાન હોય છે. ઘીનાં કુપ્પાં ભેંસના ચામડાંનાં બનાવવામાં આવે છે. મટોડાંનાં ઓઠાં ત્રણ જૂદાં જૂદાં કરી તડકામાં સુકવે છે. તરતનું ઉતરેલું ચામડું થંડા પાણીમાં ચુનાસાથે કેટલાક કલાક ડુબાડી રાખી વાળ વગેરેને છરીથી ઘસી નાખે છે. લીલું ને લીલું હાથેવતી ઓઠાંને વળગાડી ચપટા પત્થરે ડાબે છે; પછી બીજા ભાગ સાંધે છે. જો મજબૂત કુપ્પું કરવું હોય તો એક ઉપર બીજુ ચામડું લગાડે છે. કંઇ ચિત્રામણ કે નામ ઠામ લખેલો કાગળ સૌથી બહારના ચામડાંની અંદર રાખવામાં આવે છે. કુપ્પું તડકે સુકાવી પછી તેને દંડુકે ઠોકે છે જેથી ઓઠાંનું મટોડું બહાર નિકળી પડે છે. જેમ નાનું કુપ્પું તેમ પાતળું ચામડું હોય છે. મટોડાંનાં ઓઠાં તૈયાર કરવાનું કામ ડબગરનાં બૈરાં કરે છે. ઘી ને તેલનાં કુપ્પાં ગૂજરાતમાં બધે વપરાય છે ને ઇરાની અખાત, રાતો દરિયો ને આફ્રિકા એણી તરફ મોકલવામાં આવે છે. ડબગરો ત્રાજવાં પણ બનાવે છે. ચોમાસામાં જ્યારે કુપ્પાં બનાવવાનું કામ બંધ હોય ત્યારે ડબગરો તેલીઆ રંગે ચિત્રો કાઢે છે ને છત્રીઓને રોગાન લગાડે છે. થોડાં વરસ થયાં (૧૮૭૪–૭૮) ચામડાં યુરોપ જવાથી તેની કિમ્મત વધી જવાને લીધે કુપ્પાં, ત્રાજવાં ઓછાં બને છે.

જોડા બહુ બને છે; અમદાવાદના તે આખા ગૂજરાતમાં વખણાય છે. જોડાનો ખપ સર્વેને રહેલો એટલે મોચીઓ સઘળાં ગામોમાં હોય છે. અમદાવાદમાં એક મોચી અંગ્રેજી તરેહના

---

૧ સુરાખારની માટી આટલાં ગામમાં મળે છેઃ—બોઇકા, સરવાલ, દરોડે, અંબજી ને દેવગઢ લીમડીમાં; ભડવાણુ, લખતર, હલવાડ, ચોકરી ન કકરેજી ઝાલાવાડમાં; ઝિંઝવાડા તથા પાટડી વીરમગામમાં અને સામી તથા મુંજપુર પાટણ પાસે.

જીન લગામ બનાવે છે. કાઠિયાવાડમાં કુંડલા ને મુળીમાં દેશી રીતનાં જીન તથા લગામ ઘણાં સારાં બને છે.

કાગળ—અમદાવાદ કાગળ બનાવવામાટે ઘણા કાળથી જાહેર છે. તીસ વરસપર (૧૮૪૮) ૮૦૦ માણસ ને છોકરાં તે કામ કરતાં. હાલમાં સંખ્યા ૬૦૦ છે. એ ધંધો એક હાથેજ છે. કામ કરનારા મુસલમાન છે. ધંધો ચલાવનાર તે કાગળની જમાત કેહેવાય છે. એ શખ્સો હુન્નરની જુક્તી છૂપી રાખે છે. કામ કરનારા કાગળ વેચતા નથી. સુન્ની વહોરાઓ કામ કરનારા રાખે છે. કામ કરનારાના એકેક કુટુંબને વરસ દહાડે રૂ. ૧૦૦ થી તે ૨૦૦ લગી મળે છે. જૂની કોથળીઓ ને તાટ એમાં બગડેલા યૂરોપના કાગળો ભેળી નવા કાગળ બનાવવામાં આવે છે. પાંચ જાતના કાગળો બને છે તે સાહેબખાની, ખંભાતી, મોરાદશાહી, ગાસિયા ને કરચી કહેવાય છે. કાગળ ૧૭ા થી તે ૨૫ા ઇંચ લાંબો ને ૧૬ થી તે ૨૭ા ઇંચ પહોળો બને છે. એક તાવની કિમ્મત એક પાઇથી તે એક આનો આઠ પાઇ લગીની હોય છે. યૂરોપના કાગળો એ ધંધો ઘટાડયો છે. હાલ એ કાગળો સરકારી ગૂજરાતી રજિસ્ટરોમાં, દેશી રાજ્યોમાં ને દેશી વેપારીઓના ચોપડામાં વપરાય છે. એ કાગળો મુંબઇ ઇલાકાના ઘણાખરા ભાગમાં જાય છે ને મધ્ય હિંદુસ્તાનના જૂદા જૂદા ભાગમાં પણ જાયછે. અમદાવાદ સિવાય સૂરત ને નવસારીમાં થોડાક મુસલમાન જાડા કાગળ બનાવે છે. પણ એ ધંધો ઘણી પડતી સ્થિતિમાં છે. નવસારીમાં આસરે દર વરસે ૨૦૦ રીમ કાગળ થાય છે અને ૪ થી ૧૦ આને ધાયો પ્રમાણે વેચાય છે.

પરચુરણ—પરચુરણ હુન્નરોમાં સૂરતમાં ચાંદલાં ચાંદલાગર મોચીઓ બનાવે છે. હિંદુ લોકોનાં બૈરાં ચાંદલા કપાળમાં શોભા તરીકે ચોઢે છે. સૂરતથી ચાંદલા મુંબઇ ને દક્ષણમાં જાય છે. પારાની મેળવણીથી રસકપૂર ને હિંગળોક સૂરતમાં બને છે. રસકપૂર ઓસડના કામમાં આવે છે. થોડોક સૂરતમાં વપરાય છે. ઘણો ઉત્તર હિંદુસ્થાનમાં જાય છે. હિંગળોક ઘણો મુંબઇ થઇને ચીન જાય છે. રસકપૂરને હિંગળોકનો કસબ થોડાક લેવા કણબીઓજ જાણે છે, ને તેઓ પેઢીધરપેઢી શિખતા આવ્યા છે. પંચમહાલમાં લાખની ચૂડીઓ ઘણી બને છે. લાખારાના દોહદમાં ૯ ને ઝાલોદમાં ૬ ઘર છે. લાખ પીપળો, ખેર, બોરડી ને કુસંબ એ ઝાડોમાંથી રાની લોકો લાવે છે. લાખનો ભુકો જેને કંજા કહે છે તે ૫ થી ૮ રૂપીએ મણ વેચાય છે. પંચમહાલથી દરવરસે ૩૦૦ મણ કંજા અમદાવાદ ને ૪૦૦ મણ રતલામ જાય છે. અમદાવાદમાં તે ચામડું રગવાંમાં ને રતલામમાં ચૂડીઓ બનાવવામાં વપરાય છે. દોહદમાં જેસવાડા ને ગાંગડી ગામમાં મુસલમાન કાંસકીગરો સીસમની કાંસકી ઘણી સારી બનાવે છે. એ કાંસકીગરો પાસેથી દોહદના દાઉદી વહોરા કાંસકી જથાબંધ વેચાતી લે છે. તેને પછી પાલીશ કરી માળવા, ગૂજરાત ને બર્હાનપુર પણ મોકલે છે. નવાનગરમાં ગુલાલ, કંકુ ને મોગરેલ, સુગંદરાય અગરબત્તીઓ ને પુડી તથા અત્તરો વગેરે સુગંધીનાં પદાર્થો સારાં બને છે, ને બહારગામ જાય છે.

ધંધાના સંબંધમાં મહાજન

જેમ દરેક ગામમાં ખેડુતોમાં ગામ સંબંધી કામકાજને માટે સમસ્તની મંડળી હોઇને તેના મુખી હોય છે, જેમ દરેક નાતના કામને માટે પંચાયત હોય છે તેમ દરેક ધંધાધારી વર્ગમાં ધંધા સંબંધી વિચાર કામને માટે સમસ્તની જે મંડળી તે મહાજન કહેવાયછે[1]; વેપારીનું, સોનીનું, સુથારનું, ઘાંચીનું વગેરેનું મહાજન.

અમુક ધંધો કરનારા લોકમાંનો એકેકોજણ મળીને મહાજન કહેવાયછે પણ તેમાં બે જણને મુખી—શેઠ ગણવામાં આવે છે. તેઓ જ્યાં લગી તે ધંધામાં છે ત્યાં લગી વંશપરંપરા શેઠાઇ કરે છે. નઠારી ચાલથી કે અશક્તિથી શેઠના ઉપરથી મહાજનનો વિશ્વાસ[2] ઉઠી જાય તો તેની સત્તા તેના કોઇ સગાને આપવામાં આવે છે; પણ શેઠ તો તેજ કહેવાયછે. શેઠની સાથે થોડાક બીજા જેઓએ પોતાના ગુણથી વગસત્તા મેળવેલી તેઓ પણ હોય છે ને એ રીતે મહાજનમાં એક મુખીની મંડળી હોય છે જેના વિચાર પ્રમાણે મહાજન સમસ્ત વર્તે છે. કેટલાક ધનવંતાં મહાજનમાં પગારદાર ગુમાસ્તો રાખવામાં આવે છે ને તે સૌને બોલાવવાનું, હિસાબ રાખવાનું, અણોજો પાળ્યો છેકે નહિ તે ચોકસી રાખવાનું વગેરે કામ કરે છે.

મહાજનમાં બાપનો હક દીકરાને વારસામાં મળે છે. મહાજનમાં નવા દાખલથનારા પાસેથી લવાજમ લેવાનું તે સૌપાસેથી એક સરખું નથી હોતું; મહાજનની મેહેરબાની કે ગેરમેહેરબાનીથી અમુક જણના ફાયદા ઉપર જે અસર થાય તેના પ્રમાણમાં લવાજમ લેવાતું. જૂના વખતમાં દાખલ

---

૧. ઉચ્ચા ધંધાની મંડળીને મહાજન ને ઉતરતા વર્ગના લોકનું મંડળ તે એક ન્યાતના હોય તો પંચાયત કહેવાય છે.

ધંધાનું મહાજન તે ન્યાતના મહાજનથી જૂદું છે. અમદાવાદમાં સુથારની ચાર યાત છે ને તેથી ન્યાતની ચાર પંચાયત છે. પણ ચારેનું ધંધાના સંબંધમાં મહાજન તો એકજ છે. તેમજ શહેરમાં મશરૂવાળા વણકરના મહાજનમાં કણબી ને વાણીઆ બંને છે. નાના કસબામાં ન્યાત ને મહાજન એક હોય છે. ત્યાં ન્યાતના ધારા ધંધાને પણ લગાડવામાં આવે છે. વળી બે ત્રણ ન્યાત મળીને થયલાં મહાજનમાં પણ ધંધો ને ધર્મ એ બેનો અંતર રાખવામાં આવતો નથી. એક વિશા શ્રિમાળી વાણીઓ પૂનર્વિવાહ કરેથી ન્યાતબહાર થયલો; તે વળી કાપડીઆનો ધંધો કરતો તેથી તે મહાજનની પણ બહાર થયો. તેને દુકાન બંધ કરી ગામ છોડવું પડયું.

૨ એ મહાજનોમાં કુળને મોટું માન આપવામાં આવે છે તોપણ મનશક્તિ ને કામશક્તિ પોતાનો રસ્તો લેછેજ. કહેવત છે કે—

"લખતે લહીઓ નીપજે, ભણતે પંડિત હોય;
લડતે શેઠિયો નીપજે, તેનું કુળ ન પુછે કોય."

B 524—jj

થવાની ફી લેવામાં આવતીજ પણ જો કોઇએ કે કોઇના બાપ દાદાએ ગરીબાઇને લીધે ધંધો છોડી દીધો હોય ને તે પાછો દાખલ થાય તો તેની પાસેથી કાંઈ લેવામાં આવતું નહિ; એવાને તો દરવરસે જે આપવાનું તે જેટલાં વરસનું ચઢ્યું હોય તેટલુંજ આપવું પડે.

ગૂજરાતના સઘળા ભાગના મહાજનને વિષે પૂરતી હકીગત મળી આવતી નથી, પણ અમદાવાદની હકીગત ઉપરથી મહાજનોના બંધારણ અને વ્યવસ્થાનો સહેલથી વિચાર થઇ શકે એમ છે. હાલમાં ગણત્રી કાઢવામાં આવી છે કે અમદાવાદ શહેરમાં ૨૯ મહાજન છે. તે પોતાનામાં નવા દાખલ થનારા પાસે જે લેછે તેમાં કાગળ કરનારાના ધંધામાં ૨૦ રૂપીઆ ને કલૈગરામાં રૂા. ૫૦૦. નાના કસબાઓમાં જેમ નાતની બાબતમાં તેમ ધંધાની બાબતમાં ચાલે છે. નવો દાખલ થનારો બીજાઓનું મન મનાવે એટલે તેનો પોતાના ધંધાવાળા સાથે સઘળો વહેવાર ચાલતો થાય છે. હાલમાં સરકારના કાયદાથી પ્રત્યેક જણના કામને વધારે મોટી સલામતી હોવાથી ઘણાક મહાજનોએ પોતાની બંધી ઢીલી કરી છે અથવા તદન કાઢી નાખી છે કે બીજા બહારના લોક તે ધંધો કરનાર ઘણા થાય; ને તેટલાજ માટે જેઓએ શિખાઉ કારીગર દાખલ કામ કરેલું હોય ને જેઓ મહાજનના ધારાને કબૂલ રાખે તથા મહાજનના ફંડમાં ધારાપ્રમાણે આપે તેઓને મહાજનમાં દાખલ કરવામાં આવે છે.

શિખાઉ કારીગર પાસે કરાર કરાવી લેવાની કે તેની પાસે કાંઈ લેવાની રૂઢી નથી. બાપ કે કોઈ પાસેનો સગો છોકરાને શીખવે છે. ધંધામાં કોઇ દોસ્તદાર કે ઓળખીતું નહોય તો તે થોડા પગારે મહેતાનું કામ કરે છે, ને આખરે જો તે છોકરો હોશીઆર નિકળી આવે તો તે પોતાની પુંજી કે ધીર ઉપરથી પોતાનો નવો ધંધો ચલાવે છે. કારીગર છોકરો જે બાપની પાસે નહિ પણ બીજા પાસે શીખતો હોય તેને શરૂઆતથી જૂજ પગાર મળે છે. બેસતે વરસે તે છોકરો પાનનું બીડું કે નાળિયેર પોતાના ઉસ્તાદને આપે છે એટલે ઉસ્તાદ તેને ડોગલો- મીઠાઇની માટલી આપે છે. બાપને ત્યાં જો જમણવાર હોય તો તે ઉસ્તાદને પાટે બેસવા બોલાવવામાં આવે છે; ને એ પોતાના સાગીર્દને પાઘડી આપે છે અથવા કંઇ રૂપીઆ આપે છે. જ્યારે તે છોકરો કામ શીખી રહે છે ત્યારે તે ધંધાવાળા સૌને જમાડે છે ને પછી તે ધંધાના સઘળા હકમાં દાખલ થાય છે. તે છોકરાનું જમાડવાને ગજું ન હોય તો ન્યાતની પંચાયત ઘણીકવાર પોતાની તરફથી થોડુંઘણું આપે છે.

મહાજન પોતાની સત્તા ધંધા ન કરવાના તહેવાર અણોજા પાળવાના દહાડા મુકરર કરવા તથા તે પળાવવામાં, નાણું ઉઘરાવવામાં, તથા મહાજનના કામમાં વાપરવામાં, ધંધાસંબંધી કોઇની હરકોઇ બાબત ચુકવવામાં, ધંધાસંબંધી કાંઇ સુધારો ચલાવવામાં કે તેની મના કરવામાં, રોજ તથા કામ કરવાના કલાક નક્કી કરવામાં ચલાવે છે. દાખલા તરીકે અમેરિકામાં લડાઇ ચાલતી તેવામાં કુંભારની પંચાયતે અનાજની મોઘવારીને લીધે મટોડીનાં ઠામનો ભાવ વધારી દીધો. શાહુકા-

રના મહાજને લોકો તરફથી સામાં થઇને માટીનાં ઠામ કોઇ ખરીદ કરે નહિ તેનો બંદોબસ્ત કીધો. લગનસરામાં ધાતુનાં વાસણ વાપરવાનું રાખ્યું ને જેઓની શક્તિ વાસણ વાપરવાની નહિ તેઓને માટે માટીનાં ઠામ ખરીદ કરવાને બીજા ગામોમાં છૂપા માણસો મોકલ્યાં તો પણ કુંભારોએ પોતાનો ઠરાવ ફેરવ્યો નહિ. ગામોની જમીનમાંથી મટોડું ખોદવાના હકના વેચાણનું લીલામ વરસે વરસે થનારૂં તે થોડા મહિના પછી થયું; તેમાં શાહુકારના મહાજનના મોકલેલા માણસે કુંભારને મટોડું ન મળે માટે વધીને માંગણી કરવા માંડી ત્યારે કુંભારો નરમ પડયા; તે પછી માટીનાં ઠામનો ભાવ હજીલગી બદલાયો નથી. હજામોએ પોતાનું લવાજમ વધારેલું પણ બીજે ગામોથી બીજાઓને બોલાવવામાં આવ્યા તેથી તેઓનું ફાવ્યું નહિ. સુથારોએ પોતાના રોજ વધારેલા તેઓને માટે બીજા ગામથી બીજા બોલાવવાના હતા. પણ રેલથી ઘણા ઘરનો નાશ થયો હતો તેથી લોકે સુથારને વધારે આપ્યું હતું. અમદાવાદમાં જ્યારે મ્યુનિસિપાલિટીએ દરવાજામાં આવતાં ઇંટની ગુણ ભરેલાં ગધેડાં દીઠ એકપાઈ લેવા માંડી ત્યારે કુંભારોએ ભઠ્ઠી આગળ જઇ ઇંટ વેચવાનું કીધું. તેથી ઇંટ લઇ જવાનો તથા કર આપવાનો બોજો ખરીદ કરનારને માથે પડયો. કેટલાક બહારના કડીઆ શેહેરમાં આવેલા તેઓએ દશ આનાને બદલે આઠ આનાને રોજે કામ કરવા માંડ્યું. તે ઉપરથી કડીઆની પંચાયતના મુખીઓએ કુંભારની પંચાયેતના મુખીઓને કહી એઓ પાસે બંદોબસ્ત કરાવ્યો કે અમારા દલાલ મારફત તમારે સામાન આપવો. એ ઉપરથી રેતી ન મળવાથી નવા કડીઆ કામ કરી શકયા નહિ. મહાજનમાંનો કોઇ અઘટીત રીતે કામ ન ચલાવે તેને માટે બંદોબસ્ત રાખે છે. નળિયાંવાળાં મહાજનનો મુખી હર મોસમમાં ઠેરવી આવે છે કે દરેક જણે આટલાં આટલાં હજાર નળિયાં બનાવવાં ને ઓછામાં ઓછે આટલે ભાવે વેચવાં. વળી અમદાવાદમાં હાથનાં વણેલાં કપડાં બહાર ગામ જાય તે બારેક ખરીદીઆ છે તેમાંના કોઇની મારફતે જાય છે ને તે ખરીદીઆને અમુક દસ્તુરીથી વધારે લેવાને મના છે. આગળ કડીઆને કંટ્રાક્ટ પુરૂં થયે કે મહિને મહિને રોજ ચુકવતા ને તે ઉપર સવાઇના કામને માટે બે આના રોકડા મળતા, પણ પછી શેહેરમાં કામ થોડું હોવાથી ને ઘણા જણ કામ વગરના રહ્યાથી મુખીઓએ બંદોબસ્ત કીધો કે કોઇએ સવાઇનું કામ કરવું નહિ. એ ત્રણ ઠરાવની મતલબ એ કે સૌને કામ મળે ને કોઇ બીજો નુકસાન કરી એકલો કમાઇ ન જાય.

મહાજનનું ઊપયોગ ભર્યું મોટું કામ એ છે કે ધંધાના વાંધા પતાવવા. સોની મહાજન ધાતુમાં ભેળ કરવાના વાંકની તપાસ કરેછે, રૂના વેપારીનું મહાજન કબૂલાત પ્રમાણે છે કે નહિ તે સંબંધી અને વાયદાના ભાવ સંબંધી વાંધા પતાવે છે. હાલમાં મહાજનો પોતાનો ઠરાવ અમલમાં આણવાને ખંતથી તજવીજ નથી કરતા પણ પતાવવા ઉપર નજર રાખે છે. જિલ્લાના નિકાસ ધંધામાં આગળના જેટલા વાંધા નથી. કેમકે આગળ તો ઘણે દહાડે માલ તેને ઠેકાણે પહોંચતો તે ખબર મોડી મળતી તેથી ભાવ ઘણીવાર ચઢતો ને પડતો તેથી બહુ વાંધા ઊઠતા.

મહાજનનો ઠરાવ તોડે તેને દંડ કરવામાં આવે છે ને જે કોઇ દંડ ન આપે તેને મહાજન બહાર કરવામાં આવે છે. ન્યાતબહાર ન થયો હોય તોપણ મહાજન બહાર થવાની શિક્ષા કાંઇ નાની નથી, કારણકે મહાજનમાં રહ્યાથી તેના ધંધાના હક જળવાય છે. જો કોઇ કામ અધુરૂં મુકી દે ને તેની માગણી મહાજનની નજરમાં વાજબી જણાય તો તેનું સમાધાન થયા વિના બીજો કોઇ અધુરૂં કામ પૂરૂં કરવા જાય નહિ. સુથાર લુહારમાં મહાજનનો હુકમ છે કે કોઇ ગામમાં પોતાનામાંનો કોઇ જઇ વસ્યો હોય તો બીજા કોઇએ ત્યાં જઇ વસવું નહિ. ન્યાતબહાર જવાથી ઘર સંસારી હક જાય છે તેમ મહાજન બહાર જવાથી ધંધાના ફાયદા જાય છે. બહારનો કોઇ કારખાનાવાળો હોય તો હોશીઆર કારીગર કોઇ તેની નોકરીમાં નહિ રહે. જો તે કારીગર હોય તો કોઇ તેને ઓજાર નહિ આપે. જો તે વેપારી હોય તો મહાજનનો કોઇ દલાલ તેનું કામ નહિ કરે ને બજારના ધારા પ્રમાણે દલાલ વિના કામ થઈ શકે નહિ.

એ બધું જોતાં જણાય છે કે એ મહાજનોથી સૌના સામાન્ય લાભને નુકસાન છે. હુશીઆર ને મુરખ, મેહેનતુ ને આળસુ એક સરખી હાલતમાં રહે છે. સુધારો વધારો થતો નથી ને કોઇ ઘણી પુંજીવાળો થતો નથી. પણ હવે મહાજનો ઝાઝો અંકોશ રાખતાં નથી તથા કારીગરોમાં સ્વતંત્રપણાના ચિન્હ દેખાડવા માંડયા છે. આગગાડીને તારથી ખબર પહેલી મળે છે, ને સ્વતંત્ર ધંધાને ઉતેજન મળે છે. મહાજન તથા તેના અટકાવની સામાં રૂના સાંચા નિકળ્યા છે તેમાં દેશી કારીગરોએ પોતાની હુશીઆરી દેખાડવા માંડી છે.

નાનાં તથા ગરીબ મહાજનની પુંજી દંડથી જે થઇ હોય તેજ હોય છે. મોટાં શહેરનાં મોટાં મહાજનને ઘણીક રીતની કમાણી હોય છે: ધંધાની મોટી ચીજ શહેર બહાર જાય તથા માંહે આવે તે ઉપર જૂજ વેરો લેવાય છે; કોઇના મરણથી કે વારસાના આવવાથી મળે છે; દાખલ થવાની ફી તથા દંડ લેવાય છે; દુકાન ઉઘાડી રાખવાના હકનું લીલામથી વેચાણ કરવામાં આવે છે; અથવા તહેવાર અણોજાને દહાડે કામ કરવાની ઇચ્છા રાખનાર પાસેથી ફી લેવામાં આવે છે; તેમજ વળી મહાજનની જમીન કે બીજી મિલકતમાંથી મળે છે. અમદાવાદમાં દરેક મહાજનને પોતાની વાડી હોય છે કે જ્યાં તે મળવાનું રાખે છે. ધોળકામાં રૂનો સકંચો મહાજને બંધાવ્યો હતો ને તેનો નફો મહાજનની પુંજીમાં એકઠો થાય છે. હુંડી ઉપર ને સટ્ટાના ધંધા ઉપર કેટલુંક લવાજમ હતું પણ તે હાલમાં નિકળી ગયું છે.

કારીગરોની પંચાયતની પાસે ખરચવાને કે ધર્માદા આપવાને કંઇ હોતું નથી. દંડ એકઠો થયા કરે ને જ્યારે તે સૌ જમે તેટલો થાય ત્યારે સૌ ઉજાણી કરે છે. વેપારી મહાજનનું ફંડ ઘણું હોય છે. વીરમગામમાં તે ફંડ શ્રાવકો પાંજરાપોળ ખાતે વાપરે છે, બીજે ઠેકાણે પણ શ્રાવકો તેમજ કરે છે; મેશ્રી વાણીઆઓ પોતાનાં મંદીરો ખાતે નાખે છે; ભોજાઓ આગા-

ખાનને મોકલે છે ને બીજા મુસલમાન રોજાં ખાતે કાઢે છે. ધનવંતાં મહાજન સદાવ્રત, પરબ, વિસામા ને બીજાં ધર્મનાં કામમાં પણ પોતાનાં ફંડ વાપરે છે.[1]

મહાજન તથા પંચાયત સર્વે એકમેકથી સ્વતંત્ર છે, પણ તેના શખ્સોની પુંજી તથા સ્થિતિપ્રમાણે દરેક મહાજન બીજા મહાજન ઉપર થોડી કે ઘણી વગસત્તા ચલાવે છે. અમદાવાદમાં ડોસીવાણીઆ ને તાજીઆ એ બે સર્વોપરિ છે. નાનાં શેહેરોમાં જૂદી જૂદી જાતના સાહુકારો એકઠા થઇ મહાજન બને છે.[2]

આ જિલ્લામાં શ્રાવકોએ વેપારી મંડળોમાં એટલું તો મોટમ મેળવેલું કે તેઓ બીજાને દાબમાં રાખી વેપાર ધંધા ઉપર લેવાતી દસ્તુરી મહાજનના ફંડમાં એકઠી થતી તે બધી પાંજરાપોળ ખાતે આપતા. અંગ્રેજી રાજ્ય થયા પછી વૈષ્ણવોએ વાંધો ઉઠાવ્યો. અમદાવાદમાં ઘણા કાપડીઆ જૈન હોવાથી મહાજનના ફંડમાંનો પોતાનો હિસ્સો પાંજરાપોળ ખાતે આપે છે. ધંધો કરનારા કણબી તથા મેશ્રી વાણીઆ પાંજરાપોળને મદદ કરવાની જરૂર પડે છે ત્યારે તેમાં આપે છે, ને રેશમ વેચવાનું મહાજન પોતાના એક તેવાજ ખાતામાં નાખે છે. જાત જાતના જૂદા તેહેવાર આવે છે ત્યારે કામ બંધરાખવા પણ ભાંજગડ ઉઠે છે. વીરમગામમાં સુખડીઆઓએ કહ્યું કે અમે ઘણુંકરીને સઘળાજ વૈષ્ણવ છૈએ પણ શ્રાવકને તેહેવારે પણ દુકાન બંધ રાખીએ છીએ. એક વરસ દસા ને વિસા શ્રાવકના પચુસણ જૂદાં જૂદાં આવ્યાં, ને અમે કહ્યું કે અમે દસાનાજ પાળીશું. બીજે વરસે અમે તકરાર લીધી કે જ્યારે વૈષ્ણવના તેહેવાર પાળતા નથી ત્યારે અમે શ્રાવકના પણ નહી પાળીએ. શ્રાવકોએ બહારગામથી સુખડીઆ અણાવવાની તજવીજ કીધી તેથી ટંટો વધ્યો ને અમારા મહાજને ઠરાવ કીધો કે આપણે કોઈ પણ શ્રાવક સાથે વહેવાર રાખવો નહિ. એ ઉપરથી બે શ્રાવક જુદા પડયા ને અમે વેપારી મહાજનમાંના વૈષ્ણવોને વિનંતી કીધી; તેથી એઓએ પોતાનો હિસ્સો પાંજરાપોળને અપાતો બંધ કરી જૂદું મહાજન કરવાની ધમકી આપી. શ્રાવકો સમજ્યા ને તેઓએ અમારો એક તેહેવાર પાળવો કબુલ કીધો.

ગૂજરાતના વેપારી મંડળમાં શ્રાવકનું ઘણું જોર છે તે અમદાવાદના નગરશેઠની પદવી ઉપરથી ખુલ્લું જણાય છે. જિલ્લાના બીજાં શેહેરોમાં હાલ કોઇ નગરશેઠ કેહેવાતું નથી ને કેહેવાતા

---

૧ રૂમાં ભેળ કરવાની ચોરી પકડવાની ઓફીસમાં એક સબ ઇન્સપેક્ટર મરીગયલો તેના છોકરાને કેલવણી આપવાને વેપારી મહાજને રૂ. ૨૫) મહિને મહિને આપવા ઠરાવેલા હતા.

૨ અમદાવાદનું મોટું મહાજન વેપારીનું છે પણ જેમ ધોલેરાનું મહાજન આખા ધોલેરાને માટે છે તેવું સમસ્તને માટે નથી.' અમદાવાદના કાપડીઆ મહાજનના મુખી ને નગરશેઠ એ બે મળીને બીજાં બધાં મહાજનઉપર ઘણુંકરીને સત્તા ચલાવી શકે, પણ એ બધાં મહાજન થોડીવાર કામને માટે એકત્ર જેવાં થાય છે. બાકી જેમ નાના કસબામાં તેમ બધાં મહાજન મળી ગામ સમસ્તનું એક મહાજન એમ નથી.

હશે તે આવી સમજથી કે તે શાહુકારના મહાજનના ખી હતા. પણ અમદાવાદમાં તો જે કુટુંબ, લોકહિતાર્થ બુદ્ધિ ને ધન વિશેષે જૈનધર્મને પુષ્ટી કરવી એથી નામાંકિત થયલું તેના મુખીને સઘળા વેપારીઓએ મળીને નગરશેઠનું માન આપેલું છે. તે પ્રસંગે પ્રસંગે શહેરના લોકનો મુખી છે પણ જનધર્મ મતવાળી મોટી ન્યાતનો તે હમેશ વડો છે.[1] શહેરના લોકના મુખી દાખલ લોક દુઃખની વેળાએ તેને આગળ કરે છે. જેમકે વર્ષાદ ન આવતો હોય તો તે શહેરના કોટની પ્રદક્ષિણા દૂધ છાંટતાં કરે છે. ઘણુંખરૂં તે કાપડીઆના મહાજનનો મુખી જે ચૌટાનો શેઠ કેહેવાય છે તેની સલાહથી કામ કરે છે. એ ચૌટાંનો શેઠ તે વૈષ્ણવ મંડળીનો મુખી છે. એ બે શેઠ વેપારી મંડળ ઉપર સત્તા ચલાવે છે.

અમદાવાદ જિલ્લામાં બધી મળી ૧૨ પાંજરાપોળ છે; અમદાવાદ, ધોળકા, સાણંદ, મોડાસા, વીરમગામ, પાટડી, માંડળ, રાણપુર, બરવાળા, ધોલેરા, ઘોઘા ને પરાંતીજમાં.[2] તેમાં દરેકમાં દરવરસે રૂ. ૬૦૦ થી રૂ. ૧૫૦૦૦ સુધી ખરચાય છે. થાપણ જનાવરોને ખરીદ કરવામાં વાપરવાનો ચાલ નથી, માત્ર લીલામમાં કસાઇ માગણી કરતો હોય ને તેની સામાં કોઇ ન થતો હોય તો ખરીદ કરવામાં આવે છે. અમદાવાદમાં દર અઠવાડીએ શુકરવારે ઘણાંક ઢોરને કપાતાં લોક બચાવે છે તેમ પાંજરાપોળનો મેહેતો પણ તેમ કરે છે. સઘળાં જીવતાં ઢોરને ફી વના દાખલ કરવામાં આવે છે. પછી જો કોઇ બહારનો ઢોરની સાથે કાંઇ મોકલે તો તે લેવામાં આવે છે. જીવને જોખમ કરે તેવા પ્રાણીને દાખલ કરતા નથી. પાંજરાપોળમાંના બાળક ઢોરને વેચવામાં આવતાં નથી કે કાઢી મુકવામાં આવતાં નથી; પણ પાંજરાપોળના કામને માટે તેને વાપરવામાં અટકાવ નથી. અમદાવાદમાં સઘળાં ઢોરને પાંજરાપોળમાંજ ખવાડવામાં આવે છે. માત્ર દૂજતી ગાયોને ચરવા મોકલે છે. ગાયદીઠ રૂા. ૧ ગોવાળીઆને આપે છે. બીજાં ગામોમાં ચાલી શકે તેવાં બધાંને ચરવા મોકલવામાં આવે છે. ઢોરની ચાકરીને માટે નોકરો હોય છે. અમદાવાદની પાંજરાપો-

---

૧. હાલના નગરશેઠ રાવ બહાદુર પ્રેમાભાઇ હેમાભાઇના દાદાના બાપ ખુશાલચંદ લખમીચંદના વચમાં પડવાથી ઇ. સ. ૧૭૨૫ માં શહેરને મરાઠાઓએ લૂટેલું નહિ. તેઉપરથી શહેરનાં મહાજનોએ એકત્ર થઇ તેને હમેશનો હક કરી આપ્યો કે જેટલો માલ શેહેરના કાંટાઉપર છપાય તે ઉપર સેંકડે પા રૂપીઓ તે લે. તે હકને બદલે હાલ સરકાર તીજોરીમાંથી રૂા. ૨૧૩૩ નગરશેઠને મળે છે. ૧૭૧૮ માં શહેરનાં મોટાં મહાજને ખુશાલચંદને શેહેરનો મોટો વેપારી માનેલો હતો. ગાયકવાડોએ પણ પાલખી, છત્રી, મસાલ ને વર્ષે રૂા. ૧૦૦૦ રોકડા એટલો હક કરી આપ્યો. ૧૮૨૭ માં મુંબઇની સદરઅદાલતે નગરશેઠને જિલ્લાની કોરટમાં ખુરસીનો હક કરી આપ્યો.

૨. ૧૮૭૫ની શરૂઆતમાં અમદાવાદની પાંજરાપોળમાં ગાય બળદ ૨૬૫, ભેસ ૧૩૦, આંધળાં ઢોર ૫, બકરાં ૮૯૪, ઘોડા ૨૦, બીલાંડાં ૭, વાંદરા ૨, મરઘાં ૨૭૪, બતક ૨૯૦, ખબુતર ૨૦૦૦, પોપટ ૨૦, ચલીઆં ૨૫, સમડી ૫, ને બીજાં પક્ષી ૩૩. દરરોજ ૨૫૦૦ પુળી ઘાસની ને ઘણુંક અનાજ તથા દૂધ ખપે છે; ૩ મણ બાજરી કે વટાણા દરરોજ ખબુતરને માટેજ જોઇએ છે.

ળમાં ઢોર વધી જાય છે તો તેને ગાયકવાડના કડી પ્રગણાના રનછોડા ગામમાં મોકલવામાં આવે છે. ઘોલેરાથી પાલીતાણા મોકલવામાં આવે છે.' મુવેલાં ઢોરને ઘેડને આપી દેવામાં આવે છે.

ઢોર તથા પક્ષી ઉપરાંત ત્યાં એક ઓલી જીવાતને માટે હોય છે. એક નોકર મોહ્લે મોહ્લેથી કિલ્લાં વગેરે માગી આણે છે. વર્ષે વર્ષે ઓલી બદલે છે. જૂની ઓલી દશ બાર વર્ષ બંધ રાખવામાં આવે છે ને પછી તેમાંનો કચરો ખાતર દાખલ વેચી નાખવામાં આવે છે.

સઘળો વહીવટ એકાદો શ્રાવક શેઠીઓજ કરે છે, તે વખતે વખતે પોતાના જાત ભાઇઓની સલાહ લેઇ કામ કરે છે. તેને પગારદાર ગુમાસ્તો હોય છે જે સઘળો હિસાબ રાખે છે. વખતે હમેશની ઉપજ આવક પૂરતી નથી ત્યારે મહાજન મળીને ઉઘરાણું કરી આપે છે.

પ્રકરણ ૬ હું.

ઈતિહાસ.

પુરાતન ઇતિહાસ—મહાભારતાદિ પુરાતન પુસ્તકો ઉપરથી જણાય છે કે અમદાવાદનું ઘોળકા ગામ તે પ્રાચીન કાળનું વિરાટ નગર અને રેવાકાંઠાનો મુલખ તે અસલનું હેડંભા વન હતું. કૃષ્ણના જયેષ્ટ ભાઇ બળરામનો સસરો રાજા રેવત પ્રથમ દ્વારકામાં ને પછીથી ગીરનારના પ્રદેશમાં રાજ્ય કરતો હતો. વળી કૃષ્ણ અને યાદવો મથુરાથી નિકળી આનર્ત દેશની રાજ્યધાની કુશસ્થળી (દ્વારકા) માં આવી રહ્યા હતા. વિદર્ભ દેશનાં કુંદનપુરના ભીષ્મક રાજાની કુંવરી રૂકમણી સાથે માધવપુરમાં કૃષ્ણે લગ્ન કર્યું હતું. દ્વારકામાં રાજ્ય કરી કૃષ્ણ સોમનાથમાં સ્વધામ પહોંચ્યા; અને જાદવાસ્થળી થઇ તેમાં ઘણા જાદવો કપાઇ મુઆ.

ગીરનારના શિલાલેખ ઉપરથી જણાય છે કે ઇ. સ. પૂ. ત્રીજી ને ચોથી સદીમાં કાઠિયાવાડમાં મૌર્ય વંશના રાજાઓ રાજ્ય કરતા હતા. એ વંશના રાજા ચંદ્રગુપ્ત (ઇ. સ. પૂ. ૩૧૨–૨૮૯) ના સાળાએ ગીરનાર પાસેના સરોવરનો પુસ્તો બંધાવ્યો હતો એવું ત્યાંના લેખ ઉપરથી જણાય છે. અશોક (ઇ. સ. પૂ. ૨૬૦–૨૨૨) રાજાના ગીરનારના શિલાલેખ ઉપરથી જણાય છે કે એ રાજા બૌધ મતનો હતો તોપણ તેની બ્રાહ્મણો ઉપર સારી નિષ્ઠા હતી, અને તેણે લોક કલ્યાણાર્થે ઘણાં ઝાડો રોપ્યાં હતાં તથા ઘણાં કૂવા તળાવો ખોદાવ્યાં હતાં. એ રાજા ઘણો પરમાર્થી હતો. એના ગીરનારના શિલાલેખમાં મિસર દેશના તુરમાયા (ટોલેમી ફીલાડેલફસ) જેણે મિસરમાં ઇ. સ. પૂ. ૨૮૫થી ૨૪૭ સૂધી રાજ્ય કર્યું હતું તેનું નામ આવે છે. એ ઉપરથી એમ સંભવે છે કે એ વખતમાં ગૂજરાત અને મિસર દેશ વચ્ચે જળમાર્ગે ઘણો ઘાડો સંબંધ હતો. સૌરાષ્ટ્રમાં અશોકની તરફથી નિમાયલો સુબો જુનાગઢમાં રહી રાજ્ય ચલાવતો. અશોક પછી સૌરાષ્ટ્ર ને ઘણુંકરીને ગૂજરાત ગ્રીક બાકત્રીઅન રાજાઓના તાબામાં આવ્યાં. આ વંશના રાજાઓએ એક શૈકા સૂધી રાજ્ય કર્યું ને ત્યાર પછી એ મુલખ ઇંડોપાર્થીઅન વંશ-

ના રાજાઓના હાથમાં ગયો. એ રાજાઓ ઉતર હિંદુસ્થાનમાં રાજ્ય કરતા ને ગૂજરાતમાં સૂબાઓ મોકલતા. આ સુબાઓ ક્ષત્રપ કહેવાતા. લેખ ને સિક્કા ઉપરથી જણાય છે કે એ ક્ષત્રપોનો અમલ ઇ. સ. પૂ. ૫૦ થી ઇ. સ. ૨૫૦ સૂધી હતો. પહેલાં તો ક્ષત્રપો ઉપરી સત્તાના તાબામાં રહી રાજ્ય વહેવાર ચલાવતા, પણ પછીથી તેઓ સ્વતંત્ર થઇ બેઠા ને સિંધ, કચ્છ, માળવા, મારવાડનો થોડો ભાગ ને ગૂજરાતનો મોટો ભાગ સૂરત લગણનો તેઓના તાબામાં હતો. તેઓની રાજધાની માળવામાં હતી. પોતાના તાબાના મુલખમાં તેઓ પણ સૂબા નિમતા. ત્રીજા ક્ષત્રપ રૂદ્રદામન (ઇ. સ. ૧૬–૪૬) નો પલ્હવ અમલદાર ગૂજરાત ને કાઠિયાવાડનો સુબો હતો. ઇ. સ. ૧૫૦માં ટાલેમીએ લખેલા ગ્રંથમાં કચ્છના અખાતનું કાંઠી, સૌરાષ્ટ્રનું સુરાસ્ટ્રેન, લાટ અથવા ગૂજરાતનું લારીકે ને દ્વારકાનું બરકે એવાં નામ છે. એ ગ્રંથમાં લખેલાં નામમાંનાં મોપહીડીસ તે હાલની મહીનદી, નેમેડુસ તે હાલની નર્મદા, બરકેકસમા તે હાલનો કાઠીયાવાડનો બરડા પ્રાંત, સુરાષ્ટ્રેન તે સોરઠનું જુનાગઢ ભાનોગ્લોસમ તે હાલનું માંગરોળ, અસ્તકપરા તે હાલમાં ભાવનગર પાસેનું હાથબ, બેરીગોઝા તે ભરૂચ, કેમેનીસ તે સૂરત જિલ્લાનું કામળેજ, પુલીપુલા તે હાલમાં સૂરતનું ફુલપાડા ને નુસરીપા તે નવસારી છે. પેરીપ્લસ નામના યુનાની ગ્રંથ ઉપરથી જણાય છે કે ઇ. સ. ૨૪૭માં ગૂજરાતમાં સૅંડેનીસ નામનો રાજા રાજ્ય કરતો હતો. એણે કોંકણના રાજા શાતકર્ણીને હરાવ્યો હતો. સૅંડેનીસની જીતનું મોટું પરિણામ એ થયું કે અસલ જે વેપાર કોંકણમાં હતો તે ત્યાંથી ઘસડાઇ ભરૂચમાં આવ્યો ને ભરૂચ એક મોટું વેપારનું બંદર થયું. જૂના બાકત્રીઅન રાજા એપોલોડોટસ ને મીનાંડરના સિક્કા તે વખતે ભરૂચમાં ચાલતા. કાઠિયાવાડ તે વખતે ઘણું ફળદ્રુપ હતું ને ત્યાં ડાંગર, તલ, કપાસ, વગેરે થતાં. જુનાગઢ (મીન્નાગરા) માં ગ્રીક લોકોનાં દહેરાંનાં ખંડીએર તથા મોટા કૂવા હતા એવું એ ગ્રંથ ઉપરથી જણાય છે. ટાલેમીએ જે જે શહેર તથા નદીઓનાં નામ આપ્યાં છે તે એ ગ્રંથમાં પણ છે.

ક્ષત્રપ પછી ગુપ્ત વંશના રાજા થયા. એ રાજાઓની રાજધાની કનોજમાં હતી. એ રાજાઓના લેખ ઉપરથી જણાય છે કે ઇ. સ. ૨૫૭ માં ગુપ્ત વંશના પાંચમા રાજા ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યે માળવા લીધું, તથા ઉજ્જનથી ભરૂચ આવી ગૂજરાત ને કાઠિયાવાડ સર કર્યા. એ રાજાઓના સિક્કા ઉપરથી જણાય છે કે ગુપ્ત વંશના ત્રણ રાજાઓએ ગૂજરાત તથા કાઠિયાવાડમાં રાજ કીધું હતું, ને છેલ્લા રાજા સ્કંદગુપ્તે કચ્છ જીત્યું હતું. સ્કંદગુપ્ત પછી એટલે ઇ. સ. ૩૨૦ માં ગુપ્ત વંશના રાજાઓનો અમલ ગૂજરાત ને કાઠિયાવાડમાં પડી ભાંગ્યો ને કોઇ કૃષ્ણ નામનો રાજા ગૂજરાત, ઉત્તર કોંકણ, ને ઉત્તર દખણમાં સર્વોપરી થયો. આ કૃષ્ણ કોણ હતો તે જાણ્યામાં આવ્યું નથી; એ રાષ્ટ્રાકુટા વંશનો હતો એવી કલ્પના થાય છે. ઇ. સ. ૩૪૦ માં ગુપ્ત રાજાના સેનાપતિ ભટ્ટારકે વલ્લભી (વળા) ની ગાદી સ્થાપી ને એ વંશના રાજાઓનો અમલ ઇ. સ. ૬૧૪ સૂધી ગૂજરાતમાં રહ્યો. ઇ. સ. ૬૪૦માં હીવનસંગ નામનો ચીન દેશનો પ્રવાસી પશ્ચિમ હિંદુસ્થાનમાં

આવ્યો હતો અને તે વખતે વલ્લભી સિવાય સૌરાષ્ટ્ર, આણંદપુર ને ભરૂચ એવાં ત્રણ મોટાં રાજ્યો હતાં. આમાંનું ભરૂચ ચલુક્ય ને તેના તાબાંના ગુર્જર રાજાઓના હાથમાં હતું. સાતમી અથવા આઠમી સદીની શરૂઆતમાં વલ્લભીનો ક્ષય થયો; અને તે આરબોના હુમલાથી થયો હોય એમ કહેવાય છે. આઠમી સદીમાં દક્ષિણ ગૂજરાતનો જેટલો ભાગ ચલુક્ય ને ગુર્જર રાજાઓના તાબામાં હતો તેટલો રાષ્ટ્રકુટ વંશના રાજાઓની હાકમી તળે આવ્યો. એ વંશના રાજાઓની સત્તા સો વર્ષ ચાલી. દક્ષિણ ગૂજરાત જ્યારે રાષ્ટ્રકુટના રાજાઓના તાબામાં હતું ત્યારે કાઠિયાવાડનો ઉત્તર પશ્ચિમ ને વચલો ભાગ મેર (મૈત્રક) લોકના તાબામાં ને ગીરનારની આસપાસનો મુલખ કોઇ યાદવ ચૂડાસમા રાજાના તાબામાં હતો એવું કહેવાય છે. સને ૭૪૬ માં ચાવડા વંશના વનરાજે અનહિલપુરની ગાદી સ્થાપી, એ વંશના રાજાઓએ સને ૯૪૨ સૂધી રાજ કર્યું.[૧] એમના તાબામાં ઘણો મુલખ ન હોતો. દક્ષિણ ગૂજરાત ચલુક્ય અથવા સોલંકી વંશના રાજાઓના તાબામાં હતું ને કાઠિયાવાડમાં ચૂડાસમા, જેઠવા, રાઠોડ અને કદાચ ગોહિલ રાજાઓ રાજ્ય-કરતા હતા. ચાવડા પછી સોલંકી વંશ થયો. સને ૯૪૨ માં સોલંકી વંશનો મૂળરાજ અનહિલપુરની ગાદીએ બેઠો ને એ વંશના રાજાઓએ સને ૧૨૪૪ સૂધી અનહિલપુરમાં રાજ કર્યું.[૨] એ વંશના રાજાઓને બલ્હારા કહેતા ને એ બધામાં સિદ્ધરાજ ઘણો બળવાન ને પ્રતાપી હતો. આખું ગૂજરાત, કાઠિયાવાડ, કચ્છ, ઉત્તર કણ ને મારવાડનો થોડો ભાગ એ રાજાઓના તાબામાં હતો. સોલંકી પછી અનહિલવાડના છેલ્લા રજપૂત રાજાઓ વાઘેલા વંશના હતા. એ વંશના રાજાઓએ ઇ. સ. ૧૨૪૪ થી ૧૩૦૪ સૂધી રાજ કર્યું.[૩] છેલ્લા રાજા કરણ ઘેલાના વખતમાં મુસલમાનો ગૂજરાતમાં આવ્યા, અનહિલવાડનો ક્ષય થયો ને ગૂજરાતમાં મુસલમાની સત્તા બેઠી.

મુસલમાની રાજ્યકાળ

તેરમા શૈકાની આખેરીમાં મુસલમાનોએ ગૂજરાત જીતી લીધું ત્યારથી તે તેમણે ઇ. સ. ૧૭૫૮ માં મરેઠા લોકથી હારી રાજનગર અમદાવાદ ગુમાવ્યું ત્યાં સૂધી જાણવો. (૧૨૯૭-૧૭૬૦).

---

૧. ચાવડા વંશના રાજા:—વનરાજ સને ૭૪૬-૮૦૬, યોગરાજ ૮૦૬-૮૪૨, ક્ષેમરાજ અથવા ભીમરાજ ૮૪૨-૮૬૬, પૃથુ અથવા ભૂવડ. ૮૬૬-૮૯૫, વીરસિંહ ૮૯૫-૯૨૦, રત્નાદિત્ય ૯૨૦-૯૩૫, ને સામંતસિંહ. ૯૩૫-૯૪૨.

૨. સોલંકી વંશના રાજા:—મૂળરાજ સને ૯૪૨-૯૯૭, ચામુંડ, ૯૯૮—૧૦૧૦, વલ્લભસેન ૧૦૧૦ (સાત માસ), દુર્લભસેન ૧૦૧૦-૧૦૨૨. ભીમદેવ પહેલો ૧૦૨૨-૧૦૭૨, કરણ ૧૦૭૨-૧૦૯૩, સિદ્ધરાજ જયસિંહ ૧૦૯૪-૧૧૪૩, કુમારપાળ ૧૧૪૩-૧૧૭૪, અજેપાળ ૧૧૭૪-૧૧૭૭, મૂળરાજ બીજો, (બાળ મૂળરાજ) ૧૧૭૭-૧૧૭૯, ભીમદેવ બીજો. (ભોળો ભીમ) ૧૧૭૯-૧૨૪૨, ને ત્રિભુવનપાળ. ૧૨૪૨—૧૨૪૪.

૩. વાઘેલા વંશના રાજા:—વિસળદેવ સને ૧૨૪૪-૧૨૬૨, અર્જુનદેવ, ૧૨૬૨-૧૨૭૫, સારંગદેવ ૧૨૭૫-૧૨૭૯, ને કરણ ઘેલો ૧૨૭૯—૧૩૦૪.

B 524—*kk*

એ સાડી આરસેં વર્ષની મુસલમાની હાકમીમાં પહેલી દિલ્હીના અફ્ગાન બાદશાહની સો વર્ષની હતી, (૧૨૯૩-૧૪૦૩), પછી પોણી બસેં વર્ષ તે અમદાવાદના બાદશાહની રહી (૧૪૦૩-૧૫૭૩) અને છેલ્લે બસેં વર્ષ (૧૫૭૩-૧૭૫૦) દિલ્હીના મુગલ બાદશાહના મોકલેલા અમલદારની હતી.

ગૂજરાતની સીમા ચૌદમા શૈકામાં ઉત્તરે જાલોરથી તે દક્ષિણે મુંબઇ સૂધી ને પૂર્વે માળવા ખાનદેશની ડુંગરીઓની હારથી તે પશ્ચિમે સમુદ્ર સૂધી હતી; પંદરમાના બીજા ને સોળમાં શૈકાના પહેલા પાયામાં અમદાવાદના બાદશાહોએ પૂર્વે તથા ઉત્તરપૂર્વે ખાનદેશ તથા માળવાનો ઘણોક પ્રદેશ જીતી લઇ રાજ્યસીમા વધારી હતી; પછી ૧૫૩૦-૧૫૭૩ લગીની અવ્યવસ્થામાં ખાનદેશનો પશ્ચિમ ભાગ તથા કોંકણનો ઉત્તરભાગ તેઓની સત્તામાંથી ગયો હતો; અને ૧૫૮૩ માં અકબરે વ્યવસ્થા કરી માળવા ખાનદેશને વધારે પ્રદેશ આપ્યા તે સિવાય અને ત્યારપછી ઉત્તરે જાલોર, સિરોહી, રજપૂતસ્થાન તથા અજમેરને આપવામાં આવેલાં તે સિવાય ગૂજરાતની સીમા હાલ પણ તે વ્યવસ્થા પ્રમાણેજ છે.

મુસલમાની સત્તા કાળમાં દ્વીપકલ્પ પ્રદેશ તે કાઠિયાવાડ એ નામે ઓળખાતો નહિ પણ તે ગૂજરાતનો એક ભાગ ગણાતો ખરો. મુસલમાની હાકમીના પહેલા વખતમાં દ્વીપકલ્પ તથા તેને લગતો થોડોક પ્રદેશ તે સૌરાષ્ટ-સોરઠ કહેવાતો. મિરત-ઇ-આહમદીમાં લખ્યું છે કે (૧૭૪૮-૬૨ સોરઠના પાંચ જિલ્લા હતા. હાલાર, કાઠિયાવાડ, ગોહિલવાડ, બાબરિયાવાડ ને જટવાડ નવાનગર (ઇસલામ નગર) જૂદું પરગણું હતું પણ એની ખંડણી સોરઠમાંથી જે વસૂલ સરકારમાં ભરાતી તેમાં ગણાતી; પણ ગયાં સો વર્ષમાં ઘણોક પ્રદેશ ઘટીને માત્ર જૂનાગઢ અને બાંટવાના સંસ્થાનનોજ પ્રદેશ તે સોરઠ કેહવાય છે. ગયા શૈકાના પાછલા ભાગમાં કાઠી લોકે ખંડણી લેતા મરેઠાઓની સામે થઇને પ્રસિદ્ધી મેળવી હતી તે ઉપરથી એઓ આખા દ્વીપકલ્પને કાઠિયાવાડ કહેવા લાગ્યા; અને એ નામ પહેલાના અંગ્રેજ અમલદારોએ પોતાના લખાણમાં વાપરેલું તે હજી ચાલે છે.

ગૂજરાતની રાજકીય વ્યવસ્થા અમદાવાદના બાદશાહના વખતમાં બે પ્રકારની હતી. કેટલોક ભાગ બાદશાહના ખાસ અમલ તળે હતો અને બાકીનામાં ત્યાંના આગલાજ હાકેમ જેઓ ખંડણી આપતા અથવા નોકરી બજાવતા તે હતા. ખંડણી લેવાતી તે પ્રદેશના ઉત્પન્ન પ્રમાણે નહિ પણ જે કબૂલાતે હાકેમો ખંડિયા થયલા તે પ્રમાણે; વળી એ ખંડણી નિયમસર કે ઇચ્છાએ કોઇ ભરતું નહિ પણ બ'શાહી ફોજના દાબથી તે ઉઘરાવવામાં આવતી તે એને માટે ઘણુંખરૂં ખુદ બાદશાહની સ્વારી નિકળતી કે જે મુલખગિરિ કહેવાતી.

ખંડિયા હકિમ જો કે ખંડણી ભરતા તો પણ તેઓ પોતાના મુલખના કારબારમાં નિરંકૂશ હતા. તેઓ અનહિલપુરના રાજાઓના વખતની પેઠે મુસલમાની વખતમાં પણ ઇનસાફનો ને

વસૂલ ઉઘરાવવાનો વહીવટ રાખતા. જમીનનો પાક જે જાતનો થતો તેમાંનો કેટલો હિસ્સો અને કેટલાક વેરા, ધંધા ઉપર કેટલુંક ને જકાત એ તેઓની વસૂલ જમા હતી. હિસ્સો જૂદે જૂદે ઠેકાણે જૂદો જૂદો હતો પણ તે જમીનના પાકના ત્રીજા ભાગથી વધારે ને છઠ્ઠા ભાગથી ઓછો નહોતો. તેના મુલખમા કેટલેક ઠેકાણે તેના મંત્રીઓ મારફતે ખેડુત પાસેથીજ ને કેટલેક ઠેકાણે ઊંચા વર્ગના જમીદારોની મારફતે વસૂલ લેવામાં આવતી.

બાદશાહી ખાસ મુલખના ભાગ કરેલા તે એકેકી સરકાર કહેવાતી; અને એની વ્યવસ્થ બેમાંથી એક પ્રકારની હતી. અમુક સંખ્યા ફોજના નિભાવને માટે એકેકો ભાગ અમીરોને સોંપેલો હતો અને કેટલોક મુલખ ખાલસા હતો. એનો વહીવટ પગારદાર અમલદારો કરતા ને જે મકતાને નામે ઓળખાતા. એઓનું મુખ્ય કામ આ કે સુલેહ રાખવી ને વસૂલ ઉઘરાવવી. બંદોબસ્ત રાખવાને અગાદાવાદથી કેટલીક ફોજ દરેક મહાલમાં મોકલી ત્યાંના સરકારકામદારના હુકમ નીચે રાખવામાં આવતી; વળી એ સિવાય દરેક મહાલમાં થાણાં હતાં ને થાણુદારના હુકમમાં ઘણાક સિપાઇઓ રહેતા ને એઓના નિર્વાહને માટે જે નાણું આપવામાં આવતું તે ઉપરાંત કેટલીક જમીન પણ થાણાંની પાડોસમાં જૂદી કાઢી આપવામાં આવી હતી. થાણેદાર તે સરકારકામદારના ઉપરીપણા તળે કામ કરતા; અને એઓ જ્યારે બાદશાહ મુલખગિરી કરવા નિકળતા ત્યારે પોતાના મહાલની ફોજ લેઇ તેની સાથે થતા; પણ એ પ્રસંગ સિવાય એઓની સત્તા પડોસના ખંડિયા હાકેમો ઉપર નહોતી.

બાદશાહી ખાસ મુલખની વસૂલ જમાની સગવડને માટે દરેક સરકારની પરગણામાં વહેંચણુ કરી હતી ને એકેકા પરગણાને માટે એકેકો પગારદાર તહેસિલદાર હતો. એઓ ગામના મુખીની મદદથી વસૂલ ઊઘરાવી લેતા; ગામના મુખી તે પટેલ કહેવાતા–ઉત્તર ગૂજરાતના ભાગી આભાગ ગામોના મુખી તે મુકાદમ ને દક્ષિણ ગૂજરાતના ભાગીઆભાગ વગરના ગામોના મુખી તે દેસાઇ કહેવાતા. ગામોની વસૂલનો હિસાબ પરગણાનો તહસિલદાર પોતાની સરકારના ઉપરીને આપતો ને એ દરબારના વસૂલ ખાતાના વડાને દેખાડતો. દરેક સરકારના કારભારીની સાથે એકેકો હિસાબી હતો કે જે તેના કારભાર ઉપર અંકોશ જેવો થઇ પડતો ને વસૂલાતના કામમાં મદદ કરતો; એ બે અમલદાર એક બીજાના કામ ઉપર વધારે ચોકસી રાખતા રહે તેને માટે બાદશાહ અહમદ પહેલાએ (૧૪૧૨-૧૪૪૩) ધારો કીધો કે જ્યારે કારભારી બાદશાહી ગુલામ હોય ત્યારે હિસાબી તે ગુલામ નહોય ને હિસાબી જો ગુલામ હોય તો કારભારી તેવો નહિ પણ બીજા કોઇ વર્ગનો હોય; એ ધારો મુજફરશાહની કારકીર્દી પૂરી થતાં લગી ચાલુ રહ્યો હતો (૧૫૧૧–૧૫૨૬); પણ બાહદુરશાહની કારકીર્દીમાં (૧૫૨૬–૧૫૩૬) ફોજ ઘણી વધી ગઇ ને વજીરોએ વસૂલની તપસીલ ઓછી કરી મહાલ ઇજારે આપ્યા જેથી કેટલાક ભાગ જ્યાંથી એક આવતો ત્યાંથી દશ રૂપીઆ આવ્યા ને બીજા કોઇમાંથી સાત, આઠ,

કે નવ આવ્યા ને કોઇ પણ ઠેકાણેથી સેંકડે દશથી તે વીસ લગીના વધારાથી ઓછું આવતું નહિ. એ વખતે બીજા ઘણાક ફેરફાર થયા ને ધારાઓની તપાસ રાખનારાને રજા આપવામાં આવી તેથી ગૂજરાતમાં બંદોબસ્ત ન રહ્યો ને જ્યાં ત્યાં દંગા બંડ થયાં.

હવે અમીરોના હવાલામાં આપેલા જે મહાલનું વસૂલ ફોજના પગાર જેટલું હતું પણ જ્યારે તેવા હવાલા લાંબા વખતના હતા ને મહાલની સઘળી વસૂલ ફોજના ખરચમાં જતી ત્યારે વસૂલાતનું કામ ફોજના મુખીનેજ સોંપવામાં આવતું. જ્યાંલગી દરબાર જોરાવર હતી ત્યાંલગીતો તે તપાસ રાખતી ને મહાલદાર પોતાના મહાલના ખેડુ પાસેથી ગેરવાજબી રીતે ફોજના પગારથી વધારે પોતે લેઇ શકતા નહિ; પણ દરબાર કમજોર થઇ કે અમીરો પોતાના મહાલના વહીવટમાં નિરંકુશ થયા; અને જ્યારે ૧૫૩૬માં બાદશાહી મહાલ ઇજારે અપાયા ત્યારે લશકરી સરદારો પણ પોતાના હવાલાની જમીન ઇજારે આપતા થયા; અને એ રીત અકબરે ૧૫૭૩માં ગૂજરાત જીતી લીધું ત્યાં સૂધી ચાલુ હતી.

અકબરની નીતિ જિતેલા મુલખના વહીવટને બદલી નાખવાની નહોતી પણ હોય તેને પૂરે પૂરી સારી હાલતમાં આણી મુકવાની હતી. તેણે ગૂજરાતની હદ થોડીક ઓછી કરી પોતાની દિલ્હીની બાદશાહીનો એક મોટો સૂબો ગણ્યો ને અહીં જે અમલદાર મોકલવામાં આવતા તે સૂબેદાર કહેવાતા. સૂબે ગૂજરાતનો કેટલોક ભાગ જૂદા જૂદા ખંડિયા રાજાઓના હવાલામાં હતો તે કાયમ રાખ્યો ને કેટલાક ભાગનો વહીવટ દિલ્હીથી નિમાઇ આવેલા કે સૂબેદારે નિમેલા કારભારીઓ કરતા. ગૂજરાતના લસ્કરનું મુખ્ય ઠેકાણું અમદાવાદજ હતું ને ત્યાંથી તુકડીઓ જૂદા જૂદા ખાસ મહાલદારોના ઉપરી પણા તળે રાખવામાં આવતી. ખાસ મહાલદાર બે રીતના હતા. કેટલાક બાદશાહી મહાલના કારભારને માટે પગારદાર અમલદાર હતા ને કેટલાક લસ્કરી અમલદાર હતા જેને અમુક ફોજના નિભાવને માટે મહાલ આપેલા હતા. પગારદાર અમલદાર જે ફોજદાર કહેવાતા તેઓ પોતાના તાબાના જથ્થાના લસ્કરના સરદાર હતા એટલુંજ નહિ પણ પોતાના મહાલનાં થાણાંઓના ઉપરી હતા. વળી તેઓ સૂબેદાર જ્યારે વસૂલાતને માટે હરસાલ ફેરીએ નિકળતો ત્યારે તેની સાથે થતા.

લસ્કરી હાકેમના ઉપર અંકુશ રાખવાને તથા તેમને વસૂલાતના કામમાં મદદ કરવાને હિસાબી અમલદારો નીમવામાં આવતા જેમ અહમદશાહે (૧૪૨૦) રાખ્યા હતા તેમ. એ અમલદારોનો મુખી તે દરજ્જામાં સૂબેદારથી બીજો ગણાતો ને તે દિવાન કહેવાતો. એની નિમણુક દિલ્હીની દરબાર કરતી; ને તે વસૂલ ખાતાનો ઉપરી હોઇને વળી દિવાની કામનો પણ મુખી હતો. એના હાથ નીચે એક બીજો અમલદાર હતો જે મુત્સદી કહેવાતો; ને એ મુત્સદીઓ વંશપરંપરાના દેસાઇ તથા મુકાદમની મદદે વસૂલ ઊઘરાવતા.

એ રીતે અકબરે સોળમા સૈકાની આખેરમાં જે ગોઠવણ કરેલી તે ઔરંગઝેબના મોત લગી (૧૭૦૭) કાયમ રહી; પછી ગૂંચવણ ને ગેરબંદોબસ્ત ચાલ્યાં; એટલે લગી કે ૧૭૨૪–૨૫ માં હામિદખાને સરકારી જમીન પોતે પચાવી પાડી ને નોકર તથા જમીનના હવાલા કહાડી નાખી વસૂલ ખાતાનાં દફતર રફતે રફતે પોતાના કબજામાં લીધાં. દફતરીઓ વેરાતા થયા ને પરગણા-માંથી હરસાલ વસૂલના આંકડા આવતા તે બંધ થયા. મૂગલ સૂબેદારોની વખતમાં અનાજનું વસૂલ આવતું; પણ પાછળથી દરેક ગામ અમુક રકમ જે જમા કહેવાતી તે મોકલે એવી રીત ચાલુ થઇ હતી.

ફોજના નિભાવને માટે લશ્કરી સરદારોને મહાલ સોંપી આપવાની રીત અકબરે પણ ચાલુ રાખી હતી. ૧૫૭૩માં ગૂજરાત દિલ્હીની બાદશાહીમાં જોડાયું ત્યારે તે ઉમરાવોને વહેંચી આપવામાં આવ્યું હતું; જો કે બે વર્ષ પછી કેટલાક મહાલની વસૂલ બાદશાહી ભંડારને માટે જૂદી રાખવામાં આવી છે એવું લખ્યું છે તો પણ ખાલસા જમીનનો મોટો ભાગ લશ્કરી સરકારોના હવાલામાં હતો ને એઓ પોતાના રાખેલા કારભારીઓની મારફતે વસૂલ ઉઘરાવતા. સત્તરમા શૈકામાં વર્ષે વર્ષે હિસાબ રજૂ કરવાનો ધારો તથા ગેરવાજબી રીતે અમલ કરનારાઓ પાસે જવાબ લેવાની સૂબેદારની સત્તા એથી વસલ ઉઘરાવનારા કારભારીઓ અંકુશમાં રહેતા અને એ વખતમાં ખાસ તથા હવાલાની જમીનની વસૂલનો વધારો ૬૦ લાખ રૂપીઆનો ગૂજરાતથી દિલ્હી ગયો હતો. અઢારમા શૈકામાં જેમજેમ સૂબેદારની સત્તા ઘટતી ચાલી તેમ તેમ લશ્કરી સરદારોની સત્તા વધતી ચાલી; એટલે લગી કે ભરૂચ તથા સૂરતના નવાબોની પેઠે તેઓએ આપ અખ્ત્યાર હાકેમનો દાવો ખૂલી રીતે કીધો.

ઉપર કહ્યા તે સિવાય બીજા કામદારો આ હતાઃ ઇનસાફ કરનારો તે કાજી, શહેરની સુલેહ રાખનારો તથા ગુનાહ પકડનારો તે કોટવાલ, જકાતનો ઉપરી તે અમીન, મોટાં શહેરની પડોસમાં રહેલા લશ્કરી રખવાલ જેના હુકમમાં હતા ને જે તેઓને પગાર આપતો તે બક્ષી ને થાણાંને સંભાળનારા લશ્કરનો ઉપરી તે થાણેદાર.

જમીનના હકદાર માલીક બે વર્ગના હતા. મુસલમાન સત્તાધારી થયા તેની પહેલાંના વખતથી જેઓનો જમીનઉપર હક હતો તેઓ અને મુસલમાન સત્તાધારીઓએ જેઓને કોઇ પણ રીતની બક્ષીસ દાખલ જમીન આપેલી તેઓ. પહેલા વર્ગના તે સઘળા હિંદુઓજ હતા ને જમીનદાર–જમીદાર કહેવાતા ને બીજા વર્ગના જેઓ ઘણાખરા મુસલમાન હતા તેઓ જાગીરદાર કહેવાતા. જોકે જમીનના ઉપલા વર્ગના હિંદુ માલીકો સઘળા જમીદાર કહેવાતા તોપણ ઘણાખરા સ્વતંત્ર એવા જે સરદારો, રાજા,[1] રાવળ, રાવ કે જામ કહેવાતા તે અને સર-

૧. રાજા એ ખિતાબ કુટુંબના વડાને માટે હતો. મુગલ કે મરેઠાને ખંડણી આપતો હોય તો તેથી કંઇ તે ખિતાબનો હક જતો નહિ. રાણા ને રાવ એ બે પદવી રાજાની સરખીજ જણા-

કારી ગામોમાં ભાગ લેનારા નાના હકદારો એ બે વચ્ચે મોટો અંતર જાળવવામાં આવતો. એ નાના હકદારો હિંદુ રાજ્યમાં ગરાસિયાને નામે ઓળખાતા.

મોટા જમીદાર જેઓ પૂરેપૂરા તાબે થયાજ નહોતા તેઓની પાસેથી અમુક રકમ લેવામાં આવતી ને એને માટે પણ વડી સરકારને ફોજ મોકલવી પડતી. ઉપલા વર્ગના પણ નાના હકદારો જેઓ ખાલસા જમીનની હદમાંહેના હતા તેઓને માટે અહમદશાહ પહેલાના વખત લગી કાંઇ નક્કી જેવું નહોતું. ૧૪૨૦ માં જમીનની વસૂલાતબાબત ઘણાક બખેડા થયેથી અહમદશાહે ઠરાવ્યું કે જેઓ ખંડણી આપશે ને કેટલીક લશ્કરી નોકરી કરશે તેવા જમીદારોને તેઓની જમીનનો ચોથો હિસ્સો વંશપરંપરા પાછો આપવામાં આવશે. એ વખતથી જે હિસ્સો જૂદો રાખવામાં આવતો તે વાંટો કહેવાતો ને બાકીનો સરકારનો તે તલપટ કહેવાતો. એ વહીવટ ૧૫૪૫ લગી ચાલ્યો. મહમદશાહ ત્રીજાની કારકીર્દીમાં (૧૫૩૬–૧૫૫૩) એ નાના વાંટાઓ સરકારી જમીનમાં મેળવી દેવાની તજવીજ કરવામાં આવી; પણ એથી બહુ નારાજપણું ને અવ્યવસ્થિતપણું જોવામાં આવ્યું અને અકબરે (૧૫૫૬–૧૬૦૫) તે હુકમ ફેરવ્યો; એ બાદશાહે ૧૫૮૩ માં નવો બંદોબસ્ત કીધો તેમાં જમીદારોને તેઓનો ચોથો હિસ્સો પાછો આપ્યો. પાછળથી મરેઠાઓએ તેવી જમીનઉપર થોડોક નવો વેરો મુકયો તે સિવાય અકબરની વખતનો વહીવટ કાયમ રહ્યોછે.[2]

ગૂજરાતમાં મુસલમાની સત્તાની પડતી ચાલી તેવામાં અઢારમા શૈકાના પહેલા અરધા ભાગમાં ખાલસા ગામોમાં ગરાસિયા વર્ગના ભાગદારોએ પોતાના પડોસના ગામના ખેડુતો પાસેથી જોરજુલમથી કેટલાક હક પોતાના કરાવી લીધા જે ગરાસ વોલ કે પાલ એ નામે ઓળખાય છે. એ કર કોઇ વ્યવસ્થિત સરકારે પોતાની રૈયતઉપર મુકેલા નથી પણ સરકારી જમીનઉપર ખેડુતોએ લૂટારાઓ હુમલા ન કરે માટે તેઓને જે આપેલા તે છે.

ઉંચા વર્ગના જમીનદારોનો બીજો વર્ગ તેઓનો છે કે જેઓને મુસલમાન સત્તાધારીઓએ તે ઉમરાવોને પોતાનો દરજ્જો જાળવવાને કે અમુક સંખ્યા ફોજનો નિર્વાહ ચાલે તેને માટે જમીન

ય છે; રાવળ એ ઊતરતી પદવી છે. રાજા, રાણા, રાવના દિકરા તે કુંવર ને એઓના દિકરા તે ઠાકોર. ઠાકોરના વડા દિકરા સિવાયના તે ભૂમિયા કે ગરાસિયા એ નામે ઓળખાય છે. જાડેજા કુલના રાજા તે જામ કહેવાય છે. કછવાળો વડી શાખનો તે ને નવાનગરવાળો નાની શાખનો તે બંને.

૨ મરેઠા લોક સત્તાધારી થયા તેઓએ જમીનની વસૂલના ઇજારદારને જમીનદાર કહ્યા ને એજ અર્થમાં એ શબ્દ પ્રથમના અંગ્રેજો એ વાપરયોછે. એ રીતે અર્થ બદલાયાથી ખાલસા પરગણામાં ઉપલા વર્ગના નાના જમીદારો તે પોતાને જૂને હિંદુ નામે ગરાસિયાજ કહેવાતા થયા. મિસ્તર એલફિન્સ્ટને લખ્યું છે કે અરધા તાબે થયલા સરદાર, પરગણાના આપ અખત્યાર હાકેમ અને વસૂલના ઇજારદાર એ ત્રણને માટે જમીદાર શબ્દ છે; તે લખે છે કે અંગ્રેજના વખત સૂધી જે સરદારો થોડાક પણ આપ અખત્યારી ભોગવતા તે જમીનદાર કહેવાતા; કરનલ વાકરના વખતમાં (૧૮૦૫) દેસાઇ, મજમૂદાર, પટેલ, તળાટી એ બધા જમીનદાર કહેવાતા.

બક્ષીસ આપેલી હોય છે, અથવા અમુક ખાસ નોકરીના બદલામાં થોડીક જમીન આપી હોય છે તેઓ છે. એવી જમીન તે જાગીર ને એના માલીક તે જાગીરદાર કહેવાતા. એ જાગીરો મૂળ જાગીરદારના મરણ પછી પાછી લેવાય તેવી છતે વંશપરંપરાની થઇ છે. જોકે કોઇ નિયમે રકમ તેઓ પાસેથી લેવામાં નહોતી આવતી તોપણ પેશકશને નામે કેટલુંક ભેટ દાખલ લેવામાં આવતું. ઘોડા, હાથી કે એકાદી કિંમતી ચીજ—એ બળાત્કારની ખંડણી નહોતી પણ રાજીખુશીથી કરેલું નજરાણું હતું. મુસલમાની રાજમાં એ રીતનું નજરાણું માત્ર જાગીરદારો પાસેથી લેવામાં આવતું પણ મરેઠાઓ એવી ભેટ લેવા ઉપરાંત જાગીરદારોપાસે ખંડણી લેતા, ઊંચા વર્ગના હિંદુ જમીદારો આપતા તેવી રીતની.

મુસલમાન સત્તાધારીઓના વખતમાં ગૂજરાતનો મોટો ભાગ જાગીરદાર વર્ગના લોકના હવાલામાં હતો અને વખતે વખતે તેઓનું જોર એટલું વધતું કે અમદાવાદના બાદશાહની કારકીર્દીમાં બે વખત (૧૫૫૪ માં ને ૧૫૭૨ માં) મોટા સરદારોએ રાજનો સઘળો મુલખ પોતપોતામાં વહેંચી લીધો હતો.[૧] વળી અઢારમા શૈકામાં જેવામાં મુગલાઇની પડતી હતી તેવામાં એ વર્ગના સરદારો ઘણા ખરા સ્વતંત્ર જેવા થયા હતા.[૨]

ગૂજરાતની સ્થિતિ.

એ પ્રમાણે પ્રદેશ તથા રાજયવ્યવસ્થા વિષે જણાવ્યું. હવે રાજ્યની તથા લોકની સ્થિતિ વિષે ઇતિહાસનો આરંભ કરતાં પહેલાં થોડુંક આ પ્રમાણે જણાવી જવું અગત્યનું છે.

પહેલાનાં હાકેમ ૧૨૯૭–૧૪૦૩.

ઇ. સ. ૧૨૯૭ માં મુસલમાનોએ ગૂજરાત જીતી લીધું ત્યારે તે ઘણુંજ અવ્યવસ્થિત હતું. અન્હિલવાડના (પાટણના) છેલ્લા રાજાઓ (હિંદુ) હવાલામાં રાખેલી જમીનને પણ પૂરી સાચવી શકતા નહિ ને સરહદના પ્રાંતોઉપરથી તેઓએ પોતાની સત્તા ગુમાવીજ હતી. કેટલા મોટા તથા વધારે દૂરના પ્રાંતના સરદારોએ સ્વતંત્ર કહેવડાવ્યું હતું; ભીલ તથા કોળી ને બહારના સરદારોએ રાજાનો ઘણોક પ્રદેશ લૂટી લીધો હતો.[૩] દિલ્હીની સરકાર પોતાના મોકલેલા નવાબની બાબત

---

૧. ૨૫ હજારથી તે ૪ હજાર લગી ઘોડેસ્વાર લશ્કર પૂરૂં પાડવાને બંધાયલા એવા સરદારોના હવાલામાં એક કરોડ સાઠ લાખ રૂપીઆના ઉત્પન્ન જેટલી જમીનો હતી.

૨. પરગણાના હાકેમ તથા નોકરીબદલ જમીન રાખનારામાંના મોટેરાને જમીનના ઉત્પન્નમાંથી જે નફો મળવાનો તેમાં તેઓ ઘણીક રીતે વધારો કરતા; બે રીતે તો જરૂર. ઠેરવેલી સંખ્યા કરતાં ઘણાં ઓછાં ઘોડાં રાખતા અને કેટલાક ઘોડેસ્વારને થોડે પગારે કે વગર પગારે રાખતા.

૩. તેરમા શૈકામાં એક રાઠોડ સરદારે ઇડર વસાવ્યું; અને ઉત્તરેથી ગોહિલ અને સોઢા પરમાર તથા સિંધથી કાઠી એઓ ગૂજરાતમાં આવ્યા.

વહેમમાં રહેતી ને એકથી વધારે નવાબ બેવફા થયા હતા (૧૨૯૭–૧૩૯૧); સઘળે ગેર બંદોબસ્ત હતો ને લશ્કરી જોર સિવાય બીજી કોઇ રીતે સત્તાધારીનું ચલણ નહોતું; લડાઇઓ ને બંડો કામ કામ હતાં. તોપણ, માલમ પડે છે કે કેટલાક ભાગમાં જમીન સારી પેઠે ખેડાતી અને ધંધા તથા હુન્નરી કામ આબાદ [1]ચાલતાં.

અમદાવાદના બાદશાહ.૧૪૦૩—૧૫૭૩.

અમદાવાદની બાદશાહી (૧૪૦૩—૧૫૩૦) જબરી તથા આબાદી ભરેલી અને પછી (૧૫૩૦—૧૫૭૩) કમજોર તથા બંદોબસ્ત વગરની બેહાલ હતી. પ્રથમ જ્યારે ગૂજરાત દિલ્હીથી છૂટું પડયું ત્યારે નવા બાદશાહના તાબામાં થોડોક સપાટ પ્રદેશ હતો. ઉત્તરપૂર્વે જાલોર તથા સિરોહી અહીંના સ્વતંત્ર રાજા હતા તે કોઇ કોઇ વાર ખંડણી આપતા; પૂર્વે ઇડરનો રાજા પાસેની ડુંગરી તથા રાનનો ધણી હતો ને બાકીના પ્રદેશમાં ભીલ કોળીઓ વસતા; પશ્ચિમે દ્વીપકલ્પમાં નવ કે દશ હિંદુ રાજાઓ હતા; ખંડિયા હશે પણ કોઇરીતે આણ માનનારા નહોતા. ઠરી ઠામ ન પડેલા ને વળી લડવૈયા એવા લોકમાં સત્તા બેસાડતાં ગાદી માંડનાર, મુઝફ્ફરે પોતાની સઘળી મહેનત ખરચી નાખી. તેની પછીના અહમદ બાદશાહે (૧૪૧૨—૧૪૪૩) લોકને બે રીતે ઠરી ઠામ પાડયા. ફોજના ગુજરાનને માટે જમીનો કહાડી આપી ને હિંદુ જમીનદારોમાંના મોટેરાઓને જમીનના વાંટાનો હક કરી આપ્યો. એથી ખુદ બાદશાહની હાકમીવાળા મુલખમાં બંદોબસ્ત થયો અને જોકે જમીનદારીવાળા સરદારોના મુલખમાં ખંડણી ઉઘરાવતાં બાદશાહી ફોજની જરૂર પડતી તોપણ તેની વધતી સત્તા તથા દોલતને લીધે સરદારો સ્વતંત્ર થવાની કોશીશમાં ફાવતા નહિ ને ઘણા તાબે થઇ રહ્યા. પંદરમા શૈકાના છેલ્લા તથા સોળમાંના પહેલા પાયામાં અમદાવાદના બાદશાહની સત્તા પૂરેપૂરી ચઢી રહી હતી; તેવારે બાદશાહીમાં ૨૫ સરકાર હતી. વળી પાટણ, અમદાવાદ, ગોધરા ચાંપાનેર, વડોદરા, ભરૂચ, નાંદોદ (રાજ પીપળા) સુંથ ને સૂરત એ નવમાં ગૂજરાતનો સપાટ પ્રદેશ વહેંચ્યો હતો; ઉત્તરમાં જોધપુર, જાલોર, નાગોર ને સિરોહી (હમણા રજપુતસ્થાનમાં) એ ચાર, ઉત્તરપૂર્વમાં ડુંગરપોર તથા વાંસવાડા (હમણા માળવામાં) એ બે; પૂર્વમાં ને દક્ષિણપૂર્વમાં નંદુરબાર (હમણા ખાનદેશમાં), મુલ્હેર-બાગલાણ (હમણા નાશકમાં) ને રામનગર-ધરમપુર (હમણા રતમાં) એ ત્રણ; દક્ષિણમાં ડંડારાજાપુર, જંજીરા, મુંબઇ, વસાઇ ને દમણ (હમણા કોંકણમાં) એ ચાર; પશ્ચિમમાં સોમનાથ, સોરઠ, નવાનગર (હમણા કાઠિયાવાડમાં) એ ત્રણ; અને ઉત્તર પશ્ચિમે કચ્છ. એ સરકારોની વસૂલ જમા ઉપરાંત અહમદનગર, વિજાપુર, વરાડ, ગોલકોંડા, ને બરાનપુર અહીંના હાકેમો પાસેથી ખંડણી મળતી, હિંદુસ્તાનના પશ્ચિમ કાંઠાપરનાં ૨૫ બંદરોની

---

૧. ગૂજરાતનું વર્ણન તેરમા શૈકામાં આવું કે હવા દુરસ્ત, ધરતી રળિયામણી, બેવાર દરાખનો પાક થાય ને જમીનનું જોર એટલું કે રૂનો પાક લાગલાગટ કેટલાંક વર્ષસૂધી થયાં કરે; મોટાં નાનાં મળી ૭૦ હજાર કસબા ગામ વસેલાં ને લોક ત્યાંના દોલતમંદ ને મોજીલા.

અને બીજાં વેપારનાં ૨૬ ઠેકાણાંની જકાત મળતી. એ ૨૬માંના કેટલાંક હિંદુસ્તાનમાંજ અને બીજાં ઇરાની અખાતમાં તથા અરબસ્તાનના કિનારાપર હતાં. એ ત્રણ રીતની બાદશાહી ઉપજ જમા કુલે રૂા: ૧૧, ૪૬,૦૦,૦૦૦ની હરસાલ હતી. તેમાં અરધા ઉપરની ૫,૮૪,૦૦,૦૦૦ ની પચ્ચીસ સરકારમાંની ને બાકી ૫,૬૨,૦૦,૦૦૦ રહ્યા તેનો એક પંચમાંશ દક્ષણની ખંડણી ને પછી રહી તે જકાત.[1]

અમદાવાદનાં મકાનો ને ચાપાનેરનાં ખંડિયર ઉપરથી જણાયછે કે બાદશાહ કેટલી બધી દોલતઉપર અખત્યાર ચલાવતો; અને મુસાફરોની હકીકતઉપરથી જણાયછે કે દરબારનો ખરચ રાજ્યને ભારે પડે તેવો નહોતો. માંહેલા પરગણાંથી નહિ પણ હુન્નરી કામનાં કારખાનાં તથા વેપારથી દોલતમંદ થયેલાં કાંઠાનાં પરગણાંઓને લીધે બાદશાહી ખજાનો વધ્યો હતો; બાર મોટાં બંદર હતાં. પટ્ટણ સોમનાથ (હમણા વેરાવલ), માંગરોળ, ને દીવ; ગોઘા, ભરૂચ, ગંધાર ને ખંભાત; રાંદેર સૂરત, ગણદેવી, વલસાડ નેમહેમ. ઇ. સ. ૧૫૩૫માં બાહાદુરશાહને હુમાયુંએ હરાવ્યો ત્યારથી તે ઇ. સ. ૧૫૭૩માં અકબરે પોતાની બાદશાહી સાથે જોડયું ત્યાંસૂધી ગૂજરાતમાં બખેડા તથા ગેરબંદોબસ્ત હતાં; તોપણ તે પોતાની આબાદાની રાખી રહ્યું હતું. આઇન અકબરીમાં લખેછે (૧૫૯૦માં) કે પાટણથી તે વડોદરા સૂધીના ૧૦૦ કોશના માર્ગની બંને બાજુએ આંબાના ઝાડ હતાં; ખેતરોને વાડો હતી; કેરી તથા બીજાં ફળ બહુ થતાં તેથી મુલખ તે એક મોટો બાગ સરખો દેખાતો; ઇંટ સૂનાથી બાંધેલાં ને નળીઆંએ છાએલાં ઘરોમાં લોક રહેતા, ને બળદની ગાડીઓમાં ફરતા; તે પ્રાંતમાં ચિતારા, કોતરકામ કરનારા, જડીઆ ને બીજા ઘણા હુન્નરીઓ હતા.

મોગલ હાકમી.

મોગલાઇ ૧૫૭૩થી તે ૧૭૦૦સૂધી સારી રીતે ચાલી પણ પછી બંદોબસ્ત તૂટતો ગયો ને ૧૭૬૦માં તેની આખર આવી. ૧૫૮૩માં અકબરે જે ગોઠવણ કીધી તે જોતાં માલમ પડેછે કે ૨૫ સરકારમાંના બે જોધપુર તથા ઝાલોર રજપૂતસ્થાનમાં નાખ્યા, નાગોર તે અજમેરને આપ્યું, મુલ્હેર તથા નંદુરબાર એ બે ખાનદેશમાં મુક્યાં, મુંબઇ, વસઇ ને દમણ ફિરંગીઓના હાથમાં રહેવા દીધાં, દંડારાજાપુર તે અહમદનગરના નિઝામશાહીને આપ્યું, ડુંગરપોર, વાંસવાડા, સિરોહી, કચ્છ, સોમનાથ, રામનગર એ છને ત્યાંના હિંદુ રાજાઓને સોંપ્યાં ખંડણી લેવી કરીને; અને બાકીની દશમાં બાદશાહી અમલદારો હતા. પણ વળી સૂરત પરગણાની વસૂલ માટે જૂદો મુત્સદ્દી હતો તેથી માત્ર નવ સરકાર પોત પોતાના પરગણાંસાથે ગૂજરાતના સુબામાં રાખી હતી પાટણને ૧૭, અમદાબાદને ૩૩, ગોધરાને ૧૧, ચાંપાનેરને ૧૩, વડોદરાને ૪, ભરૂચને ૧૪, ને

---

૧. એ જમા થઇ હતી ઈ. સ. ૧૫૭૧માં. તે કાલે હૂન ને ઇબ્રાહિમ એ બે ચલણી સુનાના સિક્કા હતા; ચાર રૂપિયાનો એક હૂન ને સાડા ચારનો એક ઇબ્રાહિમ.

B 524—ll

નાંદોદને ૧૨ પરગણાં હતાં; દ્વીપકલ્પમાં સોરઠને ૬૨ ને નવાનગરને ૧૭ હતાં. અમદાવાદની બાદશાહી ઉપજ ૫૮૪,૦૦,૫,૦૦ ની હતી ને ગુજરાતની મુગલાઇ કુલે ૧,૯૯,૯૧,૧૩૦ ની એટલે આગળની ઉપજના ત્રીજા ભાગથી કાંઇક વધારે. એ મોગલાઇની રકમ મહમદશાહની કારકીર્દીલગી (૧૭૧૯–૧૭૪૮) કાયમ આવ્યાં કીધી પણ પછી તે ઘટીને ૧,૨૩,૫૦,૦૦૦ ની થઇ હતી. એમાંથી ૫૨,૦૫,૦૧૦ બાદશાહના કામ તથા ખરચને માટે રાખવામાં આવતી; ૫, ૫૦,૦૦૦ ની રકમ સૂબેદાર તથા જમીનદાર સરદારોના નિભાવને માટે હતી; અને બાકીની બીજા સરકારી માણસોને પગાર દાખલ અપાતી. આસરે ત્રણ લાખ રૂપીઆ બક્ષીસ તથા ધર્માદા ખાતે કાઢવામાં આવતા.

અકબરે રાજ્યની માગણી લોકને ભારે પડતી તે ઓછી કરી અને ત્રણ વાતે પ્રાંતની હાલત સુધારી; જમીનની માપણી કરાવી, ગામના મુકદમોને પગાર ઠેરવી આપ્યા, અને ઉપલા વર્ગના નાના જમીનદારોને અગાડી સરકારી ગામોની જમીનમાંથી જે હિસ્સો મળતો તે પાછો અપાતો કીધો. બાદશાહીની ઉપજના દિવાન રાજા તોડરમલે ૧૫૭૫માં માપણી પૂરી કીધી પણ ૧૮૪ પરગણામાંનાં માત્ર ૬૪નીજ માપણી થઇ હતી. ૧,૨૩,૬૦, ૫૯૪ વીંઘા (૭૨,૬૧,૮૪૯ એકર) જમીન મપાઇ તેના ત્રુ જેટલી ખેડાણને લાયક હતી. માપણી ન થયલી એવી સરકાર તાબાની જમીનમાં સરકારનો હિસ્સો નક્કી કરવામાં આવતો તે જૂની રીતપ્રમાણે પાક ઉભો હોય તેવામાં ખેતરનો એકાદો ભાગ પસંદ કરીને, અથવા તો કાપણી થયે અનાજના ઢગલાઓના ભાગ પાડીને, અનાજ કે નાણું જે લેવાનો હુકમ હોય તે પ્રમાણે તે સરકારમાં લેવાતું. ભરનારને અઘરૂં ન પડે તેમ દરસાલ પાક પ્રમાણે સરકારી હિસ્સો નક્કી કરવામાં નહોતો આવતો પણ એકવાર જે નક્કી થયો તે દશ વર્ષ લગી ચાલ્યાં કરતો.

માપણી થવાથી ભાગીઆ ગામોના હિસ્સેદારો ધણીઆતા દાખલ જેવી પોતાના હિતની દરકાર રાખતા તેવી સેજા ગામના ખેડુતો પણ રાખતા થયા; વળી લશ્કરી સરદારો પોતાના મહાલના ખેડુ પાસે જબરદસ્તીથી જાસ્તી લેતા તેમાં પણ કેટલોક અટકાવ થયો. સરકારના તથા ઇનામદારોના વસૂલાત કરનારાઓએ જાણ્યું કે વસૂલ ઉઘરાવવામાં પોતાનું કામ પડતું નથી ત્યારે તેમણે પોતે ગામના મુખી-દેસાઇ મુકાદમ વગેરેને જે આપતા તે આપવું બંધ કીધું ને એ ઉપરથી એઓ જ્યારે સરકારને ફરીઆદ ગયા ત્યારે અકબરે સેંકડે અઢી ટકા તેઓને આપવાનો ઠરાવ કીધો. એ વેળા કોળી તથા રજપૂત જમીનદારો જેઓના હિસ્સા ૧૫૪૫ માં સરકારે લઇ લીધા હતા ને એથી જેઓ નાઉમેદ થઇ બખેડા કરતા તેઓને પણ સરકારી ગામોની જમીનનો ચોથો હિસ્સો મળતો થયો.

એ ધારાપ્રમાણે વહીવટ ચાલવાથી ગૂજરાતની આબાદાની વધી તોપણ પ્રથમનાં થોડાંક વર્ષમાં સરદારોના માંહોમાંહેના ટંટા ને બખેડાથી બહારના દુશ્મનોના હુમલા ગૂજરાતમાં હતાજ.

ત્રણુ મોટાં શહેર અમદાવાદ, ખંભાત ને સૂરત, વારાફરતી લૂટયાં હતાં (૧૫૭૩-૧૬૦૯).[1] સત્તરમા સૈકામાં જોકે વખતે વખત કોળીના ને રજપૂતના બખેડા થતા ને સૈકાની અંતે મરેઠાના હુમલાએ ગૂજરાતને હેરાન કર્યું હતું તોપણુ બાદશાહના નવાબો પોતાની સત્તા જાળવી રાખવાને, બંડો બેસાડવાને અને સ્વતંત્રતાને મથતા જમીનદાર સરદારો પાસેથી ખંડણી લેવાને શક્તિવંત હતા. એ સૈકાના મોટા ભાગમાં ગૂજરાત આબાદ હતું; ને તેનાં શેહેરો ઘણાં દોલતમંદ હતાં. ૧૬૬૪માં સૂરતે એક કરોડ જેટલી લૂટ શિવાજીને આપી હતી. સૂરત કરતાં ખંભાત વધારે મોટું હતું ને અમદાવાદ વધારે વસ્તીવાળું ને વધારે દોલતમંદ હતું.

અઢારમા સૈકાની શરૂઆતથી ગૂજરાતમાં ગેરબંદોબસ્ત વધ્યો. દિલ્હી દરબારની મદદ ન મળવાથી નવાબો અમીરોમાં સલાહ રખાવી શક્યા નહિ ને જમીદાર સરદારો પાસેથી ખંડણી લેઇ શક્યા નહિ; અને થોડી જમીદારીવાળા કોળી ને રજપૂત એઓએ ફોજના થાણાનો નાશ કીધો, ગામની જમીનમાં સરકારનો જે હિસ્સો તે તેઓ લેતા થયા ને પડોસના લોકમાં કેટલાક લાગા ઘાલ્યા; વળી મરેઠાઓના ખંડણીસંબંધી હક્ક લોકને વર્ષે વર્ષે વધારે ભારે પડતા થયા. છેલાં દશ વર્ષમાં તો નવાબોની સત્તા નહિ સરખીજ હતી; મોટા જમીનદારો પાસે ખંડણી માગી શકતા નહિ એટલુંજ નહિ પણ તેઓનાં માણસોના હુકમવિના શહેરના દરવાજા બહાર પણ નિકળી શકતા નહિ.

પ્રકરણ ૧ લું.

પહેલાંના મુસલમાન હાકેમ, ઈ. સ. ૧૨૯૭–૧૪૦૩.

મહમ્મદ ગઝનવીએ સોમનાથ ઉપર ચઢાઇ કરી (૧૦૨૪–૧૦૨૬), મહમદ ઘોરીને, અન્હિલવાડ–પાટણના ભીમદેવ બીજાએ હરાવ્યો (૧૧૭૮), ને કુતુબુદ્દિન ઐબાકે ભીમને હરાવ્યો (૧૧૯૪), એ સિવાએ પછીનાં સો વર્ષમાં મુસલમાન લોકનો ગૂજરાતને ઉપદ્રવ નહોતો. દિલ્હીના બાદશાહ અલાઉદ્દિન ખિલજીએ સરદાર અલફ્ખાનને વજીર નસરતખાન સાથે અન્હિલવાડઉપર મોકલ્યો (૧૨૯૭) ને એઓએ તે જીતી લીધું, ત્યાંના રાજા કરણ વાઘેલાને હાંકી મહેલાને. પછી તેઓએ ખંભાત લીધું ને ત્યાં નવો હાકેમ મુકી તેઓ પાછા દિલ્હી ગયા. એ વખતથી ગૂજરાત મુસલમાનની હાકમી તળે આવ્યું અને અલફ્ખાને વારે વારે ચઢાઇઓ કરીને પોતાની જીત સબળી કીધી તથા મુસલમાની હાકમી મજબૂત પાયાપર બેસાડી. અલફ્ખાને વીસ વર્ષ ગૂજરાતની નવાબી કીધી પણ પછી તેને બાદશાહે તેડાવી લેઇ મારી નંખાવ્યો હતો.[2] અલફ્ખાન ગયા પછી

---

૧ અમદાવાદ ૧૫૮૩માં ગૂજરાતના આગલા બાદશાહ મુઝફ્ફરશાહે લૂટી લીધું હતું; ખંભાત ૧૫૭૩માં મહમ્મદહુસેન મિરઝાએ, અને સૂરત ૧૬૦૯'માં મલેક અંબરે.

૨. કરણુ જે ઘેલો કહેવાતો તેણે દેવગઢ—દોલતાબાદ જઇ ત્યાંના રાજા રામદેવનો આશ્રય લીધો હતો. અલફ્ખાને સોમનાથને લૂટયું હતું ને ઝાલોર—જલંધરને સોનગઢના ચોહાણુ પાસેથી જીતી લીધું હતું.

ગૂજરાતમાં બંડો થયાં; એ બેસાડવાને મુબારક ખિલજીએ મલિક કામિલુદ્દિનને મોકલ્યો પણ એ કપાઇ પડયો. પછી એનઉલ્મુલ્ક એણે આવી બંડખોરને મારી બંદોબસ્ત કીધો. એની પછી ઝુફરખાને બધું ગૂજરાત તાબે કીધું પણ એને બાદશાહે બોલાવી લેઇ એની જગાએ હિસામુદ્દિન પરમારને ઠેરવ્યો; એ ફિતુરખોર માલમ પડવાથી એને કેદ કરવામાં આવ્યો ને મલિક વાજીઉદ્દીન કુરેશી (તાજુલ મુલ્ક) નવાબ થયો; પછી વળી ખુસરતખાન પરમાર ઠરેલો પણ તેણે નવાબી કીધી હોય એમ જણાતું નથી; બીજીવાર તાજુલ મુલ્ક આવ્યો (૧૩૨૦); એની પછી મલિક મુક-બિલ થયો; પછી આહમદ એઆઝ આવ્યો ત્યારે મલિક મુકબિલ નાયબ મુખ્ત્યાર થયો; અને જ્યારે આહમદને બીજે ઠેકાણે લડવાને મોકલ્યો ત્યારે મલિક મુકબિલ પાછો નવાબ થયો; એને દોલતાબાદ મોકલ્યો (૧૩૪૭) ત્યારે મોઇઝુદ્દિને નવાબી લીધી.

ઇ. સ. ૧૩૪૬ માં કેટલાક મુસલમાન અમીરોએ હિંદુ સરદારો સાથે મળી મોટું બંડ કીધું ને બાદશાહની તરફથી સરદાર અઝીઝ લડવા આવેલો તેને હરાવ્યો; એ ઉપરથી ૧૩૪૭ માં મહમ્મદ. તઘલખ બાદશાહે પોતે ગૂજરાતમાં આવી બંડખોરોને હરાવ્યા અને ખંભાત તથા સૂરત લૂટયાં. એજ ચઢાઇમાં તેણે પીરમના મોખેરાજી ગોહિલને ત્યાંથી હાંકી કાઢયો ને પછી લઢાઈ થઈ તેમાં મોખેરાજીને મારી નાખી ગોઘા લીધું. પછી બાદશાહ જેવામાં દોલતાબાદ તરફ ગયલો તેવામાં ગૂજરાતના અમીર તથા સરદાર એઓએ મલિક તોઘાનને આગેવાન કરી બંડ કીધું, પાટણનો કબજો કરી મોઇઝુદ્દિન મુખ્ત્યારને કેદ કીધો; વળી ખંભાત લૂટયું ને ભરૂચને ઘેરો ઘાલ્યો. બાદશાહે ગૂજરાત તરફ વળી ભરૂચને છોડવ્યું ને મલીક તોઘાન ખંભાત તરફ ધસેલો તેની પાછળ પોતાના એક સરદાર મલીક યૂસફને મોકલ્યો. ખંભાત આગળ લડાઇ થઇ તેમાં યૂસફ હારી કપાઇ પડયો અને તોઘાને એ લડાઇમાંના ને પહેલાંના બધા કેદીઓને મારી નાખ્યા. બાદશાહ પોતે ખંભાત ગયો તો તોઘાન પાટણતરફ હઠયો પણ એની પાછળ લાગતાં સખત હવાને લીધે બાદશાહને અસાવલ આગળ મુકામ કરવો પડયો. અંતે બાદશાહ ને તોઘાન એ બે કડી આગળ લડયા; તોઘાન હાર્યો પણ નાસીને ઠઠ્ઠે જઇ રહ્યો. બાદશાહ ગૂજરાતમાં સારો બંદોબસ્ત રહે તેવી ગોઠવણ કરી ગિરનારના રાજા પાસેથી ખંડણી લેઇ કચ્છ ગયો ને એ મુલખ તાબે કરી પાછો સોરઠમાં આવ્યો. ગોંડલમાં તાવે સપડાયો પણ પૂરો સારો ન થયો તેટલે તો તે ઠઠ્ઠાના સુમરા જેણે તોઘાનને આસરો આપેલો તેને તાબે કરવાને કચ્છથી સિંધ ગયો; પણ ઠઠ્ઠે પહોંચતાં પહેલાં તે મરણ પામ્યો (૧૩૫૧). એ બાદશાહે મરવાને થોડા દહાડા આગમચ નિઝામ ઉલ્મુલ્કને ગૂજરાતનો મુખ્ત્યાર ઠેરવ્યો હતો.

બાદશાહ ફિરોજ તઘલખે સિંધ ઉપર ચઢાઇ કરેલી (૧૩૬૦) તેવામાં તે ત્યાંથી આવી થોડાક મહિના ગૂજરાતમાં રહ્યો હતો; બીજે વર્ષે તેણે નિઝામ ઉલ્મુલ્કને ઠેકાણે ઝુફરખાનને નીમ્યો ને એ વાપછી એનો દિકરો દરિયાવખાન મુખ્ત્યાર થયો (૧૩૭૩). પણ એ પોતાના નાયબ શમસુદ્દિન

અનવરખાનની મારફતે હાકમી ચલાવતો. ગૂજરાતની ઉપજ વસૂલ આગળના કરતાં થોડી થયેથી કોઇ શમસુદ્દિન દમઘાનીએ વધારે કરી આપવાનું કહેથી બાદશાહે તેને મુખ્ત્યાર કીધો; પણ પછી જ્યારે તેનાથી તે ભરાઇ નહિ ત્યારે તેણે સામાં થઇ બાદશાહને કંઇપણ મોકલ્યું નહિ. બાદશાહે ફોજ મોકલી ને સરદાર તથા લોક મદદમાં હતા તેથી શમસુદ્દિન કપાઇ મૂઓ; પછી ફરહત ઉલ્મુલ્ક રાસ્તીખાન મુખ્ત્યાર થયો; એને ખસેડવાને (૧૩૮૮) શિકંદરખાનને મોકલવામાં આવ્યો પણ એ હારયો ને કપાઇ મૂઓ. દિલ્હીમાં, નાસિરૂદ્દિન મહમ્મદ તઘલખ બીજો બાદશાહ થયો (૧૩૯૦) કે ગૂજરાતમાં ફરહત ઉલ્મુલ્કે બંડ કરી આપ અખ્ત્યાર થવાની કોશિશ કીધી. એને હાંકી મેલવાને બાદશાહે ઝુફરખાનને મુખ્ત્યાર ઠેરવી ગૂજરાત મોકલ્યો (૧૩૯૧) ૧.

ઝુફરખાન ખંભાતના લોકને મોઢેથી, રાસ્તીખાનના જુલમની ફરીઆદ સાંભળી તેઓને દીલાસો દેઇ પાટણ આવ્યો ને ત્યાંથી રાસ્તીખાન નાઠેલો તેની પૂંઠે પડયો. પાટણ તાબાના કંબુ ૨ ગામ આગળ લડાઇ થઇ તેમા રાસ્તીખાન હાર્યો ને કપાઇ પડયો; અને ઝુફરખાને લડાઇના મેદાનમાં જિતપુર નામનું ગામ વસાવી, ખંભાત જઇ ત્યાંના લોકનું દુઃખ ટાળવાનો બંદોબસ્ત કીધો.

પછી (૧૩૯૩ માં) ઇડરના રાવે શિરસ્તા પ્રમાણે ખંડણી ભરવાની ના પાડી તે ઉપરથી ઝુફરખાને ત્યાં ચઢી જઇ તેનું માન ઉતાર્યું. પછી તે સોમનાથ ઉપર ચઢાઇ લેઇ જવાની તૈયારીમાં હતો તેટલે આશિરબરહાનપુરના આદિલખાને સુલતાનપુર તથા નંદુરબાર ઉપર હુમલો કીધો. એ સાંભળી તેણે પોતાની ફોજ તે દિશાતરફ વાળી ને આદિલખાન પાછો પોતાને આશીરગઢ ગયો.

---

૧. એ ઝુફરખાનનો બાપ વટલેલો વાજી ઉલ્મુલ્ક ઢાંક જાતનો રજપૂત હતો; એનું નામ સહારણ હતું; એ તથા એનો ભાઇ સાધુ એ બે ઢાસરા ગામના ધણી હતા; ફિરોજ તઘલખ દિલ્હીની ગાદીએ બેઠો તેની પહેલાં ગૂજરાતમાં આવેલો ને શિકાર પાછળ લાગતાં ભૂલો પડેલો તે ઠાસરે આવી પહોંચ્યો ને અહીં તે બે ભાઇઓએ સારી પરોણા ચાકરી કીધી ને ફિરોજની મરજી ઉપરથી તેઓએ પોતાની બેનને તેની સાથે પરણાવો ને પોતે મુસલમાન થયા. ફિરોજના આપેલા વાજી ઉલ્મુલ્ક ને શમશેરખાન એ નામ રાખ્યાં; ફિરોજ બાદશાહ થયો (૧૩૫૧) ત્યારે એણે શમશેરખાન તથા ઝુફરખાનને પોતાના જામ ધરનારા કરી અમીર બનાવ્યા હતા.

ઢાંક જાતના રજપૂત (સૂર્યવંશી) અને ગુજ્જર એ લોક પહેલાં પંજાબ તરફના રહેનારા હતા; મુસલમાનના ધસારાના મારથી ગુજ્જર લોક ઘણાક ત્યાંથી ખસીને (તેરમા સૈકાના અંતમાં) આબુના પહાડની તળેટીમાં તથા પાટણની પડોસમાં આવી વસ્યા હતા; અને જ્યારે મુસલમાનોએ પાટણનેજ રાજનગર રાખ્યું ત્યારે પડોસના પ્રદેશના મુખ્ય લોકના નામથી (ગુજ્જર) તેઓએ પાટણની રાજધાનીવાળા આખા પ્રાંતના લોકને ઓળખ્યા હોય ને પ્રાંતને ગૂજરાત (ગુજ્જર લોકનો દેશ) એ નામ આપ્યું હોય.

૨. કોઇ ખાનપુર કે કાનપુર કહે છે.

ઝુફ્‌રખાને જુનાગઢ જઇ ત્યાંના રાવપાસે ખંડણી લીધી;[1] પછી સોમનાથનું દહેરૂં ભાગ્યું ને દેવપાટણમાં મુસલમાની ધરમ ચલાવ્યો. માંહુંના હિંદુઓ મુસલમાનને દુઃખ દેછે એવું સાંભળી તેણે ત્યાંના કિલ્લાને એક વર્ષ લગી ઘેરો ઘાલી રાખ્યો પણ ફાવ્યું નહિ ત્યારે રાજાનાં બાનાં કબૂલ રાખ્યાં. પછી તે ત્યાંથી દેલવાડાના તથા ઝાલાવાડના રજપૂતોને હરાવી પાછો પાટણ આવ્યો (૧૩૯૬).

એ વખતે તેનો દિકરો તાતારખાન પોતાનો સરંજામ પાનિપતના કિલ્લામાં રાખીને દિલ્હીના બાદશાહની સામાં કોશિશ કરતો હતો પણ ઇકબાલખાને તે કિલ્લો લેઇ તેનો સરંજામ કબજ કરી તેને ગૂજરાત તરફ જવાની ફરજ પાડી હતી.

વળી બીજે વર્ષ તેણે ઇડરને ઘેરો ઘાલો આસપાસનો પ્રદેશ ઉજ્જડ વાળ્યો પણ કિલ્લો લીધા પહેલાં તેને તૈમુરલંગની ફતેહની ખબર આવી એટલે તે ઇડરના રાજા સાથે સલાહ કરી પાટણ આવ્યો. ઇ. સ. ૧૩૯૮માં સોમનાથનો રાજા પોતાને પાછો સ્વતંત્ર કહેવડાવે છે એ સાંભળી ઝુફ્‌ર ખાને ચઢાઇ કરી તેને તાબે કીધો ને ત્યાં મુસલમાની ધરમને મજબૂત પાયાપર રાખ્યો.

પ્રકરણ બીજું

અમદાવાદના બાદશાહ ઇ. સ. ૧૪૦૩–૧૫૭૩.

ઝુફ્‌રખાન ગૂજરાતનો મુખત્યાર સ્વતંત્ર જેવો હતો પણ ૧૪૦૩માં તો તેણે દિલ્હીના બાદશાહની આણ તોડી પોતાના દિકરા તાતારખાનને નાસિરૂદ્દિન મહમદશાહ એ નામે ગૂજરાતની બાદશાહી આપી[2]. એ વંશના પંદર જણે ૧૭૦ વર્ષ બાદશાહી ભોગવી પણ તેમાં માત્ર ૧૩૩ વર્ષ બાદશાહી જોરાવર તથા જાહોજલાલીવાળી હતી; પછી (૧૫૩૬–૧૫૭૩) બાદશાહ નામના હતા ને અમીરોના ટંટામાં ગૂજરાતની મોટાઇ તથા દોલત એનો વણુસાડ થતો હતો.

મહમ્મદશાહે અ..ા..ાે રાજધાની કીધી; નાંદોદના રાજાનું અભિમાન મુકાવ્યું; પાટણ જઇ દિલ્હી ઊપર ચઢવાની તૈયારી કરતો હતો તેવામાં તે માંદો પડી મરણ પામ્યો (૧૪૦૪). ઝુફ્‌રખાને પોતાના ભાઇ શામ્સખાનને ગાદીએ બેસાડવાનું કહ્યું પણ એણે ન માન્યું ત્યારે અમીર તથા લોકના કહેવાથી તે પોતેજ મુઝફ્‌રશાહ એ નામ રાખી ગાદીએ બેઠો (૧૪૦૭-૮). માળવાના દિલાવરખાનને તેના દિકરા આલ્પખાને ઝેર દીધું ને એ પોતે ગાદીએ બેઠો એવી વાત કાને પડી કે મુઝફ્‌ર-

---

૧. ગૂજરાતના સઘળા કે ઘણાખરા સરદારો બાદશાહના મુખત્યારને ખંડણી ભરતા માત્ર જુનાગઢનો રાવ ને રાજપીપળાનો રાજા એ બેજ પોતાની સ્વતંત્રતા રાખી રહ્યા હતા.

૨. કોઇ વળી લખે છે કે તાતારખાન, બાપને ગાદીએથી ઊઠાડી કેદ કરી ગાદીએ બેઠો હતો; અને જ્યારે તે દિલ્હી જવાને પાટણ ગયો ત્યારે ત્યાં તેના બાપના મળતીઆઓએ તેને ઝેર આપ્યું હતું.

શાહે માળવે જઇ ધારને ઘેરો ઘાલી લીધું, આલ્પખાનને પકડી પોતાના ભાઇ શામ્સખાનને સોંપ્યો; આલ્પખાન એક વર્ષ કેદમાં રહ્યો તેટલે કોઇ મુસાખાન તેની ગાદીએ બેસી ગયલો તે ઊપરથી આલ્પખાને પોતાના છુટકારાને માટે અરજ કરી; તે મુઝફ્ફરશાહે કબૂલ રાખી તથા પોતાના દિકરાના દિકરા અહમદશાહને ફોજસાથે તેની સાથે મોકલ્યો. રાજધાની માંડુ હાથ આવી ને મૂસાખાના નાઠો; આલ્પખાનને ગાદીએ બેસાડી અહમદશાહ પાછો આવ્યો (૧૪૦૯-૧૦). એ વર્ષમાં બાદશાહે કચ્છ તાબાના કંથકોટના રાજાઊપર ચઢાઇ કરી ને બીજે વર્ષે (૧૪૧૦-૧૧) તે મરણ પામ્યો; કહેવાયછે કે અહમદખાને આપેલા ઝેરથી.

અહમદશાહ ગાદીએ બેઠો કે તેનો સગો મોઇનુદ્દિન ફિરોજખાન જે વડોદરામાં હકુમત કરતે તેણે બીજા અમીરો સાથે મળી નડિયાદ આગળ ફોજ ઉભી કીધી ને ગાદીનો દાવો કરી બાદશાહની તરફથી લડનારાઓને હરાવ્યા. બંડખોર ટોળીમાં કોઇ જીવણદાસ હતો તેણે પાટણઉપર ચઢી જવાનું કહ્યું પણ બીજાઓએ માન્યું નહિ; પછી ટંટો થયો તેમાં જીવણદાસ કપાઇ મૂઓ ને કેટલાકે અહમદશાહ પાસે જઇ માફ માગી; પણ મોઇનુદ્દિન ખંભાત ગયો ને અહીં સૂરતના હાકેમનો દિકરો મસ્તીખાન હતો તેને મળ્યો; બાદશાહ ખંભાત આવે છે જોઇ તે બે ભરૂચ જઇ ભરાયા; બાદશાહે પણ પાછળ પડી ભરૂચને ઘેરો ઘાલ્યો; અહીં મોઇનુદ્દિનની ફોજ બાદશાહી ફોજને મળી ગઇ ને મસ્તીખાન તાબે થયો; થોડા દાહાડાપછી મોઇનુદ્દિનને તેડાવી માફી આપી બાદશાહ પાછો અસાવલ આવ્યો.

ઇ. સ. ૧૪૧૩-૧૪માં અહમદશાહે આસા ભીલનાઉપર હુમલો કરી તેને હરાવી તેનું અસાવલ પોતાની રાજધાની કરવા લાયક છે જોઇ એનું નામ બદલી અમદાવાદ પાડયું ને પછી એને વધારવા તથા મજબૂત કરવા માંડયું. એ વર્ષમાં મોઇનુદ્દિન ફિરોઝખાન તથા મસ્તીખાને વળી પાછું બંડ કીધું ને ઇડરના રાજાને મળી ત્યાંના કિલ્લામાં આશરો લીધો. બાદશાહે ફતેહખાનની સરદારી તળે ફોજ મોકલી ને મોઇનુદ્દિન તથા ઇડરનો રાજા એ બેને નહાસવું પડયું. પછી જિતની આશા નથી જાણી રાજાએ મોઇનુદ્દિન તથા મસ્તીખાન એ બેના હાથી, ઘોડા તથા સરંજામ બાદશાહને આપી દેઇ સલાહ કીધી ને તે બે નાહા તે નાગોરમાં શમ્સખાન દંડાની એને આસરે જઇ રહ્યા; શમ્સખાન ને ચીતોડનો મોકલ રાણો એ બેની ચાલેલી લડાઇમાં કપાઇ મૂઓ. ઇ સ. ૧૪૧૪-૧૫માં ઓથમાન આહમદ, શેખમલિક, સુલીમાન અફઘાન ને ઇસા સાલાર એઓએ બંડ ઉઠાવ્યું ને માળવાના સુલતાન હુશંગને ગૂજરાતની ગાદી આપવાનું લખી મોકલ્યું; પાટડીનો ઝાલા સતરસાલજી તથા બીજા હિંદુઓ સામેલ હતા. બાદશાહે લતિફખાન તથા નિઝામઉલ્મુલ્ક એ બેને બંડખોર સામાં લડવા મોકલ્યા અને ઇમાદુલ્મુલ્કને સુલતાન હુશગ સામાં મોકલ્યો; સુલતાન પાછો ફર્યો ને ઇમાદુલ્મુલ્ક માળવા લૂટી પાછો ગૂજરાત આવ્યો; લતિફખાને પણ બંડખોરોને હરાવી પાડયા ને બાદશાહ ખુશદિલ અમદાવાદ આવ્યો.

મુસલમાનોએ ગૂજરાત લીધું તેવામાંજ (૧૨૯૭–૧૩૧૯) જોકે તેઓએ પોતાનો ધર્મ પાટણ થકી તે ભરૂચ લગી દાખલ કીધો હતો તોપણ હજી બાકીના ભાગમાં દાખલ થયો નહોતો. પણ ધીમે ધીમે અમદાવાદના બાદશાહોની કોશીશથી તેઓની હાક સઘળા ભાગમાં વાગતી થઇ હતી. ઘણાંક પરગણાંએ અહમદશાહને નિયમસર ખંડણી ભરવી કબૂલ કીધી ને વળી મુસલમાની ધર્મ પણ પોતાનામાં દાખલ કીધો. ઇ. સ. ૧૪૧૪માં તેણે ગિરનારના રાજાને હરાવ્યો; રાજા કિલ્લામાં ભરાયોને બાદશાહથી એ કિલ્લો લેવાયો નહિ પણ હેઠળનો જુનાગઢનો કિલ્લો તેણે લીધો. અંતે રાજા તાબે થયો ને જુનાગઢ ખંડણી આપતું થયું. એ જોઇ સોરઠના બીજા ઘણાક રાજાઓએ પણ પોતાની સ્વતંત્રતા આપી દીધી; અને સૈયદ અબદુલ ખૈર તથા સૈયદ કાસિમ એ બેને ખંડણી ઉઘરાવવાનું સોંપી અહમદશાહ અમદાવાદ આવ્યો. બીજે વર્ષે બાદશાહે સિદ્ધપુરઉપર ચઢાઇ કીધી ને ત્યાંથી માળવામાં ધાર ઉપર. એ સમયે ખંડણી આપનારાઓમાં જુનાગઢનો રાવ, ચાંપાનેરનો રાવળ, નાંદોદનો રાજા, ઇડરનો રાવ, ઝાલાવાડનો રાજા, એ જોરાવર હતા. ચાંપાનેર, ઇડર, નાંદોદ ને ઝાલાવાડ અહીંના રાજાઓએ અહમદશાહની લડાઇ ચલાવવાની ચાલાકી ને ઇસલામ ધરમ વધારવાની ઉલટ એ બેથી ડરી માળવાના હુશંગને ગૂજરાત ઉપર ચઢી આવવાને ઉશ્કેર્યો; પણ અહમદશાહે ઝડપથી મોડાસા જઇ હુશંગને આવતો પાછો વાળ્યો અને પછી રાજાઓને ઠપકો દેઇ માફી આપી તેઓનો સંપ તોડ્યો. સોરઠના રાજાએ પણ ખંડણી આપવી બંધ કરી સામા થયા હતા પણ બાદશાહની ધીરજથી તથા ખંતથી કોઇપણ બંડે ડરામણો દેખાવ દીધો નહિ.

એ બંડો બેસાડી બાદશાહે માળવે જઇ હુશંગને હરાવ્યો ને ખજાનો તથા હાથીઓ લઇ તે પાછો આવ્યો (૧૪૧૭). બીજે વર્ષે તેણે ચાંપાનેરના ત્રિભુવનદાસને સજા કરવાને ચઢાઈ કીધીને કિલ્લો ન લેવાયો ત્યારે આસપાસનો મુલખ ઉજ્જડ વાળ્યો. ત્રીજે વર્ષે તેણે સોનગઢની આસપાસનો મુલખ ઉજ્જડ કીધો, ત્યાં એક કિલ્લો ને કિલ્લામાં મસજીદ એ બાંધ્યાં; વળી મંગન ગામને કોટ કીધો ને પછી માંડુઉપર ચઢ્યો. હુશંગે વકીલ મોકલી સલાહ કીધી ને બાદશાહ ચાંપાનેરને રસ્તે અમદાવાદ આવ્યો. પછી એક વર્ષ અમદાવાદમાં રહી તેણે પોતાના મુલખમાં ઠામ ઠામ કિલ્લાવાળાં થાણાં બંધાવ્યાં ને રાજાઓને કિલ્લા તોડી નરમ પાડ્યા. તેણે કિલ્લાઓ બંધાવ્યા તેમાં એક માળવાની સરહદઉપર દોહદનો હતો. ઇ. સ. ૧૪૨૫ માં બાદશાહે માળવાઉપર ચઢાઇ કરી મેસરનો કિલ્લો લીધો; ને થોડીકવાર માંડુને ઘેરો ઘાલી ત્યાં ન ફાવ્યું ત્યારે ઉજ્જન જઇ ત્યાંથી વળી બીજીવાર માંડુને ઘેરો ઘાલ્યો પણ કિલ્લો લેઇ શકાયો નહિ; ને પછી સારંગપુરને ઘેરો ઘાલ્યો. હુશંગે વકીલ મોકલી સલાહ કીધી ને અહમદશાહ ગૂજરાત આવતો હતો પણ તેટલે હુશંગે એક રાતે તેની ફોજ ઉપર છાપો મારી ઘણેક નાશ કીધો; બાદશાહ રાતમાંજ બની શક્યાં તેટલાં માણસો એકઠાં કરી સવાર પડી કે માળવાની ફોજ જે લુટવા મંડી પડી

હતી તેના ઉપર પડી તેને હરાવી હાંકી; હુશંગ સારંગપુરના કિલ્લાનો આસરો લેઇ બેઠો પણ અહમદશાહે તેને ઘેરો ઘાલ્યો; પણ પછી ઘેરો ઉઠાવી તે ગૂજરાત તરફ પાછો વળ્યો; હુશંગ તેની પૂઠે પડયો; લડાઇ થઇ તેમાં સુલતાનને હઠાવી કાઢી બાદશાહ અમદાવાદ આવ્યો.

ઇ. સ. ૧૪૨૫માં તેણે ઇડરવાળાને હરાવી ડુંગરીઓમાં હાંકી મેલ્યો. ઇડરવાળો જ્યારે જ્યારે બાદશાહ સતાવતો ને જ્યારે એ ચઢાઇ લેઈ જતો ત્યારે ડુંગરીઓમાં ભરાઇ બેસતો. એઉપરથી ૧૪૨૭માં અહમદશાહે હાથમતી નદીઉપર અહમદનગરનો કિલ્લો બાંધ્યો.

પછી બે વર્ષ બાદશાહે બીજા મુલખપર ચઢાઇ ન કરતાં પોતાનાજ મુલખને સુધારવાના કામમાં રોકાયો. તેણે ફોજના પગારબાબત છેલ્લો ઠરાવ કીધો કે તેઓ અરધું રોકડું નાણું લે ને અરધું આપેલી જમીનની ઉપજથી લે; એમ થવાથી ફોજનાં માણસ કરજથી છૂટે ને દેશના વતની થઈ રહે. ઇડરનો રાવ પુંજા મૂઆપછી તેની ગાદીએ તેનો દિકરો બેઠેલો તેનીપાસે બાદશાહે હરસાલ રુપીઆ ત્રણ હજાર ખંડણીના કબૂલ કરાવ્યા.

ઇ. સ. ૧૪૨૯ માં ઉત્તર કોકણમાં મહેમનો હાકેમ કુત્બખાન મુવો કે કોઇ સુલતાન અહમદ બાહમનીએ તે કિલ્લો લેઇ લીધેલો તે ઉપરથી બાદશાહે પોતાના નાના બેટા ઝુફરખાનને ફોજ સાથે ત્યાં મોકલ્યો; દીવ, ગોઘા ને ખંભાતથી વહાણો મંગાવી થાણે જઈ ખુશકીએ તથા દરિયે હલ્લા કરી તે શહેર કબજ કીધું ને પછી મહેમ પાછું લીધું. ૧૪૩૧ માં બાદશાહે ચાંપાનેરપર ચઢાઇ કરેલી તેવામાં આહમદ બામનીએ બાગલાણનું પરગણું ઉજ ડ વાળ્યું; એ સાંભળી બાદશાહ નંદુરબાર ગયો ને વાટમાં નાંદોદ આવ્યું તેનો નાશ કીધો. આહમદ બામની તંબોલના કિલ્લાના ઘેરામાં મચ્યો હતો, પણ તેટલે બાદશાહે ત્યાં જઇ પહોંચી ઘેરો ઘાલનારાઓને હરાવ્યા ને કિલ્લાને છોડાવ્યો. ૧૪૩૨ માં પોતાના બેટા ફતેહખાનની મહેમના રાવની બેટીસાથે શાદી કરી બાદશાહ નાગપોર ગયો અને ડુંગરપોરના રાવળપાસેથી ખંડણી તથા બક્ષીસ લીધી; નાગોરથી મેવાડ ગયો ને ત્યાં બુંદીકોટાઉપર બાગો કર્યો; પછી તે ગૂજરાત આવ્યો; થોડાં વર્ષ તેણે માળવામાં લડાઇ ચલાવી ને ઇ. સ. ૧૪૪૧ માં તે મરણ પામ્યો.

તેની ગાદીએ તેનો બેટો મહમદશાહ (ઝરબક્ષ-સોનું આપનારો) બેઠો. ૧૪૪૫માં તેણે ઇડરના વીરરાય ઊપર ચઢાઇ કરી પણ એણે પોતાની બેટી શાદીમાં આપવી કબૂલ કરી એટલે એને એના રાજ્યનો માલિક કાયમ રાખ્યો. ૧૪૫૦માં બાદશાહે ચાંપાનેર જઈ ત્યાંનો હેઠલો કિલ્લો લીધો; પણ ચાંપાનેરની કુમકે માળવાનો સુલતાન મહમદ ખિલજી આવી પહોંચ્યો એટલે તે ગોધરાતરફ વળ્યો અને મહમદે એંશી હજાર ઘોડાંસાથે પોતાની કૂચ ગૂજરાતઊપર જારી રાખી. મહમદશાહ દીવ નાસી જતો હતો પણ અમીરોએ તેના હિચકારાપણાથી કંટાળી તેને ઝેરથી મારી નંખાવ્યો અને ૧૪૫૧માં તેના બેટા જલાલખાનને કુતુબુદ્દિનશાહ એ નામે ગાદીએ બેસાડયો.

માળવાના સુલતાન મહમદે સુલતાનપૂરને ઘેરો ઘાલ્યો; કુતુબુદ્દિનશાહની તરફથી જે સરદાર તેનો બચાવ કરતો હતો તેને તાબે થવાની ફરજ પાડી; એ સરદારને મહમદે આબરૂ સાથે માળવે મોકલી માંડુનો હાકેમ કીધો. પછી મહમદે સારસાપાલરી જઇ ભરૂચને સંભાળનારા સીદી મરજાનને તાબે થવાનું કહેવડાવ્યું. સીદીએ ના કહીને ભરૂચ આગળ બહુ ખોટી રહેવું પડશે જાણી માળવાનો સુલતાન નડિયાદ થઇ વડોદરે ગયો ને એ શહેર લૂટ્યું. કુતબુદ્દિનશાહે કપડવંજ આગળ સુલતાન સામાં થોડાક કલાક લડાઇ કરી જીત મેળવી પણ લડાઇમાં સુલતાન શાહની છાવણીમાં ધસી તેનો તાજ તથા નંગે જડેલો કમરબંધ લેઇ જવાને શક્તિમાન થયો હતો. કહેવાય છે કે ધોળકાના રહેનારા જે દરવાજિયા એ નામે ઓળખાતા તેઓની બહાદુરીથી બાદશાહની જીત થઇ હતી. માળવાના સુલતાનને ઊસકેરનારો મુઝફરખાન હતો તેને પકડી ઠાર કરવામાં આવ્યો ને તેનું માથું કપડવંજના દરવાજાઊપર ચોહોડયું હતું.

એજ વર્ષમાં સુલતાન મહમદ ખિલજીએ નાગોર જીતવાની તજવીજ કીધી પણ અહીંના હાકેમ ફિરોઝખાનને કુતુબુદ્દિનશાહે મદદ મોકલી; એ ફોજ સાંભર પહોંચી કે સુલતાન પાછો હઠયો ને પછી થોડે દહાડે ફિરોઝખાન મૂઓ. નાગોરમાંથી શમ્સખાનને તેના ભાઇ મુજાહિદખાને ખસેડયો હતો. પણ શમ્સખાનની તરફથી ચિતોડના રાણાએ મુજાહિદને હાંકી કાઢેલો. પણ કહ્યા મુજબ શમ્સખાને કિલ્લા કોટનો સરંજામ દૂર કરેલો નહિ તેથી રાણો નાગોર લેવાને લશ્કર એકઠું કરતો હતો. પણ તેટલે શમ્સખાને પોતાની બેટી કુતુબુદ્દિનશાહને પરણાવી ને એણે કેટલાક અમીરોને ફોજ સાથે રાણાની સામાં મોકલ્યા. પણ લડાઇ થઇ તેમાં ગૂજરાતની ફોજ હારી ને રાણો નાગોરની આસપાસનો મુલખ વેરાન કરી ચિતોડ ગયો. વેર લેવાને બાદશાહ ચિતોડઊપર ચઢાઇ કરવા નિકળ્યો (૧૪૫૫-૫૬). મારગમાં સિરોહીના રાજા દેવડાએ બાદશાહની છાવણીમાં જઇ અરજ કરી કે બાપ દાદાથી મળેલો આબુનો કિલ્લો રાણાએ મારી પાસેથી છિનવી લીધો છે તે મને પાછો અપાવો. બાદશાહે પોતાના સરદાર મલિક શાબાનને આબુનો કિલ્લો લેવા મોકલ્યો ને પોતે કુંભામેર ગયો. મલિક શાબાન આબુની ખિડમાં સપાડાયો તથા ઘણી કતલ થયે હાર્યો અને બાદશાહ પોતે રાણા સાથે તહ કરી પાછો ગૂજરાત આવ્યો. પછી માળવાના સુલતાને બાદશાહને સમજાવ્યું કે આપણે બંનેએ મળી ચિતોડઊપર ચઢાઇ કરવી ને રાણાનો મુલખ સરખે ભાગે વહેંચી લેવો. એ ઉપરથી બાદશાહ નિકળ્યો (૧૪૫૬-૫૭); ને આબુને રસ્તેથી જતાં ત્યાંનો કિલ્લો લેઇ કિશન દેવડાને આપ્યો ને પછી કુંભામેરની આજુબાજુની જગા ઉજ્જડ કરી ચિતોડ ઊપર ધસ્યો. લડાઇ થઇ, કોઇ તરફેનને ફાવદા જેવું થયું નહિ; રાણો પાછો હઠયો, બાદશાહે ઘેરો ઘાલ્યો, રાણાએ ખંડણી આપવી તથા નાગોરને ઇજા ન કરવી એવું કબૂલ કર્યું ને બાદશાહ ગૂજરાત આવ્યો. વળી રાણાએ મંદીસોર આવી માંડુના ખિલજી સુલતાન સાથે સલાહ કીધી ને નાગોર ઉપર ચઢાઇ કીધી; બાદશાહ બદફેલીમાં બૂડી ગયલો હતો તેથી મુસીબત

ફોજ એકઠી કરી શક્યો; પણ ગૂજરાતની ફોજે કૂચ કીધી એ સાંભળ્યું કે રાણો પાછો ફર્યો ને બાદશાહ પણ પાછો ફર્યો. ઇ. સ. ૧૪૫૮માં બાદશાહે સિરોહીને રસ્તે થઇ ચિતોડ તરફ જઇ મુલક ઉજ્જડ કીધો પણ તેટલામાં તે મરણ પામ્યો (૧૪૫૯ના મેમાં).

કુતુબુદ્દિન મૂઆપછી અમીરોએ તેના કાકા ને અમદશાહના બેટા દાઉદને ગાદીએ બેસાડયો; પણ એણે નીચ તુકમનાં માણસોને મોટે દરજ્જે ચઢાવ્યાં તથા બીજાં બેવકુફાઇનાં કામો કીધાં તેથી તેને ઉઠાડી મેલ્યો અને ફતેહખાનને બેસાડયો. એ, મહમૂદશાહ (બેગડો) અહમદશાહનો સિંધના જામની બેટી બીબી મોગલાઇથી થયલો બેટો જે મહમદશાહ તેનો બેટો હતો. એ ગાદીએ બેઠો (૧૪૫૯) ત્યારે ફક્ત ૧૪ વર્ષની ઉમરનો હતો. કેટલાક અમીરોએ વજીર ઇમાદુલ્મુલ્કની સામાં સંપ કરી મહેલઉપર ધસારો કીધો; પણ જુવાન બાદશાહની હિંમતથી તેઓ ફાવી શક્યા નહિ. ધર્મસંબંધી કામમાં ઉલટ, ઇનસાફઉપર ચાહના, બહાદુરી ને શાણા ધારા એથી મહમૂદશાહ ગૂજરાતના બાદશાહોમાં સહુથી સારો કહેવાયો છે. તેણે બાપની જમીનદારી બેટાને કાયમ રાખી ને બેટો ન હોય તો જમીનના અરધા હિસ્સાની માલિક તેની બેટીને કીધી; ફોજનું કોઇ માણસ વ્યાજે નાણું લે નહિ. અને એક ખાસ અમલદાર મુકરર કીધો હતો કે જે જેઓને નાણાની જરૂર પડતી તેઓને તે આગળથી આપતો ને પછી તેઓના પગારમાંથી ખાંધા બાંધી વસૂલ કરી લેતો[૧]; ઠામ ઠામ આંબા, આમલી, રાયણ, જાંબુ, અંજીર ને બીજાં ફળનાં ઝાડ રોપાવવાવિશે તે બહુ ખંતી હતો. ઇ. સ. ૧૪૬૧ માં દક્ષિણનો નિઝામશાહ બાહમની એણે માળવાના સુલતાન મહમૂદ ખિલજીની સામા થવાને ગૂજરાતના બાદશાહની મદદ માગી. એ તરત નિકળ્યો ને વળી બીજો કાગળ આવ્યો એટલે તો બહુ ઝડપથી બરહાનપૂરને રસ્તેથી આગળ ધસ્યો. એ જોઇ સુલતાન ગોંડવાનાને રસ્તે પોતાના મુલખ તરફ પાછો હઠયો. પણ એ પ્રસંગે પાણીની તાણથી તથા ગોંડ લોકના ઠગાઇ ભર્યા હુમલાઓથી સુલતાને પાંચ છ હજાર માણસ ખોયાં. દક્ષિણના નિઝામે આભાર માન્યો ને બાદશાહ ગૂજરાત આવ્યો. ૧૪૬૨ માં વળી સુલતાને દક્ષિણઉપર હુમલો કીધો, દૌલતાબાદ લૂટવાના ઇરાદાથી; વળી નિઝામે મદદ માગી ને વળી બાદશાહે તૈયારી કીધી ને વળી સુલતાન પાછો હઠયો.

---

૧ એ વખતની ગૂજરાતની ફોજનું બયાન બારબોસાએ (૧૫૧૧-૧૪) કર્યું છેઃ મુસલમાન ને હિંદુ સવારો હિંમતવાળા છે. ઘોડાં પણ ગૂજરાતમાંજ નિપજી ઊછરેલાં છે. તેઓ નાનું બેગીરને ચાબક વાપરે છે; દરેક જણ રૂનું કુડાક પહેરે છે ને પાસે ઢાલ, તરવાર, કટાર ને સારાં તીરસાથે એક તુરકી કામઠી રાખે છે; (ગૂજરાતની નેતરનાં ઘણાં સારાં તીર થાય છે); કેટલાક જણ સોટા ને ઘણાકને બખ્તર હોય છે. ઘોડાઓને ઘર્સિયાને લોઢાના ટોપ છે અને સવારો બહુ ચાલાકીથી દોડ કરે છે. મુસલમાન સવારોમાં તુરક, મામેલુક ને મુસલમાન થયલા ખ્રિસ્તી તથા લડાઇમાં પકડાઇ ગુલામ થયલા સિરકાશીઆ, જિયોર્જીયા ને અબિસિનિયાના તે છે, વળી આરબ ઇરાની, ખોરાસાની, તુરકોમાન અને દિલ્હી તરફના તે પણ.

પછી બાદશાહે સુલતાનને લખી જણાવ્યું કે ફરીથી જો દક્ષિણઉપર હુમલો કરીશ તો હું એકદમ માંડુઉપર ધસ્યો આવીશ.

ઇ. સ. ૧૪૬૭ માં મહમદશાહે જુનાગઢના કિલ્લાઉપર હુમલો કીધો ને રાવ મંડલીક પાસે તાબેદારી કબૂલ કરાવી. બીજે વર્ષે તેના જાણ્યામાં આવ્યું કે જુનાગઢના રાજાએ સુનાનું છત્તર તથા બીજાં રાજચિન્હસાથે દહેરે પૂજા કરવા જવાનું બંધ કીધું નથી ને એ ઉપરથી બાદશાહે જ્યારે ફોજ મોકલી ત્યારે રાજાએ તે છત્તર તથા બીજું કેટલુંક નજરાણામાં મોકલી દીધું. ૧૪૬૯ મા બાદશાહ ફરીથી સોરઠઉપર ચઢાઇ કરવા નિકળ્યો; રાવ મંડલીકે તેને મળી પૂછ્યું કે મેં કશીએ વાંક કીધો નથી તે છતાં તમે મારો નાશ ઇચ્છોછો તો કહો તમે જે કહેશો તે હું કરીશ. મહમૂદે જવાબ વાળ્યો કે મૂર્તિ પૂજવા જેવો બીજો કોઇ ગુનોહ નથી ને હુકમ કીધો કે મુસલમાન થા. રાવ ગભરાયો, રાતે નાઠો ને કિલ્લામાં ભરાયો; પણ ઘણી વાર ઘેરો રહેથી તેણે બહાર આવી કુંચીઓ આપી દીધી ને મુસલમાન થઇ પ્રાણ બચાવ્યો, ૧૪૭૨–૭૩. એ વખતથી સોરઠ બાદ૰ શાહી મુલખમાં ગણાયું ને ત્યાં બાદશાહી અમલદાર જુનાગઢમાં રહી હાકમી કરતા થયા. પછી બાદશાહે સૈયદ તથા કાબેલ શખ્સોને જુનાગઢમાં તથા સોરઠના બીજા કેટલાક કસ્બામાં વસવાને મોકલ્યા, અમીરોને કહ્યું કે મકાનો બાંધો ને પોતે મહેલ બાંધી જુનાગઢનું નામ બદલી મુસ્તફાબાદ પાડી તેને પોતાની એક રાજધાની કીધી. તેણે જહાન પનાહનો કિલ્લો સમરાવ્યો ને આસપાસના રાજાઓ પાસે પોતાની સર્વોપરી સત્તા કબૂલ કરાવી. તે વખતે જુનાગઢની આસપાસના જગલમાં ખાંટ (જાટ) નામના જંગલી લોક રહેતા હતા.

બાદશાહ લાંબી મુદત બહાર રહ્યો ત્યારે તેણે જમાલુદ્દિન મુહાફિઝખાનને અમદાવાદનો હાકેમ કીધો હતો. ચાંપાનેરના ગંગાદાસના દિકરા જેસિંગે બંડ કરવાનો ઇરાદો કરેલો તે ઉપરથી બાદશાહે સોનગઢ, ગોધરા અને નોરખા તથા દબના એ ઠેકાણે નવા અમલદારોને ફોજ વધારી રાખ્યા ને એ સાવચેતી જોઇ જેસિંગે સામાં થવાનું માંડી વાળ્યું. બાદશાહે રાવ મંડળીકને ખાન જહાન એ ખિતાબ આપ્યો તથા કેટલીક જાગીર આપી અને જુનાગઢના દહેરામાંથી લૂટી આણેલી જે સુનાની મૂર્તિઓ હતી તેને ભાંગી તોડી ફોજના આદમીઓને વહેંચી આપી.

પછી બાદશાહ કચ્છના હાકેમોઉપર ચઢાઇ લેઇ ગયો; તેઓ સુમરા તથા સોઢાં જાતના રજપૂત હતા; તેઓ તરત તાબે થયા ને પોતાની જાતના કેટલાકને મુસલમાની ધર્મમાં વાકેફ થવા જુનાગઢ મોકલ્યા. પછી એક મુલ્લાએ ફરીઆદ કીધી કે જગતના (દ્વારકા) ચાંચીઓએ મને લૂટી લીધો તે ઉપરથી બાદશાહે ત્યાં જઇ કિલ્લો લેઇ દેહરાંઓનો નાશ કીધો; ચાંચીઆ શંખોદ્ધારમાં (બેટમાં) ભરાયા પણ બાદશાહે ત્યાં પણ કતલ કરી તેઓને હાંકી મેલ્યા; જગતમાં

એક મસીદ બંધાવી, ત્યાંનો કારભાર એક અંમલદારને સોંપી ને પોતે જુનાગઢ આવ્યો; દ્વારકાના રાજા ભીમને અમદાવાદ મોકલ્યો હુકમસાથે કે તેના કાપીને કકડા કરવા ને એકેકો કકડો દરેક દરવાજે ચોંટાડવો; પછી સોરઠનો બંદોબસ્ત કરી બાદશાહ અમદાવાદ આવતો હતો તવામાં તેણે સાંભળ્યું કે મલબાર કાંઠાના કેટલાક ચાંચીઆ ગૂજરાતના બંદરોમાં આવતાં વહાણોને લૂટે છે ને એ ઉપરથી તેણે ગોઘે આવી વહાણનો કાફલો ત્યાં મોકલ્યો; પછી તે ખંભાત થઇ અમદાવાદ આવ્યો.

સરદાર ખુદાવંદખાન તથા જેઓ બાદશાહની હંમેશ લડાઇ કરવાની ટેવથી કંટાળી ગયા હતા, તેઓની ઉસકેરણીથી બાદશાહના વડા બેટા અહમદે જેવામાં તે જુનાગઢ હતો તેવામાં બાદશાહ થવાની તજવીજ કીધી (૧૪૮૦); પણ સરદાર ઇમાદુલમુલ્ક સામેલ થયો નહિ ને બાદશાહ આવી પહોંચ્યો એટલે તે વાત બંધ પડી. ગયા વર્ષમાં બાદશાહે ચાંપાનેરનો મુલખ ઉજાડ વાળવાને ફોજ મોકલી હતી પણ હવે તેણે તે જીતી લેવાનો ઠરાવ કીધો; ને એ વખતે તેણે વાત્રક નદીઉપર મેહમદાવાદ વસાવ્યું. ઇ. સ. ૧૪૮૨માં ગૂજરાતમાં કેટલીક જગાએ દુકાળ પડ્યો હતો ને સરહદપરના મોરામલી રસુલાબાદનો થાણદાર ચાંપાનેરના મુલખમાં વારે વારે હુમલા કરતો. ચાંપાનેરના રાજાએ તે થાણદારપર હુમલો કરી તેને હરાવ્યો ને તેનાં ઘણાંક માણસોને કાપી નાખ્યાં ને બે હાથી તથા કેટલાક ઘોડા પકડી પોતાના રાજમાં આણ્યા. એ સાંભળી મહમૂદશાહ મોટી ફોજસાથે વડોદરે આવ્યો. રાવળે વકીલ મોકલી માફ માગી પણ બાદશાહે તે ન આપતાં કહેવડાવ્યું કે "તરવાર તથા કટાર સિવાય બીજો કોઇ સંદેશો તમારી હમારી વચમાં ચાલશે નહિ." રાવળે પણ તૈયારી કીધી ને માળવાના ગ્યાસુદ્દિન ખિલજીને મદદમાં બોલાવ્યો. મહમૂદ ઘેરાનું કામ અમીરોને સોંપી દોહદ ગયો ને એ જાણી ગ્યાસુદ્દિન માંડુ તરફ પાછો વળ્યો. રાવળે લાંબા વખતસૂધી પોતાનો બચાવ કીધો પણ પછી સ્ત્રીઓને તથા કિંમતી વસ્તુઓને કિલ્લામાં બાળી મૂકી તે પોતાની ફોજસાથે દુશ્મનપર તૂટી પડ્યો. કિલ્લાવાળી ફોજ કપાઇ પડી, ને બાદશાહે ચાંપાનેર લીધું ૧૪૮૪; રાવળ તથા પ્રધાન ડુંગરસી ઘવાયલા બાદશાહને હાથ આવ્યા; ને મુસલમાન થવું કબુલ ન કીધું તથી તેઓને બાદશાહે મારી નાખ્યા. રાવળના દિકરાને સૈફઉલ્મુલ્કને હવાલે કર્યો ને એણે તેને મુસલમાની ધર્મ ભણાવ્યો (એને તેની પછીના બાદશાહ મુઝફ્ફરશાહે નિઝામઉલ્મુલ્કનો ખિતાબ આપ્યો હતો). મહમૂદશાહે ચાંપાનેરને મહમ્મદાવાદ નામ આપ્યું ને ફરતો કોટ બાંધ્યો. લૂટ ચોરીને માટે વળતરની રીત એ બાદશાહે પણ વાપરી હતી. કેટલાક ઇરાકે તથા ખુરાસાનથી ઘોડા તથા કેટલોક માલ આણેલા સિરોહીની હદમાં લૂટાયો; બાદશાહે તેની કિંમત લખાવી લેઇને સોદાગરોને આપી ને પછી તે સિરોહીના રાજાપાસેથી લીધી. દક્ષિણના બાહમની સુલતાનનો એક મોખાસ-

દાર બહાદુરખાન ગિલાની દાભોલમાં[1] રહી ગૂજરાતના બંદરોને સતાવતો હતો, તે ઉપરથી બાદશાહે તેની સામાં ફોજ મોકલી પણ તેટલામાં સુલતાને બહાદૂરને પકડી તેનું ડોકું કાપી બાદશાહને મોકલાવ્યું ને પછી એ પાછો ફર્યો. ૧૫૦૪માં તેણે છેલ્લી બાદશાહી સવારી દેખાડી તે પાટણમાં (જૂની રાજધાનીમાં) હતી. ૧૫૦૬ માં ફિરંગીઓએ કરેલી ગરબડાટ પતાવવાને તે વસઇ તરફ કૂચ કરતો હતો તેવામાં તેણે સાંભળ્યું કે ગૂજરાતના કાફલાએ તુરકી કાફલાની સાંથે રહી ફિરંગીઓને હરાવી[2]ચેઉલ જીતી લીધું છે ને એ ઉપરથી ગૂજરાતના કાફલાના સરદાર મલિક એઆઝને બક્ષીસ આપી તે પાછો અમદાવાદ આવ્યો. ૧૫૦૮માં તેણે ખાનદેશની ગાદીના વારસાના ખટલામાં પડી પોતાના ભત્રીજા મિરાનમહમ્મદ અદિલખાન ફારૂખીને આશિરબરાનપુરની ગાદીએ બેસાડયો. ૧૫૧૩માં તે મરણ પામ્યો[3] ને તેના ઠરાવ્યા મુજબ તેનો બેટો ખલિલખાન ગાદીએ બેઠો.

ખલિલખાન તે મહિકાંઠાના રાણા નાકાની કુંવરી રાણી હિરાબાઇનો બેટો હતો; તેણે ગાદીએ બેસતાં મુઝફ્ફરશાહ એ નામ રાખ્યું. પાટણનો સગ્સૂબો એનઉલ્મુલ્ક બાદશાહને મુજરો આપવા અમદાવાદ આવતાં ઇડર તરફ વળ્યો હતો, ત્યાંના રાવે કંઇ ગરબડ કરેલી તેને માટે; પણ રાવને સપડાવવા જતાં રાવ ભાણના દિકરા રાવ ભીમે તેને હરાવ્યો; એ ઉપરથી બાદશાહ ત્યાં ગયો ને રાવ ઇડરમાંથી ખસી ગયલો તેણે મુસીબતથી ને ભારે ખંડણી આપવા કબૂલ કરેથી સલાહ કીધી ૧૫૧૪. પછી બાદશાહ ગોધરે ને ત્યાંથી દોહદ થઇ ત્યાંનો કિલ્લો સમરાવી ધાર ગયો; માળવામાં

---

૧. એ બંદર રત્નાગિરી પરગણામાં વશિષ્ઠી નદીને ઉત્તર તીરે હતું; ત્યાં આ દેશના ને પરદેશી વેપારી લોક મળતા; ૧૫૦૧માં તે ફિરંગીઓને હાથ ગયું; ૧૬૨૬-૩૦ એટલામાં ત્યાં અંગ્રેજે કોઠી ઘાલી હતી; ને સત્તરમા શૈકાની આખેરીમાં તે બંદર તૂટયું.

૨. ચેઉલ (રેવાદંડા) એ બંદર ૧૫૦૦થી તે ૧૬૫૦ સૂધી અહમદનગરવાળાના તાબામાં હતું ને પછી તે ફિરંગીઓના તાબામાં ગયું હતું.

૩. એની ત્રણ કે ચાર હજાર ઓરત છે, ને જે રાતે તેની સાથે સૂએ તે સવારે મરી ગયલી હોય. તેને ૨૦ હજાર સ્વાર તો હમેશ છે. એ ઉઠતો ત્યારે ૫૦ હાથી હજાર રહી તેને સલામ કરતા. ખાતી વખ્ત ૫૦ કે ૬૦ તરેહનાં વાજીંત્રો વાગે છે તેને સફેત કમરબંધ લગી લાંબી દાઢી છે. એ બેગડો કહેવાયો તે જુનાગઢ (૧૪૭૨) ને ચાંપાનેર (૧૪૮૪) એ બે ગઢ (કિલ્લા) તેણે જીત્યા તે ઉપરથી; કોઇ કહે છે કે તે લાંબી તથા વળેલી મૂછ રાખતો ગાયનાં વળેલાં સિંગડા જેવી તે ઉપરથી તે બેગડો કહેવાયો.

તેની મૂછ એટલી લાંબી છે કે તેનો તે માથાઉપર અંબોડો વાળી રાખતો, બાયડીઓ પોતાના કેશનો વાળે છે તેમ. તે દરરોજ ઝેર ખાતો ને તેમ કરવાની તેને નાનપણથીજ તેના બાપે ટેવ પાડી હતી. તે એટલો ઝેરી હતો કે તેની પાન ચાવી મારેલી થૂંકની પીચકારીથી માણસ મરી-જતું, ને માખી તો તેને હાથે બેઠી કે ફૂલીને તરતજ મરી જતી.

થોડો વખત રહી તે મહમ્મદાવાદ આવ્યો. એ સમાઉપર ઇડરનો ભીમ મરી ગયલો તેના દિકરા ભારમલને હાંકી મેલી તેનો ભત્રીજો રાયમેલ ચિતોડના રાણા સાંગાની મદદથી ઇડરની ગાદીએ બેઠેલા તે જોઇ રાણાઉપર નાખુશ થઇ બાદશાહે અહમદનગરના સરસૂબાને હુકમ કર્યો કે તે રાય-મલને ઉઠાડી ભારમલને ગાદીએ બેસાડે. ૧૫૧૭માં માળવાના અમીરોએ મુઝફ્ફરશાહને જણાવ્યું કે અમારા સુલતાન મહમૂદ ખિલજીનો હિંદુ વજીર મેદિનીરાય ઘણો જુલમ કરે છે ને સુલતાનને ઉઠાડી પોતે ગાદીએ બેસશે માટે તમે કંઇ મદદ કરો; બાદશાહે મદદ આપવાનું કબૂલ કીધું ને જ્યારે સુલતાને મેદિનીરાયની ચોકસીમાંથી છટકી જાતે ગૂજરાતના બાદશાહની મદદ માગી ત્યારે એ ગોધરે થઇ માળવે ગયો; પણ ધાર પહોંચ્યો તેની આગમજ તે શહેર મેદિનીરાયે ખાલી કીધું હતું. બાદશાહે માંડુને ઘેરો ઘાલ્યો; કિલ્લેદારોએ ચિતોડના રાણાને બોલાવ્યો; એ સારંગપુર લગી આવ્યો પણ બાદશાહે મોકલેલી ફોજ આવતી જોઇ પાછો ફર્યો ને ફોજે માંડુ લીધું ૧૫૧૮. એ ફતેહથી માળવા ખરેખરૂં જોતાં મુઝફ્ફરશાહના તાબામાં હતું પણ તેણે તે રાજ આબરૂ વધે તેમ સુલતાન મહમૂદને પાછું આપ્યું ને પોતે પાછો મહમ્મદાવાદ આવ્યો. બીજે વર્ષે ખબર સાંભળી કે ચિતોડના રાણાએ સુલતાનને હરાવી કેદ કીધોછે ને તે ઉપરથી બાદશાહે એક ફોજ માંડુના બચાવમાટે મોકલી. સુલતાનને નજર કેદ રાખેલો પણ કોઇ વાતના દુઃખમાં નહિ તેથી તારીફ પામેલો રાણો અહમદ-નગર લૂટી ગૂજરાતની ફોજ હરાવી વડનગર ગયો, પણ એને ક્ષેમ રાખી વિસલનગર લૂટી પાછો ચિતોડ ગયો. ૧૫૨૧માં સોરઠના સરસૂબા મલિક ઐઆઝ સુલતાનીને મોટી ફોજસાથે મોકલ્યો; પણ એ તથા ગૂજરાતના સરદારો વચ્ચે બનાવ ન રહેથી કામ સર્યું નહિ ને બાદશાહે ખુદ ચિતોડ ઉપર ચઢાઇ કરવાનો ઠરાવ કીધો; પણ તેટલામાં રાણાનો દિકરો નજરાણું લેઇ અમદાવાદ આવ્યો ને સલાહ થઇ. બાદશાહે મલિક ઐઆઝ મુઆ પછી તેને દરજ્જે તથા તેની જાગીરમાં તેના બેટાને કાયમ રાખ્યો; ને પોતે અમદાવાદ રહી સરહદનાં થાણાં મજબૂત કરાવ્યાં તેમાં મોડાસાનો કિલ્લો બહુ મજબૂત કરાવ્યો. ૧૫૨૪ માં શાહજાદો બહાદુરખાન પોતાની થોડી જાગીરથી નારાજ થઇ ગૂજરાત છોડી હિંદુસ્તાન ગયો; ને મુઝફ્ફરશાહ પોતાના બેટા સિકંદરખાનને વારસ ઠેરવી અમદા-વાદમાં મરણ પામ્યો, ૧૫૨૬.[1]

સિકંદરશાહે થોડા મહિના રાજ કીધું ને પછી તેને ઈમાદુલમુલ્ક ખુશકદમ એણે મારી નાખ્યો ને તેના નાનાભાઇ નાસિરખાનને મહમૂદ બીજો એ નામે ગાદી આપી; પણ અમીરો સામા થયા, બહાદુરખાન હિંદુસ્તાનથી પાછો આવ્યો, એને અમીરો મળ્યા ને એ એકદમ ચાંપા-નેર જઇ ઇમાદુલમુલ્કને પકડી ઠાર કરાવી બહાદુરશાહ એ નામ રાખી ગાદીએ બેઠો (૧૫૨૬). તેના ભાઇ લતીફખાને પાલના (રાજપીપલા) રાજા ભીમની મદદથી ગાદીનો દાવો કીધો, પણ

---

૧. એના રાજમાં ઝાલાવાડમાં એટલું બધું ખેડાણ વધી ગયું હતું કે ગોચરને માટે કેટલીક જમીન જબરદસ્તીથી રખાવવાની જરૂર પડી હતી.

હાર્યો, ઘાયલ થઇ ફોજના હાથમાં ગયો ને જખમના દરદથી મૂઓ; રાજા ભીમ કપાઇ પડયો; ભીમના વારસ રાયસિંગે દોહદ લટયું પણ ધંધુકાના માલિક તાજખાને તેનો મુલખ ઉજાડ કર્યો ને કિલ્લાનો સરંજામ લેઇ લીધો. ૧૫૨૬ની આખરમાં બહાદુરશાહ ખંભાત ગયો તો ત્યાં તેણે જાણ્યું કે મલિક અયાઝનો બેટો ફિરંગીઓ સાથે ખટપટ કરી દીવ તેઓને આપી દેછે ને એ ઉપરથી તેને કાઢી મૂકયો; વળી જુનાગઢવાળાની પણ બદલી કીધી. એક વખતે તે શિકારને સારૂ નાંદોદ ગયો હતો. ફિરંગીઓ સોરઠમાં પેસારો કરવાને ને દીવ લેવાને ખંતી હતા તેથી તે ઘણુંખરૂં ખંભાત, દીવ ને ગોઘા અહીં રહેતો. તે ભરૂચનો કિલ્લો બંધાવતો હતો તેવામાં વરાડના ઇમાદુલમુલ્કની તરફથી આશિર બરહાનપુરના મહમદખાને મદદ માગી તે ઉપરથી બાદશાહ બરહાનપુર ગયો ને પછી બરહાન નિઝામશાહ તથા ઇમાદુલમુલ્ક એ બે વચ્ચે સલાહ કરાવી તે ગૂજરાત આવ્યો હતો. વળી ૧૫૨૯માં ઇમાદુલમુલ્કના બેટાની અરજઉપરથી બાદશાહે દક્ષિણમાં કૂચ કીધી ને અહમદનગરનો કબજો કીધો. પછી બરહાનપુર આગળ લડાઇ થઇ તેમાં બાદશાહ ફાવ્યો નહિ ને તે ગૂજરાત આવ્યો.

કેટલાક તુરક ગૂજરાત આવ્યા (૧૫૨૬-૩૦)- ફિરંગીઓની સામે થવાને તુરક સરકાર કાફલો મોકલવાની હતી તેમાંના થોડાક; તેઓને બાદશાહે દીવમાં રાખ્યા ને એ ટાપુની હકુમત મલિક અયાઝના બેટા મલિક તોઘાનને આપી. બાદશાહ વાગડ ગયો ત્યાં ડુંગરપુરના રાજા પૃથિરાજે તથા ચિતોડના રાણા રતનસીના વકીલોએ તેની મુલાકત લીધી અહીં થયલી વાતો ઉપરથી તેના મનમાં કંઇક વાંકું વસી ગયું ને તેણે એકદમ માળવે કૂચ કરી. માંડુનો કિલ્લો લેઇ સુલતાન મહમૂદ ખિલજી તથા તેના સાત બેટાને પકડયા. એજ વર્ષમાં (૧૫૩૦) હળવદના[1] રાજા માનસીંગજીએ દસાડાના હાકેમને મારી નાખ્યો સાંભળી બાદશાહે ખાનખાનાનને તેની સામાં મોકલ્યો; એ વખતે વિરમગામ તથા માંડલ એ બે પરગણાં ઝાલા રજપૂતોનાં હતાં તે ખાલસા કરવામાં આવ્યાં. ચોમાસું માંડુમાં ગાળી ૧૫૩૧માં બાદશાહે દક્ષિણતરફ કૂચ કીધી. માળવાના સુલતાનને તેના સાત બેટા સાથે ચાંપાનેરમાં કેદ રાખવા લેઇ જતાહતા ત્યારે પાલના રાજા રાયસિંગે તેમને છોડવવાની બહુ તજવીજ કીધી પણ તે ફાવ્યો નહિ ને રખેવાળોએ કેદીઓને મારી નાખ્યા. બહાદુરશાહે આશિરબરહાનપુર જઇ નિઝામ ઉલમુલ્કને શાહનો ખિતાબ આપ્યો ને એ વખતથી અહમદનગરની (દક્ષિણ) ગાદીવાળા તે નિઝામશાહી કહેવાતા થયા; ને મહમદખાન આશિરીને મહમદશાહ એ ખિતાબ આપ્યો. માળવામાં રાયસિનના રજપૂત રાજાએ ઘણીક મુસલમાન ઓરતોને રાખી છે એ સાંભળી બાદશાહે ત્યાં જઇ (૧૫૩૧) તેને તાબે થવાની ને મુસલમાન ધર્મ પાળવાની જબરી કરી. તે રજપૂતે છૂપી રીતે ચિતોડવાળાની મદદ

---

૧. એ જૂની રાજધાની ધ્રાંગદ્રાના રાજાઓની.

માગેલી તથી કિલ્લો આપી દેતાં વખ્ત લગાડયો; પણ એ જાણી બાદશાહે રાણાને અટકાવવાને સામી ફોજ મોકલી. પછી તે રજપૂતે કહ્યું કે હું કિલ્લામાંના રજપૂતોને સમજાવું કે તેઓ લડે નહિ. પણ તેઓએ માન્યું નહિ ને પછી તે તથા તેઓ બૈરાંઓને બાળી મૂકી બહાર નિકળ્યા ને બધા કપાઇ પડયા. રાયસિન બહાદુરશાહના હાથમાં આવ્યું ને એ પરગણું અને ભિલસા તથા ચંદેરી એ પરગણાં સુલતાન આલમ લોધીને આપ્યાં. પછી બાદશાહ હાથીઓનો શિકાર કરવાને ગોંડવાને ગયો ને ઘણાક પકડયાપછી પોતાની ફોજને નાના નાના કિલ્લાની ફતેહ કરવામાં કામે લગાડી. ૧૫૩૨માં તેણે ચિતોડને ઘેરો ઘાલ્યો પણ રાણાએ કેટલોક અવેજ આપ્યો તથી ઘેરો ઊઠાવ્યો; પછી રણથંભોરનો કિલ્લો લીધો હતો.

એ વખ્તપર બહાદુરશાહ ને દિલ્હીનો બાદશાહ હુમાયું એ બે વચ્ચે અણબનાવ થયો. હુમાયુંની ગેરમહેરબાનીવાળા સુલતાન મહમદ ઝમાન મિરઝાને બહાદુરે આસરો આપેલો ને વળી જવાબ વાળેલો તે ગરૂરીભરેલો. બહાદુરેં જોરાવર દુશ્મનની દરકાર ન રાખતાં ચિતોડને ઘેરો ઘાલ્યો ને જો કે હુમાયું ગ્વાલિયર આવી પહોંચ્યો તોએ તેણે ઘેરો ઊઠાવ્યો નહિ. ૧૫૩૫માં ચિતોડ ગૂજરાતના બાદશાહને હાથ આવ્યું પણ તરતજ પછી તેની ફોજને હુમાયુંની ફોજે હરાવી હાંકી કાઢી. કેટલાક કહેછે કે રૂમીખાન નામનો તુરક જે બહાદુરશાહના ગોલંદાજનો ઊપરી હતો તેના દગાથી ગૂજરાતની ફોજ હારી ગઇ પણ તેમ નથી. ગૂજરાતની ફોજ હિંમત, જોર, કાયદાસર રહેણી ને કવાયત એમાં મોગલ ફોજથી ઉતરતીજ હતી. એ પહેલીજ હાર જોઇ બહાદુરશાહ નાહિંમત થઇ જઇ માંડુના કિલ્લામાં ભરાયો; એ કિલ્લો હુમાયુંએ લીધો ત્યારે તે ચાંપાનેર ને પછી દીવ જઇ રહ્યો. હુમાયુંએ ચાંપાનેર લીધું ને સોરઠ સિવાય સઘળું ગૂજરાત તેના તાબામાં આવ્યું. શેરશાહ સૂરે બહાર તથા જુઆનપુરમાં બંડ ઊઠાવ્યું તેનો બંદોબસ્ત કરવા હુમાયું આગરે ગયો ત્યારે તેણે પોતાના ભાઇ હિંદલમીરઝાને અમદાવાદમાં, કાસમબેગને ભરૂચમાં ને યાદગાર નાસિરમિરઝાને પાટણમાં રાખ્યા. હુમાયું ગયો કે ગૂજરાત મોગલની સામું થયું; જૂના અમીરોએ બાહદુરશાહને તેડાવ્યો ને એણે મહમુદાબાદ આગળ લડાઇ કરી મોગલને હરાવી ગૂજરાતમાંથી કાઢયા. બહાદુરશાહ જયારે દીવમાં હતો ત્યારે તેને ફિરંગીઓ સાથે દોસ્તી રાખવાની જરૂર પડી હતી કેમકે તેઓ દરિયાના ધણી હતા ને બાદશાહે દીવમાં કોઠી કરવાની રજા આપી હતી પણ તેઓએ ત્યાં કિલ્લો કરી લીધો. બહાદુરને પોતાનું ગયું રાજ પાછું મળ્યું ત્યારે તેને પસ્તાવો થયો પણ વળી કાવાદાવાથી ફિરંગીઓને કાઢવાને તેણે દીવ જઇ ત્યાંના ઊપરીને તાબામાં લેવાની કોશીશ ચલાવી. તે ફિરંગીએ મારો વાંક નથી કહી માફ માગી પણ બાદશાહને પોતાનું વહાણ જોવાને તેડયો. બહાદુરશાહ વહાણ જોઇ હોડીમાં પાછો આવતો હતો તેવામાં કેટલાક જણે તેનાઉપર ધસી તેને કાપી નાખ્યો (૧૫૩૬).[૧] હવે પછીનાં સાડતીસ વર્ષમાં જે બાદશાહ થયા તેમાંના ઘણા ખરા બાળક

૧ એક મુસલમાને લખેલું છે કે બાદશાહે ફિરંગીઓની સામે થવાને દક્ષિણના રાજાઓને કાગળ લખ્યો હતો ને એ કાગળ દીવવાળા ફિરંગીના હાથમાં આવ્યો હતો. એક અંગ્રેજે લખ્યું છે કે બંને બાજુવાળા કાવાદાવા ચલાવતા પણ કોઇ પોતાનું ધાર્યું પાર પાડી શકતું નહોતું; સામ સામો શક અતિશે વધી જવાથી ઉતાવળમાં ફિરંગીઓએ તેને મારી નાખ્યો.

હતા ને માત્ર નામનાજ હતા; અમીરો માંહોમાંહે લડતા; લોકમાં ગેરબંદોબસ્ત તથા નાઉમેદી હતાં. ને ગૂજરાતે પાડોસના રાજ્યોમાં જે સર્વોપરી સત્તા મેળવી હતી તે તણે ખોઈ.

બહાદુરશાહના મરણ પછી અમીરોએ તેના ભત્રીજા મહમદશાહ આશીરને ગાદી આપી; એ થોડા વખતમાં મરી ગયો ને લતિફ્ખાનનો બેટો મહમદખાન અગિયાર વર્ષનો ગાદીએ બેઠો. રાજકારભાર દરિયાખાન તથા ઇમાદઉલ્મુલ્ક એ કરતા ને એ બે બાદશાહને સખત જાપતામાં રાખતા. દરિયાખાને ઇમાદુલ્મુલ્કને ખસેડી ગૂજરાતમાંથી કાઢયો ને પોતે પણ પછી મોજશોખમાં ગરક થયો. બાદશાહ પોતાના હાલથી નારાજ થયલો તેણે બાનું કીધું કે હું કંઇ રાજકાજમાં હાથ ઘાલનાર નથી ને સઘળો કારભાર આલમખાન લોધીને માથે પડયો. એણે લોભમાં પોતાની ધંધુકાની જાગીરમાં જઇ ત્યાંથી બાદશાહના કાલાવાલા કીધા ને બાદશાહ જાપતામાંથી સટકી જઇ આલમખાનને મળ્યો. બાદશાહ નાઠો તેથી ખીજવાઇને દરિયાખાને અહમદશાહના એક વંશજને મુજફ્ફરશાહ નામ રાખી ગાદીએ બેસાડયો ને તેના નામના સિક્કા પાડી ફોજ લેઇ ધંધુકા તરફ કૂચ કીધી. ધોળકાના પરગણાંમાં લડાઇ થઇ તેમાં આલમખાન તથા મહમદશાહ હાર્યા ને નાઠા; દરિયાખાને ધંધુકા લીધું પણ પછી તેની ફોજ તેને છોડી કેટલીક આલમખાનને ને કેટલીક મહમદશાહને મળી; એ બે એકઠા થઇ અમદાવાદ આવ્યા ને અહીં દરિયાખાન આગળથી આવેલો તે બરાનપુર નાઠો. તેનું કુટુંબ તથા દોલત ચાંપાને-રના કિલ્લામાં હતાં. બાદશાહે ચાંપાનેરનો કિલ્લો લીધો, ઇમાદઉલ્મુલ્કને બોલાવી તેને ભરૂચની જાગીર ને સૂરતનું બંદર એ આપ્યાં. પછી તેણે એક પક્ષી પકડનારઉપર ખુશ થઇ તેને મુહાફિઝખાનનો ખિતાબ આપી અમીર બનાવ્યો; એના કહ્યાથી બાદશાહે બે અમીરોને મરાવી નાખ્યા તેથી બીજા અમીરોએ મહેલને ઘેરો ઘાલી મુહાફિજખાનને માગ્યો પણ બાદશાહે આપ્યો નહિ; આલમખાને બાદશાહના દેખતાં પોતાના આદમીઓને સાન કરી મુહાફિઝને મરાવી નાખ્યો ને બાદશાહ આપઘાત કરતો હતો તેને જાપતામાં રાખ્યો. પછી આલમ તથા બીજા બે અમી-રોને ટંટો થયો; એઓએ બાદશાહને જાપતામાંથી ખસેડયો ને આલમખાન તથા તેના સંબંધીઓનાં ઘર લૂટયાં, આલમખાન દરિયાખાનને મળ્યો; એઓ લડતાં ફાવ્યા નહિ ને પછી દિલ્હીના બાદશાહને આસરે જઈ રહ્યા. બાદશાહે પોતાના બાપના વખતના વજીર અફઝલખાનને પોતાનો વજીર બનાવ્યો ને જો કે એ એકાંતવાસ રાખતો તોપણ અગતના કામમાં બાદશાહ તેની સલાહ લેતોજ. એની સલાહથી બાદશાહે માળવાની ફતેહ કરવી માડી વાળી; રજપૂતરાજા તથા જાગીરદારોને આપેલી જમીન પાછી લેવા માંડી એ ઉપરથી ઇડર, સિરોહી, ડુંગરપુર, વાંસવાડા, લુણાવાડા, રાજપીપળા, દોહદ ને મહીકાંઠાના સરદારો પોતાનાં થાણાં સાચવતાં બાદશાહના મુલખમાં ઉપદ્રવ કરતા થયા; બાદશાહે સિરોહી, ઈડર તથા બીજાં થાણાંને મજબૂત કીધાં ને હિંદુઓઉપર જુલમ કરવા માંડયો. એ બાદશાહની કારકીર્દિમાં સૂરતનો કિલ્લો ખુદાવંદખાને બાંધ્યો ફિરંગીઓ કવાદાવા કરતા તથા

સામા થતા તેઓએ. ૧૫૫૪માં બરહાન નામના નોકરે બાદશાહ ઊંઘતો હતો ત્યારે તેની છાતીમાં ખંજર માર્યો ને તેને નામે અમીરોને તેડાવી એઓને પણ મારી નાખી પોતે ગાદીએ બેસવાની તજવીજ કીધી, પણ કોઇ તેને સાથી થયું નહિ ને સાથી હતા તે પણ તેને છોડી ગયા. કેટલાક અમીરો તેની સામા થયા ને તે સામો લડવા જતો હતો તેવામાં શિરવાનખાને તેને મારી નાખ્યો.

બરહાન મૂઆપછી અમીરોએ અહમદશાહના એક વંશજને અહમદશાહ બીજો એ નામે ગાદી આપી; ને એ નાનો તેથી સઘળો કારભાર ઇતિમાદખાનને સોંપ્યો. ખાનદેશના મુબારકશાહે ગાદીનો દાવો કરેલો ને ઇતિમાદખાને સામા ફોજ મોકલેલી પણ પછી સમજુતીથી તે દાવો કરતો બંધ થયો. નાસિરઉલ્મુલ્કે કેટલાક અમીરોને પોતાના કરી લેઇ ઇતિમાદખાન તથા સૈયદ મુબારિકને લડાઇમાં હરાવી અમદાવાદ આવી સઘળો કારભાર હાથ કરી લીધો; પણ વળી કેટલાક અમીરોએ તેને છોડયો ને તે નાસતાં પાલના પહાડમાં મૂઓ. વળી અમીરની એક તુકડીએ શાહુ નામનો બાદશાહ ઉભો કીધો પણ લડાઇ ચાલી તેમાં શાહુ તથા તેના સાથી હાર્યા ને નાઠા પછી અમીરોએ માંહોમાંહે મુલખની વહેંચણી કરી લીધી:—

અહમદશાહના ખાનગી ખરચસારૂ.	અમદાવાદ ને દસક્રોઇ.
ઇતિમાદખાન તથા તેની ટોળી.	કડી, ઝાલાવાડ, પેટલાદ, નડિયાદ, ભીલ, રાધનપુર, સમી, મુંજપુર, ગોધરા, ને સોરઠદેશ.
સૈયદ મુબારક તથા તેની ટોળી.	પાટણ, ખંભાત, ચોરાસી, ધોળકા, ગોધા ને ધંધુકા, ચાંપાનેર સરનાલ, વાડાસિનોર ને કંપડવંજ.
ઇમાદ ઉલ્મુલ્કરૂમી તથા તેની ટોળી.	ભરૂચ, વડોદરા, સૂરત. (સુલતાનપુર તથા નંદુરબારની સરહદસૂધી).
બીજા અમીરો ઇતિમાદખાનના.	મોડાસા તથા બીજાં પરગણાં.

એ વખતઉપર વળી આલમખાન આવી પહોંચ્યો ને પછી પાછા અમીરોમાં ટંટા ચાલ્યા; ઇતિમાદખાને ખાનદેશના મુબારકશાહને ફોજસાથે બોલાવ્યો; પણ અમીરોએ મળીને ઠેરવ્યું કે [1]સુલતાનપુર તથા નંદુરબાર મુબારકશાહને આપવાં ને ઇતિમાદખાન પોતાને અસલ દરજ્જે રહે. અહમદશાહ જાપતામાંથી નાસીને સૈયદ મુબારકને મળ્યો; વળી દિલ્હીનો એક અમીર હાજીખાન ફોજસાથે પાટણ આવ્યો. પણ ઇતિમાદખાન તથા ઇમાદઉલ્મુલ્ક રૂમી એ બે જણને મુબારક ઉપર શક આવ્યો કે એણેજ બાદશાહને બોલાવી લીધો ને હાજીખાન્ તેને મળશે એ ઉપરથી તેઓએ લડાઇ કરી સૈયદ મુબારકને હરાવ્યો ને એ કપાઇ પડયો, ને એની જાગીર તેઓએ લેઇ લીધી પણ વળી ધોળકા તેના બેટા સૈયદ મિરાનને આપ્યું.

---

૧. એ બે પરગણાં ગયાં તે ફરીથી ગૂજરાતના થયાંજ નથી.

ફોજ તથા તે બે અમીર અમદાવાદ આવ્યા; અહીં તે બે વચ્ચે તૂટ પડી; રૂમીએ ભરૂચથી પોતાના બેટા ચંગીસખાનને બોલાવ્યો; ઇતિમાદખાને સોરઠથી તાતારખાન ઘોરીને બોલાવી રૂમીને હુકમ કીધો કે તું તારી જાગીરમાં જઇ રહે; એ ભરૂચ જઇ રહ્યો. સૂરતના લોકે પોતાના હાકેમ ખુદાવંદખાનના જુલમથી કંટાળી ઇમાદઉલ્મુલ્ક રૂમીને તેડયો ને એ ફોજ લેઇ સૂરત ગયો; પણ ખુદાવંદે તેને મેજબાનીમાં તેડી મારી નખાવ્યો. ચંગીઝે બાપનું વેર લેવાને સૂરતઉપર કૂચ કીધી પણ કિલ્લો બહુ જબરો તેથી તેણે મદદમાં ફિરંગીઓને દમ્મણ તથા સંજાણ એ બે[1] પરગણાં આપી દેઈ બોલાવ્યા; એઓએ પોતાનો કાફલો તાપીમાં આણ્યો, ખુદાવંદને તાબે થવાની જરૂર પડી ને ચંગીઝે તેનું ડોકું કાપી નાખ્યું. થોડીવાર પછી ચંગીઝે હબશીઓ સાથે લડાઇ કીધી પણ એઓ હારીને ઇતિમાદખાન પાસે ગયા ને એણે તેઓને જાગીર કરી આપી. ઇતિમાદખાને રાધનપુર તથા સમીના ફતેહખાન બલોચની મદદે ભરૂચમાં ચંગીઝખાનને ઘેરો ઘાલ્યો. તાતારખાન તથા બીજા અમીરોએ રખેને ઇતિમાદનું જોર બહુ વધી જાય તેથી સલાહને સારૂ કોશીશ કીધી પણ ન ફાવ્યા ત્યારે તાતારખાને ફોલાદીઓને લખ્યું કે તમે ફતેહખાન બલોચ ઉપર હુમલો કરો કે ઇતિમાદ ભરૂચનો ઘેરો ઉઠાવી પાછો વળે; ફોલાદીએ તેમ કીધું; ફતેહખાન રાધનપુર આગળ હારી ધુળકોટમાં ભરાયો ને ઇતિમાદખાન ભરૂચનો ઘેરો ઉઠાવી વહેલો વહેલો અમદાવાદ આવ્યો. અહીં બાદશાહ કુલ અખત્યાર મેળવવાની ખટપટ કરતો હતો તેને અટકાવવામાં ગૂંથાયો પણ પછી વાજીઉલ્મુલ્ક તથા રાજીઉલ્મુલ્ક એની સલાહથી ઇતિમાદખાને બાદશાહ અહમદ બીજાને મરાવી નાખ્યો (૧૫૬૦).

પછી ઇતિમાદખાન એક છોકરાને મુઝફ્ફરશાહ ત્રીજો એ નામે ગાદીપતિ ઠરાવી વેર લેવાને ફોલાદી ઉપર ફોજ લેઇ ગયો ; અમારો ફોલાદી ને મળી ગયા ને ઇતિમાદ અમદાવાદ આવ્યો. એણે બીજીવાર ફોલાદીને મારવાને પાટણ તરફ કૂચ કીધી પણ જોતાણા આગળ લડાઇ થઇ તેમાં તે હારીને અમદાવાદ આવ્યો. સૈયદ મિરાને વચમાં પડી સલાહ કરાવી પણ ઇતિમાદે ચંગીઝને મદદમાં બોલાવ્યો; એ આવ્યો પણ બીજા અમીરોની પેઠે પાછળ રહ્યો; વળી જેવામાં ઇતિમાદ પાટણ ઉપર જતો હતો તેવામાં મુસાખાન ફોલાદી મૂઓ ને ચંગીસે કહ્યું કે હવે દુખિયા લોક સાથે લડવું ઘટે નહિ ને પછી ઇતિમાદને અમદાવાદ આવવાની જરૂર પડી.

---

૧. દમ્મણનો કિલ્લો ૧૫૩૦માં ફિરંગીઓને હાથ આવ્યો ને આજુબાજુનો મુલખ ૧૫૫૮માં; ચગીઝે ૭૦૦ ગામ ૪૬ લાખનાં આપ્યાં હતાં. સંજાન જે જૂના વખતમાં સીંદન કહેવાતું હતું તે ઇ. સ. ૮૦૨ માં કોઇ મનસુર નામના મુસલમાન મુલ્લાએ લીધું હતું; બારમા શૈકામાં તે શહેરમાં માલની આવક જાવક મોટી હતી, તે સારૂં વસેલું હતું ને ત્યાંના લોક મેહનતુ, પૈસાદાર ને લડવૈયા હતા.

ઇતિમાદે સઘળા અમીરોને કંટાળો આપ્યો હતો, અહમદશાહને મરાવી નાખ્યો હતો ને ફોલાદી ઉપર વેર રાખતો હતો તેવા વખતમાં મિરઝાઓ[1] એઓને દિલ્હીના અકબરશાહ સાથે ટંટો થયો હતો તેઓ ગૂજરાતમાં આવ્યા; વળી મિરજા અશરાફુદ્દિન પણ આવ્યો; ને એ સહુ ચંઝીસને મળ્યા; એણે શેરખાન ફોલાદીને સમજાવ્યો ને પછી ચંઝીસ તથા ફોલાદી અમદાવાદ ઉપર ધસ્યા; લડાઇ થઇ તેમાં ઇતિમાદ હાર્યો, બાદશાહને લેઇ મોડાસા નાઠો અને ચંઝીસે અમદાવાદ લીધું. ફોલાદી સાબરમતી લગી ગયો ને ત્યાં કરાર પ્રમાણે મુલખની વહેંચણ કરી પાછો કડી આવ્યો; ઇતિમાદે ખાનદેશના શાહની આજીજી કીધી ને એ ફોજ લેઇ ગૂજરાત આવ્યો. ચંઝીસે ઇતિમાદને લખ્યું કે પાછો આવ; એણે મમુદાબાદ આવી સાંભળ્યું કે ખાનદેશના શાહની હાર થઇ ને પછી એ બાદશાહને લેઇ મોડાસા થઇ ડુંગરપુર ગયો. ચંઝીસખાન અમદાવાદમાં ને શેરખાન કડીમાં એમ રહ્યા. મોટા મોટા અમીર તથા હબશી ચંઝીસખાનને મળી ગયા; ને એણે શેરખાનને તાબે કરવાનું કીધું. એ પણ ધાસ્તીમાં હતોજ. એવું બન્યું કે બિજલીખાન હબશીની જાગીર ચંઝીસખાને લેઇ લીધી, ને પોતાની માની કરી. એ ઉપરથી તેણે આલફખાન તથા ઝઝારખાન એઓને સમજાવ્યા ને એ હબશી ખાનો ચંઝીસખાનને ચોગાન ખેલવા તેડી ગયા ને એકે તેને પોતાના ઘોડાસામું જોવાનું કહ્યું ને તે તેમ કરે છે તેટલામાં બીજાએ તેનું ડોકું કાપી નાખ્યું; પછી તે બેએ તેનું ઘર લૂટી લીધું. એ વખતે મિરઝાઓ દક્ષિણમાં ભરૂચ, વડોદરા ને ચાંપાનેર એનો કબજો કરી બેઠા. કડીથી શેરખાને આવી હબશી પાસે અમદાવાદ માગ્યું; એઓએ કોલકરારની ખટપટ જારી રાખી, છૂપી રીતે ઇતિમાદખાનને બોલાવ્યો ને એ મુજફ્ફર બાદશાહસાથે અમદાવાદ આવ્યો. એવું ઠરયું કે ચંઝીસખાનનો જેટલો મુલખ તેટલો ઇતિમાદ રાખે ને શેરખાનનો તેની પાસ રહે. પછી ઇતિમાદખાને તે બે હબશીઓથી કંટાળી રાજકાજથી છેટે રહેવા માંડયું; ચંઝીસની મિલકત વહેંચી લેતાં હબશીઓ લડયા; અલફખાન અમદાવાદ છોડી શેરખાનને મળ્યો ને એણે આવી અમદાવાદને ઘેરો ઘાલ્યો. ઇતિમાદે મિરઝાને બોલાવ્યો ને મિરઝા ઇબ્રાહિમ હુસેને ભરૂચથી નિકળી શેરખાનને સપડાવ્યો.

વળી ઇતિમાદે અકબરની મદદ માગી ને અકબર મિરઝાઓને ગૂજરાતમાંથી કાઢવાને બહાનું ખોળતોજ હતો તેણે તરતજ અમદાવાદને સારૂ કૂચ કરી ને ગૂજરાતના સ્વતંત્ર રાજ્યનો અંત આવ્યો.

ખંડ ત્રીજો.

મોગલ નવાબ.

દિલ્હીનો અકબર બાદશાહ.ડીસે આવ્યો કે ઇબ્રાહિમ મિરઝા પાછો વળ્યો; ને ફોલાદીની ફોજ

1 ખોરાસાનના શાહ મહમદ સુલતાન મીરઝાના બેટાના બેટાના બેટા હતા. તેઓને ત્યાંથી કાઢી મુકયા ત્યારે તેઓએ હિંદુસ્તાનમાં આસરો લીધો. એ પણ તૈમુરની પેઢીના સંબંધી માટે બાબરે ને પછી હુમાયુંએ તેઓને મોટી આબરૂમાં રાખ્યા હતા ને ટંટો થયા પહેલાં અકબર પણ બહુ આબરૂ આપતો.

વેરાઇ ગઇ. બાદશાહી ફોજ ફડી આવી ત્યારે ઇતિમાદખાન, ઇખત્યારખાન, આલફખાન, ઝુઝારખાન એઓ ત્યાં અકબરને મળ્યા; અકબરે આલફખાન તથા ઝુઝારખાન એ બેને કેદ કરી બીજા અમીરોની તારીફ કીધી. બાદશાહ અમદાવાદ આવ્યો, ૧૫૭૩ માં; અહીં ચંગ્રીસની માએ પોતાના બેટાને ઝુઝારખાને મારી નાખ્યો તેને સારૂ ઇનસાફ માગ્યો ને અકબરે હુકમ કીધો કે ઝુઝારખાનને હાથીના પગતળે નાખી દેવો. ઇખત્યારખાન લુણાવાડા જઇ ભરાયો ને બીજા અમીરો નાસી ન જાય માટે ઇતિમાદખાનના ઉપર જાપતો રાખ્યો. મિરઝા ઇબ્રાહિમ ભરૂચ ખાલી કરી હિંદુસ્તાન જતો રહ્યો, ને ભરૂચ તથા સૂરત બન્ને અકબરના હાથમાં આવ્યાં. શેરખાનનો બેટો મહમદખાન ઇડર જતો રહેલો તેણે આવી પાટણ લીધું ને ત્યાંના બાદશાહી હાકેમને કેદ કીધો; મિરઝા મહમ્મદ હુસેન ધંધુકા પાસે રાણપુરમાં હતો તે ને શેરખાન સોરઠમાં હતો તે મહમ્મદખાનને મળ્યા. અકબરની તરફથી મિરઝા આઝીઝ કોકલતાશ એ કેટલાક અમીરો સાથે સામો લડવા ગયો; ભારે લડાઇ થઇ તેમાં બાદશાહની તરફના ઘણાક અમીર કપાયા પણ આખરે મિરઝા આઝીઝ ફતેહમંદ થયો. શેરખાન સોરઠ નાઠો, મહમ્મદખાન ઇડરની ડુંગરીમાં ભરાયો ને મિરઝા ખાનદેશ તરફ ગયો.

ગૂજરાતની ફતેહ પૂરી કરી અકબર આગરે ગયો. ઇ સ. ૧૫૭૩ થી તે ૧૭૫૭ સૂધી ગૂજરાતમાં દિલ્હી દરબારના મોકલેલા અમલદારોએ રાજકારભાર કીધો; તેમાં ૧૩૪ વર્ષ સારો બંદોબસ્ત હતો ને પછીનાં ૫૦ વર્ષમાં સુબાઓની સત્તા ઘટતી ચાલી ને ગેરબંદોબસ્ત તથા બખેડા ઠેકાણે ઠેકાણે ફેલઇ રહ્યા જેથી મરેઠાઓએ અમદાવાદ લીધું (૧૭૫૭).

પ્રકરણ ૧ લું. ૧૫૭૩-૧૭૦૭.

અકબરે ગૂજરાત છોડતાં પહેલાં સઘળો રાજકારભાર મિરઝા આઝીઝ કોકલતાશને સોંપ્યો; તેમ પોતાને મદદ કરનારાઓને જાગીરો આપી; અમદાવાદ તથા બીજાં કેટલાંક પરગણાં આઝીઝને, પાટણનો પ્રદેશ ખાન કિલાનને, ભરૂચ કુતુબુદ્દિન મહમ્મદને અને ધોળકા, ખાનપુર ને સામી તે સૈયદ હામિદ તથા સૈયદ મહમૂદ બુખારીને. બાદશાહ ગયો કે તરત ઇખત્યારખાન તથા મહમ્મદખાન જેઓ ઇડરની ડુંગરીમાં ભરાયા હતા તેઓ બહાર આવ્યા ને એઓને અટકાવવાને આઝીઝ અહમદનગર ગયો. મિરઝા મહમ્મદ હૂસેને નંદુરબારથી આવી ભરૂચ લીધું ને ત્યાંથી તે ખંભાત ગયો. આઝીઝે સૈયદ હામિદ બુખારી, નવાબ નૌરંગખાન તથા બીજાઓને હુકમ કીધો કે તમારે કુતુબુદ્દિન મહમદખાનને મળી ખંભાતને ઘેરો ઘાલવો; પણ મિરઝા હૂસેન ત્યાંથી ખસી જઇ ઇખત્યારખાન તથા મહમ્મદખાનને મળ્યો. આઝીઝ અમદાવાદ ગયો પણ બંડખોરોએ શહેરને ઘેરો ઘાલ્યો; પણ કુતુબુદ્દિનખાન, સૈયદ મિરાન ને બીજા બાદશાહની તરફના તે અમદાવાદમાં દાખલ થઇ શક્યા. ઘેરો બે મહિના રહ્યો તેટલે તો અકબર ઉતાવળી કૂચ કરી અમદાવાદ આવ્યો ને એકદમ લડાઇ કરી દુશ્મનોને પૂરેપૂરા હરાવ્યા. મિરઝા મહમ્મદ

હુસેન તથા ઇખ્તયારખાન કપાઇ પડયા. અકબર અગિયાર દહાડા રહી પાછો આગરે ગયો આઝીઝે ૧૫૭૫ સૂધી ગૂજરાતની હાકમી કીધી પણ પછી બાદશાહ સાથે કંઇ વાંધો પડવાથી તેણે રાજીનામું આપ્યું ને અકબરે મિરઝાખાનને ગૂજરાતનો સુબેદાર નીમ્યો. એ પુખ્ત ઉમ્મરનો ન હોવાથી તેને સલાહ આપવાને બાદશાહે વઝીરખાનને રાખ્યો. મુલખ આબાદ નથી એવું સાંભળ્યું ત્યારે બાદશાહે જમીનની વસૂલાત નક્કી કરવાને રાજા તોડરમલને મોકલ્યો ને એણે પોતાનું કામ બુદ્ધિ વાપરી ઘણી સારી રીતે બજાવ્યું. ૧૫૭૫ થી સુબેદારથી ઉતરતો દિવાનનો દરજ્જો બાદશાહે નવો કાઢયો. દિવાન બધા દિવાની કામનો ઇનસાફ ચૂકવતો. પહેલો દિવાન વાજી ઉલ્મુલ્ક ગૂજરાતી હતો.

વઝીરખાને ફતેમંદિયે કામ ચલાવેલું નહિ તેથી ૧૫૭૭ ની આખરમાં માળવાવાળા શહાબુદ્દિન અહમદખાન ગૂજરાતનો સુબેદાર થયો. તેણે નવાં લશ્કરી થાણાં કીધાં ને જૂનાં હતાં તેને સમરાવ્યાં; જુનાગઢ લેવાને ફોજ મોકલી ને પોતે જમીનની ખરી માપણી તથા તે મુજબ વસૂલાત સંબંધી કામ કરવા માડયું; જુનાગઢ મોકલેલી ફોજની કોડીનાર આગળ ભારે હાર થઇ તેથી બાદશાહે શાહબુદ્દિનની જગાએ ઇતિમાદખાન ગૂજરાતીની નિમણુક કીધી, (૧૫૮૩).

એ વરસમાં નાસી ગયલો બાદશાહ મુઝફ્ફર પાછો ગૂજરાતમાં દેખાયો; પહેલો તે રાજપીપળામાં હતો ને પછી તે સોરઠમાં સરધારના પરગણામાં ખિડી ગામની પાસે લુણાકાઠીમાં આવી રહ્યો; વળી વઝીરખાની કહેવાતા સાતસેં આઠસેં મોગલને ઇતિમાદખાને નોકરીમાં રાખેલા નહિ તેઓ પણ મુઝફ્ફરશાહને મળ્યા; પછી એ તેઓની સાથે ત્રણ ચાર હજાર કાઠી ઘોડાંઓ લેઇ અમદાવાદ આવ્યો ને એનો નબળો બચાવ જોઇ થોડીકવાર લડીને શહેરનો કબજો કરી લીધો. ઇતિમાદ તથા શાહાબુદ્દિન બેઉએ મળી લડાઇ આપી પણ હારી જઇ સઘળો સરંજામ ગુમાવ્યો; વળી ફોજનો મોટો ભાગ પણ મુજફ્ફરશાહની તરફનો થઇ ગયો ને ઇતિમાદ પાટણ નાઠો. કુતુબુદ્દિ મહમ્મદખાન જે ખાનદેશની સરહદઉપર હતો તે વહેલો વહેલો વડોદરે ગયો; અહીં મુઝફ્ફરશાહ ફોજ લેઇ સામો આવ્યો; કુતુબુદ્દિને શહેરનો થોડીકવાર બચાવ કીધો; મુઝફ્ફરે તેના જાનની ખાતરી આપી કોલકરારને માટે પોતાની છાવણીમાં તેડયો પણ પછી તેને કેદ કરાવ્યો ને બીજે દહાડે તેને મરાવી નાખ્યો. ભરૂચનો કિલ્લો પણ ત્યાંના કિલ્લેદારોએ મુઝફ્ફરશાહને આપી દીધો.

ગૂજરાતમાં બંડ થયાની ખબર સાંભળી બાદશાહે મિરઝાખાન, જે ૧૫૭૫ માં સુબેદાર થઇ આવ્યો હતો તેને મોટી ફોજસાથે મોકલ્યો. એ ને મુઝફ્ફર વચ્ચે અમદાવાદ આગળ મોટી લડાઇ થઇ (૧૫૮૪) તેમાં મુઝફ્ફર હાર્યો ને રાજપીપળામાં ભરાયો; અહીં પણ તે લડાઇમાં હાર્યો ને પછી લૂણાકાઠીમાં જઇ રહ્યો. એ બે ફતેહ કીધી તેથી બાદશાહે મિરઝાખાનને ખાનખાનાન (ઉમરાવમાં મોટો) એ ખિતાબ આપ્યો. ભરૂચ તાબે થયું ને મુઝફ્ફર તે જુનાગઢના અમીનખાન ઘોરીને આસરે જઇ

રહ્યો. ખાનાન સોરઠમાં ગયો; નવાનગરના જામ તથા અમીનખાન એ બેએ વકીલ મોકલી જણાવ્યું કે અમે મુઝફ્ફરને આસરો નથી આપ્યો ને પછી ખાનખાનાને ઉપલેટા જઇ ત્યાંથી બરડાના પહાડ ખોળ્યા; પણ મુઝફ્ફર નવાનગર થઇ પાછો ગૂજરાતમાં દાખલ થયો; મુઝફ્ફર ત્રીજીવાર લડાઇમાં હાર્યો ને રાજપીપળામાં સંતાયો; ખાનખાનાને જામને સજા કરવાને એનાઉપર ચઢાઈ કીધી પણ એ તાબે થયો ને ખાનખાનાન હાથી તથા કેટલાક કિંમતી ઘોડા દંડમાં લેઇ પાછો અમદાવાદ આવ્યો.

૧૫૯૦ માં ખાનખાનાનને બાદશાહે પાછો બોલાવી લીધો ને ઇસ્માઇલ કુલીખાનને મોકલ્યો; થોડા મહિના પછી એની જગાએ મિરઝા આઝીઝ કોકાને બીજીવાર નિમ્યો. ૧૫૯૧ માં મુઝફ્ફર પાછો સોરઠ ગયો ને જામે મદદ કીધી; મિરઝા આઝીઝે સોરઠ જઇ લડાઇ કરી મુઝફ્ફરને હરાવ્યો; જામનો દિકરો તથા પ્રધાન કપાઇ પડયા ને મુઝફ્ફર, જામ તથા અમીનખાનનો બેટો એ નાસીને જુનાગઢના કિલ્લામાં ભરાયા. મિરઝાઆઝીઝે નવાનગર લૂટ્યું ને નૌરંગખાન તથા બીજા સરદારોને જુનાગઢ સામાં મોકલ્યા ને પાછળથી પોતે પણ ગયો; કિલ્લો લેવાયો નહિ ને આઝીઝ અમદાવાદ આવ્યો. સાત આઠ મહિના પછી વળી જુનાગઢઉપર કુચ કરીને નાસ ભાગ કરતા જામે ફોજ આપી તથા અનાજ પૂરૂં પાડયું તેથી આઝીઝે ત્રણ મહિના ઘેરો રાખી કિલ્લો સર કીધો.

ખબર આવી કે મુઝફ્ફર દ્વારકામાં છે એટલે આઝીઝે નૌરંગખાનને ત્યાં મોકલ્યો; મુઝફ્ફર નાસીને કચ્છ ગયો; અહીંના ખેંગારે મુઝફ્ફરને પકડી એને ખોળતી ફોજને હવાલે કીધો; એ ફોજ કેદીને લેઇ ઉતાવળી મોરબી આવતી હતી તેવામાં ધ્રોળ આગળ પિશાબને બાને થોડેક છેટે જઇ મુઝફ્ફરે અસ્તરાવડે પોતાનું ગળું કાપી નાખ્યું (૧૫૯૧-૯૨); આઝીઝે તેનું માથું બાદશાહને મોકલ્યું. આઝીઝને બાદશાહે બોલાવેલો પણ ફિરંગીઓને નરમ કરવાની મરજી છે એવું તેણે બાનું બતાવ્યું પણ અંદરખાનેથી તેનો વિચાર મક્કે હજ્જ કરવા જવાનો હતો ને તે ફિરંગીઓ પાસેથી જરૂરની રજા લેઇ ૧૫૯૨ માં વેરાવળથી નિકળ્યો.

આઝીઝના જવાથી ગુસ્સે થયલા બાદશાહે સુલતાન મુરાદબખ્તને તેની જગોએ ઠેરવ્યો. ૧૫૯૩-૪માં આઝીઝ પાછો આવ્યો ને બાદશાહને મળ્યો. બીજે વર્ષે મુરાદબખ્તને દક્ષિણમાં જવું પડયું તેથી સુરજસિંગ તેનો નાયબ થઇ ગૂજરાતમાં રહ્યો; એણે મુઝફ્ફરના બેટા બહાદુરે બંડ ઉઠાવેલું તે બેસાડયું. ૧૬૦૦માં સુલતાન મુરાદ મરી જવાથી મિરઝા આઝીઝ ને ત્રીજીવાર સુબેદાર ઠેરવ્યો ને એણે પોતાના નાયબ શમ્સુદ્દિન હૂસેનને અમદાવાદ મોકલ્યો; ૧૬૦૨માં આઝીઝે પોતાના વડા બેટાને અમદાવાદનો તથા બીજા બેટાને જુનાગઢનો કારભાર આપ્યો ને સૈયદ બયાઝિદને દિવાન કીધો.

૧૬૦૫ માં અકબરશાહના મરણ પછી જહાંગીરશાહ ગાદીએ બેઠેલા તેણે કલિજખાનને નિમ્યો પણ એણે ગૂજરાતમાં ન આવતાં મિરઝા આઝીઝને કામ કરવા દીધું. ૧૬૦૬ માં મિરઝા

બાહોરની સુબેદારી પર ગયો ત્યારે સૈયદ મુરતઝાખાન બુખારી ગૂજરાતનો સુબેદાર ઠર્યો; એણે કડીનો કિલ્લો સમરાવ્યો; એની કારકીર્દીમાં બખેડા થયલા તે બેસાડવાને રાજા તોડરમલનો દિકરો રાય ગોપીનાથ તથા જોધપુરનો રાજા સૂરસિંગ એઓ બાદશાહના હુકમથી ગૂજરાત આવ્યા. એઓએ બેલપાડના[1] કલ્યાણને હરાવી કેદ કીધો પણ માંડવાના[2] સરદારે તેઓને હરાવ્યા ને તેઓ અમદાવાદ આવ્યા. ફોજને હુકમ મળેથી ગોપીનાથે માંડવાવાળાને પકડ્યો ને કાંકરેજના તાલ્લુકાની કોળીઓને સપડાવ્યા.

૧૬૦૯ માં વળી મિરઝા સુબેદાર ઠર્યો; એ બાદશાહના હુકમથી દરબાર હજુરમાંજ રહ્યો પણ તેણે પોતાની તરફથી પોતાના બેટા જાંહગીર કુલીખાનને ગૂજરાત મોકલ્યો. એ વરસમાં નિઝામશાહની દરબારનો અમીર ને દૌલતાબાદનો હાકેમ એ પચાસ હજાર ઘોડાં સાથે આવી સૂરત તથા વડોદરૂં એ બે શહેર લૂટી ગયો. હવે પછી તેવું ન થાય તેનેવાસ્તે પચીસ હજાર ફોજ રામનગરમાં (ધરમપુરમાં) ચાર વર્ષ સૂધી રાખવામાં આવેલી તે આ પ્રમાણે એકઠી કરી હતી.

અમદાવાદના સુબાનાં	...૪૦૦૦ માણુસ.
તેની કચેરીના અમીરોનાં	...૫૦૦૦ „
સાલર તથા મુલ્હેર (બાગલાણ) રાજાનાં	...૩૦૦૦ „
કછના રાજાના કુવરનાં	...૨૫૦૦ „
નવાનગરના જામનાં	...૨૫૦૦ „
ઇડરના રાવનાં	...૨૦૦૦ „
ડુંગરપુર તથા વાંસવાડાનાં રાજાનાં બે બેહજાર મળી	...૪૦૦૦ „
રામનગરના રાજાનાં	...૧૦૦૦ „
રાજપીપલાના રાજાનાં	...૧૦૦૦ „
અલીરાજપુરના સરદારનાં	... ૩૦૦ „
મોહનના સરદારના (છોટા ઉદેપુરની જૂની રાજધાની)	... ૩૫૦ „
	એકંદર ૨૫૬૫૦ માણુસો

(૧) બેલપાડ, રેવાકાંઠામાં ઉમેટાના ઠાકોરનું ગામ.

(૨) માંડવા, કપડવંજની પાસે ગાયકવાડ અતરસુંબા પરગણું છે તે ગામ હોય કે પછી રેવાકાંઠાનું ગામ હોય.

B 524—00

૧૬૧૧ માં[1] અબદુલ્લાખાન બહાદુર ફિરોઝજંગ એ સુબો થઇ આવ્યો તેને દક્ષિણમાં ફોજ લેઇ જવાનો હુકમ મળ્યો. એ ગયો પણ કંઈ ન વળેથી પાછો આવ્યો પણ વળી બીજીવાર શાહજહાન સાથે તે ગયો;. એ ચઢાઇમાં ફતેહ થઇ ને મલિક અંબર સિવાય બીજા બધા અમીરો તાબે થયા. પછી મુકરબખાન સુબો થયો. એ વખત બાદશાહ જાહાંગીર દોહદના જંગલમાં હાથીનો શિકાર કરવાને ગૂજરાત આવ્યો—ખંભાત થઇ અમદાવાદ ગયો; અહીંની[2] હવા માફક ન આવેથી તે મહીકાંઠે રહ્યો; અહીં નવાનગરના જામે આશી ૫૦ કચ્છી ઘોડાનું નજરાણું આપ્યું. બાદશાહ અમદાવાદ ગયો ત્યારે ત્યાં તેને કછના રાય ભારાએ ૧૦૦ ઘોડા ૧૦૦ અશરફી[3] ને બે હજાર રૂપીઆ નજર કર્યા; એ રાય નેવું વરશનો હતો ને જેણે આગળ કોઇપણ બાદશાહને માન આપ્યું નહોતું તેથી બાદશાહે ખુશ થઇ પોતાનો ઘોડો, હાથી હાથણીનું જોડું, એક કટારી, હીરાની મુઠવાળી એક તલવાર ને કિમતી હીરાની ચાર વીટી એટલું બક્ષીસ તેને સામું આપ્યું. પછી તે પાછો આગરે ગયો.

બાદશાહે ગૂજરાત છોડતી વખત શાહજહાનને ગૂજરાતનો સૂબો સોંપ્યો ને મહમ્મદ સફી દિવાન હતોજ. શાહજહાનને ઉજ્જનમાં રહેવું પસંદ હતું તેથી તેણે રૂસ્તમખાનને ને પછી રાજા વિક્રમા જિતને પોતાનો નાયબ કીધો. ૧૬૨૨-૨૩ માં શાહજહાને બળવો ઉઠાવ્યો ને લડાઇયો થઇ તેમાં એકમાં રાજા વિક્રમાજિત કપાઇ પડયો; શાહજહાને અમદાવાદમાં શાહીબાગ બંધાવ્યો. શહાજહાનનો બળવો હતો તેવામાં બાદશાહે સુલતાન દાવરબક્ષને સુબેદાર (૧૬ મો) કીધો. શાહજહાન માળવામાં માંડુમાં હતો તેણે પોતાની તરફથી ફિરોઝ જંગને નાયબ દિવાન ને અબદુલ્લાખાનને દિવાન કીધો. એ દિવાને સઘળી દોલત શાહ જહાનને મોકલવાની તજવીજ ચલાવી પણ મહમ્મદ સફીએ શાહજહાનની ટોળીવાળાને પકડયા તેમાં અબદુલ્લાખાન પણ હતો. એ ખબર માંડુ ગઇ કે શહાજહાને ફિરોઝ જંગને ફોજ સાથે મોકલ્યો પણ મહમ્મદ સફીએ તેને હરાવી પાછો વાળ્યો મહમ્મદ સફીને સૈફખાનનો ખિતાબ મળ્યો ને પગાર સાતસેંનો હતો તે

---

૧. એ વરસમાં અંગ્રજ ઇસ્ટઇંડિયા કંપનીએ સૂરત સાથે વેપાર કરવાને વહાણો મોકલ્યાં (૧૬૦૮ માં કપતાન હોકિન્સે નવાબની પરવાનગીથી કેટલોક માલ સૂરતમાં વેચ્યો હતો); ફિરંગીઓ હથિયારે સામાં થયા પણ હારયા. ૧૬૧૨-૧૩ અંગ્રેજે સૂરતમાં કોઠી ઘાલી ને તેની સંભાળને માટે ૧૬૧૪ માં વહાણેનો કાફલો પણ તાપીમાં રાખ્યો. ૧૬૧૫ માં સર ટામસ રોએ જહાંગીર બાદશાહનો પરવાનો મેળવ્યો કોઠીઓ ઘાલવાનો માત્ર સૂરતમાંજ નહિ પણ ભરૂચ, ખંભાત ને ગોઘામાં. પહેલી કોઠી ગોઘામાં ૧૬૧૩ માં ઘાલી હશે એમ જણાય છે. વલંદાએ સૂરતમાં કોઠી ઘાલી તે ૧૬૧૮ માં.

૨. જાહાંગીરને અમદાવાદ પસંદ ન પડવાથી તેને આ નામ આપ્યાં હતાં—ગર્દાબાદ, સમૂમિસ્તાન, બિમારિસ્તાન, ઝકુમદાર, જહાનમાંબાદ વગેરે.

૩. અશરફી સુનાનો સિક્કો દશ રૂપીઆનો. મહમૂદી અડધો રૂપીઓ કે દશ આનાનો.

ત્રણ હજારનો થયા; વળી ૩૦૦૦ ઘોડાંની સરદારી મળી. તેટલે દાવરબક્ષ તથા ખાનઆઝમ મિરઝાઆઝિઝ આવી પહોંચ્યા; ખાન આઝેમ ૧૬૨૪ માં મરણ પામ્યો; સુલતાન દાવરને પાછો બોલાવવામાં આવ્યો ને ખાન જહાનને નાયબ ઠેરવ્યો; એ ગૂજરાત આવ્યો કે એને શાહજહાને પોતાની નોકરીમાં રાખી પોતાના વકીલ દાખલ બાદશાહ પાસે મોકલ્યો. સૈફખાને બાદશાહ મરણ પામ્યો ત્યાં લગી (૧૬૨૪–૨૭) કુલ અખત્યારથી ગૂજરાતનો રાજકારભાર કીધો. એ ગજરાતનો ૧૭ મો સુબો ગણાય.

જહાંગીરશાહ પછી શાહજહાન બાદશાહ થયો. તેણે સૈફખાનને કેદ કરાવ્યો ને શેરખાન તૂરને ગૂજરાતનો સુબો કીધો. ૧૬૨૭માં બાદશાહ અમદાવાદ આવ્યો ને કાંકરીઆ તળાવ પાસે છાવણી રાખી. શેરખાનને ૫ હજાર માણસની ફોજનો સરદાર બનાવી પગાર વધારી કેટલુંક બક્ષીસ આપ્યું. ૧૬૨૮માં ખોજા અબદુલ હસને બાદશાહના હુકમથી નાશકનો મુલખ ઉજાજડ વાળ્યો, આંદાદનો કિલ્લો લીધો ને બાગલાણના હાકેમ પાસેથી ખંડણી લીધી. ૧૬૩૦માં જમાલ ખાન કરાવલે ગૂજરાત ખાનદેશની સરહદપર આવી સુલતાનપુરના જંગલમાંથી ૧૩૦ હાથી પકડયા ને તેમાંના ૭૦ દિલ્હી મોકલી દીધા. ૧૬૩૧–૩૨માં ગૂજરાતમાં મોટો દુકાળ પડયો જે સત્યાસીઓ સંવત ૧૬૮૭) કહેવાય છે.

શેરખાનને પાછો બોલાવ્યો પણ તેટલામાં તે મરી ગયો (૧૬૩૨) ને ઇસલામખાન સુબો થઇ આવ્યો તેને ચાર હજારનો પગાર હતો ને તે પાંચ હજારનો સરદાર હતો પણ નજરાણું મોકલ્યાથી તેને છ હજારનો સરદાર બનાવવામાં આવ્યો. નજરાણુંથી દરજ્જો મળતો થયો કે રાજ્યની હાક નરમ પડી. કાંકરેજના કોળીઓ લૂટ ચોરી કરતા થયા ને નવાનગરના જામે ખંડણી આપવી બંધ કીધી. બાકરખાને નજરાણું આપી સુબો લીધો; ૧૬૩૩માં સિપાહદારખાન ને ૧૬૩૫માં સૈફખાન એ થયા. એ વર્ષની આખરમાં આઝમખાન ગૂજરાતનો સુબો થયો. એ સિદ્ધપુર પહોંચ્યો કે વેપારીઓએ ફરિઆદ કીધી કે ચુંવાળનો કાનજી કોળી ઉઘાડે છોક માલ લૂટી લેછે. તે ઉપરથી તેણે તે કોળી પછવાડે દોડ કરી; એણે તાબે થઇ દશ હજાર રૂપીઆ હરસાલ ખંડણી આપવી કબૂલ કીધી; આઝમખાને કોળીના મુલખમાં બે કિલ્લા બાંધી ત્યાં ગામ વસાવ્યાં આઝમાબાદ ને ખલીલાબાદ. પછી તેણે કાઠીઆવાડ જઇ કાઠીઓ ધંધુકાની પાસેનો મુલખ ઉજાજડ કરતા તેઓનો બંદોબસ્ત કીધો, ને ચુડા રાણપુરની પાસે શાહપુરનું થાણું બંધાવ્યું. આગાઅફ્જલ ફાજલખાન જે એક વખત દિવાન હતો તે ૧૬૩૬માં વડોદરાનો હાકેમ થયો હતો તે, ખાસ ઘોડેસ્વારની ફોજ જે શાહજાદા ઔરંગઝેબની હજુરમાં રહેતી તેનો સરદાર બનાવ્યો; પીરમહમ્મદ સાબરને દિવાન બનાવ્યો ને ૧૬૩૮માં મોઇઝ ઉલ્મુલ્કને ફરીથી સૂરતની કિલ્લેદારીપર નિમ્યો. આઝમખાન બાદશાહનો માનીતો થયો; તેની બેટીની શાદી શાહજાદા મહમ્મદ સૂજા બહાદુર સાથે થઇ. ૧૬૩૯માં આઝમે કોળી તથા કાઠીના મુલખમાં નવાં થાણાં કરી ઝાલોર, કાઠિયાવાડ-

નવાનગર ને કચ્છમાં મુસાફરી કરનારા લોકનો લૂટાવાનો ભય મટાડયો. પણ જામે ૧૬૪૦માં ખંડણી આપવી બંધ કરી કોરી નામના સિક્કા પાડવા માંડયા. એ સાંભળી આઝમખાને નવાનગર જઇ જામને ખૂબ સપડાવ્યો ને હુકમ કીધો કે ચઢેલી ખંડણી આપી દે ને સિક્કા પાડવા બંધ રાખ. તેણી તરફના મુલખમાં કંઇ ગરબડ થાય તો તારે તારા બેટાને અમદાવાદ મોકલી હકીકત જણાવવી, ને ગૂજરાતના કોઇ પણ ભાગમાંથી નાશી તારા મુલખમાં આવે તેને તરત કાઢી મુકવા; એ સઘળું જામે કબૂલ કીધું, ચઢેલી ખંડણી આપી ને આઝમખાન અમદાવાદ આવ્યો.

એ મુજબ આઝમખાને બંદોબસ્ત કીધો પણ તેથી તેને દુશ્મન બહુ થયા ને એઓએ કાચા કાનના બાદશાહને ભંભેર્યો ને એણે તેને જાતે હુકમ લખી બોલાવ્યો ને સોરઠના મિરઝા ઇસા તરખાનને કારભાર સોંપ્યો. એણે વસૂલના કામમાં મન ઘાલ્યું ને ભાગવટાઇનો ધારો નવો દાખલ કરી તે રીતે સરકારનું વસૂલ લેવા માંડ્યું. ૧૬૪૪માં બાદશાહે શાહજાદા ઔરંગઝેબને કારભાર આપ્યો.

એની કારકીર્દીમાં (૧૬૪૪-૪૬) ધરમ સંબંધી ઝઘડા ચાલ્યા; હિંદુ ને મુસલમાન વચ્ચે ટંટો થયો તેમાં શાહજાદાના હુકમથી સરસપુર પાસે ચિંતામણનું દેરૂં હતું તે ભાંગી નાંખવામાં આવ્યું; મુસલમાનોમાં બે તડાં હતાં ને બહુ બખેડો મચતો. એ ઉપરથી બાદશાહે શૈસ્તખાનને નિમ્યો; ૧૬૪૮માં એને માળવે મોકલી શાહજાદા દારાશેકોને ગૂજરાત આપ્યું; વળી ૧૬૫૨માં શૈસ્તખાન બીજી વાર ગૂજરાતમાં આવ્યો. બીજે વર્ષે બાદશાહનો હુકમ આવ્યો કે ફોજના ઘોડેસ્વારનો તથા બીજા ઘોડેસ્વારોના પગારમાં ઘટાડો કરવો તે ઉપરથી તેઓ બેદિલ થઇ બખેડા કરતા થયા; તે વરસમાં અમલદારોની પણ બદલાબદલી બહુ કરવામાં આવી; કોળીઓ આઝમખાન ગયા પછી અમદાબાદ, ધોળકા, કડી, વીરગામ એ ગામોમાં લૂટ કરતા હતા તેનો શૈસ્તખાને બંદોબસ્ત કીધો.

૧૬૫૪ માં શાહજાદો મોરાદબક્ષ નિમાયો. એ જાણુએ આવ્યો કે ત્યાંના સરદારે પંદર હજાર રૂપીઆ ખંડણી દાખલ આપ્યા; ને અમદાવાદ પહોંચ્યો કે કાનજી કોળી પણ દશ હજારની ખંડણી આપવી કબુલ કરી તાબે થયો. એ શાહજાદાને જુનાગઢ પરગણાની જાગીર મળી; એની કારકીર્દીમાં પણ ફેરબદલી બહુ થઈ. ૧૬૫૭ માં બાદશાહની બીમારી છેક વધી ગઇ છે એવું સાંભળી મોરાદે એકદમ પોતાને બાદશાહ કહેવડાવ્યું; દિવાન અલી નકીને મારી નખાવ્યો. ને સૂરતના હાકેમ તથા કુડસી બેગમ એઓની મીલમતા લૂટી લેવાને પોતાના આદમીઓને હુકમ આપ્યો પછી તેણે સતીદાસ ઝવેરીના દીકરાઓ પાસેથી સાડાપાંચ લાખ રૂપીઆ કરજે લીધા; સતીદાસના ભાગીઆ રોહીદાસ પાસેથી ૪૦ હજાર ને સાનમળ તથા બીજાઓ પાસેથી ૮૮ હજાર લીધા; એ રૂપીઆથી તેણે ફોજ ઉભી કીધી અને પોતાના ભાઇ ઔરંગઝેબસાથે મળી જોધપુરના જસવંતસીંગ સામા તથા કાસમખાન સામા લડાઇ કરી. એ બેમાંના એકને માળવાનો ને બીજાને ગૂજરાતનો

સુબો શાહજહાંને આપ્યો હતો ને બંનેએ સાથે મળી શાહજાદાઓ સામે લડવું એવો તેનો હુકમ હતો. મોરાદ તથા ઔરંગઝેબ એ બેએ ૧૬૫૮ ની શરૂઆતમાં જસવંતસિંગ સામા લડાઇ કરી જીત મેળવી ને ઉજ્જન લીધું. અહીંથી મોરાદે હુકમ લખ્યો કે સૌથી પહેલાં માણેકચંદને દોઢ લાખ સૂરતની ઉપજમાંથી, ૧ લાખ ખંભાતથી, ૧ લાખ પેટલાદથી, પોણો લાખ ધોળકેથી, પચાસ હજાર ભરૂચથી, પીસતાળીસ હજાર વિરમગામથી ને ૩૦ હજાર મીઠાની ઉપજમાંથી મળીને સાડા પાંચ લાખ આપી દેવા; તે હુકમમાં રોહીદાસ અને સાનમળ વગેરેનું દેવું પણ લખ્યું હતું. પછી, શાહજાદા આગરા આગળ દારાશેકોની સરદારી વાળી બાદશાહી ફોજ સામા ભારે લડાઇ કરીને આખરે જીત્યા પાણ મોરાદ સારી પેઠે ઘવાયો. દારા દિલ્હી નાઠો ને તે શાહજાદાઓએ આગરા કબજ કીધું; ત્યાં ઔરંગઝેબે પોતાના બાપને કેદ કીધો ને પછી મથુરા ગયો; અહીં તેણે મોરાદને પકડી કેદ કીધો; ને પછી તે દિલ્હી ગયો જ્યાંથી દારા ખસીને લાહોર ગયો હતો.

૧૬૫૮ માં ઔરંગઝેબ બાપ જીવતો છતે પોતાને બાદશાહ કહેવડાવી ગાદીએ બેઠો ને ૧૬૫૯ માં શાહ નવાઝખાન સફાવીને ગૂજરાતનો સુબેદાર ઠેરવ્યો. શાહ નવાઝખાન તે ઔરંગઝેબ તથા મોરાદનો સસરો હતો; એવું બન્યું કે જેવામાં મોરાદની ઓરત પોતાના બાપને મળવા આવેલી તેવામાં દારા જે કછના રાવને મળી પાછો આવતો હતો તે ગૂજરાતઉપર ઉતર્યો; બેટીએ બાપને સમજાવ્યો કે દારાની ફતેહ થશે તો મારા ખાવંદનો છુટકારો થશે ને પછી નવાઝખાન દારાને મળી ગયો; દારાએ અમદવાદ આવી ફોજ ઉભી કીધી ને સૈયદ આહમદને પોતાનો નાયબ બનાવ્યો; પછી તે અજમેર ગયો પણ હાર્યો ને અમદાવાદ લગી પાછો આવ્યો પણ અહીં સરદારખાને સૈયદ આહમદને કેદ કરી શહેરના દરવાજા બંધ કીધા; નાઉમેદ થઇ દારા કછ ગયો પણ ત્યાંથી મદદ ન મળી ને ત્યાંથી સિંધ નાઠો પણ ત્યાં જુનના સરદારે તેને દગાથી પકડી ઔરંગઝેબને આપી દીધો. બાદશાહે જસવંતસિંગને માફ કરી ગૂજરાતનો સુબો તેને આપ્યો, સરદારખાનનું એહસાન કબૂલ કીધું; સોરઠના હાકેમને ને કછના રાવને બક્ષીસ આપી. એ કામોથી આખા ગૂજરાતમાં બેદિલી ફેલાઇ હતી તે જતી રહી.

૧૬૬૨ જસવંતસિંગને હુકમ મળ્યો કે તેણે કુતબુદીનને ગૂજરાત સોંપી શિવાજી સામાં જવું; પછી મહાબતખાનને ગૂજરાતનો સુબો કીધો. ૧૬૬૩ માં ભરૂચના સરદારખાનને ઇડર તરફ થયેલો બખેડો બેસાડવા મોકલ્યો. ૧૬૬૪ માં નવાનગરનો રણમલજી મરી ગયેલો ને લાખા નામના એક ખોટા બાળકને ગાદીએ બેસાડવાની તજવીજ થએલી પણ રણમલનો ભાઇ રાયસિંગ કછનો રાવ તથા બીજા જાડેજા એઓની મદદથી ગાદીએ બેઠો; લાખાની તરફનાએ સુબેદારની મદદ માંગી ને કુતબુદ્દિને જઇ લડાઇમાં રાયસિંગને હરાવી કાપી નાંખી નવાનગર લીધું ને નામ બદલી ઇસલામનગર પાડ્યું. એજ સાલમાં કોઇ બલોચે હું દારાશેકો છું એમ કહી કોળીઓને મળી મોટો બખેડો મચાવ્યો પણ મહાબતખાને તે દાબી નાંખ્યો ને પછી બે નવાં લસ્કરી થાણાં

બધાવ્યાં: એક ખંભાતના તાબામાં ગાજનાનું ને બીજું પેટલાદના તાબામાં બેલપાડમાં. એ વખતે શેરખાન બાબીને સાતસો માણસોસાથે ચૂંવાળના ડૂડા કોળી સામાં મોકલવામાં આવ્યો હતો. વળી તેજ સાલમાં શિવાજી આવી સૂરત લૂટી લેઇ ગયો તેથી આખા ગૂજરાતમાં ગભરાટ થઇ રહ્યો ને મહાબતખાન ઘણાક સરદાર સાથે સૂરત આવ્યો. સાણંદનો જાગીરદાર જગમાલ, ધોળકાનો હાકેમ, ઇડરનો શાદીમળ અને સૈયદ હસનખાન, કડીના બસ મોટા જાગીરદાર સાથે મહમ્મદ અબીદ, ડુંગરપુરનો રાજા, વઢવાણનો સબળસિંગ, ઝાલાવાડના સરદારો, માંડવાડનો લાલ કલ્યાણ, અહમદનગર તાબાના એલાલનો હાકમ, હલદરવાસનો પ્રથીરાજ ને બેલપાડનો હોકમ એઓ સરત ગયા ત્યારે શિવાજી આવી ગયાની કાંઇએ નિશાની મળી નહિ ને મહાબતખાન ત્રણ મહિના ત્યાં રહી તેણી તરફના જમીનદારો પાસેથી ખંડણી લઇ પાછો અમદાવાદ આવ્યો; પણ તેના હુકમથી ઇનાયતખાને સૂરતને ફરતો કોટ બંધાવ્યો. સોરઠના કુતબુદ્દીન ખાનને દક્ષિણ મોકલવામાં આવ્યો જસવંતસિંગની મદદે રહેવાને; તેની જગોએ સરદારખાનને નિમ્યો. વળી ૧૬૬૬ માં શિવાજીએ આવી સૂરત લુટ્યું. ને તેજ સાલમાં શાહજહાન પણ મરણ પામ્યો; તેજ સાલમાં મહબતખાને ગૂજરાતમાં જૂના લોઢાના સિક્કા ચાલતા તે કાઢી તાંબાના સિક્કાનું ચલણ ચલાવ્યું. જુનાગઢના સરદારખાનના તાબામાં ઇસલામનગર પણ આવ્યું ને પાંચસેં ઘોડાં વધારે આવ્યાં.

૧૬૬૮ માં અલાહબાદનો સુબેદાર બહાદુરખાન ખાનજહાન તે ગૂજરાતમાં નિમાયો. તે ૧૬૬૯માં ગૂજરાત આવ્યો ને વળી ૧૬૭૦માં ત્રીજીવાર શિવાજીએ સૂરત લૂટ્યું. સૈયદ દિલેરખાન જે જસવતસિંગ સાથે દક્ષિણ ગયો હતો તેને બાદશાહે પાછો બોલાવી જુનાગઢ મોકલ્યો ને સરદારખાનને ઇડર મોકલ્યો; દિલેરખાનને દક્ષિણ ને સરદારખાનને સોરઠ મોકલવામાં આવ્યા.

૧૬૭૧માં બહાદુરખાન દક્ષિણ ગયો ને જસવંતસિંગે બીજીવાર ગૂજરાતમાં આવી ધંધુકા તથા પેટલાદનાં પરગણાંની જાગીર મેળવી. જસવંતસિંગની ભલામણ ઉપરથી બાદશાહે રાયસિંગના દીકરા જામ તમાચીને નવાનગરની ગાદી પાછી આપી (૧૬૭૩) ને હલારમાં જાડેજાનાં પચ્ચીસ પરગણાં તે પણ તેના હવાલામાં આપ્યાં; તોપણ બાદશાહ જીવ્યો ત્યાંસૂધી નવાનગર મુસલમાન અમીરનાજ હાથમાં હતું. જામ તો નવાનગરથી ૩૦ મૈલ દૂર ખંભાળીઆ છે ત્યાંજ રહેતો. પણ ઔરંગઝેબ મૂઆ પછી જામને નવાનગરમાં રહેવાની પરવાનગી મળી; તેમ ઔરંગઝેબ જીવ્યો ત્યાં લગી કચ્છના અખાતમાં મોતીની કાલુઓ જામે કઢાવી નહિ પણ પછી તેણે તે પેદાશ પોતાની ચાલતી કરી.

૧૬૭૪માં જસવંતસિંગ કાબલ ગયો, ને મહમ્મદ આમિનખાન ઉમદત ઉલમુલ્ક ગૂજરાત આવ્યો; એને પાટણ તથા વિરગામનાં પરગણાંની જાગીર મળી. એની કારકીર્દીમાં સાદરાનો કિલ્લો નવો બંધાયો; શેરખાન બાબીનો એક બેટો કડીનો હાકેમ ને એક બેટો કડી તાબાનો એક થાણદાર થયો; જુનાગઢનો કિલ્લો સમરાવવામાં આવ્યો (૧૬૭૬); એજ સાલમાં

કાંકરેજના કોળીઓ તોફાની થએલા તેને તાબે કરવામાં આવ્યા. ૧૬૭૮ માં સુબેદારને હુકમ થયો કે તેણે અજમેરમાં બાદશાહને મળવું ને એજ વરસમાં વિસલનગરનું નામ બદલાઇ રસુલ નગર થયું.

ઉદેપુરના રાણાના નાના કુંવર ભીમસીંગે ગૂજરાતમાં ઉતરી વડનગર, અહમદનગર, ને બીજા કેટલાંક શહેર ગામ લૂટયાં ને ઇડરના રાવે મુસલમાન ફોજને હાંકી મેલી, મહમદ અમીનખાને તથા મહમદ બહલોલખાને ઇડર પાછું લીધું; બહલોલખાન ઇડર સંભાળવાને નિમાયો; ને ૧૬૮૩માં મહમદ આલીનખાન મરણ પામ્યો.

પછી મુખ્તારખાન થયો. સોરઠનો સરદારખાન જે સિંધનો સુબેદાર થએલો તે ૧૬૮૫માં મરણ પામ્યો; ૧૬૮૬માં ગૂજરાતમાં મોટો દુકાળ પડયો ને તેજ સાલમાં મુખ્તારખાન મૂઓ.

પછી શાહજાદો મહમ્મદ આઝમશાહ સુબેદારીપર આવ્યો ને સોરઠનો હાકેમ કારતલબખાન નાયબ નિમાયો, પણ વળી તરતજ કારતલબખાન સુબેદાર થયો; ૧૬૮૯ માં જોધપુરનો હાકેમ ઇનાયતખાન મરી ગયેથી ત્યાંના કામનો બંદોબસ્ત કરવાને કારતલબખાન ત્યાં ગયો; એ ગયો કે બમ ફેલાઇ કે હવે નવો સુબેદાર આવે છે ને ફોજનાં આદમી ફીતુરી થયાં, કારતલબખાને તાકીદથી અમદાવાદ આવી બંદોબસ્ત કીધો; એ ઉપરથી બાદશાહે તેને સુજાઅતખાનનો ખિતાબ આપી જોધપુરના હાકેમને તેના તાબામાં મુકયો. જોધપુરમાં દુર્ગાદાસ જેણે શાહજાદા અકબરને ઉસકેરી બંડ કરાવેલું તે તથા જસવંતસિંગનો બેટો અજિતસિંગ એ બે આખા પ્રાંતમાં બહુ તોફાન મચાવતા તેનો અટકાવ કરવાને સુજાઅતખાને ત્યાં જઇ કાસમબેગને પોતાનો નાયબ ઠરાવી રાખ્યો, ને પોતે પાછો અમદાવાદ આવ્યો. તેણે ૧૬૯૦ માં દિવાન અમાનતખાનને ઇતીમાદખાનનો ઇલકાબ આપી સૂરતનો લશ્કરી હાકેમ બનાવ્યો.

૧૬૯૧માં ખાનદેશના મતિયા ને ગૂજરાતના મોમના એ બેના ધરમગુરૂ સૈયદને હજુરમાં બોલાવી નસીહત આપવાને બાદશાહે હુકમ કીધો ; સૈયદે આપઘાત કીધો ને તેને માનનાર લોકોએ બંડ કરી ભરૂચનો કિલ્લો લીધો ને ત્યાંના હાકેમને મારી નાખ્યો ; વળી વડોદરાવાળો તેઓને સજા કરવા આવેલો તેની સામાં તેઓએ ઘણીવાર ટકાવ રાખ્યો પણ આખરે ઘેરો ઘાલનારામાંથી કેટલાકે ચોરીથી કોટપર ચઢી દરવાજા ઉઘાડી પોતાના સાથીઓને અંદર દાખલ કીધા ને મોમનાઓને કાપી નાખ્યા.

૧૬૯૨માં શુજાઅતખાને ઝાલાવાડ તથા સોરઠ જઇ ખંડણી ઉઘરાવી ને લૂટ ચોરી કરનાર કાઠીઓનું મુખ્ય ઠેકાણું જે થાન ત્યાંનો કિલ્લો તોડી પાડયો. તે જોધપુરના કામમાં બહુ ધ્યાન રાખતો; હરસાલ છ મહિના તે મારવાડમાં રહેતો. એ વખતે પાલનપુર તથા ઝાલોર પરગણાના હિંદુઓ પાસેથી શિર ગણતીનો કર લેવા બાદશાહના હુકમથી શેખ ઇકવામુદ્દિન આવ્યો; એને મદદ કરવાને સુબેદારે પાલનપુરના હાકેમના બેટાને આપ્યો. વળી મારવાડમાં દુર્ગાદાસે બખેડા ઊઠાવેલા તેનો બંદોબસ્ત શુજાઅતખાન કરી આવ્યો. ૧૬૯૩ માં દ્વારકાના કિલ્લાનો કોટ સમરાવ્યો અને

પાટણના સફદરખાન બાબીની અરજ ઉપરથી ખાંબોઇ તથા સાંપરા એ બે કિલ્લા સમરાવ્યા; વળી સુબેદાર જોધપુર જઇ આવ્યો. ૧૬૯૪ માં આઝમાબાદનો કોટ સમરાવ્યો; ને બાદશાહના હુકમથી શુજાઅતને દુર્ગાદાસે ઉઠાવેલું બંડ બેસાડવાને જોધપુર ગયો; વળી હુકમ હતો કે પાટણની ઊપજ બાદશાહી ખજાને ન ભરતાં શુજાઅતને આપવી.

૧૬૯૬માં વડોદરાનો હાકેમ મરી જવેથી તેની જગોએ બીજો નિમાયો; શુજાઅતખાન થોડા મહિના જોધપુર જઇ આવ્યો; બીજે સાલ નવાનગરના વારસાબાબત તથા સોરઠના લોકની કરેલી ફરિયાદ બાબત તપાસ ચાલી; દુર્ગાદાસે શુજાઅતખાનને લખ્યું કે મારી ઇચ્છા જાતે બાદશાહ પાસે જઇ શાહજાદા અકબરના બેટા તથા બેટી સોંપવાં છે તેઉપરથી બાદશાહે તેને બોલાવ્યો હતો. ને ખુશ થઇ જોધપુર તાબાની મેરથાની તેની જાગીર હતી તે ઉપરાંત ધંધુકા તથા ગૂજરાતનાં બીજાં પરગણાં તેને આપ્યાં ૧૬૯૮ માં વરસાદ ન પડવાથી સિનોરના બ્રાહ્મણોએ શુજાઅતને અરજ કરી કે અમને કોઇ વેઠે ન પકડે; સુબેદાર અને પાટણનો નાયબ હાકમ સફદરખાન બાબી એ બે કોઇ બાબતસર જૂદા મતના થયા ; સફદરખાને રાજીનામું આપ્યું ને નવો નિમાય ત્યાંસૂધી કામ ચલાવવાને મહમ્મદ બહલોલ શેરાનીને કહી દીધું. એજ વરસમાં સૂરતનો હાકેમ અમાનતખાન મરી ગયો ને મરેઠાઓ પરગણા લટતા તેઓને હાંકી મેલવાને શુજાઅતખાને નઝરઅલિખાનને મોકલ્યો.

૧૭૦૦માં જોધપુરનો નાયબ હાકમ મરી ગયો તેની જગોએ વિરમગામથી મહમ્મદ ઝાહિદને મોકલ્યો; દુર્ગાદાસની તરફથી ધંધુકાના સુબેદારે લૂટ ચોરી કરનારા કાઠીઓની સામાં થવામાં શુજાઅતખાનની મદદ માગી તે ઉપરથી શુજાઅતખાને સોરઠવાળાને કાઠીઓ સામા મોકલ્યો. શુજાઅતખાન જેણે ૧૭ વર્ષ ગૂજરાત મારવાડનો કારભાર કીધો તે સારા દોરથી કીધો તે ઘણાજ બારીક વખતમાં (૧૭૦૩ માં) મરણ પામ્યો. એ ઓગણચાળીસમો સુબેદાર હતો.

શાહજાદો મહમદ આઝમશાહ જે ધારમાં હતો તે સુબેદાર નિમાયો ને વળી અજમેર તથા જોધપુરનો હાકેમ. અમદાવાદ આવતાં તેને રસ્તામાં જાબુઆના હાકેમે ૧૬૦૦૦નું નજરાણું કર્યું; શાહજાદાએ ગોઠવણો કરી તેમાં જાફરકુલીને જોધપુરનો નાયબ હાકમ ને દુર્ગાદાસ રાઠોડને પાટણનો હાકેમ બનાવ્યો. થોડીવારે બાદશાહનો હુકમ આવ્યો કે દુર્ગાદાસને પટાવી શાહજાદાની હજુરમાં આણી કેદ કરવો ને નહિ તો જ્યાં મળે ત્યાં કાપી નાખવો. સફદરખાન બાબી માળવે જઇ રહ્યો હતો તેણે તે કામ માથે લીધું; દુર્ગાદાસે અમદાવાદ આગળ આવી પોતાની છાવણી કીધી, પણ પછી દગો છે એવું એકાએક જાણવામાં આવ્યું તેથી તે પોતાના તંબુઓ બાળી નાઠો ; બાબી પૂઠે પડ્યો ને બાદશાહી ફોજે તેને પકડયોજ હોત પણ તેના દિકરાના દિકરાના કહ્યાથી તે નાઠો ને એ બાહાદુરીથી લડયો. પણ પછી એ ને રજપૂત સાથીઓ કપાઇ પડયા; દુર્ગાદાસ પાટણ ગયો ને ત્યાંથી મારવાડ જઇ રહ્યો; બાદશાહી ફોજે પાટણ લીધું ને શહેરની પોલીસના વડા અમલદારને મારી નાખ્યો. સુરતમાં મરેઠા

લૂટવા આવે છે એવી ધાસ્તી ફેલાયલી તેથી શાહજાદાએ ત્યાં સંભાળ રાખવાને ઘોડેસ્વારની એક ફોજ મોકલી. બાદશાહી સરકાર ને ફિરંગી વચ્ચે વાંધા ચાલવાથી પ્રાંતના ધંધાને નુકસાની લાગી. ૧૭૦૩ માં ગૂજરાતના વેપારીઓની અરજ ઉપરથી ને ફિરંગીઓ વહાણુને સૂરતથી અડચણ કર્યા વગર જવા દે એ મતલબે હુકમ કાઢવામાં આવ્યો કે ફિરંગીઓનો જે માલ જપ્ત કરવામાં આવ્યો છે તે તેઓને પાછો આપી દેવો. ૧૭૦૪ માં સફદરખાન બાબીને વિજાપૂરનો (અમદાવાદની ઊત્તરે) હાકમ બનાવવામાં આવ્યો. એજ વરસમાં મરેઠાઓ સૂરતને ધાસ્તી આપતા તેથી ભરૂચના હાકમને હજાર ઘોડાં સાથે ત્યાં મોકલવામાં આવ્યો.

શાહજાદાને ગૂજરાતની હવા માફક ન આવેથી કાશમીરવાળો ઇબ્રાહીમખાન ગૂજરાતમાં ઠર્યો (૧૭૦૫); શાહજાદો બરાનપુર ગયો પણ નવો સુબો આવતાલગી કામ ચલાવવાને અબદુલ હમીદખાનને નિમ્યો; એણે દુર્ગાદાસને માફ કરી તેની જાગીર પાછી આપી. એ વરસમાં મરેઠાઓ જે સરહદઉપર ઝઝુમ્યા કરતા તેઓએ ૧૫ હજાર ઘોડાં સાથે દક્ષિણ ગૂજરાતમાં તૂટી પડી ત્યાંની ફોજને હરાવી મુલખ ઉજાડ કીધો; અબદુલ હમિદખાને પરગણાના હાકેમ તથા થાણદારોને પોતાના આદમીઓ સાથે સૂરત જવાનું ફરમાવ્યું. નઝર અલીખાન ને સફદરખાન બાબીએ બે સરદારોએ એક બીજાની અદેખાઇથી મરેઠાઓ જણાતા નથી એબાને નર્મદા ઉપર બાબાપીઆરા આગળ પાર હતો ત્યાં થોડી બાતમીદાર મોકલ્યાં કરી દોઢ મહિનાસૂધી રસળ્યાં કીધું; પછી વળી જ્યારે મરેઠા દેખાયા ત્યારે તેઓએ દારૂગોળો તથા બીજો સરંજામ મંગાવ્યો; અબદુલ હમીદે જવાબમાં રસળ્યાને વાસ્તે ઠપકો આપી એકદમ કૂચ કરવાનો હુકમ લખ્યો; પછી સરદારોએ રાજપીપળામાં રતનપુર આગળ છેટે છેટે છાવણી કરી. એ જોઇ મરેઠાના સરદાર ધનાજી જાદવે પહેલે તો સફદરખાનની છાવણી ઉપર હલ્લો કરી તેની ફોજને હરાવી તેના બેટાને પકડી તેને કેદ કીધો; પછી બીરાનીવાળી છાવણીના ઉપર હલ્લો કરી તેને હરાવ્યો; ને નઝર અલીખાન પોતાના તંબુઓ બાળી દઇ ભરૂચ નાશી ગયો. પછી મરેઠાઓએ બાબા પીઆરાના પાર આગળ નર્મદા ઉતરી આવી છાવણી કીધી ને તેજ દાડે અબદુલ હમીદખાન તથા સફદરખાનના બેટાઓ તથા બીજાઓ ત્યાં આવી પહોંચ્યા; આખી રાત મરેઠાઓએ મુસલમાનને સંતાપ્યા કીધા ને સવારે સામટો હુમલો કીધો ને સામી ફોજને હરાવી. સફદરખાનના બેટા મુસીબતથી નાઠા; અબદુલ હમીદ તથા નઝરઅલી તથા બીજાઓ કેદી થયા; મરેઠાઓએ મુસલમાનની છાવણી લૂટીને ખંડણી લેવાનો પોતાનો હક જણાવ્યો ને કેદીઓ પાસેથી છૂટકારાના બદલામાં ભારે અવેજ કઢાવ્યો ગૂજરાતની એ હાલત જોઇ કોળીઓએ મુલખમાં દોડાદોડ કરીને બે દહાડાસૂધી વડોદરૂં લૂટ્યું એ ખબર બાદશાહને પહોંચી કે એણે શાહજાદા મહમદ બેદર બખ્તને મોટી ફોજ સાથે મોકલ્યો; પણ એ આવતાં પહેલાં મરેઠાઓ પોતાના દેશમાં જતા રહ્યા હતા.

૧૭૦૫ માં શાહજાદો ગૂજરાતનો સુબો થઇ આવ્યો. એણે અમાનત ખાનને સૂરત તથા ખંભાત બંદરોનો હાકેમ કીધો; જોધપુરના અજિતસિંગ ને રાજપીપળા વેરીસાલજી એ બંડ

B 524—Pp

કરવાના છે એવી ખબર મળેથી શાહજાદાએ તેનો અટકાવ કરવાની ગોઠવણુ કરી રાખી. દ્વારકાના મુસલમાન થાણુદારઉપર હુમલો કરવામાં આવ્યો છે એવું સાંભળી બાદશાહે ત્યાંનું દહેરૂં ભાંગી નાખવાનો હુકમ કીધો પણ તે અમલમાં આવ્યો હોય એમ જણાતું નથી. નઝર અલીખાનને ઝાલાવાડમાં હળવદની જાગીર હતી ત્યાં તેને વાંકાનેરનાં ચંદ્રાસિંગે હાંકી મેલ્યો પણ એને કાઢી મુકવાની કબૂલાતે તે જાગીર તેને પાછી આપવામાં આવી. દુર્ગાદાસ ફરીથી અજીતસિંગને મળી ગયો. એ જાણી તેઓ સામાં ફોજ મોકલવામાં આવી; અજિતસિંગે જાફરકુલી પાસેથી જોધપુર છિનાવી લીધું ને દુર્ગાદાસે કોળીઓને લઇ પાટણના નાયબ હાકમને મારી નાંખ્યો તથા ચુવાળમાં ચતીઆર આગલ વીરમગામના હાકેમને હરાવી કાઢયો. પાટણની હાકમી મળવાને લોભે સફદરખાન બાબીએ દુર્ગાદાસને પકડવાનું કે મારી નાંખવાનું બીડું ઝડપ્યું; પણ પછી દુર્ગાદાસનું શું થયું તેની કંઇ જાણ પડી નથી. એ પ્રમાણે ગૂજરાતમાં બખેડા વધી જવાથી કારભારીઓની નવી ગોઠવણ કરવાની જરૂર પડી ને ઇબ્રાહીમખાન જેની ગયે સાલ સુબેદારી ઉપર નિમણુક થઇ હતી તે મરજી ઉપરાંત તાકીદના હુકમ મુજબ ગૂજરાત આવ્યો. (૧૭૦૬)

પ્રકરણ બીજું.

અવ્યવસ્થાનાં પચાસવર્ષ (૧૭૦૭–૧૭૫૭).

ઇ. સ. ૧૭૦૭ ની શરૂઆતમાં બાદશાહ ઔરંગઝેબ મરણ પામ્યો કે મરેઠાઓ બાળાજી વિશ્વનાથની સરદારી તળે ગૂજરાતમાં દાખલ થયા; જાબુઆ તથા ગોધરે થઇ તેઓ મુંડે ગયા ને ત્યાંથી નડિયાદને રસ્તે અમદાવાદ ઉપર કૂચ કરવા લાગ્યા. સુબેદારે તેઓની સામાં થવાની તૈયાર કરી શહેરની બહાર કાકરિયા તલાવ આગળ છાવણી રાખી. મરેઠાઓ લૂટફાટ કરતા સુબેદારની છાવણીથી ત્રણ ગાઉપર બટવા છે ત્યાં લગી આવ્યા. સુબેદારે બાળાજી સાથે કોલકરાર કીધા ને એ બે લાખ દશ હજારની ખંડણી લઇ પોતાના મરેઠા સાથે પાછો ફર્યો. શાહજાદાઓ દિલ્હીની ગાદીને માટે લડતા, પણ તેમાં આખરે શાહજાદો મહમદ મુઆઝઝમ બાહાદુરશાહ નામ રાખી-ગાદીએ બેઠો; ઇબ્રાહીમખાન પોતાની જગોપર કાયમ રહ્યો પણ મરેઠાઓને ખંડણી આપેથી બાદશાહ નારાજ થયો હશે જાણી તેણે દિલ્હી જઇ રાજીનામું આપ્યું.

ગાઝીઉદ્દીનખાન ૧૭૦૮ થી તે ૧૭૧૦.સૂધી સૂબેદારી કરી મૂઓ ત્યારે તેનો હિસાબ ચોખ્ખો ન હોવાથી તેની મિલકત જપ્ત કરવામાં આવી ને સૂરતનો હાકેમ અમાનતખાન તેને શાહમતખાનને ઇલકાબે નાયબ સુબો ઠેરવવામાં આવ્યો (૧૭૧૧). એ કડી તથા વિજાપુર પરગણાંમાં ખંડણી ઉઘરાવતો હતો તેવામાં તેણે સાંભળ્યું કે મરેઠાઓ નર્મદા ઉતરેછે ને તરતજ તેણે અંકલેશ્વર જઇ લડાઇ કરી મરેઠાઓને હરાવ્યા; પછી સૂરત જઇ ત્યાં બંદોબસ્ત કરી પાછો અમદાવાદ આવ્યો. બીજે વરસે જહાંદારશાહ બાદશાહે આસદખાન બાહાદુરને સૂબો ઠેરવ્યો અને મહમદ

બેગ ખાન બાહાદુરને સૂરત તથા સરબુલંદખાન બાહાદુરને નાયબ સુબો બનાવી અમદાવાદ મોકલ્યો. સરબુલંદ ખાન ગૂજરાત આવતાં સાગવારમાં લૂટાયો હતો; એણે ગૂજરાત આવી ચુંવાળના કોળીઓને તાબે કીધા ને પછી ફરૂકશીર દિલ્હી ઉપર કૂચ કરતો હતો તેથી સરબુલંદ ત્યાં ગયો.

૧૭૧૩ માં ફરૂકશીર બાદશાહ થયો; અજિતસિંગે પોતાના બેટા અભેસિંગને હજુરમાં મોકલ્યો ને એને બાદશાહે સોરઠનો હાકેમ બનાવ્યો. એણે પોતાના નાયબ કાયત ફતેસિંગને જુનાગઢ મોકલ્યો; એ વરસમાં શાહમતખાનને સુબેદાર કરેલો પણ બીજા વરસની શરૂઆતમાં દાઉદખાન પન્ની સુબેદાર થયો. એ વરસમાં નાગોરના રાજા મોકમસિંગની બાંહેધરી ઉપરથી રૂપીઆ પચાસ હજાર દુર્ગાદાસ રાઠોડના ભાઇને આપવામાં આવ્યા; એજ વરસમાં અમદાવાદના મુસલમાન ને હિંદુ વચ્ચે ટંટો ચાલેલો તેમાં ઘણુંક શાહુકારોના ઘર લૂટાયાં હતાં. વળી તેવામાં સાબરમતીમાં મોટી રેલ પણ હતી. પછી અભેસિંગની જગોએ અબદુલ હમીદખાન ને સૂરતની જગાએ મોમીનખાન નિમાયો; વળી વડોદરા, ભરૂચ, ધોળકા, પેટલાદ, નડિયાદ એ પણ તેના હવાલામાં સોંપ્યાં. મોમિનખાન ૧૭૧૫ માં સૂરત ગયો, પણ ત્યાં કિલ્લેદાર ઝીઆખાન સામો થયો પણ પછી એ હારીને તાબે થયો હતો. અમદાવાદમાં બીજીવાર મુસલમાન સ્વારીએ હિંદુઓની દુકાન લૂટી. એ ઉપરથી સુબાને પાછો બોલાવી લેવામાં આવ્યો ને મહારાજા અજિતસિંગને ગૂજરાતનો સુબેદાર કીધો; એણે પોતાની તરફથી વજેરાજ ભંડારીને પોતાનો નાયબ કરી મોકલ્યો ને ફતેસિંગ કાયત સોરઠનો નાયબ થયો; પણ એ વખતની અજાયબ જેવી નિમણુંક હૈદરકુલી ખાનની હતી. તે સૂરત તથા ખંભાતનો હાકેમ વડોદરાનો દિવાન ને નાંદોદ તથા અરહર માતરનો કારભારી હતો. મહારાજા અજિતસિંગ અમદાવાદ આવ્યા પછી બાદશાહનો હુકમ આવ્યો કે સોરઠ તથા ગોહિલવાડ ફતેસિંગ પાસેથી લઇ હૈદરકુલીખાનને આપ્યાં; હૈદરકુલીખાનનાં નાયબે સોરઠ જતાં પાલિતાણા લૂટ્યું; સુબેદારે ધમકીનો સંદેશો મોકલ્યો કે સોરઠને જો કંઇ નુકસાન થશે તો હુમલો કરનારાઓને સખત સજા કરવામાં આવશે ને એ ઉપરથી તેની ને હૈદરકુલીખાની વચ્ચે અણબનાવ થયો એટલે લગી કે લડાઇયો ચાલત પણ ગોહીલવાડના નાયબ સલાબત ખાન બાબીના વચમાં પડવાથી તે બે સમજ્યા. પછી ફતેસિંગે જુનાગઢ હૈદરકુલી ખાનના નાયબને આપી દીધું; પછી હૈદરકુલીખાન તથા વડોદરાનો હાકેમ એ બે જણે મળી રાધનપુર તાબાના મુંજપુરના સરદારને હરાવી ખંડણી લીધી. અજિતસિંગ ખંડણી ઉઘરાવવા સોરઠ ગયેલો ત્યાં જામ સામો થયો પણ વળી પછી ખંડણીનો આંકડો નક્કી થયો હતો ને અજિતસિંગ પાછો અમદાવાદ આવ્યો.

અજિતસિંગ દ્વારકા હતો તેવામાં તેની તથા તેના મારવાડીઓ સામાં ફરિયાદ જવાથી બાદશાહે ૧૭૧૬માં સમસામુદ્દૌલાને ગૂજરાતનો સૂબો આપ્યો; અજિતસિંગે લડવાની તૈયારી કરી હતી પણ વળી સમજીને તે જોધપુર જઇ રહ્યો. પછી હૈદરકુલીખાન સૂરત છોડી અમદાવાદ આવતાં પેટલાદમાં રહ્યો. ત્યાં સફદરખાન બાબીએ તેની મુલાકાત લીધી; હૈદર કુલી-

ખાનની ફોજના એકજણ ને બાબીની ફોજના એક પખાલી સાથે ટંટો થયો તે એટલો વધી પડયો કે બાબીનો સરંજામ લૂટાયો ને એ ઉપરથી બાબીએ અમદાવાદ જઇ ફોજ ઉભી કરી હેદરકુલીખાન સામાં લડાઇ કીધી; સફ્દરખાન હાર્યો ને બીજા બાબી પાલનપુર જતા રહ્યા; સફ્દરખાન પણ પાછળથી ત્યાં જઇ રહ્યો. પછી વળી હૈદરકુલીખાન અને સફ્દરખાન એ બેને સલાહ થઇ હતી. ૧૭૧૮માં ગૂજરાતમાં કાળ પડયો. દિલ્હી દરબારનો એક અમીર સોરઠનો હાકેમ થયો; હૈદરકુલીખાને મહીકાંઠાના કોળીઓ ઉપર ચઢાઇ કીધી.

૧૭૧૯માં દિલ્હિદરબારના સૈયદોએ ફરૂકશીર બાદશાહને મારી નાંખ્યો ને ત્રણ મહીના પછી પોતે કરેલા નવા બાદશાહને પણ મારી નાંખ્યો ને પછી શાહજાદા રોશન અખતરને મહમદશાહ નામ આપી બાદશાહ કીધો. અજિતસિંગ ગૂજરાતનો સુબો નિમાયો; એ વખતપર દિલ્હિ દરબારે જજીઓ કર કાઢી નાંખ્યો ને હુકમ લખ્યો કે હવેથી ગૂજરાતમાં પણ ન લેવો. એ વરસમાં પીલાજી ગાયેકવાડે મોટી ફોજ સાથે સૂરત ઉપર આવી બાદશાહી ફોજને હરાવી એક સરદારને કેદ કરી ઘણો અવેજ લઇ તેને છોડયો. પછી પીલાજી જ્યારે ત્યારે ચઢી આવતો ને સોનગઢ જીતી ત્યાં તેણે પોતાનો વાસ રાખ્યો. એ વેળા બાબી ને ઝાલોરી ને નવો આવેલો મોમીનખાન એ અમીરો સ્વતંત્ર થવાના અથવા સર્વોપરિસત્તા મેળવવાનો પોતપોતાને માટે વિચાર કરતા હતા. અજિતસિંગને મુસલમાની સત્તા ઉપર ધિક્કાર હતો તેથી છૂપી રીતે મરેઠાઓને તે મદદ કરતો; ને પોતાની સત્તા પાકી બેસાડવાને તે ખંતી હતો, અગર આખા ગૂજરાતમાં નહિ પણ પોતાના મારવાડની સરહદના ભાગો ઉપર.

૧૭૨૦માં અજિતસિંગે પોતાની તરફથી અનુપસિંગ ભંડારીને ગૂજરાત મોકલ્યો. બાદશાહના હુકમથી ભંડારીએ નાયબ સુબા નાહિરખાનને નિઝામ ઉલમુલ્ક સામાં મોકલ્યો ને તેજ કામ વાસ્તે ૧૦ હજાર ઘોડાની ફોજ સૂરત મોકલી. ભંડારીએ જુલમ ભર્યાં બહુ કામ કીધાં; તેમાં એક આ કે અમદાવાદના મોટા વેપારી કપુરચંદ ભાણુસાલીનું ખુન કરાવ્યું.

૧૭૨૧ માં નિઝામ ઉલ્મુલ્ક તે બાદશાહનો વડો વજીર નિમાયો, ને તેજ વર્ષમાં હૈદર કુલી ખાન મહમ્મદ આમીન ને સઆદતખાન એમણે સૈયદોને મારી નાંખી બાદશાહને તે જાળમાંથી છૂટો કીધો ; એ ઉપથી હેદરકુલીખાન તે મોઇઝુદ્દૌલા હૈદરકુલીખાન બહાદુર ઝફરજંગ એ ખિતાબરાથે ગૂજરાતનો સુબેદાર થયો. એ ખબર જાહેર થઇ કે અમદાવાદના લોકે ભદરમાં જઇ અનુપસિંગના મહેલઉપર હુમલો કીધો ને તે મુસીબતથી નાશી ગયો. હૈદરકુલીખાન અને મારવાડીઓ એઓને બનતું નહિ ને નાયબ સુબા શુજાઅતખાને અજીતસિંગના દિવાન નાહિરખાનના ઘરઉપર હુમલો કીધો; પણ એણે લાખ રૂપીઆ આપી શહેર છોડયું. પછી સુજાઅતખાનને બાબીઓ એઓના ટંટા ચાલ્યા પણ તે ઝાઝા વધ્યા નહિ.

૧૭૨૨ માં નિઝામ ઉલમુલ્કે વજીરાતનું કામ કરવા માડયું હૈદરકુલીખાને ગૂજરાત આવી પોતાનું કામ લીધું. તેણે ચુંવાળના કોળીઓને તાબે કરી રૂસ્તમ અલીખાનને ત્યાં રાખ્યો; તેણે લુણાવાડાના રાજપાસે એશી હજાર કઢાવ્યા. વળી હૈદરકુલીખાનનો વિચાર સ્વતંત્ર થવાનો ને આખા ગૂજરાતને પોતાના તાબામાં રાખવાનો હતો એ દિલ્હી દરબારની જાણવામાં આવેથી એણે નિઝામ ઉલ્મુલ્કને ગૂજરાતનો સુબેદાર નિમ્યો.

હૈદરકુલીખા ગુસ્સે થયો પણ નિઝામને પૂરા પડાય તેવું પોતાનું જોર નહિ તેથી તેણે ગૂજરાત છોડયું; શુજાઅતખાન તથા રૂસ્તમઅલીખાન ડુંગરપૂર સૂધી વળાવવા ગયા હતા. નિઝામે ઉજ્જેણથી લખ્યું કે હું આવું ત્યાંસૂધી સફદરખાન બાબીએ કામ ચલાવવું; ગૂજરાત આવી પોતાના ભરોસાના આદમીઓની નિમણુક કરીને તેમાં મોમીનખાનને સૂરતનો હાકેમ બનાવ્યો; પછી તે પાછો દિલ્હી ગયો. ત્યાંની દરબારે તેને બેખવ્યો નહિ તેથી તેણે દક્ષિણ જઇ હૈદરાબાદને પોતાના મુલખની રાજધાની કરી સ્વતંત્ર સત્તાધારીની પેઠે વર્ત્તવા માંડયું. ગૂજરાતમાં વાત્રકના કાંઠાના સરદારો પાસેથી ને મોઢેરાથી ખંડણી લેવામાં આવી; કોળીઓનું એક ગામ બાળી નાખવામાં આવ્યું ને કોળીના મુલખમાં રખવાળ ફોજ રાખવામાં આવી.

૧૭૨૩ માં દિલ્હીના હુકમથી રૂસ્તમ અલીખાન ને શુજાઅતખાન એ બે જણે જોધપુર જઇ તે લીધું ને લૂટયું. પીલાજી ગાયકવાડે સૂરતના મોમીન ખાનને હરાવ્યો ને આસપાસના મુલખમાંથી ખંડણી લેઇ પાછાં સોનગઢ જતાં રાજપીપળામાં કેટલાક કિલ્લા બાંધ્યા. કંતાજી કદમ ભાંડે એ પણ દોહદની બાજુએથી ગૂજરતમાં આવી ઠામ ઠામ ખંડણી લેવા લાગ્યો.

નિઝામ હુકમ વગર દક્ષિણમાં ગયો હતો તેથી દિલ્હી દરબારે સરબુલંદખાનને ગૂજરાતનો સુબો આપ્યો. એણે શુજાઅતખાનને પોતાનો નાયબ કીધો; પણ નિઝામે પોતાના કાકા હમિદખાનને પોતાનો નાયબ કરેલો તે સામો થયો; પણ વળી બાબીઓના ને જવાન મર્દખાનના સમજાવ્યાથી ભદર ખાલી કરી દોહદ જઇ રહ્યો; સરબુલંદને રાણાની ગરજ પડેથી તેણે જંબુસર મકબુલાબાદ, ધોળકા, ને ભરૂચ એક જીવણ જુગલને ઇજારે આપ્યાં. પછી ૧૭૨૪માં સરબુલંદ ખાન પોતે અલીમહમદખાનના ખાનગી દિવાન દાખલ અમદાવાદ આવ્યો.

સૂરતના હાકેમ રૂસ્તમ અલીએ પીલાજીના મરેઠા ઉપર બે ત્રણ વાર ફત્તેહ મેળવી હતી ને તેણે જણાવ્યું હતું કે ૨૦ હજાર ફોજ હમારા હુકમ તળે આપો તો હું ને મારો ભાઇ સુજાઅતખાન કૂચ કરી નિઝામ સામાં જઇએ. બાદશાહે એ માંગણી કબુલ રાખી; પણ રૂસ્તમ અલી માત્ર બે લાખ રૂપીઆસૂધી સૂરતના ખજાનામાંથી ઉપાડે એવો હુકમ લખ્યો. રૂસ્તમઅલીએ પોતાના ભત્રીજા અહમદ

---

૧. મિરાતે સિકંદરી તથા મિરાતે અહમદી એ બે ફારસીમાં લખેલી ગૂજરાતની તવારીખછે તેમાંની પાછલીના બનાવનારનો બાપ તે અલીમહમદખાન.

કુલીની કુમકે ફોજ તૈયાર કીધી; પણ તેમ નિઝામ પણ આળસુ નહતો; તેણે કંતાજીને ગૂજરાતની ચોથ ઉપજ આપવાનો કોલ કીધો જો તે હમીદખાનનીસાથે રહી તે પ્રાંત મેળવી આપે તો. શુજાઅતખાન કડીમાં હતો તે કપડવંજમાં ન રહેતાં છેટે ગયો ; હમીદખાને કપડવંજ તરફ કૂચ કરી ત્યારે શુજાઅતખાન અમદાવાદથી છ માઇલપર આવી રહ્યો. એની ફોજના કેટલાક આદમી કુટુંબને મળવા શહેરમાં ગએલાં તેવામાં મરેઠાએ આવી પાછળથી છાપો માર્યો; હમિદખાને શુજાઅતખાન ને મરેઠા એ બેનીવચમાં કૂચ કરી; લડાઇ થઇ તેમાં શુજાઅતખાન કપાઇ પડયો ને તેનાએ બેટા કેદી પકડયા. હમીદખાને શાહી બાગમાં મુકામ રાખી શહેર સિવાય તેની આસપાસનો મુલક કબજ કરી લીધો. મરેઠાઓએ દેશમાં ફરી ઉપજનો ચોથો તથા દસમો હિસ્સો એમ લીધો. કંતાજીએ વિરગામને ઘેરો ઘાલ્યો પણ ત્યાંના મોટા મોટા લોકે સાડાત્રણ લાખ આપવા કબૂલ કીધા ત્યારે ત્યાંથી મરેઠા ખસ્યા. એ મુજબ હમીદખાને સ્વતંત્ર થઇ જમીન પરગણાંની જાગીરો આપવા માંડી અને તેની આપેલી કેટલીક જાગીરો હવે પછીના સુબેદારો પાછી લઇ શકયાજ નહિ. શુજાઅતના બેટા ઇબ્રાહીમ કુલીએ હમિદખાનને મારી નાખવાની તજવીજ કીધી પણ એ ચાલી નહિ ને ઉલટો તે કપાઇ પડયો.

રૂસ્તમઅલીખાને હમિદખાનઉપર વેર લેવાને પીલાજીને મદદમાં બોલાવ્યો ને નરમદાને ઉત્તર તીરે મળવાનું રાખ્યું ; બંનેની ફોજ એકઠી મળીને મહી ઓળંગી અડાસ આગળ છાવણી કરી રહી ; એ સાંભળી હમિદખાન મીરનાથુ, સલાબત રોહીલા ને કાંતાજી એઓએ સામી કૂચ કીધી ; હમિદખાને વળી પીલાજીસાથે કોલકરાર કીધા ; પણ એણે કોઇને ન મળતાં જીતે તેની તરફ થવાનો ઠરાવ કરી રાખ્યો. લડાઇ થઇ તેમાં પીલાજીએ કાંઇ કામ કીધું નહિ પણ હમિદખાન હારીને નાઠો ને મીરનાથુ કપાઇ પડયો. રૂસ્તમઅલીએ લડાઇના મેદાનમાં રહી પોતાના ભત્રીજાને છોડવ્યા ને હમિદખાનની છાવણી લૂટી; પણ વળી તેટલે પીલાજી રૂસ્તમઅલીની છાવણી લૂટી ચાલતો થયો ; ને કાંતાજી તે હમિદખાનની છાવણીમાં જે કંઇ રહેલું તે લઇને. બંને મરેઠાની મતલબ પોતાના દુશ્મન રૂસ્તમઅલીનો નાશ કરવાની હતી; તેઓએ તેને ખોરાક પહોંચતો કાપી નાખ્યો ; રૂસ્તમઅલી આઠ દેહાડા ઘેરામાં રહ્યો ; પણ પછી દુશ્મનની ફોજમાં થઇને નાપાડ ગયો ને ત્યાંથી નાપા પેટલાદ ગયો. મરેઠાઓ તેની પૂંઠે હતાજ ને વસો આગળ લડાઇ થઇ તેમાં તે હારી કપાઇ પડયો ; ને તેના ભત્રીજાઓ કેદી પકડાયા ; હમીદખાન મરેઠાઓની સાથે અમદાવાદ આવ્યો ; તેણે મહીની ઉત્તરની ઉપજની ચોથ કંતાજીને આપી ને પીલાજીને મહીની દક્ષિણના મુલખની ચોથ, સૂરત વડોદરાસાથેની આપી.

હમિદખાને જબરદસ્તીથી તવંગર લોકપાસેથી નાણું કઢાવ્યું ને શુજાઅતખાનના બે બેટાને ઝેર દેવડાવ્યું. કાંતાજી તથા પીલાજીની ફતેહ સાંભળી દક્ષિણથી ખંડેરાવ સેનાપતિનો દીકરો ત્ર્યંબકરાવ દાભાડે મોટી ફોજ લઇ ગૂજરાતમાં આવ્યો ને તેણે ખંભાતને ઘેરો ઘાલ્યો પણ મરેઠા

ઓને પાછા જવાની જરૂર પડી. રૂસ્તમઅલી હારી કપાયો એ ખબર દિલ્હી પહોંચી કે બાદશાહે મુબારિઝ ઉલ્મુલ્કને હુકમ કીધો કે તમારે મોંટી ફોજ સાથે જાતે જઇ હમિદખાનને તથા મરેઠાઓને ગૂજરાતમાંથી હાંકી કાઢવા. મુબારિઝ જોધપુરનો અભેસિંગ, નરૂરનો ચતરસિંગ, ગંધપસિંગ ને ઉદેપુરનો મહારાણો એઓની મદદે મોટી ફોજ સાથે અજમેર થઇ ગૂજરાતની સરહદપર આવ્યો. હમિદખાને રૂપસિંગ તથા સરદાર મહમ્મદ ઘોરની એ બેને અમદાવાદ સોંપી પોતે મહમદાવાદ ગયો; મુબારિઝ ઉલ્મુલ્કે આગળથી શેખઅલીઆરને ફોજ સાથે અમદાવાદ સામાં મોકલ્યો; એ આવ્યો કે ઘોરની ના સમજાવ્યાથી રૂપાસિંગ નાઠો; તેટલે મુબારિઝ ઉલ્મુલ્ક સિદ્ધપુર આવી પહોંચ્યો; હમિદખાન મરેઠાઓને લઇને અમદાવાદ આવ્યો તો ઘારેનીએ દરવાજા બંધ કરી તેને અંદર આવવા દીધો નહિ; મુબારિઝે બાબીઓને દરજજા આપ્યા; તરતજ પછી હમિદખાનનો ગૂજરાતી દિવાન મારેલીધરદાસ તેને છોડી ચાલતો થયો; મુબારિઝને પેથાપુર આવ્યો સાંભળ્યો ત્યારે કંતાજી મહમ્મદાવાદ ગયો; ૧૭૨૫ની આખરમાં મુબારિઝ અમદાવાદ આવ્યો; તેને અમલદાર તથા વેપારી એઓએ સારો સત્કાર કીધો;

હમિદખાન, કંતાજી, પીલાજી એઓએ મહીકાંઠે એકઠા મળી વિચાર કરી અમદાવાદ ઉપર કૂચ કીધી; મુબારિઝના બેટા ખાનાઝાદે સોજીત્રા આગળ લડાઇ આપી તેઓને હરાવી તેઓની પાછળ મહી સૂધી દોડ કરી; પાછો આવી ભાઇની ફોજની કુમકસાથે મરેઠાઓ કપડવંજ આગળ છાવણી કરી પડયા હતા ત્યાં જઇ બીજી લડાઇ કરી તેઓને આલીમોહનની ડુંગરી લગી હાંકી મેલ્યા; ખાનાઝાદખાને હસનુદ્દીનને વડોદરા, ભરૂચ, જંબુસર, ને મકબુલાબાદનો હાકેમ ઠેરવ્યો; એટલામાં વળી અંતાજી ભાસ્કર નામના સરદારે ઇડર તરફથી આવીને વડનગરને ઘેરો ઘાલ્યો; અહીંના શ્રીમંત નાગર બ્રાહ્મણોએ મદદને માટે મુબારિઝને અરજ કીધી પણ તે વેળા તેના બંને બેટા ફોજ લઇ મરેઠા પાછળ ગયેલા તેથી તેની પાસે ફોજ નહોતી; તેથી તે મદદ કરી શક્યો નહિ ને નાગરોએ ચાર લાખ રૂપીઆ આપી અંતાજીને કાઢયો; એ જોઇ કંતાજી ને પીલાજી પણ જુદે જુદે ઠેકાણેથી ગૂજરાતમાં આવ્યા; કંતાજીએ વડનગરને ઘેરો ઘાલ્યો, પણ એ વેળા એને આપવાને નાગરો શક્તિમાન નહિ તેથી તેઓ મિલકત સામાન પડતો મેલી રાતે નાઠા; કંતાજીએ વડનગર બાળ્યું ને ત્યાંની વસ્તી વેરાઇ ગઇ; પછી કંતાજીના હાથથી ઉમરેઠના તેવાજ હાલ થયા; પીલાજી એક વખતે વડોદરા લગી આવેલો પણ ખાનાઝાદખાને તેને ખંભાત ભગાડયો, ને ત્યાંથી તે સોરઠ ગયો. બાદશાહે ખાનાઝાદખાનને ઘાલિબજંગ ને ખિતાબ આપ્યો. એ વખતે કેટલીક નિમણુક થઇ તેમાં આલીમહમદખાનને દિવાનની જગોએથી રૂકસત આપી, પણ થોડી મુદતમાં તેને પાછો ધોળકાનો હાકેમ બનાવ્યો.

મરેઠાઓ થોડીવારા દક્ષિણમાં રહ્યા પણ ૧૭૨૬માં તેઓએ પાછા આવી મુબારિઝ પાસે પોતાના હકની માગણી કીધી; તેઓને પઉજમાંથી કંઇ પણ આપવાની બાદશાહે હા કહી નહિ. દરબારી

અમીરોની પાસેથી કે લાચાર થઇ ગએલાં પરગણાંમાંથી મદદ મળે તેવુંનહોતુંજ; તેથી અમદાવાદના રહેવાસીઓ ઉપર નવા કર મૂકવાની ને મહીકાંઠાના સરદારો પાસેથી ખંડણી ઉઘરાવવાને ફોજ મોકલવાની સુબેદારને જરૂર પડી. મુબારિઝે મહીની દક્ષીણની ઉપજમાંથી થોડોક હિસ્સો પીલાજીને આપવો કબૂલ કર્યો હતો ; પણ પીલાજીઉપર પેશવા બાજીરાવ બલ્લાલનો દ્વેષ હતો કેમકે તે, પોતાના પ્રતિસ્પર્ધી ખંડેરાવ દાભાડેનો કારભારી હતો ને તેથી પેશવાએ પીલાજીને હાંકી કાઢવાને ઉદાજી પવારને મોકલ્યો; એ કામમાં ઉદાજી ફતેહ પામ્યો ને પીલાજીને કંતાજીની મદદ લેવાની જરૂર પડી ; કંતાજી તથા પીલાજી એ બેએ મળી મુસલમાન હાકેમને વડોદરામાં દાખલ થતો અટકાવવાની તજવીજ કીધી પણ તે ફાવ્યો નહિ ; મુબારિઝે તંગીને લીધે ધોળકા પરગણાનો મોટો ભાગ જૂદા જૂદા જાગીરદારોને વેચી નાખ્યો.

૧૭૨૭ માં પેશવા બાજીરાવે ચોથા તથા દશમા હિસ્સાને માટે મુબારિઝ સાથે સંદેશો ચલાવ્યા તે તો મુબારિઝ કબૂલ ન કીધો ; પણ પીલાજી ની સામા ઉદાજીને મદદ આપવાને વડોદરાવાળાને લખ્યું ; પીલાજી તથા કંતાજીએ ઉદાજીને વડોદરાવાળાસાથે મળવા દીધો નહિ. વડોદરાના હાકેમને શહેર તથા ડભોઇ એ આપી દેવાની જરૂર પડી ને ઉદાજી માળવે ગયો. પીલાજીએ વડોદરાનો કબજો કીધો. મુબારિઝ ખંડણી લેવા સોરઠ ગયો ; અહીં મહમ્મદખાન બાબીએ નવાનગરના જામની તરફથી એક લાખ રૂપીઆ આપ્યા ; પોરબંદરવાળો ખંડણી આપવી પડે માટે વહાણમાં બેશી કહીં દૂર જઇ રહ્યો પણ સુબેદાર તેનો મુલખ ખાલસા કરવાનો છે એવું સાંભળી તેણે પાછા આવી સવાલાખ મહમૂદી આપી. એ વખતઉપર બાદશાહે હુકમ લખ્યો કે જપત કરેલી જમીન તેના માલીકોને આપી દેવી. પણ મુબારિઝે તે ઉખાવ્યું નહિ ત્યારે બાદશાહે તેની પંજાબ માંની કેટલીક જાગીર લઇ લીધી. તેવામાં (૧૭૨૮) કંતાજીના દીકરા કૃષ્ણાજીએ એકાએક ચાંપાનેર ઉપર હલ્લો કરી તે કિલ્લો લીધો ને ત્યારથી કંતાજીના કારભારીઓ ખંડણીનો હિસ્સો ઉઘરાવવાને ગૂજરાતમાં રહેતા થયા.

મુબારિઝે જોયું કે કંતાજી કે પીલાજીએ કાંઇ ગૂજરાતનું રક્ષણ કીધું નહિ પણ ઉલટું લૂટી ખાધું ; ને પછી તેઓની સાથે વહેવાર બંધ કરી ૧૭૨૯ માં બાજીરાવને ચોથો તથા દસમો હિસ્સો આપવા ઠરાવ કર્યો ; પેશવાએ તરતજ પોતાના ભાઇ ચિમનાજીને ખંડણી ઉઘરાવવા મોકલ્યો; ચિમનાજીએ ધોળકા તથા ચાંપાનેરનો મુલખ લૂટયો ને મુબારિઝે વાત્રક કાંઠાના જાગીરદારો પાસેથી ખંડણી લીધી. પછી સુબેદાર કોળીઓ સામા જઇ ઘણાંકનો બૈરાં છોકરાં સાથે નાશ કરી મોડાસા ને અહમદનગર થઇ અમદાવાદ આવ્યો.

સૂરતમાં તે સાલ મોટી રેલ આવી હતી ; મુલ્લાં મહમ્મદઅલી નામના તવંગર વેપારીએ હાકેમ થવાને સારૂ પીરમના ટાપુને કિલ્લાથી મજબૂત કરવા તથા તેને પોતાના કુલ અખત્યાર તળે વસાવવા પાછળ ઘણું એક નાણું ખરચ્યું; પણ ત્યાં કાંઇ વસ્તી થઈ નહિ તેથી તેણે તાપીના મુખથી

બાર મૈલ આણીગમ અઠવા ગામ છે ત્યાં કિલ્લો બંધાવવા માંડયા; સૂરતના હાકેમ સોરાબખાને અટકાવ કીધો પણ મુલ્લાંએ સૂરતના કિલ્લેદારને સમજાવી તેને પોતાની તરફ કરી લીધો; બીજે દહાડે કિલ્લેદારે સોરાબખાનના મકાનને ઘેરો ઘાલી જાહેર કીધું કે મુલ્લાં મહમ્મદ અલીનો ભાઇ તેગબખ્તખાન આજથી હાકમ ઠર્યો છે પછી તે ટંટો બાદશાહ પાસે ગયો હતો.

તેજ સાલમાં નિમણુક તથા જાગીરમાં કેટલોક ફેરફાર થયો; અલી મહમ્મદખાનને અમદાવાદ પરગણાની ઉપજનો તહેશીલદાર તથા તેના એક બેટાને (મિરાતે અહમદી વાળાને) ત્યાંનો હાકેમ ને બીજાને જગાતનો ઉપરી બનાવવામાં આવ્યા. મુબારિઝે નડિઆદ જઇ રાય કસનદાસને (જવાન મર્દખાનનાં કારભારીને) પટલાદ પરગણું ઇજારે આપ્યું; ત્યાંથી તે મહીઉપર ભાદરવાના સરદારસિંગ પાસેથી ખંડણી લેવા ગયો ને એણે થોડીક મારામારી થયા પછી ૨૦ હજાર રૂપીઆ આપ્યા; અમદાવાદ આવતાં મુબારિઝે ઉમેટાવાળાપાસેથી ખંડણી લીધી; રાય કસનદાસે ઇજારાનું નાણું આપ્યું નહિ તેથી તેને કેદ કરવાનો હુકમ થયો તેટલે તેણે આપઘાત કીધો.

કંતાજી સોરઠમાં ખંડણી ઉઘરાવવા ગએલો તેણે પાછા આવતાં સાણંદમાં છાવણી રાખેલી ને ત્યાંથી આગળ ગયલાં તેના આદમીઓ સુબેદારના કેટલાક હાથી જે ત્યાં ચરતા હતા તેને લેઇ ગયા હતા. ૧૭૩૦માં સૂરતમાં મુલ્લાંએ અઠવાનો કિલ્લો બંધાવવો જારી રાખેલો, પણ વળી પછી સૂરતના કિલ્લેદારે તે કામ બંધ રાખવાનો હુકમ કીધો; પણ મુલ્લાંએ સોરાબખાનને સમજાવી કામ જારી રાખ્યું; ને કિલ્લો બંધાઇ રહ્યો. એ કિલ્લો બંદરમાં પેસતાં પહેલાં હતો તેથી સૂરતની ઉપજ ઘટી.

મુબારિઝે ગોહિલવાડ જઇ શિહોરના ભાવસિંગ પાસેથી ખંડણી લીધી ને પછી કચ્છવાળા પાસે દસ લાખ મહમૂદીની ખંડણી માંગી પણ તે તેણે આપી નહિ; નવા કર મુકવાથી અમદાવાદમાં બંડ ઉઠેલું તે બેસાડવાને મિરાતે અહમદીના બનાવનારને હુકમ થયો ને તેને હસન મહમ્મદખાનનો ઇલિકાબ મળ્યો. વિરમગામના દેસાઇ ઉદેકરણનું અલીનામના કસબાતીએ ખુન કરેલું તેની તપાસને માટે સલાબત મહમ્મદખાન બાબીને મોકલ્યો પણ તે ત્યાં જતાં સાબરમતીના કાંઠાઉપરનાં પાલડી ગામમાં મરણ પામ્યો.

તેજ વરસમાં જોધપુરનો મહારાજ અભેસિંગ ગૂજરાતનો સુબેદાર નિમાયો; તે પોતાના ભાઇ વખતસિંગ તથા ૨૦ હજાર ફોજ સાથે ગૂજરાત લેવા આવ્યો; તે સિદ્ધપુર આવ્યો કે રાધનપુરથી બાબીઓ આવી મળ્યા ને પછી મોટી ફોજ લઇ તેઓ અમદાવાદથી ૮ માઇલ ઉપર અડાળજ આગળ આવ્યા; મુબારિઝ અમદાવાદ અને અડાળજ એ બેની વચમાંજ આગળથી છાવણી રાખી રહ્યો; હતો; લડાઇ થઇ તેમા અભેસિંગ હાર્યો; એણે જગા બદલી બીજીવાર લડાઇ આપી ને દરેક બાજુ સામાં સરદારને મારી નાખવાની તજવીજ કરતી તેથી મુબારિઝ ને અભેસિંગ બંનેએ સાદે વેશે વેશ બદલ્યો હતો; પહેલે તો અભેસિંગે દુશ્મનને હઠાવ્યો; પણ પછી તેના રાઠોડે માગ

આવ્યો; વળી પાછો એઓએ સામટો ધસારો કર્યો; પણ મુબારિઝે તેઓને હરાવી સરખેજ સૂધી હાંકી કાઢયો; પછી છેલ્લીવારે નક્કી થયું કે મુબારિઝ એક લાખ રૂપીઆ લેઇ જાય; ને તે મુજબ મુબારિઝ ગૂજરાત છોડી ઉદેપુર થઇ આગરે ગયો.

મહારાજે અમદાવાદ આવીને રતનસિંગ ભંડારીને પોતાનો પ્રતિનિધી કીધો. ફિદાઉદ્દિનખાનને શહેરની કોટવાલી આપી; ને મોમિનખાનને ખંભાતનો હાકેમ કીધો; એ વખતે મરેઠાની એટલી ધાસ્તી રાખવામાં આવતી કે મુસ્તફિદખાન સૂરતના હાકેમની જગોઉપર નિમાયલો તે ખુશકીએ ત્યાં તાંજખંભાત થઇ ભરૂચ ગયો, ને અહીંથી તેણે પીલાજીને સંદેશો મોકલી ચોથ આપવી કબુલ કરી જો સૂરત તેના કબજામાં રહે તો; પીલાજીએ હા ભણી પણ સોરાબખાન મુસ્તફિદખાનને ગાંઠયો નહિ. પછી અભેસંગે કેટલીક નિમણુક કરી હતી.

૧૭૩૧ માં બાજીરાવ પેશવા ફોજ સાથે વડોદરા ઉપર પીલાજી સામા ગયો પણ વળી બોલાવવા ઉપરથી અમદાવાદ આવી શાહીબાગમાં અભેસંગ સાથે મેળાપ કીધો ને ઠર્યું કે બાજીરાવે વડોદરાના હાકેમ અઝમતુલ્લાને મદદ કરી પીલાજીને ત્યાંથી કાઢવો. અભેસંગની તદબીર એવી કે એ મસે પેશવાને અહીંથી ખસેડવો ને પીલાજી પણ જાય; તેમ પેશવાના મનમાં આવ્યું કે પીલાજીને કાઢયા પછી વડોદરૂં મારૂંજ કરી રાખીશ. પેશવા અભેસિંગની કુમક લેઇ વડોદરે કૂચ કરવા લાગ્યો, પણ તેટલે ખબર મળી કે નિઝામઉલ્મુલ્ક પેશવા સામાં લડવાને ગૂજરાત ઉપર આવે છે ને એથી બાજીરાવ સઘળું છોડી ઉતાવળો દક્ષિણ દોડયો, વાટમાંજ ત્રંબકરાવ સેનાપતિયે પીલાજી કંતાજી ને ઉદાજી પવાર એડવાને સાથે રાખી પેશવાનો ગૂજરાતમાં લાગો ન રહે તેવી મતલબે તેની સામા આવ્યાં. તેને અંદરખાનેથી નિઝામની મદદ હતી; પણ લડાઇ થઇ તેમાં પેશવા જીત્યો ને સેનાપતિ કપાઇ ગયો; તોપણ પેશવા બેઠો ન થતાં દક્ષિણ તરફ ધસ્યો, અને મારગમાં નિઝામના ફાંદામાં નહિ આવવાની જુગતી કરતો. તોપણ તાપી ઉપર ઘલા કામળેજમાં છાવણી રાખી નિઝામે તેનો સરંજામ લૂટયો હતો.

ભરૂચનો કિલ્લો જબરો હોવાથી મરેઠાઓ તે લેઇ શકયા નહોતા. ત્યાંના હાકમ અબદુલ બેગે ૧૭૩૧ માં નિઝામ સાથે સંદેશા ચલાવ્યા; ને નિઝામે તેને નેક આલમખાન એ ઇલકાબ આપી અમીર કરી પોતાનો નાયબ બનાવ્યો. વખતસિંગ મહારાજાનો ભાઇ જોધપૂરમાં પોતાની ઠકરાત નાગોર ગયા ને અઝમતુલ્લા આગરે ગયો. બાજીરાવે દક્ષિણમાં જઇ નિઝામ સાથે કરાર કીધા તેની રૂએ ધોળકા, ભરૂચ, જંબુસર, ને મકબુલાબાદ એની જાગીર નિઝામની કાયમ રહી; પેટલાદનો ઇજારો મોમિનખાનને મળ્યો; ને કંતાજીનો ગૂજરાતની ઉપજમાંથી મળતો હિસ્સો જારી રહ્યો. મુલ્લાં મહમ્મદ અલીના વગથી સોરાબઅલી સૂરતનો હાકેમ કાયમ થયો ને મુસ્તફિદખાનને અમદાવાદ પાછા આવવાની જરૂર પડી.

પીલાજી ગાયકવાડ, જે મરહુમ ત્રંબકરાવ દાભાડે સેનાપતિનો કારભારી, સોનાગઢ કિલ્લાનો માલીક ને ભીલ કોળીનો મળતીઓ હતો ને વડોદરા શહેર તથા ડભોઇનો જબરો કિલ્લો મેળવી જે વધારે ડરામણો થયો હતો તેનું અભેસિંગે ડાકોરના એક મારવાડીપાસે ખુન કરાવ્યું. મરેઠાઓ ખુનીને કાપી મહી ઓળંગી સાવલી ગામમાં પીલાજીનું મુડદું બાળી ને પછી વડોદરા ખાલી કરી ડભોઈ જઇ રહ્યા; અભેસંગે તરતજ મરાઠા સામા કૂચ કરી વડોદરૂં લીધું ને ડભોઇને ઘેરો ઘાલ્યો; પણ તે લેવાયું નહિ ને ચોમાસું બેઠું હતું તથા ખોરાકની તંગી હતી તેથી તે પાછો વળ્યો ને વડોદરે જઇ ત્યાં શેરખાન બાબીને મુકી પોતે અમદાવાદ આવ્યો. એ વરસમાં (૧૭૩૨માં) ગૂજરાતમાં મોટો દુકાળ પડયો.

સૂરતમાં અઠવાના મુલ્લાં મહમ્મદઅલીએ વળી નવી ગરબડ મચાવી; સૂરતના હાકેમ સોરાબખાને લાખ રૂપીઆ માગ્યા ત્યારે તેણે પોતાનાં આદમીઓને જોરે સામાં થઇ સોરાબખાનને શહેરબાહાર કાઢી મુક્યો ને તેગબખ્તખાને સૂરતનો કારભાર લેઇ લીધો; એ ટંટાની ખબર સાંભળી બાદશાહે હુકમ લખ્યો ને એ ઉપરથી તેગબખ્તખાને મુલ્લાંને મેજબાનીમાં તેડી કેદ કીધો ને બે વરસ પછી ૧૭૩૪માં તેને મારી નાંખ્યો ને કિલ્લો લેઇ અઠવા લૂટયું; સોરાબખાન ગોઘે તેનાં સગાંને મળી ભાવનગર જઇ રહ્યો; બાદશાહે મોમિનખાનને સૂરત ને તેગબખ્તખાનને ખંભાત આપ્યું; મોમિનખાને પોતાનો નાયબ મોકલ્યો, પણ તેગબખ્તે તેને હરાવ્યો ને પછી તજવીજ કરી શિરસ્તા મુજબ બાહાદુરનો ઇલકાબ લેઇ સૂરતના હાકમની ગાદીએ બેઠો ૧૭૩૩.

ખંડેરાવ સેનાપતિની વિધવા ઉમાબાઇએ પીલાજીના ખુનનું વેર લેવાને ફોજ લેઇ કંતાજી તથા પીલાજીના દીકરા દામાજી સાથે અમદાવાદ ઉપર આવી; પણ ત્યાં ફાવ્યું નહિ. તે ફોજે માત્ર જીવરાજ નામના રજપૂત સરદારને કાપી પાડયો તોપણ મહારાજે ચોથા તથા દશમા હિસ્સા ઉપરાંત એંશી હજાર અમદાવાદના ભંડારમાંથી આપવાનો હુકમ કીધો. એ વરસમાં બાદશાહી ફરમાનથી ખુશાલચંદ શેઠ અમદાવાદનો નગરશેઠ ઠર્યો. ઉમાબાઇએ વડોદરા પર કૂચ કરી ને શેરખાન બાબીએ મરેઠાઓની સામે થવાની તૈયારી કીધી; પણ ઉમાબાઇએ કહેવડાવ્યું કે મેં માહારાજ સાથે સલાહ કીધી છે માટે મને વગર હરકતે જવા દેવી. બાદશાહે માહારાજને આબરૂનો પોશાક આપ્યો. એ વરસમાં માહારાજ રતનસિંગ ભંડારીને પોતાનો નાયબ કરી મિરાતે અહમદીના બનાવનારને રોજના કામ નોંધનારો ઠેરવી જોધપુર થઇ દિલ્હી ગયો. પછી ઉમાબાઇનો દીકરો જાદોજી દાભાડે પોતાનો હક લેવા ગૂજરાત આવ્યો હતો; એજ વરસમાં ચુંવાળ ને કાંકરેજના કોળીઓએ બખેડા કર્યા અને એક રજપૂત સરદાર પાટણ પરગણામાં લૂટાયો; તેવામાં શિહોરના ભાવસિંગને આસરામાં રહેલા સૂરતના સોરાબખાને ફોજ ઉભી કરવા માંડેલી તેને સોરઠની ચઢેલી ખંડણી ઉઘરાવનારો ઠેરવ્યો. ગોઘામાં બરહાનઉલ્મુલ્ક નિમાયલો તેણે સોરાબખાનને નાયબ

કીધો. સોરઠના નાયબે સોરાબખાનની ફરિયાદ કીધી. બરહાન ઉલ્મુલ્કે તેની તરફેન ખેંચી ને પછી બરહાને સોરઠના હાકમ થઈ સોરાબખાનને નાયબ કરી જુનાગઢ મોકલ્યો. રતનસિંગ ભંડારીને વિરમગામના જાગીરદાર ઉદેકરણના દીકરા ભાવસિંગ ઉપર વેર હતું તેથી તેણે જવાનમર્દને લખ્યું કે તેને કેદ કરી અમદાવાદ મોકલવો; જવાન મર્દે તેને પકડયો પણ તેના મદદગારોના જોરથી પાછો છોડી દેવો પડયો.

એ ૧૭૩૪ના વર્ષમાં પીલાજીનો ભાઇ મહાદાજી જે જંબુસરમાં હતો તે સોનગઢથી દામાજીને બોલાવી વડોદરા ઉપર ધસ્યો. રબેવાળ કિલ્લેદારોએ બહાદુરીથી બચાવ કીધો. એ વખતે શેરખાન વાડાસિનોર હતો તેણે નાયબ સુબાની મદદ માંગી ને અણે ખંભાતથી મોમીન ખાનને મોકલ્યો; મહાદાજીએ થોડી ફોજ વડોદરા આગળ રાખી શેરખાનની સામા જઇ તેને હરાવ્યો; મોમિનખાન તો શેરખાનની હાર જોઇ પાછો ખંભાત ગયો; ને કિલ્લેદારોએ લાચાર થઇ તે કિલ્લો આપી દીધો કે જે ત્યારથી હજી લગી ગાયકવાડનોજ છે.

ભંડારીને નગરશેઠ સાથે અણબનાવ થએથી એને શહેર છોડવું પડેલું પણ પાછળથી તે પાછો આવ્યો હતો; ઇડરમાં મહારાજ અભેસિંગના ભાઇ આનંદસિંગ ને રાયસિંગ હતા. તેઓની પાસેથી ઇડર લેઇ લેવાને જવાન મર્દખાન પોતાના દોસ્ત અભ્રરાજી (કટાસેણનો) ને અમરા (ઇલોલ કનિરાનો) એ કોળીઓને સાથે રાખી ગયો; તે બે ભાઇઓએ મલ્હારાવ હોલકર ને રાણોજી સિંધીઆ તે વેળા માળવે હતા તેઓની મદદ માંગી; મરેઠા સરદારો ઇડરને બચાવવા ગયા ને જવાનમર્દખાનને પોણા બે લાખ આપવા પડયા.

૧૭૩૫ માં ધોળકા રતનસિંગ ભંડારીને આપવામાં આવ્યું ને સોરાબખાન વિરમગામનો હાકેમ થયો. પોતાને ધોળકા મળ્યું એ રતનસી ભંડારીને પાલવ્યું નહિ ને પછી તે બે વચ્ચે લડાઇ ચાલી ને આખરે ભંડારીએ સોરાબખાનની છાવણી ઉપર છાપો માર્યો ને સોરાબખાન ઘવાયળો થોડે દાહાડે મરણ પામ્યો; એના મરણથી કાઝમબેગખાનનું ખાનદાન નાબુદ થયું.

પછી કોઇ એક સવારે ભંડારીને બે ઠેકાણે જખમ કીધેલા તે રૂઝાયા પછી ભંડારીએ મોમિનખાનના ઉપર હલ્લો કીધો, એણે સોરાબખાનની તરફ લીધી હતી તેથી. મોમિનખાન ખંભાત જતો રહ્યો; ભંડારીએ મહુધા અરહર માતર નડિઆદ એ પરગણાંનો ઇજારો મોમિનખાન પાસેથી લઇને સફદર ખાનને બાબીને આપ્યો.

ઉમાબાઇએ દામાજીને ગૂજરાતમાં પોતાનો પ્રતિનિધી કીધો હતો, ને એણે એ કામ રંગોજીને સોંપ્યું; કાંતાજીને તે પાલવ્યું નહિ ને તેણે ગૂજરાત આવીને રંગોજીને આણંદ મોગરી પાસે લડાઇ આપી, પણ તે હાર્યો ને તેનો દીકરો કપાઇ મુઓ; પછી કંતાજી પેટલાદ ગયો. તહીં મોમિનખાને રંગોજીની સામા થવાને ફોજ રાખી હતી પણ તેને ખંભાત જવાની જરૂર પડી ને પછી સલાહ થઇ તે આ કરારે કે મહીની ઉત્તરના મુલખની ચોથાઇ દામાજી લે. રંગોજીની સાથે

દામાજી થયો ને બેઉ જણ ધોળકે ગયા. વિરમગામના ભાવસિંગે તેઓને પોતાને ત્યાં બોલાવી મારવાડીઓના જુલમનું અને બાપના ખુનનું વેર કસબાતી ઉપર લેવાનું કહ્યું; ને પછી દગાથી મરેઠાઓને દાખલ કરી ખુન કરનારના ભાઇને કાપી નાંખ્યો, બીજા કસબાતીઓને હાંકી કાઢયા ને કલ્યાણ કામદારને અમદાવાદ જવા દીધો. રંગોજીને વિરમગામ રાખી દામાજી સોરઠની ખંડણી લઇ દક્ષિણમાં ગયો; બીજે વર્ષે ૧૭૩૬માં રંગોજીએ ધોળકાની પાસે બાવલા છે ત્યાં લગી વધી મુલખને સતાવવા માંડયો. રતનસિંગે ફોજ સાથે જઇ તેને પાછો વિરમગામ વાળી તેની પુંઠે પડી મરેઠાઓને હરાવી તેઓનો સરંજામ પકડયો. પણ મરેઠા સલામત પોતાના કિલ્લામાં પહોંચ્યા. એવામાં વળી સરનાળના કેટલાક મરેઠા સવાર તેણી તરફના કોળીઓને સાથે લેઇ કપડવંજ ઉપર ધસ્યા ને તે શહેર લીધું. રતનસિંગે પોતાની મદદમાં મોમિનખાનને ખંભાતથી બોલાવ્યો, પણ તેણે કુલ અખત્યાર હાકેમ થવાની મરજી કરેલી તેથી બાનું કાઢયું.

ભંડારીને જ્યારે ખબર મળી કે દામાજીનો ભાઇ પ્રતાપરાવ તથા દેવાજી તાકપર દશ હજાર ફોજ સાથે અમદાવાદ આવે છે ત્યારે તેણે વિચાર્યું કે મેં વિરમગામને ઘેરો ઘાલ્યો છે ત્યાંથી મને ખસેડવાને તે વાત ચલાવી હશે; પણ પછી ખરી જાણ પામી તે ઘેરો ઉઠાવી અમદાવાદ આવી પ્રતાપરાવની સામા ધસ્યો; પણ પ્રતાપરાવે વાત્રકસૂધી આવી પહોંચી તે નદીના કાંઠાપરના સરદારો પાસેથી ખંડણી ઉઘરાવી હતી ને પછી તેણે ધોળકે આવી ભંડારી પાસે પોતાનો હિસ્સો માંગ્યો હતો, ને પછી બે હજાર ઘોડાં રાખી ધંધુકા ગયા હતો; ને તેવામાં કંતાજી મલ્હારરાવ હોલકરને સાથે લેઇ ઇડરપર ગયો ને પછી દાંતા સામે જઇ તે લૂટ્યૂં; દાંતામાં વસેલા કેટલાક નાગર બ્રાહ્મણોએ ડુંગરીઓમાં નાસી જવાનું કીધું પણ તેઓ પકડાઇ લૂટાયા; પછી મરેઠાઓએ વડનગર જઇ તે લૂટલું. પાલનપુરવાળા જાલોરીએ એક લાખ મરેઠાઓને આપ્યા; પછી કંતાજી તથા મલ્હારરાવ મારવાડ ગયા ને રંગાજી ધંધુકેથી કાઠીઆવાડ ને ગોહિલવાડ ગયો. એ વખતે વખતસિંગની તરફથી ઝાલોરી પાટણનો નાયબ હાકમ થયો. ધોળકાની ઉપજમાંથી જે હિસ્સો મળવાનો તે નકી થએલો નહિ તેથી પ્રતાપરાવ ત્યાં આવ્યો ને નરહર પંડિતને ત્યાં લેવા મોકલ્યો. પછી તે રંગાજી સાથે વડોદરે જવા લાગ્યાં પણ તેટલામાં દામાજીએ તેઓને સોરઠ બોલાવ્યો. શેરખાન બાબી એડ હતો તે અમદાવાદ આવ્યો ને ભંડારીએ તેને પેટલાદ અરહર માતર ને નડીઆદનો પોતાનો નાયબ બનાવ્યો; પણ મોમિનખાન સામો થયો તેથી હિસાબ તપાસવા તથા ઉપજ લેવા સુભેચંદ મારવાડીને ત્યાં રાખ્યો; ૧૭૩૭માં પ્રતાપરાવ મોટા સૈયડથી મરી ગયો. મોમિનખાન કેટલાંક માણસ લઇ પેટલાદ ગયો, શેરખાન દેહગામ ગયો ને ભંડારીએ શેરખાનને મદદ કરવાની તૈયારી કીધી એટલે મોમિનખાન ખંભાત ચાલ્યો ગયો.

એ વખતે મહારાજ અભેસિંગ ઉપર દરબારની મહેરબાની નહોતી તેથી મોમિનખાનને ગુજરાતનો સુબેદાર નિમ્યો. એણે જવાનમર્દને પાટણની હાકમી આપવી કબુલ કરી ત્યાં

મોકલ્યો પણ ઝાલોરીઆ જે મારવાડીના દોસ્ત હતા તેઓએ તેને પાછો કાઢયો. મોમિનખાને પોતાને મળેલો હુકમ નાયબ દિવાનને તથા કાઝીને મોકલ્યો. શેરખાન બાબી તટસ્થ રહ્યો; મોમિનખાને રંગોજીને બોલાવ્યો ને એણે મારવાડીને હાંકી મેલવાની કબુલાત આપી, જ્યારે મોમિનખાને તેને અમદાવાદ શહેર તથા તેની આસપાસની જમીનો ને ખંભાત એ સિવાય ગૂજરાતની અડધી ઉપજ આપવી કબુલ કરી ત્યારે; રતનસિંગ ભંડારીએ પણ મહારાજ અભેસિંગનો હુકમ મંગાવી અમદાવાદને બચાવવાની તૈયારી રાખી. મોમિનખાને ફોજસાથે નારણસર આગળ પહેલી છાવણી કરી; પછી સોજીત્રેથી જવાન મર્દખાન બાબીને લેઈ વસો (અમદાવાદથી ૨૬ માઇલ ઉપર) ને ત્યાંથી પેડે (૧૮ મેલઉપર) જઇ વરસાદને લીધે એક મહિનો વાત્રકઉપર છાવણી રાખી. પછી મોમિનખાને કાંકરીઆ તળાવ આગળ છાવણી રાખી અમદાવાદને ઘેરો ઘાલ્યો ને તેણે મોકલેલા સંદેશાના જવાબમાં સોનગઢથી દામાજીએ કહેવડાવ્યું હું તાકીદે આવી મળીશ. એ વાતની જાણ અભેસિંગને થઇ ત્યારે તે ગુસ્સામાં બાદશાહની હજુરમાંથી ઉઠી ચાલ્યો પણ અમીરોએ તેને પાછો બોલાવી બાદશાહને સમજાવી તેને ગૂજરાતના સુબાઉપર કાયમ રાખ્યો. પણ એમ નથી બન્યું એ વાત મોમિનખાને ચલાવી રાઠોડોને હાંકી મેલવાનું કામ જારી રાખ્યું. તેટલે બીજો હુકમ આપ્યો કે અભેસિંગને સુબેદાર કીધા છે, ફિદાઉદ્દીનખાને ૫૦૦ આદમીથી શહેરનો બચાવ રાખવો; ને મોમિનખાને ખંભાત જવું ને રતનસિંગ ભંડારીએ જુલમ કીધોછે તેનું કામ હાલ અભેકરણે કરવું. મોમિનખાને હઠ લીધી કે રતનસિંગ શહેર છોડે તો હું ખંભાત જાઉં. ભંડારીએ દામાજીને લખ્યું કે મોમિનખાને જે આપવાનું કબુલ નથી કીધું તે પણ હું આપીશ ને તેને માટે મારા મોટા ભાગીદારોને ઓળમાં મુકીશ. એ કાગળ દામાજીએ મોમિનખાનને દેખાડયો ને એણે અમદાવાદ વિગેરે આપવું કબુલ કીધું, પણ ખંભાતને બદલે વીરમગામ; પછી દામાજીએ દુધેશ્વરની જાત્રા જઇ આવી ૧૭૩૮માં રંગોજીને સાથે રાખી અમદાવાદને ઘેરો ઘાલી ગરબછાંટના ગોળા મારી શહેરને બહુ નુકસાન કીધું ને મોમિનખાને પરતાઇ ભંડારીને નરમાશથી સંદેશો કહાવ્યો કે તે જાય. પણ ભંડારીએ માન્યું નહિ; મુસલમાનોએ કાઝમઅલી ખાનની સરદારી તળે તથા મરેઠાઓએ બાબુરાવની સરદારી તળે કોટ ઉપર ચઢી દરવાજા ભાંગી શહેરમાં દાખલ થવાને મથન કીધું, પણ સામા મારથી તેઓને પાછું ફરવું પડયું. બીજે દાહાડે ભંડારીએ મોમિનખાનને સંદેશો મોકલી જણાવ્યું કે મને મારો ખરચ મળે તો જાઉં ને પછી તેણે લડાઇની આબરૂ સાથે શહેર છોડ્યું હતું. તેણે ચાર વરસ નાયબ સુબાનું કામ કીધું હતું (૧૭૩૩–૩૭).

મોમિનખાને અમદાવાદમાં દાખલ થઇ અરધું શહેર મરાઠાઓને આપી દીધું;—રાયખડ, ખાન જહાન, જમાલપુર, બંદ, આસ્તોડીઓ ને રાયપુર એ દરવાજા તેઓના હવાલામાં ગયા; તે વખતે અમદાવાદની મોટી વસ્તી મુસલમાનની હતી; ને તેઓના ઉપર મરેઠાઓએ

જુલમ ગુજારવા માંડયો તેથી એઓએ સામા થઇ ઘણાક મરેઠાઓને શેહેરમાંથી કાઢયા. મોમિનખાન અંદરથી રાજી થયો પણ બાહારથી તેણે દીલગીરી બતાવી ફરીથી ખાતરી આપી.

એ ખબર સાંભળી બાદશાહે ખુશ થઇ મોમિનખાનને આબરૂનો પોશાક, એક શમશેર, ને બીજી કીમતી ચીજો એ મોકલ્યાં-પછી મોમિનખાન રંગોજીને લેઇ ખંડણી ઉઘરાવવા લાગ્યો. પેથાપુરનો શેઠ હઠીસંગ સૂબેદારને તેની છાવણીમાં મળવા આવેલો ત્યાં તેણે તેની ખંડણીનો નક્કી આંકડો કરી આપ્યો; મરેઠાઓએ રસુલઆબાદ ને બાંટવાના સૈયદોની જાગીર લેઇ લીધી; તે ઉપરથી મુસલમાન લોક સામા થયા ને બંને બાજુએ થોડાંક આદમી જખમી થયાં. ૧૭૩૮ માં મરેઠાઓએ સોરઠમાં ઉપરાઉપરી ચઢાઇઓ કરેલી પણ ત્યાંના નાયબ શેરખાન બાબીએ સંભાળ રાખી હતી. દામાજીને કાનજી કોળી સામા જવું પડયું; પણ એકલાથી કામ બન્યું નહિ ને મોમિનખાને ફોજ મોકલી ગામ બાળી કોળીઓને નસાડયા; પછી રંગોજીને પોતાનો નાયબ મૂકી દામાજી સોનગઢ ગયો. (એ વખતે ૧૭૩૮ માં નાદિરશાહ દિલ્હી લૂટી ગયો હતો).

૧૭૩૯ માં ફિદાઉદ્દીનખાનને સાબરમતીના કાંઠાની ખંડણી લેવા મોકલ્યો; મિરાતે અહમદીના બનાવનારને વિજાપુર તાબાનું પાનસુલ ગામ મળ્યું; એ પણ ફિદાઉદ્દીન સાથે થયો. મોહનપુરના જિતસિંગે લડાઇ કીધી પણ હારીને દશ હજાર આપવા કબૂલ કીધા; ત્યાંથી તેઓ ઇડર ગયા ને અહીંથી રાજા રાયસિંગે ફોજના સરદારોને ઘોડા બક્ષિસ કીધા; ઇડરથી વડનગર, ને ત્યાંથી વીસલનગર થઇ થરાજામપુરના કોળી જામોજીને પકડવા બલાસણે ગયા; પણ ત્યાંથી કોળી નાઠો ને મુસલમાનોએ ગામ લૂટયું ને પછી કડી થઇને અમદાવાદ આવ્યા.

અમદાવાદમાં રાજકારભાર બાબત મોમિનખાન ને રંગોજીએ બે વચ્ચે જ્યાર ત્યારે ટંટા થતા ને એક વખતમાં મોટો બખેડો મચેલો ને મોમિનખાને સલાહની માગણી કરી. રંગોજીને અડધો હિસ્સો ઉપજનો ગયા વર્ષથી આપવો બંધ પાડેલો તે આપ્યો. એ ૧૭૩૯ના વરસમાં સાબરમતીની રેલે કેટલી ખરાબી કરી હતી. (એજ વરસમાં મરેઠાઓએ ફિરંગીઉપર જીત મેળવી વસૈ લીધું).

૧૭૪૦માં દામાજીએ મલ્હારરાવ ખુનીને અમદાવાદમાં પોતાનો નાયબ ઠેરવ્યો; એને ને મોમિનખાનને ખંડણી બાબત વાંધો હતો તે પત્યો. ૧૭૪૧ માં મોમિનખાન ખંભાત ગયો; દામાજીએ મલ્હારરાવ ખુનીને બોલાવી લેઇ રંગોજીને મોકલ્યો. એ ને રંગોજી વચ્ચે કંઇ ગેર સમજુતી થયલી તે ઉપરથી મોમિનખાને ખંભાતથી આવી તેને ખાતરીથી સમજાવી રાજી કીધો. વિરમગામના ભાવસિંગે મલ્હારરાવ ગયો કે કેટલાક આરબ તથા રોહીલા એઓની મદદથી મરેઠાઓને કાઢી કિલ્લો પોતે રાખ્યો; થોડા વખત પછી રંગોજીએ તકરાર કાઢી કે કિલ્લાનું એક તબક મોમિનખાને વધાર્યું છે તે તેણે ઉતારી નાખવું ને ભાવસિંગને વિરમગામમાંથી કાઢવો; મોમિનખાને તબક ઉતાર્યું ને પછી તે ને રંગોજી એ બેએ જઇ વિરમગામને ઘેરો ઘાલ્યા; ભાવસિંગે બાહાદુરીથી પોતાનો બચાવ રાખ્યો; વચમાં મોમિનખાન કડી વિજાપુર ગયલો તેવામાં ભાવસિંગે પાટડી મળે

તો વિરમગામ આપી દેવું કબુલ કીધું; ને રંગોજીએ પાટડી આપી વીરમગામ લીધું. મોમિનખાન ખાનસે હતો ત્યાંથી દામાજીનું ગૂજરાત આવવું સાંભળી અમદાવાદ આવ્યો; દામાજીએ ખાનસાને ઘેરો ઘાલ્યો; કોળીઓએ મહિના લગી ટકાવ રાખ્યો, પણ પછી તે તેના હાથમાં આવ્યું ને તે તેણે બાળી મક્યું; દામાજી સોરઠ જઇ ત્યાંથી પાછો ભરૂચ ઉતર્યો; એણે ભરૂચને ઘેરો ઘાલ્યો; ને નેક આલમખાને બચાવ કીધો. પણ પછી એણે નિઝામને લખ્યું ને નિઝામે દામાજીને લખ્યું તે ઉપરથી એ ઘેરો ઉઠાવી ચાલતો થયો (પણ એમ જણાય છે કે ભરૂચના મહેસૂલમાં ગાયકવાડનો હિસ્સો ભાગુ થયો તે તે વખતથી હશે).

૧૭૪૧ માં રંગોજીએ બોરસદમાં કિલ્લો બાંધ્યો; મુસલમાન ને મરેઠા વચ્ચે ઘણીક લડાઇઓ ચાલી પણ મોમિનખાને સલાહ કરાવી હતી; દામાજી દક્ષિણની ખટપટમાં ગૂંથાયો હતો ને રંગોજીએ ગૂજરાતના રાજા સાથે વર્ગ વધાર્યો. એકવાર તેણે સજનસિંગ હજારીને નોકરીમાં રાખી ઇડરના રાયસિંગને ફોજ સાથે બોલાવ્યો; પણ મોમિનખાને ઇડરવાળાને આમ્લીઆરાનું થાણું આપી મોડાસા, માનકરેજ, અહમદનગર, પ્રાંતિજ ને હરસોળ એ જાગીર આપી રંગોજીની દોસ્તીથી છૂટો કર્યો. ૧૭૪૨ માં અમદાવાદમાં મુસલમાન ને મરેઠાઓ વચ્ચે લડાઇ થઇ તેમાં મુસલમાને કાંઇક ફાયદો મેળવ્યો; રામાજીને પોતાને ઠેકાણે રંગોજી બોરસદ જઇ રહયો; એ વખતે નિઝામની તરફથી જીવણદાસ ધોળકાની જાગીરની ઉપજ લેવા આવેલો પણ તે લેઇ શકયો નહિ. વળી મોમિનખાન ને રંગોજી વચ્ચે તકરારો ચાલી પણ તે પાછી પતી ગઇ; પછી દામાજીના તેડવા ઉપરથી રંગોજી તેને બાબુ નાયક સામા મદદ આપવા ગયો; મોમિનખાન ગોહિલવાડ ગયો ને ઘોઘામાં શિહોરના રાજાઓએ ખંડણી આપી તે લીધી. પછી હાલારમાં જઇ જામ પાસે પચાસ હજાર આપવા કબુલ કરાવી પાછો અમદાવાદ આવ્યો.

૧૭૪૩ માં મોમિનખાન મરણ પામ્યો; નવો સુબો નિમાય ત્યાં લગી કારભાર કરવાને બાદશાહે ફિદાઉદ્દીનખાન તથા મુફતખિરખાન એઓને હુકમ લખ્યા; રંગોજી મુફતખિરખાનને મારી નાખવાની તજવીજ કરતો; પણ એ બહુ સાવધ રહેતો; રંગોજીએ પોતાના નાયક રામાજી જે પોતાની નજદીકમાં હતો તેને બોલાવ્યો ને મુફતખિરખાને ખંભાતથી ફિદાઉદ્દીનને બોલાવ્યે શેરખાને રંગોજીની બાજુ છોડી ને લડાઇ શરૂ થઇ તેમાં મરેઠાના ભુંડા હાલ થયા ને રંગોજીની હવેલીને ફરતો ઘેરો થયો; મોમિનખાને બેઇજત કરેલા એવા કોઇ આનંદરાવન ફિદાઉદન મારી નાખવા રંગોજીએ ઉસ્કેર્યો હતો; પણ એણે સપડાઇ જવાથી આનંદરાવને, બોરસદ, તથા વિરમગામ એ આપી દેવાં કબૂલ કીધાં. એ રીતે ફિદાઉદ્દીન ગૂજરાતનો એક પોતેજ ધણી રહ્યો.

દામાજી સાતારેથી ખંભાત ગયો ને રંગોજી પોતાના હમાદાર શેરખાન બાબીની સાથે રહેતો તે ત્યાંથી કુટુંબ લેઇને નાઠો; ફિદાઉદ્દીન શેરખાન ઉપર ગુસ્સે થયો ને આણંદરાવને મારી નાખ્યો; રંગોજી નાશી બોરસદ ગયો; ફિદાઉદ્દીન ખંડણી ઉઘરાવવા નિકળેલો તેણે સાંભળ્યું કે દામાજીના ભાઇ

ખંડેરાવે મહીપાર આવી રંગોજીને મળી પેટલાદને ઘેરો ઘાલ્યો છે. સબાએ અમદાવાદ આવી રંગોજીની ખોટી ચાલ બાબત ખંડેરાવ આગળ ફરિયાદ કરવાને વલ્લભદાસ કોટવાલને મોકલ્યો.

મોમિનખાન પછી જવાનમર્દખાન બાબી એ સૌથી મોટો સત્તાધારી અમીર હતો. એને નાયબ કરવાનો ફિદાઉદ્દીનનો વિચાર હતો. જવાનમર્દે અમદાવાદની આસપાસના મુલખની ઉપજ ઉપર દાવો કીધો; તેટલામાં હુકમ આવ્યો (બનાવટનો) કે જૂના સરદાર અબદુલ અઝીઝ-ખાનને સુબો ને જવાનમર્દખાનને તેનો નાયબ કીધો છે; ફિદાઉદ્દીનને શક તો આવ્યો પણ તે જવાન-મર્દને ખસેડી શકયો નહિ, ને એણે પોતાને નાયબ સુબો કહેવડાવ્યું; એ વખતે ફોજે પગાર બહુ ચઢી ગયાના સબબથી ફિદાઉદ્દીન તથા મુફ્તખીર બંનેને પરેજ કીધા; ખંડેરાવે કહેવડાવ્યું કે પેટ-લાદનો કિલ્લો મારા તાબામાં આપે તો હું મદદ કરૂં. એને તો ફિદાઉદ્દીનખાને જવાબ વાળ્યોજ નહિ પણ જવાનમર્દની આજીજી કીધી કે તેણે વચમાં પડવું; જવાનમર્દે બંડખોરોને સમજાવી ફિદાઉદ્દીનને છોડવ્યો ને એ શહેરમાંથી નિકળી જઇ આગરે ગયો.

રંગોજીએ પેટલાદનો કિલ્લો લેઇ તોડી પાડી અમદાવાદ ઉપર કૂચ કીધી; જવાનમર્દખાને મિરાતે અહમદીના બનાવનારને રંગોજીપાસે કોલકરાર કરવા મોકલ્યો ને એણે પોતાના આગલા હક ને કબજા માંગ્યા. દિલ્હી દરબારે જણાવ્યું કે અમે અબદુલ અઝીઝને સૂબો ઠેરવ્યોજ નથી; મુફ્તખિરખાનને કીધો છે ને જવાનમર્દે સુબાના કામપરથી ખસવું; મુફ્તખીરે હુકમની નકલ જવાનમર્દને મોકલી ને કહેવડાવ્યું કે તમને મારા નાયબ કીધા છે ને હું થોડી મુદતમાં અમદાવાદ છોડીશ. જવાનમર્દે હુકમ ન માનતાં મુફ્તખીરની હવેલીને ઘેરો ઘાલ્યો; ને એ શહેર છોડી રંગોજીને મળ્યો ને પછી ખંભાત ગયો.

ખંડેરાવ પોતાના લાગો લેવા પાછો આવ્યો ને રંગોજીને સાથે લેઇ વણુજર (અમદાવાદથી પાંચ મૈલઉપર) ગયો; જવાનમર્દે ઘણીવારે હક આપવા કબુલ કીધું; ને મરેઠાઓએ પોતાની તરફથી દાદુ મેરારને કારભારી કીધો. ૧૭૪૪ માં જવાનમર્દખાને જુન્નરથી (પુનાનીપાસે) અબદુલ અઝીઝ-ખાનને બોલાવ્યો ને એ બાગલાણુના મુલ્હેરના કિલ્લેદારને તથા રૂસ્તમરાવ મરેઠાને સાથે લેઇ નિકળ્યો; પહેલે તે સૂરત આવ્યો. ત્યાં દામાજી તરફથી દેવાજી તાકપરે ચોકી રાખી ને જ્યારે તે અમદાવાદ તરફ ચાલ્યો ત્યારે દેવાજીએ કીમ કઠોદરા (સૂરતથી પંદર મૈલઉપર) આગળ તેના ઉપર હુમલો કીધો ને અઝીઝની ફોજમાંના રૂસ્તમરાવને ફોડયો હતો તેથી ફતેહ મેળવી; હજુ દેવાજીએ તેનો કેડો ન મુકયો ને પાનોલી આગળ અઝીઝ હાથીએથી ઉતરી ઘોડે ચઢી ભરૂચ તરફ નાઠો. નર્મદામાં મછવા ન મળેથી ને મરેઠા પાછળ હતા, તેથી તેના ઘોડાને પાણીમાં મૂકયો; પણ કાદવમાં અટકી રહેથી મરેઠાઓએ તેને પકડી કાપી નાખ્યો.

પછી જવાનમર્દખાને મુફ્તખીરખાનને મળી જવાનું કીધું, પણ તેટલે બે લાખનું નજરાણું લેઇ બાદશાહે ફકરૂદોલા ફકરૂદ્દીનખાન શુજાઅત જંગબહાદુર ને સુબો કીધો; એણે એક સીતારામ સાહુકા-

B 524—??

રને કોરો કાગળ મોકલી તેમાં લાયક નાયબનું નામ લખવાનું કહ્યું; એણે જવાનમર્દખાનનું લખ્યું ને તેને સુબાએ નાયબ ઠેરવ્યો. ખંડેરાવે સોરઠથી સોનગઢ જતાં રંગોજીને પોતાનો નાયબ કીધો ને એણે મોરાર નાયકને બદલી કૃષ્ણાજીને અમદાવાદ મૂકી ખેડે જઇ જવાનમર્દખાન સાથે દોસ્તીની નિસબત વધારી. શેરખાન બાબીએ વાડાસિનોરમાં નવા સુબાને ઈજત આપી, પણ જવાનમર્દખાન બાબીએ તેની સામે થવાને પેટલાદથી ગંગાધરને તેના મરેઠા સાથે બોલાવ્યો. નવો સુબો કપડવંજથી ઇડરના રાયસિંહસાથે અમદાવાદથી ભિલપુર આવ્યો (૧૮ મૈલ ઉપર). જવાનમર્દે સફદરખાન તથા ગંગાધરને સામા લડવા મોકલ્યા; એ ફોજ અમદાવાદથી છ મૈલ ઉપર મળી ને થોડીક લડાઇ થયા પછી ફકરૂદૌલાએ ફાવીને શહેરને ઘેરો ઘાલ્યો; પણ જવાનમર્દે શેરખાન બાબી તથા રાયસિંગને પોતાની તરફના કરી લીધા. સફદરખાન બાબીએ ફકરૂદ્દૌલાને ઘેરી લીધો ને પછી એ તથા એની એક ઓરત તથા કેટલાંક છોકરાં વળી કેટલાક મરાઠાઓ કેદ્યે પકડાયા; અને તેની એક બીજી ઓરત અને તેનો એક બેટો જેઓએ સિદ્ધપુર નાશી જવાનું કીધેલું તેઓને પકડી અમદાવાદ આણ્યા.

ખંડેરાવે રંગોજી પાસેથી ખંડણીનો પોતાનો હિસ્સો લીધો પણ તેનો હિસાબ ચોખ્ખો ન હોવાથી તેની મિલકત જપત કરી તેને બોરસદમાં કેદ રાખ્યો; જવાનમર્દ ને સફદરખાન એ બે ભાઇને ટંટો થયલો પણ તે પાછા મળી ગયા. ખંડેરાવે સોરઠથી ધોળકે આવી ત્રંબકરાવ પંડિતને અમદાવાદમાં મુક્યો ને પછી તે ને રંગોજી દક્ષીણ ગયા; પુનાજી વિઠ્ઠલ તથા ત્રંબકરાવ એ બે જવાનમર્દખાનથી નારાજ થઇ ફકરૂદ્દોલાને મળી ગયા; પણ ઉમાબાઇએ પોતાની તરફથી રંગોજીને ફરી મોકલ્યો. તે જવાનમર્દખાનનો દોસ્ત હતો તેથી તેણે ત્રંબકરાવને અમદાવાદમાંથી કાઢી મુક્યો ને શહેરની ઉપજનો મરેઠાનો હિસ્સો પોતે ઉઘરાવ્યો. એ ઉપરથો પુનાજીએ ગંગાધર તથા કૃષ્ણાજીને ફોજસાથે મોકલી જે પરગણાંમાંથી મરાઠાઓએ ચોથ ઉઘરાવેલી ત્યાંના મુસલમાન કારભારીઓને કાઢી મુકી ત્યાંનો કારભાર પોતાને હાથ લીધો. રંગોજીએ શેરખાનની મદદ માંગી. એણે હા કહી પણ પાસે નાણું નહિ તેથી ઢીલ કીધી. પછી વળી મહુધા તથા નડીઆદ લૂટયાં. એ વખત રંગોજી તેને મળ્યો નહિ તો પણ તેણે એકલાએ કપડવંજ થઇ મરેઠાની છાવણી સામા કૂચ કીધી. મરેઠાએએ શેરખાનની છાવણી ઉપર છાપો માર્યો ને બંને બાજુનાં ઘણાં આદમી કપાયાં. બીજી સવારે લડાઇ શરૂ થઇ પણ શેરખાને કોલકરાર સંબંધી સૂચના કીધી તેથી તે બંધ રહી. તેજ રાતે રંગોજી વાડાસીનોર આવ્યો છે જાણી શેરખાન છૂપી રીતે કપડવંજ જતો રહ્યો. પુનાજી ને ફકરૂદ્દૌલા એ બેનું ચાલ્યું નહિ ને રંગોજી તથા શેરખાન એ બેની ફોજ એકઠી થઇ.

તરતજ પછી ૧૭૪૬માં, લડાઇ થઇ તેમાં શેરખાને જખ્મી થઇ રંગોજી સાથે કપડવંજમાં આસરો લીધો; પણ ફકરૂદ્દૌલા ગંગાધર ને કૃષ્ણાજી એઓએ તે શહેરને ઘેરો ઘાલ્યો. તે વખત મલ્હારરાવ હોલકરે માળવેથી પાછા આવતાં લૂણાવાડાના રાજાના કહેવાથી એની સાથે રહી વીરપુર ઉપર હુમલો કીધો. રંગોજીએ હોલકરની મદદ માંગી ને એ બે લાખ રૂપીઆ ને બે હાથી

લેવાને કબુલ થયો; ફકરૂદ્દૌલાએ ઘેરો ઉઠાવી હાકેમને કાઢી મુકયો. વળી રંગોજી વડોદરે ગયલો તેવામાં ફકરૂદ્દૌલા કૃષ્ણાજી તથા ગંગાધરને લેઇ જેતલપુર ગગે ને તે લીધું. દામાજી તથા ખંડેરાવ ને કૃષ્ણાજી તથા ગંગાધર વસુ આગળ મળ્યા. ત્યાં એ બેને દામાજીએ ઠપકો દીધો ફકરૂદ્દૌલાને મદદ કરવા બાબત. દામાજીએ વડોદરા, નડીઆદ, ને બોરસદ એ પરગણાં પોતાનાં ભાઇ ખંડેરાવના નામનાં કીધાં. બોરસદ ખંડેરાવને મળ્યું ત્યારે રંગોજીએ ઉમરેઠમાં મુકામ રાખ્યો.

સૂરતમાં તેગબખ્તખાન તેજ વર્ષમાં મુઓ ને તેના ભાઇ સફદર મહમ્મદખાન બાદશાહને સાત ઘોડાનું નજરાણું આપી હાકેમ થયો. ખંભાતનો હાકેમ નઝમખાન મુઓ ને મુફત ખીરખાને (મોમિનખાનનો બેટો) હાકેમ કહેવડાવી બાદશાહને લખી જણાવ્યું; ને એણે તેને ૧૭૪૮માં કાયમ રાખ્યો. રંગોજી જેને ખંડણીના હિસ્સા બાબત જવાનમર્દખાનસાથે બગડી હતી તે કાનોજી તથા ફકરૂદ્દૌલાને મળી ગયો ને પછી તેઓએ સાણંદ લૂટી ત્યાં મુકામ રાખ્યો. પછી કાનોજી દક્ષિણમાં ગયો. ફકરૂદ્દૌલાએ શેરખાન બાબી તથા ઇડરનો રાયસિંગ એ બેની કુમકે અમદાવાદને ઘેરો ઘાલ્યો; તેવામાં ખંડેરાવનો દત્તક હરિબા જે બોરસદમાં હતો તેણે રંગોજીનાં પેટલાદ તાબાનાં ગામો લૂટયાં ને તેના નાયબને મારી નાખ્યો; એ સાંભળી રંગોજીએ અમદાવાદથી નિકળી હલ્લો કરી બોરસદ લીધું ને હરિબાને દેશ છોડવાની જરૂર પડી.

સૂરતમાં ૧૭૩૪માં મુલ્લાંને કેદમાં તેગબખ્તે મારી નાખેલો તેનું વેર લેવાને નિઝામે સૈયદ મથનને મોકલેલો ને તે ન ફાવેથી પાછો ગયલો. પણ તેગબખ્તખાનના મુઆ પછી પાછા સૂરત આવી પોતાનો ભાઇ સૈયદ અચન જે બક્ષી હતો તેની સાથે રહ્યો; તેણે શહેરની હાકમી લેવાને બહુ મહેનત કીધી પણ નાઉમેદ થઇ આપઘાત કીધો. પણ તેના ભાઇ સૈયદ અચને હુમલો કરી કિલ્લેદારને હાંકી મેલી કિલ્લો લીધો; ને પછી તે ને હાકેમ સફદર મહમ્મદખાન એ બે વચ્ચે ઘણાએક દહાડા લડાઇ ચાલી હતી. સૈયદ અચને વડોદરાના નાયબ મલ્હારરાવને તેડયો; શહેર લૂટાતું હતું તેવામાં મલ્હારરાવ કપાયો ને પછી સઘળો કારભાર સૈયદ અચને પોતાના હાથમાં લીધો. સફદરખાને શહેર તો છોડયું, પણ કેટલાંક આદમી ઉભાં કરી કિલ્લા ઉપર ગોળા ચલાવ્યા. સૈયદ અચને આરબ, તુરક, અંગ્રેજ, વલંદા, ફિરંગી એ વેપારીઓની મદદ માંગી ને એઓની અરજ ઉપરથી બાદશાહે તેને હાકમ બનાવ્યો (સફદર મહમ્મદખાન સિંધ જતો રહ્યો). સૈયદ અચને મુલ્લાં મહમ્મદ અલીના બેટાને કેદમાં નાખેલો તેને અંગ્રેજી કોઠીના વડાએ છોડાવી વેશ પલટાવી મુંબઇ મોકલ્યો. સૈયદે કેદારજી ગાયકવાડ તથા મલ્હારરાવને સૂરત લેતી વેળા બોલાવેલા તેઓએ હમણા આવી કબુલેલા ત્રણ લાખ માગ્યા; પણ પાસે ન હોવાથી સૈયદે રૂપીઆ ભરાઇ રહેતાં લગી સૂરતની ઉપજનો ત્રીજો હિસ્સો આપવો કબુલ કીધો. જંજીરાવાળા નાયબને ત્રીજો હિસ્સો મળતો હતોજ ને એથી સૂરતના હાકમની પેદાશ ઘણીજ ઓછી થઇ હતી.

એજ વર્ષમાં (ઇ. સ. ૧૭૪૭ સંવત ૧૮૦૩ માં) ગૂજરાતમાં મોટો દુકાળ પડયો ને ઘણાં માણસો મુવાં. બીજે વર્ષે દામાજી તથા ખંડેરાવે મોમિનખાન તથા જવાનમર્દ એ બેની કુમકે પાંચ મહિના ઘેરો રાખી બોરસદ લીધું ને ખંડેરાવે રંગોજીને કેદ કીધો. રંગોજીના મળતીઆ શેરખાન તથા રાયસિંગ પોતપોતાને ઠેકાણે ગયા.

એ વર્ષમાં બાદશાહ મહમ્મદશાહ મરણ પામ્યો ને શાહજાદો અહમદશાહ બાદશાહ થયો (૧૭૪૮-૫૪). તેણે મહારાજ વખતસિંગને ગૂજરાતનો સુબો બનાવ્યો. તે ગૂજરાતની હાલત જોઇ પોતાનાજ મુલખમાં રહ્યો; તે ઓગણ સાઠમો ને છેલ્લો સુબો હતો. કારણ જો કે ફકરૂદૌલા રંગોજીના મરેઠા તથા બીજા કેટલાકની મદદથી ગૂજરાતમાં થોડો ઘણો વગ ધરાવતો તોપણ તેનામાં સુબો થવાનું કૌવત નહોતું; ને તે વખતસિંગ સુબો થયો સાંભળી દિલ્હી જતો રહ્યો. એ વરસમાં અમદાવાદનો નગરશેઠ ખુશાલચંદ મરી ગયો. (આસફઝા નિઝામુલ્મુલ્ક પણ એજ વર્ષમાં મરી ગયો).

બાજીરાવ પેશવાએ ગાયકવાડની સત્તા તોડવાને એજ અરસામાં ફોજ મોકલી ને રંગોજીને ખંડેરાવના હાથમાંથી છોડવ્યો. હવેનાં વર્ષોમાં પ્રાંતના જૂદા જૂદા ભાગોમાં કેટલાક હિંમતબાહાદુરો રાજનગરની સત્તા તૂટી તેનો લાભ લેઇ સ્વતંત્ર થવાને તજવીજ કરવા લાગ્યા. પાટણના એક કસબાતીએ ડરામણું બંડ કરી તે શહેર લીધું; તેને તાબે કરવાને જવાનમર્દખાનને જાતે જવું પડયું; પછી જવાનમર્દ પોતાના ભાઇ સફદરખાન તથા જોરાવરખાન એઓને બોલાવી લેઇ એઓની સાથે અમદાવાદ આવ્યો. ખંડેરાવે સેવકરામને પોતાનો કારભારી કીધો. સૂરતમાં સૈયદ અચને હાફિઝ મસાઉદ હબશીને શહેરમાંથી કાઢી મુકવાની તજવીજ કરી પણ ફાવ્યો નહિ. પછી તેણે બીજા વગવાળા માણસોઉપર જુલમ ગુજાર્યો. એઓની મદદથી હબશીએ કિલ્લામાં તેના ઉપર હુમલો કીધો; વલંદા સૈયદના કટ્ટા દુસ્મન હોવાથી તેઓએ સફદરખાનને ટટ્ટેથી બોલાવી નવાબ કીધો ને અંગ્રેજની કોઠીને લૂટી. ૧૭૫૦ માં સૈયદ અચન કિલ્લો હબશીને તાબે સોંપી મુંબઇ ને ત્યાંથી પુને જઇ બાળાજીરાવને મળ્યો. મુંબઇ સરકારે સૂરતની કોઠીના વડા મિ૦ લાંબને ઠપકે લખ્યો ને એણે આપઘાત કીધો. સૂરતના વેપારીએ દક્ષિણના સુબાના દિવાન રાજા રઘુનાથદાસને લખ્યું કે અમને કોઇ હાકેમ કરી આપવો. ને અણે પોતાના દીકરા રાજા હરપ્રસાદને નવાબ ને મિરાતે અહમદીના બનાવનારને તેનો દીવાન એમ ઠેરવ્યા; પણ રાજા હરપ્રસાદ સૂરત આવતાં પહેલાંજ લડાઇમાં કપાઇ મુઓ ને તેનો બાપ પણ.

એજ વર્ષમાં રાજા રાયસિંગ મુઓ ને તેની પહેલાં વાડાસીનોરનો સફદરખાન તથા ફિદાઉદ્દીનખાન એઓ ભરૂચ જઇ વસ્યા હતા; મરેઠાઓનો વિચાર હમેશ ગૂજરાતમાં રહેવાનો છે તે જાણીને તે ગાયકવાડની સત્તાની સામે હતો તેથી જવાનમર્દખાને બાળાજીરાવ પેશવાસાથે સંદેશા ચલાવ્યા; પણ પેશવા દક્ષિણમાં લડાઇમાં રોકયો હતો તેથી મદદ મોકલી શક્યો નહિ.

૧૭૫૧માં પેશવાએ દામાજીરાવને છેતરી કેદ કીધો, ને તેના ગૂજરાતના હક તથા ગામમાંથી અરધો હિસ્સો આપવાનું કબુલ કરાવ્યું; ગાયકવાડની ફોજ દક્ષિણમાં હતી તેવામાં જવાનમર્દખાને સોરઠ જઇ ખંડણી ઉઘરાવી લીધી. ખંભાતમાં મોમિનખાનને ગાયકવાડના કારભારી સાથે જ્યારે ત્યારે તકરાર ચાલતી તેથી તેણે પેશવાને લખ્યું ને એણે ગાયકવાડને ખસેડી પોતાનો કારભારી ત્યાં મોકલ્યો. તેજ વરસમાં પેશવાના ભાઇ રઘુનાથરાવે ગૂજરાતમાં આવી રેવાકાંઠા તથા મહીકાંઠાના પરગણાં તાબે કરીને સૂરત ઉપર કૂચ કીધી. શીયાજી ધનગર સેવકરામની જગોએ દામાજીનો નાયબ નીમાયો ને પેશવાનો હિસ્સો ઉઘરાવવાને કૃષ્ણાજી આવ્યો.

ભરૂચ નિઝામની જાગીર હતી ને ત્યાં તેની તરફથી નેકઆલમખાન હતો; તે ૧૭૫૨માં મુઓ ત્યારે બાદશાહે તેના દીકરાને તેની જગોએ તેજ નામથી કાયમ રાખ્યો. નિઝામના મુઆ પછી તેનાં કોઇ વારસે ભરૂચનો દાવો કીધો નહિ ને મરેઠાઓને જે કંઇ આપવું પડતું તે શિવાય ભરૂચના હાકેમ ખરેખરા આપઅખત્યારજ હતા.

પેશવાએ પાંડુરંગ પંડિતને ગૂજરાતની ખંડણી લેવા મોકલ્યો; ખંભાતના મોમિનખાને ફોજના ઘાસદાણાના રૂપીઆ સાત હજાર આપ્યા ને ચાર નાની તોપ વાપરવા આપી. પંડિતે કાંકરિઆ તળાવ આગળ છાવણી રાખી અમદાવાદને ઘેરો ઘાલ્યો. પણ જવાનમર્દખાને શહેર બચાવ્યું. પછી સલાહ થઇ હતી ને પંડિત સોરઠ ગયો. પછી જવાનમર્દખાન ખંડણી ઉઘરાવવાને ગયો ને તે દોડસો મૈલ દૂર હતો તેવામાં અમદાવાદ ખબર આવી કે મરેઠા નર્મદાપાર કરી આવે છે; શહેરના લોકે જવાનમર્દને ઉપરાઉપરી ખેપીઆ મોકલ્યા ને દરવાજા મજબૂત કરાવ્યા; પરાંના રહનારા કુટુંબસાથે શહેરમાં આવી રહ્યા; જવાનમર્દ અમદાવાદમાં નથી જાણી રઘુનાથરાવે (પેશવાનો ભાઇ) ઉતાવળી કૂચ કરી મહી ઉતરી ફોજની એક ટુકડી સાથે વિઠ્ઠલ સુખદેવને આગળથી મોકલ્યો. દામાજી ગાયકવાડ રઘુનાથરાવને મદદ કરવાની કબૂલાતે કેદમાંથી છુટેલો તેના તેડ્યાથી નડિયાદના વતનદાર કોસાજીએ અમદાવાદ તરફ કૂચ કરી ખોખરી લૂટયું. વિઠ્ઠલે બેડો જઇ ત્યાંના મુખી મહમ્મદ દુરાનને સાથે લીધો ને પછી રઘુનાથરાવ પણ આવી પહોંચ્યો ને એ ફોજે કાંકરીઆ તળાવ આગળ છાવણી કીધી. બીજે દાહાડે રઘુનાથરાવે ત્યાંથી ખસી સાબરમતીને કાંઠે હઝરતશાહ ભીકનની કબર આગળ પોતાનો મુકામ કર્યો ને ત્રીસ ચાળીસ હજારા ફોજને ત્રણ ભાગે વહેંચી;—શહેરની ઉત્તર તરફ લડવાને દામાજીને, પૂર્વ સામા ગોપાળ હરીને મોકલ્યા અને દક્ષિણ પશ્ચિમને માટે પેશવા પોતે રહ્યો.

જવાનમર્દખાન ખબર સાંભળી તરત તાકીદે કૂચ કરી રાધનપુર ને ત્યાંથી પાટણ ને ત્યાંથી કડી થઇ અમદાવાદ આવી રાતે જુગતીથી શહેરમાં દાખલ થયો. પછી બચાવનું કામ હોંસથી ચાલ્યું; ઘણી ચોકશી છતે એક વખત ૭૦૦ મરેઠા રાતે કોટપર ચઢી અંદર દાખલ થયા પણ તેઓને કતલસાથે શહેર બાહાર હાંકી કાઢયા; રઘુનાથરાવે સલાહની માગણી કીધી પણ જવાનમર્દે તે કબુલ કીધી નહિ. રઘુના-

થરાવે વધારે મહેનત કરી ઘણીક સુરંગ ઉડાડી પણ કોટની દીવાલમાં બાકોરૂં પડયું નહિ; જવાનમર્દે શહેરમાંથી મરેઠાના કારભારીઓને કાઢી મુકયા; પાટણથી પોતાની ફોજ બોલાવેલી તેને કકડે કકડે રાતે દાખલ કરી શહેરનો બચાવ જારી રાખ્યો. પછી વળી ખોરાકની તંગી ને ચઢેલા પગારના પોકા-રથી ગભરાયાથી તેણે શેહરના લોક પાસેથી ૫૦ હજાર એકઠા કરી ફોજને આપી દેઇ જબરો બચાવ કરવાને સમજાવી; પણ ઘેરો ઉઠયો નહિ; વળી પગારને વાસ્તે ફોજમાં બૂમ ચાલી શહેરના લોકે વધારે આપ્યું નહિ ને જવાનમર્દે વિઠ્ઠલ સુખદેવ મારફત કોલકરારનો સંદેશો કહેવડાંવ્યો; એવું ઠર્યું કે જવાનમર્દખાન મરેઠાની ફોજના પગારના એક લાખ રૂપીઆ આપે અને એક હાથી ને બીજી કિમતી ચીજો; વળી શહેરનો બચાવ કરનારી ફોજ લડાઇની બધી આબરૂસાથે શહેરમાંથ જાય અને જવાનમર્દ તથા તેના ભાઇઓની જાગીરો ઉપર મરેઠાનો કોઇપણ લાગો રહે નહિ—જાગી-રનાં પરગણાં પાટણ, વડનગર, સમી, મુંજપુર, વિસનગર, થરાડ, ખેરાળુ, રાધનપુર તરવાડા સાથે ને વિજાપુર એ હતાં. વળી ઠર્યું કે જવાનમર્દનો એક ભાઇ ૩૦૦ ઘોડાં તથા ૫૦૦ પૈદલ સાથે મરેઠાની નોકરીમાં રહે; તે ફોજનો ખરચ મરેઠાઓ આપે; ને છેલ્લું કે મહમદખાન, ખાનદોરાન ને આબિદખાન એઓની જાગીર બેડા, કસબા માતર, ને બાનસા મહુધા એમાં હાથ ઘાલવો નહિ તેમ જોરાવર-ખાનની જમીન તે પણ છેડવી નહિ; એ કરાર ઉપર રઘુનાથરાવે સહી મોહોર કીધી તથા દામાજી ગાયકવાડે ભાગીદાર અરધા ભાગીઆ દાખલ, અને મલ્હારરાવ હોલકર, જયઆપા સિંધિઆ, રામચંદ્ર વિઠ્ઠળ સુખદેવ, સખારામ ભગવંત, ને માધવરાવ ગોપાળરાવ એઓએ સાખ ભરી. એ લેખ જવાનમર્દખાનને આપવામાં આવ્યો; તે પોતાની ફોજ સાથે શહેરમાંથી નીકળી ગયો ને અમદાવાદ મરેઠાઓએ લીધું ૧૭૫૩ ના એપ્રીલમાં.

પછી રઘુનાથરાવે દામાજીની સાથે અમદાવાદના રાજકાજની ગોઠવણ કીધી; ને શ્રીપતરાવને પોતાનો પ્રતિનિધ કરી ત્યાં રાખ્યો. પછી તેણે લીમડી વઢવાણવાળા પાસેથી ખંડણી લીધી; તેમાં લીમડીના હરભમજીએ હરસાલ ૪૦ હજાર આપવા કબૂલ કીધા. પછી ચોમાસાને લીધે તે ધોળકે આવ્યો; પટેલ વિઠ્ઠલ સુખદેવે પાલનપુરના મહમ્મદ બાહાદુર પાસેથી હરસાલ એક લાખ પંદર હજાર આપવા કબુલ કરાવ્યા. રઘુનાથરાવે ધોળકેથી તારાપુર (ખંભાતથી દશ મૈલ ઉપર) જઇ હરસાલ ૧૦ હજાર આપવાની મોમિનખાનપાસે કબૂલાત લીધો; દામાજીએ વાત્રક કાંઠાની ખંડણી ઉઘરાવી કપડવંજ જઇ શેરખાન બાબીપાસેથી તે જીત્યું; ને ત્યાંથી નડિયાદ જઇ સેવકરામને ગૂજરાતની ઉપજનો પોતાનો હિસ્સો લેવાને ઠરવ્યો. અમદાવાદની ટંકશાળમાં બાદશાહના નામના સિક્કા પડતા બંધ થયા; ને ઘેરાની વખતમાં પરાં ઉજ્જડ થયલાં તે ફરીથી વસ્યાં નહિ; કોળીઓએ લૂટફાટ કરવા માડી ને તેઓ બૈરાં છોકરાંને પણ લેઇ જઇ ગુલામ દાખલ વેચતા. શ્રીપતરાવે ખંભાતઉપર કૂચ કીધી ને એ લડાઇ કીધી; પણ તેમાં ફાયદો ન થયેથી મોમીનખાને સાત હજાર આપ્યા તે લેઇ શ્રીપતરાવ અમદાવાદ આવ્યો. રાઘો શંકરે લુહારા આગળ કોળીઓને હરાવ્યા; પણ પા-છળથી એઓએ મરેઠાને પાછા વાળ્યા.

પેશવાનો હુકમ લઈ પ્રતિનિધિ ભગવંતરાવે ખંભાતઉપર કૂચ કીધી ને મોમિનખાનને દુશ્મનાઈ ન જણાવતાં ઇજતથી રાખ્યો. પણ ભગવંતરાવે અમદાવાદથી સાલિમ જમાદારને ફોજ સાથે તેડયો તે કાગળ મોમિનખાનના હાથમાં આવેથી એણે ભગવંતરાવને કેદ કીધો. એ સાંભળી પેશવાએ જંબુસર વિરમગામ તથા ધંધુકાના કારભારીઓને મોકલ્યા ને એઓએ ત્રણ મહિના ઘેરો રાખ્યો પણ ફાવ્યા નહિ; પછી એવું ઠેરવ્યું કે મોમિનખાનની સ્થિતિમાં કંઇ પણ ફેરફાર કરવો નહિ ને તે ભગવંતરાવને છોડે. પછી ભગવંતરાવે નાપાડમાં રહી મરેઠાનો હિસ્સો મોમિનખાન નહોતો આપતો તેથી લડાઇઓ ચલાવી ને આખરે મોમિનખાને દશ હજાર આપવા કબૂલ કીધા.

ગોઘાનું બંદર જે પહેલાં ખંભાતના તાબાનું હતું, પછી શેરખાન બાબીના હાથ ગયલું ને હવે પેશવાનું થયલું તે મોમિનખાને લેઇ લીધું ને ત્યાં સો આરબ રખેવાળ મૂક્યા; પછી તેણે લૂટવાને ને નાણું એકઠું કરવાને પોતાની ફોજને ગોહિલવાડ ને કાઠિયાવાડ મોકલી; અહીં તે ચઢેલો પગાર મળી ચૂકતા લગી રહી ને પછી પાછી ખંભાત ગઇ. પછી મોમિનખાને બોરસદ ઉપર કૂચ કરી ઘેરો ઘાલ્યો; પણ વળી તે ઉઠાવી ખંભાત ગયો. ૧૭૫૬ માં વરસાદ ભારે હતો ને અમદાવાદનો કોટ ઘણેક ઠેકાણે તૂટી પડ્યો તે તથા લોકઉપર મરેઠાઓનો જુલમ સાંભળી ત્યાંની ફોજનું કૌવત બાતમીદારોથી જાણી લેઇ ત્યાંના વગવાળાઓને દોસ્ત કરી રાખી મોમિનખાને પોતાની ફોજ વધારવા માંડી; એ વખતે મરેઠાના પ્રતિનિધિ રાઘોજીને એક રોહીલાએ મારી નાખ્યો હતો; મોમિનખાને પોતાના ભત્રીજા મહમ્મદ ઝમાનખાનને થોડાક આદમી સાથે આગળથી મોકલ્યો ને પાછળથી પોતે ખંભાતથી કૂચ કરી વાત્રક ઉપર છાવણી રાખી; અહીંથી ખેડે ને ત્યાંથી અમદાવાદ તે ગયો ને ત્યાંના મુસલમાન પરાંઓમાં એક બે લડાઇ કરી ભાંગેલા કોટમાંથી દાખલ થઇ દરવાજા ઉઘાડી ફોજસાથે શહેરમાં દાખલ થયો. કોળીઓએ લૂટ ચલાવી ને છેક પાસે પાસેની લડાઇ થઇ તેમાં મરેઠાના ભૂંડા હાલ થયા ને મુસીબતથી શહેરમાંથી નિકળી નાઠા; કોળીઓએ અંગ્રેજની કોઠી લૂટવા માંડી પણ મોમિનખાનના એક મદદગાર નાગર બ્રાહ્મણ શંભુરામે તેઓને અટકાવ્યા; મોમિનખાને અમદાવાદ આવી શંભુરામને પોતાનો નાયબ બનાવ્યો. મોમિનખાને ગોઘા લીધું ત્યારે બાદશાહે એક શમશેર મોકલી હતી ને અમદાવાદની ફતેહથી ઘણી શાબાશી લખી.

બાજીરાવે સદાશિવ રામચંદ્રને પ્રતિનિધી કરી ગૂજરાત મોકલ્યો; એ, દામાજી તથા ખંડેરાવ, જવાનમર્દખાન ને બીજી ગૂજરાતની ફોજ એ સહુએ આવી કાંકરીઆ તળાવ આગળ છાવણી રાખી શહેરને ઘેરો નાખ્યો; મોમિનખાને શંભુરામની મદદથી જબ્બર બચાવ રાખ્યો; ફોજે પગારની બૂમ પાડી તો શંભુરામે લોક પાસેથી એક લાખ લેઇ તેને સમજાવી; વળી તેણે કકલવા પાડ્યું ત્યારે શંભુરામે સઘળે દરવાજેથી રાતે સ.મટો ધસારો કરી બહાર નિકળી પડવાનો હુકમ કીધો ને તેમ થતાં બંને બાજુનાં ઘણાંક માણસ કપાઇ ગયાં. એ વખતે શહેરના ઘણાક રહીશ નાઠા ને તેઓનાં તાંબાનાં વાસણ ગાળી તેના સિક્કા પાડી ફોજના આદમીઓને આપ-

વામાં આવ્યા. એવી હાલતમાં બાદશાહે મોમિનખાનને બહાદુરનો ઇલકાબ આપ્યો ને આબરૂનો પોશાક મોકલ્યો; મરેઠાઓએ શંભુરામને પોતાની તરફ લેવાની બહુ તજવીજ કીધી પણ તેઓ ફાવ્યા નહિ ને જો કે કોળીઓની બેવફાઇથી તથા નાણાંની તંગીથી કિલ્લો રાખનારી ફોજ ગભરાટમાં હતી તો પણ તે પોતાના કામને વળગી રહી; શંભુરામે ધસારાથી બહાર આવી સદાશિવ રામચંદ્રની છાવણી ઉપર છાપો મારયો ને સઘળા તંબુઓ બાળી નાખી માત્ર સરદારનેજ પકડયો.

ઘેરાની એ હાલત હતી તેવામાં લખનોરના નવાબની તરફથી એક શાહનુરે (અયોધ્યાનો સુબો હસન કુલીખાન) પેશવાની અરજ કરી કે અમદાવાદમાં સલાહ કરવી; પેશવાએ કબૂલ કરયું; મરેઠા ખંભાત તથા ગોધાની ખંડણી ન લે ને એક લાખ ફોજના ચઢેલા આપે તો અમદાવાદ છોડું એવું મોમિનખાને કબૂલ કીધું ને પેશવાએ તે પણ કબૂલ રાખી. રણછોડદાસ ગૂજરાતી સાથે સદાશિવ ઉપર હુકમ મોકલ્યો; પણ એ આવ્યો તેની આગમજ શંભુરામ, સુલિમાન જમાદાર ને બીજાઓની સલાહથી મોમિનખાને શહેર આપી દેવાની ના કહી; પછી એવો વખત આવ્યો કે મોમિનખાનને સલાહની માગણી કરવી પડી ને નક્કી થયું કે મોમિનખાન ફોજને માટે લાખ રૂપીઆ લેઇ શહેરને આપી દે, ને ખંભાતની અરધી ઉપજ પેશવાને આપે તે એમ નહિ તો વરસે વરસે દશ હજાર ખંડણીના આપે ને ગોધા ઉપરથી હક ઉઠાવી લે; પછી મોમિનખાને અમદાવાદ મરેઠાઓને આપી દીધું, ૧૭૫૭ના એપ્રિલમાં.

સદાશિવ રામચંદ્ર ને દામાજી ગાયકવાડ એ બેઓએ અમદાવાદમાં દાખલ થઇ રાજકારભારની વ્યવસ્થા કીધી. શંભુરામ નાઠો તે પકડાયો ને તેને બેડી ઘાલી વડોદરે મોકલવામાં આવ્યો. મોમિનખાન ખંભાત ગયો ને તેનો કારભારી વૃજલાલ લાખ રૂપીઆ લેઇ ત્યાં ગયો એટલે તેની ફોજ પણ કકલતી બંધ થઇ. મોમિનખાને પોતાનાજ આદમીઓ પાસેથી નાણું કઢાવવા માડયું ને વૃજલાલનું પણ ખુન કરાવ્યું ને પેશવાના હુકમથી શંભુરામ તથા તેના દીકરા જે કેદમાં હતા તેઓને પુને મોકલવામાં આવ્યા અને દાજીને તેડેલો પણ તે ન ગયો. એ વરસમાં કછના રાવ લખપતે કેટલાક કચ્છી ઘોડા તથા ગૂજરાતના બળદ બાદશાહને નજર કીધા અને એણે તેને મિરઝાનો ઈલકાબ આપ્યો.

કછના રાવે સિંધ ઉપર ચઢાઇ કરવાનું કીધું ને દામાજી ગાયકવાડ તથા સદાશિવ રામચંદ્રની મદદ માગી ને એઓએ સેવકરામ તથા રણછોડદાસ એઓને મોકલ્યા. એજ વરસમાં ભરૂચના નેકનામખાનને બહાદુરનો ઇલકાબ મળ્યો. ૧૭૫૮ માં સદાશિવે ખંભાતને ઘેરો ઘાલી મોમિનખાન પાસે ચઢેલા રૂપીઆ વીસ હજાર લીધા. એ વરસ શરૂ થતે સૈયદ મોઇનુદ્દિન અચન પુને જઇ પેશવાને મળ્યો. એણે તેને સૂરતનો નવાબ ઠેરવ્યો; એણે મુઝફરખાન ગારદીની સરદારવાળી ફોજ સાથે ને ભરૂચની કુમક સાથે સૂરત આવી અલીનવાઝખાનને (સફદરખાનના

બેટાને) કાઢયો ને પોતે થપાયો. તે વખ્તના ઠેકામાં અંગ્રેજની કોઠી લૂટાઇ હતી ને બે હબશીને કિલ્લાના હબશીએ મારી નાખ્યા હતા; એ ઉપરથી અંગ્રેજોએ હબશીને હાંકી મેલી પોતે કિલ્લેદારી મેળવવાનો ઠરાવ કીધો ને પછી મુંબઇથી મનવાર ગઇ હતી ને મિ૦ સ્પેન્સર હાકમ ને કોઇ મિ૦ ગ્લાસ કિલ્લેદાર થયો હતો, ૧૭૫૯ના માર્ચમાં.

સદાશિવ રામચંદ્ર ખંડણી ઉઘરાવતો ધ્રાંગદરે ગયો. ત્યાંનો રાજા હળવદ હતો ત્યાંથી તેણે સામી ફોજ મોકલી; પણ મરેઠાઓએ ન જાણે તેમ એકદમ હળવદ ઉપર હુમલો કીધો ને રાજાએ પોતાના મહેલમાંથી પોતાનો બચાવ કીધો; પણ આખરે મરેઠાઓએ તેને પોહોરામાં રાખી એક લાખ વીસ હજાર લીધા. સયાજીરાવ ગાયકવાડ જે પણ સોરઠમાં ખંડણી ઉઘરાવતો તેણે કુંડળાને ઘેરો નાખી પોણો લાખ લીધા. સૂરતનો કિલ્લો અંગ્રેજે લીધાની ખબર બાદશાહને ગઇ કે તેણે અંગ્રેજ કિલ્લેદાર થયા તે કબૂલ રાખ્યું. ઇસ્ટ ઇંડિયા કંપનીને બાદશાહી કાફલાના ઉપરી ઠેરવ્યા ને હબશીને હરસાલ વીસ હજાર રૂપીઆ અપાતા તે બંધ કીધા. એ હુકમ ૧૭૬૦માં સૂરત પહોંચ્યો ત્યારે મિ. સ્પેન્સર તથા શહેરના મોટા લોક હુકમ આણનારા શખ્સોને ઇજતથી તેડી લાવવાને દરવાજા બહાર ગયા હતા.

વરસે વરસે ખંડણી ઉઘરાવવાને ફોજ સાથે નિકળવાની ચાલ મરેઠાઓનીજ હતી એમ નથી. મુસલમાનની પણ તેવીજ હતી ને અનહિલવાડના રાજાની પણ તેવીજ હોય એમ ભાસે છે. ચોથાઇ લેવી એ હક મરેઠાનો પોતાનો ખરો. ઘાસદાણાનો કર મુસલમાનો લેતા ને મરેઠા પણ લેતા. હિંદુ ખંડણીને મુસલમાન પેશકશ કહે છે.

૧૭૬૧ માં મરેઠાઓની પાણીપતમાં હાર થઇ ત્યારે દિલ્હી દરબારે ગૂજરાતના અમીર મોમિનખાન, જવાનમર્દખાન ને ભરૂચનો નવાબ એઓને લખી જણાવ્યું કે એઓએ એકઠા મળી મરેઠાઓને ગૂજરાતમાંથી હાંકી મેલવા. એઓએ તેમ કરવા માંડયું ને જ્યારે પેશવાના પ્રતિનિધી સદાશિવ રામચંદ્રે મોમિનખાનને કહ્યું કે કોલકરાર તૂટે છે ત્યારે એણે બાદશાહનો સંદેશો દેખાડયો હતો. પણ તેવામાં સદાશિવની સાથે ચાલેલા કજીઆની વાત ભૂલી જઇ દામાજી ગાયકવાડ મોટી ફોજ લેઇ સદાશિવની મદદે ચાલ્યો; ખંભાત જઇ મોમિનખાનને હરાવી તેનું એક ગામ લૂટયું. પાછળથી દામાજીએ પોતાના કુળની સત્તા વધારી–વિસલનગર, ખેરાળુ, વડનગર, વિજાપુર ને પાટણ એ જવાનમર્દખાન પાસેથી લેઇ લીધાં ને બીજાઓ પાસેથી બીજાં પણ.

અતિતૃષ્ણા, લૂટારાપણું ને, ધૂસવું એ દુર્ગુણ મરેઠાઓમાં અવશ્ય હતા એમ કહેવાય છે પણ મુસલમાનમાં એ ઓછા નહોતા. વળી હિંદુસ્થાન ઉપર હુમલો કરનારા નાદિરશાહ તથા બીજાની સાથે મુકાબલો કરતાં મરેઠા ઘણા નિંદવા જેવા નહોતા.

૧૭૬૦ માં ગૂજરાતમાં મરેઠાની સત્તા પૂરે પૂરી સ્થપાઇ.

B 524—88

મરેઠા રાજ્યકાળ.

આ ઇતિહાસના પાછલા ભાગમાં જણાવ્યુંજ છે કે ઇ. સ. ૧૭૬૦ની બહુ પહેલાં ગૂજરાતમાં મરેઠાઓએ પાકો પગપેસારો કીધો હતો ને તેઓ ત્યાંના સુબાને દક્ષિણ દરબારની નીતિ આજ્ઞા પ્રમાણે ચલાવવાને શક્તિમંત થયા હતા. વળી ૧૮૧૯ની પહેલાં બ્રિટિશ લોકના ઉદય પામતા દૈવની આગળ મરેઠાની સત્તા ક્ષીણતા પામતી હતી. અર્થાત એ બે વર્ષોની વચમાંના કાળમાં મરેઠાઓએ ખરેખરૂં જોતાં ગૂજરાતમાં સર્વોપરિ સત્તા ધરાવી હતી.

સને ૧૭૬૦ની પહેલાં મરેઠાઓને ગૂજરાત સાથે સંબંધ થયો તે ૧૬૬૪ના વર્ષથી; ને એ વર્ષથી તે ૧૭૪૩ સૂધી તેઓ વખતે વખતે લૂટ કરી ખંડણી બેસાડતા; પણ તેઓની સત્તા ત્યાં સ્થપાઇ નહોતી. ૧૭૪૩થી તે ૧૭૬૦ લગીમાં તેઓએ સ્વતંત્ર પરાક્રમે ખરૂં પણ વિશેષે મુસલમાન અધિકારીઓના ટંટાના ચુકાદા કરવામાં વચમાં પડીને તથા તરફેનોને ફોજની મદદ કરીને ઘણોક મુલખ પોતાનો કરી લીધો; ૧૭૫૩માં ને છેલ્લે ૧૭૫૭માં તેઓએ અમદાવાદ પોતાનું કરી રાખ્યું હતું.

સને ૧૭૬૦થી તે ૧૮૦૧ લગીમાં ગાયકવાડની સત્તા એકથી વધારે વાર પેશવા કરતાં વધારે થઇ હતી. ૧૮૦૨થી પૂનાને ગાયકવાડ અહીંની દરબારોમાં ટંટા ચાલવાથી મરેઠાઓની સત્તા ગૂજરાતમાં નબળી થઇ ગઇ અને બાજીરાવ પેશવા પડ્યો તથા ૧૮૧૯માં તેના સર્વ હક તથા રાજ્યપ્રદેશ બ્રિટિશ કંપનીના હવાલામાં આવ્યા તેની પહેલાં ગૂજરાતમાં સર્વોપરિ સત્તા બ્રિટિશની થઇ હતી. ૧૮૧૯ પછી તરતજ કાઠિયાવાડની ખંડણી ઉઘરાવવાનું કામ ગાયકવાડે બ્રિટિશને આપી દીધું હતું ને મરેઠાની સર્વોપરિ સત્તા પૂરે પૂરી ટળી હતી.

સને ૧૭૬૦ની પહેલાંની આ ગ્રંથમાં નોંધવા જેવી હકીકત આ પ્રમાણે છે. ૧૬૬૪માં બહીરજી નાયકે સૂરત સંબંધી હકીકત જણાવી તે પરથી શિવાજી નાશક જાતરા કરવા જવાને બાને દક્ષિણથી ઉપડી ૪ હજાર વીણી કાઢેલા સ્વાર સાથે ઘાટ ઉતરી ડાંગના રણમાં થઇ સૂરત આવ્યો. તેણે શહેરની બહાર છ દહાડા મુકામ રાખ્યો ને તેનાં માણસોએ પોતાની ફુરસદે લૂટ કીધી. શહેરનું રક્ષણ કરનારી ફોજ જૂજ હોવાથી અમદાવાદના સૂબાએ કેટલુંક માણસ મોકલ્યું પણ તે આવી પહોંચ્યું તેની આગમજ શિવાજી લૂટ સાથે પોતાના રાયગઢ તરફ વળ્યો હતો. સૂરત લૂટ્યું ને ૧૬૬૫માં પોતાને રાજા કહેવડાવ્યું તે ઉપરાંત વળી શિવાજીએ બે વરસ થયાં અલિબાગમાં વહાણનો કાફલો તૈયાર કરાવી રાખેલો તે ખંભાતના અખાતમાંથી આવી મક્કે જતાં એક બે વહાણ મોગલ સરકારનાં પકડી ચાલ્યો ગયો. એ ઉપરથી ગુસ્સે થઇ ઔરંગઝેબ બાદશાહે કેટલીક ફોજ દક્ષિણમાં મોકલીને એથી થોડીક મુદ્દત લગી ગૂજરાતને મરેઠાનું ભય નહોતું. ૧૬૬૬માં શિવાજીનો એક સરદાર સૂરતનો એક ભાગ લૂટી લૂટ સાથે સલામત ચાલ્યો ગયો. ૧૬૭૦માં શિવાજી ૧૫ હજાર માણસ સાથે બીજીવાર સૂરત ઉપર ઉતર્યો; એ વખત પણ માત્ર અંગ્રેજ કોઠીવાળા

સામા થયા હતા; તેણે ત્રણ દાહડા સૂરત લૂટયું ને મોગલ ફોજ દક્ષિણમાં હીલચાલ કરે છે તેવી ખબર સાંભળી તેથીજ તે ચાલ્યો ગયો, પણ બાર લાખનો દાવો રાખીને હવે પછી મરેઠા લૂટ-ફાટ નહિ કરે તેની જામીનગિરીમાં.[૧]

એ પછી શિવાજીએ સૂરતની દક્ષિણના કેટલાક નાના કિલ્લા લીધા અને મોરો ત્રિમલ એણે બાગલાણમાં સાલેરનો મોટો કિલ્લો મેળવ્યો, કે જે દક્ષિણમાંથી ગૂજરાતમાં જવાના એ મોટા મારગની ચોકી રાખતો. એ રીતે મરેઠાઓએ ચઢાઇ લેઇ જવાના રસ્તામાં પોતાનાં થાણાં કીધાં.

સને ૧૬૭૫ માં મરેઠાઓ નર્મદાને પેલેપાર પહોંચ્યા. એવામાં શિવાજીને મોગલ વચ્ચે પાછી લઢાઇ ચાલી તેવામાં હસાજી મોહિતી જેને હંબીરરાવ એ નામે સેનાપતિ બનાવવામાં આવેલ તેણે ઉત્તર કોંકણમાં આવી સૂરત આગળ પોતાની ફોજની બે તુકડી કીધી; એકે બરહાનપુર તર-ફનો મુલખ લૂટયો ને બીજી સેનાપતિવાળીએ ભરૂચ પરગણું લૂટયું. દશ વર્ષ પછી બાદશાહના એક બેટાની તરફથી મરેઠાએ ભરૂચ ઉપર ફતેહમંદીથી હલ્લો કરી તે શેહેર લૂટયું; ને સરકારની ફોજ આવી તે પહેલાં ત્યાંથી તે ખસી ગયા. પછી ચૌદ વર્ષ ગૂજરાતમાં મરેઠાઓનો ઉપદ્રવ નહોતો કેમકે તેઓ દક્ષિણના ઝગડામાં મચ્યા હતા.

સને ૧૬૯૯માં રામરાજાએ બાગલાણમાંની ચોથ તથા સરદેશમુખી ઉઘરાવવાનું કામ ખંડેરાવ દાભાડેને સોંપ્યું; ને એણે તે કામ કીધું એટલુંજ નહિ પણ વળી પોતાની તરફથી સૂરત પરગણામાં પણ ચઢાઇ લેઇ ગયો. સને ૧૭૦૦ થી તે ૧૭૦૪ સૂધીમાં તેણે બેવાર ચઢાઇ કીધી પણ મોગલ સરકારની સાવચેતીથી તે ફાવ્યો નહિ. ૧૭૦૫ તે ઘણાં માણસસાથે નર્મદાપાર ઉતરી બે મુસલમાન ફોજને હરાવી લૂટ સાથે સાલેર જઇ પહોંચ્યો હતો. તેણે ગૂજરાત ઉપર તથા બર-હાનપુર ઉપર પોતાનાં માણસો ભમતાં રાખ્યાં. તે પોતે ઘણીક ચઢાઇ અમદાવાદ પરગણામાં લેઇ ગયો હતો ને એકવાર તે સોરઠ સૂધી ગયો હતો; પણ ત્યાંના હાકેમે તેને પાછો કાઢયો હતો. ૧૭૧૧માં તે અંકલેસ્વર આગળ હાર્યો હતો ને પછી ખાનદેશ તરફ તે ગયો હતો.

---

૧ સૂરતમાં તેના રક્ષણને માટે મોટી ફોજ હતી. શિવાજી આવ્યો તેની થોડીક આગમજ તે ખસેડી દેવામાં આવી હતી. તે ગયો કે તરતજ ત્યાં ૫ હજાર માણસ આવ્યાં હતાં. એ ઉપરથી અનુમાન થાય છે કે મોગલ સરકારના સરદારો શિવાજીની મેહેરબાની મેળવવાને અખાડા કરતા; દક્ષિણની બાદશાહી ફોજના સરદાર જસવંતસિંગ ને શાહજાદો મુઆઝમ એ બે હતા; જસવંત-સિંગ ગૂજરાતનો સૂબો હતો ને શિવાજી બીજીવાર આવી ગયા પછી તેને ફરીથી સુબો નિમવામાં આવ્યો હતો. વળી મુઆઝમ શિવાજીને પોતાનો દોસ્ત કરી રાખે તેવાં કારણ સંભવે છે; શાહજાદો દરબારમાં મોટો વગ ધરાવતો ન થાય માટે તેને બાદશાહે દક્ષિણમાં શિવાજી સામાં લડવા મોકલ્યો હતો, તો બાદશાહની પછી ગાદીને માટે ભાઇઓમાં લડાઇ ચાલે તે વખત શિવાજી મદ-દમાં રહે એવું મુઆઝમના મનમાં કેમ ન હોય?

સને ૧૭૧૩ માં કેટલોક ખજાનો ફોજની રખેવાળી સાથે સૂરતથી ઔરંગાબાદ જતા હતા તે સૂરતની પૂર્વતરફના જંગલમાં લૂટાયો; વળી એની પહેલાં સરબુલંદખાન નાયબ દિવાન પોતાનો હુદ્દો લેવાને અમદાવાદ જતો હતો તેનાપર પણ સાગબારાના રાનમાં હલ્લો થયો હતો ને તે લૂટાયો હતો. એ બનાવોની આગમજ ખંડેરાવે પોતાનો મુકામ નાંદોદમાં કીધો હતો તો તેણે કે તેના સાથીઓએ તે લૂટ કરી હશે. તેણે સૂરતને બરહાનપુર વચ્ચેના રસ્તામાં કેટલાંક નાકાં આગળ પોતાનાં માણસો રાખ્યાં હતાં કે જેને માલધણી જો માગ્યું આપતા તો સુખે તેઓને જવા દેતાં ને નહિ તો માલનો ચોથો હિસ્સો લૂટી લેતા. વેપારી તથા જાત્રાળુ એઓને તે ધોરી રસ્તો હોવાથી દિલ્હી દરબારે ૧૭૧૬ માં એક ફોજ દાભાડેના સામાં મોકલી પણ સરદાર ઝુલફીકાર બેગ મરેઠાની સામાં લડવામાં અજાણ્યો તેથી દાભાડેએ તેને હરાવી લૂટી લીધો.

ખંડેરાવ સાતારે ગયો જ્યાં સેનાપતિ મનાજી મોરાર એક ચઢાઇમાં ફતેહ ન કરેથી અપમાન પામ્યો હતો. રાજા શાહુએ ખંડેરાવને તેણે દિલ્હીની ફોજ ઉપર ફતેહ મેળવી હતી તેથી સેનાપતિ ઠેરવ્યો, મનાજીને ઠેકાણે. પછી તે ગૂજરાત આવ્યોજ નહિ; પણ પેશવા બાલાજી વિશ્વનાથની સાથે દિલ્હી ગયો; દક્ષિણથી કેટલાંક પરગણાં ઉપર મરેઠાની ચોથનો હક નક્કી કરાવી લેવાને.

દિલ્હીથી પાછા આવ્યા પછી ગૂજરાત તથા બાગલાણમાંથી મરેઠા રાજાનો હક ઉઘરાવવાનું કામ બાલાજી વિશ્વનાથે સેનાપતિ ખંડેરાવને સોંપ્યું. પણ તે હક હજી નક્કી થયો નહોતો તેથી ખંડેરાવ પેશવાની સાથે પોતાનું સેનાપતિનું કામ કરવાને દક્ષિણમાંજ રહ્યો.

નિઝામ ઉલ્મુલ્કની સામે બાલાપુરની લડાઇમાં ખંડેરાવનો એક સરદાર નામે દામાજી ગાયકવાડ એણે પોતાનું પરાક્રમ એવું તો દેખાડયું કે સેનાપતિએ રાજા શાહુને તેની ભલામણ કીધી. શાહુએ તેને શમશેર બહાદુરનો ખિતાબ આપી ખંડેરાવથી બીજો એ ઓધ્ધે ચઢાવ્યો. કેટલેક મહિને ખંડેરાવ ને દામાજી બંને મરણ પામ્યા; ખંડેરાવની જગા તેના છોકરા ત્રંબકરાવને મળી ને દામાજીની જગા ખિતાબ સાથે તેના ભત્રીજા પીલાજીને મળી. એણે ગૂજરાત આવી પૂરતી ફોજ ઉભી કરીને સૂરતના પરગણાઉપર હુમલો કીધો ને સૂરતનો હાકેમ સામો લઢવા આવશો તેને સૂરતની પાસેજ હરાવ્યો; પછી છૂટકારાના બદલામાં એક સારી રકમ કઢાવી તે પૂર્વ તરફ પાછો વળ્યો. તેણે સૂરતથી પૂર્વમાં ૫૦ મૈલ ઉપર સોનગઢમાં પોતાનું જાયું રહેવાનું રાખ્યું ને ત્યાંથી તે જ્યારે ત્યારે આસપાસનાં ગામો ઉપર હલ્લા કરતો. એક વખ્ત તેણે સૂરત ઉપર હલ્લો કીધો ને મોગલ સરદારને હરાવ્યો. પણ આજુબાજુના મુલખમાંથી નાણું મળ્યું તેથી સંતોખાઇ શહેરમાં તે દાખલ થયો નહિ. પછી તેણે નાંદોદ ને સાગબારા એ બેની વચમાંના કેટલાક કિલ્લા મેળવી તેને મજબૂત કીધા. સેનાપતિનું કુટુંબ થોડા વખ્તને માટે દક્ષિણ ગયું હતું ને પીલાજીએ સેનાપતિ તરફથી બાગલાણ તથા ગૂજરાતમાંથી ખંડણી ઉઘરાવી પેશવાને મોકલવા માંડી. દક્ષિ-

ણુમાં ત્ર્યંબકરાવ પેશવાસાથે લડાઇના કામમાં મચ્યો હતો ને પીલાજી સોનગઢની આસપાસ સરહદ ઉપર રહેનારી જાતિયોને રાજી રાખી પોતાની મદદમાં લેવાને ખંતે મહેનત લેતો હતો.

સને ૧૭૨૩ એ પહેલુંજ વર્ષ છે કે જેમાં મરેઠાએ ગૂજરાતની ઉપજ ઉપર ચોથ તથા સરદેશમુખી એનો લાગે બેસાડયો. પિલાજી સૂરત તથા દક્ષિણ ગૂજરાત ઉપર હલ્લા કરતો તેવામાં શાહુનો એક બીજો સરદાર કાંતાજી કદમ ભાંડે જે માળવા તરફ ગયલો તેણે ઉત્તરપૂર્વ ખુણેથી ગૂજરાતમાં દાખલ થઇ દોહદની આજુબાજુનો મુલખ ઉજ્જડ કરી તે પરગણા ઉપર અમુક ખંડણી બેસાડી હતી.

અમદાવાદમાં સુબાની જગાને માટે સરદારોમાં માંહોમાંહે લડાઇ ચાલેલી તેવામાં એક તરફેણે કાંતાજીને પોતાના સવારો સાથે ગૂજરાતમાં બોલાવ્યો હતો; તેમ બીજી તરફનવાળા રૂસ્તમ અલીએ પીલાજીની મદદ માગી હતી. નિઝામઉલમુલ્ક જેનો વગ દક્ષિણમાં મોટો હતો તેણે રૂસ્તમઅલીની બાજુએથી પીલાજીને ખસેડવાની જુક્તી કીધી; ને એ કામ સહેલું હતું કેમકે રૂસ્તમઅલી જે સૂરતનો હાકેમ હતો તેણે એકથી વધારે વાર પીલાજીને હરાવ્યો હતો, જ્યારે એણે સૂરત ઉપર હુમલા કીધેલા ત્યારે. સામસામી લડાઈ ચાલી ત્યારે બંને તરફના મરેઠા સરદારોએ પોતાના કરેલા કોલની દરકાર ન રાખતાં છાવણી લૂટવા ઉપર પોતાનુ ધ્યાન રાખ્યું. રૂસ્તમની હાર થઈ ત્યારે મરેઠા સરદારો પોતાની ફોજ એકઠી કરી દેઈ ચોથ બેસાડવા નિકળ્યા; અને અમદાવાદના સુબાએ પીલાજીને કાંતાજીના જેટલોજ હિસ્સો આપ્યો. સરખી વહેંચણથી ટંટો ઉઠયો ને તે વધી જાત પણ પછી એવું ઠર્યું કે મહી નદીની ઉત્તરના મુલખની ચોથ કાંતાજી લે ને દક્ષિણનાની પીલાજી લે. ટંટો ઉભો થવાનું કારણ આ કે સેનાપતિની તરફથી ગાયકવાડને ગૂજરાતમાંથી મળતા સઘળા લાગા લેવાનો હક હતો અને કાંતાજીનું કહેવું આ હતું કે મને રાજા શાહુએ પોતે મોકલ્યો છે માટે મારો વધારે ઊંચો દરજ્જો છે. એક બીજા મરેઠા સરદાર નામે અંતાજી ભાસ્કર એણે આ સમાઉપર ઉત્તરપૂર્વ તરફથી ગૂજરાત ઉપર ફતેહમંદીએ હુમલો કીધો ને પીલાજી તથા કાંતાજી જે બહાર હતા તેઓને ગૂજરાતમાં આવવાનું લખી જણાવ્યું. એ બેએ આવી નવા સુબાની સામાં હમીદખાનને મદદ કીધી, પણ ફાવ્યું નહિ ને પછી થોડીવાર લૂટ કરી તેઓ પોતપોતાને ઠેકાણે જઇ રહ્યા, ચોમાસું ગાળવાને.

બીજે વર્ષે તેઓ ખંડણીને માટે પાછા આવ્યા ને હમેશની પેઠે લૂટ કરતા થયા. એ વખતે પેશવા બાજીરાવે પોતે ગૂજરાતના સૂબા સાથે પહેલવહેલોજ પત્રવહેવાર કીધો. દક્ષિણમાં રાજાની દરબારમાં બ્રાહ્મણનો વગ વધેલો જોઇ મરેઠા સરદાર અદેખા થયા હતા ને તેમાં ત્ર્યંબકરાવ દાભાડે મોટો વગવાળો હતો; એ જાણી પેશવાએ ત્ર્યંબકરાવની સત્તા ગૂજરાતમાંથી કાઢવાને સુબાને લખ્યું કે આખા ગૂજરાત ઉપર ચોથ તથા સરદેશમુખી મુકવાનો અમારો હક મંજૂર કરી આપવો ને અમે કાંતાજી, પીલાજી ને બીજા લૂટારાથી દેશનું રક્ષણ કરીશું. સુબાએ જવાબ વાળ્યો

કે તમારી માગણી મારાથી કબૂલ થઇ શક્તી નથી કેમકે માજી સુબાના નાયબે પીલાજી તથા કાંતાજીને જે હક કરી આપેલા તે દિલ્હી દરબારે નામંજૂર કીધા છે. તોપણ સરહદ ઉપર લૂટો થવાથી ઉપજ અને લોકને ઘણું નુકસાન પહોંચવા માડયું ત્યારે સુબાની રજાથી પેશવાએ ધારના સરદાર દાજી પોવારને મોગલના મુલખમાંથી પીલાજીની સામાં કામ કરવાને મોકલ્યો. પીલાજીએ કાંતાજીને સમજાવ્યો કે આપણને કાઢવાની તજવીજ પેશવાએ કરી છે ને પછી તે બંને જણ વડોદરે ગયા ને થોડીકવારે ઉદાજીને હાંકી મુકી વડોદરા ને ડભોઇ લેઇ લીધાં. પીલાજી અહીં રહ્યા ને બીજે વર્ષે કાંતાજીએ ચાંપાનેર લીધું. પછી તો તે બે જણ આગળના કરતાં વધારે દોડ હલ્લા કરતા થયા. એ મુસીબતમાં ને બાદશાહ કંઇજ દરકાર રાખતો નથી એ જોઇ સુબાએ સંદેશો ચલાવ્યો ને પેશવાએ પોતાના ભાઇ ચિમનાજી આપાને મોટી ફોજ સાથે ગૂજરાત મોકલ્યો. તેણે પેટલાદ તથા ધોળકા લૂટયાં પણ કાંતાજીને છેડયો નહિ ને એણે ત્યારે સોરઠ જઇ ત્યાં થોડીવાર રહી ખંડણી લેયાં કીધી. સૂબાએ જમીન તથા દરિયાની તમામ ઉપજ ઉપર સરદેશમુખી સૂરતનું બંદર તથા સૂરત પરગણું સિવાય અને અમદાવાદ પરગણાની ચોથ તથા અમદાવાદ શહેરની ઉપજના સેંકડે પાંચ ટકા એટલું પેશવાને આપવાનું કબૂલ કીધું પણ આટલી શરતે કે ખંડણી ઉઘરાવનારા જેમ બને તેમ થોડા આવે ને ચોથાઇથી વધારે માંગણી હરગીસ કરવી નહિ; ને સેંકડે ટકા આપવાના તે કમાલ ઉપજ ઉપર નહિ પણ જેટલું વસૂલ થાય તે ઉપર; વળી મરેઠાઓએ બાદશાહી સત્તાની મદદમાં રહેવું ને એને માટે કેટલાંક ઘોડાં રાખવાં; અને પેશવાએ માગી લેઇ કબૂલ કીધું કે અમે મરેઠી પ્રજાને ફિતુરખોર સરદારોને મળતી અટકાવીશું—એ રીતે તેણે કાંતાજી ને પીલાજી અને પીલાજીના મળતીઆ ભીલ કોળી એઓને દાબમાં રાખવાનો હક મેળવ્યો.

એ કરાર થયા પછી બાજીરાવે સરદેશમુખીનો હિસ્સો અને મોકાસ (સ્વરાજયનો $\frac{3}{4}$) એ દાભાડેને આપી દીધાં. દક્ષિણ મરેઠા મુલખમાં પ્રતિનિધિ લડાઇને માટે પોતાની ફોજ એકઠી કરતો હતો તેથી પેશવા દક્ષિણમાં ગયો. કાંતાજી પોતાના રસ્તામાં સૂબાની છાવણીનો કેટલોક ભાગ લૂટી ચાંપાનેર આવી રહ્યો. પેશવાએ ગૂજરાતના કામમાં હાથ ઘાલ્યો તેથી નારાજ થઇ ત્રંબકરાવ દાભાડે એણે બ્રાહ્મણ પ્રધાનોની સત્તા ઊંધી વાળવાને બીજા સરદારો સાથે ખટપટ ચલાવી.

નિઝામઉલ્મુલ્કે ત્રંબકરાવને મદદ આપવાનું કહેવડાવ્યું અને ત્રંબકરાવે પીલાજી, બાંડે, પોવાર ને બીજા સરદાર ખાનદેશના તેની સાથે સંદેશા ચલાવ્યા. તીસ હજાર ફોજ ગૂજરાતમાં એકઠી થઇ. પેશવા પણ પોતાના વીણી કાઢેલાં માણસો સાથે ગૂજરાત આવ્યો. ડભોઇ આગળ લડાઈ થઇ તેમાં પેશવાએ ગાયકવાડ, પોવાર, બાંડે સૌને હરાવ્યા. દાભાડેની ફોજ ડગી નહિ પણ તેટલે એકાએક ગોળી આવી ને ત્રંબકરાવ પડયો તેથી ફોજ વેરાઇ ગઈ ને એ ગભરાટમાં કેટલાક સરદાર પડયા ને કેટલાક નાશી ગયા. પેશવા પણ પાછો દક્ષિણ તરફ વળ્યો અને નિઝામ જે તેની પાછળ

પડ્યો હતો તેણે પેશવાની પછાડીની ટુકડીનો કેટલોક સરંજામ લૂટ્યો સૂરત આગળ તાપી ઊતરતાં.

દક્ષિણમાં નિશ્ચિંત થયા પછી પેશવાએ નિઝામ સાથે ને દાભાડેના સબંધી સાથે પત્ર વહેવાર ચલાવ્યો. કેટલાંક ઠેકાણાં ગૂજરાતમાં જે નિઝામનાં અમદાવાદનાં સૂબાનો કોઇ રીતનો લાગો નહિ તે ઉપર તેવા તેના હક પેશવાએ કબૂલ રાખ્યા અને નિઝામનો વિચાર દક્ષિણને બાદશાહી સત્તામાંથી જૂદું પાડવાનો તેમાં મદદ કરવાનું જણાવ્યું. દાભાડેના કુટુંબનું મન મનાવ્યું તે આવી રીતે કે પુનામાં બ્રાહ્મણોને દર વર્ષે જમાડવાનું ને દક્ષિણા આપવાનું રાખ્યું; ખંડેરાવ પોતાના ગામમાં કરતો તેમ.

બાજીરાવે સઘળા દરજ્જા વંશપરપરાના કીધા; ત્ર્યંબકરાવ દાભાડેના બાળક છોકરા યશવંતરાવને સેનાપતિનો ખિતાબ આપ્યો, વિધવા ઉમાબાઈ તેની વાલી થઈ ને પીલાજી ગાયકવાડ તેનો મુતાલિક ગૂજરાતમાં થયો. એ વખતે પીલાજીને બીજો ખિતાબ સેનાખાસખેલનો પણ મળ્યો. પેશવાના હક માળવા તથા ગૂજરાતમાં તેને સેનાપતિ તરફથી માન આપવાને અને અરધું વસૂલ પેશવાની મારફતે રાજાના ખજાનામાં પહોંચતું કરવાને પીલાજીએ કબુલાત આપી. એ અરસપરસના કરાર રાજા શાહુની આગ્નાથી થયા હતા. એ પછી પીલાજી ગૂજરાત આવ્યો હતો. એનો ભીલ તથા બીજી હેરાન કરતી પૂર્વ સરહદની રાની જાતીઓનો વગ હોવાથી સૂબાને બહુ ધાસ્તી રહેતી ને એણે તેને કેટલીક ભરોસાની ખબર આપવાને બહાને ડાકોરમાં મરાવી નાખ્યો.

પીલાજીનાં માણસોએ ખૂનીને કાપી નાખ્યો ને પછી તેઓ મહીની દક્ષિણે ગયા. મોગલ સરકારે તેમને વડોદરેથી હાંકી મેલ્યા; પણ તેમણે ડભોઇ છોડી નહિ. એ વેળા પીલાજીનો દિકરો દામાજી સૂરતની આસપાસ ભમ્યાં કરતો ને તે શહેરના ગેરબંદોબસ્તના મામલામાં ભરાવાનો લાગ જોયાં કરતો. શહેરની હાકમીને વાસ્તે એક ઉમેદવારે મદદના બદલામાં શહેરની ઉપજની ચોથાઇ તેને આપવી કબૂલ કરી હતી; પણ બાદશાહના નિમેલા હાકેમને આવવાને વખત હતો તેથી તે બાપના ખૂનની ખબર સાંભળી ઉત્તર તરફ ગયો. તેણે જાણ્યું કે વડોદરાની પાસે પાદરાના દેસાઇએ ખૂનીઓનું વેર લેવાને ભીલ કોળીપાસે બંડ કરાવ્યું હતું. ઉમાબાઇ દાભાડે પણ તેજ કામને માટે ફોજ સાથે ઘાટ ઉતરીને આવતી હતી. પણ સૂબાએ મરેઠાઓને લાંચ આપી સમજાવી દીધા ને થોડીવાર સુલેહ રહી.

એ વર્ષમાં ત્ર્યંબકરાવનો એક નાનો છોકરો જાદોજી ખંડણી ઉઘરાવવાને ગૂજરાતમાં આવ્યો. બીજે વરસે પીલાજીનો ભાઇ માધવરાવ એણે શેરખાન બાબી હાકેમની ગેરહાજરીમાં વડોદરૂં લેઇ લીધું. ત્યારથી તે શહેર ગાયકવાડ કુટુંબની રાજધાની થઇ છે.

થોડીક મુદ્દત પછી સિંધિયા તથા હોલકરે બારના સરકારને મળી મુસલમાન નાયબને સતાવ્યો ને કેટલુંક નાણું કઢાવ્યું.

ઉમાબાઇએ પીલાજીની પછી દમાજીને પોતાનો મુખ્ત્યાર કબૂલ રાખ્યો હતો ને તેનો દક્ષિણમાં બોલાવ્યો ત્યારે તે પોતાનો એક મુખ્ત્યાર ગૂર્જરાતમાં મૂકી ગયો હતો. એ મુખ્ત્યાર ને કંતાજી કદમ એ બે વચ્ચે ટંટો થયો તેથી દામાજીને પાછું આવવું પડ્યું ને એ મહીની ઉત્તરના મુલખની ચોથાઇ લેઇ શિરસ્તાપ્રમાણે દક્ષિણ ગયો. કાંતાજી પેશવાની તરફનો તે સેનાપતિની સામો હતો તે પોતાની સરહદ ને લગતા ભાગને સતાવ્યાં કરતો. દામાજી પાછો દક્ષિણમાં ગયો હતો, જ્યાં ઉમાબાઇ પેશવાની સામાં ખટપટ કર્યાં કરતી તેને મળી આવે તેટલી મદદ જોઇતી હતી. દામાજીના મુખ્ત્યાર રંગોજીએ અમદાવાદના સૂબાની જગાનો ઉમેદવાર જે મુસીબતમાં હતો તેને મદદ આપવાના બદલામાં તેણે ગૂજરાતની ઉપજનું અરધું કેટલુંક બાદ કરતાં મરેઠાને મળે તેવું કરી રાખ્યું.

દામાજીએ ગૂજરાત આવતાં સૂરતના અંગ્રેજો પાસેથી (રૂા. ૭૦૦૦) લાંચના કઢાવ્યા, સમજાવીને કે તેઓ ઉપર મરેઠા લૂટ નહિ ચલાવે. એ વરસની હકીકત તે પાછલા ભાગમાં વિગતે જણાવવામાં આવી છે. અમદાવાદ શહેરના મોટા ભાગનો કબજો કીધો હતો ને તેઓના જુલમથી મુસલમાન વસ્તીએ સામો બખેડો કીધો હતો. એવા ટંટા ને પાછળથી સમાધાની ૧૭૩૯ ને ૧૭૪૧ એ વર્ષોના ગાળામાં થયાં હતાં. મુસલમાનને મરેઠાનો ભરોસો નહિ હતો પણ એઓ તેમને કાઢી મુકવાની હિંમત ચલાવી શકતા નહિ. દામાજીએ સોરઠથી પાછા આવી એકવાર ભરૂચને ઘેરો ઘાલ્યો પણ તે નિઝામનું હોવાથી ને નિઝામની અરજ ઉપરથી ઘેરો ઉઠાવ્યો હતો.

દામાજીની ગેરહાજરીમાં રંગોજી બોરસદમાં રહેતો ત્યાં તે મુસલમાન કામદારો સાથે ટંટો કરવામાં પડ્યો ને એકમાં તો તેને કેદ કરવામાં આવેલો પણ બીજે વર્ષે તે ઉગર્યો હતો.

દામાજી પેશવા ઉપર હુમલો કરવામાં રઘોજી ભોંસલે ને મળ્યો હતો; રઘોજી પૂર્વમાં પોતાની ફોજ તૈયાર કરતો હતો તેવામાં દામાજીએ માળવા ઉપર જવાનો છળ કીધો કે જેથી પેશવાની ફોજ ત્યાંથી ખસી. દામાજી લડાઇ આપ્યા વગર પાછો ફર્યો.

પછી બે વરસ રંગોજી ને દેવાજી તાકપર એ બેની મરેઠી ફોજને મુસલમાનોએ સુબેદારી બાબતના કજિયામાં કામે લગાડી હતી. મરેઠા સરદારોની મુખત્યાર રાખવાની રીતથી ગાયકવાડ અને સૂબેદારીના ઉમેદવારો એ બે વચ્ચે કેટલીક ભાંજગડ ઉઠી હતી.

એ પછી દામાજીએ સોરઠની ખંડણી ઉઘરાવવાને કાનોજી તાકપરાને મોકલ્યો ને પોતે સોનગઢ ગયો. રંગોજીએ અમદાવાદ આવી વસૂલના હિસ્સાબાબત સૂબા સાથે કજિયો કરવા માંડ્યો.

તેજ વર્ષમાં દામાજીના પિત્રાઇ ભાઇ કેદારજી એની સૈયદ અચને મદદ માગી હતી સૂરતની હાકમી લેવામાં. પણ કેદારજી સૂરત પહોંચ્યો તેની આગમજ તે બાબત નક્કી થઇ ગઇ હતી. તોપણ કેદારજીએ ત્રણ લાખ માગ્યા પણ તેટલા સૂરતના ખજાનામાં ન હોવાથી શહેરની ઉપજનો ત્રીજો હિસ્સો ગાયકવાડને આપવાનું ઠર્યું હતું.

રંગાજીએ ખડેરાવ ગાયકવાડના દત્તક હરિબાના ઉપર હુમલો કરી તેની પાસેથી બોરસદ કિલ્લા સાથે પાછું લેઇ લીધું. એ ઉપરથી ખંડેરાવ તથા દામાજી બંનેએ તેની સામાં થઇ ઘેરો ઘાલી તે કિલ્લો લીધો ને રંગાજીને કેદ કીધો; પણ વળી બીજે વર્ષે જ્યારે પેશવાએ કેટલીક ફોજ ગૂજરાતમાં મોકલી ત્યારે તેને છોડ્યો હતો.

સને ૧૭૪૮માં ઉમાબાઇ મરણ પામીને બાબુરાવ યશવંતરાવનો વાલી થયો; અને દામાજી ગૂજરાતનો મુખ્ત્યાર હતો તે કાયમ રહ્યો. તેણે શાહુની વિધવા રાણી સકવારબાઇ જે શંભાજીને સાતારાની ગાદી મળે તેને માટે ખંતી હતી તેના કહેવાથી પેશવાની સામે રઘુનાથ ભોંસલેને મળવાને ફોજ એકઠી કરવા માંડી. એ તેનો વિચાર જાણીને પેશવાએ ગૂજરાતમાં બખેડા વધારવાની ને પોતાની સત્તા ત્યાં વધારવાની બની તેટલી તજવીજ કીધી કે જેથી દામાજી દક્ષિણમાંથી દૂર થાય. બાલાજીએ અમદાવાદમાં જવાન મર્દખાન સાથે સંદેશા ચલાવ્યા; પણ દમાજીના કારભારીઓની સામે ગૂજરાતમાં ફોજ મોકલી શક્યા નહિ કેમકે નિઝામઉલ્મુલ્કના બેટાની સામે લડાઇ કરવા તમામ મરેઠાનું જોર જરૂરનું હતું.

બીજે વર્ષે દામાજી રામરાજાની વાલી તારાબાઇની વિનંતી ઉપરથી જબરી ફોજ લેઇ સુલપી ઘાટઉપર ચઢી પેશવાની ફોજને હરાવી સાતારા લગી વધ્યો. પણ અહીંથી તેને પાછું હઠવું પડયું ને પેશવા સાથે કોલકરાર કરતો હતો તેવામાં તેને દગાથી પકડી કેદખાનામાં નાખવામાં આવ્યો. બાલાજીએ ચઢેલી ખંડણી માગી પણ દામાજીએ કહ્યું કે હું કાંઇ સ્વતંત્ર નથી, સેનાપતિનો માત્ર કારભારી છું. હું તેની તરફથી કે મારી તરફથી કાંઇ પણ આપવાને બંધાતો નથી. બાલાજીએ ગાયકવાડ તથા દાભાડેનાં સગાં જે જે દક્ષિણમાં હતાં તે સૌને કેદ કીધાં; અને પછી રઘુનાથરાવ-(રાઘોબા) ને ગૂજરાત મોકલ્યો. એણે સૂરત તાબાના ઉતરપૂર્વ તરફના થોડાક તાલુકા લીધા પણ સૂરત પહોંચતાં પહેલાં તેને પાછો દક્ષિણમાં બોલાવી લેવામાં આવ્યો.

જવાન મર્દખાને દામાજીની ગેરહાજરીમાં સોરઠ કાઠિયાવાડમાં સ્વારી કીધી જ્યાં ગાયકવાડનાં સગાં હમેશનાં રહીશ થયાં હતાં.

એ જોઇ દામાજી ગૂજરાત આવવાને બહુ અધીરો થયો ને તેણે પોતાના છૂટકારાને માટે લાંચો આપી ભારી કબૂલાત કીધી. રક્ષણ તથા ખંડણી ઉઘરાવવાને ફોજ રાખવી, દક્ષિણમાં પેશવાની ફોજમાં પોતાને હિસ્સે આવતાં માણસો મોકલવાં, રાજાના નિર્વાહને માટે ભાગે પડતું આપવું, દાભાડેના કુટુંબ ઉપર જે ખંડણી લહેણી નિકળે તે આપવી વગેરે. એટલું છતાં પેશવાએ તેને છોડયો નહિ કેમકે તે જાણતો હતો કે છૂટો થયા પછી દામાજી પાછો સામો થશે. અંતે જ્યારે દામાજીએ સૂરત સામાં રાઘોબાને મદદ કરવાનું કબૂલ કીધું ત્યારે તે છૂટયો હતો.

દામાજી ને રાઘોબા બેઓએ અમદાવાદ તરફ કૂચ કીધી; જવાનમર્દ અટકાવી શકયો નહિ ને તેઓએ ઘેરો ઘાલ્યો. જવાનમર્દ શહેરમાં દાખલ થયો પણ અંતે તે શહેર આપી દેઇ લડાઇની

B 524—tt

આબરૂ સાથે બહાર નિકળી ગયો. મરેઠાઓએ તેને ગૂજરાતના ઉત્તર પશ્ચિમ ભાગમાં જાગીર કરી આપી પણ તે પાછળથી તેઓએ પાછી લેઇ લીધી હતી.

સને ૧૭૫૩ ના એપ્રિલમાં અમદાવાદ લીધા પછી રાઘોબા સોરઠ ગયો ને ત્યાંથી પાછાં આવતાં તેણે ખંભાતના નવાબ પાસેથી મોટી ખંડણી લીધી. તેણે અમદાવાદમાં પોતાનો મુખત્યાર રાખ્યો ને એણે ૧૭૫૪ માં નવાબ સામાં કૂચ કીધી પણ એ ખંડણી લેઇ શક્યો નહિ ને નવાબે પોતાનો મુલખ વધાર્યો હતો તે ઉપરથી પેશવાના કારભારીએ જાતે જઇ તેને કેદ કીધો; પણ રાઘોબાના મુખત્યારના કહેવાથી પેશવાના કારભારીએ ચઢેલી ખંડણી હવે પછી આપીશ એવી કબૂલાત લેઇને નવાબને છોડયો ને પછી તે દક્ષિણમાં ગયો. દરમીઆનમાં નવાબે પોતાની ફોજનું જોર વધારી અમદાવાદ જઇ ત્યાંની મરેઠા ફોજને હરાવી શહેર લેઇ લીધું. થોડીવાર પછી દામાજી તથા ખંડેરાવ ગાયકવાડ પેશવાના મોકલેલા મુખત્યાર સાથે અમદાવાદ આગળ આવ્યા. તેઓએ ઘેરો ઘાલ્યો પણ ૧૭૫૭ ના એપ્રિલ સૂધી મરેઠાઓ શહેરમાં પાછા દાખલ થઇ શક્યા નહિ. નવાબે જે કરારની દરખાસ્ત કીધી તે મરેઠાઓએ પૂરેપૂરી કબૂલ કીધી ત્યારે તે તાબે થયો હતો.

સયાજીરાવ દામાજીનો દીકરો બાપની તરફથી અમદાવાદમાં રહ્યો ને પેશવાનો મુખત્યાર સદાશિવ પોતાની તરફના એકને મુકીને સૂરત ગયો. અહીં સયાજી પણ પાછળથી આવ્યો હતો, ૧૭૫૧ના કોલકરાર પ્રમાણે ખડણીના હિસ્સા નક્કી કરવાને. બીજે વર્ષે કેટલીક મરેઠી ફોજ કચ્છનો રાવ સિંધ ઉપર ચઢાઇ કરવા નિકળેલો તેની મદદે મોકલવામાં આવી હતી. ખંભાતના નવાબને પોતાની ફોજનો ચઢેલો પગાર આપવાને સદાશિવે પેશવાની તરફથી કેટલુંક નાણું ધીર્યું. પણ બીજે વર્ષે મરેઠી ફોજે ખંભાતના દરવાજા આગળ જઇ બે વર્ષની ચઢેલી રૂા ૨૦) હજાર માંગ્યા. નવાબે તે આપ્યા હતા. તે વખત દામાજી દક્ષિણમાં હતો.

પેશવાએ સૈયદ અચનને ટેકો આપ્યો હતો ને આ વર્ષે કેટલાક સવાર તેની જાતના રક્ષણને માટે મોકલ્યા. ખંભાતનો નવાબ પેશવાને મળવાને પુને ગયો. ખંડેરાવે લુણાવાડા ને ઇડર લૂટયાં ને સયાજીરાવે સોરઠમાં તેમ કીધું.

દામાજી ગાયકવાડ પેશવાની સાથે દિલ્હી ગયો ને પાણીપતમાં હાર ખાધા પછી જે થોડાક સરદાર ઉગર્યા તેમાં તે પણ ઉગર્યો હતો.

ગૂજરાત આવ્યા પછી ખંભાતના નવાબે વાડાસીનોર ઉપર ચઢાઇ કરેલી તેની સામા થયો ને જવાનમર્દખાનની જાગીર પાછી લેઇ લીધી. તેણે પેશવાના મુખત્યારની સામાં થઇ સોરઠ કાઠિયાવાડમાં પોતાની સત્તા સબળી કીધી.

બાળક માધવરાવ પેશવાના વાલી રાઘોબાની કારકીર્દીમાં દાભાડે કુળનો અને સાતારાના રાજના કોઇ પણ કુળના સેનાપતિનો ગૂજરાત સાથે સંબંધ ટળ્યો. ગૂજરાતનો વહીવટ દામાજી કરતો તે તેની પાસેજ હતો.

માધવરાવ મોટો થયા પછી તેણે લડાઈ આપવા આવેલા રાઘોબાને હરાવી પુનામાં કેદ કીધો ત્યારે તેની સાથે દામાજી ગાયકવાડનો છોકરા ગોવિંદરાવને પણ કેદ કીધો હતો; કેમકે તે બાપની ફોજની એક તુકડી લેઇને રાઘોબાની મદદે ગયો હતો. એ લડાઇ પછી દામાજી મરણ પામ્યો. તેણે ગાયકવાડ કુળને ઊંચામાં ઊંચી સ્થિતિએ પહોંચાડયું હતું પણ તેના પછી તે કુળની સત્તા ઓછી થવા લાગી.

દામાજીને ત્રણ સ્ત્રી; તેમાં પહેલીથી તેને ગોવિંદરાવ છોકરો હતો; પણ એ બીજી સ્ત્રીને સયાજીરાવ થયો ત્યાર પછી જન્મ્યો હતો ત્રીજી સ્ત્રીથી માણેક ને ફતેસીંગ એ હતા.

ગોવિંદરાવ પુનામાં કેદ હતો તેણે સેનાખાસખેલના ખિતાબ સાથે વડોદરાની ગાદીને માટે અરજ કરી. તેણે ખંડણીના ચઢેલા ને રાઘોબાની સાથે રહ્યાના દંડના મળીને રૂ. ૫૦ાા લાખ આપવા કબૂલ કીધા; વળી પેશવાએ દામાજી પાસે માગેલી ખંડણી રૂ: ૭, ૭૯૦૦૦) ની તે પણ આપવી અને પુનામાં ૩૦૦૦) ઘોડાં રાખવાં ને લડાઇના હંગામમાં હજાર વધારે રાખવાં એવી કબૂલાત આપી. પેશવાએ તેને તેના બાપની જાગીરમાં તેના ખિતાબ સાથે કબૂલ રાખ્યો; પણ તેને ગૂજરાત આવવા દીધો નહિ; કારણકે તેનો વિચાર ગાયકવાડ કુળને તોડવાનો હતો.

ગુજરાતમાં ફતેસીંગ કામ કર્યા કરતો હતો ને બે વર્ષે સયાજીરાવે દાવો કીધો ને રામશાસ્ત્રિયેતો પ્રથમથીજ તેને માટે મત આપ્યું હતું તેથી પેશવાએ ગોવિંદરાવને ટાળી સયાજીરાવને સનદ આપી. પણ એનામાં રાજકાજ કરવે બુદ્ધિ ન હોતી તેથી ફતેસીંગને તેનો મુતાલીક રાખ્યો. ફતેસીંગે વર્ષે વર્ષે ૬ાા લાખ આપવા કબૂલ કરી જે ગાયકવાડી ઘોડાં પુનામાં રાખવાનાં હતાં તે ગૂજરાતમાં રાખવાની રજા મેળવી બાનું કાઢીને કે ગોવીંદરાવ વેળાએ અમારા પર હુમલો કરે.

સને ૧૭૭૩ ના જાનેવારીમાં ફતેસીંગે સૂરતની કોઠીના વડા પાસે લખાવી લીધું કે ભરૂચ શહેરની ઉપજમાંથી તેનો જે હિસ્સો મુસલમાન હાકેમ પાસેથી મળતો તે અંગ્રેજ પાસેથી પણ મળશે-ભરૂચ ૧૭૭૨માં અંગ્રેજ કંપનીએ લડાઇ કરી લીધું હતું.

જ્યારે નારાયણરાવ પેશવાનું ખૂન થયું ને રાઘોબા પેશવા થયો ત્યારે ગોવિંદરાવ ગાયકવાડ જે હજી પુનામાં હતો ને જે આગળ રાઘોબાની મદદે હતો તે સેનાખાસખેલ થયો ને ૧૭૭૪માં ગૂજરાતમાં આવ્યો. કેટલીક નાની લડાઇઓ કરીને ૧૭૭૫ માં જાનેવારીમાં વડોદરાને ઘેરો ઘાલેલો તેથી ફતેસીંગ શહેરમાં બંધ થઇ રહ્યો.

જ્યારે નાના ફડનવીસની ખટપટથી રાઘોબાને નાસવું પડેલું ત્યારે તે થોડીક ફોજ લેઇ સૂરત આવ્યો હતો ને અહીં અંગ્રેજી કોઠીના વડાસાથે કોલકરાર કીધા હતા; પણ તે મુંબઇ સરકારે રદ કીધા હતા.

ગોવિંદરાવ વડોદરાને ઘેરો ઘાલતો હતો તેને ૧૭૭૫ ના જાનેવારીમાં દશ હજારઘોડાં તથા ૪૦૦ પેદલ સાથે રાઘોબા મળ્યો. પણ રાઘોબાનો એક મુખ્ત્યાર જે અંગ્રેજો પાસે કેટલાક કોલ-

કરાર કરવા જતો હતો તેને ફતેસિંગના સવારોએ પારનેરા આગળ પકડયો હતો. તેણે છૂટયા પછી તરતજ સૂરત જઇ અંગ્રેજોની મદદ બાબત તેઓની કબૂલાત લીધી.

તેટલામાં પેશવાની ૩૦ હજાર ફોજ હરિપંત ફડકેવાળી ગૂજરાત આવીને તેણે ગોવિંદરાવ તથા રાઘોબા એ બેને મહી તરફ ખસેડયા. ફેબ્રુવારીની ૧૭ મીએ તે ફોજે રાઘોબાની ફોજ ઉપર ચારેગમથી હુમલો કીધો ને ગોવિંદરાવ તથા ખંડેરાવ ગાયકવાડ તેની કુમકે જઇ પહોંચે તેટલામાં રાઘોબાના સરદારો ઘાયલ થયા; કેટલાક આરબોએ પગાર ચઢી ગયાથી લડવાની ના કહી ને રાઘોબા માત્ર એક હજાર ઘોડાં સાથે ખંભાત નાઠો; અને ગોવિંદરાવ તથા ખંડેરાવ ગાયકવાડ એઓએ ને માનાજી સિંધિયા ફાંકડે એણે વેરણછેરણ થઇ રહેલી ફોજને કપડવંજ લેઇ જઇ સુધારી. નવાબે દરવાજા બંધ કરી રાઘોબાને આસરો આપવાની ના કહી; પણ અંગ્રેજ રેસિડેંટ મી. માલેટ જેને ખબર હતી કે રાઘોબા તથા અંગ્રેજ કંપની વચ્ચે કોલ થયા છે તેણે યુક્તિ કરી રાઘોબાને ભાવનગર ને ત્યાંથી સૂરત મોકલી દીધો.

રાઘોબાનો મુખત્યાર નરોતમદાસ અને મુંબઇ સરકાર એ વચ્ચે ૧૭૭૫ ના માર્ચની છઠ્ઠીએ કોલકરાર થયા;[૧] પણ તેની અગાઉ ફેબ્રુવારીની આખરમાં ૩૫૦ ગોરૂં પેદલ, ૮૦૦ સીપાઇ, ૮૦ ગોરા ગોલંદાજ ને ૬૦ તોપખાનાનું લશ્કર એટલે ૧૫૦૦ ફોજ સૂરત ઉતરી હતી. રાઘોબા ત્યાં ભાવનગરથી આવી પહોંચ્યો તેને ચાર દહાડા થયા પછી.

એ ફોજને રાઘોબાએ કુમ્મસમાં ખોટી રાખી, ભીમપોરના હનુમાનની પૂજામાં ગુંથાયો હતો તેથી; પણ પછી તે વહાણને સામો પવન લાગેથી માર્ચની ૧૭ મીએ ખંભાત પહોંચી. અહીંના નવાબે અંગ્રેજ મદદમાં છે જાણી રાઘોબાને બહુ નજરાણાં કીધાં પણ મરેઠાઓએ મુસલમાન કરતાં અંગ્રેજોનાઉપર વધારે ધ્યાન આપ્યું.

એ ફોજ શહેરની ઉત્તરે નારાયણ સરોવર છે ત્યાં મુંબઇથી આવતી બીજી ફોજને માટે ખોટી રહી. ગોવિંદરાવવાળી રાઘોબાની ફોજ દક્ષિણ તરફ આવી હતી. સામી ફોજમાં ૪૦ હજાર પેદલ ને ૧૨ હજાર હેદલ હતું તે ગોવિંદરાવને આવતો અટકાવવાને ઉત્તર તરફ જતી હતી; તોપણ એ આવતાં પહેલાં ગોવિંદરાવ સાબરમતી ઉતર્યો હતો ને તેણે ખંભાતની ઇશાને દરમજ ગામ છે ત્યાં પોતાની ફોજને છાવણી કરાવી; એને ઉપલી અંગ્રેજી ફોજ કરનલ કીટીંગ સરદારવાળી એપ્રિ-

---

૧ અંગ્રેજ ૮૦૦ યૂરોપીયન, ૧૭૦૦ દેશી ને બીજા ગોલંદાજ મળીને ૩૦૦૦) ફોજ આપે ને તેના બદલામાં અંગ્રેજે હજી પેશવા માનેલો રાઘોબા સાષ્ટી, વસૈ જંબુસર ને ઓરપાડ આપે; વળી અંકલેસ્વરની ઉપજમાંથી રૂપીઆ પોણોલાખ આપે; અને તે પરગણું, આમોદ, હાંસોટ ને વલસાડ એ અંગ્રેજે આપેલો ફોજના ખરચના મહિને દોઢલાખ આપવાના તેની જામીનગીરીમાં અંગ્રેજના હવાલામાં આપે; વળી ભરૂચમાં ગાયકવાડનો જે હક તે પણ અંગ્રેજને મળે. એ કરાર થયા તેને આગલે દાડે મુંબઇ કૌંસલમાં તકરાર ચાલી હતી કે રાઘોબાને મદદ કરવી એ ઘટતું છે કે નહિ.

લના વચલા ભાગમાં મળી. ગોવિંદરાવની ફોજમાં ૮ હજાર લડનારા ને ૧૮ હજાર છાવણી સાથે રહેનારા હતા.[૧]

વીસમી એપ્રિલે પહેલી લડાઇ ઉસામલી આગળ થઇ તેમાં પેશવા તથા ફતેસિંગવાળી ફોજને પાછું હઠવું પડ્યું; બીજી લડાઇ મેની પહેલીએ વાત્રક આગળ થઇ તેથી પેશવાઇ ફોજને એડા તરફ વળવું પડ્યું; અહીંથી પણ તેને રાઘોબાએ માતર આગળ નદી ઉતરતાં ખસેડી. પણ ખંડેરાવ ૧૦ હજાર સ્વાર સાથે ફતેસિંગને મળ્યો; તેમ સિંધિયા તથા હોલકર પેશવાઇ ફોજમાંથી ખસી ગયા. કરનલ કીટીંજ સામી ફોજમાં ઘોડેસ્વારની સંખ્યા ઘણી હોવાથી ફાવી શક્યો નહિ; તેણે દક્ષિણ તરફ કૂચ રાખી ને રાઘોબાને પણ સમજાવ્યું કે તારે પણ ચોમાસું અમદાવાદ કરતાં પૂનામાં ગાળવું એ વધારે સારૂં છે. મેની આઠમીએ રાઘોબાની ફોજ સામી ફોજના સ્વારોના બે હુમલા હઠાવીને નડિયાદ આવી. તેમાં અંગ્રેજની લૈટ આરટીલરીએ બહુ કામ કીધું હતું. નડિયાદ ખંડેરાવનું હતું ને એ ફતેસિંગને મળી ગયો તેથી રાઘોબાએ તે શહેર ઉપર રૂ. ૬૦ હજારનો દંડ નાખ્યો; ને તે વસૂલ કરવાને તે સાત દહાડા ત્યાં બેઠી રહ્યો પણ માત્ર ૪૦) હજાર તે લેઇ શક્યો હતો.[૨]

પછી ફતેસિંગની ફોજના અહીં તહીં હુમલા છતે રાઘોબાની ફોજે દક્ષિણ તરફ કૂચ જારી રાખી; અડાસ આગળ જ્યાં પહેલાં રાઘોબાએ હાર ખાધી હતી ત્યાં પાછી પૂરેપૂરી હાર થાય તેવી દુશમને કતલ ચલાવી હતી પણ રાઘોબાની ફોજની પેદલની તથા તોપખાનાની ટુકડીએ માર ચલાવ્યો તેથી ફતેસિંગે પોતાની ફોજ ને પાછી હઠાવી ને રાઘોબા મહી સૂધી આવી પહોંચ્યો. પછી કરનલ કીટીંજની સલાહથી સઘળી ફોજે મેની ૨૭ મીએ ભરૂચ આવી છાવણી કરી ને ત્યાં જુનની આઠમી સૂધી રહી.

કરનલ કીટીંજ બાબા પીઆરા આગળ નર્મદા ઉતરવાનો હતો તેવામાં તેણે સાભળ્યું કે પેશવાઇ ફોજનો સેનાપતિ હરિપંત નદીને ઉત્તર તટે છાવણી કરી રહ્યો છે ને તરતજ કીટીંજે તેની

---

૧ તેમાંના ઘણાક પિંડારા હતા; એઓ એકેકા મરેઠા સરદારની છાવણીની સાથે અડધી લૂટ તેને આપવાની શરતે રહેતા; એકેકો મરેઠો સરદાર પોતાની ફોજ ઉપર અમલ ચલાવે સ્વતંત્ર હતો; તોપણ વળી સઘળા સરદારો સઘળી ફોજના સેનાપતિના હુકમમાં હતા. તે પિંડારાની સાથે તેઓનાં બૈરાં, છોકરાં રાંધવાનાં વાસણ, બળદ, વગેરે હતાં; ઘોડાં તો આખી ફોજના સંબંધમાં ૨ લાખ હતાં; દર છાવણી દીઠ બજાર હતો; તેઓ એક બીજાની છાવણીમાંથી હલકી ચીજ ચોરી લેઇ જવાની માંહોમાહે શરત બકતા ને તેઓ દોસ્ત કે દુશ્મન કોઇને છોડતા નહિ. એ પિંડારાને લીધે એટલી તો ગરબડ હતી કે કવાયતી લશકર પણ પોતાનું કામ કરી શકતું નહિ.

૨ ભાટલોક આપવાની ના કહીને માંહોમાંહે કપાઇ મૂઆ હતા કે તેનું પાપ જુલમગારને લાગે. બ્રાહ્મણોએ પણ નાકહીને પોતાની નાતમાંની બે બુઢી ડોશીઓને બજારમાં લાવી મારી નાખી હતી.

પાછલી તુકડી ઉપર હુમલો ચલાવ્યો; પણ હરિપંતે પોતાની ફોજ ત્યાંથી પાછી ખસેડી લીધી; પણ ઉતાવળમાં કંઇક સરંજામ ને થોડીક તોપ મેલી જવાની તેને જરૂર પડી. કીટીંજ બાબા પીઆ-રાથી ૧૪ મૈલ દૂર ઉપર ફતેસિંગના ડભોઇ ઉપર જવાને છાવણી કરી રહ્યો.

હરિપંતે પોતાનો મુખત્યાર ગૂજરાતમાં રાખ્યો હતો તેની પાછળ પડી પકડી આણવાને રાઘોબાએ પોતાના એક સરદાર અમીરખાનને મોકલ્યો ને એણે તેને અમદાવાદ તરફ જતો પકડયો.

ડભોઇમાં એક બ્રાહ્મણ કારભારી હતો તે રાઘોબાની ફોજ આવી કે તાબે થયો. કીટીંજે ત્યાં પોતાની છાવણી કરી પણ રાઘોબાએ ત્રણલાખ ઉઘરાવી લેઇ ડભોઇથી દશ મૈલ ઢાઢર ઉપર ભીલાપુર છે ત્યાં છાવણી રાખી. અહીંથી તેણે કીટીંજની મારફતે વડોદરે ફતેસિંગ સાથે કોલ કરારના સંદેશા ચલાવવા માંડયા. ફતેસિંગ પણ તેમ કરવાને તૈયાર હતો કેમકે તે જાણતો હતો કે ગોવિંદરાવ વડોદરૂં લેવાનો લાગ જોય છે.

એ કરારમાં હતું કે ગોવિંદરાવને પોતાનું પેનશન ન મળે ને રાઘોબા પેશવા થયો તેની પહેલાં જે સ્થિતિમાં હતા તે સ્થિતિમાં રહે; દામાજીએ જે સ્થિતિ કરી આપી હતી તે પ્રમાણે ખંડેરાવ રહે; ભરૂચઉપર ગાયકવાડનો જે હક તે અંગ્રેજને મળે વળી ચિકલી તથા વરિયાવ એ પરગણાં ને નર્મદાઉપર કેરલ તે હમેશને માટે અંગ્રેજને ગાયકવાડ આપે. એ કરાર અમલમાં આવતાં પહેલાં કરનલ કીટીંજને હુકમ મળ્યો કે તેણે એકદમ રાઘોબાને છોડી દેઇ પોતાની ફોજ સાથે બ્રિટિશ સરકારના મુલખમાં ખસી આવવું કેમકે છઠ્ઠી માર્ચના કોલકરાર વડી સરકારે રદ કીધા હતા.

સને ૧૭૭૬ ની ૧ લી માર્ચે પુરંધરમાં નવા કરાર થયા; તેમાં ભરૂચની ઉપજ ઉપરનો લાગો તથા તેની પાસેની જગા એ પેશવાએ અંગ્રેજને આપી દીધાં; વળી લડાઇના ખરચના બદલામાં રૂા. ૧૨) લાખ આપ્યા; અને સાષ્ટી અંગ્રેજ રાખે અથવા વરસે ત્રણલાખ ઉત્પન્ન થાય તેટલો બીજો મુલખ મળેથી તે પાછી આપી દે. ફતેસિંગ ગાયકવાડે જે જે આપવાને કબૂલેલું તે તે તેને પાછું આપી દેવું જો પૂના સરકાર સાબીત કરી આપે કે તેને પૂનેથી અખત્યાર મળ્યા વિના તેને કરાર કરી આપવાનો હક નહોતો. છઠ્ઠી માર્ચના કોલકરાર રદ કરવામાં આવ્યા ને અંગ્રેજે રાઘોબાને મદદ કરવી નહિ એવું ઠર્યું.[1] પછી પેશવાને ગાયકવાડ એ બેના સંબંધ વિશે ભાંજગડ ચાલેલી પણ આખરે ૧૭૭૮ ના ફેબરવારીમાં તે પતી હતી ને ફતેસિંગે ચઢેલી ખંડણી આપી પેશવાને તથા કારભારી-ઓને નજરાણાં કરી સેનાખાસખેલનો ખિતાબ ધારણ કીધો હતો.

---

૧ રાઘોબાને માટે એવું ઠર્યું કે તે પોતાની ફોજને રજા આપી પેનશન લેઇ ગોદાવરી ઉપર કોપરગામમાં રહે. જ્યારે તેના જાણવામાં આવ્યું કે અંગ્રેજો તેની મદદમાં નથી ત્યારે તે માંડ-વીમાં હતો. પછી તે બસેં આદમીની સાથે સૂરત આવી રહ્યો હતો. પછી તેને પેશવાએ તેનું પેન-શન વધારી બનારસમાં રેહવાનું જણાવ્યું તેપણ તેણે કબૂલ કીધું નહિ. પછી તે સરકારથી મહિને મહિને મળતાં પેનશન ઉપર મુંબઇ રહ્યા હતો.

સને ૧૭૭૯ના જાનેવારીની ૧૬ મીએ થયેલા ઠરાવ સંબંધી ગવરનર જનરલે ફતેસિંગને વડોદરાના રાજ્યનો મુખ્ય માન્યો; સિંધીઆને ભરૂચ આપવું કબૂલ રાખ્યું અને જણાવ્યું કે ગૂજરાતમાં પેશવાનો જે હક છે તે મુંબઇ સરકારથી લેવાયતો તે લેઇ લેવો.

રાઘોબાને બુંદેલખંડ લેઇ જવાને સિંધિયાને સોંપ્યો હતો પણ તે પહેરામાંથી છટકી જઇ ભરૂચ આવેલો તેને અંગ્રેજ સરદાર ગૉડર્ડે જુનની ૧૨ મીએ પોતાના આસરામાં રાખ્યો. અફવા ચાલેલી કે પેશવા રાઘોબાને માગે છે ને લડાઇ ચાલશે તે ઉપરથી ગૉડર્ડે ફતેસીંગ સાથે સંદેશો ચલાવ્યો પણ એણે જ્યારે પેશવાથી બીહીને કરાર કરવાની આનાકાની કીધી ત્યારે ગોડર્ડે ડભોઇમાં પેશવાની ફોજ હતી તે ઉપર ધસારો કીધો ૧૭૮૦ ની પહેલી જાનેવારીએ; અને ભરૂચના અંગ્રેજોએ મરેઠા અમલદારોને હાંકી મેલી અંકલેશ્વર, હાંસોટ, ને આમોદ પોતાનાં કબજામાં લેઇ લીધાં; વીસમીએ મરેઠાઓએ ડભોઇ ખાલી કીધું. ફતેસીંગે ૨૬ મીએ કોલકરાર કરી આપ્યા.

એ એવા કે પેશવાને ગૂજરાતમાંથી ખંડણીની વસૂલાતનું ગોંધળ દૂર કરવાને બાદ કરવો; મહીની ઉત્તરનો મુલખ તમામ ગાયકવાડને હિસ્સે જાય; અંગ્રેજને તાપી દક્ષિણનો મુલખ અને સૂરતની ઉપજમાં ગાયકવાડનો જે હિસ્સો તે મળે; પેશવાને ખંડણી આપવામાં અંગ્રેજના નિભાવને માટે ફતેસિંગે નર્મદાઉપર જનોર ને ભરૂચની આસપાસનાં ગાયકવાડી ગામ તે આપી દે, પણ ક્યારે કે અમદાવાદ ફતેસિંગના તાબાનું થાય ત્યારે. વળી ૩ હજાર ઘોડાં ગાયકવાડી તે અંગ્રેજની મદદમાં રહે.

ગૉડર્ડે અમદાવાદ આગળ પાંચ દહાડા છાવણી રાખી ફેબરવારીની પંદરમીએ છાપો મારી તે શહેર લીધું.

પછી સિંધિયા હોલકર લૂટ કરતા ગૂજરાતમાં આવ્યા ને ગૉડર્ડને સામો આવતો દીઠો ત્યારે તે ચાંપાનેર તરફ વળ્યા. સિંધિયાએ સંદેશો ચલાવ્યો કે રાઘોબાને ઝાંસી મોકલવો તેને માટે અમે ત્યાં જાગીર રાખી છે પણ ગૉડર્ડે ના કહી.

મરેઠાએ સૂરત અઠાવીસીના કેટલાક ભાગમાં લૂટ કરી સાંભળી ગૉડર્ડે લેફટેનંટ વેલશને ત્યાં મોકલ્યો ને એણે પારનેરા, ઇંદરગઢ ને બગવાડા એ કિલ્લાનો કબજો કીધો.

જનરલ ગૉડર્ડ જ્યારે વસૈને ઘેરો ઘાલવા ગયો ત્યારે મેજર ફારબસને ગૂજરાતની ફોજ સોંપી ગયો ને એણે એક તુકડી ફતેસિંગના બચાવને માટે અમદાવાદ મોકલી, એક સૂરત ને એક ભરૂચ; બે તુકડી સીનોર ને થોડાં માણસ ડભોઇ.

સિંધિયાએ સીનોર ઉપર હુમલો કીધો પણ ફારબસે તે લેવાં દીધું નહિ; પછી તે પોતાના મુલખને સંભાળવામાં રોકાયાથી ગૂજરાતમાં ફોજ મોકલી શક્યો નહિ.

સાલબૈના કોલકરારથી ગૂજરાતમાં મરેઠાનો પ્રદેશ જેટલો ૧૭૭૫ માં, રાઘોબા સામાં લડાઇ ચાલતાં પહેલાં, હતો તેટલોજ મુકરર રહ્યો; ભરૂચ શહેર સિંધિયાને આપવામાં આવ્યું; ભરૂચની આસપાસનો ત્રણ લાખનો મુલખ પેશવાએ આપેલો તે તેને પાછો આપવામાં આવ્યો; અને રાઘોબાને મહિને ૨૫) હજારનું પેનશન થયું ને જ્યાં તેની મરજી ત્યાં જઇ તે રહે. રાઘોબા કોપરગામ જઇ રહ્યો ને ત્યાં પછી થોડે મહિને મરણ પામ્યો.

પછી છ વર્ષ ગૂજરાત તદન ગાયકવાડનીજ સત્તામાં હતું. ૧૭૮૯ માં ફતેસિંગ મરણ પામ્યો ને માનાજી સયાજીની તરફથી રાજકારભાર કરવા લાગ્યો; તેણે ૩,૧૩,૦૦૦ નું નજરાણું કીધું ને ૩૬ લાખ બીજા ચઢેલા તે આપવા કબૂલ કીધા. પણ ગોવિંદરાવ જે પુનામાં હતો તેણે સિંધિયાને પોતાનો કરી લેઇ માનાજીને સયાજીના વાલીપણાનો હક લેવા દીધો નહિ.

માનાજીએ અંગ્રેજ સરકારને લખ્યું પણ એણે વચ્ચે પડવાની ના લખી. માનાજીના કારભારીઓએ પૂનામાં નાના ફડનવીસપાસે સમાધાની આણવાની તજવીજ કીધી પણ સિંધિયાના સમજાવ્યાથી ગોવિંદરાવે કબૂલ કીધું નહિ. એ બાબત કોઇ રીતનો નિકાલ થતાં માનાજી મરી ગયો.

અંતે ગોવિંદરાવે ૧૯ મી ડિસેમ્બરે વડોદરે જઇ પોતાના ભાઇના પ્રતિનિધિ રૂપે રાજકાજ પોતાના હાથમાં લીધું. પછી બે વર્ષ ગૂજરાતમાં શાંતિ રહી.

૧૭૯૬ માં રાઘોબાનો દીકરો બાજીરાવ પેશવા થયો તેણે પોતાના દશ વર્ષના નાના ભાઇને ગૂજરાતનો સૂબો કીધો; ને એની તરફથી મુખ્ત્યાર ગૂજરાતમાં આવ્યો. કોઇ આબા શેલુકર પણ સૂબેદારના મુખ્ત્યાર દાખલ ગૂજરાતમાં હતો એમ જણાય છે. કેમકે જ્યારે દોલતરાવ સિંધિયાએ નાના ફડનવીસને કેદ કરેલો (૧૭૯૭) ત્યારે તેનીસાથે તે પણ હતો. આબા દશલાખ આપવાની કબૂલાતે છૂટયો હતો ને તે એકઠા કરવાને તે ગૂજરાતમાં પોતાની સૂબેદારની જગોએ આવ્યો હતો.

સિંધિયાએ દશલાખનો હફતો ભરવાને આબાને તાકીદ કરી ને આબા પોતાના તાબાના મુલખમાંથી નિચવી શકયો નહિ ત્યારે તેણે કેટલાક ગાયકવાડી ગામોમાંથી નાણું કઢાવ્યું. ગોવિંદરાવે લડાઇની તૈયારી કીધી ને સૂરતના એજંટ જોનાથન ડંકને જણાવ્યું કે સૂરતની આસપાસનો મુલખ ને શહેર તથા પરગણામાંથી ગાયકવાડને જે ચોથાઇ મળતી તે અંગ્રેજ સરકારને મળે. ગોવિંદરાવે પૂને લખ્યું પણ ત્યાંથી જવાબ આવતાં પહેલાં અમદાવાદની ગોવિંદરાવની ફોજે આબાને સપડાવી તે શહેર આપી દેવાની ફરજ પાડી. આબાને સાત વરસ કેદ રાખવામાં આવ્યો હતો.

૧૭૯૭ માં પેશવાએ પોતાના ભાઇ ચિમનાજીની સૂબેદાર દાખલ નિમણુક ન કરતાં ગૂજરાતમાંના પોતાના સર્વ હક પાંચ વર્ષને માટે ગોવિંદરાવને ઇજારે આપવાનું ઠરાવ્યું, દર વરસે પાંચલાખ લેવાને—તે હકમાં કાઠિયાવાડ તથા સોરઠ અહીંની ખંડણીમાંના હિસ્સા; પેટલાદ, નાપાડ, રાણપૂર, ધંધુકા ને ગોઘા એની ઉપજ; ખંભાતમાં કેટલીક દરિયાઇ જગાત; અને શહેર અમદા-

વાદની ઉપજનો હિસ્સો એ બધું હતું. પણ એ ઇજારો લેવાની મહિના અગાઉ ગોવિંદરાવ મરણ પામ્યો.

આનંદરાવ ગાયકવાડ રાજકાજ કરવે કેવળ અશક્તિમાન હતો ને વાલીને માટે ટંટા ઉઠયા. ગોવિંદરાવને ધરમપુરની રજપૂત બેઠીથી કહાનાજી દિકરો હતો ને તે ૧૭૯૩ માં પોતાના બાપની તરફનો પહેલો મુખ્ત્યાર વડોદરામાં હતો; પણ જ્યારે ગોવિંદરાવ વડોદરે આવેલો ત્યારે તે સામે થયો હતો તેથી તેને કેદ કરવામાં આવ્યો હતો.

ગોવિંદરાવના મરણ પછી તરતજ કહાનાજીએ તજવીજ કરી પોતાનો છૂટકારો મેળવ્યો ને નબળા મનના મોટા ભાઇને સલાહ આપનારોમાં આગળ પડયો. તેજ રાજકાજ કરવા લાગ્યો. પણ તેની મગરૂબી ચાલથી આરબ પોહો સામો થયો ને તેને કેદ કરવામાં આવ્યો. તેની મા ગજરાબાઇ જે સૂરત આવી રહેલી તેણે ત્યાં અંગ્રેજની મદદ માગી અને વળી ખંડેરાવ ગાયકવાડનો દિકરો મલ્હારરાવ જે ગોવિંદરાવનો કટ્ટો દુશમન થયો હતો તેને કહેણ મોકલ્યું.

વડોદરે રાવજી તથા બાબાજી આવ્યા, જેને ગોવિંદરાવ પોતે ૧૭૯૩ માં વડોદરે લાવેલો, તે બે ભાઇ કારભાર કરતા. રાવજીએ મુલખી ને બાબાજીએ ફોજનું કામ માથે લીધું. ગજરાબાઇની ખટપટ જાણી તે બે ભાઇઓએ પણ અંગ્રેજની મદદ માગી, તેઓએ ગોવિંદરાવે કબૂલ કરેલું તે ઉપરાંત ચિકલી પરગણું આપી દેવું કબૂલ કીધું.

મલ્હારરાવે ફતેહ મેળવવા માંડી ત્યારે રાવજીએ પાંચ બટેલિયનનો ખરચ આપવો કબૂલ કીધો ને ગવરનર ડંકને પોતાની જવાબદારી ઉપર મેજર વાકરની સરદારી તળે ૧૬૦૦ માણસ મોકલ્યાં અમદાવાદની ઉત્તરે તે બે ભાઇની ફોજસાથે રહી કામ કરવાને; લડાઇઓ ચાલ્યાં કીધી પણ ૧૮૦૨ ના એપ્રિલમાં કડીનો કિલ્લો લેવાયો ને મલ્હારરાવ તાબે થયો તેને નડિયાદ રાખવામાં આવ્યો. તેની તરફથી સંખેડામાં ગણપતરાવ ગાયકવાડ હતો તેના પાસેથી ત્યાંનો કિલ્લો લીધો ને પછી થોડીવાર શાંતિ રહી.

માર્ચમાં રાવજી ગવરનર ડંકનને ખંભાતમાં મળ્યો ને પછી જુનની છઠ્ઠીએ કોલકરાર થયા હતા. બે હજાર માણસ ને તોપખાનું એના ખરચને માટે જાયદાદમાં ધોળકાને નડિયાદનો ભાગ જે મલ્હારરાવને આપેલો નહિ તેની ઉપજ અંગ્રજ સરકારને મળે; કડીનો કિલ્લો સર કરી આપ્યો તે મદદના બદલામાં ચિકલી મળે; ને બંને સરકાર પોતપોતાની તરફના રેસિડેંટો એકમેકને ત્યાં મુકે. રાવજીએ કેટલુંક મુંબઇથી ને કેટલુંક વડોદરાના સાહુકારો પાસેથી એમ એક મોટી રકમ વ્યાજે લેઇને સાત હજાર આરબનો ચઢેલો પગાર ચુકવ્યો અને મેજર વાકર રેસીડેંટ નિમાઇ જૂનની આઠમીએ વડોદરે ગયો.

તેજ દહાડે એક ખાનગી ઠરાવ ઉપર સહી થઇ તેની મતલબ એ કે બ્રિટિશ સરકાર રાવજીની મદદમાં રહેશે ને છઠ્ઠી જૂનના કોલ કરારમાં આપેલા મુલખમાંથી એક ગામ રાવજીને બક્ષીસ કરશે.

B 524—૪૫

છઠ્ઠી જૂનના કોલકરાર ડરેક્ટરની કોરટે રદ્દ કીધા પણ ગા.યકવાડે આપેલો મુલખ તેને પાછો આપી દેવાનો હુકમ આપતાં પહેલાં પેશવાએ વસૈના કોલકરારથી તેજ શરતો કાયમ રાખી હતી. તેણે પોતાનો સૂરતનો હિસ્સો અંગ્રેજ સરકારને આપી દીધો; સબસિડિયરી ફોજના પગાર બદલ ગૂજરાતમાંનો પોતાનો મુલખ આપી દીધો કે જેની ઉપજ ૧૨૨૮૦૦૦ રૂપીઆ ગણાઇ અને પેશવા-સરકાર તથા વડોદારા સરકાર વચ્ચેના વાંધા પતાવવાનું અંગ્રેજ સરકારને સોંપ્યું. સબસિડિયરી ફોજના બદલામાં ગાયકવાડે જે મુલખ આપેલો તેના ૧૮૦૨ માં રૂા. ૭૮૦૦૦૦ હતા.

મેજર વાકરે આરબ ફોજને બહુ સમજાવી પણ તેઓએ ન માનતાં હથિયાર ઊંચકી કાનોજી ગાયકવાડને બંદીખાનેથી છૂટો કીધો ને એણે વડોદરાપાસે ફોજ ઉભી કરવા માંડી ને આણંદરાવને પકડી પોતાની પાસે રાખ્યો. બ્રિટિશ ફોજે છાપો મારી વડોદરૂં લીધું ને પછી ઘણાક આરબ તાબે થયા, કેટલાક કાનોજી સાથે રહ્યા ને કેટલાકે ચઢેલો પગાર લેઇ વડોદરૂં છોડયું. કાનોજી ૧૮૦૩ના ફેબરવારી સૂધી તાબે થયો નહોતો. મલ્હારરાવ કાઠિયાવાડમાં બંડ ઉઠાવી ત્યાંનો મુલખ (મરેઠાનો) લૂટતો હતો તેની સામાં બાબાજી આબાજીને વિઠલ દેવાજી એ બે લડાઇ ચલાવતા. એ વિઠલ દેવાજીએ મલ્હારરાવને પકડયો હતો.

નડિયાદની જાગીર જે ગોવિંદરાવે મલ્હારરાવને કરી આપેલી તે રાવજીએ પાછી લેઇ બ્રિટિશ સરકારને આપી દીધી. માતર અને ખેડાનો કિલ્લો પરગણાસાથે આપ્યો. તે ને ઇનામ એ બે વિષે ૧૮૦૨ ના કોલકરારની પૂરવણીમાં લખાલયું છે.

રાવજીએ સબસિડિયરી ફોજમાં વધારો માગ્યો ને તેના બદલામાં માતર, મહુધા એ ગામ ને કીમ કડોદરાની જગાત એ આપ્યાં. એમ કરવાનું કારણ કે આરબ ફોજ ઘણી ઘટી ગઇ હતી ને જૂની દેશી ફોજ સરહદ સાચવવાને પણ શક્તિમાન ન હોતી. રાવજી ૧૮૦૩ના જુલાઇમાં પોતાની જાગીરનો વારસ સીતારામને કરીને મરી ગયો.

સિંધિયા ને અંગ્રેજ સરકાર વચ્ચે લડાઇ ઉઠી ને ગૂજરાતમાંથી ૭૩૫૨ માણુસ લડાઇને માટે તૈયાર રહે તેવો હુકમ થયો; આગસ્ટ કે સપટેંબરમાં ભરૂચ ને પાવાગઢ અંગ્રેજના તાબામાં આવ્યાં

૧૮૦૩ ના ડિસેંબરમાં સરજે અંજન ગામમાં કોલકરાર થયા તેની રૂએ પાવાગઢ ને દોહદ સિંધિયાને પાછા આપવામાં આવ્યાં, ભરૂચ અંગ્રેજ પાસે રહ્યું. સિંધિયાના ગૂજરાતમાંના મુલખ લેવામાં ઘણીજ ફોજ રોકાયલી તેથી મેજર વાકર કાઠિયાવાડમાં ખંડણી ઉઘરાવવાને વર્ષે વર્ષે જે ફોજ મોકલતો તે મોકલી શક્યો નહિ. કાઠિયાવાડમાં ખંડણી ઉઘરાવવી તથા ત્યાં શાંતિ રહે તેમ કરવું એ બાબત ગવરનર ડંકને વડી સરકારને લખાણ કરવું હતું.

૧૮૦૪ ના અકટોબરમાં પેશવાના ગૂજરાતમાંના હકનો ઇજારો દશ વર્ષને માટે ભગવંત રાવ ગાયકવાડના નામનો થયો વરસે ૪॥ લાખ ભરવાનો.

૧૮૦૫ ના એપ્રિલમાં કોલકરાર થયા તેમાં પાછલા સઘળા કોલકરાર નક્કી થયા. જે મહાલના વરસે ૧૧૭૦૦૦૦ ઉપજતા તે સબસિડિયેરી ફોજના નિભાવને માટે આપવામાં આવ્યા; અને આરબને ચઢેલો પગાર આપવાની જરૂર હતી તેવામાં ૧૮૦૨ માં અંગ્રેજ સરકારે જે નાણું ધીરેલું તે પાછું વળી રહે તેને માટે પણ ગોઠવણ કરવામાં આવી. વળી સબસિડિયરી ફોજની તુકડી જરૂર પડે ત્યારે કાઠિયાવાડમાં પણ જઇને કામ કરે; અને ગાયકવાડના બીજી સરકારો સામાના વાંધામાં તથા પેશવા સરકાર સાથેના નાણાં સંબંધી વાંધામાં પણ અંગ્રેજ સરકાર પંચનું કામ કરે.

પછી વર્ષ બે વર્ષ અગત્યની બિના બની નથી, બાબાજીએ કાઠિયાવાડમાં પોતાની ફોજની સરદારી છોડી વિઠ્ઠલરાવ દેવાજીને આપી ને પોતે વડોદરે મુલકી કામ કરવા ગયો. રેસીડેંટ પણ વડોદરાના રાજ્યની અંદરની વ્યવસ્થા કરવામાં ને હોલકરની દરબારમાંથી નાઠેલા કાનજીના હુમલાથી રાજનું રક્ષણ કરવામાં રોકાયો હતો.

૧૮૦૭ માં રેસીડેંટે માજી પેશવાના સર સુબેદાર આબા શેલુકરને બ્રિટિશ સરકારને સોંપી દીધો કે એ નવાં તરકટ થાય તેમાં સામેલ થઇ શકે નહિ. પછી કરનલ વાકર ખંડણીની વ્યવસ્થા કરવાને કાઠિયાવાડ ગયો.

કાઠિયાવાડની વ્યવસ્થા.

ખંડણી ઉઘરાવવા સંબંધી ૧૮૦૭ માં જે નવી ગોઠવણ થઇ તેથી ખંડિયાઓનો તથા મુખ્ય સત્તાધારીનો સંબંધ નવા પાયાપર સ્થપાયો; તે બંને ઉપર બ્રિટિશ સરકારની સત્તામાં વધારો થયો તથા મુંબઇ સરકાર તથા વડોદરા સરકાર એ બેનો સંબંધ ઘાડો થયો; અને રાજાઓ તથા તેમની રૈયત એ બંનેને ફાયદો થયો કેમકે ઉપજની વ્યવસ્થામાં કોઇ રીતનું નક્કીપણું ન હોતું તે ટળ્યું.

નવી ગોઠવણ દાખલ કરવામાં આવી તે વેળા કાઠિયાવાડની સંસારી તથા રાજદરબારી હાલત કેવી હતી તે બાબત પહેલી જણાવવી જરૂર છે.

કાઠિયાવાડની વસ્તીનો મોટો ભાગ બે વર્ગનો છે—સરદારો ને બેડુ જે ભોમીઆ ને રૈયત કહેવાય છે તે.

ભોમીઓ એક ગામનો મુખી હોય કે પછી તેની સત્તા રાજા રૂપે ઘણાં ગામો ઉપર હોય. રૈયત તે ખાતેદાર ખેડુત પ્રાંતની રહીશ છે. સરદારો ઉત્તરેથી કે ઉત્તર પૂર્વેથી આવી હુમલો કરી સત્તાધારી થયલા છે. તે અમદાવાદની દરબારના કેટલાક સાહસિક મુસલમાન સરદાર, લૂટ ઢોર ચોરીને ચાહનારા કાઠી, ચાંચીઆના ધંધાને માટે કાંઠાઉપર વસેલા મીઆણા તથા વાઘેલા છે; બીજા બધા કરતાં વધારે રજપૂત છે જે પોતાના વતની રાજની પડતી હાલતથી દક્ષિણ તરફ પ્રસડાઇ આવેલા અથવા જે વર્ગમાં એકજ ધંધો માનવંતો ગણાય છે તે વર્ગના કોઇ લશકરી સાહસિક પણાએ ઉસકેરાઇ આવેલા તે. એ બધા સરદારોની સ્થિતિમાં એક રીતનું સરખાપણું છે. એક

જોરાવર સરદાર પૂરતા સાથીઓને લેઇ પોતાના નબળા પડોશીઓને સપડાવે તો એઓ પોતાના બચાવને માટે ને વળી બીજાની લૂટમાં હિસ્સો પણ વેળાએ મળે માટે તેના રક્ષણતળે આવી રહે. સરદારના સંબંધીઓ—ભાયાતો ધણાને જબરા હોય તો એક જૂદું રાજ થઇ રહે છે; તેઓ બાહારના દુશમનો સામાં એકઠા મળે છે ને માંહેની વ્યવસ્થામાં જૂદા જૂદા સ્વતંત્ર મત રાખે છે. જોકે હથિયારના ધંધાને વળગી રહે છે તોપણ રજપૂતો લશકરી લોક કહેવાય નહિ કેમકે તેઓનામાં ખરા લશકરી સદ્ગુણ ઘણાજ થોડા હોવાથી તેઓ વહેલા વૃદ્ધિ પામતા નથી ને ઓછી હિંમતના પણ સંપીલા ને વલાક સ્વભાવના લોકની સાથે સરસાઇ કરવામાં ફાવતા નથી. ઘેરાના સરંજામ વગર ઉતાવળી દોડ કરતી ફોજને ડરામણા લાગે તેવા મજબૂત કિલ્લા કાઠિયાવાડમાં સઘળી દિશાએ ઠામ ઠામ છે. ઢોર ચોરાવાની બીકે ગામડાની આસપાસ પણ મટોડીની ઉંચી ભીંત બાંધેલી જોવામાં આવે છે.

એ રાજ્યનું મંડાણ ઉપર જણાવ્યા પ્રમાણે અસ્થિર ત્યારે તેઓના સંબંધ વ્યવહારમાં બળીઆએ કાઢેલો ધારો એ સિવાયે બીજું કેશુંએ ધોરણ નથી. સઘળેજ અણભરોંસો હતો. દરેક સરદાર જાણતો કે જેમ મેં નબળાને મારામાં લેઇ લીધો છે તેમ મારા પડોસના સરદારોએ પણ કીધું છે ને લાગ મળેથી તેઓ મારૂં છિનવી લેવાને ચુકનાર નથી. તેના રાજ્યની વ્યવસ્થામાં આવું કે પાછલા વહીવટની હદમાં રહી ઉત્પન્ન ઉભું કરવું એટલું કે જેથી પોતાનો ને પોતાની ફોજનો નિભાવ થયાં કરે, આસપાસના રાજ્યોના સંબંધમાં પોતાનું મોટમ રાખીને. જો કોઇ બહારનો દુશમન આવેતો તેની સામે થવામાં સરદારો સંપે એકઠા મળતા નહિ. વધારે જોરાવર સિવાયે બીજાને તાબે થવું નહિ એમાંજ મોટું માન સમજતા. દરેક સરદાર પોતાના ઉપર થયલી માગણીની સામાં પોતાનું સઘળું જોર વાપરતો ને પછી ન ફાવતો તો સામો ધણી કહેતો તેમ કરાર કરી આપતો. આ વાત સ્મરણમાં રાખવા જેવી છે કે ધણી ધણી વાર કાઠિયાવાડમાં ફોજોએ દોડાદોડી કરી છતે તે પ્રાંત તાબે થયોજ નહોતો. હુમલાથી નુકસાન થોડીવારજ રહેતું. ખંડણી આપવાથી શૂરવીરની સ્વતંત્રતામાંથી કંઇ પણ ઓછું થતું એમ તે સમજતો નહિ. લશ્કરી લૂટારા દાખલ તે પોતાનાપર થયલા બલાત્કારને વાજબી સમજતો. તરવારથી મુલખ મેળવેલો, તરવારથી રાખેલો, ખંડણી આપવાની કબૂલાતે નહિ તો ખંડણી મુકનારની સામાં થવું એ વાજબી છે. જો તે સામો થતાં છેક નબળો પડી જતો તો તેના પડોસી સરદારો તેના રાજને પોતાનામાં જોડી દેતા. માટે તેની નીતિ આવી કે થોડીક હદ લગી સામે થઇ પછી તાબે થઇ જવું.

એ પ્રમાણે દેશવ્યવસ્થા હોવાથી ત્યાં હમેશ બહુ મોટી ફોજનો ખરચ રાખવા કરતાં મોગલ ને મરેઠાઓ ગભરાવી સપડાવી નાખે તેવી મોટી ચઢાઇઓ કરતા. મુસલમાનોએ પણ જોધપુરથી તે દ્વારકા લગી ખંડણી લેવાની પોતાના પૂર્વજોની રીત રાખી હતી.

અમદાવાદના કેટલાક સુબેદાર વર્ષમાં ત્રણવાર ત્રણ જૂદી જૂદી દિશાએ જાતે ખંડણી ઉઘરાવવા નિકળતા. એ મોટી મુલકગિરી સિવાયે જુનાગઢનો બાબી ને ભાવનગરનો રાવળ પોતાના ખંડિયાં ગામોમાં ફરવા નિકળતા. અમદાવાદથી જે હરવરસે સ્વારી નિકળતી તે કેટલાએક ખાસ ધારા જે રજુલ મુલખ કહેવાતા તે મુજબ કામ કરતી. આ શૈકાના શરૂઆતમાં બાબાજી ને વિઠ્ઠલરાવે મોટી ચઢાઇ કરી હતી તેની પહેલાં અમદાવાદની ચઢાઇઓમાં ત્રણ ધારા જોવામાં આવ્યા છે. સર્વોપરિ એટલે પરદેશી રાજ જે નાના મોટા સર્વે સરદારો પાસેથી ખંડણી લેનારૂં તેને કોઇ પણ ખંડિયા રાજના ઉત્પન્નની વ્યવસ્થા કરવાનો હક હતો. વળી જ્યારે મોટી સ્વારી નિકળી હોય ત્યારે આખા પ્રાંતમાં બીજી કોઇ પણ ફોજ લડાઇના હંગામની ન હોવી જોઇએ; ને ત્રીજો આ કે દરેક રાજમાંથી ખંડણી લેવી તે પાછળના કોઇ વરસમાં લેવાઇ હોય તેવું ધોરણ રાખીને. મરેઠા લોક તો માગ્યા પ્રમાણે જબરદસ્તીથી પણ લેતા.

આ શૈકાની શરૂઆતમાં મહીકાંઠાના કોળીઓ વસૂલાતની સામાં થયલા તેથી ફોજનું જોર વાપરવાની જરૂર પડી હતી. બીજાપુર ને કડી એની પડોસમાં તો સરદારો ગામને ઘેરો પડે ને ઉપર ફોજ ચઢી આવે ત્યાં સૂધી ખંડણી આપતાજ નહિ. પણ તેવી મુશકેલી ધોળકાની પશ્ચિમે બહુ પડતી. ઉપર મુજબ સમજ મળ્યા પછી મરેઠાઓનો વહીવટ રીતિ સાફ સમજાશે.

મરેઠાઓએ પહેલી ચઢાઇ સોરઠમાં ૧૭૧૧ માં કીધી જેવામાં મુસલમાનો અમદાવાદની પાસે રોકાયલા હતા. પછી તે ઘણીવાર થઇ પણ દામાજીના વખતથી તો વરસે વરસે થતી ચાલી. તેણે લાઠીના ઠાકોરની બેટીસાથે પરણી પેરામણીમાં જમીન મેળવી કે જેથી તેને દ્વીપકલ્પના મધ્યમાં રહેવાનું ઠેકાણું મળ્યું. તેણે અમરેલીના મહાલ મેળવ્યા તે આવી રીતે કે નબળા રજપૂતો સબળ ને તાબે રહે તેમાં નબળા સરદારો તેની તરફ વળ્યા ને હરવરસ કાપણીની રતમાં તેની સ્વારી કાઠિયાવાડમાં નિકળતી.

એ ચઢાઇઓની મતલબ દેશ જીતવાની નહિ પણ લૂટની હતી. તે ફોજનો ખરચ મહા મોટો હતો. ઘણીવાર મરેઠાની ફોજ એકાદા ગામની આસપાસ ઘણા દહાડા સૂધી પડાવ રાખતી કેમકે ઘેરો ઘાલવાને તોપના સરંજામ નહિ. આ શૈકાની શરૂઆતમાં માળીઆએ બાબાજીની સરદારીવાળી ઘણી તૈયાર ફોજની સામાં ફતેહમંદીથી ટકાવ રાખ્યો હતો. અને એવાજ સબબથી મરેઠાઓ જુનાગઢ ઉપર ચઢાઇ લેઇ જવાનું જેમ બને તેમ માંડી વાળતા.

એ ચઢાઇઓથી રૈયતને લૂટફાટ ને બીજા વણસાડની મોટી ધાસ્તી રહેતી. કોઇ ભોમીઓ પોતાની રૈયતને ગામમાંથી નિકળી જવાનો હુકમ કરતો કે ઘરના પાટિયાં કૂચ કરતી મરેઠી ફોજને બાળવાના લાકડાંને ઠેકાણે કામ લાગે. મિલકત સંતાડયાના શક ઉપરથી કેટલાક જણને મરણતોલ માર મારવામાં આવતો. મરેઠી ફોજ કવાયતી નહોતી; લડનારાની સાથે બીજાં પણ ઘણાં માણસ રહેતાં ને જે વખતે વખતે પિંડારા જેવી માઠી ચાલ ચલાવતી. ચઢાઇનો વહીવટ ચાલ્યા પછી

ફોજના રસ્તાપરના ગામવાળાઓને એક બે જણને બાંહેધર દાખલ રાખવાની છૂટ હતી. જો ન રાખતા તો ફોજ ત્યાં પડાવ નાખતી. ઘણી વખત એ બાંહેધરોની માગણી એટલી ભારે થતી કે ગામવાળાઓ તેમનું મન મનાવતા.

ભોમીઓ પોતાના ગામોમાંથી આવતી ફોજનો અટકાવ વળી આવી રીતે કરતો; આગળથી એક જણને ખંડણીનું નક્કી કરવાને મોકલતો ને લેખપ્રમાણે રકમ આપવાનું ભોમીઓ કબૂલ કરતો એટલે તે ફાડી નાખવામાં આવતો.

એજ રીત બાંહેધરીની ગાયકવાડના ખાલસા ને ખંડિયા મુલખમાં બધે ચાલતી માટે તે સં. બંધી ખુલાસેથી જણાવીએ છીએ. પહેલી નિકળી તે કોળી ને લૂટારા રજપૂત સાથે કામ પડવાથી જે પછી તે બધે પસરી. એટલો બધો અણવિશ્વાસ ,આ સૈકાની શરૂઆતમાં હતો કે ગાયકવાડ પોતાની રૈયતમાંના કોઇની બાંહેધરી સિવાય કોઇ સાથે કંટ્રાક્ટ કરતો નહિ. એ રીતથી ને એથી સત્તા આરબ જમાદારના હાથમાં ગઇ કે રાજ્યના દેણને વસ્તો તેઓજ મુખ્ય બાંહેધર થતા, તે સઘળી હકીકત વડોદરા સંબંધી છે, કાઠિયાવાડ સંબંધી નહિ.

કાઠિયાવાડમાં રાજદરબારી વિચાર ઉપરથી નહિ પણ ધર્મ તથા પરંપરાથી અપાતું આવેલું માન એ બે વિચાર ઉપરથી ભાટલોકની બાંહેધરી લેવામાં આવતી. વંશસંબંધી કે વારસા-સંબંધી બાબતમાં તેઓનેજ પુછવામાં આવતું. દરેક રજપૂતને પોતાનો ભાટ હતો. એ ઘણા વધી જવાથી કેટલાકે નાણાની ધીરધારનું ને કેટલાકે ખેતીનું કામ લીધું. તોપણ ભાટ નામે ભરૂસો રાખવા જોગ ને તેનાં શરીરઉપર હુમલો ન થાય તેવું સર્વત્ર મનાતું. ભાટની પેઠે ચારણ પણ મોટા મનાતા; તેઓ ગામ વસાવી ખેતીનું કામ કરતા હતા. કહેવાયછે કે રાજા તોડરમલે પ્રથમ રજપૂતોની તરફથી ભાટને જામીન દાખલ લેવાનો ધારો પાડયો. ૧૮૦૭ ની અગાઉ ભાટની જામીની વગર કોળી કે રજપુત સાથે નાણાં સંબંધી કોઇ પણ વહેવાર થતો નહિ.

ભાટ લોક જેટલી રકમના જામીન થતા તેટલીઉપર શેંકડે ટકા લેતા ને તેથી તેઓ બહુ દોલતમંદ થયા હતા; ને આવા પણ દાખલા છે કે તેઓ જેના જામીન થતા તેને સતાવતા પણ બહુ. સને ૧૮૦૮ માં ભાવનગરના રાવળને પોતાના જામીન ભાટ સાથે તકરાર થયલી તેઉપરથી તેણે તેની જામીનગિરીનું ખત રદ કરાવી પોતાની જવાબદારીઉપર પોતાના લેણદારનો ધીર રાખી હતી.

મરેઠાઓની એક રીતિ હતી કે મુકરર કરેલી ખંડણીથી ઓછી લેવી નહિ; વરસે વરસે વધારે ઓછી લેતા પણ હમેશ મુકરર કરેલું ધોરણ રાખીને. ઘણાં વરસની ચઢેલી ખંડણી કેટલીક છૂટ મુકી લેઇ લેવાના કરતાં મુકરર કરેલો ખંડણી વરસ બે વરસ જામીનઉપર ચઢાવ્યા કરવાનું વધારે પસંદ કરતા.

પણ જ્યારે ફોજ પૂરતી હોય ત્યારે તેઓ જમા ખંડણી ઉપરાંત ખરાજતને નામે ઘણુંક વધારે લેતા. એમ ખંડણી વધારવાની જુકતી શિવરામ ગારદીએ પ્રથમ કાઢેલી ને પછી બાબાજી તથા વિઠ્ઠલરાવે તજવીજથી ચલાવી હતી. વિઠ્ઠલરાવની ફોજ એટલી જબરી હતી કે ખંડણીના મોટા ભાગ જેટલી ખરાજત થઇ હતી ને તે આપનારાઓએ બહુ સામાં થયા પછી આપી હતી.

બ્રિટિશ સત્તા રાણપુર, ગોધા ને ધંધુકા અહીં હજી પૂરી બેઠી નહોતી તેટલામાં તો ગોહિલવાડ ને સોરઠના કેટલાક નાના રાજાઓએ વડોદરાના રેસીડેંટની મદદ માગી હતી. ભાવનગરનો રાવળ ને જુનાગઢનો નવાબ એ બેની મુલખગીરીની સામે થવાને; આવી કબુલાતે કે અમુક હક અમારા તથા અમારા કુટુંબના જળવાયાથી અમારા રાજ બ્રિટિશને આપી દેશું. પણ એ કામમાં બ્રિટિશ સરકારે હાથ ઘાલ્યો નહિ. કેટલાંક વર્ષ પછી ૧૮૦૭માં મોરબીના રાજમાં એક જગાએ વિઠ્ઠલરાવની ફોજ પડી હતી ત્યાં તેને વડોદરાનો રેસીડેંટ થોડીક બ્રિટિશ ફોજ સાથે જઇ મળ્યો હતો. બંને જણે એકેકી યાદી સઘળા રાજાઓને મોકલી હતી ને તેમાં ખંડણી સંબંધી કેટલા ધારાઓની સૂચના કરી હતી. રાજાઓના જવાબ જૂદા જૂદા હતા પણ તે બધામાંથી આટલું તો જણાયું છે કે તે સૂચના બ્રિટિશ સરકારના વિચારથી થઇ છે. રાજાઓને જાણ હતું કે ગાયકવાડને મુંબઇ સરકારસાથે કેટલાક કરાર થયા છે, વળી કાઠિયાવાડની પૂર્વમાં બ્રિટિશ તેઓની પડોસી છે એ તેઓ જાણતા હતા; પણ એટલા ઉપરથી ખંડણીની બાબતમાં બ્રિટિશ સરકાર કેવી રીતે કામ કરવા ઇચ્છે છે તે સમજવાને તેઓ શક્તિમંત નહોતા.

માળીઆના રાજાએ બાબાજીને પાછો હઠાવ્યો હતો ને એક ભાટે આપઘાત કીધો પણ રાજાએ ખંડણી નજ ભરી. એ ઉપરથી કચ્છ ને સિંધ લૂટવાને ગાયકવાડી ને અંગ્રેજી બંને ફોજ સાથે નિકળી હતી. ખંડણીની બાબત જ્યારે સારી પેઠે તપાસ કરવામાં આવી ને ભાયાતોના હક જાણી લેવામાં આવ્યા ત્યારે માલમ પડ્યું હતું કે ખંડણીની બાબત ઓછામાં ઓછા ૧૫૩ રાજા સાથે જૂદા જૂદા કરાર કરાવી લેવાની જરૂર છે. એ કારણથી વ્યવસ્થા થતાં વાર લાગી, પણ બધા કોલ કરારોમાં એક મુખ્ય ધોરણ રાખવામાં આવ્યું હતું. પાછલા સાલની વસૂલાને બારીકીથી તપાસીને આંકડો નક્કી કીધો ને ખરાજતમાં ઘણોજ ઘટાડો કરવામાં આવ્યો. કોલકરાર આવી રીતના હતા કેઃ—

૧૮૦૭ માં હમેશને માટે મુકરર કરેલી ખંડણી વરસે વરસે વડોદરે ભરવી રાજાએ કે તેના વારસોએ; તેણે પોતાની તરફનો દશ વર્ષને માટે જામીન આપવો. તેમ ખંડણીનો આંકડો કાયમ રહે તેની ખાતરીમાં કંપની સરકારે ગાયકવાડની તરફથી જામીન રહેવું. ખંડણી મુકરર કરવાનો સબબ આટલોજ કે જ્યારે ત્યારે ફોજને આખા પ્રાંતમાં લેઇ જવાની જરૂર ન પડે ને ખંડણી ભરનારા ઉપર જબરદસ્તીથી વધારે લેવામાં ન આવે. પણ એમ ફોજ ખસેડી લેવાથી પ્રાંતમાં

માંહો માંહે ઝગડા વધવાથી કમજોર ખંડિયા જોરવાળા કે ખંડણી આપીજ ન શકે તેવા થાય માટે રાજાઓ પાસે એક બીજો કરાર કરાવી લેવાની જરૂર પડી; કે જેમાં દરેક ખંડિયાએ શાંતિ રહે તેવી સારી ચાલ રાખવી તેની જામીનગિરી જેવું હતું. એ બે કરાર થતા ત્યારે ગાયકવાડ સરકાર પરવાનો આપી લેખથી બંધાતી કે ઠેરવેલી ખંડણીથી વધારે લેવામાં નહિ આવે; અને તે પરવાના ઉપર બીજી સહી બ્રિટિશ સરકાર તરફથી રેસીડેંટ કરતો. જેમ રાજાનો લેખ હમેશને વાસ્તે તેમ બ્રિટિશ સરકારની જામીની પણ દેખાઇતી હમેશને વાસ્તે હતી. ખંડણીનો આંકડો હમેશને વાસ્તે હતો, પણ જામીન ખત હર દશ વરસે ફરી પાછું લખાવી લેવામાં આવતું. આ પણ જાણવા જેવું છે કે ફક્ત ફેલનામું એ સિવાએ બીજી કોઇપણ બાબતમાં પેશવા સરકારનું નામ જોવામાં આવતું નથી. કારણ કે ખંડણી ઉપરના તેના હક થોડાં વરસને માટે બીજાને હવાલે કરવામાં આવ્યા હતા.

૧૮૦૪ માં પેશવાએ સાત વર્ષનો ઇજારો ગાયકવાડને આપેલો ને તેની મુદત પૂરી ન થયલી તેથી કાઠિયાવાડની ખંડણી સંબંધી કંઇપણ પેશવાને જાણ કરવામાં આવી ન હોતી. ૧૮૧૫ માં જ્યારે પુનાનો રેસીડંટ કાઠિયાવાડની ખંડણી બાબતનો ઇજારો ફરીથી ગાયકવાડના નામનો કરાવતો હતો તેવામાં તેણે ખંડણીનો આંકડો પણ બાજીરાવને બતાવ્યો હતો. તેમાં ભૂલ એવી થયલી કે દશ વરસની મુદત જામીન ખતને વાસ્તે હતી તેને બદલે એમ લખાયલું કે હર દશ વરસે ખંડણીની નવી વ્યવસ્થા કરવી. એ ઉપરથી પેશવાએ લખ્યું કે દશ વર્ષની મુદત પછી ખંડણીમાં વધારો કરી આપવો; વળી તેણે ગાયકવાડ પાસેથી કેટલુંક ખરાજાત બાબતનું માગ્યું ને માની લીધું કે બ્રિટિશ સરકાર કાઠિયાવાડના ખંડીયા રાજાઓની તરફથી જામીન છે, પેશવા સરકારને આપવાને એ યાદી બ્રિટિશ સરકારે કબૂલ કરી નહિ ને તેવી બીજી યાદીઓ તૈયાર થતી હતી તેટલે તો ગંગાધર શાસ્ત્રીનું ખૂન થયું ને ૧૮૧૭ ના જૂનના કોલકરાર પછી તો ગાયકવાડને પેશવા વચ્ચે કરાર થયાજ નથી.

૧૮૦૪ સૂધીનો ઇજારે પૂરો થયા પછી ગાયકવાડી તથા બ્રિટિશ એ બેની ભેળી ફોજ સાથે ચઢાઇ કરવામાં આવેલી પણ માંહોમાંહેના ટંટાને લીધે તથા બાજીરાવના કારભારીઓની ઉસકેરણીથી રાજાઓ ખંડણીની કે સારી ચાલની બાબતમાં ૧૮૦૭ ના કોલકરાર પ્રમાણે ચાલ્યા નહિ. પેશવાએ પોતાની તરફથી કાઠિયાવાડની ખંડણી ઉઘરાવવાનું માંડી વાળ્યું, પણ તે સંબંધી જવાબદારી બધી બ્રિટિશ તથા ગાયકવાડ સરકારને માથે રાખી. પછી તેણે લશ્કરી ખરચની બાબતસર કાઠિયાવાડની ખંડણી બ્રિટિશ સરકારને આપી દીધી હતી. ૧૮૧૯ માં પેશવાઇ ગઇ ત્યારે તેનો મુલખ તથા ગૂજરાતમાંના તેના સઘળા હક તે બ્રિટિશ સરકારના થયા; અને ૧૮૨૦ માં ગાયકવાડે ગોઠવણ કીધી કે વડોદરાને લગતાં પરગણાં સિવાયે કાઠિયાવાડની તમામ ખંડણી બ્રિટિશ સરકારની મારફતે વસૂલ કરવામાં આવે.

કરનલ વાકરે કાઠિયાવાડમાં ચઢાઇ કરી આવ્યા પછી ત્યાંની ખંડણી ઉઘરાવવાનો ધારો મહીકાંઠામાં દાખલ કીધો, જો કે સીતારામ રાવજી ને કેટલાક દરબારી સામાં પડયા હતા તોપણ.

બ્રિટિશ ફોજના નિભાવને માટે ૧૮૦૫ માં જે મુલખ આપવામાં આવેલો તેની ઉપજ ધાર્યા કરતાં ઓછી આવવાથી ૧૮૦૮માં પૂરવણી દાખલ નવા કરાર થયા ને તેનો રૂએ ૧,૭૬,૧૬૮ રૂપીઆના ઉત્પન્ન જેટલો બીજો મુલખ બ્રિટિશ સરકારને આપવામાં આવ્યો. તે મુલખ નડિયાદ, મહુધા, ધોળા, માતર ને કેટલાંક ઇનામી ગામ ને રંજરઘાટની પાસેનાં ગામ મળીને હતો.

ઘાસદાણા અથવા ભાવનગરની ખંડણી પણ આપવામાં આવી. એ કરાર આણંદરાવ ગાયકવાડની તરફથી બ્રિટિશ સરકારને નામે નહિ પણ હોનરેબલ કંપનીના નામનોજ હતો. ભાવનગરના ભાયાતનાં ૫૯ ગામ ધોધા તાલુકામાં હતાં ને ધોધા બ્રિટિશને આપી દેવામાં આવેલું તેની રૂએ ભાવનગરની ખંડણીનો હક પણ બ્રિટિશ સરકારનોજ હતો.

ઓખામંડળના મુખીઓને ૧૮૦૭ની વ્યવસ્થામાં ગણવામાં આવેલા નહિ. તેઓની પાસે કરાર કરાવી લેવામાં આવ્યા કે તેઓએ કાંઠા ઉપર રહી ચાંચીઆનું કામ કરવું નહિ ને બ્રિટિશ કંપનીની તરફથી સુંદરજી શિવજીને મુખત્યાર દાખલ કબૂલ રાખવો. એ કરારમાં ગાયકવાડ સરકારની જામીની હતી.

૧૮૧૧માં નવાનગર તથા જુનાગઢમાં બખેડા થવાથી ને ઓખામંડળમાં પણ તેવાં ચિન્હ દેખાવાથી વડોદરેથી રેસીડેંટ થોડીક ફોજ લેઇ કાઠિયાવાડ ગયો.

નવાનગરના જામને કચ્છના રાવનું દેણ હતું ને બ્રિટિશ સરકારે જણાવેલું કે તે હફતે હફતે થોડું થોડું આપશે. પણ જામે ૧૮૦૭ના કરાર દેણ સંબંધી ને ખંડણી સંબંધી રદ કીધા; ગાયકવાડના એજંટને પોતાના રાજમાંથી કાઢી મુકયો ને લઢાઇની તૈયારી કીધો. વળી તેણે આખા કાઠિયાવાડમાંથી વડી સરકારને હાંકી મેલવાને પડોસના રાજાઓને પણ ઉસ્કેર્યા. એ ઉપરથી ઘણીક ફોજ જ્યારે ત્યાં લેઇ જવામાં આવી ત્યારે જામ લઢાઇ કરવી બંધ રાખી સમજુતી પર આવ્યો હતો. રેસીડેંટ કપતાન કારનકે તેની પાસે કબૂલ કરાવ્યું કે કચ્છના દાવા બાબત બ્રિટિશ સરકાર પંચ થાય, આંકડો રૂ. ૪, ૩૩, ૮૩૦) નો નક્કી કર્યો ને તે જામ હફતે હફતે બરાબર ભર્યો જાય.

હવે મહાજદમાં વારસાની તકરાર રહી હતી; રાધનપુરના નવાબની બેટીનો બેટો સલાબતખાન એની સામાં એક લૉંડીનો છોકરો બહાદુરખાન એને ગોઠવવામાં આવ્યો હતો. વડોદરા સરકારે રેસીડેંટને મળી સલાબતનો હક કબૂલ રાખેલો પણ કાઠયાવાડના આસિસ્ટંટ રેસીડેંટના રીપોટ ઉપરથી કપતાન કારનાકે પોતાનું મન ફેરવી બહાદુરખાનને ટેકો આપ્યો, સબબ કે સલાબતખાન ખોટો છે ને બહાદુરખાન ગાયકવાડ સરકારને કેટલું બક્ષીસ આપી દેવાને તૈયાર છે. પણ પછી મુંબઇ સરકારે બહાદુરખાનને ટેકો આપવાની નાપાડી હતી ને વાત પતી હતી.

૧૮૦૩માં ગાયકવાડે બ્રિટિશ સરકારનું કરજ તે ૧૮૧૨માં ટાળી દીધું. પણ આરબ જમાદારોને બદલે બ્રિટિશ સરકારે બાંહેધરી આપેલી તે કરજ વળવાને હજી બે વરસની વાર હતી તેથી રેસીડેંટને તેટલો વખત ચાલતી રીતીએ વર્તા કરવાનો હુકમ મળ્યો..

દશ વર્ષના ઇજારાની મુદત પૂરી થવા આવી તે સમા ઉપર પેશવાએ વડોદરાની દરબાર સાથે પત્ર વહેવાર સારી પેઠે ચલાવ્યો ને તેમાં પોતાનાં માગણાંને બાને ત્યાંના કામદારોની લાગણી બ્રિટિશ સરકાર ભણી કેવી છે તે જાણી લેવાની ખસૂસ મતલબ હતી. ઈજારાની મુદત ૧૮૧૪માં પૂરી થઇ કે પેશવાએ અમદાવાદનો રાવજી આપાજીનો દત્તક સીતારામ જેને વડોદરાની દરબારમાંથી કાઢી મુક્યો હતો તેની ને વિઠ્ઠલરાવ દેવાજી જેને કાઠિયાવાડના સૂબાની જગા ઉપરથી ખસેડયો હતો તેની સાથે અંગ્રેજની સામાં 'વર્તવા' સંબંધી અથવા એણે પોતે રેસીડેંટની સત્તા તોડવાને બાજીરાવ સાથે પત્ર વ્યવહાર ચાલૂ રાખ્યો. વળી એની આગમજ આણંદરાવની સ્ત્રી તખ્તાબાઇ એણે પોતાના વકીલ પૂને મોકલ્યા હતા, ગંગાધર શાસ્ત્રીને ગાયકવાડ દરબારે ત્યાં મોકલેલો તેની સામે ખટપટ કરવાને. પેશવાનો દાવો નક્કી થવામાં મોટી અડચણ આ હતી કે ભરૂચ સંબંધી ગાયકવાડ સરકારે સાચું લેણું કાઢયું હતું કેમકે પેશવાએ ગાયકવાડની કબુલાત વગર ભરૂચનો નિકાલ કીધો હતો ને બાજીરાવના મુખત્યાર આબા શેલુકરની ચઢાઇઓથી ઘણું નુકસાન થયું હતું.

૧૮૧૪ માં ઇજારો પૂરો થવાથી બાજીરાવે ત્રંબકજી ડેંગલેને અમદાવાદનો સરસૂબો નીમ્યો પણ તેના વિના બાજીરાવને ચાલે નહિ માટે તેણે પોતાની તરફથી કારભારીઓ મોકલ્યા. ખંડણીની વસૂલાતનું નામ પણ રાજદરબારી ખટપટ કરવાને ત્રંબકજીએ ૧૮૧૫ ના જુલાઇમાં ગંગાધર શાસ્ત્રીને પંઢરપુરમાં મારી નાખ્યો.

નવાનગરનો જામ મરી જવાથી તેની ગાદીના વારસા સંબંધી ટંટો ચાલેલો ને તેમાં અમદાવાદના કારભારીઓની ઉસ્કેરણીથી ખવાસોએ રાજકારભાર પોતાને હાથ કરી લેવા માંડેલો તે ઉપરથી દરબારે નિવેડાને માટે સર્વોપરી સત્તાધારી દાખલ પેશવાના ઉપર રાખ્યું. અમદાવાદની ફોજના સરદારે બસેં ઘોડાં નવાનગર મોકલ્યાં પણ એ જઇ પહોંચ્યાં તેની આગમજ વડોદરેથી ગયેલી બ્રિટિશ ફોજની તુકડીએ ખવાસનું બંડ બેસાડી દીધું હતું. અમદાવાદના સવારોએ વેરાતા થઇ જઇ જાટ તથા કાઠી લોકને ઉસ્કેર્યા. એડામાં તેઓએ કોળાઓને ઉસ્કેરી ત્યાંની બ્રિટિશ છાવણી ઉપર રાતે હલ્લો કરાવ્યો. સીતારામના મળતીઆઓએ ધારમાં ફોજ એકઠી કરી સરહદ ઉપર બખેડા મચાવ્યા. પણ પુના ને વડોદરા અહીં બ્રિટિશ અમલદારોએ સખત ઉપાયો કામે લગાડયા તેથી તે સૌ બખેડા પતી ગયા ને છેલ્લે ત્રંબકજી ડેંગલેને આપી દેવાની પેશવાને જરૂર પડી.

ઓખામંડળના વાઘેરોએ ચાંચીઆનું કામ કરીને ગાયકવાડ સરકારને મહેનતમાં નાખી હતી. બ્રિટિશ ફોજે જઇને તે પ્રાંત પોતાના કબજામાં લીધો ને ગાયકવાડને જણાવ્યું કે તમે જો ત્યાં પૂરતી ફોજ રાખો તો અમે તે ખાલી કરીશું. ગાયકવાડે કેટલીક તકરાર કીધા પછી તે કબૂલ કીધું હતું ને ઓખામંડળ તેઓને પાછું આપવામાં આવ્યું.

જુનાગઢના નવાબને તેનો દીવાન આરબ ફોજની મદદે સપડાવ્યાં કરતો તેથી નવાબે બ્રિટિશની મદદ માગી હતી. એ ટંટો પતાવવાના બદલામાં કાઠિયાવાડમાં જેટલો મુલખ બ્રિટિશ સરકારને મળેલો તેના ઉપર પોતાની ખંડણીનો હક તે નવાબે મેલી દીધો. થાણેથી ત્રંબકજી ડેંગલે નાઠેલો તે ફરીથી ન પકડાય તેને માટે અને મરેઠા લોકનો સંપ પાછો કરવા માટે પેશવાએ જે યુક્તિઓ ચલાવી તે ઉપરથી ૧૮૧૭ ના જુનની ૧૩ મીએ નવા કોલકરાર કરવામાં આવ્યા ને તે વેળા પુના તથા વડોદરા દરબારના એકમેક ઉપરના દાવા બાબત જે તકરારો થયાં કરતી તેનો પણ નિકાલ કરી દેવામાં આવ્યો.

પેશવાએ ગાયકવાડના તાબાના કોઇપણ મુલખ ઉપરથી પોતાના સઘળા હક ઉઠાવી લેવા તથા પાછલાં બધાં કરજના બદલામાં હરવરસ ચાર લાખ રૂપીઆ લેવા કબૂલ કીધા. ગૂજરાતનો ઇજારો હમેશને માટે ગાયકવાડને આપવામાં આવ્યો વર્ષે સાડા ચાર લાખ રૂપીઆ લેઇને; પણ કાઠિયાવાડની ખંડણી લશકરી ખરચના પગારમાં બ્રિટિશ સરકારને આપી દેવામાં આવી. વળી એ કોલકરારથી એક ઓરપાડ સિવાય ગૂજરાતમાં પેશવાને જે ઉત્પન્ન મળતું તે પણ બ્રિટિશ સરકારના હવાલામાં આપ્યું; નર્મદાની ઉત્તરના સઘળા હક પણ આપવામાં આવ્યા.

એ પેશવાની કબૂલાતો ઉપરથી બ્રિટિશ સરકારને ગાયકવાડ સાથે કેટલાક કરાર ફરીથી નક્કી કરવાની જરૂર પડી. ૧૮૧૭ ના નવેંબરમાં નવા કરાર થયા ને તેનું એક સાંધણ ૧૮૧૮ ના નવેંબરમાં થયું. ગાયકવાડની ફોજ થોડી હોવાથી બ્રિટિશ ટ્રુપ વધારે રાખવા પડયા ને એને માટે ગાયકવાડે અમદાવાદના કિલ્લામાં તથા તે શહેરના તાલુકામાં જે પોતાનો હિસ્સો હતો તે આપી દીધો. વળી સૂરતની પાસેનાં કેટલાંક પરગણાં, ખેડા તાબાનું ઉમરેઠ ગામ અને અમદાવાદના હમેશના ઇજારાથી મળેલા સઘળા હક એ ગાયકવાડે બ્રિટિશ સરકારને આપી દીધા. તેમ સૂરતની પાસેના ગાયકવાડી મુલખ ઉપર સૂરતના નવાબ જે મોગલાઇ લેતા તે બ્રિટિશ સરકારે મુકી દીધી. ઓખામંડળ ગાયકવાડને આપી દેવામાં આવ્યું.

૧૮૧૯ માં પેશવાના મુલખની છેલ્લી વ્યવસ્થા થઇ તેની રૂએ ગૂજરાતમાંના તેના સઘળા હક બ્રિટિશ સરકારને મળ્યા ને એણે બાજીરાવના ચઢેલા રૂપીઆના બદલામાં ગાયકવાડ પાસેથી ચાર લાખ લેવાના તે આપ્યા. બીજે વર્ષે કાઠિયાવાડની ખંડણી તથા ઘાસદાણો એ બાબત પેશવા તથા ગાયકવાડના જે હિસ્સા તેની ખાસ તપાસ કરવામાં આવી. એ તપાસ કરતાં ગાયકવાડના કામદારોએ જે જબરદસ્તી કરેલી તે માલમ પડી અને પછી બ્રિટિશ સરકારે સયાજીરાવ ગાયક-

વાડને ફરજ પાડી કે ખંડણીની વસૂલાતને માટે કાઠિયાવાડમાં એક બ્રિટિશ અમલદાર રહે કે જે જરૂર પડે તો ગાયકવાડી સવારોને પણ કામે લગાડે.

તેવીજ ગોઠવણ મહીકાંઠામાં કરવામાં આવી અને એ રીતે કાઠિયાવાડની રાજ્ય વ્યવસ્થા સંબંધી સઘળો કારભાર બ્રિટિશ સરકારના હાથમાં આવ્યો ને મરેઠા સરકારની ઉપરી સત્તાનો અંત આવ્યો.

ગૂજરાતમાં મરેઠા આવ્યા પછીની હકીકત ઉપર પ્રમાણે જણાવી. હવે મરેઠાઓનો ગૂજરાત સાથે જે સંબંધ તે કેવા પ્રકારનો તે વિષે ઉપસંહાર કરવો રહ્યો. પહેલેથી તે છેલ્લે લગી એક બે પ્રસંગ સિવાય મરેઠાની વૃત્તિ ગૂજરાતમાંથી દ્રવ્ય લેવાનીજ જણાઇ છે.

મરેઠાની સત્તા તળે આવેલા બીજા દેશના મુકાબલામાં ગૂજરાતની વસ્તીનો મોટો ભાગ વેપાર તથા કારખાના એ ધંધામાં હમેશ જોવામાં આવ્યો છે. એ ઉપરથી શિવાજીનો વિચાર થયેલો કે જેટલી લૂટ લેવાય તેટલી લેઇ લેવી; વેપારી તથા કારખાનાવાળાઓને તે લૂટતો અને ખેડુત પાસે માત્ર ખોરાક ને ઘાસદાણો માગતો. વળી ઝડપથી કામ કરવું એ તેનો વિચાર હતો ને તેટલાજ માટે તે થોડી મુદત રહેતો કે જેથી રાજ્ય ઉપર ઝાઝી વાર અસર રહેતી નહિ ને તે પોતાના સવારોથી સહેલથી લેઇ જવાઇ તેવો માલ લૂટતો. તેની ચઢાઇઓની સાથે બૈરાં કે બીજા નોકરો ન હોતા અને મોટી રકમ આપી પોતાનો છૂટકારો મેળવી શકે તેવા થોડાક સિવાય બીજા કોઇને તે કેદી કરી ને લેઇ જતો નહિ. ધન સંતાડવાના શક ઉપરથી કેદીને માર મારવામાં આવતો. ગાય, બૈરાં ને ખેડુ એઓને નજ પકડવાં એવી શિવાજીની નીતિ હતી.

ઉત્પન્ન ઉપર તેણે કોઇપણ ઠેકાણે લાગો લેવો ઠેરવ્યો નહોતો પાછળથી મરેઠાઓએ ચોથ ને સરદેશમુખી એ લેવાં નક્કી કીધાં. એ ઉપરાંત વસૂલ ઉઘરાવનારો જે કઢાવતો તે વિષે કોઇપણ લેખમાં જણાવવામાં આવતું નહિ.

ચઢાઇઓની કૂચ ધીરી ને વધારે જોરમાં થતી. ફોજની પાછળ તેઓનાં પોતાનાંજ માણસો રહેતાં કે જેથી રસ્તા તથા આડા રસ્તામાં ધાસ્તી નહોતી રહેતી ને લૂટનો માલ ગાડાંઓમાં દક્ષિણ જતો; ને માલ પણ અગાઉના વખત કરતાં વધારે ભારી હતો. વસૂલાતનો વખત મહાલ તથા ગામના મુખી જાણતા તેથી તેઓ આગળથી ખેડુતોનાં વખાણ કરી તેઓના પાસેનું લેણું વસૂલ કરતા. વેપારીથી માંડીને તે ખેડુત સૂધી સહુની પાસે નાણું કઢાવવામાં આવતું. ખેડુતોને તો બહુ મોટી ફોજને દાણો લાંબા વખત સૂધી પૂરો પાડવો પડતો.

દાભાડે તથા તેનો મુખત્યાર ગાયકવાડ એની સત્તા જ્યારથી સ્થપાઇ ત્યારથી નિયમપૂર્વક ઠીક વ્યવસ્થા પણ દાખલ થઇ. ૧૭૨૯ ના કોલકરારથી થોડાક મરેઠા અમલદાર ઉપજનો દાભાડેનો હિસ્સો ઉઘરાવવાના કામમાં હતા. પણ મુસલમાન સરદારોના માંહોમાંહેના ટંટા ને લીધે મરેઠા કામદારનું ખાતું બહુ મોટું થયું. કામદારોના ને ધર્માદા કામના નિભાવને માટે જાગીરો આપવી તથા

ફેર બદલ કરવી પડતી ને એથી કેંદ્રસ્થ મુખ્ય સત્તા નબળી થતી ચાલી. દાભાડે ગૂજરાતમાં રહેતોજ નહિ ને દામાજીને પણ જ્યારે ત્યારે દક્ષિણમાં જઈ રહેવું પડતું તેથી ઉધરાતનું કામ મુખત્યારના મુખત્યાર તથા તેના મુકેલા કામદાર ચલાવતા, ને એઓ ઘણુંક કામ ગામના મુખીઓના ને અજાણ્યાના હાથમાં સોંપતા.

દાભાડે દક્ષિણમાં રહેતો પણ તેનો વિચાર પેશવાની સામાં નવી સત્તા ગૂજરાતમાં સ્થાપવાનો હતો. પણ રાજદરબારી બાબતમાં એટલુંજ થઇ શક્યું કે જે વિચારોને દક્ષિણમાં અમલમાં આણવાનાં તેને પાકા કરી તેઓનો જમાવ ગૂજરાતમાં થતો.

જમીન સારો પાક આપતી ને દેશ વેપાર કારખાનાને સગવડ કરી આપનારો તેથી લશકરી માણસોની ભરતી કરવાનું ઠેકાણું ગૂજરાત લાયક નહોતું. કસ્બાના લોકને પોતપોતાના ધંધામાં કમાણી હતી ને ખેડુત ઘણાખરા એવા વર્ગના હતા કે જેમને જમીનની ફળદ્રુપતાને લીધે મુસલમાન કે મરેઠા દરિદ્રી કરી નાખવાને શક્તિમંત નહોતા. મરેઠાઓને પોતાની ફોજની ભરતીને માટે ઘાટ ઉપરના ખાવાને સાંસા પડે એવા લોક સોધવા પડતા. ગૂજરાતની યુદ્ધ કરનારી જાતો પોતાના કુળની મોટાઇ તથા સંસારી સ્થિતિને લીધે પોતાની જાતના કલ્યાણ ને પોતાના ફાયદા સિવાય બીજાને વાસ્તે લડાઇનાં કામ માથે લે તેવી નહોતી. કોળી ભીલ કદાપી પોતાના રાજા તથા કિલ્લાથી દૂર જવાને ઇચ્છે પણ તે દિલથી મદદગાર થઇ રહે તેવા નહોતાજ. ગૂજરાતના મરેઠા સતાધારીમાંના કોઇએ પોતાને અધિન અનેક લાભનું સુઘટિત ઐક્ય કરી રાખવા ઉપર પ્રયત્ન જારી રાખ્યો નહિ કે જેથી તેઓ પૂનાની સત્તાની સામાં થવામાં ફાવે. તેઓએ કીધામાં આટલું કે બને તેટલું નાણું કઢાવ્યું ને તે કામમાં વચ્ચમાં ઘુસનારાઓને દૂર રાખ્યા. ખંડણી ભરનારને થોડીજ દરકાર હતી કે તેના મુલખમાં કંતાજી-હુમલો કરવા આવ્યો છે કે પીલાજી. કોઇ પહેલો આવી લેઇ જતો તોપણ ખેડુત બીજાને આપતો પહેલાને રદ કરવાને. મરેઠાઓને ખેડુતનું સામાં થવાનું ભય નહોતું; તેઓને પોત પોતાના લોકનું કે રજપૂત ગરાસીઆનું ભય હતું. મરેઠાઓ રજપૂત ગરાસીઆને લુટારા સમજતા કારણ કે તેઓ રાજપીપળા આગળ પ્રથમ રજપૂતોના સમાગમમાં આવેલા. ત્યાં એઓ ચોરી લૂટ ન થાય તેને માટે મળતી હકસાઇ ઉપર ગુજરાન ચલાવતા. ઉત્તરમાં ગરાસીઆઓ મોટા જમીદાર સ્થાયી રહીશ ને મોટી વગસત્તા ધરાવનારા હોવાથી તેઓ કંઇ મરેઠાના દબ્યા રહે તેવા નહોતાજ. તેઓ ભીલ કોળી મહેવાસી કે બારવટિઆ નહોતાજ.

ઉપજની વસૂલની જવાબદારીમાંથી મોટા કામદારોને મોકળા રાખવાને ગાયકવાડે ૧૮મા શૈકાના પાછલા ભાગમાં મહાલનો એકથી પાંચ વરસ લગી ઇજારો આપવાનો ધારો ચલાવ્યો અમુક રકમ વર્ષની ઠેરવીને. ઇજારો રાખનાર ઘણું ખરૂં ગેરહાજર નહોતો રહેતો પણ વસૂલાતની દેખરેખનું રાખવાનું ઉપરી પદું બ્રાહ્મણ વિના બીજા કોઇને સોંપવામાં આવતું નહિ.

પાછલા વરસનો હિસાબ જોઇને તથા દરેક ગામનો પાક જોઇને હરવરસને માટે જમા નક્કી કરવામાં આવતી. જમા લેવાની તે પાકની જાતનો; પણ દરેક ખેડુ પાસેથી ઉઘરાવવાનું કામ પટેલને માથે હતું ને તેજ પોતાના ગામ ઉપર મુકાયલી જમાને માટે જવાબદાર હતો.

સામ સામી ફોજની આવજાને માટે તથા બીજા કારણથી ખેડવા લાયકની ઘણીક જમીન ઉજ્જડ રાખવામાં આવતી. તેવી જમીન ખેડાણ કરવાને તથા તેમાં વસ્તી કરવાને દેસાઇઓને સાંથવામાં આવતી; તેઓ પોતાની મરજી પ્રમાણે વ્યવસ્થા કરતા ને હરવર્ષે ગણોતને માટે મહાલની ઉપજના મુખ્ય અમલદારને જવાબદાર હતા. પટેલ તથા ગામના બીજા મુખી પરગામી ઉપરીઓના સંબંધમાં પોતાનો મોભો વધારવાને કેટલીક પડતર જમીન પોતાના ઉપયોગમાં લેતા.

કુમાવિસદાર (ઇજારો રાખનાર) સરકારનું જે મુકરર કરેલું તે તથા વળી ઇજારો આપવામાં મદદ કરેલી તેવા દરબારીઓને આપેલી રૂશવત એ બધું આપતાં પોતાને ફાયદો રહે તેવીજ ગણના કર્યાં કરતો; અને તેટલા માટે વસૂલ જમા ઉઘરાવવામાં જે ઉપાય આબાદ કામ કરે તેવો જણાતો તે કામે લગાડતો કે તેથી પોતાની કચેરીનો ખરચનો ઉગારો પડે. કેટલાંક ગામમાં વંશપરંપરાના પટેલો પોતાના નારાજ આસામીઓ પાસેથી બળાત્કારે નાણું કઢાવતા. ધોળકા વગેરે ઠેકાણે મુસલમાન કસબાતીઓ કેટલાંક ગામની વસૂલને માટે જવાબદાર થતા ને તેના બદલામાં વસૂલ જમામાંથી કેટલાક ટકા મનોતી દાખલ પોતે લેતા. એ મનોતીદાર દક્ષણી કામદારોને એટલા તો કામ લાગ્યા કે તેઓ ધીમે ધીમે વંશપરંપરાના થયા ને ગામોમાં કેટલાક હકના ધણીઆતા થયા. તેઓએ દેસાઇ દાખલ અણખેડી જમીનના ગણોતીઆ થઇ તેવી જમીનોને ખેડાણમાં આણી.

કુમાવિસદાર જમીનની ઉપજનો વહિવટ કરતા એટલુંજ નહિ પણ દાવાની ફોજદારી કામ પણ કરતા; તેની મતલબ નાણું મેળવવાની હતી, લોકની હાલત સુધારવાની નહિ; તે દંડનીજ સજા કરતો ને કેટલાક ગુનાહ તો નાણું લેઇ માંડી વાળતો. દરેક ફેસલા વખત રકમ ઇજારદારને નામે જમે થતી તેની યાદી સિવાય કોઇ પણ ચુકાદાની હકીકત લખવામાં આવતી નહિ. દીવાની કામમાં કોઇ કોઇ વખત દાવાનો ચોથો ભાગ સરકારમાં ખરચ દાખલ જતો. ગરાસીઆ પોતાના ગામોમાં કુમાવિસદારના જેવોજ વહિવટ ચલાવતા પણ મારામારી જેવા મોટા ગુનાહનો ચૂકાદો જેને નુકસાન થયું હોય તે કે તેનાં સગાં ગુનાહની રીત પ્રમાણે પોતેજ કરતાં. પંચકરીને વાંધા પતાવવાની રીત હતી; પણ કુમાવિસદાર કે ગરાસીઓ એમજ કરતો કે ચૂકાદો કરી સરકારને ગેરફાયદો થવો ન જોઇએ.

બધી વ્યવસ્થા નીતિ ઉપરથી સાફ જણાય છે કે મરેઠાઓએ રાજ દરબારી ખટપટને માટેજ ગૂજરાત રાખ્યું હતું. ગજરાતમાં હમેશ વસવું એ તેનો વિચાર નહોતોજ. બ્રિટિશ સરકારે વડો-

દરામાં જોરાવર ને ખુદ અખત્યારવાળી દરબાર થાપી મરેઠાઓને બે ભાગમાં વહેંચ્યા ત્યારથીજ કેટલાક મરેઠા ગૂજરાતના જાથુ રહીશ થયા.

મરેઠાઓની નજર હમેશ દક્ષણ તરફજ હતી. ગૂજરાતમાં વસ્યા પછી તેઓની ફોજ દર ચોમાસે દક્ષિણમાં જતી. ફોજના સરદારોને એક પાસથી દાભાડે ને બીજી પાસથી પેશવા ભલામણ કરતા કે જેમ બને તેમ દરબારની પાસે રહેવું. એકની મતલબ આવી દરબારમાં શું થાય છે તે જાણવામાં આવે ને બીજાની આ કે દૂર મુલખમાં તેઓની સત્તા ઘણી વધી ન જાય. એવાંજ કારણોથી ગૂજરાતમાં ઝાઝી ફોજ રાખવામાં આવતી નહિ. દામાજી ગાયકવાડ વધારે જીવ્યો હોત તો તેણે પોતાની વગ સત્તાથી ગૂજરાતની રાજકીય વ્યવસ્થા કીધી હત પણ તેમ થયું નહિ. પોતાની જન્મભૂમીથી દૂર એવા મોટા ને સુધરેલા દેશમાં મરેઠાઓએ જઇ ફોજ બળે તે તાબે કીધો, પણ તેમાં મુખ્ય સત્તાની સરદારો ભણી અદેખાઇ કે તેઓનું જોર વધી ન જાય, વળી સરદારોની દાનત લૂટવા ઉપર તેથી તેઓએ ચાલતો વહિવટ કાયમ રાખ્યો અથવા રાજ્યનું ખરૂં બળ તે નિકંદન કીધું. એવી જીવવિનાની નીતિ ફેલાવ પામવાની ને અંકોશમાં રહેવાના કૌવત વિનાની, અમલદારોને કામ કરવાને પોતાને સુઝ નહિ તેવી પરદેશીઓ ઉપર ચલાવ્યાથી મરેઠી રાજ્યનો પાયો સબધો નખાયો નહિ. ચાલી તેટલી વાર જુલમ વરસી રહ્યો ને પછી જલદીથીજ તે અટકી-ગૂજરાતમાં મરેઠી સત્તા ઝાઝીવાર સબળી રહી નહિજ.

ઉપર જણવ્યું છે કે ગૂજરાતના ઘણા ખરા ભાગમાં ઉપરી સત્તા જે મરેઠાઓની હતી તે નાશ પામી બ્રિટિશ સરકારને હાથ ગઇ. કાઠીઆવાડમાં પણ ૧૮૨૦ માં તે પ્રમાણે થયું. ત્યાર પછી સઘળો દેશ શાંત થવા લાગ્યો, અને સઘળે શાંતિને લીધે આબાદી થઇ ટંટા ફિસાદ ને લડાઇ બખેડાએ પોતપોતાનું કાળું મ્હોં બ્રિટિશ સત્તાના ઉદય પામતા સૂર્યના તેજથી અંજાઇ છૂપાવી દીધું. શાંતિ હોવાથી લોકો વેપાર વણજમાં ગુંથાવા લાગ્યા ને કેળવણીનો પણ પ્રસાર ચાલ્યો. દેશની શાંતિમાં ભંગ થયો તે માત્ર સને ૧૮૫૭માં ઉત્તર હિંદુસ્તાન તથા વાયવ્યપ્રાંતોમાં બંડ થયું તેનું જોર તે ભાગોમાં ધીમું પડયું ત્યારેજ. પણ ગૂજરાતમાં અહીં તહીં બખેડા ઉઠેલા તેને ૧૮૫૭ ના બળવાની સાથે કંઇ ઝાઝો સંબંધ ન હોતો. લોકોમા બેદિલી હતી ખરી પણ તેનાં કારણો જૂદાંજ હતાં. કચ્છના રણમાંથી કેટલુંક મીઠું ગૂજરાત ભણી આવતું હતું તે જે કોથળીઓમાં સિંદુર પહેલાં રાખેલું તેમાં ભરેલું તેથી મીઠાંનો રંગ લાલ થયો. આથી ગપ ચાલી કે લોકોને વટાળવાને સરકારે તેમાં ગાયનું લોહી છાંટયું છે. દેશી વર્તમાન પત્રોમાં સરકાર સામે જોસભેર લખાણ થવા માંડયું અને તેથી પણ લોકો ઉસ્કેરાયા. વળી ન્યાય આપવાની રીતમાં પણ કેટલોક ફેરફાર થયો. આ વખતની પહેલાં ન્યાય અપાતો તેમાં કાયદાની બારીકીઉપર ઝાઝું ધ્યાન આપવામાં આવતું નહિ ને ન્યાયાધીશો લોકોની રીત ભાતથી વાકેફ ને તેમને ચાહનારા તેથી ન્યાય લોકને ખરેખરો મળતો ને તે રાજી રહેતા. પણ

તે જમાનો બદલાઇ ગયો ને કાયદાની બારીકીઉપર વધારે ધ્યાન અપાતું થયું. ન્યાય પહેલાંના જેવો સાફ નહોતો માટે લોકો નારાજ જણાતા. વળી સર્વેખાતું તથા ઇનામ કમિશન એ બેએ પણ લોકોનાં મન સરકાર તરફથી વાળ્યાં. લશ્કરમાં પણ થોડી ઘણી નારાજી હતી. વાયવ્યપ્રાંત તરફનાં કેટલાંક માણસો આણી તરફના લશ્કરમાં હતાં. એમને દોલતરાવ સિંધીઆની વિધવા બાયજા બાઇએ લાલચ આપી ફોડયાં.

આ પ્રમાણે ચાલી રહ્યું હતું તેવામાં ભરૂચમાં મુસલમાનો તથા પારસીઓ વચ્ચે જબરો ઝઘડો ઉઠયો. એ મારામારી રાજકીય પ્રકરણના સંબંધમાં ન હોતી પણ એનું પરિણામ એ થયું કે લોકોનાં મન એથી વધારે ઉશ્કેરાયાં. સને ૧૮૫૭ ની જુલાઇની ૧લી તારીખે મહુમાંની ૨૩ મી બંગાલ નેટિવ ઇન્ફન્ટ્રીએ બંડ કર્યું અને ૯મી જુલાઇએ ગૂજરાત હોર્સના કેટલાક સવારોએ લડાઇનો સરંજામ હાથ કરવાની કોશીશ કીધી; પણ તેને નાસવું પડયું. એ વખતે અમઝેરાના રાજાએ હથીઆર પકડયાં ને ભોપાવરના પોલિટિકલ એજંટઉપર હલ્લો કર્યો. પંચમહાલના મુસલમાન તથા જમીનદારો પણ ઉઠયા ને દોહદને ઘેરો ઘાલ્યો. પણ રેવાકાંઠાના પોલિટિકલ એજંટ કેપતન બકલ વડોદરેથી બે તોપ લઇ આવી પહોંચ્યો ને ઘેરો ઘાલનારને નાસવું પડયું.

તારીખ ૫ મી આગસ્ટે આબુમાં રહેલી જોધપુર બટેલીઅને તોફાન ઉઠાવ્યું. ૧૭ મી બોમ્બે નેટિવ ઇન્ફન્ટ્રીનાં કેટલાંક આદમી તેમાં સામેલ છે એવો શક આવ્યાથી તેમનાં હથીઆર છીનવી લીધાં.

સપ્ટેંબરની શરૂઆતમાં અમદાવાદમાંની ગ્રેનેડિયરની બીજી પલટણ તથા ૭મી નેટિવ ઇન્ફન્ટ્રીએ બંડ ઉઠાવવાની કોશીશ કરી. પણ એ બંને પલટોણોમાં માંહોમાંહે અગાઉથીજ કાંઇક ગેરસમજુતી ચાલતી આવેલી તેથી તે એકઠી થઇ શકી નહિ ને તેમનો યત્ન નિષ્ફળ થયો. એમાંના કેટલાક અગ્રેસરોને તોપને ગોળે ઉડાવી દીધા. એજ મહિનામાં રાધનપુરના નવાબને તેણે દિલ્લીના બાદશાહ સાથે ફિતુર ભર્યો પત્ર વહેવાર ચલાવવા માટે પદભ્રષ્ટ કર્યો.

અકટોબર મહિનામાં રોવાના ઠાકોરે બંડ ઉઠાવી પાલનપુર તથા શિરોહી તાબાનાં ગામો લૂટયાં. મન્દાતાનો ઠાકોર પણ હથીઆર પકડી સજ થયો હતો. એ બંને ઠાકોરોને મલ્હારરાવ, બાપુ ગાયકવાડ, (વડોદરાના ખંડેરાવ ગાયકવાડના ભાઇઓ), ભાઉસાહેબ પોવાર તથા એક સરદાર નામે રાજા ભોંસલા કે જેમણે વળી ઉમેટા, ભાદરવા, કેરા ને દઇમાના ઠાકોરો તથા આણંદ ને પરતાબપુરના પટેલો એઓને ઉશ્કેર્યા હતા તેમની મદદ હતી. ખેડાના ઠાકોરો માણસો લેઇ મહીના કાંઠાઉપર આવી પડયા હતા. પણ તેમની સામે બ્રિટિશ સરકારની ફોજ આવી એટલે તે વીખેરાઇ ગયા ને પરતાબપુરના ગામનો નાશ કરવામાં આવ્યો.

આટલા બધા બખેડા થયા તેથી લોકોનાં હથીઆર 'સરકારે છીનવી લીધાં, તેમ કરતાં અમદાવાદ, ખેડા, તથા ભરૂચના જંબુસર તાલુકામાં ઘણી મુસીબત પડી તોપણ. આર પછી

સને ૧૮૫૮માં ભાઉસાહેબ પોવારના ઉસકેરવાથી નારૂકોટના નાયકડા લોકોએ રૂપા નાયક ને કેવળ નાયક એઓની સરદારી તળે રહી બંડ ઉઠાવી જાંબુઘોડાપર હલ્લો કીધો. એમને તાબે કરતાં ઘણી મુશ્કેલી પડી. છેલ્લે કેપટન બેનરે સને ૧૮૫૯ માં તેમને સમજાવી તાબે કર્યા. એ અરસામાં તાંતીઆ ટોપી પંચમહાલમાં ભરાયો ને તેની ફોજે કેટલાંક ગામ લૂટયાં. પણ એની પાછળ કરનલ પાર્ક પડયો હતો તેથી તે પાછો નર્મદા ઉતરી છોટા ઉદેપુર ગયો. ત્યાંના રાજાની ફોજ તેને મળી ગઇ એટલે તાંતીઆ ટોપીએ ઉદેપુરનો કબજો લીધો પણ પાર્કે આવી તેને જબરી કતલ સાથે હરાવ્યો ને તે પોતાનું લશ્કર છોડી નાઠો.

૧૮૫૯માં ઓખામંડળના વાઘેરોએ બંડ ઉઠાવી દ્વારકાં, બરવાળા ને બેટ એ શહેર લૂટયાં. પણ એમની સામે જલદીથી મુંબઇથી લશ્કર પહોંચ્યું જેણે થોડી મુસીબતે દ્વારકાં તથાં બેટ પાછાં સર કરી લીધાં. એ વખતે ઇંગ્રેજી લશ્કરે તોપો કિલ્લાપર મારેલી તેથી દ્વારકાં માંહેનાં મંદિરને ઘણું નુકસાન પહોંચ્યું હતું. બેટથી વાઘેરો નાઠા તે બરડાના ડુંગરમાં ભરાયા. સઘળા વાઘેરોને તાબે કરતાં ઘણીવાર લાગી હતી. એમનું તોફાન છેક ૧૮૬૭ સૂધી પહોંચ્યું. પણ તે થોડું થોડું.

પ્રકરણ ૭.

વહીવટ.

મુલ્કી—મુલ્કી કામ સારૂ ખાલસા પ્રાંતના પાંચ જિલ્લા પાડેલા છે; સૂરત, ભરૂચ ખેડા, અમદાવાદ અને પંચમહાલ. દરેક જિલ્લાના પેટા ભાગ કરેલા છે તેને તાલુકા કહે છે. આખા જિલ્લાનો ઉપરી કલેકટર છે; અને તેના હાથ તળે આસિસ્ટંટ તથા ડિસ્ટ્રિક્ટ ડેપ્યુટી કલેકટર હોય છે. દરેક આસિસ્ટંટ અથવા ડેપ્યુટીકલેક્ટરના હવાલામાં બે ત્રણ અથવા વધારે તાલુકા સોંપવામાં આવે છે. દરેક તાલુકાનો ઉપરી તે મામલતદાર કેહેવાય છે. દરેક ગામમાં પટેલ તળાટી હોય છે. પટેલ ગામમાં કરતા હરતા હોય છે; ને તે રૈયત પાસેથી વસૂલ ઉઘરાવે છે, મામલતદાર વગેરે અમલદારોના હુકમ બજાવે છે, ગામમાં દેખરેખ રાખે છે અને ગામને લગતી તમામ હકીકત આપે છે. તળાટી ગામના દફતર રાખે છે; ને તે લોકો પાસેથી ઉઘરાવેલી રકમ સરકારી ચોપડામાં જમે કરે છે, રસીદ આપે છે અને ગામવારી તુલ વગેરેનાં પત્રકો તૈયાર કરે છે. મામલતદાર પોતાના તાલુકાની તીજોરીના કામની દેખરેખ રાખે છે; ને ગામના લોકોએ હકતાસર સરકારી ધારો આપ્યો છે કે નહિ, ગામના ચોપડા બરાબર રાખવામાં આવ્યા છે કે નહિ, રૈયતને પોતાના ભરણાને પેટે રસીદો આપી છે કે નહિ, બાંધ નીશાન બરોબર રાખ્યાં છે કે નહિ અને ગામના ને પોતાની કચેરીના નોકરો પોતપોતાનું કામ બરોબર કરે છે કે નહિ એ બાબતની દેખરેખ રાખે છે. આ-

સિસ્ટંટ ને ડિસ્ટ્રિક્ટ ડેપ્યુટી કલેક્ટરો પોતાના હવાલાના તાલુકામાં વરસમાં આઠ મહિના સૂધી ફરે છે, અને ચોમાસામાંજ તેઓ સદર સ્ટેશનમાં રહે છે. તેઓ જ્યારે સવારીમાં ફરે છે ત્યારે પોતાના હવાલાના તાલુકામાં મુલ્કી કામ બરોબર થાય છે કે નહિ તેની પોતે જાતે ચોકસી કરે છે; જમાબંધી વખતે ગામના હિસાબમાં બધી ઉપજ જમે થઇ છે કે નહિ તે જુવે છે, પટેલતળાટીની નિમણુંક કરે છે, ગામમાં રસ્તા, કૂવા, ને ઝાડો રોપવા વગેરેની જરૂર છે કે નહિ તે નક્કી કરે છે, મામલતદારના કામ ઉપરની અપીલ ચુકવે છે અને તેઓના કામકાજ ઉપર દેખરેખ રાખે છે. કલેક્ટરને પણ કોરી મોસમમાં આખા જિલ્લામાં ફરવું પડે છે. અને જેમ આસિસ્ટંટ પોતાના નિમેલા તાલુકામાં દેખરેખ રાખે છે તેમ તે આખા જિલ્લામાં દેખરેખ રાખે છે. કલેક્ટર ઉપર કમિશનર હોય છે; ને તે કોરી મોસમમાં પોતાના તાબાના જિલ્લાઓમાં ફરે છે. પ્રાંતના જૂદા જૂદા ભાગમાં લોકોને શી શી વાતની. અડચણ હોય છે તે જુવે છે, મુલ્કી અમલદારો પોતાનું કામ બરોબર કરે છે કે નહિ તેની દેખરેખ રાખે છે, દરેક અમલદારોના ગુણદોષ તપાસે છે, કલેક્ટર ઉપરની અપીલ ચૂકવે છે અને સરકારમાં બધા કાગળ તેની હસ્તક જાય છે.

સર્વેને લગતા કામકાજ સારૂ સર્વે અને સેટલમેન્ટ કમિશનર છે. તેના હાથતળે સર્વે સુપરઇન્ટેન્ડેન્ટ હોય છે. એના હાથ તળે વળી આસિસ્ટંટો હોય છે અને એમની દેખરેખ તળે માજણીદારો ને કલાસરો કામકાજ કરે છે. માજણીદારો અને કલાસરોએ પોતપોતાનું કામ બરોબર કરેલું છે એવી આસિસ્ટંટોએ જાતે કામ તપાસી ખાતરી કરી લીધા પછી સુપરઇન્ટેન્ડન્ટો નવા દર ઠેરવે છે, અને સરકારની મંજૂરી આવેથી સેટલમેન્ટ દાખલ કરે છે.

સરકારી ખાલસા ગામોમાં જમીન સબંધી નીચે પ્રમાણે વહીવટ ચાલે છે:—

(૧) રેવિન્યુ સર્વે—રૈયતવારી ખાલસા ગામોમાં રેવિન્યુ સર્વેનો વહીવટ ચાલે છે. એ વહીવટમાં જમીનના વિભાગ કરેલા હોય છે જેને સર્વે નંબર કહે છે. એક નંબરમાં જેટલી જમીન એક બળદ યા એક જોડથી ખેડાણ કરી શકાય તેટલી હોય છે; સઘળા નંબરોનું ક્ષેત્રફળ એકસરખું હોતું નથી; તેમાં ગામની ખેતી, હવાપાણી વગેરેને લીધે વધઘટ થાય છે. જમીનની માપણી સાંકળી અને થીઓડલાઇટથી થાય છે; પછી ગામવાર નકસા તૈયાર કરવામાં આવે છે ને તેમાં દરેક ખેતર તથા તેનાં બાંધનીશાન પણ બતાવવામાં આવે છે. એ બાંધનીશાન ખેતરના ખુણા ઉપર મટોડાંના ઢગ અથવા પત્થરા મુકી કરવામાં આવે છે, ને એ ભાંગી ન જાય અથવા ખસેડવામાં ન આવે તે બાબતની દેખરેખ રાખવામાં આવે છે. પછી જમીનની કલાસ પાડવામાં આવે છે. તે એવી રીતે કે જરાયત જમીન કાળી, રાતી કે બરડી હોય તે પ્રમાણે તેના ત્રણ વિભાગ પાડી દરેકની ઉંડાઇના પ્રમાણમાં તેની દસ કલાસ પાડે છે. જમીનમાં વળી સાત જાતની કસર હોય છે એટલે કાંકરાકુંકરીવાળી, રેતાળ, ઢોળાવવાળી, બગરી, પાણી પચી શકે નહિ એવી, વરસાદનું પાણી પડેથી ચીરાડા પડે તેવી અને ઘણી ભેજવાળી. ઉંડાઇના પ્રમાણમાં જમીનની કલાસ પડી

હોય તેમાં ઉપર જણાવેલી કસરોમાંથી જેટલી કસર આવતી હોય તેટલે દરજ્જે તેની કલાસ નીચે ઉતરે છે. કલાસવારી થયા પછી જમીન ઉપર દર ઠેરવવામાં આવે છે. પહેલા કલાસના સોળ-આના નક્કી કરી ઉતરતી કલાસની જમીનની આની તેની કલાસ ઉપર નજર રાખી ઠેરવવામાં આવે છે. આગળના વખતમાં જમીનનો દર કેટલો હતો, તેમાંથી વસૂલાત કેટલી થતી, કેટલી બાકી રહેતી, મહેસૂલ ઉઘરાવવામાં શીશી જાતની અડચણો નડતી, દરની અસર ખેડાણ જમીન-પર કેટલી પહોંચતી, કેટલી જમીન પડતર રહેતી, અનાજના ભાવમાં કેટલો ફેરફાર થયલો વગેરે હકીગત ઉપરથી દર નક્કી કરવામાં આવે છે. પછી હવા, વરસાદ, રસ્તા તથા બજારની જોગવાઇ, ખેતીનો પ્રકાર અને લોકની સ્થિતિ એ બધા ઉપરથી ગામોના જથા પાડવામાં આવે છે, અને તે ઉપર આંકડો પાડી દરેક જમીનની કલાસવારી પ્રમાણે દરેક સર્વે નંબર ઉપર આંકડો ઠેરવવામ આવે છે. કયારી અને બાગાયત જમીન જરાંયત છે એમ ગણી તેનો દર પ્રથમથી નક્કી કરી તે ઉપર પાણીનો દર ચઢાવવામાં આવે છે. નવા દર ઠેરવી ખેડુતને જણાવવામાં આવે છે, અને તેને પરવડતું હોય તો તે જમીન નવે દરે ખેડે છે અથવા નહિ પરવડતું હોય તો છોડી દે છે. આ દરમાં ત્રીસ વરસ સૂધી વધારો થઇ શકતો નથી. સરકારી ધારાની રકમ એકદમ ખેડુતને આ-પવી ભારે પડે નહિ, અને સાહુકાર સોધવો પડે નહિ તેટલામાટે જ્યારે પાક તૈયાર થાય છે ત્યારે હફતા પાડી સરકાર ધારો વસૂલ કરવામાં આવે છે. ત્રીસ વરસ પછી નવા દર ઠેરવવામાં આવે છે, તેને "રીવિઝન સર્વે" કહે છે. આ વખતે નવી માપણી કરવાની તથા નવી કલાસવારી કરવાની નથી, તેમજ પહેલી સર્વે થયા પછીનાં ત્રીસ વરસના અરસામાં ખેડુતે પોતાની મહેનત અને પૈસો ખરચી જમીનમાં જે કાંઇ સુધારો કર્યો હોય તે કારણને લીધે જમીન ઉપરનો દર વધા-રવામાં આવતો નથી; પણ નવા રસ્તા વગેરે બાંધવાથી તથા અનાજનો ભાવ ચઢવાથી અને ખેડુતની મહેનત યા નાણાની સાથે જેનો સંબંધ ન હોય એવાં બીજાં કારણોથી જો જમીનની કિમ્મત વધી હોય તો દરમાં વધારો સરકાર કરી શકે છે. સર્વે સંબંધી સઘળો વહીવટ સને ૧૮૬૫ ના આક્ટ પહેલાને આધારે ચાલે છે. એ આક્ટ બદલાઇને હાલમાં "લેન્ડ રેવિન્યુ કોડ, ૧૮૭૯ નો આક્ટ ૫ મો" એ નામે ઓળખાય છે. સર્વે થવાથી ખેડુતને ઘણી જાતના ફાયદા થયા છે, જ્યાં સૂધી સરકારી ધારો ભરે ત્યાં સૂધી ખેડુત પોતાને નામે ચાલતી જમીન ખેડી શકે છે; પોતાની જમીન ગીરો, વેચાણ, બક્ષીસ વગેરે કરી શકે છે, તેમજ પોતાનું બધું ખાતું અથવા તેમાંનો અમુક ભાગ છોડી શકે છે. પોતાની જમીન ગણોતીઆને સાંથી શકે છે, અને પોતાના ગણોતીઆઓ પાસેથી એક સાલનું ગણોત સરકાર મદદથી ઉઘરાવી શકે છે.

કેટલાંક ગામોનો વહીવટ બીજે પ્રકારે ચાલે છે તે નીચે પ્રમાણેઃ—

(૨) **તાલુકદારી**—તાલુકદારી ગામો કાઠિયાવાડની સરહદઉપર આવેલાં અમદાવાદના વિરમ-ગામ, ધોળકા, ધોધાને ધંધુકા પરગણાંમાં સહુ મળી ૩૭૨ છે અને તેનું કુળ ક્ષેત્રફળ ૧૯૩૧

ચોરસ મૈલનું છે. ભરૂચ અને પંચમહાલ જિલ્લામાં કેટલાંક તાલુકદારી ગામો છે, અને તેનું ક્ષેત્રફળ ૩૫૬ મૈલનું છે. તાલુકદારો મૂળ રાજ વંશી કૂળના છે અને તેમાંના ઘણા રજપૂત, કેટલાએક રજપૂત ને કોળીની મિશ્ર ઓલાદના અને કેટલાએક મુસલમાન છે. કુટુંબમાં ઘણા વિભાગ પડવાથી કેટલાએકના હિસ્સામાં હાલમાં એક બે ગામોજ રહી ગયાં છે. સને ૧૮૬૨ના ૬ઠા આક્ટ પ્રમાણે તાલુકદારોને પોતપોતાના ગામોના કુલ માલીક ગણવામાં આવ્યા છે. પણ તેઓ મુકરર ઠરાવ પ્રમાણે અંગ્રેજ સરકારને ધારો ભરે છે, તેને જમા કહે છે. તાલુકદારી ગામના દરેક મુખ્ય ભાગદાર પોતાની જમીન ગીરો મુકી શકે અથવા પસાયતામાં આપી શકે છે; પણ તેનાથી પોતાની જમીન કોઇને હમેશને માટે આપી દેવાતી નથી. દરેક ભાગદાર પોતાની પાસે જેટલી જમીન હોય તેના પ્રમાણમાં જમા આપે છે. જો કોઇ ભાગદાર પોતાની જમા આપે નહિ તો તેના હિસ્સાની જમીન બીજા ભાગદારોને આપવામાં આવે છે. બધા ભાગદારો માંથી એકને વહીવટદાર ઠેરવેછે, અને તે બધા પાસેથી જમા ઉઘરાવે છે, અને બધી જમાની જવાબદારી તેને શીર હોય છે. તાલુકદારો પોતપોતાના ગામમાં પોલીસનો બંદોબસ્ત રાખે છે ગામના શીરસ્તા પ્રમાણે ગામના અંગનો ખરચ કરે છે અને જેટલી જમીનઉપર જમા લેવામાં આવે છે તેટલી જમીન હમેશને માટે તાલુકદાર કોઇને આપતા નથી. પણ જો આ પ્રમાણે-ન કરતાં બીજી રીતે કરે તો સરકાર તાલુકદારના ગામ વહીવટમાં હાથ ઘાલે છે અને ગેરરીત બંધ કરે છે. પાકનો કેટલો હિસ્સો તાલુકદારે લેવો અને કેટલો રૈયતે લેવો એ ગામ ધારા ઉપરથી નક્કી થાય છે. જેટલું અનાજ ગામની ખળીમાં પડ્યું હોય તેમાંથી કેટલુંક ખી અને દસ્તુરી સારૂ જુદું કહાડવામાં આવે છે; અને બાકીનું ગામધારા પ્રમાણે તાલુકદર ને રૈયત વહેં-ચી લે છે.

(૩) નરવાદારી— નરવાદારી ગામો ઘણાં ખેડા જિલ્લામાં અને થોડા અમદાવાદ ને સૂરત જિલ્લામાં છે. નરવાદારો મૂળ ગામ વસાવનારાઓના વંશના ગણાય છે. ગામ વસાવનારા-ઓએ ગામ બાંધ્યું, કારીગરોને આણ્યા અને તેઓને ઘર તથા જમીન આપી; ગામમાં જેટલી જમીન હતી તે વસાવનારાઓએ વહેંચી લીધી અને પોતપોતના હિસ્સાની જમીન ખેડવાસારૂ ખેડુતોને આપ્યા; અને પોતપોતાના ગામ ગભાણમાં તેઓને રહેવાની જગા આપી; ગામના મૂળ) ભાગના ધણી તે મુખ્ય ભાગદાર અને મૂળ ભાગના હિસ્સેદારો તે પેટા ભાગદાર (પાટીદાર) કહે-વાય છે. જેવું ગામ તે પ્રમાણે સરકારી ધારો પ્રત્યેક ખેતરઉપર નહિ ફાળવતાં આખા ગામઉપર ઠેરવવામાં આવે છે. આ આંકડો મુખ્ય ભાગદારો પોતપોતાની પાસે જેટલી જમીન હોય તેના પ્ર-માણમાં ફાળવી નાખે છે. મુખ્ય ભાગદાર પોતાનાજ ભાગનો નહિ પણ આખા ભાગ ઉપર ઠેરવેલા આંકડાને સારૂ જવાબદાર ગણવામાં આવે છે: એટલે એક ગામમાં જો ચાર મુખ્ય ભાગદાર હોય ને તેમાંથી જો એક પોતાના હિસ્સાનો સરકારી ધારાનો આંકડો આપે નહિ તો બાકીના

ત્રણ ભાગીઆને તેટલી રકમ ફરી આપવી પડે અથવા વળી જો કોઇ અમુક ભાગદારે પોતાના મૂળ ભાગનો થોડો ભાગ ધરમાદામાં આપ્યો હોય અથવા વેચી નાંખ્યો હોય તો તેના અસલ ભાગ ઉપર જે આંકડો ફાળવવામાં આવ્યો હોય તેટલો આપવો પડે છે. પણ ઘણું કરીને નરવા જમીન ભાગદાર શિવાય ત્રાહીત શખ્શને વેચવામાં આવતી નથી. જેવી રીતે મુખ્ય ભાગદારો આખા ભાગના આંકડાને સારૂ જવાબદાર છે તેવી રીતે પેટા ભાગદારો પેટા ભાગઉપર ફાળવવામાં આવેલા આંકડાને સારૂ જવાબદાર છે.

(૪) ભાગદારી—ભાગદારી ગામો ફક્ત ભરૂચ જિલ્લામાં છે. ભાગદારી વહીવટ બધી રીતે નરવદારી વહીવટના જેવોજ છે પણ તેમાં આટલો ફેરછે: ભાગદારી ગામોમાં બધા ભાગદારો એકજ કુટુંબના ને એકજ ન્યાતના હોતા નથી. નરવાદારી ગામોમાં બધા ભાગદારો એક જાતના અને મુખ્યત્વે કણબી હોય છે અને એક બીજાના આઘેના યા પાસેના સગા હોય છે. ભાગદારી ગામોમાં દરેક ખેતર દીઠ વીંઘોટીનો દર અસલથી ઠેરવવામાં આવેલો અને દરેક મુખ્ય ભાગદાર ને પેટા ભાગદારને જે કાંઇ સરકારી ધારો આપવો પડે છે તે દરેક પાસેની જમીનના પ્રમાણમાં નહિ પણ પોતાના બાપદાદાથી ઉતરી આવેલા ભાગઉપર રહેલો છે. નરવાદારી ગામમાં દરેક ખેતર દીઠ દર ઠેરવેલો નથી પણ સરકારી આંકડો ઉધડ રાખેલો છે.

(૫) મહેવાસી— મહેવાસી ગામો મહી નદીના કાંઠાના મુલખમાં અને અમદાવાદના પ્રાંતીજ તાલુકામાં છે. મહેવાસી ગામના માલીકો કોળી ને રજપૂત ઠાકોરોની ઓલાદના છે. આગળના વખતમાં તેઓ લૂટફાટ કરતા તે બંધ કરવા સારૂ તથા પોલીસનો બંદોબસ્ત રાખે એ શરતોથી થોડી ખંડણી લેઇ અથવા બિલકુલ માફી કરી ગામો આપેલાં. એ ગામોમાં પણ મુખ્ય ભાગદાર ને પેટા ભાગદાર હોય છે. બ્રિટિશ અમલ દાખલ થયા પછી તેઓ પાસેથી જમા લેવામાં આવે છે. કેટલાએક જગ્યામાં આવેલાં ગામોમાં તળાટીઓ દાખલ કરવામાં આવ્યા છે; અને ભાગદારો પાસેથી જમા લેવામાં આવે છે. આ ભાગદારો પોતાની જમીન બીજાઓને સાંથે છે. કેટલાએક ગામોમાં જમીનની માપણી થઇ છે, તેની કલાસ ઠેરવવામાં આવી છે, અને સર્વેનું કામ પણ ચાલુ થવા માંડ્યું છે.

(૬) મલેકી— ખેડા જિલ્લાના ઠાસરા પરગણાના કેટલાંએક ગામો "મલેકી" કહેવાય છે. જ્યારે સુલતાન મહમુદ બેગડાએ ચાંપાનેરનો કીલ્લો સર કર્યો ત્યારે તેણે કેટલાએક મલેકજાદાઓને બાર ગામ ઇનામમાં આપ્યાં. ત્યાર પછી અઢીસેં વરસ સુધી તેઓ પાસેથી એ ગામ બદલ કાંઇ પણ લેવામાં આવ્યું નહોતું. મરાઠાઓ આવ્યા ત્યારે તેઓએ મલેકજાદા પાસેથી તેઓના ગામ ઉપર ઉધડ જમાબંધી લીધી, અને પાછળથી ગાયકવાડે તેઓ પાસેથી ઘાસદાણા તરીકે બીજી ખંડણી ઉઘરાવી. મરાઠાઓની ઉધડ જમાબંધી આપવા સારૂ મલેકજાદાઓએ પોતાના ખેડુત પાસેથી કરમવેરો ને વજે નામનો વેરો (એટલે જેટલો પાક થાય તેનો તીજો ભાગ)

ઉઘરાવ્યો. સને ૧૮૬૫માં મલેકી ગામોની માપણી તથા કલાસવારી કરી મલેકોને સનદ આપી છે.

(૭) **ઉધડ જમાબંધી**—કેટલાંએક ગામમાં અથવા ગામના પેટા ભાગમાં સરકારી તરીકે નોંધાયલી વાંટા જમીન ઉપર ઉધડ જમાબંધી ઠરાવવામાં આવી છે, એટલે એ જમીનપર એક અમુક ઠરવેલી જમા લેવામાં આવે છે, અને રીવિઝન વખતે પણ એ જમા કાયમ રાખવામાં આવે છે. ખેડાનાં કેટલાંએક ઉધડ જમાબંધી ગામો જે કરજદાર થઇ જવાથી ખેડાના કલેકટર અને તાલુકદારી સેટલમેંટ આફિસરના વહિવટ તળે છે ત્યાં જમીનની માપણી ને કલાસવારી થઇ છે.

(૮) **સરાકતી**—ગૂજરાતના જૂદા જૂદા ભાગમાં કેટલાંએક સરાકતી ગામો છે. આ ગામોની ઉપજમાં સરકારનો તથા ઇનામદાર બંનેનો ભાગ છે.

ઇનામી જમીનના પણ ઘણા પ્રકાર છેઃ—જાગીર, એ અસલ મુલ્કી અથવા લશકરી અમલદારોને અથવા તો અમીર ઉમરાવ કે બીજા એવા મોટા અધિકારી ઓનો મોભો સચવાય તેને માટે બક્ષવામાં આવેલી તે જાગીરો હાલમાં કાયમ રાખવામાં આવી છે. ચાકરીઆત જમીન, સરકારી અથવા ગામ નોકરોના પગારના અવેજમાં આપવામાં આવેલી તે. પસાયતા જમીન, ગામ નોકરોને અથવા ધર્માદા કામને સારૂ ભાટ ચારણને આપવામાં આવેલી તો દેવસ્થાન જમીન, મંદિર વગેરે ધર્માદા કામને અંગે તથા બ્રાહ્મણોને આપવામાં આવેલી તે. વજીફા જમીન મુસલમાન ફકીર કે મુસલમાની ધર્મને અંગે આપેલી તે. હાડીઆ જમીન, ગામના રક્ષણને અર્થે પોતાનો પ્રાણ અર્પેલા તેઓના વંશજોને આપવામાં આવેલી તે. આ બધી જમીનમાંની કેટલીએક નકરી છે અને કેટલીએક ઉપર સલામી લેવામાં આવે છે. આવી જમીનનું સેટલમેન્ટ કરી સનદો આપવામાં આવી છે.

દિવાની—દિવાની મુકરદમા ચૂકવવા સારૂ ડિસ્ટ્રિક્ટ ને આસિસ્ટંટ જડજ, ફર્સ્ટ ક્લાસ ને સેકંડ ક્લાસના સબૉરડિનેટ જડજો ને સ્માલકાઝ કોર્ટના જડજ હોય છે. સેકંડ કલાસ સબ જડજ રૂપીઆ ૫૦૦૦ સૂધીના અસલ દિવાની મુકરદમા ચૂકવી શકે છે. જે કામમાં સરકાર અથવા સરકાર તરફથી કોઇ અમલદાર પ્રતિવાદી હોય તે સિવાયનાં રૂપીઆ પાંચ હજારથી વધારે રકમનાં બધાં અસલ દિવાની કામો ફર્સ્ટ કલાસ સબ જડજ ચૂકવી શકે છે. કેટલીકવાર તેને દિવાની કામમાં અપીલ ચૂકવવાની પણ સત્તા આપવામાં આવે છે, અને કેટલેક ઠેકાણે રૂપીઆ ૫૦૦ સૂધીના દાવા ચૂકવવાને સ્માલકાઝ કોર્ટના જડજનો પણ અધિકાર હોય છે. રૂપીઆ દસ હજારની અંદરના દાવાના મુકરદમાના જેટલા ડિસ્ટ્રિક્ટ જડજ સોંપે તેટલા આસિસ્ટંટ જડજ ચૂકવી શકે છે. અપીલ ચૂકવવામાં તેની સત્તા ડિસ્ટ્રિક્ટ જડજ જેટલી છે. ડિસ્ટ્રિક્ટ જડજ જિલ્લાની બધી દિવાની કોર્ટ ઉપર દેખરેખ રાખે છે; સગીર ને ગાંડા લોકોની દેખરેખ અને તેઓની મિલકતના વહીવટમાટે વાલી ઠરવે છે, વારસા સંબંધી તથા કોઇ મરનારનું લેહેણું વસુલ

કરવાનાં સર્ટિફિકેટ લેવાની અરજીઓ સાંભળે ને ચુકવે છે, લેંડ એક્વિઝિશન આક્ટ સંબંધીના ચુકાદા કરે છે, ખ્રિસ્તી લોકોના તલાકના મુકરદમા ચૂકવે છે, અને આ સિવાય બીજી અરજીઓ સાંભળે છે. સુરતનો ડિસ્ટ્રિક્ટ જડજ તે સૂરતની પારસી મેટ્રિમોનિયલ કોર્ટનો પણ જડજ છે સૂરત ને અમદાવાદમાં સ્માલકાઝકોર્ટ છે, અને એ શહેરોમાં તે પાંચસેં રૂપીઆની અંદરના દાવા ચૂકવે છે, અને તેના ઉપર અપીલ ચાલતી નથી. પાંચ હજારની અંદરના દાવાવાળા મુકરદમા-ઉપર અપીલ ડિસ્ટ્રિક્ટ જડજને ત્યાં ચાલે છે, અને એ અપીલના ચુકાદામાં જો કાંઇ કાયદાના અર્થ સંબંધી સંશય હોય તો તે ઉપર અપીલ હાઇ કોર્ટમાં ચાલે છે. પાંચ હજાર રૂપીઆની ઉપ-રના દાવાવાળા મુકરદમા ઉપર અને ડિસ્ટ્રિક્ટ જડજે ચૂકવેલા સઘળા અસલ મુકરદમા ઉપર અ-પીલ હાઇ કોર્ટમાં ચાલે છે. સને ૧૮૫૭ના ત્રીજા આક્ટ પ્રમાણે લશ્કરી હદમાં કેન્ટોનમેન્ટ માજીસ્ટ્રેટોને રૂપીઆ બસેં સૂધીના દાવાના મુકરદમા ચૂકવવાનો અખત્યાર આપેલો છે. ૧૮૭૬ના ત્રીજા આક્ટ પ્રમાણે જંગમ મિલકતનો એકદમ કબજો આપવાની મામલતદારોને સત્તા આપેલી છે. આવાં કામોમાં અપીલ ચાલતી નથી પણ હાઇ કોર્ટ તે કામની ફરીથી તપાસ કરી શકે છે. આ કામનો ચુકાદો કોઈ દિવાની કોર્ટમાં થયો તેમાં ડિક્રી વિરૂદ્ધમાં થયો હોય તે સિવાય મામલત-દારે જે શખ્સને કબજો અપાવ્યો હોય તેને કબજો છોડવો પડતો નથી.

ફોજદારી—ફોજદારી મુકરદમા ચૂકવવાને ત્રણ જાતના માજીસ્ટ્રેટો હોય છે, પહેલા, બીજા ને ત્રીજા વર્ગના. પહેલા વર્ગના માજીસ્ટ્રેટો બે વરસ સૂધીની કેદની ને હજાર રૂપીઆ સૂધીની દંડની; બીજા વર્ગના માજીસ્ટ્રેટો છ મહિના સૂધીની કેદની ને રૂપીઆ બસેં સૂધીના દંડની; અને ત્રીજા વર્ગના માજીસ્ટ્રેટો એક મહિના સૂધીની કેદની અને પચાસ રૂપીઆ સૂધીના દંડની શિક્ષા કરી શકે છે. પહેલા ને બીજા વર્ગના માજીસ્ટ્રેટોને ફટકા બાંધી મારવાની સત્તા હોય છે. મામલતદાર તથા અવલ કારકુન બીજા ને ત્રીજા વર્ગના માજીસ્ટ્રેટો હોય છે, અને તે ડેપ્યુટી આસિસ્ટંટ કલેક્ટર અને કોઇક ઠેકાણે મામલતદાર પણ પહેલા વર્ગના માજીસ્ટ્રેટ હોય છે. કલેક્ટર તે ડિસ્ટ્રિક્ટ માજીસ્ટ્રેટ કહેવાય છે ને તે બીજા ને ત્રીજા વર્ગના માજીસ્ટ્રેટો ઉપર દેખરેખ રાખે છે, અને તેઓના કામ ઉપરની અપીલ ચૂકવે છે. કેટલીકવાર સરકારનો ખાસ ઠરાવ થયેથી બીજા ને ત્રીજા વર્ગના માજીસ્ટ્રેટોના કામની અપીલ ચૂકવવાની પહેલા ને બીજા વર્ગના માજીસ્ટ્રેટોને સત્તા આપેલી હોય છે. પહેલા વર્ગના માજીસ્ટ્રેટોના ચુકાદા ઉપરની અપીલ સેશન અથવા આસિસટંટ સેશન જડજ ચૂકવે છે. પહેલા વર્ગના માજીસ્ટ્રેટને જે કામ ચૂકવવાનો અધિકાર નથી તેવાં કામ સેશન જડજને ત્યાં મોકલવામાં આવે છે, અને તે એમાંનાં કેટલાંક આ-સિસ્ટંટ સેશન જડજને ત્યાં મોકલે છે. સેશનના મુકરદમા બધા દરેક મહિનાની શરૂઆતમાં ચાલે છે, અને એ બધા મુકરદમાં ચૂકવાઈ રહ્યા પછી એ કોર્ટોમાં દિવાની કામો ચાલે છે. સેશનના મુકરદમા એસેસરો ને જુરીની મદદથી ચૂકવવામાં આવે છે. સેશન જડજને કાયદામાં આપેલી

બારેમાં બારે સજા કરવાનો અધિકાર છે, પણ મોતની સજા કરતાં પહેલાં તેને હાઇ કોર્ટની મંજૂરીઅત મેળવવી પડે છે. આસિસ્ટંટ સેશન જડજ સાત વરસ સૂધાની કેદની અથવા દેશનિકાલની સજા કરી શકે છે, પણ ત્રણ વરસ ઉપરની બધી સજાને સારૂ તેને સેશન જડજની મંજૂરીઅત લેવી પડે છે. સેશન જડજ ને આસિસ્ટંટ સેશન જડજના ચુકાદા ઉપર અપીલ હાઇ કોર્ટમાં ચાલે છે. ફાંસીનો ગુનોહ સાબીત થયા પછી મોતની સજા ઓછી કરવાની સત્તા ફક્ત સરકારનેજ છે.

પોલીસ—આખા પ્રાંતનો પોલીસ ખાતાનો વહીવટ પ્રાંતનો કમિશનર અને હાલમાં ઇન્સપેકટર જનરલ ઑફ પોલીસ કરે છે. દરેક જિલ્લામાં પોલીસ સુપરિન્ટેન્ડન્ટ હોય છે ને તે આખા જિલ્લાનો વહીવટ કલેક્ટરની દેખરેખ નીચે કરે છે. કેટલેક ઠેકાણે સુપરિન્ટેન્ડન્ટના હાથ તળે આસિસ્ટંટ તથા પ્રોબેશનર હોય છે. પોતાનું કામ કરવું સુગમ પડે તેને સારૂ સુપરિન્ટેન્ડન્ટોને થોડીઘણી ફોજદારી સત્તા આપવામાં આવે છે. દરેક તાલુકાવાર એકેકો ફોજદાર હોય છે ને તાલુકામાં પોલીસની ટુકડી લત્તાવાર રાખવામાં આવે છે. એ ટુકડીના ઉપરી ને નાયક અથવા હેડ કોન્સ્ટેબલ કહે છે. દરેક ટુકડીના સીપાઇઓ પોતપોતાના લત્તાનાં ગામોમાં ફરી દેખરેખ રાખે છે. જેટલા પોલીસના સીપાઇઓને જેલ તથા તીજોરી ઉપર ચોકી પહેરો રાખવો પડે છે અને કેદીઓ તથા ખજાનો લઇ જવો લાવવો પડે છે તેટલાઓની પાસેજ હથીઆર રહે છે. ગામડાંમાં પોલીસ પટેલ હોય છે. તેના હાથ તળે કેટલાંક માણસો હોય છે, અને તેઓ ગામમાં પોલીસ સંબંધી બંદોબસ્ત રાખે છે અને ગુનાહ પકડે છે. ગામમાં જે મુલ્કી પટેલ હોય છે તેજ ઘણું કરીને પોલીસ પટેલ હોય છે, અને તેના ઉપર દેખરેખ જિલ્લાના માજીસ્ટ્રેટો અને કમિશનર રાખે છે. ગામમાં ગુનાહ વગેરે થાય તેની ખબર અંતર પોલીસ પટેલ જીલ્લાના માજીસ્ટ્રેટને આપે છે. પંચમહાલમાં ભીલોનું જોર વધારે ને તેઓ હુલ્લડી જાત એટલે તેઓને કોઇ ધંધામાં રોકાયલા રાખવાસારૂ તેઓની એક પોલીસની ફોજ બનાવી છે. એને ગૂજરાત ભીલ "કોર" કહે છે. એમાં સુમારે પાંચસો ભીલ રાખવામાં આવ્યા છે. રેલવેને લગતી પોલીસ જૂદી છે, પણ રજપુતાના માલવા રેલવે પોલીસ અમદાવાદના પોલીસ સુપરિન્ટેન્ડન્ટના તાબામાં છે.

જેલ—ગૂજરાતમાં મોટી જેલ સૂરત, અમદાવાદ ને દાહોદમાં છે. કાચી જેલો તાલુકા કચેરીમાં હોય છે. જે ઠેકાણે જેલ હોય ત્યાંનો સિવિલ સરજન તે જેલનો ઉપરી હોય છે. તેના હાથ તળે જેલર હોય છે. જેલની હાલત તપાસવા કેટલાક સરકારી અમલદારો નીમવામાં આવે છે. બધી જેલનો ઉપરી ઇન્સ્પેક્ટર જનરલ ઑફ પ્રિઝન્સ કહેવાય છે.

હિસાબખાતું—મામલતદારના થાણામાં તીજોરી હોય છે અને ત્યાં અમુક રકમ સૂધી નાણું રાખવામાં આવે છે. દરેક સદર સ્ટેશનમાં મોટી તીજોરી હોય છે, તે કલેક્ટરના તાબામાં

છે. કલેક્ટરની કચેરીને અંગે હિસાબખાતું છે. તીજોરીને લગતું કામકાજ હજુર ડેપ્યુટી કલેક્ટર ને હેડ એકાઉંટન્ટ કરે છે. હિસાબખાતાનો ઉપરી એકાઉંટન્ટ જનરલ છે.

આ સિવાય ઈજનેરી, કેળવણી, જંગલ, કસ્ટમ, મીઠાં, રજીસ્ટ્રેશન, અને આબકારી ખાતાં છે. જિલ્લાઓમાં વળી ઇસ્પિતાલ, ડિસ્પેનસરી, મ્યુનિસિપાલિટી ને લોકલફંડ ખાતાં છે.

પ્રકરણ. ૮ મું

જિલ્લા.

ખાલસા ભાગ સઘળો તળ ગૂજરાતમાં તથા જૂજ તે દ્વીપકલ્પના પૂર્વ ભાગમાં છે; અને તેને વ્યવસ્થાને માટે સરકારે સૂરત, ભરૂચ, ખેડા, પંચમહાલ ને અમદાવાદ એ પાંચ જિલ્લામાં વહેંચેલા છે.

સૂરત જિલ્લો.

વર્ણન—સૂરત જિલ્લો ઉત્તર અક્ષાંશ ૨૦° ૧૫′ અને ૨૧°૨૮′ તથા પૂર્વ રેખાંશ ૭૨°૩૮′ અને ૭૩° ૩૦′ ની વચ્ચે છે. એનું ક્ષેત્રફળ ૧૬૬૨ ચો. મૈલ, ૧૮૮૧ માં વસ્તી ૬૧૪,૧૯૮ અથવા દર ચો. મૈલે ૩૬૯ ને ૧૮૮૨-૮૩ માં ઉપજ રૂ. ૩૬,૪૨,૨૦૦ ની હતી.

સીમા—ઉત્તરે કીમ નદી ને તેને પેલેપાર ભરૂચ જિલ્લો, પૂર્વમાં રાજપીપળા, ગાયકવાડ, વાંસદા ને ધરમપૂરનાં દેશી રાજ્યો, દક્ષિણમાં દમણ ને થાણા જિલ્લો ને પશ્ચિમમાં અરબી સમુદ્ર છે. ખાલસા ભાગની સાથે દેશી રાજ્યનાં ગામો ભેળાયલાં છે.

તાલુકા—વ્યવસ્થાને માટે જિલ્લાને ૮ તાલુકામાં વહેંચેલો છે: ઓરપાડ, માંડવી, ચોરાસી, બારડોલી, જલાલપુર, ચીખલી, વલસાડ ને પારડી. બારડોલીમાં વાલોડ પેટા મહાલ છે. બધા મળી ૮૫૯ ગામ છે, તેમાં ૮૧૮ સરકારી તથા ૪૧ ઇનામી છે.

દેખાવ—લંબાઇ અરબી સમુદ્રને કિનારે દમણગંગાથી ઉત્તરમાં કીમસૂધી ૮૦ મૈલ; ને પૂર્વ પશ્ચિમ પહોળાઇ ઉત્તરમાં તાપી નદીના પટ આગળ આશરે ૪૦ મૈલ ને દક્ષિણમાં સંકડાતી સંકડાતી દમણગંગા આગળ ૧૫ મૈલથી વધારે નથી. ઉત્તરના પાધર મુલખનો ભાગ દક્ષિણમાં સંકડાતો સંકડાતો પહાડી થતો જાય છે. દેખાવમાં જિલ્લાના ત્રણ ભાગ થઇ શકે: છેક દરીઆ નજીક રેતાળ ને ખારાપાટનો ઉજ્જડ મુલખ તેની નજીક સારી રીતે ખેડાયલો ફળદ્રુપ પાધર મુલખ ને એની પૂર્વે થોડો ફળદ્રુપ ને વધારે ખુલ્લો મુલખ, જે ધીમે ધીમે પહાડી ને જંગલનો ભરેલો થતો જઇ વેરાન છે.

પહાડ—કોઇ કોઇ જગાએ ટેકરા ટેકરી એકદમ આવે છે, તોપણ જિલ્લાની સપાટી સરાસરી ૧૫૦ ફૂટથી ઊંચી જવલેજ છે. ઉત્તરમાં તાપી નદીને જમણે અથવા ઉત્તર કિનારે તડકેશ્વર આગળ ને માંડવીની પૂર્વે ૨૦૦ થી ૩૦૦ ફૂટ ઊંચા પહાડો રાજપીપળાના ડુંગરોની ઉતર

આવેલા છે. વળી તાપીની દક્ષિણમાં સહ્યાદ્રી પર્વતમાંથી નિકળેલી ઊંચી ટેકરીઓ સૂરત જિલ્લાને ખાનદેશના મેદાનથી જૂદો પાડે છે. બારડોલી તાલુકાના મોતાગામની ઇશાને ચાર મૈલ ઉપર એક એકાંત ટેકરી આસપાસની સપાટીથી આશરે ૧૦૦ ફૂટ ઊંચી આવેલી છે. દક્ષિણ તરફ, દમણથી ઉત્તરે ૨૨ મૈલ ને દરીઆ કાંઠેથી ૬ મૈલ પર, નાની ટેકરીઓનો એક સમૂહ આવેલો છે, જે ઉપરથી ડુંગરી ગામનું નામ પડેલું છે. આ ટેકરીઓ બધી મળી ૭ ને ઊંચાઇમાં ૫૦ થી ૮૦ ફૂટ હોઇ આશરે એક ચો. મૈલનું ક્ષેત્રફળ રોકે છે. એની બાજુપર નાનાં સાગનાં ઝાડોનું રાન છે, તથા પત્થરવિનાના મુલખમાં અહીંના પત્થર ઘણા ઉપયોગી થઇ પડે છે. એની દક્ષિણમાં ૧૨ મૈલપર પારનેરાનો ડુંગર મેદાનથી આશરે ૫૦૦ ફૂટ ઊંચો આવેલો છે. એના શિખર ઉપર અગાઉ એક કિલ્લો હતો, જે ૧૮૫૭ ના બળવામાં તોડી પાડવામાં આવ્યો હતો. પારનેરાની દક્ષિણે ૫ મૈલપર, ફીરંગીઓએ બાંધેલો પારડીનો ભાગી તૂટી ગયલો કિલ્લો ઊંચાણ ટેકરીપર આવેલો છે. છેક દક્ષિણમાં, પારડીથી ૬ મૈલ ઉપર કોલક નદીને જમણે કાંઠે બગવાડાનો કિલ્લો ને ડુંગરી ને પાસે બીજા બે ડુંગરો આશરે ૪૨૦ ટ ઊંચા આવેલા છે.

નદી—મુખ્ય નદીઓ ઉત્તરથી લેતાં કીમ, તાપી, મીંઢોળા, પૂર્ણા, અંબિકા, આરંગા, પારકોલક ને દમણગંગા છે. કીમ નદી ૭૦ મૈલ લાંબી ને રાજપીપળાના ડુંગરમાંથી નિકળી, સૂરત જિલ્લાની ઉત્તરેથી વહી, તાપી નદીના મુખથી ઉત્તરે ૨૦ મૈલપર ખંભાતના અખાતને મળે છે. પહેલા ૫૦ મૈલ સૂધી રાજપીપળા તથા ગાયકવાડી વસરાવી તાલુકામાંથી વહી, બાકીના ૨૦ મૈલ ઓરપાડ તાલુકાની ઉતરેથી જાય છે. એના કિનારા માટીના ને કાદવવાળા છે. એનું પાણી પીત માટે વપરાતું નથી ને ભરતીનું પાણી કેટલાક મૈલ સૂધી આવે છે તોપણ તેની ઉંડાઇ એટલી નથી કે હોડીઓ જઇ શકે.

તાપી નદી, ૪૫૦ મૈલ લાંબી, સાતપુડાના પર્વતમાંથી નિકળી પહેલા ૧૫૦ મૈલ મધ્ય પ્રાંતને વરાડ પ્રાંતમાંથી, પછી બરાનપુરથી ખાનદેશ જિલ્લામાં ૧૮૦ મૈલ, પછી ૫૦ મૈલ ગૂજરાતની નીચાણની જમીનમાં પહાડ ને જંગલમાં થઇને, અને પછી ૭૦ મૈલ સૂરત જિલ્લાના પાધર મુલખમાં થઇને વહે છે.[૧]

મીંઢોળા નદી ખાનદેશ ને સૂરત જિલ્લા વચ્ચેના ડુંગરમાંથી નિકળી, ૪૦ મૈલ વહી, તાપી નદીની દક્ષિણે ૫ મૈલપર સમુદ્રને મળે છે. એ બારડોલી તાલુકો, ગાયકવાડી પલસાણા પરગણું ને સચીન તથા ચોરાસીએ તાલુકામાંથી વહે છે. છેલ્લા ૬ મૈલમાં સૂરત આગળથી એને કાંકરા ખાડી આવી મળે છે, ને બે સાથે વહી સમુદ્ર આગળ એનું મુખ ૨ મૈલ પહોળું થાય છે. પહેલા ૩૦ મૈલ સૂધી નદીનાં પાણી મીઠાં છે; શરૂઆતમાં નદીમાં કોઇ કોઇ ઠેકાણે ખડક છે, પણ પશ્ચિમ તરફ કેવળ ચીકણી માટીમાંથી નદી વહે છે. ભરતી સમુદ્રથી દસ મૈલ સૂધી આવે છે,

૧. તાપી નદીની વિશેષ હકીકત પ્રકરણ પહેલામાં આપેલી છે.

ને અહીં સચીણથી દક્ષિણે ચાર મૈલપર આગગાડીનો પુલ ૭૫૦ ફૂટ લાંબો ને નદીના પાણીની સપાટીથી ૩૩ ફૂટ ઊંચો છે. નદીના મુખ આગળ ૨૮ ખાંડી સૂધીનાં વહાણો ફરી શકે છે.

પૂર્ણા નદી સૂરત જિલ્લામાં આશરે ૪૦ મૈલ પશ્ચિમમાં વહી, મીંઢોળાની દક્ષિણે ૧૦ મૈલપર સમુદ્રને મળે છે. બારડોલી તાલુકાના અગ્નિકોણમાં બે જૂદી શાખામાં દાખલ થઇ, પૂર્ણા પ્રથમના ૮ મૈલ સૂધી ખાલસા મુલખમાંથી વહે છે; પછી ગાયકવાડી મુલખમાંથી વહી, છેલ્લા ૨૦ મૈલમાં જમણે કાંઠે ગાયકવાડી મુલખથી ડાબે કાંઠે સૂરત જિલ્લાના જલાલપુર તાલુકાને જૂદો પાડે છે. પ્રથમના ભાગમાં નદીનું તળીઉં ખડકવાળું છે, ને પાણી કેટલેક ઠેકાણે ઢેકુડીવતી પીતના કામમાં લેવાય છે. ભરતી સમુદ્રથી ૨૦ મૈલ તરસાડી ગામ સૂધી આવે છે. સમુદ્રથી ૧૦ મૈલપર નદીની બે શાખા પડે છે, જે થોડેક જઇ પાછી મળી જાય છે. એમના સંગમથી થોડાક ઉપલા ભાગમાં રેલવેના પુલો, દક્ષિણ શાખાપર ૪૩૮ ફૂટ ને ઉત્તર શાખાપર ૮૧૩ ફૂટ લાંબા ને ભરતી પહેલાં પાણીની સપાટીથી ૩૨ ફૂટ ઊંચા છે. સંગમ આગળ નદીનો પટ ૯૬૦ ફૂટ પહોળો, તળીઉં કાદવ ને રેતીવાળું, ને ભરતી ન હોય ત્યારે નદીમાં પાર થઇ પાણી ૨ ફૂટ ઉંડુ હોય છે. ભરતી વખતે જવા આવવા માટે સમુદ્રથી ૧૨ મૈલપર નવસારી ને ત્યાંથી ૨ મૈલપર જલાલપુર આગળ હોડીઓ ફરે છે. અહીં ભરતી વખતે ૨૫૦થી ૩૦૦ખાંડી લગીનાં વહાણો આવી શકે છે; તોપણ અહીંથી નીચાણના ભાગમાં નદીનો પટ રેતાળ કાંઠામાં હોઇ એવો કઠણ છે કે ભોમીઆ ખલાસી વિના વહાણ નદીમાંથી લઇ જવાં જોખમ ભરેલું છે.

અંબિકા નદી, ૪૦ મૈલ નૈર્ઋત્ય કોણમાં વહી, પૂર્ણાની દક્ષિણે ૧૫ મૈલપર સમુદ્રને મળે છે. વાંસદાના ડુંગરમાંથી નિકળી, પ્રથમ ગાયકવાડી મુલખમાં થઇને બે જૂદા ફાંટામાં વહે છે. પછી ખાલસા મુલખમાં દાખલ થઈ ચીખલી ને જલાલપુર તાલુકાની વચ્ચે ઉંડા રેતીના ભાઠામાંથી જાય છે. અહીંથી પશ્ચિમે એકદમ દક્ષિણ તરફનો ૧૨ મૈલ સૂધી રસ્તો લઇ, જલાલપુર તાલુકાને ગણદેવી પરગણાથી જૂદો પાડે છે, ને છેલ્લા ૫ મૈલમાં પશ્ચિમ તરફ વહી સમુદ્રમાં પડે છે. ભરતી નદીના મુખથી ૧૨ મૈલપર ગણદેવી સૂધી આવે છે. મુખથી ૬ મૈલપર રેલવેનો પુલ ૮૭૫ ફૂટ લાંબો ને નદીના તળિયાંથી ૨૮ ફૂટ ઊંચો બાંધેલો છે. રેલવેના પુલથી ૧ મૈલ પશ્ચિમે એને કાવેરી ને ખરેરા આવી મળે છે. એ સંગમની નીચે નદીનું મુખ પહોળું થઇ ખાડી થાય છે. મુખથી દોઢ મૈલપર નદીમાં રેતીનું ભાઠું છે, જે ઉપર નાની ભરતીએ ૩ થી ૪ ફૂટ ને મોટી ભરતીએ ૨૨ ફૂટ પાણી ચઢે છે. મુખથી ૬ મૈલપર બીલીમોરા સૂધી મોટાં વહાણો આવી શકે છે; એની પેલી તરફ ગણદેવી સૂધી ૧૫૦ ખાંડી સૂધીનાં નાનાં વહાણો જઇ શકે છે. અંબિકાની બે શાખામાંથી કાવેરી વાંસદાના ડુંગરમાંથી નિકળી, ચીખલી તાલુકામાંથી ૧૮ મૈલ વહી પશ્ચિમમાં વાઘરેચ આગળ અંબિકાને મળે છે. એમના સંગમથી બે મૈલ ઉપર એનાપર રેલવેનો પુલ, ૬૮૮ ફૂટ લાંબો ને તળિયાથી ૩૬ ફૂટ ઊંચો બાંધેલો છે. કાવેરીમાં કેટલેક સુધી

૧૫૦ ખાંડી સૂધીનાં નાનાં વહાણોફરી શકે છે. ખરેરા ધરમપુરના ડુંગરમાંથી નિકળી ચીખલી તાલુકામાં ને વલસાડના ઉત્તર ખુણામાંથી વહી, કાવેરીની પશ્ચિમે એક મૈલ ઉપર અંબિકાની ખાડીને મળે છે. એનાપર રેલવેનો પુલ, ૬૨૫ ફૂટ લાંબો ને તળિયાથી ૩૬ ફૂટ ઊંચો બાંધેલો છે.

ઔરંગા નદી ધરમપુરના ડુંગરમાંથી નિકળી ૧૨ મૈલ સૂધી, પ્રથમ પશ્ચિમે ને પછી ઇશાન કોણમાં, વલસાડ તાલુકામાંથી વહે છે અને અંબિકાની દક્ષિણે ૮ મૈલ ઉપર સમુદ્રને મળે છે. પ્રથમના ભાગમાં નદીના કિનારા સીધા ને ઉંડા અને મુલખ પહાડી છે. પણ છેલ્લા ૧૫ મૈલ સૂધી ભરતી આવે છે ને મુખથી ૬ મલ સૂધી ૧૫૦ ખાંડી સુધીનાં વહાણો આવી શકે છે. વલસાડ કસબાથી એક મૈલપર નદીપર રેલવેનો પુલ ૧૦૦૦ ફૂટ લાંબો ને ૩૨ ફૂટ ઊંચો બાંધેલો છે. વલસાડ આગળ નદી ખડક પરથી વહે છે ને વોહ ૬૦૦ ફૂટ પહોળો છે. વલસાડની પશ્ચિમે ૪ મૈલ સૂધી પાણી નાની ભરતીએ ૭ થી ૯ ફૂટ ઉંડું હોય છે; પછી રેતીનું ભાઠું આવે છે, જે પર-નાની ભરતીએ માત્ર ૨ થી ૩ ફૂટ પણ મોટી ભરતીએ ૧૮ ફૂટ પાણી ચઢે છે. નદીપર વલસાડ મોટું બંદર છે ને વહાણોને આવવા જવાને સુગમ પડે તે માટે નદીના મુખ આગળ ડાબે કાંઠે એક દીવાદાંડી બાંધેલી છે. ઔરંગાને વાંકી નદી સમુદ્રથી અડધા મૈલપર આવી મળે છે.

પાર નદી સૂરત જિલ્લામાં ૨૦ મૈલ ઇશાન કોણમાં વહી, ઉત્તરમાં વલસાડને દક્ષિણમાં પારડી તાલુકાથી જૂદો પાડે છે ને ઔરંગાની દક્ષિણે ૬ મૈલપર સમુદ્રને મળે છે. કોરી મોસમમાં પાણી ઘણું થોડું હોય છે, તો પણ ચોમાસામાં મોટી રેલથી નદી ભરાઇ કોઇ કોઇ વખત ઉભરાઇ જાય છે. મુખથી ૪ મૈલપર રેલવેનો પુલ, ૭૫૦ ફૂટ લાંબો ને તળીઆંથી ૬૩ ઊંચો બાંધેલો છે. એની પશ્ચિમે ભરતી લાગે છે અને નાની ભરતીએ ૧૫૦ ખાંડીનાં વહાણો આવી શકે છે. મુખપાસે ઉમરસાડી બંદર આગળ ખાડી ૭૬૫ ફૂટ પહોળી, કિનારા ઊંચા, ને તળિયું ખડક, કાંકરી ને કાદવનું છે. અહીં નદીમાં પાર થતો નથી ને ઉતારૂઓને હોડીમાં જવું આવવું પડે છે. મુખ નજીક રેતીનું ભાઠું છે, જે નાની ભરતીએ કોરૂં રહે છે, પણ મોટી ભરતીએ જેપર ૧૪ ફૂટ પાણી ચઢે છે. એ ભાઠાંથી થોડેક છેટે પાણી સારો વખત ૯ ફૂટથી ઓછું હોતું નથી ને ત્યાં વહાણો સુખે લંગારાય છે. ઉમરસાડી બંદરનો વેપાર સારો છે.

કોલક નદી ૧૫ મૈલ સૂધી પારડી તાલુકામાંથી પશ્ચિમે વહી પારની દક્ષિણે ૫ મૈલપર સમુદ્રને મળે છે. આ નદી મુખ નજીક જમણે કાંઠે સૂરત જિલ્લાને ડાબે કાંઠે ફિરંગીના દમણ પરગણાંથી જૂદો પાડે છે. પ્રથમના ભાગમાં નદી ખડક પરથી વહે છે ને મુખથી ૮ મૈલ સૂધી ભરતી આવે છે. અહીં એનાપર રેલવેનો પુલ, ૪૩૮ ફૂટ લાંબો ને ૩૩ ફૂટ ઊંચો, બાંધેલો છે. મુખ પાસે કોલક ગામ આગળ ખાડી ૪૯૮ ફૂટ પહોળી છે ને હોડીમાં જા આવ કરવી પડે છે. ૧૮૦ ખાંડી લગીનાં વહાણો આવી શકે છે.

દમણ ગંગા નદી ૧૫ મૈલ સૂધી ઇશાન કોણમાં વહી, કોલકની દક્ષિણે ૪ મૈલપર સમુદ્રને મળે છે. પ્રથમના ૮ મૈલ જમણે કાંઠે સૂરતને ડાબે કાંઠે થાણા જિલ્લાની વચ્ચે, પછી ૬ મૈલમાં ડાબે કાંઠે દમણમાં દાખલ થઇ, ને પછી કેવળ દમણ પરગણાની મધ્યે થઇ જાય છે. ભરતી મુખથી ૮ મૈલ લગી લાગે છે; ને અહીં એનાપર રેલવેનો પુલ, ૮૭૫ ફૂટ લાંબો ને ૫૫ ઊંચો, બાંધેલો છે. ચોમાસામાં મુખ આગળ નાનાં વહાણોને વાવાઝોડાંથી સારો આશ્રય મળે છે. મુખ આગળ વોહમાં રેતીના ભાઠાપર ભરતી નહિ હોય ત્યારે ૨ ફૂટ પાણી હોય છે. પણ ભરતી વખતે પાણી ૧૨ થી ૧૮ ફૂટ ચઢે છે.

વસ્તી—સૌથી સારા ખેડુતો અનાવલા બ્રાહ્મણ છે. એઓ પૈસટકે ને સ્થિતિએ સુખી છે; અને હાલીઓ રાખી ખેતી પાછળ ઘણી મહેનત લે છે, કણબીઓ પણ સારા ખેડુત છે, અને ખેતી સિવાય વેપાર ને વ્યાજવટાનો ધંધો પણે થોડો ઘણો કરે છે. નીચવર્ણ લોકોની ખેતી ઘણી ઉતરતી છે. મુખ્ય વેપારી ગૂજરાતી વાણીઆ ને વ્યાજુ ધંધો કરનારા મારવાડી શ્રાવકો છે. મુસલમાનો ઘણા કસ્બા ને શહેરમાં છે, અને તેઓની સ્થિતિ કંગાળ છે, પણ વ્હોરામાં ખેડુતો ને વેપારી બંને વર્ગ તાજા છે. પારસીઓની સંખ્યા થોડી, પણ સુખીને બહાર પડતી છે. જિલ્લામાં કાળી પરજની વસ્તી ૩/૫ ભાગ જેટલી છે. કાળી પરજની ૨૦ જાત છે, તેમાં મુખ્ય દુબળા, ઢોંડીઆ, ચોધરા ને નાયકા છે.

ખેતી—સને ૧૮૮૪-૮૫ માં ૪૮૪,૧૩૭ એકરનું ખેડાણ થયું હતું; તેમાં મુખ્ય તુલોમાં જુવાર, ૧૦૮,૬૪૪, ભાત ૧૦૩,૯૭૨, કોદરા ૩૯,૬૬૯, નાગલી ૧૩,૩૧૩, ઘઉં ૩૮,૬૧૭, બાજરી ૬૮૬૦, તુવર ૨૨,૬૪૦, ચણા ૨૨૨૩, કપાસ ૯૧,૧૨૬, ને શેરડી ૬૯૭૮ એકર હતી. ભાત દક્ષિણમાં ને જુવાર ઉત્તરમાં ઘણી થાય છે. કપાસનું ખેડાણ દક્ષિણમાં વધતું જવા માંડ્યું છે. કોદરા ને નાગલી ગરીબ લોકો ખાય છે. મોરીશીઅસની શેરડી પ્રથમ સને ૧૮૩૬માં દાખલ થઇ હતી, ને બીજા ભાગ કરતાં સૂરત જિલ્લાની જમીન ઘણી માફક આવવાથી એનું ખેડાણ ઘણું થાય છે. ખેડાણ કરવા લાયક જમીનનો ૧/૧૬ ભાગ પડતર છે.

વેપાર—સને ૧૮૬૩માં લોકલફંડ આક્ટ પાસ થયો ત્યાર પછી જિલ્લામાં ૩૨૫ મૈલના ૬૪ રસ્તા બાંધ્યા છે, ને સૂરત આગળ તાપી પર મોટો પુલ બાંધ્યો છે. ૧૮૬૪માં જિલ્લામાં આગગાડી ચાલવા માંડી. રેલવેની લાઇન જિલ્લામાં દક્ષિણથી ઉતરમાં ૭૩ ૩/૪ મૈલ લાંબી છે, ને તેટલામાં ૧૪ સ્ટેશનો છે: દમણ, ઉદવાડા, પારડી, વલસાડ, ડુંગરી, બીલીમોરા, અમલસાડ, નવસારી, મરોલી, સચીન, સૂરત, અમરોલી, સાયણ ને કીમ. એમાંથી ઘણો વેપાર સૂરત, નવસારી, અમલસાડ, બીલીમોરા ને વલસાડ સ્ટેશનેથી ચાલે છે: આગગાડી થવાથી દરીઆનો વેપાર ઘણો ઓછો થયો છે. જિલ્લામાં બધાં મળી ૭ બંદરો છે: સૂરત તાપી પર, ભગવા સેના પર, બીલીમોરા અંબિકા પર, નવસારી પૂર્ણાપર, વલસાડ ઔરંગાપર, ઉમરસાડી પારપર, ને

કોલક કોલક નદીપર. એમાં સૂરત, બીલીમોરા ને વલસાડ એ બંદરેથી વેપાર સારો ચાલે છે; બીજે બંદરે વેપાર નહિ સરખો છે. નિકાસ માલમાં મુખ્ય અનાજ, રૂ, બાંધકામનું લક્કડ, તેલ-દીવેલ, ગોળ ને કાપડ છે.

હુન્નર—હાથે વણવાનું કામ મોટા કસ્બાને શહેરોમાં ચાલે છે. સૂતર કાંતવાનું કામ બૈરાં ઘણાંખરાં બધાંજ કરે છે. સૂરત શહેરમાં વરાળના સાંચાથી કપડાં વણવાની બે ગીરણીઓ છે. એ સિવાય સૂરતમાં રેશમી કાપડ ને કિનખાબ સારો વણાય છે; હાથીદાંતનું કામ ને ચાંદલા એ સારાં થાય છે; ને થોડાક લેવા કણબીઓ રસકપુર ને હીંગળોક બનાવે છે.

દિવાની કોર્ટ—સૂરતમાં ડિસ્ટ્રિક્ટ જડજની ને સ્મોલ કોઝની કોર્ટ છે; એ સિવાય જિલ્લામાં ૪ મુનસફની કોર્ટો છે, ૨ સૂરતમાં, ૧ વલસાડ ને ૧ ઓરપાડમાં. શહેર સુધરાઇ ખાતાની મ્યુનિસિપાલટી ૪ છે: સૂરત, રાંદેર, વલસાડ ને માંડવીમાં. ડિસ્પેંનસરીઓ અથવા દવાખાનાં, સૂરતમાં સિવિલ હોસ્પિટલ સિવાય, ૯ છે: ઓરપાડ, રાંદેર, માંડવી, બારડોલી, કાળીઆવાડી, ચીખલી, વલસાડ, પારડી ને બેરગામમાં. સૂરતમાં હોસ્પિટલ સિવાય બીજી પારેખ ડિસ્પેનસરી છે. શાળાઓ, સૂરતમાં (૧ મિશન સ્કૂલ સાથે) ૨ હાઇસ્કૂલ સિવાય જિલ્લામાં ૩૦૪ છે: તેમાં ઍંગ્લો વર્નાક્યુલર ૭, છોકરાની ગૂજરાતી ૨૭૭, ને કન્યાશાળા ૨૦.

ઉપજ—૧૮૮૨-૮૩માં મુખ્ય ઉપજમાં જમીનની રૂા. ૨૩,૧૩,૦૦૦, સ્ટૅંપની રૂા. ૧૪૪,૦૦૦ આબકારી રૂા. ૬,૯૮,૦૦૦, લાઇસન્સ ટેકસની રૂા. ૩૪,૭૦૦, લોકલફંડની રૂા. ૨૪,૮,૮૦૦ અને ૪ મ્યુનિસિ પાલિટીની રૂા. ૨,૮૪,૫૦૦ થઇ હતી.

ભરૂચ જિલ્લો.

વર્ણન—ભરૂચ જિલ્લો ઉત્તર અક્ષાંશ ૨૧° ૨૫′ ને ૨૨° ૧૫′ તથા પૂર્વ રેખાંશ ૭૨° ૩૪′ ને ૭૩° ૧૨′ ની વચ્ચે છે. એનું ક્ષેત્રફળ ૧૪૫૩ ચો૦ મૈલ, ૧૮૮૧ માં વસ્તી ૩૨૬,૯૩૦ અથવા દર ચો૦ મૈલે ૨૨૫, ને ૧૮૮૨-૮૩ માં ઉપજ રૂ. ૩૩, ૪૩,૬૦૦ ની હતી.

સીમા—ઉત્તરે મહી નદી ને તેને પેલેપાર ખંભાતનું સંસ્થાન ને ખેડા જિલ્લો, પૂર્વે ને અગ્નિ કોણમાં રાજપીપળા ને ગાયકવાડી મુલખ, દક્ષિણમાં કીમ નદી ને તેને પેલેપાર સૂરત જિલ્લો, ને પશ્ચિમમાં ખંભાતનો આખાત છે.

તાલુકા—વ્યવસ્થાનેમાટે જિલ્લાને ૫ તાલુકામાં વહેંચેલો છે: જંબુસર, આમોદ, વાગરા, ભરૂચ ને અંકલેશ્વર. અંકલેશ્વરમાં હાંસોટ પેટા મહાલ છે. બધાં મળી ૪૨૫ ગામ છે, તેમાં ૪૧૦ સરકારી ને ૧૫ ઇનામી.

દેખાવ—જિલ્લો સઘળો ઘસડાઇ આવેલી રેતીનો બનેલો પાધર મુલખ છે. ઉત્તર દક્ષિણ ખંભાતના આખાતને કિનારે લંબાઇ ૫૪ મૈલ, ને પૂર્વ પશ્ચિમ પહોળાઇ ઉત્તરમાં ૩૦ મૈલને ત્યાંથી દક્ષિણમાં ૨૫ મૈલપર ૪૦ મૈલ ને પછી સંકડાતી છેક દક્ષિણમાં ૨૦ મૈલથી વધારે નથી. જિલ્લામાં

૩, ગાયકવાડી ગામ સિવાય બીજો દેશી રાજ્યનો મુલખ નથી. જમીનની સપાટીના દેખાવમાં જિલ્લાના ત્રણ વિભાગ થઇ શકે. દરિયાકાંઠે રેતાળ સાંકડો કટકો, પછી નીચાણ ખારાપાટનો મુલખ અને તેની પાછળ ભરતી ન પહોંચે તેની પેલીગમ ફળદ્રુપ ને સારો ખેડાયલો મુલખ. પહેલા રેતાળ ભાગમાં હરણ ને બકરાંને સારો ચારો મળે છે. ખારાપાટના બીજા વિભાગમાં માત્ર ચોમાસામાં હરણાંને ઘણું ભાવતું ખારૂં ઘાસ થાય છે; બીજી મોસમમાં એ વિભાગ કેવળ ઉજ્જડ રહે છે. પછી પૂર્વમાં જેમ જેમ જઇએ તેમ તેમ પાણી મીઠાં ને તંગાશ ઓછી, જમીન ફળદ્રુપ ગામ મોટાં ને ઝાડની ઘટાવાળાં આવે છે. તોપણ એકંદર જિલ્લામાં ઝાડો ઓછાં, તુલમાં ઘઊં ને કપાસનો પાક મોટો. ખેતરોને વાડ તથા ઝાડઝાંખરાંની હદ નહિ ને ૬/૭ ભાગ કાળી રૂના તુલની જમીનનો છે.

નદી—જિલ્લાની ઉત્તર સીમાપર મહી ને દક્ષિણપર કીમ સિવાય, ઢાઢર ને નર્મદા બે મોટી નદી છે. ઢાઢર નદી ચાંપાનેરની પાછળ વિંધ્યાચળ પર્વતમાંથી નિકળી, મહીની દક્ષિણે ૨૦ મૈલપર ખંભાતના આખાતને મળે છે. સમુદ્રથી ૩૦ મૈલપર એને જમણે કાંઠે વિશ્વામિત્રી આવી મળે છે; ફથમના ભાગમાં એના કિનારા ઊંચા ને કાદવ તથા માટીના છે. આમોદથી પશ્ચિમમાં ૬ મૈલપર મોતાની ખાડી આવી મળે છે. અહીંથી નદીનું મુખ પહોળું થાય છે, ને સમુદ્રથી ૭ મૈલપર ખાડી થાય છે; ખાડીના પૂર્વ કિનારાપર ટંકારીઆ બંદર આવેલું છે. ભરતી ન લાગે તે ભાગમાં નદીનો પ્રવાહ કોરી મોસમમાં ઘણો નાનો છે, ને પાણી જવલ્લેજ ૩ ફૂટથી વધારે હોય છે. પણ ચોમાસામાં પાણી ૨૦ થી ૩૦ ફૂટ ચઢી, નદીમાં પાર થતો નથી. મુખથી ૭ મૈલ ટંકારીઆ સૂધી વહાણો ખેડાઇ શકે છે, તોપણ નદીનો માર્ગ ઘણો મુશ્કેલ છે. વચ્ચે વચ્ચે કાદવ ને રેતીવાળાં ભાઠાં ઉપર નિકળી આવેલાં હોય છે.

નર્મદા અથવા રેવા નદી મધ્ય પ્રાંતમાં બિલાસપુરના જિલ્લામાં અમરકંટકના ડુંગરમાંથી નિકળી ૬૬૦ મૈલનો માર્ગ લીધા પછી ગૂજરાતમાં દાખલ થાય છે ને અહીં ૧૦૦ મૈલ વહી ને ખંભાતના આખાતને મળે છે. તેની પહોળાઈ ભરૂચ જિલ્લામાં દાખલ થાય છે તે ઠેકાણે અડધો મૈલ ને ભરૂચ શહેર આગળ એક મૈલ છે; પછી તે વધારે પહોળી થઇ ખાડી થાય છે ને તેના કાંઠા ખંભાતનો આખાત શરૂ થાય છે ત્યાં ૧૩ થી વધારે મૈલ એક બીજાથી છેટે છે. સમુદ્રની ભરતી ભરૂચથી ૨૫ મૈલપર રાયણપુર લગી જણાય છે. ત્યાં પાણી એક વેંતથી વધારે ચઢતું નથી. ભરૂચ આગળ મોટે જુવાળે પાણી ૯ ફૂટ ૨ ઇંચ ને ઓટને જુવાળે ૨ ફૂટ ૨ ઇંચ ચઢે છે. નદીના મુખ આગળ મોટે જુવાળે ભરતીનાં મોજાંની છોળોની ઊંચાઇ ૨૫ થી ૩૦ ફૂટની છે. નર્મદામાં ડાબે કાંઠે શુકલતીર્થ આગળ કાવેરી ને ભરૂચથી ૬ મૈલપર પૂર્વમાં અમરાવતી તથા જમણે કાંઠે ભરૂચથી ૧૫ મૈલપર પશ્ચિમે મેહગામ આગળ ભખી, એ શાખાઓ મળે છે.[૧]

૧. નર્મદા વિશે વિશેષ હકીકત પ્રકરણ ૧ પાને ૫-૬ માં આવેલી છે.

વસ્તી--સૌથી સારા ખેડુતો કણબી છે. રજપૂત ગરાશીઆ જમીન ગણોતે ખેડાવે છે અને રજપૂત ખેડુતો કણબી કરતાં ઉતરતા છે. કાછીઆ શાકભાજી કરે છે ને વેચે છે, ને તેઓની ખેતી સારી છે. વેપારીમાં મોઢવાણીઆ પૈસાદાર છે, ને ગૂર્જર વાણીઆ વેપારના સહાસમાં બહાર પડતા છે. મુસલમાનો ઘણે ભાગે કંગાળ છે, પણ વ્હોરાઓ જેઓ જિલ્લાના સઘળા ભાગમાં છે, તેઓ મહેનતુ, હોશિયાર ને સારી સ્થિતિમાં છે. પારસીઓ ભરૂચ જિલ્લામાં છ સદી થયાં વસેલા છે, ને અગાઉ કાપડ વણાટના કામમાં હોશિયાર ગણાતા હતા; પણ હાલમાં એઓમાંના માત્ર થોડાક વહાણવટી ને ખેડુતો રહેલા છે.

ખેતી--૧૮૮૪-૮૫ માં બધું મળી ૫૬૨,૨૭૯ એકરનું ખેડાણ થયું હતું; તેમાં કપાસ સૌથી મોટું તુલ એટલે ૨૨૬,૮૧૩ એકરનું હતું; એ સિવાય ઘઊં ૧૧૯,૬૦૮, જુવાર ૯૪,૬૧૪, ડાંગર ૨૬,૨૧૮ બાજરી ૧૨,૮૨૧, કોદરા ૮૭૬૪, તુવર ૭૧૬૯, ચણા ૧૭૯૨, તંબાકુ ૨૧૧૦ ને તલ ૧૨,૩૦૭ એકરના હતા. પરદેશી કપાસ દાખલ કરવામાં ઘણું મથન કરવામાં આવ્યું, પણ તે નિષ્ફળ ગયું; પણ કપાસ પીલવાનો સાંચો પ્રથમ ૧૮૬૪ માં દાખલ કરવામાં આવ્યો હતો તેની ઘણી ફતેહ થઇ છે, ને હાલ ઘણો કપાસ દેશી ચરકાને બદલે સાંચાથી પીલાય છે. કપાસથી ઉતરતું ઘઊં, જુવાર ને ભાતનું મુખ્ય તુલ છે, પણ તંબાકુના તુલમાં નફો સારો થાય છે.

વેપાર--૧૮૬૩માં લોકલફંડનો કર નંખાયો ત્યાર પછી ૧૫૦ મૈલના ૧૩ રસ્તા બંધાયા છે. રેલવે ૧૮૬૧માં ઉઘાડી ને તે જિલ્લાના પૂર્વ ભાગમાં ૩૮ મૈલ થયા જાયછે. જિલ્લામાં બધાંમળી ૫, રેલવેનાં સ્ટેશનો છે: પાનોલી, અંકલેશ્વર, ભરૂચ, ચમારગામ ને પાલેજ. પહેલાંના વખતમાં ગૂજરાત ને માળવાનો સઘળો વેપાર ભરૂચ ને ટંકારીઆ બંદરેથી જતો; પણ રેલવે થયા પછી બંદરનો વેપાર ઘણો તૂટી ગયો છે. અઢારસો વરસપર હિંદુસ્તાન ને પશ્ચિમ એશીઆની વચ્ચે ભરૂચ એ મોટું વેપારનું મથક હતું. સોનું, રૂપું, મોતી, ઇટલીઅન ને ઇરાની દારૂ, ખજૂર ને ગુલામો પુષ્કળ આવતા; ને ચોખા, ઘી, રૂ, તેલ, ખાંડ, મસલીન, સુખડ ને એબની પુષ્કળ બહાર ગામ ચઢતાં. સત્તરમી સદી સૂધી એ વેપાર જારી રહ્યો, પણ ત્યાર પછી ધીમે ધીમે પ્રથમ સૂરત ને પછી મુંબઇ તરફ વળવા માંડયો, ને ભરૂચ હાલ વેપારનું નાનું બંદર છે. બધાં મળી ૫, બંદરો છે: દેહગામ મહીના મુખ આગળ; ટંકારીઆ, ઢાઢર નદીને જમણે કાંઠે મુખથી ૬, મૈલ-પર; ગંધાર ટંકારીઆની સામી બાજુ એ ડાબે કાંઠે સમુદ્ર તરફ ૩ મૈલ પરઃ દેહેજ નર્મદાના મુખ આગળ જમણે કાંઠે; અને ભરૂચ ત્યાંથી ૩૦ મૈલપર. એમાંથી માત્ર ભરૂચ ને ટંકારીઆ બંદરનો વેપાર કંઇ ઠીક છે. જાયાત માલમાં મુખ્ય રૂ, મહુડાં, ને કાપડ; ને આયાતમાં સૂતર, ત્રાંબુ પિત્તળ વગેરે ધાતુ, ખાંડ, કાપડ ને લક્કડ એ છે.

હુન્નર—ભરૂચ એના કાપડ માટે ઘણું વખણાતું ને એ કારણને લીધે અંગ્રેજ ને વલંદાઓ એ અહીં પોતાની કોઠી ઘાલી હતી. ગઇ સદીમાં એ કામ પર હજારો માણસ, બૈરાં ને છોકરાં

લાગેલાં હતાં, પણ સાંચાથી વણાતાં વિલાયતી કાપડ આગળ હાથના વણાટનો ધંધો ઘણોખરો પડી ભાંગ્યો છે. છેલ્લાં વીસેક વરસમાં સાંચાથી ૨ કાંતવાની અને કાપડ વણવાની ૩ ગીરણીઓ દાખલ થઇ છે, ને કપાસ પીલવાને ચરખાને બદલે વિલાયતી જીનો દાખલ થયાં છે. આમોદના ચપ્પુ સૂડી વગેરે સારાં વખણાય છે.

દિવાની કોર્ટ—ભરૂચ શહેરમાં આસિસ્ટંટ જડજની ને સૂરત ને ભરૂચ વચ્ચે સ્મોલ કોઝની કોર્ટ છે; એ સિવાય ૪ મુનસફની કોર્ટ છે, ભરૂચ, અંકલેશ્વર, વાગરા ને જંબુસરમાં. શહેર સુધરાઇ ખાતાની મ્યુનિસિપાલિટી ૩ છેઃ ભરૂચ, અંકલેશ્વર ને જંબુસરમાં. ડિસ્પેનસરીઓ અથવા દવાખાનાં, ભરૂચમાં સિવિલ હોસ્પિટલ સિવાય, ૮ છેઃ જંબુસર, આમોદ, વાગરા, અંકલેશ્વર, હાંસોટ, ધ્રલાવ, કાવી ને દેહેજમાં. શાળાઓ, ભરૂચ ૧ હાઇસ્કૂલ સિવાય, જિલ્લામાં ૨૧૩ છે, તેમાં ૧ એંગ્લોવર્નાક્યુલર, ૨૦૩ છોકરાની ગૂજરાતી, ને ૯ કન્યા શાળા.

ઉપજ—૧૮૮૨-૮૩માં મુખ્ય ઉપજમાં જમીનની રૂ. ૨૪,૦૦,૦૦૦, સ્ટૅંપની રૂ. ૧૪૮,૦૦૦, આબકારી રૂ ૧,૩૩,૦૦૦, લાઇસન્સ ટેક્સની રૂ. ૨૮,૯૦૦, લોકલફંડની રૂ. ૧૩૯,૯૦૦, અને ૩ મ્યુનિસિપાલિટીની રૂ. ૯૮,૨૦૦ની થઇ હતી.

ખેડા જિલ્લો.

વર્ણન—ખેડા જિલ્લો ઉત્તર અક્ષાંશ ૨૨° ૧૫′ ને ૨૩° ૧૦′ ને પૂર્વ રેખાંશ ૭૨° ૩૩′ ને ૭૩° ૨૭′ ની વચ્ચે છે. એનું ક્ષેત્રફળ ૧૬૦૮ ચો. મૈલ, ૧૮૮૧માં વસ્તી ૮૦૪,૮૦૦ અથવા દર ચો॰ મૈલ ૫૦૩, ને ૧૮૮૨–૮૩માં ઉપજ રૂ. ૫૩,૪૦,૦૦૦ ની હતી.

સીમા—ઉત્તરે અમદાવાદ જિલ્લો, મહીકાંઠા ને વાડાસિનોર; પૂર્વે, અગ્નિકોણ ને દક્ષિણમાં મહી નદી જિલ્લાને પંચમહાલ, ગાયકવાડી મુલખ ને ભરૂચ જિલ્લાથી જૂદો પાડે છે; નૈર્ઋત્ય કોણમાં ખંભાતનું સંસ્થાન; ને પશ્ચિમે સાબરમતી ને તેની પેલીમેર અમદાવાદ જિલ્લો છે.

તાલુકા—વ્યવસ્થાને માટે જિલ્લાને ૭ તાલુકામાં વહેંચેલો છેઃ કપડવંજ, ઠાસરા, મહેમદાવાદ, નડીઆદ, માતર, આણંદ ને બોરસદ. બધાં મળી ૫૮૯ ગામ છે, તેમાં ૫૫૯ સરકારી ને ૩૦ ઇનામી. સરકારી ગામોમાં ૩૨ મોટા જમીદારોનાં છે; એટલે ૩૦ મહેવાસી એટલે કોળી ને ૨ તાલુકદાર એટલે રજપૂત ગરાસીઆનાં છે.

દેખાવ—ઉત્તર દક્ષિણ પહોળાઇ ૨૫ થી ૪૦ મૈલ ને લંબાઇ પૂર્વમાં મહીને કાંઠે ૬૦થી વધારે મૈલ છે. છેક ઉત્તરમાં એક ખુણામાં ને અગ્નિકોણ ને દક્ષિણમાં મહીના કાંઠા પાસે પહાડીને ખડબચડી જમીન છે, એ સિવાય મુલખ આખો પાધરને સપાટ છે. બધી જમીન

B 524—yy

ખેડવા લાયક છે, તોપણ મધ્યમનો ચરોતરનો ભાગ ઘણો ફળદ્રુપ ને સારો ખેડાયલો છે. નૈ-ર્ઋત્ય કોણમાં ખંભાત તરફ જતાં જમીન ઓછી ફળદ્રુપ ને વેરાન આવતી જાય છે.

નદી—મુખ્ય નદી પૂર્વમાં મહી ને પશ્ચિમમાં સાબરમતી ને એ સિવાય શેઢી, વાત્રકને ખારી છે. મહીનદી ખેડા જિલ્લામાં ૧૦૦ મૈલ વહે છે. તેમાં પ્રથમ ૪૦ મૈલ તેનું તળિયું ખડ-કની ને પછી ૧૦ રેતીની જમીનનું છે; અને પછી ૪૫ મૈલ તે ભરતીવાળો નદીનો માર્ગ છે. વેરાખાડી આગળ ભરતી અટકે છે ત્યાં તેનું ભાઠું ઉન્હાળામાં ૫૦૦ વાર પહોળું, પ્રવાહ ૧૨૦ વાર પહોળો ને પાણી ૨૩ ફૂટ ઉંડું છે. સમુદ્રથી ૩૦ મૈલ પર દહેવાન આગળ નદી તે ખાડી જેવી ૫ મૈલ પહોળી છે. ચોમાસામાં જ્યાં કાંઠા ઊંચા છે ત્યાં ૪૦ ફૂટ ઉંડું પાણી થાય છે, તો-પણ કોરી મોસમમાં જિલ્લાની હદમાં મહી ઘણેક ઠેકાણેથી પાર ઉતરાય છે.[1] સાબરમતી જિ-લ્લાની પશ્ચિમે માત્ર ૧૪ મૈલ વહે છે, ને એનું પાણી પીતના ખપમાં ઘણું આવે છે.

શેઢી નદી મહીકાંઠામાં દામોદીના ડુંગરમાંથી નિકળી, જિલ્લાના ઇશાન કોણમાં મહીથી બે મૈલ છેટે દાખલ થઇ પશ્ચિમ તરફ વહે છે. જમણે કાંઠે ડાસરામાં સુઇદક, નડીઆદથી ૮ મૈલ પર ઉત્તરમાંથી મોહર, ખેડા આગળ મૂળખારી, ને ખેડાની પેલી તરફ વાત્રક, એ શાખાઓ એને આવી મળે છે. વાત્રક ને એ ભેગી વહી સાબરમતીને માતર તાલુકાની પશ્ચિમે મળે છે. શેઢીના કિનારા ઉંડા, પાણીના પ્રવાહનો વેગ જોરમાં ને તળિયું કાદવ કીચડવાળું, એ કારણને લીધે નદી ઓળંગવી કઠણ છે. મોહર આવીને મળે છે ત્યારપછી એનું પાણી ખારૂં થાય છે, ને પીતના કામમાં આવતું નથી. વાત્રક આવીને મળે છે ત્યાંથી બેએક મૈલ ઉપરના ભાગથી નદીનો પ્રવાહ ઘણો ખરો કોરો થઇ જાય છે.

વાત્રક નદી મેવાડમાં સતુમન આગળથી નિકળી, મહીકાંઠા ને પરાંતીજમાંથી વહી જિ-લ્લામાં દાખલ થાય છે. ખેડાની ઉત્તરે ૫ મૈલ પર એને મેશ્વા આવી મળે છે ને ખેડા આગળ શેઢીને મળી વૌઠા આગળ સાબરમતીમાં પડે છે. જિલ્લામાં તેના ૪૦ મૈલના માર્ગમાં તેનું તળીઉં રેતીનું ને ૧૫૦ ફૂટ પહોળું છે. એનું પાણી પીતના કામમાં ઘણું આવે છે.

ખારી નદી ઇડર સંસ્થાનમાં અહમદનગરની ઇશાન કોણમાં દશ મૈલ પરના ડુંગરમાંથી નિકળી, ખેડા જિલ્લાની પશ્ચિમમાં થોડાંક ગામોમાંથી વહે છે ને વાત્રક ને સાબરમતીના સંગ-મથી થોડેક ઉપલે ભાગે રઢુ ગામ આગળ સાબરમતીને મળે છે. ખારી નદીને ઇરિગેશન ખાતા-વાળા તરફથી બાંધી લેવામાં આવી છે, ને એનું પાણી પીતના કામમાં ઘણું આવે છે.

વસ્તી—ખેડુતમાં મુખ્ય ને બહાર પડતા લેવા ને કડવા કણબી છે. એઓ મહેનતુ, નિ-ર્વ્યસની ને શાંત પ્રકૃતિના છે. પાટીદારો અગાઉ ગામના હિસ્સેદાર ને કણબી માત્ર ખેડુતો હતા.

---

૧. મહી નદીવિષે વિશેષ હકીકત પ્રકરણ ૧ માં આપેલી છે.

રજપૂત ઠાકોરોના કબજામાં હજુ ઘણી જમીન છે, પણ તેઓ નફ્ફરાને ઉડાઊ છે, ને તેમને કરજમાંથી મોકળા કરવા માટે સરકારને ખાસ ઉપાય લેવા પડયા હતા. કોળી જે પ્રથમ લૂટફાટ કરી રહેતા, તે ઘણો વખત થયાં શાંત પડી એક વાસ કરી રહ્યા છે, પણ ખેતીમાં તેઓનું સારૂં લક્ષ નથી. મુસલમાનો ઘણે ભાગે ખેતી ને કારીગીરીના ધંધામાં લાગેલા છે; પણ વ્હોરાઓ જેઓ ઘણુંકરીને હિંદુના વટલી મુસલમાન થયલા, તેઓ ઘણાખરા વેપારી છે.

ખેતી—મુખ્ય અનાજનાં તુલ બાજરી, ડાંગર, જુવાર, કોદરાને થોડા ઘણા ઘઊં છે. કોદ્રાળ, તલ ને કપાસ ઘણાં થતાં નથી, પણ તંબાકુનું ખેડાણ ઘણું થાય છે. ૧૮૮૪-૮૫માં બધું મળી ૭૩૮,૪૬૨ એકરનું ખેડાણ થયું હતું; તેમાં બાજરી ૨૦૭,૯૪૬, ડાંગર ૧૩૨,૯૮૬, કોદરા ૧૧૬,૨૬૩, જુવાર, ૮૨,૨૦૦, નાગલી ,૫૮,૦૯૯, ઘઊં ૩૭,૦૯૧, ચણા ૩૧,૧૪૦, તુવર ૨૦,૯૨૬, તંબાકુ ૨૨,૮૪૪ ને કપાસ ૧૧,૦૭૬ એકર હતા.

વેપાર—૧૮૬૪ માં લોકલફંડનો કર નંખાયા પછી, જિલ્લામાં ૧૦૦ મૈલના ૬ રસ્તા, ઘણા ખરા પત્થર પૂરેલા, બંધાયા છે. ૧૮૬૩માં રેલવે ચાલુ થઇ, ને ૧૮૭૪ થી આણંદથી પાલી ને ત્યાંથી પંચમહાલ તરફ ડાકોરની શાખા ચાલવા માંડી છે. મુખ્ય લાઇન જિલ્લામાં ૩૯ મૈલ લાંબી ને તે પર ૬ સ્ટેશન છે: વાસદ, નાવલી, આણંદ, બોરીઆવી, નડીઆદ, ને મેહેમદાવાદ; ડાકોરની શાખા જિલ્લામાં ૩૨ મૈલ લાંબીને તે પર ૫ સ્ટેશનો છે: ભાલેજ, ઉમરેઠ, ડાકોર, ઠાસરા ને પાલી. જાયાત માલમાં મુખ્ય રૂ, ઘી, મહુડાં, અનાજ ને તંબાકુ; અને આયાત માલમાં કપાશીઆ, ધાતુ, ગોળ, ખાંડ, કપ્પડ ને લક્કડ છે.

હુન્નર—ઉદ્યોગમાં ઘી ઘણું બને છે, ને દર વરસે આસરે ૮ લાખ રૂપીઆનું બહાર ગામ ચઢે છે. રૂ કાંતવાનો ને કાપડ વણવાનો ધંધો વિલાયતી કાપડ આગળ પડી ભાંગ્યો છે, અને મજબૂત જાડું કાપડ વણાઇ અગાઉ બહાર ગામ ઘણું જતું તેનો ખપ, મુંબઇની ગીરણીનાં કાપડ ને બંગાળાનાં જૂટના કાપડ આગળ હવે રહ્યો નથી. કપડવંજમાં કાચની બંગડી ને બીજું કામ તથા સાબુ બની બહાર ગામ ચઢે છે.

દિવાની કોર્ટ—ખેડા ને પંચમહાલ વચ્ચે આસિસ્ટંટ જડજની છે; એ સિવાય ૫ મુનસફની કોર્ટો છે; ખેડા, નડીઆદ, કપડવંજ, બોરસદ, ને ઉમરેઠમાં. સુધરાઇ ખાતાની મ્યુનિસિપાલિટીઓ ૫ છે. ખેડા, મેહેમદાવાદ, નડીઆદ, કપડવંજ ને ડાકોરમાં. ડિસ્પેનસરીઓ અથવા દવાખાનાં, ખેડામાં સિવિલ હોસ્પિટલ સિવાય, ૬ છે: નડીઆદ, મેહેમદાવાદ, મહુધા, કપડવંજ, ડાકોરને બોરસદમાં. શાળાઓ, નડીઆદમાં હાઇસ્કૂલ સિવાય, જિલ્લામાં ૨૨૪ છે; તેમાં ૫ એંગ્લો વર્નાક્યુલર, ૨૦૬ છોકરાની ગૂજરાતી, ને ૧૩ કન્યા શાળા.

ઉપજ—૧૮૮૨-૮૩ માં મુખ્ય ઉપજમાં જમીનની ઉપજ રૂ. ૨૨,૮૧,૦૦૦, સ્ટૅમ્પની રૂ. ૧,૯૬,૦૦૦, આબકારીની રૂ. ૬૭,૦૦૦, લાઇસન્સ ટેક્ષની રૂ. ૬૨,૦૦૦, લોકલ ફંડની રૂ. ૧,૪૨,૪૦૦, અને ૫ મ્યુનિસિપાલિટીની રૂ. ૫૩,૪૦૦ ની થઇ હતી.

પંચમહાલ.

વર્ણન—પંચમહાલ જિલ્લો ઉત્તર અક્ષાંશ ૨૨° ૩૦′ ને ૨૩° ૧૦′ ને પૂર્વ રેષાંશ ૭૩° ૩૫′ ને ૭૪° ૧૦′ ની વચ્ચે છે. એનું ક્ષેત્રફળ ૧૬૧૩ ચો. મૈલ, ૧૮૮૧ માં વસ્તી ૨,૫૫,૪૭૯ અથવા દર ચો. મૈલે ૧૫૮ ને ૧૮૮૨-૮૩ માં ઉપજ રૂ. ૩,૮૭,૪૮૩ ની હતી.

સીમા—બારીઆ સંસ્થાનનો સાંકડો પહાડી રાની ભાગ વચ્ચે આવી, જિલ્લાના બે ઇન્સાયધા વિભાગ પડે છે. પશ્ચિમના વિભાગમાં ગોધરા ને કાલોલ તાલુકા છે. એના વાયવ્ય કોણમાં મહીની પેલી તરફ ખેડા જિલ્લાનો ખાલસા મુલખ છે, તે સિવાય બીજી બધી હદપર દેશી રાજ્યો આવેલાં છે; વડોદરા દક્ષિણ તથા પશ્ચિમે, બારીઆ પૂર્વમાં, ને લુણાવાડા ને સુંથ ઉત્તરમાં. પૂર્વના વિભાગમાં દોહદ તાલુકો ને ઝાલોદ પેટામહાલ છે; બારીઆ નૈર્ઋત્યકોણ ને પશ્ચિમમાં, લુણાવાડા ને સુંથ વાયવ્ય કોણમાં, મેવાડનું કુશલગઢ સંસ્થાન ઉત્તરે ને ઇશાન કોણમાં ને માળવાનું જાંબુ સંસ્થાન પૂર્વ ને અગ્નિકોણમાં.

તાલુકા—વ્યવસ્થાને માટે જિલ્લાને ૩ તાલુકામાં વહેંચેલો છે, ગોધરા કાલોલ ને દાહોદ-કાલોલમાં હાલોલ ને દાહોદમાં ઝાલોદ પેટામહાલ છે. બધાંમળી ૭૫૦ ગામો છે, તેમાં ૬૬૪ સરકારીને ૮૬ ઇનામી. સરકારી ગામોમાં ૧૬૯ મોટા તાલુકદારોના હાથમાં છે.

દેખાવ—દક્ષિણમાં ચાંપાનેરની નજીક સિવાયનો પશ્ચિમ વિભાગ સપાટ છે, પણ પૂર્વ વિભાગની સપાટી પહાડી ખડબચડી છે. પૂર્વ વિભાગની સપાટી ગોધરાના મેદાનથી ૭૦૦ થી ૮૦૦ ફૂટ ઊંચી છે, ને તેની ઉત્તર દક્ષિણ લંબાઇ આસરે ૪૦ મૈલ ને પૂર્વ પશ્ચિમ પહોળાઇ ૨૦ મૈલ છે. પૂર્વમાં ઝાડો ઓછાં છે, પણ બીજા ભાગમાં, વિશેષે મધ્ય ભાગમાં, પ્રદેશ ઝાડો ને રાનથી સારો ઢંકાયલો છે. પશ્ચિમના ભાગમાં પાવાગઢથી ઉત્તરમાં ગામો આબાદ, ઘરો સારાં બાંધેલાં ને ખેતરો સારાં ખેડાયલાં છે; પણ પાવાગઢની નજીક ને ત્યાંથી અગ્નિ કોણમાં ૧૫ મૈલ જાંબુઘોડાની હદ સૂધી મુલખ રાની ને ઉજ્જડ, વસ્તી ને ખેતી આછી ને ગામો નાનાં ને આઘેઆઘે છે.

પહાડો—દાહોદને ગોધરામાં કેટલીક નાની ટેકરી સિવાય, સૌથી મોટો ને જાણવા લાયક પહાડ પાવાગઢનો છે. પાવાગઢનો ડુંગર ગોધરાની દક્ષિણે ૨૫ ને વડોદરાની પૂર્વે ૨૯ મૈલપર આવેલો છે. એનો પરીઘ ૨૬ મૈલ ને મેદાનની સપાટીથી ૨૫૦૦ ફૂટ ઊંચો છે. એની તળેટી ને નીચાણના ભાગો જંગલી ઝાડોથી છવાયલાં, પણ મધ્ય ભાગ ને ટોચ વેરાન છે. આસપાસના

મેદાન કરતાં અત્રે ઠંડી સારી રહે છે, ને તેથી પંચમહાલ ને વડોદરાના યૂરોપિયન અધિકારીઓ ઉન્હાળામાં ત્યાં હવાફેર જાય છે.[૧]

નદી--પૂર્વ ને પશ્ચિમ બંને વિભાગની નદીઓ મહીને મળે છે. ગોધરા ને કાલોલની નદીઓ પશ્ચિમમાં વહી બહારોબહાર મહીને મળે છે; દાહોદ ને ઝાલોદમાં ઢોળાવ ઇશાન કોણમાં છે ને તેની નદીઓ મહીની શાખા અનાસને મળે છે. જિલ્લામાં નદીનાળાં ને તળાવો ઘણાં હોવાથી પાણીનો ખુટકો નથી. મહી ગોધરાની પશ્ચિમમાં ૧૮ મૈલ સૂધી વહે છે. અહીં એનો પ્રવાહ માત્ર ૨ ફૂટ ઉંડો ને ૫૦ વાર પહોળો ને કિનારા ૨૦ ફૂટથી વધારે ઊંચા નથી. એ સિવાય મોટી નદીમાં પાનમ ગોધરામાં ને કરડ કાલોલમાંથી થઇ મહીને મળે છે. વિશ્વામિત્રી પાવાગઢના ડુંગરમાંથી નિકળી, વડોદરાની દક્ષિણેથી વહી, ઢાઢરને મળે છે; દેવ નદી બારીઆના ડુંગરમાંથી નિકળી હાલોલની દક્ષિણે ૨૦ મૈલ વહી, ઢાઢરને મળે છે. પૂર્વ ભાગમાં મોટી નદી અનાસ છે જે માળવામાંથી આવી દાહોદ ને ઝાલોદની પૂર્વમાં વહી ઇશાન કોણમાં મહીને મળે છે.

વસ્તી--વસ્તીનો મોટો ભાગ ખેડુત વર્ગનો છે. કોળીની સંખ્યા મોટી છે. તેઓ મજબૂત બાંધાના ને ઉદ્યોગી છે, પણ તેમને અફીણની નઠારી આદત વળગેલી છે. કણબી ને કાછીઆ વડોદરા ને ખેડા તરફથી આવેલા કહેવાય છે ને ખેતીમાં હુશીઆર છે. રજપૂતો એટલા હુશીઆર તો નહિ પણ ધીમે ધીમે ખેતીના કામમાં સુધરવા માંડયા છે. ભીલ ને નાયકડા મળી કુલ વસ્તીનો ત્રીજો ભાગ થાય છે. ભીલો ઘણે ભાગે હવે સ્થાયી ખેડુતો થયા છે, તોપણ ઘણા હજુ રાની ભાગ ખેડે છે, અને એક કે બે બરસને આંતરે એક ભાગ ખેડેલો છોડી બીજો ભાગ ખેડે છે. પહેલાં લૂટારા તરીકે ધાડ પાડવા સિવાય બીજી વખતે કસ્બાઓમાં કદી આવતા નહિ, ને હવે અનાજ, લાકડાં ને ઘાસ વેચતા મ્હોલે મ્હોલે ટોળાંબંધ જણાય છે. નાયકડા બધા રાની ભાગમાંજ રહે છે, ને લાકડાં કાપવાનો ને મજૂરીનો ધંધો કરે છે; પણ થોડાંએક ઝાડના ઝાંખરાં જમીનપર બાળી તેમાં ખેતી કરે છે. મુસલમાનો ઘણે ભાગે ઘાંચી ને બોજો વહેનારાનો ધંધો કરે છે, પણ હાલમાં તેઓ ખેતી કરતા થયા છે. ભીલ ને નાયકડા ગામ વસાવી રહેલા નથી, પણ દરેક કુટુંબ ઇલાયદાં એક એકથી છેટે આવેલાં ઝુંપડામાં રહે છે, ને એક જગાએથી બીજી જગાએ પોતાનો મુકામ વારે ઘડીએ બદલ્યાં કરે છે.

ખેતી—મકાઇ મુખ્ય તુલ છે, પણ બાજરી ને ડાંગરનું તુલ પણ ઘણું થાય છે, ઘઊંનો પાક વધતો જાય છે; ચણા, તલ, ને રામતલ નિકાસ માટે ઉગવે છે ને મહુડાંનાં બીઆંમાંથી કાઢેલું તેલ સાબુ બનાવવા માટે કપડવંજ જાય છે. જિલ્લો હજુ ઘણો પછાત છે, ને ખેડવા લાયક

---

૧. વિશેષ વર્ણન 'જાણવાજોગ જગા' એ પ્રકરણ ૯ માં આપેલું છે.

જમીનનો અડધો અડધ ભાગ બિનકબજ છે. ૧૮૮૪-૮૫માં બધું મળી ૨,૪૦,૮૩૩ એકરનું ખેડાણ થયું હતું; તેમાં મકાઇ ૫૮,૧૮૦, ડાંગર ૪૬,૮૪૦, બાજરી ૪૨,૦૯૬, ઘઉં ૨૭,૨૩૫, કોદરા ૧૪,૨૪૦, નાગલી ૧૦,૨૯૩, જુવાર ૩૨૫૮, ચણા ૪૦,૫૭૪, તુવર ૨૮૪૫ ને તલ ૨૫,૮૨૮ એકર હતા.

વેપાર—વેપારનો ધોરી રસ્તો, મધ્ય હિંદુસ્થાન ને રજપૂતસ્થાનને જોડતો, જિલ્લામાં પૂર્વ પશ્ચિમ થઇને જાય છે, આ રસ્તો પહેલાં વડોદરા આગળ અટકતો પણ પાલી આગળ રેલવે થયાથી વેપાર તે સ્ટેશન તરફ વળ્યો છે. હાલમાં રેલવે ગોધરા સૂધી વધી છે, ને વેપાર સઘળો ત્યાં વળશે એવો સંભવ દીસે છે. લોકલફંડમાંથી ૧૭૦ મૈલના રસ્તા બાંધ્યા તથા સમાર્યા છે. જિલ્લામાં થઇ ધોરી રસ્તે વેપાર અગાઉ ઘણો જતો, પણ ખંડવા આગળથી મધ્ય હિંદુસ્થાનમાં રેલવે થઇ ત્યારથી મીઠું ને તંબાકુ ગૂજરાતમાંથી ગાડાંવાટે જતાં તે હવે આગગાડી વાટે જાય છે. માળવાસાથેનો અફીણનો વેપાર આબકારી ખાતાએ બંધ પાડયો છે. ગૂજરાતમાં મુખ્ય જાયાત માલમાં અનાજ, મહુડાં, લક્કડ, ને તલ છે; અને આયાતમાં તંબાકુ, મીઠું, નાળિયર, લોઢાંનો સામાન ને કપ્પડ છે. જાયાતમાં લક્કડ મુખ્ય છે, ને ઘણું બારીઆ ને સાંગલીના રાનમાંથી આવે છે.

હુન્નર—હુન્નરમાં જાણવાજોગ લાખની ચૂડીઓ બનાવવાનો છે. એ સિવાય દાહોદમાં જેસવાડા ને ગાંગડી ગામમાં સીસમની કાંસકીઓ સારી બને છે.

દિવાની કોર્ટ—ખેડા ને પંચમહાલમાં વચ્ચે આસિસ્ટંટ જડજની છે; એ સિવાય ૨ મુનસફની કોર્ટો છે, ગોધરા ને દાહોદમાં. સુધરાઇ ખાતાની મ્યુનિસિપાલિટીઓ ૨ છે: ગોધરા ને દાહોદમાં. ગોધરામાં સિવિલ હોસ્પિટલ સિવાય દાહોદમાં ડિસ્પેન્સરી છે. શાળાઓ જિલ્લામાં ૭૫ છે; તેમાં ૬૯ છોકરાની ગૂજરાતી ને ૬ કન્યાશાળા.

ઉપજ—૧૮૮૨-૮૩ માં મુખ્ય ઉપજમાં જમીનની રૂા. ૨૯૭,૩૫૦, સ્ટૅંપની રૂા. ૨૩,૪૫૦ આબકારીની રૂા. ૪૦,૬૦૦, લાઇસન્સ ટેક્ષની રૂા. ૭૬૦૦, લોકલફંડની રૂા. ૩૯,૦૦૦ અને ૨ મ્યુનિસિપાલિટીની રૂા. ૧૦,૮૦૦ ની થઇ હતી.

અમદાવાદ જિલ્લો.

વર્ણન—અમદાવાદ, મુંબઇ ઇલાકામાં સૌથી ઉત્તરનો જિલ્લો, ઉત્તર અક્ષાંશ ૨૧° ૨૫′ ને ૨૩° ૩૭′ અને પૂર્વ રેખાંશ ૭૧° ૨૧′ ને ૭૩° ૨૮′ ની વચ્ચે છે. એનું ક્ષેત્રફળ ૩૮૨૧ ચો. મૈલ, ૧૮૮૧માં વસ્તી ૮,૫૬,૩૨૪, અથવા દર ચો. મૈલે ૨૨૪, ને ૧૮૮૨-૮૩માં ઉપજ રૂા.૨૫,૪૧,૩૦૦ની હતી.

સીમા—ઉત્તરે ગાયકવાડી દેહગામ ને કડી, પૂર્વે ખેડા જિલ્લો, ખંભાતનું સંસ્થાન ને ખંભાતનો અખાત, દક્ષિણે ભાવનગર ને પશ્ચિમે ઝાલાવાડ ને કચ્છનું રણ છે. મુખ્ય ભાગથી પરાં-

તીજ ને મોડાસા ઇશાન કોણમાં ને ધોધા દક્ષિણમાં જૂદા છે. પરાંતીજની આસપાસ ગાયકવાડી ને મહીકાંઠાનો મુલખ છે, ને મોડાસાનાં ગામો ગાયકવાડી ને મહીકાંઠાનાં ગામો સાથે ને ધોધાનાં ગામો ઝાલાવાડ સાથે મિશ્ર થયલાં છે. મુખ્ય ભાગનાં ૧૪ ગામ કાઠીઆવાડમાં, ૩ પાલનપુરમાં ને ૬ ગાયકવાડી મુલખમાં, તેમજ ખાલસા મુલખમાં ૧૪ કાઠીઆવાડનાં ને ૬ ગાયકવાડી ગામ આવેલાં છે. પરાંતીજમાં ૧ ગામ ઇડર સંસ્થાનનું છે.

તાલુકા—વ્યવસ્થામાટે જિલ્લાને ૭ તાલુકામાં વહેંચેલો છે; પરાંતીજ, દસ્ક્રોઇ, વીરમગામ, સાણંદ, ધોળકા, ધંધુકા, ને ધોધા. પરાંતીજમાં મોડાસા પેટા મહાલ છે. બધાં મળી ૮૮૪ ગામ છે, તેમાં ૮૩૧ સરકારી ને ૫૩ ઇનામી છે. જિલ્લામાં લગભગ અડધોઅડધ ગામો તાલુકદારી છે.

દેખાવ—ઉત્તરમાં નાના પહાડોની હાર છે, એ સિવાય પ્રદેશ ખુલ્લો, સપાટ, ને સારો ખેડાયલો છે; પણ છેક પશ્ચિમમાં ખારાપાટનાં મોટાં વેરાન કચ્છના રણ સૂધી પથરાયલાં છે. દક્ષિણમાં નળનું સરોવર ૪૯ ચો. મૈલનું છે ને ધોલેરા, ધોધા વગેરેની ખાડીઓ છે.

પહાડો—ઉત્તરમાં મોડાસામાં ઘાસ ને ઝાડઝાંખરાંથી ઢંકાયલી, આસરે ૫૦૦ ફૂટ ઊંચી પહાડોની નાની હાર છે. એ સિવાય ધંધુકામાં રાણપુરની પશ્ચિમે ચોટીલાના ડુંગરમાં મળી જતી નાની ટેકરીઓ ને ધોધામાં ખોખરાના ડુંગરીઓ આવેલી છે.

નદી—જિલ્લામાં નદીઓ બે દિશામાં વહે છે; કેટલીક પૂર્વે ગૂજરાતના ડુંગરોમાંથી આવી નૈર્ઋત્યકોણમાં; ને કેટલીક કાઠીઆવાડના ડુંગરોમાંથી આવી પૂર્વ તરફ. નૈર્ઋત્ય કોણમાં વહેનારી સાબરમતી ને તેની શાખાઓ ખારી, મેશ્વો, મહાજમ, શેલવા, અને અંધારી છે; પૂર્વ તરફ વહેનારી ભોગાવા, બાદર, ઉતાવળી, નીલકા, પીંજારીઆ ને આઢીઆ છે.

સાબરમતી[1] આરાવળી પર્વતમાંથી નિકળી, જિલ્લામાં પરાંતીજની પશ્ચિમ હદ કરી દસ્ક્રોના બે બરાબર ભાગ કરી, ધોળકાને ખેડાથી જૂદું પાડી, છેલ્લે ૨૦૦ મૈલનો માર્ગ લઇ ખંભાતના અખાતને મળે છે. સાબરમતીની શાખાઓમાં ખારી, પરાંતીજની ઉત્તર હદની પેલી તરફ બે મૈલપરથી નિકળી, દસ્ક્રોઇના પૂર્વ ભાગમાંથી વહી, આસરે ૧૦૫ મૈલનો માર્ગ કાપ્યા પછી રસીકપુર ગામની દક્ષિણે સાબરમતીને મળે છે. એની પહોળાઇ ઘણી નથી ને ઘણી જગાએ ૨૦ ફૂટથી વધારે નથી. કેટલાંક વરસ થયાં એનું વલણ દાણીલીમડા ગામની દક્ષિણથી ફંટાઇ મેશ્વામાં મળવાનું જણાય છે; પણ એમ થતું અટકાવવાને માટે અહીં માટીનો એક મોટો બાંધ બાંધી લીધો છે.

૧. વિશેષ હકીકત પ્રકરણ ૧, પા. ૮ માં આપેલી છે.

મેસ્વો, મહાજમ ને વાત્રક એ ત્રણે નદીઓ ડુંગરપુરની દક્ષિણેથી નિકળી, મોડાસામાં થઇ દક્ષિણ તરફ વળે છે, ને ત્રણે ભેગી થઇ વૌઠા આગળ સાબરમતીને મળે છે. ઉતાવળી ને અંધારી નાની નદીઓ છે, ને ધોળકાના દક્ષિણ ભાગમાંથી વહી જમણે કાંઠે સાબરમતીમાં પડે છે.

પશ્ચિમ તરફથી આવતી નદીમાં ભોગાવાને ભાદર મોટી છે. ભોગાવા ધોળકામાં ધાંગ્રા ગામ આગળથી નિકળી દક્ષણમાં ૧૦ મૈલ સુધી વહે છે, એટલે લીમડી તરફથી એને ઓંકાર આવી મળે છે. પછી પૂર્વ તરફ વળી ધોળકા ને ધંધુકાની વચ્ચે ૧૧ મૈલ વહી સાબરમતીના મુખ-આગળ સમુદ્રને મળે છે. ચોમાસામાં નળનું પાણી એમાં મળે છે. ભાદર કાઠીઆવાડમાં ચોટી-લાની દક્ષિણના ડુંગરમાંથી નિકળી પૂર્વમાં વહી, મૂળથી ૧૧ મૈલ પર શેખદોળ ગામ આગળ અમદાવાદ જિલ્લામાં દાખલ થાય છે. રાણપુર આગળ એને ગુમા આવી મળે છે ને ત્યાંથી ચાર મૈલ પર ઉત્તર કાંઠે નાગનેશનો કિલ્લો છે. આ સદીની શરૂઆતમાં ધંધુકા આગળથી નદી દક્ષિણ તરફ વળી ધોલેરાની પૂર્વેથી વહેતી અને અહીં મુખ પહોળું થઇ ખંભાતના અખાતમાં મળતી પણ ધીમે ધીમે ધંધુકાની પૂર્વે બે કે ત્રણ મૈલથી એનો પ્રવાહ ભાઠાંથી પુરાઇ ગયો છે.

વસ્તી—વસ્તીનો દશમો ભાગ મુસલમાન છે; બાકીના થોડાક પારસી સિવાય બધા હિંદુ છે. વેપારીમાં શ્રાવક વાણીઆ પૈસાદાર છે. ખેડુતોમાં કણબી ઘણા ને હોશિયાર છે. એઓમાં લ-ગ્નના અતિઘણા ખરચને લીધે બાળક કન્યાને મારી નાંખવાનો જૂનો રીવાજ હતો તે સરકારે ચાંપતા ઉપાય લેવાને લીધે અટકયો છે; અને હાલ માત્ર લેવા કણબીઓનેજ બાળકના જન્મ મરણ વિગતવાર નોંધાવવાં પડે છે. રજપૂત તાલુકદારો ગણોતપર જીવે છે ને આળસુ જીંદગાની કાઢે છે; ને રજપૂત ખેડુતો પણ સુસ્ત ને કણબી જેવા ચંચળ નથી. કોળીઓની સંખ્યા મોટી છે, ને પેશવાઇ અમલમાં લૂટફાટનો ધંધો કરી ઘણો ત્રાસ આપતા હતા; પણ બ્રિટિશ અમલ તળે તેઓ સ્થાયી વશી નરમ પડયા છે, ને ખેતી કે મજૂરીનો ધંધો કરી જીવે છે. મુસલમાનો ઘણા ખેતીવાડીમાં તેમજ કારીગરીના ધંધામાં લાગેલા છે.

ખેતી—કુલ જમીનની અડધો અડધ કરતાં વધારે રજપૂત તાલુકદાર ને મેવાસી ઠાકોરાના હાથમાં છે. નદીનો પ્રવાહ ઘણો ઉંડો છે, અને તેનું પાણી પીતના કામમાં ઘણું લેવાતું નથી. હાથમતી કે નળનું પાણી ૧૮૭૩ થી વપરાય છે. ઘઊં, જુવાર, ને બાજરી મુખ્ય તુલ છે; ને દેશી કપાસ, ડાંગર, કોદાળ ને તલ પણ ઘણા થાય છે. તુલવારી પત્રક પ્રમાણે ૧૮૮૫–૮૬ માં કુલ ૧૩,૧૬,૩૬૮ એકરનું ખેડાણ થયું હતું; તેમાં જુવાર ૨,૮૨,૭૩૨ ઘઊં ૨,૪૩,૭૪૪, બાજરી ૨,૦૭,૫૬૫ ડાંગર ૮૬,૩૮૯ કોદરા ૧૭,૨૨૨ ચણા ૧૯,૮૬૨ તુવેર ૧૫૨૯ તંબાકુ ૧૪૨૮ તલ ૨૬૫૪૮ ને કપાસ ૩,૧૭,૦૯૫ એકર હતાં.

વેપાર—૧૮૫૦ થી રસ્તા બાંધવા પાછળ મોટી રકમ ખરચાઈ છે. અમદાવાદના ધોરી રસ્તાના સાંધણ તરીકે ઘોઘાને ફરસોળ સાથે જોડવામાં આવ્યું હતું, પણ ઘોઘાનો વેપાર પડી ભાં-

ગવાથી તથા વઢવાણ સૂધી આગગાડી થવાથી એ રસ્તો વેપાર માટે થોડોજ ઉપયોગી છે. બધા મળી ૩૭૫ મૈલના રસ્તા બંધાયા છે. મુંબઇથી રજપૂતસ્થાન જતી રેલવે જિલ્લામાં થઇને જાય છે. ૧૮૬૪ થી ૧૮૭૦ સૂધી રેલવે અમદાવાદ સૂધીજ ચાલતી; ૧૮૭૦ ને ૧૮૭૨ ની વચ્ચે અમદાવાદથી વઢવાણ સૂધી, ૧૮૭૩ માં વીરમગામથી ખારાઘોડા સૂધી, ૧૮૮૦માં વઢવાણથી ભાવનગર સૂધી, ને ૧૮૭૯ માં અમદાવાદથી ઉત્તરમાં રજપૂતસ્થાન તરફ આગગાડી ચાલવા માંડી. વડોદરા રેલવેનાં જિલ્લામાં મુખ્ય લાઇનપર ૧૦ સ્ટેશનો છે: બારેજડી, અમદાવાદ, સાબરમતી, આંબલીરોડ, સાણંદ, છરોડી, જખવાડા, વીરમગામ, સાબલીરોડ, ને લીલાપુરરોડ; ને ખારાઘોડાની શાખાપર ૩ સ્ટેશન છે; ઝુંડ, પાટડી ને ખારાઘોડા.

અમદાવાદમાં મુસલમાન રાજની રાજધાની થઇ ત્યારથી પરદેશના વેપાર માટે ઘોઘા મોટું બંદર થયું; બહારગામથી આવેલો માલ ઘોઘેથી નાનાં વહાણોમાં ખંભાત ને ત્યાંથી જમીનને રસ્તે અમદાવાદ જતો. વળી ખંભાતના બંદરેથી અમદાવાદનું રેશમી કાપડ, કિનખાબ, સૂતરાઉ કાપડ, ગળી ને સાકર કેરોથી પેકીન વચ્ચેનાં પરદેશી બંદરોએ જતાં. ફિરંગીઓ વેપાર અર્થે આવ્યા ત્યારે અમદાવાદના વેપારી તેઓના મોટા સામાવાળીઆ હતા, પણ ૧૫૩૧માં ઘોઘા લૂટી તથા દિવને કબજે લઇ ફીરંગીઓએ પોતાની સત્તા બહાર પડતી કીધી. એમ છતાં અમદાવાદનો વેપાર અકબરના રાજમાં આબાદ હતો, તે સત્તરમા સદીની આખર સૂધી તેજીમાં રહ્યો. પણ એ દરમીઆનમાં ખંભાતનો અખાત મથાળા આગળ પૂરાઇ જવા માંડયો. અને પરદેશી વેપારીઓ ધીમે ધીમે સૂરતમાં જઇ વસવા લાગ્યા તેની સાથે પેશવાઇ અમલમાં વેપારપર ઘણા કરો નંખાઇ જૂલમ થવા માંડયો, તેથી સત્તરમી સદીની આખરે વેપાર પડી ભાંગ્યો. ૧૮૦૨ માં ધોલેરા અંગ્રેજ સરકારના હાથમાં આવ્યું ત્યારથી વેપાર પાછો સજીવન થયો ને અમદાવાદ, કાઠીઆવાડ ને રજપૂતસ્થાનની હદપર આવેલા વીરમગામનો વેપાર તેજીપર આવ્યો. ૧૮૧૮ માં અમદાવાદ ખાલસા મુલખ થયા પછી વેપારપરના જુલમી કરો કાઢી નાંખવામાં આવ્યા ને વેપારમાં કાંઇક તેજી આવી; પરંતુ સ્થાનિક વેપાર માટે ઘણું સુગમ ન હોવાને લીધે ધાર્યા પ્રમાણે તેજી થઇ નહિ. ઘોઘાનો વેપાર પણ પાછો જોરપર આવ્યો, પણ ભાવનગરના બંદર આગળ ઝાઝો ટકયો નહિ, ને ભાવનગર આગગાડી થયાથી ઘોઘાનો વેપાર હવે ન સરખો થઇ રહ્યો છે. ૧૮૬૪ માં આગગાડી થયા પછી અમદાવાદ શહેરનો વેપાર તેજીમાં છે, પણ બંદરોનો વેપાર પડી ભાંગ્યો છે; માત્ર ધોળેરા બંદરેથી વેપાર હજુ ઠીક ચાલે છે; જયાતુ માલમાં મુખ્ય કપાસીઆ ને અનાજ અને આયાતમાં ખાંડ, કપ્પડ, લક્કડ ને ધાતુ છે.

હુન્નર—અમદાવાદ હુન્નર ને કારીગરી માટે જૂના વખતથી પ્રસિદ્ધ છે. અહીંનું રેશમી કાપડ ને કિનખાબનું કામ હજુ ઘણું વખણાય છે; પણ હાલમાં ગૂજરાતમાં બેરાંઓનો શોખ ચીનાઇ રેશમી કાપડપર વધતો જાય છે. કિનખાબમાં વપરાતી સોનેરી, ત્રાંબા પિત્તળનાં તારુણો

લાકડાં પરનું નકસી કામ, ને સૂતરાઉ કાપડ એ અમદાવાદનાં વખણાય છે. વરાળના સાંચાથી ચાલતી ૬ ગીરણીઓ છે, તેમાં ૩ રૂ કાંતવાની ને કાપડ વણવાની, ૨ કપાસ પીલવાની, ને ૧ છીંટ બનાવવાની છે. દેશી કાગળ પણ અમદાવાદમાં ઘણા બને છે. પરાંતીજમાં સાબુ થાય છે. સરકારની દેખરેખ તળે ખારાઘોડામાં પુષ્કળ મીઠું પકવવામાં આવે છે, ને અહીંથી આગગાડીને રસ્તે આખા ગૂજરાત ને મધ્ય હિંદુસ્થાનમાં જાય છે.

દિવાની કોર્ટ:—અમદાવાદમાં ડિસ્ટ્રિક્ટ જડજની, આસિસ્ટંટ જડજની ને સ્મોલકોઝની કોર્ટો છે; એ સિવાય ૫ મુનસફની કોર્ટો છે, ૨ અમદાવાદ, ૧ વીરમગામ, ૧ ધોળકા, ને ૧ ધંધુકાને ઘોઘાની વચ્ચે. સુધરાઇ ખાતાની મ્યુનિસિપાલિટીઓ ૭ છે: અમદાવાદ, વીરમગામ, પરાંતીજ, મોડાસા, ધોળકા, ધંધુકા, ને ઘોઘામાં. ડિસ્પેનસરીઓ અથવા દવાખાનાં, અમદાવાદમાં સિવિલ હોસ્પિટલ સિવાય, જિલ્લામાં ૯ છે: વીરમગામ, પરાંતીજ, મોડાસા, સાણંદ, ધોળકા, ધંધુકા, ઘોઘા, ધોળેરા, ને ખારાઘોડામાં. શાળાઓ: અમદાવાદ શહેરમાં આર્ટસ કોલેજ, મેડિકલ સ્કુલ, ૨ હાઇસ્કુલ ટ્રેનીંગકોલેજ ને ફીમેલ નોર્મલસ્કુલ છે; એ સિવાય જિલ્લામાં ૨૧૩ નિશાળ છે, તેમાં ૫ એંગ્લો વર્નાક્યુલર, ૧૮૧ છોકરાની ગૂજરાતી ને ૨૭ કન્યા શાળા.

ઉપજ—૧૮૮૨-૮૩ માં જમીનની ઉપજ રૂા. ૧૪,૭૧,૦૦૦, સ્ટૅપની રૂા. ૨,૩૯,૦૦૦ આબકારીની ૧,૦૯,૦૦૦, લાઇસન્સ ટેક્સની રૂ, ૧,૧૧,૦૦૦, લોકલફંડની ૧,૩૦,૮૦૦, અને ૭ મ્યુનિસિપાલિટીની રૂા. ૫,૦૪,૧૦૦ ની થઇ હતી.

પ્રકરણ ૯ મું.

જાણવાજોગ જગા.

અંકલેશ્વર—ભરૂચ તાબાનો કસ્બો, ભરૂચની દક્ષિણે છ મૈલ ઉપર, રેલવેનું એક મુકામ. સને ૧૮૭૪ માં ૮,૮૬૫ એટલી વસ્તી હતી. તે પશ્ચિમે બાર મૈલ ઉપર હાંસોટ ને પૂર્વ તરફ નવ મૈલનો નાંદોદનો રસ્તો આવેથી રેલવે થયા પછી ધંધાનું મોટું મથક થયું છે. ત્યાં બાંધવાનાં તથા બાળવાનાં લાકડાં, વાંસ, કરિયાણું, મધ, મીણ, ચામડાં વગેરે આવે છે અને ત્યાંથી કાપડ ધાતુ, લોઢાનો સામાન વગેરે નાંદોદ જાય છે. રૂનો ધંધો મોટો છે ને ત્યાં ત્રણ મોટા ચરખા છે. દેશી સાબુ, કાગળ ને ઘંટી એવું એક નાનું કારખાનું છે. મામલતદારનું થાણું, પોલીસ ચોકી, સબાર્ડિનેટ જડજની કોર્ટ, પોસ્ટ આફીસ ને દવાખાનું છે.[1]

અંજાર—વસ્તી ૧૩,૦૦૦. કચ્છના અખાતના ઉત્તર પૂર્વ કિનારેથી ૬ મૈલ ને ભૂજથી ૨૫ મૈલ દૂર છે; ગામની આસપાસ એક કોટ છે. એ મોટું બંદર ગણાય છે; અને તુણા, રાહેર, વવા-

૧. ૧૮૮૫ માં કાગળનું કારખાનું હતું તેમાં ૪૦૦ માણસ કામે લાગતાં.

ણીઆ ને જંઘી એ એનાં બારાં છે. તુણેથી ૫૦ થી ૧૦૦ ખાંડી સૂધીનાં વહાણો મુંબઇ તથા બીજે બંદરે જાય છે. કપાસ, તેલ દીવેલ, અનાજ અને દેશી કાપડ એ એનો વેપાર છે.

જોવા લાયક જગામાં માધવરાય ને મોહનરાય એ બે વૈષ્ણવનાં મંદિર છે. મોહનરાયના મંદિરમાં કૃષ્ણ, રાધા ને ચતુર્ભૂજની મૂર્તિઓ છે; વળી અંબામાતાનું મંદિર ને તેની પાસે અજેપાળના અતીતોનો એક મઠ છે; એ અતીતોનો મુખી તે ગુરૂ કે પીર કહેવાય છે; અને તેઓ શૈવ છે. કોટની બહાર કલ્પમહાદેવ, વાકેલમાતા, ભરેશ્વર, દ્વારકાનાથ ને બહુચરાજી એનાં મંદિરો છે.

અડાસ—આણંદ ને મહી એ બેની વચ્ચે ખેડા જિલ્લામાં-અડાસ નામના મેદાનમાં ત્રણ મોટી લડાઇઓ થઇ છે. એકમાં (૧૭૨૩માં) સૂરતના બાદશાહી હાકેમ રૂસ્તમઅલી ને પિલાજી ગાયકવાડના દગાથી નિઝામ ઉલમુલ્કના ડેપ્યુટી હમિદખાને હરાવી મારી નાખ્યો હતો; બીજીમાં (૧૭૭૫ ફેબરવારીમાં) રઘુનાથરાવ પેશવાને ફતેસિંગ ગાયકવાડે હરાવ્યો હતો; અને ત્રીજીમાં (૧૭૭૫ મે ૧૮ મી) ફતેસિંગની ફોજને બ્રિટિશ ફોજની કરનલ કિટિંજની તુકડીએ હરાવી હતી.

અંબાભવાની—અંબાભવાનીનું દહેરૂં આરાસૂર પર્વતની દક્ષિણ પશ્ચિમ બાજુએ દાંતાથી ૧૫ મેલ ઉત્તરે સરસ્વતીના મૂળ આગળ છે. એ દહેરૂં ઘણા પુરાતન વખતનું છે. પહાડોની ખીણ ને ગીચ ઝાડોવાળી ડુંગરીઓમાં થઇને દહેરે જવાય છે. યાત્રાળુઓ હમેશાં આવ્યાં કરે છે, પણ ઘણા સંઘો ભાદરવે, કે જે મહિનામાં માતાનો જન્મ છે તે વખતે, આવે છે. નવરાત્રીની આઠમે દાંતાનો રાણો પૂજા કરવા આવે છે ને ત્યાં હોમ કરે છે, ને માતાને પાડાનું બળિદાન આપે છે. દહેરાંની ભોંય આરસની છે; અને અંદર મોટા પત્થરામાંથી માણસના આકારને મળતી એક મૂર્તિ કોતરી કાઢેલી છે. કહે છે કે એ દહેરૂં નાગર બ્રાહ્મણોએ બંધાવેલું, પણ ક્યારે તે જણાતું નથી. પૂજારીઓ સિદ્ધપૂરના ઔદિચ્ય બ્રાહ્મણો છે. દહેરામાં યાત્રાળુ જે પૈસો મુકે છે તે દાંતાનો રાણો લેછે. દાંતાનો રાણા વળી યાત્રાળુ પાસે કર લઇ દહેરે જવાની રજા ચિઠ્ઠી આપે છે. અંબાભવાનીના દહેરાની પાસે કોટેશ્વર મહાદેવનું દહેરૂં છે તેનું પણ દર્શન યાત્રાળુએ સાથે સાથે કરવુંજ જોઇએ. માતાના દહેરાંની આસપાસ ઉતારૂઓને ઉતરવાને ઘણી ધર્મશાળાઓ છે.

અમદાવાદ—એ શહેર ઉત્તર અક્ષાંસ ૨૩°, ૧′ ને પૂર્વ રેષાંશ ૭૨°, ૩૭′, માં દરિયાની સપાટીથી ૧૭૩.ફૂટ ઊંચે ને ખંભાતના અખાતના માથાની ઉત્તરે ૫૦ મૈલ ઉપર સાબરમતીને ડાબે તીરે બે ચોરસ મૈલ વિસ્તારનું છે.

શહેરની બહારનો મુલખ ઝાડોથી ભરેલો છે અને હાલની વસ્તીથી ઘણેક દૂર લગી અસલનાં પરાં તથા ગામ, શહેરને લગતાં, તેની નિશાનીઓથી ભોંય ખરબચડી છે. શહેરની પશ્ચિમે નદી વહે છે કે જે સૂકે દહાડે ઉંડી રેતીના પહોળા ભાઠામાં પાણીનો વહેળો હોયની તેવી દેખાય છે

અને શહેરની ઉત્તરે પૂર્વે ને દક્ષિણે કપાસ તથા બાજરીનાં ખેતરો છે કે જેમાં અહીં તહીં ભાંગી તૂટી કબર મસજીદો છે અને જૂના વખતના પત્થરનાં બાંધેલાં કૂવા વાવ છે.

શહેરનો કોટ પશ્ચિમે ૧॥ મૈલ નદીને લગતો ને પૂર્વ તરફ વધતો ગોલાર્ધનો આકાર કરતો એવો છે. તેમાં બે ચોરસ મૈલ જેટલી જમીન આવી રહે છે. વસ્તી ઉત્તર તથા પશ્ચિમ ભાગમાં ઘાડી છે ને દક્ષિણ તથા પૂર્વ ભાગમાં થોડાંક ઘર ને ઘણાંક ઝાડ છે. શહેરમાં ૨૮ મૈલ જેટલા બાંધેલા રસ્તા છે; ૩૫,૨૮૪ ઘરો છે ને ૧,૧૬,૮૭૩ માણસની વસ્તી છે. મ્યુનિસિપાલિટીનો ઉપજ ૧૮૭૮ માં રૂ ૨,૧૫,૪૫૦ ની હતી.

ભાગ ૧ લો—તવારિખ.

સુલતાન અહમદ ૧ લા એણે અસાવલની જગ્યા તથા હવા પસંદ કરી એને પોતાની રાજધાની કીધી ને અહમદાબાદ-અમદાવાદ એ નામ રાખ્યું, ઇ. સ. ૧૪૧૧ ના માર્ચની ૪ થી એ[૧]. એ વખતથી તે ૧૫૧૧ લગી શહેર જબરા હાકમની કારકીર્દીમાં આબાદાની તથા દોલતમાં વધ્યું પછી ગૂજરાતની બાદશાહીની પડતીનાં ૬૦ વર્ષમાં શહેરની પણ પડતી હતી; વળી પાછી મુગલાઇમાં ૧૫૭૨ થી તે ૧૭૦૭ લગી સારી પેઠે આબાદાની હતી; પછી ૧૧૦ વર્ષ કમજોર મોગલ તથા લોભી મરેઠા એમના વખતમાં શહેરમાં ગેરબંદોબસ્ત ને મોટી નુકસાની હતી; અને ૧૮૧૮ થી તે ૧૮૭૮ લગીનાં ૬૦ વર્ષમાં એક સરખી ચાલૂ વૃદ્ધિ છે. અહમદશાહે કિલ્લો બાંધ્યો ને તેનું ભદ્દર નામ રાખ્યું,[૨] રસ્તા પહોળા કીધા, ને હાથમતીનું પાણી સાબરમતીમાં વાળ્યું, અનહિલવાડ તથા ચં-

---

૧. સુલતાન અહમદ તે સુલતાન મહમદનો બેટો ને એ સુલતાન મુજફ્ફર જેણે દિલ્હીની આણથી છૂટા પડી ગૂજરાતની બાદશાહી નવી માંડી તેનો બેટો હતો. મુજફ્ફર તે એક તાક જાતિનો રજપૂત જે મુસલમાન થયેલો તેનો બેટો હતો; બાદશાહ ફિરોજ તઘલખે મુજફ્ફરને ૧૩૫૧ માં અમીર ને પછી ૧૩૯૧ માં ગૂજરાતનો હાકેમ બનાવ્યો હતો ને તે વખતથીજ તે સ્વતંત્ર જેવોજ હતો.)

ગૂજરાતની રાજધાની પાટણ હતી, પણ અહમદશાહે એક ભીલને હરાવ્યા પછી અસાવલને રાજધાની કીધી હતી. ૧૪૦૩ માં મહમ્મદશાહે અસાવલને પોતાનું કરેલું પણ તે ભીલે પાછું લઇ લીધું હતું. અસાવલ એ જૂના વખતથી અગતનું ગણાતું આવ્યું છે. ૧૧ મા સૈકામાં અનહિલવાડના કરણ રાજાએ (૧૦૭૨–૧૦૯૪) તેને પોતાની રાજધાની કરી હતી ને તે કરણાવતી, શ્રીનગર, રાજનગર એ નામે ઓળખાતું; તેણે એક કોચરબનું ને બીજું જયંતદેવીનું એમ બે દહેરાં બંધાવ્યાં હતાં તેમાં કોચરબના દહેરાંની જગા આજપણ ઓળખાય છે; કરણે અસાવલને નવું વસાવેલું ન હોતું કેમકે ૧૦મા સૈકામાં તે ગૂજરાતનાં નામાંકિત ઠેકાણામાંનું એક ગણાયું હતું. ૧૩૪૭ માં ગૂજરાતનું બંડ બેસાડવાને મહમ્મદ તઘલખ આવેલો તેણે પોતાની છાવણી અસાવલમાંજ રાખી હતી.

૨. પાટણનો કિલ્લો રજપૂતોએ બાંધ્યો હતો ને તે ભદ્ર (ભદ્રકાલી) કહેવાતો; પાટણનો કિલ્લો મુસલમાને લીધેલો પણ તેનું નામ ફેરવ્યું નહોતું; ને પાટણ ટાળી અમદાવાદ રાજધાની કીધી ત્યારે કિલ્લાનું નામ પણ તેજ રાખ્યું.

દ્રાવતીથી આરસપહાણ વગેરે આણી મસજીદ, મહેલ, કબરો બાંધ્યાં અનેદેશદેશના વેપારી વણકર ને બીજા કિસબીઓને એકઠા કરી અમદાવાદને ધંધા કારીગીરીનું મથક કીધું. પંદરમા સૈકામાં અમદાવાદમાં દોલત ઘણી વધી ને મકાનો પણ ઘણાં સારાં બંધાયાં.[૧] મહમૂદ બેગડાની બાદશાહીની આખરે (૧૫૧૧) સામી ચાપાનેરની મોટાઇ છતે અમદાવાદ વધારે દોલતમંદ ને બાગબગીચા વગેરેથી વધારે દેખાવડું હતું.

પછી શહેરની પડતી આવી. બહાદુરશાહે અમદાવાદ કરતાં ચાંપાનેરને વધારે પસંદ કીધું ને તેના મુવા પછી જે બખેડા ચાલ્યા તેથી બાદશાહોની હકુમત કમ થતી ગઇ, સરકાર ઉપજ ઘટી ફિરંગીની સરસાઇથી ધંધો તૂટયો ને શહેર ન બદતા અમીરોના ટંટાઓથી બેજાર ને ગરીબ થઇ ગયું હતું.[૨]. ઇ. સ. ૧૫૭૧ માં શહેરના બાર ભાગ હતા કોટમાંહેને કોટ બાહારના બીજા; રેશમ તથા કસબકિનારી ને લાખ એના મોટા ધંધાં ચાલતા અને સરકાર ઉપજ ૧૫℔ લાખની હતી.

અમીરોની એક ટોળીના તેડાવ્યાથી અકબર બાદશાહ ૧૫૭૨ ના નવેંબરની ૧૮ મીએ અમદાવાદ આવ્યો ને અમીરો તાબે થવાથી તેણે ગૂજરાતને પોતાના મોટા રાજ્યનો સુબો કીધો ને સુબેદાર નિમ્યો. જો કે સહેલથી શહેર તાબે થયું તોપણ દશ વર્ષ પછી ત્યાં પૂરો બંદોબસ્ત થયે હતો. અકબર થોડાક મહિના નહોતો તેવામાં (૧૫૭૩) બંડખોર મિરઝાઓ[૩] કેટલાક અમીરો સાથે અમદાવાદ સામાં આવ્યા; બે વર્ષપછી મુજફ્ફર હુસેન મિરઝાએ બીજા ઘેરાએ શહેર લીધું હતું ને ૧૫૮૩ માં મુજફ્ફરે (અમદાવાદના છેલ્લા બાદશાહે) અમદાવાદનો કબજો કરી સોનું ઝવેરને કપડાંનો નાશ કીધો. પણ અકબરનો એક ચઢતા અમીર મિરઝાખાન એણે બાદશાહી ફોજની સરદારી કરી સરખેજ આગળ લડાઇ આપી મુજફ્ફરને હરાવી ભગાડયો, ૧૫૮૪ ની ૨૨ મી જાનેવારીએ. એ મિરઝાખાન તે ખાન ખાનાન કહેવાયો ને એણે લડાઇને ઠેકાણે બાગ બનાવી તેનું ફતેહ બાગ એ નામ રાખ્યું. એ બાગ ઘણી મુદત સૂધી અમદાવાદનાં દેખાવડાં ઠેકાણાંમાંનું એક

---

૧. કોટ બંધાયો તેની પહેલાં ભદ્રને ત્રણ દરવાજા એની વચમાં કારંજનું ચોગાન છે ત્યાંથી સાબરમતી વહેતી જતી; નદીનો વોહ ફેરવી કોટ બંધાવેલો તે સુલતાન અહમદે, પણ કેટલાક લખનારા તે માન મહમૂદ બેગડાને આપે છે.

૨. ઇ. સ. ૧૫૩૮ માં ફિરંગી દીવમાં વસ્યા ત્યારથી ઘણોક નફો જેથી અમદાવાદના વેપારીઓ દોલતવાળા થતા તે ફિરંગીઓને મળતો થયો હતો. અમદાવાદમાં થયલા બખેડા તેમાં ત્રણ વખત મોટા હતા:—૧૫૫૪ માં અમીરોએ ગૂજરાતનો મુલખ પોતપોતામાં વહેંચી લીધો હતો, માત્ર અમદાવાદ શહેર તથા તેની પડોસની જગા નામના બાદશાહ અહમદશાહ બીજાના હવાલામાં રાખીને; ૧૫૭૧ માં ચિંગિઝખાને અમદાવાદ લીધું હતું; ને અકબર આવતાં લગી આલફખાને તેને ઘેરો ઘાલી રાખ્યો હતો.

૩. મિરઝાઓ તૈમુરના વંશના હતા; એઓને હુમાયું તથા અકબરે માનથી રાખ્યા હતા, પણ પાછળથી અકબરની ઇતરાજી થઇ હતી.

હતું. એ ફતેહ પછી કોઇ કોઇવાર ફિસાદ હુલ્લડ થયલાં તે સિવાય અમદાવાદને સો ઉપર વરસમાં બહારનો ઉપદ્રવ નહોતો ને તે મુગલાઇ રાજ્યનું તવંગર શહેરમાંનું એક ગણાતું.

સોળમા સૈકાના અંતમાં શહેરમાં મોટી વસ્તી હતી; ઘરો સારાં હતાં. રસ્તા પહોળા કોઇ કોઇ તો દશ ગાડી (બળદની) સાથે જાય તેવા હતા; એક હજારતો પત્થરની મસીદ, એકેકને બે બે મોટા મિનારા ને અચરતી ઉપજાવે તેવી કોતર કામની હતીઓ; દુનીઆના સઘળા દેશની ચીજ ત્યાં મળતી; ત્યાંના ચિતારા, નકસી કોરનારા, જડિયા, રૂપું, સોનું, લોઢું, એનું કામ કરનારા પ્રખ્યાત હતા; સોનાના સિક્કા પાડવાને આખા મુગલાઇ રાજ્યમાં ચારજ ટંકશાળ તેમાંની એક એ શહેરમાં હતી[1]; સૂતરાઉ તથા રેશમી કાપડ, મખમલ, કિનખાબ તરેહ તરેહના ભરત બુટ્ટા સાથે ઉમદા બનતાં; ટુકામાં શહેર આખા હિંદુસ્તાનમાં ને દુનિયામાં કહિયે તો ચાલે, ઉત્તમ દેખાવડું હતું.[2]

સુબેદાર શેખ ફરીદી બુખારીએ (૧૬૦૬-૯) એક નવો મોહોલ્લો વસાવ્યો ને એક મસીદ તથા કબર બાંધ્યાં. થોડાંક વર્ષ પછી (૧૬૧૩) બતરીસ અંગ્રેજોની એક કંપની અમદાવાદ આવી; ૧૬૧૭ ના ડિસેંબરમાં સર ટામસરો આવ્યો ને બાદશાહ જહાંગીર[3] અમદાવાદ આવેલો તેને ૧૬૧૮ ના જાનેવારીની છઠ્ઠીએ નજરાણું કીધું; વળી ૧૩ મીએ કેટલાક વલંદા વેપારીઓએ પણ નજરાણું કીધું. શાહજાદો ખુરમ ગૂજરાતનો સુબેદાર હતો (૧૬૧૬-૨૨) તેવામાં તેણે શાહીબાગમાં એક મહેલ ને ભદ્રમાં હમામખાનાં બંધાવ્યાં. બે વર્ષ (૧૬૨૯-૩૦) મોટો દુકાળ પડેલો ને છ વર્ષ (૧૬૮૩-૮૯) મરકીનો રોળ હતો તે સિવાય છેક ઔરંગજેબ બાદશાહના મરણ લગી (૧૭૦૭) શહેરની મોટી જાહોજહાલી હતી.[4]

---

૧. એવી ટંકશાળ બીજી ત્રણ તે બાદશાહ રહેતો ત્યાં (આગરા કે દિલ્હી), બંગાળામાં ને કાબૂલમાં હતી.

૨. વસ્તીનો આંકડો નક્કી જણાયો નથી પણ ૩૬૦ પરાં કે મોહોલ્લા હતા (કોઇ વળી ૩૮૦ કહે છે).

૩. જહાંગીર બાદશાહને અમદાવાદ બિલકુલ પસંદ નહોતું—તે તેને ગર્દાબાદ, સમુમિસ્તાન, ગંકુમદાર, બિમારિસ્તાન, જહાનમાબાદ કહેતો. બાદશાહે અમદાવાદમાં (૧૬૧૮) પોતાની નૂરજહાનના નામનો સિક્કો પડાવ્યો હતો તેમાં તેને અમદાવાદની હકિમ લખી હતી.

૪. ગૂજરાતના સુબેદારમાં આઝમખાન (૧૬૩૫-૪૨), ઔરંગજેબ (૧૬૪૪-૪૬) ને મુરાદબક્ષ (૧૬૫૪-૫૭) એ નામીચા હતા. ઔરંગજેબ સુબેદાર હતો તેવામાં હિંદુ ને મુસલમાન એ બે વચ્ચે ટંટો થઇ હુલ્લડ મચ્યું હતું, જે હાકેમના હુકમથી સરસપુર પાસેનું ચિંતામણનું દહેરૂં તોડી પાડવામાં આવ્યું હતું.

યૂરોપીયન મુસાફરોમાં એકે અમદાવાદને હિંદુસ્થાનમાં સૌથી મોટું શહેર કહ્યું છે; બીજાએ લખ્યું છે કે તે મોટું નગર વિસ્તાર ને ધન સમૃદ્ધિમાં યૂરોપના શ્રેષ્ઠ નગરોથી ઉતરતું નથી, ને તેની સરકારને ઉપજ સૂરતના કરતાં દશ ગણી વધારે એટલે રૂ. ૧૩ લાખની છે. (એક મુસાફર વળી લખી ગયો છે કે હિંદુસ્થાનમાં દિલ્હી, લાહોર ને આગરા એ ત્રણજ મોટાં શહેર છે).

મરેઠાઓ પચાસ વર્ષ થયાં દક્ષિણ ગૂજરાતમાં ઉપદ્રવ ને હાનિ કરતા તેઓએ બાદશાહનું બરણ સાંભળી અમદાવાદ ઉપર ચઢાઇ કીધી. બાલાજી વિશ્વનાથની સરદારી તળે તેઓ પંચમહાલમાં બાદશાહી ફોજની પાસે થઇ ને લૂટતા લૂટતા છેક વટવા લગી એટલે અમદાવાદથી પાંચ મૈલ દૂર તેટલે લગી જઇ પહોંચ્યા ને પછી ૨,૧૦,૦૦૦ રૂપીઆ લઇ પાછા વળ્યા હતા. પછી શહેરમાં ધર્મસંબંધી બખેડા ચાલ્યા હતા (૧૭૦૯–૧૫). આ વર્ષથી તે સને ૧૭૩૮ સૂધી મરાઠા તથા મુસલમાનોના ઝઘડા ને લીધે શહેરની આબાદાનીને ઘણો ધોકો પહોંચ્યો હતો. ૧૭૩૮ માં સુબેદાર મોમિનખાન તથા ગાયકવાડના મુખ્ત્યાર રંગોજીએ શહેર ને વહેંચી લીધું[1]. એ એકઠી હાકમી પંદર વર્ષ સૂધી રહી ને તે દરમ્યાન ઘણા બખેડા થયા.

૧૭૫૩માં જેવામાં જવાન મર્દખાન પાલનપુર તરફ હતો તેવામાં પેશવા તથા ગાયકવાડ બંનેએ મળી ૩૦થી ૪૦ હજાર ઘોડા સાથે ઉત્તરે અમદાવાદ ઉપર ચઢાઇ કીધી શહેરને વીંટી લઇ ઘેરો ઘાલ્યો ને તે વર્ષના એપ્રિલમાં જવાનને એક લાખ રૂપીઆ આપી શહેરમાં દાખલ થયા.

ઘેરાએ શહેરને ઘણુંજ નુકસાન કીધું; મરેઠાના આવવાથી પરાંઓ ઉજ્જડ પડયાં તે ફરી વસ્યાંજ નહિ. મરેઠાનો જુલમ ને ભારે વર્ષાદથી કોટની દીવાલમાં કહીં કહીં બાંકાં પડેલાં છે એવી ખબર પડતાં મોમિનખાન બીજો ખંભાતથી આવી પહોંચ્યો; ને એનાં માણસો એ કોટના એક બાકોરાંમાથી અંદર જઇ દરવાજો ઉઘાડી નાખ્યો ને લશ્કરે મરેઠાઓને હાંકી કાઢયા (ડિસેંબર ૧૭૫૫) અને અંગ્રેજોએ પોતાની કોઠીનો સારો બચાવ કરેલો તે સિવાએ બીજું બધું શહેર લૂટયું. વળી પાછો મરેઠાઓએ ઘેરો ઘાલ્યો પણ મોમિનખાન તથા તેના દિવાન શંભુરામ નાગરબ્રાહ્મણ એમણે શહરનો બચાવ કીધો પણ નાણાની અછત ને લીધે એક લાખ રૂપીઆ લઇ શહેર મરેઠાને આપી દીધું, એપ્રિલ ૧૭૫૭.

પેશવા તથા ગાયકવાડ એઓએ ઉપજ વહેંચી લીધી; શહેરનો સઘળો રાજકારભાર પેશવાનો મુખત્યાર કરતો ને માત્ર એક દરવાજો ગાયકવાડના હવાલામાં હતો તથા એનો મુખત્યાર શહેરમાં રહેતો ઉપજનો હિસ્સો જૂદો રાખવાને. તેવીસ વર્ષસૂધી શહેર મરેઠાના તાબામાં હતું. પછી ૧૭૮૦ ના ફેબરવારીમાં ફતેસિંગ ગાયકવાડ સાથે જનરલ ગાડર્ડ અમદાવાદ ઉપર ધસ્યા; એણે તોપનો મારો ચલાવી ખાનજહાન દરવાજા પાસે કોટની દિવાલમાં બાકોરૂં પાડયું; શહેરનું રક્ષણ કરનારાએ લડાઇ આપી પણ તે હાર્યા ને ગાડર્ડે એક ટુકડી કિલ્લામાં રાખી શહેર ફતેહસિંગને સોંપી દીધું. એ સમે શહેરની પાસેનો રસ્તો ઉજ્જડ હતો, વાઘ, તરસ, શિયાળવિના માણસ કોઇ નજરે પડતું નહોતું. કોટની ભીંત ઘણેક ઠેકાણેથી તૂટી પડેલી હતી; પહોળા રસ્તા ઝાડ કે ફરસબંધી વિનાના હતા ને શહેરનો ઘણોક ભાગ ઉજ્જડ નાશની નિશાનીવાળો હતો; જાહેર મકાન ભાંગી તૂટી

---

૧. મરેઠાઓનો હિસ્સો શહેરની દક્ષિણનો હતોરાયખડ, ખાનજહાન, જમાલપુર, મહુધા આસ્તોડિયા અને રાયપુર દરવાજાવાળો.

પડેલાં હતાં; મુસલમાની શોભા જયાં ત્યાં મરેઠાની ફુવડતાથી બગડી ગઈ હતી; વસ્તી એક લાખથી કાંઇક વધારે હતી; છીંટ, કિનખાબ ને સોનારૂપાનાં થોડાંક કામ એસિવાય બીજા ધંધા કે કારખાનાં ન હોતાં; સર્વત્ર ગરીબાઇ ને ઉજ્જડપણું હતું.

ફતેસિંગે બે વર્ષ અમદાવાદ રાખ્યું. પછી સાલબૈના કરાર મુજબ (૧૭૮૩ ફેબરવારી ૨૪) અમદાવાદ પાછું પેશવાને મળ્યું ને ગાયકવાડનો હક જે આગળ હતા તે કાયમ રહ્યો. થોડાંક વર્ષ શહેરની હાલત સુધરતી ચાલી; તેનાં કારખાનાં સૂરત કરતાં વધારે સારાં હતાં (૧૭૮૯). પછી ૧૭૯૦માં દુકાલ પડયો તેથી વળી લોક દુઃખી થયા ને થોડાંક વર્ષ તો શહેરના કોટમાંહેની વસ્તીમાંથી માત્ર પા ભાગ રહ્યો. પેશવાના મુખત્યાર આબા શેલુકરે (૧૭૯૮-૧૮૦૦) લોકપર જુલમ ગુજાર્યો ને ગાયકવાડનો હિસ્સો ઉચાપત કીધો. એ ઉપરથી ગોવિંદરાવ ગાયકવાડે શાહ આલમ આગળ આબાને હરાવી કિલ્લામાં નસાડી કેદ કીધો. પેશવાની આબા ઉપર ઇતરાજી હતી તેથી તે અંદરથી ખૂશ થયો ને પછી તેણે ગૂજરાતની ઉપજનો પોતાનો હિસ્સો હરસાલ પાંચ લાખ રૂપીઆ લેવા એ શરતે પાંચ વરસને માટે ગાયકવાડને ઇજારે આપ્યો. એ પટો ૧૮૦૪માં વળી બીજાં દશ વર્ષને માટે નવો કરવામાં આવ્યો. એમાંનાં છેલ્લાં બે વર્ષ ઘણાંજ દુઃખનાં હતાં; ૧૮૧૨માં દુકાળને મરકી ચાલ્યાં. ૧૮૧૧માં મારવાડ તથા કાઠિયાવાડથી રોગી ને ભુખ લોક આવ્યા ને તીડોએ પાકની ખરાબી કીધી; ઘણાંક માણસ મૂઆં ને મુડદાં રઝળતાં હતાં. એટલું છતાં ગાયકવાડે સારો બંદોબસ્ત રાખ્યો હતો ને શહેરની વસ્તી પાછી વધી. અંગ્રેજ સરકારે પુના સરકારને ચાંપીને લખ્યું કે ઇજારપટો હમેશને માટે ગાયકવાડને કરી આપવો જોઇએ પણ પુના સરકારનો ઇરાદો ગૂજરાત સાથેનો સંબંધ સબળો કરવાનો તેથી તેણે ના કહી ને ત્રંબકજી ડેંગલેને સરસુબેદાર નીમ્યોને એણે મુખત્યારો તથા ફોજ મોકલી પેશવાને નામે શહેરનો કબજો કીધો (૧૮૧૪ અકટોબર ૨૩). એથી પેશવાને ગાયકવાડ વચ્ચે દુસ્મનાઇ થઇ ને પેવાશના કારભારીની દાનત નાણું વસૂલ કરવાની તેથી તેણે ગેરઇનસાફે જબરદસ્તીથી લોક પાસે નાણું કઢાવ્યું. એ સઘળા ગભરાટની આખર ૧૮૧૭માં આવી. એ વર્ષમાં પેશવાએ હરસાલ સાડાચાર લાખ લેવાને માટે હમેશનો અમદાવાદનો ઇજારપટો ગાયકવાડને કરી આપ્યો; અને તે રૂપીઆ ગાયકવાડ બ્રિટિશ સરકારને ભરે, એનો હક પેશવાની કેટલીક ઉપજપર હતો તેથી. થોડાક મહિના પછી (નવંબરની છઠ્ઠીએ) એવી ગોઠવણ કરવામાં આવી કે ગાયકવાડને અમદાવાદના ઇજારાનો હક મળેલો તે તેણે બ્રિટિશ શિરબંદીના પગારના અવેજમાં બ્રિટિશ સરકારને આપી દેવો અને વડોદરાની પાસેના કેટલાક બ્રિટિશ મુલકના બદલામાં અમદાવાદનો પોતાનો હિસ્સો તે અંગ્રેજ સરકારને આપી દે, એટલું કે શહેરની દક્ષિણપશ્ચિમ ભાગમાં ગાયકવાડ પોતાનો કિલ્લો હવેલી રાખે.

એ વખત (૧૮૧૭ ડિસેંબરમાં) અમદાવાદ ઘણી કંગાળ હાલતમાં હતું. કર આપવો ન પડે માટે કેટલાક લોક શહેર બહાર પરાંમાં જઇ રહ્યા હતા; કોટની દીવાલ ભાંગેલી હતી ને શહેરના ઘ-

ણાક ભાગમાં ભાંગાં તૂટાં ઘર, મસીદ, કબર હતી ને ચોર લુટારૂઓનાં ઠેકાણાં હતાં; વેપાર ધંધા બંધ હતા; સિક્કાની ઘણી અછત હતી; શહેરમાં આવતા માલઉપર સેંકડે ૧૦ થી તે ૨૫ ટકા લેવામાં આવતા; બહાર જતા માલ ઉપર ભારે જગાત હતી. વળી ૧૮૧૯ ના જુનમાં ધરતીકંપ થયો[1] જુમ્મામસીદના મિનારા પડયા, ઘણુંક ઘર નાશ પામ્યાં વળી એક જમણવાર થતી હતી ત્યાં ૫૦૦ માણસ મરી ગયાં. સરકારે બંદોબસ્ત કીધો, કર વેરા ઓછા કીધા, ધંધા ચાલવા માંડયા, વસ્તી ૧૮૧૭ માં ૮૦ હજારની હતી ૧૮૨૪ માં ૮૮ હજારની થઇ. બીજાં આઠ વર્ષમાં એક સ્પેશીયલ વેરો મુકવામાં આવ્યો ને ૨॥ લાખને ખરચે કોટને સમરાવવામાં આવ્યો. વસ્તી (૧૮૨૫–૧૮૩૨) ૯૦ હજારની થઇ; વળી ૧૮૪૬ માં ૯૫ હજારની થઇ; અને હઠીસિંગનું દહેરૂં તથા બીજાં મકાનો (૧૮૪૪-૪૬) ઉપરથી જણાય છે કે શહેરના કેટલાક વેપારીઓ ઘણા તવંગર હતા. પબલિકફંડ કોટને સમરાવતાં વધેલું તેમાંથી રસ્તા પોહોળા કરવામાં આવ્યા ને છંટાતા થયા. અમદાવાદનાં કસબ, રેશમ, કોતર કામ (૧૮૫૫) પાછાં વખણાતાં થયાં અને વેપારી તથા દલાલ એઓ દોલત, હોશીઆરીને સખાવતમાં નામાંકિત થયા.

ઇ. સ. ૧૮૫૭ માં બંડના હંગામામાં આ શહેરની મુસલમાન વસ્તીનો મોટો ભાગ જે કંગાલ ને રખડતો હતો તેથી સરકારને ઘણી ચંતા હતી. હસનખાન બતંગી નામના એક ખાનદાન શખ્સે સરકારના હુકમથી તેવા લોકમાંથી ૨૦૦૦ પાયદળ ને ૧૫૦ ઘોડેસ્વાર રાખ્યા; એથી ફોજનું જોર તો ન વધ્યું પણ હંગામ પૂરો થતાં લગી હુલ્લડિયા લોક તોફાન કરતાં અટક્યા. એટલું તો ભય હતું કે લોકે પોતાની પૂંજી દાટી હતી ને તવંગરોએ પોતાનાં ઘરોના બચાવને માટે કોળી તથા રજપૂતોને રાખ્યા હતા. છયાસીમી રીજમીટ આવી પહોંચવાથી (૧૮૫૮ જાનેવારી) શહેરના લોક પાસેથી હથિયાર લેઇ લેવામાં આવ્યાં કે જેની સંખ્યા બંધુક તથા તરવાર મળી ૨૫ હજાર હતી.

બંડ પછીનાં આઠ વર્ષ મોટી આબાદીનાં હતાં; અમેરિકાની લડાઇ (૧૮૬૩–૬૫) ને મુંબઇ-સૂધી ચાલતી થયલી આગગાડી (૧૮૬૪) એથી અમદાવાદમાં દોલતની રેલ આવી ને જો કે ૧૮૬૬ માં ઘણા લોક દુર્દશામાં આવ્યા તોપણ ઘણુંક નાણું રહ્યું જેથી શહેરની દોલત તથા ધંધા છેક ઉતરતી હાલતમાં આવ્યાં નહિ.

ઇ. સ. ૧૮૬૬ પછી અમદાવાદમાં બે વાર ૧૮૬૮ ને ૧૮૭૫ માં રેલથી ને બે વાર ૧૮૭૭

---

૧. ૧૮૨૧ ના આગસ્ટની ૧૩ માએ બપોર પછી બે ને ૪૧ મિનિટે ધરતીકંપ થયલો તે તીસ સેકંડ રહ્યો હતો; ૧૮૬૪ માં થયેલો તે આંચકો મોટા ગાડાના ગગડાટ સાથે દક્ષિણથી ઉત્તરે જતો જણાયો હતો ને વીસ સેકંડ રહ્યો હતો.

524—*aaa*

માં આગથી મોટું નુકસાન થયું.[1] હાલમાં (૧૮૭૮) શહેરના ગરીબ લોક મોંઘવારીથી ને ઉપલા વર્ગના લોક ધંધાની મંદીથી ને મુંબઇની મીલોમાં ખોટ જવાથી બહુ હેરાન છે. તોપણ ૧૮૭૭ માં પૂરાં થતાં પાંચ વર્ષમાં શહેરનો દેખાવ તથા તંદરૂસ્તી વધારવાની બાબતમાં ઘણુંક કરવામાં આવ્યું છે. તેનો ધંધો વધ્યો છે અને તેની સ્ટીમબોટન સ્પિનિંગ ને વીવિંગ મીલ સસતું કાપડ આપે છે એટલુંજ નહિ પણ બે હજાર ગરીબને કામે લગાડે છે.

ભાગ ૨ જો.

જાણવાજોગ ઇમારતો.

એક જૂનો હિંદુ કૂવો, વલંદાની કબરો ને કેટલાંએક નવાં હિંદુ દહેરાં એ સિવાય શિલ્પ-કળાને માટે વખણાયલી બીજી બધી ઇમારતો અમદાવાદની તે મુસલમાનની છે.

એમાંની કેટલીએક સાધારણ અને ખડબચડી છે[2] ને કેટલીક ઇસવી સનની ૧૭ મી સદીની છે[3]. પણ જૂની પહેલા વર્ગની ઘણીએકની ખાસ ખુબી આ છે કે શિલ્પની તે એક જૂદીજ ધાટી બતાવે છે. એ હિંદીમુસલમાની ધાટી અમદાવાદના બાદશાહી વખતમાં (૧૪૧૩–૧૫૭૩) નવી નિકળી ને ઊંચામાં ઊંચી થઇ શોભી. ઇ. સ. ૧૪૧૩ થી શરૂ થતાં દશ વર્ષની અંદર બાંધનારોને પોતાના કિસબની એટલી તો ખાતરી પડી કે તેઓએ જમ્મા મસજીદ બાંધી જે આજપણ શહેરમાં સૌથી સારી દેખાવડી ઇમારતોમાંની એક છે. રાણી અસની (સિપ્રી)ની મસજીદ ઉપર ૧૫૧૪ નું વર્ષ છે. એ સમયે શિલ્પ ધાટી ચઢીને ઉત્તમ થઇ રહી હતી એમ કહીએ તો તે ખોટું નથી; પછીનાં ૬૦ વર્ષમાં તે કાંઇક ઉતરી હતી; અકબરે અમદાવાદ લીધું (૧૫૭૨) તેવામાં જે બે મસજીદ બંધાતી હતી[4] ને જે અધૂરી રહેલી આજપણ સારી દેખાવડી છે તે જોતાં તેમ જણાય છે.

બાદશાહોનો ધર્મ મમત છતે પશ્ચિમ એશિયા સાથે ચાલેલા વેપારથી પરદેશીઓનું શહેરમાં આવી રહેતાં છતે ને દરબારના કાબેલ પરદેશીઓનું રસજ્ઞાન જૂદુંજ છતે ગૂજરાતના દેશી કારીગરોનો કિસબ એવો તો મોહોટો હતો કે મુસલમાની ઇમારતોમાં ઘણીક હિંદુ તરેહ આબાદ દાખલ થઇ

---

૧. ૧૮૭૭ ના જાનેવારીની ૧૭ મીએ એક વોહોરાની દુકાનમાં ૫૦૦ થી વધારે રતલ દારૂ સળગી ઉઠ્યો તેથી પાંચ દુકાન બળી ગઇ ને ૮૮ માણસ પડ્યાં. માર્ચની ૨૪ મીએ સારંગપુરની એક પોળમાં આગ લાગી; મોહોલ્લો સાંકડો ને ચાર માળનાં ઘર તેથી બંબા કામ કરી શક્યા નહિ, લશ્કરી માણસોએ મદદ કરીને બીજે દહાડે આગ હોલવી પણ ૯૪ ઘર બળી ગયાં ને ૭ લાખ રૂપીઆનું નુકસાન થયું.

૨. દરીઆખાનની ને આજમ ખાનની કબરો જેવી.

૩. સાહબાજીઉદ્દિનની કબર શાહીબાગ ને આજમ ખાનના મહેલ જેવી.

૪. શાહાપુરની ને બાબા લુલુઇની મસજીદો.

વખાણાઇ. કેટલાંએક મકાન, મહેલ, કમાનો વગર થાંભલા, ધાબાંવાલી હિંદુ ઢબે બંધાયાં છે.[૧] સુંદર નકસીના પગથીઆવાળા કૂવા તથા પગથીઆં પગથાળવાળી ઘણી બાજુની વાવ ને પાણી લેવા કાઢવાના ઉમદા કોતરેલા દરવાજા એ સૌ હિંદુ ઢબનાંજ છે. એટલું કે મૂર્ત્તિઓને બદલે ટ્રેસરી છે. મુવેલાંની પાછળ હિંદુઓ જે દેવડી બંધાવે છે તેવી તરેહ મુસલમાની કબરોમાં જોવામાં નથી આવતી પણ હિંદુ દહેરાના સભા મંડપની થાંભલા તથા ઘુમટના તરેહની કબરો કરવામાં આવી છે; મંડપમાં સામસામાં ખુણા જોડેલા હોય છે પણ અમદાવાદની કબર ચોરસ ને બાજુઓએ અંદર જવાના[૨] માર્ગ એવી છે; પાછળથી વળી ધાબાંને બદલ કામાનો થયા.[૩]

અમદાવાદની મસજીદોની મોટી ખુબી તેના મિનારાની છે. એ મિનારા ઘાટ તથા નકસીમાં મિસર દેશના કેરોના મિનારાથી ચઢીઆતા છે.

આગગાડી અમદાવાદ પહોંચે છે; સ્ટેશનની દક્ષિણ પશ્ચિમે સીદી બશીરની મસીદ તથા તેની સાથે અહમદશાહની કબર છે. મસજીદ હિંદી મુસલમાની ઘાટીની ૧૪૬૫ માં બંધાઇ હતી; મહેરાબદાર વચલો દરવાજો છે; મોટો ભાગ તો ૧૭૫૩માં મરેઠાને જવાનમર્દખાનની લડાઇમાં નાશ પામ્યો હતો ને હાલ મિનારા ને મહેરાબદાર વચલો દરવાજો છે. આગગાડી સ્ટેશનમાં દાખલ થાય છે કે ડાબા હાથની બાજુએ બે ઊંચાંમાં ઊંચા મિનારા દેખાય છે. મસજીદની નિશાની નથી. મિનારાની ઘાટી સૂચવે છે કે તે મહમદ બેગડાની બાદશાહીની આખરમાં બંધાયા હશે.[૪]

શહેરમાં જતાં રસ્તામાંથી કોટ દેખાય છે. તે અહમદશાહ પહેલાએ બંધાવ્યો હતો (૧૪૧૨) ને મહમદ બેગડાએ (૧૮૮૬માં) સમરાવી જબરો કીધો હતો. સત્તરમા સૈકામાં કોટને યૂરોપીયન મુસાફરોએ બહુ વખાણ્યો હતો. ઇ. સ. ૧૭૨૩-૫૦માં તેને નુકસાની લાગીને ૧૭૫૫ના મોટા વરસાદથી તો તે ઘણેક ઠેકાણે તૂટી પડયો; તેજ વર્ષમાં મોમિનખાને તેને સમરાવ્યો. ૧૭૮૦માં ખાનજહાન દરવાજા આગળ અંગ્રેજી લસ્કરે તેને તોડી પાડેલો તેથી શહેરમાં ચોરી ખૂનના

---

૧. મહમદ બેગડાનો સરખેજનો મહેલ કાંકરિયું સરખેજનું તળાવ એ હિંદુનીજ તરેહનાં છે;

૨. ઇમારતોના પદાર્થોમાં રેતીનો (અડદિઓ) પત્થર અહમદનગરથી ને બીજા પત્થર સારા ધ્રાંગધ્રેથી આણેલા. નકસી કામના પત્થર ચંદ્રાવતી ને અનહિલવાડથી; સફેદ આરસ અજમેરથી પાંત્રીસ માઇલ ઉપર મકરાન છે ત્યાંથી. તેવાજ પત્થર પણ ઉતરતા ને પીળા કે કાળા ચિન્હવાળા તે અંબાભવાનીની ઉત્તરે પાંચ માઇલ ઉપર ખાણ છે ત્યાંથી; પીળો રાતો આરસ જેસલમેરથી; ઉતરતો પીળો પાલીતાણેથી; આસમાની આરસ જેપુરથી; કાળી સ્લેટ આરસ જેવી તે ધ્રાંગધ્રેથી ને તરેહ તરેહનો પીળો કચ્છમાં દરીવાડ છે ત્યાંથી આણેલો. મિસ્તરી ને કારીગર ગુજરાતના દેશી કે માળવાના હતા કેટલાક હિંદુ ને કેટલાક હિંદુઓ મુસલમાન થયલા તે.

૩. મીર અબુતુરાબની કબર જેવી.

૪. એ મસજીદ દાઊદી વોહોરાઓની કહેવાય છે.

ગુનાહ વધ્યા હતા; તે પાછો ૧૮૩૨માં અઢી લાખને ખરચે દુરસ્ત થયો છે[1]. નદીની બાજુ તરફ કેટલાક ભાગમાં પથ્થર ચણેલા છે પણ શહેરને ફરતી દિવાલ તે ઇંટનીજ છે. દરવાજા અઢાર, તેમાં પંદર મોહોટા ને ત્રણ નાહાના છે; પંદરમાં એક બંધ કરી દીધેલા ને બે નવા છે. ત્રણ ઉત્તરની દિવાલમાંઃ શાહપુરનો તે ઉત્તર પશ્ચિમે, દિલ્લી તે ઉત્તરમાં ને દરિયાપુર તે ઉત્તર પૂર્વે; ચાર પૂર્વની દિવાલમાંઃ પ્રેમાભાઇનો નવો તે ઉત્તર પૂર્વે ને કાળુપુરનો તે પૂર્વમાં, પાંચકૂવાનો નવો તે પૂર્વમાં ને સારંગપુર તે દક્ષિણ પૂર્વે; ચાર દક્ષિણની દિવાલમાંઃ રાયપુર તથા આસ્તોડીઓ તે બે દક્ષિણ પૂર્વે ને મહુધાનો બંધ કરેલો ને જમાલપુર તે બે દક્ષિણે છે; સાત પશ્ચિમની દિવાલમાંઃ ખાનજહાન, રાયખડ તથા માણેક તે દક્ષિણ પશ્ચિમમાં; ત્રણ કિલ્લાના ગણેશ, રામ ને બારાદરી તે મધ્યે ને ખાનપુર તે ઉત્તર પશ્ચિમે છે.

રેલવે સ્ટેશન થકી કાળુપુર, પાંચ કૂવા કે સારંગપુર દરવાજામાંથી જતાં, કિલ્લાની પશ્ચિમનો એકાદો મોટો રસ્તો લેતાં શહેરના દક્ષિણ ભાગમાં, દક્ષિણ પૂર્વ ખુણામાં એક બેગમની ને બીજી મહમદ ઘૌસ ગોવાલીઅરીની એવી બે મસજીદો છે. બેગમની મસજીદનો વખત ૧૫૧૦ હશે એવું જણાય છે કેમકે તેના જેવી અચુત બીબીની મસીદ તે વખતની છે; એ મસજીદની બાંધણીમાં હિંદુની સપાટ ને મુસલમાનની મહેરાબદાર એ બે ઢબ અચ્છી રીતે ભળેલી શોભે છે. એ મસજીદથી ૩૦૦ યાર્ડ દૂર મહમદ ઘૌસ ગોવાલીઅરીની ૧૫૬૨ માં બંધાયલી, તેમાં અમદાવાદની ઢબ નથી પણ જુવાનપુરની મસજીદોની નકલની છે; જો કે બુલંદપણામાં ઓછી નથી પણ નકશ સારી નથી.

દક્ષિણ પશ્ચિમ ૮૦૦ યાર્ડ ઉપર આસ્તોડિયા દરવાજા પાસે રાણી અસની એની[2] ને દસ્તુર ખાનની એવી બે મસજીદ છે. રાણી અસનીની જે એ ધાટીની મસીદોમાં સૌથી સારી છે તે ૧૫૧૪માં મહેમૂદ બેગડાની વિધવારાણી અસની એ બંધાવી હતી. તે કદમાં નાની છે, ૫૫ ફૂટ લાંબી ને વીસ પહોળી ને ૫૦ ફૂટ ઊંચાઇના બે મિનારા છે. એ મસીદ હિંદુ ધાટીની છે, માત્ર એક કમાન એક બાજુના બારણામાં છે; મિનારા ઘણીજ સારી નકસીથી ભરેલા છે ને કબરની આસપાસનો ઘેરો તે હિંદુ કારીગરીનો ઊંચો નમુનો છે. એ મસીદની ઉત્તર પશ્ચિમે ૧૦૦ યાર્ડ ઉપર અસાવલના ભીલના કોટની જગા છે તેઉપર સુલતાન અહમદની એક મસીદ બંધાઇ હતી એમ કહેવાય છે; ૧૮૨૪ માં તે મસીદ ઘણીખરી ભાંગી પડેલી હતી. ભીલના કોટની પશ્ચિમે ૧૦૦ યાર્ડ ઉપર દસ્તુરખાનની મસીદ છે જે મહમુદ બેગડાના એક વજીરે ૧૪૮૬માં બંધાવી હશે.

---

૧. શહેરની ચોપાસ ફરતો કોટ પાંચ માઇલ છ ફરલાંગ ને અઠાવીસ પોલ છે; સરાસરી ઊંચાંઇ પંદર ફુટ; ઓસાર ચારથી પાંચ ફુટનો ને પચાસ પચાસ કદમે બુરજો છે.

૨. એ મસીદ કેટલોક કાળ લગી સુલતાન અહમદના એક બેટાની બેગમ રાણી સિપ્રીની ૧૪૩૨માં બંધાયલી એમ કહેવાયું હતું.

દસ્તુરખાનની મસીદની દક્ષિણ પશ્ચિમે ૯૦૦ યાર્ડ ઉપર જમાલપુર દરવાજાની પાસે છેક દક્ષિણમાં મસીદ છે તે અહમદશાહના એક અમીર હૈબતખાને હિંદુના એક દહેરાની જગા ઉપર બંધાવેલી. એમાં ખૂબી જેવું નથી પણ હિંદુ તથા મુસલમાન એ બેની કારીગરી ભેળી કરેલી છે.

હૈબતખાનની મસીદની પશ્ચિમે ૫૦૦ યાર્ડ ઉપર ખાનજહાન દરવાજાની બહાર પણ પાસેજ ખ્રિસ્તી પ્રોટેસ્ટંટનું કબરસ્તાન છે જ્યાં અસલ મુસલમાન લોક મુડદાં દાટતા. કેટલીક કબર આરસપાહાણની છે ને જૂનામાં જુની તે ૧૭૮૦ની છે. વળી ફેંક્યો પત્થર જાય તેટલે દૂર રોમન કાથલિકનું કબરસ્તાન છે તે જમીનનો થોડોક ઓરો છે ને ત્યાં કબરો સારી નથી.

પાછા ફરતાં મોટા રસ્તાપર શહેરના મધ્યની પાસે જમા મસીદ સુલતાન અહમદ પહેલાની બંધાવેલી, તે શહેરમાં સૌથી મોટી ને ભવ્ય છે.[2] ત્રણ દરવાજાની જરાક પૂર્વે મોટા મોહોલ્લાની દક્ષિણ બાજુએ મસીદનો ખુલ્લો ભાગ ૩૮૨ ફૂટ લાંબો તથા ૨૩૮ પોહોળો છે તે તેની બહારની ભીંતોની સામા ઘરો બંધાયાથી બંધ થઇ ગએલો છે. ઉત્તરની ભીંતને વચગાળે પરસાળ મુકી ફરસબંધીનો ચોક છે જેની ભીંતઉપર કુરાનનાં વાક્યો લખેલાં છે. દક્ષિણની ભીંતમાં બાજુએ દરવાજો છે ત્યાંની સણગારેલી પરસાળ મહેરાબ સિવાય બીજી બધી રીતે હિંદુ ધાટીની છે. ચોકની વચમાં હોજ છે ને પશ્ચિમ તરફ વિશાળ જગા બંદગી કરવાને છે તે ૨૧૦ ફૂટ લાંબીને ૯૫ ફૂટ પહોળી છે. તથા આરસપહાણની ફરસબંધી છે; વચમાંના બારણાઉપર મહેરાબ કાળા આરસનો છે કે જેને વિશે કહેવાય છે કે તે પારસનાથની મૂર્તિનો પૃષ્ઠ ભાગ છે. થાંભલાની ગોઠવણ સાદી છે. પશ્ચિમની ભીતમાંના કિલ્લા રંગીન આરસોના ચતુરાઇથી એકઠા ગોઠવેલા છે. એ મસીદ જોવાથી જણાય છે કે હિંદુ ને મુસલમાન કારીગરી ઉત્તમ રીતે ભેળી દાધી છે. એ મસીદમાંથી પૂર્વ તરફ બારણું છે તેમાંથી જતાં સુલતાન અહમદની મોટી શોભીતી કબર આવે છે ને તેની આસપાસ તેનાં સગાંની બીજી કેટલી એક સફેત આરસની કબરો છે; સુલતાન અહમદની કબર ઉપર મુસલમાનને હિંદુ હજીપણ ફુલ ચઢાવે છે. એ મોટી કબરની પૂર્વે જમીનથી દશ ફૂટ ઊંચે જે વંડો છે તેમાં સુલતાન અહમદની બેગમોની કબરો છે તેમાં મુખ્ય તે મોગલાઇ બીબીની છે ને એની આસપાસ બીજીઓ છે.

એ કબરોથી મોટા રસ્તાની પેલી પાસ એક મોટું માળવાળું મકાન જ્યાં હાલ મુંબઇ બેંક તે વલંદાની કોઠી હતી. વલંદાઓ ૧૬૧૯ માં અમદાવાદમાં આવ્યા ને સર ટામસ રોએ તેઓને બાદશાહ આગળ હલકા પાડેલા તે છતાં તેઓને એક અમદાવાદમાંને એક સરખેજમાં એમ બે કોઠી ઘાલવાની રજા મળી હતી. સરખેજવાળી ૧૬૭૦માં બંધ થઈ ને, શહેરવાળી ૧૭૪૪ થી કે જ્યારે યુરોપીઅન નોકરોને રજા આપી માલ સામાન લઇ જવામાં આવ્યો હતો, માત્ર ત્રણ ચાર દેશીઓને

---

૨. એ ૧૪૨૪ ની જાનેવારીની ૪ થી તારીખે બંધાઇ રહી હતી.

મકાન સાચવવાને રાખ્યા હતા. વલંદા ગળી તથા છીંટનો ધંધો કરતા. એ કોઠીથી થોડેક દૂર અંગ્રેજી કોઠી હતી પણ મકાન કે જગા આજ એમ નક્કી જણાયું નથી.

જુમ્મા મસીદની ઉત્તર પૂર્વે ૨૬૦ યાર્ડ ઉપર ત્રણ દરવાજા સુલતાન અહમદ ૧લાએ બંધાવ્યા છે. તે પત્થરના છે ને તેમાં કેટલુંક નકસી કામ છે; વચલો તે ૨૦ ફૂટ ને બાજુનો એકેકો તે ૧૭ ફૂટ પોહોળો છે. કમાનની ઊંચાઇ ૨૫ ફૂટ છે. દરવાજાની ઉપરનું ધાબું ઢાંકેલું હતું પણ ૧૮૭૭ માં દરવાજો સમરાવ્યો તેવારથી ધાબું ખુલ્લું રાખ્યું છે. એ દરવાજેથી ભદ્રના બાહારના ચોગાનમાં જવાતું તે ૧૬૦૦ ફૂટ લાંબું ને ૮૦૦ પહોળું હતું; એ ચોગાન જે મેદાનશાહ કહેવાતું તેને ચોમેર ફરતી બે હાર નાળીએરી તથા આમલીની હતી ને તેમાં વચ્ચે વચ્ચે મીઠાં લીંબુ ને નારંગીનાં ઝાડ હતાં જો કે હમણાનાં કેટલાંક મકાનો તેમાં આવ્યાં છે તો પણ ચોગાનનો જૂનો આકાર જણાઇ આવે છે.

ત્રણ દરવાજાની સામે ખુલ્લી જગામાં કારંજ છે જેની પાસે પંદરમા સૈકામાં સુલતાન બાદશાહ દબદબાથી સવારી લઇ આવતો. તે વખતથી ત્યાં દર શુકરવારે બજાર ભરાય છે. મકાન છે તે હમણા લગી ચોખુણ હતું ને પડી ભાંગેલી એક ટાંકી તથા ફુવારો તેમાં હતાં; એમાં પાણી આવતું તે ભદ્રમાંના એક કુવામાંનું. તે મકાન હાલ એક યૂરોપના માલનો ધંધો કરનારાના હવાલામાં છે ને તેણે તેને શહેરના દેખાવડાં મકાનોમાં ગણાય તેવું કીધું છે. એ મકાનને આંગણે ને ભદ્રના દરવાજાની સામે મ્યુનિસિપાલ બાગ છે કે જે ૧૮૭૬-૭૭ માં રૂ. ૧૦ હજારને ખરચે બનાવવામાં આવ્યો છે. બાગની ઉત્તરે અમદાવાદ હાઇસ્કૂલનું મકાન છે ને તેની પશ્ચિમે હિમાભાઇ ઇનુસ્ટિટ્યુટ છે, સારી લાઇબ્રેરી સાથે. તેની પાસે મલેક શાબાન અથવા હજુરીશાહની નાની મસીદ છે, તે ૧૪૫૨ માં બંધાઇ હતી.

ત્રણ દરવાજાની દક્ષિણ પશ્ચિમે ૪૦૦ યાર્ડ ઉપર આઝમખાનનો મહેલ છે કે જે ૧૬૩૬ માં તેવીસમા સુબેદાર આઝમખાને બંધાવ્યો હતો. તે પહેલે તો મુસાફરખાના દાખલ વપરાયો; પછી મદરેસા દાખલ; મરેઠાઓના વખતમાં ત્યાં એક સરદાર રહેતો ને બ્રિટિશ સરકારે ૧૮૨૦ માં જેલ કીધી. જેલ જેની બંને બાજુએ ભદ્રની દિવાલ આવી છે તેનો દરવાજો ઘણો દેખાવડો છે. દરવાજો ૧૮ ફૂટ ઊંચો છે ને એક આઠ ખુણાનું દિવાનખાનું ૩૭ા ફૂટ વ્યાસનું છે. જેલની પાછળ ને ભદ્રની દિવાલની અંદર નાની વાડી છે.

આઝમખાનના મહેલની નજીક જે દરવાજો છે, જેની બે બાજુએ પોલીસના સીપાઇઓની કોટડી છે, ઉપર ગોખ છે ને પાસે ભદ્રકાળીનું દેહેરૂં છે તેમાંથી ભદ્ર—કિલ્લામાં જવાય છે. અનહિલવાડ પાટણના કિલ્લાનું ભદ્રકાળીનું નામ હતું, તેઉપરથી અમદાવાદનો કિલ્લો બાંધ્યો (૧૪૧૧) સુલતાન અહમદે ત્યારે એણે એનું પણ ભદ્ર નામ રાખ્યું. આકાર ચોરસ, વિસ્તાર ૪૩ એકરનો ને તેમાં ૧૬૨ ઘર છે, આઠ દરવાજા, તેમાં ત્રણ મોટા, બે પૂર્વ તરફ ને એક દક્ષિણપશ્ચિમે; ત્રણ

થોડા મોટા, બે ઉત્તરે ને એક દક્ષિણે; અને બે નાના પશ્ચિમે છે.[1] પશ્ચિમે નદીના કાંઠાને લગતો કોટ છે ને બીજા ભાગોમાં ફરતી ઇંટની દિવાલ છે જેને હમેશ મરામતથી સારી રાખવામાં આવે છે. ભદ્રનો દરવાજો ને જેલ એ બેની વચે કાળિકાનું દહેરૂં છે કે જે માત્ર દહાડેજ ઉઘાડું રાખવામાં આવે છે.

ભદ્રના દરવાજાઉપર બે બુરજ જેમાંના એકનીઉપર બ્રિટિશ વાવટો ઉડતો તે બેની વચમાંની ઊંચી ભીંતઉપર ઘડીઆલ છે; જેની એક તખ્તી કારંજ સામાંને બીજી પશ્ચિમ દિશાની સામાં આવી છે. તે ઘડીઆલ ૧૮૪૯ માં રૂા. ૮૦૦૦) ને ખરચે મુકાયું છે.

ભદ્રની અંદર દક્ષિણે સુલતાન અહમદે બાદશાહી કુટુંબને નિમાજ પઢવાને બંધાવેલી (૧૪૧૪) મસીદ છે; એની પશ્ચિમે માણેક બુરજ છે; કહેવાય છે કે તે શહેરના પાયાની ચોમેર ફરતો બાંધ્યો છે; તે બહારથી ૫૩ ફૂટ ઊંચો છે ને તેમાં ૭૭ ફૂટ પરીઘમાં એવો એક કૂવો હતો કે જે નદીનો પ્રવાહમાર્ગ બદલાવાથી પાણી વિનાનો થયો ને ૧૮૬૬ માં તેને પૂરી નાખવામાં આવ્યો છે.[2] ભદ્રની ઉત્તર પૂર્વે લાલદરવાજો છે તેની બહાર સીદી સૈયદની મસીદ છે. તે સીદી સુલતાન અહમદનો એક ગુલામ હતો. મરેઠાઓએ મસીદને નાપાક કરેલી તે હમણા સરકારી આફીસ દાખલ વપરાય છે. તેની બે બારી જેમાં ઝાડની મોટી નાની ડાળીઓની નકસી છે તેવી હિંદુસ્તાનમાં બીજે કોઇ ઠેકાણે નથી ને કુદરતની આબેહુબ નકલમાં તેના જેવું 'ગ્રીક કે ગોથિક શિલ્પમાં બીજું કાંઇ નથી.'

ભદ્રમાં કેટલીક મુસલમાની ઇમારતોની નિશાની છે તે ઉપરાંત કેટલાંક હિંદુ દહેરાં છે તે રામ, હનુમાન, શિવ, કૃષ્ણ, ને વિઠોબાનાં પણ તે જૂના વખતનાં નથી. અદાલત જે ૧૮૭૪ માં તોડી પાડવામાં આવી તે પેશવાના કારભારી શેલુકરનો (૧૭૯૮-૧૮૦૦) મહેલ હતો. જ્યાં

---

૧. ઉત્તર તરફ બે થોડા મોટા દરવાજા છે એકમાંથી ખાનપુર ને બીજામાંથી મિરજાપુરમાં જવાય છે. પહેલો તે અસલ બારી હતી તેનો હમણા દરવાજો કર્યો છે. એને કમાન નથી ને બારણાંપણ નથી. પૂર્વતરફ બે મોટા, તેમાં લાલ ઉત્તર પૂર્વે ને બીજાનું બયાન તો ઉપર કર્યું છે. દક્ષિણે બે તેમાં એક નવો (૧૮૭૪) બારણા વગરનો જેલની વાડી આગળ ને બીજો મોટો ગણેશ દરવાજો તે દક્ષિણ પશ્ચિમે ઉઘાડયો હતો. પશ્ચિમે બે, દક્ષિણપશ્ચિમ તરફ રામ પત્થરના પગથીઆનો ને બીજો બારાદરી ઉત્તર પશ્ચિમે.

૨. હિંદુઓ કહે છે કે જ્યારે કોટ બંધાતો હતો ત્યારે માણેકનાથ બાવો દાહાડે એક ગાદલું શીવી તૈઆર કરતો ને રાતે તેના કકડા કરી નાખતો તેથી ચણાએલો કોટ પડી જતો. અહમદશાહે તેને ખોળી કાઢી પૂછયું કે તારા મંત્રની વધારે ખાતરી આપ એવે બાને તેને એક નાનાં વાસણમાં ઊભો રાખ્યો ને કોટ બંધાતાં હરકત ન નડે તેવું વચન લેતાં લગી ત્યાંથી જવા દીધો નહિ. એ બાવાના નામઉપરથી માણેક બુરજ, માણેક ચોક (બજાર) કહેવાય છે તેને જીવતો દાટી નાખવામાં આવેલો ને તેનાઉપર દેવડી કરેલી તે હજી છે.

કલેકટરની આફીસ બાંધી છે ત્યાં પાદશાહી દીવાનખાના એ નામનો મહેલ હતો. કલેકટરની આફીસની પાસે જે નાની ગોળ કબર છે તે ઇબ્રાહિમ કુલીખાનની છે. તે ઇરાની જંગે મર્દ હતો ને તેનું મુડદું બગદાદ લેઇ જવામાં આવ્યું હતું. કલેકટરની આફીસની ઉત્તરે જૂના વખતના હમામખાનાની જગામાં હાલ હજુર ડેપુટી કલેકટરની આફીસ છે ને પૂર્વે એક મોટી કબગનું મકાન છે ત્યાં એકઝીક્યુટિવ ઇજનેરની આફીસ છે.

લડાઇનો સામાન, તોપ, દારૂ, વગરે રાખવામાં આવે છે તે જગા ગાયકવાડની હવેલીને નામે ઓળખાય છે; તે અમદાવાદમાં બીજો કિલ્લો છે. એ કિલ્લો રાયખડ ને ખાનજહાન દર-વાજાની વચમાં છે, ને તે ૧૭૩૮માં જ્યારે મોમનિખાન ને મરેઠા એઓએ શહેરને વહેંચી લી-ધેલું ત્યારે બંધાવ્યો હતો ૧૭૫૭માં પેશવા તથા ગાયકવાડે શહેર વહેંચી લીધું ત્યારે તે હવેલી દામાજીના હવાલામાં આવેલી ને તેણે સમરાવી જબરી કરેલી. તેના ત્રણ ભાગ, ઉત્તર તરફનો તેમાં અસલ વાડી હતી, વચલો જે શહેરના કોટપર ઢળે છે તે કિલ્લો હતો ને દક્ષિણનો ભાગ ૧૮૧૪ માં કેશોબા પંડિતે વધાર્યો હતો.

અંગ્રેજ સરકારના હવાલામાં આવ્યા પછી થોડો કાળ (૧૮૧૭–૨૪) હવેલીમાં શહેરની ગારીસનનાં માણસો રહેતાં. ૧૮૩૩ માં તે ફોજના ઉત્તર ભાગના સરંજામ રાખવાનું ઠેકાણું થયું ને આગગાડી ચાલ્યા પછી હવે ત્યાં માત્ર તોપખાનાનોજ સરંજામ રાખવામાં આવે છે. હવેલીના ઉત્તર ભાગમાં ઓરડનન્સના ડેપ્યુટી કમીશરની જગા છે, મધ્યમાં લશ્કરી સરંજામ ને દક્ષિણમાં લશ્કરનાં માણસોને રહેવાનાં ઝુંપડાં છે.

ભદ્રની બહાર લાલદરવાજાની ઉત્તર પૂર્વે ૪૦૦ યાર્ડઉપર સુજાતખાનની મસીદ, કબર ને મદરેસાનું ભાંગ્યું તુટું મકાન એ છે. મસીદને બે પાતળા મિનારા છે. ભીંય આરસની છે; પગ-થીઆં પીળા આરસનાં ને કિલ્લાઉપર કાનુનને હિજરી તારીખ છે (૧૬૯૫-૯૬). કબર ઇંટની ને તેની આરસની ભીંય ઘણીક નાશ પામી છે.

ભદ્રની ઉત્તરે ૧૫૦ યાર્ડ ઉપર ને શુજાતખાનની મસીદની પશ્ચિમે ૪૦૦ ઉપર શાહાવજીઉદ્દી-નની કબર છે તે ગૂજરાતના આગિયારમા સુબેદાર સૈયદ મુરતાઝાખાન બુખારીએ બંધાવી હતી. વળી આસરે ૧૬૦ યાર્ડ ઉત્તરે સૈયદ આલમની મસીદ ૧૪૨૦ માં બધાવી છે. એની ઉત્તર પૂર્વે ૭૦૦ યાર્ડ ઉપર દિલ્હી દરવાજાના રસ્તા ઉપર મિરઝાપૂરમાં રાણીની મસીદ (૧૪૩૦-૪૦) બંધાયલી છે. તે ૧૦૫ ફૂટ લાંબી ૪૬ પહોળી ને ૩૨ ફૂટ ઊંચી છે; બે કબરમાં એકના ઉપર રૂપવંતી નામ છે ને તે ઉપરથી લાગે છે કે તે સુલતાન અહમદના જનાના સંબંધની હશે. મિનારા ૧૮૧૯ માં પડી ગયલા છે, તોપણ પાયા ને કિલ્લાની નકસી એમાં સારી કારીગીરી જણાય છે.

એની દક્ષિણ પૂર્વે ૧૩૦ યાર્ડઉપર નાનું સાદું કાથલિક દેવલ છે તે ૧૮૪૨ માં બંધાવી ૧૮૬૪ માં વધારવામાં આવ્યું છે.

મિરઝાપુરની રાણીની મસીદની ઉત્તર પૂર્વે ૩૫૦ યાર્ડઉપર અંગ્રેજી દેવળ છે. તે ૧૮૪૮ માં બાર હજારને ખરચે બંધાવ્યું છે. ભોંયનો આકાર ક્રુસના જેવો છે. ૭૧ ફૂટ લાંબોને ૪૨ ફૂટ પહોળો; ૧૩૯ માણસનો સમાસ થાય તેટલી જગા છે.

પછી છેક ઉત્તર પશ્ચિમે શાહાપુરની મસીદ ૧૫૬૫ માં શેખ હુસેન મહમદ ફિસ્ટીએ બંધાવી તે છે. એ પૂરી બંધાઇ નથી.

એની દક્ષિણ પૂર્વે ૯૦૦ યાર્ડઉપર બે મસીદ છે. એક કુતુબશાહાની (૧૪૪૬) ને બીજી મુહાફીજખાનની (૧૪૬૫).

શહેરના કોટની અંદરનાં જૂનાં મકાન પૂરાં થયાં પણ મુહાફિઝખાનની મસીદની દક્ષિણ પૂર્વે ૫૦૦ યાર્ડઉપર સ્વામીનારાયણનું દહેરૂં છે તે, (૧૮૫૦) માં બંધાયું છે. એ દહેરાની શિલ્પ ઘાટી ગૂજરાતનાં જૂનાં હિંદુ મકાનના જેવીજ છે. તેનું દેખાવડાપણું તેનો અષ્ટકોણ ઘુમટ બાર સ્તંભ ઉપર છે તેમાં છે.

એ દહેરાની દક્ષિણ પશ્ચિમે ૩૫૦ યાર્ડઉપરમાં પાંજરાપોળ છે. તેનું ચોગાન ૧૨૫૩૮ ચોરસ યાર્ડ છે. તેને ફરતી અડાળી છે; વરસે ખરચ પંદર હજારનો છે ને વહીવટ શ્રાવકો કરે છે.

સ્વામીનારાયણના દહેરાની દક્ષિણે થોડેક છેટે નવ કબર છે. એકેકી સવા અઢાર ફૂટ લાંબી છે ને તે નવગજ પીરની કહેવાય છે. તેની માનતા ચાલે છે ને દરસાલ ઓરસ ભરાય છે.

દહેરાની દક્ષિણે ૩૦૦ યાર્ડ ઉપર જહાંગીરની ટંકશાળનું ચોખુણ ખંડિયર છે, તેમાં પેસતાં એક રહેવાનું ઘર છે ને અંદર જમણવાર કરવાની વાડીને છોકરીઓની એક નિશાળ છે.

શહેરની અંદરની જાણવાજોગ ઇમારતો પૂરી થઇ. હવે શહેર બહાર ઉત્તરેથી શરૂ કરતાં દિલ્હી દરવાજાની પેલીપાસ કેમ્પના રસ્તાની જમણી મેર હઠીસીંગનું દહેરૂં છે. એ ધર્મશાળા તથા બંગલાસાથે ૧૮૪૮ માં દશ લાખને ખરચે બંધાઇ રહ્યું હતું: દહેરૂં પ્રેમચંદ સલાટે સણગારની મોટામાં મોટી દોલતે પૂરૂં કીધું છે. કોતર કામ ઉત્તરતું છે, શિલ્પ ઘાટી સ્વચ્છ નથી પણ કામ એવું તવંગર છે કે જે કાળમાં જૈન શિલ્પનો ઉત્કર્ષ હતો તે કાળના જેવુંજ ને તેઉપરથી જણાય છે કે હજી પણ ગૂજરાતમાંથી બાંધવાનો ને પથ્થર કાપવાનો હુન્નર ગયો નથી. દહેરામાં બાવન ગોખલા છે ને એક એકમાં તીર્થંકરની કે કોઇ સાધુની આરસની મૂર્ત્તિ છે. દહેરામાં મુખ્ય મૂર્ત્તિ ધર્મનાથની છે. એ દહેરાની પેલી પાસ પા માઇલઉપર હજરત મુસા સુહાગની મસીદ છે. તે એક ફકીર ઓલીયા મુસા સુહાગે ૪૦૦ વર્ષઉપર બંધાવી હતી. તેમાં પાંચ કબર છે; એક જૂનું મોટું ચાંપાનું ઝાડ છે. જેઓને છોકરાં જોઇતાં હોય છે તેઓ ૭-૧૧-૧૩-૨૧-૨૯ કે ૧૨૬ બંગડીઓ ઝાડને ચઢાવે છે.

હઠીસિંગના દહેરાની પૂર્વે એક મૈલઉપર અસારવા ગામમાં દાદાહરીરની ને માતાભવાનીની એવી બે વાવ છે. દાદા હરીરની વાવ મહમદ બેગડાના ઘરની એક બાઇએ ૧૪૮૫ માં ત્રણ લાખ ખરચી

B 524—bbb

બંધાવી હતી; જમીનની સપાટીઉપર તે ૧૯૬ ફૂટ લાંબી ને ૪૦ પહોળી છે. પૂર્વના છેડા તરફ ઘુમટવાળી છતરી છે. ત્યાંથી ૮ પગથીઆં ઉતર્યા કે છાએલી પગથાર આવે છે, ત્યાંથી નવપગથીઆં ઉતર્યા કે બીજી પગથાર આવે છે ને ત્યાંથી ૮ પગથિયાં ઉતર્યા કે ત્રીજી આવે છે કે જે પાણીથી બે ત્રણ ફૂટ ઊંચી છે. દરેક બાજુએ તેમ છે પશ્ચિમ છેડા તરફ કૂવો છે. અષ્ટકોણ આકારમાં ભીંતઉપર નકસી છે, દરેક બાજુએ ઘુમટ છે ને ત્યાંથી પગથીઆં છે કે જે ઉતરી પાણી આગળ અવાય છે. મોટા કૂવાની પાછળ બીજો કૂવો છે જેનો વ્યાસ વીસ ફૂટનો છે ને જમીનને પાણી પાવાને માટે છે. એક અડાળજની વાવ સિવાય ગુજરાતમાં તેના જેવી બીજી વાવ નથી. બાઇ હરીરની વાવની થોડેક ઉત્તરે વાવ છે ને ત્યાં માતાનું દહેરૂં છે તેઉપરથી તે માતાભવાનીની વાવ કહેવાય છે. ને કહેવાય છે કે તે પાંડવો એ બંધાવેલી છે. આબુ કે ચંદ્રાવતીમાં જે કાંઇ છે તેના જેટલી તે વાવ જૂની નથી તોપણ અમદાવાદમાં તેના જેટલું જૂનું બીજું કાંઇ નથી. તેજ એક નિશાની છે જૂના શહેર અસાવલ કે કરણાવતીની.

હઠીસિંગના દહેરાની ઉત્તર પશ્ચિમે ૧૫ મૈલઉપર શાહીબાગ છે કે જે શાહાજહાન જ્યારે અમદાવાદમાં સૂબેદાર હતો ત્યારે (૧૬૧૬-૨૨)તેણે ૧૬૨૨માં દુકાળમાં ગરીબ લોકોને કામે વળગાડવાને બંધાવ્યો હતો. સત્તરમા શૈકામાં શાહીબાગની વાડીઓ નામીચી મનાતી શહેરના સૌ લોક ત્યાં જતા ને શહેરનો તે એક સણગાર હતો[1]. ૧૭૮૧ માં કૂવો ને ફુવારાને નીક સઘળું પડી ભાંગ્યું હતું. તોપણ ત્યાં સરૂ, દેવદાર, નાળીએરી, સુકડ, આંબા, આંબલી વગેરે ઝાડો હતાં. શાહીબાગની પછાડી એક જૂની વાડી જે અંધારી વાડી કહેવાતી તે પડી ભાંગેલી હતી. ૧૮૭૫ની રેલથી રેતી ઘસડઇ આવેથી વાડીના ક્યારા નાશ પામ્યા હતા.

શાહીબાગની ઉત્તરે દશ મૈલપર અડાળજ ગામમાં વાવ છે તે રાજા વેણુની દીકરીને એક વાઘેલા રજપૂત રાજા વીરસીંગની સ્ત્રી રૂડારાણીએ પાંચ લાખને ખરચે બંધાવી છે.

શાહી બાગની ઉત્તર પૂર્વે લશ્કરી સિપાઇઓને માટે મુકામ છે. તે જગા ૧૮૩૦ માં સર જાન માલકમે નક્કી કરી આપી હતી. લશ્કરનો મુકામ ૧૮૧૭ માં ગાયકવાડની હવેલીમાં હતો. થોડાં વર્ષ પછી શહેરની દક્ષિણે બે મૈલઉપર એક જગાએ હતો. ૧૮૩૨-૩૩ થી હાલનો મુકામ છે.

શાહીબાગ ને શહેરની વચ્ચે મીયાખાન ચીસ્તીની તથા અચુત બીબીની મસીદો છે. ને દરિયાખાનની કબર છે. ચીસ્તીની મસીદ ૧૪૬૫ માં મલેકમકસુદ વઝીરે બંધાવી હતી કે જેના ખાનદાન શહેરના કાજી થવાનો હક ધરાવે છે. અચુત બીબીની તે મહમદ બેગડાના એક વજીર ઇમાદ ઉલમુલ્કે પોતાની બૈરીનેમાટે બંધાવી હતી. ૧૪૬૯ માં તેના સાત મિનારા ૧૮૧૯ માં ધ-

---

૧. ૧૬૩૮માં તે બાગ ઘણો મોટો હતો તેની ચોમેર ફરતી ભીંત હતી. તેમાં ઠામ ઠામ પાણીથી ભરેલી નીક હતી. એક શોભીતો મહેલ, તેમાં ઘણા શોભીતા ઓરડા હતા વાડીમાં વાડીઓ એવો તે બાગ હતો.

રતીકંપથી પડી ગયા છે. કબર દરિયાખાને પોતાની હૈયાતીમાં બંધાવી હતી (૧૪૫૩). તે ગૂજરાતમાં સૌથી મોટી છે. તે ઇંટની નવ ફૂટ ઓસારની છે.

સાબરમતીની પેલીપાસ દરિયાખાનની કબરની પશ્ચિમે પોણા મૈલઉપર સૈયદ ઉસમાનની મસીદ તથા કબર છે. તેણે ઉસમાનપરૂં બંધાવ્યું હતું તે ઉપરથી મહમુદ બેગડાએ એની મસીદ તથા કબર બંધાવી છે.

શહેરનો પૂર્વમાં સરસપરમાં રૈલવે સ્ટેશનની પેલીપાસ ચિંતામણનું જૈન દહેરૂં છે. શાંતિદાસ નામના વેપારી વાણીઆએ ૧૬૩૮ માં બંધાવ્યું હતું. તે શહેરમાં ઘણુંજ દેખાવડું હતું. ૧૬૪૪-૪૬ ના હુલ્લડમાં ઔરંગજેબે તેમાં ગાયનું ડોકું કપાવી મૂર્ત્તિઓ ભાંગી ત્યાં મસીદ કીધી; જૈનોએ શાહાજહાન બાદશાહને ફરીયાદ કીધેલી તેઉપરથી તેણે દહેરાને આગલી હાલતમાં આણવાનો હુકમ કીધો હતો. શાંતિદાસે તેમાંની મુખ્ય મૂર્ત્તિ ઉપાડી જઇ ઝવેરીવાડામાં નવું દહેરૂં બાંધ્યું હતું.

રખિયાલ ગામની પેલી પાસ મલેક શાબાનનું તળાવ છે તે આઠ ખુણાનું ને પત્થરનું બાંધેલું છે તેનો (વિસ્તાર ૩૫) એકરનો છે ને શિરસ્તા મુજબ વરસાદ પડયો હોય તો આખું વરસ તેમાં પાણી રહે છે.

રાયપુર દરવાજાની દક્ષિણ પૂર્વ પોણા મૈલઉપર કુતબનો હોજ અથવા કાંકરીઉં તળાવ છે. તે ૩૪ બાજુનું, એકેકી બાજુ ૧૯૦ ફૂટની, ને ફરતું એક મૈલથી વધારે છે; વિસ્તાર ૭૨ એકર છે; એ તરેહનું બાંધેલું મોટું તળાવ હિંદુસ્થાનમાં બીજું નથી.

એ તળાવને ડાબે કિનારે કેટલીક વલંદાની ને આરમીનયનની કબરો છે કે જે થાંભલા તથા ઘુમટવાળી મુસલમાની કારીગીરીની છે. તે કબરોઉપર તારીખ ૧૬૪૧ થી તે ૧૬૯૯ લગીની છે. આરમીનિયનની કબરો તે વલંદાના દલાલોની હશે.

એ તળાવની દક્ષિણ પશ્ચિમે પોણા મૈલઉપર ખેડાના રસ્તાની કાંઇક પશ્ચિમે મલેક આલમની મસીદ છે. ૧૪૨૨ માં સુલતાન અહમદના એક જમાઇએ બંધાવેલી.

પા મૈલ દક્ષિણે મસીદ, કબર, વગેરે છે તે શાહાઆલમની યાદગિરીનેમાટે. વટવાના કુતુબ-ઉલઆલમનો બેટો શાહાઆલમ તે મૂવો ત્યાંસુધી (૧૪૭૫) અમદાવાદમાં ઊંચી જગા ધરાવતો હતો. તે પહેલે તો મહમદ બેગડો નાનો હતો ત્યારે તેને કેલવણી આપનારો હતો પણ પછી મુસલમાન લોકને ધર્મની કેળવણી આપનારામાંનો એક મોટો ગણાયો હતો. દરવાજાની અંદર ડાબી તરફ દિવાનખાનું સુલતાન મુઝફ્ફર ત્રીજાએ (૧૫૬૧-૭૨) બંધાવ્યું છે; એનો કેટલોક ભાગ બ્રિટિશ લોકે ૧૭૮૦ માં શહેરના ઘેરાના કામમાટે તોડી પાડયો હતો. જમણી તરફ કેટલાંક મકાન છે પણ તે ઉપર તારીખ જણાતી નથી. એ મકાનોના આગણામાં જમણી તરફ દેખાવડો હોજ છે ને હોજની ડાબી મેર શાહા આલમની કબર છે. એ કબર મહમુદના દરબારના એક અમીરતાજખાન નરીઆલીએ બંધાવી. સત્તરમા સૈકાની શરૂઆતમાં નૂરજહાનના ભાઇ આસફખાને ઘુમટને સુનાથી

તથા કિંમતી પથરોથી સણગાર્યો હતો. કબરની પશ્ચિમે મસીદ છે તે મહમુદ સાલેહ બદક્ષીએ બંધાવી છે ને મિનારા શરૂ કર્યા નિઝામતખાને ને પૂરા કર્યા સૈદખાને. મસીદની દક્ષિણે એક કબર છે તે શાહઆલમના કુટુંબનેમાટે. વટવામાં ખેડાના રસ્તાઉપર ત્રણ મૈલ આગળ શાહઆલમના બાપ તથા ભાઇની યાદગિરીમાં બે કબર ને એક મસીદ છે.

અમદાવાદની દક્ષિણે નવ મૈલઉપર ગિરમથા ગામની પાસે પીરાના એના રોઝા છે. ઇમામશાહ, નુરશાહ, સુરાભાઇ, બાલા મહમદ, ને બાકર અલી એના; ઇમામશાહની મોટી કબર નાથુ સામજી નામનો લેવા કણબી જે કાકાના નામથી ઓળખાય છે તેના હવાલામાં છે. એ કબરોના સંબંધમાં ૭૫ ઘર છે તેમાં મઠવાસી કે કાકા કહેવાય છે તે તથા નોકરો મળી ૫૦ માણસ છે. દશ હજાર રૂપીયાની આવક છે. તેમાંથી હિંદુ મુસલમાન માગનારાઓને રાંધ્યું કે અણરાંધ્યું આપવામાં આવે છે.

વાત આવી છે કે ઇમામશાહ નામનો સૈયદ ઇરાનથી આવેલો (૧૪૪૯) તે ગિરમથા ગામની પાસે એક ટેકરીપર રહેતો હતો. ત્રણ વર્ષ લગી વરસાદ ન હતો તે ઉપરથી ગામના પાટીદારોએ તેને અરજ કરી કે વરસાદ આણો. વરસાદ આવ્યો ને તેઓએ તેને ગુરૂ કરી થાપ્યો, ને તેણે મારેલો તીર જ્યાં પડયો ત્યાં તેને ઝુંપડી બાંધી હતી. મહમદ બીજાયે (૧૪૪૧-૫૧) એક વખત તે ગામ આગળ છાવણી રાખેલી તેણે તેની અજાયબ શક્તિની ખાતરી કરી લઇ પોતાની બેટીની તેનીસાથે શાદી કીધી; એથી ચાર બેટા થયા જેના ખાનદાનમાં હાલના પિરાનાના સૈયદ છે.

ઇમામશાહ જઇફ થયો કે તેણે દોઢ લાખ ખરચી પોતાની કબર બાંધી. તેને માનનારામાં મુખ્ય પાંચ હતા: હાઝરબેગ મુસલમાન, બભેરામ, લેવા કણબી ગાડુ હાંકનારો, નાગા કાકા કોળી, શારા કાકા લેૌવાકણબી ને ચીચીબાઇ તે બભેરામની બેન. મરવાના વખતઉપર તેણે હાજરબેગને કહ્યું કે તું પણ હવે જલદીથી મરીશ, બભેરામ તથા તેની બેન એઓને પેટલાદ મોકલ્યાં; નાગા કાકાને રેવાકાંઠે ને શારા કાકાને કબરનો હવાલો આપ્યો. રમઝાનમાં ઇમામ શાહનો ઓરસ ભરાય છે તેમાં હિંદુઓ પણ ઘણા આવે છે. દરેક ચાંદ બીજે પણ મેળો ભરાય છે. વળી શ્રાવણમાં ગોકળ આઠમે તથા દરો આઠમે ને ભાદરવા સુદ અગીયારસે. તેના ભગતમાં, બ્રાહ્મણ, વાણીયા, લેવા તથા કડવા કણબી ને કાછીઆ છે, પણ કોઇ મુસલમાન નથી. ગાદી રાખનારાએ દુનિયાનો વહેવાર છોડી દેવો, પીળું ધોતીઊં, સફેત અંગરખો તથા પાઘડી પહેરવી ને દાઢી વધારવી. ગાદીવાળા મરે ત્યારે લેવા કણબી ભક્તમાંનો જે કાબેલ હોય તે ગાદીએ બેસે; હાલનો છે તે એકવીસમો છે. ઇમામશાહી મતના લોક બરાનપુર, સૂરત ને ખાનદેશમાં બહુ છે; વળી કચ્છ, કાઠિયાવાડ, વડોદરા, ખંભાત, ને ખેડામાં પણ છે. અમદાવાદનાં ઘણાંક ગામોમાં તે લોકનાં ઠેકાણાં છે જે ખાનાં કે પોશાલ કહેવાય છે જ્યાં ફરવા નિકળેલા કાકાઓ આવી રહે છે. શહેરમાં જમાલપુરમાં તેઓનું એક મકાન છે જ્યાં ૨૦૦ માણસ મળે છે.

નૂરશાહને અમદાવાદ શહેરના ઘણું કરીને તમામ મોમનાઓ માને છે; પીરાનામાં તેઓનું કોઇ મકાન નથી માત્ર એક જણ કુટુંબસાથે ત્યાં રહે છે કબરમાં દીવો કરવાને.

સુરાભાઇની કબર નથી પણ ગાદી છે તેને માનનારા પાંચીઆ કહેવાય છે કેમકે પહેલા પાંચ જણ વહીવટ કરતા; પાટણ તાલુકાના બાલીશાનાના ગોવાળીયા તથા રબારી, અને શિરોઇ, મુંબઇ ને કચ્છના સોની તથા કંસારા તે મતના છે.

બાબામહમદને માનનારા શેખડા મુસલમાન છે તેઓ સાતીઆ કહેવાય છે, સાતજણ વહીવટ કરતા તેથી. બાકરઅલ્લીની કબર ૧૮૩૨માં બંધાઇ છે તેને માનનારા આઠિયા કહેવાય છે, ને તેઓ અમદાવાદ, મહીકાંઠા, વડોદરા, ને સૂરતના છે. કાઠિયાવાડના કેટલાક કાઠિયો, સોની, ને સુથાર એ મતના છે.

રાંધવાની ને મુસાફરોને મુકામ આપવાની ગોઠવણ મુજાવર કરે છે. એઓ પરણતા નથી ને દુનિયાદારીનો ધંધો કરતા નથી. તેઓ પીરાના સંતના છોકરા કહેવાય છે. પીરાના સંતને માનનારા પરદેશી મુસલમાન, હિંદુ ટળી મુસલમાન થયલા તે ને હિંદુઓ છે. પરદેશી મુસલમાન તે ઇમામશાહના કુળના ને તે સૈયદ કહેવાય છે. તે પીરજાદા શીઆ મુસલમાનનોજ ધર્મ પાળે છે. હિંદુ ટળી મુસલમાન થયલા તેવા તે મોમના, શેખડા, ને મતિયા કણબી છે. શીઆ ધરમ મોમનાતે ઇમામશાહી, નૂરશાહી, મશાઇકશાહી, ને મહમૂદશાહી એમ ચાર વર્ગના છે; હિંદુનો આચાર તથા રીતભાત જેટલી છોડેલી ને મુસલમાન કાનુન જેટલા પાળેલા તે તે પ્રમાણે વર્ગ પડયા છે. કોઇ દાઢી રાખે છે, કોઇ દાઢી મુંડાવે છે, ને કેટલાક દીવાને પૂજે છે. શેખડાઓ મરનારને દાટે છે. બાકી બીજી વાતે તેઓ હિંદુથી થોડાકજ જૂદા છે. તેઓ સુન્નત કરાવતા નથી ને મુસલમાન સાથે ખાતા નથી; તેઓ ટીલાં કરે છે ને ઘણાક સ્વામીનારાયણનો ધર્મ પાળે છે. મતિયા કણબી રીતભાતમાં શેખડા જેવાજ છે. હિંદુપણા મતિયા તે બ્રાહ્મણ, વાણીયા, લેવા તથા કડવા કણબી, સોની, સુતાર, ગોવાળીઆ, એ જાતના છે. તેઓ હિંદુ તહેવાર પાળે છે, નાતના વહેવાર રીત કરે છે, પોતાના ધર્મની ચોપડી વાંચે છે પણ ઇમામશાહને માને છે તેથી તેઓ મુડદાંને બાળ્યા પછી હાડકાં પીરાનામાં દાટે છે. વહીવટ કરનારા કાકા જે લેઆ કણબી છે તે પરણતા નથી, પીળાં વસ્ત્ર પહેરે છે ને પોતાનામાંથી મરે છે તેને દાટે છે. ઇમામશાહે જે શિક્ષાપત્રી રચી આવી છે તે સૌ વાંચે છે. સૌને માત્ર ભક્તિની રીત આ છે કે શિવોહંનો જપ કરવો ને કાકાઓ તે ઇમામ્ કેવલ: એનો જપકરે છે. સૌ દર મહિનાની બીજ તથા ચોથ ને રમ્ઝાનનો આખો મહિનો પાળેછે.

જમાલપુર દરવાજાની બહાર અડધાક માઇલ ઉપર બાબાં લુલુઇની ને અબુતુરાબની એ બે મસીદો છે. પહેલી બાબા લુલુઇ અથવો બાબા મહમદનામે મોતીના વેપારીએ બંધાવી હતી ૧૫૬૦માં, ને બીજીનો બંધાવનાર અબુતુરાબ તે અકબર બાદશાહે ગૂજરાતની વ્યવસ્થા કીધી (૧૫૭૩–૮૩)

તે કામમાં હતો. ૧૫૭૩ માં તે મક્કે જનારા લોકોનો મુખી ઠેરવવામાં આવ્યો હતો તે જ્યારે પાછો આવ્યો ત્યારે પેગંબરનાં પગલાંવાળો એક પત્થર લેઇ આવેલો તેનાઉપર મકાન બંધાવ્યું હતું. અમદાવાદથી સરખેજ જતાં શહેરથી ૧ાા મૈલઉપર ખોરાસાનના આઝમખાન તથા મોઝમખાન જે સરખેજના શિલ્પી હતા તેઓની કબર છે.

આઝમખાનની કબરની પેલીપાસ ૩ાા મૈલઉપર સરખેજ ગામ છે ત્યાં સુલતાન અહમદ ૧ લાનો દોસ્ત ને મસલત આપનારો શેખ અહમદ ખટ્ટુ ગંજબક્ષ (અનહિલવાડનો) જઇ રહ્યો હતો. ત્યાં તે ૧૪૪૫ માં મરી ગયો તેની યાદગીરીમાં મહમદ બીજાએ કબર બંધાવવી શરૂ કરી (૧૪૪૫) ને સુલતાન કુતબુદ્દીને પૂરી કરી ૧૪૫૧. પછી મહમુદ બેગડો (૧૪૫૯ થી ૧૫૧૧) પણ જ્યારે ત્યારે સરખેજ જઇ રહેતો. તેણે ત્યાં એક મોટું તળાવ ખોદાવ્યું ને પત્થરનાં પગથીઆં ચણાવ્યાં; તેના દક્ષિણ પશ્ચિમ ખુણાઉપર શોભીતો મહેલ બંધાવ્યો ને વળી ગંજબક્ષની કબરની સામા પોતાને તથા પોતાના કુટુંબને વાસ્તે કબરો બંધાવી જેમાં તે તથા તેનો બેટો મુઝફર બીજો ને તેની રાણી-રાજબાઇ એ દટાયાં છે. ગંજબક્ષની કબરની પેલીપાસ એક એકરનું ચોગાન છે તેમાં એક મસીદ છે જે કે જમ્મા મસીદ કરતાં નાની છે ને મિનારા નથી ને બહારથી તેટલી શોભીતી નથી, પણ અંદરથી સાદી ખુબસુરતીમાં તેના જેવી આખા હિંદુસ્તાનમાં આગ્રાની મોતી મસીદ સિવાય બીજી કોઇ નથી. તળાવ જે ૧૭ાા એકર જેટલા વિસ્તારનું છે તે શોભીતું છે ને તેમજ તેને લગતાં મકાન, કબરોની, શિલ્પની ધાટી ઘણી ખરી હિંદુનીજ છે. માત્ર ત્રણ મહેરાબ દરવાજા આગળ ને એક મોટો મહેલમાં છે. તળાવની દક્ષિણે થોડેક છેટે એક નાની સારી ન દેખાતી એવી કબર છે, તે બાબા અલીશેર જે ગંજબક્ષ કરતાં વધારે ઇઝત પામ્યો હતો તેની છે. વળી તેની પાસે મિરઝાખાનખાનાને અમદાવાદના છેલ્લા બાદશાહ મુઝફ્ફર ત્રીજાને હરાવી ફતેહ વાડી બનાવી હતી (૧૫૮૪) તેની નિશાની છે. સત્તરમા સૈકામાં સરખેજ ગળીના ધંધાને વાસ્તે નામીચું હતું ને તે ઉપરથી ૧૬૨૦ માં વલંદાએ તે ગામમાં પોતાની કોઠી રાખી હતી.

ભાગ ત્રીજો.

શહેરની વસ્તી મોટી આબાદાનીના વખતમાં પંદરમા કે સત્તરમા સૈકામા કેટલી હતી તેની ખરી ખબર મળી નથી[1]– સને ૧૭૮૦ માં જ્યારે જનરલ ગોડર્ડે તે લીધું ત્યારે એક લાખથી વધારે વસ્તી હતી એવો અડસટ્ટો કાઢવામાં આવ્યો હતો. ગાયકવાડના હવાલા તળે દશ વર્ષ સારો કારભાર ચાલ્યો તેથી ૧૮૧૧ માં વસ્તી બે લાખની કહેવાઇ હતી.[2] ૧૮૧૭ માં શહેર બધું બ્રિટિશ સરકા-

---

૧. કોઇએ તીસ ને કોઇએ વીસ લાખ વસ્તી લખી છે.

૨. એ સંખ્યા પણ વધતી જણાય છે કેમકે મરકી પછી વસ્તી ૬૦ કે ૭૦ હજારથી વધારે ન હોતી.

રના હવાલામાં આવ્યું ત્યારે લોકની સંખ્યા ૮૦ હજારની હતી. પછી ૧૮૨૪ માં ૮૭,૦૦૦, ૧૮૩૨ માં ૯૦,૦૦૦, ૧૮૪૬ માં ૯૪,૩૯૦, ૧૮૫૧ માં ૯૭,૦૪૮, ને ૧૮૭૨ માં ૧,૧૬,૮૭૩ ગણાઇ. સને ૧૭૮૧ સૂધી શેહેરની વસ્તીના બે ભાગ મુસલમાન હતા પણ ૧૮૧૭ પછી હિંદુઓ વધતા જાય છે; ૧૮૨૪ માં સેંકડે ૭૬-૩૧ હતા ને ૧૮૭૨ માં ૭૯-૨૪ થયા.

સને ૧૮૭૨ ની કુલ વસ્તીમાં ૩૫૨૮૪ ઘરોમાં રેહેનારા ૯૨,૬૧૯ એટલે સેંકડે ૭૯-૨૪ હિંદુ ને સેંકડે ૨૦-૦૯ મુસલમાન હતા; ૪૪૬ પારસી; ૪૦ યાહુદી; ૨૬૪ ખ્રિસ્તીને ૧૩ બીજા.

હિંદુમાં બ્રાહ્મણ ૧૦૭૫૪ તેમાં નાગરવિના બીજા તે સાધારણ સ્થિતિમાં છે. નાગર, બ્રહ્મક્ષત્રી, કાયસ્થને પરભુ એ સૌ સરકારી નોકર તથા વકીલ છે ને સ્થિતિએ સારા છે. કારીગરોની સ્થિતિ ઠીક છે. શ્રાવક, વાણીઆ વેપાર ધંધો કરનારા તેમાંના કેટલાક શ્રીમંતને કેટલાક મધ્યમ સ્થિતિમાં છે. મજૂરી કરનારા તે ગરીબ છે.

વોહોરા ને મેમણ જે ધંધાવાળા સારી હાલતમાં છે તે સિવાય મુસલમાન જે સરકારી નોકરીમાં કાસદ કે સીપાઇનું કામ કરે છે, નાની દુકાન માંડે છે, કપડાં વણે છે ને ચાકરી કરે છે તે સૌ ગરીબ છે. પારસી સરકારી નોકર, ધંધો કરનારા, દુકાનદાર, કારીગર વગેરે છે તે સારા હાલતમાં છે. યાહુદી કેટલાક કારકુન તથા દવાખાનામાં મદદનીશ છે તે સારી હાલતમાં છે બીજા મધ્યમ સ્થિતિમાં છે.

ઘરો ઇંટ ચૂનાનાં ને છાપરે નળીઆં તેવાં છે. સૂરત કરતાં અહીં લાકડું ઓછું તથા અછતે છે ને સારૂં નકસી કામ પણ નથી. શહેરના ઘણુંક ભાગમાં રસ્તાઉપર એક સરખી ભીંત આવી હોય છે. બારીઓમાંહેની પાસથી બંધીઆર ચોગાનમાં પડે છે. અમદાવાદનાં ઘરો પોળમાં છે ને પોળ મોટી નાની મળીને ૩૫૬ છે. જેવામાં (સને ૧૭૩૮-૫૩) બે હાકમી હતી અને મુસલમાન અને હિંદુ બે વચ્ચે જ્યારે ત્યારે લડાઇઓ ચાલતી તેવામાં પોળ થઇ હશે. જ્યારે કોટની દિવાલ ભાંગી પડેલી ને ચોર લૂટારાની ધાસ્તી હતી તેવામાં (સને ૧૭૮૦-૧૮૩૨) પોળના દરવાજાથી તથા તેની ચોકીથી જરૂર રક્ષણ થતું.

દરેક પોળમાં એક કે બે રસ્તા હોય છે ને દરવાજો હોય છે તે રાતે બંધ કરવામાં આવે છે કે ચોર ન આવે. પોળમાં એક મોટો રસ્તો ને તેની બાજુઓએ અહીં તહીં આડી ખડકીઓ હોય છે. નાનીમાં પાંચથી તે દશ ને મોટીમાં ૫૦ થી ૬૦ ઘરો હોય છે. જમાલપુરમાં માંડવીની પોળ છે તે સૌથી મોટી છે ને તેમાં બીજી નાની પોળો છે. તે ૫૦ એકર વિસ્તારની પોળમાં ૧૦ હજાર માણસ રહે છે. પોળોમાં હિંદુઓજ રહે છે; કેટલીકમાં એક નાતના કુટુંબો ને કેટલીમાં બ્રાહ્મણ વાણીઆ, સૂથાર, કણબી જેવી ઊંચી નાતનાં કુટુંબો રહે છે. ઘણીક પોળ જે થયલી તે દરવાજાસાથે તે જેના નામથી પોળ ઓળખાતી હોય તેને ખરચે થયલી. દરેક પોળને સાચવનારો એકજણ હોય છે ને તે પોળને સાફ રાખવા વગેરેની તજવીજ પણ હોય છે. કોઇને પોતાનું ઘર વેચવું કે ગીરો મુકવું

હોય તો તે આગળથી પોળવાળાને પૂછે એવું આગળ હતું ને હાલ પણ પોળવાળા બહારનાને વેચે તોપણ પોતાના વર્ગના ને પણ નીચ ન્યાતનાને નહીં. કોઈ ઘર વેચાય કે ગીરો મુકાય તો પોળવાળા સેંકડે અરધાથી તે બે ટકા સૂધી લે છે; વળી લગન તથા બીજે માટે પગરણે દરેક ઘરવાળાએ પોળના બધાને જમાડવા એવું છે અને કેટલેક ઠેકાણે મરણ પ્રસંગે જુદી જુદી નાતના છતે પણ પોળવાળા શોક કરવા આવે છે. પોળ સંબંધી ધારા તોડનારા પાસેથી દંડ લેવામાં આવે છે. આગળ તો એવું હતું કે કોઈ દંડ ન આપે તો તેને ઘરમાં દીવો કરવા કે વરો કરવા દેવામાં આવતો નહિ. બક્ષીસ, દંડ ને ઘરના વેચાણ ઉપર હકસાઈ એ બધાએ જે ભંડોળ થાય તેનો વહીવટ પોળના શેઠિયા કરે છે ને તેમાંથી પોળનો દરવાજો પોળનાં જાજરૂ ને પોળના કૂવા સમરાવવામાં આવે છે. તેમાંથી રખવાળ પોળીઆને આપવામાં આવતું નથી. તે પોળના લોક પાસે માગીને ને તેઓનું કામ કરીને ગુજારો કરે છે.

દક્ષિણ ગૂજરાત કરતાં આમદાવાદના હિંદુઓ વધારે કસરથી રહે છે ને મુસલમાન ઉડાઊ છે. કારીગર લોક સૂરતના કારીગર કરતાં નિશો કરવામાં ઘણાજ ઓછા છે ને ઊંચી ન્યાતના લોક જેમ નિત્ય કસરથી રહે છે તેમ વરા ઝાઝા કરતા નથી ને તેમાં ઘણું ખરચતા પણ નથી. થોડાંક વર્ષ થયાં સારી રીત રહેવું મોજમઝા કરવી સારૂં દેખડાવવું એવી લોકની વૃત્તિ થઈ છે ને અમદાવાદના શ્રાવક જેને સ્વભાવથીજ જુગાર ખેલવાની કોડ છે તેઓ વસ્ત્રાલમાં ખેલની શરતોમાં મોટી રકમો જીતે છે ને હારે છે. પણ એટલું જે તેઓને સૂરતના વાણીઆની પેઠે જ્યારે ત્યારે મોજમઝા મારવાનો શોખ નથી. વળી વોહોરા તથા મેમણ જે તજવીજે રેહેનારા ને સારી હાલતમાં છે તે સિવાય અમદાવાદના મુસલમાન પોશાકનો ભભકો રાખે છે ને તેહેવારને દાહાડે, શાદી જનમ ને મૈયતમાં મોટી રકમો ખરચી નાંખે છે કે જેથી તેઓ કરજમાં ડુબી જાય છે.

શહેરમાં હિંદુઓની નાતવરા કરવાને વાડીઓ તથા ધર્મશાળા ૬૪ છે. તેમાં ૧૪ શાહપુરમાં. ૧૩ દરીઆપુરમાં, ૨૩ ખાડીઆમાં, ને ૧૪ જમાલપુરમાં, તેમાં ૪૮ તે ૫૦૦ લગી માણસને માટે ને ૮ તે ૫૦૦ થી તે ૧૦૦૦ માણસને માટે ને બે ૧૦૦૦ થી તે ૧૫૦૦ ને માટે છે; એકેકમાં બે હજાર બેસ તેવી ત્રણ, ત્રણ હજાર બેસે તેવી એક, ને દશ દશ હજાર માણસ જમવા બેસે તેવી બે વાડી છે.

શાહાપુર ભાગમાં—મીરઝાપુરમાં બાકર અલીની વાડી ૧૦ હજાર માણસના સમાસની તેના ધર્મમતને માનનારા લોકને માટે છે; ત્યાં બાકર અલીની ગાદી છે તેની આગળ તે જાતના લોક એકઠા થઈ બંદગી કરે છે. કાનીખાડમાં બેચરદાસની વાડી ૩૦૦ માણસના સમાસની ૧૮૭૨ માં બંધાયલી છે; ત્યાં હિંદુ મુસાફરો એક દાહાડો રહે છે ને તેને ખાવાનું મળે છે; ખરચ તે શેઠજ કરે છે. ખુખારા પોળની બાહાર બારોટ કુંવર બાજીભાઈની વાડી ૫૦૦ માણસની જમણવારને માટે ૧૮૪૯ માં બંધાયલી છે; ત્યાં મહાદેવનું દેરૂં છે. લલ્લુભાઈ મંગળદાસના ઘરડાઓએ ઝાલોરા વાણીઆને

માટે ૬૦૦ માણસના સમાસની વાડી બંધાવી છે ત્યાં હેમજા માતાનું દહેરૂં છે; ખરચ ન્યાતની પંચાયત કરે છે. સાંચાની પાસે એક વાડી લૂલાં, અશક્ત, ઘરવનાના, એવા ૪૦ જણની સોઇની છે તેને ખાવા પહેરવાનું આપવામાં આવે છે ને ખરચ સાંચાનો માલીક રણછોડલાલ ચલાવે છે. રંગીલા પોળની પાસે તાનીઆઓએ ૧૮૫૯ માં ૮૦૦૦ ખરચી પોતાની ન્યાતના વરાને માટે વાડી બંધાવી છે તેમાં બે હજાર માણસ બેશી શકે છે. નવા વાસ આગળ ૧૮૩૯ માં છ હજારને ખરચે રેશમના રેંટીયાવાળાઓએ બસેં માણસના નાતવરાનેમાટે વાડી બંધાવી છે; ત્યાં એક મહાદેવનું તથા બીજું રામનું દહેરૂં છે; સાધુ કોઇ ત્યાં ઉતરે તો તેને ખવાડવામાં આવે છે; ખરચ ધંધાનું મહાજન કરે છે, દાખલ થવાની દસ્તુરી તથા દંડની રકમમાંથી. બુખારાની પોળમાં ૧૭૨૯ માં બંધાયલી બાવાસરસ્વતીગરની ૨૦૦ નો સમાસ કરે તેવી વાડી છે; ત્યાં બેહેચરાનો ગોખ છે ને રાતદહાડો ઘીનો દીવો બળે છે. ગોલા કુંભાર ને કણબી ખરચ ચલાવે છે. જૂની આમલી પાસે ૧૮૪૯ માં બંધાયલી કુંભારોની વાડી છે તે બે હજારને ખરચે ૧૪૦૦ માણસને માટે બંધાઇ છે; ત્યાં રણછોડજીનું દહેરૂં છે ને ન્યાતવરા થાય છે; કુંભારનું મહાજન ખરચ ચલાવે છે. ઘી કાંટામાં મીઆ સાહેબની વાડી છે તે સો માણસનેમાટે છે ને ત્યાં મીઆ સાહેબની ગાદી છે. ઘી કાંટાની પાસે ૧૮૩૯ માં શેઠ મગનભાઇ કરમચંદે આઠ હજારને ખરચે બંધાવી છે તેમાં દશ હજાર માણસનો સમાસ થઇ શકે છે ને શ્રાવકના ન્યાતવરા થાય છે. એ વાડીની પાસે કંદોઇઓએ પાંચ હજાર ખરચી ૨૫૦ માણસનેમાટે બંધાવી છે, ન્યાતવરાને માટે. વળી ૧૮૨૯ માં ગોલાઓએ ચાર હજાર ખરચી સાતસેં માણસનેમાટે વાડી બંધાવી છે; ત્યાં મહાદેવનું દહેરૂં છે. પાનકોરને નાકે ૧૮૬૭ માં ઘાંચીઓએ ત્રણ હજાર ખરચી આઠસેં માણસનેમાટે વાડી બંધાવી છે.

દરીઆપુર ભાગમાં—પાનકોરને નાકે ૧૭૭૯ માં રામાનંદ બ્રહ્મચારીએ રૂપીઆ એક હજાર ખરચી વાડી બંધાવી છે તેમાં એક હજાર માણસનો સમાસ થાય છે ને તેનો ખરચ ત્યાંની ઓરડીઓના રૂા. ૩૦૦ ભાડાના આવે છે તેમાંથી ચાલે છે. ટંકશાળ પોળમાં ૧૮૫૭ માં ઉમાભાઇએ વીસ હજાર ખરચી વાડી બંધાવી છે; તેમાં બે હજાર માણસ બેશી શકે છે. સમરાવવા વગેરેનો ખરચ શેઠ પોતેજ આપે છે. ઘી કાંટા આગળ સામળ બેચરે દશ હજાર ખરચી પાંચસેં માણસની જમણવારનેમાટે વાડી બંધાવી છે; સમરાવવા વગેરેનો ખરચ ન્યાતવાળા કરે છે. કટકીઆવાડ પાસે ૧૮૧૯ માં ખતરીઓએ દશ હજાર ખરચી બસેં માણસને માટે બંધાવી છે. પીંજારા નાકાની પાસે ૧૮૧૯ માં બડાભવત પોળના કણબીઓએ રણછોડજીની વાડી પાંચસેંના સમાસ જેટલી બંધાવી છે. લુનસાવાડમાં ૧૮૫૯ માં ૪૦૦૦ ને ખરચે કડીઆએ ૫૦૦ ના સમાસની જમણવારને માટે બંધાવી છે. હાજા પટેલની પોળમાં વિસાશ્રીમાળી શ્રાવક વાણીઆઓએ ૪૦૦૦ ખરચી હજાર માણસને માટે બંધાવી છે. ધના સુથારની પોળમાં ૧૮૪૯ માં અમિચંદ પાનાચંદે પાંચ હજાર ખરચી ૫૦૦ માણસની જમણવારનેમાટે બંધાવી છે. બુરહાનમીઆની પોળમાં રાવત ન્યાતે બે હજાર ખરચી

૩૦૦ માણસનેમાટે બંધાવી છે. બેચરદાસના દવાખાનાની પાસે એક ઘરડી અંબાબાઇએ ૧૮૨૯ ત્રણ હજારને ખરચે ૧૫૦ માણસના વરાનેમાટે બંધાવી છે; ત્યાં રણછોડજીનું દહેરૂં છે ને ખરચ ભાડામાંથી ચાલે છે. ચંદન તળાવડી પાસે કોઇ બાપુજી મહારાજે ત્રણ હજાર ખરચી મશરૂવાળાની વાડી બંધાવી છે; હમણા તે અમદાવાદના મશરૂવાળાઓના હવાલામાં છે; તેમાં ૪૦૦ માણસના વરો થઇ શકે છે. સને ૧૮૭૬ પહેલાં માત્ર ચણા ધર્માદા આપવામાં આવતા પણ ત્યારથી સદાવ્રત કાઢવામાં આવ્યું છે, ને જે કોઇ ત્યાં રાંધી જમે તેને એક દહાડાનું સીધું આપવામાં આપે છે; મહાજનનું ફંડ ૧૮૭૯ માં રૂા. ૧૫૦૦૦ હતું. કાળુપુરના ચકલામાં ગજીઆણીવાળાની વાડી છે તેમાં ૨૦૦ નો સમાસ થાય છે ત્યાં વર્ષે ૫૦૦ નો ખર્ચ રાખી દરરોજ ચણા વહેંચવામાં આવે છે.

ખાડીઆના ભાગમાં—ગળીઆરાવાડમાં ઘાંચીઓની વાડી ૪૫૦ માણસના સમાસની છે ત્યાં બહેચરાજીનું દહેરૂં છે. હવેલીની પોળની પાસે વડનગરા નાગર બ્રાહ્મણોએ ૫) હજાર ખરચી ૫૦૦ જણની જમણવારને માટે વાડી કરી છે ત્યાં માતાજીનું દહેરૂં છે. પાંચ કૂવા દરવાજાની પાસે તાજીઆઓની વાડી ૨ હજારના સમાસની સદાવ્રત સાથે છે; એ ધંધામાં દાખલ થનાર પહેલે રૂા. ૫૦૦) આપે છે. પાંચ કૂવા દરવાજાની પાસે ૧૮૪૯ માં કંસારાઓએ ૫૦૦ ના સમાસની વાડી બંધાવી છે. તેજ દરવાજા પાસે ખમાર વણકરે ૩૫૦) ના સમાસની વાડી બંધાવી છે ને ત્યાં બેહેચરાજીનું થાનક છે. તેજ દરવાજા પાસે કડીઆઓની વાડી ૧૨૦૦ ના સમાસની છે ને ત્યાં મહાદેવનું દહેરૂં છે. દોલતખાનામાં સુથારની વાડી ૮૦૦ માણસની છે ત્યાંપણ મહાદેવનું દહેરૂં છે. પાંચ કૂવાના દરવાજા પાસે શેઠ મયાભાઇએ વાડી બંધાવી છે તેમાં ૫૦૦ સમાસ થાય છે. ગોવાડમાં શેઠહરીવલ્લભ મુળચંદે વાડી બંધાવી છે તેમાં ૧૫૦ નો વરો વરો થાય છે. લાખા પટેલની પોળમાં દેશાવાળ વાણીઆની વાડી ૩૦૦ ના સમાસની છે. પાંચ કૂવા દરવાજાની પાસે ખતરીઓની ૧૦૦ ના સમાસની છે ને ત્યાં મહાદેવનું દહેરૂં છે. રાયપુરમાં કોઇ બાજીરાવના ઘરડાએએ ૧૫૦ ના સમાસની વાડી બંધાવી છે ત્યાં મહાદેવનું દહેરૂં છે ને ત્યાં કોઇ કોઇવાર જમણવાર થાય છે. રાયપુરમાં દોલતરાય મુગટરાયની વાડી છે તે ૧૦૦ ના સમાસની છે ત્યાં મહાદેવનું દહેરૂં છે. રાયપુરમાં વડોદરાના આગલા દિવાન વેણીરામે એક વાડી પોતાના નાતીલા ઓદીચ્ય બ્રાહ્મણોને આપી દીધી છે તેમાં ૧૫૦ માણસોની જમણવાર થાય છે ને તેને સમરાવવાનો ખરચ તેના વંશના કરે છે. સરખી વાડમાં લેવા કણબીની વાડી ૧૦૦ ના સમાસની છે તેનો ખરચ રંગરેજ મહાજન કરે છે. પાંચ કૂવા દરવાજાની પાસે લક્કડનો વેપારી સુથાર ગંગારામ એણે ૧૦૦ ના સમાસને માટે બંધાવી છે ત્યાં મહાદેવનું દહેરૂં છે. જૂના ખાડીઆમાં કોઇ હરીરામની વાડી ૧૦૦ ના સમાસની છે ત્યાં મહાદેવનું દહેરૂં છે. અમરત લાલની પોળની સામા વિસનગરા નાગર બ્રાહ્મણ અમરતલાલે વાડી બંધાવી છે ત્યાં મહાદેવનું દહેરૂં છે ને ૧૫૦ ની જમણવાર થાય છે. દોલતખાનામાં દરજીની વાડી ૧૫૦ ન સમાસની છે;

વડાલ પોલીસ સ્ટેશન પાસે મુની બાવાએ બંધાવેલી વાડી છે તેમાં ૧૫૦ નો સમાસ થાય છે. સારંગપુર ચકલામાં તરવાડોની વાડી ૨૦૦ ના સંમાસને માટે તેમાં મહાદેવનું દહેરૂં છે. ઘાશી રામની પોળ પાસે ખંડાયતા વાણીઆની વાડી ૨૦૦ ને માટે છે. ખાડીઆ પોલીસ સ્ટેશનની પાસે સાઠોદરા નાગર બ્રાહ્મણની વાડી ૪૦૦ ના સમાસની વરાને માટે છે ને ન્યાતવાળા સમરાવે છે.

જમાલપુર ભાગ—પાનકોરના નાકા આગળ આમુમીઆંની વાડી છે. અમદાવાદમાં મરેઠી હાકમી હતી તેવામાં જમાદાર આમુમીઆં જનમુમીઆના કોઇ ઘરડાએ બંધાવી છે તે ૫૦૦ ના સમાસની ને મુસલમાનોનેજ વાસ્તે છે. ગૂજરાતના રાજસ્થાનનાં માણસો ત્યાં ઉતરે છે. કાગદીની ગલીમાં વીસા શ્રીમાળી શ્રાવકોએ રૂ. ૫ હજાર ખરચી ૩૦૦૦ ના વરાને માટે બંધાવી છે. ખમાસાના ચકલામાં રૂપીઆ પંદર હજારને ખરચે દશા નાગર મેશ્રી વાણીઆએ બંધાવી છે તેમાં એક હજારનો સમાસ થાય છે ને સઘળી હિંદુ ન્યાતોના વરા ત્યાં થાય છે. તેજ ચકલામાં એક બીજી વાડી ૧૮૪૯ માં બંધાવી તેમાં ૪૦૦ નો સમાસ થાય છે ને ત્યાં હનુમાનનું દહેરૂં છે. તાજપુર કોટને લગતી વાડી ૧૭૭૯ માં બંધાયલી તે લાલા વજેરામની કહેવાય છે. તેમાં ૨૦૦ નો સમાસ થઇ શકે છે. પરામાં લુહારની વાડી ૨૦૦ ના સમાસની પણ ત્યાં છે, ત્યાં મહાદેવનું દહેરૂં છે. તાજપુર છાલીગર પોળની બહાર ૧૮૧૯ માં બંધાયલી તે ૫૦૦ માણસને માટે છે ને છાલીગર પોળના લોકનું હનુમાનનું દહેરૂં છે; સાળવીની પોળમાં ૧૭૭૯ માં ૧૦૦ને માટે બંધાયલી તેમાં મહાદેવનું દહેરૂં છે. ગાયકવાડની હવેલીની પાસે હિંમતલાલ મલુકચંદની વાડી છે ૨૦૦ ને માટે તેમાં મહાદેવનું દહેરૂં છે. ગણેશ દરવાજાની પાસે દુધાધારી વાડી છે તેમાં ૪૦૦ નો સમાસ થઇ શકે છે, મહાદેવનું દહેરૂં છે; ઘણા ગોસાઇઓ ત્યાં મુકામ કરે છે ને તેનો ખરચ ગોસાઇઓજ કરે છે. મોચી ગલ્લીમાં મોચીની વાડી ૩૦૦ ને માટે ૧૮૩૯ માં બંધાયલી છે, પોતાની નાતના વરાને માટે. સાળવી પોળની પાછળ સ્વામી મોતીપુરીની વાડી ૧૮૦૯ માં બંધાયલી છે ૪૦૦ ને માટે; તેનો ખરચ એક ગોસાઇ રાખે છે. દાણા પીઠમાં ૧૮૩૯ માં બંધાયલી ફડીઆ અનાજના વેચનારના મહાજનની વાડી ૨૫૦ ને માટે છે. માંડવીની પોળમાં ૧૭૭૯ માં બંધાયલી જોઇતા ઘાળાની વાડી ૩૦૦ ને માટે છે ને ત્યાં મહાદેવનું દહેરૂં છે.

અમદાવાદમાં શ્રાવકનાં ૧૨૦ દહેરાં છે. હઠીસંગના દહેરાં ઉપરાંત બીજાં અઢાર જાણવા જેવાં છે; ને તે અઢારમાંના બાર દરીઆપુરમાં ૪ ખાડીઆમાં ને ૨ જમાલપુર ભાગમાં છે.

દરિયાપુર ભાગમાં. ઝવેરીવાડમાં એજ નામની પોળમાં શંભવનાથનું તે સૌથી જૂનું ને મોટું, એક લાખ રૂપીયાને ખરચે બંધાવેલું કહેવાય છે. નીસા પોળમાં જગવલ્લભ પારસનાથનું તે પણ જૂનું પોણા લાખને ખરચે બંધાયલું છે. આદીશ્વર ભગવાનનું જૂનું તે ૧૮૫૯ માં શેઠ લલ્લુભાઇ પાનાચંદે ૫૦) હજાર ખરચી ફરી બંધાવ્યું છે. છોમકજી પોળમાં છોમકનું દહેરૂં ૧૮૬૬ માં (સં. ૧૯૨૨) શેઠ મગનભાઇ હકમચંદે ૪૫) હજાર ખરચી બંધાવ્યું છે. ચિંતામણનું

જૂનું દહેરૂં પંચે ૨૫ હજાર ખરચી બંધાવ્યું છે. ચિંતામણ પારસનાથનું બીજું જૂનું દહેરૂં ૧૮૫૯માં શેઠ સુરજમલ વખતશાહે ૪૦ હજાર ખરચી ફરી બંધાવ્યું છે. અજીતનાથનું જૂનું દહેરૂં તે ઝવેરીવાડામાં શેઠ વખતચંદ ખુશાલચંદે રૂા. ૪ હજાર ખરચી ફરીથી બંધાવ્યું છે. મહાવીરસ્વામીનું જૂનું દહેરૂં બળી ગયલું તેથી ત્યાંજ પાછું નવું શેઠ પ્રેમાભાઇ હેમાભાઇએ ૧૮૪૯ માં ૪૦ હજાર ખરચી બંધાવ્યું છે. ડોશીવાડા પોળમાં અષ્ટપાદજીનું દહેરૂં ૧૮૫૬ માં શેઠ મગનભાઇ કરમચંદે ૬૨ હજાર ખરચી બંધાવ્યું છે. મંદિર સ્વામીનું ડોશીવાડમાં તે ઓસવાળ વાણીઆઓએ ૪૦ હજાર ખરચી બંધાવ્યું છે. ટંકશાળ પોળમાં ધર્મનાથનું તે ૧૮૫૯ માં શેઠાણી હરકુંવરબાઇએ ૨૦ હજાર ખરચી બંધાવ્યું છે. ધના સૂથાર પોળમાં જૂનું દહેરૂં આદીશ્વર ભગવાનનું છે તે સદા સોમજીએ ૩૦ હજાર ખરચી બંધાવ્યું છે.

ખાડીઆ ભાગમાં—ફતાસાની પોળમાં મહાવીર સ્વામીનું જૂનું દહેરૂં હતું. તે શેઠ ઉમાભાઇ રૂપચંદે ૧૮૬૬ માં ૫૦ હજારે બંધાવ્યું છે. તેજ પોળમાં હંસનાથજીનું જૂનું હતું તે ૧૮૬૨ માં શેઠાણી હરકુંવરબાઇએ ૫૦ હજાર ખરચી ફરી બંધાવ્યું છે. ચંગપોળમાં નેમીનાથનું જૂનું તે ૩૦ હજાર ને ખરચે શ્રાવકોનું બંધાવેલું છે. કાળુપુરમાં શંભવનાથનું જૂનું તે પંચે ૭૦) હજાર ખરચી બંધાવ્યું છે.

જમાલપુર ભાગમાં—ટોકરશાની પોળમાં ગોડોપારસનાથનું જૂનું દહેરૂં છે. તે ૫૦ હજાર ને ખરચે પંચે બંધાવ્યું હતું; ને માંડવીની પોળમાં સમરશિખરનું છે તે રૂપવિજય મહારાજે ૫૦ હજારનું ઉધરાણું કરાવી બંધાવ્યું છે.

જાતરા—અમદાવાદમાં કે તેની આજુબાજુએ કોઇ એવી પવિત્ર જગો નથી કે જ્યાં બહારના લોકપણ આવે તોપણ શહેરમાં વર્ષમાં ૨૪ વાર જાતરા મેળા ભરાય છે. દર ત્રીજે વરસે શહેરના કોટની પ્રદક્ષિણા કરવાનો મેળો થાય છે તે ઉપરાંત ચોવીસમાં પંદર હિંદુના ને નવ મુસલમાનના છે. હિંદુના સઘળા ને મુસલમાનના ત્રણ તે માત્ર એક એક દહાડાના છે ને બાકીનામાં કોઇ પાંચથી વધારે દહાડાનો મેળો નથી. શાહઆલમના મેળામાં સામાનનું થોડુંક વેચાણ થાય છે. પણ બીજા બધામાં તો માત્ર ફુલ મીઠાઇ ને રમકડાં એજ વેચાય છે:

નગર પ્રદક્ષિણા—દર ત્રીજે વર્ષે અધિક પુરષોત્તમ મહિનામાં થાય છે. હિંદુ સ્ત્રીઓ સાબરમતીના ડાબા કાંઠાઉપર ૧૭ ઠેકાણે નહાય છે ને પૂજા કરે છે. એ પ્રદક્ષિણા કરતાં દશ કે બાર કલાક લાગે છે. પ્રદક્ષિણા કરનાર અપવાસ કરે છે, રાતે જાગરણ કરે છે ને બીજે દહાડે બ્રાહ્મણ જમાડી પારણા કરે છે. **દાવાસો**— આશોવદ૦) દુધેશ્વર કાળુપુરમાં મેળો ભરાય છે **શીળી સાતમ**—શ્રાવણવદ ૭ મે શાહીબાગમાં. **ગોકળ આઠમે**—શ્રાવણવદ ૮ મે શાહીબાગમાં. **દશે આઠમે**—ભાદરવાસુદ ૮ મે શાહીબાગમાં. **નીલકંઠ મહાદેવનો**—શ્રાવણ મહિનામાં ને અવશ્યે

સોમવારે. શિવની પૂજા કરવા ઘણા લોક જાય છે ને અમાસે શહેરની ઉત્તર પૂર્વે મૈલિક ઉપર અ-સારવામાં નીલકંઠને પૂજવા જનારાની સંખ્યા ૧૫ હજાર થાય છે. **દસેરા**—આશોશુદ ૧૦ મે આ-સ્તોડીયા દરવાજાની બહાર કાંકરિયા તળાવઉપર. **આચારજીની બેઠક**,–અસારવામાં છે ત્યાં કારતકશુદ ૮ મે. **નરસીંહજી** ને દહેરે શારંગપુર દરવાજાની દક્ષિણ પૂર્વે મૈલિકઉપર કારતકશુદ ૧ ને દહાડે. **સુખરાય મહાદેવ** શહેરની દક્ષિણ પુર્વે વસ્ત્રાલ ગામમાં શ્રાવણ ને બીજે સોમવારે. **શાહવાડીમાં મહાદેવ** છે ત્યાં શ્રાવણવદમાં જમાલપુરદરવાજાની બહાર દક્ષિણ પશ્ચિમે ૨॥ મૈલઉપર. **ઋષી પંચમી** ભાદરવાશુદ ૫ મે સાબરમતીને ડાબેકાંઠે સપ્તર્ષિના આરા ઉપર. **સિદ્ધાચલપટ**—જમાલપુર દરવા-જાની બહાર કારતકશુદ ૧૫ મે (તે ચોમાસાનો છેલ્લો દહાડો ગણાઇ પછીથી શ્રાવકો દેશાંતરે ને જાતરે જતા થાય છે. દહેરૂં ને સિદ્ધાચળનો નકસો ટાંગી રાખવામાં આવે છે તેનું દર્શન કરે છે જેઓ અમદાવાદ છોડી પાલીતાણે જઇ શકે તેવા નથી તે. **દેવ ઊઠીઅગીયારસે** નદીઉપર. **રથજાતરા**—જમાલપુર દરવાજે જગન્નાથનો રથ ખેંચવાને. **રામનવમી**—દરીઆપુરમાં સ્વામી ના-રાયણનું મંદિર છે ત્યાં. **દાઉદવોહોરાની કબર**–અસારવા ગામની હદમાં શિઆવોહોરાનો મુલ્લા કુતુ-બદ્દીન તેની યાદગીરીમાં **ઓરસ** જમાદી ઉલ આખરની ૨૭ મી એ ત્રણ દહાડા ચાલે છે. **મલેક શાહાબાન** સારંગપુર દરવાજાથી ૧ા મૈલઉપર રખીઆલ ગામ છે ત્યાં જમાદી ઉલ અવલની બીજીએ. **શાહાઆલમ**—જમાલપુર દરવાજાની બહાર ૧॥ મૈલઉપર ડાનીલીમડાગામ છે ત્યાં જમાદી ઉલ આખરની ૨૦ મી એ ઓરસ થાય છે. **પીરાનાનાઓરસ** બાબતનું આગળ બયાન કરેલું છે. **શેખ મહમદ ખટુ અથવા ગંજબક્ષ**—સરખેજમાં શવ્વલની ૧૪ મી એ ને બીજા બે એમ ત્રણ દહાડા ઓરસ થાય છે. **બાબા અલીશેર**—એ વલીનો ઓરસ સરખેજમાં થાય છે. જમાદીઉલ અવલની ૧૦ મી એ. પીર મદશાહનો ઓરસ સિવિલ હોસપિટલની પાસે જમાદીઉલ અવ્વલની ૨૭) મીએ ત્રણ દહાડાનો. **મોહોરમ** એ મહિનાની ૧૦) મીએ ખાનપુર દરવાજા આગળ મોટો મેળો ભરાય છે. **સુલતાન મહમદનો** માણેક ચોકમાં રબી ઉલઆખરની ચોથીએ ઓરસ ભરાય છે. સુલતાન મહમદ જેણે અમદાવાદ વસાવ્યું તેનો.

ભાગ ૪ થો.

ધંધો ને કારખાનાં.

અમદાવાદનો વેપાર ધંધો આબાદાનીના વખતમાં (ઇ.સ.૧૪૧૧–૧૭૨૦), પડતીના વખતમાં (૧૭૨૦–૧૮૧૭) અને ફરીથી ચઢતીના વખતમાં કેવો હતો ને છે તેની હકીકત તવારીખના ને વે-પાર ધંધાના ભાગમાં આપી છે. બ્રિટિશ હાકમીમાં પણ ૧૮૬૮ લગીની બધી વિગત મળી આવતી નથી; પણ ૧૮૬૮ થી આગગાડીની મારફતે થતી માલ ઉતારૂની આવજા ઉપરથી જણાય છે કે

૧૮૬૮ પછી વધતી જાય છે. રૂની જાવક ઘટીને આવક વધી હતી. સને ૧૮૭૩ માં ખારાઘોડામાં મીઠાની વખાર ઉઘડવાથી આગગાડી મારફતે મીઠાની આવક વધી છે;

અમદાવાદની શિલ્પ કારીગીરી, રૂ, રેશમ ને સોનું એ ત્રણના તારવણાટની જેમ અસલ તેમ હમણા પણ છે. રૂને હાથે કાંતવું ને વણાટે કાપડ કરવાં એ ધંધો વરાળના સાંચાને લીધે ઘણોક પડી ભાગ્યો છે પણ તે હજી અમદાવાદમાંથી છેક ગયો નથી. ચોવીસ વર્ષમાં કાંતવા વણવાના ચાર સાંચા થયા છે ને તે ૨૦૦૦ માણસે કામે લગાડી સારી રીતે કામ કરે છે; એ ને મુંબાઇના સાંચાથી જાડું કપડું હાથે વણાતું ઓછું થયું છે ને યૂરોપના માલે બારીક જાતના કાપડની કિંમત ઘટાડી છે. વળી શહેરના સાંચા તે ઝીણું કાપડ વણનારને ગોડીયું પૂરૂં પાડે છે ને હાથના વણાટના ઝીણા કાપડનો પણ હજી ખપ ઠીક છે. શહેરના જમાલપુર ભાગમાં મુસલમાન તથા હિંદુઓની મોટી સંખ્યા છીંટ બનાવે છે ને સાધારણ ઓજારે અચરતી ભરેલાં શોભીતાં કામ કાઢે છે. એ માલ સિયામ જાય છે ને બીજે દેશાવર પણ. વરાળના સાંચાથી નિકળેલા કામ સંબંધી કાંઇક હકીકત આગળ આવેલી છે. રેશમના ને સુનાના તારતું સર્વ પ્રકારતું કામ શહેરમાં ચાલે છે. રેશમ ચીન, બંગાળા, બસોરા ને બુખારાથી મુંબઇ થઇને આવે છે. વરસે બે લાખ રતલ રેશમ ૧૫ લાખ રૂપિયાનું આવે છે. આગળ જણાવ્યાપ્રમાણે બે વર્ષમાં તે ધંધામાં ઘણી ઘટ થઇ છે. બોખારાતું રેશમ થોડુંકજ અમદાવાદમાં આવતું થયું છે. ચીનાઇ રેશમ ધોળું ને પીળું એનો ખપ ઘણો છે. બસોરાના રેશમની કિંમત દર રતલે ૧૮ કે ૧૯ રૂપીઆ છે. બંગાળાનું રેશમ પણ બસોરાના જેટલીજ કિંમતે મળે છે. એ ભરતકામ, મુંબઇ, કાઠિયાવાડ, રજપુતસ્થાન, મધ્ય હિંદુસ્થાન, નાગપુર ને નિઝામનું રાજ્ય એ ઠેકાણે જઇ વેચાય છે. રેશમ, સુનાના ભરતકામ, કસબ, કિનખાબના ધંધાથી ઘણાં કુટુંબોનું ગુજરાન ચાલે છે. એ અમદાવાદનાં તે બનારસનાનાં કરતાં ટકવે ને રંગમાં વધારે સારાં કહેવાય છે. ધાતુમાં કામ કરનારા જેવા કે સોની, કંસાર, લુહાર, એઓને સારો ધંધો છે ને તે સારી હાલતમાં છે. ઘરેણાં અમદાવાદનાં રૂપાનાં કલ્લાં ગૂજરાત કાઠિયાવાડને મુંબઇમાં વખણાય છે. હઠીસિંગના દહેરામાં ને શાહઆલમની કબરમાં જે પિત્તલના પડદા છે તે જોતાં જણાય છે કે અમદાવાદની તે કારીગિરીએ પોતાનો જૂનો હુન્નર હજુ ખોયો નથી. ઘણા કંસારાને થોડા લુહાર મળીને ૧૭૫ કુટુંબ છે. તાંબુ ને જસત એનાં પતરાં મુંબઇથી દાઉદી વોહોરા વેપારી લાવે છે જે લુહારોને વેચે છે. પિત્તલ અમદાવાદમાં બનાવે છે એક ભાગ તાંબુ ને ત્રણ ભાગ જસતમાં મેળવીને. પાણીનાં તથા રાંધવાનાં વાસણ, જવેરાત તથા મસાલા ભરવાના દાબડા ને કડાં તે તાંબા કે પિત્તળનાં બને છે. દીવીઓ, મૂર્ત્તિઓ, સાંકળ, ઘંટ, ઠોકીને વગાડવાનાં ઘડીઆલ, ચૂડા, કાંબી, બાજઠ વગેરે, પાનદાનિયાં એ પિત્તળનાં બને છે. એ બધામાં અમદાવાદનાં પાનદાનિયાં સારી નકસીનાં હોવાથી બહુ વખણાય છે. લાકડામાં ને પથરામાં નકસી કરનારાઓનો કિસબ જૂના વખતનો ઠામઠામ દેખાય છે. તેઓને ધંધો છેકજ પડી ભાંગ્યો છે ને તેઓ ઘણીજ ગરીબી હાલતમાં છે. કુંભારકામ

અમદાવાદનું તે પશ્ચિમ હિંદુસ્થાનની બીજી જગાઓ કરતાં વધારે સારૂં છે. થોડાક મુસલમાન, પણ ઘણા હિંદુ કુંભાર છે. નળિયાં, ઇંટ, ઠામ, રમકડાં, કોઠી એ ઘણી બને છે ને તેને ગેરૂ તથા ખડી-થી સારી ચિતરે છે. કાગળ જેનેમાટે અમદાવાદ ઘણું મશહૂર હતું તે હજુ મુસલમાન બનાવે છે. પણ તે કાગળો માત્ર સરકારી ગૂજરાતી કામમાં ને દેશીઓનાં નામાંઠામાંના કામમાં વપરાય છે તેથી તેનો ખપ ઘટી ગયો છે. વરાળ સાંચાથી કાગળ બનાવવાનું કારખાનું શરૂ કરેલું પણ ૧૮૭૫ ની રેલથી તે નાશ પામ્યું; સાંચા બચાવ્યો તેને શાહીબાગમાં ઉભો કીધો પણ ખરચ માથે પડવાથી તે કામ બંધ પાડી દેવામાં આવ્યું છે. ચામડામાં કામ કરનારનો ધંધોસારો ચાલે છે. સણગારેલી-નીબગાયની ઢાલ ને કપડાં તથા ચામડાની બૈરાંની મોજડી એ અમદાવાદની બહુ વખણાય છે.

ભાગ પાંચમો.

શહેરની વ્યવસ્થા.

મોટી સરકારી આફીસો ભદ્રમાં છે. કલેક્ટરની આફીસો બધી; એક તીજોરી નહિ કે જે જૂની વલંદાની કોઠીમાં મુંબઇ બૅંકની શાખા છે તેના હવાલામાં ૧૮૭૦ થી રાખી છે; રજીસ્ટર આફીસ; સિટિપોલીસ, ઇન્સ્પેક્ટરની આફીસ ને માજીસ્ટ્રેટના તાબાની કેદીની કોટડીઓ; એ-ક્ઝિક્યુટિવ ઇંજિનેરની; સ્માલકાઝ ને સબ જજની કોર્ટો; નાજરની આફીસ અને સીદી સૈયદની મસીદમાં દસક્રોઇ મામલતદારની કચેરી. ભદ્રની બહાર ઉત્તર પશ્ચિમે સિટિ સરવે આફીસ, ને ઉત્તર પૂર્વે ખાનપુરમાં ડિસ્ટ્રિક્ટ જજ તથા તેનો આસિસ્ટંટ એની કોર્ટો અને છેક ઉત્તરે મીરજાપુરમાં ઇરિગેશનના ઇજનેર ને ડિપુટી સરજન જનરલની આફીસો છે. શાહી બાગમાં, દીલ્હી દરવાજાની પેલીમેર પોલીસ સુપ્રિંટેંડેન્ટની આફીસ છે. ભદ્ર દરવાજાની દક્ષિણે પૂર્વના કોટને લગતી શહેરની ફોજદારી જેલ છે. જેલની પૂર્વે પોસ્ટ આફીસ છે. ત્યાંથી દક્ષિણ પૂર્વે મ્યુનિસિપાલ ને ટેલિગ્રાફ આફીસો છે. તોપખાનું તે ગાયકવાડની હવેલામાં છે ને તેની પૂર્વે સીદીસાલેમના મહેલમાં દિવાની જેલ છે. પશ્ચિમે બે મૈલ ઉપર ધૂળીયા કોટની ફોજદારી જેલ છે.

નિશાળો—ખાનગી છે તેના તથા એક ઍંગ્લો વરનાક્યુલર ને ચાર વરનાક્યુલર (બે છોકરાની ને બે છોકરીની,) મળીને પાંચ જેને સરકાર મદદ આપે છે તે ઉપરાંત ૩ ઍંગ્લો વરનાક્યુલર, ૧૦ ગૂજરાતી ૯ છોકરાની ને એક છોકરીની, ૩ ઉરદુ ને ચાર રાતની નિશાળ મળીને ૨૦ સરકારી નિશાળો છે. વળી એક કૉલેજ, એક હાઇસ્કુલ ને બે ટ્રેનિંગ કૉલેજ, એક પુરૂષને માટે ને એક સ્ત્રીને માટે. સરકારની મદદ મળતી એવી નિશાળોમાં એક મિશન હાઇસ્કુલ પણ છે.

ગૂજરાત કૅાલેજ—સને ૧૮૬૧ માં હાઇસ્કુલના માસ્તરની દેખરેખ તળે લો લેક્ચર આપવાનું કરેલું ને હાઇસ્કુલના વિદ્યાર્થી સરકારી નોકરો તથા બીજા એઓની સોઇને માટે સવારસાંજ વર્ગ કરવામાં આવ્યા હતા. પાછળથી ઇંગ્લીશ લિટરેચર, સંસ્કૃત, લૉજીક, માથેમેટિક્ને સાયન્સ એ

વિદ્યાનાં લેક્ચર ઉમરાયાં; પણ ૧૮૭૩ માં તે બંધ પાડવામાં આવ્યા. ૧૮૭૯ ના એપ્રિલ પછી નવા વર્ગ ઉઘાડવામાં આવ્યા છે ને તેમાં મુંબઈની યુનીવરસિટીની બીએની પરીક્ષાના ધોરણ લગીનું શિખવવામાં આવે છે. ઇંગ્લિશ, એક ક્લાસિકલ લૅંગવેજ, હિસ્ટરી, લૉજિક, માથેમેટિક, ને સાયન્સ; ને શિખવનારા પ્રોફેસર ત્રણ છે. એક યૂરોપીઅન કે જે હાઇસ્કુલના હેડ માસ્તરનું કામ કરે છે તે ને બે દેશી પ્રોફેસરો.

હાઈસ્કુલ અમદાવાદની—તે ૧૮૪૬ માં મંડાયલી અંગ્રેજી નિશાળ છે. તેને પોતાનું મકાન છે. બીજી હાઇસ્કુલની પેઠે અમદાવાદમાં પણ ઇંગ્લિશ, સંસ્કૃત, હિસ્ટરી માથમેટીક ને સાયન્સ શિખવવામાં આવે છે. મેટ્રીક્યુલેશનના ધોરણ લગી.

ટ્રેનિંગ કૉલેજ પુરૂષોની સરકારથી પોતાને ખરચે ૧૮૫૭માં કાઢવામાં આવી છે. શિખનારા સૌ કૉલેજમાંજ રહેછે ને જમે છે. ડીપાર્ટમેન્ટના ખપપ્રમાણે કૉલેજમાં દાખલ કરવાની સંખ્યા આધાર રાખે છે. તેને પોતાનું મકાન છે. ૧૮૬૭-૮૮ માં બંધાવલું હતું.

ટ્રેનિંગ કૉલેજ સ્ત્રિઓને માટે ૧૮૭૮ માં સરકારે પોતાને ખરચે ઉઘાડી. મ્યુનિસિપાલિટીમાંથી મહીને રૂ. ૫૦ ને લોકલ ફંડમાંથી રૂ ૩૩૦ મળે છે. તેને પોતાનું મકાન ૧૮૭૫ મ બંધાયલું છે. ત્યાં એક લેડી સુપ્રિંટેન્ડેન્ટ છે. એ કૉલેજમાં ભણેલી સ્ત્રીઓ શહેરમાંની તથા પરગણાંની છોકરીઓની નિશાળોનું શિક્ષકપણું લે છે. કૉલેજમાં રહેનારી ને માટે રસોઇ કરનાર એક વૃદ્ધ સ્ત્રી છે. એ કૉલેજની સાથે એક પ્રાક્ટીસીંગસ્કુલ લોકલફંડની મદદથી ચાલે છે.

મિશન હાઈસ્કૂલ ૧૮૬૬માં ઉઘડેલી. આયર્લેંડના પ્રેસબિટિરિઅન ચર્ચને ખરચે. તેને પોતાનું મકાન છે. એ સ્કૂલ મેટ્રિક્યુલેશન લગી શિખવે છે.

તાલુકદારીસ્કૂલ—એ સ્કૂલ તાલુકદારોના છોકરાઓને માટે રૂ. ૨૪૦૦ નું ઉઘરાણું કરી ૧૮૬૮ માં કાઢવામાં આવી હતી. પણ એ ૧૮૭૮ માં બંધ કરવામાં આવી છે.

ગૂજરાત વરનાક્યુલર સોસાઇટી—એ. કે. ફારબસ એણે ૧૮૪૮ માં સ્થાપી ગૂજરાતી ભાષા વિદ્યાને તથા કેળવણીને ઉત્તેજન આપવાને અને હાથના લખેલાં તથા છપાયલાં પુસ્તકોનો સંગ્રહ કરવાને. સને ૧૮૭૭ માં સોસાઇટીનું ફંડ રૂ. ૨૭૯૧૦ હતું, તેમાં ૧૦ હજાર મુંબઇના શેઠ પ્રેમચંદ રાયચંદે આપેલા. પહેલું ન્યુસપેપર એ સોસાઇટીએ મિ. ફોરબસની દેખરેખ તળે કાહાડયું હતું. તે દર બુધવારે નિકળતું ને ત ઉપરથી બધાં ન્યુસપેપરો બુધવારીઆં કહેવાય છે. લાઇબ્રેરી જે હાલ હેમાભાઇ ઇન્સ્ટટ્યુટમાં ગણાય છે તે ને છોકરીઓની પહેલી નિશાળ એ સોસાઇટી એ કાહાડયાં હતાં. એ સોસાઇટીએ ઉપયોગી ચોપડી છપાવી ને છપાવનારાઓને નાણાની મદદ કરી છે. તે દર મહિને બુદ્ધિપ્રકાશ ચોપાનીઉં કાહાડે છે. સોસાઇટી ગૂજરાત તથા કાઠીઆવાડની સઘળી લાઇબ્રરીઓને મદદ કરે છે ને નિશાળોમાં ઈનામ વહેંચે છે. તે સારી ચોપડી વેચવાનું ને તેનો ફેલાવ કરવાનું માથે રાખે છે ને હરવર્ષે ઉપયોગી વિષયો ઉપર નિબંધો લખાવે છે. વર્નાક્યુલર સોસાઇટીમાં લૈબ્રરીના લૈફ મેંબર ૫૦ રૂપીયા આપવે થવાય છે ને વર્ષનું લવાજમ રૂ. ૫ છે.

લાઈબ્રેરીં—મોટી, હેમાભાઇ ઇન્સ્ટિટીટ્યુટ નગરશેઠ હેમાભાઇ વખતચંદે ૧૮૫૮ માં ૩૭ હજાર ને ખરચે બંધાવી છે તેમાં છે. ત્યાં પીરીયોડીકલ ને ન્યુસપેપરો આવે છે ને ૪૨૨૭) પુસ્તકનો સંગ્રહ છે. ને ઇન્સિટયૂટના ઉપલા માળમાં ભાષણો થાય છે ને મંડળીઓ મળે છે. આપારાવ લાઇબ્રેરી જે ૧૮૭૦ માં નિકળી તેને પોતાનું મકાન નથી. તેમાં ૧૬૬૦ પુસ્તક છે. વળી ૧૮૭૬ માં શાહપુરમાં એક રીડીંગરૂમ ઉભો થયો છે તેમાં ૩૩ મેમ્બર છે; સો અંગ્રેજી ને ૫૦૦ ગૂજરાતી મળીને ૬૦૦, પુસ્તકો છે ને પાંચ ગૂજરાતી ચોપાનીઆં ને આઠ ગૂજરાતી ન્યુસપેપર લે છે.

ન્યુસપેપર[૧]—અઠવાડિયે ત્રણ નિકળે છે. એક અંગ્રેજી–ગૂજરાતી હિતેચ્છુ, ને ૨ ગૂજરાતી સમશેર બાહાદુરને અમદાવાદ સમચાર–એકને ૭ બીજા ને ૨૪ ને તીજાને ૧૯ વર્ષ થયાં છે.

મ્યુનિસિપાલીટી—૧૮૫૮માં મ્યુનિસિપાલીટી સ્થપાઇ ને ૧૮૭૨માં તે સીટી મ્યુનિસિપાલીટી ગણાઇ. કોટની માંહેની બે ચોરસ મેલ ને સરસપુર ગામની પર એકર ને રેલવે સબર્બની ૫૫ એકર એટલી જમીન મ્યુનિસિપાલીટીના હવાલામાં છે. તેણે પોતાના કામને માટે શહેરના ચાર ભાગ કીધા છે. શાહાપુર ભાગ ઉત્તર પશ્ચિમે, દરિયાપુર ભાગ ઉત્તર પૂર્વે, ખાડિયા ભાગ દક્ષિણ પૂર્વે ને જમાલપુર દક્ષિણ પશ્ચિમે; કોટની બહાર સરસપુર ને રેલવે સબર્બ એ જૂદા વિભાગ છે. ચાર મ્યુનિસિપલ ઇન્સપેક્ટર છે. ખાડિયાવાળો રેલવે સબર્બને પણ જોય છે ને દરિયાપુરવાળો સરસપુરને જોય છે. ૧૮૭૮ માં ઉત્પન્ન રૂ. ૨,૨૫,૪૫૦ નું હતું ને ખરચ-રૂ.૨,૬૭, ૯૮૦ નો હતો તેણે મુકેલા વેરાની ગણત્રી માણુસ દીઠ. રૂ-૧-૧૪-૧૦ની હતી. ૧૮૫૮ માં સ્થપાઇ ત્યારપછી મ્યુનિસિપાલીટીયે ૪,૧૨,૯૦૦ રસ્તા તથા પુલોઉપર ખરચ્યા છે. રૂ. ૧,૧૦, ૩૭૦ વાટર વર્કસ ઉપર, રૂ. ૩૧,૨૦૦ કોટ તથા દિવાલઉપર રૂ. ૨૮,૬૭૦ ઇસપિટાલ ને ડિસપેનસરીઓમાં; અને રૂ. ૧૮,૬૫૦ જેથી તંદુરસ્તી સચવાય ને વધે તે તેવા કામમાં.

રસ્તા—મોટા રસ્તા ઉત્તર દક્ષિણના છે, પૂર્વે ને પશ્ચિમે જતા રસ્તા સલંગ નહિ પણ ત્રુટિત છે ને શહેરની અંદર થઈને જતા નથી. એલિફંટ રોડ ૪૦ ફુટ પહોળો, બે બાજુએ પગે ચાલવાનો મારગ ને ગટર સાથે છે તે દક્ષિણ પશ્ચિમે માણેક દરવાજાથી તે દક્ષિણ પૂર્વે આસ્તોડીયા દરવાજા સૂધી છે. તે રસ્તો શહેરની ઘાડી વસ્તીમાં નથી. અમદાવાદના રસ્તા પત્થર નાખી ચોખ્ખા રાખવાને સાધન નથી. ૫૦ માઇલના કુલ રસ્તા (ગલીયોસુદ્ધાં) તેમાં માત્ર ૨૮ મૈલના રસ્તા ગાડીને લાયકના છે. રસ્તા સાફ રાખવામાં આવે છે. દાહાડામાં બે વાર પાણી છંટાય છે. ને રાતે કેરોસીનના દીવા કરવામાં આવે છે. આગ હોલવવાના બંબા ૧૧ છે.

---

૧. જેમ બીજાં શહેરોમાં તેમ અમદાવાદમાં પણ જૂના વખતમાં ખબર લખનારા હતા. તે દહાડાની ખબર મધરાતે લખતા ને પછી પોતપોતાના આડતિયાને દેશાવર મોકલતા, પણ એ ધંધો રાજકીય ફેરફારને લીધે બાજે બધે ભાંગી પડયો છે ને અમદાવાદમાં તો બિલકુલ નથી.

પાણીનો નિકાલ—શહેરમાં સૌથી ઊંચી જમીન નદીની સપાટીથી તીસ ફુટ જેટલી છે. ચાર ઉંડી ખાઇમાંથી શહેરના પાણીનો નિકાલ પશ્ચિમે ને ઉત્તરે નદીમાં થાય છે. પણ દક્ષિણ પૂર્વ ખુણો જે એક ટેકરીથી નદીથી કપાયલો છે, ને જે દક્ષિણમાં આસ્તોડીયા દરવાજા પાસેથી તે પૂર્વે કાળુપુર દરવાજા સૂધી છે તે પોતાના પાણીનો નિકાલ કોટની બહાર ખોદેલી ખાઇમાંથી કરે છે.

રેલોથી અમદાવાદને ઝાઝું નુકસાન થયું નથી. નદીનું તળીઊં ભાઠા સાથે ૧૫૫૦ ફુટ પોહોળું છે ને તેમાં પ્રવાહ માત્ર ૩૭૫ ફુટ રોકે છે તેથી શહેરને નદીની વચમાં મોટું ભાઠું છે જેમાં રેતીના ઢગ પડયા છે. દક્ષિણપશ્ચિમ ખુણા તરફ નદી ડાબા કાંઠા ભણી વળી શહેરની નજીકમાં વહે છે. રેલની ધાસ્તી શહેરની ઉત્તરે ૧॥ મૈલ ઉપર નદીનો વાંક આવેલો છે ત્યાંથી છે. પણ એનો અટકાવ શાહીબાગમાં નદીને ડાબે કાંઠે જબરી ભીત બાંધી છે તેથી થાય છે. સને ૧૭૧૪ ને ૧૭૩૯ માં રેલ મોહોટી હતી; ૧૭૫૫ માં વરસાદ એવો ભારી હતો કે કોટની દિવાલમાં બાકાં પડયાં ૧૮૧૩ માં નદી ઉન્હાળામાં હોય છે તેથી ૧૮ ફુટ ઊંચી વધી. ૧૮૬૮ માં આગસ્ટની ૧૦ મી સૂધી કાંઇજ ભય નહોતો ને પછી ચાર દાહાડામાં ૨૭ ઇંચ પડયો. નદીમાં પુર નહોતું પણ શહેરના પાણીએ, ૧૮૭૫ માં સપટેંબરની ૨૧ મીએ પાણીનું માપ સાધારણ રેલની સપાટીથી પાંચ ફુટ વધારે હતું. પણ પછી બે દહાડા પાણી વધ્યું; ૧૮૬૮ ના કરતા પાંચ ફુટ વધારે ઊંચું અથવા નદીના હમેશની સપાટીથી ઓગણીસ ફુટ વધારે ઊંચું થઇ રહ્યું. રેલવેનો ને એલીસ એ બે પૂલ ધસડાઇ ગયા, દરવાજામાં પાણી ઘુસ્યું ને કોટની દિવાલમાં બાકાં પડયાં. એ ૧૮૭૫ ની રેલ અમદાવાદમાં સૌથી મોહોટી કહેવાય છે ને તે ત્રણ દહાડા લગી રહી હતી.

પાણી—૧૮૭૪ માં પૂરાં થતાં છેલ્લાં ચૌદવરશની સરાસરી લેતાં વરસાદ ૨૯. ૩૬ ઇંચ હતો ને ઘણામાં ઘણો વરસાદ ૪૬.૪૩ ઇંચનો ૧૮૬૮ માં ને ઓછામાં ઓછો ૧૬.૮૫ સને ૧૮૫૧ માં. વરસાદનું પાણી ટાંકામાં લેઈ રાખીને પછી પીવામાં લે છે; નદીનું પાણી પણ પીવામાં આવે છે. શહેરના કૂવાનું પાણી મોળું ને ગંદુ છે તેથી તે પીવામાં કે ઝાડને પાવામાં પણ આવતું નથી, રસ્તે છાંટવાના કામમાં આવે છે. કાકરિયા તળાવમાં ખારી નદીનું પાણી લીધું છે. તેથી શહેરના દક્ષિણ પૂર્વ ભાગમાં રહેનારા લોકો પીવાના પાણીની સારી સોઇ થઈ છે.

તનદુરસ્તી—વરસમાં આઠ મહીના પવન પશ્ચિમ તરફથી આવે છે. પૂર્વથી ને અગ્નિકોણથી પવન નથી. મરણની નોંધ પોલીસ રાખે છે, ૧૮૭૭ માં પૂરાં થતાં પાંચ વર્ષની સરાસરી લેતાં હજારે ૫૦.૦૪ મરણ હતાં. તાવનું જોર મુંબઇ કરતાં ત્રણ ગણું વધારે છે. મુસલમાનમાં તનદુરસ્તી હિંદુ કરતાં વધારે છે, સને ૧૬૧૮ માં, ૧૬૮૫ માં તથા આગળ પાછળનાં કેટલાંક વર્ષમાં ને ૧૮૧૩ માં મોહોટી મરકી ચાલી હતી.

ઇસ્પિતાળ—એક ને બે ડિસ્પેનસરી છે. વળી દિલ્હી દરવાજા બહાર એક ઠેકાણું ઘેલાઓને વાસ્તે છે. ને બીજું આસ્તોડીયા દરવાજા બહાર કોઢીઆ તથા બીજા કંટાળો ઉપજાવે તેવા તથા ન સારા

થાય તેવા રોગીઓને વાસ્તે છે. સિવીલ અથવા હઠીસંગ ને પ્રેમાભાઇની ઇસ્પિતાલમાં ૯૨ રોગી રહી શકે છે ને તે ૧૮૫૯ માં ઉઘડી છે અને તેનો ખરચ ૫૨૦૦ થયો છે. ઇસ્પિતાલનો થોડોક ભાગ પોલીસ ફોજનાં અશક્ત માણસો ને રહેવાને આપવામાં આવ્યો છે. રાયપુર ડિસ્પેનસરી ૧૮૭૨ માં રૂ. ૧૯૫૦૦ ખરચી મ્યુનિસિપાલીટીએ બંધાવી છે. તેમાં ૯ માદાને માટે સોઇ છે. બેચરદાસ ડિસ્પેનસરી ૧૮૭૫ માં રૂ. ૭૬૦૦ ને ખરચે રાવબહાદુર બેચરદાસે બંધાવી છે. તેમાં ૧૦ ને માટે સોઇ છે; ઘેલાની ઇસ્પિતાલ કાંપના રસ્તાપર ૧૮૬૩ માં રૂા. ૧૮૬૩૦ ને ખરચે બંધાવેલી છે. તેમાં ૧૦૮ ઘેલાની સોઇ થઇ શકે છે ને તેને લગતી ૧૪ એકર જમીન છે તે ઘેલાઓ ખેડે છે; તે મકાન ક્રુસના આકારનું કોટડાઓ એક પાછળ એક એવું ૧૮૧ાા ફુટ લાંબુ ને ૧૫૮ ફુટ પોહોળું છે. ફરતી ભીંત દશ ફુટ ઉંચી છે; અંદરના ચારમાંનો એક ભાગ સ્ત્રિઓને માટે રાખવામાં આવ્યો છે; કાગડા પીઠમાં કોઢીઆની ઇસ્પીતાલ છેઃ તે ૧૮૬૭ માં રૂ. ૧૬૨૦ ને ખરચે બંધાઇ છે. તેમાં ૪૫ કોઢીઆ ને ૩૦૭ બીજાને વાસ્તે સોઇ છે. મરકીની રૂતુમાં સૈયડ ને કોલેરાથી સપડાયલાને વાસ્તે પણ તજવીજ રાખવામાં આવે છે.

પાંજરાપોળ—વિષે તો આગળ બયાન કરેલુંજ છે.

બજાર—સને ૧૮૬૩ માં મ્યુનિસિપાલીટીએ શાકભાજીને માટે કારંજ આગળથી જવાના એક રસ્તાપર નવો બજાર કાઢયો છે પણ તે કાંઇ હજી બહુ ભરાતો નથી. જૂના ત્રણ બજાર, તેમાંનો એક માણેક ચોકમાં, બીજો માણેક ચોકની ઉત્તરે તથા ત્રણ દરવાજાની પૂર્વે રસ્તો છે ત્યાં ને ત્રીજો કારંજ આગળ ચોગાન છે ત્યાં. રસ્તામાં માંડવા કરેલા નથી પણ વેચનારાઓ પોતાના માલઉપર કપડાં ઉભાં રાખે છે. માણેક ચોકમાં શાહુકાર ઝવેરી, ને કાપડીઆની દુકાનો છે; એ દુકાનોની આગળ દરરોજ પાછલા પહોરના ત્રણથી તે અંધારૂં થતાં લગી શહેરના ને ગામડાના લોક ખરીદી ને વાસ્તે આવે છે ને સૂતરાઉ, રેશમી કાપડ, કિનખાબ, સુનેરી રૂપેરી ફીત ને ઝભલાં વગેરે ખરીદ કરે છે. ત્રણ દરવાજાની પૂર્વના રસ્તાપર વિલાયતી કાપડ, લોઢાનો સામાન, મીઠાઇ, શાકભાજી એની દુકાનો છે. કારંજ તરફના ખુલ્લા ચોગાનમાં ગાંધી ને પાનવાળાની દુકાનો છે. ત્યાં જુમા એટલે શુકરવારીઓ બજાર ભરાય છે. હમેશ સવારના નવથી તે પાછલા પોહોરના ચાર વાગા સુધી, બજાર ભરાવાને દહાડે ત્રણ દરવાજાથી કારંજ લગીના મેદાનમાં વેચનારા ભોંયપર બેસી માલને સામો મુકી વેચે છે ને શેહેરના તથા ગામના લોક લેવા, જોવા, ભેગા થાય છે. દેશ બનાવટના, ઘરકામના સામાન ઉપરાંત ઘોડા, ગાય, ભેંશ, બકરાં, મરઘાં, પોપટ ને બીજાં પક્ષીઓ ત્યાં વેચાય છે. અનાજ ઘણે ઠેકાણે વેચાય છે પણ તેનો મોટો બજાર જમાલપુર ભાગમાં દાણાપીઠમાં છે.

દાટવા બાળવાની જગા—ખ્રિસ્તીઓને વાસ્તે એક ભાગ પ્રોટેસ્ટંટ ને બીજો કાથલીકને વાસ્તે એવી જગા શહેરની દક્ષિણ પશ્ચિમે ખાનજહાન દરવાજો છે તેની બહાર નજીકમાં છે. મુસલમાનોને દાટવાને શહેરની આસપાસ ઘણીક જગાઓ છે. શ્રાવક સિવાયના ઉંચી જાતના હિંદુઓ પોતાનાં મુડ-

દાંને નદી કાંઠે દુધેશ્વર છે ત્યાં બાળે છે ને શ્રાવકો શાહપુર દરવાજાની પાસે; કોળી, મારવાડી, ને બીજી નીચી જાતના તે નદીના રેતીમાં પોતાના મુડદાંને દાટે છે.

ભાગ છઠો.

શહેરના મોહોલ્લાઓ.

ઇ. સ. ૧૮૨૪ ના સર્વે રજીસ્ટર ઉપરથી જણાય છે કે તે કાળે શહેરના ૧૯ મોહોલ્લા હતા. ઉત્તર ભાગમાં નવ તે ખાનપુર, શાહપુર, મીરજાપુર, ઇદરિઆ, દરીઆપુર, ઝવેરીવાડા, દેનકૂવા, તિનલીમડી, ને ભંડેરીપુર એ હતા. અને દક્ષિણ ભાગમાં દશ તે ખાડીઆ, સારંગપુર, રાયપુર, આસ્તોડીઆ, જમાલપુર, રાયખડ, ભદર, ખાસ બજાર, પાનકોર, ને માણેકચોક.

મ્યુનિસિપાલીટી દાખલ થયેથી જૂના મોહોલ્લાં નકામા થયા છે ને માત્ર ચાર ભાગ રાખવામાં આવ્યા છેઃ **શાહાપુર** (ઉત્તર પશ્ચિમ ભાગ), **દરીઆપુર** (ઉત્તર પૂર્વ ભાગ), **ખાડીઆ** (દક્ષિણ પૂર્વ ભાગ) ને **જમાલપુર** (દક્ષિણ પશ્ચિમ ભાગ). શાહાપુર, ૪૫૧ એકર વિસ્તારનો ૪૦ પોળ ને ૬૯૬૩ ઘરવાળો તેમાં વસ્તી ૨૧૧૭૭ ની છે તેમાં મોટો ભાગ ઘેડ, વાઘરી ને ભંગીનો છે. એ સૌથી મોટો પણ ઘણી ઓછી વસ્તીનો ભાગ છે તેમાં જૂના શાહાપુર, ખાનપુર, મિરજાપુર, ભદ્ર, અને ઇદરિઆ તથા ખાસ બજારના કેટલાક ભાગ આવેલા છે.

સને ૧૮૨૪ પછી શાહાપુર ભાગ ઘણો સુધર્યો છે. ખુલ્લી જમીન હતી ત્યાં કેટલાક ભાગમાં શ્રાવક તથા કણબીઓએ ઘર બાંધ્યાં છે અને કેટલાકને અમદાવાદ સ્પિનિંગ ને વીવિંગના સાંચાને માટે લેવાયો છે; કોઇપણ ભાગ હવે વાવેતરના કામમાં આવતો નથી. ખાનપુર હતું તેવું રહ્યું છે. ગરીબ મુસલમાન. ઘેડ, ભંગીઆ ત્યાં રહે છે. પશ્ચિમમાં કોટને લગતાં કેટલાંક સારાં મકાન છે તેમાં યુરોપીઅન લોક રહે છે. મીરઝાપુર કેટલોક સુધારો દેખડાવે છે; છાવણીમાં જવાનો રસ્તો તેમાં છે; પ્રોટેસ્ટંટ તથા કાથલિક દેવળ, સિવિલ ઇસ્પીતાલ, નગર શેઠ પ્રેમાભાઇનું ઘર, યુરોપીઅન લોકનું મુસાફરખાનું તથા કેટલાક અમલદારનાં રેહેવાનાં મકાન જેમાં તેઓ આફીસ પણ રાખે છે તે સૌ ત્યાં છે. પશ્ચિમનો ભાગ ખાનપુરની પાસેનો તે હજી ઉજ્જડ છે. એ પેટા ભાગમાં એક મોટું મકાન જ્યાં ઇસ્પિતાલ હતી તે શેઠ સોરાબજી જમશેદજી જીજીભાઇએ ખરીદ કરી પોતાના દીકરાની વહુ ગુલબાઇ એની યાદગીરીમાં મુસાફર પારશીઓને ઉતરવાને વાસ્તે રાખ્યું છે. છાવણીના રસ્તાની બેઉ બાજુની જમીન તે દિલ્હી દરવાજાનો ચકલો કહેવાય છે. ખાસ બજાર એ શહેરમાં મોટી અગતનો મોહોલ્લો છે; મોટા રસ્તાની બેઉ બાજુએ દુકાનો છે ને તેમાંથી ઘણીક ૧૮૭૫ ની રેલ પછી એક સરખી રીતે બંધાઇ છે. કારંજ ત્રણ દરવાજા ને ભદ્ર એવિષે આગળ લખ્યું છે. ભદ્રમાં બે રામમંદિર છે તેમાંનું રામ દરવાજાની અંદરનું તે મરાઠાના વખતમાં રૂા. ૫૦૦૦ ને ખરચે બંધાયું છે, પૂજારી દક્ષણી છે. એની ઉત્તરે કૃષ્ણમંદિર છે તે પણ મરેઠાના વખતમાં

રૂા. ૮૦૦૦ ને ખરચે બંધાયું છે, પૂજારી તેલંગો બ્રાહ્મણ છે. છેક ઉત્તરે વિઠ્ઠલમંદિર છે તે પણ મરેઠાની વખતમાં રૂા. ૫૦૦૦ ને ખરચે બંધાયું છે, પૂજારી દક્ષણી બ્રાહ્મણ છે. બીજું રામમંદિર જે કૃષ્ણમંદિરની સામે છે તે ૧૮૪૫ માં રૂ. ૩૦૦૦ ખરચી એક દક્ષણી બ્રાહ્મણે બંધાવ્યું છે. એ ઉપરાંત હનુમાનનું ને ભોંયરામાં શિવનું એમ બે દેહેરાં છે. એ ભાગની વસ્તીના બે ભાગ હિંદુ છે, ઘણા નીચી જાતના ને બાકીના મુસલમાન છે. કાગળનું કારખાનું જૂના વખતમાં મોટું ચાલતું.

દરીઆપુર ભાગમાં—૨૯૬ એકર જમીન, ૧૩૨ પોળ, ૧૦૬૪૯ ઘર તેમાં ૭૦૫૮ બે કે તેથી વધારે માળનાં ને વસ્તી ૩૨૯૭૧ છે. એ ભાગમાં જૂના મોહોલ્લા દરીઆપુર, ઝવેરીવાડ, ભંડેરીપુર, ત્રણ લીમડી ને ઈદરીઆ, પાનકોર ને દેનકૂવા એના કેટલાક ભાગ આવી જાય છે. દરીઆપુરમાં વેપાર ધંધો કરનારા લોક બહુ રહે છે; નાગર બ્રાહ્મણ ને ક્ષત્રિ સિવાય ઊંચી જાતના તમામ લોક રહે છે; વાણીઆ શ્રાવક, મુસલમાન પણ ઘણા રહે છે, તેમાં વોહોરા ધંધો કરનારા ને બીજા તે વણકર. છેટેના ઝૂંપડામાં ઘેડ ભંગી રહે છે. ઝવેરીવાડામાં દોડસો વર્ષ થયાં નગરશેઠનું પદ ધારણ કરતા આવેલા તે કુટુંબના મુખીનું ઘર છે.

એમાં શ્રાવકનાં દેહેરાં તથા અપાસરા ઘણા છે. શ્રાવકની પેઠે મેશ્રીવાણીઆઓનાં પણ દેહેરાં છે. બે સારાં છે એક નટવરલાલનું ને બીજું શામલાલનું; એ ગોંસાઇજી મહારાજનાં મંદિર ૮૦ વરસ ઉપર ૮૦ હજાર ને ખરચે બંધાયાં હતાં. કેટલુંક સેવકોએ ને કેટલુંક મહારાજોએ આપેલું ધનાસુથારની પોળમાં અંબાજીનું દેહેરૂં છે જે ૧૮૪૮ માં બે હજારને ખરચે બંધાયું છે. પ્રથમ તે મૂર્તિ એક તપોધનના ઘરમાં હતી. મોટા રામજીનું દેહેરૂં હાજા પટેલ કે રામજી મંદિરની પોળમાં તેમેશ્રીવાણીઆનું સૌથી જુનું દેહેરૂં છે. સો વર્ષ ઉપર અમદાવાદમાં પેશવા તથા ગાયકવાડ બંનેનો અમલ હતો તેવામાં નાણાવાળા મોઢ વેપારીઓએ રૂા. ૫૦ હજાર ખરચીને રામજીનું દેહેરૂં બંધાવ્યું હતું. જૂની ટંકશાળની જગામાં હાલ શેઠાણી હરકુંવરની છોકરીઓની નિશાળ છે. સ્વામીનારાયણનું દેહેરૂં, પાંજરાપોળ, વલંદાની કોઠી એની હકીકત આગળ જણાવેલી છે. કૂવા ખારા છે પણ પૂર્વતરફ કોટને લગતા કૂવામાં મીઠા પાણીનો ઝરો આવેલો છે. પ્રેમાભાઇ દરવાજાની પાસેના કેટલાક કૂવાનું પાણી માત્ર રેશમ ધોવાનાજ કામમાં લેવામાં આવે છે.

ખાડીઆ ભાગ—૨૩૮ એકરનો ૧૫૫ પોળ, વસ્તી ૩૩,૬૪૯, ઘર ૧૦,૬૦૫, તેમાં ૮૮૨૯ બે કે વધાર માળનાં સારાં મજબૂત બાંધેલાં છે. એ ભાગમાં આવેલા જૂના મોહોલ્લા તે ખાડીઆ, રાયપુર, સારંગપુર અને માણેકચોક, દેન કૂવા ને આસ્તોડીઆનો કેટલાક ભાગ; ઊંચી જાતના કેટલાક હિંદુઓ રહે છે ને વસ્તી ઘણી ઘાડી છે. બળદની ગાડી બે સામસામી આવી શકે તેવા રસ્તા ઘણા નથી. ઘણુંક ઘર પહેલા વર્ગના છે, ભીંત મજબૂત ને લાકડું જબ્બર છે; પચાસ વર્ષ ઉપર બંધાયલાં તેને કોતરકામથી શણગારવામાં આવેલાં છે. કેટલાંક સામસામાં ઘરનાં છજાં એકેકને મળે છે; ઘરમાં ભોંયરાં છે. હિંદુ ને મુસલમાન બન્ને રહે છે. હિંદુ સારી હાલતમાં છે વેપારી પેઢીવાળા, સરકારી નોકર

વકીલ ને હુન્નરીઓ. નાગર બ્રાહ્મણ ને ક્ષત્રીઓ તે ખાડીઆમાંજ રહે છે. વસ્તીનો છઠ્ઠો ભાગ મુસલમાન છે ને તે વોહોરાઓજ છે. દરેક પોળને લગતું એકેકું દહેરૂં, પછી બ્રાહ્મણ ધર્મનું કે જૈન ધર્મનું કે મસીદ હોય છે; કેટલીક પોળમાં અપાસરા છે તેમાં ગોરજીને ગુરણીજી રહે છે. આ ભાગમાં કબીર પંથીનું દહેરૂં છે. તે ૧૮૩૪ માં રૂ. ૫૦૦૦ ને ખરચે બંધાવ્યું છે; બીજાં બે નાહાનાં છે તે વારસાના ટંટાથી જુદાં પડયા છે. એક દરીઆપુર દરવાજાની પાસે ને બીજું સાંકડી શેરીમાં છે. દોલતખાનામાં દ્વારકાનાથજીનું મંદિર છે તે ૧૮૪૨ માં રૂ. ૧૦ હજારને ખરચે બંધાયું છે તે કાંકરોળીવાળાના હસ્તકમાં છે. પખાલી પોળમાં રામસ્નેહીનું દહેરૂં છે તે પચાસ વર્ષ ઉપર કોઇ દુલ્લ રામ મહારાજના ચેલા સાધુ એમદાશજી એ રૂ.૩ હજારને ખરચે બંધાવ્યુ છે. એ પંથના લોકનું મુખ્ય ઠેકાણું મેવાડમાં સાયપુર છે ત્યાં છે. ત્યાં ૧૦ હજાર સાધુ છે; રામસ્નેહી તે રામાનંદીની એક શાખા છે; રામસ્નેહીનું મત સ્થાપનાર વાણીઓ રામચરણજી એણે ૩૬૨૫૦ પદ જોડયાં છે. રણછોડજીની પોળમાં રણછોડજીનું મંદિર ગુર્જર વાણીઆઓએ રૂ. ૧૦ હજાર ખરચી બંધાવ્યું છે. રાધાવલ્લભીનું દહેરૂં રૂ. ૮ હજારને ખરચે બંધાવ્યું છે. એ વલ્લભાચાર્યના માર્ગની એક શાખા છે. ખાડીઆની જમીન ઊંચી હોવાથી તેને રેલની ધાસ્તી નથી. ૧૮૭૫ ની રેલે ખાડીઆને નુકસાન કીધું નથી; દોઢ વર્ષ પછી મોટી આગ લાગવાથી સારંગપુર ફળીઊં ઘણું સારૂં હતું તે બળી ગયું. એ ભાગનું પાણી-પીવા જેવું નથી, પણ કોટને લગતા ભાગના કૂવા મીઠા છે ખરા.

જમાલપુર ભાગમાં—૩૧૫ એકર, ૬૯ પોળ ૨૩૮૮૩ વસ્તી, ઘર ૯૩૩૧ તેમાં ૪૫૧૪ સારાં, બે ભાગ હિંદુ ને એક ભાગ મુસલમાન, હિંદુમાં મોચી, વાણીઆ, કણબી બ્રાહ્મણ ને થોડાક જૈન; મુસલમાનમાં વોહોરા ને મોમના બંને સારી હાલતમાં છે. છેટેના ભાગમાં ઘેડ ભંગી આનાં ઝુંપડાં, છે ઘણા હિંદુ મુસલમાન છીંટ છાપવાનો ધંધો કરે છે. તેમાં જૂના મોહોલ્લા આવેલા તે જમાલપુર ને રાયખંડ; વળી માણેકચોક ને આસ્તોડીઆના કોઇ ભાગ. જૂનું રાયખડ ઘણું સુધર્યું છે; નવાં મકાનો બંધાયાં છે ને ૧૮૬૪–૬૭ માં ઑલિફંટ રોડ માણેકચોકથી આસ્તોડીઆ દરવાજા લગી થયો છે ને લીરોડ કારંજના ચોગાનમાં જાય છે. જુજ કીત્તામાં કાકડી રોપાય છે. બેચરદાસનો સાંચો, કેટલાંક યુરોપીઅન લોકનાં મકાન, મિશન હૌસ ને સ્કુલ, પ્રેમચંદ રાયચંદની ટ્રેનિંગ કોલેજ, મહાલક્ષ્મીબાઇની ટ્રેનિંગ કોલેજ, પ્રાર્થના સમાજનું મંદિર, પોસ્ટ આફીસ, એલીસબ્રિજ મ્યુનિસિપાલ ઓફીસ, ગવમેંટ ટેલિગ્રાફ આફીસ, માણેક ચોક બજાર, લંગરખાનું, જમ્મા મસીદ, ગાયકવાડના હવેલી, અગીઆરી ને સીદીસલીમનો મેહેલ એ છે. મિશન હૌસ ને હાઇસ્કૂલ ૧૮૭૪–૭૫ માં બંધાયલું રૂા. ૭૫૪૫૦ ને ખરચે તેમાં રૂા. ૧૦ હજાર જમીનની કિંમતના તે ઉપરાંત સરકારે ૧૫ હજાર આપેલા ને મિશનના રૂા. ૫૦૪૫૦. પ્રેમચંદની કાલેજ ગૂજરાતી નિશાળોને માટે શિક્ષક તૈયાર કરવાને ૧૮૬૭-૬૮ માં રૂા. ૮૮૨૦૦ ને ખરચે, બંધાઇ છે; તેમાં પ્રેમચંદે આપેલા રૂા. ૩૪૦૦૦. લક્ષ્મીબાઇ કાલેજ

૧૮૭૫ માં ૩૦ હજાર ને ખરચે તેમાં ૧૫ હજાર સરકારે, ૫ હજાર મ્યુનિસિપાલીટીએ ને ૧૦ હજાર બેચરદાસે જેની છોકરીના નામથી કાલેજનું નામ પડયું છે.

પ્રાર્થનામંદિર ૧૮૭૬ માં રૂ. ૧૨૦૦૦ ને ખરચે તેમાં રૂ. ૫૫૦૦ રાવબહાદુર બેચરદાસના રૂ. ૨૦૦૦ રાવબહાદુર ભોળાનાથના ને રૂ. ૧૦૦૦ મી. રણછોડલાલ છોટાલાલના ને રૂ. ૫૦૦ રાવબહાદુર ગોપાળરાવ હરીના. અમદાવાદમાં પ્રાર્થનાસમાજની ઉત્પત્તિ સને ૧૮૭૧ ના ડિસેંબરની ૧૭ મીથી છે, જે દિવસે સરકારે લોકને પ્રાર્થના કરવાનું કહેલું પ્રિન્સ આપ વેલ્સની માંદગી ગઇ તેને વાસ્તે. સઘળા ધરમના કેટલાક મોટા માણસ ટ્રેનિંગ કોલેજમાં મળ્યા અને એઓમાંના કેટલાક જે એક ઇશ્વરની પ્રાર્થના કરવાની મંડળી કાઢવાને ઉત્સુક હતા તેઓના આગળ પડવાથી દર રવિવારે પ્રાર્થના કરવાને મંડળી મળે તેવો ઠરાવ થયો. ઇશ્વર તે કર્ત્તા ને મનુષ્ય જાત સઘળીનો એક પિતા તેની પ્રાર્થના કરવાને. ૧૮૭૨ ના ડિસેંબરની આખરે (પહેલા વર્ષની આખરે) ૩૪ મેંબર હતા ને હમણા (માર્ચ ૧૮૭૯) ૧૦૯ છે. મેંબરો ઘણા ખરા ઊંચી જાતના હિંદુ છે; બ્રાહ્મણ, ક્ષત્રી, વાણીઆ તેમાંનો મોટો ભાગ સરકારી નોકર તથા વકીલોનો છે; કણબી, સુથાર, લુહાર, કોળી એ જાતના થોડાક છે ને એક મુસલમાન ને એક પારસી છે. ઘેડ કે ભંગીઆને આવવાની મના છે. કોઇ કોઇ ખ્રિસ્તીઓ આવે છે, પણ કોઇ મેંબર થયા નથી. મત એક સર્વ શક્તિમાન કર્તાને માનવો મૂર્તિ શીવાવગર, ને તવિના કોઇ મધ્યસ્થને માનવો નહિ. ઇશ્વરે માણસને પોતાના કામનેમાટે જવાબદાર કીધો છે ને તે ભાવીસ્થિતીમાં તેને પ્રસાદ આપશે કે શિક્ષા કરશે. એક ગુજરાતી પુસ્તક પ્રાર્થનાનું રચવામાં આવ્યું છે. કેટલાંક પદ ભોળાનાથે જોડયાં છે ને કેટલાંક વેદ તથા પુરાણની કવિતામાંથી. કોઇને ધર્મશિક્ષક એમ જુદો રાખવામાં આવ્યો નથી. હમેશ રવિવારે સાંજે ને કોઇ કોઇવાર બીજે દહાડે પણ પ્રાર્થના થાય છે. સઘળા ઉભા રહે છે ને એકજણ પ્રાર્થના વાંચે છે, પછી સૌ બેસે છે ને એકત્ર થાય છે; પછી ઊભા થાય છે એકજણ ગાય છે? ને બીજા એક પદ સાથે બોલે છે. પછી ગવૈયો સાજથી પ્રાર્થના ગાય છે ને પછી પૂરી થાય છે. એ સમાજની શાખાઓ ખેડા, નડીઆદ, પેટલાદ, સોજિત્રા, વડોદરા, ભરૂચ, હાંસોટ, અંકલેશ્વર, સૂરત ને નવસારીમાં છે પણ કેટલીક તો નામનીજ છે.

એલિસબ્રીજ ૧૮૭૦-૭૧ માં રૂ. ૫૪૯૨૦૦ ને ખરચે બંધાયલો; તેમાંનો બે સ્પાન શહેરની તરફના કાંઠાનાં ને એક સામા કાંઠાનું એ સિવાય બંધો ઘસડાઇ ગયો ૧૮૭૫ની રેલથી. એ પુલના પાસે જેલની વાડી છે. એલિફંટ રસ્તાનો એક ગલીમાંથી જવાય છે ત્યાં મ્યુનિસિપાલ આફીસ વગેરે છે. એ મકાનોની આગળ ખુલ્લી જગ્યામાં અનાજનો બજાર છે; ત્યાંથી ૩૦૦ વાર દૂર તારની આફીસ છે.

લંગરખાનું (ભીખ માગવાનું ઠેકાણું) છે તેને રૂ. ૨૫૨૦ સરકાર તરફથી હરવર્ષ મળે છે મુસલમાન ફકીરોને ખીચડી ખવાડવામાં આવે છે દરરોજ ૧૧ મણની. એ ઉપરાંત સુલતાન અહમદના દરવરસના ઓરસને માટે એક મેહેતો, બે જાસુસ, એક રસોઇઓ, એક પખાલી ને પાંચ નગારચી

એટલું રાખવામાં આવે છે તેનો ખરચ થાય છે. વધારાના ફંડમાંથી રૂા. ૩ હજાર ૧૮૭૫ માં અલીફ મસીદને ફરીથી બંધાવવામાં આપવામાં આવ્યા છે ને રૂા. ૩ હજાર બીજા રેલથી દુખી થયલાને માટે.

એલિફંટ રસ્તાથી એક મોહોલ્લામાંથી નિકળ્યાકે અગીઆરી આવે છે. એ મકાન ૧૮૪૫ માં ખરસેદજી બેરામજી એ બંધાવ્યું છે. એ ભાગમાં સીદી સાલીમની હવેલી છે.

પરાંઓ—મિરાતઇઅહમદીના લખ્યાપ્રમાણે (૧૭૪૮-૧૭૬૨). ૧૧૦ હતાં-તેમાં આઠના વસવાસંબંધી કંઇ જાણવામાં આવ્યું નથી; ૮૩ અમદાવાદની બાદશાહીના વખતમાં ને ૧૯ મોગલ નવાબોના વખતમાં વસ્યાં છે. તેણે જ્યારે લખ્યું ત્યારે ૧૮ ઉજાડ થયાં હતાં, ૩ દસ્ક્રોઇ ગામોમાં મળ્યાં હતાં ને ૮૯ હતાં. કેટલાંક નામનાં એટલે વાડી તથા મસીદ એટલું તેમાં હતું; કેટલાંક ઘણાં મોટાં હતાં. ઉસમાનપુરમાં ૧૨ હજાર દુકાન હતી. ૧૧૦ માંના માત્ર આઠ આજ-(૧૮૭૯) પરાં છે; ૩૦ દસક્રોઇનાં ગામો છે ને ૭૨ ખાલી છે.

હાલમાં ૧૬ પરાં છે તેમાં ઘર ૩૮૭૦ ને વસ્તી ૧૧૭૪૧ ની છે. ઉત્તરમાં સાત—કાગદી પીઠ, ઉતમપરૂં, માધવપરૂં, હઠીપરૂં, બારડોલ પરૂં, ફુલપરૂં ને ફતેહપરૂં; પૂર્વમાં ચાર સરસપુર, રેલવે-પરૂં, રાજપુર, ને ગોમતીપુર; દક્ષિણ પૂર્વમાં પાંચ—ભવાનીપુર, રઘુનાથપુર, કાગડાપીઠ, વાઘરીવાડ ને કંગાળપુરી.

કાગદી પીઠ—એ નામ શાહપુર દરવાજાની બાહારની થોડીક જમીનને આપેલું છે તે ૧૮૨૪ માં વસેલું ન હોતું ને હમણા પણ ત્યાં વસ્તી કે ઘરો નથી. માત્ર કેટલીક જગાએ ચીથરાં ધોવા કુટવાની તથા કાગળ બનાવવામાં આવે છે; કામ કરનારા પણ શહેરમાં રહે છે. **ઉત્તમ પરૂં**— દિલ્હી દરવાજાની બહાર છાવણીના રસ્તાની જમણી કોરે છે તે ઉતમચંદ જે હાલ પાટણમાં રહે છે તેણે ૧૮૭૪ માં વસાવ્યું. એની ઉત્તરે **માધવપરૂં** મ્યુનિસિપાલ જગાતથી એ પરાની અગત વધી છે; કેટલાંક ઘરમાં વખારો છે. ૧૮૭૫ ની રેલે બે લાખનું નુકસાન કીધું હતું. **હઠીપરૂં**—૧૮૪૭ માં હઠીસંગ કેશરીસંગે વસાવ્યું. **બારડોલપરૂં**— દિલ્હી દરીઆપુર દરવાજાની વચમાં ૧૮૭૧ માં કલેક્ટર બારોડેલે વસાવ્યું. ત્યાં હાલમાં (૧૮૭૯) સ્વામી નારાયણવાળા પોતાના સાધુઓનેમાટે ધર્મશાળા મોટી બંધાવે છે. **ફુલપરૂં**—૧૮૬૫ માં નગર શેઠના કુટુંબના ફુલશાએ વસાવ્યું. **ફતેહપરૂં**—ફતેશા શ્રાવકે ૧૮૬૪ માં વસાવ્યું છે. **સરસપુર**—એ મોટું છે ૫૨ એકર જમીનનું, કાળુપુર દરવાજાની બહાર દોઢ મૈલ ઉપર; એ એક કોટબંધીવાળું ગામ છે-ચાર મોટા ને એક નાનો દરવાજો છે. કોટ ૪૦ વર્ષઉપર રૂા. ૫૮૪૦૦ને ખરચે બંધાવેલો છે. ૧૮૭૨ માં વસ્તી ૫૧૯૩. વસ્તીમાં લુહાર, સુથાર, રંગારા, વણકર, ખેડુ એ છે. ગાડાંના પૈડાં સારાં બને છે તે કાઠીઆવાડ જાય છે. નાતું રેશમ તથા સુનેરી રૂપેરી ભરત કામ અમદાવાદના કામ કરતાં ઉતરતું નથી. ત્યાં મોટો ધંધો ચાલે છે. કોટની બહાર ને અસાવર ગામની હદમાં વોહોરાની સુંદર મસીદ છે ને તેની પાસે શાંતીદાસનું જૂનું

દહેરૂં છે. રેલવે પરૂં-૧૮૬૩માં થયું છે. કેટલાક જગા રસ્તાને વાસ્તે તથા મકાનને માટે લેવામાં આવી ને બીજી વેચી તે દર વારે રૂા. ૧ાા થી રૂા. ૧૧-૯ ને ભાવે. વળી જેઓએ ૯૯ વરસને પટાએ રાખેલી તેઓની પાસેથી રૂા. ૧ ભાડું ને હમેશને માટે તેનું રૂા. ૨. એ રીતે રૂા. ૨,૪૦,૦૦૦ આવ્યા તેમાંથી રસ્તા,પુલ વગેરે બાંધવામાં આવ્યા છે. એ પરામાં ૩૦૩ ઘર તેમાં ૧૩૫ તો પહેલા વર્ગનાં છે ને વસ્તી ૮૫૦ માણુસની છે. બે રૂના સાંચા, એક કાંતવા વણુવાનો ને બીજો કાંતવાનો, બે ચરખા, ખાંડ બનાવવાનું નાનું કારખાનું, વખારો ને બીજાં મકાનો છે. વળી બે ધર્મશાળા એક બેચરદાસની ને એક મગનભાઇની ને રણુછોડલાલનું એક દવાખાનું બંધાવે છે. રસ્તા પોહોળા ને બાજુએ પગે ચાલવાનો મારગ એવા છે. એ પરાનો ભાગ સારંગપર ને કાળુપુર દરવાજાની વચમાંનો ૫૫ એકરનો ૧૮૭૫ ના એપ્રિલથી મ્યુનિસિપાલિટીની હદમાં ગણાય છે, પણુ શહેરની જમીનો ઉપર તેમ અહીં જમીનનો વરો નથી. અમદાવાદ રેલવે સ્ટેશન ૧૮૬૩ માં ૧,૧૦,૦૦૦ ને ખરચે બંધાવ્યું છે. સ્ટેશન સાથે શહેરનો સંબંધ બાંધેલા રસ્તાથી છે, પ્રેમાભાઇ, કાળુપુર, પાંચ કૂવા, સારંગપુર, રાયપુર ને આસ્તોડીઆ એ દરવાજાઓથી. રાજપુરમાં જાડું કાપડ વણાય છે. એક દહેરૂં છે ત્યાં રવિવારે બહુ શ્રાવકો જાય છે ને એક બીબીજીની મસીદ જૂના વખતની છે. ગોમતીપરામાં રેશમી કાપડ વણુનારા, રંગારા ને રૂપાસુનાના કસબનું ભરત ભરનારા એ રહે છે. દરવરસે કારતકમાં નરસિંહજીની જાતરા ભરાય છે. કાગડા પીઠમાં કોઢીઆઓની ઇસ્પિતાળ છે. અહીં જૂનું વિઠ્ઠલપરૂં હતું. બાકીનાં પરાંબાબત કાંઇ જાણુવાજોગ હેવાલ નથી.

લશ્કરી માણુસોનો મુકામ શહેરની ઉત્તર પૂર્વે ૩ા મૈલઉપર નદીને ડાબા (પૂર્વ) કાંઠાઉપર આવ્યો છે. એ જગા ૧૮૩૦ માં સર જાન માલકમે પસંદ કરી હતી. એ કાંપ ઉત્તર ભાગનું મુખ્ય ઠેકાણું છે; તેના ઉપરી મેજર જનરલ પોતાના સ્ટાફસાથે એટલે આસિસ્ટંટ આજ્યુટંટ જનરલ આસિસ્ટંટ ક્વાર્ટર માસ્તર જનરલ, ડેપ્યુટી સરજન જનરલ ને સ્ટાફ સરજન સાથે છે લશ્કરમાં રોયલ આરાટિલરીની અરધી બાટરી, યુરોપીઅન ઇનફંટરીની એક કંપની, નેટીવ ઇનફંટરીની એક રીજમીટ ને સામાનનો ડીપો. કેટલાક લશ્કરી હદમાં ને બાકીના છાવણીની સિવિલ હદમાં રહે છે. તનદુરસ્તીને વાસ્તે કેન્ટોનમેંટ કમીટી છે. પાંચ ઇસ્પીતાલ છે; તેમાં ત્રણુ લશ્કરને વાસ્તે એક સ્ટાફ ને એક લાક ઇસ્પીતાળ છે. નદીના પાણી ઉપરાંત જ્યાં ઘણા કૂવા મીઠા છે ત્યાં તે વપરાય છે.

તોપખાનાવાળાને વાસ્તે ત્રણુ બરાક છે. ૧૮૭૫ માં બંધાવવી શરૂ થયલી ને ૧૮૭૯ માં પૂરી થઇ તેનો ખરચ ૧,૯૬,૪૭૦ થયો છે. પરણેલા ગોરાઓને માટે ત્રણ જગા છે. ને ત્રણુ જગા સ્ટાફ સરંજામને વાસ્તે; યુરોપીઅન ઇનફ્ટ્રીને વાસ્તે ચાર બરાક છે. એનો ખરચ ૧,૨૩,૦૭૦ થયો છે. વળી ૪૪ બંગલા આફીસરોને રહેવાને વાસ્તે, તેનું સરાસરી વર્ષે ભાડું એકેકનું રૂા. ૬૧૦ થાય છે.

અમરેલી મહાલ—એ કાઠીઆવાડમાં ગાયકવાડી મુલખ છે. વસ્તી ૧,૪૭,૪૬૮, માણુસની છે. એમાં શિયાનગર, દામનગર, અમરેલી, ધારી ને કોડીનાર એમ પાંચ પેટા મહાલ છે. એમાં અ-

B 524—eee

મરેલી ત્યાંના સૈયદ તથા કાઠીઓની પાસેથી મરેઠાઓએ લઇ લીધેલું, દામનગર એ દામાજીને લાઠીના ઠાકોરે પહેરામણીમાં આપેલું ને કોડીનાર જુનાગઢનાં નવાબે ગાયકવાડ સરકારને આપેલું. એમાં ગાયકવાડ સરકારની ફોજદારી, દિવાની કોર્ટો છે. જમીન મહેસૂલને માટે માપણી થયલી છે, ઇજારાની રીત ચાલતી નથી. અમરેલીમાં કામનાથ તથા ત્ર્યંબકનાથનાં દહેરાં છે.

અહમદનગર—વસ્તી ૪૪૬૧; ઘણો ભાગ વ્હોરાઓ છે, તેઓ ભીલ લોક સાથે વેપાર ચલાવે છે. એ શહેર ઇડરના તાબાનું હાથમતીને તીરે છે. એની આસપાસનો કોટ ૧૪૨૬ માં સુલતાન અહમદ ૧ લાએ બંધાવ્યો. ૧૭૨૮ માં અહમદનગર ઇડરના મહારાજાઓના તાબામાં ગયું. ૧૭૯૨ માં ઇડરના માહારાજા શિવસિંગના ભાઈ સગરામસિંગે અહમદનગર લઇ ત્યાં સ્વતંત્ર રાજ્યકારભાર ચલાવવા માંડયો. સગરામસિંગના પૌત્ર તખતસિંગ જોધપુરની ગાદીએ થયો ત્યારે ૧૮૪૮માં અહમદનગર ઇડરના તાબામાં પાછું આવ્યું. કોટમાંના અમદાવાદ દરવાજાનું નકસી કામ ઘણું જોવાલાયક છે, એમાં એક બુરજમાં બે માળ છે. શહેરમાં અહમદનગરના મહારાજાઓનો મહેલ તથા કેટલાંક જૈન મંદિર છે. કાજીની વાવડી જોવાલાયક છે; એ ૧૫૨૨ માં બંધાઇ હતી. શહેરની અંદરના કિલ્લાને ભદ્ર કહે છે. એમાં જોવાલાયક મકાન તથા વાવ ઘણાં છે, તેમાંનો મોહિનારાણીનો મહેલ તે ઘણો સારો છે. ઇડરીઆ દરવાજાની પાસે એક મસીદ છે. તેમાં પથ્થરની જાળીઓમાં ઝાડ પાંદડાં તથા ઘટાસાથે ઘણી સુંદર રીતે કોતરી કાઢેલાં છે. એ મસીદ સુલતાન અહમદના વડા શાહજાદા નસર ઉલમુલ્કે બંધાવી કહેવાય છે; એ મસીદની પાસેજ નવલખી વાવ છે. તે બધી પત્થરની છે ને તેનું પાણી જીવતું છે. વાવના કૂવાની આસપાસ ત્રણ બાજુએ પત્થરના ઘુમટ કરી લીધા છે. એમાંના પશ્ચિમ તરફના ઘુમટના પાછલા ભાગમાં પત્થરની જાળીઓવાળી જનાનખાનાની બેઠક છે. અહીં ઇડરના માહારાજાઓ પોતાના જનાનખાનાની સાથે તાપના દિવસમાં એશઆરામ લેવા આવતા. થોડેક દૂર હાથમતીની નહેર છે. અહમદનગરના રેતી પત્થરનો ખપ ઘણો છે તેથી અહીં કિસબી સલાટો પણ ઘણા રહે છે. અહીંની તરવાર, બંદુક ને ચપ્પુ ઘણા વખણાય છે.

આણંદ--મુંબઇ વડોદરા રેલવે ઉપર એક સ્ટેશન ખેડા જિલ્લામાં છે. વસ્તી ૮૭૭૩ છે. રેવિન્યુ તથા પોલીસ આફીસ ને પોસ્ટ આફીસ છે.

આમોદ--ભરૂચ તાબાનો કસ્બો ઢાઢરની દક્ષિણે એક મૈલ ઉપર ને ભરૂચની ઉત્તરે ૨૧ મૈલ ઉપર. સને ૧૮૭૪ માં ૧૮૧૨ ઘર ને વસ્તી ૫૩૨૫ માણસની. ત્યાં ઠાકોર રહે છે ને તે ૨૧,૨૧૪ એકર જમીનનો માલીક છે ને તેને ૮૦ હજાર રૂપિઆની ઉપજ છે. કસ્બાને ફરતો કોટ હતો પણ ૧૮૪૮ થી તે દેખાતો નથી. ઇશાન કોણમાં તળાવ ઉપર એક નાનો કિલ્લો ને તેની પડોસમાં ભાંગી તૂટી મસીદો ને કબરો હતી. ત્યાં થોડોક રૂનો ધંધો છે અને ચાકુ અસ્તરા વગેરે સારી ધારનાં ઓજાર બને છે. મામલતદારનું થાણું, પોલીસ ચોકી ને પોસ્ટ આફીસ છે.

આરનેજ--અમદાવાદ જિલ્લાના ધોળકા પરગણાનું ગામ, ધોળકાની દક્ષિણ પશ્ચિમે ૧૫ મૈલઉપર. આગળ ધંધાનું મથક હતું. રાધનપૂરે, કડી, પાટણ, અમદાવાદ ને ખેડા અહીંનો માલ અહીં થઇને ધોળેરા ને કાઠિયાવાડ જતો. ગામની ઉપજમાંથી ત્યાંના ભૂતભવાનીના દહેરાને આપવાનું જે દામાજી ગાયકવાડે બાંધેલું તે બ્રિટિશ સરકાર આપી જાય છે. ગામની ઉપજની વ્યવસ્થ ભાગબટાઇની રીતપ્રમાણે સરકારે ઠેરવેલી પંચ કરે છે; મુખી, તેનો મદદનીસ ને ધોળેરાનો એક વાણીઓ. ઉપજના થોડાક ભાગમાંથી સદાવ્રત ચાલે છે, સાધુ તથા મારવાડી મજુરોને માટે.

ઈડર--વસ્તી ૬૭૨૦. એ નામના સંસ્થાનનું મુખ્ય શહેર. અસલના વખતમાં એ ભીલોના તાબામાં હતું. વલ્ભીના છેલ્લા શિલાદિત્યના કુંવર ગુહાને અહીંના ભીલો એ પોતાનો રાજા કરી થાપ્યો હતો ને એના વંશજોએ ઘણાં વર્ષ રાજ્ય કર્યું હતું. એનાથી ૮ મી પેઢીએ નાગાદિત્ય થયો, તેને તેની રૈયતે મારી નાખ્યો ને એના કુંવર બાપ્પાએ મેવાડનું રાજ સ્થાપ્યું. બારમા સૈકાની આખરે દિલ્હીના પૃથુરાજની સાથે મુસલમાનોની સામે લડતાં ઇડરનો રાવ થાનેશ્વરની લડાઇમાં માર્યો ગયો ત્યારપછી ઇડર હાથી સોરડ નામના કોળીના હાથમાં ગયું. તેના છોકરાને સોનંગજી રાઠોડે મારી નાખી ઇડર પોતાના તાબામાં લીધું. એ વંશના રાવોને મુસલમાનોની સામે લડતાં ઇડર છોડવું પડેલું. હાલના મારવાડના રાઠોડ વંશના હાથમાં ઇડર ૧૭૨૮ માં આવ્યું.

શહેરની દક્ષિણ બાજુએ આંબાવાડીઓથી ભરપૂર એવું મેદાન છે ને તેની પેલીમેર નાના નાના ડુંગરાઓ કે જેની ઉપર કોટ ચણી લીધેલા છે તે છે. એની જમણી બાજુએ શહેરથી એક માઇલ દૂર રણમલેશ્વર તળાવ છે. તળાવની બાજુઉપર ઇડરના બડે લોકોની છત્રીઓ છે. તળાવનો પાસેજ એક વાડી છે. ત્યાંથી આગળ ચાલતાં દક્ષિણ તરફ ગળન્ડેરના પથરા રાખતા એવા ડુંગરા છે. એમાંના કેટલાકઉપર મંદિરો છે. શહેરની આસપાસ પથ્થરે ચણેલો કોટ છે. શહેરની અંદર પેસતાંજ ડાબી બાજુએ તુરંગ ને જમણી બાજુએ એક વાડી છે. શહેરમાં એક. સ્વામી નારાયણનું ને બીજું વલ્લભાચાર્યના મહારાજોનું એવાં બે મંદિરો છે તે જોવાલાયક છે. શહેરના છેડાઉપર ડુંગરીની તળેટી આગળ ઇડરના મહારાજાનો મેહેલ છે. મહેલની પાછળી બાજુએ જે ડુંગરીઓ વિંધ્યાચલ તથા અરાવલી એ બે પર્વતો ને જોડે છે તેનાઉપર ઇડરીઓ ગઢ આવી રહ્યો છે. એ ગઢ એટલો સીધો અને મજબૂત છે અને તેથી કાંઇ ન થઇ શકે એવું કામ કોઇ કરે ત્યારે લોકો કહે છે કે એણે તો ઇડરીઓ ગઢ જીત્યો છે. મહેલમાંથી ઇડર ગઢમાં જવાને રસ્તો બાંધેલો છે. એ ગઢઉપર બે મોટાં મકાનો છે; એક રણમલની ચોકી કહેવાય છે ને બીજું રૂડી રાણીનો મેહેલ એ નામે ઓળખાય છે. રૂડી રાણીના મહેલની પેલીમેર એક શ્વેતાંબરીઓના શાંતિનાથનું તથા બીજું દિગમ્બરીઓનાં શંભવનાથનું એવાં બે જૈન મંદિરો છે. ઇડરગઢના કિલ્લાની અંદર વજીમાતાનું એક મંદિર છે. એ માતાને સઘળી જાતના હિંદુઓ પૂજે છે.

ધડરથી ઉત્તરે ત્રીસ મૈલઉપર હરણાઇ નદીને જમણે તીરે ખેડબ્રહ્મા ('બ્રહ્મખેડ) કરીને એક ગામ છે તે ઘણા જૂના કાળથી મોહોટું પવિત્રધામ મંનાતું આવ્યું છે. ગામમાં 'બ્રહ્માનું' દેહેરૂં છે તે ધોળા રેતી પત્થરે ચણેલું ને ભૃગુઋષિએ બંધાવેલું કહેવાય છે. એમાંહેનું નકશીકામ ઘણું વખાણવા લાયક છે. અહીં મહા શુદ ૧૪ ને દહાડે મોહોટી જાત્રા ભરાય છે. એ સિવાય બીજાં ઘણાં મંદિરો છે પણ તેમાંના કેટલાંક પડી ભાગેલી હાલતમાં છે.

ઉનાઇ—ગામ સૂરત જિલ્લાનું નથી પણ તેને ચિકલીસાથે હમેશ સંબંધ વહેવાર છે. તે ઉના ઝરાને લીધે પ્રસિદ્ધ છે. પત્થરનો બાંધેલો કુંડ વીસ ચોરસ ફૂટ છે; કહેવાય છે કે રામે બાણ મારી ૧૮ હજાર બ્રાહ્મણને ન્હવાડવાને ઉનું પાણી ઉત્પન્ન કીધું હતું. જાતરા દર વરસે ચૈત્ર શુદ પૂનેમની છે પણ તે છ દહાડા ચાલે છે ને જાત્રાળુની સંખ્યા, આશરે પંદર હજાર માણસની થાય છે; ત્યાંનાં મેળામાં હજારેક વેપારી માલ વેચવા આવે છે. કોઇ અમદાવાદથી કાપડ ને કોઇ ખાનદેશ તથા નાશકથી વાસણો ત્યાં આણે છે; માલની કિંમત રૂપીઆ પચ્ચીસેક હજારની થાય છે; ત્યાં પાંચ સાત વરસે એક વાર કોલેરા થાય છે; વરસમાં એક દહાડોજ પાણી ન્હાવાં જેવાં ટાઢાં થાય છે.

ઉમરેઠ—ખેડા જિલ્લાનું. એ ગામમાં ઘર ૪૯૯૭ ને વસ્તી ૧૩૯૫૪ છે. મોટો જથો ખેડાવાળ બ્રાહ્મણનો છે. એ ખેડા જિલ્લામાં મોટું ને તવંગર ગામ છે. સબ જડજની કોરટ ને પોલીસ આફીસ છે.

ઓરપાડ—સૂરત તાબાનો કસ્બો ૧૧૭૬ ઘર ને વસ્તી ૪૦૦૦ ની. સબોર્ડિનેટ જડજની કોરટ, મામલતદારનું થાણું, પોલીસ ચોકી, પોસ્ટ ઑફીસ ને દવાખાનું છે.

કડી—આ ગાયકવાડી મહાલ અમદાવાદ જિલ્લાના વીરમગામ તાલુકાની ઉત્તરે તથા પૂર્વે છે. એનું કૂલ ઉત્પન્ન રૂા ૪,૦૦,૩૫૪ એમાં ૧૧૦ ગામ ને વસ્તી ૮૮,૭૩૩ છે. કડી (વસ્તી ૧૬,૬૮૯) મહાલનું મુખ્ય ગામ છે.

મરાઠાઓનો પગ ગૂજરાતમાં મજબૂત થયો તે પહેલાં કડી રાધનપુરના બાબીઓના હાથમાં હતું. ૧૭૬૧ ની પાણીપતની લડાઇ થયા પછી દામાજીએ બાબીઓને હાંકી કાઢી પોતાના પુત્ર ખંડેરાવ ગાયકવાડ હિમ્મત બહાદુરને અમદાવાદની ઉત્તરના મુલકની જાગીર આપી તેનું કડી મુખ્ય શેહેર હતું. ખંડેરાવના દીકરા મલ્હારરાવ તથા આનંદરાવ ગાયકવાડને ટંટો ચાલતો હોવાથી ૧૮૦૨ માં સર અલેકઝાંદર વાકરે કડી ઉપર ચઢીને તે જીતી લીધું ત્યારથી કડી ગાયકવાડ સરકારના મુલખમાં ભળ્યું. ગામની અંદરનાં મકાનોમાં રંગ મેહેલ (મલ્હારરાવે બંધાવેલો) સુપરા મહેલ, દારૂખાનું, તથા સરકારવાડો એ છે. સરકારવાડામાં નાયબસુબા, વહીવટદાર, મુનસફ તથા સિટિ માજિસ્ટ્રેટ એમની કચેરી છે. સિવિલ ઇસ્પિતાલનું મકાન ઇલાયદું છે ને સારૂં છે. ગામમાં એકંદરે સાત ધર્મશાળા તથા ભૂતેશ્વર માહાદેવનું (દિવાન બાબાજીના દીકરાએ બંધાવેલું), ગોસાવી માહારાજનું, બાબીબાવાનું, ભીમનાથ મહાદેવનું, કાશીવિશ્વનાથનું, પિમ્પલેશ્વર મહાદેવનું, અંબાજીનું, શુકલશિવ-

બાલ મહાદેવનું, શિંદવીમાતાનું, રાધાકૃષ્ણનુ, બાલાજીનું, અને નરસિંગજીનું એમ કરી બારા મંદિરો છે. અહીં જાત્રાઓ પણ ઘણી ભરાય છે તેમાંની મુખ્ય આ છે:—પ્રાણેશ્વર મહાદેવની શ્રાવણવદ ૮ મે, નાગપંચમીએ, બાલાપુરની રજબને ૧૯ મે દહાડે, શિંદવી માતાની આષાઢ શુદ બીજે ને અલુસણ મહાદેવની આષાઢ શુદ એકાદશીએ. ગામમાં ઇંગ્રેજી, ગૂજરાતી ને મરાઠી નિશાળો ને એક પોસ્ટ આફીસ છે.

કડોદ[1]—ભરૂચ તાબાનું ગામ નર્મદાને તીરે ભરૂચ ને શુકલ તીરથની વચમાં માત્ર ૧૫ ઘર ને ૪૦૦ માણસનું છે. ત્યાં વીસે વરસે અધિક વૈશાખમાં કોટેશ્વરની જાતરા ભરાય છે; નદીને તીરે દુકાનો મંડાય છે ને માંડવા બંધાય છે. દેવસ્થાન તાબાની જગા અરધા એકરની છે; સાડાત્રણ રૂપિઆ સરકારનું લવાજમ જાય છે ને પોણાચાર રૂપિઆ સરકારમાંથી ધર્મદા હક મલે છે.

કંથકોટ—કચ્છની પૂર્વે વાગડ પ્રાતમાં. એની આસપાસ મજબૂત કિલ્લો છે તે એક ડુંગરી ઉપર બાંધેલો છે. એ કિલ્લો પહેલાં ઘણો પ્રખ્યાત હતો ને ઇતિહાસમાં એનું નામ ઘણી વખતે આવે છે. પહેલાં એ કાઠીઓના હાથમાં હતો પછી ચાવડાઓને હાથ ગયો. અગીઆરમા સૈકામાં મહમદ ગીઝનવીથી હારી ભીમદેવ આ કિલ્લામાં ભરાઇ બેઠો હતો. સોળમા સૈકાની આખરમાં એ ઘણો મજબૂત કિલ્લો હતો એવું અબુલફઝલે લખ્યું છે, સને ૧૮૧૬ માં એ બ્રિટિશ સરકારને હાથ આવ્યો જેમણે કોટની દિવાલ તોડી પાડી. ડુંગરી ઉપર એક કંથડનાથનું, બીજું મહાવીર સ્વામીનું ને ત્રીજું સૂર્યનું એમ કરી ત્રણ મંદિરો છે. મહાવીર સ્વામીનું મંદિર કોઇ આત્મા દેવનાથના દીકરાઓએ ૧૨૮૩ માં બંધાવેલું. એ મંદિર પડી ભાગેલી હાલતમાં છે. સૂર્યનું મંદિર કાઠીઓએ બંધાવેલું.

કપડવંજ—ખેડાની ઉત્તર પૂર્વે ૩૬ મૈલઉપર મોહર નદીને પૂર્વ કાંઠે કિલ્લાવાળું ને મોટા વેપાર ધંધાનું, ૧૩૯૮૨ માણસની વસ્તીનું ને રૂ. ૬૬૭૦ ની મ્યુનિસિપાલ ઉપજનું શહેર છે.

એ જૂના કાળથી વસેલું છે; પાંચસેંથી તે આઠસેં વર્ષનાં જૂનાં ઘરો આજપણ છે; ને કોટની દિવાલ પાસે જૂના શહેરની જગા છે. કોઇ તેને કપટપુર કહે છે. પાંચ કબર ઉપરથી અથવા કાપડવંજ એમ પણ કેટલાક કહે છે. ૧૭૩૬ માં મરેઠા તથા કોળીના હુમલાથી એ શહેર મરેઠાઓને હાથ આવ્યું ને પછી ૧૮૧૬–૧૭ માં તેમને બ્રિટિશ સરકાર પાસેથી બીજાપુર લેઇ કપડવંજ તેને આપ્યું હતું. તે વખતે કપડવંજમાં ૧૦ હજારની વસ્તી હતી;

મધ્યમ હિંદુસ્તાન ને કાંઠા એની વચમાંના મોટા માર્ગમાંનો એક કપડવંજનો હોવાથી ત્યાં ઘણો વેપાર ધંધો ચાલે છે. ૧૮૧૬ માં તે સારૂં બાંધેલું હતું ને ૧૮૬૪ માં ત્યાં વેપારી તથા સાહુકાર દોલત આબરૂમાં ફકત નડિયાદથીજ ઉતરતા. વોહોરા મોટા વેપારી છે. તેઓ અફ્રીક ને બંદર

---

૧. એ નામનું ગામ સૂરત જિલ્લામાં પણ છે.

મૈલઉપર માજમ નદી છે તેમાંના કંકર એકઠા કરે છે. સાબુ, કાચ, ને ચામડાના કુડાં (ઘીનાં) એ બનાવવાનાં કારખાનાં છે. ધાતુભર્યો કચરો કપડવંજમાં ગળતો ને તેનાં ઢેફાં હાલ ગામને પાદરે દેખાય છે. મધ્ય હિંદુસ્થાનમાંથી અનાજ તથા અફીણ આવે છે ને ગૂજરાતથી તંબાકુ જાય છે. કપડવંજનો માલ પંચમહાલ, વાડાસીનોર ને મધ્ય હિંદુસ્તાન જાય છે.

શહેરમાં જોવાલાયક એક તળાવ ને એક મહેરાબ ચાલુક્ય તરેહનો છે (૧૦૦૦-૧૩૦૦). તળાવને માટે કહેવાય છે કે તે સિદ્ધરાજ જેસિંગે બંધાવ્યું હતું(૧૦૯૪-૧૧૪૩). એ રાજાનો એક બુઢ્ઢો ભીમ નામનો ભાટ બહુ રોગનો ભરયો મધુમતી–વાત્રકમાં નાહાવા આવેલો ને કાંઠાપર અહીં તહીં ફરતો હતો તેવામાં એક પાણીથી ભરેલા ખાડામાં તેનો પગ ખસ્યો ને તે ઉંડા પાણીમાં પડયો; પણ મહેનત કરી તરીને જ્યારે કાંઠે આવ્યો ત્યારે તે જુવાન ને જબરો થયો હતો. એ વાત રાજાએ જાણી ત્યારે તેણે ત્યાં વિષ્ણુનું એક દહેરૂં બંધાવ્યું. એ કુંડની દક્ષિણે જમીનની અંદર મહાદેવનું દહેરૂં છે પણ તેની હજી ખરેખરી શોધ થઇ નથી. વળી કેટલીએક સારી મસજીદ ને કબર એની નિશાનીઓ છે. નવાં મકાનોમાં એક જૈન દહેરૂં છે તે ૨૫ વર્ષ ઉપર દોઢ લાખને ખરચે બંધાવ્યું છે. અંદરની જગાએ આરસના થાંભલા છે ને કેટલીક જગાએ ઘણીજ સારી ફરસબંધી છે; એક ખુણામાં ભોંયરાના ઓરડામાં કાળા પત્થરની મૂર્ત્તિ છે. વોહોરાવાડમાં પાંચ મકાન છે તેમાં એક મસીદ ઘણીજ દેખાવડી છે ને ઘણાંક જૂનાં ઘર ઊંચાં ને લાકડાંપર નકસી એવાં છે. મામલતદારનું થાણું, પોલીસ આફીસ, સબ જડજની કોર્ટ, પોસ્ટ આફીસ, ડિસ્પેનસરી એ કપડવંજમાં છે. પૂર્વ દરવાજે એક ધર્મશાળા છે તે એક ધનવાન વેપારીની વિધવાએ લાખ રૂપીઆ ખરચી બંધાવી છે.

કરકતાલ—અમદાવાદ જિલ્લાના વીરમગામ પરગણાનું ગામ, વીરમગામથી ૬ મૈલ દૂર. એ જગાએ જૂના વખતની કંગાવતી નગરી હતી.

કરનાળી—ચાણોદથી એક મૈલ દૂર ને એ ગામથી ઓરી નદીથી છૂટું પડેલું નર્મદાને તીરે છે. ચાણોદના કરતાં પણ એ વધારે પવિત્ર ધામ ગણાય છે. નર્મદા માહાત્મ્યમાં લખ્યું છે કે અહીં ગુપ્ત સરસ્વતી છે. અને એ ગુપ્ત સરસ્વતી,ઓરી તથા નર્મદા એ ત્રણેનો સંગમ અહીં થાય છે તેથી એને દક્ષણી પ્રયાગ પણ કહે છે. નદીને કિનારે ઘણા ઘાટો બાંધેલા છે તેમાંના બાઉશિન્દેએ બંધાવેલો તે ઘણો મોટો ને સારો છે. કરનાળીમાં સોમેસ્વર, કુબેરેસ્વર તથા ધાત્રકેસ્વરનાં એમ ત્રણ મંદિરો છે. અહીં કાર્તકી તથા ચૈત્રીપૂનમે જાત્રા ભરાય છે તે વખતે ગૂજરાત તથા કાઠિઆવાડથી હજારો યાત્રાળુઓ આવે છે. એ યાત્રાળુઓ અહીંથી પાસેના અંબાલી ગામમાં અનસૂયા માતાનું દહેરૂં છે ત્યાં દર્શને જાય છે. કરનાળીમાં બે ધર્મશાળા છે.

કહાનવા—ભરૂચ જિલ્લાના જંબુસર પરગણાનું ૨૬૩૪ માણસની વસ્તીનું ગામ. ત્યાં ભકત કલ્યાણ દાસજીની પાદુકા પૂજાય છે ને તેની દર વરસે આશો સુદ પૂનેમે જાત્રા ભરાય છે. ત્યાંના એક કૂવાના પાણીથી સાપનો દંશ તે હડખાયું મટે છે એમ કહેવાય છે.

કારવાન—વસ્તી ૩૧૮૧ ગાયકવાડી ગામ, મીઆગામથી પૂર્વે પાંચ મૈલ ને ડભોઇથી પશ્ચિમે સાત મૈલ દૂર મીઆગામ તથા ડભોઇની વચ્ચેની રેલવે ઉપરનું સ્ટેશન છે. અહીંના તળાવ વિષે દંતકથા છે કે કોઇ બ્રાહ્મણ તથા બ્રાહ્મણી ભરૂચની પાસે ભૃગુ ક્ષેત્રમાં રહેતાં હતાં. તેમનો એકનો-એક આઠ વર્ષનો પુત્ર નર્મદામાં ડુબી મુઓ. બ્રાહ્મણ તથા બ્રાહ્મણી આથી ઘણાં શોકાતુર થઇ પોતાના પુત્રને બોલાવતાં હતાં એવામાં તેમનાઉપર દયા આણી શિવે છોકરાનું રૂપ ધરી તેમને દર્શન દીધું અને તેમને પોતાની પાછળ દોડાવ્યાં. બ્રાહ્મણ તથા બ્રાહ્મણી તેની પાછળ પાછળ ચાલતાં કારવન તળાવ આગળ આવ્યાં એટલે શિવે પોતાનું ખરૂં રૂપ ધાર્યું ને તેમને કહ્યું હું તળાવમાં રહીશ ને તમે મારી પૂજા કરજો. આવાત ઉપરથી કારવાનનું તળાવ ઘણું પવિત્ર મનાય છે.

કારવાન ગામ પુરાતન વખતથી ઘણું પવિત્ર મનાયલું છે. શિવનું એ ઘણું પ્રિયધામ છે. એનાં ચાર જુગમાં જુદાં જુદાં નામ છે:—સત્યયુગમાં તેહપુરી, ત્રેતામાં મયપુરી (અથવા કાનભદ્ર), દ્વાપરમાં મેઘાવતી ને કલિયુગમાં કાયવિરોહણ, જે ઉપરથી અપભ્રંશ થઇ હાલનું કારવાન નામ થયું છે. કારવાનમાં મંદિરો ઘણાં છે. મહાદેવનાં લિંગોપણ અહીં તહીં પુષ્કળ છે. મંદિરોમાં નકલેશ્વર મહાદેવનું, રામનાથ મહાદેવનું, પંચનાથનું, ભીમનાથનું, કાશીવિસ્વનાથનું, કોકેસ્વર મહાદેવનું વગેરે. તળાવના છેડાઉપર એક કુંડ છે તે ગયા કુંડ કહેવાય છે.

કાલોલ—એમાં ૩૯૯૩ માણસની વસ્તી છે. પંચમહાલમાં ઉત્તમ ખેતીની જગાનું છે ને કણબી લોક સારી હાલતમાં છે ને આબાદાનીવાળો કસ્બો છે પણ વેપાર વડોદરા સાથે હતો તે બદલાઇ પાલી સાથે નવો ચાલવાથી કેટલોક ઘટયો છે.

કાવી—(કનકાપુરી) ભરૂચ જિલ્લાના જંબુસર પરગણાનું, ૧૫૦૦ ઘર ને ૪૫૦૦ ની વસ્તીનું ગામ, મહી નદીને ડાબે તીરે શ્રાવક લોકનું જાતરાનું ઠેકાણું. ત્યાં થોડાંક જૂનાં મકાનોની નિશાની છે ને દહેરાં સાસુ વહુને નામે ઓળખાતાં છે. કહેવાય છે કે ખંભાતના એક વેપારીની સ્ત્રીએ દહેરૂં બંધાવ્યું તે તેના દીકરાની વહુ જોવા ગઇ ત્યારે તે લાંબી હોવાથી તેનું માથું દરવાજા સાથે અથડાયું ને તે બોલી કે આવો તે શો દરવાજો કીધો છે. ત્યારે સાસુએ કહ્યું હવે તું સારો બંધાવ. વહુએ ખંભાત આવી સસરા પાસે નાણું માગ્યું ને એણે સાત વહાણના માલનો નફો આપવાનું કહ્યું; નફો ૧૧લાખ રૂપિઆ આવ્યો ને એનું બીજું દહેરૂં બંધાયું., દેહરાને ફરતી દિવાલ છે; કાવી જવાનો કોઇ ચોકસ દહાડો નથી; જૈન જાત્રાળુ એકલા કે ખાસ બસેનો સંઘ પાલીતાણા, ગિરનાર, ગોઘે જતાં કાવીમાં ઉતરે છે.• દેહરાંનો જમા ખરચનો વહીવટ, શ્રાવકોજ રાખે છે.

કેરા—વસ્તી ૨૦૫૭. ભૂજથી માંડવી જવાના રસ્તાઉપર ભૂજથી દક્ષિણે ૧૨ મૈલ દૂર છે. એની આસપાસ મજબૂત કોટ છે. કાપડ તથા લોઢાંના સામાનનો અહીં વેપાર ઘણો છે. એમાં જોવા લાયક ત્રણ ચીજ છે; એક અસલના વખતનાં હિંદુઓનાં મંદિરનાં તથા કોટનાં ખંડિયર

તથા એક મુસલમાન પીરનો રોજો. કોટનાં ખંડિયર માટે કહેવાય છે કે એ કચ્છના લાખા ફૂલાણી-ની રાજધાનીનાં ખંડિયર છે. મંદિર તે શિવનું છે. એ બારમા સૈકાનો આખરમાં બંધાયલું શિખર (સિવાયનો એ દહેરાનો સઘળો ભાગ ૧૮૧૯ના ધરતી કંપથી પડી ગયો છે. દહેરાનું કોતર કામ ઊંચી જાતનું વખાણવા લાયક છે. કેરાથી દક્ષિણ પૂર્વ ઊંચાણપર આવેલું એક નાનુંસરખું ગામડું છે જેમાં ઝાડોની ગીચ ઘટામાં ગુલામઅલી પીરનો રોજો છે. રોજાના વંડામાં ત્રણ મકાન છે: એક મસીદ, દરગા તથા એક કબર. કબરનો સામેની (દિવાલઉપર કોઇ મોગલપીરની, હસન તથા હુસેનની અને મહમદ પેગમ્બરની તસબીર કોતરેલી છે. રોજામાંની કબરો આજથી આશરે ૮૦વર્ષ ઉપર કેરાના ખોજાઓએ બંધાવી છે. ગુલામઅલીશાહ તે પીર સાદરઉદ્દીન જેણે આશરે ૪૦૦ વર્ષ ઉપર ઘણા કચ્છી તથા ગૂજરાતીઓને મુસલમાન ધર્મમાં વટલાવ્યા હતા તેનો વંશજ હતો. પીર સાદરઉદ્દીન શીઆ પંથનો હતો. એના પંથનો ગુરૂ આગાખાન છે. એણે પોતાના પંથમાં હિંદુધર્મની ઘણી વાતો દાખલ કીધી છે. ગુલામઅલીએ એનું કામ ચલાવ્યું ને પોતાના પંથમાં હીંદુ ધર્મમાંની ઘણી નવી વાતો દાખલ કીધો. એણે બ્રહ્મજ્ઞાન વિષે એક ગ્રંથ રચ્યો છે ને એની ઓરત અજાનબીબીએ બ્રહ્મજ્ઞાનનાં કીર્તનો જોડયાં છે. અજાનબીબીએ સદાવ્રત માંડેલું તે હાલપણ ચાલુ છે. ગુલામઅલીના રોજાનો ચૈતર સુદ ૧૧ને દાહાડે ઓરસ ભરાય છે તે એક અઠવાડીઆ સૂધી પહોંચે છે.

કોટેશ્વર—(વસ્તી ૩૨૯) કચ્છનું નાનું સરખુ બંદર છે. અસલના વારાથી એ ગામ પવિત્ર મનાયલું છે. ચીની મુસાફર હીઓઉએન સાંગ લખે છે કે એનો ઘેરાવ પાંચ મૈલ જેટલો હતો, એમાં એંશી મેડા હતા જેમાં સમ્મીતા પંથના સઘળા મળી ૫૦૦૦ બાવા રહેતા હતા; બાર દે-વાલયો હતાં. ગામના મધ્યભાગમાં મહોવરનું એક દહેરૂં હતું. હાલમાં થોડાંક દહેરાં સિવાય અસલના વખતનું કાંઇ પણ ચિન્હ રહ્યું નથી. એ મંદિરો સઘળાં ગામની વાયવ્ય દિશાએ એક ટેકરીઉપર આવેલાં છે જેમની આસપાસ એક મજબૂત કોટ ચણી લીધેલો છે. એના દરવાજા ઉપરના લેખ ઉપરથી જણાય છે કે એ મંદિરો તથા કોટ બ્રહ્મક્ષત્રી સુંદરજી શીવજી તથા જેઠા શિવજીએ સંવત ૧૮૭૭ (ઇ. સ. ૧૮૨૦)માં બંધાવ્યાં છે. કોટની અંદર વંડાના વચલા ભા-ગમાં કોટેશ્વર મહાદેવનું પથ્થરનું સુંદર મંદિર છે. દહેરાને ત્રણ ઘુમટો છે. વચલા ઘુમટમાં રાવ-દેસળજીએ અર્પેલો પિત્તળનો નંદી છે. ડાબી તરફનામાં હનુમાનની ને જમણી તરફનામાં ગણ-પતિની મૂર્તિ છે.

કોટેશ્વરના દહેરાની પાસે કલ્યાણેશ્વર મહાદેવનું દહેરૂં છે. કોટથી થોડેક દુર એક કુંડ છે. જ્યાં હિંદુઓ શ્રાદ્ધ તથા સ્નાન કરે છે. એનીપાસે નીલકંઠ મહાદેવનું (હાલમાં સરણેશ્વર કહેવાય છે તેનું) દહેરૂં છે.

ખંભાત—એ સંસ્થાનનો વિસ્તાર ૩૫૦ ચો૦ મૈ૦, વસ્તી ૮૩,૦૦૦ તથા વાર્ષિકઉપજ રૂા. ૪ લાખની છે. એની ઉત્તરે ખેડા જિલ્લાનું માતર પરગણું, પૂર્વે ખેડાનું બોરસદ ને ગાયકવાડી પેટલાદ પરગણું, દક્ષિણે ખંભાતનો અખાત ને પશ્ચિમે સાબરમતી નદી. મહીના કાંઠાપરના સિવાયનો બાકીનો પ્રદેશ પાધર તથા ખુલ્લો છે. મહી તથા સાબરમતી બંને નદીઓ આ સંસ્થાનની હદમાં વહી ખંભાતના અખાતને મળે છે. સંસ્થાનના ઉત્તર તથા પશ્ચિમના ભાગોમાં જમીન કાળી ને ઘઉં તથા કપાસના પાકને રૂચતી એવી છે. પૂર્વ તરફની તે ગુણે ઉતરતી ને હલકાં અનાજનો પાક આપતી એવી છે. અખાતના કિનારાપરની તે ખારાશવાળી છે. પાકમાં કઠોળ, ડાંગર, ઘઉં, તંબાકુ ને ગળી. ગળીનો પાક હાલમાં ઘણો ઓછો થઇ ગયો છે. વસ્તીનો ઘણો ભાગ અહીંનો વેપાર તૂટી જવાથી, મુંબઇ, સૂરત, અમદાવાદ, ભરૂચ વગેરે ઠેકાણે ધંધાને અર્થે આઠ મહિના જઇ રહે છે. ને ચોમાસાના ચાર મહિના અહીં ગાળે છે. ખંભાતનો વેપાર આગળ ઘણો બોહોળો હતો તથા હુન્નર[1] પણ ઘણા હતા; પણ હાલ એમાંનું કાંઇ નથી. ડાક્ટર બુલ્હર કહે છે કે ખંભાતનું જૂનું નામ સ્તમ્ભતીર્થ હતું અને તેનો અપભ્રંશ થઇને ખંભાત એ નામ થયું છે. દંતકથા છે કે કાર્તિક સ્વામીએ તારકાસુરને માર્યો ત્યારે દેવો એ ખુશી થઇ લડાઇની જગાએ એક સોનાનો જયસ્તંભ દાટયો ને કાર્તિકસ્વામીએ શિવના લિંગની સ્થાપના કરી ત્યાં દહેરૂં બંધાવ્યું અને તેની આસપાસ જે નગર વસ્યું તે સ્તંભતીર્થ કહેવાયું.

ખંભાતનું એ નામ પહેલું મુસલમાન ઇતિહાસ લખનારાઓના ગ્રંથમાં જડે છે. આરબ મુસાફર માસુદી દસમા સૈકાની શરૂઆતમાં લખે છે કે ખંભાત એના જોડાને માટે પ્રખ્યાત હતું ને અહીં બનીઆ નામે કોઇ બ્રાહ્મણ રાજ્ય કરતો હતો જે મુસલમાન વેપારીઓ તથા બીજા પરદેશીઓની સંભાળ સારી રાખતો. દશમા સેકાના વચલા ભાગમાં અનહિલવાડના ચાલુક્યોનું ખંભાત બંદર હતું અને અનહિલવાડ જેમ જેમ વધતું ચાલ્યું તેમ તેમ ખંભાત પણ વધારેને વધારે આબાદ થતું ચાલ્યું. અન્હિલવાડ પાટણ અલ્લાઉદ્દીન ખીલજીએ જીત્યું ત્યારપછી ખંભાત પણ મુસલમાનોને હાથ ગયું ને ત્યાં દિલ્હીથી નીમાઇ આવતા હાકેમો અમલ ચલાવતા. ત્યારપછી એ અમદાવાદના મુસલમાન રાજાઓના હાથમાં આવ્યું, ૧૪૦૦ થી તે ૧૫૭૫ સૂધી. મહમદ બેગડાના વખતમાં ખંભાત કીર્તિના ટોચપર ચઢયું હતું. સોળમા સૈકામાં ફિરંગીએ એના વેપારની કીર્તિ ખંડિત કરી. અકબર બાદશાહે ગૂજરાત જીત્યું ત્યારે ખંભાત પણ તેના તાબામાં ગયું (૧૫૭૩). મોગલોની હાકમી ૧૫૭૩ થી તે ૧૭૩૦ સૂધી રહી. ૧૬૦૦ ની સાલથી ખંભાતની પડતી દશા ચાલી. અહીં વલંદા તથા ઇંગ્રેજોએ એક કોઠી બાંધી હતી. સત્તરમા તથા અરાઢમા સૈકાનો ખંભાતનો ઇતિહાસ ગૂજરાતના ઇતિહાસની સાથે જોડાયલો છે અને તે ઇતિહાસના પ્રકરણમાં આપેલો છે. ૧૭૩૦

---

૧. એ બાબત પ્રકરણ ૬ ઠામાં વિગતવાર હેવાલ આપેલો છે.

B 524—fff

પછી ખંભાત નવાબોના હાથ નીચે સ્વતંત્ર થવા માંડ્યું. પહેલો નવાબ મોમિનખાન પહેલો હતો. હાલના નવાબનું નામ હુસેન યાવરખાન છે.

ખંભાતના નવાબ ઇંગ્રેજસરકારને દર વર્ષે ખંડણી આપે છે. તે છતાં પોતાના સંસ્થાનમાં કુલ અખત્યાર વાપરે છે.

મોટા ફોજદારી ગુનાહ નવાબ સાહેબ જાતે ને બાકીના તે કોટવાલ તથા દારોગા ચૂકવે છે. દિવાની મુકદ્દમાઓ ચૂકવવાને ત્રણ કોર્ટો છે.

શહેરના કોટને આઠ દરવાજા છે; ફતેહ ને પીર ઉત્તરે, માંડલા, ચક ને ગવારા પૂર્વે, ફુરજા અને મકાઇ દક્ષિણે, ને પશ્ચિમે ચાકામલી. માંડલા દરવાજાની બહાર માંડલાવાવ ને બાગ છે. ફતેહ દરવાજાની બહાર મુસલમાનોની ઇદગા છે ત્યાં બકરી ને રમઝાન ઇદને દહાડે નવાબ નિમાજ પડવા જાય છે. શહેરની અંદર જોવાલાયક મકાનમાં નવાબનો મેહેલ, જુમા મસીદ, ખાનબેદરની મસીદ, બાબાસીર પીરની દરગા, પારસનાથનું મંદિર તથા કેટલીક વાવ એ છે.

ખૂન—જોવું ધોળેરા.

ખેડા—અમદાવાદની દક્ષિણે વીસ મૈલઉપર વાત્રક તથા શેઢી એ બે નદીઓ મળે છે તેની પાસે ઊંચી જમીનપર છે; તે નામના જિલ્લાનું મુખ્ય ગામ છે; ઇંટનો ફરતો કોટ છે; રસ્તા ઊંચાનીચા ને સાંકડા છે; નળીઆનાં છાપરાંવાળાં ઘરો મજબૂત ઊંચા ને લાકડાંપર નકસીવાળાં છે; ૧૮૭૨ માં ને ૧૨૬૮૧ માણસની વસ્તી હતી. કહેવાય છે કે ખેડા મહાભારતના કાળમાં (ઇ. સ. પૂ. ૧૪૦૦) ચક્રાવતી નગરી કહેવાતું ને ત્યાંનો રાજા મોરધ્વજ પાંડવ સામાં લડ્યો હતો ને હાર્યો હતો. તામ્ર લેખ ઉપરથી જણાય છે કે ઇ. સ. ના પાંચમા સૈકામાં તે ખેદ્રા એ નામે ઓળખાતું.[1] પછી સો વરસ ઉપર તે મોટું નગર હતું જ્યાં વલ્લભીના જિતનાર શિલાદિત્યનો જન્મ થયો હતો. ગૂજરાતના અરવાચીન ઇતિહાસમાં ખેડા કંઇ આગળ પડતું નથી. ૧૮ મા સૈકાના આરંભમાં તે મુસલમાન બાબી ખાનદાનના તાબામાં ગયેલું તેની પાસેથી દામાજી ગાયકવાડે ૧૭૫૩માં લેઇ લીધું. પછી આણંદરાવ ગાયકવાડે તે બ્રિટિશને આપ્યું ૧૮૦૩ મેની ત્રીજીએ. તે વખતે ખેડા તનદુરસ્તીને માફક આવે તેવું મનાતું તેથી ને સરહદ ઉપર આવેલું તેથી ત્યાં ઘણું લશ્કર, પાયદલ, ઘોડેસ્વાર, દારૂખાનું વગેરે રાખવામાં આવતું, બારાક, ઇસપિતાલ ને આફિસરોનાં ઘર બાંધવામાં આવ્યાં હતાં. સરહદનું મુકામ ડીસા થયું ને લશકરને પુને મોકલ્યું તેથી ખેડાએ લશ્કરી મુકામ દાખલ પોતાની અગત ખોઇ છે. હવા પણ બગડી છે. ૧૮૫૫ માં છાવણીની જગા ઉજજડ હતી. હાલ ત્યાં કલેક્ટર તથા તેનો આસિસ્ટંટ, પોલિસ સુપરિંટેંડંટ, એ-

---

૧ ખેડા એ નામ સંસ્કૃત કેતક (કેવડો) એ ઉપરથી નિકળ્યું છે. સુખડિયા પરૂં ને રતનપુર એ બે ખેડેથી બે મૈલઉપર ખેડાનાં પરાં હતાં. ખેડાની પાસેની જમીન ખોદતાં ઘણાક સિક્કા ને આરસની મૂર્ત્તિઓ એ નિકળ્યાં છે.

ક્ઝીક્યુટિવ ઇજનેર ,સિવિલ સરજન એટલાજ યુરોપિયન રહે છે. હવા પાછી સુધરી છે. ૧૮૬૦ ને ૧૮૬૪ માં ધરતીકંપના આચકા જણાયા હતા. પચાસ વર્ષ થયાં વસ્તીમાં વધઘટ ન થતાં સંખ્યા બાર હજારજ રહી છે. ૧૮૭૨ માં ૧૨૬૮૧ હતી તેમાં ૨૩૧૯ શ્રાવક સાથે હિંદુ ૧૧૦૭૮ મુસલમાન ૧૫૪૮ પારસી ૪૦ ને ખ્રિસ્તી ૧૫ હતા.

ખેડાના બે ભાગ છે—એક કસ્બો ને બીજો તેનો પરાંનો ભાગ. દક્ષિણ તરફ ત્રણ, પૂર્વ તરફ બે અને ઉત્તરે તથા પશ્ચિમે એકેકું એમ સાત પરાં છે. દક્ષિણના ત્રણ તે અમકાપુર કહેવાય છે ટિકાજી ગાયકવાડની બેન અમકાબાઇના નામ ઉપરથી. ખેડામાં ઝાઝો ધંધો નથી અને વણાટ કામ, અને સૂતરાઉ કાપડ રંગવા છાપવાનું કામ એ સિવાય બીજાં નથી.

ખેડા જૂનું શહેર છતાં તેની નિશાનીઓ ત્યાં માલમ પડતી નથી. વાત્રકના ભાઠામાં ને ઘ-રના પાયા ખોદતાં ૧૮ ઇંચ ચોરસ ને ત્રણ ઇંચ જાડી એવી મોટી ઇંટ કોઇ કોઇ વાર મળી આવી છે. જાણવા જેવી જગામાં કોટ છે જે મહમદખાન બાબીએ ૧૭૩૦ માં બંધાવ્યો હતો. ૧૮૩૭માં કોટની દિવાલ ફરીથી બંધાવામાં આવી છે. શહેરના મધ્ય ભાગમાં અદાલત છે તે ગ્રીક થાંભલા વાળું દેખાવડું મકાન છે, તેની પાસે જૂની જેલ છે. અદાલતથી થોડેક છેટે જૈન દહેરૂં છે તેમાં કેટલુંક સુંદર કોતર કામ છે લાકડાંપર. દક્ષિણ દરવાજાની બાહાર રીડીંગરૂમ તથા લાઇબ્રેરી છે ને ઘડી-યાલનો મીનારો છે ૧૮૬૮ માં બંધાવેલો. વાત્રકને કાંઠે સો યાર્ડ ઉપર કલેક્ટરની આફીસ છે ને તેની પુર્વે ૧૫૦ કેદી રહે તેવી જેલ છે. દક્ષિણ પૂર્વ તરફ ૧॥ મૈલ ઉપર કાંપ હતી. હાલ ત્યાં પોલીસનાં માણસ ને થોડાક ડિસ્ટ્રિક્ટ આફીસરો રહે છે. ૧૮૨૫માં રૂપિઆ એંસી હજાર ખરચી દેવલ બંધાવેલું તે હજી સારી મરામત વાળું છે ; પણ તે વપરાતું નથી.

૧૮૫૭થી મ્યુનિસિપાલિટી થઇ છે. તેની ઉપજ ૧૮૭૮માં રૂ: ૧૫૬૦ હતી. રસ્તા સાફ રાખવા, તથા છાંટવા તથા તે ઉપર દીવા કરવા એ કામ ઉપરાંત પિશાબખાના બંધાવ્યાં છે; કોટની દિવાલમાં પડેલાં બાકાં પૂરાવ્યાં છે ને ઉત્તરની બાજુનો પૂલ બંધાવવામાં થોડોએક ખરચ કર્યો છે.

ગંગવા—ભરૂચ તાબાના જંબુસર પ્રગણામાં જાતરાનું ઠેકાણું દેહેગામથી ૧॥ મૈલ છેટે. મૂ-ર્ત્તિઓનાં નામ નથી; ત્યાંનો સમુદ્ર પવિત્ર મનાયાથી જાત્રાળુઓ તેમાં નહાતા નથી પણ કૂવાનું પાણી વાપરે છે ; જાતરા એક દહાડાનીજ છે ને તે વરસમાં બે વાર કારતક શુદ્ધ પૂનેમે તથા ચૈત્ર શુદ્ધ પૂ-નેમે ભરાય છે ; બે એક હજાર માણસ ત્યાં મળે છે. દેહરાને ફરતી દિવાલ ૨૦૦ ફૂટ ઉત્તર દક્ષિણ ને ૧૫૦ ફૂટ પૂર્વ પશ્ચિમ છે. દેવસ્થાનની જગા ૧૯૬ એકર વિસ્તારમાં, જમાબંદી દર વગરની છે.

ગણદેવી—એજ નામના ગાયકવાડી મહાલનું મુખ્ય ગામ વેગણીઆ નદીને તીરે છે. એમાં વહીવટદાર તથા ફોજદારની કચેરીઓ છે. પોસ્ટ આફીસ, અંગ્રેજી ગૂજરાતી નિશાળ તથા દવાખાનું છે. આખા મહાલની વસ્તી ૨૭,૭૬૨ ને ગામમાં વસ્તી ૭૦૮૨ એટલી છે. ગામમાં વેપારી તે

વાણીઆ છે ને પારસીઓ બહારનો વેપાર ચલાવે છે. વેપારની મુખ્ય જનસ, દાણો, તલ, દીવેલા, ગોળ ને ઘી એ છે, આખા મહાલની ઉપજ આશરે ૧,૫૦,૦૦૦ રૂપિઆની છે, મહાલની જમીનનો ઘણો ભાગ કાળી જમીનનો છે જે ખેતીને ઘણો માફક છે, કેટલોક ગોરાટ જમીનનો છે તે ખેતીને અનુકૂળ નથી, પીતને માટે પાણીની કેટલાંક ગામોમાં તંગાશ છે.

ગંધાર—ઢાઢર નદીને ડાબે તીરે હાલ માત્ર ૨૪૦ ઘરનું ને ૮૧૦ માણસની વસ્તીનું ભરૂચ તાબાના જંબુસર પરગણાનું ગામ છે. ખંભાતના અખાત ઉપર ખંધારનાઉપર મુસલમાનોએ હુમલો કીધો હતો ને બુદ્ધનું દહેરૂં ભાંગી ત્યાં મસીદ બંધાવી હતી તે ગંધારજ હશે. ૧૫૪૬ માં તે શહેર હુમલો કરી ફિરંગીઓએ લીધું ત્યારે ત્યાંના રહેનારા જંબુસર જઈ વસ્યા, અગઢમા સૈકાના અંતમાં ખંભાત તરફના ચાંચિઆઓએ તે શહેર લુંટી બાળ્યું હતું ને ૧૭૯૦ માં ઘણી મોટી ભરતી આવેથી ઘણાક ભાગઉપર પાણી ફરી વળ્યું: અને તે વરસે વરસાદ ન આવવાથી ખાર જમીનમાં પેશી ગયો. ૧૮૨૦ માં ગામોની જમીન પચાસ વરસ થયાં ખેડવામાં આવી નથી; શહેરમાં ત્રણ મૈલના પરિઘ જેટલી જગામાં ઇંટ પત્થરના મોટા ટેકરા અને ઘણા એક પાયાના ચણતર માલમ પડયાં. તેની આગળી આબાદાની કેસવાન ગામના મોટાં તળાવો ઉપરથી ને ચંચવાલમાં પત્થરને એક પૂલ તથા સારી કબરો ઉપરથી જણાઇ આવે છે. ગંધારમાં તથા તેની પડોસમાં મીઠાનું કારખાનું હતું પણ તે ૧૮૬૮ થી બંધ કરવામાં આવ્યું છે.

ગિરનાર—એ ડુંગરનાં અંબામાતા, ગોરખનાથ, ઓઘડશિખર, ગુરૂદત્તાત્રય ને કાળકાશિખરા એવાં પાંચ શિખર છે. જૈનો એને પવિત્રસ્થાન ગણે છે તેથી જૈન મંદિરોપણ અહીં ઘણાં છે. પર્વત ઉપર ગૌમુખી, હનુમાનધારા તથા કમન્ડલ કુંડ એ ત્રણ કુંડો છે. પર્વત ઉપર જવાનો રસ્તો વાઘેશ્વરી નામના દરવાજામાં થઇને છે એ દરવાજાની પાસે રામજરૂખા નામે ઉતારો તથા સલાટ વાવ એ છે. વાઘેશ્વરી ડુંગરીમાં વાઘેશ્વરી માતાનું દહેરૂં છે ને ત્યાંથી આગળ ચાલતાં ડાબી બાજુએ દામોદર કુંડ આવે છે. એ કુંડ પવિત્ર મનાય છે ને એમાં મુવેલાં માણસોનાં હાડકાં ગળવાસારૂ નાખવામાં આવે છે. એ કુંડની પાસે બળરામની સ્ત્રી રેવતીને નામે ઓળખાતો રેવતી કુંડ છે. અહીંથી દોઢેક મૈલ ઉપર ભાવનાથ મહાદેવનું દહેરૂં છે. ત્યાંથી પર્વતનો ઢોળાવ શરૂ થાય છે. અહીં મહાવદ બારસ, તેરસ તથા ચૌદસ એ દિવસોએ યાત્રા ભરાય છે. અહીં યાત્રાળુઓમાટે ધર્મશાળા છે. અમ્બામાતા નામના શિખરઉપર અમ્બામાતાનું દહેરૂં છે. ગિરનારમાંથી ગુપ્તવંશના રાજાઓ અશોક, રૂદ્રદામ તથા સ્કન્દગુપ્તના ઘણા લેખો જડે છે.

ગેડી.—વસ્તી ૨૭૭૦. કચ્છનું જૂનામાં જૂનું ગામ કહેવાય છે. કેટલાક ધારે છે કે પાંડવો જે વિરાટ નગરમાં ગુપ્ત રહ્યા હતા તે વિરાટ તે આજ. ગામમાં ગોપાળ દેવ નામના કોઇ સાચોરા બ્રાહ્મણે આશરે ૩૦૦ વર્ષ ઉપર બંધાવેલું ધોળા ચૂના પત્થરનું અચલેસ્વર મહાદેવનું દહેરૂં છે તે જોવા લાયક છે. એમાંની મહાદેવની મૂર્તિ ચતુર્મુખી છે ને તે કહે છે કે વિરાટની કુંવરી ઉત્તરાએ

ઉત્તરેશ્વર મહાદેવનું દહેરૂં બંધાવેલું તેમાંની છે. દહેરાની પાસે માલન વાવ છે તે સંવત ૧૫૩૩ (ઇ. સ. ૧૪૭૬) માં પાછી સમરાવી છે. એનું પાણી પીવાના કામમાં આવતું નથી પણ ઓસડ તરીકે વપરાય છે. આશાબા પીરનો રોજો ઘણો ખરો ભાગી તૂટી અવસ્થામાં છે. મહાવીરજીના જૈન મંદિરમાં એક મહાવીરસ્વામીની ને તેની આજુ બાજુએ આદીશ્વર ભગવાન તથા શાન્તિનાથ તીર્થંકરના એમ કરી ત્રણ મૂર્તિઓ છે. લક્ષ્મીનારાયણનું મંદિર સંવત ૧૮૪૦ માં એક એથી પણ જૂના મંદિરની જગાએ બાંધેલું છે. તે તથા બીજી ગામના બજારમાં એક જરના ઝાડ નીચે ક્ષેત્રપાલની પત્થરની મૂર્તિ છે તે મકવાણા રજપૂતો અહીં વસેલા તે વખતે તેમણે સ્થાપેલી-કહેવાય છે.

ગોઘા—ઉત્તર અક્ષાંસ ૨૧,° ૩૯′ ને પૂર્વ રેખાંસ ૭૨,° ૧૫′ કાઠિયાવાડના અગ્નિકોણમાં ખંભાતના આખાતના માથાથી ૪૦ મૈલઉપર; વસ્તી ૧૮૭૧ માં ૯૫૭૧ હતી. એ અમદાવાદ જિલ્લાનું બંદર વહાણ નાગરવાને હમેંશ સારૂં છે. શહેરની પાસેની ખાડી ઓટના પાણી વેળા સૂકીપણ મોટા જુવાળ વેળા નાહાનાં વહાણ તેમાં દાખલ થઇ શકે એવી છે. આસપાસનો મુલખ નીચાણમાં છે. કેટલોક ભાગ મીઠાં પાણીનાં તળાવ વાળો છે ને કેટલાક ભાગમાં મોટા જુવાળના ખાડીનાં પાણી આવે છે. જમીનની સપાટી કેટલેક ઠેકાણે દરીઆનાં છીપ ખાંગડાથી તથા સફેત મરડીઆ કંકરથી ઢંકાયલી હોય છે, ને કેટલેક ઠેકાણે કાળી તથા ગોરાટ ભાંયવાળી છે. દરીઆ આગળથી જોતાં મોટાં ઘર, સુંદર ઝાડ ને ઝાંખી પત્થરની દીવાલ એ બધાંથી ઘોઘાનો દેખાવ રળિઆમણો લાગે છે. શહેર ૦॥ મૈલ લાંબુને ૦॥ મૈલ પહોળું છે ને તેને ફરતો ૩ મૈલ પત્થરનો કોટ છે; બે મોટા દરવાજા છે, તેમાં પશ્ચિમનો તેમાંથી ભાવનગર ને અમદાવાદ જવાય છે ને બીજો દક્ષિણનો ત્યાંથી કાંઠાનાં ગામોએ જવાય છે. બંદરની સામે આવેલાં ઘર મોટાં ને દેખાવડાં છે તે નાગર બ્રાહ્મણોનાં છે; બીજાં ઘર પત્થર તથા મટોડાનાં ને એમાંનાં સારાં તેને છોલાણું કે ચૂનો લગાડેલો હોય છે. રસ્તા સાંકડાપણ સારી હાલતમાં છે. હવા સારી છે, ઘણી ઠંડી તો નહીંજ, ૯૬° ની ઉપર તો થતીજ નથી.

ગોઘા તે જૂના વખતમાં વલ્લભીનું રાજ હતું, (૪૮૦-૭૨૦). તેનું ગુંદીગઢ નામે બંદર હતું. અનહિલવાડના રાજાઓની કારકીર્દીમાં ગોઘા ખારવા લોકનું મોટું ઠેકાણું હતું એ સિવાય બીજી રીતે તેની પ્રસિદ્ધિ નહોતી સને૧૩૨૧માં તે કોઇ મુસલમાન સીપાઇઓના હાથમાં હતું, પણ ૧૩૨૫ માં ઉમરાળાનો ગોહેલ રજપૂત મોખરાજી એણે તે શહેર તથા પીરમ ટાપુ પોતાનાં કરી લેઇ ત્યાં પોતાનું રહેવાનું રાખ્યું. પીરમના હાકમ દાખલ મોખરાજી અખાતમાંથી જતાં સઘળાં વહાણો પાસેથી વેરો લેતો; એ વાતની જાણ બાદશાહ મહમદ તઘલખ જે બંડ બેસાડવાને ગૂજરાત આવેલો તેને થયેથી તેણે ગોઘા લીધું (૧૩૪૭), મોખરાજીને કાપી પાડયો ને પીરમનો કિલ્લો તોડી પાડયો. બાદશાહ તો ગોઘાને મોખરાજીના દીકરા ડુંગરજીના તાબામાં રહેવા દઇ ચાલ્યો ગયો.

એ વખતે તે મોટું શહેર મોટા બજારો સાથે એવું હતું. પચાસ વર્શ સૂધી ગોઘા ગોહેલના હાથમાં રહ્યું; સને ૧૩૯૦માં તેઓને અમદાબાદની ગાદી કરનાર મુઝફ્ફરખાનને ખંડણી આપવી પડી. પંદરમા સૈકામાં અમદાવાદમાં જોરાવર બાદશાહ હતા તેવામાં ગોહેલ જોકે ગોઘાના રાજા કહેવાતા તો પણ તેઓ ઉમરાળે જઇ રહ્યા હતા; એ વખતે ગોઘામાં મુસલમાન હાકેમ હશે. સોળમા સૈકાની શરૂઆતમાં (૧૫૦૩) તે પૂરેપૂરૂં મુસલમાનનું શહેર હતું; ૧૫૧૩માં તે મોટું શહેર ને સારૂ બંદર હોઇ મલબાર ને એડન સાથે સઘળી જાતના માલનો વેપાર કરતું. ગૂજરાતના બાદશાહ અને ફિરંગી એ બે વચ્ચે દરિયામાં લડાઇઓ થઇ (૧૫૦૭-૩૮) તેમાં ગોઘાને બહુ નુકસાન થયું. ફિરંગીઓએ તે ૧૫૩૧માં બાળી નાખ્યું ને બીજીવાર ૧૫૪૬માં. સોળમા સૈકાની આખરે ફિરંગીઓની સત્તા ઘટી જવાથી ગોઘાનો વેપાર પાછો તાજો થયો હોય એમ જણાય છે.

સને ૧૫૯૧ માં જ્યારે અકબરના સાતમા નાયબ કોકલતાશે લીધું ત્યારે તે સારૂં બાંધેલું બંદર હતું, ઘણા વેપારીને ઘણાં વહાણ હતાં; તેઓ પોતાનો માલ હોડીઓમાં ખંભાત મોકલતા. તે સોરઠનો એક ભાગ ગણાતો ને બંદરના મહેસુલ ઉપરાંત વર્ષે ૧૬૬૬૦ રૂપિઆ ભરતો (૬૬૬૫૬૦ દામ). ૧૬૧૨માં સૂરતના નવાબ ખોજા નાસર એની ભલામણ ઉપરથી કે તે સારૂ બંદર છે ને ખંભાત સાથે તેનો વેપાર ચાલે છે તે ઉપરથી અંગ્રેજોને ગોઘામાં રહેવાની રજા મળી; પણ એજંટે ગોઘાને ગરીબ શહેર જાણ્યું ને ત્યાં કોઠી કીધી નહિ. ૧૬૧૪ માં વળી ફિરંગીઓએ ત્રીજીવાર ખરાબી કીધી. એ ફિરંગીની સત્તાનો છેલ્લો દેખાવ હતો. પછી તો અંગ્રેજો દરીઆના ધણી થયા. વલંદાની સરસાઇમાં અંગ્રેજોએ સૂરતને ગૂજરાતનું મુખ્ય બંદર કરી ખંભાતના બંદરોનો વેપાર તોડયો તોપણ ૧૭ મા સૈકામાં ને અઢારમા સૈકાનાં થોડાં વર્ષ ગોઘા મોટા વેપારનું મથક હતું. દરીઆની તરફથી પત્થરનો કોટ ને પાછળના વખતમાં ચારેપાસ મટોડાનો કોટ હોવાથી, વળી ત્યાં હાકેમ ને લશ્કર હોવાથી સલામતીથી ઘોઘામાં ઘણા વેપારીઓ, વણકરો ને ખારવાઓ રહેતા. અઢારમો સૈકો પડતીનો હતો; વેપાર ભાંગી પડયો અને ઘોઘા એક મુસલમાન અમીરના હાથમાંથી બીજાના હાથમાં ગયું (૧૭૩૦-૫૧), પેશવાએ લીધું (૧૭૫૧-૫૫), ખંભાતના નવાબે (૧૭૫૫), વળી પાછુ પેશવાએ લીધું (૧૭૬૪) ને બેદરકાર મરેઠા કારભારીઓને લીધે તે આગળ ધસતાં ભાવનગરસાથે સરસાઇ કરી શક્યું નહિ. અને (૧૮૦૩) માં જ્યારે તે બ્રિટિશ સરકારના તાબામાં આવ્યું ત્યારે ત્યાં વેપાર બિલકુલ નહોતો. ૧૮૧૯ માં કંઇક સારૂં હતું. ૫૦ થી તે ૨૫૦ ટનનાં વહાણ બંધાયાં હતાં; રૂ ઘણું બહાર મોકલાતું ને જૂનાં ખાલી ઘરોને બદલે નવાં મકાનો થયાં હતાં. ૧૮૩૨ માં સોનારિયા તળાવના પત્થરથી કોટને સમારવામાં આવ્યો ને કેટલોક વેપાર ભાવનગરથી પાછો ગોઘે આવ્યો. ૧૮૬૦-૬૪ માં ગોઘા તવંગર શહેર થયું; તે કાઠિયાવાડના રૂના બંદરોમાં એક મોટું હતું. રૂનો ભાવ પડવાથી ને રેલવે વધવાથી ખંભાતના અખાતનાં બંદરોનો વેપાર ઘણો તૂટી પડયો ને થોડોક રહ્યો હતો તે ભાવનગરે ખેંચી લીધો. હવે ગોઘામાં

વેપાર ધંધો નથી. ૧૮૭૧-૭૨માં પુરાં થતાં પાંચ વરસ લેતાં સરાસરી વેપારની કિંમત રૂ.૧૫,૯૩,૧૦૦ હતી ને ૧૮૭૧-૮ માં રૂ. ૧૧,૯૬૦ ની.

૧૮૭૨માં વસ્તી ૯૫૭૧ની તેમાં ૬૩૨૭ હિંદુ, ૩૧૯૫ મુસલમાન ને ૪૯ બીજા હતા. બે જાતે પ્રસિદ્ધિ મેળવી છે. નાગર બ્રાહ્મણે અને ખારવાઓએ. નાગર બ્રામણ જે ઘણા તવંગર ને ઘણા આગળ પડતા તે સૌ વીસ વર્ષમાં ગોઘા છોડી ભાવનગર જઇ રહ્યા છે. ખારવાઓની પ્રસિદ્ધિ અનહિલવાડના રાજાઓની વખતથી છે કે જેઓએ પોતાની રાજધાનીમાં તેઓનેમાટે એક જૂદો મોહોલ્લો કરી આપ્યો હતો. બ્રિટિશ વાવટો રાખી ફરતાં વહાણોમાં હિંદુસ્થાનના ખારવામાં ઘોઘાના તે વિશ્વાસુ છે. કેટલાક હિંદુ છે, કોળીથી ને રજપૂતથી ઉત્પન્ન થયલા, ને કેટલાક મુસલમાન છે.

ગોઘા, પરગણાનું મુખ્ય શહેર છે તેથી ત્યાં મામલતદારની ને ચીફ કાન્સ્ટેબલની કચેરી છે, સબોર્ડિનેટ જજ છે ને કસ્ટમ હાઉસ છે. ૧૮૫૫ થી મ્યુનિસિપાલીટી છે. ૧૮૬૭માં ચાર પાંચ માઇલથી મીઠું પાણી આણવામાં આવતું. પણ હાલ તળાવ કૂવાઓમાં બહુ પાણી છે. એક ડિસ્પેન્સરીને ટ્રાવેલર્સ બંગલો એ છે. ઐરિશ ચર્ચ મિશનરી સોસાઇટીના સંબંધમાં પ્રેસબિટીરીઅન મિશનરી પાંતરીસ વર્ષ થયાં ત્યાં છે. ૭ નિશાળ—પાંચ છોકરાની ને બે છોકરીની. સૌ મળીને શિખનારા ૨૪૧ એટલા હાલ (૧૮૭૮માં) મિશનને ખરચે શિખે છે.

જૂના કાળની નિશાનીમાં શહેરની દક્ષિણ પશ્ચિમે કોટની બહાર મટોડાના ટેકરા છે. ત્યાં પીપળાના મૂળીયાંથી બંધાયલા થોડાક પત્થરો છે. ત્યાં અસલ કિલ્લો હતો. કેટલીક વાવ જૂની ને દેખાવડી છે; એકમાં તીરના માથા જેવા અક્ષરના લખાણની નિશાની છે એમ કહેવાય છે. કોટ ને માંડવીની વચમાં ક્રિસ્તી કબરસ્તાન ચોખ્ખું રાખેલું છે પણ ત્યાં જાણવા જેવી કોઇ કબર નથી. શહેરથી થોડેક દૂર ગુંડીના રસ્તામાં એક જુદું દાટવાનું ઠેકાણું છે ત્યાં કહેવાય છે કે મહમદ તઘલખ અને મોખરાજીની ફોજના સીપાઇ એને દાટયા હતા.

ગોંડલ—વસ્તી ૧૩-૫૨૪, એજ નામના સંસ્થાનનું રાજધાની શહેર, ગોંડલી નદીઉપર છે. સંસ્થાન બીજા વર્ગનું હોઇ તેમાં ૧૭૮ ગામ ને ઉપજ દશ લાખની છે. ગોંડલથી રાજકોટ તથા બીજાં મોટાં ગામો સૂધી બાંધેલી સડકો છે. ગોંડલ શહેરમાં મુસાફરો માટે એક ઉતારો એક ધર્મશાળા, પોસ્ટ આફીસ, તારઆફીસ, ઇસ્પિતાલ ઇંગ્રેજી નિશાળ વગેરે છે. ગોંડલના ઠાકોર જાડેજા રજપૂત છે. એ સંસ્થાન કુંભોજી પહેલાએ સ્થાપ્યું. હાલના ઠાકોર શ્રીભગવંત સિંહજીએ ઇંગ્રેજી કેળવણી સારી પ્રાપ્ત કરેલી છે. એમણે ઇંગ્લાંડમાં તથા યૂરોપમાં પ્રવાસ કરી પોતાનું જ્ઞાન વધાર્યું છે. સંસ્થાનમાં ઉપલેટા, સરસાઇ, ધોરાજી વગેરે મોટા ને ધનાઢ્ય મહાલો છે.

ગોધરા—એ પંચમહાલ જિલ્લાનું ને એ નામના પરગણાનું મુખ્ય શહેર, વડોદરાથી ઉત્તરપૂર્વે, ૫૨ મૈલઉપર ને પાલી રેલવે સ્ટેશનથી ૧૭ મૈલઉપર પૂર્વે છે. પશ્ચિમ તરફ ડાંગરના પાકની

જમીન છે તે સિવાય તેની ચોમેર ઝાડી જંગલ છે. ગામને કોટ નથી ને તેમાં મોટાં મકાનો નથી. ઘર ૩૨૫૯ ને વસ્તી ૧૦,૬૩૫ માણસની છે. જિલ્લાના અમલદારના ચાર બંગલા છે. દરીઆની સપાટીથી૯૦૦ ફૂટથી વધારે ઊંચી જગા ન હોવાથી ને ડાંગર તથા જંગલની જગા હોવાથી ગોધરાની હવા ચોમાસાને અંતે રોગકારીછે.

ગોધરા અથવા ગોદ્રહ્ક (ગાયનું તળાવ) એ જૂનું શહેર છે પણ ચાંપાનેરની કીર્તિથી તે ઘણું પ્રસિદ્ધિમાં આવેલું નહિ. અનહિલવાડના રજપૂતોની કારકીર્દીમાં તે ઝાઝી અગત ધરાવતું નહિ. તેરમા સૈકામાં (૧૨૨૫) તે ધોળકાના રાજાને તાબે હતું. અમદાવાદના બાદશાહોનું ને પૂર્વે ગુજરાતમાં રાજકાજનું ઠેકાણું હતું, ચાંપાનેર જીતી લીધું તેની પહેલાં. ૧૪૮૦ માં મહમદ બેગડાએ પાંચ પ્રાંતમાંના એકનું મુખ્ય શહેર ગોધરા ગણ્યું હતું. અકબરના હાથમાં આવ્યું ત્યારે ગોધરા તાબાનાં ૫૦૧ ગામ હતાં ને ૩૫ લાખની ઉપજ હતી. ૧૭૨૪ માં ગોધરા કાંતાજી કદમ બાંડેએ લીધું તે૧૭૬૦ સુધી તેનાજ હવાલામાં હતું. પછી સિંધીઆના કબજામાં રહ્યું ૧૮૫૩ લગી ને પછી અંગ્રેજ સરકારના હવાલામાં આવ્યું છે.

૧૮૫૩ પછી બે બનાવ બન્યા છે. ૧૮૫૫ માં સુનીઓએ શીહાને મારી ગામમાં બખેડો કીધો હતો. પણ તે જલદીથી પોલીસે બેસાડયો હતો. ૧૮૫૭ માં અપ્રેલની બીજીએ આગ લાગી તેથી સરકારી આફીસનાં મકાનો અને પૂર્વ તથા પશ્ચિમ તરફનો થોડોક ભાગ એ સિવાય બધું ગામ બળી ગયું હતું. હોરા, સાહુકાર, ને વેપારીઓના મોહોલ્લા, ત્રણ માળના સારાં ઘર પૂરેપૂરાં બળી ગયાં હતાં, માલમિલકત બચી નહોતી ને બે માણસ ને ઘણાં ઢોર બળી મુંઆં હતાં.

હિંદુ ૪૭૭૫ ને મુસલમાન ૫૮૫૪ છે. મુસલમાન લોક સારી હાલતમાં છે. શીહાવોહોરા વેપારી ને લોઢાનો માલ વેચનાર છે ને ઘાંચી ખેતી ધંધો ને મજૂરી કરે છે.

ગોધરામાં તેલ બનાવવાનું કામ સારૂં ચાલે છે. ૧૮૬૭ માં ગોધરા ઓઇલ કંપનીએ વરાળના સાંચાથી તેલ કાઢવા માંડેલું પણ પાંચ મહિના કામ ચાલ્યા પછી તે કંપની બંધ થઇ હતી. ૧૮૭૦ માં તે સાંચો મુંબઇના એક વારીએ ખરીદ કરી ૧૮૭૭ ના જુલાઇ લગી ચલાવ્યો હતો. તલ ને ડોળિયા એનું તેલ કાઢવામાં આવતું.

વણકર બહુ છે. ઘેડ ગની જાતનું કાપડ કરે છે, અને ખાતરી તથા મોમના મુસલમાન જૂદા જાદા રંગનાં ઝીણાં કપડાં વણે છે. માટીનાં વાસણ, ધાતુનાં વાસણ ને લાકડાંના ચૂડા એ બનાવવામાં આવે છે. થોડાં વરસ થયાં ગોધરામાં વેપાર ધંધો વધ્યો છે. પાલાનો રેલવે ઉઘડવાથી મહુડાનાં ફૂલ, મકાઇ, ચણા ને તલ એ બહાર જાય છે ને તંબાકુ, ગોળ ને લોઢાનો સામાન બહારથી આવે છે. ગોધરામાં પંચમહાલનો કલેક્ટર ને પોલિટિકલ એજન્ટ, તેનો આસિસ્ટંટ, જિલ્લા પોલીસનો સુપરિંટેંડંટ, જંગલનો આફીસર, મામલતદાર, મુનસફ, એ રહે છે ને ત્યાં ઈસ્પિતાલ ને પોસ્ટ તથા ટેલિગ્રાફ આફીસ છે.

તળાવ ને કિલ્લો એ જોવાજેવાં છે. તળાવને પશ્ચિમ તથા દક્ષિણ પગથિયાં છે. એ પુરાતન છે. કિલ્લો નાનો ને મટોડાંનો બળ વગેરનો છે. હાલ તેમાં મામલતદાર ને મુનસફની કચેરી છે. શ્રાવણ વદ આઠેમે મેળો ભરાય છે ને હજારેક ભીલ કોળી ત્યાં એકઠા થાય છે.

ચંદ્રાવતી—આબુથી દક્ષિણે ૧૨ મૈલઉપર ને અંબાભવાનીના ને તારીંગાના દેહરાંથી આશરે ૧૨ માઇલ ઉજ્જડ દેશમાં છે. અસલના વખતમાં એ ઘણું મોટું શહેર હતું; ને તેમાં થઇને ગૂજરાતનો વેપાર ઉત્તર હિંદુસ્થાનમાં જતો. એ ઘણું પવિત્ર ધામ પણ હતું. જૂના શહેરનાં દેહેરાંનાં ખંડીઅરપરથી જણાય છે કે એ નગરી ધનવાન હતી ને કારીગરો પણ ઘણા કુશળ રહેતા હતા. અમદાવાદી રેશમી કાપડ તથા છીપા કામ વખણાયું તે એ ચંદ્રાવતીના વણકર ને છીપાઓને લીધે. એ સાતમાથી તે પંદરમા સૈકા લગી આબાદ હતું. સાતમા સૈકામાં પરમારોના હાથમાં હતું ને તેમની પાસેથી શિરોહીના ચોહાણોએ તે લીધું; ને ત્યાર પછી અનહિલવાડના સોલંકીનું ખંડીઉં થયું. કુતબુદ્દીન એબાક ગૂજરાતપર આવ્યો ત્યારે તેને આબુ આગળ અહીંના રાજા ધારાવર્ષે ૧૧૯૭ માં ખાળ્યો હતો; પણ તેણે ચંદ્રાવતી જીતી લૂટયું હતું. ૧૨૭૦ માં નાદોલનાં ચોહાણોએ તાબે કીધું, પણ તેમને ૧૩૦૦માં દેવોરાના ચોહાણોએ ખસેડયા. ૧૩૦૪ માં મુસલમાનના હાથમાં ગયું. પછી પંદરમા સૈકામાં સુલતાન અહમદે અહીંનાં મકાનો તોડી અમદાવાદ સુશોભિત કર્યું; તથા અહીંના હુશીઆર કારીગરોને ત્યાં વસાવ્યા ત્યારથી એ છેક પડી ભાગ્યું.

ચાંપાનેર—ઉત્તર અક્ષાંસ ૨૨° ૩૦′ ને પૂર્વે રેષાંસ ૭૩° ૩૦′ ઉપર, પાવાગઢની ઇશાન કોણતરફ મૈલેકઉપર વડોદરેથી પૂર્વમાં પચીસેક મૈલઉપર, ને ગોધરાની દક્ષિણે ૪૨ મૈલઉપર છે. હાલમાં ત્યાં જૂજ ભીલ તથા નાયકડા રહે છે બાકી તે ઉજ્જડ છે. આગળ નામાંકિત શહેર હતું.

કોઇ ચાંપા નામનો વાણીઓ કે કણબી હતો તેણે અનહિલવાડના વનરાજના વખતમાં (૭૪૬–૮૦૬) તે નગર વસાવ્યું હતું. અગિયારમા સૈકામાં રામગૌડ તુવાર પાવાપતિ હતો; પણ એ અનહિલવાડનો મંડલેશ્વર હશે કેમકે ૧૨૯૭ માં અલાઉદ્દીને રાજની સમાપ્તિ કરી ત્યાંસુધી ચાંપાનેર અનહિલવાડના રાજ્યના પૂર્વ તરફના ભાગમાં જબરો કિલ્લો ગણાતો હતો. પછી ચોહાણ રજપૂત ચાંપાનેર આવી વસ્યા, એઓએ ૧૪૮૪ માં ચાંપાનેર ખોયું પણ તેના વંશજો આજે છોટા ઉદેપુર ને દેવગઢ બારિયા અહીં રાજસત્તા ચલાવે છે. હાલોલ પાસે નાહાની ઉમરવાન એ જગાએથી લેખ જડયો છે તેમાં ચાંપાનેરના ચોહાણ રાજાઓના નામ આપ્રમાણે છે.—

રાજાશ્રી રામદેવ, શ્રીચંગદેવ, શ્રીચચિંગદેવ, શ્રીસોનામદેવ, શ્રીપાલહનાસિંગ, શ્રીજિતકરણ, શ્રીકેમ્પુરાવલ, શ્રીવીરધવલ, શ્રીસવરાજ, શ્રીરાઘવદેવ. શ્રીત્રંબકભૂપ, શ્રીગંગારાજેશ્વર, ને શ્રીજયસિંગદેવ. ઇશાન કોણ તરફના ઢોળાવઉપર પાવાગઢના કિલ્લાની નીચે રજપૂત ચાંપાનેર હતું. ઇ. સ. ૧૪૧૮

B 524—999

માં તે શહેરને ઘેરો ઘાલવામાં આવેલો ને પછી ખંડણી આપવી પડી હતી ને વળી ૧૪૫૦ માં બહુ સપડાયા હતા તોપણ ડુંગરીને બળે ચાંપાનેરનાં રજપૂત પોતાનું સ્વતંત્ર ગોટમ રાખી રહ્યા હતા. વખતે વખતે પડોસના રાજાસાથે ને ઇડરના રાવસાથે લડાઇઓ કરતા. ૧૪૮૩ ના દુકાળમાં મહમૂદ બેગડાનો સરદાર મલિક આસદ ચાંપાનેરના મુલખમાં લૂટ કરતો હતો તે ઉપરથી રાવળ જેસિંગે તેને હરાવી મારી નાખ્યો હતો. એનું વેર લેવાને મહમૂદે વડોદરે ફોજ મોકલી. રાવળે માળવાના ગ્યાસુદ્દીનની મદદ માગી; પણ મહમૂદ દોહદ આવ્યો કે માળવાનો સુલતાન પાછો ફર્યો; મહમૂદે ચાંપાનેર આવી એક મસજીદનો પાયો નાખી ૧૪૮૪ માં કીલ્લો લીધો, રાવલ ઘાયલ થઇ પડયો. તેનીઉપર મહમૂદે પહેલે તો રહેમ રાખી પણ જ્યારે તેણે મુસલમાન ધર્મ પાળવો કબૂલ ન કીધો ત્યારે તેને મારી નાખવામાં આવ્યો. તેનો એક દીકરો મુસલમાન થયો તેને નિઝામઉલ-મુલ્કનો ખિતાબ આપી અમીર બનાવ્યો. કિલ્લો લીધા પછી મહમૂદે શહેરનું નામ બદલી મહમુદાબાદ પાડયું. ત્યાંની હવા પસંદ પડવાથી તેને તેણે રાજધાની કીધી. એક કિલ્લો, એક મસજીદ, ને એક મેહેલ એ બંધાવ્યાં ને અમીરો તથા વજીરને ત્યાં બોલાવ્યા. ઘણાંક મકાનો બંધાયાં; ઘણાક બગીચાઓ થયા ને તેમાં એક ખોરાસાનીના કીસબથી ફુવારા, કારંજા ને ધોધ તરેહ તરેહના બનાવવામાં આવ્યા. ત્યાંની કેરીતો જાણીતી હતીજ ને સુખડનાં ઝાડ એટલાં ઉગતાં હતાં કે તેનું લક્કડ ઇમારતના કામમાં વપરાતું. વેપાર ધંધાધારી બહુ વધી ગયાં. ચાંપાનેરની તરવાર ધારને માટે ને ચાંપાનેરનું રેશમ ચકચકીત રંગને માટે વખણાયાં મહમૂદે અમદાવાદને ટાળ્યું નહિ તોપણ પોતાના રાજની આખર લગી તે મહમૂદાબાદ (ચાંપાનેર) ને પોતાની રાજધાની માનતો. મહમૂદની પછી બહાદુરશાહ મુઓ ત્યાંસૂધી (૧૫૩૬) ચાંપાનેર ગૂજરાતનું રાજકીય રાજધામ હતું. એ વખતે ગૂજરાત તથા માળવાને મૈત્રિસંબંધ થયલો તેથી શહેરની આબાદાની વધી ને આફત વેળા ખજાનો સંતાડવાને ડુંગરી કામની છે એવું સુલતાને વિચાર્યું. ઇ. સ. ૧૫૧૪ માં ચાંપાનેરની પૂરી જાહોજલાલી હતી તોપણ તે જગા અમદાવાદ જેટલી મોટી નહોતી ને ધંધો તેટલો નહોતો પણ રસ્તા મકાન વગેરેમાં તે ઘણુંજ દેખાવડું હતું. શહેરની આજુબાજુના મુલખમાં ઘઉં, જવ, બાજરી, ડાંગર, વટાણા, શાકભાજી, ફળ એનો પાક બોહોળો હતો; ને ગાય ઘેટાં બકરાં પણ ઘણાં હતાં; વળી હરણને પક્ષીના શિકારને માટે પણ જગાઓ હતી. બાદશાહ જંગલી જાનવર રાખતો અને શિકારી કુતરા, બાજ, ને પાળેલા ચિત્તા એઓને તરબીઅત કરાવતો.

બહાદુરશાહ ૧૫૩૬ માં મુઓ કે અમદાવાદ પાછી રાજધાની થઇ ને ત્યારથી ચાંપાનેરની રાજકીય અગત ઘટી. ગૂજરાતનું માળવાપરથી ઉપરીપણું ગયું કે ચાંપાનેરનો વેપાર તૂટયો. ૧૫૫૪ માં ત્યાં સારાં વડનાં ઝાડ, ફળખાતાં વાગળાં ને કાંટાવાળી ઝાંડી એજ જોવાજેવાં હતાં. પછી વીસ વર્ષના બખેડામાં જેમ ગૂજરાતના બીજા ભાગે તેમ ચાંપાનેરે પણ ખમ્યું. અકબરે (૧૫૭૩-૧૬૦૫)

ગૂજરાતમાં વ્યવસ્થા કરી પણ જેમ અમદાવાદ ને સૂરતની આબાદાની થઇ તેમ ચાંપાનેરની ન થઇ. સત્તરમા સૈકાની શરૂઆતમાં ત્યાંની હવા શરીરને નબળું કરે તેવી, ત્યાંનું પાણી ઝેર જેવું ને ત્યાંના બાગ બગીચા તે સિંહવાઘનાં રહેઠાણ હતાં. મકાનો ભાગી તૂટી પડયાં હતાં, ને લોકે પોતાની માલમતા નાશના પવનને આપી હતી. ફળને બદલે કાંટા, વાડીને બદલે ઝાડી, અને સુખડના ઝાડનું તો નામ કે નિશાન કંઇજ નહોતું. તદન ઉજ્જડ હતું તોપણ ચાંપાનેર નવ પરગણામાં મહાલનું મુખ્ય ગામ દાખલ નામનું ગણ્યું હતું, તોડરમલે, (૧૫૭૬). મોગલાઇના વખતમાં ચાંપાનેર ગોધરાના તાબાનું હતું; એતી તૂટી ને સત્તરમા સૈકાની મધ્યમાં મુલખ જંગલી હાથીઓના શિકાર કરવાનું ઠેકાણું થઇ રહ્યું હતું.

૧૮૦૩માં જ્યારે બ્રિટિશે લીધું ત્યારે ચાંપાનેરમાં માત્ર ૫૦૦ માણસની વસ્તી જણાઇ હતી. વસ્તી વધારે હતી પણ તે ફોજનું આવવાનું જાણી ભાગી ગઇ હતી. ૧૮૧૨ માં ૪૦૦ ઘર હતાં તેમાં અરધાં વસેલાં પણ તે ગૂજરાતનાં શહેરોમાંથી નાસી આવેલાથી. ૧૮૨૯ માં રેશમી કાપડ વણનારા ત્યાં જે રહ્યા હતા તેની સંખ્યામાં પણ કોલેરાથી ઘટાડો થયો હતો. ૧૮૫૩ના જુલાઇની ૩૧મીએ બ્રિટિશ સરકારની વ્યવસ્થા તળે આવ્યું ત્યારે તે ઘણું ખરૂં ઉજ્જડ હતું. રૂા. ૧૨૫૯ જંગલ કપાવવા તથા ખેડુતો વસવા આવે તેવું કરવા પાછળ ખરચ્યા પણ નવી વસ્તી થઇ નહિ. ત્રણ ભાગ મરી ગયા ને એક ભાગ ભાગી ગયો. પોલીસના સીપાઇઓ સિવાય ત્યાંના રહીશમાં ગરીબ ને રોગી એવાં કોળી નાયકડાનાં જૂજ કુટુંબ છે.

ગોધરેથી જતાં ચાંપાનેરની આગલી જાહોજલાલીની પહેલી નિશાની હાલોલમાં છે, શિકંદરશાહની (૧૫૩૬) કબર. જાંબુઘોડાના રસ્તાપર એક નાની ચકચકીત કબર છે, ઓનપીર જેને તાઇ મુસલમાન વણકરો માને છે તેની. પછી ઉત્તરપૂર્વ તરફ સોએક વારને છેટે એક મિનારાની મસીદ ને પછી દક્ષિણ તરફ અરધા મૈલઉપર પાંચ મહુડાની મસીદ. ઓનપીરની કબરની પેલીપાસ પોણા મૈલઉપર એક પત્થરનો મહેરાબ નજરે પડે છે તે ચાંપાનેરના પશ્ચિમ દરવાજાની નિશાની છે. જમણી તરફ એક ચોરસ તળાવ છે તે કસબણ નામે ઓળખાય છે; પણ તે ચાંપાનેરના પઠાણ સકરખાને બંધાવેલું છે; એની પણ કબર એક ખૂણે છે.

પશ્ચિમ દરવાજામાંથી એક મૈલ રસ્તો કાપતાં એક ખુલ્લી જગા આવે છે ત્યાં અસલ ચાંપાનેરનાં મકાનો હતાં. ઉત્તરે કોટની ભીંત ટેકરીને મથાળે લગી જઇ ત્યાંથી પાછી ફરે છે ને રસ્તાની નજીક સમાંતરે આવી દેખાય છે. તે ભીંત ઇંટ ચૂનાની હતી પણ પછી તે વગર ઘડેલા ભારે પત્થરાની બનાવેલી છે. એ કોટને અહમૂદ બેગડાએ જહાંપનાહ નામ આપ્યું હતું ને એ મહેમુદાબાદ (ચાંપાનેર) ના કિલ્લા–ભદ્રની આસપાસ આવેલી છે. એ કોટ જો કે ઝાડ વેલાથી ઢંકાઇ ગયો છે તોપણ પૂરી મરામતમાં છે. તેના પશ્ચિમ ખુણાથી સો યાર્ડઉપર દક્ષિણ દરવાજો છે. અંદરના દરવાજાઉપર ફારસી લેખ છે તેમાં તારીખનો પહેલો અંક ને મુઝફ્ફરશાહ મહમૂદશાહનો બેટો એ

હજી વંચાય છે. કિલ્લાની અંદર દરવાજાની પશ્ચિમમાં શહેરકા મસજીદ છે તે દેખાવડીછે ને હજી તૂટી ભાંગી નથી. બસે યાર્ડ પૂર્વતરફ ને ભદ્રના મધ્યની પાસે માંડવી છે. તે મકાન પણ સારૂં છે. માંડવીથી ભદ્રના પૂર્વે દરવાજાલગી હમણાનું ચાંપાનેર નાના ઝુપડાંનું એક મોહોલ્લાનું લાંબુ છે. પૂર્વનો દરવાજો દક્ષિણ દરવાજાના જેવોજ છે. પૂર્વ દરવાજાની પૂર્વે ૫૦ યાર્ડને છેટે જમ્મા મસજીદ છે કે જેના જેવું ભારે ગૌરવવાળું ને સફાઇના છોલાણવાળું પશ્ચિમ હિંદુસ્થાનમાં બીજું કોઇ પણ મકાન મુસલમાનનું નથી. મસીદની અંદર દિવાલને લગતી ત્રણ છાટ (શિલા) છે. એક વાએજ કરવાના ઠેકાણાની ઉપર ને બે બે બાજુઉપર; એ બે ઉપર હજી લેખ છે પણ વચલાનો લેખ જતો રહ્યો છે. બે મિનારામાંના એકનું મથાળું તૂટી પડેલું છે. કિલ્લાની ઉત્તરે પા મૈલથી કાંઇક વધારે છેટે બીજી મસજીદ છે તે નગીના મસજીદ કહેવાય છે જે ઘણાજ સાફ સફેત પત્થરની બાંધેલી છે. તેની પાસે ઇંટની ચણેલી મોટી વાવ છે. નગીના મસજીદ ને ડુંગરી એ બેની વચ્ચે વળી એક મસજીદના મિનારા ઝાડોમાંથી જણાય છે તે બાવા માન જે વડોદરાનો સાંઇ ને સદનશાહના મતને માનનારો હતો તેને નામે ઓળખાય છે. કિલ્લાની પૂર્વે જંગલમાંથી જતાં શિકારી ખોત આવે છે. કિલ્લાની પૂર્વે દોઢેક મૈલઉપર બડા તળાવની પાળઉપર સુલતાનના મહેલનાં તથા એક મસીદનાં ખંડિઅર છે. રસ્તાની દક્ષિણ ડુંગરીની તળેટીની પાસે ધરોના ભાંગા તૂટા પાયા ને થોડાંક જૈન દહેરાં છે તે રજપૂત ચાંપાનેરની જગા બતાવે છે. મુસલમાન કિલ્લો ને ટેકરીની તળેટી એ બેની વચમાંનું મેદાન અને ટેકરીની બાજુથી તે બાહારના કોટ લગીની જગો એટલું રજપૂત ચાંપાનેર હતું. હવે મુસલમાન ચાંપાનેર શહેરના પરાંની ને પરાંબાહારની જગા જે હાલ જંગલ છે ત્યાં કૂવા, મિનારા, કબર, મહેરાબ, વાડી, મહેલ એની નિશાનીઓ માલમ પડે છે.

ચાણોદ—ઓર ને નર્મદાના સંગમઉપર ગાયકવાડી ગામ ભરૂચથી ઇશાન તરફ આશરે ૩૫ મૈલ છેટે છે. આખા ગામમાં ઠેરઠેર દહેરાં, મઠ ને ધર્મશાળાઓ છે. દેહરાંમાં મુખ્ય કપિલેશ્વર મહાદેવનું, કાશી વિશ્વનાથનું, ચંડિકાનું, આદિત્યેશ્વરનું, રામચંદ્રજીનું શ્રી વેરાઇ માતાનું, કમળેશ્વરનું, હનુમાનજીનું, મારકંડેશ્વરનું ને શેષશાયી ભગવાનનું એ છે. નર્મદા તીરે ત્રણ બાંધેલા ઘાટ છે. શેષશાયી ભગવાનની જાત્રા કાર્તક શુદ ૧૩થી વદ ૨ સૂધી પહોચે છે. તે વખતે ગૂજરાતના સઘળા ભાગમાંથી યાત્રાળુ આવે છે. ચૈત્ર શુદ્ધ પુનેમે નર્મદા ને ઓરના સંગમ આગળ જાત્રા ભરાય છે.

ચિકલી—સૂરત તાબાના તેજ નામના પરગણાનો કસ્બો; ૭૭૦ ઘર ને ૩૦૫૪ વસ્તી છે. ત્યાં મામલતદારનું થાણું, પોલીસ ચોકી ને પોસ્ટ આફીસ છે.

છોટા ઉદેપુર—રેવાકાંઠાનું સંસ્થાન, વિસ્તાર ૮૨૦ ચોરસ મૈલ, વસ્તી ૬૨, ૬૧૩ ને વાર્ષિક ઉપજ આશરે ૨ાા લાખની. ઉત્તરે બારિયા સંસ્થાન, પૂર્વે મધ્ય હિંદુસ્થાનનું અલીરાજપુર, દક્ષિણે રેવાકાંઠાનું સંખેડામેવાસ ને પશ્ચિમે વડોદરા. મુખ્ય નદીઓમાં ઓર, હેરણ, ને નર્મદા. એમાં

સુરસી, તેજગઢ, કડવાલ, જેતપુર, ઝાબુગામ, પાનવડ, કવાંત, કરાળી, ગજવાસણા ને તરગોળ એ દસ પરગણાં છે. સુરસીની વસ્તી ઘણીખરી ભીલ કોળીની છે, ને એમાં મકાઇ, સેજસાજ ડાંગર, બંટી, બાવટો, કોદરા ને ઝાગી એ ચોમાસામાં ને ચણા ને ઘઊં શિયાળામાં પાકે છે. તેજગઢમાં સંસ્થાનનું મુખ્ય શહેર ઉદેપુર આવેલું છે. મુલખ ઘણોખરો પહાડી ને ખજૂરા ને તાડના ઝાડોથી ભરપુર છે. જેતપુર, પાનવડ, કરાળી ને તરગોળ એ પરગણાંમાં પાણી ઘણું હોવાથી ત્યાંની ખેતી સારી છે. બાકીનામાં ખેતી સારી નથી.

છોટા ઉદેપુરના રાજા ખીચી ચોહાણ રજપૂત છે. ૧૧૯૩ માં શાહબુદ્દિન ઘોરીની સામે લઢતાં પૃથીરાજ પડયો ત્યારે ખીચીચોહાણો અજમેરથી ખસી માળવાના એક ભાગમાં વસ્યા. ત્યાંથી રણથંભોર જ્યારે અલ્લાઉદ્દિન ખીલજીએ લીધું ત્યારે તેઓએ ત્યાંથી ખસી ગૂજરાતમાં આવી ચાંપાનેરનો મુલખ જીતી લીધો. મહમદ બેગડાએ ચાંપાનેર લીધું ત્યાર પછી ચોહાણો નર્મદાના ઉત્તર તીરે હાંફ નામના ગામમાં, ચાંપાનેરના છેલ્લા રાજા જયસિંગના પૌત્રની સરદારી તળે વસ્યા. ત્યાં રહ્યા રહ્યા તેમણે પોતાની સત્તા વધારી ને ૧૬ મા સૈકાના વચલા ભાગમાં મોહન નામના ગામમાં પોતાની રાજધાની કરી. અહીંથી ૧૮ મા સૈકાની શરૂઆતમાં મોહનથી રાજધાની ખસેડી છોટા ઉદેપુરમાં સ્થાપી. એ સ્થાપનાર બાજીરાવળ હતો. ૧૮૫૮ માં તાતિયા ટોપી જબરદસ્ત ફોજ લઇ ઉદેપુર આગળ આવ્યો ત્યારે રાજા જીતાસિંગે કોટના દરવાજા બંધ કરી તેની સામા ટક્કર લીધી હતી. ઉદેપુરના રાજા બીજા વર્ગના છે. તેમને ૯ તોપનું માન છે.

જખાઉ—વસ્તી ૫૧૪૫ કચ્છના દક્ષિણ પશ્ચિમ કિનારપર ભૂજથી ૬૦ મૈલ પશ્ચિમે બંદર છે. એના બારામાં ૬૦ થી ૭૦ ખાંડી સૂધીનાં વહાણો આવી શકે છે. એનો વેપાર મુંબઇસાથે ઘણો છે. અગાઉ મસ્કત ને દમ્મણ સાથે પણ થોડો ઘણો વેપાર હતો.

જંબુસર—ભરૂચ તાબાના તેજ નામના પરગણાનો કસ્બો ઢાઢર નદીની ઉત્તરે પાંચ મૈલઉપર કંઇક ઊંચાણમાં, બે મૈલના વિસ્તાર જેટલી જમીન રોકે છે; ને ૧૮૭૨ માં વસ્તી ૧૪,૬૪૨ હતી. તેની પડોસમાં આવેલી જમીન ગોરાટ છે ને શહેરની આસપાસ સારાં મોટાં ઝાડોના જથા છે. શહેરની ઉત્તરે નાગેશ્વરનું મોટું તળાવ છે એને તીરે ઝાડની ઘટા આવી રહી છે ને વચમાં ૪૦ ફૂટ વ્યાસનો ટાપુ છે તે ઉપર આંબાનાં તથા બીજાં ઝાડ છે. આગળ શહેરને ફરતો ઇંટ મડોડીનો કોટ હતો, પણ ૧૮૪૯ માં તે તૂટી પડયો ને અમણાં તો છેજ નહિ. જેવામાં (૧૭૭૨-૮૩) શહેર અંગ્રેજના કબજામાં હતું તેવામાં મિ. કાલેંડરે થાણું બંધાવેલું તે છે ને તેમાં તિજોરીની કચેરી દિવાની કોરટ ને બીજી સરકારી આફીસો છે. શહેર ૧૭૭૫ માં રઘુનાથરાવે અંગ્રેજને હવાલે કરેલું ને પુરંદરના કોલકરારથી તે એનો સંબંધ ન રહ્યો તોપણ પેશવાએ અંગ્રેજને ૧૨ લાખ રૂપિઆ ભરવાનો તે ભરાઇ રહે ત્યાં લગી શહેર તેઓનાજ હવાલામાં રહે એવું ઠેરવ્યું હતું; એ રકમ ન ભરાયેથી જંબુસર ૧૭૮૩ સૂધી અંગ્રેજ પાસે રહ્યું ને પછી તે પેશવાને પાછું મળ્યું ને તેની પાસે ૧૮૧૭

લગી રહ્યું તે પછી પાછું પુનાના કોલકરારથી તે અંગ્રેજના તાબામાં આવ્યું. શહેરમાં મોટો ધંધો હતો પણ અંગ્રેજને હાથ ગયા પછી તે તૂટ્યો; ગળીનો ધંધો સારો ચાલતો. ૧૮૧૭ માં ૧૦,૪૭૪ એટલી વસ્તી હતી તેમાં પોણો ભાગ હિંદુ ને પા ભાગ મુસલમાનનો હતો. ત્યાંના વાણિયાઓ ટંકારી બંદરની મારફતે માંહેના દેશસાથે ધંધો ચલાવતા. જંબુસરની નૈર્ઋત કોણે દશ મૈલઉપર ટંકારી જ્યારે ભરૂચથી ઉતરતું પણ અગત્યનું બંદર હતું ત્યારે જંબુસર વેપારનું મથક હતું પણ રેલવે થયા પછી તે બંદરનો વેપાર તૂટયો છે; પણ જંબુસરરેલવેના પાલેજ મુકામથી માત્ર ૧૮ મૈલ છેટે છે ને રસ્તાઓ બંધાયા છે તેથી ત્યાં ધંધો ચાલે છે. ત્યાંનુ રૂ દેશાવર જાય છે; જંબુસરની તથા બીજી જગાની પાલેજથી ચઢેલી રૂની ગાંસડી પાંચ વરસમાં ૧૪,૯૬૩ (૨૬૭૨ ટન) હતી. એ રૂને તૈઆર કરવાને ૧૮૭૪ માં ત્રણ ચરખા કામે લગાડવામાં આવ્યા હતા રૂના ધંધા સિવાય બીજા ધંધા ચામડાં સારૂં કરવાના તથા છીંટ બનાવવાના પણ ઠીક ચાલે છે, વળી હાથીદાંતના, બંગડીના ને રમકડાનાં કામને માટે પણ કારખાનાં છે. જંબુસરમાં તળાવ ને કિલ્લો એ બે જોવાની જગાઓ છે; શહેરની ઉત્તરે એક મૈલઉપર આચારજીની બેઠક છે. મામલતદારનું થાણું, પોલીસ ચોકી, સબાર્ડિનેટ જડજની કોરટ, મ્યુનિસિપાલિટીની આફીસ, પોસ્ટની આફીસ, દવાખાનું એ સરકારી મકાનો છે. વળી ત્યાં એક સદાવ્રત તથા ધર્મશાળાઓ છે અને ધંધાસંબંધી તથા ધર્માદા કામ સંબંધી વિચાર કરવાને ધંધાધારી લોકનું મહાજન પણ છે. મ્યુનિસિપાલિટી ૧૮૫૬ માં થઇ; ૧૮૭૪ માં કરવેરાની ઉપજ ૭,૬૭૭ રૂપિઆ હતી; મોટે રસ્તે પાણી છંટાય છે ને દીવાઓ થાય છે.

જલાલપુર—સૂરત તાલુકાનું ગામ; ૪૭૫ ઘર ને વસ્તી ૨૧૬૨ છે. મામલતદારનું થાણું, પોલીસ ચોકી ને પોસ્ટ આફીસ છે.

જાફ્રાબાદ—કાઠિઆવાડના દક્ષિણ કિનારાઉપર એક આબાદ બંદર છે. એનો કિલ્લો વગેરે ગૂજરાતના સુલતાન મુઝફરે બંધાવેલું તેથી એ પહેલાં મુઝફરાબાદ કહેવાતું. એ જંજીરાના સીદી-નવાબના તાબામાં છે. એમાં પોસ્ટ આફીસ, નિશાળ ને બીજાં સરકારી મકાનો છે.

જુનાગઢ—કાઠીઆવાડનું પહેલા વર્ગનું સંસ્થાન, વિસ્તાર ૩૮૦૦ ચો. મૈલ, વસ્તી ૩,૮૦,૯૨૧ ને વાર્ષિક ઉપજ ૩૦ લાખની છે. સીમા, ઉત્તરે બરડા, હાલાર ને તળ કાઠિઆવાડ, પૂર્વે ગોહિલ-વાડ ને તળ કાઠિઆવાડ ને દક્ષિણે તથા પશ્ચિમે અરબી સમુદ્ર. મુખ્ય નદીઓ:—ભાદર, ઉબેણ ઓજત, હિરણ ને સરસ્વતી. છેલ્લી તે પવિત્ર ગણાય છે. ડુંગરોમાં ગીરનાર છે. સંસ્થાનનો કાંઠાઉપર આવેલોનાઘેર એ નામે ઓળખાતો મુલખ ઘણો રસાળ છે. મુખ્ય પાક જુવાર, બાજરી, ઘઉં, મગ, અડદ, ચણા, તલ, દીવેલા, બંટી, ચીણો, મકાઇ, કપાસ, મેથી, ઓઇલા શેરડી. વેપારનાં બંદરો વેરાવળ, માંગરોળ, બેરઈ, નવીબંદર, ધરા, ચોરવાડ તથા સીલ. એમાંનું વેરાવળનું તે સૌથી મોટું ને ત્યાંથી આખા સોરઠમાં અનાજ, સાગ વગેરે જાય છે. ચોરવાડનાં પાન મશહૂર છે.

જુનાગઢ શહેર ઘણું પુરાતન છે. એનું જૂનું નામ જીર્ણદુર્ગ હતું. એ ગુપ્ત રાજાઓના હાથમાં હતું ત્યારપછી ચુડાસમાના હાથમાં ગયું. એ ચુડાસમા રામાં સૌથી પ્રખ્યાત ને છેલ્લો રાજા રા મંડળીક હતો. તેનાઉપર અમદાવાદનો બાદશાહ સુલતાન મહમદ ચઢી આવ્યો ને જુનાગઢ લઇ પોતાના રાજમાં જોડી દીધું ત્યારથી તે અમદાવાદના રાજની પડતી થઇ ત્યાં સૂધી જુનાગઢનો રાજકારભાર અમદાવાદથી નીમાઇ આવતા મુસલમાન થાણદારો ચલાવતા. પછીથી અમદાવાદમાં દિલ્હીથી નીમાઇ આવતા સુબા રાજકારભાર કરતા ને જુનાગઢમાં દિલ્હીથી નિમાતા ફોજદાર કારભાર કરતા. સૌથી છેલ્લો ફોજદાર શેરખાન બાબી હતો. એ ૧૭૪૮ માં નવાબ એ ખીતાબ તથા બાહદુરખાન એ નામ ધારી સ્વતંત્રપણે રાજ્ય કરવાલાગ્યો. જુનાગઢનું રાજ્ય વધારી તેના હાલના કદમાં આણનાર દિવાન અમરજી હતો. હાલના નવાબનું નામ મોહબતખાનજી છે.

સંસ્થાનમાં એકંદર ૩૬ ફોજદારી ને ૨૫ દિવાની કોરટો છે. જોવાલાયક જગામાં નવાબનો મ્હેલ, જમાદાર સાલેહ હિંદીનું મકાન, શેખ બાહઉદ્દિનનું મકાન, મોહબતચોક, ઇસ્પિતાલ, તથા દરબારી મકાનો છે.

જેતપુર—વસ્તી ૧૩,૦૮૫. રાજકોટથી નૈર્ઋત્યે ૪૦ મૈલપર આવેલું છે. ભાદર નદીના પશ્ચિમ કિનારાપર આબાદ ને દેખાવડું શહેર હોઇ કાઠિઆવાડના વેપારનું મોટું મથક છે. એ તાલુકામાં ૧૪૩ ગામ ને તાલુકદારો વાળાકાઠી છે. તાલુકાની ઉપજ ૮ લાખની. એ ભાવનગર ને ધોરાજી વચ્ચેની રેલવે લાઇન ઉપરનું સ્ટેશન છે. જેતપુરથી રાજકોટ, ધોરાજી, જુનાગઢ ને માણેકવાડાસૂધી સડકો બાંધેલી છે. ત્યાં અંગ્રેજ મુસાફર સારૂ એક બંગલો, ધર્મશાળા, પોસ્ટઆફીસ, દવાખાનું, તારઆફીસ, નિશાળો ને કચેરી છે.

ઝાલોદ—પંચમહાલ તાબાના એ નામના નાના પરગણાનું મુખ્ય ગામ ૫૧૭૦ માણસની વસ્તીનું છે. ૧૮૨૫ માં ત્યાં એક બજાર, એક મસીદ એક નાનું દેરૂં ને ૫ માળનાં ઇંટનાં ઘર હતાં. એક મોટું સુંદર તળાવ છે. લોક ઘણુંકરીને ફક્ત ભીલ કોળી છે. માટીનાં વાસણ બનાવવાનું ને કાપડ વણવાનું થોડુંક કામ ચાલે છે. વાણીઆ વેપારીઓ ઘઉં, ચણા, દોહદ ને ગોધરે મોકલે છે.

ટંકારી—ભરૂચ પરગણામાં બીજું બંદર ઢાઢર નદીને જમણે કાંઠેથી ઉત્તર તરફ પાંચ મૈલ ઉપર ને નદીના મુખથી ૭ મૈલઉપર; ખાડીમાં ભરતી વિના નાનાં વહાણ જઇ શકતાં નથી તોપણ એક વખતે તે માળવાના અફીણનેસારૂ ને જંબુસર તથા આમોદના રૂ તથા અનાજને સારૂ મોટું બંદર હતું. રેલવેને લીધે બંદરનો ધંધો ઘટયો છે.

ઠાસરા—ખેડા જિલ્લામાં એ નામના પરગણાનું મુખ્ય ગામ ડાકોરની ઉત્તરે પાંચ મૈલઉપર છે. વસ્તી ૩,૪૯૯ની. મામલતદારનું થાણું, પોલીસ ને પોસ્ટ આફીસ છે.

ડભોઇ—વસ્તી ૧૪૩૨૫. ગામ ગાયકવાડના તાબાનું છે. જૂના વખતમાં એ પ્રખ્યાત, આબાદ ને સુંદર હતું, પણ હાલમાં ભાગી તૂટી અવસ્થામાં આવી પડ્યું છે. દંતકથા છે કે એ સિદ્ધ-

રાજ જેસિંગે વસાવેલું. પીલાજી ગાયકવાડે ગૂજરાતમાં સૌથી પહેલું શહેર લીધું તે એ હતું. એની આસપાસનો કોટ પહેલાં ઘણો મજબૂત હતો પણ હાલમાં કેટલેક ઠેકાણેથી નાબુદ થઇ ગયલો છે. એના ચાર દરવાજા છે. પશ્ચિમે વડોદરા, ઉત્તરે ચાંપાનેર, પૂર્વે હીરા ને દક્ષિણે ચાણોદ એમાંનો હીરા દરવાજો નકશી કામમાં ચઢીઆતો છે. એ દરવાજાની પાસે ભદ્રકાળીનું ને તેની પાસે એક મહાદેવનું દહેરૂં છે, જેનું નકશીકામ ઘણું સરસ છે પરંતુ દહેરૂં હાલ ભાગી તૂટી હાલતમાં છે. ગામ બહાર રેલવે સ્ટેશનની નજીક હરીભક્તિ વડોદરાના સાહુકારનું બંધાવેલું સુંદર દહેરૂં છે. ગામથી ત્રણ કોશ દૂર પત્થરનું બાંધેલું અષ્ટ કોણીઉં જૈન તળાવ છે. ગામની અંદર દવાખનું, જેલ, વાઘનાથ માહદેવની ને બીજી ચાર ધર્મશાળાઓ, અંગ્રેજી ગૂજરાતી એક, ગૂજરાતી એક, ઉર્દુ એક ને મરાઠી એક, એ પ્રમાણે નિશાળો છે. ડભોઇમાં વણાતું કાપડ ટકાઉ ને સોધું છે. લાકડાંપરનું નકસી કામ પણ સારૂં થાય છે.

ડાકોર—ખેડા જિલ્લાના ઠાસરા પરગણામાં મુંબઇ વડોદરા રેલવેની પાલીની શાખાઉપર છે. ત્યાં ૧૭૩૨ માં ગૂજરાતના સુબા અભેસિંગના મોકલેલા મારાઓએ પીલાજી ગાયકવાડને મારી નાખ્યો હતો. ત્યાં ૭૭૪૦ માણસની વસ્તી છે. પોસ્ટઆફીસ ને દવાખાનું છે. કૃષ્ણ—રણછોડજીની મૂર્તિ છે તે બોધાણો રજપૂત ભગત દ્વારિકાથી લેઇ આવ્યો હતો. દહેરૂં ને તળાવ એ બે જોવા જેવાં છે. આખા ખેડા જિલ્લામાં તેના જેવું બીજું મોટું તળાવ નથી. તેની ત્રણ બાજુએ ભીંત છે ને પત્થરનાં પગથિયાં છે. દહેરૂં સતારાનો વતની ને પેશવાનો સાહુકાર ગોપાળ જગન્નાથ તાંબેકર એણે રૂા. એક લાખ ખરચી બંધાવ્યું છે; ઘુમટ આઠ ને શિખર ચોવીસ છે, તેમાં સૌથી ઊંચું ૯૦ ફૂટ છે. અંદરનો ભાગ સુંદર સણગારેલો છે, ઘુમટમાં અબરખનાં પતરાં ને બારણાં તથા જાળી રૂપાનાં તેમાં કાચ બેસાડેલા છે. સિંહાસન લાકડાનું પણ નકસીવાળું છે, પણ તેને ગાયકવાડે સવાલાખ રૂપિઆ ખરચી સોનારૂપાનાં પતરાં જડાવ્યાં છે. દહેરાંને વર્ષની ઉપજમાં રૂા. ૩૪૦૦ અને ડાકોર તથા કંજરીએ બે ગામના ગણોત છે. ખેડાવાલ, શ્રીગોડ ને તપોધન એઓએ પૂજાનું કામ વહેંચી લીધું છે. દરેક પૂનેમે લોક ડાકોર આવે છે, પણ માણેકઠારી ને કારતકી પૂનેમે તો પચાસ હજારથી તે લાખ લગી માણસ ભેગું થાય છે, કાઠિયાવાડથી ને દક્ષિણથી પણ આવે છે પૂનેમ ઉપરાંત બીજે ત્રણ પ્રસંગે જાતરા ભરાય છે, ફાગણ સુદ્ધ ૧૧, રથ જાતરાને દહાડે ને ગોકલ આઠેમે; તે વેળા થોડા લોક હોય છે. ઘેડ લોક દૂરથી પૂજા કરે છે; તેઓને દહેરામાં જવાની મના છે.

ડીસા—વસ્તી ૧૨૯૭૦.' એ બનાસ નદીને પૂર્વ કિનારે ઊંચી ટેકરીપર આવેલું છે. એની આસપાસ કોટ હતો પણ હાલ ભાગી તૂટી ગયલો છે. ગામથી આશરે બે મૈલપર અંગ્રેજ સરકારનાં લશ્કરની કેન્ટાન્મેન્ટ છે. એમાં નેટિવ કેવલરીની એક પલટણ, રોયલ આરટિલરીની એક ટુકડી ને અંગ્રેજી તથા દેશીની એકેકી પલટણ એટલું લશકર રહે છે. ગામમાં રસ્તા સાંકડા ને ગલીચ

છે પણ પાણી ભાંડું ને લોકની તંદુરસ્તી સારી છે. ડીસા ઉપરથી દેસાવાળ વાણીઆ એ નામ પડયું એમ કહેવાય છે. ગામમાં દેસાવાળ વાણીઆની કુળદેવી સિદ્ધમાતાનું દહેરૂં છે; ત્યાં ચૈત્ર સુદ ૧૦ મે જાત્રા ભરાય છે. એ સિવાય બે જૈન દહેરાં એક મસીદ ને પાલનપુરના નવાબોનો મહેલ છે, પણ તેને મરામત કરવામાં આવતી નથી.

તરીંગા—દાંતાથી ૨૦ મૈલ દક્ષિણે, જૈનોનું મોટું પવિત્ર ધામ છે. અહીં તારણ માતાનું ને શ્રીઅજીતનાથ તથા શંભવનાથ એ તીર્થંકરોનાં જૈન મંદિરો છે. એમાંનુ મુખ્ય અજીતનાથનું તે અન્હિલવાડના કુમારપાળ રાજાએ બંધાવ્યું છે. અહીં કાર્તિકી તથા ચૈત્રી પૂનેમે જાત્રા ભરાય છે.

તુવા—પંચમહાલ તાબાના ગોધરાની પશ્ચિમે દશ મૈલઉપર. અહીં ઉના ઝરા છે ત્યાં ફાગણ શુદ ૧૧ એ સો બસો ભીલ કોળી મહાદેવને પૂજવાને એકઠા થાય છે. પાલી રેલવે ઉઘડવાથી જાત્રાળુની સંખ્યા ઘણી વધી છે.

દાંતા—મહીકાંઠાના ઉત્તર પશ્ચિમ ભાગપર, બીજા વર્ગનું સંસ્થાન વાર્ષિક ઉપજ ૫૦ હજારની; દંતકથા છે કે કોઇ રવપાળજી નામે પરમાર રજપૂતે અમ્બામાતાને પોતાની ભક્તિથી પ્રસંન કર્યાં તેથી માતાએ તેને સિંધમાંના નગરઠઠ્ઠાનું રાજ આપ્યું ને પોતે પણ ત્યાં વસ્યાં. રવપાળથી તેરમી પેઢીએ જસરાસ થયો તેને મુસલમાનોએ નગરઠઠ્ઠામાંથી ખસેડયો. મુસલમાનોના આવવાથી માતા ત્યાંથી ખસી આરાસુરમાં આવ્યાં. જસરાસ પણ તેની સાથે આવ્યો, ને માતાએ તેને કેટલોક મુલખ આપ્યો. જસરાસના કુંવરે તરસંઘમા જીતી લઇ ત્યાં પોતાની રાજધાની કરી. ઇડરનો રાણો કલ્યાણમલ તરસંઘમાઉપર વારે વારે ચઢાઇ કરતો તેથી તરસંઘમાનો રાણો દાંતે આવી વસ્યો ઇ. સ. ૧૫૪૪. ત્યારપછી દાંતાનો મુલખ ધીમે ધીમે વધવા માંડયો. દાંતાના રાજાના મુલખમાં અમ્બાભવાનીનું દહેરૂં છે તેથી એની મોટાઇ ઘણી છે. રાણા ગાયકવાડને ઘાસદાણાના રૂ. ૨૩૭૧, ઇડરના મહારાજાને પીચડીના રૂ. ૩૧૩, ને પાલનપુરના દિવાનને રૂ. ૫૦૦ ખંડણીના આપે છે.

દેવકેદાર—પંચમહાલ તાબાના દોહદની ઉત્તરે સાત મૈલ ઉપર ચોસાલા ગામની પાસે નદીનો પ્રવાહ એક ગુફામાં જાય છે. એ જગાએ મહાદેવની એક મૂર્તિ કેદારેશ્વરને નામે બેસાડવામાં આવી છે. ઘણાક ભીલ ફાગણ સુદ ૧૧ એ ત્યાં આવે છે.

નવાગામ, ગાંગડિયા, નેલસુ એ દોહદની આસપાસનાં ગામોમાં હોળીને બીજે દહાડે ચુલ એ નામની ક્રિયા વરસે વરસે કરવામાં આવે છે. સાત ફૂટ લાંબો, ત્રણ પોહોળો ને ત્રણ ઉંડો એટલો ખાડો ખોદી ખેરના લાકડાં બિચોબીચ સીંચે છે તે જમીનઉપર બે ફૂટ લગી; પછી તેને સળગાવી દે છે. ગામનો ભગીઓ નાળીએર ફોડે છે, મરઘાં મારે છે ને થોડોક દારૂ છાંટે છે. પછી પગ ધોઇને ભગીઓ તથા ગામનો મુખી ઉઘાડે પગે અગ્નિ ઉપરથી ચાલી જાય છે. પછી બીજા

B 524—hhh

બાધા મુકવાને આવે છે; એક આનો ને અરધું નાળિયેર ભંગિયાને ને અરધું નાળિયેર પટેલને આપે ને પગ ધોઇ ડાબા ફરી આગ ઉપરથી ચાલે છે કોઇ દાઝતું નથી.

દેવજગન--ભરૂચ જિલ્લાના જંબુસર પરગણાનું ગામ ઢાઢરના મુખ આગળ નાર ગામ છે ત્યાંથી પોણા મૈલ ઉપર જાતરાનું ઠેકાણું છે; ૧૨૦૦ વસ્તી છે. જાતરા એક દહાડાની ને વરસમાં બે વાર કારતક શુદ્ધ પૂનેમે ને ચૈત્ર શુદ્ધ પૂનેમે આવે છે;

દેસર—પંચમહાલ તાબાના હાલોલમાં સોનીપુરની પાસે છે. તેમાં પથ્થરનું જૂનું દેહરૂં મહાદેવનું છે; વીસ ફૂટ ચોરસ ને તીસ ફૂટ ઊંચું છે પણ તે અચરતી પમાડે તેવું છે. તેની બાજુઓ પાયાથી તે શિખર સૂધી નકસીથી ભરેલી છે ને તેમાં જૂના વખતના બ્રાહ્મણના તથા જૈનનાં મકાનોની ભાંગી તૂટી આકૃતિ સુંદર કોતરી છે. એક હારમાં હાથીઓ છે તેનાઉપર બે હારમાં માણસોની આકૃતિઓ છે પછી બે પટામાં પથ્થર દેખાડ્યા છે, પછી પાછી માણસની આકૃતિઓ મોટી મોટી છે. તે દહેરૂં ઘણું કરીને હિંદુ ચાંપાનેરના વખતમાં પાછળથી બંધાયું છે, પણ લેખ નથી.

દેહવાન— ૩૦૪૧ માણસનું ગામ ખેડા જિલ્લાના બોરસદ પરગણામાં મહી ઉપર છે. આગળ તે એક બંદર હતું. ૧૮૨૪માં નાનાં વહાણ ભરતી વેળા ત્યાં જઇ શકતાં.

દેહગામ—મહી નદીને ડાબે તીરે મુખથી એક મૈલઉપર; ૨૩૩૧ વસ્તી. અેન અકબરીમાં લખ્યું છે કે તે ભરૂચના બંદરોમાંનું એક છે.

દેહેજ—નર્મદાની દક્ષિણ તીરે ભરૂચની પશ્ચિમે ૨૬ મૈલ ઉપર; વસ્તી ૨૦૯૨ની છે. ૧૭૮૦ માં બાર ગામ અંગ્રેજના તાબામાં આવ્યાં તેમાં તે મોટું હતું. તે ૧૭૮૩ માં મરેઠાઓને આપવામાં આવેલું પણ ૧૮૧૭માં પૂનાના કોલકરારથી તે પાછું અંગ્રેજના તાબામાં આવ્યું છે તે બંદરમાં ૧૫૦ ખાંડીથી વધારેનાં વહાણ આવી શકતાં નથી અૈન અકબરીમાં પણ દેહેજ ભરૂચ તાબાનું એક બંદર લખાયું છે; પણ ઘણા વરસ થયાં ત્યાં ધંધો થોડો છે. ૧૮૦૪માં બંદર બંધ કરવામાં આવેલું પણ પાછું ૧૮૧૯માં ઉઘડયું હતું.

દોહદ--ગૂજરાતને માળવાની સરહદપર ગોધરેથી ૪૩ મૈલઉપર ૧૧૪૭૨ માણસની વસ્તીનો પંચમહાલમાંનો એક મહાલ છે. ગૂજરાત ને માળવાની વચ્ચે જે ધોરી રસ્તો છે તેના નાકાપર આવેલી નીચી ટેકરીઓની હારથી થયલા પટામાં કંઇક ખાડામાં તે ગામ છે. હિંદુ વસ્તી ૭૫૭૨ ને મુસલમાન ૩૮૭૭ છે. દાઉદી વોહોરા મોટા વેપારી છે ને ઇંટનાં સારાં બાંધેલાં ઘરમાં રહે છે. ગામમાં ધંધો કરનારા ઘણા છે ને તેઓ મુલકના મોટા ભાગને માટી ધાતુનાં વાસણો ને કપડાં પૂરાં પાડે છે. ત્યાં સીસમના ઘાટ, કાંસકી ને લાખની બંગડી બને છે. રતલામ ને ઇંદોર રેલવે ઉઘડવાથી કંઇક ધોકો પહોંચેલો છે, તોપણ ધોરી રસ્તાપર આવેથી દોહદ વેપાર ધંધાનું મોટું ઠેકાણું છે. શાકભાજી, મકાઇ ઘઉં, ચણા, ચોખા, એરંડિયું એ માળવે ને ચણા, ઘઉં, મકાઇ, મીઠું

તેલ એ ગૂજરાત જાય છે; ઘી માળવે તથા ગુજરાત જાય છે. લાખ અમદાવાદ ને રતલામ જાય છે ને ચામડાં તથા સિંગડાં મુંબઇ જાય છે. તેમ લોઢું તથા તાંબું મુંબઇથી, માંડુ ખારાઘોડાથી, તંબાકુ નડિયાદથી, ખાંડ ગોળ, શાક, નાળિયેર, મસાલો એ મુંબઇથી. અનાજ ઇંદોરને રસ્તે બનારસથી ને રાજગઢથી દોહદ આવે છે. યૂરોપના જાકોનેટ, માદરપલામ, મલમલ, છીંટ ને ધોતર પાલીને રસ્તે મુંબઇથી; છીંદડી અથવા સાલ્લા, દોરીઓ, ધોતીઆં, ખારવી અથવા ડુંગરી ભીલોને માટે અમદાવાદ તથા ખેડેથી આવે છે; પાઘડી ને માથે બાંધવાના ફેંટા ઇંદોર તથા બરાનપુરથી; ગળીના સાલ્લા પરતાપગઢથી; છાદડી, ખારવા, દોરિયા, સૂસી ને નાદગ એ રતલામથી આવે છે.

દોહદ એ જાનું શહેર છે. દધીચિઋષિ ત્યાં રેહેતા ને તે ઉપરથી નદીનું નામ દધીમતી પડ્યું છે. નદી તટે દૂધેશ્વર મહાદેવનું દેહરૂં છે ને ગામ દધીપુર નગર કેહેવાતું. બારીઆ રજપૂત ત્યાં આવી વસેલા તેમાંનાં સાતઆઠ કુટુંબ હજી દોહદમાં છે. પંદરમા સૈકાની શરૂઆત લગી ત્યાં રજપૂત રાજા હતા. પછી (૧૪૧૯ માં) સુલતાન અહમદે ડૉંગર રાજાને હરાવી તેના મહેલનો નાશ કરી તે ઠેકાણે કિલ્લો બાંધ્યો. સોળમા સૈકાની આખરમાં પંચમહાલ સાથે દોહદ અકબરની સત્તામાં ગયું (૧૭૫૦-૯૦). સિંધિયાનો કારભારી ત્યાં રહેતો ને ૧૭૮૫ માં તે ગૂજરાતને માળવાના વચમાંના રસ્તાપર ઘણુંજ સારૂં શહેર હતું. પંચમહાલ સાથે દોહદ ૧૮૫૩માં અંગ્રેજ સરકારના હવાલામાં આવ્યું.

શહેરના બે ભાગ છે. પશ્ચિમ તરફનું તે જૂનું ને નવું જે ગયા સૈકામાં વસ્યું તે જૂનાની પાસેજ પૂર્વ તરફ છે. જૂનાના જે લતા હજી રહ્યા છે તે દેસાઇવાડો, ખડાયતાવાડો ને ઘાંચીવાડો એ છે. ત્યાં તળાવ છે તે છાબ તળાવ કહેવાય છે. સાફ પગથિયોવાળું બાંધેલું છે ને પાણી પણ ઘણાં સારાં છે. કૂવા નહોવાથી તેનું પાણી બહુ ઉપયોગમાં આવે છે. તળાવમાં બે બેટ છે. તે ઉપર બાપુસાહેબ પાટણકરે બે મકાન બંધાવ્યાં છે. બાપુસાહેબનો દીકરો આપાસાહેબ દોલતરાવ સિંધિયાની દિકરીસાથે પરણ્યો હતો. કોઇ કહે છે કે દીકરીની પહેરામણીમાં પંચમહાલ આપ્યો હતો. તળાવની પૂર્વપાળ ઉપર વેહોરાની વાડી છે તે ડાગરવાડ કહેવાય છે ત્યાં રજપૂત રાજાનો મહેલ હતો. ઘાંચીવાડામાં મસજીદ છે ને તેની પાસે તળાવ છે તે ચંદન તળાવ કહેવાય છે. નદીને દક્ષિણ તટે એક નાનું મકાન છે ને તેની અંદર કબર છે. કહેવાય છે કે દોહદ નદીને કાંઠે શાહજહાન બાદશાહની એક બેગમ જણવાને કષ્ટાઇ. જોષીના કહેવાથી બેગમને વડની ડાળીએ ઊંધી લટકાવી જેથી તેણે મોટો ભાગ્યશાળી બેટો જણ્યો પણ બેગમ મરી ગઇ.

નવા દોહદને કોટ નથી પણ ચાર દરવાજા છે. એનો પહેલો વસેલો ભાગ પશ્ચિમ તરફ છે તે ગૂજરાતી બજાર ચાંપાનેરથી નાસી આવેલા નીમા વાંણીઆએ વસાવ્યો. ૧૭૭૯; ચાર ચકલા જે શહેરના મધ્યમાં પોલીસ મુકામ આગળ મળે છે તે ભાગ ૧૭૮૨માં; ઉત્તર પશ્ચિમ તરફનો દૌલત ગંજ તે ૧૮૦૫માં, ચોથો વેહોરવાડ તળાવ ને કિલ્લાની વચમાં તે ૧૮૦૯માં ને પાં-

ચમો ૧૮૫૦–૫૨ માં વસેલો દક્ષિણ પૂર્વમાં છે ને ગણેશપુર કહેવાય છે. નવા દોહદમાં જોવા જેવી એક સરાહ (મુસાફરખાનું) છે જે શાહજહાં બાદશાહે ઔરંગઝેબનો જનમ થયો ત્યારે બંધાવી હતી. તે ચોરસ છે. દરેક ખૂણે બુરજ છે ને બે મોટા દરવાજા છે ઉત્તર તથા દક્ષિણે. દક્ષિણ પૂર્વના ખૂણામાં પાટણકરે પોતાના દિકરાને માટે ત્રણ માળની હવેલી બંધાવેલી તે બાર દ્વારી એટલે બાર દરવાજાની છે. હાલ ત્યાં જેલર રહે છે. અંદર દિવાલોની ફરતી કમાનવાળી કોટડીઓ છે ને પશ્ચિમ તરફના મધ્યમાં એક મસીદ છે. એ મોટાં મકાનમાં હાલ સરકારી આફીસ છે. પૂર્વના અરધામાં જેલ છે, પશ્ચિમના ભાગમાં સિંધિયાનો ગવરનર રહેતો હાલ ત્યાં મામલતદારની કચેરી છે ને ઉત્તર ભાગમાં ઘોડે સ્વારપોલીસ. મસીદમાં લશ્કરી બીજી ટુકડીનું દારૂખાનું તથા હથિયાર રાખવામાં આવે છે. ઉત્તર ભાગમાં પોલીસનાં માણસો રહે છે ને સિવિલ ઇસપિતાલ છે. બે ધર્મશાળા છે. એક તળાવને ડાબે કાંઠે છે તેમાં ૨૦૦ માણસ ઉતરી શકે છે ને તે કારભારી અંતાજી દામોદરે ૧૮૨૮ માં બંધાવી હતી; બીજી ૧૫૦ માણસને માટે લોકલફંડમાંથી ખરચ કરી બંધાવી છે.

દધીમતીની દક્ષિણ તીરે શ્રાવણ વદમાં આઠમની જાતરા ભરાય છે. પરગણાના રેવિન્યુ તથા પોલીસ અમલદારની જગા છે તે ઉપરાંત દોહદ બીજી પલટનનું મુખ્ય ઠેકાણું છે; સબ જજની કોરટ, સિવિલ ઇસ્પિતાલ, જિલ્લાની જેલ ને પોલીસ આફિસ એ છે.

દ્વારકા—કાઠીઆવાડના પશ્ચિમ કિનારા ઉપર ગાયકવાડી બંદર છે. જૂના વખતમાં એ કૃષ્ણની રાજધાની તરીકે પ્રખ્યાત હતું. અહીં વાઘેરો ઘણા હતા ને તે પ્રાંતમાં ઘણો ત્રાસ વર્તાવતા. અહીંનાં મંદિર સિવાય એમાં જોવાલાયક બીજું કાંઇ નથી. દ્વારકાનાથનું મંદિર ઘણા સુંદર કોતર કામથી સણગારેલું હોઇ ગોમતી નદીને તીરે છે. અહીં દર વર્ષે હજારો યાત્રાળુઓ યાત્રાએ આવે છે. ગોમતીમાં નાહાવું હોય તો કર આપવો પડે છે. અહીં, એક ઇસ્પિતાલ, જડજની કચેરી, તથા ગૂજરાતી, ઇંગ્રેજી નિશાળો છે.

ધંધુકા—એ પરગણાનું મુખ્ય શહેર અમદાવાદની દક્ષિણ પશ્ચિમે ૬૨ મૈલઉપર છે; વસ્તી ૯૭૮૧ માણસની. ફક્ત ઉત્તરદિશાએ ખરી, બાકી ઝાડી નહિ એવાં મેદાનમાં તે છે; ગરમ કે ટાઢા પવનથી રક્ષણ નહિ તેવી ખુલ્લી જગામાં હોવાથી ત્યાંની હવા દુઃખ દાયક છે. ભાદર નદી ઘણું ખરૂં સૂકી હોવાથી ધંધુકામાં પાણીની ખોટ છે. પાણી માટે શહેરની દક્ષિણ ને પશ્ચિમે થોડાંક તળાવ ને ત્રણ મોટા કૂવા એજ છે. સોનંગમેર નામનો કોળી જૂના વખતમાં સિંધથી ગૂજરાતમાં આવેલો તેના તેર દીકરામાંનો બીજો ધન કે ધંન્દમેહેડ એણે ધંધુકા વસાવ્યું છે. કોઇ કહે છે કે સોલંકી શ્રી ધંધિક જે ચાવડા વંશના છેલ્લાની દીકરી પરણેલા તેના નામ ઉપરથી શહેરનું નામ પડ્યું છે. બારમા સૈકામાં ગામની પ્રસિદ્ધિ જૈન આચાર્ય હેમચંદ્રની જન્મ ભૂમી દાખલ થઇ. કુમારપાળે તેની જન્મ

ભૂમિઉપર એક દહેરૂં બંધાવ્યું છે. મુસલમાન ને મરેઠાના વખતમાં તે એક ગામ જેવુંજ અગત્યનું હતું. ૧૮૦૨ માં ધોળકાની સાથે ધંધુકા પણ બ્રિટિશ સરકારને આપવામાં આવ્યું.

હિંદુ ૬૧૧૪ ને મુસલમાન ૩૬૩૮. ત્રણ જાત અગત ધરાવે છે; વહોરા, મોઢ વાણીઆ ને વાલમ બ્રાહ્મણ. મામલતદારની કચેરી, કનસ્ટેબલની ને મુનસફ કોરટ એ છે; વળી પોસ્ટ આફીસ ડિસપેનસરી ને ટ્રાવેલર્સ બંગલો છે. મ્યુનિસિપાલિટી પણ છે. સરકારી પાંચ ગૂજરાતી નિશાળ છે. ચાર છોકરાની ને એક છોકરીની, જાણવા જેવું મુલતાન તળાવ છે કે જેની સારી પત્થરની ભીંત તુટી પડી છે ને પાણી પીવામાં આવતું નથી.

ધરમપુર—સંસ્થાનનો વિસ્તાર ૮૦૦ ચો. મૈલ. વસ્તી ૭૪,૫૯૨. એમાંનો મોટો ભાગ કાળીપરજનોછે; ઉપજ વરસે ૨ાા લાખ. સંસ્થાનની ઉત્તરે ચીખલી તાલુકો ને વાંસદા સંસ્થાન, પૂર્વે પેંઠ ને સુરગાણા સંસ્થાનો, દક્ષિણે પેંઠ, દમ્મણ ને થાણા ને પશ્ચિમે વલસાડ ને પારડી તાલુકા. દમ્મણગંગા, કોલક, પાર, વાંકી, ઔરંગા ને અમ્બિકા એ નદીઓ એ સંસ્થાનમાં થઇ વહે છે. મુલખ પાહાડી છે તેથી ખેતીને અનુકૂળ નથી. ધરમપુરના રાજા સૂર્યવંશી સીસોદીઆ રજપૂત છે. આશરે ૭૦૦ વર્ષપર કેટલાએક એ જાતના રજપુતો કોઇ રામરાજાની સરદારી તળે ભીલોની પાસેથી મુલખ જીતી લઇ અહીં વસ્યા. તેથી ધરમપુર તે રામનગર કહેવાતું. શિવાજી સૂરતપર હુમલો કરવા આવ્યો ત્યારે તેણે રામનગરનો કિલ્લો પોતાના તાબામાં લઇ લીધો ત્યારથી ધરમપુરના રાજાઓ મરેઠાની હાકમી તળે ગયા. વસાઇના તહનામની રૂએ એના ઉપરની ખંડણીનો મરેઠાનો હક બ્રિટિશ સરકારને મળ્યો. ધરમપુરમાં ત્રણ નિશાળો, ને એક દવાખનું છે. અહીંથી ૯ મૈલ ઉપર અરનાઇ ગામ છે ત્યાં ઉના પાણીના કુંડ છે, ત્યાં દર વર્ષે ચૈત્રી પુનેમે જાત્રા ભરાય છે.

ધ્રાંગદ્રા—સંસ્થાનનો વિસ્તાર ૧૧૬૭ ચો૦ મૈલ. વસ્તી ૯૯,૬૦૦. મુખ્ય પાક કપાસ બાજરો, જુવાર, મગ, મઠ, ચણા, તલ ને ઘઉં વગેરેનો. સંસ્થાન પહેલા વર્ગનું હોઇ તેની ઉપજ રૂા. ૬ લાખની રૂનો વેપાર મોટો છે. ધ્રાંગદ્રાના રાજ સાહેબ ઝાલા રજપૂત છે. એ ઝાલાઓ સિંધમાંહેના નગરપારકરની પાસેના થલા મહાલમાં કેરન્તી ગામમાં રાજ્ય કરતા હતા. ત્યાંથી સિંધના રાજાએ તેમને કાઢ્યા ને તેઓ હરપાળની સાથે પાટડીમાં આવી વસ્યા ને ત્યાં રાજ્ય માંડ્યું. અહીંથી ઝાલાઓ અમદાવાદના સુલતાનો સાથે લડાઇ થયાને લીધે ખશી કૂવે જઇ વસ્યા (સુમારે ૧૪૩૦ માં). અહીંથી પણ તેમને મુસલમાનોએ ખસેડ્યા ત્યારે તેઓએ હળવદ વસાવી (ઇ. સ. ૧૪૬૮માં) ત્યાં પોતાની રાજધાની કરી. પછી ઇ. સ. ૧૭૩૦માં ધ્રાંગદ્રાનો કિલ્લો બંધાવી ત્યાં રાયસિંગજીના વખતમાં રાજ્યધાની ખસેડી. હાલના રાજસાહેબ શ્રી માનસિંહજી ઇ. સ. ૧૮૬૯ માં ગાદીએ આવ્યા. એમણે ધ્રાંગદ્રામાં એક અંગ્રેજી, એક છોડીની નિશાળ તથા બીજાં સાત ગામોમાં ગૂજરાતી નિશાળો સ્થાપી છે. એમને "નાઇટ કમાન્ડર ઓફ ધી મોસ્ટ એક્ઝાલટેડ ઓરડર ઑફ ધી સ્ટાર ઑફ ઇન્ડિઆ" નો ઇલકાબ મળેલો છે. સંસ્થાનમાં જમીન મહેસૂલનો વહીવટ ભાગવટાઇની રીતે ચાલે છે. સ-

સ્થાનમાં બધી મળી પાંચ ફોજદારી કોરટો છે. એમાંની બેને દિવાની મુકદ્દમા ચૂકવવાનો પણ અખ્ત્યાર છે. ખુદ ધ્રાંગદ્રામાં એક દિવાની કોરટ જૂદી છે. ધ્રાંગદ્રા શહેરમાં જોવાલાયક મકાનમાં રાજસાહેબનો મહેલ, રામ, રણછોડજી, કૃષ્ણ, બળરામ, સ્વામીનારાયણ તથા રોકડીઆ હનુમાનનું એ દહેરાં છે. દરેક દહેરાને લગતી એક ધર્મશાળા છે. ધ્રાંગદ્રાનો પત્થર આખી ગૂજરાતમાં મશહૂર છે.

ધોલેરા—એ ખંભાતના અખાતના બંદરોમાંનું એક મોટું વેપારનું બંદર કહેવાય છે, પણ તે અમદાવાદ જિલ્લામાં દરિયાથી છ મૈલદૂર છે. ભાદર અથવા ધોલેરાની ખાડી સો વર્ષઉપર વહાણને ધોલેરા લગી લઇ જતી પણ પચાસ વર્ષ થયાં તે પૂરાઇ ગઇ છે ને વેપાર એ બંદરેથી પાંચ મૈલની એ ખાડી ઉપર ખૂન છે ત્યાં અને દરિયાના એક ફાંટા ઉપર ૧૬ મૈલ દક્ષિણે બાવલીઆળી છે ત્યાં ગયો છે. શહેર દૂરથી ઘુમટ ને ઊંચા મકાનોથી શેભીતું દેખાય છે; પણ ખારની જમીનમાં છે; ચોમાસામાં ઘુંટણપૂર કાદવ ને બીજી રતમાં બહુ ધૂળ એવું છે. રસ્તા પાસપાસે ને સાંકડા છે; શહેરમાં જાણવાજોગ કંઇ નથી. ફક્ત એક તળાવ છે તેને ત્રણ બાજુએ પત્થર ચણેલા છે ને ચારે પાસ દહેરાં છે. તેમાં એક સ્વામીનારાયણના પંથવાળાનું છે. જાનેવારી ફેબ્રુઆરીમાં કકડતી ટાઢ ને માર્ચ, એપ્રીલ મેમાં લૂલાગે તેવા ઝપાટા હોવાથી ધોલેરાની હવા શરીરને માંદુ કરે તેવી ને ખુશ ન લાગે તેવી છે.

સને ૧૮૭૨માં ૧૨૪૬૮ની વસ્તી તેમાં ૧૦૮૪૫ હિંદુ ને ૧૬૦૮ મુસલમાન હતા. હિંદુઓમાં ચૂડાસમા ગરાસીઆ ગામના જમીદાર છે તેમાં બે તડાં પડયાં છે. વાણીઆ ને લુવાણા મોટા ને આગળ પડતા વેપારીઓ છે. સુથાર ને લાકડાપર નકસી કરનારા એને માટે એ શહેર કેટલુંક થયું વખણાય છે. ધોલેરા તે ધંધુકાના મામલતદારની હકુમતમાં છે; એક થાણદાર બીજા કલાસના અખ્સારવાળો છે ને એક ચીફ કોન્સ્ટેબલ છે. ત્રણ નિશાળ, પોસ્ટઆફીસ, ને તારઆફીસ છે. શહેરથી તે ખુન બંદર લગીનો રસ્તો પાંચ મૈલનો કાંઠે કાંઠે ફાંટા ફાંટા વાળો છે ને રસ્તો સુધારવાને રેતીવિના બીજું કોઇ સાધન નથી; બંદર ઉપર થાંભલા ઉપર દીવો બળે છે. માલ ચઢાવવા ઉતારવાને બીજી કોઇ યુક્તિ બનાવેલી નથી કેમકે ઊંચા કાદવના કાંઠા હોવાથી તે કામ સેહેલથી સરે નહિ. અહીં ખાડીના મુખ થકી ૭ મૈલઉપર ભરતી દસથી તે સાત ફૂટની થાય છે ને દરેક ભરતી પછી ઓટ સૂકાંપર આવી રહે છે. આગળ દર પખવાડીઆમાં પાંચેમથી તે અગીઆરસ લગી વહાણ ચાલી શકત નહિ, પણ ૧૮૭૮નો રેલથી ખાંડી ઊંડી થઇ છે ને ઓટ ભરતીમાં મહિનામાં એક પણ દહાડે આવજા કરી શકે છે. ખાડીના મુખ આગળ ભરતી ૩૦થી તે ૧૫ ફૂટનો હોય છે. ઓટ જો ભરતી વેળા હંકારાય તોજ તે આવી શકે. ખાડીનું મુખ ભાવનગરની ઉત્તરે ત્રીસ માઇલ ઉપર ને બાવલીઆળીનો ઉત્તરે વીસ મૈલઉપર છે. પણ વહાણ આવી શકે તેને માટે મારગ ભાવનગરથી ૬૦ ને બાવલીઆળીથી ૩૫ મૈલનો છે. ખાડીના મુખ આગળ દીવાદાંડી છે. બાવલીઆળી બંદરે

સૂકે દહાડેજ જવાય છે. મોટી ભરતી વેળા નાંગરવાની જગા બહુ થોડી છે. માત્ર ૧૫૦ યાર્ડ જેટલી માલ ભરવાને રહે છે કાંઠા સીધા છે.' માલ ચઢાવવા ઉતારવાનું ત્યાં ઓટ વેળા થોડું થાય છે ને મોટી ભરતી વેળા બાર ફૂટ ઊંડું પાણી થાય છે.

ધોલેરા અથવા મહાતળાવ એ ભાગ અમદાવાદ જિલ્લાનો પહેલો બ્રિટિશ સત્તામાં આવ્યો હતો. ભાવનગરનો રાજા કેટલાકના હક દબાવી લેવાનું કરતો તેમાંથી ઉગરવાને ધોલેરાના જમીદારોએ ગામની અરધી ઉપજ આપવાની કબૂલાતે ગામ બ્રિટિશ સરકારને આપી દીધું, ૧૮૦૨ ના જૂનની ૧૧ મી એ. ૧૮૧૩માં ધંધો ઠીક વધ્યો. ૧૮૨૭ માં ધોલેરાની ખાડી પૂરાઇને બાવલી આળીનું બંદર ઉઘડ્યું. બંદરનો વેપાર વધ્યો ને પછી ૧૮૫૦માં ધોળેરાની ખાડીમાં ખૂન બંદર સૌથી સારૂ ઠર્યું. પછી વીસ વર્ષમાં તે ઘણું વધ્યું ને અમેરિકાની લડાઇના વખતમાં (૧૮૬૨-૬૪) ગુજરાતના રૂના બંદરમાં ધોલેરા મુખ્ય હતું. ૧૮૬૩માં પૂરાં થતાં દશ વર્ષમાં વેપારની કિંમત રૂા: ૭૭,૫૬,૬૯૦,થી રૂ. ૪૭૮,૩૩,૨૬૦ એટલી ચઢી. ૧૮૬૩ પછી વેપાર ઘટ્યો છે ને તેનાં બે કારણ છે; એક તો આ કે અમદાવાદની રેલવેની વઢવાણ શાખા ઉઘડી. ને બીજું આ કે ભાવનગરે દરિયાનો વેપાર આગળ કરતાં ઘણો વધારે પોતાની તરફ ખેંચ્યો છે. ધોલેરાથી અનાજ ને તેલ કોઇ કોઇ વાર ભરૂચ સૂરત જાય છે. પણ ત્યાંથી માલ ઘણો ખરો તો મુંબઇજ જાય છે. કાપડ, અનાજ, ખાંડ, મસાલો, લોઢાનો સામાન, નાળિયેર, તાંબુ, ખજૂર એ મુંબઇથી ધોલેરે આવે છે; લકકડ ને ગોળ વલસાડથી; લકકડ, વાંસ ને સૂકી માછલી એ દહેણું તથા દમણથી, લકકડ ભરૂચથી, નાળિયરને મસાલો મલબારથી, ને ખજૂર તથા સૂકો મેવો મસ્કતથી. એમાંનો ઘણો ખરો માલ ધોલેરાથી કાઠિયાવાડ, ઉત્તર ગૂજરાત, મારવાડ, ને રજપૂતસ્થાન અહીં જાય છે. યૂરોપિયન વેપારીની બે પેઢી છે. બાકી બધો રૂનો વેપાર મુંબઇના શ્રાવક વાણીઆ ને ભાટીઆના હાથમાં છે. વળી અમદાવાદ તથા વીસલનગરના શ્રાવક તથા કણબી અને કાઠિયાવાડના શ્રાવક મેશરી વાણીઆ ને કણબી એના હાથમાં. લકકડનો વેપાર લુહાણાના હાથમાં છે. મસ્કતના વેપારી તે મેમન છે. રૂનો વેપાર હજી ત્યાં છે. મોસમ નવેંબરમાં શરૂ થાય છે. કે જ્યારે જૂના પાકની સીલક મોકલી દેવામાં આવે છે. એ નિકાસ ડિસેંબરની આખર લગી ચાલે છે. કાઠિયાવાડના ઇસાન કોણમાં ઉત્પન્ન થયલું રૂ જાનેવારીમાં આવવા માંડે છે, ખરી મોસમ ૧૦ મી જાનેવારીથી તે પાંચમી મે લગી ચાલે છે; વરસાદ પડતે જૂનની પાંચમીથી વીસમી લગીમાં કામ બંધ પડે છે. થોડુંક થયું મુંબઇના યુરોપિયન ને દેશી વેપારીઓએ ખેડુતો પાસેથી રૂ ખરીદ કરવું શરૂ કીધું છે. વચમાંના વેપારીઓ પાસેથી નહિ. કેટલુંક રૂ ધોળેરામાંજ ચરખે ચઢે છે ને દબાય છે. આગથી ચાલતા ચાળીસ ચરખા છે. ૩૬ સાંચા દાબવાના તેમાં બે આગનાને બાકીના હાથે ચલાવવાના. હાલમાં રૂનો વેપાર પડ્યો છે. આગળ દલાલ ને મહેતા બજારમાં મળતા ને હુંડી વટાવના કામમાં અજાયબ જેવી જાણ ને ચાલાકી બતાવતા. હાલ કેટલાક શાહુકાર જે હજી ધોલેરાને વળગી રહેલા

છે તેઓને પોતાની ઓછી થયલી પૂંજી રોકવાનું ઠેકાણું નથી. ધોલેરામાં મ્યુનિસિપાલીટી નથી ધોલેરા જવાના રસ્તાપર પાણીની છત રાખવાને ૧૮૧૮માં ધરમ તળાવનું ફંડ ઉભું થયલું. તેમાંથી શહેર સુધરાઇનો ખરચ નિકળ્યાં કરે છે. એ ફંડમાંથી ૧૮૭૮માં રૂ. ૧૦ ૫૦૦ ઉત્પન્ન થયા હતા.

ધોળકા—એ નામના પરગણાનું મુખ્ય શહેર, અમદાવાદની દક્ષિણ પશ્ચિમે ૨૨ મૈલ-ઉપર. વસ્તી ૧૮૭૨ માં ૨૦૫૮૪; મ્યુનિસિપાલિટીની ઉપજ ૧૮૭૭-૭૮ માં, રૂા ૧૪૭૭૦ હતી. સારાં ખેડાયલાં ને સારી પેઠે ઝાડવાળાં મેદાનમાં કે જે બે મૈલ લગી વચમાં વચમાં ૧૦ થી ૩૦ ફૂટ ઊંચા ટેકરાઓથી ને જૂના વખતની મસીદ તથા વાડીઓની નિશાનથી તુટીત છે તેમાં ધોળકા છે. ફરતો માટીનો કોટ ચાર મૈલનો છે. ઉત્તર ગૂજરાત ને ખંભાતનો અખાત એ બેની વચમાં સાબ-રમતીઉપર અને ગૂજરાત ને કાઠિયાવાડ એની વચમાંના ધોરી રસ્તાઉપર આવ્યું છે ને તે ગૂજરા-તમાં જૂનામાં જૂનું શહેર છે ને પરગણાના ગામ દાખલ ને વેપારના મથક દાખલ ઘણા વખતથી અગત્ય ધરાવે છે.

ધોળકાને માટે કહેવાય છે કે તે ઠેકાણે વિરાટ નગરી હતી. વળી કહેવાય છે કે સૂર્યવંશી કનકસેન રાજા ઇ. સ. ૧૪૪ માં ત્યાં આવી વસ્યો હતો. અગિયારમા સૈકાની આખરે અનહિ-લવાડના સિદ્ધરાજની મા મીનલદેવીએ તળાવ બંધાવેલું તે હજી ધોળકાની શોભા છે. બારમા સૈકામાં તે ગૂજરાતના વેપારી શહેરોમાંનું એક હતું. તેરમા સૈકાની શરૂઆતમાં વાઘેલા વંશના મૂળપુરૂષ વીર-ધવલ જેના રાજ્યમાં ગોધરા તથા લાટનો મુલખ ગણાતો તેના નામઉપરથી ધોળકા તે ધવલગઢ કહે-વાતું હતું. મુસલમાન બાદશાહ તથા નવાબના વખતમાં જો કે ધોળકા મોટી અગત્યનું નહોતું ગણાતું તો પણ ત્યાં કિલ્લો હતો ને મુસલમાનનાં સારાં મકાન હતાં. અઢારમા સૈકામાં-૧૧૩૬ માં ધોળકા મરેઠાએ લીધું પણ ૧૭૪૧ માં તે પાછું અમદાવાદના નવાબે લીધું; વળી તે ૧૭૫૭ માં ગાયકવાડના હાથમાં આવ્યું ને તેની પાસેથી ૧૮૦૪ માં બ્રિટિશ સરકારના તાબામાં આવ્યું છે. ૧૮૧૩ ના મોટા દુકાળ પછી તેની ફરીથી આબાદ થવાની આશા રહી નહિ.

વસ્તીમાં ૧૩૯૯૩ હિંદુને ૬૮૫૯ મુસલમાન. મુસલમાન વસ્તીનો મોટો ભાગ તે કસબાતી છે. એટલે ગામડાનાં પણ શહેરમાં વસેલા; કાઠિયાવાડના લૂટારાથી સંભાળ રાખવાને જે મુસલમાન સિપાઇઓ ધોળકામાં વસેલા તેની ઓલાદના. તેઓ અઢારમા સૈકામાં જોરાવર હતા પણ પછી છેક પડતી હાલતમાં આવી ગયા.. (તાલુકદારનો ભાગ જોવો).

ધોળકામાં સૂતરાઉ સાડી વણવાનો ધંધો ખત્રી અને મોમના તથા કસબાતી કરે છે; ખા-દીનું કપડું પણ બને છે; માટીનાં કામ, લોઢાંનાં ઓજાર ને પિત્તળનાં વાસણ ને ચૂડા એ બને છે. આ સૈકાની શરૂઆતમાં ત્યાંથી કાપડ ઇરાની અખાતના બંદરો અને અરબસ્તાનમાં જતું પણ તે ધંધો ૧૮૧૩ ના દુકાળ, મરકીથી પડી ભાંગ્યો તે ફરી ઉદયોજ નહીં. હાલમાં ધોળકે થઇ ને કા-

[ઠિયાવાડ ને અખાતનાં બંદરોએ, કાપડ, બાજરી, ચોખા, દાળ અમદાવાદથી, ખસખસ ને તલ તે ગાયકવાડના કડી પરગણામાંથી ને તંબાકુ ખેડેથી જાય છે. ધોળકેથી, કપ્પડ, ગોળ, દાડમ, જમરૂખ, એ બહાર જાય છે.

ધોળકામાં મામલતદારની ને ચીફ કોન્સ્ટેબલની કચેરીઓ સબોર્ડીનેટ જડજની કોરટ છે; બજારની વચમાં મ્યુનિસિપાલિટીનું મકાન ઘડિયાલ સાથે છે; ને તેમાંજ એક લાઇબ્રેરી છે; એક અંગ્રેજી ગૂજરાતી ને ચાર ગૂજરાતી નિશાળ, એક દવાખાનું, ત્રણ ધર્મશાળા, ને એક ટ્રાવેલરનો બંગલો યૂરોપિયનને વાસ્તે. ત્રણ ધર્મશાળામાંની એક સરકારી ખેડાના રસ્તાપર તે વપરાતી નથી. બીજી શહેરની પશ્ચિમે એક દેહેરાંસાથે છે તે હિંદુઓ વાપરે છે; ને ત્રીજી ૧૦૦ મુસાફર રહે તેવી ઉત્તરે છે તે એક શ્રાવકે બંધાવી છે તેમાં છેક નીચી જાત સિવાય બીજા સૌને ઉતરવાની છૂટ છે.

જાણવા જેવી વસ્તુમાં તળાવ, વાવ મીનળદેવીનાં બાંધેલાં છે. તેનો વ્યાસ ૪૦૦ વાર છે સુંદર કોતરેલી પત્થરની ભીંત ને પગથિયાં છે. વાવની વચમાં મકાન હતું તેનું પોલું ચણતર છે કે જ્યાં જવાને પત્થરના નકસીવાળા સ્થંભો ઉપર લાકડાનો પુલ હતો; તળાવની ચોમેર મોટાં સુંદર ઝાડોની હાર આવી રહી છે. બે મસીદો છે. એકેકી ૧૫૦ ફૂટ ચોરસ, ત્રણ મહેરાબને પાંચ ઘુમટ આગલે પાસે. હિંદુ દહેરામાં મુખ્ય નાગેશ્વર કે ચંદ્રેશ્વર મહાદેવનું છે કે જે સંવત ૧૮૦૭-સને ૧૭૫૧ માં ગાયકવાડના કારભારી અંતાજીરાવે બંધાવ્યું હતું; તે દહેરાના ખરચને પેટે ગાયકવાડે રાજપુરના ગામની ઉપજ કરી આપેલી તે હજી પણ કાયમ છે.

નડીઆદ—ખેડા જિલ્લાનું મોટામાં મોટું ગામ રેલવેનું એક સ્ટેશન છે. સને ૧૮૭૨ માં વસ્તી ૨૪.૫૫૧. સત્તરમા સૈકાની શરૂઆતમાં એ ગળીના તથા રૂના કારખાનાને માટે પ્રખ્યાત હતું. ૧૭૭૫ માં ગૂજરાતના શહેરોમાં એ એક ઘણું સુંદર લેખાતું ને તેની આસપાસ ત્રણ મૈલ જેટલો કોટ હતો ને કોટની આસપાસ સૂકી ખાઇ હતી. લોકો ઝીણું કાપડ વણતા તથા કપડવંજી પથરા ઉપર ઓપ ચઢાવતા. ૧૮૦૩ માં ગાયકવાડે એ ગામ બ્રિટિશ સરકારને હસ્તક કર્યું. ૧૮૩૮ માં માળવા તથા મધ્ય હિંદુસ્તાનસાથે અનાજ વસાણાં, ગુંદર તથા રંગવાના પદાર્થો આણી તથા કપાસ, જાડું કાપડ, છીંટ, તંબાકુ વગેરે મોકલી વેપાર કરતું. નડીઆદના વેપારી ઘણાખરા વાણીઆ તથા બ્રાહ્મણો છે. અહીં રૂ કાંતવાનો તથા કાપડ વણવાનો વરાળનો સાંચો ૧૮૦૬ માં ઉઘડવામાં આવ્યો હતો પણ તે ૧૮૭૮ માં નાણાંની તાણને લીધે બંધ કરવામાં આવ્યો છે. મંદિરોમાં મુખ્ય સંતરામનું, અહીં દરપુનેમે મેળો ભરાય છે, ગોંસાઇજીનું, નારાયણ દેવનું, સ્વામીનારાયણનું, ભૈરવનું, કાળકા માતાનું તથા કેટલાંક જૈનોનાં એ છે. નડીઆદમાં મ્યુનિસિપાલીટી છે. સબાર્ડિનેટ જડજની કોરટ, પોસ્ટ આફિસ, એક ડિસ્પેન્સરી તથા હાઇ સ્કુલ સિવાય બીજી આઠ સરકારી નિશાળો છે.

નપાડ—૫૬૧૭ માણસની વસ્તીનું ગામ ખેડા જિલ્લાના વાસદની પશ્ચિમે ૧૪ મૈલઉપર છે. ૧૮૯૪ માં મામલતદારનું થાણું હતું. ગામની ઉત્તરે સુંદર તળાવ છે જે ૪૦૦ વર્ષઉપર પે-

ટબાદના કારભારી પઠાણ તજેખાન નરપાલીએ બંધાવ્યું હતુ. બાજુએ ઇંટની આઠ ખુણાની ફરતી આકૃતિ કરે છે ને દરેક બાજુએ ત્રીકોણ આકારે ઇદગા છે. ઇદગાની પેલી પાસ પાળને લગતી અગાશીઓ ને બીજાં મકાન છે. તળાવની; વચમાં વીસ ફૂટ ચોરસનું એક ચણતર છે ને તેની વચમાં ચાર થાંભલાઉપર એક નાનો ઘુમટ છે. ગામની પૂર્વમાં એક બીજી વાવ છે તે પણ તજેખાને બંધાવેલી કહેવાય છે તેને વડોદરાના એક વેપારીએ ૧૮૩૮ માં મરામત કરાવી હતી.

નવસારી—ગાયકવાડી મહાલ. વસ્તી ૪૭,૫૦૭ ને વાર્ષિક ઉપજ આશરે રૂપિઆ ત્રણ લાખની. સીમાઃ–ઉત્તરે સચીણ સંસ્થાન, પૂર્વે બારડોલી તાલુકો, દક્ષિણે જલાલપુર તાલુકો ને પશ્ચિમે અરબી સમુદ્ર. નદીઃ–ઉત્તરે મીંઢોળા ને દક્ષિણે પૂર્ણા. મહાલ પાધર મેદાન છે. જમીન ગોરાટ ને બેસર જાતની છે. મહાલનું મુખ્ય ગામ નવસારી છે. એની વસ્તી ૧૪,૯૩૭ એટલી છે. ગામના રસ્તા સાંકડા તથા વાંકાચૂંકા છે, માત્ર થોડાજ પોહોળા ને સીધા છે. ગામમાં પારસીઓનું જોર ઘણું છે. ગામ બહાર તવંગર ને આબાદાર પારસીઓની વાડીઓ તથા બંગલા આવી રહેલા છે, જેમાં તેઓ દૂર પરદેશ જ્યાં તેઓ ધંધાને અર્થે ગયલા તે પાછા આવી એશઆરામ ભોગવે છે. મકાનોમાં જોવાલાયક હાઇસ્કુલનું મકાન છે. એ સ્કૂલનો ખરચ પારસીઓ તથા ગાયકવાડ સરકાર એ બે મળી ચલાવે છે. ગામની વચમાં એક દવાખાનું છે ને તેનીપાસેજ બજાર બંધાયું છે. મહેરજી રાણા એ નામની એક લાઇબ્રેરી છે. જેનું મકાન વિશાળ છે. સુબાની તથા ડિસ્ટ્રિક્ટ જડજની કચેરીનાં મકાનો પણ સારાં છે. નવસારીમાં ગાયકવાડ સરકારનો મહેલ છે. અહીં ઉન્હાળાની ઋતુમાં ગાયકવાડ હવાફેરને માટે આવે છે, કારણ નવસારીના તે વખતે હવા ઠંડી તથા તંદુરસ્તીને અનુકૂળ એવી છે. ગામમાં હિંદુઓનાં કૃષ્ણનાં, મહાદેવનાં, તેમજ હનુમાનનાં દહેરાં ઘણાં છે. આશાપૂરી માતાને દહેરે આસો સુદ આઠેમે મેળો ભરાય છે. જૈનોનું પારસનાથનું મંદર છે. પારસીઓ અહીં ઘણા કાળથી વસેલા છે તેથી તેમની અહીં અગીઆરી ઘણી છે તથા એક આતસબહેરામ પણ છે. એમનાં ચાર તો દોખમાં છે. મુસલમાનોની પહેલાં વસ્તી ઘણી હતી. મુસલમાનોની જાણવાજોગ જગામાં એક સૈયદ સાદનની તથા બીજી મખ્તમશાહની એવી બે દરગાઓ છે. ત્યાં શાવલને છઠ્ઠે રોજે ઓરસ ભરાય છે.

નવાનગર—કાઠીઆવાડનું પહેલા વર્ગનું સંસ્થાન, વિસ્તાર ૩૭૯૧ ચો. મૈ૦ વસ્તી ૩, ૧૬, ૧૪૭ ને વાર્ષિક ઉપજ વીસ લાખની. સીમાઃ ઉત્તરે કચ્છનો અખાત તથા રણ, પશ્ચિમે ઓખાનુ રણ ને અરબી સમુદ્ર; પૂર્વે મોરબી, રાજકોટ, ધ્રોળ ને ગોંડલ એ સંસ્થાનો તથા હાલાર પ્રાંતના કેટલાક નાના તાલુકા, ને દક્ષિણે સોરઠ તથા બરડા પ્રાંત. સંસ્થાનમાં સાત મહાલ છે. ડુંગરમાં, મોટા બરડા તથા આલેચના. મુખ્ય નદીઓઃ-ભાદર, બેટી, આજી, વરતુ ને કાળુભાર. એ સંસ્થાનના ચાંખાના ટાપુમાં તેમજ કચ્છના અખાતના દક્ષિણ કિનારાઉપર મોતી ઘણાં પાકે છે ને તે સારાં ને પાણીદાર પણ છે. મુખ્ય પાકઃ-જુવાર, બાજરો, ઘઉં, ચણા, તલ, કલથી, કમોદ ડાંગર,

કપાસ, શેરડી ને તંબાકુ. મુખ્ય બંદરઃ- જોડીઆ, બેડી ને સલાયા. તેમાં જોડીઆનું તે ઘણું મોટું છે. સંસ્થાનનો ઘણો ખરો વેપાર મુંબઇ ને કરાંચી સાથે છે. અહીંનું બાંધણી જાતનું કાપડ ઘણું વખણાય છે. નવાનગર શહેરનું કિનખાબ તથા રેશમી કાપડ ઘણું ઊંચી જાતનું છે. સાલ્લા તથા બીજી જાતનું કાપડ પણ. અહીંનો રંગ ઘણો મશહૂર છે. નવાનગરમાં સુંગધી· તેલ, અત્તર ને કંકુ એ સારાં બને છે.

નવાનગરના જામ સાહેબ જાડેજા રજપૂત હોઇ યદુકુળના કહેવાય છે. જાડેજાઓ કચ્છમાં સત્તા ભોગવતા, તેમાંની એક દેદા નામની શાખાએ જામ હાલાની સરદારી તળે કાઠીઆવાડ ઉપર હૂમલો કરી હાલાર પ્રાંતમાંનો કેટલોક મુલખ જીતી લીધો. ૧૫૩૬ માં જામ રાવળે કેટલોક વધારે મુલખ જેઠવાઓ પાસેથી લીધો ને ૧૫૪૦માં નવાનગર શહેર વસાવી ત્યાં રાજ્ય આરંભ્યું. નવાનગરના જામોને ગૂજરાતના સુલતાનો તથા અમદાવાદના સુબાઓ સાથે ઘણી વખતે લઢાઇઓ થયલી ને નવાનગર છોડવું પડેલું પણ આખરે તે રાખી રહેલા. ઔરંગઝેબ બાદશાહના વખતમાં તે બાદશાહે નવાનગર જીતી લઇ ખાલસા મુલખમાં જોડી દીધું હતું, તે વખતે જામ ખંભાળીઆમાં રહેતા. પણ સુમારે ૧૭૧૦-૧૧માં જામ રાયસિંગજીએ મુસલમાનોને કાઢી નવાનગર પોતાને હાથ કર્યું. બ્રિટિશ સરકાર સાથે સંસ્થાનનો સંબંધ ૧૮૦૭થી થવા માંડયો. હાલના જામ સાહેબનું નામ શ્રી વિભાજી છે. એમને કે. સી. એસ. આઇનો ઇલ્કાબ મળેલો છે. સંસ્થાનમાં જમીન વહીવટ ખાતાબંધીની રીતે ચાલે છે. સઘળી મળી ૨૩ ફોજદારી ને ૯ દિવાની કોરટો છે. નવાનગર શહેરમાં કોઠા તથા લાખોટા મહેલ ઘણા રળીઆમણા છે. પંજુવાવ નામે વાવ છે તે ઘણી મોટી ને જોવાલાયક છે.

નારાયણસર—એ ગામ રેતી પત્થરના ઉપડી આવેલા ખડક ઉપર વસેલું હોઇ કચ્છના ભૂજથી વાયવ્ય દિશાતરફ ૮૧ મૈલ દૂર છે. અહીં એક મોટું તળાવ હતું તે અસલના વારાથી જાહેર થયલું છે. એ સિવાય આદિનારાયણનું દહેરું તે પણ ઘણા જૂના વખતથી જાણીતું થયલું છે. એમાં મંદિરો ઘણાં છે ને તે સઘળાંની આસપાસ કોટ ચણી લીધેલો છે. કચ્છના રાવ દેસળજી (ઇ. સ. (૧૭૧૮–૧૭૪૧) ની વાઘેલી રાણી બાઇશ્રી મહાકુંવરબાએ લક્ષ્મીનારાયણ તથા ત્રિકમરાયનાં ને આદિનારાયણ, ગોવરધનનાથ, દ્વારકાનાથ તથા લક્ષ્મીજીનાં એ મંદિરો બંધાવ્યાં છે. ત્રિકમરાયનું મંદિર ઘણું મોહોટું છે. એમાંની મૂર્તિ કાળા સંગેમરમરના પત્થરની છે. તેની ઉપર સોનારૂપાની મળી ૪૦ છત્રીઓ છે. એ સિવાય રણછોડજીનું તથા કલ્યાણરાયનું એ દહેરાં છે. કલ્યાણરાયના દહેરાનું નકશી કામ ઘણું બારીક તથા વખાણવાજોગ છે. કોટની પાસેના રેતી પત્થરના ખડકોમાં રામગુફા, લક્ષ્મણ ગુફા તથા શેષગુફા એ નામની ત્રણ ગુફાઓ છે. અહીં વર્ષમાં બે વખત જાત્રા ભરાય છે, એક કાર્તિકમાં તે શુદ ૧૦ થીતે ૧૫સૂધી પહોંચે છે ને બીજી ચૈત્રી પૂનેમ.

પટ્ટણ—વસ્તી ૩૨,૭૧૨. આ ગાયકવાડી ગામ ઘણું પુરાતન છે. એ વનરાજ ચાવડાએ ઇ. સ. ૭૪૫-૪૬ માં વસાવ્યું. એ રાજ્યની પૂર્ણ કળા સિદ્ધરાજ જયસિંહના વખતમાં પ્રકાશી હતી. એના વખતમાં પાટણનો ઘેરાવ બાર કોસનો હતો, ૮૪ ચૌટાં હતાં. ઇ. સ. ૧૨૯૭-૯૮ માં દિલ્હીના પાદશાહ અલ્લાઉદ્દીને પાટણ સર કરી તેમાનાં ઘણાં મંદિર વગેરે સુંદર મકાનોનો નાશ કીધો. પછી ઇ. સ. ૧૭૬૮ (સંવત ૧૮૨૨) માં દામાજીએ મુસલમાનો પાસેથી તે જીતી લીધું. આ વખતથી એ ગામ ગાયકવાડ સરકારના તાબામાં રહ્યું છે. જૂના ગામમાંની જોવાલાયક જગામાં હિંદુઓનું પંચાસર પારસનાથનું, મહાવીરસ્વામીનું, નેમેશ્વરનું, શાન્તિનાથનું, ગૌતમસ્વામીનું, વગેરે જૈન મંદિરો; રાણીની વાવ (ભીમદેવની રાણી ઉદયમતિએ બધાવેલી.) એ હાલમાં ઘણી ખરી ભાગી તૂટી ગયલી છે; કાળિકામાતાનું દેહેરું (એમાં કાળકા, ભદ્રકાળી તથા અમ્બામાતાની મૂર્તિઓ છે); સિદ્ધરાજનું બંધાવેલું સહસ્રલિંગ તળાવ. (હવે માત્ર એનાં થોડાં થોડાં ચિન્હજ રહ્યાં છે). મુસલમાનોની મસીદો, તથા ગેબનશાહ, પીર સુલતાન હાજીહુદ, મીરમુખતમશાહ વગેરેની દરગાએ. હાલના ગામમાં જૂના શહેરનો થોડોક ભાગ છે. એ સરસ્વતીથી એક મૈલ દૂર છે. જોવાલાયક મકાનોમાં ભદ્રમાંનો સરકારવાડો, ઇસ્પિતાલ, કાઝીખાન, કાઝી ડોસામીઆ, જમાલદીન ઇસફ, મહમદ સોદાગર ફતેહખાન જમાદાર, ગન્ધરબ સુલતાન એમની હવેલીઓ, ને સેખ ફરીદની મસીદ એ છે. પાટણની સૂડી, ચપ્પુ, તથા માટીનાં વાસણો (કુજા વગેરે) ઘણાં વખણાય છે.

પરાંતીજ—મુખ્ય ગામ જે ઉપરથી પરગણું ઓળખાય છે; ગામ અમદાવાદની ઉત્તરપૂર્વે ૩૩ મૈલ ઉપર છે. સને ૧૮૭૨માં વસ્તી ૮૩૪૧ ને મ્યુનિસિપલ ઉપજ રૂ. ૨૬૩૧૦ ની. હાથમતી નદીનો દરોહ જે ખોખ કહેવાય છે તેજ છે. પૂર્વે કાંઠે ગામ છે. બાદશાહોના વખતમાં પરાંતીજ તે ચોરાસી ગામનું મથક હતું; ઉપજ પાંચ લાખની હતી. અનાજને ચામડું એ બહાર ગામ જતાં ને ત્યાં આવવામાં અમદાવાદથી રેશમ તથા કપડાં; ને માળવેથી કપડાં, પાઘડી, ડગલા, ઘઉં, ખાંડ. હાલ પરાંતીજ આબાદ થતું ગામ છે. સાબુ ત્યાં બને છે. મહીકાંઠાની ટેકરીએથી મહુડાનું તેલ ને બાળવાના લાકડાં આવે છે. અને આસપાસના ગામડાંમાંથી ચૂનો ને ઉસ મળે છે. તેથી સાબુનો ધંધો થોડાંક વર્ષ થયાં ધમધોકારે ચાલે છે. હમણાં છ કારખાનાં છે. વર્ષે ૧૦ હજાર મણ (૧૭૮ ટન) એટલો સાબુ થાય છ. આગળ વેપાર વીસનગર તથા બીજાપુરને રસ્તે ડીસા સાથે હતો; હમણાં અમદાવાદ સાથે છે. ત્યાં મામલતદારની ને ચીફ કાનસ્ટેબલની કચેરી છે; પોસ્ટ આફીસ, ટ્રાવેલર બંગલો, ડિસપેન્સરી ને નિશાળ એ ત્યાં છે.

પાટડી—એ વિરમગામ પરગણામાં ૬૩૨૦ ની વસ્તીનું વઢવાણ રેલવેની ખારાઘોડા શાખા ઉપર અમદાવાદની પશ્ચિમે ૫૨ મૈલ ઉપર છે. રણની હદ ઉપર ખુલ્લા મેદાનમાં ફરતો કોટ ને વચમાં જબરો કિલ્લો એવું તે છે. સારાં બાંધેલાં ઘર ને દેહેરાં છે; ને રેલવે ઉઘડવાથી થોડોક ધંધો પણ ત્યાં છે; ઉત્તર તથા પશ્ચિમથી રૂ તથા ઘઉં ને મુંબઇથી ગોળ આવે છે. ૧૮[illegible] માં તેના કિલ્લા

અસાધરણ બળના હતા. પૂર્વ તરફ મોટી વાવ ને દક્ષિણ તથા પશ્ચિમે થુએરીઆની ત્રેવડી વાડ એકેકની વચમાં સાંકડી ઊંડી ખાઇ એવી હતી. વાડની અંદર અડધિયા પથ્થરની ભીંત ને ઉપર ચૂનાના અણતરના બુરજ હતા. પછી બીજી દીવાલ પછી વળી ખાઇ ને ખાઇ ઉપર કિલ્લો–રાજકોટ એ-ઊંચો સારો બાંધેલો ચોરસ ખૂણાના તથા આજુબાજુના બૂરજ સાથે. એ કિલ્લાની માંહે ત્યાંના સત્તાધારીનું એક જબરૂં ઘર ને ઘરની ઉપર બચાવની છેલ્લી જગા દાખલ આઠ ખૂણાનો બુરજ. લોક કાળી, વાણીઆ, ને કણબી સરખી સંખ્યામાં. ૧૮૨૭ પછી ગામ સુધરતું ચાલ્યું. ૧૮૭૨ માં રેલવે ઉઘડવાથી વસ્તી વધી છે ને ગામ તવંગર પણ થયું છે. પાટડી અસલ ધ્રાંગદ્રાના રાજાનું મુખ્ય ઠેકાણું (પાટ). તે ૧૭૪૦માં ૧૯ ગામો ને મીઠાની ઉપજ સાથે મરેઠાઓએ વિરમગામના દેસાઇ ભાવસિંગને આપ્યું એવી કબુલાતે કે તેણે વિરમગામ ઉપરથી સઘળો હક ઉઠાવી લેવો. ૧૭૫૭માં ભાવસિંગે પેશવાના કારભારીને સમજાવી નવું ખત કરાવ્યું એવો શરતે કે મરેઠા સરકારને ૫૦૦ ઘોડાથી ચાકરી કરવી ને ૧૧ ગામ તથા મીઠાની ઉપજનો પોણો ભાગ તેને મળે. કિલ્લો મજબૂત હોવાથી પાટડીના દેસાઇએ ૧૮ મા સૈકાની ધાંધલમાં અગતનો ભાગ લીધો હતો. ૧૮૧૮માં બ્રિટિશ સરકારે મીઠાનો સઘળો કારભાર પોતાના હવાલામાં લીધો; ને દરવરસ ૧૨ હજાર બદલામાં આપવા ઠેરવ્યા. કોટની દિવાલને પથ્થરની વાવ એ સિવાય બીજું કંઇ પાટડીમાં જોવાનું નથી.

પાટણ સોમનાથ—કાઠિયાવાડનું શહેર અરબી સમુદ્રના કિનારાપર છે. એ શહેરમાં સોમનાથ મહાદેવનું દહેરૂં છે તેથી એ અસલના વખતથી પવિત્ર ધામ તરીકે નામીચું થયલું છે. ઇ. સ. ૧૦૨૬ માં મહમદ ગિઝનવીએ સ્વારી કરી પાટણ જીતી લઇ સોમનાથના મંદિર માંહેના મહાદેવના સ્વયંભૂ લિંગના કડકા કર્યા હતા. એમાંથી મહમદને અખુટ દોલત મળી હતી, એક ગ્રંથકાર લખે છે કે સોમનાથના દહેરાને અંગે દશ હજાર ગામો, ૩૦૦ ગવૈયાને ૫૦૦ રામજણીઓ છે. યાત્રાળુઓની હજામત કરવાસારૂ ૩૦૦ તો હજામો છે. મુસલમાનોએ ત્રણ વખત એ દહેરૂં તોડી પાડ્યું હતું. સોમપુરા સલાટ કહેવાય છે તે સોમનાથ પાટણ ઉપરથી. અહીં હાલ લાકડાના તથા લોઢાનાં તાળાં સારાં બને છે. એક દવાખાનું, છોકરાઓની તથા છોડીઓની નિશાળ અને મુલ્કી તથા ન્યાયખાતાના અમલદારની કચેરીઓ છે.

પારડી—સૂરત જિલ્લાના તેજ નામના તાલુકાનું ગામ, ૪૫૪૫ ની વસ્તીનું. ત્યાં મામલતદારનું થાણું, પોલીસ ચોકી, પોસ્ટ આફિસ ને દવાખાનું છે,

પારનેરા—સૂરત જિલ્લામાં વલસાડની અગ્નિકોણમાં ચાર મૈલ ઉપર ડુંગરી, સપાટીથી ૫૦૦ ફૂટ ઊંચી છે. તેના શિખર ઉપર કિલ્લો હતો; તે પંદરમા સૈકાના અંત સૂધી ધરમપુરના રાજાના તાબામાં હતો; પછી મહમૂદ બેગડાના વખતથી તે અમદાવાદના બાદશાહની સત્તા તટી ત્યાંલગી તે મુસલમાન સરદારોના હવાલામાં હતો; તે પછી લૂટારાના કોઇ મૂખીના હાથમાં

ગયો હતો; ફિરંગીઓના કહ્યા મુજબ તે કિલ્લા ઉપર બે વાર ૧૫૬૮માં દમણની ફોજે ચઢાઇ કરી હતી ને બીજી વખત તેને તોડી પાડવામાં આવ્યો હતો. સો ઉપર વરસ તેવી હાલતમાં રહ્યા પછી ૧૬૭૬ના એપ્રિલમાં શિવાજીના એક સરદાર મોરો પંડિતે તે લીધો ને ફરીથી બંધાવ્યો. સો વરસ મરેઠા પાસે તે રહ્યો. ૧૭૮૦માં લેફટેનંટ વેલ્શની સરદારીવાળી અંગ્રેજ સિપાઇની તુકડીએ તે લીધો; પિંડારાઓની ધાડની સામાં બચાવ કરવાને ત્યાં ફોજની તુકડી રહી હતી પણ ૧૮૫૭ના બળવામાં તે કિલ્લો પૂરેપૂરો તોડી પાડી નાખવામાં આવ્યો.

પાલનપુર—પાલનપુર એજન્સીના તાબાનું પહેલા વર્ગનું સંસ્થાન. વિસ્તાર ૨૩૮૪ ચો૦ મૈ૦ વસ્તી ૧૫,૯૭૨ ને વાર્ષિક ઉપજ રૂપીઆ ચાર લાખ. સીમા:—ઉત્તરે મારવાડ ને શિરોહી, પૂર્વે મહીકાંઠાનાં શિરોહી તથા દાંતા સંસ્થાન, દક્ષિણે ગાયકવાડી પાટણ તથા બેરાજુ મહાલો, ને પશ્ચિમે દીઓદર તથા થરાડ. નદીઓ:—પાલનપુર સંસ્થાનમાં થઇ વહેનારી બનાસ, સરસ્વતી ને ઉમરડકી એ સઘળી ઇશાન દિશામાંથી નિકળી પશ્ચિમ તરફનો વોહ લઇ કચ્છના રણમાં મળી જાય છે. જમીન ઉત્તર તથા પશ્ચિમ તરફની તે રેતાળ ને ગોરાટ ને વર્ષમાં એકજ પાક આપે એવી તથા દક્ષિણ તથા પૂર્વ તરફની તે ખાસી કાળી ને વરસાદ સારો પડે તો વર્ષમાં ત્રણ પાક આપે એવી છે.

પાલનપુરનું જૂનું નામ પ્રલ્હાદન પાટણ હોઇ એ ચંદ્રાવતીના પરમાર ધારાવર્ષના ભાઇ પ્રલ્હાદન દેવે વસાવ્યું હતું. એ ઇ. સ. પૂર્વે પહેલા સેકામાં ઉજ્જડ પડયું પણ દેવરા ચોહાણોએ આબુ તથા ચંદ્રાવતીનો પ્રદેશ જીત્યો (ઇ. સ. ૧૩૦૩માં) તે વખતે પાલનસી ચોહાણે પાછું વસાવ્યું ને ત્યારથી એનું નામ પાલનપુર પડયું. ત્યારપછી ઝાલોરના ઝાલોરી મુસલમાનોએ એ જીતી લીધું. હાલમાં પણ એ મુસલમાનોના હાથમાં છે. પાલનપુરનો બ્રિટિશ સરકારસાથે સંબંધ પાલનપુરના દિવાને ગાયકવાડ સરકારને બાદશાહી ૫૦ હજાર રૂપિઆની ખંડણી આપવાનો ઠરાવ ઇ. સ. ૧૮૦૯માં કર્યો ત્યારથી થવા માંડયો. ૧૮૧૭ થી દિવાનની ખાસ મરજી ઉપરથી ત્યાં ઇંગ્રેજ સરકારનો પોલિ-ટિકલ સુપરીન્ટેન્ડેન્ટ રાખવામાં આવ્યો. હાલના દિવાન સાહેબનું નામ શેર મહમદખાન છે.

સંસ્થાનનું મુખ્ય શહેર પાલનપુર છે. વસ્તી ૧૭,૧૮૯, એની આસપાસ કોટ છે. શહેરમાં એક ઇસ્પિતાલ, પોસ્ટઆફિસ, તારઆફિસ, પોલિટિકલ સુપરિન્ટેન્ડેન્ટની તથા તેના આસિસ્ટંટોની કચેરીનાં તથા દરબારી કચેરીઓનાં મકાનો, ચાર જૈન મંદિરો ને સાત મસીદો એ સિવાય કાંઇ જોવાલાયક જગા નથી. ગામ બહાર બે દેહેરાં તથા કેટલાક રોજાઓ છે.

પીરપારડી—ભરૂચ તાબાના અંકલેશ્વર પરગણામાં મુસલમાનનો ઓરસ હરવરસ ભરાય છે તે જગા. કબર પંદરવારથી જરા વધારે લાંબી છે; ત્યાં જનારા તેટલી લંબાઇની ચાદર કબરને ઓ-ઢાડે છે.

પીરમ—ખંભાતના અખાતમાં એક ખડક છે. ઘોઘાની દક્ષિણે સાડાચાર મૈલ ઉપર ને કાઠીઆવાડ કાંઠાની પાસેના ભાગથી રા મૈલ ઉપર તેનો કેટલોક ભાગ ઉડેલી રેતીથી ઢંકાયલો

છે ને ભરતી હોય છે ત્યારે ૧॥ મૈલ લાંબો ને ૦॥ મૈલ જેટલો પોહોળો હોય છે. તે ઘોઘાના કસબાતીઓના જમીદારીનો ભાગ છે; ને તેઓને દિલ્હીના બાદશાહોએ આપેલો હતો. પીરમ ટાપુની આગળ ભરતી બહુ જોરમાં હોય છે. મોટી ભરતીની ગતિ દોઢ કલાકે ૧૨ મૈલની છે. તોફાનની ધાસ્તીએ ઘોઘાથી પીરમ તરફ જતાં વહાણ બહુ દૂર રહે છે. દહેજ બારા તરફ પશ્ચિમ કાંઠાને લગતા ૨૦ થી તે ૩૦ ફૂટ ઊંચા કંકર તથા મટોડીના ટેકરા છે; પૂર્વમાં સપાટ જમીનનો એક લાંબો કકડો છે પણ બાકીના ભાગમાં રેતીના ટેકરા છે ને તેની નીચે કાળી જમીન છે ને તે ટેકરા દરિયાની સપાટીથી ૬૦ ફૂટ કરતાં વધારે ઊંચા નથી. પૂર્વમાં બાજરી વવાય છે. ચોમાસામાં તો ત્યાં કોઇ રહેતુંજ નથી ને સૂકે દાહાડે (અક્ટોબરથી તે મે સૂધી) દીવા દાંડીવાળાને ગણીએ તો માત્ર બાર કુટુંબ એડુ તથા માછી એઓનાં ત્યાં રહે છે.

ચૌદમા સૈકા સૂધી પીરમ બારીઆ કોળીના હાથમાં હતો. પછી ગોહેલ રજપૂતોએ પોતાના મુખી મોખ્ખરાજીની સરદારી તળે આવી ઘોઘા ને પીરમ લીધાં (એ ગોહેલ રજપૂત મારવાડથી ગૂજરાતમાં આવેલા તેને ૧૫૦ વરસ થયાં હતાં). એ મોખ્ખરાજી એ ટાપુમાં રહી મોટો ચાંચિયો થયો. પણ ૧૩૪૭ માં ફરીઆદ થવા ઉપરથી બાદશાહ મહમ્મદ તઘલખે આવી તેનો કિલ્લો લીધો ને તેને મારી નાખ્યો. મોખ્ખરાજીની હાર પછી ત્યાં વસ્તી કરવાને કિલ્લો બાંધવાની તજવીજ કીધી પણ તે પાર પડી નહિ અઢારમા સૈકાના મધ્યમાં સૂરતના વેપારી મુલ્લા મહમદઅલીએ ત્યાં કિલ્લો બાંધી વસાવવાની કોશિશ કીધી પણ હવાની ધાસ્તીએ કોઇ ત્યાં વસ્યું નહિ, મુલ્લાના તૂટી પડેલા કિલ્લાના પત્થર વગેરેમાંથી દીવાદાંડીનો મનારો બંધાયો છે. તે કિલ્લાનો પાયો ટાપુની વચમાં છે. વળી દેહેરાંઓની નિશાની છે ને એકમાં તો બેઠેલા બુદ્ધની મૂર્તિ મનસ્વી રીતે કોતરેલી (૧૮૩૬ માં) છે.

ફાસીલ પદાર્થ પીરમમાં નિકળે છે. લાકડું પત્થર જેવું થયલું જમીનમાંથી નિકળે છે. તે ઉપરાંત, પ્રાણીઓનાં શેષ ૧૮૩૬ માં ટાપુના અગ્નિકોણમાંથી ઘણાંક મળી આવ્યાં હતાં. તે શેષ ઉત્તર સિંધ, સિવાલી પર્વત ને હિમાલયની તળેટી એ ઠેકાણેથી મળેલાં ફાસિલ જેવાં છે. બે વાગોળનારાં પ્રાણી બહુજ મોટાં તેનાં શેષ, ને એ ઉપરાંત હાથી, ગેંડાં પાણીપંથો ઘોડો, બળદ, હરણ, ઘણી જાતની સુસવાળ, મીઠા પાણીના કાચબા ને ઘણીજ મોટી માછલીઓ, એનાં શેષ પણ મળ્યાં હતાં;

પેટલાદ—એજ નામના ગાયકવાડી મહાલ, જેનો વિસ્તાર ૨૮૦ ચો૰ મૈ૰ વસ્તી ૧,૩૮,૨૯૨ વાર્ષિક ઉપજ રૂા. ૮,૭૮,૦૦૦ ને સીમા, ઉત્તરે નડિયાદના તાલુકાનાં ગામ, પૂર્વે આણંદ તથા નડિયાદ એ તાલુકાનાં ગામો, દક્ષિણે મહી, ખંભાત તથા વડોદરાના તાબાનાં ગામો તથા પશ્ચિમે ખંભાત સંસ્થાનનાં ગામો છે, તેનું મુખ્ય ગામ છે. એની વસ્તી ૧૪,૪૧૮ એટલી છે. એમાં નાયબ સુ-

બાની મુનસફની, વહીવટદારની, ને પોલીસ ફોજદારની કચેરીઓ, દાણ જકાતનું નાકું, દવાખાનું, તુરંગ, પોસ્ટઆફિસ, ને એક લાઇબ્રરી, એક ઇંગ્રેજી-ગૂજરાતી, એક ગૂજરાતી, એક મરાઠી, એક ઉરદુ તથા એક છોડીની એટલી નિશાળો છે. ગામમાં પરમામા તથા રામનાથનું એમ બે તળાવ છે. હિંદુઓનાં દહેરામાં રામનાથનું, સોમનાથનું તથા કાળિકામાતાનું એ જોવાલાયક છે. અરજતશાહ પીરની દરગા તથા જુમા મસીદ એ પણ સારાં મકાનો છે.

ગાયકવાડી મુલખમાં આ મહાલ સૌથી વધારે રસાળ છે ને એમાં તંબાકુનો પાક ઘણો છે ને તે વળી ઘણી ઊંચી જાતનાનો.

પોરબંદર—કાઠીઆવાડમાં ત્રીજા વર્ગનું સંસ્થાન વિસ્તાર ૬૦૦ ચો૦ મૈ૦, વસ્તી ૭૨,૦૦૦ ને વાર્ષિક ઉપજ ચાર લાખની. સીમા:–ઉત્તરે નવાનગરનો મુલખ, દક્ષિણે તથા પશ્ચિમે અરબી સમુદ્ર ને પૂર્વે જુનાગઢનો મુલખ. એમાં સાત મહાલો છે: મુલખ ઘણોખરો પાધર છે. મુખ્ય નદી:–ભાદર, મીનસાર ને વરતુ. ડુંગરમાં મોટો બરડાનો. મુખ્ય પાક:–જુવાર, બાજરો, ઘઉં, ચણા, કપાસ, ડાંગર, દીવેલા, શેરડી, તલ, ઓલીઆ, અડદ, મગ, કાંગ, બંટી, ચીણો ને તંબાકુ. મુખ્ય બંદરો:–પોરબંદર, નવી બંદર, માધવપુર તથા મીઆની. એ સઘળાનો વેપાર સ્વેજ, એડન મલાકા, બસરા, બુશાયર, મોઝાંબિક. જંગબાર, મલબાર કાંઠાનાં બંદરો, સૂરત, ભરૂચ, અને ખંભાત સાથે હતો, પણ હાલમાં ઘણો ખરો મુંબઇ સાથે છે.

પોરબંદરના રાજા તે રાણા કહેવાય છે ને જેઠવા રજપૂત જાતીના છે. એ જાત કાઠીઆવાડમાં ચાવડા તથા ચૂડાસમાઓની પછી પણ બીજી બધી રજપૂત જાતોની પહેલાં આવેલી. એમની પહેલી રાજધાની ઘુમલી ને એનો નાશ થયાપછી છાયા. મોગલ સત્તા છેક ડોડલી થઇ ત્યારે રાણાઓ પોતાની રાજધાની પોરબંદરમાં લાવ્યા. હાલના રાણાશ્રીનું નામ વિકમાતજી છે. એ ૧૮૩૧ માં ૮ ની વર્ષે ગાદીપર આવ્યા. એમની નાની વયમાં રાજકારભાર એમની માતુશ્રી શ્રી રાણીરૂપાળીબા ચલાવતાં. રાણીશ્રી એ પોરબંદરમાં કેદારેશ્વર મહાદેવનું દહેરૂં, એજ નામનો કુંડ તથા માઠા તળાવ એ બંધાવ્યાં. સંસ્થાનમાં બધી મળી ૧૦ નિશાળો છે. પોરબંદરમાં એક ટંકશાળ છે તેમાં રાણાશ્રીના સિક્કા, કોરી તથા દોકડા એ પડે છે.

બરવાલા—અમદાવાદ તાબાના ધંધુકાની દક્ષિણે ૨૫ માઇલઉપર, ઉતાવળી નદીઉપર કોટબંધીવાળું ને ૧૮૧૩ ની વસ્તીનું ગામ છે. ઉત્તરે ગામની જમીન રસાળ છે ને દક્ષિણે કાંઇ નઉગે તેવી. લીમડી સંસ્થાનના કોઇ કારભારીએ કોટ બંધાવ્યો છે તે સિવાય તેમાં બીજું કંઇ નથી. ત્યાં, ટ્રાવેલરસ બંગલો છે.

બહુધાન—સૂરત જિલ્લામાં માંડવી તાલુકાનો કસબો ૩,૩૦૫ વસ્તીનો. જ્યારે બૃહસ્પતિ સિંહરાશિમાં આવે છે, બારે વરસે, ત્યારે ત્યાં જાતરા ભરાય છે; સુમારે બે એક હજાર માણસ સૂરત, ભરૂચ, અમદાવાદ, ને વડોદરા તથા રાજપિપલાનું ત્યાં એકઠું થાય છે. ગૌતમેસ્વરના દહે-

રાની જગો ૧૫ ૩/૪ ૩/૦ એકર છે. તેનો જમાબંધી દર લેવાતો નથી પણ ૩૪ાા રૂપિયા હર વરસ સરકારમાં લેવાય છે. તપોધનને જમીનની વરસની ઉપજ ઉપરાંત જાતરામાં રૂા, ૩૦૦ મળે છે. મેળામાં કપડાં, રમકડાં, ખાવાનાં પદાર્થ વગેરેની ઉથલપાથલ રૂપિઆ હજારેકની થાય છે.

બારડોલી—સૂરત જિલ્લાનું ગામ ૧૦૩૭ ઘર ને ૪૨૮૨ વસ્તીનું. ત્યાં થાણું, ચોકી ને પોસ્ટ આફીસ છે.

બારીઆ—રેવાકાંઠા એજન્સીના તાબાનું બીજા વર્ગનું સંસ્થાન, વિસ્તાર ૮૧૩ ચો૦ મૈ૦, વસ્તી ૫૨,૪૨૧ ને વાર્ષિક ઉપજ ૧ લાખ ૮૦ હજારની. સીમા:–ઉત્તરે રેવાકાંઠાનું સંજેલી સંસ્થાન, પૂર્વે પંચમહાલ જિલ્લાના ઝાલોદ તથા દોહદ તાલુકા, દક્ષિણે રેવાકાંઠાનું છોટા ઉદેપુર, ભોપાવર એજન્સિના તાબાનું કાઠીઆવાડ સંસ્થાન તથા પંચમહાલનું જાંબુ ઘોડા, ને પશ્ચિમે પંચમહાલના ગોધરા તથા કાલોલ તાલુકા. મુલખ ડુંગરાડુંગરીવાળો ને જંગલથી ભરપૂર એવો છે. મુખ્ય પાક:–સાગ મકાઇ, ચણા, ઘઉં, બંટી, બાવટો, કોદરા ને દીવેલા. વસ્તીનો મોટો ભાગ, કોળી ભીલ તથા નાયકડાનો છે.

બારીઆના રાજા ખીચી ચોહાણ રજપૂત છે. ચાંપાનેર પડયા પછી ત્યાંના પટાઇ રાવળના પૌત્ર પ્રથિરાજે નર્મદાના કિનારા ઉપરના મુલખમાં રાજ્ય માંડયું. એના પુત્ર દુર્જનસિંગે કોળીઓ પાસેથી બારીઆ જીતી લઇ ત્યાં પોતાની રાજધાની કરી. બારીઆના રાજાનો બ્રિટિશ સરકાર સાથેનો સંબંધ ૧૮૦૩ થી શરૂ થયો છે. સિંધીઆની સાથેની લઢાઇમાં રાજા ગંગાદાસે બ્રિટિશ સરકારને ઘણી મદદ કરી હતી. હાલના રાજાનું નામ શ્રીમાનસિંગજી છે. એ ૧૮૬૪ માં ૮ વર્ષની વયે ગાદીપર બેઠા; એમની સગીર ઉમરમાં રાજ્યનો કારભાર બ્રિટિશ સરકારના અમલદારો ચલાવતા તે વખતમાં ઘણો સુધારો થયો છે. સંસ્થાનમાં સઘળી મળી ૧૪ નિશાળો છે. એક દવાખાનું પણ છે. સસ્થાનનું મુખ્ય ગામ બારીઆ (વસ્તી, ૨૮૯૧). એમાં રાજાનો મહેલ છે તે જોવાલાયક છે.

બાવલોઆળી—જોવું અમદાવાદ તાબાનું ધોલેરા.

બાવા રૂસ્તમ—એવીરની બે દરઘા છે; એક ભરૂચ તાબાના પરીએજથી એક મૈલ છેટે ને બીજી ગંજલશાની કહેવાય છે તે જંબુસરમાં છે. પરીએજ આગળનો ઓરસ ત્રણ દાહાડાનો છે તે હરવરસે જમાદીઉલઅવલને બાવીસમે રોજ થાય છે; જંબુસરનો ઓરસ બે દહાડાનો તે હરવરસ રજબના તેરમાં રોજથી ચાલે છે.

બેહેચરાજી—કડીથી ૨૩ મૈલ દૂર છે. બેહેચરા માતાનું દહેરૂં કાંઇ મોટા શહેરની પાસે નહિ પણ જંગલમાં બાંધેલું છે. દહેરાની આસપાસ ઇંટે ચણેલો મોટો કોટ છે. જેનો દક્ષિણ તરફનો દરવાજો જે મુખ્ય દરવાજો છે તે એવડો મોટો છે કે તેમાં હોદ્દા સાથે હાથી જઇ શકે. માતાનાં ત્રણ દહેરાં છે. બે છેડાનાં તે આદ્યસ્થાન ને વચલું તે મધ્યસ્થાન કહેવાય છે. એ માંહેના પહેલામાં જે વખરીઆ ઝાંડમાંથી માતા પ્રથમ નિકળ્યાં તે ઝાડ છે. સૌથી મોટું મંદિર તે મા-

B 524—jj

નાજીરાવ ગાયકવાડે સંવત ૧૮૩૫ માં બંધાવ્યું છે. દહેરૂં પથ્થરનું બાંધેલું હોઇ તેને બે ધુમટ ને એક શિખ્ખર છે. દેરાસરની દિવાલમાં એક ખાડામાં બ્બલયંત્ર (યોનિ) નું ચિન્હ છે પણ ખાડાઉપર આંગી જડેલી છે તેથી તે ચિન્હ લોકોની નજરે પડતું નથી. આંગીનીઉપર માતાની મૂર્તિ કોતરેલી છે. મૂર્તિ, સોના રૂપાના ઘરેણાંથી સુશોભિત કરેલી છે. દહેરાના પૂજારીઓ ગાયકવાડ સરકાર નીમે છે. પણ તેને પગાર દહેરાની ઉપજમાંથી મળે છે. માતાની પૂજા કરનારા ઔદિચ્ય કે શ્રીમાળી બ્રાહ્મણો હોય છે. સવારમાં પૂજારી નાહીધોઇ મૂર્તિ ઉપર પંચામૃત રેડી અભિષેક કરી ચંદન પુષ્પ ચઢાવે છે ને પછી નૈવેદ ધરાવાય છે. નૈવેદ ધરાવ્યા પછી આરતી કરે છે. એટલે સવારની પૂજા પૂરી થાય છે. સાંજની પૂજા વખ્તે મહા નૈવદ્દે ધરાવે છે. સાંજની પૂજા વખ્તે સપ્તશતિનો પાઠ કરે છે. દર પૂનેમે યાત્રાળુઓ માતાને દર્શને આવે છે. માણુકઠારી (આસોસુદ પુનમ) તથા ચૈત્રી પુનમે સૌથી મોટી જાત્રા ભરાય છે. ચૈત્ર તથા આસોસુદ આઠમે હવન થાય છે ને પાડાનો માતાને ભોગ આપવામાં આવે છે. ગાયકવાડ સરકાર તરફથી દહેરાના ખરચખુટણ સારૂ ત્રણ ગામ બેચર, ડોડીવાડાને સંખલપુર મળેલાં છે. દહેરાંની એકંદર ઉપજ રૂા ૨૧ હજારની છે. દહેરાની ઉપજમાંથી ધર્મશાળાઓ, વાવ, કૂવા, તળાવ, દવાખાનું, ગૂજરાતી નિશાળ, પોલીસથાણું વગેરે બંધાયાં છે.

બોરસદ—વાસદ સ્ટેશનની પશ્ચિમે બાર મૈલઉપર ને ખંભાતની પૂર્વે ચોવીસ મૈલઉપર ૧૨૨૧૪ માણસની વસ્તીનું ખેડા જિલ્લામાં મોટું ગામ છે. તેને બે કોટ છે. તેમાં બાહારનો તૂટેલો ને માંહેનો સારી હાલતમાં છે. કહેવાય છે કે બોરસદ રાજા નળના વખ્તમાં હતું (ઇ. સ. ના ચોથા સૈકામાં). પણ કોટો તો એક મરેઠા સરદાર રંગોજી જેણે ૧૭૪૧ થી બોરસદમાં પોતાનું થાણું કહેલું તેણે બંધાવ્યા છે. તીસ વર્ષ થયાં પ્રેસબીટેરીઅન ખ્રિસ્તી પાદરી ત્યાં રહે છે. ત્યાં મામલતદારની ને પોલીસની આફીસ છે; સબ જજની કોરટ પોસ્ટ આફીસ ને દવાખાનું છે.

ભદ્રેશ્વર—કચ્છનું ગામ માંડવીથી પૂર્વે ૩૫ મૈલઉપર છે. અહીં અસલના વખતની ભદ્રાવતી નગરી હતી. એ નગરીનાં ખંડિયર ઘણાં ખરાં લોકો લઇ ગયા છે. રહ્યામાં એક વાવ, તેની પાસેજ દુદાના શિવના દહેરાંનો ધુમટ તથા થાંભલાઓ, ને જગડુશાહનું બંધાવેલું જૈનમંદિર. એ આશરે ૧૧૭૦ માં બંધાયલું જણાય છે. એની બાંધણી બીજાં જૈન મંદિરોના જેવીજ છે, દેરાસરમાં ત્રણ આરસની મૂર્તિઓ છે. એક અજીતનાથની, તેની જમણી બાજુએ પારસનાથની ને ડાબી બાજુએ શાંતિનાથની. મંદિરોની દક્ષિણે બે મુસલમાનોની મસીદોનાં ખંડિયર છે.

ભરૂચ—ગૂજરાતનું ચોથું ને સિંધ સિવાય મુંબઇ ઇલાકાનું નવમું શહેર, ઉત્તર અક્ષાંસ ૨૧° ૪૨′ તથા પૂર્વ રેખાંસ ૭૩° ૨′ ઉપર. ત્યાંની વસ્તી ૩૬,૯૩૨ માણસની ને મ્યુનિસિપાલિટીની ઉપજ રૂા. ૭૬,૮૯૦ છે. શહેર પરાંસાથે ૨॥ મૈલ લાંબુ તથા પોણો મૈલ પહોળું છે. ત્યાંના લોકજ તેને જીભ જેવું કહે છે. નર્મદાની દક્ષિણ તીરેથી જોતાં એક ઊંચા ટેકરાના મા-

થાપર કેટલાંક મકાન ઝઝુમતાં તથા તેના દક્ષિણના ઢોળાવપર ઘણાંક ઘર ખિચોખીચ આવી રહેલાં ભારે પત્થરનો કોટ નદી તીરની હારોહાર એક મૈલ લગી લાંબો ગયલો, અને ભાંગી તુટી પડેલા કિલ્લાના પત્થરના ઢગ ટેકરીની બાજુઓએ ને ચોમેર વેરાતા પડેલા એથી ભરૂચ શહેર આપણું ધ્યાન ખેંચીને ચિત્રરૂપ દેખાવ આપે છે. કિલ્લાની ઊંચી જમીન થકી દરેક બાજુએ પાહોળી ખુલ્લી સપાટ જમીન છે. દક્ષિણ તરફ છેક પાસે નદી, બે પાર વચ્ચે મૈલેકની, છે ને પશ્ચિમ તરફ સમુદ્રને મળવાને વધારે પોહોળી થતી જાય છે. પશ્ચિમે વેજલપુરની બાહાર આવેલી ઝાડીઓ ને ઉત્તરે લગોલગ આવેલી બે ટેકરીઓ એથી સપાટ મેદાનની હાર બદલાય છે. અગ્નિકોણમાં આમલીની હારો છે ત્યાં સો વરસ ઉપર નવાબનો બાગ હતો. તેમાં "ઉન્હાળાના તંબુ, ફૂવ્વારા, નહેર અને બહુ ફૂલફલ હતાં." પૂર્વમાં હિંદુનાં પવિત્ર સ્થળ છે બલીના દશાશ્વમેધનું * ને ભૃગુ ઋષિના દહેરાનું. કહેવાય છે કે કિલ્લો, અનહિલવાડના સિદ્ધરાજ જયસિંગે (૧૦૯૪–૧૧૪૩) બંધાવ્યો હતો; બહાદુરશાહે (૧૫૨૬–૩૬) ફરીથી બંધાવી જબરો કીધો; ૧૬૬૦ માં ઔરંગજેબના હુકમથી શહેરનો કોટ કેટલોક તોડી પાડવામાં આવેલો પણ પચ્ચીસ વર્ષ પછી મરેઠાના હલ્લાથી શહેરનો બચાવ રાખવાને ફરી પાછો બંધાવવાની તેને જરૂર પડી હતી. નદીને લગતી દિવાલ જે કાળી શિલાની છે ને જેને સારી મરામત થયાં કરે છે તે સિવાય બીજે બધે કોટ ભાંગી પડેલો છે ને કેટલેક ઠેકાણે તો તેની નિશાની પણ માલમ પડતી નથી. શહેરમાં રસ્તા સાંકડાને કેટલાક ઉભા ચઢાવના છે. ઘરો સાદાં, ઘણુંકરીને બે માળનાં, ઇંટની ભીતનાં, ને નળિયાંવાળાં છાપરાંના છે; તવંગરનાં કેટલાંક મકાન જે મોટા દુકાળના વરસ (૧૭૯૦) માં બંધાયલાં તે શહેરના પૂર્વ તરફના ભાગને શોભા આપે છે; એમાનું એક ભરૂચની ઉપજનાં ઇજારદાર લલ્લુભાઇનું છે તે સૌથી સારૂં છે. આગલો ભાગ લાકડાંમાં કરેલી નકસીથી ભરેલો છે. પરાંનાં ઘર સારાં નથી. એક માળનાં ને ઇંટોરી પિંડોરી ને છાજનાં છે. પરાંઓની જમીન ૨ાા ચોરસ મૈલ છે. તેમાં પાંચ ગામ છે તે પરી કહેવાય છે: વેજલપોર પશ્ચિમે, ડુંગરી, વાયવ્યે, આલી ઉત્તરે, કણબીવાગ (ચિંગસપરૂં) ઇશાને, ને મોજમપોર પૂર્વમાં; કસક તે ચિંગસપરાંનું પેટા પરૂં છે. વેજલપોરની પાસે ૧૭૮૦ માં કોઠીવાળાઓની વાડીઓ હતી ને ભરૂચના ત્રણ ચાર યૂરોપીઅનો ત્યાંજ રહે છે; વળી મુસલમાનની ઇદગા પણ ત્યાંજ છે અને નદીના કાંઠા પાસે રેલવે બંધાતાં પહેલાં રૂના સાંચા હતા. વેજલપોરની પેલીતરફ અડધે મૈલને છેટે નદીતરફ ઊંચી જગોએ યૂરોપીઅન તથા શહેરના તવંગર લોક ને પારસીઓ હવાખાવા જઇ બેસે છે. એક રસ્તો નદીને કાંઠેથી મોજમપોરમાં થઇને શુક્લતીરથ જવાનો છે. પૂર્વ તરફના ભાગમાં શહેરમાં આવનારા સાધુ જોગી ને માટે ધર્મશા-

* ઝાડેસરના દરવાજાની પાસે સોમનાથનું જૂનું દહેરૂં છે તે ઠેકાણે બલીરાજાએ ઇંદ્રપદ પામવાને દશ ઘોડાનો યજ્ઞ કીધો હતો. એ ઠેકાણે હિંદુઓ પોતાના મુડદાં બાળે છે.

ળાઓ છે ને ત્યાં જવાના રસ્તામાં સુંદર રતન તળાવ છે કે જે સો વરસપર લલ્લુભાઇના વહીવટમાં બંધાયું હતું.

પૂર્વે ભૃગુઋષિનો આશ્રમ હતો તેથી ત્યાં વસનારા લોકે નગરનું નામ ભૃગુપુર રાખ્યું. નદી હમણાં છે ત્યાંથી દક્ષિણે ત્રણ મૈલ છેટે હતી ને ઋષિને પ્રતાપે પાસે આવી છે. ઇ. સ. ના પહેલ- સૈકામાં ભૃગુના નામ ઉપરથી મોટો પ્રદેશ ઓળખાતો ને ભરૂચ પશ્ચિમ હિંદુસ્થાનમાં મોટું બંદર ગણાતું. પછી બસેં વરસ ઉપર તે જૈન ધર્મ પાળનાર કોઇ રજપૂત રાજાનું રાજનગર હતું; ને સાતમા સૈકાની શરૂઆતમાં એક જાત્રાળુ ચીનાના લખ્યા પ્રમાણે ત્યાં દશ મઠ, ત્રણસેં સાધુ ને દશ દહેરાં હતાં. પછી પચાસ વરસ ઉપર તવંગર બંદર જાણી ત્યાં મુસલમાનો સવારી લેઇ ગયા હતા. અનહિલવાડના રાજાઓના વખતમાં (૭૪૬–૧૩૦૦) ભરૂચ તે રાજ્યનાં બંદરોમાનું એક બંદર હતું. સૈકા ૧૧ માં તે લાટદેશના નગરોમાનું એક હતું એમ કહેવાયલું છે ને બારમા સૈકાને વચગાળે (૧૧૫૩) તે મોટું શહેર દેખાવડું ને ઇંટ ચૂનાથી બંધાયલાં ઘરોનું, વળી લોક શ્રીમંત દૂર દેશાવર સાહસિકપણે વેપાર ધંધો કરવાવાળા એવું ને ચીન તથા સિંધથી આવતાં વહાણોનું મુકામ હતું એ પ્રમાણે લખાયલું છે. અનહિલવાડનું રાજ તૂટયા પછીના હંગામમાં શહેર એક થી વધારેના તાબામાં ગયું હશે. બેતરસ (૧૫૩૪—૩૬) બાદશાહ હુમાયુંના સરદારોએ રાખેલું તે સિવાય શહેર બસેં વરસ (૧૩૯૧–૧૫૭૨) અમદાવાદના તાબામાં રહ્યું. સોળમા સૈકામાં બે વખત (૧૫૩૬ ને ૧૫૪૬ માં) ફિરંગીઓએ તે લૂટયું હતું; તેઓએ આપ્રમાણે વર્ણન કર્યું છે: “બે સવાર સાથે જઇ ન શકે તેવા સાંકડા રસ્તા છે, તોપણ તેનો કિલ્લો લિસબન જેવો છે, ઘરો મોટાં ઊંચાં ને કીમતી કટેરા જાળીવાળા છે, હથીદાંત ને સીસમના ઘાટનાં કારખાનાં છે, ને કારીગરો વણાટનાં કામમાં બહુ હોશિયાર છે. તેના જેવા કપડાં બનાવનાર દુનિયામાં નથી.” ૧૫૭૩માં શહેર અકબર- ના તાબામાં આવ્યું. દશ વરસ પછી તે મુઝફ્ફરશાહે પાછું લીધું, પણ થોડા મહિના પછી તે પાછું દિ- લ્લીના બાદશાહના તાબામાં આવ્યું હતું. ૧૬૧૪ માં ફિરંગીઓએ તે ત્રીજી વાર લૂટયું. ૧૬૧૬માં અંગ્રેજ ને ૧૬૧૭ માં વલંદાએ ત્યાં કોઠી ઘાલી. ૧૬૫૦ માં ઓરંગ જેબના હુકમથી કિલ્લાનો કેટ- લોક ભાગ તોડી પાડવામાં આવ્યો ને પછી બેવાર ૧૬૭૫ ને ૧૬૮૬ માં મરેઠાઓએ શહેર લૂટયું. પછી પાછો કોટ બાદશાહે ફરી બંધાવ્યો ને શહેરનું નામ સુખાબાદ પાડયું. ૧૭૩૬માં ત્યાંના મુસલમાન કિલ્લેદારને નિઝામ ઉલમુલ્કે નવાબને દરજ્જે ચઢાવ્યો. પછી એના વંશજો સ્વતંત્ર હાકેમ જેવા રહ્યા. તે શહેર અંગ્રેજોએ ૧૭૭૨માં લીધું ત્યાંલગણ ત્યાંના રૂની બહોળી માગણી હોવાથી ને ઘણું ચીન જવાથી ભરૂચ વેપારનું મોટું તથા આબાદ મથક થઇ પડયું ૧૭૮૮ માં તે સિંધિયાને હવાલે ગયું. ત્યારે પણ ત્યાં આરબ મોગલ વગેરે ઘણા વેપારીઓ હતા. ઘણી જાતનાં કાપડ ત્યાંથી દેશાવર જતાં. ૧૮૦૩માં અંગ્રેજોના તાબામાં તે છેલ્લું આવ્યું, જ્યારથી ત્યાંનો વેપાર ધંધો ઓછો થવા લાગ્યો તોપણ ભરૂચ કેટલાક વરસ અગત્યનું રહ્યું. ૧૮૨૦થી ભરૂ-

ચની પડતી ચાલી તે પચ્ચીસ વરસ લગી. પછી ભરૂચમાં ધંધો રહ્યો નહિ. ત્યાંના રૂનો ખપ બંધ પડયો ને ખેડુત તથા ધંધો કરનારા દેવામાં ડુબ્યા. ૧૮૫૦માં ત્યાંના માલનો ખપ પાછો જાગ્યો ને ઘણાંક કારણોથી તે વધ્યો એટલો કે ૧૮૬૪માં ધન, સુખ ને મોજ સર્વે વર્ગના લોકમાં આવ્યાં. ગયાં દશ વરસમાં લોકનું ધન ઘટયું છે તો પણ હજી ભરૂચ ધંધે ઉદ્યમી છે ને આગસાંચાઓના કારખાનાથી પ્રસિદ્ધ છે.

વસ્તી ૧૭૭૭માં ૫૦ હજારની હતી તેમાં ૩૦ હજાર માણસ શહેરમાં તે ૨૦ હજાર પરાંમાં રહેતાં; ૧૮૧૨માં ૩૨૭૧૬ હતાં; ને ૧૮૭૨માં ૩૬,૯૩૨. તેમાં ૨૩,૯૭૧ હિંદુ, ૧૦,૭૩૩ મુસલમાન ને ૧૮૩૫ પારસી ને ૨૨ ખ્રિસ્તી. ભાર્ગવ બ્રાહ્મણ તે ભૃગુરૂષિના કુળના છે; બ્રહ્મક્ષત્રી વગવાળા ને સારી હાલતમાં છે, વેપારીઓમાં મોટા તથા દોલતવાળો વર્ગ શ્રાવકનો છે; મુસલમાન ઘણાખરા ઘણી ગરીબ હાલતમાં છે, અને જૂના દપ્તરમાં ઉપરથી જણાય છે કે પારસીઓ ત્યાં ૧૧માં સૈકાથી વસેલા; વહાણ બાંધવાના તથા વહાણના કામમાં તેઓ હુશીઆર હતા ને તે બે ધંધા પડી ભાંગવાથી તેઓ ભરૂચ છોડી મુંબઇ ગયા છે.

સાલ વણાટનું કામ ચાલે છે પણ તે થોડું; મુસલમાન તે પારસી તે કામ કરે છે. રૂમાલ ને સૂતરાઉ કે રેશમી ચાદર બને છે; રેશમી પટાના, ગળીએ રંગવાના ને છીંટ છાપવાના જે જૂના ધંધા તે હવે નહિ જેવા થોડા ચાલે છે; વરાળથી ચાલતા સાંચાઓથી જે કાપડ ઉતરે છે તેજ ધંધો હાલમાં મોટો છે.

મોટાં જાહેર મકાન કોટની અંદર આવેલાં તે કલેક્ટરની આફીસ, દિવાની કોરટો, વલંદાની કોઠી, જેલ, ઇસપિતાલ; અંગ્રેજનું દેવલ, મ્યુનિસિપાલિટિની આફીસ ને ભરૂચ લૈબ્રરી; અંગ્રેજી સ્કૂલ, ગૂજરાતી સ્કૂલ, મ્યુનિસિપાલિટિએ બંધાવેલો બજાર, કિલ્લાની બહાર પશ્ચિમે કતોપોરના બજારમાં; ફુરજો નદી ઉપર શહેરના દક્ષિણ પશ્ચિમ ખૂણામાં, દારૂનું સદર ફડ નદીને કાંઠે વેજલ પોરમાં; મુસાફરને રહેવાની જગા આલીપરમાં પણ હમણાં વાપરમાં નથી; રેલવે સ્ટેશન તથા ઉતરવાનું મુકામ શહેરની ઉત્તર પૂર્વ દિશાએ; ઇસપિતાલ ૧૮૭૨ માં રૂા. ૬૭ હજારને ખરચે બંધાઇ રહી તેમાં ૩૫ સરકારના, ૨૫ શેઠ શોરાબજી જમસેદજી જીજીભાઇના, ૪ લોકલફંડ કમીટીના ને ૩ હજાર મ્યુનિસિપલ ફંડમાંથી આવેલા છે.

પાંજરાપોળ ઇ. સ. ૧૭૯૦ બંધાઇ. તેમાં હાલ (૧૮૭૫) ૨૩૯ પ્રાણી છે. હર વરસે ૫૩૦૦નો ખરચ છે. તેમાં દર રૂની ગાંસડી દીઠ અરધા આના પ્રમાણે થાય તેટલું તથા બીજી કેટલીક વેપારની ચીજ ઉપર લાગો છે તેમાંથી આવે તે મળીને રૂા. ૩૭૦૦ થાય છે, મુંબઇની પાંજરાપોળમાંથી રૂા. ૫૦૦. આવે છે અને દાખલ કરવાનું લવાજમ, જમીનનું ભાડું, દૂધ વગેરેના વેચાણમાંથી નફો મળીને રૂા. ૮૦૦. વળી. ઘાસ, કપાસીઆ, ખોળ, અનાજ એ કેટલાક લોક કોઇ કોઇ વાર, મોકલાવે છે ને જ્યારે ખરચ વધારે થઇ જાય છે ત્યારે ધરમનું ઉઘરાણું કરવામ

આવે છે. ઢોરને દાખલ કરવાનું લવાજમ હિંદુપાસેથી ૧૧ રૂપીઓ (દાટવાને) લેવામાં આવે છે. પક્ષીઓનું કંઇ નહિ. રોગવાળાંને પ્રાણી પણ દાખલ કરવામાં આવે છે, ત્યાં તેઓની દવા થાયછે ને સારી સંભાળ લેવાય છે.

જમણવાર કરવાની વાડીઓ બાર છે તેમાં ૯ હિંદુની, બે પારસીની ને એક દાઉદી હોરાઓની. શહેરમાં જમા મસજિદ છે તે જૂના વખતની મસજિદનો એક ઘણો શોભીતો નમુનોછે; જ્યાં હિંદુ દહેરાં હતાં તેજ જગોઉપર તે દહેરાનાજ સ્તંભો કામમાં લેઇ મસજિદ બાંધી છે; હાલમાં તે ભાંગી તૂટી હાલતમાં છે ને ત્યાં ફકીર માગણ લોક રહે છે. બીજું મકાન ઇદ્રુસ મસજિદ છે કે જે સૂરતના સૈયદ હુસેન ઇદ્રુસના કોઇ વડવાની કબર ઉપર બાંધવામાં આવી છે, ને તેનેજ લગતી ચાલમાં ભરૂચના કેટલાક નવાબો દટાયલાની નિશાની છે; કબરોની આસપાસ જાળી છે ને એને રૂપાનાં પતરાં મઢેલાં છે કે જે ઉપરથી તે રૂપાની મસજીદ કહેવાતી ત્રીજી મદરેસા દરઘા છે તેના થાંભલા પણ હિંદુના છે. શહેરની ઉતરે મૈલેકને છેટે બાવારહનની કબર સૈકા ૧૧માં બંધાયલી તે હમણા ભાંગી તૂટી દેખાય છે.[1] વળી બાવારહનની પૂર્વે ને શહેરની ઉત્તર પૂર્વે તરફ દોઢેક મૈલ ઉપર પીર ચતરની કબર છે ને ત્યાં પાંચ ફૂટ લાંબો તથા બે ફૂટ પોહોળો હોજ છે કે જે હમેશ ભરેલોને ભરેલો રહે છે. કહેવાય છે કે એક વખત ઘણા હાથીઓને પાણી કાઢી નાખવા આણેલા પણ હોજ ખાલી થયો નહોતો.

કિલ્લાની ઉત્તર પશ્ચિમ ખુણાના બુરજથી બસેં યાર્ડ ઉપર બ્રીગેડિયર ડેવિડ વેડરબરન જે ભરૂચના ઘેરામાં ૧૭૭૨ ના નવેંબરની ૧૪ મી એ ઘવાઇ પડયો તેની કબર છે. શહેર બહાર પશ્ચિમમાં વેજલપોર પાસે બે કબર છે તેમાં એક કપતાન વિલિયમ સેમ્પી જે ૧૮૦૩ માં ભરૂચના ઘેરામાં પડયો તેની છે ને બીજી કબર ઇદગાની પાછળ હોરાની વાડીમાં છે તે એક ફિરંગી સરદાર જે પણ ૧૮૦૩ માં ઘેરામાં પડેલો તેની છે. વેજલપોરના પશ્ચિમે મૈલેક ઉપર વલંદાનું કબરસ્તાન છે. ત્યાંની કબરોઉપર લખેલાં વરસ ૧૬૫૪ થી તે ૧૭૭૦ સુધીનાં છે.

---

૧. હિજરી સને ૪૯૨ ને ઇ૦ સ૦ ૧૦૭૮માં બગદાદથી બાવા રહન ફકીર દરવેશ સાથે ભરૂચ પ્રાંતમાં આવ્યો. તેણે તરવારને જોરે હિંદુઓને મુસલમાન કરવાની ઝનુનમાં પ્રાંતમાં બહુ ગરબડ કરેલી. તેની સામા ભરૂચના રાજાએ, પોતાના કુંવર રાયકરણને ફોજ સાથે મોકલ્યો; ત્યારે બાવા રહને તેની સામાં લડાઇ કરવી માંડી વાળી કરાર કીધો; થોડે દહાડે તેને વટલાવ્યો ને તેનું મલેક મહમદ એ નામ આપ્યું; એણે પોતાની બેન ભાગી તથા બીજા હિંદુઓને મુસલમાન દીનમાં લીધા; પછી મલેકમહમદ પોતાના બાપના સામા થયો ને હાલકબર છે તે જગોએ લડાઇ થઇ તેમાં તે તેની બેન તથા વટલેલા બીજા હિંદુઓ કપાઇ પડયા ને ત્યાંજ દટાયા; પછી બાવા રહને રાજા સાથે સલાહ કીધી હતી ને મુઓ ત્યારે તે પણ ત્યાંજ દટાયો હતો.

વજેદાના કબરસ્તનાની પેલી પાસે પારસીઓનાં દખમાં છે; એ પાંચ છે. તેમાં ચાર જૂનાં વપરાતાં નથી ને પાંચમું થોડાં વરસ થયાં મુંબઇના એક પારસીએ બંધાવ્યું છે.

મ્યુનિસિપાલિટી ૧૮૫૨ માં સ્થપાઇ, શહેર, પરાં ને કોટની માહેના કેટલાક ભાગને માટે; ૧૮૭૫ માં જમા રૂા; ૭૬,૮૯૨ ને ખરચ બાજુ ૫૨,૨૦૩ ની હતી. માથાંદીઠ કરભાર રૂા. ૨-૧-૨ નો હતો. રેલવે સ્ટેશનથકી તે વેજલ પૂરની પેલી પાસ અડધો મૈલ લગી સડક બંધાવી તેનો ખરચ ૮૩ હજારનો થયો છે ને તે રૂના ધંધાને બહુકામની થઇ પડી છે; કતોપોરનો ચઢાવ તથા વેજલપોરનો ફીલ્લો એ બેની વચમાંનો રસ્તો એઉપર ખરચ થયો છે; કતોપોરમાં બજાર બંધાયો છે તેમાં ૨૮૮ દુકાન કાઢી છે. મોટે રસ્તે પાણી છંટાય છે ને કરોસૈન તેલના દીવા થાય છે; છ ટમ્બાગ બંબા પાંચ ઠેકાણે રાખવામાં આવ્યા છે. ને બાહાર પિશાબખાનાં છે. શહેરના માંહેલા ભાગના લોક પીવાનું પાણી નદીએથી આણે છે; એ ભાગમાં કૂવા થોડા છે ને થોડાંકજ ઘરમાં ટાંકાં છે.

ભાડભૂત—ભરૂચના એક પરગણામાં ભરૂચથી આઠ મૈલ ઉપર નર્મદાને ઉત્તર તીરે ૭૯૬ માણસનું ગામ છે; ત્યાં અધિક ભાદરવામાં (૧૯ કે ૨૦ વર્ષે) ભાડેશ્વરની જાતરા ભરાય છે. ૧૮૭૧ ની જાતરામાં ૫૦ કે ૬૦ હજાર લોક આવ્યા હતા; કોલેરા નહોતો ને પોલીસનો બંદોબસ્ત હતો.

ભાવકા—પંચમહાલ તાબાના દોહદની નૈરૂત્ય કોણમાં પાંચ મૈલ ઉપર છે. ત્યાં મહાદેવનું પુરાતન દેહરૂં પડી ભાંગેલું છે. તે અષ્ટકોણ આકૃતિનું જણાય છે. એકેકી બાજુ આઠ ફૂટની, એકેકી શીલાના ઓતરંગ સાથે છે ને તેને આઠ ખુણાના સ્તંભોના ટેકા છે ને થાંભલા પાયા આગળ પાંચ ફૂટ ગોળ ને મથોઠી નીચે ચાર ફૂટ છે. દહેરાંમાં પેસતાં ગણપતિની મૂર્તિ છે ને તેના હાથમાં ફરશી છે. બહારની બાજુએ ત્રણ પટા નકસી કામ છે. લોક કહે છે કે ચાંપાનેરની આબાદાનીના વખતમાં (ઇં. સ.૭૪૬-૧૪૮૩) વેશ્યા ઓએ દહેરૂં બંધાવ્યું હતું.

ભાવનગર. કાઠીઆવાડનું પહેલા વર્ગનું સંસ્થાન ખંભાતના અખાતના મથાળા ઉપર છે, એનો વિસ્તાર ૨૮૬૦ ચો૦ મૈ૦ વસ્તી ૪૮૮૫૦૦ ને વાર્ષિક ઉપજ ૨૫ લાખની. **સીમા.**—ઉત્તરે રાણપુર, અમદાવાદ, ઝાલાવાડ ને પંચાલ; પૂર્વે ખંભાતનો અખાત ને ધંધુકા; દક્ષિણે અરબી સમુદ્ર ને પશ્ચિમે સોરઠ, તળકાઠીઆવાડ ને હાલાર. સંસ્થાનનાં દશક્રોટી, શિહોર, મહુવા, કુંડળા, લીલીઆ, ઉમરાળા, બોટાદ, ગઢડા, ભાલ ને તળાજા એવાં દશ પરગણાં છે. **મુખ્ય નદીઓ.**—સુખાભાદર, ઘેલો, કાળુભાર, શેત્રુંજી, બગડ ને માલણ, **મુખ્ય બંદરમાં;**—ભાવનગર, મહુવા, પીપાવાવ, કાઠીવદર, સુંદરાઇ ને સુલતાનપુર. એમાંનું મહુવા ઘણું આબાદ છે. અહીંના વેપારીઓ ઘણા ખરા ધનાઢ્ય ને સાહસિક છે. અહીંથી મુંબઇ રૂ ઘણું ચઢે છે ને વસઇ, દમણ ને મલબાર કાંઠેથી ઇમારતી લક્કડ આવે છે. વળી, કરાચી, મસ્કત, એડન વગેરે બંદરો સાથે પણ વેપાર છે.

ભાનગર બંદરનો વેપાર પણ ઘણો મોટો છે. અહીં એક દીવાદાંડી છે ને બંદરમાં વાહાણો નાંગરવાની જગા ઘણી નિર્ભય છે.

ભાવનગરના ઠાકોર ગોહિલ રજપૂત છે. ગોહિલોના મૂળપુરૂષ સેજકજીના કુંવર રાણોજીએ રાણપૂર વસાવી ત્યાં ગોહિલોની રાજધાની સ્થાપી. એના કુંવર મોખેરાજીએ ઘોઘા ને પીરમ જીતી લીધાં. એણે ઉમરાળામાં પોતાની રાજધાની આણી. ત્યાર પછી ગોહિલોની રાજધાની શિહોરમાં ગઈ. શિહોર ઉપર ઈ૦ સ૦ ૧૭૨૩ માં કંતાજી કદમ બાંડે અને પીલાજી ગાયકવાડે હલ્લો કર્યો તે વખતે ભાવસિંગજીને ઘણી હરકત પડેલી તેથી તેણે શિહોરની ખાડી ઉપર ભાવનગર શહેર વસાવ્યું ને ત્યાં પોતાની રાજધાની સ્થાપી. એણે ભાવનગર સંસ્થાન મજબૂત કર્યું. હાલના ઠાકોર શ્રીનું નામ તખ્તસિંહજી છે. એમને ૧૮૮૧ માં કે. સી. એસ. આઇનો ને સન ૧૮૮૬ માં જી. સી એસ. આઇ. નો ખિતાબ મળ્યો છે. સંસ્થાનમાં જમીન વહીવટના બે પ્રકાર છે; એક ખાલસા જમીનનો ને બીજો બારખલી (ગરાશીઆ તથા બીજાઓની માલીકીની) નો. ખાલસા જમીનમાં ખાતાબંદી વહીવટ છે. ગરાશીઆ, ગામોમાં ભાગવટાઇની રીત ચાલેછે. સંસ્થાનમાં એકંદરે ૧૫ ફોજદારી કોરટો, એમાંની કેટલીકને દિવાની અખત્યાર પણ છે. સંસ્થાનના જુદા જુદા મહાલોમાં પોસ્ટ આફીસ તથા એકંદરે ૧૨૩ નિશાળો છે.

સંસ્થાનનું મુખ્ય શહેર ભાવનગર છે. એની વસ્તી ૪૭,૭૯૨ એટલી છે. શહેરની આસપાસ કોટ છે ને તેમાં વચમાં વચમાં બુરજો છે. શહેર ખંભાતના અખાતના મથાળાઉપર તેથી અહીંનું બંદર ઘણું સારૂં છે ને ત્યાં પ્રાંતના બીજા ભાગોનો વેપાર આવે છે. અહીં ૧૮૮૧ માં આંયાત માલ ૨૦ ૬૯ લાખનો હતો ને તેજ વર્ષના જાયાત માલની કિંમત ૧$\frac{2}{3}$ કરોડ હતી. આયાત માલમાં અનાજ, મસાલા, ધાતુ, પતરાં, ગોળ, તલ,ખરસાણી, કપ્પડ ને ઇમારતી લાકડું: જાયાત માલમાં રૂ, કપાસ કપ્પડ, ખજૂર ને ઘી. ભાવનગર ગોંડલ રેલવે થયાથી અહીંનો વેપાર ઘણો જ વધી પડયો છે. અહીં પાંચ રૂ દાબવાના વરાળના સંચા છે. એક રૂ કાંતવાનો ને કાપડ વણવાની મીલ પણ છે. રેશમ તથા ખાંડનાં કારખાનાં પણ છે. શહેરમાં એક હાઇ સ્કુલ, એક ઇંગ્રેજી--ગૂજરાતી નિશાળ, બે ગૂજરાતી નિશાળો તેમાં એક છોકરાની ને એક છોકરીની. ૧૮૬૭ માં એક દવાખાનું ઉઘાડવામાં આવ્યું છે ને હાલમાં સર તખ્તસિંહ ઇસ્પીતાલ બંધાઇ છે. દરબારી કામદારોની કચેરીનાં મકાનો, ઘડીઆલનો કોઠો, રાજમેહેલો ને મોતીબાગનો મહેલ એ મકાનો જોવા લાયક છે.

ભીમખંડ—પંચમહાલ તાબાના દોહદની દક્ષિણે પાંચ મૈલ ઉપર જ્યાં વીજાપુર, બ્રહ્મખંડ ને રામડુંગર એની જમીનો મળે છે ત્યાં તળાવ છે; એ તળાવ સીત્તેર ફુટ ઉંચેથી એક ધોધવો પડે છે તેથી થયલું છે; ત્યાં હોળીને ચાર દાહાડા રેહે છે ત્યારે બહુ દૂરથી હજારો ભીલ આવે છે. તે વરસમાં મરી ગયલાં માણસની રાખ તેનાં સગાં લાવીને તળાવમાં નાંખે છે; બ્રાહ્મણ પાસે

ચાંલ્લા કરાવી તેને દક્ષણા આપે છે ને પછી દારૂ પીવો શરૂ કરે છે ને ખરચી હોય તો પંદરેક દાહડા લગી ત્યાં રહે છે.

ભીમનાથ—અમદાવાદ જિલ્લાના ધંધુકા પરગણાનું ગામ ધંધુકાની દક્ષિણ પશ્ચિમે દશ મૈલ ઉપર. ત્યાં મહાદેવનું દેરૂં છે. તેનું મહાત્મ પ્રથમ કોઇ માધવગીરે ૧૪૭૯માં વધારયું; પણ ગૂજરાતમાં ૧૭૦૭માં મુસલમાનની સત્તા નબળી પડી ત્યારથી તે જગાની અગત વધી છે; દેહરાંની ઉપર છાપરૂં નથી. માત્ર ચાર પાસ ભીંત છે. ત્યાં હાલ આરસની ફરસબંધી, આરસનો નંદી ને બે હાથી છે. કેટલાક રાજાએ કેટલાંક ગામ આપ્યાં છે ને દહેરાને ઉપજ નિત્ય જે આવે છે તે ઉપરાંત વરસે રૂ. ૩૦ હજારની છે. એમાંથી ઘણુંક બ્રાહ્મણોને જમાડવામાં આવે છે તેમાં નાળીએરી પુનેમે ૧૦ હજાર બ્રાહ્મણ ત્યાં એકઠા થાય છે. દ્વારિકાની જાત્રા કરયા પછી ભીમનાથના દર્શન કરવાં જોઇએ એમ ચાલે હોવાથી જાત્રાળુની સંખ્યા મોટી છે.

ભૂજ—કચ્છ સંસ્થાનનું મુખ્ય શહેર, વસ્તી ૨૪,૦૦૦. શહેર આકારે પંચકોણીઉં હોઇ એની આસપાસ ૩૫ ફુટ ઊંચો ને ચાર ફુટ જાડો પત્થરનો મજબૂત બાંધી લીધેલો કોટ છે. કોટને પાંચ દરવાજા છે:—મહાદેવનો, પાટવડીનો, સીરપટાનો ભીડવલનો ને વાણીઆવણીનો. શહેરના રસ્તા સાંકડા ને વાંકા ચૂંકા છે. શહેરની બહાર કોટની પશ્ચિમે શરદ ને ખાસ બાગ એ નામે બે દરબારના મઝેના બાગો છે. ભૂજની હવા ગરમ છતાં એકંદરે તંદુરસ્તીને અનુકૂળ એવી છે.

કચ્છના રાવ ખેંગારજીએ ઇ. સ. ૧૫૪૮માં પોતાની રાજધાની ભૂજમાં આણી ત્યાર સૂધી ભૂજ કાંઇ જાણીતું થયલું નહોતું. શહેરનો કોટ રાવ ગોડજીએ ૧૭૨૩માં બંધાવ્યો.

જોવા લાયક મકાનોમાં, રાવ લાખાનો મહેલ, રાવ પ્રાગમલજીનો મહેલ ને ફતેહ મહમદનો મહેલ એ મુખ્ય છે. રાવ લાખાનો મહેલ ૧૭૫૦માં બંધાવેલો છે. એમાંનો આયના મહાલ તે ઘણોજ સુંદર છે ને તે ઉપર ૨૦ લાખનો ખરચ થયલો છે એમાંનું નકશી કામ ઘણું ઉમદા છે ને તેમાં ઘણાં ચિત્રો પણ મુકેલાં છે. રાવ પ્રાગમલજીનો મહેલ ૧૮૬૫માં બંધાયો છે. એ સિવાય જોવા લાયક મકાનોમાં, જેલ, ઇસ્પિતાલ, દરબારનું ઘોડાખાનું, અને નિશાળો. શહેરની બહાર કબરો, રેસિડેન્સી, કાંપ, તથા ભૂજિયા કિલ્લો એ છે. કબરોમાં રાવ લાખાની, રાવ રાયધનની તથા રાવ દેસળજીની તે ઘણી સુંદર છે.

મઢ—કચ્છનું ગામ ભૂજથી વાયવ્ય તરફ ૫૫ મૈલ દૂર છે. એને માતાનો મઢ પણ કહે છે. અહીં ફટકડી બને છે. ફટકડીની ખાણો ગામની ઉત્તરે તથા પૂર્વે છે. ખાણમાંથી એક જાતની માટી ખોદી કાઢી તેના ઢગલા બનાવી તેને મહીનાના મહીના સૂધી તડકો ખવડાવે છે. પછી મીઠાના અગરના જેવા આકારમાં તેને પાથરી ઉપર પાણી છાંટે છે. બાર દિવસ પછી તે બાઝી કરણ થાય છે. પછી તેમાં એક જાતનો ખાર ભેળી તેને લોખંડના કઢાયામાં ઉકાળી માટીના વાસણમાં ભરે છે એટલે તેનાં ચકતાં બાઝે છે. એ ચકતાંને એક બે વખત ઉકાળે છે એટલે ફટકડી

B 524—kkk

તૈયાર થાય છે. ગામની પાસે એક ખીણમાં આશાપૂરી માતાનું દહેરૂં છે. એ માતા કચ્છના રાવોની કુળદેવી છે. દેવીને કચ્છના રાવ નવરાત્રમાં સાત પાડાનું બળિદાન આપે છે. દહેરાંને લગતા ભૂવા તથા કાપડી એ નામે ઓળખાતા બે જાતના લોકો છે. ભૂવાઓ લાંબી દાઢી રાખે છે ને ઢેડ, ભંગી વગેરે છેક નીચ જાતી સિવાય બીજી બધી જાતના લોકોની સાથે ખાય છે. ને દહેરાંની ઉપજમાંથી હિસ્સો લે છે. કાપડીઓ માતાના ભકત હોઇ, કુંવારા રહે છે. મ્હોંઉપર પણ વાળ રાખતા નથી તથા પોતામાંહેના સિવાય બીજા કોઇ સાથે જમવા વહેવાર રાખતા નથી. એઓ ઘણું કરીને લુહાણા છે. આશરે બસેં વરસ પહેલાં અહીંના મઠના મુખીપણા બાબત તકરાર થઇ બે પક્ષ પડયા. તેનો નિકાલ એ થયો કે એક પક્ષનો મુખી રાજા થાય ને બીજા પક્ષનો રોરાસી કહેવાય. રાજા પોતાના કાપડીઓ સાથે જુદો રહે છે ને તે રોરાસી તથા તેના કાપડીઓને ખોરાકી પૂરી પાડે છે રાજા મરી જાય ત્યારે તેની જગાએ રોરાસી આવે ને રોરાસીની જગાએ તેનો વડો ચેલો થાય. રાજાને ઘણું માન આપવામાં આવે છે ને તેને કચ્છના રાવની બેઠાં બેઠાં મુલાકાત લેવાનો હક છે.

મહુધા—ખેડા તાબાના નડિયાદ પરગણામાં ખેડાવાળ બ્રાહ્મણોનું મુખ્ય ઠેકાણું છે. કહેવાય છે કે બે હજાર વર્ષપર માન્ધાતા નામના કોઇ રાજાએ તે વસાવ્યું હતું. વસ્તી ૯૩૮૪ છે. પોસ્ટ આફિસ ને ડિસ્પેનસરી છે.

માંગરોળ—કાઠીઆવાડના નૈર્ઋત્ય કાંઠાઉપર એક બંદર છે. એનું જૂનું નામ મંગળપુર પાટણ હતું. મુસલમાનો એને મંગલુર કહેતા. સૌથી પ્રથમ રાજ્ય અહીં ગોહિલોનું હતું એમ જણાય છે. ત્યારપછી જેઠવાનું થયું. એ મુસલમાનોના હાથમાં ચૌદમી સદીની શરૂઆતમાં આવ્યું હાલમાં પણ એ. મુસલમાનોના હાથમાં છે. અહીંના રાજા શેખ કહેવાય છે ને તે જુનાગઢના ખંડિયા છે. માંગરોળમાં પહેલાં બોહોળો વેપાર હતો. હાલમાં ઝાઝો નથી. બારબોસા લખે છે કે અહીંથી ઘોડા, ઘઉં, ડાંગર, કપાસ, કપ્પડ, શાકભાજી, વગેરે દેશાવર ચઢતાં. સુખડની ને હાથીદાંતની કોતરેલી પેટીઓ અહીંની ઘણી વખણાય છે ને મુંબઇમાં ઘણી ખપે છે. માંગરોળથી ઉત્તરે આશરે બસેં એકવાર ઉપર એક કૂવો છે તેની આસપાસની આશરે ૫-૬ મૈલ જમીનમાં ઘણી ઊંચી જાતનું રૂ પાકે છે જે જમીનના નામ ઉપરથી લાઘુરકૂવા એ નામે ઓળખાય છે. મુંબઇમાં એ રૂનો ખપ ઘણો છે. માંગરોળમાં એક છોકરાની ને એક છોડીની એમ બે નિશાળ છે. પોસ્ટ આફીસ પણ છે.

માંડવી—સૂરત જિલ્લાના તેજ નામના તાલુકાનું ગામ, વસ્તી ૪૪૩૦ છે. મામલતદારનું થાણું, પોલીસ ચોકી, પોસ્ટ આફિસ ને દવાખાનું એ ત્યાં છે. ત્યાંની મ્યુનિસિપાલિટિની આવક ૧૮૭૪-૭૫ માં રૂા. ૪૪૯૦ નો હતી કર ભાર માથાદીઠ રૂા. ૧ હતો.

માંડવી.—વસ્તી ૩૫,૦૦૦. કચ્છના કાંઠાઉપરનું મોટું બંદર ભૂજથી ૩૫ મૈલ દક્ષિણપૂર્વ તરફ છે. એને મસ્ક માંડવી પણ કહે છે. ગામ ચોખુણુ આકૃતિયે હોઇ તેની આસપાસ ૨૬ ફૂટ ઊંચો ને ત્રણ ચાર ફૂટ પોહોળો કોટ છે. કોટની બહાર નવી સરયા ને જૂની સરયા એવાં બે પરાં છે. ગામમાંહેના રસ્તા સાંકડા, વાંકાચૂકા ને ગલીચ છે. હવા ઠંડી ને સમધારી છે. માંડવીના રહીશોમાં ભાટીઆ તથા વાણીઆ ધનવાન ને સાહસિક છે. એઓ મુંબઇ, જંગબાર અને જેડડાની સાથે વેપાર ચલાવે છે.

એ શહેર સંવત ૧૬૩૮ (ઇ. સ. ૧૫૮૧ માં) ટોપણ નામના એક ભાટીઆની મદદથી રાવ ખેંગારજીએ વસાવ્યું. અહીં ચાંચીઆઓનું ભય ઘણું છતાં એનો વેપાર દિવસે દિવસે વધવા માંડયો. રાવ ગોડજી એ (૧૭૬૦-૧૭૭૮) અહીં ડક્કો, મહેલ તથા વહાણો બંધાવી શહેરને ઘણું સુધારી આબાદ કર્યું. ૧૮૧૮ માં કેપટન મેકમરડો લખે છે કે અહીં ૫૦,૦૦૦ ની વસ્તી હતી તથા મારવાડને માળવા સાથેનો વેપાર બહોળો હતો. ૧૦૦ ખાંડી સુધીનાં વહાણો બંદરમાં આવી શકતાં અને અરબસ્તાન, મુંબઇ તથા મલબાર કાંઠાનાં બંદરો સાથે વેપાર ઘણો હતો. બંદરની ઉપજ અઢી લાખની હતી. મુખ્ય નિકાસ, કપાસ રેશમ, મશરૂ કાપડ, ખાદી, ફટકડી ને માખણ ને આયાત માલ, ખજૂર નાળિયર, અનાજ, ઇમારતી લક્કડ, હાથીદાંત, ગેંડાનાં શિંગડાં ને ચામડું. જોવા-લાયક મકાનોમાં દીવાદાંડી, રાવ લખપતે બંધાવેલો મહેલ (જે હાલ બ્રિટિશ અમલદારોને રહેવા માટે રાખેલો છે તે) સુંદરવરનું વૈષ્ણવ મંદિર (રાવખેંગારજીએ સંવત ૧૬૩૧ માં બંધાવેલું), રાણેશ્વરનું મંદિર (શેઠ સુંદરજી શિવજીએ બંધાવેલું, સંવત ૧૬૮૪ માં), શહેરના વસાવનાર શેઠ ટોપણનું બંધાવેલું લક્ષ્મી નારાયણનું મંદિર, રણછોડજી મહારાજની હવેલી, કાજીવલી મસીદ તથા જુમા-મસીદ એ છે.

માંડલ—એ અમદાવાદ જિલ્લાના વિરમગામની ઉત્તર પશ્ચિમે ૧૪ મૈલ ઉપર ૬૭૭૪ની વસ્તીનું ને મ્યુનિસિપાલિટિવાળું ગામ છે. સને ૧૩૪૭માં જ્યારે મહમ્મદ તઘલખ બંડ બેસાડવાને ગૂજરાતમાં આવેલો ત્યારે માંડલ તથા પાટડીના રાણાઓએ તેને મદદ કીધી હતી ને બદલામાં પોશાક તથા બક્ષિસ મેળવ્યાં હતાં. વળી ૧૩૯૫માં મુઝફ્ફરખાને ઘેરો ઘાલ્યો હતો ને માંડલના કિલ્લાને બચાવનારાઓમાં મરકી ન ચાલી હોત તો તે લેવાત નહીં એવો તે જબરો હતો. થોડાં વરસ પછી ૧૪૧૪માં સુલતાન અહમદ ૧લાની સામા બંડ ઉઠેલું તેમાં માંડલનો ઝાલા સતરસાળજી હતો; ૧૫૩૦માં માંડલની જમીનો બાદશાહના હવાલામાં ગઇ હતી. ૧૭૪૧માં તે ગામ પાછું આપવામાં આવ્યું ને વિરમગામના દેસાઇના ભાઇએ તેને મજબૂત કીધું. તે સૈકાના પાછલા ભાગમાં તે મરેઠાના તાબામાં રહ્યું. તે પછી ૧૮૧૭માં બ્રિટિશના હવાલામાં આવ્યું. થોડીક નાની પથ્થરની મસીદ ને દેખાવડાં દહેરાં એટલુંજ માત્ર તેની અગત્યની નિશાનીમાં રહ્યું છે.

માતર—એ નામના પરગણાનું મુખ્ય ગામ ખેડાની દક્ષિણપશ્ચિમે ચાર મૈલ ઉપર છે. ભાટ બારોટ બહુ રહે છે. વસ્તી ૪૮૦૪ની છે. મામલતદારનું થાણું પોલીસ ને પોસ્ટ આ-ફીસ છે. શ્રાવકનું દેહેરૂં છે તેનો પાયો ૧૭૯૭માં અમદાવાદના વેપારી લખ્મીચંદ ધરમચંદે નાખ્યો હતો. પછી ઉધરાણું કરવામાં આવ્યું હતું. બધો ખરચ ચાર લાખનો થયો છે. ચૈત્ર શુદ પૂનેમે ને કારતક શુદ બીજે તથા પૂનેમે ઘણા લોક દરશણ કરવાને ત્યાં મળે છે.

મુંદ્રા—કચ્છના અખાત ઉપરનું બંદર ભૂજથી દક્ષિણપૂર્વે ૩૯ મૈલ માંડવી ને અંજાર એ બેની વચ્ચે છે. એની આસપાસ કોટ છે ને તેની પેલી મેર સારી ફળદ્રુપ વાડીઓ છે. સન ૧૮૬૧માં અહીંની વણાયલી સૂતરાઉ જાજમો ઘણી વખણાતી. હાલમાં એનો વેપાર કાઠીઆવાડ, ખંભાત સૂરત, ને મુંબઇ સાથે ઘણો છે. જાયાત માલમાં કપાસ, દીવેલા, કડોળ, ઉન ને રંગત કપડ. આયાત માલમાં ધાતુ, ઇમારતી લક્કડ, અનાજ, ખંજૂર, ગાંધીનાં વસાણાં, ને કપડ. વેપારીઓ પૈસેટકે સુખી છે. જોવા લાયક મકાનોમાં ભદ્રેશ્વરના એક ખોજાએ બંધાવેલા બે ઉતારા, અંચલ જૈનોના એક જતિની પાદુકા ઉપર બાંધેલી છત્રી, ને મુંદ્રાથી એકાદ મૈલ દૂર નીલકંઠ મહાદેવનુ દહેરૂં એ છે.

મેહેમદાવાદ—અમદાવાદની દક્ષિણે ૧૮ મૈલ ઉપર છે. તેને ૧૮૭૮માં મ્યુનિસિપલ ઉપજ રૂા: ૩૪૪૦ ની હતી. એ શહેર મહમૂદ બેગડાએ ૧૪૭૯માં વસાવ્યું ને મોટા મહેલોથી સણ-ગાર્યું. મહમદ ત્રીજાએ (૧૫૩૬–૫૪) તે વધારે શોભીતું કીધું. હરણના શિકારને માટે ફરતી ભીંત-વાળું વન કીધું, છ મૈલ લાંબું ને ઘોડો જઇ શકે તેટલું પોહોળું; એકેકે ખુણે એકેકો મહેલ; મહેલમાં જવાના બારણાની જમણી બાજુએ બજાર ને દરેક દુકાનમાં પરી જેવી જુવાન છોકરી જે વસ્તુ જોઇએ તે આપવાને. એ તથા તેની પછીના બાદશાહની હજુર મેહેમદાવાદમાં પેગંબરની શાલ-ગીરીને દહાડે ગૂજરાતના મોલવીઓ મળતા ને જૂની હકીકતનું બ્યાન કરતા. ૧૬મા સૈકાની આખર સૂધી તે મકાનોની મરામત થયાં કીધી. ૧૬૩૮માં મેહેમદાવાદ નાહાનું પણ રમણીય ગામ પશ્ચિમે દેખાવડા કિલ્લાવાળું હતું. ત્યાં હિંદુઓની વસ્તી હતી. રૂ કાંતનારા ને સૂતરનો ધંધો કરનારાહના ૧૭માં સૈકાની આખરે ત્યાં કંઇ ધંધો ન હોતો ને તે એક ગરીબ ગામડું થઇ રહ્યું હતું. ૧૮૨૭માં ૪૯૩૯ માણસની વસ્તી હતી ને ૧૮૭૨માં ૮૦૫૫ માણસ રેહેતાં હતાં કસબો આબાદ હતો, ઘરો સારાં બાંધેલાં, લોક સારી હાલતમાં ને જાડા કપડા વણવાનું કાર-ખાનું હતું. દરવાજાને ભાંગો તૂટો કોટ એ સિવાય ગામના મધ્યમાં એક જૂની હુંડીઆ વાવ ને ભમરીઆ વાવ. (ખેડે જતાં એ જોવા જેવાં છે.) વળી ગામથી દોઢેક મૈલ પૂર્વમાં બે કબર છે જે ૧૪૮૪ માં મહમદ બેગડાએ પોતાના વજીર મુબારક સૈયદની યાદગીરીમાં બંધાવી હતી. નાની છે પણ સાદી છે છતાં મજબૂતી ને ભાગોની મિસલમાં તેના જેવી હિંદુસ્તાનમાં બીજી કોઇકજ હશે. મેહેમદાવાદમાં મામલતદારનું થાણું, પોલીસ, પોસ્ટ આફીસ ને ડિસ્પેનસરી છે.

મોડાસા—અમદાવાદની ઉત્તરે પૂર્વે ૫૨ મૈલ ઉપર ૭૪૩૬ ની વસ્તીનું ને રૂપીઆ ૨૮૫૯ ની ઉપજની મ્યુનિસિપાલિટીવાળું ગામ છે. અમદાવાદમાં બાદશાહી થઇ ત્યારથી વસેલું. ગૂજરાત ને ઇડર તથા ડુંગરપુરની ડુંગરીઆળો મુલખ એ બેની વચમાં મોડાસા આવવાથી તે અગતનું મથક થયું હતું. સુલતાન મહમ્મદ ૧લાની બાદશાહતની શરૂઆતમાં તે કિલ્લાવાળું થાણું હતું ને સોળમા સૈકાની આખરે તે ૧૬૨ ગામોના સુપ્રદેશમાં મુખ્ય ઠેકાણું હતું ને વરસે રૂા. ૮ લાખની ઉપજ આપતું. મોગલાઇમાં શહાબુદ્દીન નવાબે (૧૫૭૭–૮૩) મોડાસાનો કિલ્લો સમરાવ્યો હતો; ને થોડીક ઘોડે-સ્વાર ફોજ ત્યાં રાખી તે મુલખને સારો વસાવ્યો હતો. અઢારમા સૈકામાં મોડાસા ઘણી પડતી હાલતમાં આવ્યું ને ૧૮૧૮ માં જ્યારે તે બ્રિટિશ સરકારના તાબામાં આવ્યું ત્યારે તે ઘણુંજ પાછળ હતું તોપણ પાછું વેહેલું સુધરી ૧૮૨૫ માં તેણે કેટલાક વેપારીઓને ૯ લાખની પુંજીવાળા દેખાડયા હતા. તે વેળા વસ્તી ૪૦૫૯ ની હતી. હાલમાં રંગવાનો, છાપવાનો પીતલવાનો, એ ઉદ્યોગ ત્યાં ચાલે છે; ત્યાંના તલ જોકે બહુ સારા નથી તો પણ તલ ધોળેરા, વઢવાણ ને લીમડી સૂધી જાય છે મહુડાનું તેલ પણ સાબુને વાસ્તે જાય છે; મોટો ધંધો કાપડનો છે, કાપડ મુંબઇથી આવે છે ને આજુબાજુના પરગણામાં જાય છે; વળી ઊંટ ઉપર માળવેથી અમદાવાદ જાય છે ને ત્યાંથી કાપડ તથા બીજો માલ પાછો માળવે જાએ છે. મોડાસામાં મહાલકરીની ને ચીફ કાન્સટેબલની કચેરી છે. વળી પોસ્ટ આફીસ પણ છે.

મોરબી—કાઠીઆવાડનું બીજા વર્ગનું સંસ્થાન; વસ્તી. ૮૯,૬૬૪ ને વાર્ષિક ઉપજ રૂા. આશરે ૮ લાખ. મોરબીના ઠાકોર જાડેજા રજપૂત છે. મોરબી ગામનું નામ એની પાસે મોરબો નામે ડુંગર છે તે ઉપરથી પડયું છે. અમદાવાદમાં સુલતાનોનું રાજ્ય હતું ત્યારે મોરબી ફતેહખાન બલોચનું જાગીરી ગામ હતું. પછીથી તે જુનાગઢના ઘોરીઓના હાથમાં ગયું. અરાઢમા સૈકાની શરૂઆતમાં મોરબી કચ્છના ભાયાત રાવજીએ જીતી લીધું ને ત્યાં રાજધાની સ્થાપી. હાલના ઠાકોરશ્રીનું નામ વાઘજી છે. મોરબીમાં એક તુરંગ, એક દવાખાનું, એક નિશાળ, અને કચેરીઓનાં મકાન જોવાલાયક છે. સંસ્થાનના તાબામાં બે બંદર છે. એક વવાણીઆ ને બીજું જીંધી; પણ તેમાં ઝાઝો વેપાર નથી.

રાજકોટ—કાઠીઆવાડમાંના એજ નામના બીજા વર્ગના સંસ્થાનનું મુખ્ય શહેર આજી નદીના પશ્ચિમ કિનારાઉપર છે. સંસ્થાનની વસ્તી ૪૦,૫૨૭ ને વાર્ષિક ઉપજ આશરે બે લાખની છે. રાજકોટના ઠાકોર જાડેજા રજપૂત તે નવાનગરના ફૂટાયા કુળના છે. રાજકોટના કુળનો સ્થાપન કર્તા જામ સતાજીના પાટવી કુંવર અજોજીનો નાનો કુંવર વિભોજી હતો. પહેલાં રાજધાની સરધારમાં હતી પણ મુગલ સત્તા પડી ભાંગવા માંડી ત્યારે મેરામણજી બીજાએ તે રાજકોટમાં આણી. ત્યારપછી રાજકોટ મુસલમાનોના હાથમાં ગયું હતું; પણ ૧૭૩૨ માં મેરામણજીના કુંવર રણમલજીએ તે પાછું જીતી લીધું. હાલના ઠાકોરશ્રીનું નામ બાવોજી છે.

રાજકોટના રંગારા પ્રખ્યાત છે ને વેપાર પણ તેજી ઉપર છે. અહીં રાજકુમાર કાલેજનું મકાન છે તે ઘણું સુંદર દેખાવડું છે. બીજાં જોવાલાયક મકાનમાં આલફ્રેડ હાઇસ્કુલ, ટ્રેનિંગસ્કુલ, આજી ઉપરનો કેસરે હિંદ પુલ, એક ધર્મશાળા, યૂરોપીઅન મુસાફરોને ઉતરવાનો બંગલોએ છે. અહીં એક પોસ્ટ આ.ફીસ તથા તાર આફીસ છે.

રાજકોટ ગામનીપાસે રાજકોટ કાંપ છે. તેમાં, રોમન કેથોલિક તથા આઇરીશ પ્રેસ્બીટીરીઅન દેવલ છે. કાંપમાં કાઠીઆવાડના પોલિટિકલ એજન્ટ તથા હાલારના આસિસ્ટંટ પોલિટિકલ એજન્ટ એમની કચેરીઓ છે.

રાજપીપળા—રેવાકાંઠા એજન્સીના તાબાનું પહેલાં વર્ગનું સંસ્થાન. વિસ્તાર ૧૫૦૦ ચો. મૈ. વસ્તી ૧,૨૦,૦૦૦ ને વાર્ષિક ઉપજ પોણા સાત લાખની. સીમા :—ઉત્તરે નર્મદા ને રેવાકાંઠાના સંખેડા મહેવાસનાં ગામો; પૂર્વે ખાનદેશનાં મહેવાસી ગામો; દક્ષિણે વડોદરાનો મુલખ ને સૂરત જિલ્લો ને પશ્ચિમે ભરૂચ જિલ્લો. સંસ્થાનનો ¾ ભાગ ડુંગરા ડુંગરાવાળો ને જંગલથી ભરપૂર છે. સાગબારાના જંગલોમાં ઇમારતી લક્કડ પુષ્કળ થાય છે તે સૂરત ભરૂચ વગેરે ઠેકાણે ઘણું જાય છે. નદીઓમાં મુખ્ય:—નર્મદાને મળનારી દેવા, મધુમતી, બુદવા, કાવેરીને અમરાવતી; કરજણ નદી તાપીમાંથી નિકળી નાંદોદના મુલખમાં વહી નર્મદાને મળે છે; તાપીને મળનારી વરી, આજાન ને દુદના: રાજપીપળાના ડુંગરોના ત્રણ ભાગ કરી શકાય (૧) ઉત્તરના તે દશ મૈલ પોહોળા હોઇ પૂર્વથી પશ્ચિમ તરફ નર્મદાને સમાન્તર ૩૬ મૈલ સૂધી લાંબા પડયા છે. દક્ષિણ તરફના તે તાપીને કાંઠે કાંઠે ૨૦ મૈલ જેટલા લાંબા છે; ને પૂર્વતરફના તે નર્મદા તથા તાપીની વચ્ચેના પ્રદેશમાં છે.

ખેતી—ઉત્તર તથા વાયવ્ય તરફનો પ્રદેશ એટલોજ માત્ર રસાળ છે. એ પ્રદેશમાં નાંદોદ, પનેથા, જાલોદ ને ઝઘડીઆ એ મહાલો છે. બાકીનો ડુંગરા તરફનો પ્રદેશ તે ઉજ્જડ છે. રસાળ પ્રદેશમાં તુવર, દીવેલા, બાજરી, જુવાર, કપાસ, ચણા, શેરડી, ડાંગર ને થોડું થોડું સણ, ઘઉં ને તંબાકુ એ પાકે છે. વ્યવસ્થાને માટે સંસ્થાનના સાત મહાલ કરેલા છે.

રાજપીપળાના જૂના ઇતિહાસ વિષે કાંઇ જણાયું નથી; પણ એમ લાગે છે કે સંસ્થાનનો નર્મદા કાંઠાપરનો તથા પશ્ચિમ તરફનો પાધર મુલખ અનહિલવાડના રાજાઓના તાબામાં હશે ને તે અલ્લાઉદ્દીન ખિલજીએ ગૂજરાત જીત્યું ત્યારે તેના તાબામાં આવ્યો હશે. સુલતાન અહમદશાહે ૧૪૩૧ માં નાંદોદ શહેર લઇ તેનો નાશ કર્યો ત્યારથી રાજપીપળાના રાજા પશ્ચિમ ખાનદેશ તથા રાજપીપળાના ડુંગરી મુલખમાં સ્વતંત્રપણે રાજ્ય કરતા. નાંદોદ તથા તેની આસપાસનો મુલખ મોગલ સત્તા પડી ભાંગી તે અરસામાં (સુમારે ૧૭૫૪ માં) રાજપીપળાના રાજાએ પાછો મેળવ્યો. ત્યારપછી રાજપીપળાંના રાજા ગાયકવાડના તાબામાં ગયા. પિલાજીએ ૧૭૨૩ માં એ સંસ્થાનના મુલખમાં કેટલાક કિલ્લા બાંધ્યા ને દામાજી ગાયકવાડે ખંડણી લેવા માંડી. પછી ૧૮૧૦માં ગાદીની તકરાર પડયાથી ગાયકવાડ સરકારે સંસ્થાન પોતાના તાબામાં લીધું પણ ત્યાંનો

વહીવટ સારો ચલાવ્યો નહિ તેથી બ્રિટિશ સરકારે ૧૮૨૦માં સઘળો રાજકારભાર પોતાને હાથ લઇ બંદોબસ્ત કર્યો. ગાદીની તકરાર મટાડી ખરા હકદાર નરસિંગજીને ગાદી આપી. નરસિંગજી પછી વેરિસાલજી થયાને તેની પછી હાલના રાજા શ્રીગંભીરસિંહજી ગાદીએ બેઠા. એમના વખતમાં ગેર વ્યવસ્થા ઘણી થઇ તેથી હાલમાં સરકારે ત્યાં રાજાનું તથા એક બ્રિટિશ અમલદારનું જોઇન્ટ એક મિનિસ્ટ્રેશન રાજકારભાર ચલાવવા નીમ્યું છે. સંસ્થાનની જૂની રાજધાની રાજપીપળામાં હતી. એ ગામ દેવસાતરા ડુંગર ઉપર છે જેનો ચઢાવ ઘણો વિકટ છે. હાલમાં અહીં માત્ર ભીલોનાં ઝૂંપડાં છે. દસેરાની સવારી અહીંથી નીકળે છે તે વખત સિવાય રાજા ત્યાં કોઇ વખત જતા નથી. હાલની રાજધાની નાંદોદ છે. એ ગામની વસ્તી દશ હજારની છે. રાજાનો મહેલ ગામના દક્ષિણ છેડા ઉપર છે.

રાધનપુર—પાલનપુર સુપરિટેન્ડેન્સીના તાબાનું પહેલા વર્ગનું સંસ્થાન. વિસ્તાર ૮૩૩ ચો. મૈલ વસ્તી ૯૨ હજારને વાર્ષિક ઉપજ આશરે ૬ લાખની. સીમા—ઉત્તરે મોરવાડાને તરવાડા, પૂર્વે પાટણ મહાલ; દક્ષિણે માંડલ ને ઝિંઝુવાડા ને પશ્ચિમે વારાહી. પ્રદેશ સઘળો ઝાડપાન કે ડુંગરાડુંગરી વિનાનો પાધર ને સપાટ છે. નદીમાં મુખ્ય બનાસ શાકભાજી શિવાય પીતનું તુલ કાંઇ થતું નથી. રાધનપુર પહેલાં વાઘેલા રજપૂતોની આણ માનતું. પછી તે બાબી કુળના મુસલમાનોના હાથમાં ગયું- જેમના તાબામાં હજુએ પણ એ છે. એ કુળનો મૂળ પુરૂષ હુમાયું સાથે હિંદુસ્થાનમાં આવ્યો હતો. બાબીઓએ ગૂજરાતના ઇતિહાસમાં પોતાનું નામ ઘણું કીર્તિવાળું કર્યું છે. એ કુળના સફદરખાન બાબીને રાધનપુર ૧૬૯૭ માં જાગીરમાં મળ્યું હતું ને ૧૭૧૫ માં એ અહીંનો હાકેમ નીમાયો. તે વખતે સમી, મુંજપુર, પાટણ, વડનગર, વિસળનગર વગેરે ઘણાં પરગણાં રાધનપુર સંસ્થાનમાં હતાં. પણ હાલમાં પાટણ, વડનગર, વિસલનગર, વિજાપુરને ખેરાલુ એ ગાયકવાડના તાબામાં છે. રાધનપુરના હાલના નવાબનું નામ શ્રી બિસમીલ્લાખાનજી છે. એ સન ૧૮૭૪ માં ગાદીપર આવ્યા. સંસ્થાનના મુખ્ય શહેર રાધનપુરની વસ્તી ૧૩,૧૯૦ માણસની છે. એની આસપાસ થોડો ભાગ પથ્થરે ને થોડો ભાગ ઇંટે ચણેલો એવો પંદર ફુટ ઊંચો ને આઠ ફુટ પહોળો કોટ છે. વળી શહેરની અંદર રાજગઢી કિલ્લા છે જેમાં નવાબ સાહેબ રહે છે. જોવાલાયક મકાનોમાં ૨૪ જૈન મંદિરો, ૧૦ બ્રાહ્મણોનાં દહેરાં ને દશ મસીદો છે.

રાંદેર—સૂરતથી બે મૈલ ઉપર તાપીને જમણે તીરે કસબો, ત્યાં રૂનો ધંધો ચાલે છે. તે દક્ષણ ગૂજરાતમાં બહુ જૂનું શહેર કહેવાય છે. અલબીરૂનીના (૧૦૩૦) લખ્યા પ્રમાણે તે લાટ દેશનું- એક રાજ્યધામ હતું: પણ કેટલાક જણ તે ઈ. સ. ની શરૂઆતમાં નામીચું હતું એમ લખે છે. ઇ. સ. ૧૨૨૫ માં કેટલાક આરબ વેપારી તથા ખલાસી રાંદેર આવી વસ્યા. તેઓએ ત્યાંના સત્તાધારી જૈનને કાઢી મુકી તેઓનાં દેહરાંની મસજીદ બનાવી દીધી. નાયતાને નામે તેઓ દેશાવર સાથે વેપાર ચલાવતા ને પોતાની દોલતને લીધે નામજાદા થયા. રાંદેર તથા નાયતા બાબત મુસાફર બાર

બોસા (૧૫૧૪ માં) આ મુજબ લખે છે. રાનેલ (રાંદેરનું તે આ નામ લખે છે) મૂર લોકનું સારાં ઘર ને ચોગાનવાળું દેખાવડું છે; તે દોલતની ને પસંદપેડે તેવી જગા છે; કેમકે ત્યાનાં મુર મલાકા, બંગાલા, તેનાસરિમ, પેગુ મરતાબાન ને સુમાત્રા સાથે મસાલા, કરિયાણું, રેશમ, કસ્તુરી, લોબાન, ને ચીની વાસણનો વેપાર કરે છે; તેઓનાં વહાણ ઘણાં મોટાં તથા સારાં છે ને જેઓ ચીનાઇ ચીજની ચાહના રાખે તેઓને તે ત્યાંથી મળે છે. ત્યાંના મુર સફેત ચામડાંન સારો પોશાક પહેરનાર ને તવંગર છે, તેઓની ઓરત ખુબસુરત છે ને તેઓના ઘરના સામાનમાં તરહે તરહેનાં ચીનાઇ વાસણ, કાચના કબાટમાં સારાં ગોઠવી રાખેલાં છે. ઓરતો દહાડે મ્હોં ઢાંક્યાવિના રસ્તે ચાલતી નજરે પડે છે,''

૧૫૩૦ માં સુરત લૂટ્યા પછી ફિરંગી સન્દાર આંટોનિઓડી સિલવેરા નદી ઉતરી છ હજાર ઘરના ને કોટ કીલ્લાથી મજબૂત એવા રાંદેરમાં પેઠો. નાયતા જો કે વાણીઆ કરતાં વધારે તદબીર, તથા હિમતવાળા હતા તોએ પહેલો બ્હાર થયો કે નાઠા. એટલી બધી મિલકત મેલીને કે ફિરંગીઓ જો તે લેઇ જવાને શક્તિમંત થયા હતા. તો તે બધા ધનવંત થઇ ગયા હોત. સૂરતની ચઢતી ચાલી તેમ રાંદેરેની પડતી ને ૧૫૯૦માં સૂરતનું તે એક બંદર છે એવું લખાયું. તોપણ ૧૬૧૦ માં તે ખુશ લાગે તેવો સારાં ઘરોનો કસબો હતો. લોક અંગ્રેજ સાથે મિલનસારી રાખતા ને કેટલાક અંગ્રેજ ત્યાંના દિલપસંદ બાગોમાં પોતાનો વખત ગુજારતા. ૧૬૬૬ માં રાંદેર ઘણુંખરૂં તૂટ્યું હતું. તો પણ ત્યાં વલંદાએ એક વખાર રાખી હતી. ૧૭૭૪ માં તે નાનો નહિ તેમ મોટો નહિં તેવો કસબો હતો ને ત્યારથી ત્યાં થોડો ધંધો ચાલ્યાં કરે છે. ૧૮૭૨ માં ૧૦,૨૮૦ માણસની વસ્તી ગણાઇ હતી. તેમાં ૩૮૬૮ અથવા શેંકડે ૩૮ એટલા મુસલમાન હતા; નાયતા લોકનાં એક કે બે કુટુંબ છે, ઘણીજ ગરીબાઇમાં. હાલ ત્યાંના સુન્ની હોરાઓ પશ્ચિમ તરફ મોરિશિયસ ને પૂર્વ તરફ રંગુન, મૂલમીન, સીઆમ ને સિંગાપુર સાથે વેપાર ધંધો ચલાવે છે, ને દશ પદંર વરસ સૂધી તેજ મુલખમાં રહે છે; તેઓ લખી વાંચી જાણે છે રાંદેરમાં જેએ ચાર નિશાળ રાખે છે જેમાં આરબી ને ઉરદુ શિખવવામાં આવે છે રાંદેરની મસજીદમાં જૈનની કેટલીક નિશાની માલમ પડે છે; કેટલીક મૂર્તિ તથા શોભાના પત્થર જે ભાંગી નાખવામાં ન આવેલાં તે દરવાજાના પગથીઆમાં ને ગદવાડીની જગોમાં ઘાલ્યા છે; પણ મસજીદના થાંભલા તથા હોજ એતો જૈન કારીગીરીનાંજ છે ને ભીંતના ગોખલાઓતો હતા તેવાજ છે. મ્યુનિસિપાલીટીની ઉપજ ૧૮૭૪–૭૫માં રૂ. ૧૩૮૦૦ ની હતી ને કરભાર માથા દીઠ રૂ- ૧,૫-૬ હતો. તાપીનો પૂલ બંધાયાથી રાંદેર હાલ (૧૮૭૭) સૂરત સાથે છેક પાસે જોડાયું છે.

રાણપુર—અમદાવાદ જિલ્લાંના ધંધુકા પરગણામાં ધંધુકાથી ૨૦ મૈલ ઉપર ૫૭૯૩ માણસની વસ્તીનું ગૂજરાત તથા કાઠીઆવાડની વચમાંની સરહદ જમીન ઉપરનાં કિલ્લાબંધીવાળાં ગામોમાંનું એક છે ને તેનો થોડોક ઇતિહાસ પણ છે. રાણપુરની આસપાસનો મુલખ ઝાડવાળો છે પણ વ-

અમાં વચમાં ટેકરીઓની હારથી ખંડિત છે. ભાદરની ઉત્તરે તેના ને ગોમા નદીના સંગમ આગળ આવ્યું છે ને કેટલાંએક ઊંચાં સારાં બાંધેલાં ઘર છે તેથી ગામનો દેખાવ રળીઆમણો છે.

કહેવાય છે કે ભાવનગરના રાજવંશમાંનો કોઇ પૂર્વજ નામે રાણાજી ગોહેલ એણે ૧૪મા સૈકાના આરંભમાં રાણપુર વસાવ્યું. એ રાણાજીના પૂર્વજ જેની ઉત્પત્તિ શાલીવાહાનથી થઇ કહેવાય છે તેઓને તેરમા સૈકામાં રાઠોડ રજપૂતોએ હાંકી મારવાડમાંથી કાઢયા ત્યારે તેઓ લૂણા નદીપર ખેડગઢમાં હતાં. તેઓ સેજકજીની સરદારી તળે પ્રથમ તો જુનાગઢના ચૂડાસમા રાજા કલાતના આશરામાં રહ્યા; સેજકજીના દીકરા રાણાજીએ ધંધુકાના કોળી ધાન મેરની દીકરીસાથે લગન કીધું ને કિલ્લો બાંધી સેજકપુરને રાણપુર કહેવડાવ્યું. રાણાજીના દીકરા મોખરાજીએ પોતાના લોકની સત્તા વધારીને પીરમ તથા ઘોઘાને પોતાની રાજધાની કીધી. મોખરાજી ચાંચીઆ રૂપે પ્રસિદ્ધ થયો; મહમદ તઘલખે તેને હરાવી માર્યો. મુખી મુઓ તોપણ ગોહેલો રાણપુર ઉપર પોતાનો કબજો રાખી રહ્યા. સો વરસપછી રાણપુરમાં બીજો રાણાજી થયલો તેણે રજપૂતના અભિમાનથી ને ઇસલામના-ધિક્કારથી મહમૂદ બેગડાને ખિજવ્યો ને તેણે એને હરાવી માર્યો તથા ગામ કિલ્લાને જમીનદોસ્ત કીધાં. એ પછી થોડી મુદતે રાણાજીના ભતરીજા મૂળીના ઠાકોર હાલોજી ને લગધરજી આશરે આવેલા કેટલાક જાટને મદદ આપતાં સિંધના હાકેમની ઇતરાજીમાં આવ્યા. એની ચઢાઇ સાંભળી તેઓ ડુંગરીઓમાં નાઠા, પણ સિંધ ફોજે પછવાડે પડી તેઓને હરાવ્યા ને હાલોજીને કેદી પકડ્યો. લગધરજીએ બેગડાની મદદે ભાઇનો છૂટકારો મેળવ્યો અને એણે મુસલમાન ધરમ કબૂલ કીધો તેથી બેગડાએ તેને રાણપુર પાછું આપ્યું. હાલોજી તે હાલના રાણપુરના મોલેસલામનો મૂળ પુરૂષ હતો. સત્તરમા સૈકાના વચગાળામાં અમદાવાદના આઝમખાને કાઠી લુટારાઓને દહેશતમાં રાખવાને શાહપુરનો કિલ્લો બંધાવ્યો જેની નિશાની રાણપુરમાં છે. સો વર્ષપછી વઢવાણવાળાએ રાણપૂર ઉપર ચઢાઇ કીધી; રાણપુરવાળાએ દામાજી ગાયકવાડની મદદ માગીને એણે આવી રાણપુરને બચાવ્યું, પણ એટલું માગ્યું કે આલમભાઇને ગામ તથા કિલ્લો એ આપી દેવા પડ્યાં. રાણપૂર ગાયકવાડના હવાલામાં ૧૮૦૨ લગી રહ્યું ને પછી બ્રિટિશપાસે આવ્યું. રાણપુરમાં કોઇ કારખાના કે ધંધો નથી. લોક ખેતી કરે છે ને તે સુન્ની, વહોરા, કુંભાર ને થોડાક શ્રાવક કરે છે. મૂળપુરૂષના વંશજ હાલ પાંચ કુટુંબમાં વહેંચાયલા છે ને તેઓ તાલુકદારપદું હજી રાખી રહ્યા છે. કેટલાક ભાગ ઉપરાંત નવેક ગામ તેઓના હવાલામાં છે.

રાણપુરની દક્ષિણે આઝમખાનનો કિલ્લો છે તેની દિવાલ પથ્થર ચૂનાની બહુ મજબૂત છે ને તે ઉત્તર તરફ નદીના તળિયાંથી ૫૦ ફૂટ ઊંચી છે; નીચાની દિવાલ સારી હાલતમાં છે પણ ઘણી જગાએ મોટા બુરજ વગેરે ચણતર તે ભાંગી તૂટી પડેલાં છે; પૂર્વના દરવાજામાંથી જતાં ચોક આવે છે તે ૮૦ ફુટ લાંબો ને ૨૭૦ પહોળો છે એની અંદર બીજો ચોક છે; તે ૨૭૭ લાંબો ને ૨૩૦ પહોળો છે. અંદરની દિવાલમાં દેખાવડો દરવાજો છે તેના ઉપર આરસની તખતી છે તેમાં લેખ છે.

524—III

તે સને ૧૦૪૮ હિજરી બતાવે છે એટલે ૧૬૪૦ ઈ. સ. એ દરવાજામાં પેઠા કે જમણી કોરે મસીદ છે ને તેમાં હોજ તથા રશુશા પીરની કબર છે; મસીદમાં વાએજના ઠેકાણા ઉપર પણ લેખ છે (૧૬૪૨ નો). મસીદની પશ્ચિમે મજબૂત બાંધેલું હમામખાનું છે. વળી ભોંયરૂંને જમીનની અંદરથી જવાનો મારગ કે જ્યાંથી એક મહાદેવના ને એક માતાના દહેરા આગળ નિકળાય છે. કિલ્લાની દિવાલ જે નદી ઉપર આવી છે ત્યાં આરસની તખ્તીપરના લેખમાં ૧૬૪૪ નું વર્ષ છે. હમામખાનાની દક્ષિણે હાકેમનું ઘર કે જ્યાં પછી આફીસ કરવામાં આવી હતી; એ ઘરની પાસે ફુલવાડી ને કિલ્લાના ઉત્તર પશ્ચિમ ખુણામાં કૂવો છે જે પત્થરની નીકોરીવડે આખા કિલ્લાને પાણી પહોંચતું કરતો. ગામની પૂર્વમાં નદીને કાંઠે કૂવો છે ને એક વાડીની નિશાની છે. તે પણ આઝમખાનેજ બંધાવેલાં કહેવાય છે. એ કૂવાથી થોડેક છેટે કેટલીક નિશાની છે જે રજપૂત માલે-સલામ કિલ્લાની જગા બતાવે છે.

લીમડી—કાઠીઆવાડમાં બીજા વર્ગનું સંસ્થાન છે. વિસ્તાર ૩૩૨ ચો. મૈ; વસ્તી ૪૩ હજાર ને ઉપજ અઢી લાખની. લીમડીના ઠાકોર ઝાલા રજપૂત છે. એમનો મૂળ પુરૂષ હરપાળ દેવનો બીજો કુંવર માંગુજી હતો. એની રાજધાની પહેલાં જાંબુ તથા કુંડનીમાં હતી. ત્યાંથી ઝાલાઓને મુસલમાનોએ હાંક્યા ત્યારે તેઓ ધામલેજમાં પોતાની રાજધાની લઇ ગયા. પણ થોડી મુદ્દત પછી પાછી જાંબુ તથા કુંડનીમાં આણી. ઠાકોર હરભમજીએ પોતાની રાજધાની લીમડીમાં આણી સુમારે ૧૭૬૦માં. હાલના ઠાકોરશ્રીનું નામ જસવતસિંહજી છે. સંસ્થાનના મુખ્ય શહેર લીમડીની વસ્તી ૧૨૯૭૪ માણસની છે. એ શહેર ભોગાવાને ઉત્તર તીરે વઢવાણથી ચૌદ મૈલ દૂર છે. એમાં એક તારહાફીસ, એક પોસ્ટ આફીસ, દવાખાનું, વગેરે બીજાં દરબારી મકાનો છે.

લુણાવાડા—રેવાકાંઠા એજન્સીના તાબાનું સંસ્થાન. વિસ્તાર ૩૮૮ ચો. મૈ. વસ્તી ૭૪,૮૧૩ ને વાર્ષિક ઉપજ ૧ લાખ ૪૦ હજારની. સીમાઃ—ઉત્તરે રજપૂતસ્થાનનું ડુંગરપુર સંસ્થાન; પૂર્વે રેવાકાંઠાનાં સુંથ તથા કડાણા એ સંસ્થાનો; દક્ષિણે પંચમહાલ જિલ્લાનો ગોધરા તાલુકો; ને પશ્ચિમે રેવાકાંઠાનું વાડાસિનોર ને મહીકાંઠાનું ઇડર એ સંસ્થાનો. મુખ્ય નદીઃ મહી અને પનામ. સંસ્થાનના વ્યવસ્થાને માટે પાંચ ભાગ કરેલા છે. લુણાવાડાના રાજાઓ અન્હિલવાડના સોલંકી રજપૂતોથી ઉતરેલા છે. સોલંકીઓની વાઘેલા શાખાના મૂળ પુરૂષ ધવલના પ્રપૌત્રે ઇ. સ. ૧૨૨૫માં લુણાવાડાની પશ્ચિમે વીરપુરમાં પોતાનું રાજ્ય આરંભ્યું. એના પછી નવમી પેઢીએ ભીમસિંગ થયો તેણે ૧૪૩૪માં લુણાવાડા વસાવી ત્યાં પોતાની રાજધાની કરી. સંભવ એમ જણાય છે કે અમદાવાદના મુસલમાન રાજાઓના મારથી વીરપુરથી, ખસી ભીમસિંગે લુણાવાડા વસાવ્યું હશે. સન ૧૮૧૨ની સાલથી સંસ્થાન બ્રિટિશ સત્તા તળે આવવા લાગ્યું. હાલના રાજાનું નામ શ્રી વખ્તસિંહજી છે. સંસ્થાનમાં જમીન વહીવટ ભાગવટાઇની રીતે ચાલે છે. ફોજદારી તથા દિવાની ન્યાયની કોરટો સ્થપાઇ છે. એક દવાખાનું તથા નવ નિશાળો ઉઘડી છે. સંસ્થાનનું

મુખ્ય શહેર લુણાવાડા છે. એનો વસ્તી ૯૬૬૨ માણસની છે. એની આસપાસનો કોટ રાજા નરસિંગજીએ ૧૭૧૯માં બંધાવ્યો. કોટની અંદર રાજાનો મહેલ છે. મહેલની સામે જેલ ને તેની પાસેજ કોટની બહાર નિશાળ તથા દવાખાનું છે. શહેરની બહાર લુણેશ્વર, વિશ્વેશ્વર તથા રણછોડજીનાં દહેરાં છે. લુણાવાડાથી થોડેક છેટે પનામ નદી ઉપર શ્રાવણ વદ આઠેમે મેહેલાલીઆ મહાદેવની ને માઘ વદ ચૌદસે કુમારેશ્વર મહાદેવની જાતરા ભરાય છે.

વડતાલ—એ મુંબઇ વડોદરા રેલવેના બોરીઆવી સ્ટેશનની પશ્ચિમે દોઢ મૈલ ઉપર ૨૮૨૬ માણસની વસ્તીનું ખેડા જિલ્લામાં ગામ છે. એ ગામની પ્રસિદ્ધિ સહજાનંદ સ્વામીએ ગુજરાતમાં નવું ધર્મ મત મલાવ્યું તેના સંબંધથી થઇ છે. એ પુરૂષ લખ્નોરનો બ્રાહ્મણ ૧૭૮૦ માં જન્મેલો. આ સૈકાના આરંભમાં ગુજરાતમાં આવ્યો. તેના પોતાના સાધુપણાએ તથા દેવતાઇ સિદ્ધિયો દેખાડીને ઘણાક જણને શિષ્ય કીધા. પોતે વેરાગી ને ધર્માધિકારીઓની અનીતિને કરડી રીતે નિંદનારો તેથી તેણે ઘણા શત્રુ કીધા ને થોડો કાળ તેને બહુ વેઠવું પડયું. પણ તેનું દુઃખ જોઇ તેના ભગતો ઉસકેરાયા તેથી તેની સત્તા વધી. ૧૮૧૦ માં તેણે વડતાલમાં વાસો કીધો ને ત્યારથી તે ૧૮૨૯ માં મરણ પામ્યો ત્યાં લગી તેની ધર્મ સત્તા વધી. લોકોમાં મનાતું ઇશ્વરજ્ઞાન તથા કૃષ્ણની ભક્તિ માન્ય રાખી તેણે લોકને નીતિનો ને સાધુપણે રહેવાનો ઉપદેશ કીધો. કાઠિયાવાડના બખેડાખોર લોકમાં તોફાન હુલ્લડ લુટચોરી ન કરવા વિશે અને અમદાવાદ તથા ખેડાના તવંગર વેપારીઓમાં વિલાસ તથા વ્યભિચાર ન કરવાવિશે બોધ કીધો. તેણે પોતાના શિષ્યોને માટે વૈરાગ્ય સંબંધી ને ઇંદ્રિય જીતવા સંબંધી શિક્ષાઓ બાંધી આપી. સહજાનંદ સંતતિ વિના મરણ પામ્યો તેથી આચાર્યની પદવી તેના ભતરીજાએ લીધી ને એના મરણ (૧૮૬૨) માં પછી તેના ભતરીજાએ લીધી છે.

ગામમાંથી મકાનોની લાંબી હાર દેખાય છે તેની વચમાં મોટો દરવાજો છે ત્યાં પત્થરના પગથિયાં ચઢી જવા પછી દરવાજામાંથી પેસતાં ચોક આવે છે તેની વચમાં મોટું દહેરૂં છે; એ આકારમાં શોભામાં સારૂં નથી; એમાં રણછોડજી—કૃષ્ણની મૂર્તિ છે; ૧૮૨૪ માં રૂા ૭૫૦૦૦ હજારને ખરચે બંધાયું છે; માંહે જવાને પગથિયાં છે. દેહરાને ફરતી ફરસબંધીની ચાલ છે. દેહરાને ઉત્તર પૂર્વ ને દક્ષિણ દિશાએ બારણાં છે; ૫૬ થાંભલાને આધારે ત્રણ શિખર છે, બે નાહાનાં, ને વચમાં મોહોટું છે. દીવાલોની આસપાસ કૃષ્ણનાં જૂદાં જૂદાં સ્વરૂપનાં ઠેકાણાં છે. તેમાનું એક સહજાનંદનું છે. તેમાં સુખશૈયા, તકીઆ સાથે છે ને તેના ઉપર છોગાંવાળી પાઘડી છે ને શૈયાનીનીચે લાકડાની પાવડીઓ ને પાણીનું વાસણ છે. ભીંતમાં એક ગોખલામાં સહજાનંદની છબી છે ને બાકીની ભીંતપર તેનાં પગલાં કાઢેલાં છે. ચોકની આસપાસ જે મકાન છે તેમાં દક્ષિણ બાજુએ બે માળનાં ઘરો છે. તેમાં બહારથી આવેલા લોક ઉતરે છે. દક્ષિણ પશ્ચિમ ખુણામાં સહજાનંદનું ઘર છે તેના ઉપરના ઓરડામાં તેની શૈયા, વસ્ત્ર, ને પાણી માત્ર છે. એ ઘરની પાસે બ્રહ્મચારીઓ રહે છે. ચોકની પશ્ચિમ બાજુએ ત્રણ માળનું ઘર છે, જેમાં નીચે લોક કથા સાંભળવા બેસે છે; ને ઉપલા બે માળ

છ છ મહિને જાત્રાળુઓ આવે છે તેઓને માટે રાખવામાં આવ્યા છે. ઉત્તરની બાજુએ આચાર્યની હવેલીનું મકાન છે. એમાંના એકમાં મોટું દિવાનખાનું છે. એ હવેલીની પાછળ સાધુઓને રહેવાનાં ઠેકાણાં છે. પૂર્વમાં તબેલા, કોઠાર, દળવાનો જગા વગેરેછે અને ચોકને લગતાં મકાનોની ઉત્તર પશ્ચિમે એક મોટી વાડી તથા વાવ છે ને મોટા દરવાજાની છેક પેલીપાસ જાત્રાળુઓને માટે ચોતરાઓ છે.

વડતાલના દેહેરાનો નામનો મુખી ને કારભારી આચાર્ય છે. પણ તેનો વખત અગિયાર શાખારૂપ દેહેરાંની તપાસ કરવામાં જાય છે. તેથી વડતાલના દેહરાનો સઘળો વહીવટ કોઠારી કરે છે. બહારથી આવેલા લોકને જોઇતું પુરૂં પાડવું ને છ છ મહીને થતા ઓચ્છવ સંબંધી કામો કરવાં એ ઉપરાંત દરરોજ ૫૦૦ થી તે ૧૦૦૦ લગી માણસોને ખવાડે છે. દેહરામાં રહેનારા ત્રણ વર્ગના છેઃ– બ્રહ્મચારી (બ્રાહ્મણો), સાધુ (વાણીઆ રજપૂત) ને પાલા (કણબી કારીગર મજૂર વગેરે). કોઇપણ જાતની સ્ત્રી કે ઢેડ, ચમાર, વગેરે નાતના કોઇને રાખવામાં આવતા નથી. સવારે છથી તે આઠ લગી ઉપદેશ ચાલે છે; આઠથી બારવાગતા સુધી કેટલાક અભ્યાસ કરે છે ને કેટલાક કામ કરે છે. બપોરે સૌ જમે છે, બ્રહ્મચારીઓ જૂદા બેસે છે. ખાવામાં સૌને બાજરી, ઘઉં ને ચોખા હોય છે. તે એકઠું મેળવી દેઇ ખાય છે. સંકોચથી ખવાડવામાં નથી આવતું; કોઇ વાર ખાંડ, ગોળ ને ઘી મુકવામાં આવે છે. પણ રોજનું ખાવાનું સાદુંજ હોય છે. જમ્યા પછી થોડોક ઉપદેશ કરવામાં આવે છે ને પછી ૧ા કલાક સૌ વિશ્રામ લેછે. ત્રણ વાગે પાછા સૌ મળે છે ને સાંજ પડતા લગી સૌ કથા સાંભળે છે. પછી એક કલાક દેહેરામાં પૂજાની ખટપટમાં જાય છે. પછી પાછો ૮ કે સાડાઆઠ વાગા સુધી ઉપદેશ ભજન ચાલે છે. માંદા તથા નબળા ખાવા જાય છે પણ બીજા બધા અગિયાર વાગા સુધી બેસે છે ને પછી સુવા જાય છે. સાધુઓ વડતાલમાં ઘણો કાળ રહેતા નથી. બ્રહ્મચારીઓને બીજાં ગામનાં દેહેરાઓમાં ઉપદેશ કરવાને મોકલવામાં આવે છે. સાધુઓ ફરતા રહે છે ને જે કાંઇ નાણું કે અનાજ ભેટ મળે છે તે વડતાલ આણે છે; અને પાલાઓ પોતાના મુખીની સાથે ફરતા રહે છે.

વરસમાં બે વાર ચૈત્ર શુદ પુનમે ને કારતક શુદ પુનેમે લોક બહુ એકઠા થાય છે. પહેલો મેળો સહજાનંદના જન્મના ઓચ્છવનો તે આઠ દહાડા રહે છે ને બીજો તેના બાપના જન્મ નિમિત્તનો તે છ દહાડા રહે છે. એ બંને પ્રસંગે ગુજરાત તથા કાઠીઆવાડથી ૨૦ હજાર જાત્રાળુઓ એકઠા થાય છે. બીજો મેળો જે આગસ્ટ, સપટેંબર ને અક્ટોબરમાં થાય છે તેમાં પણ એકથી તે ત્રણ હજાર માણસ હોય છે.

વડનગર—ગાયકવાડી ગામ વસ્તી ૧૫,૯૧૪. ફોરબસ કહે છે કે એ શહેર કનકસેને વસાવ્યું છે. સાતમા સૈકામાં એ ઘણું આબાદ શહેર હતું એમ ચીની મુસાફર હીઓવેનથસાંગ લખી ગયો છે. શહેરનો હાલનો દેખાવ સારો નથી. ગામની ઇશાન દિશાએ શર્મિષ્ટા નામનું ગોળા-

કાર તળાવ છે. તળાવની પાસેજ પત્થરની બાંધેલી એક ચાવડી છે જેના કીર્તિસ્તંભોનું નકશી કામ રૂદ્રમાળાના સ્તભોના જેવું સુંદર છે. ચાવડીની પાસેજ બાદશાહી બાગ નામે મુસલમાનોના બાગનાં ખંડિયર છે. હાટકેશ્વર મહાદેવનું દહેરૂં ગામના પશ્ચિમ ભાગમાં છે ને તે ઘણું જોવા લાયક છે. દહેરૂં ઘણું વિશાળ છતાં એ ઉપર નકશી કામ ઘણું, ઝીણું ને સુંદર છે. એ સિવાય સોમનાથ મહાદેવનું, અમ્બાજી માતાનું, મહાકાલેશ્વર મહાદેવનું, આશાપુરી માતાનું, જળેશ્વર માહાદેવનું, અજપાળ મહાદેવનું અને ધુનેશ્વર મહાદેવનું એટલાં બીજાં દહેરાં છે. વળી એક સ્વામી નારાયણનું ને બે જૈન મંદિરો પણ છે. ગામમાં વહીવટદાર ની કચેરી, એક પોસ્ટ આફિસ, એક ગુજરાતી નિશાળ, ને એક બાગ તથા ચાર ધર્મશાળાઓ છે. એ વડનગરા નાગર બ્રાહ્મણોનું મૂળ ગામ છતાં પણ હાલમાં એમાં માત્ર એકજ વડનગરા નાગરનું ઘર છે.

વડોદરા—ગાયકવાડી રાજ્યનું રાજધાની શહેર. એનો વિસ્તાર ૫ ચો. મૈ. ને વસ્તી ૧,૦૧,૮૧૮ માણસની છે. વડોદરાનું જૂનું શહેર ચંદ્રાવતી એ નામે ઓળખાતું; ત્યારપછી એનું વરાવતી નામ પડયું ને ત્યારપછી વટપત્ર. હાલનું શહેર મુસલમાનોનું વસાવેલું છે. મહમદ બેગડાએ એનું નામ દૌલતાબાદ પાડયું હતું; પણ તે નામ ઝાઝા દિવસ સૂધી ટકયું નહિ. ૧૭૩૪ માં માહાદાજી ગાયકવાડે વડોદરા શેરખાન બાબીની પાસેથી જીતી લીધું ત્યારથી એ ગાયકવાડી રાજ્યનું રાજધાની શહેર થયું.

વડોદરા વિશ્વામિત્રી નદીના પૂર્વ કિનારાઉપર છે. એ નદીઉપર મોટો પત્થરનો પુલ બાંધેલો છે તે ઉપર થઇને શહેરમાં જવાય છે. પૂલની ડાબી તેમજ જમણી બાજુઉપર દેવાલયો ઘણાં છે; ડાબી બાજુઉપર પહેલાંના ગાયકવાડોના સ્મરણાર્થે બાંધેલાં તે ને જમણી બાજુએ યવદેશ્વરનું સિતારામ દિવાનનું બાંધેલું તે છે. વળી નદીઉપર ત્રણ ઘાટ બાંધેલા છે. પૂલની દક્ષિણે ગાયકવાડ સરકારનો ચિમણ બાગ, રોડેબાગ, કાઠીઆવાડ સાહેબનો બાગ, મીર સાહેબનો બાગ, નવલખી વાવ, મોતી બાગ, મસક બાગ, વિશ્રામ બાગ, હીરા બાગ, ને કેવડા બાગ. એ બાગો શહેરને શોભા આપે છે. વિશ્વામિત્રી તથા ચિમણ બાગની વચમાં નવી બંધાયલી જેલ આવી રહી છે. તેની સામેજ નદીની પેલીમેર એટલે સ્ટેશન તથા કાંપની વચમાં વડોદરા કોલેજનું ઘુમટવાળું સુંદર મકાન આંખને ખેંચે છે: મોતીબાગની પાછળ સ્ટેશન તરફની બાજુએ લક્ષ્મી વિલાસ મહેલ આવી રહ્યો છે. એ મહેલનો એકંદર ખરચ આશરે ૨૫ લાખનો થશે.

ખુદ શહેરનો ભાગ એટલે જેટલો ભાગ કોટની અંદરનો છે તે વિશ્વામિત્રી ઉપરના પુલથી આશરે દોઢેક મૈલ દૂર છે. પૂલથી શહેર સુધી બાંધેલી સડક છે તેની બંને બાજુએ દુકાનોની હાર તથા મોટાં મોટાં મકાનો છે ને એ ભાગ ડાબા તરફનો તે રાવપુરા ને જમણી તરફનો તે અનન્તપુરા કહેવાય છે. રાવપુરમાં મોટાં મોટાં મકાનોમાં આટલાં છે:—શ્રીમંત સરકાર ગણપતરાવ ગાયકવાડની બંધાવેલી ઇસ્પિતાળ, ઉદે નારાયણનું મંદિર, એક પાણપોઇ, ગંગાધર શાસ્ત્રીનું ઘર ને

જૂની કોઠી, (એ ઘણું કરીને અસલના હિંદુ શહેરનો મૂળ ભાગ હશે). જૂની કોઠીથી થોડેક દૂર જૂની પાગા છે, ખાસ પાગા, કાઠીઆવાડી પાગા ને રસાલો છે. જૂની કોઠી આગળથી લેહેરી પુરાના દરવાજા આગળ આવતાં વડોદરાના નવા બંને મહેલ, સૂર્ય નારાયણનું મંદિર, ઘી કાંટા ને બહેચરાજીનું મંદિર એ મકાનો આવે છે. વળી ઘી કાંટેથી નિકળી પીપળ દરવાજે ને લીમડાચોક છોડી ઘોરપડેના ઘર તથા લાડબાના મંદિર ઉપર થઇ ને સુરસાગર તળાવ આગળ જવાય છે. લેહેરી પુરાના દરવાજા આગળથી પેશી આગળ જતાં સુલતાનપુર, નરસિંગજીની પોળ, હરિભક્તિની પોળ મુકી ઘડિયાલ આગળ આવી પહોંચીએ છીએ. ત્યાં ડાબી બાજુએ ચાંપાનેરનો દરવાજો ને તેની પેલીમેર ફતેપુરા છે. એ રસ્તાની બંને બાજુએ મોટાં ભવ્ય મકાનો છે; ગાયકવાડ સરકારનો મહેલ, ને તેની પેલીમેર નઝરબાગ છે. ચાંપાનેરના દરવાજાની સામેની બાજુએ ગેડીને દરવાજે જવાનો રસ્તો છે ને તે રસ્તે થઇને મકરપુરે જવાય છે. શહેરમાં ઉપર જણાવ્યાં તે સિવાય બીજાં ઘણાં મંદિરો છે; જેમાંનાં મુખ્ય; વિઠ્ઠલ ખાન્ડેનું, લક્ષ્મણ બાવાનું, કાળીકા માતાનું ને ભીમનાથનું વગેરે. વડોદરામાં અગડની કસરતો થાય છે તેપણ જોવાલાયક છે. વડોદરામાં ૩૦ મરાઠી, ૨૫ ગુજરાતી, ૧ અંગ્રેજી-ગુજરાતી, ૫ ઉરદુ તથા ફારસી, મળી ૫૧ નિશાળો, એક હાઇસ્કુલ, એક સરદાર સ્કુલ, એક ટ્રેનિંગ સ્કુલ, એક વર્નાક્યુલર સાયન્સ સ્કુલ એટલી શાળાઓ છે. એક પોસ્ટ આફીસ તથા તાર આફીસ છે.

વઢવાણ—કાઠીઆવાડમાં બીજા વર્ગનું સંસ્થાન. વિસ્તાર. ૨૩૮ ચો. મૈ. વસ્તી. ૪૨,૫૦૦ નો વાર્ષિક ઉપજ ૩॥ લાખની. મુખ્ય નદીઓ:—ઓકાર, ભાદર ને ધારી. સંસ્થાનની જમીન ઘણી ખરી કાળી ને રસાળ છે. વઢવાણમાં પહેલાં રજપૂતોનું રાજ્ય હતું પણ ત્યાંથી તેમને મુસલમાનોએ કાઢયા ને ત્યાં મુસલમાનોનું જબરૂં થાણું રહેવા લાગ્યું, કારણ વઢવાણ, કાઠીઆવાડમાં પેસવાના મોખરા ઉપર છે. ઇ. સ. ૧૭૦૭માં હાલની ગાદીના સ્થાપનાર અરજનસિંગે વઢવાણમાંથી મુસલમાન થાણદારને હાંકી મેલી પોતે રાજ્ય આરંભ્યું. હાલના ઠાકોરશ્રીનું નામ બાળસિંગજી છે. સંસ્થાનનું મુખ્ય શહેર વઢવાણ તે ભોગાવાને દક્ષિણ તીરે છે. ઠાકોર સાહેબનો મહેલ શહેરની દક્ષિણ બાજુએ છે. વઢવાણ કાઠીઆવાડના રૂના વેપારનું મુખ્ય મથક છે; અનાજ, ઘી તથા ભરત કામનો વેપાર પણ સારો છે. અહીં દેશી સાબુ બનાવવાનું એક કારખાનું છે. વઢવાણ કાંપમાં ઘડીઆલનો કોઠો, એક જેલ, નિશાળ તથા સરકારી અમલદારોની કચેરીઓ છે. વઢવાણ તથા અમદાવાદ વચ્ચે બી. બી. એન્ડ સી. આઇ રેલવેની લાઇન છે અને ભાવનગર વચ્ચે ભાવનગર વઢવાણ રેલવે છે.

વલસાડ—સૂરતની દક્ષિણે ૪૦ મૈલ ઉપર બંદર ને મ્યુનિસિપાલિટીવાળો કસ્બો ઔરંગા નદી ઉપર છે; ને રેલવેનું એક સ્ટેશન પણ છે. વસ્તી ૧૧, ૩૧૩ની. હિંદુમાં મોટો ભાગ અનાવળા બ્રાહ્મણ, વાણિયા ને ખતરીઓનો છે; પારસીઓ લક્કડના વેપારી દુકાનદાર, ખેડુત ને નોકર છે, ને

દારૂ તાડીના વેપારી તો તેઓજ છે; મુસલમાનોનો મોટો ભાગ વટલેલા હિંદુ તાઇનો છે અને એ લોક સાળવીનું કામ કરે છે ને ઠીક હાલતમાં છે. મ્યુનિસિપાલિટીની ઉપજ ૧૮૭૪–૭૫ માં રૂ. ૧૯,૩૨૦ ની હતી એટલે માથા દીઠ રૂ. ૧-૧૧-૪ નો કર હતો. બંદરના ધંધાની કિંમત રૂ. ૮,૪૯,૦૫૦ ની તેમાં ૭,૮૬,૩૭૦ જાવકની ને ૬૨,૬૮૦ આવકની; આવક માલમાં કાપડ, તંબાકુ, ઘઉં, માછલાં ને ખાંડ એ છે અને જાવક માલમાં લક્કડ, દાણો, ગોળ, તેલ, બાળવાનાં લાકડાં ને નળિયાં છે; લક્કડ ડાંગના રાનમાંથી આવે છે ને વહાણમાં ધોલેરા, ભાવનગર ને કાઠીઆવાડ ને બીજે ઘણેક બંદરે જાય છે. વલસાડમાં પહેરવાનાં કપડાં, વહાણના સઢ, રેશમી સાડી અને ઇંટ નળિયાં માટીનાં વાસણ એનાં કારખાનાં છે. ત્યાં મામલતદારનું થાણું, પોલીસ ચોકી, સબાર્ડિનેટ જડજની કોરટ, પોસ્ટ આફીસ ને દવાખાનું છે.

વાગરા—ભરૂચના વાગરા પરગણાનું ગામ ૧,૨૨૮ ની વસ્તીનું; ત્યાં મામલતદારનું થાણું ને સબાર્ડિનેટ જડજની કોરટ છે.

વાઘપુર—એ અમદાવાદ જિલ્લાના પ્રાંતીજ પરગણાનું મહેવાસી ગામ છે. ત્યાં કરનલ સ્ટાન-હોપની ટુકડી સાથે ગયલા આફીસરો જે ૧૮૨૧ માં મરી ગયલા તેની કબર છે; જે કબરમાંથી મુડદાને અમદાવાદ લેઇ જવામાં આવ્યું છે પણ બીજી હાલપણ (૧૮૭૯) સારી મરામતથી ર-હેલી છે.

વાંકાનેર—કાઠીઆવાડનું બીજા વર્ગનું સંસ્થાન. વિસ્તાર ૪૦૦ ચો. મૈ. વસ્તી ૩૦,૪૯૧ ને વાર્ષિક ઉપજ બે લાખની છે. નિકાસની મુખ્ય જનસો:—કાપડ, ઘી, થોડું થોડું અનાજ ને રૂ ને આયાત માલમાં ઘણે ભાગે ધાતુ, ઇમારતી લક્કડ, ને વિલાયતી કપ્પડ. વાંકાનેરની ગાદીનો સ્થાપનાર સરતાનજી હળવદના રાજ ચંદ્રસિંગજીનો પૌત્ર થતો. એણે વાંકાનેરની આસપાસના ડુંગરામાં રહેતા બાબરીઆ તથા મહીઆઓ પાસેથી દેશ જીતી લઇ ઇ. સ. ૧૬૦૫ માં વાંકાનેર વસાવી ત્યાં રાજ્ય આરંભ્યું. હાલના ઠાકોરશ્રીનું નામ ગગુભા છે. સંસ્થાનનું મુખ્ય શહેર વાંકાનેર છે. મચ્છુ તથા વોકલો એ બે નદીના સંગમ ઉપર રાજકોટથી ઇશાને ૨૪ મૈલ દૂર છે. ગામમાં એક પોસ્ટ આફીસ, ગૂજરાતી નિશાળ, ધર્મશાળા, એક દવાખાનું તથા કચેરીને માટે મોટાં મકાનો છે. ખાદી વણવાનું એક કારખાનું પણ છે. અહીંના વણકર સાલ્લા તથા કમરબંધ સારા વણે છે. ગામના લુહારો ઘણા કિસબી હોઇ તેમનાં બનાવેલાં તાળાં ઘણાં વખણાય છે.

વાડાસિનોર—રેવાકાંઠા એજન્સીના તાબાનું બીજા વર્ગનું સંસ્થાન. વિસ્તાર ૧૫૦ ચો. મૈ. વસ્તી ૪૨,૦૦૦ ને વાર્ષિક ઉપજ ૮૦ હજારની. સીમા:—ઉત્તરે મહીકાંઠાનાં સંસ્થાનો; પૂર્વે મહી નદી તથા લુણાવાડા સંસ્થાન તથા ગોધરા તાલુકાનો કાંઇક ભાગ, તથા દક્ષિણે ને પશ્ચિમે ખેડા જિલ્લો. જમીન એકંદરે રસાળ હોઇ બાજરી, કઠોળ, ડાંગર, તલ, દીવેલા, ઘઉં, ચણા, ને શેરડીનો પાક આપે છે. સંસ્થાનને બ્યવસ્થાને સારૂ વીરપુરને વાડાસિનોર એ બે મહાલમાં વહેંચ્યું છે.

વાડાસિનોરના જૂના ઇતિહાસ વિષે કાંઇ જણાયું નથી. વાડાસિનોર ઘણું કરીને વીરપુરના સોલંકી સંસ્થાનનો ભાગ હશે. વાડાસિનોર અસલથી બાબી કુળના હાથમાં છે. એ કુળે ગૂજરાતના ઇતિહાસમાં અગત્યનો ભાગ લીધેલો છે. હાલના નવાબનું નામ જોરાવરખાન છે. વાડાસિનોર ગાયકવાડને ૩૬૦૦ રૂપીઆ ખંડણી તરીકે આપે છે. સંસ્થાનના મુખ્ય ગામ વાડાસિનોરની વસ્તી ૮૮૩૬ છે. એ શેઢી નદીને કાંઠે હોઇ તેની આસપાસ કોટ છે. કોટના ઉત્તર તરફના દરવાજાની બહાર એક તળાવ છે ને તેની પાસેજ નવાબનો મહેલ છે.

વાંસદા—સૂરત એજન્સીના તાબાનું સંસ્થાન. વિસ્તાર ૨૪૦ ચો. મૈ. વસ્તી ૩૨,૧૫૪ ને વાર્ષિક ઉપજ ૧ લાખને ૪૦ હજારની. સીમા:—ઉત્તરે ગાયકવાડી અનાવળ મહાલ ને અંબિકા નદી; પૂર્વે ગાયકવાડી વીઆરા મહાલ તથા ખાનદેશનું, ડાંગનું રણ; દક્ષિણે ધરમપુર સંસ્થાન તથા નાસિકનો કલવણ તાલુકો ને પશ્ચિમે ધરમપુર સંસ્થાન તથા સૂરતનો ચિકલી તાલુકો. મુખ્ય નદીમાં:—અંબિકા ને કાવેરી. ખેતી:--કેટલેક ઠેકાણે કાળી જમીન પણ ઘણે ભાગે તો જમીન ગોરાડુ છે. કુલ ક્ષેત્રફળમાંથી માત્ર ⅙ ભાગ માત્ર ખેડાણ થયલો છે. મુખ્ય તુલ:—ડાંગર, ગુવાર, તલ, નાગલી, કોદરા, જુવાર, બંટી, મકાઇ, વાલ, અડદ, મગ, દીવેલા, ચણા, વટાણા ને લાંગ. શેરડી, કુલથી, ખરસાણી, ને ભગર પણ નીપજે છે. બાંધ કામમાં ઉપયોગી એવો કાળો પથ્થર ખાણમાંથી પુષ્કળ જડે છે. સાગ, સીસમ, હલદવન, તનછ, સાદડો, બીઓ, કલમ, ખેર, મહુડો, જાંબુડો, હસનું ટીમરૂ, કંઠી, વાજરી, કંગડોલી વગેરે લાંકડાં પણ ઘણાં થાય છે. વાંસદાના રાજા સોલંકી રજપૂત છે. સત્તરમા સૈકાની પહેલાંનો તેમનો ઇતિહાસ કાંઇ જણાયો નથી. વીરસિંગ જેને માટેનો કંઇ ઇતિહાસ હાથ લાગ્યો છે તે મૂળપુરૂષથી દશમી પેઢીએ થયો એમ કહેવાય છે. હાલના રાજા શ્રીપરતાપસીંગજી એ વીરસીંગથી દશમી પેઢીએ છે. સંસ્થાનમાં ૫ છોકરાની ને એક છોડીની મળી એકંદરે ૬ નિશાળો ને એક દવાખાનું છે. સંસ્થાનનું મુખ્ય શહેર વાંસદા, તેમાં એક દવાખાનું એક નિશાળ ને એક પોસ્ટ આફીસ છે.

વીરમગામ—એ શહેર પોતાના પરગણામાં મુખ્ય છે ને તે અમદાવાદની પશ્ચિમે ૩૮ મૈલ ઉપર વઢવાણના રસ્તાપર છે; તેને ફરતો કોટ છે. વસ્તી સને ૧૮૭૨ માં ૧૯૬૬૧ માણસની હતી. રણની પૂર્વે થોડા મૈલ ઉપર ખુલા મેદાનમાં નીચી જમીનમાં તેને બુરજવાળી ઇંટ પથ્થરની દીવાલ ૨⅙ મૈલ ફરતી છે. પાંચ દરવાજા; ઉત્તરે ગોલવાડી દરવાજો પાટણ જવાનો; ઉત્તર પૂર્વે ભરવાડી તે રેલવે સ્ટેશનપર જવાનો; પૂર્વે રાયપુરી અમદાવાદ જવાનો; દક્ષિણ પશ્ચિમે ગંગાસાગર ને પશ્ચિમે માનસર;—ઉત્તર પશ્ચિમને ઉત્તર પૂર્વે બે બંધ રાખેલા દરવાજા છે ને દક્ષિણ સામા એક બારી છે જ્યાંથી ગંગાસાગરમાંથી પાણી લેવામાં આવે છે. ઘર ઘણુંકરીને ઇંટમટોડીનાં છે ને કેટલીક આફીસ, સ્કૂલ, ડિસપેનસરી, એ સિવાય ગામમાં શોભીતાં મકાન નથી. રેલવે ઉઘડવાથી વીરમ

ગામ વધ્યું છે; સ્ટેશન પાસે એક પરૂં થયું છે તેમાં બે ચરખાનાં કારખાનાં છે ને માનસરોવર પાસે એક બીજું પરૂં થયું છે જ્યાં રૂ તથા અનાજનો ધંધો થાય છે.

અગીઆરમા સૈકાને અંતમાં મીનલદેવીએ માનસરોવર બંધાવ્યું ને તેના દીકરા સિદ્ધરાજે કેટલાંક દહેરા બંધાવ્યાં. માંડલના રાજાના તાબામાં હતું ત્યાં લગી વીરમગામ અમદાવાદના બાદશાહની ખાલસા જમીનમાં ગણાયું નહોતું પણ ૧૫૩૦માં ગણાવું. કાઠિયાવાડમાં જવાના નાકાપર તે આવેથી મોગલ સુબાઓએ તેને ઝાલાવાડ પરગણાનું મુખ્ય ગામ ઠેરવ્યું ને ૧૮ મા સૈકાના હંગામમાં ત્યાં કેટલીક લડાઇઓ થઇ હતી. ત્યાંના દેસાઇએ કિલ્લો, બાંધ્યો ૧૭૩૦માં, ને ત્યે મુસલમાન કારભારી રહેતો; પણ ૧૭૩૫માં દેસાઇએ મરેઠાને બોલાવ્યા ને એઓએ ૧૭૪૦ સુધી તે રાખ્યું; એ વરસમાં ભાવસિંગે સ્વતંત્ર થવાની આશાએ મરેઠાઓને હાંકી મેલ્યા પણ ચાર મહિનામાં તેઓ જોરમાં પાછા આવ્યા ને ભાવસિંગે સામા થવાની પોતાની શકિત નથી જાણી પાટડી આપવાનું તેઓએ કબુલ કર્યું તે ઉપરથી વીરમગામ તેઓને આપી દીધું.

વસ્તી૧૯૬૬૧ની; તેમાં હિંદુ ૧૫૨૯૦ ને મુસલમાન ૪૩૬૩ તથા ૮ બીજા. જાડું કાપડ, રજાઇ, પંખા ત્યાં બને છે; પણ ખેડાના તંબાકુની તપખીર બનાવવાનું કામ ત્યાં વધારે ચાલે છે. સને ૧૮૨૦ માં બ્રિટિશ સરકારના હાથમાં આવ્યા પછી તે ૧૫ થી તે ૨૦ હજારની વસ્તી વાળું, બે ભાગ હિંદુ ને એક ભાગ મુસલમાન એવું સારૂં બાંધેલું ને આબાદ થતું હતું. ગુજરાતની ખંડણી દક્ષિણમાં જતી બંધ પડવાથી ૧૮૨૭ માં જો કે ઘણાક શાહુકારો બહુ નુકસાન જવાથી કોકણમાં દાસગામમાં જઇ રહ્યા તો પણ વીરમગામમાં કેટલાક જણ મોટી પુંજીવાળા હતા. તેમાં ભાટનું એક કુટુંબ ૧૪ લાખની પુંજીવાળું હતું. ધંધો ઝાઝો હતો નહિ ને વીરમગામે પડતીની નિશાની બતાવી. એ વખતપર કોટ સમારવામાં આવ્યો તેથી ગામમાં ધાસ્તી ઓછી થઇ. ૧૮૩૫ માં વસ્તી થોડીક વધી ને થોડાંક ઘર સારાં બંધાયાં. વઢવાણ રેલવે ઉઘડવાથી વીરમગામમાં ધંધો વધ્યો છે. ૧૮૭૨ માં ૨૪૫૫૩ ટન માલ આવતો થયો ને ૧૮૭૭ માં ૬૭,૩૮૫ ટન; વળી ઉતારૂઓ ૧૧૫૦૯૧ ના ૧૭૪૫૦૨ થયા હતા. ત્યાંની જુવાર બાજરી ને ઘઉં અહીંનાં ને પાટણથી આવતાં તે મુંબાઇ મોકલવામાં આવે છે; અને રૂ ત્યાંનું ને ઉત્તરના પરગણાનું તે મુંબઇ ને અમદાવાદ જાય છે. વીરમગામમાં રૂનો મોટો ધંધો ચાલે છે. હાલ (૧૮૭૮) ૧૩૦ ચરખા બાફથી ચાલે છે ને ૧૧ દાબવાના સાંચામાં એક બાફથી ચાલતો છે. અળસી બાહાર ગામ જાય છે. દક્ષિણ ગુજરાતમાંથી ગોળ ગામમાં આવે છે; ખાંડ ને સેરડી મુંબઇથી આવે છે; પંચમહાલ ને ભરૂચથી લક્કડ આવે છે. ગામને માટે ને ઉત્તર ગુજરાતનાં પરગણાંને માટે મુંબઇ તથા અમદાવાદથી કાપડ આવે છે. વીરમગામના વેપારીઓમાં શ્રાવક ને મોઢ વાણીઆ છે. વળી થોડાક કણબી ને બ્રાહ્મણ પણ છે. રેલવે ઉઘડવાથી વોહોરા, પારસી, ને યૂરોપીયન એઓ પણ ગામના વેપારીઓની સાથે સરસાઇ કરે છે: ઘણાખરા વેપારીને મુંબઇમાં આડતિયા છે. વેપારની મોસમ અકટોબરથી તે જુન સુધી ચાલે છે. વીરમગામના વેપારીઓનું મહાજન છે; ધં-

ધાના નફા ઉપર સૈંકડે જે લેવામાં આવે છે તે ફંડ દહેરાં તથા પાંજરાપોળના ખરચમાં અને કેટલાક અણોજા પળાવવામાં ખરચાય છે.

મ્યુનિસિપાલીટીની ઉપજ (૧૮૭૭–૭૮ માં) રૂ. ૨૮૦૮૩ ની હતી એટલે માથાદીઠ ૧ રૂપીઆ ને ૭ આના એટલો કર સરાસરી આવે છે. મામલતદારની ને ચીફ કાનસ્ટેબલની કચેરી, સબોર્ડિનેટ જડજની કોરટ છે. એ કચેરી એક મોટાં દેખાવડાં મકાનમાં છે; વળી નવાં નકસીવાળાં મકાનોમાં મ્યુનિસિપાલ આફીસ, આંગ્લો વર્નાક્યુલર સ્કુલ, ડિસપેનસરી, ને ટ્રાવેલર્સ બંગલો એ છે. માનસર દરવાજા બહાર ધર્મશાળા છે ને મામલતદારની કચેરીનીપાસે પટેલનો ચોરો છે.

માન, ગંગાસર, ગુસારીયા, ને ધુનીઆ એ તળાવો છે. માન સરોવર એ મીનલદેવીએ સને ૧૦૯૦ માં બંધાવ્યું છે; તે ફરતું ૨૨૦ વાર છે. ઘાટમાં શંખ જેવું ને આસપાસ પગથિયાં છે તેની વચમાં ડેરા છે તે મરેઠાઓએ સમરાવી ત્યાં બહુચર્રાજીનું દહેરૂં કરેલું છે; તળાવની ચોમેર ફરતાં દહેરાં છે. કહેવાય છે કે ૩૦૦ થી વધારે હતાં. એ સરોવર પાસે વળી ઇદગા મુસલમાનોને બંદગી કરવાનું ઠેકાણું છે. ગામમાં બે જૂની મસીદ છે, એક ગંજબઝારની કહેવાય છે (દાણાના બજારમાં) તે હિંદુ દહેરાની કીધી છે ઇ. સ. ૧૫૬૦ માં, અને બીજી ગંગાસાગર મસીદ ૧૫૮૪ માં અબદુલ આઝિઝ સૈયદ બિન અબુ મહમદ એણે બંધાવી છે.

વીસનગર—વસ્તી ૧૯,૬૦૨. એજ નામના ગાયકવાડી મહાલનું મુખ્ય ગામ મેસાણાના રેલવે સ્ટેશનથી ૧૧ મૈલ દૂર છે. કેટલાક કહે છે કે એ વિસલદેવ વાઘેલાએ ૧૨૪૩–૧૨૬૧ ની વચમાં વસાવ્યું ને કેટલાક એમ કહે છે કે એ વિસલદેવ ચોહાણે ૧૦૪૬ માં વસાવ્યું. અમ્બાજીની જાત્રાએ જનારા યાત્રાળુઓ અહીં થઇને જાય છે ત્યારે મોટો મેળો ભરાય છે ને તે વખતે લાખ દોઢ લાખનો માલ વેચાય છે. ગામ આબાદ દેખાય છે. અહીં વહીવટદારની, ડિસ્ટ્રિક્ટ જડજની, આસિસ્ટંટ જડજની, મુનસફની, અને નાયબસુબાની કચેરીઓ છે. એક જેલ ને પોલીસ થાણું પણ છે. એ સઘળાં સરકાર કચેરીનાં મકાનમાંજ છે. અહીં ૯ ધર્મશાળાઓ છે. દહેરાંમાં જળેશ્વર મહાદેવનું; ભીમનાથ મહાદેવનું, ગોસાવી મહારાજનું, સ્વામી નારાયણનું અને એક જૈન મંદિર. લાલાભગતનું પણ એક મંદિર છે.

વોકસની કબર—(બાકસ–બારકસ–નો અજીરો) સૂરત પાસે તાપીના મુખ આગળ જમણે તીરે છે; એ નીશાની ખાડીમાં આવતાં વહાણાને બહુ ઉપયોગી થઇ પડી છે; ઘુમટ ૩૦ ફૂટ ઊંચે મુસલમાની તરેહનો છે ને તે આગળ સુંવાળીનો મિનારો કહેવાતો; કબર ઉપર કોઇ લેખ નથી; પણ તેના ઉપલા ભાગમાં એક ઓલી છે ત્યાં જૂના વખતમાં (૧૭૭૭) અંગ્રેજો મોજમજાને માટે મળતા. જે અમલદારના નામ ઉપરથી કબરનું નામ પડ્યું છે તે સર જોસ્યહ ચેલ્ડનો નોકર હતો—તે સતરમા સૈકાના પાછલા ભાગમાં કોઠીવાળો થઇ આવેલો. પણ ૧૬૮૫ માં જડજ ને મુંબઇનો ડેપ્યુટી ગવરનર થયો હતો. બે વરસ પછી ફ્રેંચસાથે છૂપો સંબંધ રાખવાના શક ઉપરથી તેને

કંપનીની નોકરીમાંથી સસપેન્ડ કરેલો તે ૧૬૯૭ સુધી નોકરી વગરનો રહ્યો; તે વરસમાં તે તથા તેની બૈરી હોડીની સેહલ કરતાં હતાં તેવામાં હોડી ઉંધી વળી ને બંને જણ ડુબી મૂઆં.

વૌઠા—એ અમદાવાદ જિલ્લાના ધોળકા પરગણાનું ગામ, ધોળકાની દક્ષિણ પૂર્વે ૭ મૈલ ઉપર છે; તે સાત નદીઓના સંગમ ઉપર આવેલું છે તેથી ત્યાં ડિસેંબર મહિનામાં છ દહાડા જાતરા ભરાય છે; ૨૦થી તે ૨૨ હજાર જાત્રાળુઓ આવે છે ને ઘણેક ધંધો ત્યાં ચાલે છે. ઉપર જે સાત નદી કહી તે સાબરમતી તથા તેને મળનારી હાથમતી અને વાત્રક તથા તેને મળનારી ખારી, મેશવો, શેઢી ને માજમ.

શિહોર—ભાવનગરથી ૧૪ મૈલ દૂર છે. ભાવનગર સ્થપાયા પહેલાં એ ભાવનગર સંસ્થાનનું રાજધાની શહેર હતું. અહીંથી આશરે એક મૈલ ઉપર ઈમારતી લાકડાંની, વિશેષે સાગવાનની, વાડીઓ છે તેમાં ઝાડ ઘણાં સારાં ઊછરે છે. અહીંનાં તાંબા પિત્તળનાં વાસણ, તપખીર તથા ચૂનો એ ઘણાં વખણાય છે. અહીંના ચતુર ભાવસારના બનાવેલા રંગ બેરંગી સાલ્લા આખા કાઠીઆવાડમાં ઘણા ખપે છે. એક તાર આફીસ, પોસ્ટ આફીસ, એક છોકરાની ને એક છોડીઓની એમ બે નિશાળ છે. શિહોરની પાસેની ગૌતમી નદીને તીરે દીપરીઓધાર નામે ડુંગર છે. તેની પેલી મેર ગૌતમકુંડ તથા ગૌતમેશ્વર મહાદેવનું દહેરૂં છે.

શુકલતીરથ— ભરૂચ પરગણામાં ભરૂચથી દશ મૈલ ઉપર નર્મદાને ઉત્તરે ૬૧૬ ઘર ને ૨૪૪૭ની વસ્તીનું ગામ ને જાતરાનું સૌથી મોટું ઠેકાણું. જાતરા દર વરસે કારતકી પૂનેમે આવે છે તે પાંચ દહાડા ચાલે છે ને પચ્ચીસેક હજાર લોક ત્યાં મલે છે. શુકલ તીરથ આગળ થોડે થોડે છેટે ત્રણ તીર્થ આવ્યાં છે. કાવી તીર્થ, ઓંકારેશ્વર તીર્થ ને શુકલતીર્થ. દહેરાનો આગલો ખંડ સભામંડપનો ૨૩ ફૂટ લાંબો તથા ૭ પહોળો ને માંહેલો સાડા અગિયાર ફૂટ ચોરસ છે ને પછી સાડા પાંચ ફૂટ ઉંચુ તથા સાડા ત્રણ પહોળું એવાં બારણામાંથી ઓંકારતીર્થની મૂર્તિ છે ત્યાં જવાય છે ને તે ખંડ સાડા દશ ફૂટ લાંબો તથા ૭ ફૂટ પહોળો છે. મૂર્તિ પાંચ ફૂટ ઉભી ધોળા પત્થરની છે (ઉને પાણીએ નવાડતા નથી તેથી બાઝી ગયલી રેતીની છે એમ સૌ કહે છે) ને ચાર હાથમાં શંખ ચક્ર ગદા પદ્મ છે ને મૂર્તિની બંને બાજુએ બ્રહ્મા તથા મહાદેવની મૂર્તિ છે. નદીમાંથી ઓમ્ એ શબ્દ કરતી મૂર્તિ નિકલી માટે ઓંકારનાથ કહેવાય છે. પૂજારી બ્રાહ્મણોને રાખ્યા છે તે ગામના પંચે. વહિવટદાર સાડાસાત એકર જમીનના રૂા. ૨૮-૧-૪ સરકારનો ધારો ભરે છે પણ સરકાર પાસેથી રોકડ હક રૂા: ૧૪-૯-નો ને રૂા: ૨૫ વડોદરા સરકાર પાસેથી લેછે; વળી જાત્રાળુઓ જે મૂર્તિને ભેટ મુકે છે તે ઉપજ ઘણી છે. જાતરામાં કોઈ વખત કોલેરા થયો જાણ્યામાં આવ્યો નથી; હિંદુ સિવાય પારસી ને મુસલમાન પણ મેળામાં હોય છે.

દંતકથા, પૂર્વે લોક આટલું જાણતા હતા કે પૃથ્વી ઉપર એક સ્થળ એવું છે કે જ્યાં સર્વે પાપથી મુક્ત થવાય છે પણ તે ક્યાં છે તે કોઈ જાણતું નહોતું; ઉજ્જનના વૃદ્ધ રાજા ચાણક્યે

પોતાના પાપથી છુટવા તે સ્થળ ક્યાં છે તે જાણવાને કાગડાઓને યમ પાસે મોકલ્યા ને એઓએ જઇ જાણ્યું કે ચાણક્ય મરી ગયો છે ને પછી યુક્તિથી વાત કરી ઇચ્છેલું સ્થળ ક્યાં છે તે જાણી લીધું ; પછી કાગડાએ પાછા આવી રાજાને કહ્યું ને રાજા કાળા સડની હોડીમાં બેસી નર્મદાનાં તીર જોતો ચાલ્યો; કેટલાક દહાડા પછી સડ ધોળા થઇ ગયા એટલે તરત રાજા કાંઠે ઉતર્યો ને પાપથી મુક્ત થયો. તે વારે કાગડાને ધોળી પાંખ હતી પણ ઉપર પ્રમાણે કપટ કીધું તેથી તેઓની પાંખ કાળી થઇ છે. કાળા સડની હોડીને બદલે જાત્રાળુઓ માટીના ઘડામાં દીવો રાખી તેને નદીમાં તરતો મૂકે છે. ચંદ્રગુપ્ત પોતાના પ્રધાન ચાણક્ય સાથે શુકલ તીર્થ આવ્યો હતો, પોતાના આઠ ભાઇને મારી નાખેલા તે પાપથી છુટવાને. અગિયારમા સૈકાના આરંભમાં અનહિલવાડનો રાજા ચામુંડ પોતાના દીકરાના મરણના હૈયાશોકમાં શુક્લતીરથ આવી મરતાં સુધી રહ્યો હતો.

શેરા—પંચમહાલ તાબાના ગોધરાની ઉત્તરે ૧૨ મૈલ ઉપર ગોકળ આઠિમ ઉપર માહાદેવીની જાત્રા ભરાય છે; બસેં ત્રણસેં ભીલ કોળી મળે છે.

સંદાલપુર—ખેડા તાબાના આણંદ પરગણામાં ૨,૮૩૩ વસ્તીનું છે. એ ગામની પાસે જે મહી કાંઠો છે ત્યાં અગાડીના વખ્તમાં કોઇ શેહેર હતું.

સચીન—સુરત એજન્સીના તાબાનું સંસ્થાન વિસ્તારમાં ૬૨ ચો. મૈ. છે. વસ્તી ૧૭,૧૦૩ ને વાર્ષિક ઉપજ પોણા બે લાખની. સંસ્થાનનાં ૨૧ ગામ છે તે સૂરત જિલ્લાના ચોરાસી તથા જલાલપુર તાલુકાઓનાં ગામમાં છૂટક છૂટક આવેલાં છે. જમીન કહીં કહીં કાળી ને કહીં કહીં ગોરાડુ છે. મુખ્ય પાક ડાંગર, બાજરી, જુવાર, ઘઉં, તુવર, મગ, શેરડી ને કપાસ. સચીનના નવાબ સાહેબ આફ્રીકાના સીદીના વંશના છે. એમના પૂર્વજ હિંદુસ્થાનમાં ક્યારે આવ્યા તે જણાતું નથી. પંદરમા સૈકામાં સીદીઓના હાથમાં દંડા રાજાપુર તથા જંજિરા એ ગામ હતાં ને તેઓ મોગલ સરકારના દરિયાઇ કાફલાના સરદાર હતા. મોગલ સત્તા પડી ભાંગી ત્યારે તેઓ જંજિરા પચાવી પડયા. ત્યાર પછી તેમને પેશવા તરફથી સૂરત જિલ્લામાં કેટલાંક ગામ મળ્યાં. હાલના નવાબ સાહેબનું નામ સીદી અબ્દુલ કાદર છે. સંસ્થાનમાં જમીન વહીવટ ખાતાબંધીની રીતે ચાલે છે. દિવાની તથા ફોજદારી ન્યાયને માટે કોરટો સ્થપાઇ છે. સંસ્થાનમાં એક પોસ્ટ આફીસ તથા એક દવાખાનું છે.

સરગવાળા—એ ગામ અમદાવાદ જિલ્લાના ધોળકા પરગણાની દક્ષિણમાં છે ને તે કોઇ સમા ઉપર બંદર હતું એમ કહેવાય છે; ગામપાસે ટેકરો છે ને ગોળ પથરો કાણાં કોરેલા જે અગાઉ લંગરને ઠેકાણે વપરાતા હજી છે તે ઉપલી વાતને ટેકો આપે છે.

સાણંદ—એ ૭,૨૨૯ વસ્તીનું પેહેલાંના પરગણાનું મોટું ગામ અમદાવાદની પશ્ચિમે ૧૬ મૈલ ઉપર છે, વઢવાણ રેલવે ઉપરના સાણંદ સ્ટેશનની દક્ષિણે બે મૈલ ઉપર. તે અગાઉ કોઠના જૂના કુળનું મુખ્ય ઠેકાણું છે ને ત્યાં કંઇ જાણવા જેવાં મકાન નથી કે ઇતીહાસ સંબંધી નિશાની નથી. ગામને સાફ રાખવાની તજવીજો ત્યાંના શ્રાવક રહેનારાઓ કરવા દેતા નથી તેથી તેનો સાધારણ

દેખાવ મેલો ને કંગાળ જેવો છે. રેલવે ઉઘડવાથી ત્યાંનો ધંધો વધ્યો છે. ત્યાં એક પોસ્ટ આફીસ ને એક ડિસપેનસરી છે. ગામની બહાર અમદાવાદના રસ્તા ઉપર મામલતદાર ને ફોજદારની કચેરીનાં મકાન દેખાવડાં સારાં બંધાય છે ને સ્ટેશનના રસ્તાપર નવી ને શોભીતી ધર્મશાળા છે.

સાદરા—વાસણા સંસ્થાનનું ગામ સાબરમતીને તીરે અમદાવાદથી ઉત્તરે ૨૫ મૈલ ઉપર છે. મહીકાંઠાના પોલિટિકલ એજન્ટનું અહીં સદર સ્ટેશન છે. પોલિટિકલ એજંટનો બંગલો, તેની પાસેજ એક ઇસ્પિટાલ, ને એક લાઇબ્રરી એ મકાનો સારાં છે. ગામમાં બે ધર્મશાળાઓ છે. તેમાંની એક ગાયકવાડ સરકારની બંધાવેલી છે. ગાયકવાડ સરકારની પાગાને માટે અહીં એક મકાન છે. એક છોડીઓની, એક છોકરાની તથા એક તાલુકદારી એમ કરી ત્રણ નિશાળો છે.

સામરખા—ખેડા જિલ્લાના આણંદ પરગણાંનું ગામ, ૧૪૧૫ ઘર ને ૫૨૩૧ માણસની વસ્તીનું.

સામળાજી—એ ગામ મહીકાંઠા તથા મેવાડની હદ ઉપર મેશ્વો નદીને તીરે છે. એમાં સામળાજીનું મંદિર છે તેથી એ ઘણા જૂના વખતથી પવિત્ર મનાયલું છે. દહેરાં આગળ મેશ્વો નદી નાનાં નાનાં ખાબોચીઆં રૂપે થઇ ગયલી છે જેમાં જેમને ભૂત, બલા વગેરે વળગેલી હોય છે તે સ્નાન કરે છે. દહેરાની ઉત્તર તરફ કરમાણુ તથા સૂર્યકુંડ એ નામના બે કુંડો છે. સામળાજીની આસપાસ ખંડિયરો ઘણાં છે. દહેરૂં ગીચ ઝાડીઓથી ભરપૂર એવી ડુંગરીઓની ખીણમાં આવેલું છે ને તે આશરે ૪૦૦ વરસનું જણાય છે. દહેરૂં રેતી પત્થર તથા ઇંટનું બાંધેલું બે માળનું હોઇ તેની આસપાસ કોટ છે જેમાં એક દરવાજો મુકેલો છે. દહેરાં ઉપર સઘળી બાજુએ હાથી વગેરેનાં પૂતળાં મુકેલાં છે. સામળાજીના દહેરાંની પાસે એક બીજું દહેરૂં સોમનારાયણનું ને એક મહાદેવનું દહેરૂં છે. મહાદેવનું દહેરૂં જમીનની અંદર ભોંયરામાં છે. અહીં કાર્તિકી પુનેમે મેળો ભરાય છે તે વખતે આશરે ૨ા લાખનો માલ ખપે છે. પહેલાં પોણા નવ લાખનો ખપતો.

સિદ્ધપુર—વસ્તી ૧૩,૫૦૦. આ ગામ પવિત્ર સરસ્વતીને તીરે અમદાવાદથી ઉત્તરે ૬૪ મૈલ ઉપર રજપુતાના-માળવા રેલવે ઉપરનું એક સ્ટેશન છે. અહીંની રૂદ્રમાળા મૂળરાજ સોલંકીએ બંધાવી હતી. ત્યારપછી સિદ્ધરાજ જયસિંહે તેને મરામત કરાવી. એ રૂદ્રમાળા ઘણું જોવાલાયક મકાન હતું. હાલમાં તેનાં માત્ર ખંડિયર છે. સિદ્ધપુર પવિત્ર ધામ ગણાય છે તેથી અહીં દહેરાં ઘણાં છે. તેમાંનાં મુખ્યઃ—ગોવિંદ મહાદેવનું; રણછોડજીનું, સહસ્ત્રકાલ માતાનું, શામજીનું, સ્વામીનારાયણનું, ગોસાઇજી મહારાજનું, કપિલમુનિનું, લક્ષ્મીનારાયણનું, ગોપીનાથનું, ગોવરધનનાથનું, રઘુનાથજીનું, ગણપતિનું, બ્રહ્માનંદેશ્વરનું, અર્બુદેશ્વરમહાદેવનું, વાલ્કેશ્વર મહાદેવનું, સિદ્ધનાથ મહાદેવનું, એ છે. એક પીપળો છે તે મોક્ષપીપળો કહેવાય છે. બિન્દુ સરોવર, અલ્પ સરોવર, ને વાપીકર એ નામનાં ત્રણ તળાવો છે. સરસ્વતીને તીરે માતૃશ્રાદ્ધ કરવાને ઘણા લોકો આવે છે.

વર્ષમાં ચાર વખત જાત્રા ભરાય છે. એક કાર્તકી પુનેમે, બીજી, આસોસુદ પુનેમે, ત્રીજી શ્રાવણવદ આઠેમે ને ચોથી શ્રાવણના દરેક સોમવારે. એક દવાખાનું ને ચાર ધર્મશાળાઓ પણ છે.

સિનોર—ગાયકવાડી ગામ નર્મદાને તીરે છે. અહીંનાં દહેરાં ચાણોદનાં દહેરાં કરતાં ઓછાં દેખાવડાં પણ વધારે પવિત્ર ગણાય છે ને તેમનામાંહેનાં કેટલાંકનું નકસી કામ ઘણું ઉમદા છે. દહેરાંમાં અંગારેશ્વરનું તથા ભદ્રેશ્વરનું એ બે મુખ્ય છે. ગામમાં વહીવટદારની, મુનસફની, પોલીસ ફોજદારની, કચેરીઓ, મ્યુનિસિપાલિટી તથા એક દવાખાનું છે. ચાર ધર્મશાળા એક ગૂજરાતી ને એક મરાઠી એમ બે નિશાળ, ને એક પોસ્ટઆફીસ છે.

સિહોર—એ ચુંવાળનું ગામ અમદાવાદ જિલ્લાના વિરમગામથી ઉત્તરે ૧૨ મૈલ ઉપર છે. ત્યાં ૧૮૨૫ માં જૂના શહેરની નિશાનીઓ સારી પેઠે દેખાતી-ભીંતોના પાયા જણાતા. ને ઇંટ હમણા વપરાય છે તેના કરતાં ઘણી મોટી માલમ પડી હતી; વળી ઘણા ચુડા ને બીજાં ઘરેણાં પણ ખોદવાથી ઘણીવાર નીકળ્યાં હતાં. વંગાવતીપાટણની પેઠે સિહોર પણ ૩૦૦ વરસ ઉપર રણની ધૂળ રેતીના તોફાનથી દટાઇ ગયું હતું. ત્યાં માતાનું એક ભાંગ્યું તૂટું દહેરૂં છે. તેનાપર સંવત ૧૫૬૯ નું વરસ છે.

સીલી—૭૨૫ ઘર ને ૨૯૦ વસ્તીનું ખેડા જિલ્લાના આણંદ પરગણાનું ગામ. ત્યાં એક સુંદર તળાવ ગાયકવાડના એક કારભારી મલાર નારાયણની વિધવા બાલાબાઇએ ૧૮૨૧-૨૪ માં બંધાવ્યું છે. તળાવ, દહેરૂં, ધર્મશાળા ને કૂવો એ બધાંનો ખરચ રૂા. ૩૦ હજાર થયલો કહેવાય છે.

સુંથ—રેવાકાંઠા એજન્સીના તાબાનું સંસ્થાન. વિસ્તાર ૩૯૪ ચો. મૈ. વસ્તી, ૪૯,૬૭૫ ને વાર્ષિક ઉપજ ૧,૦૪,૭૦૦, **સીમા**:—ઉત્તરે રેવાકાંઠાનું કડાણા, તથા મેવાડનાં ડુંગરપુર તથા વાંસવાડા સંસ્થાનો, પૂર્વે પંચમહાલનો ઝાલોદ તાલુકો, દક્ષિણે રેવાકાંઠાનું સંજેલી સંસ્થાન, તથા પંચમહાલનો ગોધરા તાલુકો ને પશ્ચિમે લુણાવાડા સંસ્થાન. સંસ્થાનનો ઉત્તર તરફનો મુલક પાધર ને સપાટને દક્ષિણ તરફનો તે ખડબચડો ડુંગરાડુંગરીવાળો છે. નદી:—મહી ને પાનમા. પહાડની ખીણોની જમીનજ ખેડાણ લાયક છે. સુંથના રાજા પરમાર રજપૂત જાતના છે. કોઇ જાલમ સિંગ નામે પરમારે ઝાલોદ ગામ વસાવી ત્યાં રાજ્ય કરવા માંડયું. એનાથી છઠ્ઠી પેઢીએ સાંત થયો તેણે સુંથ વસાવ્યું (૧૨૫૫માં). ૧૪૧૩ પછી સુંથ અમદાવાદના મુસલમાન રાજાઓના તાબામાં ગયું ને ત્યાર પછી દિલ્હીના મોગલોના. હાલના રાજાનું નામ પરતાપસિંગ છે તે મૂળ પુરૂષ જાલમસિંગથી ૨૭ મી પેઢીએ છે. સંસ્થાનમાં ફોજદારી તથા દિવાની ન્યાયની કોરટો સ્થપાઇ છે. જમીન વહીવટ ખાતાબંધી રીતે ચાલે છે. એક દવાખાનું તથા એકંદરે સાત નિશાળો છે.

સુરત—ઉત્તર અક્ષાંસ ૨૧°-૧૨′ ને પૂર્વ રેખાંસ ૭૨°-૫૫′; તાપી નદીને દક્ષિણતટે સમુદ્ર થકી જળમાર્ગે ૧૪મૈલ ને ભૂમિને માર્ગે ૧૦ મૈલ છેટે છે. નદીનો પ્રવાહ જ્યાં અગ્નિકોણથી નૈર્ઋત્યકોણ તરફ ફંટાય છે તે વાંકઉપર સુરત છે. કિલ્લાને મધ્યબિંદુ લેતાં શહેર તે ગોળનો એક

ભાગ હોય તેવે આકારે છે ને નદીને લગતી આવેલી જમીન સવા મૈલ જેટલી લાંબી છે. કિલ્લાથી દક્ષિણ તરફ જોતાં મોખરે બાગ દેખાય છે કે જેનાં ઝાડ કેટલાંક મકાન નદીને કાંઠે આવેલાં છે તે સિવાય શહેરના બીજા ભાગઉપર નજર પડવા દેતાં નથી. પશ્ચિમ તરફ નદી કિલ્લાની દિવાલને ધોતી ઝાડ વગરની પણ લીલી ચાર ઉગેલી એવી જમીનમાંથી ફંટાય છે. નદીની જમણી બાજુ થકી જમીન ઉત્તર તરફ થોડી ઊંચી થાય છે કે જ્યાં નદીઉપર આવેલા ઊંચા કાંઠાઉપર પુરાતન શહેર રાંદેરનાં ઝાડ તથા કેટલાંક ઘરો દેખાય છે. રાંદેરથી પાછી નજર ફેરવતાં ખેડાણ જમીનના ચીરાની પેલીપાસ મોટાં ઝાડોની ઘટા આવી રહી છે. કિલ્લાથી મૈલેક લગીમાં તે ઝાડોમાં ઉભા રહી જોઇએ તો રશી બૂરજ શહેરના બહારના કોટનો ઉત્તર છેડો બતાવે છે. રશી બૂરજ ને કિલ્લો એ બેની વચમાં મોટાં મકાનોની હાર કાંઠાઉપર ઝુમતી દીસે છે ને તેની પેલીપાસ પૂર્વ તરફ ને દક્ષિણ પૂર્વ તરફ રસ્તા તથા ઘરો ઝાડથી કેટલાંક ઢંકાયલાં આવ્યાં છે. કિલ્લાને મધ્યબિંદુ રાખી એક ૧૬૬૪ માં ને બીજો ૧૭૧૭ માં એમ બે કોટ બાંધ્યા છે; માંહેલા કોટ લગીની લીટીમાં ૪૪૦ ને બાહારના કોટ લગીની લીટીમાં ૧૮૧૮ એકર જમીન આવે છે. જો કે માંહેનો કોટ ઘણાં વરસ થયાં તોડી પાડવામાં આવ્યો છે તો પણ તેની આસપાસની ઊંડી ખાઇ રહીછે ને તેથી શહેર ને પરાં જૂદાં પડતાં સાફ જણાય છે. શહેરમાં રસ્તા જો કે છારૂં કાંકરા પત્થર વગેરે પૂરેલા સાફ ને પાણી સિંચાતા છે તો પણ તે થોડાક ધોરી સિવાયે સાંકડા ને વાંકા ચૂંકા છે. ખાલી જગાઓ કેટલીક છે પણ શહેરના ઘણા ખરા મોહોલ્લામાં સારી પેઠે વસ્તી છે; મોટાં ને સારાં બાંધેલાં ઘરો પછી તે ઉંચી ન્યાતના હિંદુઓનાં કે તવંગર પારસીઓનાં હોય તો પણ તે ઘરોની હારોની વચ્ચેના રસ્તા સાંકડા ને વાંકા છે. પરાંમાં પૂર્વ તરફના ભાગમાં એક બે સિવાય ઘણી જમીન ખુલ્લી છે. પણ તે અસલ વાડીઓ હતી ને હમણાં ખેડાતાં ખેતર છે. કેટલીક ગલીના રસ્તા સાધારણ સપાટીથી ઘણાં ફૂટ નીચા ખોદાઇ રહેલા ચોમાસામાં પાણીના મારગ થઇ રહે છે ને બીજી રતોમાં ધૂળથી ડબાઇ ગયલા હોય છે. શહેરના પૂર્વ ભાગમાં હોરવાડના દક્ષિણ પશ્ચિમમાં યૂરોપિયન લોકનાં ને પારસીઓનાં થોડાંએક વાડીવાળાં ઘર એ સિવાયના તે નીચી જાતના હિંદુઓનાં ઝુપડાં અથવા ખેડુત કે વણકરનાં ઘરો કાચા રસ્તાની બાજુએ આડાં આવેલાં છે. કોટની બહાર ઉત્તરે ને પૂર્વે જમીન રસાળ, પાણી પીધેલી ને ઝાડોથી ઢંકાયલી છે. દક્ષિણે જમીન કસ વગરના છે ને પારસી ને મુસલમાનની કેટલીક વાડિયો સિવાય તે તરફનો ભાગ ખુલ્લો છે. પશ્ચિમે નદીને કાંઠે લશ્કરી છાવણીનો મુકામ, ડુમસના રસ્તાની બંને બાજુએ ઝાડથી છવાયલાં રેહેઠાણ ને લશકરી કવાયત શિખવાની ખુલ્લી જગો એથી તે ભાગ ખુશનુમા દેખાવ આપે છે.

સુરતમાં મુખ્ય દેખાવડો તેનો કિલ્લો છે. લશકરી સીપાઇ એક તુર્કે ઇ. સ. ૧૫૪૦ ને ૧૫૪૬ ની વચમાં નકસો ચિતરી તે બાંધ્યો. તે તુરક (રૂમી)ને ગૂજરાતના બાદશાહ મહમદ બેગડાએ

(૧૪૫૯–૧૫૧૧) ખુદાવંદખાન એ નામ આપી અમીર બનાવ્યો હતો. બાદશાહ અકબરે ૧૫૭૩ માં સૂરત લીધું ત્યારથી તે કિલ્લો દિલ્હી દરબારથી નીમાતા કિલ્લેદારોના હવાલામાં રહ્યો ૧૭૫૧ સુધી; એ વખતે મોગલ કાફલાના વડા સરદાર સીધીએ તેને પોતાના કબજામાં આણ્યો. પણ વળી ૧૭૫૯ માં તેને શહેરની સાથે અંગ્રેજોએ પોતાના તાબામાં લેઇ લીધો. સૂરતની કિલ્લેદારીનો વહિવટ દિલ્હીથી સ્વતંત્ર જેવો હતો તો પણ અંગ્રેજોએ મોગલની નામની તાબેદારી માની ને એઉપરથી કિલ્લાઉપર બે વાવટા ઉડતા. દક્ષિણ પશ્ચિમ બૂરજઉપરથી અંગ્રેજનો ને દક્ષિણ પૂર્વ બૂરજ ઉપરથી મોગલનો. એ પ્રમાણે ૧૮૪૨ લગી ચાલ્યું. પણ તે વર્ષમાં-સુરતનો છેલ્લો નવાબ મરી જવાથી અંગ્રેજોએ પોતાનો કાફલો તાપીમાંથી ખસેડયો ને મોગલનો વાવટો કાઢી પાડી નાખ્યો. ખુદાવંદખાને કિલ્લો બાંધ્યો ત્યાર પછી તેમાં ફેરફાર થયો નથી; માત્ર આટલો કે અંગ્રેજોએ ૧૭૬૦ ના એપ્રિલમાં પૂર્વની બાજુએ ખાઇના માથાપર દરવાજો તથા તેને લગતું કામ એ નવું વધાર્યું. કિલ્લાનું વર્ણન ૧૭૭૪ માં આ પ્રમાણે કરવામાં આવેલું 'કે તે વિષમ ચોરસ છે. છેક નાની બાજુ અને પશ્ચિમ તથા ઉત્તરપશ્ચિમની સામેની ત્રાંસી બાજુઓમાંની એક નદીના પાણીથી ધોવાય છે; દરેક ખુણા તરફ એકેકો મોટો ગોળ મીનારો આળીસ ફૂટને સુમારે ઊંચો છે અને દીવાલો તથા વચમાંની ભીંતો પણ તેટલીજ ઊંચી છે.' જો કે કોઇ સારો સજ થઈ આવેલા શત્રુની સામાં બહુ વખત નાકામો રહ્યો છે તોપણ કિલ્લાની હમેશ મરામત કરાવવામાં આવે છે; અને ૧૮૬૨ સુધી તેમાં યૂરોપિઅન તથા દેશી લશ્કરી સીપાઇઓની એક તુકડી રહેતી; તે વરસમાં ત્યાંથી લશ્કર ખસેડી નાખી ખાલી પડેલી ઓરડીઓમાં રેવિન્યુ તથા પોલીસ ખાતાની આફિસો આણવામાં આવી છે.

શહેર પરાંના જૂદા જૂદા મોહોલ્લાનો દેખાવ તેની હાલત તથા તેની વસ્તી અને કોટની હાલત એ સંબંધી નીચે લખેલી હકીકત મળી આવી છે. શહેરના એટલે માંહેલા કોટની અંદરના ભાગના ચૌદ ભાગ–ચકલા છે. કિલ્લા આગળથી શરૂ કરતાં ને ઉત્તર પૂર્વ તરફથી લેતાં ચકલાઓ આ પ્રમાણે આવે છે.

૧.––ચોક બજારની ચાર એકરની નીચી જમીનમાં કિલ્લો, બાગ, ઇસપિતાલ,[૧] હાઇસ્કુલ, અંગ્રેજનું દેવળ, જૂનો ફુરજો, ટંકશાલ, (હાલ મારકીટ), ખબૂતરખાનું, બક્ષીનો દરિઆ મહેલ એ છે. એ ભાગ રળીઆમણો ને સારો વસેલો છે પણ ઘણેક ઠેકાણે બંધાયા વગરનો ખુલ્લો છે; ઘર તો ઘણું કરીને સારા લોકનાં છે ને તે બે માળનાં ઇંટની ભીંતનાં ને નળિયાંનાં છાપરાંનાં છે; દુકાનો પણ સારી છે ને ૧૮૭૨ ની આગ પછી બળેલી જગાએ દુકાનો સરખી તરેહની ફરી બંધાઇ છે. એ ભાગમાં મુસલમાન,[૨] હિંદુ ઘણાક શ્રાવક ને થોડાક નીચી જાતના લોક છે.

---

૧. હાલ જ્યાં ઇસપિતાલ છે ત્યાં નવાબના વખતમાં લડાઇનો સરંજામ રાખવાનું મકાન હતું.
૨. સીધીઓ જેટલા ભાગમાં તે રહે છે તે સીધીવાડ કહેવાય છે.

૨. મુલ્લા ચકલો–ચોક બજારની ઉત્તરે નદીના કાંઠાને લગતોજ ૬૭ એકરની કંઇક ઉંચી જમીનમાં આવ્યો છે; ભટારનો મુલ્લા જેને પોતાનાં ઘણાં વહાણ હતાં ને જે મોટો વેપારી હતો તેના નામ ઉપરથી ચકલાનું નામ પડ્યું છે. એમાં પણ દરિયામહેલનો ભાગ આવેલો છે, કે જે સુરતના એક નવાબે ઉનાળામાં રેહેવાને બંધાવ્યો હતો ને પાછળથી ત્યાં હાઇસ્કુલ હતી; હાલ (૧૮૭૬) તે ખાલી ને મરામત વગરનો પડેલો છે. એને લગતાં કેટલાંક સારાં જૂનાં મુસલમાનનાં મકાન છે. જેમાંનાં એમાં આઇરિશ પ્રેસબીટીરિયન મિશનવાળાનું ઘર તથા સ્કુલ છે. એની પેલી તરફ નદીને કાંઠેજ અંગ્રેજની જૂની કોઠીનું મકાન છે; ત્યાં પછી ઇસપિતાલ ને પછી ગાંડાની ઇસપિતાલ હતી ને હાલ કોઇ રહે છે. કોઠીનું મકાન જે પત્થરનું તે ચાળીસ જણની સોઇ જેટલું હતું તેનો એક ભાગ તે હાલનું મકાન છે; ને એને લગતું જે ખંડીએર છે તેના પાયાની નિશાનીઓ ઉપરથી જણાયછે કે જૂની કોઠીનું મકાન મોગલીસરાના રસ્તાલગી આવેલું. એ ચકલાના ભાગમાં નદીથી છેટે કેટલીક જૂની ભાંગી તૂટી મસજીદો છે ને એમાંની એક મિરઝાસ્વામીની કહેવાય છે જે ખુદાવંદખાને બંધાવી હતી. તે મોહોટી નથી પણ પત્થરની છે ને પત્થરઉપરની નકસી ઘણી ખુબસુરતછે; પણ મુસલમાનનાં મકાનોમાનું રહેલું મોટું તે હાલ મ્યુનિસિપાલિટીની ઓફિસના મકાન દાખલ વપરાયછે. તે મુસલમાન લોકનું મુસાફરખાનું ૧૬૪૪ માં કિલ્લેદાર હકિકાકખાને બંધાવ્યું હતું ને ૧૮૬૮ માં તેને મ્યુનિસિપાલિટીએ રૂ: ૩૩૦૮૦ ખરચી મરામત કરાવી છે. દિવાનખાનામાં મ્યુનિસિપાલિટીના કમીશનરોની મીટિંગો મળવાનું રાખ્યું છે ને કેટલીક બહારની કોટડીઓ મુસાફરોને વાસ્તે જૂદી રાખી છે. એ મકાનની પાસે ઉંચી ઇંટની દિવાલ છે તે જૂના વખતમાં દડી રમવાના ચોકની છે ને તે ચોક ચાલતા સૈકાની શરૂઆતમાં નવાબે તથા ફિરોજશા ધનજીશાએ સુરતના યૂરોપિયનોને વાસ્તે બંધાવ્યો હતો. એની પાસે ખુલ્લી જગામાં લાકડાનો ક્રોસ છે કે જે નિશાની ઉપરથી ત્યાં કાપ્યુચીન નામના ખ્રિસ્તી સાધુઓનું દેવલ હતું એમ માલુમ પડે છે. તે સાધુઓ એક સૈકાથી વધારે વરસ (૧૬૬૦—૧૭૭૦) સુરતમાં માનવંતા ગણાયા હતા. દેવળની દિવાલની નિશાની હજી દેખાય છે. સત્તરમા સૈકાના વચગાળામાં તે સાધુઓએ એક મઠ તથા એક દેવળ બાંધ્યાં હતાં ને તે ઘણાંજ શોભીતાં હતાં. ૧૬૬૪ માં મઠાધિપતિએ શિવાજીકને જઇને ખ્રિસ્તીઓને જીવથી ઉગારવાને અરજ કરી હતી; તે સાધુઓએ ૧૬૭૬ થી ને ૧૭૬૪ લગી હિંદુસ્તાનમાં જે જે બનાવ બનેલા તેની નોંધ રાખી હતી. તે દેવળની પછવાડે ફિરંગીની કોઠીનું ભાંગ્યુ તૂટું મકાન જેના થોડાક ઓરડા રહેવાના કામમાં આવે છે તે છે. એ કોઠીની પછવાડે ફ્રેંચ લોકનાં મકાન હતાં;[1] તે જગા હજી ખુલ્લી છે ને માત્ર પાયા સિવાય બીજું કંઇ

---

૧. એ ફ્રેંચની કોઠીની સાથે ઇરાનીઓની એક કોઠી હતી. ૧૬૭૦ માં ફ્રેંચોએ પોતાની કોઠી ન લૂટાય તેને વાસ્તે શિવાજીનાં માણસોને પોતાના મકાનમાંથી જવા દેઇ ઇરાની કોઠી લૂટવા દીધી હતી.

B 524—nnn

જણાતું નથી. ત્યાંથી આગળ આરમીનિયન લોકનું દેવલ છે[૧] કે જે જોકે તીસ વરસ થયા ભક્તિ કરવાની જગા દાખલ વપરાતું નથી તોપણ હજી તેની મરામત રાખવામાં આવે છે. મુસલમાનનાં જૂનાં સારાં ઘરો જે ૧૮૧૭ સુધી શહેરના આ ભાગને શોભાઆપતાં તેમાંનાં થોડાંકેજ હાલ છે; થોડાંક ભાંગાં તૂટાં હજી છે. પણ ઘણાંકને તો કાટપીટીઆએ ખંડેર કરી મુક્યાં છે. નદીની પાસે પારસી ને હિંદુઓ થોડાં વરસ થયાં મોટાં સારાં ઘરો બંધાવે છે. સત્તરમા ને અરાઢમા સૈકામાં પરદેશી વેપારીઓ યુરોપના ને એશિયાના જે સૂરતમાં આવતા તે ઘણા ખરા શહેરના આ ભાગમાં રહેતા. ૧૮૧૭ સૂધી ઘણાં ઘર આરમીનિયન, આરબ, ઇરાની ને યાહુદી એઓએ રાખ્યાં હતાં. હાલમાં એ ભાગમાં વસનારાનો મોટો ભાગ પારસી ને હિંદુનો છે.

૩. માછલીપીઠ, તે મુલ્લાના ચકલાની દક્ષિણે છે ને તેમાં ૩૦ એકર કંઇક ઊંચી જમીન છે; જે મારકીટ ઉપરથી ચકલાનું નામ પડ્યું છે તે ૧૮૬૯માં મ્યુનિસિપાલિટીની નવી બંધાવેલી જગાએ લેઇ જવામાં આવી છે. માછલીપીઠમાંજ ૧૮૩૭ની મોટી આગ પહેલી લાગી ને પછી ફેલાઇ. ખંડિયર ઉપરથી બળેલાં ઘર કેટલાં મોટાં હતાં તે માલમ પડે છે, જો કે ઘણાંખરાં નાહાનાં છે તો પણ નવાં ઘરો સારાં બંધાયલાં છે. એ ભાગમાં પારસીઓ ઘણા રહે છે ને થોડાક હિંદુ બધી જાતના.

૪. રાણી તળાવ ૨૮ એકરની જમીનનું છે. સુરતનો મુરબ્બી ગોપી (૧૫૦૦-૨૦) તેની સ્ત્રીએ તળાવ બંધાવેલું તે ઉપરથી મોહોલ્લાનું નામ પડ્યું છે. ૧૮૩૭ની આગથી થયલી ખરાબી માંથી એ મોહોલ્લો પાછો ઠેકાણે આવ્યો નથી; ઘણીક જમીન ખાલી પડી છે ને બંધાયલાં ઘર સારાં નથી; હિંદુ ને મુસલમાન રહે છે. મુસલમાન વસ્તી ઘણીખરી ગરીબ હાલતમાં છે.

૫. કણપીઠ અગીઆર એકર જમીનનો મોહોલ્લો; જૂના વખતમાં ત્યાંજ અનાજનો મોહોટો બજાર હતો. ઘણાં ખંડયર ઉપરથી મોહોટી આગથી થયલી ખરાબી જણાય છે. નવાં ઘર થોડાંક સિવાય બે ત્રણ માળનાં, ઇંટની ભીંતનાં ને નળિયાંનાં છાપરાંનાં છે; રહેનારા ઊંચી નાતના હિંદુ વાણીઆ શ્રાવક ને બ્રાહ્મણ છે.

---

૧. દેવળ ૧૮૪૩ થી બંધ પડ્યું છે; તે હાલમાં એક પારસીના ઘરના ભાગમાં છે, પણ ઘરધણીએ પાદરીઓ જેવી હાલતમાં મુકી ગયલા તેવીજ હાલતમાં રાખ્યું છે. ભોગ આપવાની વેદીનો સણગાર તેવોને તેવોજ છે ને ઇસુના પ્રેરિત ઉપદેશક તથા સંત સાધુનાં ચિત્રો દિવાલ ઉપર છે. દેવળ ૧૭૭૭ માં પૂરૂં બંધાઇ રહ્યું હતું. ૧૮૨૫ માં— પાદરીઓના નિભાવનેમાટે રૂા:) ૭૨૦ હરવરસ આપવા ઠરાવ્યું હતું. સતરમા સૈકાની આખરથી તે અરાઢમા સૈકાની આખર લગીમાં સુરતના સઘળા ધંધામાં આરમીનિયન લોકનાં નામ આવે છે; અરાઢમા સૈકાની આખરમાં ઘણાક આરમીનિયને સુરત છોડ્યું હતું; ૧૮૧૧ માં ૫૦ કુટુંબ હતાં ને ૧૮૨૫ માં માત્ર પાંચ હતાં; અને ૧૮૭૨ માં ત્રણ જણજ હતાં.

૬. કેળાંપીઠ તેત્રીસ એકર જમીનનો મોહોલ્લો; એમાં પણ આગે કરેલાં ખંડિયર છે; નવાં ઘર સારાં બંધાયલાં છે; વસ્તી હિંદુની ને તે ધંધો કરે છે તથા દુકાનદારી રાખે છે. નાણાવટમાં કેટલાંક ઘર આગથી બચેલાં છે ને કેટલાંક નવાં થાય છે તે મોટાં ત્રણ માળનાં છે; ત્યાં હજી કેટલાક શરાફી દુકાન ચલાવે છે.

૭. રહિયાસોનીનો ચકલો ૧૧ એકરનો; વસ્તી હિંદુનીજ છે. કહેવાય છે કે એ મોહોલ્લામાં ૧૮૧૭માં મારવાડી શરાફો રહેતા. તે ૧૮૩૭ની આગ પછી મુંબઇ જઇ રહ્યા.

૮. ભાગાતળાવ ચકલો ૩૭ એકર નીચી જમીનનો; કહેવાય છે કે જ્યારે સુરત વસેલું નહિ ને વાડી હતી તે વેળા અહીં તળાવ હતું. તે ઉપરથી નામ પડ્યું છે; એ ભાગની દક્ષિણ પશ્ચિમ રોમન કાથોલિક દેવળ તથા તે લોકને દાટવાની જગા છે. એ મોહોલ્લામાં આગથી થયલાં ખંડિયર છે; નવાં ઘર થોડાંક સિવાય મોટાં ને સારાં બંધાયલાં છે; વસ્તી હિંદુ ને મુસલમાનની છે.

૯. ગોપીપરૂં તીસ એકરની ઊંચી જમીનનું; એમાં સુરતનો મુરબ્બી ગોપી રહેતો. કેટલાક ભાગ મોટી આગથી બળી ગયલા તે બધા હજી બંધાયલા નથી; ઘણાંક ઘર મોટાં ને લાકડામાં કરેલી નકસીવાળાં છે; છેડાપર થોડાક મુસલમાન ગરીબ રહે છે તે સિવાય એ ભાગમાં ઊંચી જાતના હીંદુઓજ શ્રાવક, કાયસ્થ, બ્રાહ્મણ, વાણીઆ વસે છે.

૧૦. વાડીફળિયું બાત્રીસ એકરનું જૂના વખતમાં વાડી હતી તે ઉપરથી નામ પડ્યું છે. મોટી આગથી બધું બળી ગયું હતું. નવાં ઘર મોટાં ને સારાં છે, પણ રસ્તા સાંકડા છે. થોડાક મુસલમાન સિવાય ઊંચી નાતના હિંદુઓ રહે છે.

૧૧. ખપાટીઓ ચકલો ૨૫ એકરનો મોટી આગમાં બધો બળી ગયલો; હજી કેટલીક ભોંય પડી છે. પણ ઘણા ભાગમાં મોટાં ને દેખાવડાં ઘર ફરી બંધાયાં છે; વસ્તી બધી હિંદુનીજ છે. એ ચકલે દરરોજ ૮થી ૯ વાગા લગી મજુરો મળે છે ને અંહીંથી તેઓ જે બોલાવે તેને ત્યાં કામ કરવા જાય છે.

૧૨. સંઘાડિયાવાડ ગોપીપરાંની દક્ષિણે ૫૦ એકર જમીન રોકે છે. થોડોક ભાગ મોટી આગથી બળી ગયલો પણ ઘણાં તથા સારાં ઘર ત્યારપછી બંધાયાં છે. વસ્તી પારસી હિંદુ ને મુસલમાનની છે. પારસીઓ ૧૮૧૭થી રહેતા થયા ને તેઓનાં ઘર કોટને લગતાં છે. હિંદુ વસ્તીમાં બ્રાહ્મણ વાણીઆ છે તોપણ મોટો ભાગ વણકર તથા છીપાઓનો છે. એ મોહોલ્લાના એક ભાગમાં વોહોરાઓ રહે છે ને કહેવાય છે કે અહીં રહેનારા વોહોરાઓ તે શહેરમાં પહેલા આવેલા. પછી જે આવ્યા તેઓને શહેરના કોટની અંદર દાખલ કરવામાં આવ્યા નથી. તેઓને વાસ્તે શહેરનો પૂર્વનો ભાગ કાઢી આપવામાં આવ્યોઃ ઝાંપાઉપરના ને ગોપીપરાંની પડોસના ભાગના વોહોરાઓનાં ઘર ઘણાં મોટાં ને કેટલાંક તો સાત માળનાં છે.

૧૩. બડેખાનનો ચકલો ગોપીપરાની પશ્ચિમે ૩૮ એકર નીચી જમીનનો-એ ભાગને વચગાળે દેસાઇ પોળની પાછળ વલંદાવાડ[1] છે; એ કોઠીનું મકાન સૌથી સરસ બાંધેલું ને તનદુરસ્તી રહે તેવું હતું; તે ઘર હાલ નથી માત્ર એક ભાંયરૂ ને હોજ છે. એ ભાગમાં આગ આવીનહોતી તોપણ કેટલાંક ખંડિયર છે કે જે મોટાં ઘરની નિશાની બતાવે છે. કહેવાય છે કે ૧૮૧૭માં મુસલમાનનાં કેટલાંક ઘર ને મસજીદો આ ભાગને શોભા આપતાં હતાં. એમાંની સુરતની મોટી મસજીદ કાજીની છે તેજ એક રહી છે. વસ્તી મુસલમાન, કારીગર ને મજુર લોકની છે.

૧૪. આસુરબેગનો ચકલો બડેખાનના ચકલાની પશ્ચિમે ૪૧ એકર નીચી જમીનનો. ઇસપિતાલની પછવાડેની જગો જ્યાં હાલ લાકડાંની વખારો છે ત્યાં નવાબનો મહેલ હતો. જે આજ પણ જૂનો દરબાર કહેવાય છે. ૧૮૧૭માં તે ભાગમાં મુસલમાન લોક રહેતા. હાલમાં મુસલમાન, માછી ને ઢેડ રહે છે.

માંહેલો કોટ તોડી પાડવામાં આવ્યો છે તો પણ તેની લીટી શહેરને પરાંથી જૂદું પાડે છે. ૧૬૬૪માં શિવાજી આવી ગયા પછી તે બંધાવવા માંડેલો ને ૧૬૮૧ પૂરો બંધાઇ રહ્યો નહોતો; બંધાઇ રહ્યા પછી તે શહેરપના એ નામે ઓળખાતો. ૧૮૧૭માં કરેલા બયાન મુજબ તે ૨૦થી ૨૮ ફૂટ ઊંચો ને ત્યાંથી ૧૨ ફૂટ પહોળો સારી પાકી ઇંટનો હતો; અગીઆર દરવાજા હતા: ઉત્તરે વરીઆવી; પૂર્વે સૈયદપુરી ને બરહાનપુરી; દક્ષિણે નવસારી ને મજુરા; પશ્ચિમે મકાઇ ને બાદશાહી; અને નદી તરફ ડક્કાનો, રાજાઓવારાનો (ફુરજાનો) મીરબેરનો ને મુલ્લાંખડકીનો (લાટીનો). વરીઆવી દરવાજો ૨૦ ફૂટ ઊંચો તેની બે બાજુએ બે મિનારા હતા જે એકેકો ૨૬ાા ફૂટ ઊંચો હતો; બરહાનપુરી દરવાજો ૨૯ ફૂટ બે ઇંચ હતો તેને બે મિનારા જોડેલા હતા. તે એકેકો ૨૨ાા ફૂટ ઊંચો હતો; નવસારી દરવાજાને પણ બે મિનારા હતા. ૧૮૩૭ની રેલ રાજાઓવારા ને મીરબેરની વચમાંની કોટની દિવાલ ૩૫ ફૂટ લાંબી ખોદી નાખી પોણી ચારસેં ફૂટ ચણતર ઘસડી લેઇ ગઇ હતી. માંહેલા કોટની બહાર મકાઇ ખાડી છે; તે બાગના દક્ષિણ ખુણા આગળ જ્યાં પહેલાં બાદશાહી દરવાજો હતો ત્યાં નદીને મળી કોટને લગતી જાય છે તે સૈયદપુરી દરવાજે પહોંચે છે ને અહીંથી તેનો ઢોળાવ ઉલટી દિશાએ એટલે વરીઆવી દરવાજા તરફ છે ને એક ફાંટો માંહેલા કોટને ઉત્તર છેડે નદીને મળે છે. શહેરની જમીનના બે ભાગનું પાણી એ ખાડી ખેંચી જાય છે.

---

૧ વલંદાની કોઠી એકે મુલ્લાના ચકલામાં એ વિશે શક રહે છે. ૧૭મા સૈકામાં વલંદાની કોઠી જો મુલ્લાના ચકલામાં હતી તો એ મકાન ઇતિબારખાનનું હોવું જોઇએ. એણે તે વલંદાઓને આપ્યું હતું. ૧૭૬૨માં નવાબે અંગ્રેજની ઉસકેરણીથી એ મકાનમાં વલંદાઓને ઘેરામાં રાખી પજવ્યા હતા; ટંટામાં વલંદા હારયા હતા ને પછી પોતાનો માલ મકાઇ ખાડીપાસે નદી કાંઠે પોતાના ડક્કાપર લેઇ ગયા હતા. નવાબે મકાન તેઓની પાસેથી લેઇ લીધું નહોતું. ૧૭૭૪ માં તે ઘણીજ માઠી હાલતમાં હતું ત્યાં માત્ર કાપડ તપાસવામાં આવતું.

માંહલો કોટ ને બહારનો કોટ એ બેની વચ્ચમાં ૧૮૧૮ એકર જમીન છે ને તેના પંદર ભાગ છે. ઉત્તરથી શરૂ કરી પૂર્વ તરફ જતાં પહેલું ગાસ્તીપરૂં સો એકરનું છે; એ નામ સૂરતના નવાબ ગ્યાસુદ્દિન (૧૬૬૭) ઉપરથી પડ્યું છે; એ જમીન નીચી હોવાથી ઘણું કરીને હરવરસ તાપીની રેલનું પાણી ત્યાં આવે છે. પહેલાં ત્યાં વાડીઓ હતી પણ હાલ ખેતર ને લાંકડાંની વખારો છે. એ પરામાં કતારગામ દરવાજાની પૂર્વની બાજુએ વલંદા, આરમીનિયન, ને ફિરંગી લોકની દાટવાની જગાઓ છે. રહેઠાણ વેરાતાં છે. એક ઠેકાણે થોડાંક ઝુપડાં ને બીજે ઠેકાણે નાનકડું ગામડું પારસીઓના કેટલાક વાડી બંગલા છે; ઝાડમાં ખજુરાં, આંબા ને આમલી; વાડી બંગલાના માલીક સિવાય વસ્તી નીચ જાતના ગરીબ લોકની છે.

રામપરૂં જે ગાસ્તીપરાંની પૂર્વે તરફ દરવાજા લગણનું ૪૬ એકરનું છે; એ પરૂં અનાવળા બ્રાહ્મણે વસાવ્યું છે. દક્ષિણ ભાગમાં કણબીઓ રહે છે ને તે વણકર કે ખેડુત છે; તેઓનાં ઘર હારબંધ છે ને નાહાનાં પણ મજબૂત છે. ઉત્તર ભાંગમાં ઢેડ, ભંગીઆ, વાઘરી ને ખાલપા ઝુપડાં-ઓમાં રહે છે.

રઘુનાથપરૂં રામપરાની દક્ષિણે ૨૦ એકરનું; એ પણ અનાવળા બ્રાહ્મણે વસાવ્યું છે. કેટલાક ભાગ જે વાડીઓ હતી તે હાલ ખેડાતાં ખેતર છે. એક મોટા કુવાનું પાણી રેશમ રંગનારાઓ કામમાં લે છે. ઘરો કેટલાક ભાગમાં ઘણાંજ પાસે પાસે છે. નાહાનાં એક માળનાં પણ ઇંટની ભીંતે બાંધેલાં છે. એ પરામાં હિંદુઓજ રહે છે; સૂરતમાં દક્ષણી બ્રાહ્મણનો મોટો ભાગ ત્યાંજ છે.

મહિધરપરૂં ૫૭ એકરનું તેપણ અનાવળા બ્રાહ્મણે વસાવ્યું છે. પશ્ચિમ તરફ ગરીબ લોકનાં કેટલાંક ઝુપડાં છે, પણ બાકીના ભાગમાં ખેડુત ને વણકર હિંદુઓ રહે છે.

હેદરપરૂં, હેદરકુલીખાંએ (૧૭૧૭-૧૯) વસાવેલું તે ૪૦ એકરનું છે; ઉત્તર ભાગમાં હિંદુ ને દક્ષિણ ભાગમાં મુસલમાન રહે છે; માંહેલા કોટને લગતાં નીચ જાતના ગરીબ લોકનાં ઝુપડાં છે; વસ્તીનો મોટો ભાગ કણબી ખેડુતનો છે; ઉત્તરના ભાગ સિવાય એ પરામાં કેટલીક ખુલ્લી જગાઓ છે.

બેગમપરૂં ઔરંગજેબ બાદશાહની એક બેહેને અઢારમા સૈકાની શરૂઆતમાં વસાવેલું તે હેદર પરાંની દક્ષિણે બાહારના કોટને લગતું જે કે સરાના દરવાજા લગી ૨૦૭ એકરનું છે. ઉત્તર ભાગમાં નવાબનો મહેલ છે જ્યાં હાલ નવાબના ભાઇ મીર જાફરઅલીના જમાઇઓ રહે છે. મહેલના મ-કાન ને કોટ એ બેની વચ્ચમાંની જગા પામાઇલની તેમાં બાગબગીચા છે. મહેલની દક્ષિણ પૂર્વે જાફર અલીનો રૂનો સાંચો છે.

સૈયદપરૂં તે ગાસ્તીપરાંની દક્ષિણે ને રઘુનાથપરાની પશ્ચિમે ૫૬ એકરનું છે. શેખ સૈયદ ઇદ્રુસના કોઇ વડારાએ તે વસાવ્યું છે. સઘળી જાતના હિંદુ, પારસી ને મુસલમાન એ પરાંમાં રહે

છે. માંહેલા કોટને લગતી હારમાં ઢેડ ભંગીઆ વગેરેનાં ઝુપડાં છે. જે ભાગમાં ઊંચી જાતના હિંદુઓ રહે છે તેઓનાં ઘર નાહાનાં પણ સારાં બાંધેલાં છે.

હરીપરૂં સૈયદપરાંની દક્ષિણે ૪૭ એકરની નીચી જમીનતું અનાવળા બ્રાહ્મણે વસાવેલું છે એક ભાગ રૂવાળાનો ટેકરો કહેવાય છે તે ૨૦ ફૂટ ઊંચો છે. પરાંના ઉત્તર ભાગમાં મુસલમાન, પશ્ચિમમાં માંહેલા કોટની પાસે ઢેડ ભંગીઆ વગેરે, ને દક્ષિણ પૂર્વમાં સઘળી જાતના હિંદુ, તેમાં શ્રાવક ઘણા છે. હિંદુઓનાં ઘર પાસપાસે ને સારાં બાંધેલાં છે. કેટલીક જગા ખુલ્લી છે. એ પરાંનો થોડોક ભાગ ૧૮૩૭ ની આગથી બળી ગયો હતો.

નવાપરૂં બેગમ પરાંની પશ્ચિમે ૫૯ એકર જમીનતું છે. ઉત્તર ભાગમાં મુસલમાન, પશ્ચિમ ભાગમાં ગરીબ નીચી જાતના હિંદુઓ ને દક્ષિણમાં ઊંચી જાતના હિંદુઓ રહે છે; દક્ષિણમાં કેટલાંક સારાં ઘર છે ને તે શ્રાવક, કણબી ને થોડાક ગોલા ને પારસી એનાં છે. એ પરાંમાં ચોખાનો બજાર છે. પૂર્વે તરફ હોરાઓ રહે છે તે ભાગ ઝાંપો[1] કહેવાય છે. એ ભાગ એક દરવાજાથી પરાંના બીજા ભાગથી જૂદો પડે છે; અહીં મુલ્લાસાહેબનું મકાન છે, એક મોટી લાકડાની મસજીદ છે ને બે દેખાવડા મિનારા[2] છે. હોરાના ઘર સુરતમાં સહુથી સારાં છે; ઇંટના બાંધેલાં મજબૂત ને ઘણાંક પાંચ માળનાં ઊંચાં છે.

ઇંદરપરૂં નવાપરાની દક્ષિણે ૨૫ એકર નીચી જમીનનું અનાવળા બ્રાહ્મણે વસાવેલું છે; નીચી જાતના હિંદુ ને મુસલમાન ઘણું કરીને વણકર એઓની ઓછી વસ્તી છે.

સલાબતપરૂં તે બેગમપરાની દક્ષિણે ને હૈદરપરાની પૂર્વે પોણી બસેં એકર નીચી જમીનનું છે. સલાબતખાન સુરતના નવાબ (૧૬૮૭) એણે તે વસાવ્યું હતું. એ પરાંના મોહોટા ભાગમાં વાડીઓ છે. વસ્તી સઘળી જાતના હિંદુની છે. માનદરવાજા આગળ માછી ને ઢેડ છે. આ પરાનો કેટલોકે ભાગ ૧૮૩૭ ની આગમાં બળી ગયો હતો.

ગોપી તળાવ સલાબતપરાની પશ્ચિમે ને રૂસ્તમપરાની ઉત્તરે જૂના તળાવના તળીઆનો તથા તેની પાળનો ભાગ મળીને ૫૮ એકરનું છે. પાળનો ભાગ છૂટી છૂટી કબરોથી ભરાઇ ગયો છે ને સીતાફળી વગેરેની ઝાડીથી ઢંકાઇ ગયો છે; દક્ષિણની પાળ ઉપર મુસલમાનની દાટવાની જગા છે

---

૧. ઝાંપો કહેવાનું કારણ એ કે શહેરનો કોટ બાંધવાનો હુકમ આવતાં પહેલાં નવાબે થુવર રોપી વાડ કરી હતી ને તેમાં જવાને દરવાજો રાખ્યો હતો.

૨. મોટી મસજીદની બહાર બે મિનારા તીસ ફૂટથી વધારે ઊંચા રસેલા શિખર કળસ સાથે છે. એક મોટો ને એક નાહાનો છે; નાહાનામાં ૨૪ ને મોટામાં ૧૪ મુલ્લાંઓને તથા તેઓનાં સગાં સંબંધીઓને દાટવામાં આવ્યાં છે; મુલ્લાની કબર આરસ પહાણની ને બીજાઓની છોની છે; સાદીઉપર રેશમી ચાદર ઓરાઢી છે ને મુલ્લાની ઉપર તે ચાદર ઉપરાંત સફેત મસલીન છે. દરેક મકાનના ઘુમટની વચ્ચે ઝુમ્મર છે ને તે દરેક મુલ્લાને મરી જવાનો દહાડો વરસે આવે છે ત્યારે સળગાવવામાં આવે છે.

તેમાં નામીચી કબર પીર નવ સૈયદની છે કે જેનો હરવરસ ઓરસ ભરાય છે. તળાવ ઘણાં વરસ થયાં સૂકું છે ને હાલ તેનો વાડી દાખલ ઉપયોગ થાય છે. એ ગોળ તળાવ પાણી કે પત્થરની પાળના ઢાંકણ વગરનું રહ્યું છે. તે ગુજરાતનાં સૌથી સારાં બનેલાં કામમાંનું એક છે. સત્તરમા સૈકામાં સુરતમાં આવેલો યૂરોપનો કોઇપણ મુસાફર એ તળાવનું બયાન કર્યાવગર રહ્યો નથી. તે હિંદુ ધર્મબુદ્ધિનું સંભારણું છે ને કામ બાદશાહી રોમનાં કામોના જેવું ગણવાજોગછે; ગુજરાતના બાદશાહે તે તળાવને પોતાનું નામ આપવાની ઘણીએ કોશીશ કીધી પણ તે ફતેહ પામ્યો નહીં. સત્તરમા સૈકાના મુસાફરના બયાન ઉપરથી માલમ પડે છે કે દૂરથી નીકમાં થઇને પાણી આવી એક બાંધેલી જગોએ તે એકઠું થતું ને ત્યાંથી પછી તળાવમાં લેવાતું; નીકની બાજુ ને બંને તળાવની ભીંત ખંભાતના સુંદર પત્થરની હતી; બહારનું તળાવ કચરો ઠારવાને હશે પણ બંને તળાવ એકજ તરેહનાં બાંધ્યાં હતાં; મોટું તે માંહેલું તળાવ તેને ૧૬ ખુણા હતા. એકેકી બાજુ સો સો ડગલાં લાંબી હતી; તળીએ મોટા પત્થરની ફરસબંધી કરી હતી ને તળાવની સઘળી મેર પત્થરનાં પગથીઆંની અડધા અડધા ફૂટને અંતરે હાર હતી; તળાવની વચ્ચોવચ્ચ બેસવા હવા ખાવાને ઊંચી બાંધેલી જગા હતી ત્યાં તરીને કે હોડીમાં બેસીને જવાતું; શહેરના લોકને મીઠું પાણી પૂરૂં પાડવાને તળાવ બંધાવ્યું હતું ને ૧૬૩૮ સૂધીતો તે કામ તે કરતું; પણ ૧૬૬૬ માં તળે બેઠેલો કચરો છ-ફૂટ જેટલો વધવાથી શહેરમાં ખબર કરવામાં આવેલી કે કોઇ હિંદુ તેને કઢાવે ને નહિ કઢાવે તો તળાવ પૂરાઇ જશે. કોઇ ખરચ કરવા ઉભો થયો નહિ ને ૧૬૭૩માં તળાવ મોટી ગોળ નાટકશાળા જેવું દેખાતું હતું ને લખનારો લખે છે કે તે જો પાણીથી ભરેલું હોય તો મોટામાં મોટું વહાણ તેમાં ફરી શકે. તળાવનો કચરો નિકળ્યો નહીં ને ૧૭૧૭માં તેની બાજુઓના પત્થરા ખોદી લેઇ કેટલાક બહારનો કોટ ચણવાના કામમાં ને કેટલાક હાલ જે કૂવો છે તે બાંધવાના કામમાં લગાડવામાં આવ્યા.

રૂસ્તમપરૂં ૨૯ એકર ઊંચી જમીનનું છે; બહારના કોટ ને લગતા નીચી જાતના લોક રહે છે તે સિવાય પરૂં પારસી વણકરોથી વસેલું છે. ૧૮૧૭માં એ લોક સારી હાલતમાં હતા પણ ૧૮૨૨માં આખું પરૂં બળી ગયું હતું; ઘણા પારસી મુંબઇ જઇ ત્યાં ગાજ એલાયચા વણવાનો ધંધો કરવા લાગ્યા. એ પરામાં આતશબહેરામ ને ગંભાર જમવાનું એ બે મકાન છે તેનો ખરચ સર જમસેદજી જીજીભાઇએ કીધો છે.

સગરામપરૂં બસેં એકરની જમીનનું છે; જે અનાવળા બ્રાહ્મણે વસાવ્યું છે તેનું ઘર હજી દેખાય છે. પૂર્વ તરફ અનાવળા બ્રાહ્મણ તથા બીજા હિંદુઓનાં ઘર રસ્તાની સડકથી કેટલાક ફૂટ ઊંચાં હારબંધ બાંધેલાં છે; બ્રાહ્મણ વાણીઆ ને ભાવસારનાં ઘર સારાં છે, પણ વણકર, ખતરી,

હજામ, કુંભાર, ધોબીનાં વાંસડા કાદવનાં પણ ઝૂંપડીઓ કરતાં સારાં છે. પશ્ચિમ તરફ જમીન ખુલ્લી છે; દરવાજા તરફ ખેતરો છે ને ઝાડી છે ને દરવાજા બાહાર ઇંટ ચૂનાની ભઠ્ઠી છે. દક્ષિણ પૂર્વે તરફ છૂટાં છૂટાં ઘરોની બે હાર (ઘણું કરીને યૂરોપીઅન લોક રહે છે) મજુરા દરવાજા આગળથી નાનપરામાં રહીને પશ્ચિમ તરફ નદીને મળે છે.

નાનપરૂં બસેં એકરની જમીનનું છે; બહારના દરવાજા તરફની ઘરોની હારમાં યૂરોપીઅન રહે છે, ને છેડાપર નદીની પાસે જેલ છે; એ ઘરો ને માંહેલા કોટ એ બેની વચમાં પરાંના પૂર્વ ભાગમાં કેટલીક ખુલ્લી જમીન છે. પશ્ચિમ તરફ પારસીઓનાં ઘર છે અને નદીને કાંઠે અદાલત સીધીના જૂના ડક્કાની જમીન, કાફલાના સરદારનું રેહેઠાણ, અંગ્રેજનો ને વલંદાનો ડક્કો (બંદર)[1] એ છે એની પાછળ નાનપરાનો બજાર છે ને ત્યાં વસ્તી ઘાડી છે.

ઓરંગજેબ બાદશાહના મરણ (૧૭૦૭) પછી મરેઠા ને બીજા લૂટારા નિકળેલા તેથી સુરતના લોક બેજાર હતા ને એઓએ પોતાનો બચાવ કરવાને શહેરના કોટની બહાર અરધા મૈલને છેટે થાણાં ચણી લીધાં ને તેપર તોપ ગોઠવી રાખી; દશ વરસ સુધી તો થાણાને જોડી હમેશને માટે કોટ કરી રાખવાની તજવીજ થયલી નહીં પણ પછી હૈદરકુલીખાને (૧૭૧૭-૧૯) ગોપી તળાવના પત્થરની મદદથી હાલની અદાલતની જગોથી કોટ બંધાવવો શરૂ કીધો ને દિલ્હી દરવાજા સૂધી બાંધ્યો; તહાવરખાન નવાબે રશી બૂરજથી શરૂ કરી કોટ અધૂરો હતો તે પૂરો કરી આલમપના એ નામે ઓળખાવ્યો. આખા કોટની લંબાઇ સાડા પાંચ મૈલ છે; બાર દરવાજા છે તેમાં ઉત્તર પશ્ચિમે ફાટક, ઉત્તરે વરીઆવ ને કતારગામ ઉત્તર પૂર્વે લાલ ને દિલ્હી; પૂર્વે સરા; દક્ષિણ પૂર્વે સલાબત ને માન, દક્ષિણે નવસારી, જાફરઅલી ને મજુરા ને દક્ષિણ પશ્ચિમે અઠવા.

રેલવે સ્ટેશન આગળની જગોમાં પોહોળો રસ્તો, ઝાડવાળો ખુલ્લો કિલ્લો ને ગોળ વાંકમાં બાંધેલાં દુકાનોનાં મકાન એથી રળિયામણો છે. રૂના તથા કાપડના સાંચા પણ તેટલામાંજ છે

ઇ. સ. ૧૮૦૦માં શહેરની કુલ હાકમી અંગ્રેજ સરકારને હાથ આવી. ૧૮૧૩ માં ઉત્તર ગૂજરાત માં દુકાળ પડવાથી તેણી તરફના રોગી, ચોર ને લુચ્ચા લોકે સુરતમાં આવી બહુ નુકસાન કીધું. ધંધો તો મુંબઇ જવાથી ઘટયો હતો ને વસ્તી ૧૭૯૮માં ૬ લાખની ગણાયલી તે ૧૮૧૮માં

[1] વલંદાનું બંદર તે આગળ જહાંગીર બંદર કહેવાતું ને તે જમીન ૧૭૨૯ માં થોડીક બક્ષીસ દાખલ ને થોડીક વેચીને વલંદાઓને આપવામાં આવી હતી. તે જમીન સાત આઠ એકરની સઘળી મકાનોથી ભરાઇ ગઇ હતી, માત્ર નદીના કાંઠાને લગતી ૨૪૦ યાર્ડ જેટલી ખુલ્લી હતી. પશ્ચિમ તરફ ડાઇરેકટરનું ઘર હતું ને તેની પૂર્વે ખુલ્લી જગામાં વાવટા ઉડતા; ને તેની પાછળ એક માળનાં ચાર ઘર વલંદાઓએ અંગ્રેજ તથા મૂરની રજાથી બાંધ્યાં હતાં. નદીને કાંઠે ૨૪૦ યાર્ડની પત્થરની દિવાલ તેઓએ બાંધી હતી ને તેમાં બે દરવાજા હતા, ને દરેક દરવાજાથી બાહાર પડતો ડક્કો હતો. ત્યાંથી માલ વહાણોમાં ચઢાવવામાં આવતો. પાછળથી નદીનું જોર ભાંગવાને દિવાલને લાકડાંના ટેકા આપવાની જરૂર પડી હતી.

૧૫૭,૧૯૫ની થઇ હતી. ૧૮૧૫નું ને ૧૮૧૮ નું એ બે વરસ ધંધાને કંઇક સારાં હતાં. ૧૮૧૯ના જૂનમાં ધરતીકંપ થયો તે ત્રણ મિનિટ રહ્યો હતો ને ઘણાંક ઘર હાલ્યાં હતાં. ૧૮૨૫માં ધંધો જૂજ હતો, માત્ર ૩ મુંબઇ જતું. વસ્તી ૧૨૪૦૦૦ની ગણાઇ. પછીનાં વરસોમાં શહેર ધીમે ધીમે ગરીબ થતું ચાલ્યું તે ૧૮૩૭ માં છેક પાયમાલ થઇ ગયું—આગથી[1] ને રેલથી[2] આગ હોલવાયા પછી ૪૯ મડદાં મળી આવ્યાં હતાં; ૯૩૭૩ ઘર બળી ગયાં તેમાં ૬૧૮૦ શહેરનાં ને ૩૧૯૩ પરાંનાં; જો ઘર દીઠ પાંચસેંતુંજ ગણીએ તો બધું મળીને ૪૬,૮૬,૫૦૦નું નુકસાન થયું; લોકના દુઃખમાં સરકારે ૫૦ હજારની ને મુંબઇમાં થયલાં ઉઘરાણાંએ સવાલાખની મદદ કરી હતી; રેલથી શહેરે ૧૮ માણસ ખોયાં ને માલનું નુકસાન રૂઃ ૨,૭૪,૫૫૦નું થયું. ૧૮૩૮ ના ડિસેંબરમાં શહેર પોતાની આગલી જાહોજલાલીની કંઇ પણ નિશાની દેખાડાવતું નહોતું; પોણો ભાગ પાય-માલ થઇ ગયું હતું.

૧૮૪૦થી શહેરમાં ધંધો પાછો ચાલતો થયો ને વધવા લાગ્યો; ૧૮૪૭ માં વસ્તી ૮૦ હજારની હતી; હોરાઓએ સારાં ઘર ફરીથી બંધાવવા માંડયાં. ૧૮૫૧ માં વસ્તી ૮૯,૫૦૫ની હતી ને ૧૮૫૮માં વડોદરા રૈલવેના કામનું તે મથક થયું તેથી ત્યાંના લોકને ધંધો મળતો થયો ને અમે-રિકાની લડાઇથી સુરતના રૂની ખરીદી ઘણી થવાથી શહેરમાં નાણું આવ્યું; ૧૮૬૫–૬૬ના મુંબઇના ગભરાટે સુરતને પણ ગભરાવ્યું તો પણ હજી (૧૮૬૯ લગી) તેઓનું નાણું શહેર ને તેની બાહાર જમીનની ખરીદીમાં જતું હતું; તે વરસથી જમીન ઉપજના ભાવ ઘટવાથી મિલકતની પણ કિંમત ઘટી, અને ધંધો પડી ભાંગ્યો; તોપણ શહેરના સઘળા લોકની પડતી હાલત ન આવી કેમકે ત્યાંનાં કેટલાંક કારખાનાંથી ઘણાક ગરીબ લોકની રોજી ચાલતી હતી. મોટીમોટી જમણ-વારો થાય છે ને નવાં ઘર બંધાય છે તે ઉપરથી જણાય છે કે ઉપલા વર્ગના લોક પાસે હજી નાણું છે અને ચોખ્ખા રસ્તા, જાહેર મકાન ને બાગ એ જોતાં શહેર સુલેહ તથા આબાદાનીનો દેખાવ આપે છે.

---

૧ એપ્રિલની ૨૪ મી સોમવારની સાંજે પાંચ વાગે આગ લાગેલી ને ૨૬ મીને બુધવારે સવારે હોલાઇ. ૨૪ મીની રાતે પવન નોહોતો, ૨૫ મીની સવારે હતો; એ દિવસે બપોર પછી બે વાગે આગનું જોર ઘણામાં ઘણું હતું. શહેરમાં, ૨૫૯ ઘર માછલી પીઠમાં, ૬૪૭ (બધાં) રહિયા સોનીના ચકલામાં, ૧૧૭૪ કેળાંપીઠ ને કણપીઠમાં. ૩૬૩ રાણીતળાવમાં, ૯૯૮ (બધાં) વાડિફળીઆમાં ૩૯૦ સંઘાડિયાવાડમાં, ૮૭૬ (બધાં) ખપાટિયાચકલામાં, ૫૮૧ ભાગાતળાવમાં ને ૮૯૨ ગોપી પરામાં; અને પરાંઓમાં, ૧૮૮૦ નવાપરામાં, ૬૮ હરીપરામાં, ૫૨૪ સલાબત પરામાં ને ૭૨૧ બેગમપરામાં.

૨ આગસ્ટની ૨૯ મીએ તાપીમાં અસાધારણ મોટી રેલ આવી ને શહેરમાં બધે પાણી ફરી વળ્યું હતું; રેલ સપટેમ્બરની ૧ લીએ ઉતરી હતી.

B 524—000

ધંધો—૧૮૦૧માં સુરતના બંદરના વેપારની ગણતી રૂ. ૧,૦૪,૩૨,૨૨૦ ની થઇ હતી. તે ૧૮૭૪માં ૨૭,૩૨,૪૧૦ નો થઇ; રેલવેથી ઉતારૂ ને માલ બંનેની ગણતીમાં વધારો છે. ૧૮૬૮ માં ૪,૧૪,૭૯૭ માણસ ને ૨૩,૧૮૯ ટન માલ અને ૧૮૭૪માં ૪,૯૧,૭૮૯ માણસ ને ૩૦,૮૬૮ ટન માલ.

વસ્તી—૧૭૯૭માં ૮ લાખની કહેવાતી ને ૧૮૭૨માં ૧,૦૭,૧૪૯ હતી. તેમાં ૭૯,૦૭૬ હિંદુ, ૨૧,૨૬૦ મુસલમાન, (તેમાં ૩૩૩૬ વોરા), ૬૫૦૦ પારસી ને ૨૯૭ ખ્રિસ્તી.

રેહણી—સુઘડ રહી સારૂ દેખાડવું, મોજમઝા કરવી ને મેળા તમાશા જોવા, એ સુરતી લોકને બહુ ગમે છે. હિંદુઓ જમણવાર ને મેળાના શોખી છે; વોરાઓ પોતાની રહેણીથી ને એમાનિયતથી મશહુર છે; મુસલમાનો બકરીઇદની સવારી બડી ધામધુમથી કાઢે છે. વેપાર કરનારા તથા કારીગરનો ધંધો કરનારા એઓમાં પોતપોતાના ધંધાસંબંધી હરકોઇ નવો ધારો કરવા તથા છે તેને અમલમાં આવતો જોવા સારૂ પોતપોતની પંચાયત હોય છે તેના હવાલામાં દસ્તુરી તથા દંડનું ભેગું થયલું નાણું હોય છે કે જેમાંથી કેટલુંક ધરમાદા ને કેટલું ઉજાણીમાં કાઢવામાં આવે છે; શાહુકાર તથા વેપારીઓના મુખીઓની જે મંડળી તે મહાજન કહેવાય છે; નગરશેઠ તે એક શ્રાવક છે.

ઘર—ડાંગના રાનમાંથી લાકડાં સસતાં મળી આવેછે તેથી ઘરબાંધના કામમાં સુરતને અમદાવાદ તથા બીજાં શહેરો કરતાં વધારે ફાયદો છે. સુરતમાં કેટલાંક ઘર મુસલમાની તરેહનાં હતાં, ૧૬૦૦થી તે ૧૭૫૯ સૂધી; પછી હિંદુ તરેહનાં ૧૭૫૯થી તે ૧૮૩૭ સુધી, ને હાલ વીસ વરસ થયાં મુંબઇની તરેહનાં બંધાય છે. મુસલમાન હાકેમની વખતમાં તવંગર હિંદુઓ પણ જબરદસ્તી તથા લૂટની બીકે નાનાં નઠારાં દેખાતાં ઘરમાં રહેતા; ૧૭૫૯ પછીનાં તેઓનાં ઘર નકસીથી કોતરેલા થાંભલા, ભારે છજાં તે કાંગરાવાળાં, મોટાં બારણાં એથી શોભતાં હતાં કે જે આગમાં બળી ગયાં; નવાં ઘર બંધાયાં છે તે જૂનાં કરતાં વધારે હલકાં ને ખુલ્લાં છે ને થાંભલા ચોરસ નહિ પણ ગોળ છે. શહેરનાં ઘરોને ભોંયરાં હોય છે ને કેટલાંક તો મોટા ઓરડા જેવાં ને અંદર હવા આવે તેવાં છે; વળી કૂવા ટાંકા પણ હોય છે ને ટાંકાને માટે અગાશીની જરૂર તે પણ હોય છે; કૂવાના પાણી મીઠાં નહિ પણ મોળાં હોય છે ને તે ન્હાવા ધોવાના કામમાં વપરાય છે.

મોટાં મકાન—રાજઓવારા આગળ અંગ્રેજલોકોનું દેવળ જેનો પાયો ૧૮૨૦ની ૧૬મી ફેબરવારીએ નાખવામાં આવેલો, તે ઉઘડયું ૧૮૨૨માં, તેની પ્રતિષ્ઠા થઇ ૧૮૨૫નાં એપ્રિલની ૧૭મી એ; સો માણસનો સમાસ થાય તેટલું છે ને તે ઉપર ૫૮ હજાર રૂપીઆ ખરચ થયો છે. જૂની અંગ્રેજની કોઠીનીપાસે લંડન મિશનરી સોસાઇટીએ ૧૮૩૫માં દેવળ બંધાવેલું કે જેમાં ત્રણસેં ચારસેં દેશીઓ ને બસેં યૂરોપીઅનનો સમાસ થઇ શકે. રોમન કાથોલિકનું દેવળ ૧૮૦૨ માં બંધાયું છે ને તેમાં
માસ થાય છે; એક દેવળ કતારગામ દરવાજા આગળ દાટવાની જગા પાસે ૧૬૨૪માં

ફિરંગીઓએ બંધાવ્યું હતું ને બીજું ૧૭૫૯માં સુરતમાં મરી ગયલા યુરોપીઅનની કબરો સતરમા સૈકાના પાછલા ભાગમાં બંધાયલી તે મોટી ને કારીગરીએ સુંદર હોવાથી જોવાલાયક છે. અંગ્રેજોના કબરસ્તાનમાં ક્રિસ્ટોફરની તથા સર જયોર્જ ઓકસનડનની બહુજ મોટી છે. વલંદાના કબરસ્તાનમાં બારન વાન રીડની છે.

મુસલમાનની ચાર જગા છેઃ ખાજે દિવાન સાહેબે ૧૫૩૦ માં બંધાવેલી મસજીદ; એ ખાજે દિવાન બોખારાની પાસે જનોક છે ત્યાંથી સુરત આવી ૧૧૬ વર્ષની ઉમરે મરી જઈ એ મસજીદમાં દટાયો છે તેનો હર વરસ ઓરસ ભરાય છે. ગોપીતળાવની પશ્ચિમ તીરે નવસૈયદની મસજીદ; મસજીદની નજીક નવ કબર છે; નવ લડવૈયા ત્યાં દટાયલા તે ખાજે દિવાન સાહેબને એકાએક માલુમ પડી આવ્યા હતા; હરવરસ ઓરસ ભરાય છે, સૈયદપરામાં સૈયદ ઈદ્રુસની મસજીદ મોટા મિનારા સાથે ૧૬૩૯માં કોઈ મિરઝા સૈયદ બેગ નામના વેપારીએ બંધાવી છે; હાલના સૈયદ હુસેન ઈદ્રુસનો કોઈ વડાવો ૧૫૬૪ સુરત આવી ૧૬૨૨માં મરી ગયલો તેનો ઓરસ ત્રિલાજ મહિનામાં હર વરસ ભરાય છે. મિરઝા સામીની મસજીદ ને કબર ૧૫૪૦ માં ખુદાવંદખાને બંધાવી છે; કબરની પાસેની લાકડાંની મસજીદ છે તે શાહપુર મોહોલ્લામાં જૈનનું દેવળ હતું તે તોડીને તેમાંના સામાને બંધાવી છે.

પારસીઓની બે જગા આતશબહેરામની છે; શાહનશાઈની ૧૮૨૩ના નવેંબરમાં ને કદમીઓની તેજ વરસના ડિસેંબરમાં બંધાયલી છે.

હિંદુ દેહરાંઃ વલ્લભાચારીઓનાં ત્રણ દહેરાં છે. કણપીઠમાં ગોસાઈજી મહારાજનું અથવા બાળકૃષ્ણજીનું તે ૧૬૯૫માં બંધાયલું પણ ૧૮૩૭ બળી ગયલું ને હાલ જે બંધાયું છે તે ઉપર એક લાખ ખરચ થયો છે; બીજું ગોપીપરામાં ગોવિંદજી મહારાજનું તેને ૫૦ ને ત્રીજું લાલજી મહારાજનું તેને ૨૦ હજાર થયો છે. ગોપીપરામાં રામજીનું છે તે કોઈ મુંબઈવાળાએ ૧૫ હજાર ખરચી હમણાંજ બંધાવ્યું છે. સ્વામીનારાયણના દેહરાને ત્રણ મોટા ઘુમટ છે ને તે શહેરના ઘણાક ભાગમાંથી દેખાય છે; દેહરાનો મોટો ભાગ જે પત્થરનો છે તે ૧૮૬૯માં કાઠિયાવાડના ૧૦૦ સલાટ કડિયા એ બાંધ્યો છે. રહિયા સોનીના ચકલામાં બાલાજીનાં દહેરાં છે તે ૧૮૦૩ ને ૧૮૧૯ ની વચમાં ત્રણ લાખને ખરચે ઈસ્ટ ઇંડિયા કંપનીના શરાફ ત્રવાડી શ્રીકૃષ્ણ અર્જુનજી નાથજી એણે બંધાવ્યાં છે; એ દેહરાંના મકાનનો કેટલાક ભાગ ૧૮૩૭ની આગમાં બળી ગયો હતો. બે હનુમાનનાં દહેરાં છે, એક મુલ્લાખડકી આગળ ને એક સગરામપરામાં. અંબાજીના ચકલામાં અંબાજીનું દેહેરૂં ને એક કાળિકાનું છે. મહાદેવનાં દેહેરાં બે તેમાં એક મૂળેશ્વરનું ગોપીપરામાં ને કાશિવિશ્વનાથનું રહિયા સોનીના ચકલામાં; એ બે પંદર ફૂટ નીચાં ભાંયરાંમાં છે. શ્રાવકનાં ૪૨ દહેરાં છે તેમાં મહાવીર સ્વામીનું ને આદીશ્વર ભગવાનનું એ બે મોટાં છે તે બંને ગોપીપરામાં છે ને દહોડસો

બસો વરસનાં છે ; ત્રીજું શાહપુરમાં ચિંતામણ પારસનાથનું છે. ઘેડ તળાવમાં ખેતરપાલનું ને રશીબુરજથી થોડેકે છેટે મરીમાતાનું છે ત્યાં ઘણું કરીને નીચ જાતના લોક પૂજવા જાયછે.

રેલવે સ્ટેશન આગળ ધર્મશાળા છે જેમાં યૂરોપીઅન, પારસી, મુસલમાન, હિંદુ સૌને માટે જૂદા જૂદા ખંડ કાઢેલા છે. તે મુંબઈના શેઠ ખરસેદજી ફરદુનજી પારેખે ૧૮૬૪ માં રૂા: ૨૫૨૮૦ ખરચી બંધાવી છે. યૂરોપીઅન લોકને વાસ્તે વલંદા બંદરમાં એક જગો છે ને સ્ટેશન ઉપર એક હોટેલ છે. મુસલમાનો મસજીદમાં ને મ્યુનિસિપાલિટીએ કાઢી આપેલા ખંડોમાં ઉતરે છે. પારસીઓને માટે ત્રણ જગા છે કે જે જમણવારનેમાટે પણ કામ લાગે છે—એક સિંધીવાડમાં ૧૭૬૩ માં, બીજી સૈયદપરી ભાગળે ૧૮૦૦ માં ને ત્રીજી નાનપરે ૧૮૧૯ માં બાંધેલી છે; વળી એક હોટેલ નાનપરાના પૂલ આગળ ઉઘાડવામાં આવ્યુંછે; હિંદુઓનેમાટે વરીઆવી દરવાજા આગળ હિમતરામ મયારામની ધર્મશાળાછે જે રેલવે ઉઘાડયા પહેલાં બહુ વાપરમાં આવતી હતી. ગોપીપરા-માં રાયચંદની ધર્મશાળા૧૮૬૪-૬૫ માં બંધાયલી તે સારા રહેવાના મકાન જેવી દેખાવડીછે તેમાં ઉંચી નાતના હિંદુઓ ને ખસુસકરીને શ્રાવકો ઉતરેછે.

ઇસપિતાલ કિલ્લાની દક્ષિણેછે તે ૮૦ રોગીઓ રાખી શકે તેવી છે ને તે સર કાવસજી જહાં-ગીરે ફક્ત પોતાનેજ રૂા.૭૧૯૦૦ને ખરચે બંધાવીછે. બીજી બાર જણને રાખીશકે તેવી સ્ટેશનપર જતાં ઘડિયાલની સામે ફરદુનજી પારેખે રૂા. બાર હજાર ખરચી બંધાવીછે.

પાંજરાપોળ શેહરમાં તથા તેનો પાસે મળીને ચારછે; એક ગોપીપરામાં, બીજી સગરામપરા-માં, ત્રીજી મજુરા ગામમાં ને ચોથી ભેસ્તાન ગામમાં. દરવરસ નવ હજાર રૂપીઆ ખરચ થાયછે ને તેટલું જમે પણ ભરાયછે.* ત્રણ રૂપીઆ લેઇ ઘોડા ને સવારૂપીઓ લેઇ બીજાં ઢોરને દાખલ કર-આવેછે; કસાઇ પાસેથી ખરીદ કરેલાં તે એમનાં એમ દાખલ કરેલાંછે.

સરકારી આફીસ કિલ્લામાં આ છેઃ કલેક્ટર તથા માજીસ્ટ્રેટની ; પહેલા તથા બીજા ને સુપર-ન્યુમરરી આસિસ્ટંટોની ; ડિસ્ટ્રિક્ટ અને હજુર એ બે ડિપુટી કલેક્ટરની; શહેર પોલીસના ઇન્સ્પે-ક્ટરની ને ડિસ્ટ્રિક્ટ પોલીસ સુપરિંટેંડંટની ; ચોરાસી પરગણાના મામલતદારની ; વળી તિજોરીની કચેરી ; શહેરની માપણીની આફીસ, સબ રજિસ્ટ્રારની આફીસ ને ફુરજાની. કિલ્લાના એક ભાગમાં ત્રણ કોટડી વીસ કેદીને રાખવાને માટે છે. વલંદા બંદરમાં એક્ઝિક્યુટિવ ઇંજનેરની આફીસ, પોસ્ટ આફીસ ને દિવાની જેલ છે. થોડેક છેટે સ્માલકાઝ કોર્ટ ને બે સબાર્ડિનેટ જડજની કોરટ છે, સબાર્ડિનેટ જડજની કોરટની દક્ષિણે જેલ છે જે પચાસ વરસ ઉપર બાંધવામાં આવી છે; ૧૩૯ કેદીનો સમાસ થાય તેવી ૩૧ ઓરટડીઓ છે; તેની બહાર એક એકર જેટલી જમીનમાં બગીચો છે;

* રૂની ગાંસડી દીઠ ०॥, હુંડીઉપરસેંકડે १॥-,શ્રાવકવાણિયામાં લગન દીઠ રૂા.०॥, રેશમઉપર સેંકડે ૧॥- એ વગેરે લાગત આવેછે; જમીનનું ભાડું તથા ઉપજ, દાખલ કરામણીનું બીજું ધરમાદા આવે છે તે, અને છ હજાર મુંબઇની પાંજરાપોળમાંથી આવે છે તે મળીને.

ત્યાં દેશીપેદલની એક તુકડીનો પેહેરો રહે છે. બહારના કોટના દક્ષિણ પશ્ચિમ ખુણામાં ડિસ્ટ્રિક્ટ ને આસિસ્ટંટ જડજોની કોરટ છે. મજુરા ને અઠવાના દરવાજાની વચમાં રેવિન્યુ સરવેના સુપરિંટેંડંટની ને પૂરજો તથા મીઠાના આસિસ્ટંટ કલેક્ટરની આફીસ છે. એજ્યુકેશનલ ઇન્સપેક્ટર અને જંગલનો ડિપુટી કનસરવેટર એઓ પોતપોતાના ઘરમાંજ આફીસો રાખે છે. સરકારી ટેલિગ્રાફ આફીસ દિલ્હી દરવાજાના રસ્તાઉપર છે.

ઘડિયાલનો મિનારો ૮૦ ફૂટ ઊંચો ૧૮૭૧ માં ખાનબહાદુર બરજોરજી મેરવાનજી ફ્રેજરનાજ રૂા. ૧૭,૫૦૦ ના ખરચથી બંધાયો છે. હાઈસ્કુલનું મકાન આઠ ઓરડા તથા વચ્ચે ભાષણ કરવાનો મોટો ઓરડો. પાંચસેં છોકરાઓની સગવડનું ૧૮૭૨ માં રૂા. ૮૬,૦૦૦ ને ખરચે બંધાયું છે. તેમાં રૂા. ૩૫૦૦૦ શેઠ સોરાબજી જમસેદજી જીજીભાઇએ ને બાકીના સરકારે આપ્યા છે. ખપાટિયે ચકલે છોકરીઓની નિશાળનું મકાન છે તે ૬,૦૦૦ ને ખરચે ૧૮૬૪ માં બંધાઇ રહ્યું. તેમાં રૂા. ૨,૦૦૦ શેઠ રાયચંદ દીપચંદે આપ્યા છે. રેલવે સ્ટેશનનું મકાન રૂા. ૨,૫૦,૦૦૦ ને ખરચે બંધાયું છે ને તેમાં તેની આફીસો તથા રિફ્રેશમેન્ટ રૂમ વગેરે સઘળી સોઇ છે.

મારકિટ—બે પ્રકારની, જથાબંધ વેચવાની ને પરચુરણ વેચવાની. જથાબંધ વેચવાની જે પીઠ કહેવાય છે તે ચાર છેઃ નવાપરામાં ચોખાની, બેગમપરામાં બાજરી, દાળ ને ઘાસની, વરીઆવી ભાગળ આગળ ઘઉંની ને હરીપરામાં ઘીની જે ઘીનો કાંટો કહેવાય છે. પરચુરણ વેચવાના બજાર પાંચ છે; વરીઆવી ભાગળ, બરહાનપુરી ભાગળ, ઝાંપાનો બજાર, નવસારી ભાગળ, ને નાનપરાંનો બજાર જ્યાં અનાજ શાક વગેરે વેચાય છે.

૧૮૬૪ માં શેહેરની માપણીનું કામ શરૂ કરેલું તે ૧૮૭૫ માં પુરૂં થયું; ખરચ રૂા. ૧,૭૫,૫૭૦ થયો ને રૂાઃ ૧૬૩,૩૫૦ જમે થયા. સરકારે રૂાઃ ૬૭,૧૪૦ ખરચ્યા ને રૂાઃ ૬૮.૮૪૦ લીધા; મ્યુનિસિપાલિટીએ ૧,૦૮,૪૩૦ ખરચ્યા ને રૂાઃ ૯૪,૫૧૦ પાછા લીધા.

સુરત મ્યુનિસિપાલિટી ૧૮૫૨ ના એપ્રિલમાં સ્થપાઇ.[1] ૧૮૭૫ માં તેને ઉપજ રૂાઃ ૨,૦૪,૩૫૦ હતી ને ખરચ રૂાઃ ૨,૩૧,૭૧૦ હતો. માથા દીઠ કરભાર રૂાઃ ૧-૧૨-૬ હતો.

મ્યુનિસિપાલિટી થયા પછી ૨૧ મૈલ જેટલા નવા રસ્તા રૂા. ૭,૫૪,૬૩૦ ને ખરચે થયા છે. તેમાં મોટો તીસ ફૂટ પોહોલો રસ્તો ડક્કાથી તે પૂર્વ તરફ રેલવે સ્ટેશન સૂધીનો પોણા બે મૈલનો પાંચ લાખને ખરચે થયો છે; મુંબઇની મ્યુનિસિપાલિટી સિવાય સુરતનીએ જેટલું કામ કીધું છે તેટલું ઇલાકામાં બીજા કોઇ શેહેરની એ કીધું નથી.

---

૧ ૧૮૪૯માં લોકલ ફંડ ઉભું કરવામાં આવ્યું. ૧૮૫૧ના જુલાઇની ૩જીએ મ્યુનિસીપાલ આક્ટ દાખલ કરવામાં આવ્યો પણ રૂલ થઇને મંજુર થઇ ૧૮૫૨ના એપ્રિલની ૨૩મીએ.

ઇતિહાસ. સુરત શહેરના ઇતિહાસના ચાર કાળ છેઃ--૧ પૂરાતન ઇ. સ. ૧૫૭૩ સુધી; ૨, મોગલ રાજ્યકાળ ઇ. સ. ૧૫૭૩-૧૭૩૩; ૩, સ્વતંત્ર રાજ્ય સત્તાકાળ ૧૭૩૩-૧૭૫૯; ને ૪ બ્રિટિશ રાજ્ય સત્તા કાળ ૧૭૫૯ થી.

સુરત ઘણું જૂનું શહેર નથી. ઇ. સ. ૧૧૯૪માં કુતબુદ્દિને ગૂજરાતપર સ્વારી કરી તે વખતે સુરત કામરેજના હિંદુરાજાના તાબાનું એક ગામ હતું. ઇ. સ. ૧૩૭૩માં દિલ્લીના પાદશાહ ફિરોજ તઘલખે સૂરતનું ભીલોની સામે રક્ષણ કરવા માટે એક કિલ્લો બંધાવ્યો હતો.

ઘણા લોકોનું કહેવું એમ છે કે સુરત કોઇ ગોપી નામના હિંદુ વેપારીએ નાના ગામડાં પરથી મોટું વસાવી આબાદ કર્યું; એના નામ ઉપરથી ગોપીપરૂં ને તળાવ ને એની સ્ત્રી રાણીના નામપરથી રાણીતળાવ એ નામ પડયાં છે; ઇ. સ. ૧૫૧૪માં ફિરંગી મુસાફર બારબોસા સુરત વિશે આ પ્રમાણે લખ્યું છે:-સઘળી જાતનો વેપાર અહીં ધમ ધોકારે ચાલે છે, બંદર ઘણું ઉપયોગી ને સારી ઉપજવાળું છે, ને અંહી મલબાર તથા બીજાં બંદરોથી ઘણાં વહાણો આવે છે. ફિરંગીઓએ સુરત ત્રણ વખત બાળેલું તેથી અમદાવાદના રાજાની અજ્ઞાથી ખુદાવંદખાને૧૫૧૪માં કિલ્લો બાંધવા માંડયો ને ૧૫૬૫માં પૂરો કર્યો. ૧૫૭૩માં ગૂજરાત અકબરે સર કર્યું તેની સાથે સુરત પણ તેના તાબામાં ગયું. એ વખતે જે સરકાર (જિલ્લા)નું એ મુખ્ય શહેર હતું તેમાં ૯૭૩ ગામ હતાં; તે વખતે બધી મળી ઉપજ ૪ લાખની હતી.

૧૫૭૩-૧૭૩૩: એ કાળમાં સુરતમાં દિલ્લીથી નિમાઇ આવતા અધિકારીઓ રાજ્ય કારભાર કરતા. મોગલ હાકમી તળે સુરત ઘણું નામીચું ને પ્રખ્યાત શહેર થયું. ૧૬૫૮ સૂધી. પછી ૧૭૦૭ સૂધીમાં એની આબાદાનીને મરાઠાની ધાડથી તથા મુંબઇની વધતી જતી વસ્તીથી, ધોકો પહોંચ્યો. અકબરે સુરત લીધા પછી ૧૫૯૦માં એનો વહીવટ કરવા એક લશકરી અમલદાર (કિલ્લેદાર) ને બીજો મુલ્કી અમલદાર (મુત્સદી) એઓને નિમ્યા. તે વખતે (ઇ. સ. ૧૫૭૬માં) ગૂજરાતના બીજા ભાગોની સાથે એ સરકાર (સુરત)ની પણ માપણી રાજા તોડરમલે કરી હતી. આઇન અકબરીમાં આપ્યા પ્રમાણે એનું ક્ષેત્રફળ ૭૭૦૯૮૫ એકર હતું ને મહેસૂલ ૪૭૫૮૮૦ રૂપીઆ હતી.

ઇ. સ. ૧૬૦૮ માં સુરતમાં આવી અંગ્રેજ કમ્પનીએ કોઠી ઘાલી (૧૬૧૨), એ વખતથી તે શાહજાહાંના મરણ સૂધી (૧૬૫૮) સુરતની ચઢતી કળા હતી. મુસાફરો લખે છે કે એ વખતમાં સુરતનો દેખાવ પણ ઘણો સુધર્યો હતો. વસ્તીમાં હિંદુ મુસલમાન ને પારસીની મુખ્ય હતી; તેમાં વાણીઆઓ ઘણાજ તવંગર ને મુસલમાન સંખ્યામાં ઘણાજ થોડા. પરદેશી વેપારીઓમાં કેટલાક યુરોપિયન, તુર્ક યાહુદી, તથા અરબસ્તાન, ઇરાન ને આરમીનીઆના રહીશો એ હતા. વેપારના સબંધમાં પણ એ હિંદુસ્તાનમાં ઘણા નામીચા શહેરમાં ગણાતું ગોળકોંડા બરાનપુર, વ-હાડ, ને આગ્રા વગેરેથી વણજારો આવજા કરતી. મલબાર ને કોંકણ કાંઠેથી તેમજ યુ-

રોપથી, આફ્રિકા, અરબસ્તાન ને ઇરાની અખાતના બંદરોથી, સીલોન, મદ્રાસ ને બંગાલ, કાંઠો, પેગુ, મલાકા, ને સુમાત્રામાંના અચીન એ ઠેકાણેઓથી પણ વહાણો આવતાં. વેપારઃ ખનીજ પદાર્થમાં લોઢું, તાંબુ ને ફટકડી; હિરા, પરવાળાં, માણેક, અકીકના પ્યાલાં ને કારમીલિયન; ઘઉં, વટાણા, વાલ, મસૂર, કરીઆણાં; સાબુ, ખાંડ, અથાણાં, કાગળ, મીણ, અફીણ તથા ગળી. સૂરતથી બહાર ગામ જતા માલમાં મુખ્ય સૂતર તથા રેશમનાં કપડાં; લક્કડ કામને માટે તો એ પ્રખ્યાતજ. તેમાં પલંગો રંગ બેરંગી ને નકસીવાળા, તથા ઘર શોભાનો બીજો લાકડાંનો સામાન કોતર કામમાં હાથીદાંત, સુના રૂપા વગેરેથી જડીત લખવાના ઇસકોતરા તેમજ કાચબાની છીપાણીની નાની સાફ ચકચકીત શોભાયમાન પેટીઓ.

ઔરંગજેબના (૧૬૫૮-૧૭૦૭) વખતમાં મરાઠાઓએ સુરત ઉપર સ્વારી કરેલી. શિવાજીએ ૧૬૬૪માં ધરમપુરના જંગલમાં થઇ શહેરપર તુટી પડી ત્રણ દિવસ સૂધી તે લુટ્યું એ લૂટમાં ઓછામાં ઓછા દસ લાખ રૂપીઆ લીધા. એ સ્વારીમાં ઇંગ્રેજ તથા વલંદાઓએ પોતાની કોઠીનો બચાવ કરેલો. ફરી શિવાજી ૧૬૬૯માં આવ્યો. ત્યાર પછી ઘણાં વરસ લગણ મરાઠા સુરત પર ચઢી આવતા પણ તેના કોટને લીધે તેનું રક્ષણ થતું. ઔરંગજેબના મરણ પછી પાદશાહી સત્તા નબળી પડવા માંડી. ને મરાઠાઓ પણ સુરતની આસપાસ આવીને પડેલા તેથી તેગબખ્તખાન સ્વતંત્ર સુબો થઇ પડયો, તે પોતાને નવાબ કહેવડાવવા લાગ્યો (૧૭૩૩). આ પછીથી તે ૧૭૫૯ એટલે ઇંગ્રેજોએ સીદીની પાસેથી સુરત સર કર્યું ત્યાં સૂધી નવાબો સ્વતંત્ર રીતે રાજ્ય કરતા.

ઇંગ્રેજોએ પહેલ વહેલાં ઇ. સ. ૧૬૦૮ માં આવી, ઇ. સ. ૧૬૧૨ માં કોઠી ઘાલી. ૧૬૧૩માં દિલ્લી દરબાર તરફથી એક પટો મળ્યો તેમાં મુખ્ય શરત એ હતી કે સુરતના રહેવાસીઓને ઇંગ્રેજ લોક સાથે છૂટથી વેપાર કરવા દેવો, આણેલા માલ ઉપર ઇંગ્રેજોએ સેંકડે ૩॥ ટકા જકાત આપવી તથા ઇંગ્રેજ ચાંચીઆઓએ કરેલી લૂટફાટ બાબત કોઠીના લોકોને જવાબદાર ગણવા નહિ. સુરતની કોઠી ધીમે ધીમે વધી ૧૬૪૨માં તેના તાબાનીચે આઠ કોઠીઓ હતી. ત્યાંનો પ્રેસિડન્ટ (મુખ્ય) મોટા ભભકાથી રહેતો. ઇ. સ. ૧૬૪૨-૮૪ સૂધી ઇંગ્રેજ લોકોનું સુરત મુખ્ય થાણું હતું. ૧૬૬૧માં શાહજહાંએ ઇંગ્રેજોને નવો પટો કરી આપી કેટલાક અનુકુળ કોલ કરાર કરી આપ્યા, જેથી કંપનીનો વેપાર સારો ચાલવા માંડયો. પણ ૧૬૬૮માં મુંબઇનો ટાપુ ઇંગ્રેજોને હાથ આવ્યો તેથી કમ્પનીનું મુખ્ય સ્થળ સુરત ટળી મુંબઇ થયું ને સુરત તેના તાબાનું ગણાવા લાગ્યું. ઇ. સ. ૧૬૮૧ માં વળી સુરતને તેની મૂળ પદવી પર લાવવાની કોશીશ થઇ પણ તે નિષ્ફળ ગઇ. ૧૬૮૭માં ઇંગલંડથી એવો હુકમ આવ્યો કે સુરતના બારામાં વહાણોનો માલ ઉતારવાને બદલે મુંબઇને બારે ઉતારવો ચઢાવવો. અઢારમાં શૈકાની શરૂઆતનાં પચીસ વરસમાં ઇંગ્રેજ લોકોને ઘણી મુસીબત પડેલી. ત્રણ વરસ સૂધી તો તેમની કોઠી તદન બંધ રહેલી, પણ ૧૭૧૬ની સાલમાં નવો પટો મળ્યેથી તેઓ સુરતમાં

પાછા આવ્યા. સુરતનો ગુમો શેરાબખાન તેમની સામે થઇ તેમને દુઃખ દેતો, તેથી તેમણે તેગબખ્ત સાથે મળી સોરાબને કાઢી મુક્યો. આ વખતથી તે ૧૭૫૯ સૂધી સુરતના નવાબોમાં માહેમાંહ લઢાઇ ચાલતી તેમાં સામેલ રહી ઇંગ્રેજો રાજકારભારમાં ભાગ લેતા. એ અરસામાં સુરતની ઉપજના ત્રણ હિસ્સા પડતાઃ—૪ા લાખ નવાબના, ૧ા લાખ મરેઠાના ને રાા લાખ ઇંગ્રેજ સરકારના. ૧૮૦૦પછી ઇંગ્રેજ સરકારના તાબા તળે સુરતમાં સઘળે શાંતી થઇ સુધારો વધારો થવા લાગ્યો.

ઇંગ્રેજો સિવાય સૂરતમાં વેપારને અર્થે આવેલા યુરોપિયનોમાં ફિરંગી વલંદા ને ફ્રેંચ એ મુખ્ય હતા. એમણે પણ ત્યાં પોતાની કોઠીઓ ઘાલેલી. તેઓ ઇંગ્રેજોની સાથે વેપારમાં તથા રાજદરબારી ખટપટમાં હરીફાઇ કરતા પણ ઇંગ્રેજોની આગળ તેમનું કંઇ ફાવ્યું નહિ. વલંદાઓ વધારે જથાવાળા ને સત્તાવાળા હતા; તેમના નામપરથી હાલ સુરતમાં વલંદાનું બંદર ઓળખાય છે.

સુંવાલી—સુરતથી બાર મૈલ ઉપર બંદર તે ઓરપાડ પરગણાનું ગામ છે; ત્યાંની ખાડી ૭ માઇલ લાંબી ને૧ાા માઇલ પોહોળી છે; યૂરોપનાં વહાણો ત્યાંજ નાંગરતાં. ૧૬૨૬માં તે મોટી અગત ધરાવતું. શિયાળામાં વાણિયાઓ પોતાના તંબુ તથા માંડવા ત્યાં નાખતા ને છીંટ, ચીનાઈ સાટીન, ચીનાઇ વાસણ, મોતીની છીપ, હાથી દાંતની અરમારી, તરેહ તરેહના અકીક, ચોખા, ખાંડ. કેળાં ને દેશી દારૂ વેચતા. કેટલાંક વરસ થયાં સઘળાં વહાણ ત્યાંજ નાંગરતાં પણ માલ ચોરી બહુ થવાથી ૧૬૬૬માં અંગ્રેજ વલંદા ને ફ્રેંચ એ ત્રણનેજ ત્યાં નાંગરવાનો હક રહ્યો હતો. દરિયાથી અડધા માઇલ છેટે હોડીવાળા લાકડાંના મુકામ બાંધી રહેતા ને બાહાર પોત પોતાના રાજ્યનો વાવટો ઉડાવતા. ત્યાં એક દાટવાની જગા પણ કીધી હતી. ૧૭૭૭થી વહાણો સુંવાલી આગળ નાંગરતાં બંધ પડયાં હતાં.

હરસોળ—પરાંતીજ પરગણામાં ૨૧૨૭ની વસ્તીનું અમદાવાદનો ઉત્તર પશ્ચિમે ૩૦ માઇલ પર મેશ્વોને કાંઠે કોતરામાં છે. અમદાવાદના બાદશાહના વખતમાં તે થોડીક અગત્યનું હતું ને ૪ ગામનું મથક હતું ને ઉપજ વરસે ૨--૩ લાખની હતી. ૧૮૧૯માં બ્રિટિશે લીધું ત્યારે હરસોળ સાધારણ ગામ હતું ને ૧૮૨૫માં ત્યાં કંઇ ધંધો ન હોતો. હરસોળમાં એક ઝરો છે તેને વિશે કહેવાય છે કે તે રાતે ઉનો ને દિવસે ટાઢો હોય છે. તે પાણીનો સ્વાદ કંઇ જાદોજ છે ને તે કેટલાક રોગને સારા કરે છે એમ કહેવાય છે. તેની આગલી અગત્યની નિશાનીમાં ગામની પૂર્વમાં એક ભાંગેલો બુરજ છે. તેના ઉપર વરસ હિજરી ૧૦૦૮ છે તે ઇ. સ. ૧૫૯૯ થાય; બીજી એક જગા મસીદ છે તેનો ઉપલો લેખ ઘસાઇ ગયો છે.

હાલોલ—૩૧૪૭ માણસની વસ્તીનું જાંબુઘોડે જવાના મોટા રસ્તાપર પંચમહાલમાં આવેલું છે. કાલોલની દક્ષિણે સાત માઇલ ઉપર ને પાવાગઢની ઉત્તર પશ્ચિમે ચાર મ ઉપર. સાગ

કણબી ખેડુતો છે ને વાણીઆ જાંબુઘોડા સાથે અનાજ લકકડનો ને ગોધરા વડોદરા સાથે લોઢાનો સામાન, તંબાકુ, કપડાં એનો ધંધો ચલાવે છે. હાલોલમાં ઘણીજ સુંદર વાડી હતી. ચાંપાનેર આબાદ હતું તેવામાં ચાંપાનેરનાં પરા દાખલ તેની શોભામાં એક વાવ છે. પણ તેને પગથીઆં નથી; વળી એક મિનારો છે તેના બે મોટા ને પાંચ નાના ઘુમટ સારી કારીગરીના છે. બે મોટામાં આરસ પહાણની કબરો છે તે ઘણીજ સારી રીતે શોભીતી કીધી છે; કેટલાક ઘુમટ પડી ગયા છે; પણ બીજી બધી વાતે તે મકાન હજી સારી હાલતમાં છે; તે મિનારો બહાદુરશાહે પોતાના ભાઇ સિકંદરશાહની યાદગિરીમાં બંધાવ્યો હતો.

હાંસોટ—નર્મદાની દક્ષિણ તીરે આશરે ૪ ને ભરૂચથી નૈર્ૠત્યે સુમારે ૧૫ માઇલ ઉપર ૪૧૦૨ વસ્તીવાળું ભરૂચ જીલ્લાનું ગામ. એ અસલ એજ નામના પરગણાનું મુખ્ય શહેર હતું. ૧૭૭૫માં પહેલ વહેલું બ્રિટિશ સરકારના તાબામાં આવ્યું. પણ પાછું પેશ્વા સરકારને ૧૭૮૩માં આપ્યું. પણ ૧૮૦૩ માં બ્રિટિશ સરકારના હાથમાં વસાઇના કોલકરારની રૂઇએ આવ્યું ૧૮૬૯માં એ અંકલેશ્વર પરગણામાં ગણાયું. એમાં મહાલકરીની આફીસ, એક પોસ્ટ આફીસ તથા ડિસ્પેન્સરી છે. એક કન્યા શાળા તથા ઇંગ્રેજ મુસાફરોને ઉતરવા માટે બંગલો પણ છે.

B. 524—ppp BOMBAY: PRINTED AT THE GOVERNMENT CENTRAL PRESS.